શ્રીશ્રેયઃસાધક અધિકારીવર્ગ ગ્રંથાવલિ ગ્રંથાંક ૨૨

મજમુદાર મણિશંકર જટાશંકર કીકાણી
ઈનામી ગ્રંથમાલા, ૨.

શ્રી.

पातंजल योग दर्शन.

ઇનામ મેળવી ગુજરાતીમાં સવિસ્તર ટીકાસહિત

ભાષાન્તરકર્તા

જેકીસનદાસ જેઠાભાઇ કણીઆ, બી. એ.,

સંસ્કૃત પ્રોફેસર, સામળદાસ કોલેજ, ભાવનગર;
પૂર્વે દક્ષિણા ફેલો, એલ્ફિન્સ્ટન કોલેજ, મુંબાઇ.

દ્વિતીયાવૃત્તિ

प्रसिद्ध करनार

श्रीश्रेयःसाधक अधिकारी वर्ग.

અમદાવાદ.

“શ્રી મુદ્રણકલામંદિર” લિમિટેડ-ખાડીઆ

સંવત ૧૯૫૫. ઈ. સ. ૧૮૯૯.

મૂલ્ય ૩-૦-૦

ॐ श्री

પ્રથમાવૃત્તિની પ્રસ્તાવના.

પૂર્વેથી હિતનું શાસન કરનાર શબ્દસમૂહને પ્રાજ્ઞ પુરુષે એ શાસ્ત્રસંજ્ઞા આપી છે. એ હિત બે પ્રકારનું છેઃ—(૧) લૌકિક અને (૨) પારમાર્થિક. આ બે ભેદથી શાસ્ત્રોના પણ બે વિભાગ પાડી શકાય છે. આ શ્રીયોગદર્શન પારમાર્થિક હિતનાં સાધનોનું યુક્તિપુરઃસર અનુશાસન કરનાર છે તેથી લૌકિક હિત કરતાં જેમ પારમાર્થિક હિત, વાસ્તવ હિત હોવાથી, શ્રેષ્ઠ છે તેમ આ શાસ્ત્ર સંપૂર્ણ લૌકિકશાસ્ત્ર કરતાં શ્રેષ્ઠ છે, એ સર્વ વિવેકીને નિર્વિવાદ સિદ્ધ છે. પારમાર્થિક હિત તથા તેનાં સાધનોનું પ્રતિપાદન કરનાર ન્યાય, સાંખ્ય તથા વેદાન્તાદિ અનેક શાસ્ત્રો છે તેની અપેક્ષાથી આ શ્રીયોગદર્શન કયી ભૂમિકામાં મૂકવા યોગ્ય છે, એમાં તથા એ અન્ય શાસ્ત્રોમાં શા શા પ્રધાન ભેદ છે ઇત્યાદિ પ્રતિપાદન તથા આ ગ્રંથ સમજવા માટે એનો ટુંક સાર એ આ પ્રસંગે પ્રાપ્ત થાય છે. તેમ જ આ શ્રીયોગદર્શનના કર્તા કયે સમયે થયા, એ કર્તા તથા શ્રીવ્યાકરણમહાભાષ્યના કર્તા જે બંને એક જ શ્રીપતંજલિ સંજ્ઞાથી વિદિત થયા છે તે એક જ છે કે ભિન્ન ભિન્ન પુરુષો છે એ વિચાર પણ આ સ્થલોચિત જ ગણાય એમ છે. તથાપિ આ ભાષાન્તરને વખત વધારે થઈ ગયો છે, ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી અતિ સંક્ષિપ્ત પ્રસ્તાવના લખવા સૂચના થઈ છે, ઉક્ત પ્રતિપાદનોમાટે અધિક કાળની આવશ્યકતા છે તથા આ જ ગ્રંથની દ્વિતીયાવૃત્તિ અલ્પ સમયમાં બહાર પડનાર છે એ સર્વનો વિચાર કરતાં આ સર્વ પ્રસંગો દ્વિતીયાવૃત્તિમાટે રાખી હાલ એ સંબંધે કશો વિસ્તાર ન કરતાં માત્ર આ સટીક ભાષાન્તરસંબંધે જ યત્ કિંચત્ કહી વિરમવું ઉચિત લાગેછે.

એક પક્ષથી જોતાં મજમુંદાર મણિશંકર જટાશંકર કીકાણી ઇનામ માટે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના પ્રાજ્ઞ પરીક્ષકો આગળ આવી પ્રાપ્ત થયેલા વિવિધ નમૂનાની અપેક્ષાથી શ્રીયોગદર્શનનું આ ભાષાન્તર જ ઉત્તમ ગણાયું છે તેથી એની પ્રશંસામાટે કશું કહેવું પ્રાપ્ત થતું નથી. આ ભાષાન્તર શ્રીયોગદર્શનપરના શ્રીવ્યાસભાષ્ય, તે ઉપરની શ્રીવાચસ્પતિમિશ્રની વ્યાખ્યા તથા શ્રીયોગવાર્તિક, અને શ્રીમણિપ્રભા, શ્રીભોજવૃત્તિ ઇત્યાદિ ગ્રંથોને સમવલોકી કરવામાં આવ્યું છે તેથી એમાં ખાસ વિરોધનો સંભવ ઓછો છે. જ્યાં ભાષ્યકાર, વાર્તિકકાર તથા ટીકાકારવિગરેનો વ્યાખ્યાનભેદ છે ત્યાં વિશેષ યોગ્ય લાગતું વ્યાખ્યાન મૂલમાં રાખી ઇતર વ્યાખ્યાનોનું નીચે ફુટનોટમાં પ્રદર્શન કરાવ્યું છે. આમ હોવાથી યથાર્થ સમજી આ ભાષાન્તરને અવલોકન કરનારને હાલ પ્રસિદ્ધ થયેલા યોગગ્રંથમાંથી અન્ય કોઇનું અવલોકન કરવું ખાસ આવશ્યક રહેશે

એમ માનવા કારણ ઓછાં છે, એટલું જ નહિ પણ કેટલાંક અસાવ-
ધ લખાણથી જે હાનિ થાય છે તે પણ થવા ઓછો સંભવ દેખા-
ય છે. આ લખવાનો ભાવ એવો નથી કે આ એક ગ્રંથમાં સર્વ
ગ્રંથોનાં ભાષાન્તરો ટીકામાં આપી દીધાં છે અર્થાત્ યોગસિદ્ધિનાં
સાધનમાત્રનું આમાં પ્રતિપાદન છે. કારણ કે અધિકારીના અનંત ભે-
દ હોવા સંભવે છે. અધિકારી અનુસાર સાધનોનો ભેદ હોવાથી સા-
ધનો પણ અસંખ્ય છે, અનધિકારવડે કરાતાં સાધનો અનર્થની જ
ઉત્પત્તિ કરનાર નીવડ્યાં જણાયાં છે અને અધિકાર નિર્ણય કરી યોગ્ય
સાધનોનું જ્ઞાન તથા પ્રાપ્તિ શ્રીસદ્ગુરુ પરમાત્માદ્વારા જ થાય છે અ-
ન્યથા કદાપિ થતી નથી. તાત્પર્ય કે સંપૂર્ણ સાધનોનું પ્રતિપાદન
અશક્ય છે અને કદાચ પ્રતિપાદન કરાય તોપણ યોગીન્દ્ર સદ્ગુરુ-
શ્રીની સાહાય્ય વિના તે નિરુપયોગી છે. આ જ કારણને લીધે આ
ગ્રંથમાં મુદ્રા વિગેરેનું સવિસ્તર વર્ણન પણ, ખાસ ઉપયોગી નહિ
ગણી, કર્યું નથી.

આ શ્રીયોગદર્શન ગ્રંથકારે ત્રણ વિભાગે રચ્યું છે અર્થાત્ એના
ત્રણ ભાગ છે. પ્રથમ ભાગ ઉત્તમાધિકારી માટે, દ્વિતીય મધ્યમાધિ-
કારી માટે અને તૃતીય વા ચરમ ભાગ મંદાધિકારી માટે છે. આમ
હોવાથી આરંભની કેટલીક પ્રક્રિયા પ્રથમ વાંચનારને સમજવી પ્રસં-
ગે કઠિન લાગે એમ દેખાય છે તથાપિ ગ્રંથકારે એની એ જ પ્રક્રિ-
યાઓને આગળ સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરી છે તેથી આવા શાસ્ત્રી-
ય ગ્રંથને વાંચવામાં પુરુષે ધૈર્ય રાખી અંતપર્યન્ત અવલોકવો જરૂ-
રનો છે જેથી ઘણે પ્રસંગે, આરંભમાં અસ્ફુટ રહેલી પ્રક્રિયાઓ આ-
ગળ જતાં સ્ફુટ થઇ જવા સંભવ રહે છે. એ તો સાચું જ છે કે
એ સર્વ પ્રક્રિયાઓ વાંચવા માત્રથી યથાર્થ રીતે સ્ફુટ થાય એમ
નથી જ પણ કેટલીકનું સ્ફુટ જ્ઞાન થવા તથા તે દૃઢ રીતે અંતઃક-
રણમાં સ્થાપવા યોગી મહાત્માની સાહાય્ય જરૂરની છે.

આ શાસ્ત્રીય ગ્રંથ છે તેથી અત્ર પ્રતિપાદન કરેલી પ્રક્રિયાઓ-
માં પારિભાષિક શબ્દો સ્થલે સ્થલે આવે એ સ્વાભાવિક છે. એ
પારિભાષિક શબ્દો જે અર્થનું વહન કરે છે તેટલા જ અર્થને તેવી
જ રીતે વહન કરનાર પ્રચલિત શબ્દો ભાગ્યે જ જડી આવે છે
અને દરેક પ્રસંગે એ શબ્દોના અર્થ સમજાય એવાં વાક્યો મૂકવા-
થી ત્રાસદાયક રીતે મિથ્યા વિસ્તાર થવો દુર્વાર છે તેથી એ શબ્દો-
ને એક વાર—પ્રસંગે અધિક વાર—સમજાવી પછી એના એ જ
શબ્દો વ્યાખ્યાનમાં રાખવા યોગ્ય ગણ્યા છે. આ પારિભાષિક શબ્દો-
ના ઉપયોગને લીધે અને પ્રસંગે વિચારની સૂક્ષ્મતા તથા વિષયના
ગાંભીર્યને લીધે—એમ વિવિધ કારણથી કોઇ કોઇ સ્થલે લાગતી કઠિ-
ન શૈલી નિર્મૂલ કરવામાં ખાસ આગ્રહ કર્યો નથી.

ભાવનગર. } જે. જે.
તા. ૬-૧૨-૯૪ }

॥ ॐ श्रीं ॥

દ્વિતીયાવૃત્તિપ્રસ્તાવના.

આ ગ્રંથની પ્રથમાવૃત્તિને પ્રસિદ્ધ થયાને આજે ચાર વર્ષ ઉપર થયાં છે. એની પ્રથમાવૃત્તિમાં પ્રુફ્ તપાસનાર અન્ય હોવાથી ત્રિવિધ સ્થલે અશુદ્ધિ રહી હતી તથા શબ્દો જૂદા ભેગા અયોગ્ય રીતે છપાયાથી ઘણે પ્રસંગે વાક્યાર્થ દુર્બોધવત્ થયો હતો. આ સર્વ વિચારી એની દ્વિતીયાવૃત્તિ કાઢવાનો હક ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ ગ્રંથકર્તાને આપ્યો. તદનુસાર આ આવૃત્તિ સમયસર પ્રસિદ્ધ કરવાનો વેગ છતાં વિવિધ પ્રતિબંધોથી આ પૂર્વે તેમ થઇ શકવા યોગ પ્રાપ્ત થયો નહોતો.

આ આવૃત્તિમાં પ્રથમાવૃત્તિકરતાં શબ્દશુદ્ધિ વિગેરે અધિક સાચવવામાં આવી છે એટલું જ નહિ પણ જે જે વાક્ય દુર્બોધજેવાં હતાં તેમને બનતાસુધી સરલ કરવામાં આવ્યાં છે તથા કોઇ કોઇ લાંબાવાક્યમાં, વિવક્ષિત અર્થ સાચવી શકાય એ પ્રમાણે તેના ભાગ પણ કર્યા છે. સવિતર્ક, સવિચાર વિગેરે ચતુર્વિધ સંપ્રજ્ઞાતયોગના રૂપના પ્રતિપાદનમાં મધુસૂદન સરસ્વતિ વિગેરે ટીકાકારોએ જે મત લીધો છે તેનું પણ પ્રતિપાદન ફુટનોટમાં કરવામાં આવ્યું છે તથા એ વ્યાખ્યાનભેદથી અર્થવિપ્લવ નથી એ સ્ફુટ કરવામાં આવ્યું છે. અન્યત્ર પણ પ્રસંગપ્રાપ્ત ટિપ્પણી વધારવામાં આવી છે॥ મુખ્યત્વે તો આ શાસ્ત્ર આરંભમાં દુર્બોધ હોવાથી તેને સ્પષ્ટ ભૂમિકા આપવામાં આવી છે તથા યોગસૂત્રની અકરાદિ ક્રમસૂચી આપવામાં આવી છે. આશા છે કે આ સર્વ ફેરફારથી આ પૂર્વકરતાં વિશેષ સુગમતા વાંચનારને થશે.

ભાવનગર. }
૧-૯-૯૯. }

જે. જે.

॥ ॐ श्रीं ॥

યોગસૂત્રભૂમિકા.

આ સંસારચક્રમાં પ્રેક્ષાવાન્ પ્રાણીની પ્રવૃત્તિ કોઇ પણ પ્રયોજનને અવલંબીને જ થાય છે એ સુપ્રસિદ્ધ નિયમ છે, એટલું જ નહિ પણ જે પ્રાણીઓમાં મનોવિકારનું સામ્રાજ્ય હોય છે તેઓ પણ જ્યારે વિચારપૂર્વક પ્રવૃત્તિનો આદર કરે છે ત્યારે કોઇ પણ પ્રયોજનનું અવશ્ય અવલંબન કરે છે. ત્યાં ભિન્ન ભિન્ન પ્રવૃત્તિપ્રતિ તથા તે તે સમયે અંતઃકરણમાં પ્રધાનરૂપે સ્ફુરતાં પ્રયોજન પ્રતિ દૃષ્ટિ કરીએ તો એ પ્રવૃત્તિ તથા પ્રયોજન નાના હોય એમ દેખાય છે. પ્રયોજનના ભેદથી પ્રવૃત્તિનો ભેદ થાય એ તો કાર્યકારણભાવના જ્ઞાનવાળાને સ્વાભાવિક જ દેખાય છે. ત્યાં યદ્યપિ એ પ્રયોજન નાના દેખાય છે તથાપિ તેમનું વર્ગીકરણ કરવામાં આવે તો તે સર્વનો આ ત્રિવિધ પદાર્થમાં સમાવેશ થાય છે–(૧) લોક, (૨) વિત્ત અને (૩) સ્ત્રીપુત્રાદિ. આ ત્રણમાં જે લોકરૂપ પદાર્થ છે તેનો અર્થ ભોગ છે તથા તે ઇહ તથા પર એ બે વિભાગથી બે પ્રકારનો છે. તેમાં જે ઐહિક ભોગ તે ઇહલોક છે અને તદિતર તે પરલોક છે. અન્ય બે સ્પષ્ટ જ છે. આ ત્રણને જ અવલંબન કરનાર ઇચ્છાને પરાપૂર્વથી ત્રિવિધ એષણા કહી છે. એ ત્રણમાં પણ એવું દેખાય છે કે જ્યારે એમાંથી માંહોમાંહ્ય વિરોધ આવે છે ત્યારે કોઇ નિયમને અનુસરીને પ્રેક્ષાવાન્ પુરુષો એમાં પણ ગુણપ્રધાનભાવ લઈ પ્રવૃત્તિ કરે છે. તેથી એ સિદ્ધ થાય છે કે એ ત્રણ પણ કોઈ ઇતરમાટે પ્રેમાસ્પદ છે, સ્વતઃ નથી. એનો વિચાર કરતાં તથા જે નિયમને અનુસરીને એ ત્રણમાં ગુણપ્રધાનભાવ લેવાય છે તેનો લક્ષ કરતાં ચરમ પ્રયોજનરૂપે તો માત્ર સુખાવાપ્તિ અને દુઃખાસંસ્પર્શ એ બે જ પ્રયોજન નીકળે છે. એ બેનો વિરોધ નથી કારણ કે સુખાસ્વાદન માટે દુઃખાભાવની અપેક્ષા છે કેમકે જ્યારે દુઃખનાં કારણો વિદ્યમાન હોય છે ત્યારે સુખાસ્વાદન થતું નથી, અને દુઃખનો અભાવ થવો એ પણ એક પક્ષથી સુખ મનાય છે. આ રીતે આ બે દેખાતાં છતાં અવિરોધી હોવાથી તથા એકને બીજાની અપેક્ષા હોવાથી એકવત્ જ લેખાય એમ છે. તેમાં પણ કાદાચિત્ક સુખ વા દુઃખાભાવ તો સર્વ જીવોને સદા હોય છે તથાપિ તેટલાથી તેને સંતોષ થતો દેખાતો નથી એ સર્વને જ્ઞાત છે. તેથી એ જ અર્થ પર્યવસિત

થાય છે કે પરમાનંદની પ્રાપ્તિ તથા દુઃખ માત્રનો આત્યંતિક અભાવ (પુનરુદ્‌ભવરહિત અભાવ, એ જ ચરમ પ્રયોજન છે આ ચરમ પ્રયોજનને જ વ્યવહારસૌકર્યાર્થે મોક્ષ, નિઃશ્રેયસ, કેવલીભાવાદિ શબ્દથી ઓળખાવાય છે. એ પ્રયોજનની સિદ્ધિમાટે સર્વ હિતકર શાસ્ત્રસંજ્ઞાને પામેલા ગ્રંથોની પ્રવૃત્તિ છે. ત્યાં એ એમાં પણ, પ્રાણીઓને દુઃખપ્રતિ બલવાન્ દ્વેષ છે તેથી સર્વને એ નિઃશ્રેયસની સિદ્ધિના ઉપાયની સરખી આવશ્યકતા દેખાય તથા ઉત્સાહથી પ્રવૃત્તિ થાય તેટલામાટે ન્યાય, વૈશેષિક, સાંખ્ય તથા યોગ એ ચાર શાસ્ત્રોમાં તથા અન્ય નાસ્તિક મનાતાં શાસ્ત્રોમાં દુઃખના આત્યંતિક અભાવને જ ચરમ પ્રયોજનરૂપે સ્વીકાર્યું છે અને મીમાંસા શાસ્ત્રમાં ઉભયને સ્વીકાર્યાં છે. વસ્તુતઃ ભેદ નથી કારણ કે આગળ સમજાશે તેમ આથી સાધનાદિનો ભેદ થતો નથી.

આપ્રમાણે પ્રાપ્તવ્ય અર્થની સ્પષ્ટ રીત્યા પ્રતીતિ થઇ એટલે હવે કર્તવ્ય તથા જ્ઞાતવ્યનો એને અંગે નિર્ણય કરવો પ્રાપ્ત થયો, અર્થાત્ એ પ્રાપ્તવ્યનો નિર્ણય થવાથી સ્વભાવતઃ એ પ્રશ્નો હવે થાય છે કે એ સુખ શેમાં છે, કયાં સાધનોને અધીન વર્તે છે, અભિમાનીને સદા એ કેમ પ્રાપ્ત નથી, દુઃખ શેમાં છે, શાથી આવે છે, અભિમાનીની અનિચ્છા છતાં એ કેમ આવી પ્રાપ્ત થાય છે, એનો નિગ્રહ કેવી રીતે થઇ શકે, કોઇ એવો ઉપાય છે કે નહિ કે જેથી એનો સદા અસ્પર્શ થઇ રહે, [illegible] સુખ દુઃખ તે બાહ્ય પદાર્થથી જ આવે છે કે એના હેતુઓ અંદરમાં વિદ્યમાન છે, એ એની પ્રતીતિ શાથી થાય છે, એ એના [illegible]માં પ્રતીતિ થાય છે તે અભિમાની શું છે, એનો સ્વભાવ કેવો છે, એમાં દુઃખ સ્વભાવથી જ સિદ્ધ છે કે એનાથી દુઃખ પૃથક્ થઇ શકે છે વિગેરે. આ સર્વનો યથાર્થ અસંદિગ્ધ નિર્ણય થવામાટે જીવ, ઈશ્વર તથા જગત્, તત્સ્થ સ્વભાવો તથા નિયમો એ સર્વનું જ્ઞાન થવું જોઇએ. કેમકે નહિતો એક ભાગના જ્ઞાનથી જે નિર્ણય કરવામાં આવે તે પ્રસંગે અન્યત્ર બાધિત પણ કરે. અને આ સર્વનું જેને જ્ઞાન હોય છે તે સર્વજ્ઞ છે કારણ કે એથી બહાર કોઇ અવશેષ વેદ્ય રહેતું નથી. આ સંબંધમાં અધિક કહેવા જરૂર નથી કારણ કે અલ્પજ્ઞ પ્રયત્નથી થતી પદાર્થવિજ્ઞાન ચર્ચાથી થયેલા ઘટ્ટકુટીપ્રભાતથી આ સર્વાંશે સમર્થિત થાય છે. તેથી એ સિદ્ધ થયું કે આ સર્વનો યથાર્થ અસંદિગ્ધ નિર્ણય સર્વજ્ઞ પુરુષથી અતિરિક્તથી થઇ શકે એમ નથી, માત્ર સર્વજ્ઞ પુરુષ જ કરી શકે છે. એ સર્વજ્ઞ પુરુષ તે જ ઈશ્વર કહેવાય છે.

તેથી એ પર્યવસિત થયું કે શ્રીઈશ્વરથી આનો નિર્ણય થઇ શકે છે, જીવથી થાય એમ નથી. સર્વજ્ઞ ઈશ્વર આ જ હેતુથી કરુણાવાળા કહેવાય છે કે પોતે જીવોના ઉદ્ધારણઅર્થે, આ સર્વનો સંશયવિપર્યયરહિત નિર્ણય જીવોને પ્રકાશ્યો છે. જે શબ્દસમૂહમાં એનું પ્રકાશન થયું છે તે વેદસંજ્ઞાથી ઓળખાય છે. તેથી વેદથી વિરોધી વા અતિરિક્ત સ્થલે આ સર્વના નિર્ણયમાટે જોવું એ વૃથા પ્રયત્ન તથા દુરાશા છે

અહિં એ શંકા થશે કે આ રીતે તો વેદ ઈશ્વરપ્રણીત ઠરે છે પણ વેદ તો તે તે ઋષિવિગરેથી કરાયેલો તે તે સ્થાને વર્ણ્યો છે. તેમ જ વેદમાં યાજ્ઞવલ્ક્ય, મૈત્રેયી, ગાર્ગી, ઉદ્દાલક, શ્વેતકેતુ, ભારદ્વાજ વિગરે નામો આવે છે તથા એ વિગરેનો સંવાદ આવે છે તથા રામ, હનુમાન્, નૃસિંહ વિગરે નામો આવે છે. ત્યાં એ સર્વ સૃષ્ટિના આરંભમાં જ થયા હોય તથા વેદનું સાથે બધાએ પ્રણયન કર્યું હોય એ ન સંભવે એવી વાત છે. તેમ જ રામ, નૃસિંહાદિ અવતાર તો ભિન્નકાલીન છે. તેમ જ વેદની ભાષા જોતાં ક્રમવડે ઉત્પત્તિ થયેલી દેખાય છે. તેમ જ નદીઓનાં નામ પણ અમુક ક્રમવિશેષમાં આવે છે, અર્થાત્ તે તે દેશ કે જ્યાં એ ઋષિયો રહેતા હતા તેનાં જ નામ આવે છે. આ સર્વથી એમ દેખાય છે કે એ ઋષિઓથી વિનોદાર્થે કરાયેલા કાવ્યરૂપ વેદ છે એથી અધિક એમાં કંઇ જ નથી. એ તો માત્ર ઋષિપ્રણીત છે, કંઇ ઈશ્વરપ્રણીત નથી. એમ ઈશ્વરપ્રણીત લઇએ તો પછી સર્વ ગ્રંથો ઈશ્વરપ્રણીત જ થઇ જાય વિગરે. [1]

આ સર્વ મલિનસંસ્કારવાહિની બુદ્ધિનો જ પરિણામ છે, એ અનુપદ સ્પષ્ટ થશે. અત્ર જે લોકોને સ્વનિષ્ઠ સંસ્કારવશાત્ આ પ્રકારનો ભ્રમ થયો છે તથા જે પોતાના દુરાગ્રહથી એવો નિશ્ચય કરી બેઠા છે કે આ સંબંધમાં જે પોતાના મતને સમર્થન કરવા કંઈ અંશે પણ સમર્થ છે તેનું ગ્રહણ કરવાનું છે અને એથી વિપરીત જે

---

૧ આ સર્વ કુતર્કોની યથાર્થ સમાલોચના કરી બતાવવા આ ગ્રંથકરતાં પણ મોટા ગ્રંથની આવશ્યકતા છે તો પછી તે આ ભૂમિકામાં થઇ શકે એમ નથી એ તો સ્પષ્ટ છે. તેથી એ સર્વનો વિસ્તારથી સંગ્રહ અત્ર આપ્યો નથી. પણ એ સર્વથી આર્યસિદ્ધાન્તનો અવિરોધ કેવી રીતે થાય છે તેનું માત્ર દિગ્દર્શન કરાવવા તથા શ્રીયોગસૂત્રમાં જે વેદસંબંધી વિચાર કહ્યો છે તે અનુપપન્ન નથી એ પ્રદર્શન કરવા અત્ર આ પ્રતિપાદન છે.

કોઇ કહે તે સાંભળવા જેવું જ નથી તેવા દુરાગ્રહી સત્યભ્રષ્ટ મનુષ્યોમાટે કંઇ પણ કહી શકાય એમ નથી. એ માણસોને અનુલક્ષી જ ‘ બ્રહ્મા પણ એમનું રંજન કરી શકતા નથી ’ એ સુભાષિતાર્થ પ્રસિદ્ધ છે. એ માણસો તો પેલા પાંચ પગવાળા માણસજેવા જ છે[1]. અત્ર આ સર્વ તર્કાભાસથી જે વેદનું ઇશ્વરપ્રણીતત્વ અનુપપન્ન છે એ સિદ્ધ કરવા ધાર્યું છે તે સિદ્ધ થઈ શકે એમ નથી. તે આ રીતેઃ વેદનું જે પ્રામાણ્ય છે તે કંઇ ઇશ્વરપ્રણીતત્વ ઉપર જ આધાર રાખતું નથી. કારણ કે જે ઇશ્વરપ્રણીત નથી એવા ગ્રંથો પણ અનુભવથી જો યથાર્થ વસ્તુનું પ્રતિપાદન કરનાર હોય છે તો તે પ્રમાણરૂપ જ છે. તેથી પ્રામાણ્યવિષયમાં યથાર્થ જ્ઞાન તો તે તે અર્થના અનુભવથી જ થઇ શકે છે. અને એ પ્રામાણ્યનું સામાન્ય જ્ઞાન તો શિષ્ટપરિગૃહીતત્વ, અનુપપત્તિરહિતત્વ વિગરેથી મંત્રાયુર્વેદવત્ અનુમાનથી સિદ્ધ થાય છે. તેથી વેદપ્રામાણ્ય કેવલ આ નિર્યોગપઝ્ઝી નથી. વળી અત્ર જે ઇશ્વરપ્રણીતત્વ કહ્યું છે તેનો અર્થ કંઇ એવો નથી કે આ જે રૂપમાં વેદો હાલ પ્રતીત થાય છે તે રૂપમાં લખી બાંધી ઇશ્વરે આકાશમાંથી ફેંક્યા છે વા ભૂમિકામાંથી ખોદી કાઢ્યા છે. હાલ જે રૂપમાં એ પ્રતીત થાય છે તે રૂપ તો વેદવ્યાસે એનું વ્યસન કરવાથી જ પ્રાપ્ત થયું છે. ત્યાર પૂર્વે બધી ઋક્સંહિતા એક સ્થલે, યજુસ્ અન્યત્ર, સામ અન્યત્ર તથા અથર્વન્ અન્યત્ર ભેગી કરેલી નહોતી. એ વેદની ભૂલોકપર પ્રાપ્તિ આ નિયમે કરી થાય છે કે સર્ગારંભે શ્રીસમષ્ટિ ઇશ્વર પોતાના દિવ્ય લીલાતનુથી જે આનુપૂર્વીવાળા વેદ પૂર્વ

---

૧ અહિં આખ્યાયિકા એ છે કે કોઈ માણસે કોઈ હસ્તી પોતાની સુંઢ પાણીમાં મુકી જલ પીતો હતો ત્યારે તેને જોયો તે પરથી હાથી. પાંચ પગવાળા હોય છે એ તણે નિર્ણય કર્યો. રસ્તે આગળ ચાલતા કોઇસાથે એ પક્ષ લઇ એ માણસ સરત બકયો તથા પોતાને કોઈ અન્યથા સિદ્ધ કરી આપે તો અમુક રકમ આપવા નક્કી કર્યું તે બંને માણસો પેલા હસ્તીના સ્થાને જતા હતા એટલામાં રસ્તામાં કોઈ મિત્ર તેમને મળ્યો તેને જોઇ બંનેએ પોતાની હકીકત તેને જણાવી તે ઉપરથી પેલા મિત્રે પેલા પાંચપગવાળાને જણાવ્યું કે એમાં ગભરાવા કંઈ કારણ નથી. કારણ કે મેં પાંચ પગવાળો હાથી જોયો છે અને હવે ચાર પગવાળો કદાપિ દેખાશે તો હું કોટિ ઉપાયે માનનાર નથી એટલું જ નહિ પણ જોનાર નથી તેથી રૂપીઆ ખોવાનો સંભવ જ નથી.

કલ્પમાં હતા તે જ આનુપૂર્વીવાળા વેદનો વર્તમાન સર્ગમાં આધિકારિક પુરુષરૂપ બ્રહ્મા વિગેરેને ઉપદેશ કરે છે. તે ઉપદેશ બ્રહ્માદિ ઈશો અન્ય અદૃષ્ટવિશેષજન્ય તનુવાળા આધિકારિક પુરુષને કરે છે. અને એ આધિકારિક પુરુષ તો પ્રાણીનો અધિકાર થયે તે તે સમયે ભૂમિપર એક યોગ્ય તનુ ધારણ કરી તેદ્વારા એ વેદોનું અધિકારસંપત્તિઅનુસાર અર્થાત્ સંકેતાનુસાર પ્રાકટ્ય કરે છે. આ રીતે આરંભથી તે અંતપર્યન્ત વેદનું પ્રણયન આધિકારિક પુરુષોદ્વારા જ થતું આવે છે તથા તે એકે સમયે સમગ્રનું થતું નથી પણ યોગ્ય સમયે યોગ્ય ભાગનું જ થાય છે. અને તે યોગ્ય જ છે કારણ કે જે વસ્તુગત સૂક્ષ્મ સંસ્કારો છે તે જીવદૃષ્ટિથી જણાય એમ નથી અર્થાત્ જે જે દેવ જે જે શબ્દસમૂહના ઉચ્ચારણથી પ્રસન્ન થઇ જે જે કાર્ય કરે છે તે તે શબ્દસમૂહ, તે તે દેવને તથા તેમના સંકેતરૂપ પ્રકૃતિસ્થ નિયમોને ન જાણનાર જીવો કોટિ કલ્પે પણ તેમના તથા તેથી અધિક જ્ઞાનશક્તિના અધિકારવાળા ઈશના અથવા તત્પ્રેરિત અન્ય પુરુષના ઉપદેશ વિના જાણી શકે એમ નથી. આ જ કારણથી વેદમાં જે ઋષિયો આવે છે તે આધિકારિક પુરુષો છે, પ્રાકૃત મનુષ્યો નથી. અને તેથી એ ઋષિઓ પોતે પણ પ્રસંગે મંત્રનું દ્રષ્ટૃત્વ સ્પષ્ટ પ્રતિપાદન કરે છે. આ જ હેતુથી ક્વચિત્ ઋષિઓ મંત્રોના કર્તારૂપે પ્રતીત થાય છે તે બાધક ઠરતું નથી કારણ કે ત્યાં અધિકારવિના પોતાની કલ્પનાથી કર્તૃત્વ તેઓ પ્રતિપાદન કરતા નથી તેથી દ્રષ્ટૃત્વવાળી શ્રુતિસાથે એકવાક્યતા કરતાં આ કર્તૃત્વ પણ દ્રષ્ટૃત્વથી અભિન્ન જ ઠરે છે. વિપરીત માનવું ઘટતું નથી કારણ કે અધિકાર (સંકેત) વિના કોઇ માણસનું ઉપરકહેલી રીતે બુદ્ધિપૂર્વક ઇચ્છાનુસાર કર્તૃત્વ સંભવતું જ નથી અને ધ્યાનઅવસ્થાથી સમાધિ થયેથી એ એ વાક્યો એમને જણાયાં એમ લઇએ તો તે પણ ઘટતું નથી. કારણ કે એ રીતે થયેલા જ્ઞાનના પ્રતિપાદક ગ્રંથો પણ વિદ્યમાન છે અને તેને એ શુદ્ધબુદ્ધિ મહાત્માઓએ સ્મૃતિ સંજ્ઞા આપેલી છે. એથી ઉલટું એ પુરુષોએ જ આને શ્રુતિ કહી છે. શ્રુતિસંજ્ઞાનો ભાવ એવો છે કે એ શબ્દરાશિ પૂર્વ પૂર્વથી સિદ્ધ છે અને તેનો સંપ્રદાયરીત્યા પ્રચાર થયો છે તથા થાય છે તેથી એમાં કોઇનું બુદ્ધિપૂર્વક કર્તૃત્વ વા પ્રયત્નથી જ્ઞાતૃત્વ નથી. તેથી સર્વથા એ જ ઠરે છે કે હાલ પ્રસિદ્ધ વેદો આ રીતે આધિકારિક પુરુષથી પ્રણીત છે તેથી ઈશ્વરપ્રણીત છે. આ જ રીતે એ વેદો અપૌરુષેય કહેવાય છે. અપૌરુષેયનો અર્થ એવો નથી કે મનુષ્યાકૃતિધારી

પુરુષોથી અનુચ્ચરિત વા ઈશ્વરથી અનુચ્ચરિત. એનો અર્થ માત્ર એટલો જ છે કે પૂર્વ સર્ગીયાનુપૂર્વીસમાનાનુપૂર્વીકત્વ અર્થાત્ એ વેદવાક્યોમાં જે અમુક પદથી પછી અમુક પદ, પછી અમુક પદ વિગેરે પદોના તથા અક્ષરના વિન્યાસનો ક્રમ છે તે જેવો પૂર્વ સર્ગમાં હતો તેવો જ આ સર્ગમાં પણ છે. આ કારણથી અત્ર પણ અવિરોધ છે કેમકે ઇશ્વર પૂર્વસર્ગીયાનુપૂર્વીને સમાનાનુપૂર્વીથી વેદનું પ્રણયન કરે તો વેદોનું અપૌરુષેયત્વ પણ રહે અને ઈશ્વરપ્રણીતત્વનો પણ નિર્વાહ થાય. અને ઈશ્વરપક્ષમાં તથા વેદપક્ષમાં એ ઘટે છે કારણ કે ઈશ્વર સર્વજ્ઞ, અનાદિ સિદ્ધ હોવાથી એમને પૂર્વસર્ગીયાનુપૂર્વીનું જ્ઞાન હોય છે; અને સર્વજ્ઞદૃષ્ટિથી સમગ્ર વિશ્વના યથાર્થ અપરોક્ષ જ્ઞાનથી જે સર્વોત્તમ નિયમો હિતનાં સાધક જ્ઞાત થયા છે તે નિયમો એ વિશ્વના સ્વભાવનો લોપ ન થાય ત્યાંસુધી તેના તે જ રહેલા ઘટે છે. કેમકે સર્વોત્તમત્વ એ ધર્મ એકને વિષે જ રહી શકે છે. તેથી અમુક અમુક સ્વભાવનિયમથી જે સર્વોત્તમ ઉપકાર કરે તે એ નિયમોની જ્યાંસુધી સ્થિતિ હોય ત્યાંસુધી સર્વોત્તમ જ રહે છે. આ કારણથી એ નિયમોની સ્થિતિપર્યન્ત જે વેદરાશિનું સર્વોત્તમત્વ ગયા સર્ગમાં હતું તે જ નિયમોની સ્થિતિ હાલ પણ હોય તો એ જ વેદરાશિત્વનું સર્વોત્તમત્વ હાલ પણ હોવાનું. જ્યાંસુધી સ્વભાવનો ભેદ થાય નહિ ત્યાંસુધી એ નિયમોનો ભેદ પણ થાય નહિ સ્વભાવનો ભેદ તો કદાપિ થતો નથી એ સર્વસંમત વાત છે. તેથી એ જ સિદ્ધ થાય છે કે એનો એ વેદરશિ સર્વ સર્ગમાં એના એ સર્વોત્તમરૂપે વિદ્યમાન થવાનો, અર્થાત્ શ્રીહરિ અનુને એનું જ પ્રાકટ્ય પ્રકૃતિસ્થ સિદ્ધ નિયમાનુસાર અનુગ્રહથી કરવાના. તેથી વેદરાશિનું અનાદિત્વ તથા અભેદ સિદ્ધ છે. આ જ અંશમાં વેદ તથા સ્મૃતિપુરાણાદિનો ભેદ છે; કેમકે સ્મૃતિ, પુરાણાદિમાં કહેલા સિદ્ધાન્તનો અર્થ પ્રતિસર્ગે એક અભિન્ન રહે છે તથાપિ આખ્યાયિકામાં તથા આનુપૂર્વીમાં ભેદ છે. આ જ હેતુથી એ સર્વ પૌરુષેય લેવાય છે અને વેદ તે અપૌરુષેય છે.

અહિં એ શંકા પ્રાપ્ત થાય છે કે જો આ રીતે વેદનો ક્રમિક આવિર્ભાવ થતો હોય તો હાલ પણ વેદો પૂર્ણ થઇ રહ્યા છે એમ શાથી માનવું ? એનો ઉત્તર એ કે આ આપત્તિ દોષરૂપ નથી કેમકે ઇષ્ટ છે. વેદની પૂર્ણતા અસિદ્ધ જ છે. હજી પણ ઉત્તર કાલે વેદના કંઇ કંઇ ભાગનો પ્રાણિકર્માનુસાર આવિર્ભાવ થવાનો એટલું જ નહિ પણ હાલ એ જ પુરુષવિશેષરૂપ શ્રી-

ઈશદ્વારા પ્રાણિકર્માનુસાર વેદનો આવિર્ભાવ થતો હશે. આ જ કારણથી તૈત્તિરીય શ્રુતિ કહે છે કે अनन्ता वै वेदाः — વેદ અંતરહિત છે. આ શ્રુતિ પણ હાલના જ જણાવેલા વેદને પૂર્ણ વેદ માનવાથી બાધિત થાય છે એટલું જ નહિ પણ બીજા અનેક દોષો પ્રાપ્ત થાય છે કે જે પૂર્વમીમાંસા, પાણિનીય વિગેરે જાણનારને સ્પષ્ટ છે. એ તો સિદ્ધ જ છે કે અમુક શબ્દસમૂહમાં વેદત્વનો આરોપ કરવામાટે અપેક્ષિત સર્વ ધર્મો હોવા જોઇએ, નહિ તો કોઇએ સ્વચ્છંદપણે લખેલાં માછલી વિષયક વાક્યો પણ વેદ નહિ છતાં વેદ કહેવા પ્રાપ્ત થાય. એ ધર્મો આ છે: પ્રથમ તો અપૂર્વબોધકત્વ તે વાક્યમાં હોવું જોઇએ, પ્રતિપાદિત અર્થ વસ્તુતઃ સત્ય જોઇએ અને મુખ્યમાં એ કે એની એ જ આનુપૂર્વી પૂર્વસર્ગમાં પણ હોવી જોઇએ. તેમ જ તેના પ્રણેતાને શુદ્ધબુદ્ધિથી પોતે એનો દ્રષ્ટા છે પણ કર્તા નથી એવું ભાન થવું જોઇએ. તથા તે પુરુષ આધિકારિક પુરુષ હોવા જોઇએ. આ વિગરે લક્ષણો જો આ ક્ષણે પ્રણીત કોઇ વાક્યસમૂહમાં સિદ્ધ થાય તો તેને પણ વેદાન્તર્ગત માનતાં અડચણ નથી. એ તો સાચું જ છે કે આ ધર્મોનો સદ્ભાવ જાણી શકવો બહુ જ કઠિન છે, અસંભવ જેવો છે. તેથી એનો નિર્ણય પણ એવા આધિકારિક પુરુષવરરૂપ શિષ્ટોથી જ થવાનો તથા તેદ્વારા અન્યને જણાવાનો, અન્ય ઉપાય જીવો માટે નથી.

આપ્રમાણે વેદસંજ્ઞાનો સંજ્ઞી અર્થ સિદ્ધ થયો એટલે હવે જે પ્રથમ શંકાઓ કરી હતી તેનો વિચાર થઇ શકે છે. ત્યાં જે યાજ્ઞવલ્ક્ય, ગાર્ગી વિગરે નામોની ઉપલબ્ધિથી દોષાપત્તિ કરી હતી તે દૂર થાય છે કેમકે ક્રમિકત્વ કંઇ દોષરૂપ નથી. આ જ કારણથી ભાષાભેદ એ પણ દોષરૂપ નથી તેમ જ વેદોના પ્રણેતારૂપ જે જે ઋષિનાં નામો આવે છે તે આધિકારિક પુરુષો છે અને પ્રતિપાદ્યમાં જે રામ, કૃષ્ણ, હનુમાન્ વિગરેનાં નામ આવે છે તે સર્વ પણ માયિક તથા સાંકેતિક તનુઓ છે અર્થાત્ આ સર્વ નામધારી નૈષ્કર્મ્ય સૃષ્ટિના પુરુષો હોવાથી પ્રતિસર્ગે એના એ જ નામથી આવિર્ભાવને પામે છે તેથી એ નામકૃત વેદનો ભેદ પણ થવો ઘટતો નથી. આ સ્થલે એ કહેવું કે આ રીતે તો રામાયણ, ભારતાદિ પણ વેદવત્ નિત્ય ઠરે એ યોગ્ય નથી, કારણ કે એ ગ્રંથોમાં શ્રીરામચંદ્રજી વિગેરેનું સંપૂર્ણ ચરિત આપ્યું છે અને એ ચરિતમાં જેમ સંકેતથી અધિકારાનુસાર પ્રવૃત્તિ વર્ણી છે તે જ પ્રમાણે જીવોને એમના સંબંધથી મુક્તત્વનું પ્રતિપાદન કર્યું છે. તેથી જે જીવોને મુક્તત્વનું પ્રતિપાદન કર્યું છે તે જીવોસાથેનો સંબંધ ઉત્તર સર્ગમાં નહિ હોવાથી તે

અંશે એ ચરિતનો ભેદ થવાનો. આમ હોવાથી ઉત્તર સર્ગમાં જે રામાયણાદિ થાય તેમાં આ સર્વનો ભેદ હોવાનો. માત્ર જે નૈષ્કર્મ્ય સૃષ્ટિનો વિહાર વર્ણ્યો છે તેટલો જ સમાન રહેવાનો. આ જ કારણથી વેદમાં એ નૈષ્કર્મ્ય વિહારથી અતિરિક્ત કોઇ વ્યવહારનું વર્ણન છે જ નહિ. તેથી સર્વ રીતે એ જ અર્થ સિદ્ધ થાય છે કે વેદોનું નિત્યત્વ આ કુતર્કોથી અબાધ્ય છે તથા પુરાણાદિમાં બહુધા અર્થનો અભેદ છતાં પણ આનુપૂર્વીનો ભેદ થવાથી એવું નિત્યત્વ નથી.

આ રીતે એ કર્યું કે પ્રથમ પ્રાપ્તવ્યજ્ઞાનથી જે પ્રશ્નો ઉઠયા હતા તે સર્વનું સંશયવિપર્યયરહિતરૂપે સમાધાન મેળવવા વેદ એ જ સાધન છે. એ વેદનો આરંભમાં લોકોનું સામર્થ્ય અધિક હોવાથી પઠનપાઠનરૂપ વ્યાપાર સંપ્રદાયરીત્યા મુખથી જ થતો ચાલતો. કાળે કરીને જેમ જેમ કાલમાહાત્મ્યથી, તથા ઉપયોગને લીધે સંસ્કારની ક્ષીણતાથી પૃથિવ્યાદિ પદાર્થોમાં સત્ત્વની ન્યૂનતા થવાથી તદુપજીવી પુરુષોની પ્રજ્ઞામેધા ન્યૂન બલવાળી થતી ગઇ તેમ તેમ એના અર્થની સ્પષ્ટતા અર્થ અર્થાત્ કર્તવ્ય, જ્ઞાતવ્ય તથા પ્રાપ્તવ્યની ભ્રાન્તિરહિત ઉપસ્થિતિઅર્થે અધિક ગ્રંથની આવશ્યકતા થવા માંડી. જેમ જેમ એ આવશ્યકતા વધતી ગઇ તેમ તેમ લોકોના અધિકારાનુસાર ઋષિમુનિઓએ સર્વ વાતોનો વિચાર કરી ભિન્ન ભિન્ન સૂત્રો જેવાં કે કલ્પસૂત્ર, ગૃહ્યસૂત્ર. ષડ્દર્શનનાં સૂત્રો વિગેરે રચ્યાં તથા તેનું પોતપોતાના શિષ્યોને વેદરક્ષાઅર્થે રૂડે પ્રકારે અધ્યયન કરાવતા ગયા. એ શિષ્યો પોતાના પ્રશિષ્યોને, તેમણે પુનઃ પોતાના શિષ્યોને એમ શિષ્ટસંપ્રદાયથી અધ્યયન ચાલતું થયું તથા વેદના અર્થનો અવિચ્છિન્ન રહ્યો. એમાં પણ જ્યારે અવિસ્તૃત ગ્રંથોથી ન ચાલ્યું ત્યારે વિસ્તૃત ગ્રંથો, તેઉપર વ્યાખ્યા, તેના પર બીજી વ્યાખ્યા વિગેરે થયા. તેમ જ જ્યારે વિવેકશક્તિ ન્યૂન થઇ તથા રસશક્તિનું પ્રાબલ્ય દેખાયું ત્યારે પુરાણ, ઇતિહાસ વિગેરે જે કંઇ કઇ અંશે તો પૂર્વેથી જ પ્રચલિત હતાં તેનું આવશ્યકાસર ગ્રંથન થયું. આ રીતે વર્તમાનસર્ગના આરંભથી તે આ જ સુધી વેદરક્ષા ચાલતી આવી છે. તથા તેનેમાટે વિવિધ ગ્રંથો રચાતા ગયા છે. તેમાં હાલ થોડા થોડા ઉપલબ્ધ થાય છે. હાલ પણ આ જ નિયમથી દેશકાલનુસાર પ્રજાનો અધિકાર જોઇ મહાત્મા પુરુષો એ વેદના સિદ્ધાન્તને જ અધિકારી પ્રજાની પ્રજ્ઞાનુસાર વિવિધ ગ્રંથો રચ્યા જણાવે છે. તથા ઇશ્વરઅનુગ્રહ છે ત્યાંસુધી એની એ વ્યવસ્થા ઉત્તરકાલે પણ સર્ગના અંતસુધી ચાલવાની, એ-ભૂતના દૃષ્ટાન્તથી ભાવિનું અનુમાન જે થતું હોય તો—અનુમાનથી દેખાય છે.

આ રીતે ઉપર જે ષડ્ દર્શન કહ્યાં તે વેદના સિદ્ધાન્તને અધિકારીભેદથી સ્પષ્ટ કરનાર છે અને વેદ સંપૂર્ણ જ્ઞાતવ્ય, કર્તવ્ય તથા પ્રાપ્તવ્યનો આકર છે તેથી જ વિવિધ પ્રસંગે જાત જાતના આક્ષેપો એનાપર અજ્ઞ મનુષ્યોથી થયા તોપણ આજપર્યન્ત એનું સામ્રાજ્ય સાત્ત્વિક પ્રજામાં રહ્યું છે. એ ષડ્ દર્શનોમાં બે ન્યાય, બે મીમાંસા તથા બે સાંખ્ય છે. બે સાંખ્યમાં (૧) કપિલમુનિપ્રણીત સાંખ્ય છે અને (૨) શ્રીપતંજલિમુનિપ્રણીત સાંખ્ય છે જે શ્રીયોગાનુશાસન, યોગદર્શન, યોગસૂત્ર, સાંખ્યપ્રવચનવિગેરે નામથી પ્રસિદ્ધ છે. યોગ વિષયમાં આ કંઈ પ્રાથમક ગ્રંથ નથી પણ એની પૂર્વે પણ અનેક ગ્રંથો એ વિષયના અધિકારી પ્રજાનુસાર રચાયા હશે, એ આ યોગદર્શન જોતાં પણ સિદ્ધ થાય છે. છતાં છેલ્લી પ્રજામાટે રચાયલો આ ગ્રંથ હોવાથી અથવા અન્ય ગ્રંથોકરતાં પ્રજા માટે અધિક અનુકૂલ હોવાથી અન્ય ગ્રંથો લુપ્તવત્ થયા છે તથા જે જડે છે તે પ્રજાથી આ ગ્રંથ જેટલા સત્કૃત નથી.

આ શ્રીપતંજલિપ્રણીત યોગદર્શનમાં શા શા વિષય આવે છે તેનું યથાર્થ વિસ્તારથી જ્ઞાન તો મૂળ ગ્રંથથી થશે. તથાપિ એ શાસ્ત્રીય ગ્રંથ હોવાથી એ સમજવામાટે કંઇક સંક્ષેપની જરૂર દેખાય છે. તેથી તે વિગેરેનું પ્રતિપાદન પ્રાપ્ત થાય છે. ત્યાં પ્રાપ્તવ્ય પદાર્થ તો પૂર્વે કહ્યાપ્રમાણે સમગ્ર દુઃખનો આત્યંતિક અભાવ એ શાસ્ત્રમાં લીધો છે.[૧] ત્યાં સમગ્ર દુઃખનો ત્રણ પ્રકારમા વિભાગ થઇ શકે છેઃ તે આ છે. (૧) આધ્યાત્મિક, (૨) આધિભૌતિક અને (૩) આધિદૈવિક. ત્યાં જે દુઃખો શરીર તથા મનદ્વારા જ થાય છે તે આધ્યાત્મિક કહેવાય છે જેમકે વ્યાધિ તથા આધિ જે દુઃખો મનુષ્યથી થાય છે, સર્પાદિથી થાય છે તે સર્વે આ લોકના પદાર્થથી થતાં દુઃખ હોવાથી આધિભૌતિક છે, અને જે દુઃખો થવામાં આ લોકથી ભિન્ન લોકના નિવાસી નિમિત્તરૂપ હોય છે, જેમકે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ વિગેરે, તે સર્વ આધિદૈવિક દુઃખો ગણાય છે. આ ત્રિવિધ દુઃખનો આત્યંતિક અભાવ થવો એ પુરુષાર્થ છે. તેમાં પણ જે દુઃખો ભો-

૧. આ અંશમાં આ શાસ્ત્રનો વેદાન્તસિદ્ધાન્તથી આપાતતઃ ભેદ દેખાય છે, કેમકે વેદાન્તશાસ્ત્રમાં પરમાનંદની પ્રાપ્તિ પણ માની છે. તથાપિ આ શાસ્ત્રમાં વિધાન કરેલાં સાધનોથી જે સ્થિતિ થાય છે તે સ્થિતિમાં પરમાનંદની પ્રાપ્તિ પણ થાય છે તેથી યદ્યપિ શાસ્ત્રમાં એ પ્રાપ્તવ્યની અંતર્ભૂત ગણી નથી છતાં વસ્તુસ્વરૂપે એ પણ અંતર્ભૂત થઈ શકે છે.

ગવાઇ ગયાં તેનું હાન થવું સંભવતું નથી, તેમ જ જે વર્તમાન કાલે ભોગવાય છે તેનું પણ હાન થવું અયુક્ત છે તેથી પરિશેષથી એ જ રહે છે કે જે અગામિ--અનાગત દુઃખ છે તે જ (ઉચ્છેદ કરવા યોગ્ય) છે. આ રીતે પ્રાપ્તવ્ય નિશ્ચિત થયું તેથી હવે એ વિચાર પ્રાપ્ત થાય છે કે એ દુઃખનું આત્યંતિક હાન કેવી રીતે થઇ શકે. ત્યાં એ પણ સિદ્ધ છે કે દુઃખ વ્યક્તિરૂપે અનંત છે તેથી પ્રત્યેક દુઃખનું હાન કરી શકવા સંભવ નથી. તેમ જ થોડાં ઘણાં દુઃખનું હાન થયું એટલાથી કૃતકૃત્યતા નથી કારણ કે એ એ દુઃખો વિલાઇ ગયાં તોપણ ઉત્તર કાલે, દુઃખવ્યક્તિ અનંત હોવાથી, અન્ય અન્ય આવી પ્રાપ્ત થવાનાં. અન્ય રીતે કહીએ તો આ સંપૂર્ણ દૃશ્યપ્રપંચરૂપ સંસાર દુઃખબહુલ છે તેથી એના હાન (ઉચ્છેદ) વિના એ દુઃખોનું આ રીતે કેમ હાન થઇ શકે. આ શાસ્ત્રમાં સંસારને દુઃખબહુલ જ માન્યો છે તેથી કોઇ કોઇ લોક જે એમ માને છે કે યોગશાસ્ત્રમાં સંસારને સુખબહુલ માન્યો છે એ કેવલ તેમની ભ્રાન્તિ છે. સંસાર ત્રણે કાળે દુઃખથી સંભિન્ન જ છે અને તેથી વિવેકીની દૃષ્ટિથી દુઃખરૂપ જ છે એ કેવલ આ શાસ્ત્રનો સિદ્ધાન્ત છે એમ નથી પણ વેદાન્ત, ન્યાય, બૌદ્ધ, પાશુપત વિગેરે સમગ્ર આર્યશાસ્ત્રનો અભિન્ન સિદ્ધાન્ત છે. આ વિષયમાં પાશ્ચાત્ય લેખકોના વિચાર પણ મળતા આવે છે. જર્મન તત્ત્વશોધક શોપનહાવર તથા હાર્ટમાને આ અર્થની સિદ્ધિમાટે મોટા ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે તથા અતિવિસ્તારથી આ જ સિદ્ધાન્તનું સ્થાપન કર્યું છે. તેથી એ દુઃખબહુલ સંસારનું હાન થયાવિના દુઃખનું હાન થઇ શકે એમ નથી. અને સંસારનો ઉચ્છેદ સર્વથા થઇ જવો એ પણ અશક્ય છે તેથી આ રીતે દુઃખવ્યક્તિનો ઉચ્છેદ થઇ શકવા સંભવ નથી. તેથી એ જ શેષ રહ્યું કે એ દુઃખનો ઉચ્છેદ કરવા એના કારણનો ઉચ્છેદ થઇ શકે તો કરવો. દુઃખ એ જ એક પક્ષથી બંધ છે તેથી અન્ય શબ્દમાં કહીએ તો એ પ્રાપ્ત થયું કે બંધના કારણનો ઉચ્છેદ થઇ શકે તો કરવો. આ વિચારથી બંધ શાથી થાય છે એ વિચારવું પ્રાપ્ત થયું. તથા તે સાથે જ બંધ કોને થાય છે, જેને થાય છે તેમાં સ્વભાવસિદ્ધ છે કે કેમ વિગેરે વિચારો પ્રાપ્ત થયા, અર્થાત્ પ્રાપ્તવ્યના વિચારથી જ્ઞાતઅવિષય આવી પ્રાપ્ત થયો.

ત્યાં એ સંબંધમાં યોગશાસ્ત્રના સિદ્ધાન્તો આ પ્રમાણે છે:-સંસારના પદાર્થો વ્યક્તિરૂપે તથા અણુરૂપે અનંત છે છતાં તે સર્વનો

આ ચાર વિભાગમાં સમાવેશ થાય છે-(૧) કેટલાક કેવલ પ્રકૃતિરૂપ પદાર્થો છે, (૨) કેટલાક વિકૃતિરૂપ છે, (૩) કેટલાક પ્રકૃતિવિકૃતિ ઉભયરૂપ છે અને (૪) કેટલાક એવા છે કે જે કોઇના પ્રકૃતિરૂપ નથી તેમ વિકૃતિરૂપ પણ નથી. આ સ્થલે ભિન્ન તત્ત્વનું ઉપાદાન કારણ તે પ્રકૃતિ છે અને એ પ્રકૃતિના કાર્યરૂપ પદાર્થ તે વિકૃતિ છે. તત્ત્વોનો ભેદ સૂક્ષ્મતાના તારતમ્યથી થાય છે એટલે જે બે વસ્તુમાં ઇન્દ્રિયગ્રાહ્યત્વાદિ સમાન હોય છે તે ભિન્નતત્ત્વ કહેવાતાં નથી પણ જો એ બેમાંથી એક વિશેષ સૂક્ષ્મ હોય તો એ બે ભિન્ન તત્ત્વો કહેવાય છે. આ રીતે કોડીયું (શરાવ) તથા ઘટ એ બે ભિન્ન તત્ત્વો નથી કેમકે બંનેમાં ઇન્દ્રિયગ્રાહ્યત્વ સમાન છે. એ જ નિયમથી મૃત્તિકા તથા ઘટ એ બે ભિન્ન તત્ત્વો નથી વિગેરે. એથી ઉલટું પાર્થિવ-અણુ તથા એના કારણરૂપ આપ્ય(જલનું) અણુ એ બે ભિન્ન તત્ત્વ છે કારણ કે પાર્થિવ અણુ આપ્ય કરતાં વધારે સ્થૂલ છે. આ રીતે પ્રકૃતિ શબ્દનો અર્થ છે.

ત્યાં જે કેવલ પ્રકૃતિરૂપ પદાર્થ કહ્યો તે એક જ છે અને તે મૂલપ્રકૃતિ અથવા પ્રધાન કહેવાય છે. એનું લક્ષણ સામ્યાવસ્થાથી ઉપલક્ષિત સત્ત્વાદિ ગુણત્રય એ છે. એથી એ કહ્યું કે એ પ્રકૃતિ વા પ્રધાન એક રૂપ કહી છે છતાં એ નામ અમુક અવસ્થાથી ઉપલક્ષિત અસંખ્ય અણુઓને આપવામાં આવ્યું છે. એ અણુઓ જે આ સમગ્ર સંસારના પરિણામી ઉપાદાન કારણરૂપ છે તે ત્રણ જાતના સ્વભાવવાળા છે અને તેથી આ ત્રણ વિભાગવાળા છેઃ (૧) સાત્ત્વિક, (૨) રાજસ અને (૩) તામસ, અર્થાત્ સત્ત્વ, રજસ્ અને તમસ્ એ વિવિધ દ્રવ્ય તે આ અણુ છે. આથી એમ સમજવાનું નથી કે આ અણુમાંથી કેટલાક કેવલ સત્ત્વરૂપ છે, કેટલાક કેવલ રજસ્‌રૂપ છે તથા કેટલાક કેવલ તમસ્‌રૂપ છે પણ એ જ અર્થ વિવક્ષિત છે કે આ ત્રણ પ્રકારના સ્વભાવ સર્વે અણુમાં વિદ્યમાન છે. તેમાં કેટલાક અણુઓમાં સત્ત્વપ્રયુક્ત સ્વભાવની પ્રધાનતા હોય છે તેથી તે સાત્ત્વિક કહેવાય છે, કેટલાકમાં રજસ્‌પ્રયુક્ત સ્વભાવની પ્રધાનતા હોય છે તેથી તે રાજસ કહેવાય છે અને અન્યમાં તમસ્‌ની પ્રધાનતા હોય છે તેથી તે તામસ કહેવાય છે. આ પ્રકારના અસંખ્ય અણુઓ એ જ આ સંસારમાં જડ વસ્તુ છે. એ અણુઓ જ્યારે ગતિકલામાં હોય છે ત્યારે અહિં કહ્યા પ્રમાણે સાત્ત્વિકાદિ ધર્મોનો એમનામાં આવિર્ભાવ હોય છે. તથાપિ એવી ગતિ કલા હોતી નથી ત્યારે વિશ્રાન્તિ કલા પણ એ અણુઓની હોય છે. એ કલામાં જ્યારે એ અણુઓની સ્થિતિ હોય

છે ત્યારે એમના સાત્ત્વિક, રાજસ તથા તામસ ધર્મો તિરોભૂત થયેલા હોય છે. એનું નામ જ સામ્યાવસ્થા છે. એ અણુની આ સામ્યાવસ્થા અથવા આ સામ્યાવસ્થાવાળા એ અણુ તે પ્રકૃતિ વા પ્રધાનપદવાચ્ય છે. આ અવસ્થામાં સાત્ત્વિકાદિ ધર્મોનો તિરોભાવ થયેલો હોવાથી સર્વ અણુઓ એક સરખી જ બહિર્ સ્થિતિમાં હોય છે તેથી સ્ફુટ ભેદકના અભાવે એ સર્વ એક રૂપ જ લેખાય એમ છે. તેથી આ રીતે એ પ્રકૃતિ વા પ્રધાનને એક તત્ત્વ ગણ્યું છે. યોગશાસ્ત્રનો સિદ્ધાન્ત છે કે આ પ્રધાન વા પ્રકૃતિ નિત્ય છે અર્થાત્ સદા વિદ્યમાન છે. હવે જો સામ્યાવસ્થાવાળા અણુઓ એ અર્થ પ્રકૃતિ વા પ્રધાનનો લઇએ તો સર્ગસમયે એ અવસ્થાનો કેટલાક અણુમાં ભંગ થાય છે તેથી તે અંશમાં નિત્યત્વ નહિ આવે. તેથી એ નિત્યત્વનો નિર્વાહ કરવા શાસ્ત્રીય લક્ષણરૂપે સામ્યાવસ્થાથી ઉપલક્ષિત જે ગુણત્રય તે પ્રકૃતિ છે એ લક્ષણ આપવામાં છે પ્રલયસમયે પ્રકૃતિ આવા રૂપમાં હોય છે. જ્યારે અમુક કાળપર્યન્ત આ સામ્યાવસ્થામાં એ અણુઓ રહે છે ત્યારે એમાં વેગ પ્રાપ્ત થાય છે. એ વેગ પ્રાપ્ત થવાથી એમાં ક્ષોભ થાય છે, અર્થાત્ જે એક અવિભક્તરૂપે એ અણુની સ્થિતિ હતી તે હવે મટી જાય છે અને તેમાં ભેદની પ્રતીતિ થવા યોગ્યતા આવે છે.

આ સ્થિતિને પામેલા એ અણુઓ તે મહત્ તત્ત્વ કહેવાય છે. એમાં અમુક અણુઓ સાત્ત્વિક છે, અમુક રાજસ છે તથા અમુક તામસ છે એટલો ભેદ સ્ફુટ થાય છે પણ એથી વધારે ભેદની પ્રતીતિ થતી નથી. એ અણુમાંથી કેટલાક અણુઓ પોતાના સ્વભાવાનુસાર આ સ્થિતિમાં રહે છે અને અન્ય અધિક સ્થૂલતાને પામે છે. એ સ્થૂલતાને પામવાથી એમાં અહં એવી પ્રતીતિ થવાની યોગ્યતા આવે છે. આ સ્થિતિને પહોંચેલા એ અણુઓ અહંકાર શબ્દથી વ્યવહરાય છે. એ અણુમાં સાત્ત્વિક, રાજસ, તામસ ભેદ તો પૂર્વથી ચાલ્યા આવે છે. તેથી આ અણુઓ ત્રણ પ્રકારના થયા— સાત્ત્વિક અહંકારના અણુઓ, (૨) રાજસ અહંકારના અણુઓ અને (૩) તામસ અહંકારના અણુઓ. આમાંથી કેટલાક અણુઓ તો આના આ જ રૂપમાં પોતાના સ્વભાવાનુસાર સ્થિત થઇ જાય છે અને શેષ રહેલા અણુઓ અધિક સ્થૂલતાને પામતા ચાલે છે. તેમાં સાત્ત્વિક અહંકારના અણુઓ સ્થૂલતા પામતાં એમાં પ્રથમ ઇન્દ્રિયત્વ ધર્મ અધિક સ્ફુટ થાય છે. એ ઇન્દ્રિયો તે જ્ઞાનેન્દ્રિય છે અર્થાત્ એ અણુના પુનઃ કાર્ય થયાં ચક્ષુ, શ્રોત્ર, ત્વક્, રસના અને ઘ્રાણ એ

પાંચ ભેદ પડે છે. જે રાજસ અહંકારના અણુઓ છે તેમાં પણ ઇન્દ્રિયત્વ ધર્મ અધિક સ્ફુટ થાય છે. ઇન્દ્રિયો તે કર્મેન્દ્રિય છે, અર્થાત્ એ અણુઓના પુનઃ કાર્યવશાત્ હસ્ત, પાદ, પાયુ, ઉપસ્થ અને વાક્ એ પાંચ ભેદ પડે છે; અને જે સાત્ત્વિકરાજસ અણુઓ છે તે સ્થૂલતા પામતાં મનરૂપ થઈ રહે છે. હવે જે તામસ અહંકારના અણુઓ રહ્યા તે સ્થૂલતાને પામતા ચાલે છે. તેમાંથી પ્રથમ શબ્દમાત્રનો પ્રકાશ થવાની યોગ્યતાવાળા અણુઓ થાય છે. આને શબ્દતન્માત્રા કહે છે. એમાંથી કેટલાક અણુઓ એ જ રૂપમાં અટકી જાય છે અને અન્ય પરિણામ પામતા અધિકમાં સ્પર્શ ધર્મના પ્રાકટ્યવાળા થાય છે. આને સ્પર્શતન્માત્રા કહે છે. આમાંથી પણ કેટલાક અણુઓ આ સ્થિતિમાં અટકી જાય છે અને અન્ય અધિક સ્થૂલ થતા રૂપધર્મનું પ્રાકટ્ય કરે છે. આને રૂપતન્માત્રા કહે છે. એમાંથી પણ કેટલાક અણુઓ સ્થૂલ થતા રસધર્મનું પ્રાકટ્ય કરે છે અને એમાંથી પણ કેટલાક અધિક સ્થૂલ થતા ગંધધર્મનું પ્રાકટ્ય કરે છે. આ બેને અનુક્રમે રસતન્માત્રા તથા ગંધતન્માત્રા કહે છે. આ રીતે આ પાંચ તન્માત્રાની ઉત્પત્તિ થાય છે. એમાં કેટલાક અણુઓ એ જ રૂપમાં રહી જાય છે અને અન્ય આગળ પરિણામ પામતા જાય છે. એ અણુઓમાંથી શબ્દતન્માત્રાનો જે સ્થૂલકલા થવાથી પરિણામ થાય છે તે અણુઓ આકાશના કહેવાય છે; તથા સ્પર્શતન્માત્રા, રૂપતન્માત્રા, રસતન્માત્રા તથા ગંધતન્માત્રાના આવા પરિણામો તે અનુક્રમે વાયુ, તેજ, જલ તથા પૃથિવીના અણુઓ કહેવાય છે.

આ રીતે મૂલ પ્રકૃતિથી મહત્ તત્ત્વ, ત્રિવિધ અહંકાર તથા પાંચ તન્માત્રાની અનુક્રમે ઉત્પત્તિ થાય છે. એ સાત તત્ત્વો મૂલ પ્રકૃતિનાં કાર્યરૂપ છે તથા પોતાની વિકૃતિનાં કારણરૂપ છે તેથી એ સાત પ્રકૃતિવિકૃતિરૂપ તત્ત્વો કહેવાય છે. અને એ સાતથી અતિરિક્ત જે ૧૬ તત્ત્વો ઉપર વર્ણ્યાં છે તે કેવલ વિકારરૂપ છે. ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કર્મેન્દ્રિય, મનસ્ તથા આકાશાદિ પાંચભૂત એનું આ ૧૬ થી ગ્રહણ થાય છે. એ ૧૬ને કેવલ વિકારરૂપ કહેવામાં એવો ભાવ નથી કે એ એના એ જ રૂપમાં રહે છે પણ એટલો જ માત્ર અર્થ વિવક્ષિત છે કે એ ૧૬નું સંયોગીકરણ થઈ જે કાર્યો ઉત્પન્ન થાય છે તે એનાથી અધિક સ્થૂલ નથી પણ એ ૧૬ની અવસ્થાવિશેષ છે. આથી ઘટ, પટવિગેરે પદાર્થો એ અણુઓમાંથી કેટલાકની અવસ્થા વિશેષરૂપ છે તેથી એ અણુઓ એનાં ઉપાદાન કારણરૂપ છે છતાં પ્રકૃતિરૂપ નથી. આ જ હેતુથી શાસ્ત્રોમાં

આ ૧૬ કાર્યોનું પ્રતિપાદન વિશેષતઃ આવતું નથી. કેમકે એ લૌકિક પ્રમાણુથી જણાઈ શકે છે અને એ ૧૬ની પૂર્વનાં જે તત્ત્વો છે તે લૌકિક સામર્થ્યથી જણાતાં નથી તેથી તેમનું વિસ્તારથી પ્રતિપાદન આવે છે.

આ રીતે ત્રણ પ્રકારના આ ૨૪ તત્ત્વોનું પ્રતિપાદન થયું. તેથી એ સર્વમાં સમગ્ર સંસાર જે દશ્ય હોવાથી જડસંજ્ઞાથી ઓળખાય છે તેનો સમાવેશ થઈ જાય છે. હવે જે તત્ત્વ પ્રકૃતિરૂપ નથી તથા વિકૃતિરૂપ પણ નથી તે રહ્યું. એનું નામ આ શાસ્ત્રમાં પુરુષ આપ્યું છે. એ પુરુષ આ સંપૂર્ણ જડથી વિલક્ષણ તત્ત્વ છે અર્થાત્ જડમાં જે જે ધર્મો હોય છે તેમાંથી સત્તા વ્યતિરિક્ત [1] કોઈ ધર્મ આ તત્ત્વમાં નથી. એ પુરુષ સત્ છે તથા ચિદ્રૂપ છે અર્થાત્ જ્ઞાનરૂપ [2] છે, જ્ઞાતા તથા દ્રષ્ટા આ પુરુષ નથી પણ જ્ઞાન વા દર્શનરૂપ જ છે. એ પુરુષ જાતે સ્વભાવથી બંધ વા મોક્ષ સર્વથી અતિરિક્ત છે, છતાં એ ચૈતન્યરૂપ હોવાથી એમાં ભોક્તૃત્વની યોગ્યતા છે. આ યોગ્યતા જ પ્રસંગે સ્વામિત્વની યોગ્યતા કહેવાય છે. આ યોગ્યતાવશાત્ જડ પ્રકૃતિ પરિણામ પામે છે, અર્થાત્ જેમ નર્તકી પ્રેક્ષકને પોતાનું રૂપ તથા અભિનય બતાવવા વિવિધ ચેષ્ટાઓ રંગભૂમિપર પ્રાપ્ત થઈ કરે છે તથા તે થઈ રહ્યાથી નિવૃત્ત થાય છે તેમ આ પ્રકૃતિ પોતાના સ્વભાવથી જ આ પુરુષના દશ્ય થવા અર્થે વિવિધ પરિણામોને પામે છે અને જ્યારે પૂર્ણાંશે જે જે પુરુષની દશ્ય થઈ રહે છે ત્યારે તે તે પુરુષની અપેક્ષાથી નિવૃત્ત થાય છે.

આ પુરુષોમાં વાસ્તવ ભેદ કોઈ જાતનો નથી છતાં ઉપાધિભે-

---

૧ સાંખ્યયોગમાં પ્રકૃતિને તથા તેનાં કાર્યને સ્વતંત્ર સત્તાવાળા માન્યાં છે તથા પુરુષને પણ સ્વતંત્ર સત્તાવાળા માન્યા છે એ એ શાસ્ત્રોમાં તથા વેદાન્તમાં ભેદ છે. વેદાન્તમાં પુરુષથી અતિરિક્ત સર્વને વ્યાવહારિક સત્તાવાળા જ માન્યા છે. આ બે શાસ્ત્રમાં પુરુષોને નાના માન્યા છે તથા વેદાન્તમાં નાના ન લેતાં એક સર્વવ્યાપક તત્ત્વ લીધું છે જેને બ્રહ્મ સંજ્ઞા આપી છે. આ વિરોધનો પણ પરિહાર થઈ શકે છે છતાં અત્ર પ્રસ્તુત નહિ હોવાથી તે કરવા આદર કર્યો નથી.

૨ આ અંશમાં ન્યાયશાસ્ત્રથી વૈલક્ષણ્ય છે. ન્યાયમાં આત્માને જ્ઞાતા માન્યો છે તથા ઇચ્છા, ધર્મ, અધર્મ વિગેરે આત્માના વિશેષગુણો માન્યા છે. આ શાસ્ત્રમાં ન્યાયથી આગળની કક્ષા પર જઈ એ ગુણો પ્રકૃતિના જ માન્યા છે તથા આત્માને એ સર્વથી રહિત માન્યો છે.

દથી એમાં પણ ભેદનો વ્યવહાર કરાય છે. ત્યાં પુરુષની ઉપાધિરૂપ એક પક્ષે જોતાં સમગ્ર પ્રકૃતિ છે છતાં વિશેષ વિચારથી સમગ્ર પ્રકૃતિ ન લેતાં પ્રકાશ સ્વભાવપણું હોવાથી મહત્તત્ત્વ (બુદ્ધિસત્ત્વ) જ લેવાય છે. પ્રતિપુરુષની ઉપાધિરૂપે અનાદિકાળથી આવું એક બુદ્ધિસત્ત્વ વા ચિત્ત હોય છે એ ચિત્ત તે પુરુષનું ભોગ્ય થવાની યોગ્યતાવાળું હોય છે, તેથી જે પુરુષના ભોગ્ય થવાની યોગ્યતા એનામાં અનાદિકાળથી સિદ્ધ હોય છે તેનું એ સ્વ કહેવાય છે અને તેની અપેક્ષાથી એ પુરુષ તેનો સ્વામી કહેવાય છે. આ ઉપાધિને લીધે જ પુરુષ દ્રષ્ટા થાય છે. તે આ રીતેઃ પુરુષ સર્વ વ્યાપક ચેતનરૂપ છે તથા બુદ્ધિસત્ત્વ સત્ત્વપ્રધાન હોવાથી અતિસ્વચ્છ છે તથા પરિચ્છિન્ન છે. તેથી જ્યાં સુધી એ બુદ્ધિસત્ત્વ પોતારૂપે વિદ્યમાન રહે છે ત્યાં સુધી સ્વચ્છ હોવાથી એમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે. આ રીતે ચૈતન્યનું પ્રતિબિંબ પડવું એને ચિચ્છાયાપત્તિ કહે છે. આ ચિચ્છાયાપત્તિથી જડ છતાં પણ બુદ્ધિસત્ત્વ ચેતનવત્ થઇ રહે છે, તેથી દ્રષ્ટા થાય છે, અને જેમ સૈનિકોએ કરેલા જય તથા પરાજયનો રાજામાં આરોપ કરવામાં આવે છે તેમ અવિદ્યાવશાત્ આ દ્રષ્ટામાં રહેલા ધર્મોનો પુરુષમાં આરોપ કરવામાં આવે છે. તેથી વસ્તુતઃ નહિ છતાં પુરુષ દ્રષ્ટા, જ્ઞાતા, ઇચ્છાવાન્, સંકલ્પવાન્ વિગરે મિથ્યા ગણાય છે. આ રીતનો બુદ્ધિપુરુષનો સંયોગ પણ બંધ કહેવાય છે. આ રીતે એ ઠર્યું કે બુદ્ધિસત્ત્વમાં રહેલા સુખદુઃખાદિનો અવિદ્યાવશાત્ પુરુષમાં મિથ્યા આરોપ કરવામાં આવે છે, વસ્તુતઃ પુરુષમાં એ સર્વનો અત્યંતાભાવ જ છે. વળી ચિત્ત એ મધ્યમ પરિણામવાળું અણુ છે તથા જેમ સૂર્યમાંથી કિરણો નીકળે છે તેમ એ ચિત્ત પણ પ્રસંગ પ્રાપ્ત થયે દ્રવે છે એટલે દ્રવરૂપ પરિણામને પામે છે. એ દ્રવરૂપ પરિણામો તે વૃત્તિ કહેવાય છે. એ વૃત્તિ પણ સ્વચ્છ હોવાથી પુરુષપ્રતિબિંબવાળી છે. એ વૃત્તિના જ જ્ઞાન, ઇચ્છા, સંકલ્પ વિગરે વિવિધ ભેદો પડે છે. અહિં એ નિયમ છે કે જે પ્રતિબિંબ હોય તે ઉપાધિસદૃશ થઇ રહે છે, અર્થાત્ પુરુષ પ્રતિબિંબ તે વૃત્ત્યાકાર દેખાય છે. તેથી વૃત્તિનો જે આકાર તે જાણે પુરુષનો આકાર હોય એમ થાય છે. આનું નામ જ વૃત્તિસારૂપ્ય છે તથા આ ઉપાધિવશાત્ જ પુરુષ પ્રત્યયાનુપશ્ય (વૃત્તિનો દ્રષ્ટા) કહેવાય છે.

આ સર્વેથી એ થયું કે પુરુષ નિત્ય છે, અપરિણામી છે તથા સર્વે એક જ સરખા છે તથા જે ચિત્તની અપેક્ષાથી એમાં સ્વામિ-

ત્વના યોગ્યતા રહી છે તે ચિત્ત વા બુદ્ધિસત્ત્વના ભેદે કરીને ભિન્ન ભિન્ન કહેવાય છે. આ પ્રમાણે પુરુષો અસંખ્ય છે છતાં તે સર્વનો આ પાંચમાં સમાવેશ થાય છે: (૧) પ્રાકૃત પુરુષો, (૨) વિદેહ, પ્રકૃતિલય વિગરે, (૩) જીવન્મુક્ત પુરુષો, (૪) કૈવલ્યને પામેલા (કુશલ) પુરુષો, અને (૫) ઈશ્વરરૂપ પુરુષ. ત્યાં જે પુરુષોનું ચિત્ત ક્ષિપ્ત, વિક્ષિપ્ત વા મૂઢ સ્થિતિમાં છે તે પુરુષો પ્રાકૃત પુરુષો કહેવાય છે; જેઓ ઇન્દ્રિયાદિ ષોડશ વિકારની તથા પ્રકૃતિનીજ આત્મારૂપે ઉપાસના કરી દેહપતન સુધી આગળ વધ્યા નથી તેઓ એ પતન પછી ચિત્તની એક જાતની સંસ્કારશેષાવસ્થાને જન્મથીજ પામે છે તથા તે તે ધ્યેયના વાતાવરણમાં લીન થઈ રહે છે તે વિદેહ તથા પ્રકૃતિલયપુરુષો છે. જે પુરુષોનાં ચિત્તમાં પુરુષતત્ત્વ તથા પ્રકૃતિસુધીનાં સર્વે જડ તત્ત્વોનો દૃઢ અપરોક્ષ સાક્ષાત્કાર થયો છે છતાં જેમનાં ચિત્ત પ્રારબ્ધસંસ્કારનો ક્ષય નહિ થવાથી વિદ્યમાન રહ્યાં છે તેઓ જીવન્મુક્ત છે અને પ્રારબ્ધ સંસ્કારનો પણ ક્ષય થઈ જવાથી જેઓનાં ચિત્ત અધિકારરહિત થઈ જઈ પોતાના કારણમાં આત્યંતિક લયને પામી ગયાં છે તે કૈવલ્ય-પામેલા (કુશલ) પુરુષ છે. તથા આ સર્વથી વિલક્ષણ પુરુષવિશેષ તે ઈશ્વર છે. ઈશ્વર અનાદિ સિદ્ધ પુરુષ છે તથા સદા સર્વજ્ઞ છે. એમના ચિત્તમાં મૂળથી જ અવિદ્યાનો અભાવ હોવાથી અવિદ્યામૂલક સર્વનો અભાવ હોય છે છતાં એ ચિત્ત કદાપિ આત્યંતિક લયને પામતું નથી. સર્ગસમયે તો એ ચિત્ત રહે છે તથા નિયન્તૃત્વ વિગરે વ્યાપાર કરે છે. પ્રલયસમયે ઉત્તર સર્ગના સંકલ્પપૂર્વક કારણમાં એ ચિત્ત લયને પામે છે તેથી એ સંકલ્પાનુસાર સર્ગ સમયે એ ચિત્ત પ્રથમ પરિણામ પામી આવે છે તથા ઈશ્વરને પ્રાપ્ત થાય છે. એ ચિત્તવડે જગત્સર્જનરૂપ સંકલ્પ ઈશ્વર કરેછે અર્થાત્ પ્રધાનની સામ્યાવસ્થાનો ભંગ કરે છે તથા એ પ્રધાનને પરિણામ પામવામાં જે પ્રતિબંધક હેતુ હોય તેને પોતાના સ્વભાવસામર્થ્યથી દૂર કરી દે છે એટલે પ્રધાન (પ્રકૃતિ) પોતાના સ્વભાવથી ઉત્તર ઉત્તર કાર્યરૂપે પરિણામ પામતી ચાલે છે. એ ચિત્તવડે જ ઈશ્વર ફલનું પ્રવર્તન કરાવે છે તથા બ્રહ્માદિ સર્વને પૂર્વ સર્ગના વેદોનો બોધ કરે છે. એ ચિત્તવડે જ શ્રીઈશ પ્રકૃતિસ્થ નિયમાનુસાર વિવિધ લીલાતનુ તથા અદૃષ્ટવિશેષજન્ય તનુઓને પ્રકટાવે છે તથા તેમના દ્વારા સાંકેતિક વ્યવહારો કરાવે છે. [1]

૧ આ અંશમાં આ શાસ્ત્ર સાંખ્ય શાસ્ત્રથી કંઈક ભેદવાળું છે. સાંખ્ય

આ રીતે આ શાસ્ત્રમાં તત્ત્વો સ્વીકાર્યા છે. એથી હવે દુઃખનો હેતુ શો છે એ સ્પષ્ટ થાય છે. ત્યાં પુરુષમાં તો દુઃખ છેજ નહિ. દુઃખ એ તો ચિત્તની વૃત્તિ માત્ર છે. તેથી જ્યાંસુધી ચિત્ત (બુદ્ધિસત્ત્વ) વૃત્તિરૂપે પરિણામ પામે છે ત્યાંસુધી દુઃખની પ્રતીતિ થવાની કેમકે એ ચિત્તમાં પુરુષનું પ્રતિબિંબ પડવાનું તેથી એ ચિત્ત દ્રષ્ટારૂપે થવાનું તથા એ ચિત્તસત્ત્વ અને પુરુષનો વિવેક (અપરોક્ષ ભેદજ્ઞાન) નહિ થાય ત્યાંસુધી એ ચિત્તગત દુઃખનો પુરુષમાં આરોપ થવાનો, કારણકે એ ચિત્તના પરિણામસમયે પુરુષ જાણે તદાકાર પરિણામને પામેલો હોય એવો થવાનો અર્થાત્ વાસ્તવ વિકાર ન છતાં પુરુષમાં વિકારનો આરોપ થવાનો ચિત્તનો પરિણામ જે સમયે હોય છે તેને જ વ્યુત્થાન કહે છે તેથી અન્ય રૂપે કહીએ તો વ્યુત્થાનસમયે પુરુષનું વૃત્તિસારૂપ્ય હોવાથી પુરુષમાં દુઃખનો આરોપ થવાનો અને જ્યાં પર્યન્ત ચિત્તની સ્થિતિ છે ત્યાં પર્યન્ત ચિત્તનો વૃત્તિઆકાર પરિણામ થવાનો. તેથી એ ઠર્યું કે અવિદ્યાહેતુક ચિત્તનો પુરુષસાથેનો સંયોગ તે જ દુઃખ માત્રનો હેતુ છે. એ હેતુનો વિનાશ થાય ત્યારે એ દુઃખનો વિનાશ થાય છે. તેથી હવે પ્રાપ્તસિદ્ધિમાટે એ સંયોગનો વિનાશ કેવી રીતે થાય છે તે વિચારવાનું રહ્યું. ત્યાં એક પક્ષે તો એ સંયોગ અવિદ્યાને લીધે જ થાય છે કેમકે જો પુરુષનું (પોતાનું) યથાર્થ જ્ઞાન હોય તથા પ્રકૃતિ અને બુદ્ધિસત્ત્વનું યથાર્થ જ્ઞાન હોય તો પછી બુદ્ધિસત્ત્વથી પોતાનો (પુરુષનો) વિવેક સિદ્ધ થવાનો તેથી પછી બુદ્ધિસત્ત્વના ધર્મનો પોતામાં આરોપ કદાપિ થવાનો નહિ. તેથી આ વિચારથી એ પ્રાપ્ત થયું કે એ અવિદ્યાની નિવૃત્તિ થાય તો પછી દુઃખનો પોતામાં અભાવ થાય. ત્યાં અવિદ્યાની નિવૃત્તિ એના વિરોધીથી જ થઇ શકે. અવિદ્યાનું વિરોધી વિદ્યારૂપ તત્ત્વજ્ઞાન છે. તેથી એ થયું કે તત્ત્વજ્ઞાન (પુરુષ તથા બુદ્ધિસત્ત્વના ભેદનું જ્ઞાન) થાય તો એ અવિદ્યાની નિવૃત્તિ થાય અને એ થાય એટલે એને લઇને જે બુદ્ધિસત્ત્વના ધર્મનો પોતામાં આરોપ થાય છે તે નહિ થાય, અર્થાત્ દુઃખનો અભાવ કરવા તત્ત્વજ્ઞાનની (વિવેકખ્યાતિની) સંપ્રાપ્તિ કરવી જોઇએ તેમાં પણ અવિદ્યાથી અપરોક્ષ ભ્રાન્તિ થઇ છે તેથી એની નિવૃત્તિ પરોક્ષ જ્ઞાનથી થતી નથી, પણ અપરોક્ષ જ્ઞાનથી થઇ શકે છે તેથી એ વિવેકખ્યાતિ પણ વિવેકસાક્ષાત્કારરૂપ હોવી જોઇએ એ પ્રાપ્ત થયું. આ રીતે

શાસ્ત્રમાં આ પુરુષવિશેષરૂપ ઈશ્વરના વિના જ પ્રક્રિયા પ્રતિપાદન કરી છે, છતાં વાસ્તવ વિરોધ નથી જ.

વિવેકસાક્ષાત્કાર થવાથી ભ્રાન્તિ દૂર થવાની અને તેથી એ સંયોગ ક્રમે કરીને મટી જવાનો. એ સંયોગ મટવાથી દુઃખનો અભાવ થવાનો. તેથી એ વિવેકખ્યાતિની પ્રાપ્તિ કરવી એ કર્તવ્ય સિદ્ધ થયું.

અહિં એ કહેવું કે આ રીતે વિવેકખ્યાતિ પ્રાપ્ત થઇ તો પછી દુઃખનો પોતામાં આરોપ નહિ થાય એ વાત સાચી તથાપિ બુદ્ધિસત્ત્વ-ચિત્ત-વિદ્યમાન રહેવાથી એના પરિણામરૂપ વૃત્તિ થવાની તેથી આ દુઃખ છે એ જાણવારૂપ ભોગ એ પુરુષને પણ રહેવાનો તેથી દુઃખનો અત્યંતોચ્છેદ આથી નહિ થાય. આ યોગ્ય નથી કારણ કે આ શાસ્ત્રનો સિદ્ધાન્ત છે કે પ્રકૃતિની સામ્યાવસ્થાથી ચ્યુતિ થઇ જે કાર્યાકારપરિણામ થાય છે તેમાં ભેદ પ્રતીત થાય છે, તેથી એ ભેદનો હેતુ કોઇ પણ હોવો જોઇએ. એ હેતુ તે એ અણુઓમાં રહેલા સંસ્કારો જ છે. એ સંસ્કારોના સંચિત અને પ્રારબ્ધ એવા બે ભેદ છે. તેથી ચિત્તની ચિત્તરૂપે સ્થિતિ કરી રાખનાર નિમિત્ત તો આ બે પ્રકારના સંસ્કાર છે. એ સંસ્કારનો અભાવ થઇ જાય ત્યારે પછી એ અણુની ચિત્તરૂપે સ્થિતિ થવામાં નિમિત્ત નહિ હોવાથી એ અણુ સદા કારણાકાર થઇ રહેવાનુ. ત્યાં એ સંસ્કારોમાં એવો નિયમ છે કે જ્યાં સુધી અવિદ્યાની સ્થિતિ હોય ત્યાં સુધી જ એ સંસ્કારો પોતાનું ફલ પ્રવર્તાવી શકે છે. તેથી વિવેકસાક્ષાત્કાર થયો એટલે અવિદ્યાનો ઉચ્છેદ થવાથી એને અવલંબન કરી રહેનાર સંચિત સંસ્કારો દગ્ધબીજ થઇ જશે તેથી એનો પ્રરોહ થશે નહિ. અને જે પ્રારબ્ધસંસ્કારો છે તેમણે પોતાના ફલની પ્રવૃત્તિ કરી છે તથા તે અવિદ્યાના સંસ્કારોનો આશ્રય કરી રહેલા છે તેથી તેની અનુવૃત્તિ એ અવિદ્યાના સંસ્કારની સ્થિતિપર્યન્ત રહેશે. એ અવિદ્યાના સંસ્કારનું અવસાન કાં સામાન્ય રીત્યા ગૌણ ભોગથી, વા કાયવ્યૂહવડે કરાતા ભોગથી થાય છે અથવા તો દીર્ઘ અભ્યાસથી ચિત્તનો અત્યંત નિરોધ થયે થઇ જાય છે. ચિત્તસત્ત્વને અવિદ્યાનો ઉચ્છેદ થયા પછી નવીન સંસ્કારોને ગ્રહણ કરવાનું સામર્થ્ય રહેતું નથી. તેથી સર્વ રીત્યા એ સિદ્ધ થયું કે વિવેકસાક્ષાત્કાર સિદ્ધ થયા પછી એ પુરુષ ચરમ દેહવાળા થાય છે અને જો અલ્પ સમયમાં દુઃખદર્શન માત્રનો અભાવ કરવો ઇપ્સિત હોય તો એ વિવેકસાક્ષાત્કાર પછી પણ એનો અભ્યાસ જારી રાખી ચિત્તને કેવલ નિરુદ્ધ કરી દેવું, જેથી નિરોધબલે અવિદ્યાસંસ્કાર માત્રનો દાહ થઇ જઇ ચિત્તસત્ત્વ સૂક્ષ્મ થઇ જઇ સદા કારણાકાર થઇ રહે. જ્યારે ચિત્ત કારણાકાર (પ્રધાનાકાર) થઇ રહ્યું ત્યારે પછી ચિત્તના અભાવે વૃત્તિનો અભાવ અને એ એના અ-

ભાવે દુઃખનો અભાવ તથા એમાં પડતા પુરુષપ્રતિબિંબનો અભાવ થવાનો તેથી એ સમયે પુરુષ વસ્તુતઃ કેવલ (કુશલ) જ હતો છતાં ઉપાધિના અભાવે તત્સારૂપ્યનો અભાવ થવાથી કેવલ વા કુશલ વા મુક્ત થયો કહેવાય છે. તેથી વિવેકસાક્ષાત્કાર એ જ મોક્ષનું સાધન સિદ્ધ થઈ રહે છે.

અન્ય રીતે કહીએ તો પૂર્વે સૂચવ્યાપ્રમાણે પુરુષના અર્થની પ્રાપ્તિ કરાવવા માટે નર્તકીવત્ પ્રધાન કાર્યાકાર પરિણામને પામે છે, અને જ્યારે પુરુષના અર્થની પ્રાપ્તિ થઈ રહે છે ત્યારે પ્રધાનના કાર્યાકાર પરિણામ થવામાં નિમિત્તના અભાવે એ પરિણામ થતો નથી અર્થાત્ પ્રધાનમાંથી ચિત્તનો ઉદ્ભવ થતો નથી. ત્યાં પુરુષના અર્થ તે ભોગ અને અપવર્ગ છે. પ્રકૃતિ તથા પુરુષના તત્ત્વનો સાક્ષાત્કાર એ અપવર્ગ છે અને એથી અતિરિક્ત જે જ્ઞાન (દર્શન) તે ભોગ છે. એમાં ભોગની પ્રાપ્તિ તો ચિત્ત સર્વને કરાવે જ છે, માત્ર અપવર્ગની પ્રાપ્તિ કરાવવી શેષ હોય છે. તેથી એ અપવર્ગરૂપ વિવેકસાક્ષાત્કારની પ્રાપ્તિ થઇ એટલે પ્રકૃતનું સંપૂર્ણાશે દર્શન થઇ જવાથી પ્રકૃતિ નિવૃત્ત થાય છે અર્થાત્ ચિત્તનો અધિકાર સમાપ્ત થઈ જવાથી ચિત્ત સદા પ્રકૃતિરૂપ થઇ રહે છે. તેથી આ રીતે પણ વિવેકસાક્ષાત્કાર જ કર્તવ્ય ઠરે છે.

આ સર્વથી એ સિદ્ધ થયું કે ત્રિવિધ દુઃખના હાનમાટે વિવેકસાક્ષાત્કાર તથા એના પુનઃ પુનઃ અભ્યાસથી ચિત્તની કેવલ નિરુદ્ધાવસ્થા સંપાદન કરવી યોગ્ય છે. એ પણ સહસા થતાં નથી પણ સાધનોની અપેક્ષા રાખે છે. એમાં મુખ્ય સાધન તો ચિત્તની અનુકૂલ અવસ્થા એજ છે. ત્યાં જે વિવેકસાક્ષાત્કારમાટે અનુકૂલ અવસ્થા તેને આ શાસ્ત્રમાં સંપ્રજ્ઞાતયોગ કહ્યો છે. એ સંપ્રજ્ઞાતયોગ પ્રાપ્ત થયો એટલે વિવેકસાક્ષાત્કારનો ઉદય થાય છે. એ ઉદય થવાથી એના પુનઃ પુનઃ અભ્યાસથી જેને પરવૈરાગ્ય ગ્રંથકાર કહે છે તે થાય છે તથા અંતે ચિત્તની કેવલ નિરુદ્ધાવસ્થા (જે અસંપ્રજ્ઞાતયોગ કહેવાય છે તે) પ્રાપ્ત થાય છે. એની પ્રાપ્તિ થઇ એટલે દુઃખનો આત્યંતિક અભાવ થઇ જાય છે. તેથી સંપ્રજ્ઞાતયોગની સિદ્ધિ કેવી રીતે થાય એ હવે જિજ્ઞાસ્ય થયું. એના ઉત્તરમાં અધિકારિભેદ અવશ્ય પ્રાપ્ત થવાનો. કારણ કે જે ચિત્તની જેવી અવસ્થા તેવાં તેને માટે સાધનો હોવાં જોઇએ તથા તે તે સાધનોનું તે તે પ્રમાણમાં મૃદુ, મધ્ય તથા તીવ્રતાથી અનુષ્ઠાન કરવું જોઇએ. તેમાં પ્રતિઅધિકારીને કયાં કયાં સાધનો કેટલા વેગથી કેવી રીતે સાધવાં એ

તો યોગીશ્વર શ્રીસદ્ગુરુદ્વારા જ જાણી શકાય એમ છે, અન્ય કોઇ ઉપાય એ માટે નથી. તથાપિ સામાન્ય રીતે એ સંપ્રજ્ઞાતયોગની સિદ્ધિ માટે યોગાંગોનું અનુષ્ઠાન અપેક્ષિત છે, તથા એ સાથે વૈરાગ્યની સિદ્ધિ કરતાં જવું જોઇએ **અર્થાત્** વૈરાગ્ય અને યોગાંગનો અભ્યાસ એ બે મળે ત્યારે સંપ્રજ્ઞાતયોગની સિદ્ધિ થઇ શકે છે. વૈરાગ્યનું વિવિધ ભેદથી પ્રતિપાદન કરાય છે તથા એની સિદ્ધિમાટે નાનાવિધ યુક્તિઓ શ્રીસદ્ગુરુ પાસેથી પ્રાપ્ત કરવાની હોય છે તથાપિ સામાન્ય સ્વરૂપ એ છે કે જ્યારે ચૌદે લોકનાં સુખને અંતઃકરણ કાકવિષ્ઠાસમ જાણી તેથી અચલ રહે ત્યારે તેને વૈરાગ્યપ્રાપ્ત જાણવું.

અભ્યાસના વિષયરૂપ યોગાંગ આ આઠ છે: (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ. (૫) પ્રત્યાહાર, (૬) ધારણા. (૭) ધ્યાન તથા (૮) સમાધિ, અથવા એને પરસ્પરમાં અંતર્ભાવ કરી કહીએ તો (૧) યમ નિયમ, (૨) આસન, (૩) પ્રાણાયામ તથા પ્રત્યાહાર અને (૪) સંયમ આ સર્વનું સ્વરૂપ ગ્રંથમાં વિસ્તારથી પ્રતિપાદન કર્યું છે તેથી અત્ર કરવા જરૂર નથી.

આ રીતે આ યોગાંગનું અનુષ્ઠાન થવાથી સંપ્રજ્ઞાત યોગ પ્રાપ્ત થાય છે, તેથી વિવેકખ્યાતિ થાય છે, તેથી અવિદ્યાનો નાશ થાય છે. તેથી બુદ્ધિસત્ત્વ તથા પુરુષનો સંયોગ જે દુઃખનો હેતુ છે તે જતો રહે છે અને તેથી આગે પુનરુદ્ભવ થવાની યોગ્યતા વિના દુઃખ માત્રનો આત્યંતિક અભાવ થાય છે. આ સમયે દ્રષ્ટા મનાયેલા પુરુષ દૃશ્યમાત્રના અભાવે કોઇ પણ આકારવાળો થયેલો વ્યવહારાય એમ નથી તેથી પોતાના સ્વરૂપે અવસ્થિત થયેલો કહેવાય છે એ જ પુરુષનો ઉપરમ તથા અને બુદ્ધિસત્ત્વનો ખરી રીતે મોક્ષ છે, જે સર્વ મેધાવાન્ પ્રાણીનું પરિણામ પ્રાપ્તવ્ય છે.

આ પ્રમાણે આ દર્શનનો પ્રમેય ભાગ છે. પ્રમાણ વિષયમાં આ શાસ્ત્રમાં ત્રણને સ્વીકાર્યાં છે: પ્રત્યક્ષ, અનુમાન અને આગમ. અન્યત્ર જે ચાર, પાંચ, છ વા આઠ પ્રમાણો સ્વીકારાય છે તે સર્વેનો આ ત્રણમાં જ અંતર્ભાવ કર્યો છે. ત્યાં પ્રત્યક્ષપ્રમાણ સંબંધે આ શાસ્ત્રનો સિદ્ધાન્ત ન્યાયવૈશેષિક સિદ્ધાન્તથી જુદો છે, સાંખ્ય સાથે અભિન્ન છે અને વેદાન્તસાથે બહુધા અભિન્ન છે. આ શાસ્ત્રસંમત પ્રક્રિયા આ છે કે પ્રમેયનિરૂપણ સમયે કહ્યા પ્રમાણે ચિત્તસત્ત્વ સ્વચ્છ છે. પરિચ્છિન્ન પરિમાણવાળું છે તથા દ્રવ પામવાની યોગ્યતાવાળું છે. જ્યારે વિષયના સામીપ્યથી ચક્ષુરાદિ ગોલ-

કમાં ક્ષોભ થઇ ઇન્દ્રિયમાં ક્ષોભ થાય છે ત્યારે એ ક્ષોભથી ચિત્ત-સત્ત્વનાં સામાન્યરૂપે ઇન્દ્રિયસાથે સંબદ્ધ થયેલા દ્રવમાં ક્ષોભ થાય છે. એ ક્ષોભ થવાથી એ દ્રવનો પ્રવાહ તે તે ઇન્દ્રિયશક્તિથી તે તે ઇન્દ્રિય ગોલકદ્વારા બહાર જાય છે, તથા જેમ કોઇ બીબામાં દ્રુત રસ અર્થાત્ દ્રવ તદાકાર પરિણામને પામે છે તેમ આ બહિર્ પ્રેરાયેલો દ્રવ પણ તે તે વિષયાકાર પરિણામને પામે છે. એ વિષયાકાર પરિણામને પામેલા દ્રવરૂપ વૃત્તિ દ્રષ્ટાનું દૃશ્ય થાય છે એ જ પ્રત્યક્ષ છે અને વિષયોનું જે દશ્ય થવું તે આ વૃત્યારૂઢ થવાથી થાય છે. આજ રીતે જ્યારે સંયમની સિદ્ધિથી તે તે વિષયમાં પૂર્ણ એકાગ્રતા થાય છે ત્યારે તે તે વિષયાકાર ચિત્તવૃત્તિ થઇ રહે છે તેથી તે વિષયનું પ્રત્યક્ષ થાય છે. એ તદાકારતા થવી એને જ સમાપત્તિ વા તદંજનતા પણ કહે છે. તેથી જો એ વિષય ગ્રાહ્યરૂપ હોય છે તો ગ્રાહ્યસમાપત્તિ થાય છે, ગ્રહણરૂપ હોય છે તો ગ્રહણસમાપત્તિ થાય છે અને ગૃહીતૃરૂપ હોય છે તો ગૃહીતૃસમાપત્તિ થાય છે તથા એ સમાપત્તિથી તે તે પદાર્થ સાક્ષાત્ થાય છે.

અનુમાનસંબંધમાં આ શાસ્ત્રમાં વાપરેલા શબ્દો તથા કરેલા વિભાગ વિગેરે તથા સાંખ્ય શાસ્ત્ર અને ગૌતમ ન્યાય એ બે શાસ્ત્રમાં વાપરેલા શબ્દો તથા કરેલા વિભાગ વિગેરે સમાન છે. એનું તથા આગમ પ્રમાણનું નિરૂપણ વ્યાખ્યામાં વિસ્તારથી કર્યું છે તેથી ત્યાં જોવું.

પરાપૂર્વથી કાર્યકારણસંબંધે ત્રણ વાદ ચાલતા આવ્યા છે. કેટલાક આરંભવાદ સ્વીકારે છે, કેટલાક પરિણામવાદ સ્વીકારે છે અને અન્ય વિવર્તવાદ સ્વીકારે છે. ત્યાં ન્યાયવૈશેષિક દર્શનો આરંભવાદ સ્વીકારે છે. જ્યારે મૃત્તિકામાંથી ઘટની ઉત્પત્તિ થાય છે ત્યારે એ વાદ સ્વીકારનાર એવું માને છે કે ઉત્પત્તિપૂર્વે ઘટ અસત્ હતો અને કારકવ્યાપાર પછી એ ઘટ સત્તાને પામે છે. આ રીતે કારકવ્યાપારથી અસત્ પદાર્થનું અસ્તિત્વમાં આવવું એ માનવું એ આરંભવાદ છે. એ વાદમાં ઉપાદાન કારણથી કાર્ય ભિન્ન પદાર્થ લેવાય છે. ઘટ એ મૃત્તિકાની અવસ્થાવિશેષ નથી પણ મૃત્તિકામાં સમવાયસંબંધરૂપ સંબંધવિશેષથી રહેતો કોઇ અત્યંત ભિન્ન પદાર્થ છે. આ રીતે કાર્યનું સ્વરૂપ માનેલું હોવાથી કારણની કાર્યમાં શક્તિ ન માનતાં એ લોકો કાર્યનો જે ઉપાદાન કારણમાં પ્રાગભાવ તેને પણ એક કારણ માને છે. આ આરંભવાદના સ્વીકારથી સૃષ્ટિની પ્રક્રિયામાં એને અનુરૂપ ભેદ થાય એ તો સ્વાભાવિક જ છે. એથી ઉલટું સાંખ્ય ત-

થા યોગશાસ્ત્ર પરિણામવાદને સ્વીકારે છે જે બહુધા હાલના માણસોને પણ સંમત થાય છે. એ વાદમાં એવું માનવામાં આવે છે કે મૃત્તિકારૂપ ઉપાદાન કારણથી ઘટ કંઇ કેવલ જૂદો પદાર્થ નથી પણ મૃત્તિકાની જ અવસ્થાવિશેષ તે ઘટ છે. જ્યારે ઘટ એ રૂપે એ અભિવ્યક્ત થયો નહોતો ત્યારે સૂક્ષ્મરૂપે પોતાના કારણમાં વિદ્યમાન હતો અને પછી કારકવ્યાપારથી અભિવ્યક્તિને પામે છે કારણ કે કારકવ્યાપારથી અસત્‌ની ઉત્પત્તિ થતી નથી પણ સત્‌ની અભિવ્યક્તિ માત્ર કરાય છે. અસત્‌ની ઉત્પત્તિ થતી હોય તો કદાપિ શશશૃંગ વા વંધ્યાપુત્રની પણ ઉત્પત્તિ થઇ શકે. આ રીતે અભિવ્યક્તિરૂપ ઉત્પત્તિપૂર્વે કાર્યમાત્ર કારણરૂપે રહે છે અને જ્યારે કાર્યનો નાશ થાય છે ત્યારે પણ એ કાર્ય કંઇ અસત્ થતું નથી પણ કારણાકાર પરિણામને પામી રહે છે. આમ અભિવ્યક્તિરૂપ ઉત્પત્તિ પૂર્વે કાર્ય સત્ છે તથા લય પછી પણ સત્ છે તેથી જ યોગસિદ્ધિસંપન્ન પુરુષોને અતીત તથા અનાગત અર્થનું ભાન થઈ શકે છે. જો અસત્ હોય તો વૃત્તિ અસદાકાર થવાની નહિ તેથી અતીત અનાગત અર્થનું જ્ઞાન થવા સંભવ નહિ આવે. તેથી પરિણામવાદ યુક્તિયુક્ત હોવાથી યોગ્ય છે. આને જ સત્કાર્યવાદ પણ પ્રસંગે કહે છે અને આરંભવાદને અસત્કાર્યવાદ પણ કહે છે. વેદાન્તશાસ્ત્રમાં આ સત્કાર્યવાદ માન્યો છે પણ કાર્યમાત્ર વ્યાવહારિક સત્ય છે તથા સૌના ચરમ ઉપાદાન કારણરૂપ બ્રહ્મ પરમાર્થ સત્ય છે એમ સ્થાપન કર્યું છે. તેથી એ બ્રહ્મતત્ત્વની સત્તા પારમાર્થિકી છે અને કાર્યરૂપ પ્રપંચની સત્તા વ્યાવહારિકી છે. કારણનું વિષમસત્તાવાળા કાર્યરૂપે જે અવસ્થાન થવું તે વિવર્ત કહેવાય છે તેથી બ્રહ્મ તત્ત્વનું વિવર્ત આ વિશ્વ છે. આટલા ભેદ શિવાય સત્કાર્યવાદ સંપૂર્ણ અંશે આ શાસ્ત્રમાં પણ સંમત છે. અત્ર વિવાદની જરૂર નથી. એનું પણ વિસ્તૃત સ્વરૂપ ગ્રંથમાં આવે જ છે.

આ રીતે યોગશાસ્ત્રના પ્રમાણપ્રમેયાદિ વિષયક સિદ્ધાન્તો છે જેની સત્યતા વિવેકીને વિચારથી સ્પષ્ટ સમજાય એવી છે. એ સર્વ અર્થનું પ્રતિપાદન ગ્રંથકારે આ યોગાનુશાસન ગ્રંથથી કર્યું છે. ત્યાં આ ગ્રંથ સૂત્રરૂપે રચાયેલો છે, છતાં સૂત્ર છિન્ન ભિન્ન નથી પણ સર્વે યથાર્થ રીતે સંકલિત છે. સૂત્રની કુલ સંખ્યા ૧૯૪ છે. આખા ગ્રંથના ચાર વિભાગ કર્યા છે તે પ્રત્યેક પાદ કહેવાય છે. તેમાં પ્રથમ પાદમાં ૫૧ સૂત્રો છે તથા એ સમાધિપાદ કહેવાય છે, દ્વિતીયમાં ૫૫ સૂત્રો છે અને એ સાધનપાદ કહેવાય છે; તૃતીયમાં ૫૪

સૂત્રો છે ને એ વિભૂતિપાદ કહેવાય છે, તથા ચતુર્થમાં ૩૪ સૂત્રો છે અને એ કૈવલ્યપાદ કહેવાય છે.

ત્યાં પ્રથમના સમાધિપાદમાં ગ્રંથકારે પ્રથમ યોગાનુશાસન નામનું શાસ્ત્ર આરંભ કરવાયોગ્ય છે એ સિદ્ધ કરી પછી એના વિષયરૂપ યોગનું એ લક્ષણ કર્યું છે કે વ્યવહાર કાળે અર્થાત્ વ્યુત્થાનમાં દ્રષ્ટા પુરુષનું જે વૃત્તિસારૂપ્ય હોય છે તે મટી જઈ દ્રષ્ટા પુરુષનું જે ચિત્તવૃત્તિના નિરોધવડે સ્વસ્વરૂપે અવસ્થાન થાય છે તે એકાગ્ર તથા નિરુદ્ધ ચિત્તમાં રહેતો વૃત્તિનિરોધ તે યોગ છે. એ પછી એ લક્ષણમાં જે વૃત્તિપદ આવ્યું તેનું સ્પષ્ટીકરણ કરવા તથા વૃત્તિનિરોધ શક્ય છે એ સિદ્ધ કરવા સંપૂર્ણ-ક્લિષ્ટ તથા અક્લિષ્ટ-વૃત્તિના પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા તથા સ્મૃતિ એ પાંચ વિભાગ કર્યા છે તથા એ પાંચેનાં સ્વરૂપો પ્રતિપાદન કર્યાં છે. પછી એ વૃત્તિનિરોધરૂપ યોગ ઉત્તમાધિકારી વૈરાગ્ય તથા અભ્યાસ એ બે સાધનથી કરી શકે છે એ કહી અભ્યાસનું સ્વરૂપ, વૈરાગ્યનું સ્વરૂપ, વૈરાગ્યના પરઅને અપર એવા બે વિભાગ વિગરેનું પ્રતિપાદન કર્યું છે. આ રીતે સાધનના નિરૂપણ પછી સાધક પુરુષને ભૂમિકાક્રમથી સવિતર્ક, સવિચાર, સાનંદ અને સાસ્મિત એ ચાર પ્રકારનો સંપ્રજ્ઞાત યોગ થાય છે તે, તથા પછી સર્વ ચિત્તવૃત્તિના નિરોધથી અસંપ્રજ્ઞાત યોગ થાય છે એ, એ અસંપ્રજ્ઞાત યોગના જેવી સ્થિતિ વિદેહ તથા પ્રકૃતિલય પુરુષોની થાય છે એ, તથા એ સ્થિતિ પુનરાવૃત્તિવાળી હોવાથી હેય છે તેથી સાધનસંપત્તિથી અસંપ્રજ્ઞાતયોગની પ્રાપ્તિ કરવી એ તથા એ સાધનો તે શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિવિગરે છે એ પ્રતિપાદન કર્યું છે. તેમાં વિશેષ એ સૂચવ્યો છે કે એ સાધનોનું તીવ્ર સંવેગથી અનુષ્ઠાન કરવું સારૂં છે કેમકે એથી સમાધિલાભ સત્વર થાય છે. આ કહી પછી સમાધિલાભની સત્વર સિદ્ધિના ઉપાયરૂપે ઈશ્વરપ્રણિધાન, ઈશ્વરપ્રણિધાનના સ્પષ્ટીકરણ માટે ઈશ્વરનું સ્વરૂપ, ઈશ્વરમાં પ્રમાણ, ઈશ્વરનું માહાત્મ્ય, ઈશ્વરવાચક શબ્દ, તેનો જપ તથા તેના અર્થની ભાવના વિગરેનું પ્રતિપાદન કર્યું છે. તેમાં વિશેષ એ કહ્યો છે કે ઈશ્વરપ્રણિધાનથી પ્રત્યક્ ચેતનનો સાક્ષાત્કાર સત્વર થાય છે એટલું જ નહિ પણ વ્યાધિ, સ્ત્યાન વિગરે યોગનાં વિઘ્નો તથા એની સાથે થનાર દુઃખ, દુર્મનપણું વિગરેનો અભાવ સહેલથી થઈ જાય છે તેથી ઈશ્વરપ્રણિધાન એ રાજમાર્ગ છે તથા અન્ય ઉપાયથી સમાધિ સાધનારને કોઈ તત્ત્વના અભ્યાસથી એ વિઘ્નોનો જય કરવો પડે છે. આ પ્રતિપાદન કરી રહ્યા પછી યોગાનુકૂલ ચિ-

ત્ત કરવા જે મૈત્રી, કરુણા વિગેરેની ભાવના, સામાન્ય પ્રાણાયામ, વિષયવતી તથા જ્યોતિષ્મતી પ્રવૃત્તિ તથા વીતરાગ પુરુષની, સ્વપ્નજ્ઞાનની તથા નિદ્રાજ્ઞાનની ભાવના અથવા ઇષ્ટધ્યાન એ ઉપાયોરૂપ બાબતોની જરૂર છે તેનું તથા તેની સિદ્ધિથી જે પર વશીકાર પ્રાપ્ત થાય છે તેનું પ્રતિપાદન કર્યું છે. આ રીતે સાધનોના અનુષ્ઠાનથી યોગીને, ધ્યાતા તે જ્ઞાતા થાય છે એ નિયમથી તે તે વિષયમાં યથાર્થ સમાપત્તિ થાય છે એવું, તથા એના પૂર્વોક્ત ભેદરૂપ સવિતર્ક, સવિચારાદિ વિભાગો હોય છે તેનું એ સમાધિથી પ્રાપ્ત થતી ઋતંભરા પ્રજ્ઞાનું, તથા અંતે એ સંપ્રજ્ઞાતયોગથી અનંતર પ્રાપ્ત થતા અસંપ્રજ્ઞાતયોગનું પ્રતિપાદન કરી એ પાદ સમાપ્ત કર્યું છે.

દ્વિતીય પાદમાં મધ્યમાધિકારીરૂપ વિક્ષિપ્તાંતઃકરણવાળા સાધક માટે તપ, સ્વાધ્યાય તથા ઈશ્વરપ્રણિધાનરૂપ જે ક્રિયાયોગની અપેક્ષા છે તેનું, એ ક્રિયાયોગથી સમાધિની પ્રાપ્તિ થાય છે તથા અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશરૂપ પાંચ ક્લેશોનું શૈથિલ્ય થાય છે તેનું, એ ક્લેશોનાં સ્વરૂપનું તથા એ સર્વ અવિદ્યામૂલક છે તેથી અવિદ્યાનો ઉચ્છેદ થયે એ સર્વનો ઉચ્છેદ થાય છે એવું તથા એ ક્લેશોની સ્થૂલ અવસ્થાનું ધ્યાનથી તથા સૂક્ષ્માવસ્થાનું ચિત્તનો લય થયે હાન થાય છે એવું પ્રતિપાદન કર્યું છે. એ પ્રતિપાદન કરી રહ્યા પછી ક્લેશોનો નાશ થયેથી તન્મૂલક કર્માશયનો ઉચ્છેદ થાય છે તથા નવીન કર્માશય થતા નથી તથા કર્માશયનો નાશ થયો એટલે તેના ફલરૂપ હ્લાદ તથા પરિતાપ જે પરિણામિત્વાદિ હેતુથી વિવેકીની દૃષ્ટિથી કેવલ દુઃખરૂપ જ છે તેનો નાશ થાય છે એ પ્રતિપાદન કરવામાં જે કર્મપ્રક્રિયાથી નાનાવિધ શંકાઓનો ઉચ્છેદ થાય છે તથા જગત્ ક્યા નિયમે કેવી રીતે ચાલે છે, જીવોને સુખદુઃખાદિ કેવી રીતે મળે છે વિગેરે સ્પષ્ટ સમજાય છે તેનું ઉત્તમ રીતે પ્રતિપાદન કર્યું છે. આ પ્રતિપાદન થઈ રહ્યા પછી મંદાધિકારીમાટે વિશેષ સ્ફુટ પ્રતિપાદનની આવશ્યકતા હોવાથી વૈદ્યકશાસ્ત્ર માફક આ યોગશાસ્ત્ર પણ—રોગવત્ દૂર કરવા યોગ્ય જે હેય, તે શાથી પ્રાપ્ત થાય છે તે હેતુ, એને દૂર કરવાના ઉપાયરૂપ સાધનો તથા એ દૂર થવાથી પ્રાપ્ત થતું કૈવલ્ય—એ ચારનું પ્રતિપાદન કરનાર હોવાથી ચતુર્વ્યૂહ છે તેથી એ ક્રમાનુસાર પ્રથમ વ્યૂહરૂપ હેયનું તથા પછી દૃશ્ય જે બુદ્ધિસત્ત્વ તથા દૃશિરૂપ જે પુરુષ તેનો સંયોગ તે આ હેયને ઉત્પન્ન કરનાર હોવાથી હેયનો હેતુ છે તેનું પ્રતિપાદન કર્યું છે. એ પ્રતિપાદન સ્પષ્ટ થવા

અર્થે દૃશ્ય પ્રપંચનું સ્વરૂપ સ્ફુટ કરતાં જડ વર્ગના જે ૨૪ તત્ત્વો પૂર્વે કહ્યાં છે તેનું તથા સર્ગક્રમનું તથા દ્રષ્ટા પુરુષના સ્વરૂપનું તથા દૃશ્ય દ્રષ્ટામાટે જ પરિણામને પામે છે તેનું પ્રતિપાદન કર્યું છે, તથા તદનંતર એ એના સંયોગનું સ્વરૂપ કહ્યું છે તથા તેનો હેતુ પણ અવિદ્યા છે એ કહ્યું છે તથા તેથી એ અવિદ્યાનો અભાવ થવાથી એ સંયોગનો અભાવ થાય છે તે જ આરોગ્યસ્થાનીય કૈવલ્ય છે એ પણ સૂચવ્યું છે. એ હાન કરવાના ઉપાયમાં વિવેકસાક્ષાત્કાર એ જ ઉપાય છે એ કહ્યું છે તથા તેથી થતી સપ્તધા પ્રજ્ઞાનું પ્રતિપાદન કર્યું છે. હવે એ વિવેકસાક્ષાત્કાર કેવી રીતે થાય છે એ જિજ્ઞાસા થતાં યોગનાં બહિરંગરૂપ યમ, નિયમ, આસન, પ્રાણાયામ તથા પ્રત્યાહાર એ પાંચ સાધનોનું તથા પ્રત્યેકના અનુષ્ઠાનની સિદ્ધિ સ્પષ્ટ થાય તેમાટે એ પ્રત્યેકથી થતા કાર્યનું પણ પ્રતિપાદન કર્યું છે તથા યોગાંગના અનુષ્ઠાનમાં જ્યારે વિરોધીથી બાધ થાય ત્યારે તેનો અભાવ કરનાર વિતર્કની ભાવના કરવી એ કહ્યું છે. આ પ્રમાણે આ પાંચ બહિરંગનું જ પ્રતિપાદન કરી આ પાદ ગ્રંથકારે સમાપ્ત કર્યું છે.

તૃતીય પાદમાં શેષ રહેલા ત્રણ યોગાંગરૂપ ધારણા, ધ્યાન તથા સમાધિનું પ્રતિપાદન છે તથા એ ત્રણની શાસ્ત્રીયસંજ્ઞા સંયમ છે એ, એનું સામાન્ય ફલ પ્રજ્ઞાની દીપ્તિ છે એ તથા એનું ભૂમિકાક્રમથી સાધકે અનુષ્ઠાન કરવું એ કહ્યું છે. પછી એ ત્રણ પૂર્વ પાંચની અપેક્ષાથી અંતરંગ છે તથા અસંપ્રજ્ઞાતયોગ અથવા નિર્બીજ સમાધિમાં તો આ ત્રણ પણ બહિરંગ જ છે એ પ્રતિપાદન કર્યું છે, તથા પ્રસંગવશાત્ નિરોધના સંસ્કારથી થતી ચિત્તની પ્રશાન્તવાહિતા સ્થિતિ, તથા સમાધિ એકાગ્રતા વિગરેનો ભેદ તથા તે પ્રસંગમાં ષોડશ વિકારના થતા ત્રિવિધ પરિણામોનું પ્રતિપાદન કર્યું છે તથા અવયવીની એ પરિણામપ્રતિપાદનથી સિદ્ધિ કરી છે. આ રીતે સંયમનું પ્રતિપાદન કરી પછી વિવિધ સંયમથી અતીત તથા અનાગતનું જ્ઞાન, સર્વ પ્રાણીના શબ્દોનું જ્ઞાન, પૂર્વ જન્મનું જ્ઞાન, પારકા ચિત્તનું જ્ઞાન, અંતર્ધાન થવારૂપ સામર્થ્ય, મૃત્યુજ્ઞાન, અવધ્ય બલની પ્રાપ્તિ, સૂક્ષ્મ વ્યવહિતાદિ અર્થનું જ્ઞાન, ભુવનજ્ઞાન, તારાવ્યૂહજ્ઞાન, તારાઓની ગતિનું જ્ઞાન, કાયવ્યૂહનું જ્ઞાન, ક્ષુત્પિપાસાની નિવૃત્તિ, સ્થૈર્યપ્રાપ્તિ, સિદ્ધદર્શન, ચિત્તસંવિત્, પરશરીરપ્રવેશ, જલાદિતત્ત્વોનો જય, પ્રકાશવાળા શરીરની પ્રાપ્તિ, દિવ્ય ઇન્દ્રિયની પ્રાપ્તિ, આકાશગમન, ચિત્તની શરીરબહાર સ્થિતિ થવારૂપ મહાવિ-

દેહ, ભૂતજય તથા અણિમાઆદિનો પ્રાદુર્ભાવ, રૂપ, લાવણ્ય, બલ તથા વજ્રવત્ શરીરની દૃઢતાની પ્રાપ્તિ, ઇન્દ્રિયજય, મનોજવિત્વ વિગેરે જે જે સિદ્ધિ થાય છે તેનું પ્રતિપાદન કર્યું છે તથા અંતે મહાસિદ્ધિરૂપ વિવેકખ્યાતિથી સર્વજ્ઞત્વ તથા સર્વ નિયન્તૃત્વ પ્રાપ્ત થાય છે તથા એનો પણ તિરસ્કાર કરવાથી ક્રમવડે કૈવલ્યરૂપ મહત્તમ સિદ્ધિ પ્રાપ્ત થાય છે એ કહ્યું છે, તથા અન્તે આધિકારિક દેવોની પ્રાર્થનાથી સાવધાન રહી અડગ સ્થિત થવા સૂચના કરી છે તથા પ્રસંગવશાત્ અન્ય નિરૂપણ કરી પાદની સમાપ્તિ કરી છે.

ચતુર્થપાદમાં સર્વ સિદ્ધિઓ પાંચ પ્રકારની કહી છે. કેટલીક જન્મથી જ થાય છે, કેટલીક ઔષધિથી, મંત્રથી અને તપથી થાય છે અને કેટલીક સમાધિથી થાય છે. એ પ્રતિપાદન કરી કેટલીક સિદ્ધિની ઉપપત્તિમાટે પ્રકૃતિપૂરણનું પ્રતિપાદન કર્યું છે તથા સાંખ્ય તથા યોગ શાસ્ત્રનો સિદ્ધાન્ત છે કે પ્રકૃતિ સ્વતંત્ર છે તથા પોતાના સ્વભાવથી જ પરિણામ પામે છે તથા નિમિત્તો માત્ર પ્રતિબન્ધકને દૂર કરે છે એનું સ્થાપન કર્યું છે. તદનંતર યોગી નાના વિધ ચિત્તો ઉત્પન્ન કરી શકે છે. તેમાં એક મુખ્ય ચિત્ત નિયામકરૂપે રહે છે એ પ્રતિપાદન કર્યું છે. પાંચ પ્રકારની સિદ્ધિઓમાં જે સમાધિથી થતી સિદ્ધિઓ છે તેજ શ્રેષ્ઠ છે. યોગીનાં કર્મ અશુક્લાકૃષ્ણ છે તેથી અન્યના કર્મોથી ભિન્ન છે, એ કર્મોથી અનુરૂપ વાસનાની જ અભિવ્યક્તિ થાય છે, એ વાસના અનાદિ છે એ સર્વ પ્રસંગવશાત્ પ્રતિપાદન કર્યું છે. એ કર્યા પછી વાસનાનો ક્ષય એના હેતુ, ફલ, આશ્રય તથા વિષયનો અભાવ થયે થાય છે એ, વસ્તુ સદા સત્ છે અર્થાત અતીત તથા અનાગત એ એ વસ્તુનુ અસત્ત્વ સિદ્ધ કરતા નથી, એ ધર્મો વસ્તુરૂપ જ છે, વસ્તુ એક છતાં ચિત્તભેદથી વિજ્ઞાનભેદ થાય છે, વસ્તુસત્ત્વ કોઇ એક ચિત્તને અધીન નથી એ, વસ્તુનું જ્ઞાતાજ્ઞાતત્વ ચિત્ત જ્ઞાનમાટે અર્થાકાર પરિણામને અવશ્ય પામવું જોઇએ એ બતાવે છે એ, ચિત્તવૃત્તિ સદા જ્ઞાત જ હોય છે એ તથા ચિત્ત દૃશ્ય હોવાથી સ્વયંપ્રકાશ નથી એ પ્રતિપાદન કર્યું છે તથા નાનાવિધ યુક્તિપુરઃસર વિજ્ઞાનવાદનું ખંડન કર્યું છે. એ કરી રહ્યા પછી પુરુષ કેવી રીતે દ્રષ્ટા થાય છે એ, ચિત્ત સર્વ વિષયને ગ્રહણ કરવા સમર્થ છે છતાં પુરુષને અર્થે જ વ્યાપારવાળું થાય છે એ કહી વિવેકસાક્ષાત્કારથી 'હું કોણ છું' એ જિજ્ઞાસાની નિવૃત્તિરૂપ આદ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે તથા એની પ્રાપ્તિથી ચિત્ત વિવેકમાં નિષ્ઠાવાળું થાય છે એ, એ

યોગીને વ્યુત્થાનસંસ્કારથી મધ્યે મધ્યે વ્યુત્થાન થાય છે તેનો ઉચ્છેદ કરવા સાધનોનો અભ્યાસ અવશ્ય કરવો ઘટે છે એ તથા વિવેકસાક્ષાત્કારથી પ્રાપ્ત થતી સર્વજ્ઞતા, સર્વભાવાધિષ્ઠાતૃત્વ વિગરે સિદ્ધિઓનો અનાદર કરવાથી વિવેકસાક્ષાત્કારનો અખંડ ઉદય બની રહે છે અને તેથી ધર્મમેઘ સમાધિ પ્રાપ્ત થાય છે તથા એ પ્રાપ્ત થવાથી ક્લેશ કર્મની નિવૃત્તિ થાય છે જેથી જ્ઞાન અનંત થઇ રહે છે એ પ્રતિપાદન કર્યું છે. તથા અંતે, આમ થવાથી પરવૈરાગ્ય થાય છે જેથી કૃતકૃત્ય થયેલા પુરુષ પ્રતિ સત્ત્વાદિ ગુણોનો પરિણામક્રમ સમાપ્ત થાય છે અર્થાત્ બુદ્ધિસત્ત્વ આત્યંતિક લય પામી જાય છે, એ જ પુરુષનું ઉપચારથી તથા ચિત્તનું યથાર્થ રીતે કૈવલ્ય છે એ પ્રતિપાદન કરી ગ્રંથની સમાપ્તિ કરી છે.

આ પ્રમાણે આ ચાર પાદના વિષયો છે. હવે આ યોગશાસ્ત્ર જેનું નામ પ્રથમ સૂત્રથી યોગાનુશાસન [1] દેખાય છે તે સાંખ્ય, વેદાન્ત તથા ન્યાયની અપેક્ષાથી કયી ભૂમિકામાં આવે છે તે જોવાનું છે. ત્યાં ભૂમિકાથી કાલક્રમરૂપ ભૂમિકા વિવક્ષિત નથી પણ સિદ્ધાન્તોની કક્ષારૂપ જે ભૂમિકા છે તે જ વિવક્ષિત છે. અત્ર જે સિદ્ધાન્તો પ્રતિપાદન કર્યા છે તેના ત્રણ વિભાગ પડે છેઃ (૧) પ્રાપ્તવ્ય વિષયક, (૨) કર્તવ્યવિષયક અને (૩) જ્ઞાતવ્યવિષયક. ત્યાં જે પરિણામિ ફલ પ્રાપ્ત કરવાનું છે તે સંબંધમાં જે જે સિદ્ધાન્તો હોય તે પ્રાપ્તવ્ય વિષયક સિદ્ધાન્તો છે. એ પ્રાપ્તવ્યને માટે જે સાધનોનો નિશ્ચય કર્યો હોય તે કર્તવ્યવિષયક સિદ્ધાન્તો છે તથા એની ઉપપત્તિમાટે જે પ્રક્રિયાઓ વિગેરે સંબંધમાં સિદ્ધાન્તો હોય તે જ્ઞાતવ્યવિષયક સિદ્ધાન્તો છે. આ ત્રણમધ્યે પ્રાપ્તવ્ય વિષયક સિદ્ધાન્ત ન્યાય, વૈશેષિક, સાંખ્ય તથા યોગનો અભિન્ન છે કારણ કે એ ચારેમાં ત્રિવિધ દુઃખોનો આત્યંતિક અભાવ જ પ્રાપ્તવ્ય પુરુષાર્થમાં ગણ્યો છે. વેદાન્તશાસ્ત્ર એથી આગળ જઇએ ફલસહિત પરમાનંદની પ્રાપ્તિને પુરુષાર્થ માને છે. કર્તવ્યના સંબંધમાં આ સર્વ શાસ્ત્રોનો એક અભિન્ન

૧. આ શાસ્ત્રપર જે ભાષ્ય છે તેમાં સાંખ્યપ્રવચન નામ આપેલું દેખાય છે તથાપિ એ શબ્દ માત્ર યૌગિક અર્થમાં વાપરેલોછે તેથી આ શાસ્ત્રની સંજ્ઞા નથી. સાંખ્યસિદ્ધાન્તનું પ્રકૃષ્ટ નિરૂપણ તે સાંખ્યપ્રવચન છે. આમ લેવાનું કારણ પણ એ જ ભાષ્ય ઉપરથી નીકળે છે કેમકે પ્રથમ સૂત્રના ભાષ્યમાં યોગાનુશાસન એ સંજ્ઞા છે એવું ભાષ્યમાં સ્પષ્ટ કહ્યું છે. યોગદર્શન, યોગસૂત્ર, યોગશાસ્ત્ર વિગરે પણ આ શાસ્ત્રનાં નામો છે.

સિદ્ધાન્ત છે કારણ કે અવિદ્યાની નિવૃત્તિ કરવા તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરવી એ સર્વસંમત છે, તેમ જ એ તત્ત્વજ્ઞાનની દૃઢ અપરોક્ષરૂપે પ્રાપ્તિ થવા સંપ્રજ્ઞાતયોગ તથા તેમાટેનાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન તથા સમાધિ એ આઠ સાધનો અવશ્ય સિદ્ધ કરવાં જોઇએ એ પણ સર્વસંમત છે તેથી આ બે મુખ્ય વિષયોમાં લેશ પણ ભેદ જેવો દેખાતો નથી. આ કારણથી ગમે તે શાસ્ત્રનો સ્વીકાર કરી માણસ કર્તવ્યમાં જોડાય છે તો તેથી પરિણામે એને કૃતકૃત્યતા પ્રાપ્ત થવી સંભવે છે. હવે માત્ર જ્ઞાતવ્ય પ્રક્રિયાઓ રહી. તેમાં જીવ એ દ્રષ્ટા, જ્ઞાતા તત્ત્વ છે, એ અલ્પજ્ઞ તથા પરતંત્ર છે, એને કર્મવશાત્ ભ્રમણ કરવું પડે છે, કર્મથી કર્માશય બંધાય છે તથા તે અવિદ્યાની સ્થિતિપર્યન્ત જ ફલોન્મુખ થાય છે, જીવો અનાદિકાળથી વસ્તુતઃ વિદ્યમાન છે, જગત્ જડત્વ, પરિણામિત્વ, દૃશ્યત્વ વિગેરે ધર્મોવાળું છે તથા એ જગત્‌થી પોતે ભિન્ન છે આ વિગેરે અસંખ્ય સિદ્ધાન્તો સર્વ શાસ્ત્રમાં અભિન્ન છે. તેથી સામાન્ય જિજ્ઞાસુમાટે આ સર્વ ભિન્ન ભિન્ન શાસ્ત્રો નથી પણ એક જ શાસ્ત્ર આ સર્વ અંશોમાં તો છે. એ શાસ્ત્રોમાં જે ભેદ છે તે બહુજ અલ્પ અંશમાં છે અને તે અધિકારીના અધિકારના તારતમ્યને લીધે આવશ્યક પણ છે. એ ભેદ મુખ્યતઃ તો તત્ત્વસ્વરૂપ તથા જગત્‌ના સત્યત્વ વિગેરે વિષયોમાં છે. ત્યાં ન્યાય વૈશેષિક દર્શનોમાં અહંઅહં રૂપે પ્રતીત થતો આત્મા સર્વ વ્યાપક છે તથા વિજ્ઞાન, ઇચ્છા, કામ વિગરે ધર્મોના આશ્રયરૂપ છે એમ લીધું છે. તથા આત્મા સ્થૂલ શરીર, ઇન્દ્રિયો તથા મનથી વિલક્ષણ છે એ સ્થાપન કર્યું છે. સાંખ્ય તથા યોગ શાસ્ત્રમાં આત્માની તથા મન ઇન્દ્રિય વગેરેની વચ્ચે બુદ્ધિસત્ત્વ વા ચિત્ત નામનો એક પદાર્થ સ્વીકાર્યો છે તથા વિજ્ઞાન, ઇચ્છા, રાગ વિગરે સર્વ ધર્મો એ ચિત્તના છે, આત્માના નથી એ સિદ્ધ કર્યું છે, તથા પુરુષશબ્દવાચ્ય આત્મા કેવલ જ્ઞાનસ્વરૂપ છે તથા મિથ્યા ઉપચારથી જ્ઞાતા, દ્રષ્ટા વિગેરે કહેવાય છે એ કહ્યું છે. એ આત્મા વા પુરુષ એ મતમાં પણ વિભુ છે છતાં બુદ્ધિસત્ત્વના અથવા સ્વામિત્વની યોગ્યતાના ભેદથી નાના છે એમ સ્વીકાર્યું છે. વેદાન્તશાસ્ત્રમાં આ યોગ સાંખ્યનો સિદ્ધાન્ત માન્ય રાખી જે પુરુષનું નાનાત્વ કહ્યું છે તેને ખંડિત કર્યું છે. ત્યાં કહ્યું છે કે એ પુરુષો જ્યારે મુક્ત થયા ત્યારે એમાં લેશ પણ ભેદ હોવો સંભવતો નથી કેમકે બુદ્ધિસત્ત્વસાથે તેમનો સંબંધ રહેતો નથી, તેમ જ બુદ્ધિસત્ત્વ જ્યારે હોય છે ત્યારે પણ માત્ર ઉપાધિભેદથી જ

પુરુષમાં ભેદની સિદ્ધિ થાય છે પણ ઉપાધિભેદ વાસ્તવભેદનો જ્ઞાપક નથી તેથી તથા લાઘવ વિગરે હેતુથી આ અસંખ્ય સર્વ વ્યાપક પુરુષને બદલે એક અખંડૈકરસ ચૈતન્ય જે બ્રહ્મ શબ્દથી ઓળખાવાય છે તે જ વસ્તુરૂપે સર્વત્ર વિદ્યમાન છે તથા યોગસાંખ્યમાં જે ઉપચારથી પુરુષમાં ભોક્તૃત્વ સ્વીકાર્યું હતું તે પણ અવિદ્યારૂપ અણુનું સિદ્ધ કરી પુરુષ વા બ્રહ્મ કર્તૃત્વ તથા ભોક્તૃત્વથી રહિત છે એ સિદ્ધ કર્યું છે. આ રીતે જોતાં આ શાસ્ત્રોમાં વાસ્તવ વિરોધ દેખાતો નથી પણ અધિકારીને ઉંચીઉંચી ભૂમિકાપર ચઢવું સુગમ પડે તે માટે જ સોપાનક્રમ દેખાય છે. તેમાં ન્યાયવૈશેષિક આરંભક ભૂમિકા છે, યોગસાંખ્ય મધ્યની છે અને વેદાન્ત શિખર છે.

જગત્ સ્વરૂપના વિચારમાં પણ આ ત્રણ દર્શનો આ જ ભૂમિકાનું જ્ઞાપન કરે છે. ત્યાં ન્યાયશાસ્ત્ર દૃશ્ય પદાર્થોનું પૃથક્કરણ કરતાં કરતાં પૃથિવી, અપ્, તેજસ્ તથા વાયુના અણુઓ તથા આકાશ, કાલ અને દિક્ એ પદાર્થોમાં દૃશ્ય જગતનું—(મન બાદ કરીએ તો) પૃથક્કરણ કરે છે. યોગસાંખ્યના સિદ્ધાન્તો એથી આગળ જાય છે તથા આ સર્વ તત્ત્વોને ભિન્ન ભિન્ન ન લેતાં એ સર્વ સત્ત્વાદિ ગુણત્રયના પરિણામરૂપ છે એમ સ્વીકારે છે. સત્ત્વાદિ ગુણત્રય તે પ્રકૃતિ વા પ્રધાન છે તેથી આ સર્વ પ્રધાનરૂપ એક તત્ત્વના વિકારો છે એ સિદ્ધાન્ત યોગસાંખ્યશાસ્ત્ર કરે છે. વેદાન્ત શાસ્ત્રમાં આ છેલ્લા સિદ્ધાન્તને જ સ્વીકાર્યો છે પણ એથી આગળ એ કહ્યું છે કે પ્રકૃતિ વા પ્રધાન એ કંઈ સ્વતંત્ર તત્ત્વ નથી પણ જે બ્રહ્મરૂપ અદ્વૈત તત્ત્વ અનાદિ સિદ્ધ છે એની જ શક્તિવિશેષથી એ પ્રકૃતિ વા પ્રધાનરૂપે નહિ છતાં થતું હોય એવું થાય છે. એ શક્તિવિશેષ તે માયા છે. એ માયા પરમાત્મામાં સદા સ્થિત જ છે. આ રીતે આ વિષયમાં પણ આ ત્રણે દર્શન ઉપર પ્રમાણેની જ ભૂમિકામાં પ્રતીત થાય છે.

આ રીતે આ બે મુખ્ય સિદ્ધાન્તના વિષયમાં આવી રીતે ભૂમિકાક્રમ હોવાથી ભેદ દેખાય છે. અન્ય જે ભેદો છે તે પ્રાયશઃ આ ભેદના જ પરિણામરૂપ છે અર્થાત્ અત્ર પ્રતિપાદિત સિદ્ધાન્તોની ઉપપત્તિને માટે જ સ્વીકારેલા છે તેથી તેમાં સ્વતંત્ર ભેદ લેવો યોગ્ય નથી. યદ્યપિ આ વિષય એવો છે કે એસંબંધે અધિક વિસ્તારની જરૂર છે તથાપિ અત્ર એ વિસ્તારને યોગ્ય સ્થાન નથી. તેથી આ મુખ્ય સિદ્ધાન્તોનું સંક્ષિપ્ત પ્રતિપાદન કરી દિગ્દર્શન કર્યું છે.

સાંખ્ય તથા યોગ એ બે તો સર્વાંશે એક જ શાસ્ત્ર ગણાય

એમ છે, કેમકે એમાંની સર્વ પ્રક્રિયા એક જ છે. બંનેનો પ્રવૃત્તિભેદ માત્ર છે. સાંખ્ય શાસ્ત્ર વિચારપ્રધાન શાસ્ત્ર છે તેથી એમાં સાધનોનો વિચાર અતિ સંક્ષેપે કરીને કરચો છે અને પુરુષપ્રકૃતિના વિવેકનો તથા તેને અંગે શાસ્ત્રસંમત તત્ત્વોનો વિસ્તારથી વિચાર કરચો છે. આ યોગશાસ્ત્રમાં પુરુષપ્રકૃતિનો તથા તત્ત્વોનો વિચાર અતિ સંક્ષેપે કરચો છે તથા પ્રધાનપણે સાધનોનો વિચાર કર્યો છે. આ કારણથી સાધનપ્રતિપાદક સંપૂર્ણ શાસ્ત્રોમાં આ શાસ્ત્ર ઉત્તમ છે કેમકે ન્યાય, વૈશેષિક, સાંખ્ય તથા વેદાન્ત એ ચારેમાંથી સાધનોનું જ્ઞાન આ શાસ્ત્રથી જેટલું થાય છે તેના કરતાં બહુ જ ઓછું થાય છે. તેથી સાંખ્ય તથા યોગ બંને પૃથક્ દર્શન નથી. આ જ હેતુથી સાંખ્ય તથા યોગને પૃથક્ માનનારની શ્રીકૃષ્ણે તે બાલક છે—અજ્ઞાન છે એમ કહી નિંદા કરી છે. સાંખ્યશાસ્ત્ર કરતાં આ શાસ્ત્રમાં વિશેષતા એટલી છે કે એમાં સર્વજ્ઞ, સર્વશક્તિમાન્ ઇશ્વરનો સ્વીકાર કરચો છે. આ સંબંધે લોકો જાત જાતના તર્ક બાંધે છે. કેટલાક કહે છે કે કપિલનું દર્શન નાસ્તિક હતું તેથી લોકોને રુચે એમ નહોતું તેમાટે પતંજલિએ ઇશ્વરનો નામમાત્ર આ ગ્રંથમાં સ્વીકાર કરચો છે છતાં તેનું પ્રતિપાદન એવી રીતે કર્યું છે કે તે શાસ્ત્રની પ્રક્રિયાથી અલગ જ રહે છે અર્થાત્ ઇશ્વરને ન સ્વીકારચા હોત તો પણ ચાલત. અન્ય કહે છે કે બ્રાહ્મણો જે યજ્ઞયાગ કરતા હતા તેમનું જ્યારે બૌદ્ધ મતના પ્રચારથી પડી ભાંગ્યું ત્યારે બૌદ્ધમતનો જ શાસ્ત્રાર્થ લોકોમાં માન્ય થવાથી આમાં લીધો તથા તેમાંની નાસ્તિકતા દૂર કરવામાટે જ ઇશ્વરનો સ્વીકાર કરચો છે. આ વિગરે લોકો પોતાની ઇચ્છાનુસાર વિવિધ તરંગોને વશ થાય છે. અને તેમાં ખાસ તેમનો દોષ નથી. કારણ કે જેમણે યોગનું એક સાધન સાધવા પ્રયાસમાત્ર પણ કરચો નથી તેમને એ સાધનો સાધતાં શું શું અડચણો આવે છે તથા તે ઇશ્વરપ્રણિધાનથી અતિરિક્ત ઉપાયથી દૂર થાય છે કે અન્ય કોઇ ઉપાય તે સમયે રહે છે તે વિગરેનું જ્ઞાન થઇ શકે એમ નથી જ. તેથી તે લોકો તો યથામતિ તરંગને વશ થઇ ગમે તે લખે બોલે એ સ્વાભાવિક છે. છતાં સાધકની દૃષ્ટિથી આ શાસ્ત્રમાં એવું કશું નથી કે જેથી ઇશ્વરનું અસ્તિત્વ ન સ્વીકારચાં જેવું શ્રીસૂત્રકારે કર્યું હોય. એમને સર્વ સાધનોમાં ઇશ્વરપ્રણિધાનને જ મુખ્ય સાધન વર્ણવ્યું છે એ તો એમનાં સૂત્રોથી સર્વને સ્પષ્ટ દેખાય એમ છે. તો પછી એથી અધિક શું કરાવવા એ લોકો માગે છે તે કળી શકતું

કઠિન છે. શું એ લોકોનો એવો ભાવ છે કે અન્ય સાધન માત્રનો નિષેધ કરી ઈશ્વરપ્રણિધાન જ રાખવું હતું કે ઈશ્વિર અપૂર્વ સૃષ્ટિનાજ ઉત્પન્ન કરનાર છે એવું સૂત્રકાર પાસે પ્રતિપાદન કરાવવું હતું ? આ બંને અયોગ્ય છે. કેમકે વિચારદૃષ્ટિથી અન્ય સાધનો પ્રાપ્ત થાય તો તેનો નિષેધ કરવો વિવેકીને ઘટતો નથી. અને વળી ઈશ્વરાસ્તિત્વને ન સ્વીકારનાર મંદમતિને પણ યોગાનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરાવવાવાસ્તે એ અન્ય સાધનોનો ઉપન્યાસ કરવો ઘટે છે જેથી એ લોકોની પણ એમાં પ્રવૃત્તિ થાય તથા પછી માર્ગ કાપતાં એમને પણ જણાય કે હવે ઈશ્વરસહાયવિના અન્ય ઉપાય આગળ વધવાનો નથી. આ રીતે જોતાં વસ્તુવિચારથી ઈશ્વરપ્રણિધાન માત્ર સાધન આવશ્યક હોય તો પણ સર્વના શ્રેયની ઈચ્છાથી અન્ય સાધનની સાથે વિકલ્પ કર્યો હોય તો તે પણ ઘટે છે. અને તુલ્યરૂપે તો સૂત્રમાં વિકલ્પ છે જ નહિ. આ જ હેતુથી ઉત્તમ, મધ્યમ તથા મંદ સર્વ અધિકારીમાટે ઈશ્વરપ્રણિધાનરૂપ સમાન સાધન ગ્રંથકારે પ્રતિપાદન કર્યું છે. સાધક પુરુષોને તો સ્પષ્ટ જ છે કે ઈશ્વરપ્રણિધાન એ જ સમર્થ સાધન છે તથા એના વિના અન્ય કશું કરી શકવો સમર્થ નથી કારણ કે તે સિદ્ધ જ થઇ શકે એમ નથી. તેથી આ પક્ષે તો સૂત્રકારનો કોઇ પણ દોષ દેખાતો નથી. તેમ જ નવીન સૃષ્ટિને ઉત્પન્ન કરનાર ઈશ્વરનો અસંભવ હોય તો તેવા ઈશ્વરને આ લોકોને પ્રસન્ન કરવા પતંજલિજેવા સ્વીકારે એ તો કેવલ અસંભવ છે. તાત્પર્ય કે સત્ય વસ્તુનું પ્રતિપાદન કરતાં જે આવી પ્રાપ્ત થાય તે કહેવું એમાં કોઇ પ્રાજ્ઞ દોષ માને એ ઘટતું નથી. તેથી સર્વથા પતંજલિએ ઈશ્વરનો સ્વીકાર કરી પ્રક્રિયાઓનું પ્રતિપાદન કર્યું છે તે યોગ્ય જ છે. સાંખ્યશાસ્ત્ર વિચારપ્રધાન શાસ્ત્ર હોવાથી એમાં ઈશ્વરનો સ્વીકાર ન કરવાથી પ્રક્રિયાનું પ્રતિપાદન થઇ શકે પણ આ સાધનપ્રતિપાદક શાસ્ત્રમાં એ સ્વીકાર અવશ્ય પ્રાપ્ત થાય છે તેથી પ્રવૃત્તિભેદને લીધે જ એક શાસ્ત્રમાં એ સ્વીકાર કર્યાવિના પ્રક્રિયાનું પ્રતિપાદન છે અને અન્યમાં સાધનપ્રસંગથી પ્રાપ્ત હોવાથી તેને લઇને પ્રતિપાદન છે. આ પ્રમાણે ઈશ્વરાસ્તિત્વનું પ્રતિપાદન સાધનપ્રસંગથી પ્રાપ્ત થવાથી એને માટે અન્ય નિર્મુલ કલ્પનાઓ કરવી તે અયોગ્ય છે કેમકે આટલા માત્રથી એ સ્વીકાર ચરિતાર્થ થઇ શકે છે. સંક્ષેપમાં એ જ કે આ એક પ્રસંગશિવાય સાંખ્ય અને યોગ એ તો બંને એક જ શાસ્ત્ર છે.

આ સર્વથી ન્યાય, સાંખ્ય, યોગ અને વેદાન્ત એ શાસ્ત્રના

સંબંધમાં સોપાનક્રમથી ગોઠવાયેલાં શાસ્ત્રો છે એ સમજાય છે તથા કર્તવ્ય અને પ્રામણ્ય સંબંધમાં તો એ સર્વ એક જ શાસ્ત્ર છે એમ કહીએ તો ચાલે એમ છે. આમ હોવાથી તથા વિશેષે કરીને આ સાધનોનું પ્રતિપાદન કરનાર હોવાથી સર્વ શ્રેયની ઇચ્છા રાખનારને વિશેષ આદરથી આ શાસ્ત્ર મનન કરવા યોગ્ય છે.

એ શાસ્ત્રના કર્તા પતંજલિ કહેવાય છે. એ પતંજલિ તે કયા તથા ક્યારે થયા હશે એ સંબંધમાં હાલસુધી શો નિર્ણય થયો છે તે જોવાનું છે. આ ચર્ચા ખરૂં જોતાં નિરુપયોગી છે કેમકે જે સાધકોને વા જીજ્ઞાસુને એ શાસ્ત્રનું રહસ્ય જાણવું છે તેને કર્તાસાથે કશો સંબંધ નથી. તેને શાસ્ત્રના કર્તા આજથી હજારો વર્ષપર થયા હોય તથાપિ જો તે શાસ્ત્રનો પ્રતિપાદ્ય વિષય અસંગત હોય તો તે તિરસ્કાર કરવાયોગ્ય જ છે અને જો યુક્ત હોય તો અવશ્ય સંગ્રહવા યોગ્ય છે. હાલ પણ જે ગ્રંથો લખાય છે તેનો પ્રતિપાદ્ય વિષય સત્ય હોય છે તો તેનો અવશ્ય લોકો સંગ્રહ કરે છે, નહિ તો તેનો ત્યાગ કરે છે. તાત્પર્ય કે કર્તા બહુ લાંબી મુદતપર થયા હોય તો તેનું કહેવું સત્ય અને હવડે જ થયા હોય તો અસત્ય અથવા હવડે થયા હોય તો સત્ય અને ઘણા પૂર્વકાલમાં થયા હોય તો અસત્ય એવો કોઇ નિયમ દેખાતો નથી. ચાર્વાક વિગરેના ગ્રંથોની પ્રક્રિયા પૂર્વથી ચાલી આવે છે છતાં વિચારશીલ લોકોને તે સંતોષકારક નહિ જણાવાથી તેનો તેઓ ત્યાગ કરે છે એ સર્વને વિદિત જ છે. તેમ જ હાલની વિદ્યા હાલની છતાં ઉપયોગી ગણી લોકો તેને સંગ્રહે છે. તેથી એ પક્ષથી તો આ ચર્ચા નિઃસાર છે છતાં પતંજલિ જેવા પુરુષનું ચરિત્ર જણાયું હોય તો તેમાં જાણવા યોગ્ય વ્યતિકરો પ્રસંગે મળી આવે તથા તેમના સમયનો નિર્ણય થયો હોય તો તે ઇતિહાસોપયોગી થઇ પડે એ આશયથી એ સંબંધી ચર્ચા લોકો કરતા દેખાય છે. અને તે એ ફલમાટે નિરુપયોગી નથી. છતાં આ ભારતવર્ષમાં પૂર્વે જે મહાત્માઓ થયા છે તેઓએ ખ્યાતિનો બહુધા આશ્રય કરેલો દેખાતો નથી તથા લોકકલ્યાણાર્થે પ્રવૃત્તિ કરી દેખાય છે. તેથી તેઓએ પોતાનો ઇતિહાસ બહુધા લખી મુક્યો નથી; તેમ જ આ દેશના લોકો પણ એ મહાત્માનાં વચનોનોજ સંગ્રહ કરવા વિશેષ ઉત્સુક હોવાથી વા અન્ય ગમે તે કારણથી પણ બહુધા જીવનચરિત્રનો સંગ્રહ કરવા પ્રવૃત્ત થયા નથી. અથવા સંગ્રહ કર્યા હશે તો તે હાલ ઘણો વખત થઇ જવાથી ઉપલબ્ધ થતાં નથી. જે જે ચરિત્રો પુરાણાદિસ્થલે વિસ્તાર-

થી પ્રતિપાદન કર્યાં છે તે માત્ર શ્રીઈશ્વરના અવતારોનાં જ બહુધા દેખાય છે. અન્ય પુરુષોનાં ચરિત્રો તેમાં આવે છે પણ તે જીવનચરિત્રનું કામ સારે એવાં ભાગ્યે જ હોય છે. તેથી આવા વિષયમાં વિશેષ શોધ કાઢતાં પણ નિર્ણયપર નહિ અવાય એમાં આશ્ચર્ય જેવું નથી. આ કારણથી પણ આવી ચર્ચાઓ વિશેષ ઉપયોગી હાલના જ્ઞાનથી થઇ પડે એમ નથી. છતાં પ્રસંગ પ્રાપ્ત થવાથી એ સંબંધમાં જૂદા જૂદા પુરુષોએ શા શા વિચાર બતાવ્યા છે તેનું તથા તેનાં કારણોનું સંક્ષેપમાં પ્રદર્શન કરવું અનુચિત નથી. પ્રસ્તુત વિષય બહુ વિસ્તારવાળો છે તથા એ સંબંધી ભિન્ન ભિન્ન સમયે વિવિધ ચર્ચાઓ ચાલી છે તે સર્વનું પ્રદર્શન તથા યોગ્યાયોગ્ય વિચાર આ ભૂમિકા જેવે સ્થળે કરવો યોગ્ય નથી. એમાટે તો પૃથક્ પુસ્તકો જ જ્યાં ત્યાં લખાયાં છે. તેથી સંક્ષેપથી પ્રદર્શન કરવું એ જ પ્રાપ્ત થાય છે.

ત્યાં સૌથી પ્રથમ આ પતંજલિ તથા મહાભાષ્યના કર્તા પતંજલિ એક જ છે કે એ ભિન્ન ભિન્ન પુરુષો છે તે વિચારવાનું છે. કારણ કે જો એ બંને ભિન્ન ભિન્ન પુરુષો ઠરે છે તો પછી યોગસૂત્રના કર્તા પતંજલિ સંબંધમાં કશું જ જાણવામાં નથી એમ ઠરે છે. હાલ જે કોઇ પણ કલ્પનાઓ થઇ છે તે મહાભાષ્યઉપરથી થઇ છે તેથી એ મહાભાષ્યના કર્તાને લાગુ પડે એમ છે, યોગસૂત્રના કર્તાને નહિ. આ વિષયમાં કોઈ[1] તો એવું જણાવે છે કે એ બંને પુરુષો એક છે એ હાલ કેવલ સંદિગ્ધ વાત છે. જો આ પ્રમાણે લઇએ અર્થાત્ યોગસૂત્રકાર પતંજલિ મહાભાષ્યકારથી ભિન્ન લઇએ તો આ ચર્ચાનો અંત અહિંથી જ આવે છે કે એ પુરુષે યોગસૂત્રો રચ્યાં છે, એ શિવાય અન્ય ગ્રંથ રચ્યો છે કે નહિ તથા એઉ જાતે કોણ હતા, ક્યાંના નિવાસી હતા વિગરે વિષયમાં આપણે કંઇ જ જાણતા નથી. તથાપિ બંનેનાં નામો એક છે, તથા એ બંને પુરુષો એક જ છે અર્થાત્ એક જ પુરુષે મહાભાષ્ય તથા યોગસૂત્રો રચ્યાં છે એ વર્તમાન વંશપરંપરાથી ભારત વર્ષજનો કહેતા આવ્યા છે. જેમ ઉપનિષદ્‌ના પઠનપાઠનરૂપ વ્યાપારમાં પ્રથમ શાંતિપાઠ કરવો પડે છે તેમ આ યોગસૂત્રના પઠનપાઠનરૂપ વ્યાપારના આરંભમાં

योगेन चित्तस्य पदेन वाचां मलं शरीरस्य च वैद्यकेन ।
योऽपाकरोत्तं प्रवरं मुनीनां पतञ्जलिं प्राञ्जलिरानतोऽस्मि ॥

જે મુનિમાં શ્રેષ્ઠ પુરુષે યોગશાસ્ત્ર રચી ચિત્તનો, મહાભાષ્યરૂપ વ્યા-

---

૧. જુઓ Weber's History of Indian Literature p. 237.

કરણ ગ્રંથ રચી વાણીનો તથા વૈદ્યકનો ગ્રંથ રચી શરીરનો—એમ ગ્રંથત્રયથી લોકોના મળત્રય દૂર કર્યા છે તેમને હું સાંજલિ નમસ્કાર કરું છું—એ શ્લોક બોલવાનો પ્રચાર પરાપૂર્વથી ચાલતો આવ્યો દેખાય છે, તથા બંને ગ્રંથના કર્તા એક અભિન્ન લેવામાં ખાસ વિરોધ દૃષ્ટ નથી તેથી એ બંને પતંજલિ એક જ છે એમ દેખાય છે. પાશ્ચાત્ય વિદ્વાનોમાંના ઘણા ખરા પણ એ બંને ભિન્ન ભિન્ન પુરુષો નથી પણ એક જ છે એવું માનતા દેખાય છે. તેથી સર્વ રીતે એ બેનું એકત્વ લેવું યુક્ત છે. તો હવે આ ચર્ચા આગળ ચાલી શકવા વિરોધ નથી. કારણ કે આ ત્રણ ગ્રંથો એમના કરેલા છે તેમ જ આર્યાપંચાશતિ નામનો ગ્રંથ જે પંડિતપત્રમાં છપાયો છે તે પણ એ જ નામવાળા પુરુષનો કરેલો મનાય છે તેથી એ ગ્રંથો ઉપરથી તથા બાહ્ય સાધનોપરથી આ સંબંધમાં કંઇ નિર્ણય થઇ શકે છે કે કેમ તે જોવાનું છે ત્યાં પતંજલિએ જે વૈદ્યક સંબંધનો ગ્રંથ રચ્યો કહેવાય છે તે હાલ ઉપલબ્ધ થતો નથી. એમણે કોષ્ટિ નામનો ગ્રંથ પણ રચ્યો હોય એવું વ્યાકરણમહાભાષ્યપરથી દેખાય છે પણ તે પણ હાલ ઉપલબ્ધ થતો નથી. તેથી હાલ તો મહાભાષ્ય તથા આ યોગસૂત્ર એ બે જ ગ્રંથોઉપરથી સર્વ અનુમાનો બંધાય છે. બાહ્ય સાધનોમાં કર્ણપરંપરાથી પ્રાપ્ત થયેલા વૃત્તાન્ત, રાજતરંગિણી, પુરાણોવિગરે સાધનોનો સમાવેશ થાય છે.

ત્યાં પ્રથમ આ સર્વ ઉપરથી જોતાં પણ એમનું જીવન ચરિત્ર જેવું કાંઇ નીકળતું નથી, માત્ર એ કોના પુત્ર હતા તથા ક્યાં રહેતા હતા એ વગેરે વિષે કંઇક જ્ઞાન થાય છે. ત્યાં બૃહન્નંદિકેશ્વર પુરાણ, પદ્મપુરાણ વિગરેથી એવું જણાય છે કે એ પતંજલિ ઇલાવ્રતવર્ષમાં જન્મ્યા હતા એમના પિતાનું નામ અંગિ હતું તથા માતાનું નામ સતી હતું. એ ઉભય પણ એ જ સ્થાનમાં રહેતા હતા. એઓ જન્મ્યા કે તરત ભૂત, ભવિષ્ય તથા વર્તમાનના જ્ઞાનવાળા થયા હતા. લોલુપા નામની કોઇ સ્ત્રીને સુમેરુના ઉત્તરમાંના વટવૃક્ષના કોટરમાંથી પ્રાપ્ત કરી તેનો પાણિ એમણે ગ્રહણ કર્યો હતો તથા પછી ભિક્ષુકરૂપે રહી એમણે લાંબુ આયુષ્ વ્યતીત કર્યું છે.

માધવાચાર્યકૃત સંક્ષેપ શંકરવિજયમાં આવી આખ્યાયિકા આપી છે કે શૂન્યવાદ વિગરે નાસ્તિક પંથોનો જ્યારે વિશ્વમાં પ્રસાર થયો ત્યારે દેવતાઓ ભેગા થઇ શ્રીશંકર પાસે ગયા તથા વિશ્વના ઉદ્ધારમાટે પ્રાર્થના કરવા લાગ્યા. તે ઉપરથી પરમકારુણિક શ્રીશંકરે એવું ઉત્તર આપ્યું કે એ કામ માટે મુખ્ય મુખ્ય દેવતાઓએ

જૈમિનિ, વ્યાસ, પતંજલિ તથા શંકર એ નામથી પ્રસંગે પ્રસંગે ભૂમિપર પોતાના અંશથી અવતરણ કરવું. આ થયા પછી વિષ્ણુ તથા અનંતે પોતાના અંશથી પતંજલિરૂપે ભૂમિપર અવતરણ કરયું અને શ્રીશંકર પોતે જ શંકરાચાર્ય રૂપે અવતર્યા—વિગરે. આ રીતે શેષરૂપ અનંતનો અવતાર પતંજલિ હોવાથી લોકોમાં એવી વાતો ચાલે છે કે પાણિનિ પોતાનાં સૂત્રો રચી એનું યથાર્થ નિર્વચન કરે એવા સમર્થ પુરુષનો વિચાર કરતા હતા તેવે કોઇ સમયે એમના અંજલિમાંથી કોઇ પુરુષનો આવિર્ભાવ થયો, તેને જોઇને એમને ભય થયો તથા ગભરાટમાં પૂછ્યું કે कोभवान् એના ઉત્તરમાં એ પુરુષે કહ્યું કે सर्पोऽहम्–હું સર્પ છું. આ વચન શ્રવણ કરી પાણિનિએ પૂછ્યું કે रेफः कुत्र गतः–તમારા ઉત્તરમાં રેફ ક્યાં જતો રહ્યો, ત્યારે એના ઉત્તરમાં એ પુરુષે જણાવ્યું કે कोभवान् इत्यत्र–તમે પૂછેલા વાક્યમાં. આ ઉપરથી પાણિનિને લાગ્યું કે આ પુરુષ સમર્થ છે તેથી તેમની પ્રાર્થના કરી તથા એમણે એ સૂત્રોપર ભાષ્ય કરવાનું અંગીકાર કર્યું. આવિગરે અનેક વાતો પતંજલિ શેષનો અવતાર હતા એ સંબંધમાં ચાલે છે તેમ જ શકન્ધ્વાદિ ગણમાં પતંજલિ શબ્દનો પાઠ છે તેની એક વ્યુત્પત્તિ આ આખ્યાયિકા અનુસાર કરવામાં આવે છે. તથા તેથી અંજલિમાંથી પડેલા એવો અર્થ એ શબ્દનો પણ પ્રસંગવશાત્ કરવામાં આવે છે.

શ્રીમહાભાષ્યમાં ગોણિકાપુત્ર તથા ગોનર્દીય એ શબ્દો આવે છે તથા એ શબ્દમાટે કાશીકાકાર વિગરે એવો ખુલાસો કરે છે કે એ પતંજલિનાં નામો છે. એ નામો ઉપરથી એવો ભાવ નીકળે છે કે પતંજલિની માતાનું નામ ગોણિકા હતું તથા ગોનર્દનામનું નગર એમનું નિવાસસ્થાન હતું. વળી કૈયટ વારવાર એમને આચાર્યદેશીય સંજ્ઞા આપે છે. તેનો અર્થ એવો છે કે એઉ આચાર્યના દેશના હતા. ત્યાં આચાર્યશબ્દથી કાત્યાયનનું ગ્રહણ થાય છે અને કાત્યાયન પૂર્વદેશનિવાસી હતા. તેથી કૈયટના મતથી પણ પતંજલિ પૂર્વદેશનિવાસી હતા એ નિકળે છે. ગોનર્દ શહેર પૂર્વમાં જ છે તેથી આ રીતે પણ પતંજલિ ગોનર્દીય હતા એ ઠરે છે.[1]

શતપથ બ્રાહ્મણના યાજ્ઞવલ્ક્ય કાંડમાં પતંચલ કાપ્ય એવું નામ આવે છે. એ મદ્રાસના હતા એ પણ જણાય છે. એ નામ પતંજલિનું જ હોય એમ લાગે છે એવું પણ કોઇ કોઇ માને છે.[2]

---

૧ જુઓ Goldstucker's Panini p. 237.

૨ જુઓ Weber's History of Indian Literature p. 223.

તેમજ પ્રવરાધ્યાયમાં પતંજલિઓ વિશ્વામિત્રના વંશના કહેલા છે.

આ પ્રમાણે એમના નિવાસસ્થાન તથા માતાપિતાવિગરે સંબંધી જૂદા જૂદા હેતુ વા હેત્વાભાસથી જૂદા જૂદા અભિપ્રાયો નીકળ્યા છે. એ શિવાય એમને માટે કશું જાણુવામાં નથી એ તો સિદ્ધ જ છે. આ મતોમાં કંઈ કંઈ સ્થલે તો વિરોધ છે અને કંઈ સ્થલે અવિરોધ છે વા અવિરોધ કરી શકાય એમ છે. ત્યાં પ્રથમ જે પુરાણોમાંની આખ્યાયિકા છે તેમાં એમની માતાનું નામ સતી આપ્યું છે અને મહાભાષ્યમાં ગોણિકા આપ્યું છે, છતાં એ અંશમાં વિરોધ માનવા કશું કારણ કોઈ દર્શાવી શકયા નથી, કારણ કે એક જ સ્ત્રીનાં બે ભિન્ન ભિન્ન નામો હોવામાં શો વિરોધ છે તે કળી શકાય એમ નથી. આવી રીતનાં બે ભિન્ન નામો હાલ પણ ઉપલબ્ધ થાય છે. મહાભાષ્યપરથી એમના પિતાનું નામ તો નીકળતું જ નથી કે જેથી એ અંશમાં વિરોધ આવી શકે. પુરાણુમાં ઇલાવ્રત વર્ષમાં એમનો જન્મ કહ્યો છે. ઇલાવ્રત વર્ષ હિમાલયની ઉત્તરમાં હોય એમ પુરાણોથી જણાય છે. મહાભાષ્યમાં એમને ગોનર્દીય કહ્યા છે અને ગોનર્દ પૂર્વ ભાગમાં આવેલા પ્રદેશ છે. છતાં એ એમાં પણ ખાસ વિરોધ લેવા જરૂર નથી કારણ કે ગોનર્દીય શબ્દનો અર્થ ગોનર્દમાં જન્મેલા એમ લેવા આગ્રહ કરવા કશું પ્રમાણ નથી. એનો અર્થ એ છે કે ગોનર્દમાં રહેનારા તો આ રીતે આ બંનેનો અવિરોધ થઈ શકે છે કેમકે ઇલાવ્રત વર્ષમાં જન્મ હોય અને પછી આયુષ્યનો ઘણો ખરો ભાગ ગોનર્દ દેશમાં ગાળ્યો હોય તો તેથી બંને વૃત્તાન્તો ઉપપન્ન થઈ શકે છે. આચાર્યદેશીય શબ્દ તો સ્પષ્ટ રીતે આચાર્યના દેશમાં રહેનાર એ જ અર્થનું પ્રતિપાદન કરે છે. આચાર્યના દેશમાં જન્મેલા એવો અર્થ એનો લેવામાં કંઇ પ્રમાણ દેખાતું નથી. આ રીતે આ બંનેનો અવિરોધ થઇ શકે છે. તેમ જ જે સંક્ષેપ શંકરવિજયમાં કહ્યું છે તેમાં તો પતંજલિના જન્મ પછીની વાત જ નથી પણ પૂર્વ વૃત્તાન્તમાત્રનું કથન કર્યું છે તેથી તેસાથે આ એનો વિરોધ હોવા અસંભવ છે. અન્ય મતમાં જે પતંજલિ મદ્રાસના કહ્યા છે તે તો માત્ર મત જ છે કારણ કે એમાં પતંચલ અને પતંજલિ એ બે નામોમાં પ, ત અને લ એ અક્ષરોના સામ્યઉપરથી જ માત્ર બેને એક લીધા છે. અને આવી રીતે શબ્દોનું સામ્ય લઈ જે એક ઠેરવવાનો પ્રયાસ એ ઘણે પ્રસંગે નિષ્ફલ જ હોય છે અને એ પદ્ધતિ નિર્ણય કરવામાં ઉપયોગી ભાગ્યે જ થઈ પડે છે તેથી પૂર્વેથી જે અર્થની પ્રાપ્તિ થઇ તેને આ મત દૂષિત કરી શકે

એમ નથી. આજ કારણથી અન્ય અનેક વિદ્વાનોએ આ મતને સ્વીકાર્યો પણ નથી[1] પણ એ મતને પ્રતિપાદન કરનારના લખાણમાં પણ જે વિરોધ આવે છે તેનું વિસ્તારથી પ્રતિપાદન કર્યું છે.

આ રીતે સર્વ સાધનોથી એક અભિન્ન અર્થ નીકળે છે છતાં હાલના પાશ્ચાત્ય વિદ્વાનો તથા તેમના અનુયાયીઓ વિશ્વચક્રના નિયમના અજ્ઞાનથી પુરાણોમાં કહેલી વાતો મિથ્યા છે એમ માની લઈ પુરાણોનાં વચનોને બહુધા સ્વીકારતા નથી તેથી આ સંબંધમાં માત્ર મહાભાષ્યપરથી અનુમિત વાતને જ સ્વીકારે છે અને પુરાણથી જે અધિક વૃત્તાન્ત જણાય છે તેને સ્વીકારતા નથી. છતાં એમાં ખાસ અનુપપત્તિ ન આવે ત્યાંસુધી એમણે પણ શામાટે ન સ્વીકારવું એ સમજાતું નથી. એટલુંજ નહિ પણ ઘણે પ્રસંગે તો મનગમતો એક ભાગ પુરાણનો પણ એ લોકો સ્વીકારે છે તથા અન્ય ભાગને વિનાકારણ ત્યજે છે. પ્રસ્તુતમાં ઇલાવ્રતવર્ષ હિમાલયની ઉત્તરમાં હોય એ સ્વીકારે છે અને પતંજલિ ત્યાં જન્મ્યા હતા એ પુરાણોક્ત વાત અવિરુદ્ધ છતાં સ્વીકારતા આચકો ખાય છે. વસ્તુવિચારથી આમ કરવામાં કંઇ નિયામક નથી. તેથી આ વિષયમાં પણ બે મત દેખાય છે. છતાં ગુણોપસંહારન્યાયથી અવિરોધ હોય ત્યાં ઉભયનું પ્રામાણ્ય અનંગીકાર કરવા કારણ દેખાતું નથી.

આ રીતે પતંજલિના અત્યારસુધીમાં જ્ઞાત વૃત્તાન્ત સંબંધે સ્થિતિ છે. હવે પછી કોઇ સાધન મળેથી વિશેષ જાણવામાં આવે ત્યારે.

હવે એ પતંજલિ ક્યારે થયા એ સંબંધમાં શા શા વિચારો પ્રદર્શિત થયા છે તે જોઇએ. ત્યાં પૂર્વે સૂચન તો થઇ ગયું છે છતાં પુનઃ સ્પષ્ટ કહેવું યોગ્ય છે કે સામાન્ય રીતે આ સમયનિર્ણયમાં જેટલો અનિશ્ચય તથા મતભેદ દેખાય છે તેટલો ભાગ્યે જ અન્ય વિષયમાં હશે. બહુધા લોકો અપૂર્ણ વ્યતિકરો પરથી એક મત બાંધી લે છે તથા પછી જે જે અનુકૂલ પડતું લાગે છે તેનો સંગ્રહ કરે છે તથા અન્યને છોડી દે છે. એવિગેરે વિવિધ હેતુથી આ વિષયમાં અત્યંત મતભેદ થાય છે. તેમાં પણ અત્રત્ય વિદ્વાનો તથા પાશ્ચાત્ય વિદ્વાનોનાં મત ભિન્ન ભિન્ન જ બહુધા થાય છે તથા આવા કોઇ પણ પુરાણ પુરુષ વિષે કોઈ પણ નિર્ણય થયેલો દ્રષ્ટિગોચર નથી કે જે સર્વમાન્ય થયો હોય. છતાં એમાં ભિન્ન ભિન્ન પદ્ધતિથી કલ્પના કરી જ માત્ર પ્રવૃત્તિ

૧. જુઓ Goldstücker's Panini, Dutt's History of Ancient India, Ind. Antiq, Dr. Rajendralal Mitra's Edition of the Yoga Aphorisms વિગેરે.

કરવાની રહી છે તેથી એ શિવાય અન્ય પરિણામ એમાં થવો સંભવતો પણ નથી. તથાપિ એ સર્વ વિચારોમાં પણ કંઇક અંશ સર્વમાન્ય જેવા નીકળે છે, તે નીચે સમજાશે.

ત્યાં પતંજલિના સમયમાટે અત્રત્ય લોકોનો શો અભિપ્રાય છે તે પ્રથમ જોઇશું તો જણાશે કે અત્રત્ય લોકો આર્ય ગણિતશાસ્ત્રવિગેરેથી એવું માને છે કે બ્રહ્માના દ્વિતીય પરાર્ધમાં શ્વેતવારાહ કલ્પના વૈવસ્વત મન્વન્તરના ૨૮ મા મન્વન્તરના દ્વાપરયુગના અંતમાં આ યોગસૂત્રકાર તથા મહાભાષ્યના કર્તા પતંજલિ થયા છે. તેથી એ રીતે જો હોય તો એમને થયાને હાલ ૫૦૦૦ વર્ષ વા તેથી અધિક કંઇ સમય થયો જોઇએ. આ રીતે લેવાથી એ મત સ્વીકારનાર એવું જણાવેછે કે પતંજલિના સૂત્રોપર જે વ્યાસભાષ્ય છે તે ઉપપન્ન થઇ શકે છે. કેમકે વેદવ્યાસ શ્રીકૃષ્ણના અવતરણસમયે હતા અને શ્રીકૃષ્ણનો જન્મ કલિના આરંભમાં થયો છે તેથી દ્વાપરના અંતમાં રચાયેલાં સૂત્રોપર કલિના આરંભમાં થયેલા શ્રીવેદવ્યાસ ભાષ્ય રચે એ સંભવે છે. તેમ જ શ્રીમદ્ ભગવદ્ગીતા જોતાં એ ગ્રંથપૂર્વે યોગ તથા સાંખ્યશાસ્ત્રનું અસ્તિત્વ હોય એમ જણાય છે. તે પણ આ રીતે ઉપપન્ન થઇ શકે છે. ૫૦૦૦ વર્ષ પૂર્વે માણસો વસતા નહોતા એવો જે કોઇ કોઇનો પૂર્વે મત હતો તે તો હાલ કેવલ અસિદ્ધ જ ઠર્યો છે. ભૂસ્તરવિદ્યાથી થયેલી શોધોથી એવું તો સ્પષ્ટ જણાય છે કે આજથી ૫૦૦૦ શું પણ તેથી પણ ઘણાં વર્ષ પૂર્વે માણસોનો આ ભૂમિપર સદ્ભાવ હતો. તેમ જ ડાનેલીકૃત ગ્રંથ ઉપરથી પૂર્વે હિંદુસ્થાન તથા અમેરિકા અને યુરોપવચ્ચે ભૂમિદ્વારા સંબંધ હતો એ પણ સમજાય છે. તેથી જે સંસ્કૃત અને અન્ય ભાષાનાં કોઇ કોઇ શબ્દોનું મળતાપણું દેખાય તેટલા ઉપરથી એ શબ્દોનો પ્રયોગ કરનાર લોકો સિકંદર બાદશાહ વા પાયથેગોરાસના હિંદુસ્થાનમાં આવ્યા પછી થવા જોઇએ એ માનવું આવશ્યક નથી. કેમકે ત્યાર પૂર્વે પણ આ ભૂમિદ્વારા વારંવાર થયેલા સંબંધથી પણ એ સામ્ય હોવું સંભવે છે. તેમાં કોઇ ભાષામાં એ પૂર્વના શબ્દો તો તે રૂપમાં જ રહ્યા હશે અને કોઇ કોઇ ભાષામાં એનું રૂપાંતર થઇ જઇ અન્ય રૂપે એનો પ્રયોગ થતો ચાલ્યો હશે એ પણ અન્ય કલ્પનાના સમાન જ છે. તેથી આ શબ્દસામ્યથી વા ૫૦૦૦ વર્ષ પૂર્વે મનુષ્યસદ્ભાવ નહિ હોવાના કારણથી આ મત ખંડિત થતો નથી એવું આ પુરુષો જણાવે છે. આ મત પ્રાયશઃ ભારતવર્ષસ્થ શાસ્ત્રપુરાણાદિનું પ્રામાણ્ય સ્વી-

કારનારનો છે.

આ વિચારથી કેવળ જૂદો જ વિચાર પાશ્ચાત્ય લેખકો તથા તેમને અનુસરનાર જણાવે છે. એ લેખકો પ્રથમ તો આ જે વ્યાસભાષ્ય છે તે પુરાણાદિના કર્તા વેદવ્યાસનું હોય એ જ માનતા નથી અને તેમાં હેતુ એ આપે છે કે એ ભાષ્યની શૈલિ જોતાં બંનેના કર્તા એક ઘટતા નથી. અને અધિકમાં એ કહે છે કે વેદવ્યાસ પણ એટલાં બધાં વર્ષઉપર થયા હોય એમ લાગતું નથી. શ્રીકૃષ્ણ કોઇ યથાર્થ પુરુષ હશે કે કલ્પિત નામ હશે તે પણ સંશયજેવું જ એ લેખકોમાંથી કોઈ કોઇ તો લે છે. અને શ્રીકૃષ્ણ થયા હોય એમ સ્વીકારીએ તોપણ તે તો ઇ. સ. પૂર્વે ૧૨૫૦ થી વધારે વર્ષપર થયા હોય એમ દેખાતું નથી કેમકે કોરવપાંડવનું જે યુદ્ધ છે તે તો માત્ર કુરુપાંચલની લડાઇનું જ અતિશયોક્તિથી વર્ણન છે અને કુરુપાંચાલની લડાઈ ઈ. સ. પૂર્વે ૧૨૫૦ વર્ષ પર થઈ છે. આવિગરે વિવિધ વિચારોને અવલંબી એ લોકો પૂર્વના મતને સ્વીકારતા નથી તથા આપ્રમાણે એ સંબંધમાં વિચારો જણાવે છે. તેમાં પણ બે મતો છે. કેટલાક લેખકો પતંજલિને બુદ્ધની પછી માને છે અને અન્ય બુદ્ધની પૂર્વે માને છે. બુદ્ધની પછી એ થયા એમ માનનાર ઇ. સ. પૂર્વે ૧૪૦ થી ઇ. સ. ૬૦ સુધીમાં વા ઇ. સ. પૂર્વે ૩૫૦ વર્ષ ઉપર પતંજલિ થયા એમ કહે છે. બુદ્ધની પૂર્વે એ થયા એમ માનનાર ઓછામાં ઓછાં ઇ. સ. પૂર્વે ૬૦૦ વર્ષ પર એ થયા હશે એમ માને છે.

આ બે મતોમાં જેઓ ઇ. સ. પૂર્વે બીજા સૈકામાં પતંજલિ થયા હશે એવું સ્વીકારે છે તેઓ બહુધા આપ્રમાણે એ અનુમાનમાં હેતુઓ દર્શાવે છે:[1]

૧ મૌર્ય નામના બુદ્ધના અનુયાયીનું મહાભાષ્યમાં નામ આવે છે. ત્યાં जीविकार्थे चापण्ये એ પાણિનિસૂત્રપરના મહાભાષ્યથી मौर्यैः શિવ, સ્કંદ તથા વિશાખ વિગેરે દેવતાઓની પ્રતિમા ઘડતા હતા એ-

૧. અત્ર તે તે ગ્રંથકારનું નામ આપી હેતુઓ દર્શાવ્યા નથી તેનું કારણ એ છે કે એ મતને સ્વીકારનાર બધાને આ સર્વ હેતુઓ સમ્મત નથી પણ કોઇને કોઈ હેતુ સંમત છે તો અન્યને કોઈ અન્ય હેતુ સંમત છે. આ પ્રસંગના વિસ્તારથી પ્રતિપાદનમાટે જેમને જિજ્ઞાસા હોય તેમણે Weber's History of Indian Literature, Dutt's Ancient India, Goldstucker's Panini, Indian Antiq. વિગેરે જોવું.

વા અર્થ સમજાય છે. [1] મૌર્ય એ પાટલિપુત્રના રાજાના વંશજનું નામ છે તથા એમણે બૌદ્ધ મતનો સ્વીકાર કર્યો હતો એ જ્ઞાત છે. ગુપ્ત રાજાઓ પાછલા વખતમાં માર્ય કહેવાતા હતા. તેથી એ મૌર્યનો નિર્દેશ કરનાર પતંજલિ ત્યાર પછી થવા જોઇએ. [2]

૨. પતંજલિભાષ્યમાં યવન તથા માધ્યમિક શબ્દોનો પ્રયોગ છે. ત્યાં કહ્યું છે કે યવને સાકેતનો રોધ કર્યો તથા માધ્યમિકનો રોધ કર્યો. [3] તેમ જ યવનાની શબ્દ જેનો અર્થ યવનની લીપિ છે તે કેવી રીતે થાય છે એવું પ્રતિપાદન પાણિનિએ કર્યું છે. તેથી પાણિનિના વખતમાં યવન લોકોનો અધિક પરિચય થવો જોઇએ, તેમની લીપિ જાણવામાં આવી જોઇએ તથા તેનો પ્રચાર થવાથી તદ્વાચક શબ્દ પણ સંસ્કૃત ભાષામાં દાખલ થઇ જવો જોઇએ એ સમજાય છે. ત્યાં યવનશબ્દ ગ્રીસનિવાસીનો વાચક છે કેમકે ગ્રીસનિવાસી ઇઓન (Ions) કહેવાય છે કે જેની સાથે યવનશબ્દ મળતો આવે છે. ઇ. સ. પૂર્વે ૧૧૦૦ વર્ષપર સ્થપાયેલા એશીઆ માઇનોરના હેલેનીઝમાં ઇઓનીઅન (ગ્રીકલોકો) રહેતા હતા. ત્યાં ઇતિહાસથી જણાય છે કે યુનાનીઓની સાકેત ઉપરની ચઢાઇ મીનેન્ડરની સરદારી નીચે થઇ હતી. તેથી પતંજલિને એ ચઢાઇ જાણીતી હોવાથી એઉ એપછી થવા જોઇએ.

વળી માધ્યમિક એ બૌદ્ધ મતાવલંબી પુરુષોનું નામ છે. પતંજલિને એ માધ્યમિકનું જ્ઞાન હોવાથી પતંજલિ એપછી થવા જોઇએ. નાગાર્જુને એ બૌદ્ધ મતની શાખા સ્થાપી હતી એ તથા એનો સમય ટિબેટ તથા સીલોનના બૌદ્ધ ગ્રંથ ઉપરથી નિર્ણય થાય છે. તેથી પતંજલિ બુધ પછી થવા જોઇએ એ સ્પષ્ટ છે.

૩. પતંજલિના મહાભાષ્યમાં ચંદ્રગુપ્તસભા તથા પુષ્પમિત્રસભા એ શબ્દો આવે છે. ગ્રીસના ઇતિહાસથી ચંદ્રગુપ્ત સિકંદર બાદશાહના સમયમાં થયા છે એ નિર્ણય થાય છે. તેથી પતંજલિ ચંદ્રગુપ્ત પછી થોડાક સૈકા પછી થવા જોઇએ. તેમ જ પુષ્પમિત્ર

---

૧. પતંજલિભાષ્યમાં (૫–૩–૨) કહ્યું છે કે मौर्यैर्हिरण्यार्थिभिरर्चाः प्रकल्पिता भवेत्तासु न स्यात् ॥

૨. આ વિગરે કેટલાક હેતુઓ તથા એના ખંડન માટે જુઓ Prof. Kunte's Vicissitudes of Aryan Civilization in India p. 388 to 404.

૩. જુઓ મહાભાષ્ય (૩. ૨–૨)अरुणद् यवनः साकेतम्, अरुणद् माध्यमिकान्

યજ્ઞ કરે છે એવો અર્થ મહાભાષ્યમાંથી નીકળે છે.[1] આ પુષ્પમિત્ર બૈદ્ધ રાજા હતા એવું રાજતરંગિણી ઉપરથી જણાય છે. ભાગવત પુરાણમાં પણ પુષ્પમિત્ર છેલ્લા શુદ્રરાજા હતા એવો લેખ છે. જ્યારે મીનેન્ડ્રસે હિંદુસ્થાનપર ચઢાઇ કરી ત્યારે એ પુષ્પમિત્ર થયા છે. મીનેન્ડ્રસની ચઢાઇનો સમય ગ્રીસ ઇતિહાસથી જણાયો છે. તેથી પતંજલિ પુષ્પમિત્રના સમયપછી વા એટલામાં થયા હશે અર્થાત્ ઇ. સ. પૂર્વે ૧૫૦ વર્ષ ઉપર થયા હશે એ દેખાય છે.

૪. એ એક પ્રસિદ્ધ વાત છે કે કાત્યાયને જ્યારે પાણિનિનાં સૂત્રોને દૂષિત કરવા માંડ્યાં ત્યારે એ કાત્યાયનના મિથ્યા પ્રહારથી પાણિનિના વ્યાકરણના બચાવમાટે પતંજલિએ મહાભાષ્ય રચ્યું છે. ત્યાં કાત્યાયન ઇ. સ. પૂર્વે ૩૦૦–૪૦૦ વર્ષપર થયા છે એવું દેખાય છે કેમકે ચીનાઇ મુસાફર હિઆનસંગ જણાવે છે કે કાત્યાયન બુધ પછી ત્રણસો વર્ષપર થયા છે. તેથી પતંજલિ એ સમય પછી કેટલેક વખતે થવા જોઇએ અર્થાત્ ઇ. સ. પૂર્વે ૧૦૦–૨૦૦ વર્ષપર થવા જોઇએ.

૫ રાજતરંગિણીમાં કહ્યું છે કે કાશ્મીરના રાજા અભિમન્યુની આજ્ઞાથી પતંજલિનું મહાભાષ્ય ચંદ્રાચાર્યે એ રાજાના દેશમાં દાખલ કર્યું હતું. એ ચંદ્રાચાર્યે પણ કોઇ વ્યાકરણ ગ્રંથ લખેલો છે. ત્યાં ટીકા ઉપરથી એવું જણાય છે કે કનિષ્ક રાજા ઇ. સ. ૪૦ સુધી રાજ્ય કરતા હતા. એ કનિષ્ક અભિમન્યુના પૂર્વજ હતા. તેથી અભિમન્યુ ત્યાર પછી થવા જોઇએ. તેથી એ મહાભાષ્ય ત્યાર પૂર્વે ૨૦૦ વર્ષ ઉપર થવું જોઇએ અર્થાત્ ઇ. સ. પૂર્વે બીજા સૈકામાં થવું જોઇએ.

૬ યોગસૂત્રમાં વિજ્ઞાનવાદનું ખંડન કર્યું છે.[2] તેમ જ બૌદ્ધમતમાં જે મૈત્રી, કરુણા, મુદિતા વિગરેનું પ્રાધાન્ય આપ્યું છે તેને જ યોગસૂત્રમાં લીધાં છે તથા એ મતને ગૌણ પાડવા એ ભાવનાની ગૌણતા કરી છે. તેથી આ ઉપરથી પણ પતંજલિ બુદ્ધનિર્વાણ પછી થયા છે એ નીકળે છે. તેમ જ માધવાચાર્યકૃત સંક્ષેપ શંકરવિજયમાં પૂર્વે આપેલી આખ્યાયિકાથી પણ એવું જણાય છે કે જૈમિનિ, વ્યાસ, પતંજલિ તથા શંકર એ બૌદ્ધ મતના ખંડન માટે વિવિધ દેવતાથી આવિર્ભાવને પામ્યા છે. તેથી પણ પતંજલિ

---

૧. જુઓ મહાભાષ્ય (૧–૧–૯) पुष्पमित्रसभा चंद्रगुप्तसभा, તથા (૩. ૧–૨) पुष्पमित्रो यजते याजका याजयन्ति ।

૨. જુઓ સૂત્ર ૪–૧૫, ૧૬ વિગરે.

બુધ પછી થયા છે.

આ વિગેરે હેતુઓથી [1] એમ સમજાય છે કે પતંજલિ બુધ પછી થવા જોઇએ. તેમાં કોઇતો ઇ. સ. પૂર્વે ૩૫૦ વર્ષપર પતંજલિને માને છે અને અન્ય ઈ. સ. પૂર્વે ૧૫૦ થી ઇ. સ. ૪૦ સુધીમાં માને છે.

અન્ય પુરૂષો આ મતમાં આપેલા હેતુઓ કેવલ હેત્વાભાસ છે એ પ્રતિપાદન કરે છે તથા બીજાં કારણોથી એવું અનુમાન કરે છે કે પતંજલિ બુધની પૂર્વે જ થવા જોઇએ. ત્યાં આ હેતુઓને એ પુરૂષો નીચે પ્રમાણે દૂષિત કરતા દેખાય છે.

૧ પ્રથમ જે મૌર્ય સંબંધે કહ્યું તે અયોગ્ય છે. કેમકે મૌર્ય પ્રતિમાપૂજક હતા તેથી તે બૌદ્ધ મતના સંભવતા નથી. કારણકે બૌદ્ધમતમાં ઘણો વખતસુધી પ્રતિમાપૂજનનો ગંધ પણ દેખાતો નથી. લલિતવિસ્તર તથા ધમ્મપાદમાં પ્રતિમાપૂજનનું નામ પણ આવતું નથી. વળી ધનના લોભથી પ્રતિમા એકિ ઘડી વેચતા હતા એવું જે કહ્યું છે તે તો સ્પષ્ટ રીતે એ રાજવંશી નહોતા એ જ સિદ્ધ કરે છે કારણ કે જે મૌર્ય રાજા હતા તે જાતે પૈસાના લોભથી પ્રતિમા ઘડી વેચે એ ન માનવા જેવી વાત છે. એ સાચું છે કે ગુપ્તરાજાઓ મૌર્ય હતા પણ તેટલાથી જે જે મૌર્ય કહેવાય તે સર્વ ગુપ્તરાજાઓ જ છે એ કહી શકાય એમ નથી. વળી એ મૌર્યની જાતિ પૂર્વેથી જ હોવી જોઇએ કેમકે ચંદ્રગુપ્તે એ જાતિનો ઉદ્ધાર કર્યો—ઉંચી સ્થિતિપર સ્થાપન કરી—કહેવાય છે. તેથી આ પ્રમાણે તો આ મૌર્ય તે રાજવંશીય નહોતા પણ કોઇ હલકી વર્ણના લોકો હતા કે જે પ્રતિમા ઘડી વેચવાનો ધંધો કરતા હતા આ ધંધો બૌદ્ધના અનુયાયીઓ તથા બ્રાહ્મણો ઉભય ધિક્કારતા તેથી આ હેત્વાભાસથી પતંજલિનો બૌદ્ધો સાથે કશો સંબંધ સિદ્ધ થઇ શકે એમ નથી. [2]

૨ બીજાનું જે યવનસંબંધે કહ્યું છે તે પણ અયોગ્ય છે. યુરોપીય ગ્રંથકારો પ્રસંગે પ્રસંગે યવન શબ્દનો અર્થ ગ્રીસનિવાસીજનો લે છે પણ એ કેવલ કલ્પનામાત્ર છે એટલું જ નહિ પણ એમ લે-

---

૧ આ બીજા હેતુઓ જેવાં કે ભૂગોળનું તે સમયનું જ્ઞાન વિગેરે, તેમનું વિવરણ કરવામાં તથા એની સામે જે ખંડન આપવામાં આવે છે તે પ્રતિપાદન કરવામાં વિશેષ વિસ્તાર થઇ જાય એમ છે તેથી ટુંકામાં ઉદ્દેશમાત્ર કર્યો છે.

૨ આવિગેરેના પ્રતિપાદનમાટે જુઓ Vicissitudes of Aryan Civilization.

વામાં ઘણામાં વિરોધ આવે છે. ત્યાં પ્રથમ તો યવન શબ્દનું આયોનીયન શબ્દસાથે કંઇક અંશે મળતાપણું ઉચ્ચારમાં આવે છે એ જ બંનેને એક માનવામાં કારણ અપાય છે. એથી અતિરિક્ત કોઇ કારણ એ લોકો બતાવી શકતા નથી. એથી ઉલટું યવન શબ્દ યુ ધાતુ ઉપરથી આવે છે તેથી રખડતી જાતિ વા સંકરજાતિનો વાચક છે. યવનવિષે શ્રીમનુએ કહ્યું છે કે (अ.१०. ४४, ४५) યવનો કાંબોજો વિગરે પ્રથમ ક્ષત્રિય હતા પણ સ્વધર્મથી પતિત થયા છે. ગૌતમશાસ્ત્રમાં યવનો આર્યોની પ્રતિલોમ પ્રજા કહી છે. રામાયણ તથા મહાભારતમાં એ યવનોનું નામ આવે છે તેપરથી દેખાય છે કે પ્રાચીન કાલમાં એ પ્રજા હિંદુસ્થાનમાં જ રહેલી હતી પણ એમને આર્યરૂપે લોકો ગણતા નહોતા એટલું જ નહિ પણ એ પ્રજાએ કોઇવાર પણ હિંદુસ્થાનપર ચઢાઇ કરી હોય એમ દેખાતું નથી. પતંજલિ શકસાથે યવનની ગણના કરે છે અને શક એ ઉતરતી વર્ણની પ્રજા છે. વિષ્ણુપુરાણમાં પણ કહ્યું છે કે યવનો ભારતવર્ષની પશ્ચિમમાં રહેતા હતા તથા તેમને ઇક્ષ્વાકુ વંશના સગર રાજાએ હાંકી મુક્યા હતા. હરિવંશ પુરાણમાં સ્પષ્ટ કહ્યું છે કે યવનો તથા કાંબોજોમાં બધું માથું મુંડાવવાનો રીવાજ હતો. આ રીવાજ જોતાં આ યવનો તે કદાપિ ગ્રીસનિવાસી હોઇ શકે નહિ એમ સિદ્ધ થાય છે. કેમકે ગ્રીસમાં તો આ પદ્ધતિ કેવલ તિરસ્કારને પાત્ર હતી. એ જ કારણથી જ્યારે ડિમોસ્થાનીસે ગુહામાં રહેવા વિચાર કર્યો ત્યારે બહાર જવા વૃત્તિ થતી લોકલજ્જાથી અટકે તેમાટે પોતાનું બધું માથું મુંડાવ્યું હતું એમ વર્ણન કરેલું છે વળી લેસન વિગરે કેટલાક પુરુષો એવું પણ કહે છે કે યવનનો મૂળ અર્થ આરબ છે. આ વિષયમાં ડા. રાજેન્દ્રલાલમિત્રે ઘણાં બલવાન્ કારણોથી સિદ્ધ કર્યું છે કે યવનનો અર્થ ગ્રીસનિવાસી કરવામાં આવે છે એ કેવલ કલ્પના માત્ર છે.[1] તેથી સર્વથા યવન શબ્દનો ગ્રીકલોક અર્થ ઘટતો નથી. આ રીતે એ અસિદ્ધ છે તો પછી યવનનો અર્થ મિનેન્ડરજ લેવો એ તો વળી એથી પણ વધારે અસિદ્ધ છે. સાકેતપર ચઢાઇ માત્ર આ જ સરદારની જાણીતી છે તેથી પૂર્વ કાળમાં અન્ય કોઇ ચઢાઇ થઇ નથી એ માની શકાય એમ નથી. તેમ જ ગ્રીકલોકોસાથે હિંદુસ્થાનનો સંબંધ પૂર્વે કહ્યા પ્રમાણે હજારો વર્ષ પૂર્વે પણ હતો તો તેમાં કોઇ સમયે આવું બન્યું નથી એ શાથી કહેવાય? તેથી આ હેતુ સર્વથા દુષ્ટ જ છે અને તેથી સાધ્યસિદ્ધિ કરવા અસમર્થ છે.

૧. જુઓ Journ. As. Soc. Bengal 1874.

વળી આ સંબંધે પ્રો મેક્સમ્યુલર વિગેરે ઘણા વિદ્વાનોએ આવો નિર્ણય કર્યો છે કે આ પાતંજલ ભાષ્યપર વિવિધ સંસ્કારો થયા છે. ઘણે પ્રસંગે એ વિચ્છિન્ન થયેલું હતું. તેથી એમાં ઘણા વધારા, ઘટાડા તથા ફેરફાર થયેલા સંભવે છે. તેથી ભાષ્યમાં અમુક ઉદાહરણ આપ્યું છે તેટલાઉપરથી કોઇ પણ નિર્ણય બાંધી શકાય એમ નથી. કારણ કે તે ઉદાહરણ પતંજલિએ જ આપેલું છે કે ઉત્તરકાલે કોઇએ અંદર દાખલ કરી દીધું છે એ સ્વતંત્ર સાધનથી નિર્ણય થયો નથી ત્યાંસુધી એ ઉપરથી કોઇ પણ અનુમાન બાંધી શકાય એમ નથી. વળી ત્રણ પ્રસંગે આ ભાષ્યમાટે વિપ્લાવિત, ભ્રષ્ટ અને વિચ્છિન્ન એ વિશેષણો લગાડવમાંઆવ્યાં છે તેથી આ રીતે જોતાં આ યવનશબ્દથી બાંધેલું અનુમાન કેવલ ભાંગી પડે છે એટલું જ નહિ પણ ચંદ્રગુપ્તસભા પુષ્પમિત્રસભાવિગેરે હેતુ પણ દુષ્ટ ઠરે છે. તેથી સર્વથા આ યવન શબ્દ પર બાંધેલું અનુમાન આભાસરૂપ જ સમજાય છે.

જે માધ્યમિકમાટે કહ્યું છે તે પણ અયોગ્ય છે. કારણ કે ઉપરના હેતુથી એ દુષ્ટ ઠરે છે એટલુંજ નહિ પણ અન્ય રીતે તપાસતાં પણ એ હેતુ દુષ્ટ ઠરે છે. ત્યાં માધ્યમિકનો અર્થ જે બૌદ્ધના અનુયાયી કરવામાં આવ્યો છે તે જ અસિદ્ધ છે કેમકે પતંજલિની પૂર્વે તથા ઉત્તર કાલે આ શબ્દ વપરાતો હતો એ પ્રસિદ્ધ છે. એ શબ્દ મધ્યમ શબ્દ ઉપરથી સિદ્ધ થાય છે અને તે 'મધ્યનો' એ અર્થનો વાચક છે. પતંજલિ ગૌતમ બુદ્ધનું કોઇ સ્થલે નામ લેતા નથી તથા એના મતનું પણ કથન કરતા નથી એ તો મહાભાષ્યથી વિશ્વવિદિત છે. માત્ર આ સાકેતના સંબંધમાં જ માધ્યમિકનું નામ આવે છે. ત્યાં પણ સાકેત શબ્દ દેશવાચક છે તથા તેની સાથે માધ્યમિકનું ઉચ્ચારણ છે તેથી, એ શબ્દ દ્વિતીયાબહુવચનમાં છે તેથી તથા अरुणद् (ઘેરો ઘાલ્યો) એ શબ્દ ગ્રામવાચક શબ્દસાથે જ યોગ્યરીત્યા અન્વય પામી શકે એમ છે તેથી આ માધ્યમિક શબ્દ માત્ર મધ્યદેશસ્થ ગ્રામ વા નગરનો બોધ કરે છે. તેથી આ વાક્યનો તો માત્ર એ જ અર્થ થાય છે કે યવને મધ્યદેશના ગ્રામોપર ચઢાઇ કરી. તેથી નાગાર્જુને સ્થાપેલા માધ્યમિક પંથનો લેશ પણ આ શબ્દથી નીકળી શકે એમ નથી. આટલું જ નહિ પણ એક ટીકામાં માધ્યમિકા એ નગરનું નામ પ્રતિપાદન કર્યું છે. તેથી એ પક્ષકારોનો આ જે મુખ્ય હેતુ તે તો તપાસતાં માત્ર જ દુષ્ટ ઠરે છે. આ રીતે એ અસિદ્ધ ઠરે છે એટલું જ નહિ પણ કદાચ માધ્યમિ-

ક શબ્દ બૌદ્ધના અનુયાયીનો વાચક પાછળથી થયો, તોપણ એ શબ્દ કંઇ એ લોકોએ નવો જ ઉત્પન્ન કરયો એમ તો છે જ નહિ પણ એ પણ પૂર્વે સિદ્ધ હોવો જોઇએ. જ્યારે પૂર્વે સિદ્ધ હતો તે સમયે બૌદ્ધમત નહિ હોવાથી કોઇ અન્ય અર્થનો વાચક પણ એ હોવો જ જોઇએ. તો એ અર્થમાં આ શબ્દ વપરાયો નથી એમ સિદ્ધ થતું જ નથી, પણ જો સ્વતંત્ર કારણોથી એવો નિર્ણય પ્રાપ્ત થાય કે પતંજલિ બુદ્ધના પૂર્વે થયા હતા તો આ શબ્દ એ જ અર્થમાં લેવાનો ઠરે. તેથી આ શબ્દ બંને પક્ષમાંથી કોઇને ખાસ અનુકૂલ નહિ ઠરવાથી કોઇ પણ પક્ષનું પણ શબ્દનો પ્રયોગ સ્થાપન કરી શકે એમ નથી.[૧]

યવનાની શબ્દ તો યવન શબ્દનો અર્થ અસિદ્ધ ઠરવાથી હેતુરૂપે અસિદ્ધ જ થઇ ગયો છે તેથી એમાટે અધિક કહેવા જરૂર નથી.

૩. ચંદ્રગુપ્તસભા તથા પુષ્પમિત્રસભા ઉપર કરેલા અનુમાન માટે ઉપર કહી ગયા છીએ તેવી એ હેતુથી એ શબ્દો કોઇ પણ પક્ષને સ્થાપન કરવા અસમર્થ છે કેમકે એ કાણે આપેલાં ઉદાહરણો છે તે જ અનિશ્ચિત છે. વળી આ સંબંધમાં Vicissitudes of Aryan Civilization માં એવું પણ જણાવવામાં આવ્યું છે કે એક લેખી પુસ્તક જે કાશીમાં મુદ્રિતપુસ્તકસાથે સંપૂર્ણ અંશે મળતું આવે છે તેમાં ચંદ્રગુપ્તસભા એ ઉદાહરણ જ નથી પણ માત્ર પુષ્પમિત્રસભાનું જ ઉદાહરણ છે. તેથી આ ઉદાહરણ વિશેષ સંદિગ્ધ છે તથા પ્રક્ષિપ્ત હોય એમ માનવા વિશેષ કારણ રહે છે. વળી પુરાણો વિગરે જોતાં ચંદ્રગુપ્ત એ કંઈ એક રાજાનું નામ હોય એમ દેખાતું નથી પણ અનેક ચંદ્રગુપ્ત રાજા થયા હોય એમ દેખાય છે. તેથી આ ચંદ્રગુપ્ત તે કયા તે પણ નિર્ણય થઇ શકે એમ નથી. જો બલવાન્ અન્ય હેતુથી પતંજલિ બુધ પછી થયા એ નિર્ણય થાય તો પછી આ ચંદ્રગુપ્ત તે બૌદ્ધ હતા એમ કહી શકાય.

---

૧ આ માટે Vicissitudes of Aryan civilization in India માં વિશેષ આ પ્રમાણે જણાવ્યું છે "The word madhyamika in the sense of central is used in the Nirukta of Yaska (12-9 &c) માધ્યમિક શબ્દનો પ્રયોગ યાસ્કના નિરુક્તમાં પણ કરયો છે અને ત્યાં એ મધ્યદેશીય વાચક છે. યાસ્કનો સમય બુદ્ધની પૂર્વે છે એ તો સર્વસંમત છે. જુઓ Dutt's Ancient India. p. 27.

પણ આ તો આ શબ્દ ઉપર જ આ મત બાંધવા ધાર્યો છે તેથી એ સાધ્ય સિદ્ધ ઠરવા કેવલ અસમર્થ છે.

પુષ્પમિત્રમાટે જે કહ્યું છે તે આથી પણ અધિક અયોગ્ય છે. કારણ કે ઉપરના હેતુઓ એ સંબંધમાં પણ લાગે છે એટલું જ નહિ પણ વિશેષ હેતુઓથી આ અયોગ્ય ઠરે છે. ત્યાં પુષ્પમિત્રનું નામ એ સંબંધમાં આવે છે કે પુષ્પમિત્ર યજ્ઞ કરે છે અને ઋત્વિજો તેને યજ્ઞ કરાવે છે. હવે આ પુષ્પમિત્ર જો રાજતરંગિણીમાં કહેલા રાજા લઇએ તો એ રાજા વાહ્લિકરાજા છે. વાહ્લિક દેશ કાશ્મીરની આસપાસમાં છે. અહિં પતંજલિ પોતે જ કહે છે કે આર્યાવર્તની બહાર વાહ્લિક દેશ હોવાથી યજ્ઞકાર્યમાટે નિષિદ્ધ છે, તો જે દેશને એક નિષિદ્ધ ગણે છે તે દેશમાં આ રાજા યજ્ઞ કરે અને પતંજલિ તે સંમત ગણી તેનું ઉદાહરણ આપે એ કેવલ ન માની શકાય એવી વાત છે. તેથી રાજતરંગિણીના પુષ્પમિત્ર આ ભાષ્યોદાહૃત પુષ્પમિત્ર હોવા ઘટતા નથી. તેમ જ ભાગવત પુરાણમાં જે શુદ્ર રાજા કહ્યા છે તે જો આ રાજતરંગિણીના પુષ્પમિત્રથી ભિન્ન હોય તો તે પણ શુદ્ર હોવાથી યજ્ઞના અધિકારી થઈ શકે એમ નથી. તેથી ઉભય રીતે આ ભાષ્યમાંના પુષ્પમિત્ર અન્ય કોઇ હોવા જોઇએ એ સિદ્ધ થાય છે અને એ પુષ્પમિત્રવિષે કશું જાણવામાં નથી. વળી અન્ય રીતે જોઇએ તો પુષ્પમિત્ર જો બૌદ્ધ રાજા હોય તો એ કદાપિ યજ્ઞ કરે જ નહિ તેમ જ બ્રાહ્મણો તેમને યજ્ઞ કરાવે પણ નહિ કારણ કે બૌદ્ધમત યજ્ઞયાગનો સ્પષ્ટ રીતે નિષેધ કરી જ ઉદય પામ્યો છે અને બૌદ્ધધર્મઅનુયાયી તથા બ્રાહ્મણ ધર્મ પાળનાર વચ્ચે આ પુષ્પમિત્રના વખતમાં ભારે વિરોધ દેખાય છે. તેથી સર્વથા આ પુષ્પમિત્રનો નિર્દેશ પતંજલિનો સમય બુધ નિર્વાણ પછી સિદ્ધ કરી શકે એમ નથી.

વળી રાજતરંગિણીમાટે એ પાશ્ચાત્ય વિદ્વાનો એવું પણ જણાવે છે કે ૧૫૦૦ વર્ષ પૂર્વે જે વાત થઇ ગઈ છે તેમાટે આ રાજતરંગિણી એ કઇ પ્રમાણગ્રંથ ગણાય નહિ[1] તેથી આ અનુમાન વિશેષતઃ નિર્મૂલ થઇ જાય છે.

૪ જે કાત્યાયનસંબંધે અનુમાન કર્યું તે પણ ખોટું છે કારણ કે એ કાત્યાયનનો સમય હિઓનસંગના વૃત્તાન્ત પરથી જે નિર્ણય કરવામાં આવે છે તે અયોગ્ય છે કારણ કે આ જે કાત્યાયનનું

૧ જુઓ Prof. Weber's History of Indian Literature p. 219 &c.

નામ આવે છે તે તો બૌદ્ધ હતા. એના ગ્રંથનું ભાષાન્તર પણ ચીનભાષામાં છે. પણ વાર્તિકકાર કાત્યાયન તો પાણિનિ તથા વ્યાડિ સાથે વ્યાકરણનું અધ્યયન કરતા હતા. તેમ જ અન્ય કાત્યાયનો પણ અનેક પ્રસિદ્ધ છે. તેથી હ્વિઓનસગે કહેલા કાત્યાયન ભિન્ન હોવાથી એ સંબંધથી પતંજલિના સમયનું અનુમાન થઇ શકે એમ નથી.

૫. ચંદ્રાચાર્યે અભિમન્યુની આજ્ઞાથી મહાભાષ્યનો કાશ્મીરમાં પ્રચાર શરૂ કરયો એ ઉપરથી પણ જે અનુમાન બાંધ્યું છે તે યોગ્ય નથી. કેમકે ઉપર કહ્યાપ્રમાણે પતંજલિનું મહાભાષ્ય પ્રસંગે વિચ્છિન્ન થયેલું સર્વસંમત છે. તેથી એ પ્રસંગે વિચ્છિન્ન થયેલાનો પ્રચાર શરૂ કરાય તેથી તે ક્યારે રચાયું તે સંબંધે કશો નિર્ણય થાય એમ નથી. એ પદ્ધતિથી જો અનુમાન થઇ શકતાં હોય તો પાણિનિનું વ્યાકરણ, વેદ તથા સર્વ પુસ્તકો આધુનિક જ ઠરે. વેદસંબંધમાં કૃષ્ણયજુર્વેદની શાખાનો લોપ થયેલો છે એ પ્રસિદ્ધ છે. એ શાખા ઉપલબ્ધ થવાથી એનો અમુક દેશમાં પ્રચાર કરવામાં આજે આવે તો તેટલા ઉપરથી એ શાખાનો વેદ આજે રચાયો એ અનુમાન હાસ્યજનક જ છે. તેથી આ હેતુમાટે અભિમન્યુના સમયનો નિર્ણય કરવો પણ જરૂરનો નથી. કેમકે એ નિર્ણય થયા પછી પણ સાધ્યસિદ્ધિ થઈ શકે એમ નથી.

૬. જે મૈત્રી, કરુણા વિગરે વિષે કહ્યું તે ઉપરથી ધારેલો અર્થ સિદ્ધ થઇ શકે એમ નથી. કેમકે એ વિષય વસ્તુને અવલંબન કરનાર હોવાથી જેમ આ સમય સંબંધે કલ્પના કરવાનું કામ ચાલે છે તેમ એમાં થઈ શકે એમ નથી. મૈત્રી, કરુણા વિગરેથી જે અંતઃકરણની શુદ્ધિ યોગસૂત્રમાં વર્ણી છે તેથી અધિક ફલ એનું ઘટતું જ નથી તો એ વસ્તુગતિથી જ ગૌણ થઇ જાય છે. તો પછી બૌદ્ધ મતના દૂષણ માટે આ ગૌણતા કરી છે એ કલ્પના માત્ર છે. તેમ જ આ શાસ્ત્રમાં જે ગૌણ છે તેને જ ઉત્તરકાલે બુદ્ધે પ્રધાનતા આપી પોતાનો મત ચાલાવ્યો છે એ પણ સુવચ છે તેથી આ મૈત્રી, કરુણા વિગરેથી કોઇ પણ પક્ષ સબલ કરી શકાય એમ નથી. આ વિગરે કારણોથી એ પક્ષને સ્વીકારનાર પણ અથી સાધ્યસિદ્ધિ સ્વીકારતા નથી.[1] જે વિજ્ઞાનવાદના ખંડનથી કહ્યું તે પણ અયોગ્ય છે કારણ કે એ વિજ્ઞાનવાદનું સૂત્રકારે કંઈ વિસ્તારથી ખંડન કર્યું નથી પણ અતિસંક્ષેપથી એ અયોગ્ય છે તેનું સૂત્રમાં થઇ શકે એવું

૧. જુઓ Dr. Rajendralal's Preface to the Yoga Aphorisms.

સામાન્ય ખંડન સૂચવ્યું છે. તેથી એ ખંડનથી એ બુદ્ધના અનુયાયીઓની યુક્તિમાત્રનું ખંડન લેવાય એમ નથી. એથી તો માત્ર એટલું સિદ્ધ થઇ શકે કે પતંજલિના પૂર્વે આ પ્રકારે માનનાર માણસો પણ હતા. તથાપિ તે બૌદ્ધ જ હતા એ અસિદ્ધ છે. કારણ કે બુદ્ધના થતા પૂર્વે એ વિજ્ઞાનવાદ નહોતો એમ કહી શકાય એમ નથી. એ વાદ કંઈ બુદ્ધે જ પોતાની બુદ્ધિથી સર્ગમાં પ્રથમ દાખલ કર્યો છે એમ નથી. બુદ્ધનો મુખ્ય જે શૂન્યવાદ તે તો ઉપનિષદ્‌ના વખતમાં પણ દેખાય છે પણ તેથી કોઇ વિચારવાન્ એ ઉપનિષદ્ ભાગને બુદ્ધ પછી રચાયેલા ગણતા નથી. આ સંબંધમાં સર્વ પ્રાજ્ઞ પુરુષોનો એવો નિશ્ચય છે કે યોગસૂત્રમાં કહેલી પ્રક્રિયાઓ તથા અન્ય દર્શનમાં પ્રતિપાદન કરેલી પ્રક્રિયાઓ પૂર્વથી ચાલતી આવતી હતી, અને આ દર્શનોમાં તો તેનું ગ્રથન માત્ર સૂત્રથી કર્યું છે.[1] આમ હોવાથી જ સાંખ્યમાં અન્ય દર્શનોનાં મતોનું ખંડન તથા અન્ય દર્શનોમાં સાંખ્યનું ખંડન દેખાય છે. વળી લલિતવિસ્તરઉપરથી બુદ્ધ યોગમતને જાણનાર તથા પાળનાર હતા એ નીકળે છે. તેથી આ ખંડનથી કશું સિદ્ધ થઈ શકે એમ નથી. એટલુંજ નહિ પણ આ બધાં પતંજલિનાં જ રચેલાં સૂત્રો છે કે પતંજલિએ પ્રથમ રચી શિષ્યો પ્રશિષ્યો દ્વારા આનો પ્રચાર કરેલો અને પછી કોઇ કુશલ શિષ્યે આનું ગ્રથન કર્યું છે એ પણ પાશ્ચાત્ય મતથી સંદિગ્ધ થયું છે. એઓ કપિલના સાંખ્ય તથા બાદરાયણનાં વેદાન્તસૂત્રોમાટે આવો જ અભિપ્રાય દર્શાવે છે. તો આ રીતે તો વિજ્ઞાનવાદનું ખંડન કરનાર સૂત્ર પતંજલિનું જ રચેલું હશે કે પાછળથી થયું હશે એ પણ એ મતમાં સંદિગ્ધ રહેવાનું. તેથી આ ખંડનસૂત્રથી કદાપિ આવી રીતે સાધ્યસિદ્ધિ થઇ શકે એમ નથી.

વળી જે માધવાચાર્યકૃત શંકરજય ઉપરથી કહ્યું છે તે પણ અયોગ્ય છે કારણકે એ મતગ્રંથો કેટલે અંશે શ્રદ્ધેય ગણવા એ સંશયજેવું છે, અને પાશ્ચાત્ય વિદ્વાનો એનું બહુ અંશે પ્રમાણ પણ લેતા નથી. વલ્લભદિગ્વિજય, સૌરપુરાણ વિગેરે ગ્રંથોમાં આવી રીતે જે આચાર્યોમાટે લખાણ દેખાય છે તે વસ્તુગત્યા કેટલે અંશે સત્ય હશે એ સ્વતંત્ર પ્રમાણથી નિર્ણય કરવું પડે છે. અને વળી એ શંકરવિજયમાં જે વાત લખી છે તે ગ્રંથકર્તાનો અભિ-

---

1. જુઓ. Dr. Rajendralal's Preface to the Yoga Aphorism. 17.

પ્રાય માત્ર બતાવે છે. એમનો આ બૌદ્ધ સંબંધી અભિપ્રાય તે તે આચાર્યે કરેલાં કાર્યોપરથી થવો જોઇએ અથવા અન્ય પ્રમાણથી થવો જોઇએ. ત્યાં અન્ય પ્રમાણથી હોય તો તે જ પ્રમાણની કંઇ કિંમત છે, આ અંતર્ગડુ દિગ્વિજયનો પ્રમાણવ્યવસ્થામાં શો ઉપયોગ છે? અને જો કાર્યો ઉપરથી કલ્પના હોય તો તેવી કલ્પના તો કોઈ માણસ બૌદ્ધનો અમુક વાદ છે એટલું જ માત્ર જાણતો હોય અને પછી એ આચાર્યોના ગ્રંથો વાંચે તો તેટલાથી આજે પણ તે માણસ એવી કલ્પના કરી શકે. પણ તેટલાથી એ એ આચાર્યો બુદ્ધ પછી થયા એમ કહી શકાય એમ નથી. કારણ કે પતંજલિએ બુદ્ધની પૂર્વે વિજ્ઞાનવાદનું ખંડન કર્યું હોય અને એ મત ઉત્તર કાલે બૌદ્ધ લોકોએ સ્વીકર્યો હોય તોપણ જ્યારે બૌદ્ધમતનો પ્રચાર હોય તેવે સમયે કોઇ પતંજલિમાટે લખે તો તે એ રૂપમાં જ લખવાના. તેથી આ શંકરજયથી સાધ્યની સિદ્ધિ થઇ શકે એમ નથી. વળી એ શંકરજયમાં કેવલ બૌદ્ધમતનું જ કહ્યું નથી પણ બૌદ્ધ વિગેરે અનેક નાસ્તિકમતના ખંડનમાટે અવતરણ થયેલું કહ્યું છે. તો બૌદ્ધમતના ખંડન માટે જ પતંજલિ થયા અને અન્ય નાસ્તિકોના ખંડનમાટે નહોતા અવતર્યા એવું ગ્રંથકારને વિવક્ષિત છે એમ શાથી મનાય ? તેથી સર્વ રીતે જોતાં આવા હેત્વાભાસથી પતંજલિ બુદ્ધની પછી થયા એ સિદ્ધ થઇ શકતું નથી.

આ રીતે જે વિદ્વાનો બુદ્ધપૂર્વે પતંજલિને માને છે તેમનો મત છે. એઓ પોતાના પક્ષના સમર્થનમાટે વિવિધ યુક્તિઓ આપે છે તથાપિ તે સર્વનું અત્ર પ્રતિપાદન કરવાથી બહુ જ વિસ્તાર થઇ જાય એમ છે તેથી થઇ શકે એમ નથી.[1] અત્ર એ કહેવા જરૂર નથી કે આ યુક્તિઓને અન્ય પક્ષકારો સંમત ગણતા નથી કેમકે એ તો જનસ્વભાવ જોતાં સ્વાભાવિક છે. છતાં એ સર્વનો સવિસ્તર ઉત્તર એ પક્ષકારોએ કોઇ સ્થલે આપ્યો જાણવામાં નથી.

આ સર્વથી એ સિદ્ધ થાય છે કે પતંજલિના વંશસંબંધે અર્થાત્ માતાપિતાસંબંધે જ કંઇક જાણવામાં આવ્યું છે. એ શિવાય એમના સંબંધે અધિક જાણવામાં નથી. તેમ જ એમના સમય

૧. જિજ્ઞાસુએ Vicissitudes of Aryan Civilization by Prof. M. M. Kunte એ પુસ્તક જોવું.

માટે અત્રત્ય શાસ્ત્રપુરાણાદિને માનનારમાં વાદવિવાદ ઓછો છે છતાં પાશ્ચાત્ય વિદ્વાનોમાં એ સંબંધે ઐકમત્ય થયું નથી પણ એટલું જ માત્ર સિદ્ધ થયું છે કે પતંજલિ આજથી બે હજાર વર્ષ સુધીમાં તો થયા જ નથી. ક્યારે થયા છે તે અનિશ્ચિત છે. તેથી મોટામાં મોટો અંતર લઈએ તો ઈ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષથી તે ઈ. સ. પૂર્વે ૨૦૦ વર્ષ સુધીમાં પતંજલિ થવા જોઈએ. એ શિવાય હાલ ચોકસ કશું જણાતું નથી. આ ચર્ચા સાધકોને તો બહુધા નિરુપયોગી હોવાથી પતંજલિ ક્યારે થયા છે તથા એમનાં માતાપિતા કોણ હતાં કે એઓ શું કરતાં હતાં એ વિગેરે વિચાર અનુપાદેય છે. તેમ જ તત્ત્વશોધકને પણ આ ચર્ચા અધિક ઉપયોગી થઈ પડે એમ નથી. ગ્રંથની પ્રક્રિયાનું પ્રામાણ્ય તો આ ચર્ચાસાથે સંબંધવાળું જ નથી એ તો પૂર્વે જ સૂચવ્યું છે. તેથી કોઈને આથી વ્યામોહ થવા કારણ નથી. હાલ અધિક સાધનોના અભાવે એ સંબંધમાં આટલાથી જ સંતોષ માનવો ઉચિત છે.

આ પતંજલિનાં સૂત્રોપર સંસ્કૃતમાં વિવિધ વ્યાખ્યાનો થયાં છે તેમાં સૌથી પ્રધાન તો ભાષ્ય છે. એ ભાષ્ય વ્યાસનું કરેલું કહેવાય છે. એ વ્યાસ તે વેદવ્યાસ જ હશે કે અન્ય કોઈ હશે એ સંશયગ્રસ્ત છે. છતાં એ ભાષ્ય પણ દુર્બોધ હોવાથી એનાપર જે ટીકાઓ થઈ છે તે ટીકાના કર્તા તથા પ્રાયશઃ યુરોપીયવિદ્વાનો આ વેદવ્યાસનું જ ભાષ્ય છે એમ સ્વીકારે છે. આ ટીકામાં એક ટીકા વાચસ્પતિમિશ્રની છે તથા બહુધા શુદ્ધ અર્થને સ્ફુટ કરે છે. અન્ય ટીકા વિજ્ઞાનભિક્ષુની છે જે યોગવાર્તિક કહેવાય છે. એ વાર્તિકમાં કોઈ કોઈ સ્થલે જરા વિલક્ષણતાવાળો અર્થ લીધેલો પ્રતીત થાય છે તથાપિ સામાન્ય રીતે એ વ્યાખ્યા ગાઢાર્થવાળી છે તથા ઘણા વિષયોને બહુ સારી રીતે સ્ફુટ કરે છે. આ બે ટીકામાં પણ વાચસ્પતિમિશ્રની વ્યાખ્યા પૂર્વની છે અને વિજ્ઞાનભિક્ષુની ત્યાર પછીની છે. વાચસ્પતિમિશ્રનો સમય નિર્ણીત થયો નથી. વિજ્ઞાનભિક્ષુને થયાને ૩૦૦ વર્ષ ઉપર લગભગ થયાં મનાય છે.

આ બે ટીકા ભાષ્યઉપર જ છે. અન્ય ટીકા સૂત્રઉપર છે, તથા તે વૃત્તિ, ભોજવૃત્તિ અથવા રાજમાર્તંડ કહેવાય છે. એ ટીકા બહુધા સૂત્રના **અર્થને** વિશેષ ચર્ચા વિના સ્પષ્ટ કરે છે તથા ભાષ્ય

વિગરે કરતાં એમાં અર્થ બહુ ઓછો છે. આ હેતુથી સૂત્રોનું યથાશ્રુત સ્પષ્ટીકરણ એ ટીકાથી થાય છે તથાપિ પ્રક્રિયાસર જ્ઞાન વિસ્તારથી એનાથી થતું નથી, તથાપિ સંક્ષિપ્ત હોવાથી સાધારણ અર્થને સમજવા એ ટીકા સારી છે. સૂત્રસહિત એ ટીકાનું અંગ્રેજીમાં ઉત્તમ ભાષાન્તર ડા. રાજેન્દ્રલાલ મિત્રએ કર્યું છે તે પ્રસિદ્ધ છે. સાધારણ રીતે એ ટીકાકાર ધારાના રાજા ભોજ હશે એમ ગણાય છે પણ અન્ય એ મતને સ્વીકારતા નથી. આ ભોજવૃત્તિ શિવાય અન્ય મણિપ્રભા નામની ટીકા પણ પ્રસિદ્ધ છે. એ ટીકા બહુધા વાચસ્પતિમિશ્રના મતને જ મળતી છે. એનું ગુજરાતીમાં ભાષાન્તર થયેલું હોવાથી એ સુલભ છે. આ બંને ટીકા ઉપરની ભાષ્યપરની ટીકા કરતાં ઘણે અંશે નિકૃષ્ટ છે.

યોગ સંબંધી અનેક ગ્રંથો રચાયેલા છે જેમાંના કેટલાએક પ્રસિદ્ધ થયા છે અને અન્ય લેખો પુસ્તકરૂપે વિદ્યમાન છે તથા અન્યનાં નામ માત્ર પ્રસિદ્ધ છે.[1] તથાપિ તે સર્વમાં આ યોગસૂત્ર જ મુખ્ય છે તેથી સર્વથી વિશેષ આદરથી એ અવલોકવા જેવું છે. આમાં જેવી શાસ્ત્રીય પ્રક્રિયાઓ છે તેવી અન્ય યોગગ્રંથોમાં નથી તેથી એ સર્વમાં આ ઉત્તમ છે. એટલું જ નહિ પણ સાધનોના પ્રતિપાદનમાટે આ મુખ્ય ગ્રંથ હોવાથી અન્ય સંપૂર્ણ દર્શનોકરતાં સાધનજિજ્ઞાસુમાટે આ ગ્રંથ શ્રેષ્ઠ છે. ઇતિ.

---

૧ જુઓ Dr. Rajendralal Mitra's Appendix to his Translation of the Yoga Aphorisms.

શ્રી.

યોગસૂત્રભૂમિકાનું શુદ્ધિપત્ર.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬	૨	અભાવ	અભાવ)
"	૪	હિતકર	હિતકર હોવાથી
૮	૩૦	મિત્રે પેલા પાંચ પગવાળાને	મિત્રને પેલા પાંચ પગવાળાએ
૯	૩૧	જ્ઞાતૃત્વ	કર્તૃત્વ
૧૦	૨૧	વેદરશિ	વેદરાશિ
"	૩૩	વદના	વેદના
૧૩	૯	પ્રાથમક	પ્રાથમિક
૧૪	૩	તેજ	તેજ હૈમ
૧૬	૧૩	આપવામાં	આપવામાં આવે
૧૭	૨	છે.	છે એ
૨૦	૧	ત્વના વાચ્યતા	ત્વની યોગ્યતા
૨૪	૨૪	ઉપચયથી	ઉપચારથી
"	૩૪	િપયના	વિષયના
૨૬	૧	પ િણામ	પરિણામ
૩૪	૨૭	અન્ય કોઈ	એજ
૩૬	૧૯	સંતોપ	સંતોષ
૩૯	૨	અશંથી	અંશથી
"	૧૬	શાંકન્દ્વાદિ	શાકન્દ્વાદિ
"	૨૮	પુર્વ ં	પૂર્વમાં
૪૨	૮	મહાભ્યના	મહાભાષ્યના
૪૪	૧	મૌય	મૌર્ય
"	૨૩(તથાઅન્યત્ર)	બુદ્ધ	બૂદ્ધ
૪૫	૫	પક્ષનું પણ	પક્ષનું આ
૫૨	૯	વિપદ	નિપદ
"	૧૨	સ-	સૂત્ર-
"	૨૮	પાશ્ચાત્ય	પાશ્ચાત્ય

શ્રીપાતંજલયોગદર્શનનું શુદ્ધિપત્ર.

(તા. ક. પોતાની મેળે સુધારી શકાય એવી સામાન્ય છાપાની કેટલીક અશુદ્ધિ આમાં જરૂર નહિ જણાવાથી સુધારી નથી.)

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧	૧૫, ૨૨	श्रति	श्रुति
૧	૨૪	શોને	શૌનો
૨	૧૫	દાન્ત	દાન્તથી
૧૦	૯	"અથવા...યોગ્યજ છે." આ પંક્તિઓને પંક્તિ ૭ માં "આરોપ છે" પછી વાંચવી.	
૨૩	૯	એ જે	એ
૨૮	૨	ના સં	ના અસ
૫૧	૬	साश्व	सान्त्व
૫૨	૬	स्त्यि	स्थ
૫૫	૨૫	સને (દગ્ધ નહિકરી)	સને
૬૨	૨૨	સાભરિ	સૌભરિ
૬૩	૧૫	વિરક્ત	અતિરિક્ત
૬૭	૧૮, ૧૯	૧૯ મી પંક્તિને બદલે ૧૮મી અને ૧૮ને બદલે ૧૯મી વાંચવી.	
૭૧	૧૪	વશા	વૈશા
૭૪	૧૪	त्त्वित्त व	चित्तस्व
૮૪	૧૪	યાસ્ત્ર	શાસ્ત્ર
,,	૧૭	સાધરૂપ	સાધનરૂપ
૮૫	૨૫	સિદ્ધ	શુદ્ધ
,,	૩૩	રૂપસત્ત્વના	સત્ત્વરૂપ સ્વના
૯૧	૨૪	ક્રમોદ	ક્રમાદિ
,,	૨૯	प्रमा	प्रमा
૯૪	૨૦	અવ	અનવ
૯૬	૨૩	છે વ્યર્થ	છે તે વ્યર્થ
૧૦૬	૩૧	अगम	अंगमे
૧૧૧	૩૧	वंति मानव:	वंति मानवाः
૧૧૫	૧૧	૩૬	૩૫
૧૧૯	૭	संचेका	संका
૧૩૩	૧	મનનાં	મનનમાં
૧૫૦	૩૦	ત્ય	ત્યય
૧૫૩	૨૮	प्रत्स्ये	पत्स्ये
૧૬૫	૨૩	મુક્તિને	મુક્તને
૧૬૬	૫	વર્તમાન	વતમાન
૧૮૬	૧૩	એને	અને
૧૯૧	૩૩	તેથી ત્યાં તો	તેથી
૧૯૪	૧૧	राज्ञ:	राज्ञः

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૦૭	૧૧	હોય	હેય
૨૦૯	૨	સ્થાળા	સ્થાવાળા
૨૧૦	૨૩	સંયોય	સંયોગ
૨૧૫	૨૪	અપ,	અપ, તેજ,
,,	૨૯	જે અને	જે
૨૨૩	૧૫	મત્ત	મહત્ત
૨૩૩	૩૩	મોક્ષ	મોક્ષ
૨૩૭	૨	હેવાથી	હોવાથી
૨૪૧	૨૫	જ અદર્શન	જ—અદર્શન
,,	૨૮	તેથી આ	તેથી—આ
૨૪૨	૩૨	સંયોગભાવો	સંયોગાભાવો
૨૪૭	૨૮	અંગોનું	અંગોના
૨૫૨	૧૬	એ શુદ્ધિ	એની શુદ્ધિ
૨૫૩	૯	નશ્ચય	નિશ્ચય
૨૫૯	૭	મહિસા	મહિંસા
૨૬૨	૨	વિતકો	વિતર્કો
૨૬૪	૧૩	અંતઃકરણના	અંતઃકરણની
૨૬૭	૩૧	તિરસ્કાર	તિરસ્કાર
૨૭૦	૨૭	નિયર્ત	નિયત
,,	૩૪	એવે	એવો
૨૭૧	૨૩	થાય કરાયેલા	કરાયેલા
૨૭૩	૩૪	આનમાં	આસનમાં
૨૭૪	૩૪	માપદેશ શ્લોક	મોપદેશ શ્લોક
૨૮૦	૧૫, ૨૧	બાહ્મ	બાહ્ય
,,	૧૭	આભ્યંર	આભ્યંતર
,,	૨૯, ૩૦	સાહત	સહિત
૨૮૩	૧૮	માત્રામાળો	માત્રાવાળો
૨૮૫	૧	શરીરો ।	શરીરોના
,,	૯	સકાલ	સકાલે
૨૮૬	૩૦	જ માણે	જ પ્રમાણે
૨૮૭	૩૨	તે િયમે	તે નિયમે
૨૯૦	૨૮	કર્મોના દોપ	કર્મોના કોષ
૨૯૪	૫	દ્વિતોયે	દ્વિતીયે
૨૯૮	૧૦	કહેલાં છે	કહેલાં છે
,,	૧૭	અવયરૂપ	અવયવરૂપ
૩૦૦	૨૨	િષયમાં	વિષયમાં
૩૦૧	૩૪	મર્ય	મર્ધ્ય
૩૦૩	૮	સધનોને	સાધનોને
,,	૨૫	યાગાદિ	યમાગાદિ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૦૪	૭	ઉકારક	ઉપકારક
,,	૨૨	આ	આઠે
૩૦૫	૧૭	રાહતથી	રહિત નથી
,,	૩૨	વ્યુત્થાનિ	વ્યુત્થાનનિ
૩૦૮	૨	અતે	અંતે
,,	૧૫	કરાપણા	કરવાપણા
૩૦૯	૧૧	બતા યો	બતાવ્યો
૩૧૦	૨૪	પ ણામ	પરિણામ
૩૧૬	૩૪	જે બુદ્ધે	બુદ્ધે
૩૨૧	૩૩	વર્તમાનઅધ્વમી	વર્તમાનઅધ્વમાં
૩૨૨	૧૦	ધર્મના	ધર્માંના
૩૨૪	૧૫	અ શબ્દો	એ શબ્દો
,,	૨૮	પદાર્યના	પદાર્થના
૩૨૭	૪	કર્યા	કર્યું
૩૨૮	૧૭	નાહ...આયુષરૂપા પાકને	નહિ...આયુષ્રૂપ વિપાકને
૩૩૩	૩૪	વે	સર્વ
૩૩૭	૬	આભભૂત	અભિભૂત
૩૪૦	૧૯	પ્રાતિમ ાવણ	પ્રાતિમશ્રાવણ
૩૫૦	,,	યોગીનું	યોગીને
૩૫૪	૨૬	રૂપે	રૂપ
૩૫૫	૧૪	પદાર્થો	પદાર્થોને
૩૫૬	૨૩	નીચલાદિ	નીલાદિ
૩૫૭	૨૨	ઇસિત	ઇપ્સિત
૩૬૫	૧	પદાર્થોના બદનું	પદાર્થોના ભેદનું
૩૮૧	૨	અશુકલઅ	અશુકલ
,,	૧૨	કમા	કર્મો
૩૮૭	૨૫	ક્ષપ	ક્ષેપ
૩૯૨	૧૩	દેવશરીમાંનું	દેવશરીરમાંનું
૩૯૮	૧૮	૨૫	૨૫૨
૩૯૯	૧૨	ત ।	તથા
૪૦૧	૭	પ ર્થ	પદાર્થ
૪૦૪	૩૧	ધણ	પણ
૪૦૮	૧૭	જ્ઞા ક	જ્ઞાપક
૪૧૪	૩	આકારને	આકારને
૪૧૬	૨૮	અને દ્રષ્ટા	દ્રષ્ટા
૪૨૦	૨૯	મધ્ ા	મધ્યે
૪૨૨	૧૩	મર્ધ	ધર્મ
૪૨૫	,,	ધર્મ	ધર્મ
,,	૨૫	વિવિધ	ત્રિવિધ

॥ ॐ श्री ॥

॥ पातंजलयोगदर्शनम् ॥

॥ सविस्तरव्याख्योपेतम् ॥

क्लेशकर्मविपाकातीतान्मे नत्वा श्रीनृहरीन् गुरून् ।
साधकवर्गसंप्रीत्यै योगव्याख्या वितन्यते ॥

ક્લેશ, કર્મ, વિપાકવગેરેથી રહિત શ્રીનૃસિંહ ભગવાનને નમસ્કાર કરીને સાધકવર્ગની સમ્યક્ પ્રીતિને અર્થે આ યોગશાસ્ત્રનું વ્યાખ્યાન થાયછે.

અહિં એ આક્ષેપ કરાય છે કે આ યોગશાસ્ત્ર આરભ્ય જ નથી તો પછી એનું વ્યાખ્યાન કરવું કેવલ અનુચિત છે. આ આક્ષેપ વિશેષ યોગ્ય નથી. કેમકે પ્રથમ તો જે નિષ્ફલ હોય તેનો આરંભ કરવો ઘટતો નથી, પણ યોગશાસ્ત્ર નિષ્ફલ નથી કારણ કે શ્વેતાશ્વતર શ્રુતિ કહે છે કે ध्याननिमर्थनाऽभ्यासाद् देवं पश्येन्निगूढवत् । અગ્નિવત્ ગૂઢ રહેલા જ્યોતિરૂપ આત્માને ધ્યાનરૂપ નિર્મથન કરીને જોવો. આ શ્રુતિથી એ સિદ્ધ થાય છે કે ધ્યાન શબ્દથી ઉપલક્ષિત યોગથી તત્ત્વજ્ઞાન થાય છે. અને તત્ત્વજ્ઞાનથી ज्ञात्वा देवं सर्वपाशाऽपहानिः क्षीणैः क्लेशैर्जन्ममृत्युप्रहाणिः—આ શ્વેતાશ્વતર શ્રુતિ અવિદ્યાદિ ક્લેશરૂપ સર્વ પાશની હાનિ તથા ક્લેશોનો ક્ષય થવાથી તેનાં કાર્યરૂપ જન્મમૃત્યુની હાનિ કથન કરે છે. તેમ જ अध्यात्मयोगाधिगमेन मत्वा देवं धीरो हर्षशोकौ जहाति અધ્યાત્મયોગની સિદ્ધિથી જ્યારે પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે ત્યારે એ ધીર પુરુષના હર્ષશોક જતા રહેછે—એ શ્રુતિ તથા मुक्तिर्योगात्तथा योगः सम्यग्ज्ञानात् महीयते । એ શ્રીમદ્ ભગવદ્ગીતાનું વચન પણ એ જ કહે છે કે યોગથી તત્ત્વજ્ઞાન તથા તદ્દ્વારા સર્વ ક્લેશોનો ક્ષય થાય છે અર્થાત્ જીવન્મુક્તિ થાય છે. શ્રી બ્રહ્મપુરાણમાં પણ સ્પષ્ટ કહ્યું છે કે यस्मिन्काले स्वमात्मानं योगी जानाति केवलम् । तस्मात्कालात्समारभ्य जीवन्मुक्तो भवेदसौ ॥ જે કાળે યોગી પોતાના આત્માને નિર્વિશેષ ચિન્માત્રરૂપે દૃઢ રીતે અનુભવે છે તે કાળથી તે જીવન્મુક્ત થાય છે. આપ્રમાણે આ શાસ્ત્રનો પ્રતિપા

વિષય જે યોગ તે જીવન્મુક્તિરૂપ ફલને આપનાર હોવાથી આ શાસ્ત્ર નિષ્ફલ નથી અને તેથી અનારભ્ય નથી એ સ્પષ્ટ દેખાય છે.

આ શાસ્ત્ર અનારભ્ય કરવામાં બીજું કારણ એ હોઇ શકે કે એનો વિષય અશક્ય હોય, પણ તેમ પણ નથી. ઉચિત સાધનના યોગ્ય અભ્યાસવડે તથા ક્લેશાદિના સ્પર્શથી રહિત શ્રીપુરુષસિંહ ભગવાનના અનુગ્રહવડે યોગ સાધ્ય થાય છે. શ્રીપતંજલિ ભગવાન્ પણ ईश्वरप्रणिधानाद्वा એ સૂત્રથી એ જ અર્થનું બોધન કરેછે. શ્વેતાશ્વતર શ્રુતિમાં तत् कारणं सांख्ययोगाधिगम्यं તે સર્વનું કારણ વિચાર તથા ચિત્તવૃત્તિની એકાગ્રતારૂપ યોગથી જણાય છે ઇત્યાદિ વચનોથી તત્ત્વજ્ઞાનપ્રતિયોગને સાધનરૂપ કહી વર્ણ્યો છે. જો યોગ અસાધ્ય હોય તો ઉક્ત શ્રુતિ અશક્ય સાધનનો બોધ કરનાર હોવાથી વ્યર્થ ઠરે. તેથી પણ યોગ સાધ્ય છે એ સિદ્ધ થાયછે. આથી વિષયના અસંભવરૂપ હેતુ પણ અસિદ્ધ છે. તેથી પણ આ શાસ્ત્ર આરભ્ય છે.

યદ્યપિ આ શાસ્ત્ર સપ્રયોજન છે તથા એનો વિષય સંભવિત છે તથાપિ વિચારપ્રધાન શાસ્ત્રરૂપ વેદાન્ત મતાથે છે તેથી આ શાસ્ત્ર અનારભ્ય છે—એ કહેવું યુક્ત દેખાતું નથી. કેમ કે જ્ઞાનથી મોક્ષ થાય છે એ વાત સત્ય છે તથાપિ જ્ઞાન પોતાના સ્વભાવથી શરીર તથા અંતઃકરણ વા ચિત્તના નિર્વાહક પ્રારબ્ધકર્મનું વિરોધી નથી તેથી જ્ઞાનીએ જ્ઞાન થયાપછી પણ અવશિષ્ટ પ્રારબ્ધને ભોગવી ક્ષય કરવાં પડેછે. જ્ઞાન જાતે ઉક્ત પ્રારબ્ધનું વિરોધી નથી એ વાત શ્રુતિમાં સ્પષ્ટ કહી છે. શ્રુતિ કહેછે કે तस्यतावदेव चिरं यावन्न विमोक्ष्येऽथ संपत्स्ये— તે તત્ત્વજ્ઞાની મહાત્માને શરીર છૂટે એટલો જ વિદેહકૈવલ્યમાં વિલંબ હોય છે, અને શરીર છૂટવાથી તે અદ્વૈત બ્રહ્મરૂપથઇ રહેછે. આથી એ સ્પષ્ટ છે કે વિચારપ્રધાન માર્ગે તત્ત્વજ્ઞાનને પામેલા મહાત્માને વિદેહકૈવલ્ય તત્કાલ પ્રાપ્ત થતું નથી. એથી ઉલટું યોગથી સંચિત તથા ક્રિયમાણની સાથે પ્રારબ્ધનો પણ ક્ષય થઈ શકે છે અને તેથી તત્કાલ વિદેહકૈવલ્ય પ્રાપ્ત કરી શકાય છે. શ્રી વિષ્ણુપુરાણમાં विनिष्पन्नसमाधिस्तु मुक्तिं तत्रैव जन्मनि ।प्राप्नोति योगी योगाग्निदग्धकर्मचयोऽचिरात् ॥ જે યોગીને અસંપ્રજ્ઞાત સમાધિ સિદ્ધ થઈ છે અને તેથી જેનાં સમગ્ર કર્મ દગ્ધબીજ થઇ ગયાં છે તેને આ જન્મમાં જ તત્કાલ મુક્તિ મળે છે ઇત્યાદિ વચનોથી યોગથી તત્કાલ વિદેહકૈવલ્ય મળી શકે છે એ સ્પષ્ટ કહ્યું છે. મોક્ષધર્મમાં પણ नास्ति सांख्यसमं ज्ञानं नास्ति योगसमं बलम्। ઇત્યાદિ વાક્યથી એ જ અર્થ કહ્યો છે કે અધ્યાત્મ વિચારથી થતા જ્ઞાનજેવું જ્ઞાન નથી અને યોગના સમાન બલ નથી, કેમકે યોગથી સંપૂર્ણ પ્રારબ્ધ કર્મ-

મેનું પણ અતિક્રમણ કરી શકાય છે. આ પ્રમાણે જ્ઞાનથીઅધિક ફલવાળો યોગ હોવાથી તત્પ્રતિપાદક શાસ્ત્ર જ્ઞાનનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રથી ગતાર્થ નથી. કદાચ જ્ઞાન ને યોગ બંનેસમાન ફલવાળાં લઇએ તો પણ જ્ઞાનમાર્ગ સાધનચતુષ્ટયસંપન્ન માણસને જ અનુકૂલ છે, અન્ય સર્વને એ યથાર્થ ફલ આપતો નથી, અને આ યોગમાર્ગ છે તે તો સમાહિત અંતઃકરણવાળાને તથા વિક્ષિપ્ત અંતઃકરણવાળાને એમ પ્રાયશઃ સર્વને યથાર્થ ફલનો આપનાર છે. તેથી યોગ ગતાર્થ માનીએ તોપણ અધિકારીભેદથી પણ તદ્વિષયક શાસ્ત્ર આરમ્ભ કરેછે તો પછી જ્યારે અનેક પ્રમાણોથી યોગનું અધિક ફલ સિદ્ધ થાય છે ત્યારે તદ્વિષયક શાસ્ત્ર અવશ્ય આરંભવાયોગ્ય ઠરે એમાં શું કહેવું હતુ!

આ પ્રમાણે અનેક રીતે આ શાસ્ત્ર આરમ્ભ ઠરે છે તથાપિ એ શાસ્ત્ર ગુરુમૂલક નથી તેથી પુનઃ અનારભ્યતા પ્રાપ્ત થાય છે. એ શંકાનો ઉત્તર આપતા તથા પરિણામે યોગશાસ્ત્ર આરમ્ભ છે એ પ્રતિજ્ઞા કરતા શ્રીપતંજલિ કહે છે કે—

अथ योगानुशासनम् ॥ १ ॥

સૂત્રાર્થઃ—યોગાનુશાસન નામનું શાસ્ત્ર અધિકૃત (આરંભ કરવાયોગ્ય તથા આરંભાયલું) જાણવું.

અથઃ—કોષમાં અથશબ્દના પ્રશ્ન, કાત્સ્ન્ર્ય, આનંતર્ય, મંગલ અને અધિકાર એટલા અર્થ આપ્યા છે. અમરકોષમાં કહ્યું છે કે मंगलानंतरारंभप्रश्नकार्त्स्न्येष्वथो अथ । મંગલ, અનન્તર, આરંભ (અધિકાર,) પ્રશ્ન અને કાત્સ્ન્ર્ય એટલા અર્થવિષે અથો અને અથ શબ્દો વપરાય છે. તેમાં આ સ્થળે પ્રશ્ન અને કાત્સ્ન્ર્યરૂપ અર્થની તો પ્રાપ્તિ જ આવતી નથી, કેમકે આ અથશબ્દ આરંભક સૂત્રસ્થ છે અને આરંભક સૂત્રસ્થ અથશબ્દ માત્ર ત્રણ અર્થમાં જ વપરાય છે. શ્રીગારુડવિષે કહ્યું છે કે आनंतर्येऽधिकारे च मंगलार्थे तथैव च । अथशब्दोऽतः शब्दो हेत्वर्थे समुदीरितः ॥ આનંતર્ય, અધિકાર અને મંગલ એ ત્રણ અર્થમાં જ અથશબ્દ વપરાય છે. તેથી આ અથશબ્દનો આનંતર્ય, મંગલ અને અધિકાર એટલે આરંભ એ ત્રણમાંથી કયો અર્થ છે તે વિચારવાનું છે.

(૧). ત્યાં આનંતર્ય અર્થ તો નથી. આનંતર્યના બે અર્થ થાયછે. જે એક પદાર્થ અન્ય પદાર્થથી ભિન્ન હોય તે તેનાથી અનંતર કહેવાય છે. જેમ અશ્વથી ગાય અનંતર છે એટલે ભિન્ન

છે. આ અર્થાન્તરત્વરૂપ અર્થ આનંતર્યનો ગૌણ અર્થ છે. મુખ્યાર્થમાં જે બે પદાર્થોવચ્ચે કાર્યકારણભાવ હોયછે તે પદાર્થોમાંનું જે કાર્ય તે કારણથી અનંતર કહેવાય છે. આ સ્થળે આ બંનેમાંથી કોઈ પણ અર્થમાં અથશબ્દથી આનંતર્ય લેવું ઉચિત નથી. પ્રથમ મુખ્યાર્થ લઇ જોઇએ. આ અધિકારસૂત્ર હોવાથી એનો એ અર્થ છે કે યોગાનુશાસન નામનું શાસ્ત્ર આરંભાય છે. આથી એ સ્પષ્ટ છે કે આ સૂત્રથી શાસ્ત્રના આરંભની પ્રતિજ્ઞા કરાય છે, શાસ્ત્રનો પ્રતિપાદ્ય વિષય જે યોગ તેના આરંભની પ્રતિજ્ઞા નથી. તેથી શાસ્ત્રના આરંભમાં જે હેતુ હોય તેનાથી આનંતર્યનો અથશબ્દ બોધ કરે. યોગનો આરંભ કરનાર અધિકારીનાં વિશેષણો (જેવાં કે શ્રીમદ્ ભગવદ્ગીતામાં नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः। न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ॥ અત્યાહાર કરનાર, નિયમે કરીને આહારવિના રહેનાર, અતિનિદ્રા લેનાર તથા અધિક જાગરણ કરનાર માણસને યોગ સિદ્ધ થતો નથી—ઇત્યાદિ વચનોથી કહેલાં મિતાહારત્વ વગેરે, તેમજ अत्याहारः प्रयासश्च प्रजल्पो नियमग्रहः। जनसंगश्च लौल्यं च षड्भिर्योगो विनश्यति અત્યાહાર, બહુ પ્રયાસ, પ્રજલ્પ, કઠિન નિયમોનું ગ્રહણ, જનસંગ અને ઇન્દ્રિયની લોલુપતા એ છવડે યોગનો વિનાશ થાય છે, ઇત્યાદિ હઠયોગપ્રદીપિકામાં કહેલા ત્યાજ્ય દોષોઉપરથી નીકળતા ગુણો વગેરે) યોગાભ્યાસનો આરંભ કરવામાં હેતુરૂપ છે પણ યોગ વિષયનું પ્રતિપાદન કરવામાં હેતુરૂપ નથી. તેથી એ વિશેષણોથી આનંતર્ય લેવાય એમ નથી. યોગશાસ્ત્રનો આરંભ કરવામાં તો માત્ર આરંભ કરવાની ઇચ્છા હેતુરૂપ છે. તે ઇચ્છાથી આનંતર્ય પણ આ સ્થળે લેવાય એમ નથી. કેમકે આરંભ કરવાની ઇચ્છા હોય તથાપિ એ શાસ્ત્ર નિષ્પ્રયોજન હોય વા ગુરુમૂલક નહિ હોય તો અનારભ્ય છે અને નહિ તો આરભ્ય છે. તેથી પૂર્વભાવી ઇચ્છા શાસ્ત્રને આરભ્ય કરવામાં હેતુરૂપ નથી. તેથી સર્વથા મુખ્યાર્થમાં આનંતર્ય ઘટતું નથી.

આનંતર્યનો બીજો અર્થ અર્થાન્તરત્વ છે તે પણ આ સ્થળે લેવાય એમ નથી. કેમકે કોઈ પણ પૂર્વપ્રકૃત અર્થથી આ અર્થાન્તર છે એ પ્રકારનું અર્થાંતરત્વ લેવું જોઇએ, ગમે તે અર્થથી અર્થાંતરત્વ લઇએ તો પ્રથમ તો તેમાં અમુક અર્થથી જ લેવું એમાં કોઇ પણ નિયામક નહિ રહે; અને બીજું તો તેમ કરવાથી આ સૂત્રથી 'આ શાસ્ત્ર આરભ્ય છે' એ ઠેરવવાનું છે તે નહિ સિદ્ધ થાય. તેથી પૂર્વપ્રકૃત અર્થથી જ આ અર્થાંતર છે એવું જ માત્ર લઈ શકાય. પણ તે પણ અ-

યોગ્ય છે, કારણ કે આ આરંભક સૂત્ર છે તેથી એની પૂર્વે કોઇ પણ અર્થ પ્રકૃત નથી. તેથી અથશબ્દથી અર્થાતરત્વરૂપ અર્થ પણ લેવાય એમ નથી. તેથી એ સિદ્ધ થયું કે મુખ્ય અને ગોણુ બંનેમાંથી કોઇપણ અર્થમાં અથશબ્દનો અર્થ આનંતર્ય નથી.

(૨) અથ શબ્દનો બીજો અર્થ મંગલ છે. તે પણ આ સ્થળે લેવાય એમ નથી કેમકે એ અર્થનો વાક્યાર્થસાથે અન્વય કરી શકાતો નથી. શાસ્ત્રારંભે મંગલાચરણ કરવું જોઇએ એ નીતિનું પાલન તો અથ શબ્દના ઉચ્ચારણ વા શ્રવણ માત્રથી થાય છે તેથી તેમાટે પણ અથનો વાચ્યાર્થ મંગલ લેવો નિરર્થક છે. સ્મૃતિમાં કહ્યું છે કે ॐकारश्चाथशब्दश्च द्वावेतौ ब्रह्मणः पुरा । कण्ठं भित्वा विनिर्यातौ तस्मान्माङ्गलिकाविमौ ॥ ॐકાર અને અથ શબ્દ આરંભમાં શ્રીબ્રહ્મા ભગવાનના કણ્ઠમાંથી નીકળ્યા છે તેથી એ શબ્દ માંગલિક છે એટલે મંગલરૂપ પ્રયોજનની સિદ્ધિ કરનાર છે. આ સ્મૃતિથી અથ શબ્દના ઉચ્ચારણ માત્રથી મંગલની સિદ્ધિ થાય છે એ સિદ્ધ થાય છે. તથા શાસ્ત્રારંભે મંગલ નથી કર્યું તેથી એ શાસ્ત્ર વ્યાખ્યા કરવાયોગ્ય નથી એ દોષ પણ દૂર થાય છે. તેથી મંગલાચરણમાટે અથ શબ્દનો અર્થ મંગલ કરવો ઉચિત નથી.

(૩) પરિશેષાત્ જે અધિકાર વા આરંભરૂપ અર્થ છે તે જ આ સ્થળે લેવાય છે, એટલે અથનો અર્થ आरभ्यते આરંભાય છે એ થયો. અથનો અર્થ આરંભ સિદ્ધ થવાથી આ સૂત્ર અધિકારસૂત્ર કહેવાય છે. એ સૂત્રનો શાસ્ત્રની સમાપ્તિપર્યંત અધિકાર છે.

योगानुशासनम्=योगस्य अनुशासनम्-યોગનું અનુશાસન. अनुशिष्यते व्याख्यायते लक्षणस्वरूपभेदोपायफलैर्येन—લક્ષણ, સ્વરૂપ, ભેદ, ઉપાય અને ફલે કરીને જેવડે વ્યાખ્યાન કરાય છે તે. આ વ્યુત્પત્તિથી અનુશાસનનો અર્થ લક્ષણાદિના પ્રતિપાદન એટલે વ્યાખ્યાન કરનાર શાસ્ત્ર થાય છે. તેથી योगा० એટલે યોગનું વ્યાખ્યાન કરનાર શાસ્ત્ર, અથવા તો યોગાનુશાસન નામનું શાસ્ત્ર. સૂત્રકારે યોગશાસન નહિ કહેતાં अनु પદ વધાર્યું છે તેથી એ સૂચવ્યું છે કે આ શાસ્ત્ર કેવલ અપૂર્વ નથી, પણ યોગનું પ્રતિપાદન કરનાર શ્રીહિરણ્યગર્ભ ભગવાનના કરેલા અતિવિસ્તૃત શાસ્ત્રને અનુસરીને રચેલું છે. તેથી આ શાસ્ત્ર આદ્યોચ્ચારણાત્મક શાસનરૂપ નથી પણ અનુશાસનરૂપ છે. યાજ્ઞવલ્ક્યસંહિતામાં કહ્યું છે કે **हिरण्यगर्भो योगस्य वक्ता नाऽन्यः पुरातन.**—યોગના આદ્યવક્તા શ્રીહિરણ્યગર્ભ છે અન્ય કોઈ નથી.

અનુશાસન પદ વાપરવાથી આ શાસ્ત્ર શ્રીહિરણ્યગર્ભપ્રણીત શા-

અને અનુસરીને રચાયેલું છે એ બતાવ્યું છે. અને તેથી એ પદથી 'આ શાસ્ત્ર ગુરુમૂલક નહિ હોવાથી અનારભ્ય છે' એ આક્ષેપનું પણ સૂત્રકારે ખંડન કર્યું છે.

આથી સૂત્રનો અર્થ એ થયો કે योगानुशासनम् आरभ्यते યોગનું અનુશાસન કરનાર શાસ્ત્ર આરંભાય છે અથવા અહિંથી અધિકૃત થયું જાણવું. આ અધિકારસૂત્રથી શાસ્ત્રના અનુબંધચતુષ્ટયનું પણ સૂચન થાય છે. ત્યાં વ્યુત્પાદકનો વ્યાપાર સાધનવિષયક હોયછે તેથી આરભ્યરૂપે પ્રતિજ્ઞાત થયેલા આ યોગાનુશાસનનું કર્મ યોગ હોવાથી આ શાસ્ત્રનો પ્રતિપાદ્ય વિષય યોગ છે એ સિદ્ધ થાયછે. ચિત્તવૃત્તિના નિરોધરૂપ યોગથી સિદ્ધ થતી ઋતંભરા પ્રજ્ઞા તથા ક્લેશાદિ દગ્ધબીજ થવાથી સિદ્ધ થતી વિદેહમુક્તિ એ આ શાસ્ત્રનાં ફલ છે. તે ફલની ઇચ્છાથી યોગની જિજ્ઞાસા રાખનાર માણસ અધિકારી છે. વિષયનો તથા શાસ્ત્રનો પ્રતિપાદ્યપ્રતિપાદકભાવ સંબંધ છે, ફલસાથે પ્રાપ્યપ્રાપકભાવ સંબંધ છે વગેરે.

આ પ્રમાણે આ પ્રથમ સૂત્રથી યોગાનુશાસન નામનું શાસ્ત્ર આરભ્ય છે એ પ્રતિજ્ઞા કરી. એ શાસ્ત્રનો વિષય યોગ છે. ત્યાં યોગ એટલે શું એ પ્રશ્ન થાયછે. તેનો ઉત્તર આપવાને તેનું લક્ષણ કરવાની ઇચ્છાથી સૂત્રકાર દ્વિતીય તૃતીય સૂત્રનો આરંભ કરેછે.

અહિં એ આક્ષેપ કરાયછે કે એ લક્ષણપ્રતિપાદક સૂત્રો વ્યર્થ છે, કેમકે યોગનું લક્ષણ કરવા કશી આવશ્યકતા નથી. યોગ શબ્દનો અર્થ વ્યાકરણથી સ્પષ્ટ જણાઇ આવેછે. એ શબ્દ સમાધિવાચક युज् ધાતુપરથી વ્યુત્પન્ન થયો છે તેથી સમાધિરૂપ અર્થને વ્યુત્પત્તિમાત્રથી બોધન કરેછે, અર્થાત્ વ્યુત્પત્તિમાત્રથી એનો અર્થ સમજાય છે તો પછી લક્ષણની શું આવશ્યકતા છે? કંઇ જ નહિ.

એનો ઉત્તર એ કે યોગ્ય વિચારથી યોગનું લક્ષણ આવશ્યક જ ઠરે છે. કારણ કે પ્રથમ તો વ્યાકરણરૂપ પ્રમાણ લઇએ તો તેથી પણ યોગનો શો અર્થ છે તે નિશ્ચિત થતો નથી. યોગ શબ્દ युज् ધાતુપરથી સિદ્ધ થાયછે એ વાત ખરી છે. પણ युज् ધાતુ જેમ સમાધિવાચક છે તેમ જ સંયોગવાચક પણ છે. તેથી આ યોગશબ્દ સમાધિવાચક युज् ધાતુપરથી આવેછે કે સંયોગવાચક युजिर् ધાતુપરથી આવેછે અર્થાત્ યોગનો અર્થ સમાધિ છે કે સંયોગ છે એ વ્યાકરણમાત્રથી નિશ્ચય કરી શકાય એમ નથી. તેથી એ સંશય દૂર કરવા યોગનું લક્ષણ કરવું આવશ્યક છે. કદાચ એમ લઇએ કે યોગ શબ્દ સમાધિનો વાચક છે તો તેટલાથી પણ

નિર્વાહ થાય એમ નથી. સમાધિ એટલે એકાગ્રતા. અને એકાગ્રતા તો મધુમતી, મધુપ્રતીકા, વિશોકા અને સંપ્રજ્ઞાતરૂપ ચિત્તની ચારે અવસ્થામાં છે. તેથી એકાગ્રતારૂપ અર્થ યોગનો લઇએ તો યોગત્વની ઉક્ત ચારે ભૂમિકામાં પ્રાપ્તિ આવે. પણ તે વિવક્ષિત નથી. તેમ જ સમાધિનો અર્થ એકાગ્રતા માત્ર છે પણ તે યત્કિંચિત્ એકાગ્રતા કે પરિપૂર્ણ એકાગ્રતા જ છે એ નિશ્ચય કરાતું નથી. તેથી સામાન્યરૂપે એકાગ્રતા જ ગ્રહણ કરાય છે. તો તેથી ચિત્તની ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ એ (દ્વિતીય સૂત્રની વ્યાખ્યામાં કહેવામાં આવતી) પાંચે ભૂમિકામાં કંઇ કંઈ પણ એકાગ્રતા હોવાથી યોગત્વની પ્રાપ્તિ આવે. એ પાંચે ભૂમિકામાં યત્કિંચિત્ વૃત્તિનિરોધ વા એકાગ્રતા વિદ્યમાન છે, જેમકે ક્ષિપ્તભૂમિકામાં નિદ્રાવૃત્તિ તથા સાત્ત્વિકવૃત્તિનો અભાવ છે, મૂઢભૂમિકામાં સાત્ત્વિક તથા રાજસવૃત્તિનો નિરોધ છે વગેરે. તેથી યોગનો અર્થ સમાધિ લઇએ તો એ પાંચે ભૂમિકામાં યોગત્વની પ્રસક્તિ આવે છે. પણ તે વિવક્ષિત નથી. તેથી પણ યોગનું લક્ષણ કરવું આવશ્યક છે.

આ પ્રમાણે યોગનું લક્ષણ આવશ્યક સિદ્ધ થાયછે તેથી તે કરવાને સૂત્રકાર ઉત્તર બે સૂત્રો રચેછે. તેમાં પ્રથમ કહેછે કે—

योगश्चित्तवृत्तिनिरोधः ॥ २ ॥

સૂત્રાર્થ—યોગ એટલે ચિત્તવૃત્તિનો નિરોધ અથવા ચિત્તવૃત્તિની સંસ્કારશેષરૂપ અવસ્થા.

આ સૂત્રથી યોગનું×લક્ષણ બતાવ્યું છે. ત્યાં योगः એ લક્ષ્યનો નિર્દેશ કરનાર પદ છે અને चित्त० એ લક્ષણનો નિર્દેશ કરનાર પદ છે.

× જે વસ્તુ વા પદાર્થનું લક્ષણ કરવાનું હોય છે તે લક્ષ્ય કહેવાય છે. જેમ મનુષ્યનું લક્ષણ કરવાનું હોય ત્યારે મનુષ્ય પદાર્થ લક્ષ્ય છે. એ લક્ષ્યમાં રહેલો જે અસાધારણ ધર્મ તે લક્ષણ કહેવાય છે જેમ મનુષ્યમાં રહેલો મનુષ્યત્વરૂપ ધર્મ. અસાધારણ એટલે લક્ષ્યને સજાતીય તથા વિજાતીય પદાર્થમાત્રથી વ્યાવૃત્ત કરનારો. જેમ મનુષ્યત્વ ધર્મ ચેતન પદાર્થરૂપ અન્ય પ્રાણીઓ જે મનુષ્યનાં સજાતીય કહેવાય તેનાથી તથા જડ પદાર્થરૂપ ઘટપટાદિ પદાર્થો જે જડ હોવાથી મનુષ્યથી વિજાતીય કહેવાય તેનાથી પોતાના આશ્રયરૂપ લક્ષ્ય મનુષ્યને વ્યાવૃત્ત કરનાર હોવાથી લક્ષ્યનિષ્ઠ અસાધારણ ધર્મ છે. એ

चित्तवृत्तिनिरोधः=ચિત્તની વૃત્તિઓનો નિરોધ, એટલે ચિત્તની નિરુદ્ધ વા સંસ્કારશેષ અવસ્થા.

चित्तवृत्तिः–સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ દ્રવ્યોનું બનેલું દ્રવ્યવિશેષ ચિત્ત કહેવાય છે. ચિત્તને બુદ્ધિસત્ત્વ, અંતઃકરણ વગેરે સંજ્ઞાઓ પણ આપવામાં આવેછે. અગર જો ચિત્ત ત્રણ દ્રવ્યોનું બનેલું છે તથાપિ એનું મુખ્ય કારણ પ્રધાનપણે રહેલું સત્ત્વ છે તેથી એને બુદ્ધિસત્ત્વ કહેવામાં દોષ નથી. એ ચિત્તને સજીવ બતાવનાર, વિવિધ કારણોને લીધે થતાં એનાં પરિણામવિશેષ વૃત્તિ કહેવાયછે. જેમ સૂર્યમાંથી કિરણો નીકળેછે તે સૂર્યનાં પરિણામવિશેષરૂપજ છે તેમ ત્રિવિધ દ્રવ્યથી બનેલા ચિત્તના કિરણસદૃશ જે પરિણામો તે વૃત્તિ કહેવાય છે. (વૃત્તિનું વિશેષ વિવેચન આગળ પ્રસંગવશાત્ કરવું છે તેથી આ સ્થળે વિસ્તાર કર્યો નથી.) એ ચિત્તની

લક્ષણ યથાર્થ હોવામાટે ત્રણ પ્રકારના દોષોથી રહિત હોવું જોઇએ. તે દોષો અસંભવ, અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ છે. અસંભવ એટલે લક્ષ્યમાત્રમાં નહિ રહેવું તે. જે ધર્મ લક્ષ્યનિષ્ઠ હોય તેજ તેનું લક્ષણ કહેવાય પણ જે ધર્મ લક્ષ્યમાત્રમાં નહિ રહેતો હોય એટલે અસંભવ દોષવાળો હોય તે તેનું લક્ષણ નહિ કહેવાય. જેમકે મનુષ્યનું લક્ષણ બતાવતાં કહેવું કે જે ખરીવાળો હોય તે મનુષ્ય. ખરીવાળાપણું એ ધર્મ મનુષ્યમાત્રમાં નથી હોતો તેથી અસંભવદોષગ્રસ્ત છે અને તેથી મનુષ્યનું લક્ષણ નથી.

અવ્યાપ્તિ એટલે લક્ષ્યના સર્વ પ્રદેશમાં નહિ રહેવું તે. જેમ 'વિદ્વાન્ હોય તે મનુષ્ય' એમ કહીએ ત્યારે મનુષ્યરૂપ લક્ષ્યનું વિદ્વત્તાધર્મ લક્ષણ થયો. એ ધર્મ શ્રીવ્યાસ, પતંજલિ, યાજ્ઞવલ્ક્ય વગેરે મનુષ્યોમાં છે તેથી લક્ષ્યરૂપ મનુષ્યના એક દેશમાં છે પણ અન્ય મનુષ્યો જેઓ અભણ છે તેમાં નથી, તેથી લક્ષ્યના સર્વ પ્રદેશમાં નથી, અને તેથી અવ્યાપ્તિદોષવાળો છે તેથી યથાર્થ લક્ષણ નથી. જો એને યથાર્થ લક્ષણ લઇએ તો અભણ મનુષ્યને મનુષ્ય નહિ કહેવાય, એ દોષ આવેછે. અતિવ્યાપ્તિ એટલે અલક્ષ્ય પદાર્થોમાં પણ રહેવું તે. જેમ "પ્રાણાદિવાળો હોય તે મનુષ્ય" એમ કહીએ ત્યારે પ્રાણાદિમત્ત્વ એ મનુષ્યનું લક્ષણ થયું. એ ધર્મ લક્ષ્યરૂપ મનુષ્ય માત્રમાં છે પણ તેની સાથેજ શ્વાન્‌વગેરેમાં પણ છે. તેથી અલક્ષ્યરૂપ શ્વાન્‌વગેરેમાં રહેલો હોવાથી એ ધર્મ અતિવ્યાપ્ત છે. જો એને લક્ષણ રૂપ લઇએ તો

વૃત્તિઓનો નિરોધઃ-તે યોગ કહેવાય છે. નિરોધના સાધારણ અર્થ અભાવ તથા એકાગ્રતા છે. પણ આ સ્થળે એ બંનેમાંથી એકે લેવાય એમ નથી. જો અભાવરૂપ અર્થ લઇએ તો ચિત્તવૃત્તિનો અભાવ તે યોગ થયો. એ તો સર્વથા સિદ્ધ છે કે અભાવથી ભાવની ઉત્પત્તિ થતી નથી. તેથી જો અભાવરૂપ યોગ હોય તો એમાંથી ભાવની ઉત્પત્તિ નહિ થાય, પણ આગળ એવું કહેવામાં આવશે કે એ નિરોધરૂપ યોગ સ્વસંસ્કારને ઉત્પન્ન કરેછે, એટલે સંસ્કારરૂપ ભાવ પદાર્થને ઉત્પન્ન કરેછે. જો યોગનો અર્થ અભાવ લઇએ તો એ અયુક્ત ઠરે. તેથી નિરોધનો અર્થ અભાવ લેવો યોગ્ય નથી. તેમ જ જો યોગનો અર્થ એકાગ્રતા લઇએ તો ચિત્તવૃત્તિની એકાગ્રતા એટલે સમાધિ તે યોગ થયો. પણ સમાધિને તો આગળ સૂત્રકારે યોગના અંગરૂપ ગણી છે. તેથી જો એકાગ્રતા અર્થ લઇએ તો અંગ એ જ અંગી થાય તથા અંગાંગિ વ્યવહાર અયુક્ત ઠરે. તેથી એ અર્થ પણ લેવાય એમ નથી.તેથી निरुद्ध्यन्ते अस्याम् જેમાં નિરોધ થાયછે તે અવસ્થા—એ વ્યુત્પત્તિથી નિરોધનો અર્થ વૃત્તિના અભાવવાળા ચિત્તની અવસ્થાવિશેષ એ લેવો યોગ્ય છે. નિરોધનો જે સાધારણ અર્થ અભાવ થાયછે તેમાં ને આ અર્થમાં ઝાઝો ફેર નથી. કેમકે આ શાસ્ત્રમાં અભાવને અધિકરણરૂપ જ માન્યો છે, અર્થાત્ અભાવ અધિકરણથી પૃથક્ વસ્તુ માની નથી. તેથી ચિત્તવૃત્તિનો અભાવ એ ખરું જોતાં એ મતપ્રમાણે ચિત્તની અવસ્થાવિશેષરૂપ જ છે.તથાપિ અભાવ અર્થ લેવાથી અભાવને પ્રાધાન્ય પ્રાપ્ત થાયછે અને અભાવવાળી અવસ્થા લેવાથી અવસ્થારૂપ ભાવરૂપ અર્થને પ્રધાન્ય આવે છે, તેથી વૃત્તિના અભાવવાળી અવસ્થા યોગનો અર્થ લઇએ ત્યારે એ અવસ્થા ભાવરૂપ અર્થ હોવાથી સંસ્કારરૂપ ભાવ અર્થને ઉત્પન્ન કરી શકે એમ કહેવામાં કશો દોષ નથી. તેથી चित्तवृत्ति० નો એ અર્થ સિદ્ધ થયોકે બુદ્ધિસત્ત્વના પરિણામરૂપ વૃત્તિઓના અભાવવાળી ચિત્તની અવસ્થાવિશેષ, અર્થાત્ સંસ્કારશેષ અવસ્થા.

ઉપર નિરોધરૂપ યોગનો અર્થ એકાગ્રતા નથી એમ કહ્યું તેથી એ શંકા થાય છે કે જ્યારે એકાગ્રતારૂપ સમાધિ યોગનો અર્થ નથી ત્યારે એને યોગ કેવી રીતે કહેવાય, કેમ કે યોગ શબ્દ

મનુષ્યરૂપ લક્ષ્યની સજાતીય પદાર્થથી વ્યાવૃત્તિ નહિ થાય. તેથી એ અતિવ્યાપ્ત ધર્મ યથાર્થ લક્ષણ નથી. ખરું જોતાં લક્ષણના વિવેચનથી જ આ ત્રણે દોષથી રહિતપણું નીકળેછે તથાપિ સ્પષ્ટાર્થે એ દોષોને અત્ર પૃથક્ કરી વર્ણ્યા છે. પ્રકૃત સ્થલે યોગ એ લક્ષ્ય છે તથા चित्तवृत्तिनिरोधत्व એ લક્ષણ છે.

સમાધિવાચક युज् ધાતુપરથી વ્યુત્પન્ન થાયછે તેથી સમાધિવાચક છે. એનો ઉત્તર એ કે સમાધિ તથા યોગમાં ઝાઝો અંતર નથી. પણ સમાધિરૂપ અંગનો અતિશય તેજ સંપ્રજ્ઞાત યોગ છે, તેથી એ સંપ્રજ્ઞાત યોગમાં તો સ્પષ્ટ રીતે એકાગ્રતા હોવાથી युज् ધાતુનો અર્થ અનુગત થાય છે. જે અસંપ્રજ્ઞાત યોગ છે તેમાં એકાગ્રતા નથી તથાપિ અંગ અને અંગિની અભેદ વિવક્ષાથી એને ઉપચારથી યોગ સંજ્ઞા આપવામાં આવેછે. તેથી અદોષ છે.

આ સૂત્રથી એ લક્ષણ કરયું કે જે ચિત્તવૃત્તિઓનો નિરોધ તે યોગ અથવા યોગશબ્દ યૌગિક અર્થમાં પ્રવર્તતો નથી પણ ચિત્તવૃત્તિનિરોધત્વ એ જ એ શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત છે. તેથી બંને યોગમા આ નિરોધ હોવાથી યોગસંજ્ઞા યોગ્ય જ છે. એ લક્ષણની પરીક્ષા માટે (પૂર્વે કહેલા દોષથી રહિત લક્ષણ છે કે નહિ એ વિચારમાટે) પ્રથમ શું લક્ષ્યછે અને શું લક્ષ્ય છે એ સમજવું જરૂરનું છે, એટલે ચિત્તની કઈ કયી અવસ્થાઓ યોગ શબ્દથી લક્ષ્ય છે અને કયી અવસ્થાઓ અલક્ષ્ય છે એ જાણવું જોઇએ. ત્યાં ચિત્તની પાંચ અવસ્થાઓ હોયછે. (૧) ક્ષિપ્તાવસ્થા, (૨) મૂઢાવસ્થા, (૩) વિક્ષિપ્તાવસ્થા, (૪) એકાગ્ર અવસ્થા અને (૫) નિરુદ્ધાવસ્થા. આ અવસ્થાના ભેદથી ચિત્ત ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ એ પાંચ પ્રકારનાં થઇ શકેછે.

અહિં એ પ્રશ્ન થાય છે કે ચિત્ત તો સર્વ એક જ પ્રકારનાં કહેવાયછે. એની પાંચ અવસ્થા વા પાંચ પ્રકાર કેવી રીતે થઈ શકે? એનો ઉત્તર આ પ્રમાણેઃ—ચિત્તમાં પ્રકાશ અથવા તત્ત્વજ્ઞાનરૂપ પ્રખ્યા, પ્રસાદ લાઘવ વગેરે ગુણો જોવામાં આવેછે. તેમ જ કર્મરૂપ પ્રવૃત્તિ, પરિતાપ, શોક વગેરે ગુણો; તથા પ્રકાશ અને પ્રવૃત્તિના પ્રતિબંધરૂપ સ્થિતિ, ગૌરવ, આવરણ વગેરે ગુણો જોવામાં આવે છે. ત્યાં પ્રખ્યા, પ્રસાદાદિ ગુણો સત્ત્વગુણના છે; પ્રવૃત્તિ, પરિતાપાદિ ધર્મો રજોગુણના છે, અને સ્થિતિ ગૌરવાદિ ધર્મો તમોગુણના છે એ શ્રીમદ્ ભગવદ્ગીતાના ૧૪ મા અધ્યાયના

तत्र सत्त्वं निर्मलत्वात् प्रकाशकमनामयम् । सुखसंगेन बध्नाति ज्ञानसंगेन चानघ ॥ હે નિષ્પાપ અંતઃકરણવાળા! ત્યાં સત્ત્વ સ્ફટિક મણિસમાન સ્વચ્છ હોવાથી પ્રકાશધર્મવાળું તથા શાંત છે, માટે પોતાના કાર્યરૂપ સુખ તથા જ્ઞાનમાં પુરુષનો સંગ કરાવી બંધન કરેછે—ઇત્યાદિ શ્લોક વગેરે પ્રમાણોથી નિશ્ચય થાયછે. અહિં એ શંકા થાય છે કે સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો છે

તો પછી એ ગુણો પ્રકાશ, ક્રિયા અને સ્થિતિ વગેરે ગુણોના આશ્રય કેવી રીતે થઇ શકે? એનો ઉત્તર એ કે સત્ત્વાદિને જે ગુણસંજ્ઞા આપવામાં આવે છે તે પારિભાષિક છે. એ ગુણ શબ્દનો અર્થ ધર્મ નથી. સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ પ્રકારનાં દ્રવ્યો છે તથાપિ જેમ બંધન કરનાર રજ્જુના તંતુઓને ગુણ કહે છે તેમ ચિત્તના અવયવરૂપ આ ત્રણ દ્રવ્યો પણ પુરુષને બંધન કરનાર હોવાથી ગુણ કહેવાયછે. તેથી એ ત્રણ દ્રવ્યરૂપ હોવાથી પ્રકાશાદિ ગુણોના આશ્રયરૂપ હોઇ શકે એ અદોષ છે. ચિત્તમાં પ્રકાશ, પ્રવૃત્તિ અને સ્થિતિરૂપ અનુક્રમે સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ દ્રવ્યોના ગુણો જેવામાં આવે છે તેથી ચિત્ત એક છતાં આ ત્રણ દ્રવ્યોથી બનેલું છે એ સિદ્ધ થાય છે. એ દ્રવ્યો સર્વ ચિત્તમાં એક સરખે અંશે રહેલાં નથી પણ ન્યૂનાધિકભાવથી રહેલાં છે. તેથી યદ્યપિ ચિત્તમાત્ર ઉક્ત ત્રણ દ્રવ્યોનું બનેલું હોવાથી એક પ્રકારનું છે તોપણ તેના અવયવરૂપ એ ત્રણ દ્રવ્યોના ન્યૂનાધિક અંશને લીધે તથા ગુણપ્રધાનભાવને લીધે ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરુદ્ધ એ પાંચ પ્રકારનું કહેવાય છે તે યોગ્ય છે. ત્યાં (૧) યદ્યપિ ચિત્ત પ્રધાનપણે સત્ત્વગુણનું કાર્ય હોવાથી પ્રખ્યા વા પ્રકાશ ધર્મવાળું છે તથાપિ જ્યારે પ્રધાનપણે રજોગુણ અને તમોગુણથી સંસૃષ્ટ થાય છે ત્યારે અણિમાદિ ઐશ્વર્ય તથા શબ્દાદિ પાંચ વિષયને જ પ્રિય માને છે અને તેથી સંનિહિત તથા વ્યવહિત વિષયો તરફ જ રજોગુણથી પ્રેરાયેલું રહે છે. આ પ્રકારનું રજોગુણથી વિષયમાં જ વૃત્તિવાળું ચિત્ત ક્ષિપ્ત કહેવાય છે. સાધારણ રીતે દૈત્યદાનવોનું ચિત્ત સદા આવું હોય છે. (૨) જ્યારે તમોગુણની અધિકતાથી કૃત્યાકૃત્યને ન જાણનાર થવાથી ચિત્તસત્ત્વ અધર્મ, અજ્ઞાન, અવિરતિ અને અનૈશ્વર્યવાળું થઈ રહેછે ત્યારે તે મૂઢ કહેવાય છે.સાધારણરીતે રાક્ષસ, પિશાચવગેરેનું ચિત્ત સદા આવું હોય છે, (૩) સત્ત્વગુણના આધિક્યથી જેનું મોહરૂપ આવરણ જતું રહ્યું છે અને તેથી જે સર્વ વિષયવિષે વૃત્તિવાળું થયું છે એવું, તથા રજોગુણના લેશથી સંપૃક્ત હોવાથી, જે ધર્મ, જ્ઞાન, વિરાગ અને ઐશ્વર્યવાળું હોય છે તે ચિત્તસત્ત્વ વિક્ષિપ્ત કહેવાય છે. યથાર્થરીતે આ પ્રકારનું ચિત્ત શ્રીહિરણ્યગર્ભ ભગવાન્ વગેરે દેવતાઓનું પ્રાયશઃ સદા રહે છે. (૪) શુદ્ધ સાત્વિક થવાથી જ્યારે ચિત્તસત્ત્વ એક જ વિષયમાં ઘણા લાંબા કાળપર્યન્ત નિવાત સ્થળે રહેલા દીપકની માફક અચંચલ થઇ રહેછે ત્યારે તે એકાગ્ર કહેવાયછે;

એટલે વિક્ષેપના કારણભૂત જે રજોગુણ તેના લેશમાત્રથી પણ રહિત થવાથી જ્યારે ચિત્તસત્ત્વ પોતાના સ્વભાવસિદ્ધ પ્રસાદાદિરૂપે સ્થિત થાયછે અને તેથી જ્યારે સત્ત્વરૂપ બુદ્ધિ તથા પુરુષરૂપ આત્મા જે અત્યંત વિલક્ષણ છે તે બેના ભેદજ્ઞાનરૂપ જે વિવેકસાક્ષાત્કાર તે જ માત્ર વૃત્તિ જેની રહે છે એવું થાય છે, અર્થાત્ જ્યારે ચિત્તસત્ત્વ જેને યોગી લોકો શ્રેષ્ઠ પ્રસંખ્યાન અથવા તત્ત્વજ્ઞાન કહેછે તે ધર્મમેઘરૂપ સમાધિને જ માત્ર પ્રિય માની સેવતું પ્રતીત થાયછે ત્યારે તે ચિત્તસત્ત્વ એકાગ્ર થયું કહેવાય છે. એકાગ્ર એટલે એક છે અગ્ર જેનું, એટલે જેમ નિવાત સ્થળે રહેલા દીપકની એક અખંડિત શિખા ચાલી રહે છે તેમ જેની વિવેકસાક્ષાત્કારરૂપ વૃત્તિ અખંડિત રીતે ચાલી રહેલી છે તે. (૫) જ્યારે વિવેકખ્યાતિરૂપ વૃત્તિસહિત ચિત્તસત્ત્વની સમગ્ર વૃત્તિઓ પોતામાં લીન થઈ જાય છે ત્યારે તે વૃત્તિમાત્રના અભાવવાળું થયેલું સંસ્કારશેષ ચિત્ત નિરુદ્ધ કહેવાય છે.

આ પ્રમાણે પાંચ પ્રકારનાં ચિત્ત હોયછે અર્થાત્ ચિત્તસત્વની પાંચ ભૂમિકા હોય છે. એ સર્વ ભૂમિકામાં યતકિંચિત્ વૃત્તિનિરોધ તો છે. તથાપિ એ પાંચે ભૂમિકામાંનો વૃત્તિનિરોધ યોગપદથી સંગ્રાહ્ય નથી, પણ માત્ર છેલ્લી બે ભૂમિકામાંનો વૃત્તિનિરોધ સંગ્રાહ્ય છે, કેમકે એ વૃત્તિનિરોધ જ જીવન્મુક્તિ તથા વિદેહમુક્તિને પમાડનાર છે. ત્યાં એકાગ્ર ભૂમિકામાં જે વૃત્તિનિરોધ છે તેને સંપ્રજ્ઞાતયોગ કહે છે. અને નિરુદ્ધ ભૂમિકામાંનાને અસંપ્રજ્ઞાતયોગ કહેછે. એ સંપ્રજ્ઞાતયોગ યથાર્થ તત્ત્વને પ્રકાશેછે, અવિદ્યાદિ ક્લેશોને ક્ષીણ કરેછે, કર્મબંધનને શિથિલ કરેછે તથા ચિત્તને નિરોધના અભિમુખ કરેછે તેથી એ સંપ્રજ્ઞાતયોગથી તત્ત્વજ્ઞાન તથા જીવન્મુક્તિ ફલ થાય છે. એ સંપ્રજ્ઞાતયોગમાં જે વિવેકખ્યાતિરૂપ એક વૃત્તિ અનિરુદ્ધ હોયછે તે પણ વૃત્તિ હોવાથી અનાત્મ છે, તેમ તેને ગણીને પરવૈરાગના બલથી સજી દેવાયછે ત્યારે વૃત્તિમાત્રનો નિરોધ થવાથી ચિત્ત સંસ્કારશેષ થઈ અંતે પોતાના કારણમાં લય પામી જાયછે, જેથી વ્યુત્થાનસમયે ચિત્તસત્ત્વમાં પોતાના પ્રતિબિંબને અર્પણ કરવાથી તદ્રૂપ જાણે થયેલો હોય એવો દેખાતો અપરિણામી ચિતિશક્તિરૂપ પુરુષ, ચિત્તસત્વના અભાવે પ્રતિબિંબવિનાનો થયેલો હોવાથી પોતે શુદ્ધ સ્વરૂપે સ્થિત થયો એમ કહેવાય છે. એ પુરુષના સ્વરૂપાવસ્થાનમાં હેતુરૂપ ચિત્તની સંસ્કારશેષઅવસ્થા અસંપ્રજ્ઞાતયોગ છે. તેથી એ અસંપ્રજ્ઞાત યોગથી ચિત્તનો લય તથા તેથી વિ-

દેહકૈવલ્ય થાયછે.

આ પ્રમાણે તત્ત્વજ્ઞાન તથા જીવન્મુક્તિફલને આપનાર હોવાથી સંપ્રજ્ઞાતયોગ, તથા વિદેહકૈવલ્યને આપનાર હોવાથી અસંપ્રજ્ઞાતયોગ યોગશબ્દથી લક્ષ્ય છે,તથા ક્ષિપ્તાદિ ભૂમિકાત્રયમાંનો વૃત્તિનિરોધ અલક્ષ્ય છે એ સિદ્ધ થાય છે.

આમ લક્ષ્યાલક્ષ્ય વિભાગ સ્પષ્ટ થવાથી હવે સૂત્રોક્ત લક્ષણની પરીક્ષા કરીએ. આ સૂત્રમાં વૃત્તિના નિરોધને યોગ કહ્યો છે, તેથી વૃત્તિનિરોધત્વ એ યોગનું લક્ષણ થયું. એ ધર્મ વા લક્ષણ લક્ષ્યરૂપ સંપ્રજ્ઞાત યોગ તથા અસંપ્રજ્ઞાત યોગ એ બંનેમાં વિદ્યમાન છે; સૂત્રકારે વૃત્તિનિરોધ માત્રને યોગ કહ્યો છે, કંઈ સર્વ વૃત્તિના નિરોધને યોગ કહ્યો નથી. જો સર્વ વૃત્તિના નિરોધને યોગ કહ્યો હોત તો સંપ્રજ્ઞાત યોગમાં અવ્યાપ્તિ આવત. પણ વૃત્તિનિરોધને યોગ કહેવાથી અવ્યાપ્તિ આવતી નથી.તેમ જ એ લક્ષણ લક્ષ્યમાં રહેલું છે તેથી અસંભવ પણ નથી આવતો. તેથી એ લક્ષણ અસંભવ અને અવ્યાપ્તિ દોષથી રહિત છે એ સ્પષ્ટ દેખાય છે. તથાપિ જો આ સૂત્રમાં કહેલા લક્ષણને યોગનું સંપૂર્ણ લક્ષણ લઇએ તો અતિવ્યાપ્તિ આવે છે. કેમકે સંપ્રજ્ઞાત યોગમાં આવતી અવ્યાપ્તિ અટકાવવા સર્વવૃત્તિનિરોધ તો યોગનો અર્થ લેવાય એમ નથી, તેથી યત્કિંચિત્ વૃત્તિનિરોધ યોગનો અર્થ થયો. અને યત્કિંચિત વૃત્તિનિરોધ તો ક્ષિપ્તાદિભૂમિકામાં પણ છે, તેથી વૃત્તિનિરોધત્વરૂપ લક્ષણ સ્પષ્ટ રીતે અતિવ્યાપ્ત છે. તેને માટે આ સૂત્રથી યોગનું સંપૂર્ણ લક્ષણ કરયું છે એમ લેવું યોગ્ય નથી, પણ આ સૂત્રથી માત્ર વિશેષ્ય બતાવ્યો છે અને ઉત્તર સૂત્રથી અવશિષ્ટ રહેલું લક્ષણ પૂર્ણ કરયું છે. ઉત્તર સૂત્રમાં **तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम्**–તે સમયે દ્રષ્ટા પુરુષ પોતાના શુદ્ધ સ્વરૂપે સ્થિતિ પામેછે એમ કહ્યું છે; તેથી એ સૂત્રથી એ નીકળ્યું કે દ્રષ્ટા પુરુષના સ્વરૂપાવસ્થાનમાં હેતુરૂપ આ યોગ છે. તેથી બંને સૂત્રો મળી યોગનું સંપૂર્ણ લક્ષણ એ સિદ્ધ થયું કે **द्रष्टुः स्वरूपावस्थानहेतुत्वे सति वृत्तिनिरोधत्वं योगत्वम्।** દ્રષ્ટા પુરુષની સ્વરૂપે અવસ્થિતિ થવામાં હેતુરૂપ જે ચિત્તવૃત્તિનિરોધ તે યોગ. આ પ્રમાણે લક્ષણ લેવાથી પ્રદર્શિત અતિવ્યાપ્તિ દૂર થાયછે, કેમકે આદ્ય ત્રણ ભૂમિકામાંનો વૃત્તિનિરોધ પુરુષની સ્વરૂપાવસ્થિતિમાં હેતુરૂપ નથી તેથી નિરૂપિત લક્ષણથી વ્યાપ્ત થતો નથી. એ લક્ષણમાં પણ અસંભવ અને અવ્યાપ્તિ દોષો નથી કેમકે અસંપ્રજ્ઞાત યોગ પુરુષના સ્વરૂપાવસ્થાનમાં સાક્ષાત્ હેતુ છે અને સંપ્રજ્ઞાતયોગ અસંપ્રજ્ઞાતનો હેતુ હોવાથી પ-

રંપરાથી હેતુરૂપ છે. તેથી એ બંને પ્રકારના યોગમાં નિરૂપિત લક્ષણ છે અર્થાત્ અસંભવ વા અવ્યાપ્તિ પણ નથી. તેથી એ નિર્દોષ લક્ષણ છે એ સિદ્ધ થાય છે.[1] આ સૂત્રમાં તો એ લક્ષણનો એક મુખ્ય ભાગ માત્ર કહ્યો છે.

હવે ઉપરના લક્ષણનો એક ભાગ કહેવો અવશિષ્ટ છે, તથા એ પ્રકારના યોગથી શું પુરુષાર્થ સિદ્ધ થાય છે એ પણ બતાવવું અવશિષ્ટ છે કેમકે યોગ નિષ્ફળ હોય તો તેને માટે સાધકે અતિકષ્ટ કરવા કશું પ્રયોજન નથી, અર્થાત્ એમ હોય તો યોગવિષયની ચર્ચા પણ અતિ ઉપયોગી નહિ ઠરે, તેથી યોગનું ફલ કહેવું આવશ્યક છે. તેમ જ આ સૂત્રમાં યોગને ચિત્તવૃત્તિના નિરોધરૂપ કહ્યો પણ ચિત્ત તથા વૃત્તિનું સ્વરૂપ વગેરે કંઈ કહ્યું નથી. તેથી એ પ્રતિપાદન પણ અવશિષ્ટ છે. એમાંથી ચિત્તપદની વ્યાખ્યા કરવાને તથા શેષ લક્ષણનું તથા યોગના ફલનું પ્રતિપાદન કરવાને શ્રીસૂત્રકાર કહે છે કે

तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् ॥ ३ ॥

સૂત્રાર્થ:—વ્યુત્થાન દશામાં દૃશ્યરૂપ વૃત્તિના યોગથી દૃષ્ટૃત્વધર્મવાળો મનાતો શુદ્ધ ચિતિશક્તિરૂપ પુરુષ અસંપ્રજ્ઞાત યોગકાળે પોતાના સ્વભાવસિદ્ધ નિર્વિશેષ ચિન્માત્ર સ્વરૂપે સ્થિત થાયછે.

तदा—યોગકાળે.

द्रष्टुः—દ્રષ્ટા પુરુષનું. દ્રષ્ટાનું વ્યાખ્યાન સૂત્રકાર જ દ્વિતીય પાદમાં કરેછે તેથી આ સ્થળે અધિક વિવેચન કરવું આવશ્યક નથી. **स्वरूपेऽवस्थानम्**=સ્વરૂપે એટલે પોતાના સ્વભાવસિદ્ધ નિર્વિશેષ ચિતિશક્તિસ્વરૂપે, રહેવું તે.

---

૧ શ્રીવાચસ્પતિમિશ્ર આ દ્વિતીય સૂત્રથી જ યોગનું સંપૂર્ણ લક્ષણ કર્યું છે એમ લે છે, અને તેમ લેવામાં જે અતિવ્યાપ્તિ આવે છે તે દૂર કરવા શ્રીપાતંજલ ભાષ્યમાંની क्षिणोति च क्लेशान्—અવિદ્યાદિ ક્લેશોને ક્ષીણ કરે છે, એ પંક્તિમાંથી, વૃત્તિનિરોધત્વરૂપ લક્ષણને क्लेशक्षयहेतुत्वे सति–ક્લેશક્ષયના હેતુરૂપ હોઇને એ વિશેષણથી વિશિષ્ટ કરેછે. તેથી क्लेशक्षयहेतुत्वे सति वृत्तिनिरोधत्वं योगत्वम्—ક્લેશક્ષયના હેતુરૂપ, વૃત્તિઓનો નિરોધ તે યોગ એમ સંપૂર્ણ લક્ષણ કરેછે. તથાપિ જ્યાં સુધી સૂત્રથી જ સમાધાન થતું હોય ત્યાં સુધી બહારથી હેતુ શોધવા જવાની આવશ્યકતા નથી તેથી ઉપરની વ્યાખ્યામાં સૂત્રથી જ સમાધાન આપ્યું છે.

આ સૂત્રથી એ કહ્યું કે અસંપ્રજ્ઞાત યોગકાળે પુરુષ પોતાના શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વભાવે સ્થિત થાયછે. ખરું જોતાં પુરુષ સદા સર્વદા મુક્ત જ છે તથાપિ ચિત્તરૂપ ઉપાધિના સંબંધથી બદ્ધાવસ્થાને પામ્યો કહેવાય છે તથા એ ચિત્તનો અપાય થયે ઉપાધિનો નાશ થવાથી મુક્તાવસ્થાને પામ્યો કહેવાયછે. જેમ સ્ફટિકમણિ જાતે સદા શુદ્ધ છે તથાપિ જપાકુસુમઉપાધિના સંનિધાનથી તદ્રૂપ થયેલો પ્રતીત થાય છે, તથા તે ઉપાધિને દૂર કરીએ છીએ ત્યારે પુનઃ સ્વસ્વરૂપે થયેલો કહેવાય છે તેમ આ પુરુષ પણ સદા શુદ્ધ સચ્ચિદ્રૂપ છે તથાપિ ચિત્તસત્ત્વના સંનિધાનથી એનો ચિત્તસત્ત્વસાથે અભેદભ્રમ થાયછે, તે અભેદભ્રમવશાત્ ચિત્તસત્ત્વમાં રહેલા બંધમોક્ષ પુરુષમાં આરોપાય છે એટલે ચિત્તસત્ત્વ હોયછે ત્યાંસુધી પુરુષ બદ્ધ કહેવાયછે અને ચિત્તસત્ત્વ પોતાના કારણમાં દગ્ધબીજ થઇ લય પામેછે ત્યારે પુરુષ મુક્ત થયેલો કહેવાયછે. શ્રી કપિલ ભગવાન્‌ને પણ તન્નિવૃત્તાવુપશાંતોપરાગઃ, કુસુમવચ્ચ મણિઃ ઇત્યાદિ સાંખ્ય સૂત્રોથી એ જ અર્થ કહ્યો છે; જેમ જપાકુસુમના અપાયથી મણિ (સ્ફટિક) જેમાં પૂર્વે જપાકુસુમના ધર્મનો આરોપ થતો હતો તે, શુદ્ધ થયો કહેવાયછે તેમ પાંચે પ્રકારની વૃત્તિઓનો નિરોધ થવાથી વૃત્તિમાં રહેલા સુખ દુઃખાદિ ધર્મોનો આરોપ પુરુષમાંથી જતો રહેછે અર્થાત્ પુરુષ પોતાના શુદ્ધ, બુદ્ધ સ્વભાવે સ્થિત થયેલો કહેવાય છે.

આ પ્રકારનું સ્વરૂપે સ્થિત થવું એ પુરુષાર્થ છે, કેમકે જ્યાંસુધી વૃત્તિઓનો સદ્‌ભાવ છે તથા ચિત્ત દગ્ધબીજ થયું નથી ત્યાંસુધી વૃત્તિમાં રહેલાં દુઃખોનો પુરુષમાં ભાસ થાયછે. પણ જ્યારે ચિત્તવૃત્તિઓનો નિરોધ થાયછે ત્યારે પુરુષમાંથી વૃત્તિમાં રહેલાં દુઃખોના ભાસનો પણ અભાવ થાયછે. તેથી પુરુષની સ્વસ્વરૂપે સ્થિતિ એ જ સમગ્ર દુઃખોનો આત્યંતિક લય છે. અને દુઃખોનો આત્યંતિક લય પુરુષાર્થ છે. તેથી એ સ્પષ્ટ સિદ્ધ થાયછે કે પુરુષનું સ્વસ્વરૂપે અવસ્થાન જે કૈવલ્ય કહેવાય છે તે પુરુષાર્થરૂપ છે.

આ પ્રમાણે આ સૂત્રથી યોગથી પુરુષાર્થની અને તે પણ શ્રેષ્ઠ પુરુષાર્થની સિદ્ધિ થાયછે એ પ્રતિપાદન કરાય છે. આ સૂત્રથી યોગના લક્ષણની પૂર્તિ કેવી રીતે થાયછે તે તો પૂર્વ સૂત્રની વ્યાખ્યામાં બતાવ્યું છે. તેમ જ આ સૂત્રથી ચિત્તને માટે એ કહ્યું કે જે વસ્તુના સદ્‌ભાવથી પુરુષને બદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે તથા જેની સંસ્કારશેષ અવસ્થા થવાથી શ્રેષ્ઠ પુરુષાર્થરૂપ કૈવલ્યની સિદ્ધિ થાયછે તે વસ્તુ ચિત્ત છે.

આ સૂત્રમાં એ આક્ષેપ થાયછે કે જ્યારે અસંપ્રજ્ઞાતયોગકાળે જે પુરુષમાં દુઃખનો અભાવ થાય છે અર્થાત્ પુરુષનું સ્વસ્વરૂપે અવસ્થાન થાયછે ત્યારે એથી અન્ય અવસ્થામાં એટલે વ્યુત્થાનદશામાં પુરુષમાં દુઃખ હોયછે, અથવા પુરુષની અન્યરૂપે સ્થિતિ થાય છે, (અર્થાત્ પરિણામ થાયછે) એ અર્થાત્ સિદ્ધ થાયછે. જો એ દોષ અટકાવવાને એમ કહો કે વ્યુત્થાન દશામાં પણ પુરુષ સ્વસ્વરૂપે જ પ્રકાશે છે તો પછી વ્યુત્થાન અને અસંપ્રજ્ઞાત બંને એ અંશમાં સરખી અવસ્થા થઇ, એટલે એ આરૂઢ અવસ્થાથી કંઇ ફલ નથી એમ થયું. આ આક્ષેપનો પરિહાર કરવ સૂત્રકાર કહે છે કે—

वृत्तिसारूप्यमितरत्र ॥ ४ ॥

સૂત્રાર્થ—(સંપ્રજ્ઞાતસહિત) વ્યુત્થાનઅવસ્થામાં જે બુદ્ધિની વૃત્તિ તે પુરુષની વૃત્તિ થઇ રહેલી દેખાયછે.

इतरत्र=એટલે અસંપ્રજ્ઞાત દશાથી અન્ય દશામાં. આ પદથી સંપ્રજ્ઞાત તથા વ્યાવહારિક દશા એ બંનેનું ગ્રહણ થાય છે. વ્યાવહારિક દશાને વ્યુત્થાન દશા પ્રાયશઃ લોકમાં કહેછે તથાપિ આ સ્થળે સંપ્રજ્ઞાતદશા પણ અસંપ્રજ્ઞાતની અપેક્ષાથી વ્યુત્થાન જ ગણી છે. તેથી इतरत्र એટલે વ્યુત્થાનદશામાં.

वृत्तिसारूप्यम्=વૃત્તિનું સારૂપ્ય. सारूप्यम् નો સાધારણ અર્થ તો સમાન રૂપવાળાપણું છે તથાપિ આ સ્થળે स નો અર્થ એક વા અભિન્ન છે. તેથી सारूप्यम् એટલે એકરૂપતા.

આ સૂત્રથી એ કહ્યું કે વ્યુત્થાનદશામાં બુદ્ધિની અને પુરુષની અભિન્ન વૃત્તિઓ હોયછે, એટલે બુદ્ધિની જે વૃત્તિઓ તે જ પુરુષની થઇ રહેલી દેખાયછે. વૃત્તિઓ ચિત્ત વા બુદ્ધિસત્ત્વના પરિણામરૂપ છે. જેમ દીપકમાંથી શિખા નીકળે છે, જેમ સૂર્યમાંથી અનેક કિરણો નીકળે છે તેમ ત્રિગુણમય ચિત્તમાંથી એના પરિણામવિશેષરૂપ વૃત્તિઓ નીકળેછે, એટલે જેમ શિખા દીપકનો એક પરિણામવિશેષ છે તથા જેમ કિરણો સૂર્યના પરિણામવિશેષ છે તેમ આ વૃત્તિઓ પણ ચિત્તના પરિણામવિશેષ છે. એ વૃત્તિઓ પણ ત્રિગુણાત્મક બુદ્ધિસત્ત્વના પરિણામરૂપ હોવાથી સુખ, દુઃખ અને મોહરૂપ ગુણવાળી છે તથા તેથી અનુક્રમે શાંત, ઘોર અને મૂઢ સંજ્ઞાથી ઓળખાયછે. એ વૃત્તિઓ ચિત્તના પરિણામરૂપ હોવાથી દ્રવ્યરૂપ છે, ગુણરૂપ નથી. કેમકે જો વૃત્તિને ગુણરૂપ લઇએ તો

ગુણ કદાપિ ક્રિયાનો આશ્રય થતો નથી એ નિયમપ્રમાણે આ વૃત્તિઓ પણ ક્રિયાના આશ્રયરૂપ નહિ થાય. અને તેમ થવાથી એ વૃત્તિઓનું ઇન્દ્રિયગોલકસુધી તથા તદ્દ્વારા પ્રસંગે વિષયદેશસુધી જવું નહિ સંભવે. અને આ પ્રમાણે થવાથી પ્રત્યક્ષ નહિ થાય, એટલું જ નહિ પણ પ્રત્યક્ષમૂલક અનુમિતિ હોવાથી અનુમિતિ, તથા એ બંનેને મૂલ લઇ પ્રવૃત્ત થનાર શબ્દજ્ઞાન પણ નહિ થાય. તેથી વૃત્તિઓ ગુણરૂપ લેવી વિશેષ યોગ્ય નથી. તેમ જ વૃત્તિને ગુણરૂપ લેવાથી શ્રીકપિલભગવાનના भागगुणाभ्यां तत्त्वान्तरं वृत्तिः संबंधार्थं सर्पति—વૃત્તિ અવયવરૂપ નથી, તેમ જ ગુણરૂપ નથી પણ ભિન્ન દ્રવ્યરૂપ છે; કેમકે જ્ઞાનના વિષયસાથે સંબંધ કરવા ગતિવાળી થાયછે,—એ સૂત્રસાથે વિરોધ આવે છે. તેથી વૃત્તિ દ્રવ્યરૂપ છે એ સિદ્ધ થાયછે. એ દ્રવ્યરૂપ વૃત્તિઓ મૂળ ચિત્તની જ છે, પુરુષની નથી. કારણકે પુરુષની વૃત્તિઓ માનીએ તો એ પુરુષના પરિણામરૂપ દ્રવ્ય થયું તેથી પુરુષને પરિણામિત્વ પ્રાપ્ત થાયછે. પરિણામિત્વ પ્રાપ્ત થવાથી પુરુષને કૂટસ્થ નિત્ય કહેનાર શ્રુતિસ્મૃતિઓનો વ્યાકોપ થાયછે. એટલુંજ નહિ પણ પુરુષ વિભુ હોવાથી પુરુષના સર્વ પ્રદેશમાંથી વૃત્તિઓ નીકળવાની. તેથી યોગે કરીને ચિત્તનો નાશ કરીએ ત્યારે પણ અન્ય સર્વ સ્થળેથી વૃત્તિઓ નીકળતી રહેવાની. જેથી વૃત્તિના સદ્ભાવથી પુરુષને સુખદુઃખાદિનો ભોગ રહેવાનો; અને એમ થવાથી પુરુષનો મોક્ષ કદાપિ નહિ થાય અર્થાત્ અનિર્મોક્ષની પ્રાપ્તિ થાય. જો આ દોષના પરિહારમાટે એમ લઇએ કે વૃત્તિઓ પુરુષની જ છે તથાપિ એ પરિણામો ચિત્તરૂપ નિમિત્ત હોય છે ત્યારે જ થાયછે અને જ્યારે એ ચિત્તસત્ત્વનો યોગથી નાશ થાયછે ત્યારે નિમિત્તરૂપ સહકારિના અભાવથી વૃત્તિરૂપ પરિણામોનો પણ અભાવ થાયછે, તથાપિ એમ માનવામાં ગૌરવ આવેછે. એ મતમાં વૃત્તિપ્રતિ પુરુષત્વ, ચિત્તત્વ અને સંયોગત્વ એ ત્રણને હેતુ માનવા પડે છે. અને વૃત્તિને ચિત્તના પરિણામરૂપજ માનીએ ત્યારે વૃત્તિપ્રતિ માત્ર ચિત્તત્વને હેતુ માનવો પડે. તેથી જ્યારે એકને હેતુ માન્યાથી નિર્વાહ થઇ શકે છે ત્યારે પછી ત્રણને શા કારણથી હેતુ માનવા જોઇએ? કોઈ પણ વિશેષ પ્રયોજન નથી. 'હું, આત્મા છું', તેથી ચિત્તની વૃત્તિઓ માનીએ તો સુખ, દુઃખ વગેરે ધર્મો ચિત્તના થયા તેથી એ પક્ષમાં હું સુખી (સુખધર્મવાળો), દુઃખી (દુઃખ ધર્મવાળો), કર્તા (કર્તૃત્વ ધર્મવાળો) છું એ પ્રકારનો અનુભવ જે સર્વને થાયછે, તે અનુપપન્ન ઠરેછે,

અને આત્માની વૃત્તિઓ માનવાથી હું (આત્મા) સુખી, દુઃખી, કર્તા છું એ અનુભવ ઉપપન્ન ઠરે છે. તેથી વૃત્તિપ્રતિ ચિત્તત્વ હેતુ માનવાથી નિર્વાહ થતો નથી' એવું આ સ્થળે કહેવું વિશેષ યોગ્ય નથી. કારણ કે હું સુખી છું ઇત્યાદિ પ્રતીતિ શ્રુતિ વગેરે પ્રમાણોથી બાધિત સિદ્ધ થાય છે. શ્રુતિ કહે છે કે साक्षी चेता केवलो निर्गुणश्च—આત્મા તો સાક્ષી છે, પ્રકાશક છે વગેરે. તેથી એ બાધિત પ્રતીતિની ઉપપત્તિ આત્માની વૃત્તિઓ માનીએ તો જ નહિ થાય. જ્યારે આત્માની જ વૃત્તિ હોય ત્યારે તો હું સુખી છું ઇત્યાદિ અનુભવ વાસ્તવ ઠરે, પણ બાધિત નહિ ઠરે. જ્યારે વૃત્તિઓ ચિત્તની લઇએ ત્યારે જ એ ચિત્તની વૃત્તિઓનો (હું સુખી છું ઇત્યાદિ પ્રતીતિમાં) આત્મામાં મિથ્યા આરોપ હોવાથી એ પ્રતીતિ બાધિત છે એમ સિદ્ધ થાય. તેથી એ નિઃસંદેહ સિદ્ધ થાય છે કે એ મતમાં ગૌરવ છે. અને પુરુષને પરિણામિત્વ પ્રાપ્ત થાયછે એ દોષ તો છે જ. તેથી વૃત્તિઓ ચિત્તની છે. શ્રુતિ પણ कामः संकल्पो विचिकित्सा श्रद्धाऽश्रद्धा धृतिरधृतिर्ह्रीर्धीर्भीरित्येतत्सर्वमन एव—કામ, સંકલ્પ, સંશય, શ્રદ્ધા, અશ્રદ્ધા, ધૈર્ય, અધૈર્ય, લજ્જા, જ્ઞાન, ભય એ સર્વ મનના પરિણામરૂપ હોવાથી મન જ છે ઇત્યાદિ વચનોથી સ્પષ્ટ રીતે ચિત્તની જ વૃત્તિઓ કહે છે. તેથી વૃત્તિઓ ચિત્તના જ પરિણામરૂપ છે એ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે મૂળ તો વૃત્તિઓ ચિત્તની જ છે. એ ચિત્તસત્ત્વ સત્ત્વગુણનું પ્રધાનપણે કાર્ય હોવાથી સ્વાભાવિક રીતે અતિસ્વચ્છ છે, તેથી એમાં ચિતિશક્તિરૂપ પુરુષનું પ્રતિબિંબ પડે છે. એ પ્રતિબિંબથી બુદ્ધિસત્ત્વ જે જાતે કેવળ જડ છે તે ચેતનવત્ થઇ રહેલું ભાસે છે. સાંખ્યકારિકામાં પણ એ જ અર્થ तस्मात् तत्संयोगादचेतनं चेतनावदिव लिंगम्—ચિતિશક્તિરૂપ પુરુષના સંનિધાનથી સ્વરૂપે અચેતન વા જડરૂપ બુદ્ધિસત્ત્વ ચેતનવત્ થઇ રહે છે—ઇત્યાદિ વચનોથી કહ્યો છે. આ પ્રમાણે બુદ્ધિ ચેતનવત્ થઈ રહેછે તેથી બુદ્ધિસત્ત્વ જ પુરુષ છે એ પ્રકારે બુદ્ધિ અને પુરુષનો અભેદ ભ્રમ થાયછે. એ ભ્રમને લીધે શાન્ત, ઘોર અને મૂઢ એ સંજ્ઞાવાળી બુદ્ધિની વૃત્તિઓ પુરુષની હોય એમ પ્રતીત થાય છે, અર્થાત્ બુદ્ધિની વૃત્તિઓ પુરુષની વૃત્તિઓ થઇ રહેલી દેખાય છે. જેમ મલિન દર્પણમાં પ્રતિબિંબિત મુખ મલિન થયેલું ભાસવાથી હું મલિન છું એ પ્રકારે ઉપાધિની મલિનતાનો પોતામાં આરોપ કરી અજ્ઞ લોકો શોક કરે છે, તેમ બુદ્ધિપુરુષનો અભેદ ભ્રમ થવાથી

બુદ્ધિના ધર્મોનો પણ પુરુષમાં સમારોપ કરાય છે. એ સમારોપ પણ શબ્દાદિ જ્ઞાનની માફક બુદ્ધિસત્ત્વની જ વૃત્તિ છે, પુરુષની નથી (કેમ કે પુરુષ તો ઉદાસીન છે); બુદ્ધિની વૃત્તિ હોવાથી એ પણ જડ છે તથા અનુભવના વિષયરૂપ છે તથાપિ-પુરુષ બુદ્ધિસત્ત્વમાં પ્રતિબિંબિત થાય છે અને તેથી બુદ્ધિ ચેતનરૂપ થઇ રહે છે તેથી-એ સમારોપ જાણે પુરુષમાં રહેલો અનુભવ હોય એમ ભાસે છે. તેથી આ પુરુષ યદ્યપિ સ્વભાવે કરી શુદ્ધ છે, એટલે વિપર્યયથી રહિત છે, અભોક્તા છે, વિવેકખ્યાતિવિનાનો છે, તથાપિ જાણે એ સર્વસહિત હોય એમ અવિદ્યાથી ભાસે છે. એ જ પુરુષનું વૃત્તિસારૂપ્ય છે. શ્રીપંચશિખાચાર્યે પણ **एकमेव दर्शनं ख्यातिरेव दर्शनम्** ઇત્યાદિ વચનોથી એ જ અર્થ કહ્યો છે કે વ્યુત્થાનસમયે દર્શનરૂપ બુદ્ધિવૃત્તિ છે એ જ પુરુષવૃત્તિ છે અર્થાત્ અભેદભ્રમ થાય છે. જ્યારે અસંપ્રજ્ઞાત યોગ થાય છે ત્યારે ચિત્તની વૃત્તિમાત્રનો નિરોધ થાય છે તથા અંતે ચિત્તનો પણ નાશ થાય છે તેથી એ સમયે ચિત્તવૃત્તિરૂપ ઉપરાગ જતો રહેવાથી પુરુષ સ્વસ્થ થયેલો વ્યવહરાય છે. જેમ જપાકુસુમરૂપ ઉપાધિના યોગથી સ્ફટિક મણિ અસ્વસ્થ થયેલો અવિવેકીને ભાસેછે તથા એ ઉપાધિ દૂર થવાથી સ્વસ્થ થયેલો કહેવાયછે, તેમ વ્યુત્થાનસમયે ચિત્તરૂપ ઉપાધિના યોગથી પુરુષ અસ્વસ્થ થયેલો અવિવેકીને ભાસે છે તથા અસંપ્રજ્ઞાત યોગકાળે ઉપાધિના વિલયથી પુરુષ સ્વસ્થ થયો કહેવાય છે.

આ વિષયમાં એ શંકા સ્વાભાવિક રીતે થાય છે કે આ શાસ્ત્રમાં પુરુષોને નાના માન્યા છે તથા તે સર્વને વિભુ માન્યા છે તો પછી એક બુદ્ધિસત્ત્વમાં એક પુરુષનું જ પ્રતિબિંબ પડે અથવા એક પુરુષનો જ અભેદભ્રમ થાય અને અન્યનું પ્રતિબિંબ તેમાં ન પડે અથવા અન્યનો અભેદભ્રમ ન થાય એમાં શું નિયામક છે? એનો ઉત્તર એ કે સ્વસ્વામિભાવ સંબંધ નિયામક છે. બુદ્ધિસત્ત્વ અયસ્કાન્તસદૃશ છે એટલે જેમ અયસ્કાન્ત (લોહચુંબક) લોહની શળીને પોતાતરફ આકર્ષી માણસનો ઉપકાર કરે છે તેમ આ બુદ્ધિસત્ત્વ પણ વિષયોને પોતામાં આરૂઢ કરી પુરુષનાં દૃશ્ય કરેછે તેથી જેમ લોહચુંબક લોકોમાં ઉપકાર્ય પુરુષનું સ્વ કહેવાય છે તથા તે પુરુષ સ્વામી કહેવાય છે તેમ આ બુદ્ધિસત્ત્વ પણ સ્વ કહેવાય છે તથા પુરુષ તેનો સ્વામી કહેવાય છે. યદ્યપિ પુરુષ અપરિણામી છે તેથી વાસ્તવિક રીતે ઉપકાર્ય નથી; તોપણ

પુરુષ ચેતન હોવાથી સ્વામિત્વની યોગ્યતાવાળો છે તથા બુદ્ધિસત્ત્વ જડ હોવાથી સ્વત્વની યોગ્યતાવાળું છે. તેથી પુરુષ અને બુદ્ધિસત્ત્વ એ બંનેમાં ભોક્તૃભોગ્યની યોગ્યતા છે. તેમાં જે પુરુષના ભોગ્ય થવાની યોગ્યતા જે બુદ્ધિસત્ત્વમાં પૂર્વકાળથી સિદ્ધ હોય છે તે જ બુદ્ધિસત્ત્વ વર્તમાન તથા ભાવી કાળે તે જ પુરુષનું ભોગ્ય થઇ રહેછે. એ સ્વસ્વામિભાવ સંબંધ અવિદ્યારૂપ અનાદિ પદાર્થનું કાર્ય છે તેથી અનાદિ છે એટલે કોઇ પણ કાળ એવો નથી કે જેની પૂર્વના કાળમાં એ બુદ્ધિસત્ત્વ અમુક પુરુષસાથે ઉક્ત સંબંધથી સંબદ્ધ નહિ થયું હોય, તેથી 'પ્રથમ કેવી રીતે અમુક બુદ્ધિસત્ત્વ અમુક પુરુષસાથે એ સંબંધથી સંબદ્ધ થયું' એ પ્રશ્નનો અવકાશ જ નથી. આ સ્વસ્વામિભાવનું પ્રતિપાદન દ્વિતીય પાદમાં વિસ્તારથી સૂત્રકાર જાતે જ કરશે તેથી આ સ્થળે અધિક વિવેચન આવશ્યક નથી.

આપ્રમાણે દ્વિતીય અને તૃતીય સૂત્રથી યોગનું સંપૂર્ણ લક્ષણ કરયું; એથી થતી શંકાને આ સૂત્રથી દૂર કરી તથા લક્ષણમાં આવેલા ચિત્તપદનું વ્યાખ્યાન એ કર્યું કે જે ત્રિગુણનો પરિણામ ઉક્ત પ્રકારે વૃત્તિરૂપે પરિણામ પામેછે તથા જેના સંનિધાનથી પુરુષનો તથા પોતાનો અભેદ ભ્રમ થઇ પુરુષ સુખદુઃખાદિ વૃત્તિવાળો ભાસે છે તે ચિત્ત છે. હવે લક્ષણમાંના વૃત્તિ પદની વ્યાખ્યા કરવી અવશિષ્ટ છે. તે કરવા તથા 'ચિત્તની વૃત્તિ અનંત હોવાથી જીવના સહસ્ર આયુષ્યથી પણ ગણી શકાય એમ પણ નથી તો પછી એ સર્વનો નિરોધ કેવી રીતે થઇ શકે.' એ પ્રશ્નનો ઉત્તર આપવા, તથા સાધકને નિરોધ કરવામાં સાહાય્યરૂપ થઇ પડે તે માટે, વૃત્તિઓના પ્રકારનું પ્રતિપાદન કરતા સૂત્રકાર કહે છે કે—

वृत्तयः पंचतय्यः क्लिष्टाऽक्लिष्टाः ॥ ५ ॥

સૂત્રાર્થ—નિરોધ કરવાની ક્લિષ્ટ અને અક્લિષ્ટ વૃત્તિ બધું મળી પાંચ પ્રકારની છે.

वृत्तयः—એટલે જે પ્રમાણાદિવ્યાપારે કરીને ચિત્ત જીવે છે તે ચિત્તના પરિણામરૂપ દ્રવ્યાત્મક પદાર્થો વૃત્તિ છે.

पंचतय्यः—પાંચ પ્રકારની.

---

૧ કોઇક આવૃત્તિમાં क्लिष्टा अक्लिष्टाः એવો પાઠ તથા કોઇકમાં क्लिष्टा अक्लिष्टाश्च એવો પાઠ પણ જોવામાં આવે છે.

ક્લિષ્ટાઽક્લિષ્ટાઃ—ક્લિષ્ટ અને અક્લિષ્ટ. ત્યાં એક પક્ષે જોતાં તો વૃત્તિ માત્ર ત્રિગુણાત્મક હોવાથી બંધનના હેતુરૂપ છે અને તેથી ક્લિષ્ટ છે, તથાપિ કેટલીક વૃત્તિઓ કેવળ દુઃખોત્પાદક હોયછે અને કેટલીક દુઃખોત્પાદક નથી હતી, તેથી પ્રથમ પ્રકારની વૃત્તિઓ ક્લિષ્ટ વૃત્તિઓ ગણાય છે અને દ્વિતીય પ્રકારની અક્લિષ્ટ ગણાય છે. ત્યાં જે વિષયાકાર વૃત્તિઓ છે તે ક્લિષ્ટ છે, કારણ કે એ વૃત્તિઓ ધર્માધર્મની વાસનાના સમૂહરૂપ કર્માશયનું બીજ છે. વિષયાકાર વૃત્તિથી તૃષ્ણા થાય છે; તૃષ્ણાથી પીડિત જીવ તેને સંતોષવા યત્ન કરેછે; તેમાં અન્યને પીડા વા અનુગ્રહાદિ કર્મો રચેછે; એ અસંખ્ય કર્મોથી ધર્માધર્મના અસંખ્ય સંસ્કાર બંધાયછે; એ સંસ્કારથી જન્મમરણાદિ દુઃખરૂપ સંસારની પ્રાપ્તિ થાય છે તથા એ જન્મમરણથી પુનઃ વૃત્તિઓ, કર્મ, કર્માશયાદિ બંધાયછે. આપ્રમાણે વિષયાકાર વૃત્તિથી દુઃખધારા સતત ચાલ્યા કરેછે. તેથી જે વિષયાકાર વૃત્તિઓ છે તે ક્લિષ્ટ છે. એથી અતિરિક્ત વૃત્તિઓ અર્થાત્ જે વૃત્તિઓથી દુઃખધારાની ઉત્પત્તિ નથી થતી તે વૃત્તિઓ અક્લિષ્ટ છે. એવી વૃત્તિ પ્રધાનપણે તો વિવેકખ્યાતિરૂપ વૃત્તિ છે. કારણ કે એ વૃત્તિ દુઃખને ઉત્પન્ન કરનાર નથી, સત્ત્વાદિ ત્રણ ગુણોના અધિકારને વધારતી નથી પણ અવિદ્યા તથા તન્મૂલક ક્લેશો, તથા તન્મૂલક કર્મ, કર્માશય વગેરેનો નાશ કરી દુઃખનો અત્યન્તોચ્છેદ કરનાર હોવાથી ત્રણ ગુણના અધિકારની વિરોધી છે. આ પ્રમાણે વિવેકખ્યાતિરૂપ વૃત્તિ અક્લિષ્ટ છે. અને એમ હોવાથી એ વિવેખ્યાતિરૂપ વૃત્તિને પમાડનાર જે અભ્યાસ, વૈરાગ્યાદિરૂપ વૃત્તિઓ છે તે પણ અક્લિષ્ટ છે. તેથી એ સ્પષ્ટ થયું કે વિષયાકાર વૃત્તિઓ છે તે ક્લિષ્ટ છે અને જે વિવેકખ્યાતિરૂપ વૃત્તિ છે તથા એ વૃત્તિના સાધનરૂપ જે જે વૃત્તિઓ છે તે સર્વ અક્લિષ્ટ છે, અક્લિષ્ટ વૃત્તિમાં માત્ર વિવેકખ્યાતિનું ગ્રહણ કરવું ઉચિત નથી પણ તેના હેતુરૂપ અન્ય વૃત્તિઓ પણ અવશ્ય લેવી ઘટેછે કારણ કે નહિ તો એ વૃત્તિઓનો સંગ્રહ ન થવાથી સૂત્રમાં ન્યૂનતા આવેછે.

આ સૂત્રથી એ કહ્યું કે યદ્યપિ ચિત્તની વૃત્તિઓ તો અનંત છે તથાપિ એ નિરોધ કરવાની સર્વ વૃત્તિઓનો પાંચ વર્ગમાં સમાવેશ કરી શકાય છે, તેથી સાધકને એનો નિરોધ કરવો અશક્ય નથી પણ સુલભ છે. એ પાંચ પ્રકારની વૃત્તિઓનો નિરોધ કરવાથી એના કાર્યરૂપ અસંખ્ય વૃત્તિઓનો નિરોધ એની મેળે જ થાય છે.

અહિં એ શંકા થાય છે કે સૂત્રકારે ક્લિષ્ટાક્લિષ્ટ એ પદ સૂત્રમાં વાપર્યું છે તે નિરર્થક છે, કારણ કે એ પદવિના પણ નિરોદ્ધવ્ય વૃત્તિ પાંચ પ્રકારની છે એ સમજી સકાય છે. એનો ઉત્તર એ કે એ પદ નિરર્થક નથી. સાધારણ રીતે સર્વ મનુષ્યને એ શંકા થાય એમ છે કે જે ક્લિષ્ટ વૃત્તિઓ છે તે તો દુઃખોત્પાદક હોવાથી નિરોધ કરવા જેવી ખરી, પણ જે વૃત્તિઓ અક્લિષ્ટ છે તેનો નિરોધ કરવો નિરર્થક છે. એ શંકા દૂર કરી સિદ્ધાન્તનું પ્રતિપાદન કરવા આ પદ મૂક્યું છે. એ પદ મૂકવાથી એ અર્થ સૂચન કર્યો કે યદ્યપિ વિવેકખ્યાતિ વગેરે વૃત્તિઓ અક્લિષ્ટ છે તથાપિ એ પણ વૃત્તિઓ હોવાથી પુરુષને બંધન કરનાર છે અને અસંપ્રજ્ઞાત યોગની વિરોધી છે. તેથી વિદેહકૈવલ્યમાટે આવશ્યક અસંપ્રજ્ઞાતની વિરોધી એ વૃત્તિઓ હોવાથી એનો પણ નિરોધ કરવો આવશ્યક છે. તેથી ક્લિષ્ટ અને અક્લિષ્ટ બંને પ્રકારની વૃત્તિઓનો નિરોધ અવશ્ય કર્તવ્ય છે. એ નિરોધમાં ક્રમ આ પ્રમાણે છે કે અક્લિષ્ટ વૃત્તિથી ક્લિષ્ટ વૃત્તિઓનો નિરોધ કરવો અને આગળ કહેવામાં આવતા પરવૈરાગ્યથી એ અક્લિષ્ટ વૃત્તિનો નિરોધ કરવો.

આ પ્રસંગમાં એ પ્રશ્ન ઉઠે છે કે જે લોકોના રાગદ્વેષાદિ ક્લેશો નષ્ટ થયા છે તેઓનો જન્મ થતો નથી. તેથી જે જે જીવતાં પ્રાણીઓ છે તે સર્વની વૃત્તિઓ ક્લિષ્ટ વૃત્તિઓ જ છે. એ ક્લિષ્ટવૃત્તિના પ્રવાહમાં અક્લિષ્ટ વૃત્તિનો સદ્‌ભાવ જ ઘટતો નથી અને કદાચ સદ્‌ભાવ માનીએ તોપણ એ અક્લિષ્ટ વૃત્તિ ક્લિષ્ટ વૃત્તિઓનો નિરોધ કરવા સમર્થ થાય એમ નથી. કારણ કે અક્લિષ્ટ વૃત્તિ (પ્રધાનપણે) એક જ છે અને તે અનેક ક્લિષ્ટવૃત્તિના પ્રવાહમાં પડેલી છે. તેથી ક્લિષ્ટવૃત્તિનો નિરોધ અક્લિષ્ટ વૃત્તિથી કરવો એ કહેવું અનુચિત છે.

એ પ્રશ્નનું સમાધાન એ કે જો જગતમાં અક્લિષ્ટ વૃત્તિવાળાનો સદ્‌ભાવ ન હોય તો જીવન્મુક્તિનો લોપ થાય. તેથી જીવન્મુક્તિની સિદ્ધિમાટે અક્લિષ્ટ વૃત્તિવાળા મહાત્માઓ જગતમાં વિદ્યમાન છે એ અવશ્ય માનવું જોઈએ. વળી જે કહ્યું કે ક્લિષ્ટ વૃત્તિના પ્રવાહમાં પડેલી હોવાથી અક્લિષ્ટવૃત્તિ પોતાનું કાર્ય કરી શકે એમ નથી તે પણ અયોગ્ય છે, કારણ કે ક્લિષ્ટ વૃત્તિઓ માત્ર અવિદ્યારૂપ મિથ્યાજ્ઞાનને આશ્રયે રહેલી છે અર્થાત્ એ વૃત્તિઓનો વિષય મિથ્યાજ્ઞાન છે અને અક્લિષ્ટ વૃત્તિનો વિષય સમ્યગ્ જ્ઞાન છે. તેથી જેમ દ્વિચંદ્રાદિનો ઘણા કાળનો ભ્રમ એક ચંદ્રરૂપ યથાર્થ વિષયના માત્ર એકવારના દર્શનથી તત્કાળ જ

નાશ પામે છે, તેમ અકિલષ્ટ વૃત્તિના વિષયરૂપ વિવેકખ્યાતિથી, અનાદિ કાળથી પ્રવૃત્ત થયેલી અનંત ક્લિષ્ટ વૃત્તિઓ જે મિથ્યાજ્ઞાનવિષયક છે તે તરત નાશ પામે એ સ્વાભાવિક છે. તેથી અક્લિષ્ટથી ક્લિષ્ટનો નિરોધ થાયછે એ કહેવું યોગ્ય છે. તેથી ઉપર જે ક્રમ કહ્યો કે અક્લિષ્ટથી ક્લિષ્ટનો અને પરવૈરાગ્યથી એ અક્લિષ્ટ વૃત્તિનો નિરોધ કરવો એ અયુક્ત નથી.

આપ્રમાણે આ સૂત્રથી ભોગરૂપ પુરુષાર્થને સિદ્ધ કરનાર ક્લિષ્ટ વૃત્તિઓ અને મોક્ષરૂપ પુરુષાર્થને સિદ્ધ કરાવનાર અક્લિષ્ટ વૃત્તિ એ જે બંને વૃત્તિઓનો નિરોધ અવશ્ય કર્તવ્ય છે અને એ વૃત્તિઓ પાંચ પ્રકારની છે એ કહ્યું, તે પાંચ પ્રકાર કયા છે તેનું પ્રતિપાદન કરવા કહે છે કે—

प्रमाणविपर्ययविकल्पनिद्रास्मृतयः ॥ ६ ॥

સૂત્રાર્થ:—(૧) પ્રમાણ, (૨) વિપર્યય, (૩) વિકલ્પ, (૪) નિદ્રા અને (૫) સ્મૃતિ એ (ઉપર કહેલી) પાંચ પ્રકારની વૃત્તિઓ છે.

આ સૂત્રથી એ કહ્યું કે વૃત્તિઓના જે પાંચ પ્રકાર કહ્યા તે (૧)પ્રમાણ, (૨) વિપર્યય, (૩) વિકલ્પ, (૪) નિદ્રા અને (૫) સ્મૃતિ છે. એ પાંચ પ્રકારની વૃત્તિઓમાં પ્રથમ ત્રણ વૃત્તિઓ જાગ્રત્ અવસ્થાની છે. એ જ વૃત્તિઓ, ફલ આપવાને તૈયાર થયેલા સૂક્ષ્મ સંસ્કારથી જ્યારે સ્ફુરે છે,ત્યારે સ્વપ્નાવસ્થા થાય છે,તેથી સ્વપ્નની પણ એ જ ત્રણ વૃત્તિઓ છે. લોકોમાં જાગ્રત્,સ્વપ્ન અને સુષુપ્તિ એ ક્રમમાં આ ત્રણ અવસ્થાનો વ્યવહાર કરાય છે. એ વ્યવહારને અનુસરીને પ્રથમ સૂત્રકારે જાગ્રત્ સ્વપ્નની વૃત્તિનો નિર્દેશ કરેલો છે. અથવા તો એ ક્રમ આ રીતે યોગ્ય ઠરે છે. આ ત્રણ પ્રકારની વૃત્તિઓના અભાવના કારણરૂપ તમસૂને વિષય કરનાર નિદ્રાવૃત્તિ છે. તેથી નિદ્રાવૃત્તિના જ્ઞાનપૂર્વે આ વૃત્તિઓનું જ્ઞાન થવું આવશ્યક છે. કેમકે પ્રતિયોગીનું જ્ઞાન થાય ત્યારે જ તેના અભાવનું જ્ઞાન થાયછે. અને પ્રકૃત વિષયમાં એ અભાવનું જ્ઞાન થાય ત્યારે એ અભાવના કારણનું કથન થઇ શકે. અને જ્યારે એ કારણનું કથન થાય ત્યારે જ એ કારણ જેનો વિષય છે તે વૃત્તિરૂપ નિદ્રાનું સ્વરૂપ સમજાય. આમ હોવાથી નિદ્રાના પ્રતિપાદનપૂર્વે પ્રમાણાદિ ત્રણ વૃત્તિઓનું પ્રતિપાદન જરૂરનું હોવાથી એ ત્રણના નિર્દેશપછી નિદ્રાનો નિર્દેશ કર્યો છે. સ્મૃતિ હમેશાં અનુભવમૂલક હોય છે એટલે સ્મૃતિનું કારણ અનુભવ છે. તેથી અનુભવની વૃત્તિઓનો નિર્દેશ કરયા પછી

સ્મૃતિ વૃત્તિનો નિર્દેશ છે. પ્રથમ ત્રણમાં પણ વિપર્યય અને વિકલ્પ એ મિથ્યા જ્ઞાનરૂપ છે અને જેનો પ્રમાણથી બાધ થાય છે તે જ્ઞાન-જ મિથ્યાજ્ઞાન કહેવાયછે તેથી પ્રમાણરૂપ વૃત્તિનો પ્રથમ નિર્દેશ છે. વિપર્યય અને વિકલ્પ એ બેમાં પણ વિકલ્પ એક પ્રકારનો વિપર્યય જ છે તેથી વિપર્યયનો નિર્દેશ પ્રથમ છે. આ પ્રમાણે સૂત્રકારે નિર્દેશમાં જે ક્રમ રાખ્યો છે તે યોગ્ય જ છે.

આ પ્રમાણે આ સૂત્રથી વૃત્તિના પાંચ પ્રકારનું પ્રતિપાદન કરી હવે ઉદ્દેશક્રમાનુસાર એ પાંચેનાં સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. ત્યાં પ્રથમ પ્રમાણરૂપ વૃત્તિ હોવાથી તેનું પ્રતિપાદન કરેછે.

प्रत्यक्षानुमानागमाः प्रमाणानि ॥७॥

સૂત્રાર્થ:—પ્રમાણવૃત્તિ પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એ ત્રણ પ્રકારની છે.

આ સૂત્રથી સૂત્રકારે પ્રમાણરૂપ વૃત્તિના ત્રણ પ્રકાર કહ્યા. પ્રમાણનું લક્ષણ સુગમ હોવાથી તથા પ્રત્યક્ષાદિનાં લક્ષણો જે પોતાને ઘણે અંશે માન્ય એવું સાંખ્યશાસ્ત્ર તેમાં કરેલાં હોવાથી અત્ર કરેલાં નથી પણ માત્ર એ વૃત્તિના વિભાગનું જ પ્રતિપાદન કરયું છે. અહિં એ કહેવું ઉચિત નથી કે એ વિભાગ કરવો પણ નિરર્થક છે કારણ કે સાંખ્યશાસ્ત્રમાં એ વિભાગ કરેલા છે. કારણ કે એ વિભાગ કરવાથી જ સૂત્રકારે એ સૂચવ્યું છે કે એ અંશમાં સાંખ્યશાસ્ત્ર પોતાને માન્ય છે. જો એ વિભાગ ન કરેલા હોત તો એ અંશમાં સાંખ્યશાસ્ત્રની પ્રક્રિયા માન્ય છે કે નહિ એ નિર્વિવાદ નિશ્ચિતપણે નહિ જણાત. તેથી એ વિભાગ કરવા જરૂરના છે. આ રીતે સૂત્રથી વિભાગ માત્ર કરેલા હોવાથી પ્રમાણ, પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એ સર્વનું વ્યાખ્યાન કરવાનું છે. ત્યાં પ્રથમ પ્રમાણ એટલે શું ? પ્રમાણનું લક્ષણ **प्रमाकरणम् प्रमाणम्**—પ્રમાનું જે કરણ તે પ્રમાણ. એ પ્રકારે થાય છે. પ્રમાણરૂપ વૃત્તિથી સ્મૃતિવૃત્તિ ભિન્ન લીધી છે તેથી **अनाधिगततत्त्वबोधः पौरुषेयः प्रमा** અથવા **अनधिगताबाधितविषयज्ञानत्वं प्रमात्वम्** એ પ્રમાનું લક્ષણ છે. જે વિષયનું જ્ઞાન પૂર્વે થયું નથી એટલે જે વિષય અજ્ઞાત છે તે અનધિગત કહેવાય છે. જે અબાધિત વિષય છે તે તત્ત્વ કહેવાય છે. જે પુરુષનિષ્ઠ જ્ઞાન છે તે પૌરુષેય બોધ કહેવાય છે. તેથી પ્રમાનું લક્ષણ એ થયું કે પૂર્વે અજ્ઞાત એવા, તથા જેનો બાધ નથી થતો એવા વિષયનું પુરુષનિષ્ઠ જ્ઞાન વા બોધ તે પ્રમા. આ લક્ષણમાં "**अनाधिगत**–પૂર્વે અ-

જ્ઞાત એ વિશેષણથી સ્મૃતિની વ્યાવૃતિ થાય છે કેમકે સ્મૃતિનો વિષય નિયમે કરીને જ્ઞાત જ હોય છે; अबाधितत्व–જેનો બાધ નથી થતો એવા–એ વિશેષણથી વિપર્યયાદિની વ્યાવૃત્તિ થાય છે, કારણ કે વિપર્યયનો વિષય બાધિત હોય છે; 'જ્ઞાન વા પોરુષેય બોધ' એ પદ પ્રમાનું સ્વરૂપ બતાવવા વાસ્તે છે. આપ્રમાણે પ્રમાનું લક્ષણ સુગમ હોવાથી સૂત્રકારે એ કરયું નથી; અથવા તો એ લક્ષણનું સાંખ્યશાસ્ત્રમાં પ્રતિપાદન કરેલું છે તેથી એનુ લક્ષણ અત્ર કરયું નથી. ત્યાં સાંખ્યશાસ્ત્રમાં પ્રમાણનું લક્ષણ આ પ્રમાણે કરયું છેઃ–
द्वयोरेकतरस्य वाऽप्यसंनिकृष्टार्थपरिच्छित्तिः प्रमा तत्साधकतमं यत्तत् त्रिविध प्रमाणम् । अ० १ । सू ८७ ॥ આ સૂત્રનું વિશેષ વ્યાખ્યાન આગળ કરીશું. હાલ તો असंनिकृष्टार्थपरिच्छित्तिः प्रमा तत्साधकतमं प्रमाणम् એટલાનું જ વ્યાખ્યાન કરવું જરૂરનું છે. એટલાનો અર્થ એ છે કે જે પદાર્થનું પૂર્વે જ્ઞાન થયું નથી (જે પદાર્થ પૂર્વે વૃત્તિમાં આરૂઢ થયો નથી (असंनिकृष्टार्थ)) તે અનધિગત પદાર્થરૂપ તત્ત્વની પરિચ્છિત્તિ એટલે જ્ઞાન વા પોરુષેય બોધ તે પ્રમા, તથા એ પ્રમારૂપ ફલના અયોગથી રહિત એવું જે કારણ તે પ્રમાણ.

આ પ્રકારના લક્ષણવાળી જે પ્રમાણવૃત્તિ તે ત્રણ પ્રકારની છે. (૧) પ્રત્યક્ષ, (૨) અનુમાન તથા (૩) આગમ.

પ્રત્યક્ષ.

શ્રીસાંખ્યશાસ્ત્રમાં પ્રત્યક્ષનું લક્ષણ આ પ્રમાણે કરયું છે કે **यत्संबद्धं सत् तदाकारोल्लेखिविज्ञानम् तत्प्रत्यक्षम्** ॥ અ૦ ૧ । સૂત્ર ૮૯.॥ વસ્તુના સંનિકૃષ્ટ થવાથી તે સંબદ્ધ વસ્તુના આકારને ધારણ કરનાર જે વિશેષ જ્ઞાનરૂપ બુદ્ધિવૃત્તિ તે પ્રત્યક્ષ પ્રમાણ છે. જેમકે ઘટરૂપ વસ્તુ જ્યારે સંનિકૃષ્ટ હોય ત્યારે એ ઘટરૂપ વસ્તુના આકારને ધારણ કરનાર 'આ ઘટ છે' એ પ્રકારના વિશેષ જ્ઞાનરૂપ બુદ્ધિવૃત્તિ તે પ્રત્યક્ષ પ્રમાણ છે. શ્રી પાતંજલ ભાષ્યમાં એ જ લક્ષણનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું છે કે* અંતઃકરણની વૃત્તિ ચક્ષુરાદિ

* इन्द्रियप्रणालिकया चित्तस्यबाह्यवस्तूपरागात् तद्विषयासामान्यविशेषात्मनोऽर्थस्य विशेषावधारणप्रधाना वृत्तिः प्रत्यक्षं प्रमाणम् ॥ ઇન્દ્રિયરૂપ માર્ગે થઇને ચિત્તનો બાહ્ય વસ્તુથી ઉપરાગ થવાથી વૃત્તિ તદાકાર પરિણામને પામે છે, અર્થાત્ તે વસ્તુને વિષય કરે છે. ત્યાં વસ્તુમાં બે અંશ હોય છે (૧) સામાન્ય અને (૨) વિશેષ. એ બે અંશોમાંથી જે વિશેષ છે તેને પણ ભાસમાન કરનાર એ વૃત્તિ છે. એ વૃત્તિને પ્રત્યક્ષ પ્રમાણ કહે છે.

ઇન્દ્રિયદ્વારા ઇન્દ્રિયગોલકમાં થઇને અને તેથી ઇન્દ્રિયસાહિત્યથી અસર પામીને વિષયદેશપર્યન્ત જાય છે. ત્યાં વિષયાકાર પરિણામને પામે છે. એ વિષયાકાર પરિણામને પામેલી વૃત્તિ પ્રત્યક્ષ પ્રમાણ કહેવાય છે. એ વૃત્તિ વિષયાકાર પરિણામને પામેલી હોવાથી તે વિષયમાં રહેલાં સામાન્ય તથા વિશેષ સર્વનું ભાન દ્રષ્ટાને કરાવે છે. તેમાં પણ અનુમાનાદિ વૃત્તિથી સામાન્ય માત્રનું જ જ્ઞાન થાય છે અને વિશેષનું જ્ઞાન તો પ્રત્યક્ષ માત્રથી જ થઇ શકે છે; તથા એ પ્રત્યક્ષવૃત્તિમાં વિશેષ પ્રથમ ભાસે છે તેથી એ પ્રત્યક્ષવૃત્તિમાં વિશેષાવધારણ (વિશેષોનું જ્ઞાન) મુખ્ય છે. ઉપર જે કહ્યું કે 'ઇન્દ્રિયસાહિત્યથી અસર પામીને વૃત્તિ વિષયદેશપર્યન્ત જાય છે' તે અવશ્ય માનવું જોઇએ, કારણ કે જો એમ ન હોય અર્થાત્ ચિત્તનો સ્વતંત્ર રીતે એ પરિણામ થતો હોય તો ચક્ષુષમાં કમળો થયો હોય છે ત્યારે જે, વિષયમાં પીતત્વ નહિ છતાં ભાસે છે તે નહિ ભાસવું જોઇએ. ઇન્દ્રિયસાહિત્યે કરીને પરિણામને પામેલું ચિત્ત હોવાથી તે પરિણામરૂપ વૃત્તિ ઇન્દ્રિયસાહિત્યથી અસર પામે છે અને તેથી ચક્ષુષમાં રહેલા પીતત્વને બહાર જણાવે છે. આ જ કારણથી શ્રુતિસ્મૃતિ વગેરે શાસ્ત્રોમાં રૂપાદિ પ્રત્યક્ષપ્રતિ ચક્ષુરાદિ ઇન્દ્રિયોને કારણરૂપે કહી વર્ણી છે. પ્રત્યક્ષ સ્થલે જ આ રીતે ઇન્દ્રિયદ્વારા વૃત્તિનું બહિર્ ગમન થાય છે.

આ પ્રમાણે ભાષ્યમાંની પ્રક્રિયા છે. ત્યાં એમાં પ્રત્યક્ષવૃત્તિનું લક્ષણ શું છે એ વિચારીએ. કેમકે આખી પ્રક્રિયા લક્ષણરૂપ લેવાય એમ નથી. ત્યાં પ્રથમ તો ભાષ્યની પંક્તિનો વાક્યાર્થ આ પ્રમાણે છે કે "ઇન્દ્રિયગોલકરૂપ ચિત્તના સંચરણના માર્ગસાથે સંયોગ પામીને, તે તે ઇન્દ્રિયદ્વારા બાહ્ય વસ્તુથી ઉપરાગ પામેલા ચિત્તનો ઇન્દ્રિયસાહિત્યથી જે અર્થાકાર પરિણામ થાય છે તે—ઉપરાગ પમાડનાર વસ્તુ છે વિષય જેનો, તથા તે સામાન્ય અને વિશેષ જેનું સ્વરૂપ છે એવા અર્થના વિશેષને ભાસમાન કરનાર—પરિણામરૂપ વૃત્તિ" પ્રત્યક્ષ પ્રમાણ છે. આ વાક્યમાં 'ઇન્દ્રિયસાહિત્યથી' એ પદસુધીનાં પદોથી એ પ્રત્યક્ષ વૃત્તિનું સાધારણ રીતે જે કારણ છે તે કહ્યું છે પણ એ વૃત્તિના લક્ષણમાં એ પદો લેવાં ઘટતાં નથી. કારણ કે એ પદો લઇએ તો ઇશ્વરનું પ્રત્યક્ષ જે નિત્ય હોવાથી જન્ય નથી તથા આત્મા વગેરેનું પ્રત્યક્ષ કે જેમાં ઇન્દ્રિયસાહિત્યની જરૂર નથી તેમાં અવ્યાપ્તિ આવે. તેથી લક્ષણ તો

માત્ર એટલું જ છે કે 'तद्विषया अर्थस्य विशेषावधारणप्रधाना' ઉપરાગ પમાડનાર વસ્તુને વિષય કરનાર તથા તે વસ્તુના વિશેષોને પ્રધાનપણે ભાસમાન કરનાર ચિત્તની વૃત્તિ તે પ્રત્યક્ષ પ્રમાણ છે. આ લક્ષણમાં तद्विषया–ઉપરાગ પમાડનાર વસ્તુ છે વિષય જેનો–પદથી સ્મૃતિની વ્યાવૃત્તિ કરાય છે, કારણ કે સ્મૃતિમાં સ્મર્યમાણ વિષય અતીત હોય છે અને સ્મૃતિવૃત્તિ વર્તમાન છે, તેથી, સ્મર્યમાણ વિષય કાલભેદને લીધે સ્મૃતિવૃત્તિસાથે સંબદ્ધ હોતો નથી; દ્વિતીય પદથી ભ્રમની વ્યાવૃત્તિ થાય છે અને તૃતીય પદથી અનુમાન તથા આગમ વૃત્તિઓ જેઓ અર્થગત સામાન્યમાત્રને વિષય કરે છે તેની વ્યાવૃત્તિ થાય છે; તેથી પ્રત્યક્ષનું લક્ષણ અદૂષિત છે.

આ પ્રમાણે પ્રત્યક્ષ વૃત્તિનું લક્ષણ કર્યું. હવે એ પ્રમાણ છે તે પ્રતિપાદન કરવું આવશ્યક છે. એ પ્રતિપાદનમાટે પ્રત્યક્ષ પ્રમાણ શું છે તે કહેવું જરૂરનું છે. ઉપર પ્રતિપાદન કરી ગયા છીએ કે પ્રત્યક્ષસ્થળે વૃત્તિ વિષયાકાર પરિણામને પામે છે. એ વૃત્તિ ચિત્તનો પરિણામ હોવાથી ચિત્તના જેવી સૂક્ષ્મ તથા સ્વચ્છ છે. સ્વચ્છ હોવાથી એ વૃત્તિમાં શુદ્ધ ચિતિશક્તિ પુરુષનું પ્રતિબિંબ પડે છે. જેમ સૂર્યનો પ્રકાશ જે જે ઉપાધિપર પડે છે તે તે ઉપાધિના આકારવાળો થઈ રહેલો દેખાય છે, જેમ કાષ્ઠાદિમાં રહેલો વહ્નિ કાષ્ઠાદિના આકારવાળો પ્રતીત થાયછે તે જ પ્રમાણે એ પ્રતિબિંબ પણ ઘટાદિ વિષયાકાર પરિણામને પામેલી વૃત્તિના સમાન આકારવાળું થઈ રહેલું પ્રતીત થાય છે. પુરુષ વિભુ હોવાથી જે વિષયસ્થળે બુદ્ધિવૃત્તિ વિષયાકાર પરિણામને પામે છે તે જ સ્થળે એમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે અને તેથી 'આ ઘટ છે' એમ વિષયસ્થળે જ ભાન થાય છે. આ પ્રક્રિયાથી એ સિદ્ધ થાય છે કે વિષયાકાર થયેલી વૃત્તિ કારણરૂપ છે અને તેનાથી નિયમે કરીને ઉત્તર કાળે થનાર ચૈતન્યનું પ્રતિબિંબ ફલરૂપ છે. એ વૃત્ત્યાકાર પ્રતીત થતું ફલરૂપ પ્રતિબિંબ તે પ્રત્યક્ષ પ્રમા છે. પ્રમાનું કરણ પ્રમાણ છે. ત્યાં કરણનાં બે લક્ષણો આપવામાં આવે છે;–(૧) व्यापारवदसाधारणं कारणं करणम्—વ્યાપારવાળું અસાધારણ કારણ જે હોય તે કરણ કહેવાય છે. વ્યાપારનો સાધારણ અર્થ મધ્યવર્તિ કારણ છે. તેથી જે અસાધારણ કારણ મધ્યવર્તિ કોઈ કારણદ્વારા કોઇ કાર્યને ઉત્પન્ન કરે તો તે કાર્યનું તે અસાધારણ કારણ કરણ કહેવાય. જેમકે છેદનક્રિયારૂપ કાર્ય કુઠાર અને લાકડાના સંયોગદ્વારા કુઠાર કરી શકે છે તો એ છેદન ક્રિયારૂપ કાર્યનું કુઠાર

કરણ છે. આ સ્થળે કુહાર અને લાકડાનો સંયોગ એ વ્યાપાર છે. (૨) **फलायोगव्यवच्छिन्नं कारणं करणम्**—ફલના સંબંધથી રહિત જે કારણ, અર્થાત્ જે કારણ નિયમે કરીને પોતાના ફલને ઉત્પન્ન કરનાર હોય તે કારણ કરણ છે. આ બે કરણનાં લક્ષણમાંથી આ સ્થળે દ્વિતીય લક્ષણ વિવક્ષિત છે, તેથી એ પ્રતિબિંબને નિયમે કરીને જે કારણ ઉત્પન્ન કરે છે તે કારણ પ્રમાણ કહેવાય. તેથી વિષયાકાર પરિણામને પામેલી, નિયમે કરીને એ પ્રતિબિંબરૂપ ફલને ઉત્પન્ન કરનારી તથા વિશેષને ભાસમાન કરનારી જે વૃત્તિ તે પ્રત્યક્ષપ્રમાણ છે એ સિદ્ધ થાય છે.

અહિં એ શંકા થાયછે કે આ સ્થળે તો અંતઃકરણની વૃત્તિને પ્રત્યક્ષપ્રમાણ કહ્યું પણ શ્રુતિસ્મૃતિ વગેરે શાસ્ત્રોમાં તો ચક્ષુરાદિ ઇન્દ્રિયોને પ્રત્યક્ષ પ્રમાણરૂપે કહી વર્ણી છે. તેથી શ્રુતિવગેરેથી વિરોધ આવવાનો. એનો ઉત્તર એ કે શ્રુતિસ્મૃતિવગેરે સ્થળે ઇન્દ્રિયોને પ્રમાણ સંજ્ઞા આપી છે તે કેવળ અયુક્ત નથી, તેમ જ અત્ર જે અંતઃકરણની વૃત્તિને પ્રમાણ સંજ્ઞા આપી છે તે વિરુદ્ધ નથી. કારણ કે પ્રત્યક્ષ પ્રમા બે છેઃ-(૧) બુદ્ધિવૃત્તિરૂપ પ્રમા અને (૨) પૌરુષેય બોધરૂપ પ્રમા. એ બેમાં પણ પૌરુષેય બોધરૂપ પ્રમા મુખ્ય છે. અને પ્રથમ પ્રમા ગૌણ છે. ત્યાં फलायोगव्यवच्छिन्नं कारणं करणम् । એ કરણના લક્ષણથી દ્વિતીય પ્રમાનું કરણ વિષયાકાર થયેલી અંતઃકરણની વૃત્તિ છે. તેથી અંતઃકરણની વૃત્તિ એ મુખ્યતઃ પ્રત્યક્ષપ્રમાણ છે. પ્રથમ પ્રમાપ્રતિ ચક્ષુરાદિ ઇન્દ્રિયો પ્રમાણરૂપ છે. ઇન્દ્રિયોના સામર્થ્યથી ઇન્દ્રિય અને અંતઃકરણનો સંયોગ થઇ અંતઃકરણનો વિષયાકાર પરિણામ થાય છે, તેથી એ પરિણામનું व्यापारवदसाधारणं कारणं करणम् । એ કરણના લક્ષણપ્રમાણે ચક્ષુરાદિ ઇન્દ્રિયો કરણ થાય છે તેથી એ ગૌણ પ્રમાની અપેક્ષાથી ચક્ષુરાદિ ઇન્દ્રિયો પણ પ્રત્યક્ષ પ્રમાણ કહી શકાય છે. આ પ્રકારની બે પ્રમા સાંખ્યશાસ્ત્રમાં સ્પષ્ટ રીતે પ્રતિપાદન કરી છે. અને તેથી ત્યાં કહ્યું છે કે द्वयोरेकतरस्य वाऽपि० વગેરે ॥ અ० ૧ । સૂત્ર ૮૭ ॥ તેથી એ સિદ્ધ થયું કે અંતઃકરણની વૃત્તિ જ મુખ્યતઃ પ્રત્યક્ષ પ્રમાણ છે અને ચક્ષુરાદિ ઇન્દ્રિયોનું પ્રમાણત્વ ગૌણ છે.

આ પ્રકારનું પ્રત્યક્ષ બે ભેદવાળું છેઃ (૧) બાહ્ય પ્રત્યક્ષ અને (૨) આન્તર પ્રત્યક્ષ. જે પ્રત્યક્ષમાં બાહ્ય વિષય મેય હોય

છે તે પ્રત્યક્ષ બાહ્ય પ્રત્યક્ષ છે. અને એથી અન્ય પ્રત્યક્ષ આન્તર પ્રત્યક્ષ છે. એ બાહ્ય પ્રત્યક્ષ ઇન્દ્રિયના ભેદથી પાંચ પ્રકારનું કહેવાય છે. જેમ કે ચક્ષુર્જન્ય પ્રત્યક્ષ, શ્રોત્રજન્ય પ્રત્યક્ષ, ઘ્રાણજન્ય પ્રત્યક્ષ વગેરે. એ પંચવિધ બાહ્ય પ્રત્યક્ષમાંના ચાક્ષુષ પ્રત્યક્ષ અને શ્રોત્રપ્રત્યક્ષ એ બેમાં અને અન્ય ત્રણ પ્રત્યક્ષમાં એ ભેદ છે કે પ્રથમ બે પ્રત્યક્ષમાં બુદ્ધિવૃત્તિ વિષયદેશસમીપ જાય છે; અને અન્ય ત્રણમાં ઇન્દ્રિયગોલકસુધી જ વૃત્તિનું જવું થાય છે; તેથી રૂપસાક્ષાત્કાર તથા શબ્દસાક્ષાત્કાર રૂપધર્મક અને શબ્દધર્મક દ્રવ્યના દેશમાં થાય છે, અને ગંધાદિનો સાક્ષાત્કાર ગોલકઆગળ જ થાય છે. જો રૂપસાક્ષાત્કાર ગોલકઆગળ જ થતો હોય તો 'આ ઘટ છે' એવું પ્રત્યક્ષ વિષયદેશઆગળ નહિ થાય. પણ ગોલકઆગળ જ થવું જોઇએ. તેમ જ દુંદુભિઆગળ શબ્દ છે એમ ભાન ન થતાં શ્રોત્રઆગળ શબ્દ છે એમ ભાન થવું જોઇએ. પણ તેમ બનેમાંથી કોઈ સ્થળે નથી. તેથી રૂપિદ્રવ્યના રૂપનું પ્રત્યક્ષ તે દ્રવ્યસ્થળે જ થાય છે, અને શબ્દ કરનાર દ્રવ્યના શબ્દનું પ્રત્યક્ષ પણ ઇન્દ્રિયગોલકથી બહિર્ પ્રદેશમાં જ થાય છે. ગંધરસોનું જ્ઞાન ઇન્દ્રિયગોલકઆગળ જ થાય છે. તેથી એ જ્ઞાનમાટે વૃત્તિને ગોલકબહાર જવું પડતું નથી.

અહિં એ શંકા થાય છે કે આપણને ચંદન સુરભિ છે એ પ્રકારનું પ્રત્યક્ષ છે, તેથી જે સ્થળે ચંદનનો સાક્ષાત્કાર થાય છે તે જ સ્થળે તદ્ગત ગંધનો સાક્ષાત્કાર પણ થાય છે. તેથી ગંધસાક્ષાત્કાર પણ ઇન્દ્રિયગોલકથી બહાર થઈ શકે છે. એનો ઉત્તર એ કે એ ભ્રમ માત્ર છે. ઇન્દ્રિયગોલકથી બહાર ગંધાદિનો સાક્ષાત્કાર થતો નથી. આ સુરભિ ચંદન છે એમ જ્ઞાનમાં ચંદન અંશ તો પ્રત્યક્ષ છે કારણ કે વૃત્તિ વિષયાકાર પરિણામને પામેલી છે, પણ સુરભિ છે એ અંશમાં એ જ્ઞાન અનુમિતિ છે, પ્રત્યક્ષ નથી. ચંદન સદાકાળ સુરભિ છે, એ જ્ઞાન અત્યંત દૃઢ હોવાથી અમુક પદાર્થ ચંદન છે એ જ્ઞાન થયું કે તરત જ તે પદાર્થવિષે સૌરભ્યનું અનુમાન થઇ જાય છે. એ અનુમાન અત્યંત ત્વરિત ગતિથી થતું હોવાથી પૃથક્રૂપે જણાતું નથી. પણ એ અનુમાન જ છે એમાં લેશ પણ સંશય નથી, કારણ કે જ્યારે એ ચંદનઉપર કોઈ દુર્ગંધવાળા પદાર્થનો સંસ્કાર કર્યો હોય છે ત્યારે પણ એ ચંદન જોતાં જ એ ચંદન સુરભિ છે એમ જ્ઞાન થાય છે. તેથી સૌરભ્યાંશમાં અનુમાન છે એ સિદ્ધ થાય છે. અને તેથી ગંધાદિપ્રત્યક્ષ

વિષયદેશમાં થતું નથી એ પણ સિદ્ધ થાય છે.

આ બાહ્ય પ્રત્યક્ષથી વ્યતિરિક્ત જે, સુખ, દુઃખ, ઇચ્છા વગેરેનું પ્રત્યક્ષ થવું એ આંતર પ્રત્યક્ષ છે. આપ્રમાણે સંક્ષેપમાં પ્રત્યક્ષના પ્રતિપાદનપછી ક્રમપ્રાપ્ત અનુમાન વિચારીએ.

અનુમાન.

શ્રી સાંખ્યશાસ્ત્રમાં અનુમાનનું લક્ષણ આ પ્રમાણે કર્યું છે કે प्रतिबद्धदृशः प्रतिबद्धज्ञानमनुमानम् ॥ અ૦ ૧ । સૂત્ર ૧૦૦ ॥ प्रतिबद्ध એટલે પ્રતિબંધ નામ વ્યાપ્તિવાળું. प्रतिबद्धदृशः—વ્યાપ્તિને જાણનારનું. प्रतिबद्धज्ञानम्—વ્યાપ્તિનું નિરૂપણ કરનાર જ્ઞાન. વ્યાપ્તિને જાણનાર પુરુષનું જે વ્યાપ્તિનિરૂપક જ્ઞાન. અર્થાત એ જ્ઞાનરૂપ ચિત્તવૃત્તિ તે અનુમાન છે. એ જ અર્થનું વિવરણ કરવા શ્રી પાતંજલભાષ્યમાં કહ્યું છે કે अनुमेयस्य तुल्यजातीयेभ्योऽनुवृत्तो भिन्नजातीयेभ्यो व्यावृत्तः संबन्धो यस्तद्विषया सामान्यावधारणप्रधाना वृत्तिरनुमानम्-[જિજ્ઞાસિત ધર્મથી (વહ્નિત્વથી) વિશિષ્ટ જે ધર્મી (વહ્નિ) તે અનુમેય; એ અનુમેયના સમાન જાતિવાળા પદાર્થો (અર્થાત્ જે પદાર્થોમાં સાધ્યધર્મ હોય તે પદાર્થો) એટલે સપક્ષ; તથા એ અનુમેયથી ભિન્ન જાતિવાળા પદાર્થો (એટલે જેમાં સાધ્યધર્મનો અભાવ હોય તે) એટલે વિપક્ષ; સંબંધ એટલે હેતુ—અર્થાત્ જ્ઞાપક હેતુ.] જે હેતુ અનુમેયના સજાતીય પદાર્થમાં (સપક્ષમાં) રહે છે તથા વિજાતીય પદાર્થથી (વિપક્ષથી) વ્યાવૃત્ત છે તે હેતુવિષયક જે સામાન્યમાત્રને ભાસમાન કરનાર જ્ઞાનરૂપ વૃત્તિ તે અનુમાન છે. આ ભાષ્યની પંક્તિમાં सामान्यावधारणप्रधाना (તે પદાર્થમાં રહેલા સામાન્યમાત્રનો બોધ કરનાર) પદથી અનુમાનની પ્રત્યક્ષથી વ્યાવૃત્તિ કરાય છે. કારણ કે પ્રત્યક્ષવૃત્તિ પ્રધાનપણે પોતાના વિષયમાં રહેલા વિશેષોને ભાસમાન કરે છે, અને અનુમાનવૃત્તિ સામાન્યમાત્રને પ્રકાશે છે. એ પદ અનુમાનના લક્ષણમાં લેવું ઘટતું નથી, કારણ કે તેમ લેવાથી વ્યર્થ ઠરે છે. અન્ય પદો અનુમાનનું લક્ષણ પ્રતિપાદન કરે છે. ત્યાં હેતુને तुल्यजातीयेभ्योऽनुवृत्तः—(સપક્ષમાં રહેનાર) કહેવાથી એ હેતુની વિરુદ્ધ તથા અસાધારણ હેત્વાભાસથી વ્યાવૃત્તિ બોધન કરાય છે; भिन्नजातीयेभ्योव्यावृत्तः-(વિપક્ષથી વ્યાવૃત્ત) કહેવાથી એ હેતુની સાધારણ અનૈકાન્તિક હેત્વાભાસથી વ્યાવૃત્તિ કરાય છે; હેતુને બદલે संबंधः પદ વાપરવાથી એ હેતુ પક્ષમાં રહેનાર છે એ અર્થનો संबध्यते इति संबंधः એ વ્યુત્પત્તિથી બોધ કરયો છે, અને હેતુની પક્ષધર્મતાના

પ્રતિપાદનથી એ હેતુની અસિદ્ધ હેત્વાભાસથી* વ્યાવૃત્તિ બોધન કરી છે.

આ પ્રમાણે અનુમાનનું લક્ષણ કર્યું. ત્યાં આ પ્રમાણે અર્થ કર્યો:—જે વસ્તુ સિદ્ધ કરવાની છે તે વસ્તુ સાધ્ય કહેવાય છે, જે-વડે તે વસ્તુની સિદ્ધિ કરાય છે તે હેતુ કહેવાય છે, અને જે પ-દાર્થમાં સાધ્યની સિદ્ધિ કરવાની હોય છે તે પદાર્થ પક્ષ કહેવાય છે. જેમકે કોઈ પર્વતઉપર ધૂમ જોવાથી પર્વતમાં વહ્નિ છે એ જ્ઞાન થાય છે, તો એ સ્થળે વહ્નિરૂપ વસ્તુ પર્વતમાં સિદ્ધ કરવા-ની છે તેથી વહ્નિ એ સાધ્ય છે, ધૂમથી એ વસ્તુની સિદ્ધિ ક-રવાની છે તેથી ધૂમ એ હેતુ છે, અને સાધ્યની—વહ્નિની-પર્વત-વિષે સિદ્ધિ કરવાની છે તેથી પર્વત એ પક્ષ છે. વહ્નિનું પર્વતમાં આપ્રમાણે જ્ઞાન થાય છે. પ્રથમ તો માણસને પર્વતઉપર ધૂમનું દર્શન થાય છે. એ દર્શન થવાથી જ્યાં જ્યાં ધૂમ હોય છે ત્યાં ત્યાં વહ્નિ અવશ્ય હોય છે એ મહાનસાદિ સ્થળે જોઈ પૂર્વે નિશ્ચય ક-રેલા નિયમનું માણસને સ્મરણ થાય છે. અને ત્યાર પછી પર્વત-ઉપર પણ ધૂમ હોવાથી વહ્નિ છે એ નિશ્ચય થાય છે. અહિં 'જ્યાં જ્યાં ધૂમ હોય છે, ત્યાં ત્યાં વહ્નિ નિયમે કરીને હોય છે' એ નિ-યમને વ્યાપ્તિ કહે છે. 'જ્યાં જ્યાં હેતુ છે ત્યાં ત્યાં સાધ્ય છે'[1] (અથવા 'જ્યાં જ્યાં સાધ્ય નથી ત્યાં ત્યાં હેતુ પણ નથી'[2]) એ પ્રકારના હેતુ અને સાધ્યના સામાનાધિકરણ્યને વ્યાપ્તિસંજ્ઞા અપાય છે. તેથી એ થયું કે પ્રથમ ધૂમજ્ઞાન થાય છે, એ ધૂમ-જ્ઞાનથી વ્યાપ્તિનું સ્મરણ થાય છે, અને તદનન્તર પર્વતમાં વહ્નિ છે એ જ્ઞાન થાય છે. ત્યાં વ્યાપ્તિનું સ્મરણ થાય છે તેથી ત્યાર પૂર્વે વ્યાપ્તિજ્ઞાન અવશ્ય હોવું જોઇએ. એ વ્યાપ્તિજ્ઞાનરૂપ વૃ-ત્તિ તે અનુમાન છે. એ વ્યાપ્તિજ્ઞાનથી પછી વ્યાપ્તિની સ્મૃતિ થાય છે એ અવાન્તર વ્યાપાર છે અને અંતે પર્વત વહ્નિવાળો છે એ પ્રકારનું જ્ઞાન, જેને શાસ્ત્રમાં અનુમિતિ કહે છે તે, થાય છે. તેથી વ્યાપ્તિજ્ઞાન व्यापारवदसाधारणं कारणं करणम् એ કરણ-

---

* વિરુદ્ધ, અસાધારણ, સાધારણ અને અસિદ્ધ એ સર્વ હે-ત્વાભાસો છે. એના પ્રતિપાદનમાટે જુઓ તર્કસંગ્રહ—હેત્વાભા-સનું પ્રકરણ.

૧ આ પ્રકારની વ્યાપ્તિને અન્વયવ્યાપ્તિ કહે છે.

૨ આ પ્રકારની વ્યાપ્તિને વ્યતિરેકવ્યાપ્તિ કહે છે.

ના લક્ષણપ્રમાણે અનુમિતિનું કરણ છે. અનુમિતિ એ પ્રમાનું નામ હોવાથી વ્યાપ્તિજ્ઞાનરૂપ અનુમાન પ્રમાણ છે એ સિદ્ધ થાય છે.

ત્યાં અનુમાન એ પ્રમાણવૃત્તિ છે અને તેથી એનાથી થતી અનુમિતિ પ્રમા વા યથાર્થજ્ઞાનરૂપ હોવી જોઇએ. અનુમિતિ જ્યારે યથાર્થ હોય ત્યારે જ તે પ્રમા કહેવાય અને ત્યારે જ એના કરણરૂપ અનુમાનવૃત્તિ પ્રમાણ કહેવાય. અનુમિતિ યથાર્થ હોવામાટે જે હેતુથી સાધ્ય સિદ્ધ કરવાનું હોય તે હેતુમાં પાંચ ધર્મો અવશ્ય જોઇએ. તે ધર્મો આ છે: (૧) પક્ષધર્મતા, (૨) સપક્ષમાં રહેવાપણું, (૩) વિપક્ષમાં ન રહેવાપણું અર્થાત્ વિપક્ષથી વ્યાવૃત્તિ, (૪) અબાધિતસાધ્યપણું અને (૫) અસત્પ્રતિપક્ષત્વ.

(૧) પક્ષધર્મતા—એટલે જેમાં સાધ્યની સિદ્ધિ કરવાની છે તે પક્ષ કહેવાય છે, તે પક્ષમાં રહેવાપણું.

(૨) સપક્ષમાં રહેવાપણું-એટલે જે પદાર્થમાં સાધ્ય છે એમ નિશ્ચય થયો હોય તેવા પદાર્થો જે હોય તો તેમાં હેતુનું રહેવાપણું. જેમ પર્વતરૂપ પક્ષમાં ધુમરૂપ હેતુથી વહ્નિના અસ્તિત્વરૂપ સાધ્યની સિદ્ધિ કરવાની હોય ત્યારે જે પદાર્થમાં સાધ્ય હોય અર્થાત્ વહ્નિ હોય એવા મહાનસ, વરાળયંત્ર વગેરે પદાર્થમાં ધુમરૂપ, હેતુનું રહેવાપણું.

(૩) વિપક્ષથી વ્યાવૃત્તિ—એટલે જે પદાર્થમાં સાધ્યનો અભાવ છે એમ નિશ્ચિત થયું હોય તેવા પદાર્થો (જે શાસ્ત્રમાં વિપક્ષ કહેવાય છે) જે હોય તો તેમાં હેતુનું નહિ રહેવું તે; જેમ ઉપર ઉદાહૃત દૃષ્ટાન્તમાં વહ્નિના અભાવવાળા સરોવરવગેરે પદાર્થોમાં ધુમરૂપ હેતુનું નહિ રહેવું તે.

(૪) અબાધિતસાધ્યપણું-એટલે હેતુથી જે સાધ્યની અનુમાનથી સિદ્ધિ કરવાની હોય તે સાધ્યનો તે પક્ષમાં, અનુમાનથી અન્ય કોઇ પ્રમાણથી અર્થાત્ પ્રત્યક્ષ વા આગમથી બાધ ન થયેલો હોય તે. જેમ ચાલતા ઉદાહરણમાં પર્વતવિષે વહ્નિ નથી, એવું પ્રત્યક્ષ વા આગમથી ન સિદ્ધ થયેલું હોવાથી ધુમરૂપ હેતુનું સાધ્ય બાધિત નથી.

(૫) અસત્પ્રતિપક્ષત્વ—એટલે જ્યારે એક હેતુથી એક સાધ્યની સિદ્ધિ કરવા માંડી હોય ત્યારે તે સાધ્યનો અભાવ તે જ પક્ષમાં તે વખતે સિદ્ધ કરનાર અન્ય કોઇ હેતુનો અભાવ હોવો તે.

આ પાંચ* પ્રકારના ધર્મો જે હેતુમાં હોય છે તેજ સદ્ હેતુ

* આ પાંચ ધર્મો, જેને વૈશેષિક શાસ્ત્ર અન્વય વ્યતિરેકી

ગણાય છે, અન્ય હેતુઓ હેતુજેવા દેખાવમાત્રવાળા હોવાથી હેત્વાભાસ વા અસદ્‌હેતુ ગણાય છે. તેથી એ સદ્‌હેતુનું જે સાધ્યસાથે સામાનાધિકરણ્ય હોય તેનું જ્ઞાન અર્થાત્ વ્યાપ્તિજ્ઞાન તે જ અનુમાન પ્રમાણ છે.

એ અનુમાન બે પ્રકારનું છે (૧) વીત અને (૨) અવીત. ત્યાં અન્વય પ્રાધાન્યે+ કરીને પ્રવૃત્ત થઇ સાધ્યનું વિધાન કરનાર જે અનુમાન છે તે વીત અનુમાન છે. જેમકે પર્વતમાં ધૂમરૂપ હેતુથી વહ્નિની સિદ્ધિ કરવાની હોય ત્યારે 'જે જે વસ્તુમાં ધૂમ છે તે તે વસ્તુમાં વહ્નિ છે' એ વ્યાપ્તિજ્ઞાનરૂપ અનુમાન વીત છે, કારણ કે એમાં અન્વયનું પ્રાધાન્ય છે અને અન્વયના પ્રાધાન્યવડે વહ્નિરૂપ સાધ્યનું એ વિધાન કરે છે. આથી વૈશેષિક દર્શનનાં કેવલાન્વયી અનુમાન અને અન્વયવ્યતિરેકી અનુમાન આ વીત અનુમાનમાં જ આવી જાય છે. જે અનુમાનમાં વ્યતિરેક પ્રધાન હોવાથી જે નિષેધ કરનાર છે તે અનુમાન અવીત છે. જેમકે પૃથ્વીતત્ત્વ જલાદિતત્ત્વોથી જુદું છે કારણ કે એમાં ગંધ છે; આ સ્થળે પૃથ્વીતત્ત્વ એ પક્ષ છે, 'જલાદિતત્ત્વથી ભેદ' એ સાધ્ય છે અને 'ગંધવાળાપણું' એ હેતુ છે. અહિં 'જ્યાં જ્યાં ગંધ છે ત્યાં ત્યાં જલાદિતત્ત્વથી ભેદ છે' એ પ્રકારની અન્વયવ્યાપ્તિ તો થઈ શકતી નથી કારણ કે પૃથ્વીતત્ત્વ પક્ષરૂપ લીધેલું હોવાથી અને ગંધ એ તત્ત્વથી અતિરિક્ત કોઈ સ્થળે રહેલો નહિ હોવાથી, એ વ્યાપ્તિના ઉદાહરણમાટે જોઇતું કોઈ દૃષ્ટાન્ત નથી (અર્થાત્ કોઈ સપક્ષ નથી). તેથી આ સ્થળે માત્ર 'જ્યાં જ્યાં સાધ્ય નથી ત્યાં ત્યાં હેતુ નથી'. 'જ્યાં જ્યાં જલાદિતત્ત્વથી ભેદ નથી ત્યાં ત્યાં ગંધ નથી જેમકે જલતત્ત્વ, વાયુતત્ત્વ વગેરે સ્થળે' એ પ્રકારની

હેતુ કહે છે તેમાં જ જોઇએ છીએ. જેને એ શાસ્ત્ર કેવલાન્વયી હેતુ કહે છે તેમાં ૩ જો ધર્મ જોઇતો નથી, અને જેને કેવલવ્યતિરેકી હેતુ કહે છે તેમાં ૨ જો ધર્મ જોઇતો નથી. કારણ કે કેવલાન્વયીમાં વિપક્ષ હોતો નથી અને કેવલવ્યતિરેકીમાં સપક્ષ હોતો નથી. તેથી એ એમાં ચાર ધર્મો જોઇએ છીએ.

+જ્યાં અન્વયવ્યાપ્તિ જ હેતુની થઇ શકે છે ત્યાં તો અન્વય પ્રાધાન્ય જ છે અને જ્યાં અન્વય અને વ્યતિરેક એમ બંને વ્યાપ્તિ થઈ શકે એમ હોય છે ત્યાં પણ અન્વયવ્યાપ્તિને જ પ્રધાન ગણી છે.

વ્યતિરેકવ્યાપ્તિમાત્ર થઈ શકે છે. તેથી એ વ્યતિરેકવ્યાપ્તિના જ્ઞાનરૂપ અનુમાનમાં વ્યતિરેકમાત્ર છે (વ્યતિરેકનું પ્રાધાન્ય છે) તથા એ પ્રાધાન્યવડે એ અનુમાન નિષેધ કરનાર છે. તેથી એ અનુમાન અવીત અનુમાન છે. આથી વૈશેષિક લોકોનું કેવલ વ્યતિરેકિ અનુમાન અને આ એક જ ઠરે છે. આ સ્થળના અવીત અનુમાનને ઘણે પ્રસંગે શેષવત અનુમાન કહેવામાં આવે છે.

જે વીત અનુમાન છે તે બે પ્રકારનું છે (૧) પૂર્વવત્ અને (૨) સામાન્યતોદૃષ્ટ. ત્યાં જે ધર્મ સાધ્ય હોય તે સાધ્ય ધર્મરૂપ સામાન્યના આશ્રયરૂપ વ્યક્તિ જ્યાં પ્રત્યક્ષ હોય ત્યાં પૂર્વવત્ અનુમાન કહેવાય છે. જેમ જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં વહ્નિ છે જેમકે મહાનસ, વરાળયંત્ર વગેરે પ્રદેશમાં—એ સ્થળે વહ્નિત્વરૂપ ધર્મ સાધ્ય છે. એ સાધ્ય ધર્મરૂપ સામાન્યની વ્યક્તિ અર્થાત્ વહ્નિ મહાનસ, વરાળયંત્ર વગેરેમાં દૃષ્ટ છે. તેથી આ અનુમાનમાં આ પ્રકારનું સાધ્ય હોવાથી એ અનુમાન પૂર્વવત્ છે. જે સાધ્ય ધર્મરૂપ સામાન્યની વ્યક્તિ પ્રત્યક્ષ નથી એટલે વિશેષરૂપે જ્ઞાત નથી, પણ માત્ર સામાન્યરૂપે જ જ્ઞાત છે તે સાધ્યધર્મને વિષય કરનાર અનુમાન પ્રમાણ સામાન્યતોદૃષ્ટ છે. જેમ રસ, રૂપાદિરૂપે અંતઃકરણનો પરિણામ થાય છે ત્યારે એ પરિણામોનું કોઈ કરણ હોવું જોઈએ એ અનુમિતિ, કારણ કે એ ક્રિયારૂપ છે એ હેતુથી કરવાની છે. છેદનાદિ ક્રિયાઓ હોવાથી એમાં કુહારાદિ કરણ છે એ જ્ઞાત છે. તેથી એ દૃષ્ટાન્તથી આ વ્યાપ્તિ કરવી કે 'જ્યાં જ્યાં ક્રિયા હોય છે ત્યાં ત્યાં તેનું કોઈ કરણ હોય છે' એ જરૂરનું છે—એ અન્વયવ્યાપ્તિનું જ્ઞાન અનુમાન પ્રમાણ છે. અહિં કરણત્વ એ ધર્મ સાધ્ય છે. એ કરણત્વરૂપ ધર્મવાળી વ્યક્તિ (કરણ) છેદનક્રિયાસ્થળે સામાન્યરૂપે (કરણત્વરૂપે) જ્ઞાત છે તથાપિ જે પ્રકારનું કરણત્વ (જ્ઞાનનું કરણત્વ) સાધ્ય છે તે પ્રકારના કરણત્વવાળી વ્યક્તિઓ ઇન્દ્રિયો છે તે કોઈ પણ પ્રસંગે દૃષ્ટ નથી, તેથી આ અનુમાન સામાન્યતોદૃષ્ટ છે. પૂર્વવત્ અને સામાન્યતોદૃષ્ટ એ બે અનુમાનમાં સાધારણ ભેદ એ છે કે પૂર્વવત્‌માં દૃષ્ટાન્ત પ્રત્યક્ષ છે અને સામાન્યતોદૃષ્ટમાં યથાર્થસાધ્યવાળું દૃષ્ટાન્ત પ્રત્યક્ષ નથી.

આ રીતે અનુમાન પ્રમાણ ત્રણ પ્રકારનું થયું: (૧) શેષવત્ (૨) પૂર્વવત્ અને (૩) સામાન્યતોદૃષ્ટ. એ ત્રણે પ્રકારના અનુમાનોથી માત્ર સામાન્યવિષયક જ જ્ઞાન થાય છે, જેમકે પર્વતમાં જ્યારે અનુમાનથી વહ્નિનું જ્ઞાન થાય છે ત્યારે તેનું માત્ર વહ્નિ-

સ્વરૂપે જ્ઞાન થાય છે પણ તે વહ્નિ અન્ય વહ્નિથી શા શા વિશેષવાળો છે તે વિશેષમાંથી કોઈ પણ વિશેષનું જ્ઞાન થતું નથી, એ જ પ્રમાણે અન્ય સર્વ સ્થળે પણ હોય છે. તેથી અનુમાન પ્રમાણથી માત્ર વહ્નિત્વાદિસામાન્યનું જ જ્ઞાન થાય છે, વિશેષનું જ્ઞાન થતું નથી. તેથી અનુમાન પ્રમાણમાં (અનુમાન નામની વૃત્તિમાં) સામાન્યાવધારણ હોય છે એ સ્પષ્ટ થાય છે.

આપ્રમાણે પ્રત્યક્ષપૂર્વક અનુમાન હોવાથી પ્રત્યક્ષપછી અનુમાનનું નિરૂપણ કરયું છે. હવે અનુમાનમૂલક આગમપ્રમાણ હોવાથી અનુમાનપછી આગમનો નિર્દેશ છે તેથી હવે આગમ પ્રમાણનું પ્રતિપાદન કરીએ.

આગમ.

આગમ શબ્દનો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ आप्ताद् आगच्छति इति–આપ્ત પુરુષતરફથી આવતું જ્ઞાન–એ થાય છે. એ અર્થને સમાન જ એનું લક્ષણ કરવામાં આવે છે. એનું લક્ષણ પાતંજલ ભાષ્યમાં આપ્રમાણે કરયું છે કે आप्तेन दृष्टोऽनुमितो वाऽर्थः परत्र स्वबोधसंक्रान्तये शब्देनोपदिश्यते । शब्दात्तदर्थविषया वृत्तिः श्रोतुरागमः॥ યથાર્થ વક્તારૂપ આપ્ત પુરુષે પોતે દૃષ્ટ (પ્રત્યક્ષ પ્રમાણથી જાણેલો) અથવા અનુમિત જે અર્થ તદ્વિષયક પોતાનું જ્ઞાન અન્યને આપવામાટે તેનો જે શબ્દથી બોધ કરવામાં આવે તે શબ્દથી બોધન કરાતો અર્થ છે વિષય જેનો એવી શ્રોતાપુરુષની તે શબ્દ સાંભળવાથી થયેલી વૃત્તિ તે આગમ પ્રમાણ છે આ લક્ષણમાં મૂલ વક્તાનું જ ગ્રહણ કરયું છે તેથી दृष्टोवाऽनुमितः એમ બે જ કહ્યા છે, પણ એ પદો श्रुतः એનાં પણ ઉપલક્ષક છે, તેથી મૂલ વક્તાપાસેથી સાંભળેલા અર્થનો તે સાંભળનાર માણસ અન્યને બોધ કરે ત્યારે પણ એ બોધ જેને કરવામાં આવ્યો હોય તે શ્રોતાના અંતઃકરણમાં તે બોધરૂપ શબ્દથી તેના અર્થવિષયક જે વૃત્તિ થાય તે વૃત્તિરૂપ જ્ઞાન પણ આગમપ્રમાણ કહેવાય. અહિં મૂલ પુરુષ વા બોધ આપનાર પુરુષ આપ્ત હોવા જોઇએ. ત્યાં જોવામાં, અનુમાન કરવામાં વા સાંભળવામાં તથા પ્રતિપાદન કરવામાં કુશળ હોઇને છેતરવા વગેરેની ઇચ્છાથી રહિત જે હોય તે આપ્ત કહેવાય છે.

આથી કરીને જેનામાં અજ્ઞાનમાત્રનો અભાવ છે અર્થાત્ જેમને સર્વ યથાર્થ સ્વરૂપે પ્રત્યક્ષ છે તથા જે પરમકારુણિક છે એ-

વા ઈશ્વરરૂપ મૂલ આપ્ત પુરુષથી પ્રણીત વેદ (વા આગમ) જન્ય જ્ઞાન શ્રેષ્ઠ આગમ છે. અને વેદમૂલક જ સ્મૃતિ વગેરે હોવાંથી તથા મનુવગેરે આપ્ત પુરુષોથી પ્રણીત થયેલી હોવાથી એથી થતું જ્ઞાન પણ ઉત્તમ આગમ પ્રમાણ છે. એ જ કારણથી શ્રીવ્યાસાદિ પુરુષોથી પ્રણીત થયેલા પુરાણવગેરે ગ્રંથો પણ આપ્તવાક્ય હોવાથી તેથી થતું જ્ઞાન પણ ઉત્તમ આગમ પ્રમાણ છે. અને ચાર્વાકાદિ મતના આગમો જેઓ શ્રીબૃહસ્પતિ વગેરે દેવોએ અવતાર ધરી અસુરલોકોને છેતરવાને માટે કરેલા છે અને તેથી એ આપ્ત નહિ એવાથી પ્રણીત થયેલા છે તેથી થતું જ્ઞાન આગમ પ્રમાણ નથી.

આ આગમ પ્રમાણથી પણ સામાન્યવિષયક જ જ્ઞાન થાયછે, વિશેષનું જ્ઞાન થતું નથી, એનું પ્રતિપાદન આગળ કરાશે.

આપ્રમાણે આ શાસ્ત્રમાં પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એ ત્રણ જ પ્રમાણો માન્યાં છે. અન્ય શાસ્ત્રોમાં પ્રસંગવશાત્ વધારામાં (૧) ઉપમાન, (૨) અર્થાપત્તિ, (૩) અભાવ વા અનુપલબ્ધિ, (૪) સંભવ અને (૫) ઐતિહ્ય, એ પાંચ ગણવામાં આવેછે. તથાપિ એ સર્વનો ઉક્ત ત્રણમાં અંતર્ભાવ થઇ શકેછે* તેથી આ સ્થળે અધિક કહ્યાં નથી તે યોગ્ય છે.

આપ્રમાણે ત્રણે પ્રકારની પ્રમાણવૃત્તિનું પ્રતિપાદન કર્યું. હવે ક્રમપ્રાપ્ત વિપર્યયનું પ્રતિપાદન કરેછે.

विपर्ययो मिथ्याज्ञानम तद्रूपप्रतिष्ठम् ॥८॥

સૂત્રાર્થ:—પોતાના વિષયમાં પ્રતિષ્ઠાથી રહિત એવું જે મિથ્યાજ્ઞાન તે વિપર્યય છે.

विपर्ययः-એટલે પ્રસ્તુત વિપર્યય નામની વૃત્તિ. આ સૂત્રમાં આ પદ લક્ષ્યનો નિર્દેશ કરનાર છે.

मिथ्याज्ञानम्-એટલે स्वविषये स्वजन्यव्यवहारलोपिसर्वसंमतबाधवत्त्वम्। જે અયથાર્થ જ્ઞાનના સર્વસંમત બાધથી (ખોટું છે એ જ્ઞાનથી) સ્વવિષયક વ્યવહારનો લોપ થાયછે તે. જેમ શુક્તિમાં રજતનું જ્ઞાન થાયછે એ મિથ્યાજ્ઞાન છે કારણ કે જ્યારે એ મિથ્યાજ્ઞાન હોય છે

* જુઓ શ્રીસાંખ્યકારિકા તથા સાંખ્યતત્ત્વકૌમુદી.

ત્યારે શુક્તિને વિષે 'આ રજત છે' એવો વ્યવહાર (શબ્દપ્રયોગ) થાયછે. પણ જ્યારે એ જ્ઞાન બાધિત થાય છે (શુક્તિવિષે આ શુક્તિ છે એ પ્રકારના પ્રમાણજ્ઞાનથી 'આ રજત છે' એ જ્ઞાન ખોટું છે એમ જણાય છે) ત્યારે 'આ રજત છે' એ પ્રકારના વ્યવહારનો પણ લોપ થાયછે.

अतद्रूपप्रतिष्टम्*:-એટલે જેમ अश्राद्धभोजी ब्राह्मणः। કહેવાથી श्राद्धाभोजी ब्राह्मणः (શ્રાદ્ધમાં નહિ જમનાર બ્રાહ્મણ) એવો અર્થ નીકળે છે, તેમ આ સ્થળે अतद्रूपप्रतिष्टम् કહેવાથી तद्रूपाप्रतिष्टम्--विषयस्य रूपे प्रतिष्ठाशून्यम् વિષયનું જે રૂપ હોય તે રૂપમાં પ્રતિષ્ઠા (સ્થિતિ) રહિત, અર્થાત્ જે વિષયના રૂપને ભાસમાન કરનાર નથી, પણ તે વિષયવિષે નહિ રહેલા કોઈ રૂપને (પ્રકારને) ભાસમાન કરે છે, અને તેથી પ્રમાણવૃત્તિથી જેનો બાધ થાય છે, અર્થાત્ જેની વિષયરૂપમાં દૃઢ સ્થિતિ નથી તે. જેમ શુક્તિપિં શુક્તિસ્વરૂપ હોય છે. તેથી જે જ્ઞાન એ રૂપને એ વ્યક્તિમાં વિષય કરે છે તે જ્ઞાન કદાપિ બાધિત થતું નથી દૂર થતું નથી. તેથી એ રૂપમાં દૃઢ સ્થિતિવાળું છે. પણ જે જ્ઞાન એ શુક્તિના યથાર્થ જ્ઞાનથી દૂર થઈ જાય છે તે એ રૂપમાં દૃઢ સ્થિતિરૂપ પ્રતિષ્ઠાથી રહિત છે.

આપ્રમાણે આ સૂત્રથી વિપર્યયનું એ લક્ષણ કરયું કે જે જ્ઞાન પોતાના વિષયમાં પ્રતિષ્ઠાથી રહિત છે તથા જે જ્ઞાનનો બાધ થવાથી તદ્વિષયક વ્યવહારનો લોપ થાય છે તે જ્ઞાન વિપર્યય છે. આ લક્ષણ અદૂષિત છે, કારણ કે એમાં અવ્યાપ્તિવગેરે દોષો નથી આવતા. ત્યાં વિપર્યયમાં ભ્રમ તથા સંશય એ બંનેનો સંગ્રહ કરવાનો છે, કારણ કે સંશય જો વિપર્યયમાં નહિ લઈએ તો પ્રમાણાદિ અન્ય કોઈ વૃત્તિમાં આવતો નથી. તેથી લક્ષ્યમાં ભ્રમ તથા સંશય છે. અલક્ષ્યમાં પ્રમાણાદિક અન્ય સર્વ વૃત્તિઓ છે. ત્યાં ઉપરનું લક્ષણ લક્ષ્યમાં લાગુ પડે છે, કારણ કે શુક્તિ-

* યોગવાર્તિકમાં આ પદનો આ પ્રમાણે અર્થ કર્યો છે કે तद् = જ્ઞાન, तद्रूपः=तद्रूपं यस्य सः=એ જ્ઞાનનું રૂપ-એ જ્ઞાનના સમાન આકાર-છે જેનો એવો વિષય. એવો વિષય નહિ તે अतद्रूपः; તેમાં પ્રતિષ્ઠિત તે अतद्रूपप्रतिष्टम्. તેથી આ પદનો એ અર્થ થયો કે જે જ્ઞાનના સમાનાકાર વિષય નથી તેવા વિષયમાં સ્થિતિ પામેલું, એટલે તેવા વિષયને પ્રકાશનાર જે જ્ઞાન તે.એ ટીકાકાર આ પદને मिथ्याज्ञानम् પદના વિવરણ કરનારરૂપે લે છે.

વિષે આ રજત છે એ પ્રકારનું ભ્રમાત્મક જ્ઞાન પ્રમાણવૃત્તિથી બાધિત થતું હોવાથી પોતાના વિષયમાં પ્રતિષ્ઠાથી રહિત છે, અને એ જ્ઞાનનો બાધ થવાથી 'આ રજત છે' એ પ્રકારના શુક્તિવિષેના વ્યવહારનો લોપ થાય છે, તેમ જ સહજ અંધારામાં રહેલા સ્થાણુવિષે 'આ સ્થાણુ છે કે પુરુષ છે' એ પ્રકારનું સંશયાત્મક જ્ઞાન પણ 'આ સ્થાણુ છે' એ પ્રકારની પ્રમાણવૃત્તિથી બાધિત થતું હોવાથી પોતાના વિષયમાં પ્રતિષ્ઠાથી રહિત છે અને એ જ્ઞાનનો બાધ થવાથી એ સંશય પુનઃ તે વખતે થતો નથી, અર્થાત્ 'આ સ્થાણુ છે કે પુરુષ છે' એ પ્રકારના વ્યવહારનો લોપ થાય છે. તેથી આ લક્ષણ અવ્યાપ્તિ દોષથી રહિત છે. અને અસંભવથી તો રહિત જ છે. તેમ જ અતિવ્યાપ્તિથી પણ રહિત છે. કારણ કે अतद्रूपप्रतिष्ठम् એ પદથી પ્રમાણવૃત્તિની વ્યાવૃત્તિ કરાય છે અને मिथ्याज्ञानम् એ પદથી વિકલ્પવૃત્તિની વ્યાવૃત્તિ કરાય છે. કારણ કે વિકલ્પ અતદ્રૂપપ્રતિષ્ઠિત તો છે કારણ કે એનો પણ બાધ થાય છે, તથાપિ વિકલ્પનો બાધ થાય પછી પણ તદ્વિષયક વ્યવહાર ચાલ્યા કરેછે, લોપ પામતો નથી. આ લક્ષણથી નિદ્રા અને સ્મૃતિ તો વ્યાવૃત્ત જ છે. તેથી સર્વથા લક્ષણ અદૂષિત ઠરે છે.

અહિં એ આક્ષેપ કરાય છે કે આ લક્ષણ અસંભવિત છે. કારણ કે અમુક જ્ઞાન વિપર્યય છે એમ ત્યારે સિદ્ધ થાય કે જ્યારે ઉત્તરકાળે પ્રમાણવૃત્તિથી એ જ્ઞાનનો બાધ થાય ત્યારે. પણ તે જ થવાનું નહિ, કારણ કે પ્રમાણવૃત્તિ અને વિપર્યયવૃત્તિ બંને વિરોધી હોવાથી, જેમ જ્યાંસુધી જલ વિદ્યમાન હોય છે ત્યાંસુધી અગ્નિનો ઉદય થતો નથી તેમ, જ્યાંસુધી વિપર્યયવૃત્તિ હોય છે ત્યાંસુધી પ્રમાણવૃત્તિનો ઉદય જ નહિ થવાનો. વિશેષ સ્પષ્ટ કરી કહીએ તો આ પ્રમાણે:–ચંદ્ર બે છે એ જ્ઞાન વિપર્યય છે. એ દ્વિચંદ્રનું જ્ઞાન તો અવશ્ય ઉદય પામવાનું. કારણ કે એ જ્ઞાન ઉદય પામતી વખતે એનો કોઈ પ્રતિબંધ કરનાર નથી. અથવા શુક્તિવિષે રજતનું જ્ઞાન તો થવાનું કારણ કે જે સમયે શુક્તિવિષે રજ-

+યોગવાર્તિકમાં મિથ્યાજ્ઞાન એ પદનો અર્થ જ અતદ્રૂપપ્રતિષ્ઠિત લીધેલો હોવાથી એ વ્યાખ્યાનુસાર વિકલ્પમાં એ લક્ષણની અતિવ્યાપ્તિ આવે છે. એ અટકાવવાનાટે વિકલ્પના લક્ષણમાં शब्दज्ञानानुपाती એ પદ મુકેલું હોવાથી આ વિપર્યયના લક્ષણમાં शब्दज्ञानानुपाति એ પદ અધ્યાહાર સમજી લેવું એવું કહ્યું છે.

તનું જ્ઞાન થાય છે તે સમયે શુક્તિવિષે 'આ શુક્તિ છે' એવું વિરોધિ જ્ઞાન વિદ્યમાન નથી. પણ એક વખત દ્વિચંદ્રજ્ઞાનનો વા રજતત્વજ્ઞાનનો ઉદય થયો તો પછી એથી વિરોધી જ્ઞાનનો-એકચંદ્રજ્ઞાનનો વા શુક્તિતત્વજ્ઞાનનો-ઉદય જ નહિ થવાનો, કારણ કે એ જ્ઞાનનું વિરોધિ જ્ઞાન-દ્વિચંદ્રાદિજ્ઞાન-પ્રતિબંધકરૂપે વિદ્યમાન છે.તેથી વિપર્યય જ્ઞાનનો ઉદય થયાથી પછી પ્રમાણ જ્ઞાનનો ઉદય જ થવો સંભવતો નથી. તો પછી એ પ્રમાણ જ્ઞાન વિપર્યયનો બાધ કરે એ તો આશા જ શી ! અર્થાત્ એ વિપર્યયનું લક્ષણ અસંભવિત છે. એનો ઉત્તર આ પ્રમાણે:-અહિં જે નિયમ કહ્યો તે, જ્યારે બે પદાર્થોનો ઉદય પરસ્પરની અપેક્ષાથી થતો હોય ત્યારે જ લાગુ પડે છે. જેમ વહ્નિનો ઉદય જલની અપેક્ષાથી જ થતો હોય ત્યાં જ જલ હોય ત્યારે વહ્નિનો પ્રતિબંધ થવાનો. પણ જ્યાં પદાર્થોનો ઉદય પોતપોતાના કારણથી થાય છે ત્યાં તો એ નિયમ લાગુ પડતો નથી, એટલું જ નહિ પણ ત્યાં તો જે પદાર્થો બળવાન્ હોય તે ઉદય પામીને નિર્બલનો બાધ કરવાનો. જેમકે જસદ અને ગંધકના તેજનરૂપ કારણથી વહ્નિનો ઉદય થઇ શકે છે. તેથી એ કારણથી વહ્નિનો ઉદય થયો એટલે પછી તે બળવાન્ હોય તો જલનો બાધ કરવાનો. એ જ પ્રમાણે દૃષ્ટિદોષવિગેરે કારણથી વિપર્યયનો ઉદય થવાનો, અને વસ્તુસ્વરૂપથી પ્રમાણ જ્ઞાનનો પણ ઉદય થવાનો. એ ઉદય થયો એટલે પછી પ્રમાણનો સ્વભાવ જ બળવાન્ હોવાથી એ પ્રમાણથી વિપર્યયનો બાધ થવાનો. વિપર્યય અને પ્રમાણ એ બંનેનાં કારણો ભિન્ન ભિન્ન હોવાથી એ બંનેનો ઉદય થઇ શકે છે. ખરૂં જોતાં તો વિપર્યયનો નાશ અને પ્રમાણનો ઉદય એ બંને સમકાલીનજેવાં છે. તેથી વસ્તુસ્વરૂપ બળવાન્ હોવાથી તેનું જ્ઞાન થતાં જ તે વિપર્યયને બાધ કરે છે. એમાં કોઇને શંકા હોય તો તેણે પોતાનો અનુભવ જ તપાસી જોવો. તેથી આ લક્ષણ અદૂષિત છે એ સહજ સિદ્ધ થાયછે.

આ વિપર્યય વ્યવહાર તથા પરમાર્થ ઉભય સ્થળે અતિ દુઃખદ હોવાથી અત્યંત હેય છે. તેમાં પણ વ્યવહારવિષયક વિપર્યય તો સાધારણ દુઃખોને આપનાર છે. જેનાથી આ દુર્નિવાર્ય સંસારરૂપ અનર્થ પ્રાપ્ત થયો છે તે જ મુખ્ય વિપર્યય અતિક્લેશજનક છે તેથી સર્વથા હેય છે. એ જ મુખ્ય વિપર્યયને શાસ્ત્રમાં અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ તથા અભિનિવેશ એ પાંચ વિભાગ કરી પંચપર્વા અવિદ્યા કહી વિસ્તારથી વર્ણવી છે. યદ્યપ રાગ,દ્વેષાદિ

જ્ઞાનરૂપ નથી તેથી વિપર્યય નથી, પણ અવિદ્યારૂપ વિપર્યયથી અનુગત હોવાથી વિપર્યયરૂપ ગણાય છે. એ પાંચે પ્રકારની અવિદ્યા આ વિપર્યયની વૃત્તિવિશેષ જ છે. એ પાંચ પ્રકારની અવિદ્યારૂપ વિપર્યયને જ પ્રસંગે શાસ્ત્રમાં તમસ્, મોહ, મહામોહ, તામિસ્ર અને અંધતામિસ્ર એ પાંચ અન્વર્થક સંજ્ઞાઓ આપી વર્ણન કરેલા છે. શ્રીવિષ્ણુપુરાણમાં કહ્યું છે કેઃ—

तमो मोहो महामोहस्तामिस्रोऽन्धसंज्ञकः ।
अविद्या पञ्चपर्वैषा प्रादुर्भूता महात्मनः ॥

તમસ્, મોહ, મહામોહ, તામિસ્ર અને અંધતામિસ્ર એ પાંચ પર્વવાળી અવિદ્યા, સર્વત્ર વ્યાપક હોવાથી વિભુ, મહાન્ ઇત્યાદિ સંજ્ઞાથી ઓળખાતા પુરુષને પ્રાદુર્ભૂત થઈ છે. ત્યાં અવ્યક્ત, મહત્તત્ત્વ, અહંકાર, અને પાંચ તન્માત્રા એ આઠ અનાત્મ પદાર્થવિષે થતી આત્મબુદ્ધિરૂપ અવિદ્યા તે આઠ પ્રકારનું તમસ્ છે. અષ્ટવિધ અવિદ્યાને તમસ્ સંજ્ઞા યોગ્ય છે કારણ કે જેમ તમસ્થી તત્ત્વ ઢંકાયેલું રહે છે તેમ અવિદ્યાથી આત્મતત્ત્વ ઢંકાયેલું રહે છે. દેહાદિવિષે થતી આત્મબુદ્ધિનો પણ આ તમસ્માં જ અંતર્ભાવ કરાય છે. અણિમાદિ આઠ સિદ્ધિરૂપ અષ્ટવિધ ઐશ્વર્ય જે વાસ્તવે જોતાં મોક્ષનું વિરોધી હોવાથી અશ્રેયરૂપ છે તેને વિષે થતી શ્રેયરૂપ બુદ્ધિ તે અષ્ટ પ્રકારનો મોહ છે. આ અષ્ટવિધ ઐશ્વર્યને પામવાથી તેને જ શ્રેયરૂપ માની જે યોગીઓ તથા દેવો, અમૃતરૂપ મોક્ષને પામ્યા છે એમ માને છે તે આ અષ્ટવિધ મોહરૂપ અસ્મિતાથી ગ્રસ્ત થયેલા છે. યોગબલે કરીને આ અષ્ટવિધ ઐશ્વર્યને પામીને અર્થાત્ સિદ્ધરૂપ થઈને ઐહિક તથા પારલૌકિક શબ્દાદિ પાંચ વિષયોને હું ભોગવીશ—એ પ્રકારની બુદ્ધિ તે દશવિધ મહામોહરૂપ રાગ છે. આવા આશયથી પ્રવૃત્ત થયેલો કોઈથી પ્રતિબંધને પામે ત્યારે અષ્ટવિધ ઐશ્વર્યને મેળવી શકતો નથી તથા તન્મૂલક જે ઐહિક અને પારલૌકિક શબ્દાદિ વિષયોનો ભોગ તેને પણ પ્રાપ્ત કરી શકતો નથી ત્યારે એ અષ્ટાદશ અસિદ્ધિથી તે પ્રતિબંધક ઉપરનો ક્રોધ–દ્વેષ–તે અષ્ટાદશ પ્રકારનો તામિસ્ર છે. એટલે પાંચ ઐહિક શબ્દાદિ વિષયો તથા પાંચ પારલૌકિક શબ્દાદિ વિષયો અર્થાત્ દશવિધ શબ્દાદિ વિષયો જેને એણે સ્વરૂપતઃ સુખદ માન્યા છે તે તથા તેના સાધનભૂત અષ્ટપ્રકારનું ઐશ્વર્ય જે

સ્વરૂપતઃ નહિ પણ સાધનરૂપે પ્રિય માન્યું છે, એ અષ્ટાદશના વિરોધી–પ્રતિબંધક–વિષે થતો દ્વેષ તે અઢાર પ્રકારનો તામિસ્ર છે. આ પ્રકારનાં સાધનરૂપ અષ્ટવિધ સામર્થ્યને પામીને તથા તેથી શબ્દાદિ દશવિધ વિષયોને પ્રાપ્ત કરયા પછી એ સર્વ પ્રલયમાં નાશ પામી જશે એ જ્ઞાનથી થતો અભિનિવેશ તે અષ્ટાદશ પ્રકારનો અંધતામિસ્ર છે. દેવાદિવિષયમાં એ સર્વનો અસુરાદિથી રખેને નાશ થાય એ પ્રકારનો ભય તે પણ આ અષ્ટાદશ પ્રકારનો અંધતામિસ્ર છે. આપણો અવિદ્યાદિને તમસ્ વિગેરે સંજ્ઞાથી શાસ્ત્રમાં વર્ણન કરેલાં છે આ અવાંતર વિભાગો પણ શ્રીસાંખ્યકારિકામાં પ્રતિપાદન કરયા છે. ત્યાં કહ્યું છે કે—

> भेदस्तमसोऽष्टविधो मोहस्य च दशविधो महामोहः ।
> तामिस्रोऽष्टादशधा तथा भवत्यन्धतामिस्रः ॥४८॥

તમસ્ આઠ પ્રકારનું છે, તેમ જ મોહ પણ આઠ પ્રકારનો છે; મહામોહ દશ પ્રકારનો છે, તામિસ્ર અને અંધતામિસ્ર પ્રત્યેક અઢાર પ્રકારનો છે.

આ અવાન્તર ૬૨ ભેદવાળી તથા અવિદ્યા, અસ્મિતા, રાગ દ્વેષ અને અભિનિવેશ એ પાંચ પર્વવાળી જે અવિદ્યાવૃત્તિ તે વિપર્યયવૃત્તિ જ છે. એ મુખ્ય વિપર્યયરૂપ હોવાથી અર્થાત્ સંસારરૂપ અનર્થના મૂલભૂત હોવાથી અવશ્ય નિરોધ કરવા યોગ્ય છે એ જ આ સૂત્રનું મુખ્ય તાત્પર્ય છે.

આ પ્રમાણે વિપર્યયનું સ્વરૂપ કહી હવે ઉદ્દેશક્રમાનુસાર તૃતીય પ્રકારની વૃત્તિરૂપ વિકલ્પનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે.

शब्दज्ञानानुपाती वस्तुशून्यो विकल्पः ॥९॥

સૂત્રાર્થ—શબ્દ તથા શબ્દજ્ઞાનને સર્વદા ઉત્પન્ન કરનાર અથવા શબ્દના શ્રવણથી થનાર જે નિર્વસ્તુક જ્ઞાન તે વિકલ્પવૃત્તિ છે.

शब्दज्ञानानुपाती એ સમસ્તપદના બે અર્થ થાય છે.

(૧) शब्दश्च ज्ञानं च शब्दज्ञाने ते अनुपातिनी (उत्तरकाले अवश्यं भाविनी) यस्य सः શબ્દ તથા શબ્દશ્રવણથી થતું જ્ઞાન એ બંને જેનાથી સર્વદા થયા કરે છે તે; એટલે જે મિથ્યાજ્ઞાનથી બાધકાળે તેમ જ અબાધકાળે એમ સર્વદા શબ્દપ્રયોગ તથા તેથી થતું મિથ્યાજ્ઞાન થયા કરે છે તે.

(૨) शब्दजनितज्ञानं शब्दज्ञानं । तदनुपातितु शीलं यस्य सः એટલે શબ્દનું જે શ્રવણ તે શબ્દજ્ઞાન. એ શબ્દશ્રવણથી નિરંતર થવાપણું જેને છે તે મિથ્યાજ્ઞાનરૂપ વૃત્તિ.

આપ્રમાણે બે અર્થ આ પદના થઇ શકે છે. ત્યાં પ્રથમ અર્થ આ પ્રમાણે છે કે જે વૃત્તિથી શબ્દ તથા શબ્દજ્ઞાન બાધકાળે તથા અબાધકાળે થાય છે તે; અને બીજો અર્થ આપ્રમાણે છે કે જે વૃત્તિરૂપ જ્ઞાન શબ્દના શ્રવણથી—તે જ્ઞાન બાધિત થયેલું જણાય છે ત્યારે પણ તે બાધને જાણનાર વિવેકીને પણ—થાય છે તે. આ બે અર્થમાંથી પ્રથમ અર્થમાં એ વૃત્તિને શબ્દજ્ઞાનના જનકરૂપે કહી છે અને દ્વિતીય અર્થમાં એ વૃત્તિને શબ્દશ્રવણથી ઉત્પન્ન થનારી કહી છે, એટલો ફેર છે.

वस्तुशून्यः—જે જ્ઞાનના વિષયરૂપ પદાર્થ નથી, અર્થાત્ જે જ્ઞાન નિર્વસ્તુક છે. આ પદનો અર્થ મિથ્યાજ્ઞાન વા વિપરીતજ્ઞાન છે.

આ સૂત્રથી વિકલ્પનું એ લક્ષણ કર્યું કે (૧) એ (બાધકાળે પણ વિવેકીસુદ્ધાંને) શબ્દજ્ઞાન કરાવનાર છે અથવા તો શબ્દશ્રવણથી ઉત્પન્ન થનાર છે અને (૨) એ મિથ્યાજ્ઞાનરૂપ છે અર્થાત એનો બાધ થાય છે. આ બે ધર્મવાળી જે વૃત્તિ તેને આ સ્થળે વિકલ્પવૃત્તિ કહી છે. વિકલ્પવૃત્તિના લક્ષણમાં આ બંને ધર્મો મુકવા જરૂરના છે. કારણ કે જો પ્રથમ ધર્મ માત્ર રાખીએ અને દ્વિતીય ધર્મ કાઢી નાંખીએ તો એ લક્ષણની પ્રમાણમાં અતિવ્યાપ્તિ આવે. પ્રમાણરૂપ વૃત્તિથી પણ શબ્દવ્યવહાર તથા તજ્જન્ય જ્ઞાન થાય છે. તેમ જ આપ્તવાક્યરૂપ શબ્દસમૂહના શ્રવણથી આગમપ્રમાણરૂપ વૃત્તિ ઉત્પન્ન થાય છે. તેથી જો માત્ર शब्दज्ञानानुपाती विकल्पः—એમ કહીએ તો યથાર્થ વસ્તુને વિષય કરનાર પ્રમાણવૃત્તિ પણ વિકલ્પમાં આવી જાય. એ અતિવ્યાપ્તિ દૂર કરવા દ્વિતીય ધર્મ જરૂરનો છે. વિકલ્પનો દ્વિતીય ધર્મ એ છે કે એ મિથ્યાજ્ઞાનરૂપ છે. પ્રમાણવૃત્તિ યથાર્થજ્ઞાનરૂપ હોવાથી એમાં આ દ્વિતીય ધર્મ નથી. તેથી એ વૃત્તિ વિકલ્પમાં નથી આવતી. હવે જો માત્ર દ્વિતીય ધર્મ કહીએ અને પ્રથમ ધર્મ કાઢી નાંખીએ તો વિકલ્પમાં વિપર્યય પણ આવી જવાનો. જ્યારે જે જે મિથ્યાજ્ઞાનરૂપ હોય તે સર્વ વિકલ્પ છે એમ કહ્યું ત્યારે વિપર્યય પણ મિથ્યાજ્ઞાનરૂપ હોવાથી વિકલ્પ જ ઠરવાનો. આ અટકાવવા, તથા યદ્યપિ વિક-

લ્પ વિપર્યયરૂપ એક અંશમાં છે તથાપિ કોઇ અંશમાં વિશેષતાવાળો છે એ પ્રતિપાદન કરવા પ્રથમ ધર્મની જરૂર છે. પ્રથમ ધર્મથી એ અર્થનું પ્રતિપાદન કરેલું છે કે જેમ વિપર્યયમાં એક વખત પ્રમાણથી બાધજ્ઞાન થયું કે પછી એ મિથ્યાજ્ઞાનવિષયક શબ્દપ્રયોગાદિ વગેરે વિવેકીને છુટી જાય છે તેમ અહિં નથી. વિકલ્પમાં તો એ જ્ઞાનનું મિથ્યાત્વ જણાય ત્યારપછી પણ વિવેકી પુરુષોસુદ્ધાં એ મિથ્યાજ્ઞાનવિષયક શબ્દપ્રયોગાદિ કરે છે. તેથી પ્રથમ પદ વિકલ્પની વિપર્યયથી વ્યાવૃત્તિ કરવા જરૂરનું છે.

આ પ્રમાણે આ વિકલ્પવૃત્તિનું આ સૂત્રથી અદૂષિત લક્ષણ કરેલું-એ વિકલ્પવૃત્તિ ક્વચિત્ ભેદમાં અભેદનો આરોપ કરે છે. ક્વચિત્ અભેદમાં ભેદનો આરોપ કરે છે વિગેરે અનેક પ્રકારે પ્રવર્તે છે.

"પુરુષનું ચૈતન્ય" અહિં આ બે પદોનો 'દેવદત્તની ગાય' એ બે પદોની માફક વિશેષણવિશેષ્યભાવસંબંધ પ્રતીત થાય છે. પણ એ સંબંધ જ્યાં ભેદ હોય ત્યાં જ સત્ય હોય છે. આ સ્થળે પુરુષ અને ચૈતન્ય એક જ હોવાથી એ સંબંધ મિથ્યા છે. છતાં એવું જાણનાર વિવેકી પણ એ પ્રકારનો વ્યવહાર કરે છે તથા એ વાક્યથી એ વિવેકીને પણ એ વિશેષણવિશેષ્યભાવનું જ્ઞાન થાય છે તેથી એ જ્ઞાન વિકલ્પરૂપ છે. તેમ જ "પુરુષ નિષ્ક્રિય છે" એ વાક્યનો અર્થ એવો છે કે પુરુષ ક્રિયાનાઅભાવવાળો છે. એ વાક્યમાં પુરુષ આધારરૂપે અને ક્રિયાનો અભાવ આધેયરૂપે પ્રતીત થાય છે. તેથી આ વાક્યથી પુરુષ અને ક્રિયાનો અભાવ એ બે વચ્ચે આધારાધેયભાવસંબંધ પ્રતીત થાય છે. જ્યારે બે સંબંધીઓ ભિન્ન ભિન્ન વસ્તુઓ હોય ત્યારે એ આધારાધેયભાવસંબંધ સત્ય ગણાય છે. જેમકે પાત્રમાં જલ છે, વા પાત્ર જલપૂરિત છે ઇત્યાદિ સ્થળે. પણ અભાવ આધારથી કોઈ ભિન્ન વસ્તુ નથી પણ અધિકરણરૂપ જ છે તેથી આ સ્થળે બંને ભિન્ન ભિન્ન નહિ હોવાથી આધારાધેયસંબંધ મિથ્યા છે, છતાં એ વાક્યથી એની પ્રતીતિ થાય છે. તેથી એ પ્રતીતિ મિથ્યાજ્ઞાનરૂપ છે. વિવેકી પુરુષો એ જાણે છે છતાં એ પ્રકારનો વ્યવહાર કરે છે તેથી એ મિથ્યાજ્ઞાન વિકલ્પરૂપ છે. તેમ જ 'પુરુષ અનુત્પત્તિરૂપ ધર્મવાળો છે' એ વાક્યમાં માત્ર ઉત્પત્તિનો અભાવ વાસ્તવિક છે પણ એ અભાવ પુરુષના સાથે વિશેષણતાને પામનાર કોઈ વસ્તુરૂપ ધર્મ નથી, છતાં આ વાક્યથી એ

પ્રકારનું જ્ઞાન વિવેકીને પણ થાય છે તથા વિવેકી પુરુષ બાધજ્ઞાન પછી પણ એવો પ્રયોગ કરે છે, તેથી એ મિથ્યાજ્ઞાન પણ વિકલ્પવૃત્તિ છે. તે જ પ્રમાણે 'વૃક્ષપર શાખા છે' એ વાક્યથી થતું જ્ઞાન પણ વિકલ્પ છે. ખરું જોતાં જ્યાં જ્યાં વૃક્ષત્વ હોય ત્યાં વૃક્ષ છે એમ કહેવાય. તો એ નિયમથી શાખાપર વૃક્ષ છે એમ વસ્તુગતિથી કહેવાય. એ જાણ્યા છતાં પણ વિવેકી પુરુષ એ વાક્યનો પ્રયોગ કરે છે. તેથી એ વાક્યથી થતું મિથ્યાજ્ઞાન વિકલ્પ છે. એ જ પ્રમાણે આકાશપુષ્પ, શશલાનું શિંગડું, વંધ્યાનો પુત્ર ઇત્યાદિ શબ્દોના શ્રવણથી જે કોઈ વિષયાકાર વૃત્તિ થાય છે તે મિથ્યાજ્ઞાનરૂપ છે અને વિવેકીને પણ થતી હોવાથી તથા વિવેકી પણ એ શબ્દોનો પ્રયોગ કરતા હોવાથી એ મિથ્યાજ્ઞાન વિકલ્પરૂપ છે. આ વિગેરે અસંખ્ય ઉદાહરણો એ વિકલ્પવૃત્તિનાં ગણી શકે છે. છતાં એનું સ્વરૂપ સ્ફુટ કરવા ઉપયોગી ગણી આટલાં અત્ર બતાવ્યાં છે. અન્ય ઉદાહરણો દરેકે પોતાના અનુભવમાંથી તપાસી લેવાં.

આપ્રમાણે આ સૂત્રથી વિકલ્પવૃત્તિનું સ્વરૂપ કહ્યું. હવે ક્રમપ્રાપ્ત નિદ્રાવૃત્તિનું સ્વરૂપ પ્રતિપાદન કરવા કહે છે કેઃ—

अभावप्रत्ययालंबना वृत्तिर्निद्रा॥१०॥

સૂત્રાર્થઃ—જાગ્રત અને સ્વપ્નવૃત્તિના અભાવના કારણરૂપ તમસ્‌ને વિષય કરનાર વૃત્તિવિશેષ તે નિદ્રા.

अभाव०:-अभाव એટલે જાગ્રત અને સ્વપ્નવૃત્તિનો અભાવ. प्रत्यय એટલે (कार्यं प्रत्ययते गच्छति એ વ્યુત્પત્તિથી) કારણ વા હેતુ. તેથી अभाव०—એટલે જાગ્રત અને સ્વપ્નવૃત્તિઓનો અભાવ કરનાર જે અંતઃકરણનું વા ચિત્તનું તમસ્ દ્રવ્ય તે તમસ્‌ને આલંબન કરનાર—વિષય કરનાર.

वृत्तिः—એટલે ચિત્તનો પરિણામવિશેષ. યદ્યપિ वृत्तयः पंचतय्यः એ સૂત્રથી वृत्तिः એ પદની અનુવૃત્તિ ચાલી આવે છે તથાપિ આ સ્થળે પાછું वृत्ति પદ વાપર્યું છે તેનું કારણ આ છેઃ ઘણા લોકો નિદ્રાને ज्ञानाभावो निद्रा જ્ઞાનનો અભાવ તે નિદ્રા—એ લક્ષણ કરી અભાવરૂપ માને છે. પણ એ માનવું યોગ્ય નથી. એ અર્થનું પ્રતિપાદન કરવાને આ પદ આ સૂત્રમાં મુક્યું છે, તેથી આ વૃત્તિપદ સાભિપ્રાય છે અર્થાત્ કેવળ અનુવાદ માત્ર નહિ પણ વિધાન કરનાર છે.

આ સૂત્રથી એ કહ્યું કે જાગ્રત્ અને સ્વપ્નમાં વિવિધ વિષયોનું જ્ઞાન થાય છે તેથી એ અવસ્થામાં સત્ત્વ અને રજસ્‌નું પ્રાધાન્ય હોય છે.સુષુપ્તિમાં જાગ્રતની અને સ્વપ્નનીવૃત્તિઓનો અભાવ થાય છે. એ અભાવ સત્ત્વગુણથી તો થાય જ નહિ કારણ કે સત્ત્વગુણનો સ્વભાવ પ્રકાશ કરવું વિગેરે છે, પણ આચ્છાદન કરવાનો નથી. તેમ જ રજોગુણથી પણ અંતઃકરણ વા ચિત્ત ચંચલ થઈ વિવિધ વિષયોપ્રતિ ધાય છે અર્થાત વિવિધ વૃત્તિરૂપે પરિણામ પામે છે. તેથી રજોગુણથી પણ એનો સ્વભાવ આચ્છાદન કરવાનો નહિ હોવાથી જાગ્રતસ્વપ્નવૃત્તિઓના અભાવ થઇ શકે નહિ. એ અભાવનું કારણ તમો ગુણ છે. તમોગુણ આચ્છાદન કરવાના સ્વભાવવાળો છે તેમ જ એમાં ગૌરવધર્મ છે. તેથી એ અભાવનું કારણ તમોગુણ જ ઘટે છે. એ તમોગુણને વિષય કરનાર વૃત્તિ જે સુષુપ્તિમાં સ્ફુરે છે તે વૃત્તિનું નામ નિદ્રા છે.

નિદ્રા એ કેવળ વૃત્તિઓનો અભાવ નથી પણ વૃત્તિઓના અભાવના કારણરૂપ તમસ્‌ને વિષય કરનાર ચિત્તની તામસ વૃત્તિ છે. જો નિદ્રાને વૃત્તિરૂપ ન લઇએ અને કેવળ જ્ઞાનના અભાવરૂપ લઇએ તો તેટલાથી નિર્વાહ થાય એમ નથી. જો સુષુપ્તિમાં નિદ્રા નામની ચિત્તની વૃત્તિ નહિ હોય તો સુષુપ્તિમાં કશું જ્ઞાન નહિ થવું જોઇએ. અર્થાત જ્ઞાનનો કેવળ અભાવ જ હોવો જોઇએ. અને જ્ઞાનનો અભાવ હોય તો એ અવસ્થાના અનુભવની સ્મૃતિ પણ ન થવી જોઇએ. કારણ કે સ્મૃતિ અનુભવમૂલક છે. તેથી જો સુષુપ્તિસમયે કશો અનુભવ ન થતો હોય તો એ અવસ્થાની જાગ્રત્‌માં કશી સ્મૃતિ ન થવી જોઇએ. પણ તેમ તો છે નહિ.સુષુપ્તિથી જાગ્રત્‌માં પ્રવેશેલા માણસને સ્મરણ થાય છે. ક્યાં તો 'હું સુખેથી સુતો હતો,મારૂં મન પ્રસન્ન હતું—સ્વચ્છ હતું' ઇત્યાદિ પ્રકારનું સાત્ત્વિક નિદ્રાનું; ક્યાં તો 'હું દુઃખથી સુતો હતો, મારૂં મન ચચલ થઈ ભ્રમતું હતું' ઈત્યાદિ પ્રકારનું રાજસ નિદ્રાનું, અથવા તો 'હું મૂઢ થઈ રહ્યો હતો, મારા ગાત્ર ભારે થઈ ગયેલાં હતાં, મારૂં મન શ્રાંત થયું હતું—જાણે બીજાથી હરણ કરાયેલું હોયની એવું હતું' ઇત્યાદિ પ્રકારનું તામસ નિદ્રાનું સ્મરણ સર્વને અનુભવથી સિદ્ધ છે. તેથી જાગ્રતમાં સુષુપ્તિવિષયક સ્મૃતિ થાય છે એ સ્પષ્ટ છે. એ સ્મૃતિની ઉપપત્તિમાટે સુષુપ્તિમાં કોઈ અનુભવ કરનાર વૃત્તિ અવશ્ય અંગીકાર કરવી જોઇએ. એ વૃત્તિ તે નિદ્રા છે. તેથી નિદ્રા જ્ઞાનનો અભાવ નથી પણ વૃત્તિવિશેષ છે એ સિદ્ધ થાય છે. શ્રુતિ પણ ત્રિ-

षु धामसु यद्भोग्यं भोक्ता भोगश्च यद्भवेत् અર્થાત્, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણુ અવસ્થામાં જે ભોગ્ય, ભોક્તા અને ભોગ થાય છે– ઇત્યાદિ વચનથી સુષુપ્તિવિષે ભોગ્ય અને ભોગનું કથન કરે છે. ત્યાં વૃત્તિદર્શન એ ભોગ શબ્દનો અર્થ છે અને એ વૃત્તિનો જે વિષય હોય તે ભોગ્ય છે. તેથી એ શ્રુતિ સુષુપ્તિવિષે વૃત્તિ તથા તેનો વિષય છે એમ બોધન કરે છે. તેમ જ શ્રુતિમાં સુષુપ્તિના ભોગ ભોગવનારને (વૃત્તિના જોનારને) अंतःसंज्ञः નામ આપ્યું છે તો એથી પણ સુષુપ્તિમાં ભોગ્યરૂપ વૃત્તિને શ્રુતિ અવશ્ય અંગીકાર કરે છે. તેથી આગમ પ્રમાણથી પણ +નિદ્રા એ વૃત્તિ છે એ સિદ્ધ થાય છે.

આપ્રમાણે નિદ્રા એ કેવળ જ્ઞાનનો અભાવ નથી પણ એક જાતની તામસવૃત્તિ છે અને તેથી યોગની સાક્ષાત્ વિરોધી છે અને તેથી અવશ્ય નિરોધ કરવાયોગ્ય છે એ તાત્પર્યનું આ સૂત્રથી પ્રતિપાદન કર્યું. હવે ક્રમપ્રાપ્ત છેલ્લી સ્મૃતિવૃત્તિનું પ્રતિપાદન કરે છે.

अनुभूत विषयाऽसंप्रमोषः स्मृतिः ॥ ११ ॥

સૂત્રાર્થઃ—પ્રમાણાદિથી અનુભવ કરાયેલા વિષયથી અધિકનું અગ્રહણ અર્થાત્ તેટલાનું જ ગ્રહણ તે સ્મૃતિ.

अनुभूत०:–अनुभूतौ च विषयौ (वृत्तितदारूढार्थौ) तयोः असंप्रमोषः अनुभूतौ એટલે પૂર્વે અનુભવ કરાયેલા, જ્ઞાત થયેલા. विषयौ એટલે જ્ઞાનના વિષયો.

असंप्रमोषः— એ શબ્દ ચોરીવાચક मुष् ધાતુઉપરથી વ્યુત્પન્ન થયો છે. તેથી संप्रमोष એટલે ચોરી અને असंप्रमोष એટલે

+ યદ્યપિ નિદ્રા એ તામસી વૃત્તિ છે તથાપિ એના સાત્વિક, રાજસ અને તામસ એ ત્રણ વિભાગો આ પ્રમાણે કરવામાં આવેછે. નિદ્રા એ વૃત્તિ હોવાથી ચિત્તના પરિણામરૂપ છે અને તેથી એ પણ ત્રણ દ્રવ્યના અવયવીરૂપછે. ત્યાં જ્યારે એ વૃત્તિમાં તમસ્‌નું પ્રાધાન્ય, તેથી ન્યૂન સત્ત્વ અને તેથી ન્યૂન રજસ્ હોય ત્યારે એ નિદ્રા વૃત્તિને સાત્ત્વિક કહી છે; જ્યારે તમસનું પ્રાધાન્ય, તેથી ન્યૂન રજસ્ અને તેથી ન્યૂન સત્ત્વ હોય છે ત્યારે એને રાજસી નિદ્રા કહી છે; અને જ્યારે સત્ત્વ, રજસ્‌નો ઘણો અભિભવ થઇ સચિવવિના રાજ્ય કરનાર રાજાની માફક કેવળ તમસ્ જ રાજ કરે છે ત્યારે એ તમસ્‌વિષયક વૃત્તિ તામસી નિદ્રા છે.

ચોરી નહિ કરવી તે, અર્થાત્ અસ્તેય ત્યાં પોતાની નહિ ગણાતી મિલકતનું ગ્રહણ એ ચોરીનો અર્થ છે. આ સ્થળે જે અનુભૂત વિષય છે તે સ્મૃતિવૃત્તિની પોતાની મિલકત છે. તેથી તેટલાનું અથવા તેથી ન્યૂન વિષયનું ગ્રહણ જો એ વૃત્તિ કરે તો તે ચોરી નથી. પણ તેથી અધિક વિષયનું ગ્રહણ કરવું એ ચોરી છે તેથા અસંપ્રમોષ: પદથી એ અર્થ થયો કે અનુભૂત વિષયથી અન્યનું ગ્રહણ ન કરવું અર્થાત્ તેટલાનું અથવા તેથી ન્યૂન અર્થનું જ ગ્રહણ કરવું તે. તેથી પ્રકૃત સૂત્રના પદનો એ અર્થ થયો કે અનુભવ કરાયેલા જે વિષયોનું એટલે ઘટાદિ ગ્રાહ્ય પદાર્થો તથા ઘટાદિ આકારે પામેલી જ્ઞાનરૂપ વૃત્તિઓનું જ ગ્રહણ તે.

આ સૂત્રથી સ્મૃતિનું એ સ્વરૂપ નીકળ્યું કે અનુભવ કરાયેલા ઘટાદિ ગ્રાહ્ય વિષયો તથા તે સમયે થયેલી ઘટાદિઆકારવાળી ચિત્તની જે વૃત્તિ તેથી અધિકનું અગ્રહણ એ સ્મૃતિ વૃત્તિ છે. ખરું જોતાં તો અધિકનું ગ્રહણ ન કરવું એ સ્મૃતિ વૃત્તિનો ધર્મ છે. છતાં ધર્મ અને ધર્મીનો અભેદ માનીને આ સ્થળે એ અગ્રહણને સ્મૃતિ કહી છે. તેથી સૂત્રનું એ સ્વરૂપ થયું કે જે વૃત્તિ અનુભૂત ગ્રાહ્ય વિષયનું તથા જ્ઞાનાકાર વૃત્તિનું જ માત્ર ગ્રહણ કરે છે તે વૃત્તિ સ્મૃતિ છે. સ્મૃતિવૃત્તિનું સ્વરૂપ 'તે દેવદત્ત,' 'તે ગંગા' ઇત્યાદિ પ્રકારનું છે. એ લક્ષણમાં સ્મૃતિને વૃત્તિ કહેવાથી સ્મૃતિના કારણરૂપ, તથા અનુભવથી પેદા થવાથી અનુભવના કાર્યરૂપ સંસ્કારની વ્યાવૃત્તિ કરાય છે. તેમ જ સોઽયં દેવદત્ત:—તે દેવદત્ત આ છે, એ પ્રકારનું જ્ઞાન જેને પ્રત્યભિજ્ઞા કહે છે તેની પણ આ લક્ષણથી વ્યાવૃત્તિ કરાય છે. કારણ કે પ્રત્યભિજ્ઞામાં स देवदत्तः તે દેવદત્ત—એ અંશમાં તે દેશકાલાદિવિશિષ્ટ દેવદત્ત અનુભવાયેલો હોવાથી સ્મૃતિ છે. પણ अयम्–આ એ અંશમાં અનુભવ છે. તેથી પ્રત્યભિજ્ઞા સ્મૃતિ અને અનુભવ બંનેને વિષય કરનાર હોવાથી એ પ્રત્યભિજ્ઞાનો સ્મૃતિમાં અંતર્ભાવ થતો નથી. પ્રત્યભિજ્ઞાનો સ્મૃતિ અને અનુભવ એ બંનેમાં અંતર્ભાવ થઇ શકે છે. તેથી આ સૂત્રમાં કરેલું સ્મૃતિનું લક્ષણ યોગ્ય છે. અથવા તો 'તે દેશ કાળનો અનુભવ થયેલો છે, તેમ જ દેવદત્તનો અનુભવ પણ થયેલો છે છતાં એ બેના સંબંધનો અનુભવ નથી થયો અને सः देवदत्तः–તે દેવદત્ત—એમાં એ સંબંધ પણ વિષયરૂપે ભાસે છે તેથી એ જ્ઞાનમાં અનનુભૂત વિષય પણ છે અને તેથી એ સ્મૃતિ સૂત્રના લક્ષણથી ન કહેવાય' એમ કોઇ કહે તો સૂત્રથી સ્મૃતિનું સાધારણ સ્વરૂપમાત્ર

બતાવ્યું છે અને સ્મૃતિનું શાસ્ત્રીય લક્ષણ તો संस्कारजन्यं ज्ञानं स्मृतिः 'અનુભવથી પડેલા સંસ્કારથી થનાર જ્ઞાન તે સ્મૃતિ છે'–એ જ છે એ ઉત્તર ઉચિત છે. આ લક્ષણમાં એ અવ્યાપ્તિ નથી આવતી.

આ સૂત્રના अनुभूतविषय० એ પદમાં अनुभूतौ यौ विषयौ એ પ્રમાણે વિગ્રહ કરવાથી આ અર્થ નિકળે છે કે એ સ્મૃતિના વિષયરૂપે જેમ ગ્રાહ્ય ઘટાદિ વિષયો હોય છે તેજ પ્રમાણે પૂર્વનું ઘટાદિ જ્ઞાન પણ હોય છે ત્યાં પ્રથમ ઘટાદિ વિષયો તથા તદ્વિષયક જ્ઞાન એ બંનેનો અનુભવ થયેલો હોય છે. પ્રથમ આ ઘટ છે એ પ્રમાણે જ્ઞાન થાય છે. તેથી એ જ્ઞાનમાં ઘટ ગ્રાહ્યરૂપે પ્રતીત થાય છે. તદનંતર घटज्ञानवान् अहम् ઘટજ્ઞાનવાળો હું છું એ પ્રમાણે અનુભવ થાય છે. એ અનુભવ જેને અનુવ્યવસાય કહે છે તેમાં ઘટજ્ઞાન પણ વિષયરૂપે ભાસે છે. તેથી ઘટજ્ઞાનરૂપ વૃત્તિ પણ અનુભૂત થયેલી હોય છે. તેથી અનુભવમાં ઘટ તથા ઘટજ્ઞાન એ બંને વિષયો હોય છે. એ અનુભવ સ્વસમાનજાતીય સંસ્કાર ચિત્તમાં પાડે છે. તે સંસ્કાર કાલાદિ અભિવ્યંજક (વ્યક્ત કરનાર) મળવાથી જ્યારે ઉદ્ભૂત થાય ત્યારે સ્વસમાન સ્મૃતિનો જ પ્રાદુર્ભાવ કરે છે. કારણકે અનુભવના સરખા સંસ્કાર અને સંસ્કારના સરખી સ્મૃતિ હોય એવો નિયમ સર્વત્ર છે. એ નિયમથી જ્યારે એ સંસ્કાર ઉદ્ભૂત થવાનો ત્યારે ઘટાદિ ગ્રાહ્ય વિષય તથા તેનું વૃત્તિરૂપ જ્ઞાન એ બંનેનું સ્મરણ કરાવવાનો, તેથી સ્મૃતિમાં ઘટાદિ ગ્રાહ્ય વિષય તથા વૃત્તિરૂપ જ્ઞાન એ બંને ભાસવાનાં. આ રીતે અનુભવ અને સ્મૃતિ બંને સરખાં છે કારણ કે અનુભવમાં પણ ગ્રાહ્ય અને જ્ઞાન બંને ભાસે છે અને સ્મૃતિમાં પણ તેમ જ છે. તથાપિ અનુભવમાં વૃત્તિરૂપ જ્ઞાન મુખ્ય છે એ घटज्ञानवान् अहं એ વાક્યથી જ સ્પષ્ટ દેખાય છે, અને સ્મૃતિમાં તે દેવદત્ત ઇત્યાદિથી જેમ સ્પષ્ટ જણાય છે તેમ ગ્રાહ્ય મુખ્યરૂપે ભાસે છે. અનુભવમાં જ્ઞાનના વિશેષણરૂપ ઘટ હોય છે અને સ્મૃતિમાં તો ઘટ પોતે જ વિશેષ્યરૂપ હોય છે, તેથી અનુભવમાં જ્ઞાનની મુખ્યતા છે અને સ્મૃતિમાં ગ્રાહ્યની મુખ્યતા છે. તેથી અનુભવ અને સ્મૃતિનો આ અંશમાં પણ ભેદ છે. બાકી સ્મૃતિમાં પણ ગ્રાહ્ય અને વૃત્તિરૂપ જ્ઞાન બંને વિષયરૂપે ભાસે છે, એ તો સિદ્ધ છે.

આપ્રમાણે આ સૂત્રથી સ્મૃતિવૃત્તિનું–જે પાંચ પ્રકારમાંની છેલ્લી વૃત્તિ હતી તેનું–પ્રતિપાદન કર્યું.

આ રીતે આ સૂત્રોથી યોગનું સ્વરૂપ કહ્યું. તથા તેને ઉપયોગી વૃત્તિનું સ્વરૂપ તથા વૃત્તિના પાંચ પ્રકાર કહ્યા. એ પાંચે પ્રકારની વૃત્તિનાં સ્વરૂપ પણ કહ્યાં; તથા કહ્યું કે આ પાંચે પ્રકારની વૃત્તિઓનો નિરોધ કરવો; એ કરવાથી શું ફલ થાય છે એ પણ સંક્ષેપમાં કહ્યું. હવે એ નિરોધ કરવાનો કહ્યો પણ તે ઉપાયવિના થવો અશક્ય છે. તેથી ઉપાયનું પ્રતિપાદન કરવું આવશ્યક છે. એ ઉપાયોનું સાધારણ પ્રતિપાદન કરવા ઉત્તર પાંચ સૂત્રો રચ્યાં છે. ત્યાં પ્રથમ તો એ ઉપાય કયા છે તે કહે છે.

अभ्यासवैराग्याभ्यां तन्निरोधः ॥१२॥

સૂત્રાર્થ—એ પાંચે પ્રકારની વૃત્તિઓનો નિરોધ અભ્યાસ તથા વૈરાગ્યવડે થાય છે.

अभ्यास०–એટલે અભ્યાસ તથા વૈરાગ્યવડે. આ પદ તૃતીયાંત હોવાથી સાધનનો નિર્દેશ કરનાર છે. તથા આ સૂત્રમાં સાધનનું વિધાન કરવાનું હોવાથી આ પદ જ વિધેયનું પ્રતિપાદન કરનાર છે.

तन्निरोधः–એ પાંચે પ્રકારની વૃત્તિઓનો નિરોધ.

આ સૂત્રથી પૂર્વે પ્રશ્ન કર્યો હતો કે એ વૃત્તિનો નિરોધ કયા ઉપાયથી કરવો તેનો એ ઉત્તર આપ્યો કે અભ્યાસ તથા વિરાગ એ સાધનોથી એ વૃત્તિનો નિરોધ કરવો. આ સૂત્રથી નિરોધના સાધનરૂપે બે ઉપાયો કહ્યાઃ (૧) અભ્યાસ અને (૨) વિરાગ. ત્યાં એ બન્નેમાંથી ગમે તે એક ઉપાય સાધક કરે તો ચાલે એમ છે કે સાધકે એ બન્ને ઉપાયોનું અનુષ્ઠાન કરવું જરૂરનું છે એ વિચારવાનું છે; અર્થાત્ આ સૂત્રમાં च વિગેરે કોઈ શબ્દ ન હોવાથી એ બે ઉપાયોનો વિકલ્પ સૂત્રકારે કહ્યો છે કે એ બન્નેનો સમુચ્ચય કહ્યો છે એ સંશયગ્રસ્ત રહે છે. ત્યાં પૂર્વપક્ષ એ પ્રાપ્ત થાય છે કે એ સાધનોનો વિકલ્પ ગ્રંથકારને માન્ય છે. કારણ કે દુઃખનો અભાવ એ મુખ્યફલ છે. એ ફલના સાધનરૂપે યોગનું વિધાન છે. ત્યાં દુઃખ થવાનું કારણ પદાર્થોપરની આસક્તિ છે કારણ કે આસક્તિના અભાવે દુઃખ થતું દેખાતું નથી. અન્યના શબ જોઈને માણસને દુઃખ થતું નથી પણ પોતાના પ્રિય માનેલા પદાર્થોના નાશ વા વિયોગથી જ દુઃખ થાય છે એ સર્વને અનુભવસિદ્ધ છે. એ ઉદાહરણથી એ સ્પષ્ટ દેખાય છે કે દુઃખનું કારણ મરણ વા વિયોગ નથી પણ જે પદાર્થના વિયોગ વા મરણથી દુઃખ થાય છે તે પદાર્થવિષેનો માણસનો રાગ જ કારણ છે. જો મરણ

વા વિયોગથી જ દુઃખ થતું હોય તો સર્વદા સર્વના મરણથી દુઃખ થવું જોઇએ. પણ તે તો છે નહિ. તેથી આસક્તિ વા રાગ એ જ દુઃખનું કારણ છે. આસક્તિ વા રાગને લીધે જ વૃત્તિઓ વિષયમાં લાગેલી રહે છે અર્થાત્ ચિત્ત ચંચલતાને પામી એકાગ્ર વા નિરુદ્ધ રહેતું નથી, પણ વૃત્તિવાળું રહ્યા કરે છે. તેથી એ આસક્તિ વા રાગને દૂર કરવા વિરાગમાત્રની જરૂર છે. અથવા તો પોતાનું દુઃખમાત્રથી રહિત પુરુષત્વ જાણવારૂપ (એટલે પોતે સર્વ દૃશ્યપ્રપંચથી વિલક્ષણ છે તથા તેથી ભિન્ન છે એ જાણવારૂપ) વિવેકખ્યાતિમાત્રની જરૂર છે, તેથી ક્યાં તો વિરાગની વા ક્યાં તો અભ્યાસની—એમાંથી એકની—સાધકને માટે જરૂર છે. પણ બંનેની જરૂર નથી. તેથી આ સ્થળે આ બે સાધનોનો વિકલ્પ વિવક્ષિત છે એ પ્રાપ્ત થયું.

એ પૂર્વપક્ષ વિશેષ વિચારથી યોગ્ય ઠરતો નથી. કારણ કે ચિત્ત એક નદીરૂપ છે અને તે બે પ્રકારે વહન કરે છે. ક્વચિત્ સંસારસાગરતરફ વહન કરે છે, અને ક્વચિત્ કૈવલ્યસાગરતરફ વહન કરે છે. સ્વાભાવિક રીતે સર્વ જીવોની ચિત્તનદી સંસારસાગરતરફ વહન કરતી દેખાય છે. શ્રીકઠોપનિષદ્‌માં પણ કહ્યું છે કે पराञ्चि खानि व्यतृणत् स्वयंभूः—સ્રષ્ટાએ સર્વ ઇન્દ્રિયોને પરાક્ પદાર્થને જોનાર રૂપે જ રચી છે, અર્થાત્ એ ઇન્દ્રિયોથી ચિત્ત સંસારતરફ જ ખેંચાયેલું રહે છે. તેથી નિરોધમાટે સાધકને બે કર્તવ્ય છે. એક તો એ નદીના સંસારસાગરતરફના માર્ગને રોધવો તથા એ નદીને કૈવલ્યસાગરતરફ વાળી એને ત્યાં જ લીન કરી દેવી. એ બે કર્તવ્યની સિદ્ધિ થાય છે ત્યારે જ યથાર્થ નિરોધની સિદ્ધિ થઇ કહેવાય છે. એ બે કર્તવ્યમાટે સૂત્રોક્ત બંને સાધનોનો સમુચ્ચય જરૂરનો છે. વૈરાગ્યથી સંસારતરફ વહેતા પ્રવાહને અટકાવાય છે અને અભ્યાસથી એ પ્રવાહને કૈવલ્યસાગરમાં લીન કરાય છે. એટલે ચિત્તવૃત્તિ વિષયાભિમુખ રહે છે તેને વિષયમાં દોષદર્શનાદિ ઉપાયોથી તેતરફ જતી બંધ પાડવામાં આવે છે અને એ વિષયતરફ જતી અટકેલી વૃત્તિઓને પુરુષતત્ત્વપ્રતિ અભ્યાસરૂપ ઉપાયવડે લઇ જવામાં આવે છે. તેથી વિરાગ અને અભ્યાસ એ બંને સાધનો નિરોધમાટે પ્રતિસાધકને જરૂરનાં છે. આમ હોવાથી જ શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં બંને સાધનોનો સમુચ્ચય કરયો છે. ત્યાં કહ્યું છે કે

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥

હે મહાબાહો ! મન વા ચિત્ત અતિચંચલ હોવાથી તેનો નિરોધ વા નિગ્રહ કરવો એ નિઃસંશય અતિકઠિન છે. તથાપિ એ ચિત્તનો નિરોધ અભ્યાસ તથા વિરાગ એ બે ઉપાયોથી થાય છે. શ્રીકપિલ ભગવાને પણ वैराग्यादभ्यासाश्च ॥ અ० ૨. સૂ० ૩૬ ॥ એ સૂત્રથી વૈરાગ્ય અને અભ્યાસ એ બંનેનો સમુચ્ચય કહ્યો છે. શ્રીમદ્ વિદ્યારણ્યસ્વામીએ પણ એમ જ કહ્યું છે કે *જેમ તીવ્રવેગવાળા નદીપ્રવાહને સેતુબંધનથી તેતરફ વહેતો અટકાવીને ખેતરતરફનો અન્ય આડો પ્રવાહ નહેર કાઢી ચલાવાય છે, તેમ વૈરાગ્યવડે ચિત્તનો વિષયતરફનો વેગ અટકાવીને સમાધિના અભ્યાસવડે અંતર્મુખ વહેતો અન્ય પ્રશાન્ત પ્રવાહ ચલાવાય છે. અર્થાત્ વૃત્તિનિરોધમાટે વૈરાગ્ય અને અભ્યાસ બંને જોઇએ છીએ. શ્રીસુરેશ્વરાચાર્યે પણ इहामुत्रविरक्तस्य संसारं प्रजिहासतः । जिज्ञासोरेव कस्यापि योगेऽस्मिन्नधिकारिता ॥ ઐહિક અને પારલૌકિક વિષયોવિષે વિરક્ત થયેલા તથા સંસારને ચિત્તથી છોડી દેવા ઇચ્છનાર કોઇ જિજ્ઞાસુ પુરુષ જ આ યોગમાટે અધિકારી છે. આ વાક્યથી પણ વૈરાગ્ય અને પછી યોગરૂપ સમાધિનો અભ્યાસ એ બંને જરૂરનાં ઠરે છે.

આપ્રમાણે વૈરાગ્ય અને અભ્યાસ તો બંને જરૂરના છે એટલું જ નહિ પણ સાધકને તો બંનેનું અનુષ્ઠાન સાથે જ કરવું જરૂરનું છે. કોઈ એમ ધારે કે પ્રથમ યથાર્થ વૈરાગ્ય સિદ્ધ કરીને પછી અભ્યાસમાં પ્રવેશું તો તે યોગ્ય નથી. કારણ કે અભ્યાસ વૈરાગ્યનો ઉપકારક છે અને વૈરાગ્ય અભ્યાસનો છે. જેટલો વખત ચિત્ત વિષયમાં પ્રીતિથી રહિત રહે છે તેટલો વખત તે સહજ પ્રયત્નથી અંતર્મુખ કરી શકાય છે અને જેટલો વખત ચિત્ત અંતર્મુખ રહે છે તેટલો વખત ખુલ્લી રીતે તે વિષયથી વિમુખ રહે છે. તેથી અભ્યાસ અને વૈરાગ્ય બંને પરસ્પરના ઉપકારક હોવાથી બંનેનું અનુષ્ઠાન પણ સાથે જ કરવું પડે છે.

---

*तीव्रवेगोपेतं नदीप्रवाहं सेतुबन्धेन निवार्य कुल्या प्रणयनेन क्षेत्राभिमुखं तिर्यक्प्रवाहान्तरमुत्पाद्यते तथा वैराग्येण चित्तनद्या विषयप्रवाहं निवार्य समाध्यभ्यासेन प्रशान्तः प्रवाहः संपाद्यते ॥ (जीवन्मुक्तिविवेक)

આ પ્રમાણે આ સૂત્રથી યોગનાં સામાન્ય બે સાધનો કહ્યાં. હવે એ બે પદાર્થો-અભ્યાસ અને વૈરાગ્યથી શું અર્થ ગ્રહણ કરવાનો છે તેનું પ્રતિપાદન કરે છે, અર્થાત્ અભ્યાસ કોને કહેવો અને વૈરાગ્ય કોને કહેવો વગેરે પ્રતિપાદન કરે છે.ત્યાં પ્રથમ અભ્યાસનું કથન કરેલું હોવાથી અભ્યાસનું પ્રથમ પતિપાદન કરે છે,

तत्र स्थितौ यत्नोऽभ्यासः ॥१३॥

સૂત્રાર્થઃ—ત્યાં ચિત્તની પ્રશાન્તવાહિતા સ્થિતિમાટેનાં સાધનોનું અનુષ્ઠાન તે અભ્યાસ છે.

तत्र—એટલે અભ્યાસ અને વૈરાગ્ય એ બે સાધનમધ્યે.

स्थितौ—ચિત્તની રાજસ અને તામસ વૃત્તિરહિત જે અવસ્થા જેને પ્રશાન્તવાહિતા કહે છે તે સ્થિતિ. સ્થિતિ શબ્દનો અર્થ વૃત્તિ માત્રનો અભાવ નથી કારણ કે એ સ્થિતિની સિદ્ધિઅનન્તર સંપ્રજ્ઞાતયોગ થાય છે એમ ઉત્તર સૂત્રમાં કહ્યું છે. તેથી જો સ્થિતિનો અર્થ વૃત્તિમાત્રનો નિરોધ અર્થાત અસંપ્રજ્ઞાતયોગ લઈએ તો અસંપ્રજ્ઞાતયોગની સિદ્ધિપછી સંપ્રજ્ઞાતયોગ થાય છે એવો વિપરીત અર્થ પ્રાપ્ત થાય. તેથી સ્થિતિનો અર્થ પ્રશાન્તવાહિતા નામની અવસ્થા લેવો યોગ્ય છે. स्थितौ એ સપ્તમી છે, તથાપિ એ સપ્તમી ચતુર્થીના અર્થમાં હોવાથી નિમિત્તસપ્તમી છે. જેમ चर्मणि द्वीपिनं हन्ति ચર્મમાં હાથીને મારે છે-એ વાક્યમાં चर्मणि એ સપ્તમ્યંત છે, તથાપિ એ વાક્યનો અર્થ 'ચર્મમાટે હાથીને મારે છે,' એમ હોવાથી એ સપ્તમી ચતુર્થીના અર્થમાં છે. તેમ આ સ્થળે પણ છે. તેથી स्थितौ એટલે ચિત્તની પ્રશાન્તવાહિતા અવસ્થામાટે. અથવા તો स्थितौ એ સાતમી જ રાખીએ તો स्थितौ નો અર્થ આ પ્રમાણે કરવોઃ—સ્થિતિને વિષય લઈને. તેથી એ સાતમી આધાર-સપ્તમી થઈ.

यत्नः—એટલે સ્વતઃ બહિર્મુખ થનાર ચિત્તને મારે (અભિમાનીએ) સર્વથા નિરુદ્ધ કરવું એ પ્રકારનો માનસ ઉત્સાહ અથવા તો એકાગ્રતાની ધારારૂપ સ્થિતિને સંપાદન કરવાના ઉત્સાહથી આગળ કહેવામાં આવતાં શ્રદ્ધા. વીર્ય વગેરે સાધનોનું અનુષ્ઠાન.

આ સૂત્રથી એ કહ્યું કે ચિત્તની રાજસ, તામસ વૃત્તિઓના નિરોધથી થતી એકાગ્રતાની ધારારૂપ જે પ્રશાન્તવાહિતા સ્થિતિ તેને સંપાદન કરવાની ઇચ્છાથી શ્રદ્ધા, વીર્ય વગેરે સાધનોનું પુનઃ

પુનઃ અનુષ્ઠાન કરવું તે અભ્યાસ છે, અર્થાત્ એ સ્થિતિની જ્યાં સુધી સિદ્ધિ થાય ત્યાં સુધી એ સાધનોનું વારંવાર અનુષ્ઠાન કરયા કરવું તે અભ્યાસ છે.

આ પ્રમાણે અભ્યાસનો અર્થ કરવાથી અભ્યાસ શબ્દથી સમાધિનો અભ્યાસ કહ્યો છે એ પ્રકારના ભ્રમ દૂર થાય છે. સમાધિના સાધનરૂપ અભ્યાસરૂપ સાધનનું વિધાન અત્ર કર્યું છે. તો સમાધિ કેવી રીતે સિદ્ધ થાય એના ઉત્તરમાં 'સમાધિનું પુનઃ પુનઃ અનુષ્ઠાન કરવું' એમ કહેવું અનુચિત છે. તેથી અભ્યાસ જે 'પુનઃ પુનઃ કરાતા અનુષ્ઠાનનો' વાચક છે તે શબ્દથી સમાધિના અભ્યાસનું ગ્રહણ નથી થતું પણ સમાધિનાં સાધનોના પુનઃ પુનઃ અનુષ્ઠાનનું ગ્રહણ થાય છે.

આપ્રમાણે આ સૂત્રથી અભ્યાસનો અર્થ પ્રતિપાદન કરેલો. એ અભ્યાસથી અનાદિ કાળથી બંધાયેલા વાસનારૂપ સંસ્કારોનો હ્રાસ થાય છે. તથા ચિત્તમાં જે રજસ્ તમસનું પ્રાધાન્ય છે તે મટી જઈ સત્ત્વનું પ્રાધાન્ય થાય છે, એટલું જ નહિ પણ ક્રમે કરી એ વિવિધ દ્રવ્યનો અભિભવ થઈ શુદ્ધસાત્ત્વિક દ્રવ્યનું પ્રાધાન્ય થાયછે. એ શુદ્ધસાત્ત્વિક દ્રવ્યનું બળ જામે છે ત્યારે જ એકાગ્રતાની ધારારૂપ પ્રશાન્તવાહિતા સ્થિતિ પ્રાપ્ત કરાય છે. તેથી અભ્યાસ શરૂ કર્યા કે તરત પ્રશાન્તવાહિતા સ્થિતિ થતી નથી. પણ તેને માટે એ અભ્યાસરૂપ સમાધિસાધનનું પુનઃ પુનઃ અનુષ્ઠાન કેટલાંક વિશેષણવાળું હોવું જોઈએ છે, તેનું પ્રતિપાદન કરવા હવે કહે છે કે—

स तु दीर्घकालनैरन्तर्यसत्कारासेवितो दृढभूमिः॥१४॥

સૂત્રાર્થ:—એ અભ્યાસ જ્યારે દીર્ઘકાળપર્યંત તથા નૈરંતર્યે કરીને આદરવડે સર્વ પ્રકારે સેવન કરવામાં આવે છે ત્યારે યથાર્થ સ્થિતિને ઉત્પન્ન કરનાર થાય છે (અર્થાત્ દૃઢવિષયક થાય છે).

સઃ—એટલે ઉક્ત પ્રકારનો અભ્યાસ.

તુ—એ શંકાનો નિરાસ કરવા અર્થે મૂક્યું છે. ત્યાં એ શંકા સાધારણ રીતે થાય છે કે 'ઉપલા સૂત્રમાં સમાધિસાધનનો અભ્યાસ કરવો એમ કહ્યું. ત્યાં એ સમાધિસાધનનું ત્રણ ચાર વાર અનુષ્ઠાન કર્યું એટલે એ શાસ્ત્રવચન ચરિતાર્થ થયું. તો પછી એ ત્રણ ચાર વખતના અનુષ્ઠાનથી અનાદિકાળથી બંધાયેલી વાસનાનો ક્ષય

થવો જોઇએ. પણ તે તો સંભવતો નથી તેથી અભ્યાસરૂપ સાધન યોગ્ય નથી,' એ શંકાનો પરિહાર આ સૂત્રથી કરયો છે એ બતાવનાર તુ શબ્દ છે.

दीर्घकाल०—એટલે દીર્ઘકાલસુધી, નૈરંતર્યે કરીને, સત્કાર એટલે આદર વા પ્રીતિવડે એનું આસેવન (સર્વ પ્રકારે સેવન) કરાય તો જ.

दृढभूमिः—એટલે દૃઢ છે ભૂમિ નામ વિષય જેનો એવો થાય. ત્યાં એ સ્થિતિવિષયક અભ્યાસ હોવાથી એ અભ્યાસનો વિષય પ્રશાંતવાહિતા સ્થિતિ છે. એ ભૂમિ દૃઢ થાય=યથાર્થ સિદ્ધ થાય.

આ સૂત્રથી એ કહ્યું કે એ નિરોધનાં વા સમાધિનાં સાધનોનો અભ્યાસ જો (૧) દીર્ઘકાળપર્યંત કરવામાં આવે, (૨) નૈરંતર્યથી એટલે વ્યવધાનરહિતપણે કરવામાં આવે તથા (૩) આદર વા પ્રીતિપૂર્વક ધ્યાન દઇ એ કરવામાં આવે તો જ એ પોતાના લક્ષ્ય વિષયરૂપ ચિત્તની પ્રશાન્તવાહિતા સ્થિતિ વા તેથી થતી સમાધિને વ્યુત્થાનસંસ્કારથી અભિભવ ન પામે એવી દૃઢ કરી શકે. આ રીતે આ સૂત્રથી એ અભ્યાસનાં ત્રણ વિશેષણો કહ્યાં. ત્યાં એ વિશેષણો જરૂરનાં છે કે કેમ એ વિચારીએ. ત્યાં પ્રથમ તો એ અભ્યાસ દીર્ઘકાળસુધી કરવો એ કહ્યું છે, અર્થાત્ ત્રણ ચાર વારના અભ્યાસથી ચાલે એમ નથી. પણ એ ઘણા લાંબા વખતસુધી કરવો જરૂરનો છે. કારણ કે એ અભ્યાસથી દૃઢ એકાગ્રતા વા નિરોધ સિદ્ધ કરવાનો છે. એકાગ્રતા વા નિરોધ દૃઢ ક્યારે થાય કે જ્યારે એનો વ્યુત્થાનસંસ્કારથી (બહિર્મુખ કરનાર સંસ્કારથી) અભિભવ ન થાય ત્યારે. વ્યુત્થાનસંસ્કારો અનાદિ કાળથી જીવને બંધાયા છે, તેથી એ અતિલાંબા વખતથી બંધાયેલા સંસ્કારોનો અભિભવ કરવા અથવા તો એની સામે ટકી રહેવા નિરોધસંસ્કારો અતિબળવાન્ થવા જોઇએ. ત્યાં એક વખત નિરોધસાધનનું અનુષ્ઠાન કરવામાં આવે તો તેથી માત્ર એક નિરોધસંસ્કાર પડે. પુનઃ જ્યારે એ નિરોધસાધનોનું અનુષ્ઠાન કરવામાં આવે ત્યારે પ્રથમ પડેલા નિરોધસંસ્કારને યત્કિંચિત્ બળ મળે. એપ્રમાણે જેમ જેમ અધિક અધિકવાર સાધનોના અનુષ્ઠાનની આવૃત્તિ કરાય તેમ તેમ એ નિરોધસંસ્કારો વિશેષ વિશેષ બળવાન્ થતા જાય. અને અંતે જ્યારે એ નિરોધસંસ્કારો વ્યુત્થાનસંસ્કારોથી અત્યંત બળવાળા થાય ત્યારે એ નિરોધસંસ્કારો વ્યુત્થાનસંસ્કારોથી કેવલ અડગ થઇ રહે અર્થાત્ પોતાના કાર્યરૂપ એકાગ્રતાધારામાં લેશ પણ ખલેલ નહિ આવવા દે.

તેથી ઘણા લાંબાકાળથી બંધાયેલા તથા બળ પામેલા વ્યુત્થાનસંસ્કારોનો અભિભવ કરવા એ અભ્યાસ દીર્ઘકાળનો હોવો જોઇએ, એ સ્પષ્ટ છે.

અહિં એવું સમજવાનું નથી કે વ્યુત્થાનસંસ્કારો અનાદિકાળના હોવાથી એનો અત્યંત અભિભવ કરનાર તથા અંતે દાહ કરનાર નિરોધસંસ્કારો પણ અપરિમિતકાળસુધીના હોવા જોઇએ, અર્થાત્ અભ્યાસ અપરિમિત કાળસુધી કરવો જરૂરનો છે, અને તેથી અર્થાત્ અશક્ય છે. કારણ કે આ સૃષ્ટિના આદિ નિયમોને સ્થાપનાર ઈશ્વર અતિદયાલુ છે. અને તેથી જ તેમણે એવો નિયમ સશક્ત છતાં સ્થાપ્યો નથી કે અજ્ઞાનમૂલક સંસ્કારોનો અભિભવ તથા દાહ કરવા યથાર્થવિષયક સંસ્કારો તેટલા જ કાળના હોવા જોઈએ. વ્યુત્થાનસંસ્કારો માત્ર અવિદ્યામૂલક છે. તેથી તેના મૂલનો અભિભવ થવાથી એ સર્વેનો અભિભવ અને અંતે દાહ થઇ જાય છે. સમાધિસંસ્કારો વા નિરોધસંસ્કારો યથાર્થ તત્ત્વને પ્રકાશનાર હોય છે. તેથી એક વખત દૃઢ અપરોક્ષ જ્ઞાન થાય એટલે પછી વ્યુત્થાનસંસ્કારો બાધ કરનાર થઈ પડતા નથી. તેથી એ અભ્યાસ જેનું ફલ દૃઢ અપરોક્ષ તત્ત્વજ્ઞાન છે તેનું અનુષ્ઠાન અનંતકાળસુધી કરવાનું નથી અને તેથી અશક્ય નથી. પણ જેમ જ્યાં સુધી ચોખા નિકળે ત્યાં સુધી અવઘાતક્રિયા કરવી જરૂરની છે, તેમ જ્યાં સુધી અપરોક્ષ તત્ત્વજ્ઞાન થાય ત્યાં સુધી જ એ અભ્યાસ કરવાનો છે. એ અભ્યાસ પોતાના ફલરૂપ તત્ત્વજ્ઞાનને ઉત્પન્ન કરે છે એટલે તરત જ સ્વભાવથી અવિદ્યાનો બાધ થાય છે તથા અંતે અવિદ્યા સંસ્કારો પણ દગ્ધ થઇ ચિત્તની સાથે નાશ પામી જાય છે. બાકી એ તો ખરૂં છે કે જેમ ચિત્તને એક પ્રકારનો અભ્યાસ ઘણા લાંબાકાળથી પડ્યો હોય છે તો તે અભ્યાસને (દગ્ધ નહિ કરી) અટકાવીને અન્ય અભ્યાસ પાડવામાટે ઘણો લાંબો કાળ પ્રયત્ન કરવો પડે છે તેમ વ્યુત્થાનસંસ્કારો તત્ત્વજ્ઞાનમાં બાધ ન કરે અને નિરોધસંસ્કારો પોતાનું કાર્ય કરી શકે તેટલામાટે વ્યુત્થાનસંસ્કારોને બળ ન આપીને નિરોધસંસ્કારોને જ ઘણા લાંબાકાળસુધી બળ આપ્યા કરવું પડે છે, અર્થાત્ પ્રસ્તુત અભ્યાસ ઘણા લાંબાકાળસુધી કરવો પડે છે. એ કારણથી જ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે **अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्।** અનેક જન્મોના અભ્યાસથી રૂડી રીતે સમાધિ યોગ્ય ચિત્ત સિદ્ધ થાય છે, ત્યારે પછી ઉત્કૃષ્ટ ગતિને પમાય છે. તેથી અભ્યાસ ઘણા લાંબા કાળસુધીનો હોવો જ-

કરનો છે એ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે ઘણાં વર્ષપર્યંત અભ્યાસ કરે પણ જો એ અભ્યાસ વિરમી વિરમીને કરવામાં આવે તો તે ઈપ્સિત ફલને પ્રાપ્ત કરતો નથી. અર્થાત્ એ અભ્યાસ નૈરંતર્યથી કરવા જરૂરનો છે. જો વિરમી વિરમીને કરવામાં આવે તો મધ્યના કાળમાં સાધનના સંસ્કારો જાગ્રત નહી રહેવાના અને વ્યુત્થાનસંસ્કારો જાગ્રત્ થવાના તેથી એ સાધનસંસ્કારો ન્યૂનબલ થઇ જવાના અને વ્યુત્થાનસંસ્કારો જે ક્ષીણબલ થતા હતા તે પુનઃ બલ પામવાના. વિરમી વિરમીને અભ્યાસ કરવાથી ઘણાં વર્ષપછી પણ તે માણસ લગભગ ઘેરનો ઘેર જ આવી રહે છે. જેમ કોઇ માણસ કેટલોક વખત કમાણી કરે, મધ્યે પાછું ખર્ચ વા લુંટાય, વળી કમાણી કરે ને વળી લુંટાય એમ અનેક વર્ષ કરયા કરે અને પછી કેટલાંક વર્ષને અંતે પોતાની સીલક તપાસે તો પુંજી લગભગ નહિ જેવી જ નીકળે છે તે જ પ્રમાણે જે માણસ વિરમી વિરમીને અભ્યાસ કરે છે તે કેટલોક વખત વ્યુત્થાનસંસ્કારરૂપ શત્રુબલને હણીને નિરોધબલ પ્રાપ્ત કરે છે અને પછી વળી કેટલોક વખત નિરોધબલને હણીને શત્રુબલને વધારે છે તેથી ઘણાં વર્ષપછી પણ પોતે સાધનનો આરંભ કરયો તે વખતની સ્થિતિના સંધિમાં જ આવી રહેછે તેથી અભ્યાસનું અનુષ્ઠાન નૈરંતર્યથી કરવું જરૂરનું છે.

આ પ્રમાણે દીર્ઘકાળ તથા નૈરંતર્યથી અભ્યાસ કરે પણ તે જો આદરવિના કરે તો તેથી શ્રીયોગવાસિષ્ઠમાં अकर्तृ कुर्वदप्येतच्चेतःक्षीणवासनम् दूरं गतमना जंतुः कथासंश्रवणे यथा । ઇત્યાદિ વચનથી કહ્યાપ્રમાણે ચિત્તની વાસનાને ક્ષય કરવાનું કામ કરયા છતાં પણ નહિ કરયા જેવું થાય છે. જેમ કથા શ્રવણ કરતો માણસ તેથી અન્ય વિષયમાં ચિત્તને ભ્રમવા દે છે તો તે કથાના ફલને નહિ પામતાં "કથા શ્રવણ કરીને ફુટયા કાન, તોએ ન આવ્યું બ્રહ્મજ્ઞાન" એ કહેણીના પાત્રરૂપ થાય છે તેમ આદરવિના કરેલું યોગાનુષ્ઠાન પણ નહિવત્ ફલને ઉત્પન્ન કરે છે. તેથી યોગાનુષ્ઠાન આદરરૂપ પ્રીતિસહિત હોવું જોઇએ. (આદરનો †બીજો અર્થ તપ, બ્રહ્મચર્ય, વિદ્યા, શ્રદ્ધા વગેરે ગુણો એમ પણ કરવામાં આવ્યો છે, તો એવો આદર સાધકે રાખવો જોઇએ એ પણ तपसा ब्रह्मचर्येण

†એ શબ્દનો ત્રીજો અર્થ લય, વિક્ષેપ, કષાય અને રસાસ્વાદનો પરિહાર એવો પણ કરવામાં આવ્યો છે. લયાદિનાં સ્વરૂપો માટે જુઓ શ્રીસિદ્ધાન્તસિન્ધુ પ્રથમ રત્ન તથા જીવન્મુક્તિવિવેક.

विचयात्मानमन्विष्य એ શ્રુતિવાક્ય કહે છે.)

આપ્રમાણે આ સૂત્રથી દીર્ઘકાળસુધી, નૈરંતર્યે કરીને તથા આદરથી અભ્યાસ કરવો એ પ્રતિપાદન કર્યું. હવે અભ્યાસ અને વૈરાગ્ય બે સાધનોનો નિર્દેશ પૂર્વસૂત્રમાં કરયો છે તેમાં આ સૂત્રોથી અભ્યાસ માત્રનું પ્રતિપાદન થયેલું હોવાથી ક્રમપ્રાપ્ત વૈરાગ્યનું પ્રતિપાદન હવે કરે છે. એ વિરાગ બે પ્રકારનો છે (૧) અપર અને (૨) પર. એ બેમાં સંપ્રજ્ઞાત યોગનો સાધક અપર વિરાગ છે અને અસંપ્રજ્ઞાત યોગનો સાધક પર વૈરાગ્યછે. તેમાંથી ભૂમિકાક્રમપ્રમાણે પ્રથમ અપર વૈરાગ્યનું પ્રતિપાદન કરે છે.

दृष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसंज्ञा वैराग्यम् ॥१५॥

સૂત્રાર્થ:—લૌકિક અને વૈદિક વિષયોપ્રતિ જે વશીકાર સંજ્ઞારૂપ વિતૃષ્ણા તે વૈરાગ્ય છે.

દૃષ્ટા૦—દૃષ્ટ અને આનુશ્રવિક વિષયોમાં દોષદર્શનથી થયેલી વિતૃષ્ણા જેને થઇ છે તે સાધકને. ત્યાં दृष्ट એટલે લૌકિક પ્રમાણથી જાણી શકાય એવા અર્થાત્ આ લોકના; आनुश्रविकः गुरुपाठादनुश्रूयते इति अनुश्रवो वेदः । तत्र भवःआनुश्रविकः ॥ શ્રી ગુરુમુખથી જે શ્રવણ કરાય છે તે અનુશ્રવરૂપ વેદ છે. તેમાં કહેલા તે આનુશ્રવિક. विषय એ શબ્દ षिञ् बन्धने બંધનવાચક षिञ् ધાતુરૂપરથા આવે છે તેથી બંધનના હેતુભૂત પદાર્થોનો વાચક છે. આથી સ્ત્રી, પુત્ર, ધન, ક્ષેત્રવગેરે પદાર્થો લૌકિક પ્રમાણથી જાણી શકાય એવા હોવાથી તથા એમના પ્રતિનો પ્રેમ બંધનના હેતુરૂપ હોવાથી એ સર્વ દૃષ્ટ વિષયમાં આવે છે. શ્રી સદ્ગુરુ, ઇષ્ટની પ્રતિમાવગેરે પદાર્થો લૌકિક પ્રમાણથી સ્થૂલરૂપે જાણી શકાય એવા છે છતાં તેમનું વાસ્તવ સ્વરૂપ લૌકિક પ્રમાણથી જણાય એવું નથી તેથી તથા એમના પ્રતિનો પ્રેમ બંધનના હેતુભૂત નથી પણ કૈવલ્યના હેતુરૂપ છે તેથી એમનું દૃષ્ટ વિષયમાં ગ્રહણ થતું નથી. તે જ પ્રમાણે સ્વર્ગાદિ પદાર્થો વેદથી જણાતા હોવાથી તથા એ પ્રતિનો પ્રેમ બંધનના હેતુરૂપ હોવાથી એ પદાર્થો આનુશ્રવિક વિષય છે. તેમ જ વૈદેહ્ય અને પ્રકૃતિલયપણું એ પણ વેદથી જણાતાં હોવાથી તથા બંધનના હેતુરૂપ હોવાથી એ પદાર્થો આનુશ્રવિક વિષય છે. શ્રી સદ્ગુરુ વા ઇષ્ટનું વાસ્તવ સ્વરૂપ તથા વિવેકખ્યાતિ એ પદાર્થો યદ્યપિ વેદથી જણાય છે છતાં એ બંધનના હેતુરૂપ નથી પણ કૈવલ્યના હેતુરૂપ છે તેથી એ પદાર્થો આનુશ્રવિક વિષય નથી. તેથી

એ સિદ્ધ થયું કે સ્ત્રી, પુત્ર, ધન, ક્ષેત્ર, સંબંધી વગેરે પદાર્થો દૃષ્ટ વિષય છે અને સ્વર્ગાદિ લોક વૈદેહ્ય અને પ્રકૃતિલયત્વ એ આનુશ્રવિક વિષય છે. એ બંને પ્રકારના વિષયોપ્રતિ જે સાધકને વિતૃષ્ણા થઇ છે તેને–એ પ્રથમ પદનો અર્થ છે.

वशीकारसंज्ञा—એટલે એ પદાર્થો મારે વશ્ય છે, હું એમને વશ્ય નથી–એ પ્રકારની સિદ્ધ વિતૃષ્ણા જે થાય છે તે.

वैराग्यम्—યોગના સાધનરૂપ વૈરાગ્ય છે.

આ સૂત્રથી વૈરાગ્યનું લક્ષણ કરયું છે. તેમાં वैराग्यम् એ પદ લક્ષ્યનો નિર્દેશ કરનાર છે અને वशीकारसंज्ञा એ પદસુધીનું સર્વ લક્ષણ છે ત્યાં વૈરાગ્યનું એ લક્ષણ કરયું કે સ્ત્રી, પુત્ર, ધન, ક્ષેત્ર-વગેરે લૌકિક પ્રમાણથી જણાતા પદાર્થો બંધનના હેતુરૂપ છે તે, તેમ જ સ્વર્ગાદિ પદાર્થો પણ બંધનના હેતુરૂપ છે તે ઉભયવિધ પદાર્થોમાં દોષદર્શનદ્વારા થતી જે વશીકારસંજ્ઞા વિતૃષ્ણા છે તે યોગના સાધનભૂત વૈરાગ્ય છે.

અહિં દૃષ્ટાદિ પદાર્થોને બંધનના હેતુરૂપ કહેવાનું કારણ તો એ જ છે કે એ પદાર્થો દુઃખ આપનાર છે અને ક્લેશને દૃઢાવનાર છે. એ વાત સહજ વિચારથી જણાય એમ છે. ત્યાં પ્રથમ દૃષ્ટ પદાર્થો લઇએ. દૃષ્ટ પદાર્થો વ્યક્તિરૂપે તો અનંત છે, તેથી પ્રત્યેક વ્યક્તિ લઇ તેના દોષોનું પ્રતિપાદન ગ્રંથમાં થવું અસંભવ છે. છતાં સામાન્યરૂપે એ સર્વ પદાર્થોના ત્રણ વિભાગ થઇ શકે છે. તે આ છેઃ ધન, સ્ત્રીપુત્ર અને યશસ્. એ ત્રણે પ્રકારના પદાર્થોપ્રતિનો પ્રેમ જેને શાસ્ત્રમાં વિત્તૈષણા, પુત્રદારૈષણા અને લોકૈષણા કહી વર્ણન કર્યો છે તે દુઃખ અને ક્લેશનો જ ઉત્પન્ન કરનાર છે અને તેથી હેય છે. શ્રીબૃહદારણ્યકોપનિષદ્માં તે पुत्रेषणाया वित्तेषणाया-लोकेषणाया व्युत्थाय भिक्षाचर्यं चरन्ति–આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવામાં પ્રવૃત્ત થયેલા સાધકો પુત્રૈષણાદિ ત્રિવિધ ઇષણાનો ત્યાગ કરી ભિક્ષાચર્યને સેવે છે-ઇત્યાદિ વચનથી એ ઇષણાને હેય જ કહી છે. આપ્રમાણે શાસ્ત્રમાં એ ત્રિવિધ ઇષણાને હેય કહી વર્ણન કરી છે તેનું કારણ એ જ છે કે એ ઇષણાના વિષયભૂત પદાર્થો દોષથી ભરેલા છે. શ્રીપંચદશીના બ્રહ્માનંદ પ્રકરણમાં अलभ्यमानस्तनयः पितरौ क्लेशयेच्चिरं । लब्धोऽपि गर्भपातेन प्रसवेन च बाधते ॥ ઇત્યાદિ વચનોથી એ પ્રમાણે કહ્યું છે કે જ્યાંસુધી પુત્ર થયો નથી ત્યાંસુધી તો તે પોતાની અપ્રાપ્તિને લીધે માતાપિતાને પરિતાપવ-

ગેરે દુઃખો આપે છે. પુત્ર ગર્ભમાં આવે છે ત્યારે નાના પ્રકારનાં આધિવ્યાધિવગેરે દુઃખો સાક્ષાત માતાને તથા એ ઉભયવિષે આસક્ત મૂર્ખ પિતાને આપેછે. ગર્ભમાં સ્થિતિ પામ્યા છતાં પણ માબાપને ગર્ભસ્ત્રાવવગેરેવડે અનેક ભયદુઃખને આપે છે. પ્રસવસમયે માતાને પ્રાણાન્તસંકટ આપેછે. પ્રસૂત થયાપછી પોતાને વિષે આસક્ત માબાપને ગ્રહપીડા તથા રોગાદિ નિમિત્તથી અપાર કષ્ટસહન કરાવે છે. એમ કરતાં કોમાર અવસ્થાનો થાયછે ત્યારે રખેને એ મૂર્ખ રહેશે એ પ્રકારના ભયથી માબાપનાં મન નિરંતર સંતપ્ત કરે છે. અને કદાચ દૈવયોગથી મૂર્ખ રહેછે તો તો પછી જીવતાપર્યન્ત અપાર દુઃખોને ઉપજાવેછે. ઉપનયન થયાપછી જો વિદ્યા ભણતો નથી તો દુઃખ આપે છે. કદાચ વિદ્વાન્ થાય છે તો પછી પોતાને માટે સુલક્ષણી કન્યાની શોધ તથા તેની ચિંતાથી માબાપને અસહ્ય દુઃખનો હેતુરૂપ થઇ પડે છે. કદાચ તેવી કન્યા મળેછે તો પણ રખેને એ પરસ્ત્રીલંપટતાવગેરે દોષોવાળો થાય એ ચિંતાથી માબાપને બાળે છે, અને તેવા દોષોવાળો થાય છે તો તો જીવતાં જ દુઃખદાતા થાય છે એટલું જ નહિ પણ માબાપના મૃત્યુપછી પણ અનેક કષ્ટનો હેતુ થઇ નીવડેછે. કદાચ આ સર્વ થાય છે છતાં કુટુંબી થઇ દરિદ્ર રહેછે તથા યશકીર્તિવાળો થતો નથી તોપણ માબાપને સંતાપનો હેતુ થાયછે. આ સર્વ થતાં જો મૃત્યુને અધીન થાય છે તો તો પછી અપાર કષ્ટને આપેછે.† આ પ્રમાણે જન્મથી પૂર્વે, જન્મથી તે મૃત્યુપર્યન્ત અને મરણસમયે અને પછી એમ સર્વકાળે પુત્ર કેવલ દુઃખનો જ આપનાર છે એ સિદ્ધ થાય છે. તેમ જ પોતાનાં મૂર્ખ માબાપને રાગરૂપ કલેશ ઉપજાવી નિરંતર પિતૃઋણથી બાંધે છે તથા રાગદ્વારા અંત મુક્તિનો વિરોધી થાય છે. તે જ પ્રમાણે સ્ત્રી—જે શ્રીયોગવાસિષ્ઠમાં मांसपांचालिकायास्तु यंत्रलोलेऽङ्गपंजरे। ઇત્યાદિ શ્લોકથી કહ્યાપ્રમાણે અત્યંત દુર્ગંધયુક્ત માંસની પુત્તલિકારૂપ છે તથા શરીરે સ્નાયુ, અસ્થિ, રુધિર, મજ્જાવગેરેથી તથા નાનાવિધ યંત્રોથી જ ભરેલી છે, અર્થાત્ કોઈ પણ શુદ્ધ પદાર્થથી રહિત છે તે—પોતાની પ્રાપ્તિ પૂર્વે, પ્રાપ્ત થયાપછી અને મરણથી પતિને કેવળ દુઃખ આપનાર તથા પો-

---

† વિશેષ માટે જુઓ શ્રીસિદ્ધાન્તસિન્ધુ પ્રથમ રત્ન, શ્રીઅંશુમાન્ રાજા અને મનીષા રાણીનો સંવાદ.

તામાં મિથ્યા મોહ ઉપજાવી ખરા પરમાર્થથી તથા સંન્યાસરૂપ ઉચ્ચ આશ્રમથી ભ્રષ્ટ કરનાર જ છે. તે જ પ્રમાણે ધન, ક્ષેત્ર વગેરે માટે પણ છે. એ પદાર્થોમાટે કહ્યું છે કે अर्थानामर्जने क्लेशस्तथैव परिपालने । नाशे दुःखं व्यये दुःखं धिगर्थान्क्लेशकारिणः ॥ એમની પ્રાપ્તિમાં નાનાવિધ અપાર સંકટ છે; પ્રાપ્ત થયાપછી પણ એ પોતાના રક્ષણમાટે રાત્રિદિવસ ચિંતા તથા રક્ષણના યોજવારૂપ નાના વિધ કષ્ટ કરાવે છે; પોતાના વ્યયસમયે અસન્માર્ગે ન વ્યય થાય તેને માટે અનેક ચિંતાઓ કરાવેછે અને જો તેવે માર્ગે વ્યય થાયછે તો તો પછી અસંખ્ય શાખાવાળા દુઃખવૃક્ષનું બીજક જ થાય છે તેમ જ પ્રાણવાયુ, પૈસો અને મન સ્વભાવથી જ ચંચલ હોવાથી તથા આ પ્રવાહરૂપ સંસારમાં પડેલો કોઇ પણ પદાર્થ સદાકાળ એકે સ્થલે સ્થિતિ કરીને રહે એ અસંભવ હોવાથી ચિત્તમાં અપરિમિત દુઃખ આપી અંતે એ ધન જાય છે. આપ્રમાણે આદિ, મધ્ય અને અંતે ધન કેવળ દુઃખરૂપ જ છે. અને પોતામાં આસક્તિ કરાવી દેવઋણવગેરે બંધનોને ઉપજાવનાર છે.* આ જ પ્રમાણે વિદ્યા, રૂપ, યશ વગેરે સર્વ પદાર્થોમાટે જણાય છે. તેમ જ અહંભાવે અધ્યાસને પામી દુઃખ અને ક્લેશના હેતુરૂપ થનાર જે પોતાનો દેહ તે પણ સર્વ અનર્થનું મૂલ છે. તેથી દૃષ્ટ પદાર્થો તો સર્વ દુઃખના જ આપનાર છે અને તેથી પ્રેમના પાત્ર નથી.

હવે આનુશ્રવિક પદાર્થો લઇએ. એ વિષયોમાં સ્વર્ગાદિ લોક, વૈદેહ્ય અને પ્રકૃતિલયપણું છે. ત્યાં સ્વર્ગાદિ લોક તો પ્રસિદ્ધ છે. વૈદેહ્ય એટલે વિદેહ થવું તે. જે જીવો ઉપાસનાના બળથી સ્થૂલદેહવિના માત્ર સૂક્ષ્મદેહથી જ દિવ્ય ભોગોને ભોગવે છે તે વિદેહ કહેવાય છે. એ વિદેહ પુરુષો બ્રહ્માંડની અંદર જ રહીને દિવ્ય ભોગોને ભોગવે છે. જે જીવો એથી પણ બળવતી ઉપાસનાએ કરીને અધિક બલયુક્ત છે તે આવરણસહિત બ્રહ્માંડથી બહાર જઇ ઘનાકાશરૂપ પ્રધાનમાં લીન થઇ રહે છે તથા વિદેહ વગેરે દેવોનું પણ શાસન કરનાર છે, તે પ્રકૃતિલીન કહેવાય છે. એ બેમાં ફેર એટલો છે કે વિદેહ પુરુષો સાવરણ બ્રહ્માંડમાં રહેલા હોય છે અને પ્રકૃતિલીનની અપેક્ષાથી ન્યૂન ઐશ્વર્યવાળા હોય છે તથા મલિન વિષયોને ભોગવે છે. પ્રકૃતિલય પુરુષો બ્રહ્માંડની મર્યાદાથી બહાર ગયેલા હોય છે તથા પોતાના

* વિશેષ માટે જુઓ શ્રીભામિનીભૂષણ દ્વિતીયાલંકાર-શ્રીહરદત્ત અને ગિરિજાનો સંવાદ.

શુદ્ધ સંકલ્પમાત્રથી અતિશુદ્ધ વિષયોને ભોગવે છે. આ ત્રણે પદાર્થો આનુશ્રવિક વિષય છે. તથાપિ એમાં ક્ષય, અતિશય અને વિનાશ વગેરે દોષો છે. સ્વર્ગાદિ લોકથી તેમ જ વૈદેહ્યાદિસ્થિતિથી પણ પુનઃ આવૃત્તિ થાય છે, તેથી એ સર્વ ક્ષય દોષવાળા છે. તેમ જ સ્વર્ગાદિ લોકકરતાં વિદેહનું સામર્થ્ય અધિક છે. વિદેહકરતાં પ્રકૃતિલયનું સામર્થ્ય અધિક છે અને પ્રકૃતિલયકરતાં પણ ઈશ્વરનું અધિક સામર્થ્ય છે તેથી એ સર્વ પદાર્થોમાં અતિશયરૂપ દોષ છે. તેમ જ પુનઃ આવૃત્તિ હોવાથી અંતે વિનાશ તો છે જ. તેથી એ સર્વ પદાર્થો પણ ક્ષયાદિદોષવાળા છે. શ્રીસાંખ્યકારિકામાં પણ દૃષ્ટવદાનુશ્રવિકઃ સહ્યવિશુદ્ધિક્ષયાતિશયયુક્તઃ । એ કારિકાથી એ ત્રણે પદાર્થોને ક્ષયાદિદોષવાળા કહ્યા છે. તેથી એ સિદ્ધ થાય છે કે દૃષ્ટ અને આનુશ્રવિક પદાર્થો બંધનના હેતુરૂપ તથા દુઃખદ છે.+

એ સર્વ વિષયોના આ પ્રકારના તથા અન્ય અનેક દોષો જે છે તે જાણીને તેનો પુનઃ પુનઃ વિચાર કરવાથી એ વિષયોપ્રતિ વિતૃષ્ણતા થાય છે અર્થાત્ એ પ્રતિનો પ્રેમ ક્રમે ક્રમે ઓછો થઇ અંતે નાશ પામે છે. એ વિતૃષ્ણતાને જ સાધારણ રીતે વિરાગ કહે છે. એ વૈરાગ્ય બે પ્રકારનો હોય છેઃ (૧) સાધ્ય અને (૨) સિદ્ધ. ત્યાં સાધ્ય વૈતૃષ્ણ્ય વા વૈરાગ્ય ભૂમિકાક્રમથી ત્રણ પ્રકારનો છેઃ (૧) યતમાનસંજ્ઞા (૨) વ્યતિરેકસંજ્ઞા અને (૩) એકેન્દ્રિયસંજ્ઞા. રાગદ્વેષાદિના જ્ઞાનપૂર્વક વૈરાગ્યના સાધનરૂપ દોષદર્શનાદિનું જે અનુષ્ઠાન કરવામાં આવે છે, અર્થાત્ ચિત્તમાં રહેનાર રાગાદિને પક્વ કરવામાટે દોષદર્શનાદિમાં કરાતો આરંભયત્ન તે યતમાનસંજ્ઞા વૈરાગ્ય કહેવાય છે, તથા એ વૈરાગ્યની ભૂમિકાને પણ યતમાનસંજ્ઞા કહે છે. એ ભૂમિકાની સિદ્ધિઅનંતર આ આ ઇન્દ્રિયોનો જય થયો છે અને આટલી ઇન્દ્રિયોનો જય બાકી છે, અથવા આટલા કષાય પક્વ થયા છે અને આટલા પક્વ થવાના બાકી છે, એ પ્રકારના વિભાગરૂપ વ્યતિરેકનું અવધારણ કરવું તે વ્યતિરેકસંજ્ઞા ભૂમિકા છે. રૂપ, રસ વગેરે બાહ્યેન્દ્રિયના વિષયવિષે રાગાદિનો ક્ષય થયા પછી માત્ર મનરૂપ એક જ ઇન્દ્રિયના માનાપમાનાદિ વિષયવિષે રહેલા રાગદ્વેષાદિનો રાગદ્વેષાદિના જ્ઞાનપૂર્વક કરાતો ક્ષય તે એકેન્દ્રિયસંજ્ઞા ભૂમિકા છે; અથવા ઇન્દ્રિયોની બહિર્મુખ પ્રવૃત્તિ કરા-

---

+ આ જ અર્થનું વિશેષ પ્રતિપાદન સૂત્રથી આગળ આવનાર છે તેથી તે ત્યાં જોવું

વનાર કષાય પક્વ થયા પછી તે મનરૂપ એક ઇન્દ્રિયવિષે જ ઔત્સુક્ય રહે છે તેને પક્વ કરી ક્ષય કરવો તે એકેન્દ્રિયસંજ્ઞા ભૂમિકા છે. આ ત્રણ પ્રકારની ભૂમિકાવાળા વૈરાગ્યની સિદ્ધિ થયાથી પરિણામે સિદ્ધાવસ્થાવાળી વિતૃષ્ણા થાય છે, જે વશીકારસંજ્ઞા વિતૃષ્ણા કહેવાય છે. જ્યારે વિષયમાત્ર પોતાને અધીન થાય અને પોતાની દૃષ્ટ કે આનુશ્રવિક કોઈ વિષયપ્રતિ પણ અધીનતા નહિ રહે ત્યારે તેવી વિતૃષ્ણાને વશીકારસંજ્ઞા વૈરાગ્ય કહે છે.

આરંભમાં વિષયનું સાન્નિધ્ય થયે સાધકની ઇન્દ્રિયો ક્ષોભ પામી તે પ્રતિ પ્રવૃત્તિ કરવા જાય છે તેને દોષદર્શનાદિથી વિરક્તિ ઉત્પન્ન કરી તેમ કરતી અટકાવાય છે. એ અવસ્થાનું પ્રતિપાદન કરતાં શાસ્ત્રમાં विरक्तिर्दोषदर्शनात्–વિષયમાં દોષદર્શનથી વિરક્તિ થાય છે–એમ કહ્યું છે. એપ્રમાણે જ્યારે ઘણો લાંબો કાળ અભ્યાસ કરવામાં આવે છે ત્યારે અભ્યાસના બળથી દોષદર્શન સિદ્ધ થાય છે અર્થાત્ પછી દોષદર્શન પ્રયત્ને કરીને ઉત્પન્ન કરવું પડતું નથી પણ પોતાની મેળે જ થાય છે. એ અવસ્થાનું વર્ણન કરતાં જ સ્મૃતિમાં કહ્યું છે કે वैराग्याद्दोषदर्शनम् * વૈરાગ્યથી વિષયમાં દોષદર્શન થાય છે. એ અવસ્થા સિદ્ધ થવાથી ઇન્દ્રિય તથા મન વિષયવિષે પ્રવૃત્ત થતાં જ નથી. એ અવસ્થાનું નામ વશીકાર સંજ્ઞક વૈતૃષ્ણ્ય છે.

આ પ્રકારનું વશીકારસંજ્ઞક વૈતૃષ્ણ્ય તે જ યોગના સાધનરૂપ વૈરાગ્ય છે. સાધ્યભૂમિકામાંની વિતૃષ્ણતા યોગના હેતુરૂપ નથી, કારણ કે એવી વિતૃષ્ણતા છતાં સાભરિવગેરે મુનિને વિષયના સાંનિધ્યથી ક્ષોભ પામેલી ઇન્દ્રિયો અંતર્મુખ થવા દેતી નહોતી એ પ્રખ્યાત છે. તેમ જ એ આરંભક અવસ્થાઓ હોવાથી એ અવસ્થામાં દોષદર્શન સિદ્ધ થયેલું નથી હોતું તેથી સાધકે પ્રયત્નવડે એ ઉત્પન્ન કરવું પડે છે. તેથી એ અવસ્થામાં સાધકનું મન દોષદર્શન ઉત્પન્ન કરવામાં ગુંથાયેલું રહેવાથી અંતર્મુખ થવાના પ્રયત્નમાં પાછળ પડેછે. તેથી યોગના સાધનરૂપ વિરક્તિ તો માત્ર

* આ વચન તથા ઉપરના વચનનો આપાતતઃ વિરોધ લાગશે પણ તેમ નથી. પ્રથમ શાસ્ત્રવચનમાં દોષદર્શન પદથી આરંભયત્નયુક્ત દોષદર્શન લેવાનું છે અને વિરક્તિ પદથી સાધ્યાવસ્થાવાળી વિતૃષ્ણતા લેવાની છે. અને બીજા વચનમાં વૈરાગ્યપદથી પૂર્વોક્ત વિરક્તિ અને દોષદર્શન પદથી સિદ્ધ દોષદર્શન લેવાનાં છે.

વશીકારસંજ્ઞાવાળી જ વિતૃષ્ણતા છે. તેથી આ સૂત્રમાં वशीकारसंज्ञा એ પદસુધીનું લક્ષણ લેવું જરૂરનું છે, કારણ કે નહિ તો પ્રથમની ત્રણ ભૂમિકાવાળી વિતૃષ્ણતામાં એ લક્ષણની અતિવ્યાપ્તિ આવે.

આપ્રમાણે સંપ્રજ્ઞાતયોગના સાધનરૂપ વૈરાગ્યનું લક્ષણ આ સૂત્રથી કરયું. હવે એ વૈરાગ્ય જે અપર વૈરાગ્ય કહેવાય છે તેની અપેક્ષાથી જે પર વૈરાગ્ય છે તથા જે અસંપ્રજ્ઞાતયોગનો હેતુ છે તેનું પ્રતિપાદન કરવા કહેછે કે—

तत्परं पुरुषख्यातेर्गुणवैतृष्ण्यम् ॥ १६ ॥

સૂત્રાર્થ:—પુરુષના સાક્ષાત્કારથી, સકલ ગુણવિષે ઉત્પન્ન થતું વૈતૃષ્ણ્ય તે શ્રેષ્ઠ વા પર વૈરાગ્ય છે.

तत्—એટલે તે. એ પદ ગયા સૂત્રમાંના वैराग्यम् નો પરામર્શ કરે છે.

परम्—એટલે શ્રેષ્ઠ.

पुरुषख्यातेः—એટલે વિવેકખ્યાતિ, અર્થાત્ ત્રિગુણાત્મક પ્રધાનથી વિરક્ત જે પુરુષ તેના સાક્ષાત્કારરૂપ હેતુથી.

गुणवै०—એટલે વ્યક્ત અને અવ્યક્ત ધર્મવાળા સત્ત્વાદિ ગુણો તેપ્રતિની વિરક્તિ.

આ સૂત્રમાં पुरुषख्यातेः—એ પદ હેતુ બતાવનાર છે તેથી લક્ષણાંતર્ગત નથી. લક્ષણ તો માત્ર गुणवैतृष्ण्यम् પદથી જ બતાવ્યું છે.

આ સૂત્રથી એ કહ્યું કે જે યોગીને વિવેકસાક્ષાત્કાર થાય છે તેને અભ્યાસથી એ વિવેકખ્યાતિરૂપ વૃત્તિવિષે પણ અલંબુદ્ધિ વા ઉપેક્ષાબુદ્ધિરૂપ વૈરાગ્ય થાયછે. એ વૈરાગ્ય તે પરવૈરાગ્ય છે. અપરવૈરાગ્ય અને પરવૈરાગ્યમાં એ ભેદ છે કે અપરવૈરાગ્ય દૃષ્ટ અને આનુશ્રવિક વિષયોને જ વિષય કરનાર છે, એટલે વિવેકખ્યાતિથી અવિદ્યાદિ ક્લેશોનો નાશ થાયછે તેથી એ વિવેકખ્યાતિની સિદ્ધિ માટે અન્ય સર્વ વિષયો દોષગ્રસ્ત છે એ પ્રકારનો વિવેક કરી તે વિષયોમાં ઉપેક્ષાબુદ્ધિ એ અપરવૈરાગ્યમાં કરવામાં આવે છે. એ અપરવૈરાગ્યમાં વિવેકખ્યાતિ તો ઉપાદેયરૂપે લીધેલી હોય છે કારણ કે એ ખ્યાતિ એ વૈરાગ્યના ફલરૂપ છે. એ પ્રમાણે જ્યારે દોષદર્શનથી વૈરાગ્યની સિદ્ધિ થઇ વિવેકખ્યાતિ ઉદય થાયછે ત્યારે તે યોગી મહાત્માને એ વિવેકખ્યાતિમાં

પણ દોષદર્શન થાય છે. વિવેકખ્યાતિ એ સાત્વિક ચિત્તની એક જાતની (એકાગ્રતાની) વૃત્તિ છે. એ વૃત્તિ પણ સ્વસ્વરૂપથી ભિન્ન છે. પોતે તો કુટસ્થ નિત્ય છે, નિષ્ક્રિય તથા કેવલ નિર્લેપ છે, અને આ વિવેકખ્યાતિરૂપ સત્ત્વગુણાત્મિકા વૃત્તિ તો સત્ત્વગુણનું કાર્ય હોવાથી વિનાશી છે, પરિણામી છે, વિષયસાથે સંબંધ કરવા ક્રિયાવાળી થનાર છે તથા વિષયનો સંગ કરનાર હોવાથી નિર્લેપ નથી. આપ્રમાણે ભિન્ન ધર્મોના આશ્રયરૂપ હોવાથી એ વિવેકખ્યાતિરૂપ ચિત્તવૃત્તિ પોતાના સ્વરૂપથી વિપરીત છે અને તેથી ત્યજવાયોગ્ય છે એ પ્રકારે તે યોગીને વિવેકખ્યાતિનો ઘણો અનુભવ થયા પછી લાગે છે. આ રીતે એ વિવેકખ્યાતિમાં ઉત્પન્ન થતી અલંબુદ્ધિ તે પરવૈરાગ્ય છે. શ્રીપાતંજલ ભાષ્યમાં પણ दृष्टानुश्रविकविषयदोषदर्शी विरक्तः पुरुषदर्शनाभ्यासात् तत्शुद्धिप्रविवेकाप्यायितबुद्धिः गुणेभ्यो व्यक्ताव्यक्तधर्मकेभ्यो विरक्तः इति तद् द्वयं वैराग्यम्– આ પંક્તિઓથી એ જ અર્થ કહ્યા છે કે સાધકને દૃષ્ટ અને આનુશ્રવિક વિષયોમાં દોષદર્શનથી વશીકારસંજ્ઞા વૈરાગ્ય થાયછે. એ થયાપછી શ્રીસદ્ગુરુની પ્રાસાદિકી વેદરૂપી વાણીથી તથા પોતાના અનુભવથી બુદ્ધિપુરુષનો વિવેક થાય છે, અર્થાત્ વિવેકખ્યાતિનો ઉદય થાય છે: એ વિવેકખ્યાતિનો અભ્યાસ કરવાથી કાળે કરી એ મહાત્માને એ દર્શનની શુદ્ધિ થાય છે અર્થાત્ રજોગુણ અને તમોગુણના પરિહાર થઇ સાત્વિક એકાગ્ર વૃત્તિ થાય છે એ થયાથી તેના બુદ્ધિસત્ત્વના પુરુષાર્થ* સમાપ્ત થાય છે. એ પુરુષને આ ભૂમિકાએ સ્થૂલસૂક્ષ્મ કાર્ય જેના ધર્મરૂપ છે એવા સત્ત્વાદિ ત્રણે ગુણવિષે અને તેથી શુદ્ધ સાત્વિકી વિવેકખ્યાતિવિષે પણ અલંબુદ્ધિરૂપ પરવૈરાગ્ય થાય છે. તેથી બંને વૈરાગ્ય ભિન્ન ભિન્ન છે. વળી અપર વૈરાગ્ય, સત્ત્વના સમુદ્રેકથી તમોગુણરૂપ મળ જેના ધોવાઇ ગયા છે, પણ રજોલેશ જેનામાં છે એવા ચિત્તની આશ્રયરૂપે આવશ્યકતા રાખે છે, અને તેથી તૌષ્ટિક પુરુષોમાં પણ અપરવૈરાગ્ય થઇ શકે છે. શાસ્ત્રમાં પણ वैराग्यात्प्रकृतिलयः–ઇત્યાદિ વચનથી અપરવૈરાગ્યના ફલરૂપે પ્રકૃતિલયપણું કથન કરયું છે. આ રીતે તૌષ્ટિક પુરુષમાં પણ એ વૈરાગ્ય હોઇ શકે છે. એથી ઉલટું આ પરવૈરાગ્ય તો જ્ઞાનપ્રસાદમાત્ર છે અને તેથી શુદ્ધસાત્વિક

---

* પુરુષાર્થની અંદર ભોગ અને વિવેકદર્શન વા વિવેકખ્યાતિ એ બેનું ગ્રહણ કરવામાં આવે છે.

ચિત્તની અપેક્ષા રાખે છે.

આ પરવૈરાગ્યના ઉદયથી તે પુરુષને એમ સ્પષ્ટ જણાય છે કે આત્મજ્ઞાનરૂપ અવશ્ય પ્રાપ્ત કરવાયોગ્ય વસ્તુ હું પામ્યો છું. મારા અવિદ્યાદિ ક્લેશો સર્વ ક્ષીણ થઇ ગયા છે, તથા સંસારચક્રમાં ભ્રમણ કરાવનાર ધર્માધર્મનો સમૂહ મેં મૂલસહિત ઉચ્છિન્ન કર્યો છે, જેથી મારે હવે કરવું પ્રાપ્તવ્ય કે કર્તવ્ય બાકી રહ્યું નથી. તેથી આ દુઃખાત્મિકા વિવેકખ્યાતિ પણ શમો. એ પ્રકારની વિવેકખ્યાતિવિષે થતી અલંબુદ્ધિરૂપ આ પરવૈરાગ્ય આત્મજ્ઞાનની પરાકાષ્ઠા છે. એ વૈરાગ્યના ઉદયથી સર્વ વૃત્તિનો નિરોધ થઇ જાય છે, કારણ કે એ વૈરાગ્ય ઉદય થતાપૂર્વે પુરુષખ્યાતિથી અતિરિક્ત વૃત્તિઓ તો નિરુદ્ધ થયેલી હતી અને માત્ર પુરુષખ્યાતિરૂપ એક જ વૃત્તિ અનિરુદ્ધ રહી હતી. એ વૃત્તિના વિષેના વૈરાગ્યથી એ વૃત્તિ પણ શમે છે અને તેથી તે સમયે સર્વ વૃત્તિઓનો નિરોધ થાય છે; અર્થાત્ પર વૈરાગ્યના ઉદયથી અસંપ્રજ્ઞાત સમાધિનો લાભ થાય છે અને તેથી અભિલષિત કૈવલ્યની પ્રાપ્તિ થાય છે. યમ, નિયમાદિ, અપરવૈરાગ્ય અને સંપ્રજ્ઞાત યોગ એથી ન ક્ષય થયેલાં પ્રારબ્ધ કર્મો પણ આ વૈરાગ્યથી ઉદય થતા અસંપ્રજ્ઞાત યોગથી ક્ષય થાય છે તેથી આ વૈરાગ્ય શ્રેષ્ઠ છે અને તેથી યોગ્ય રીતે પરવૈરાગ્ય કહેવાય છે.

આપ્રમાણે આ સૂત્રોથી યોગનું સામાન્ય સ્વરૂપ પ્રથમ બતાવ્યું, તેથી થતું જે સ્વરૂપાવસ્થાનરૂપ ફલ તે સામાન્યરૂપે બતાવ્યું, તથા સહેલથી નિરોધ થાય તે માટે નિરોધના વિષયરૂપ વૃત્તિઓનું (પાંચ વિભાગ કરી) સ્વરૂપ બતાવ્યું: તથા અંતે ઉભય પ્રકારના યોગની સિદ્ધિમાટે અભ્યાસ અને વૈરાગ્યરૂપ સાધનોનું પ્રતિપાદન કર્યું હવે એ જ વિષયને વિસ્તારથી વિશેષરૂપે પ્રતિપાદન કરવા ઉત્તર સૂત્રો રચે છે. તેમાં પ્રથમ તો આ સૂત્રોથી જે બે સાધનો કહ્યાં છે તે સાધનોથી સિદ્ધ થતા યોગનું શાસ્ત્રીય સંજ્ઞાના પ્રદર્શનપૂર્વક પ્રતિપાદન કરે છે. ત્યાં યોગ સામાન્યરૂપે સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત એ બે પ્રકારનો કહ્યો છે, તેમાં સંપ્રજ્ઞાતયોગની સિદ્ધિ થયાપછી અસંપ્રજ્ઞાત યોગની સિદ્ધિ થાય છે. તેથી પ્રથમ સંપ્રજ્ઞાતયોગનું ચાર વિભાગે પ્રતિપાદન કરે છે.

वितर्कविचारानंदास्मिताऽनुगमात् संप्रज्ञातः ॥ १७ ॥

સૂત્રાર્થઃ—(ઉક્તસાધનોથી) વિતર્ક, વિચાર, આનંદ અને અ-

સ્મિતા એ ચારથી યુક્ત થયેલા અને તેથી સવિતર્ક, સવિચાર સાનંદ અને સાસ્મિત એ ચાર સંજ્ઞાથી શાસ્ત્રમાં વ્યવહરાતા ચાર પ્રકારના સમાધિરૂપ સંપ્રજ્ઞાત યોગ ક્રમે કરી સિદ્ધ થાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે અભ્યાસ અને અપર વૈરાગ્યની સિદ્ધિ કરવાથી સવિતર્ક, સવિચાર, સાનંદ અને સાસ્મિત એ ચાર પ્રકારના સંપ્રજ્ઞાતયોગની ક્રમે કરીને સિદ્ધિ થાય છે.

જેમ ધનુર્વિદ્યાનો આરંભ કરનાર સાધક પ્રથમ સ્થૂલ પદાર્થને લક્ષ્ય લે છે અને સ્થૂલને વેધન કરવાનું સામર્થ્ય સિદ્ધ થયાપછી સૂક્ષ્મ પદાર્થને લક્ષ્ય લે છે અને એમ કરતો અતીવ સૂક્ષ્મ પદાર્થપર્યન્ત જાય છે, તે જ પ્રમાણે યોગનો સાધક પણ સ્થૂલ પદાર્થને ધ્યેય લે છે અને તેને અન્ય વિષયના પરિહારપૂર્વક ચિત્તમાં પુનઃ પુનઃ પ્રવેશ કરવારૂપ ભાવનાને કરવાના અભ્યાસવાળો થાય છે, તથા તેની સિદ્ધિઅનન્તર સૂક્ષ્મ વિષયને ધ્યેય લે છે, અને એમ કરતો કરતો ગંતવ્ય સ્થાનપ્રતિ જાય છે. યોગવાર્તિકમાં પણ योगारंभे मूर्तहरिममूर्तमथ चिन्तयेत् । स्थूले विनिर्जितं चित्तं ततः सूक्ष्मे शनैर्नयेत् ઇત્યાદિ વચનથી એ જ કહ્યું છે કે સાધકે યોગના આરંભમાં મૂર્તિમાન્ અથવા અમૂર્તિમાન્ હરિની ભાવના કરવી અને એ અભ્યાસથી સ્થૂલ વિષયમાં ચિત્તની યથાર્થ એકાગ્રતા થાય એવું સામર્થ્ય પ્રાપ્ત થાય એટલે પછી તેથી સૂક્ષ્મ વિષયને ધ્યેયરૂપે લેવો; એમ ક્રમે કરી ગંતવ્ય સ્થાનપર્યન્ત જવું. આ નિયમપ્રમાણે યોગનો સાધક પ્રથમ વિરાટ્, પંચવિંશતિ તત્ત્વના સંઘાતથી રચાયેલી, ચતુર્ભુજવગેરે વિશેષણવાળી હરિહરાદિની આકૃતિવગેરેરૂપ સ્થૂલ વિષયને ધ્યેય લે છે, અને તે વિષયને પુનઃ પુનઃ અન્ય વિષયોના પરિહારપૂર્વક ચિત્તમાં પ્રવેશાવવા અભ્યાસવાળો થાય છે. એ અભ્યાસની સિદ્ધિ થયે એ સ્થૂલ વિષયમાં એ સાધકનું ચિત્ત એકાગ્રતાને પામે છે. એ સ્થૂલ વિષયમાંની એકાગ્રતારૂપ સમાધિને સવિતર્ક સમાધિ કહે છે. સવિતર્ક એટલે વિતર્કથી યુક્ત અથવા વિતર્ક જેના ફલરૂપ છે તે લૌકિક પ્રત્યક્ષે નહિ જણાતા, અનુમાન પણ નહિ કરાયેલા તથા આગમ પ્રમાણથી પણ જ્ઞાત ન થતા એવા ધ્યેયગત અશેષ વિશેષોનો સાક્ષાત્કાર અર્થાત્ તે વિશેષોનું હસ્તામલકવત્ અપરોક્ષ જ્ઞાન તે विशेषेण तर्कणं अवधारणम् એ વ્યુત્પત્તિથી વિતર્ક છે. એ વિતર્ક જેના ફલરૂપ છે તે સવિતર્ક સમાધિ વા સવિતર્ક સંપ્રજ્ઞાતયોગ છે. તેથી સાધકે પ્રથમ ભૂમિકામાં જે સ્થૂલ પદાર્થને ધ્યેયરૂપે લીધેલ હોય

છે તે ધ્યેયગત અશેષ વિશેષનો સાક્ષાત્કાર જે સમાધિ વા સંપ્રજ્ઞાતયોગથી સિદ્ધ થાય છે તેને સવિતર્ક* સમાધિ વા સવિતર્ક સંપ્રજ્ઞાત યોગ કહે છે, તે યોગ્ય છે.

આ સવિતર્ક સમાધિમાં વિષયો સ્થૂલ છે એટલું જ નહિ પણ એ સમાધિ ગ્રાહ્યવિષયગોચર જ હોય છે. તેથી એના વિષયરૂપે કેવળ કાર્યરૂપ ગ્રાહ્ય તત્ત્વોનું જ ગ્રહણ કરવું ઘટે છે; અર્થાત્ વિશ્વભેદરૂપ જગતના ઘટપટાદિ સ્થાવરજંગમ પદાર્થો તથા પૃથિવ્યાદિ પાંચ મહાભૂતો વગેરેનું ગ્રહણ કરવું ઘટેછે. તેથી એ થયું કે એ પદાર્થોવિષે થતી ચિત્તની પૂર્ણ એકાગ્રતા (એ પ્રકારની એકાગ્રતા કે જેથી એ પદાર્થગત સર્વ વિશેષોનું અપરોક્ષ જ્ઞાન તે ચિત્તને થાય) તે સવિતર્ક સમાધિ છે.

એ સમાધિની સિદ્ધિ થયાપછી તે સાધક સૂક્ષ્મ પદાર્થને ધ્યેય લે છે. એટલે સવિતર્ક સમાધિથી જે સ્થૂલ વિષયનો એ સાધકે સાક્ષાત્કાર કર્યો છે તે સ્થૂલ વિષયમાં કારણરૂપે અનુગત થયેલા હોવાથી સૂક્ષ્મસંજ્ઞાને પામેલા અણુઓ વા તન્માત્રાથી માંડી પ્રધાનપર્યન્તનાં સર્વતત્ત્વોને યથાક્રમે ધ્યેયરૂપે તે સાધક લે છે. એ સૂક્ષ્મ પદાર્થો અદૃષ્ટજાતીય હોવાથી ત્રસરેણુકવગેરે સ્થૂલ પદાર્થના સાક્ષાભાવનાના પરિપાકથી થાય છે ત્યારે જ, જેમ હાલ સર્વ પુત્કાર પૂર્વે ધ્યેય થઈ શકતા નથી. જ્યારે અણુકાદિનો સાક્ષાત્કાર રુષોને ઘટની અંદર મૃત્તિકા અનુગત થયેલી ભાસે છે, અને તેથી ધ્યેય લેવી હોય તો લઈ શકાયછે તેમ, એ સાક્ષાત્કૃત સ્થૂલની અંદર કારણરૂપે અનુગમ પામેલા (Inhered)સૂક્ષ્મ પદાર્થો ધ્યેયરૂપે લઈ શકાય છે. આપ્રમાણે હોવાથી સવિતર્ક સમાધિને પહોંચેલો યોગી જ એ પદાર્થોને ધ્યેયરૂપે લઇ શકે છે. એ પદાર્થોને ધ્યેયરૂપે લઇને તેમાં ભાવનાનો અભ્યાસ એ યોગી કરે છે એ ભાવનાની પરિપાક અવસ્થાએ યોગીને એ સૂક્ષ્મ પદાર્થોમાં રહેલા અશેષ વિશેષનો સાક્ષાત્કાર થાય છે. એ સાક્ષાત્કારને શાસ્ત્રમાં પ્રસં-

---

* (આ સ્થળે એ કહેવું જરૂરનું છે કે આ સ્થળનો વિતર્ક શબ્દ તથા આગળનાં સમાપત્તિસૂત્રોમાં જ્યાં સવિતર્કા અને નિર્વિતર્કા એવા આ જ સંપ્રજ્ઞાત યોગનાં ફૂલના બે ભેદ પાડ્યા છે ત્યાંનો વિતર્ક શબ્દ જૂદ જૂદા અર્થના વાચક છે. આ સ્થળનો વિતર્ક શબ્દ સ્થૂલ વિષયમાં થતી ચિત્તની પરિપૂર્ણતાનો વાચક છે અને તે સ્થળનો વિતર્ક શબ્દ विपरीतं तर्कणम् वितर्कः એ વ્યુત્પત્તિથી વિકલ્પનો વાચક છે.)

જે ચિત્તની પરિપૂર્ણતા કહી વર્ણું છે તથા પ્રસંગે એ સાક્ષાત્કાર સૂક્ષ્મ વસ્તુનો હોવાથી એને ચિત્તની સૂક્ષ્મ પરિપૂર્ણતા પણ કહેછે. એ સાક્ષાત્કાર વા ચિત્તની સૂક્ષ્મ પરિપૂર્ણતા તે **विशेषेण सूक्ष्मवस्तुपर्यन्तं चरण**—સૂક્ષ્મ વસ્તુપર્યન્ત ચિત્તની પરિપૂર્ણતા થવી તે—એ વ્યુત્પત્તિથી વિચાર કહેવાયછે. * એ વિચાર વા સાક્ષાત્કાર જેથી વા જેમાં થાયછે તે સમાધિ સવિચાર કહેવાય છે. તેથી યોગની દ્વિતીય ભૂમિકારૂપ સવિચાર સમાધિનો એ અર્થ થયો કે જે સમાધિ વા સંપ્રજ્ઞાત યોગથી સ્થૂલ વિષયમાં કારણરૂપે અનુગત થયેલા હોવાથી સૂક્ષ્મ સંજ્ઞાથી ગ્રહણ કરાતા પદાર્થોના અશેષ વિશેષનો સાક્ષાત્કાર થાય છે તે સમાધિ સવિચાર છે.

આ સવિચાર સમાધિ પણ ગ્રાહ્યવિષયક જ હોય છે.એની સિદ્ધિ થયા પછી યોગીને સાનંદ સમાધિ થાયછે. સાનંદ સમાધિ એટલે જે સમાધિ આનંદયુક્ત હોય અર્થાત્ જેમાં વા જેનાવડે આનંદનો સાક્ષાત્કાર થાય તે. ત્યાં आनंद શબ્દના ત્રણ અર્થ લેવામાં આવે છે. (૧) (વાચસ્પતિમિશ્રપ્રમાણે) સાત્ત્વિક અહંકારથી ઉત્પન્ન થયેલી ઇન્દ્રિયો જે સત્ત્વપ્રધાન હોયછે અને સત્ત્વજ આનંદરૂપ હોવાથી જે આનંદરૂપ ઉપચારથી કહેવાય છે તે. (૨) (ભોજવૃત્તિકારપ્રમાણે) રજોગુણ તથા તમોગુણના લેશથી સંપૃક્ત થયેલું બુદ્ધિસત્ત્વ. અને (૩) (વાર્તિકકારપ્રમાણે) સૂક્ષ્મવિષયક સમાધિથી જે હ્લાદ નામનું સુખવિશેષ યોગીને થાય છે તે સુખરૂપ અંતઃકરણની વૃત્તિ તે આનંદ છે. આ પ્રકારનો આનંદ જે સમાધિ વા સંપ્રજ્ઞાત યોગથી સાક્ષાત્કૃત થાય છે તે સાનંદ સમાધિ વા સાનંદ સંપ્રજ્ઞાત યોગ છે.

આ સમાધિને શાસ્ત્રમાં પ્રસંગે ગ્રહણવિષયક સમાધિ પણ કહી છે. આ સમાધિની સિદ્ધિઅનંતર યોગીને ગૃહીતૃવિષયક સમાધિ થાય છે, જેને सास्मित સમાધિ વા સાસ્મિત સંપ્રજ્ઞાતયોગ શાસ્ત્રકારો કહે છે. જે સંપ્રજ્ઞાત યોગથી અસ્મિતાનો સાક્ષાત્કાર થાય છે તે સંપ્રજ્ઞાતયોગ સાસ્મિત સંપ્રજ્ઞાત યોગ છે.ત્યાં અસ્મિતા એટલે ગૃહીતૃ આત્માની સાથે એકભાવને પામેલું બુદ્ધિસત્ત્વ અથવા

---

* આ સ્થળનો વિચાર શબ્દ અને આગળ સમાપત્તિ સૂત્રમાં સવિચારા અને નિર્વિચારા એ પ્રમાણે આ જ સમાધિના ફલરૂપ સમાપત્તિના જે વિભાગો પાડ્યા છે ત્યાંનો વિચારશબ્દ જૂદા જૂદા અર્થના વાચક છે. ત્યાંનો વિચાર શબ્દ ક્યાં તો મંદચરણરૂપ અર્થવાળો છે અથવા તો પારિભાષિક છે.

તો ઈશ્વરરૂપ વા પુરુષરૂપ આત્મા.[1] તેથી જ્યારે ગૃહીતૃ આત્માની સાથે એકભાવને પામેલા બુદ્ધિસત્ત્વની ભાવના કરવામાં આવે છે ત્યારે એ ભાવનાની પરિપાક દશાએ યોગીને એ તત્ત્વનો સાક્ષાત્કાર થાય છે.તેમજ જ્યારે ઈશ્વર વા પુરુષરૂપ આત્માને ધ્યેય લઈ ભાવના કરવામાં આવે છે,ત્યારે એ ભાવનાની પરિપાક દશાએ યોગીને એ તત્ત્વોનો સાક્ષાત્કાર થાયછે. એ સાક્ષાત્કારજે ચિત્તવૃત્તિના નિરોધરૂપ યોગનું ફલ છે તે નિરોધરૂપ યોગ સાસ્મિત કહેવાય છે. એ યોગ ચતુર્થભૂમિકાવાળો છે અને તેથી એની સિદ્ધિ અંતે જ થાય છે. એ યોગમાં બુદ્ધિસત્ત્વ તથા પુરુષના વિવેકરૂપ વિવેકખ્યાતિની સિદ્ધિ યોગીને થાય છે તેથી એ યોગ જ ચારેમાં શ્રેષ્ઠ છે.[2]

---

૧ આ બીજો અર્થ વાર્તિકકારે લીધેલો છે.

૨ અત્ર જે ચતુર્વિધ સમાધિ કહ્યો છે, એનો ગ્રંથકારે પુનઃ આજ પાદનાં ૪૧-૪૨-૪૩-૪૪-૪૫-૪૬-વગેરે સૂત્રોથી વિસ્તાર કરયો છે. તેથી એ સર્વનો સમન્વય કરી અર્થ કરવો યોગ્ય છે. ત્યાં આ સંબંધમાં ટીકાકારો બહુ જ જૂદી રીતે વ્યાખ્યાન કરે છે એ તો અત્ર કરેલા સંક્ષેપથી સ્પષ્ટ થયું હશે. ત્યાં કેટલાકનું વ્યાખ્યાન આપ્રમાણે છે-અત્ર જે સવિતર્કસમાધિ કહ્યો છે તેમાં ૧૬ વિકારો અવલંબન હોય છે. એ સર્વ કેવલકાર્યરૂપ હોવાથી સ્થૂલ તત્ત્વો છે તેથી એ સર્વવિષે જે સમાધિ થાય છે તે સવિતર્ક સમાધિ છે. આ જ સમાધિમાં જ્યારે પૂર્વાપરાનુસંધાનવડે શબ્દાર્થના વ્યવહારપૂર્વક ભાવના થાય છે ત્યારે તે સવિતર્કા સમાપત્તિ છે અને શબ્દાર્થના વ્યવહારથી શૂન્ય જ્યારે એ થાય છે ત્યારે નિર્વિતર્કા સમાપત્તિ થાય છે.

આ સમાધિની સિદ્ધિ થવાથી એ સાધક ઉત્તર ભૂમિકામાં પ્રવેશ કરે છે ત્યારે એ સૂક્ષ્મ વિષય અર્થાત અંતકરણને ધ્યેય લે છે. એ સમાધિ સવિચાર કહેવાય છે. એ જ સમાધિમાં જ્યારે દેશકાલધર્માવચ્છેદથી ભાવના ચાલે છે ત્યારે એને સવિચારા સમાપત્તિ કહે છે અને એ અવચ્છેદથી રહિત થાય છે ત્યારે એ નિર્વિચારા સમાપત્તિ કહેવાય છે.

આ બંને સમાધિ વા સમાપત્તિ ગ્રાહ્યવિષયક છે. એની સિદ્ધિ થયા પછી સાધક રજસ્ તથા તમસ્‌ના લેશથી અનુવિદ્ધ થયેલા અંતઃકરણસત્ત્વને ધ્યેય લે છે તથા તેની ભાવના કરે છે. એ સમયે ચિતિશક્તિ ગૌણ રહે છે અને સુખપ્રકાશમય અંતઃકરણસત્ત્વ પ્રધાનરૂપે સ્ફુરે છે તેથી એમાં આનંદની અભિવ્યક્તિ થાય છે. આ સમાધિ સાનંદ કહેવાય છે. આ સમાધિને પામેલા યોગી

આપ્રમાણે આ સૂત્રથી ચાર પ્રકારના સંપ્રજ્ઞાત યોગનું સ્વરૂપ કહ્યું. ત્યાં સંપ્રજ્ઞાત યોગનું મુખ્ય ફલ તો વિવેકખ્યાતિ છે, તે-

વિદેહ થાય છે. આને જ ગ્રહણ સમાપત્તિ કહે છે.

આ સાનંદ સમાધિની સિદ્ધિપછી રજસ્ તથા તમસ્‌ના લેશથી અનનુવિદ્ધ જે સત્ત્વ તેને એ સાધક ધ્યેય લે છે. એમાં સત્ત્વનો ન્યગ્ભાવ હોય છે તથા ચિતિશક્તિનો ઉદ્રેક હોય છે. આ સમાધિ સાસ્મિત કહેવાય છે. આ જ ગૃહીતૃસમાપત્તિ છે. એને પામેલા યોગી પ્રકૃતિલય થાય છે.

આવી રીતે આ ચારનું વ્યાખ્યાન છે. અન્ય એમાં કંઇ કંઇ ફેર કરે છે. એઓમાંથી કોઈ આનંદસમાધિના વિષયરૂપે ઇન્દ્રિયોને લે છે અને ઇન્દ્રિયો ગ્રહણરૂપ હોવાથી એ સમાધિ ગ્રહણવિષયક હોવાથી એને ગ્રહણસમાપત્તિ કહે છે. વાર્તિકકારવગેરે આમાંથી કોઇને સાનંદસમાધિનો વિષય નહિ લેતાં સૂક્ષ્મવિષયક સમાધિથી જે આનંદરૂપ વૃત્તિ ઉદ્ભવ પામે છે તેને આ સમાધિનો વિષય લે છે. એ પણ વૃત્તિરૂપ હોવાથી ગ્રહણ કહી શકાય છે તેથી આ પણ ગ્રહણવિષયક સમાપત્તિ થઇ શકે છે. ગૃહીતૃવિષયક સમાપત્તિમાં શુદ્ધપુરુષ જે અસ્મિતાશબ્દાર્થ છે તેને ધ્યેયરૂપે લે છે.

આ રીતે આમ ત્રણ પ્રકારે વ્યાખ્યાન છે. એ સર્વમાં વસ્તુવ્યવસ્થાની હાનિ નથી. માત્ર શબ્દપ્રયોગની વ્યવસ્થામાં જ ભેદ છે. કેમકે પ્રથમ બે રીતની વ્યાખ્યામાં આ સર્વમાંથી કોઇ પણ સમાધિમાં વિવેકખ્યાતિનો ઉદય નથી તેથી આ સમાધિમાંથી કોઇથી પણ અવિદ્યાનો નાશ થતો નથી, અને તેથી બીજનો અર્થ અવિદ્યા લઈ આ સર્વ સબીજ સમાધિ કહી શકાય છે. જ્યારે સાસ્મિત સમાધિમાં પુરુષ ધ્યેય લેવાય છે એવો અર્થ લઇએ ત્યારે વિવેકખ્યાતિનો ઉદય આમાં થઇ જાય છે તેથી આ અર્થમાં એ સબીજ નહિ કહેવાય તેથી ત્યાં દુઃખસંસ્કારરૂપ બીજનો અર્થ લઇ એને પણ સબીજ કહી છે એમ વ્યાખ્યાન થાય છે.

જે ઋતંભરા પ્રજ્ઞાનો ઉદય કહ્યો છે તેની આ બંને પક્ષમાં આ રીતે વ્યવસ્થા કરાય છે—પ્રથમ પક્ષમાં एतयैव० એ ૪૪મા સૂત્રમાં સવિચારસમાધિના જ ભેદ નહિ લેવા પણ ૪૫મા સૂત્રમાં પ્રકૃતિપર્યન્તનાં સંપૂર્ણ તત્ત્વોને સૂક્ષ્મ કહ્યાં છે તેથી સવિતર્કથી અતિરિક્ત ત્રણેના એ ભેદ લેવા. અને તેથી ૪૭ મા સૂત્રથી આ ચાર-

થી જે યોગથી વિવેકખ્યાતિની સિદ્ધિ થાય તેને જ સંપ્રજ્ઞાત યોગ કહેવાય. તો એ રીતે માત્ર ચતુર્થ ભૂમિકામાંનો યોગ જ સંપ્રજ્ઞાત

થી પણ આગળની ભૂમિકાનું પ્રતિપાદન કરયું છે એમ લેવું અ-ર્થાત્ એ આગળની ભૂમિકામાં ગયાપછી ઋતંભરા પ્રજ્ઞાનો ઉદય થાય છે એમ લેવું, અને પછી એ મુખ્ય ઋતંભરા પ્રજ્ઞારૂપ વિવેક-ખ્યાતિથી અંતે નિર્બીજ સમાધિ થાય છે એમ અર્થ લેવો. વાર્તિ-કકારના વ્યાખ્યાનમાં एतयैव० એ સૂત્રથી આ ચારે સમાધિ લક્ષ્યએ તોપણ વિરોધ નથી કેમકે બીજનો અર્થ દુ:ખસંસ્કાર વા અવિદ્યા-સંસ્કાર લેવાથી એ સર્વને સબીજ લેવાય છે. તેમ જ જે ઋતં-ભરા પ્રજ્ઞા છે તે સમાધિના આરંભથી જ ઉદય થતી નથી પણ તેની સ્થિતિથી. તેથી સાસ્મિત સમાધિ થઈ ગયા પછી પણ સ્થિતિની અપેક્ષા છે; તે થયાથી જ ઋતંભરાનો ઉદય છે. આમ છે છતાં એ ગ્રંથકાર एतया० એ સૂત્રથી માત્ર એ જ સમાધિ લે છે તથા એના વૈશારદ્યથી બુદ્ધિપ્રસાદ થયાથી ઋતંભરાનો ઉદય થાય છે એમ લે છે.

આ રીતે ભિન્ન ભિન્ન વ્યાખ્યાથી વ્યામોહ થવાસરખું કાંઇ જ નથી કેમકે વસ્તુસ્થિતિમાં ભેદ નથી.છતાં શાસ્ત્રાર્થ માત્રમાં ભેદ છે. ત્યાં સાધકનો ક્રમ આ દેખાય છે કે પ્રથમ પ્રથમ સ્થૂલ પદા-ર્થને ધ્યેય લેવા, તેથી સ્થૂલ પદાર્થરૂપ ભૌતિક પદાર્થો તથા તેનાં કારણરૂપ પંચભૂત પ્રથમ ધ્યેય લેવાય છે. એમાં ચિત્તની સ્થિરતા થવાથી પછી ઇન્દ્રિયો ધ્યેયરૂપે લેવાય છે. ઇન્દ્રિયો પણ આ શા-સ્ત્રમાં સ્થૂલ કાર્યમાં જ લીધી છે. તેથી આ ષોડશ વિકારવિષે પ્ર-થમ સમાધિ થાય છે તે સવિતર્ક સમાધિ છે. એ જ અવાંતર ભેદથી સવિતર્કા તથા નિર્વિતર્કારૂપ બે વિભાગવાળી થાય છે.

આ ઉભય સમાધિની સિદ્ધિ થયાપછી એ યોગી સૂક્ષ્મ વિષયને ધ્યેય લઈ શકે છે અથાત અષ્ટપ્રકૃતિ હવે ધ્યેયરૂપે લઇ શકવા એનામાં સામર્થ્ય આવે છે. શ્રુતિવગેરે પ્રમાણથી એ અષ્ટ પ્રકૃતિનું સ્વરૂપ નિશ્ચય કરી સંયમ કરવો હોય તોપણ કરી શકા-ય છે તથા નિરોધબલ પ્રાપ્ત થવાથી એનો સાક્ષાત્કાર થઈ શકે છે. પણ એમાં બહુ કષ્ટ તથા કાલની અપેક્ષા રહે છે તથા ભૂ-મિકાક્રમમાં એમ થતું નથી. આ રીતે છેક પ્રકૃતિ વા પ્રધાનપ-ર્યન્ત સર્વનો સાક્ષાત્કાર થઈ જાય છે એટલે ગ્રાહ્ય વિષયમાં એને જાણવાનું રહેતું નથી. આ સૂક્ષ્મવિષયક સમાધિ તે સવિચાર

યોગ છે, કારણ કે તેમાં જ વિવેકખ્યાતિનો ઉદય થયેલો હોય છે. આમ છતાં પ્રથમ ત્રણ ભૂમિકામાં પણ सम्यक् प्रज्ञायते ध्येयस्य स्वरूपं यस्मिन् तत्—જેમાં ધ્યેયરૂપના અર્થવિશેષનો સાક્ષાત્કાર થાય તે સંપ્રજ્ઞાત યોગ, એ વ્યુત્પત્તિસિદ્ધ અર્થ લાગુ પડતો હોવાથી તથા એ ત્રણ ભૂમિકામાંનો યોગ પણ ચતુર્થ ભૂમિકામાંના યોગદ્વારા વિવેકખ્યાતિનો હેતુ હોવાથી એને આ સ્થળે સંપ્રજ્ઞાત યોગ કહ્યો છે તે અયોગ્ય નથી.[1]

સમાધિ છે. એજ અવાંતર વિશેષથી સવિચારા તથા નિર્વિચારા ભેદથી આગળ વર્ણન કરી છે. આ બંને સમાધિ ગ્રાહ્યવિષયક જ છે.

આ રીતે સાધક યોગી ગ્રાહ્ય વિષયનો સંયમ કરી રહે છે. એટલે એની વૃત્તિને દૃશ્યમાંથી કંઈ જ્ઞાતવ્ય નહિ રહેવાથી દ્રષ્ટાતરફ એની વૃત્તિ પાછી વળે છે. ત્યાં દ્રષ્ટામાં બે અંશ છે; (૧) અંતઃકરણ તથા (૨) પુરુષ. આ બેમાંથી પ્રથમ અંશમાં પ્રથમ સંયમ થાય છે કેમકે પુરુષનો અંતઃકરણાવચ્છિન્નરૂપે જ પ્રથમ સાક્ષાત્કાર થાય છે. ત્યાં આટલી ભૂમિકાએ પહોંચેલા યોગીનું ચિત્ત સાત્ત્વિક થયું છે તેથી એ અંતઃકરણરૂપમાં થતા સમાધિથી આનંદનો આવિર્ભાવ થાય છે તેથી આ સાનંદસમાધિ છે તથા અંતઃકરણરૂપ ગ્રહણવિષયક હોવાથી ગ્રહણસમાધિ પણ કહેવાય છે.

આ સમાધિની સિદ્ધિ થઇ એટલે પછી અંતઃકરણાવચ્છિન્ન ચિતિશક્તિરૂપ પુરુષમાં સમાધિ સિદ્ધ થઈ તેનો સક્ષાત્કાર થાય છે. આ સમાધિ તે સાસ્મિત સમાધિ છે તથા ગૃહીતૃપુરુષવિષયક હોવાથી આ સમાધિ ગૃહીતૃસમાધિ પણ કહેવાય છે.

આ રીતે ભૂમિકાક્રમ લેવાથી વસ્તુગત્યાએ યથાર્થ છે એ તો સ્પષ્ટ છે. તેની જ સાથે આ ચતુર્વિધ સંપ્રજ્ઞાત યોગમાં વિવેકખ્યાતિને અનુકૂલ યોગ પણ આવી જવાથી ન્યૂનતા નથી આવતી. સાસ્મિત યોગમાં પુરુષ લેતા નથી તો મુખ્ય સંપ્રજ્ઞાતનો રહી જ જાય છે અને જે એ સમાધિને સબીજ કહી છે તથા નિર્વિચારાથી અધ્યાત્મ પ્રસાદ થયે ઋતંભરા પ્રજ્ઞાનો ઉદય વર્ણવ્યો છે તે સર્વની તો સમાન ઉપપત્તિ થઈ શકે છે. સર્વથા વસ્તુવ્યવસ્થાની હાનિ નથી તેથી આ વિવાદનો વિષય નથી.

૧ જે ટીકાકારો સાસ્મિત સમાધિમાં પણ વિવેકખ્યાતિનો ઉદય નથી લેતા તેમની વ્યાખ્યામાં આ ચારેને ઉપચારથી અથવા યૌગિક અર્થમાં જ સંપ્રજ્ઞાત યોગ સંજ્ઞા અપાય છે.

આ સૂત્રથી એ તાત્પર્યનું સૂત્રકારે પ્રતિપાદન કર્યું કે ધૈર્યવાન સાધકે અપ્રમાદયુક્ત ધૈર્યને અવલંબીને ગંતવ્યસ્થાનસુધી જઇ વિવેકખ્યાતિને પામવું અને ત્યારે જ કૃતકૃત્ય થયેલા સમજવું, પણ મધ્યે ધૈર્યને ત્યજી દઈ ભ્રષ્ટ થવું નહિ.

આપ્રમાણે અપરવૈરાગ્ય અને અભ્યાસ એ બે સાધનોથી સિદ્ધ થતા સંપ્રજ્ઞાત યોગનું ભૂમિકાક્રમપ્રમાણેનું સ્વરૂપ આ સૂત્રથી પ્રતિપાદન કર્યું. હવે પરવૈરાગ્યરૂપ સાધનથી સિદ્ધ થતા અસંપ્રજ્ઞાત યોગનું સ્વરૂપ પ્રતિપાદન કરવા કહે છે કે—

विरामप्रत्ययाभ्यासपूर्वः संस्कारशेषोऽन्यः ॥१८॥

સૂત્રાર્થઃ—પરવૈરાગ્યના અભ્યાસથી ચિત્તની જે સંસ્કારશેષ અવસ્થા તે અસંપ્રજ્ઞાત યોગ કહેવાય છે.

વિરામ૦—આ પદથી અસંપ્રજ્ઞાત યોગનું સાધન કહ્યું છે, તેથી એને લક્ષણમાં લેવું ઘટતું નથી. એ સમાસનો બે રીતે વિગ્રહ થાય છે.

(૧) विरामः (वृत्तीनां अभावः) तस्य प्रत्ययः (कारणं) तस्य अभ्यासः (तदनुष्ठानपौनःपुन्यम्) स पूर्वः यस्मात्—વિરામ એટલે વૃત્તિઓનો અભાવ, તેનો પ્રત્યય એટલે કારણ તે વિરામપ્રત્યય અર્થાત પરવૈરાગ્ય. તે પરવૈરાગ્યનો અભ્યાસ એટલે પુનઃ પુનઃ અનુષ્ઠાન, તે છે પૂર્વ જેને. આ રીતે એ પદનો એ અર્થ થયો કે 'વિરામના પ્રત્યયરૂપ પરવૈરાગ્યનું પુનઃ પુનઃ કરાતું અનુષ્ઠાન કારણ છે જેનું એવો.

(૨) वृत्त्याऽपि विरम्यतां इति प्रत्ययः विरामप्रत्ययः. (सर्वात्मना, ज्ञानेऽपि अलंबुद्धिः ज्ञानमपि शाम्यतु इत्येवंरूपः) तस्य अभ्यासः पूर्वः यस्मात्—વિવેકખ્યાતિરૂપ વૃત્તિ પણ વિરમો એ પ્રકારનો પ્રત્યય તે વિરામપ્રત્યય, અર્થાત્ જ્ઞાન પણ શમો એ પ્રકારની જ્ઞાનવિષે પણ થતી અલંબુદ્ધિરૂપ પરવૈરાગ્ય તે વિરામપ્રત્યય, તેનો અભ્યાસ છે કારણ જેનું. આપ્રમાણે આ પદથી એ કહ્યું કે ચરમ સંપ્રજ્ઞાતવિષે જે એક વિવેકખ્યાતિરૂપ વૃત્તિ નિરોધ કરવા બાકી રહે છે તે વૃત્તિનો પણ પરવૈરાગ્યના અભ્યાસથી તિરસ્કાર થાયછે અને તેથી અસંપ્રજ્ઞાત યોગ થાય છે.

આથી એ સ્પષ્ટ થાયછે કે આ પદથી અસંપ્રજ્ઞાત યોગનું

સાધન પરવૈરાગ્ય છે એ પ્રતિપાદન કરેલું છે, અને તે યોગ્ય છે. કારણ કે અપરવૈરાગ્ય માત્ર વિષયવિષયક હોવાથી સંપ્રજ્ઞાતયોગની સાત્ત્વિકી વૃત્તિ વા તત્ત્વજ્ઞાનરૂપ વૃત્તિ એનો વિષય નથી, તેમ જ એકાગ્રતારૂપ અભ્યાસ છે તે પણ આ નિરોધયોગનું સાક્ષાત્ કારણ નથી કારણ કે એ નિરોધયોગમાં વૃત્તિમાત્રનો અભાવ હોય છે અર્થાત્ એ યોગ આલંબનવૃત્તિનો વિરોધી છે અને એકાગ્રતામાં પુરુષપર્યન્તનું કોઇ પણ આલંબન હોય જ છે. તેથી તત્ત્વજ્ઞાનપર્યંતના સકલ પદાર્થોવિષે અનાત્મત્વવગેરે દોષદર્શનથી થયેલો પરવૈરાગ્ય જ એ યોગનું સાક્ષાત્ કારણ ઘટે છે. એ વૈરાગ્ય પણ નિર્વસ્તુક છે એટલે સકલ ધ્યેયપ્રતિની વિરક્તિરૂપ છે અને આ યોગ પણ સકલ ધ્યેયથી શૂન્ય છે. તેથી આ પદથી જે કહ્યું છે તે યોગ્ય જ છે.

संस्कारशेषः—આ પદથી અસંપ્રજ્ઞાત યોગનું સ્વરૂપ બતાવ્યું છે. શ્રીમદ્વિદ્યારણ્યસ્વામીએ એ પદનું જીવન્મુક્તિવિવેકમાં આ પ્રમાણે વિવરણ કર્યું છે: तत्रवृत्तिरहितस्य चित्त बलात्स्य पूर्वस्थत्वात् संस्कारशेषेण चित्तं तिष्ठते । ત્યાં વૃત્તિ એ જ ચિત્તનું જીવન હોવાથી વૃત્તિરૂપ જીવનના અભાવવાળું થયેલું ચિત્ત કેવલ દુર્બલ છે અને તેથી અતિ સૂક્ષ્મરૂપે રહે છે. ચિત્તનું આ અતિ સૂક્ષ્મરૂપે રહેવું એ ચિત્તની સંસ્કારશેષાવસ્થા છે.

अन्यः—એટલે સંપ્રજ્ઞાતથી વિલક્ષણ અર્થાત્ અસંપ્રજ્ઞાત.

આ સૂત્રથી એ કહ્યું કે ચિત્ત જ્યારે વૃત્તિરૂપ જીવનથી રહિત થઇ અતિ સૂક્ષ્મરૂપે રહે છે અર્થાત્ સંસ્કારશેષરૂપ અવસ્થામાં રહે છે ત્યારે તે અવસ્થા અસંપ્રજ્ઞાતયોગ કહેવાય છે. ત્યાં સાધકને એ અસંપ્રજ્ઞાતયોગની સિદ્ધિ પરવૈરાગ્યના અભ્યાસથી થાય છે, એટલે સંપ્રજ્ઞાત યોગની ચરમ ભૂમિકામાં સાધકને એક તત્ત્વને અવલંબન કરનાર વિવેકખ્યાતિરૂપ વૃત્તિ રહેલી હોય છે. એ પણ વૃત્તિ હોવાથી ચિત્તના પરિણામરૂપ છે અને તેથી જડ છે તથા પુરુષથી વિલક્ષણ છે ઇત્યાદિ પ્રકારના દોષદર્શનથી એ વૃત્તિવિષે પણ તે સાધક મહાત્માને વિરક્તિ થાય છે. એ વિરક્તિ તે પરવૈરાગ્ય છે. એ પરવૈરાગ્યના અભ્યાસથી એ વૃત્તિવિષે પણ ઉપેક્ષા થાય છે. અને તેથી એ વૃત્તિ પણ શમે છે. તે સમયે ચિત્ત વૃત્તિમાત્રના અભાવવાળું થયેલું હોય છે અને તેથી એ ચિત્તની અવસ્થા અસંપ્રજ્ઞાત યોગ છે. તેમાં પૂર્વ પૂર્વ અસંપ્રજ્ઞાતવિષેનો ચિત્ત પોતાના ઉપાદાન કારણમાં અતિસૂક્ષ્મરૂપે રહે છે પણ તે

નિરોધસંસ્કારના અવધિએ પુનઃસ્વસ્વરૂપે પ્રકટ થાય છે અને ચરમ અસંપ્રજ્ઞાતવિષે તો ચિત્ત પોતાના કારણમાં આત્યંતિક લયને પામે છે.

આ રીતે આ સૂત્રથી ચિત્તની સંસ્કારશેષા અવસ્થાને અસંપ્રજ્ઞાત યોગ કહ્યો. ત્યાં અસંપ્રજ્ઞાતનો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ એ છે કે न किंचित् वेद्यं संप्रज्ञायते यस्मिन् જેમાં કોઈ પણ વસ્તુ વેદ્ય (જ્ઞેય) રૂપે ભાસતી નથી તેવી ચિત્તની અવસ્થા. એ વ્યુત્પત્તિસિદ્ધ અર્થ સર્વ વૃત્તિના નિરોધવાળા ચિત્તની અવસ્થામાં બરાબર રીતે લાગુ પડે છે કારણ કે એ અવસ્થામાં જ્ઞાનરૂપ વૃત્તિનો અભાવ હોય છે તેથી કોઈ પણ વસ્તુ જ્ઞેયરૂપે ભાસતી નથી. હવે એ અવસ્થા બે પ્રકારે થાય છેઃ (૧) કેટલાકને જન્મથી જ થાય છે અને (૨) કેટલાકને સાધનથી. ત્યાં જે જન્મથી થાય છે તે જીવની પુનરાવૃત્તિ કરનાર હોવાથી હેય છે અને જે સાધનથી થાય છે તે કૈવલ્ય આપનાર હોવાથી ઉપાદેય છે. એ બે પ્રકારના અસંપ્રજ્ઞાતનું હવે સૂત્રકાર પ્રતિપાદન કરે છે ત્યાં હેયપૂર્વક ઉપાદેયનું પ્રતિપાદન કરવું વિશેષ યોગ્ય હોવાથી પ્રથમ હેયનું પ્રતિપાદન કરે છેઃ—

भवप्रत्ययो विदेहप्रकृतिलयानाम् ॥ १९ ॥

સૂત્રાર્થ:—વિદેહ તથા પ્રકૃતિલય પુરુષોને જન્મમાત્રથી જે ચિત્તની સંસ્કારશેષા અવસ્થારૂપ અસંપ્રજ્ઞાત દશા પ્રાપ્ત થાયછે તે પ્રથમ પ્રકારનો અસંપ્રજ્ઞાત યોગ છે.

भवप्रत्ययः—भवः प्रत्ययः कारणं यस्य—ભવ એ જ કારણ છે જેનું એવો અસંપ્રજ્ઞાત યોગ. ત્યાં भव શબ્દથી બે અર્થનું ટીકાકારો ગ્રહણ કરે છે. મણિપ્રભાકાર એ શબ્દથી "અવિદ્યા" એવો અર્થ લે છે અને વાર્તિકકારે એનો અર્થ 'જન્મ' લીધેલો છે. તેથી એ સમસ્ત પદના આ બે અર્થ થયાઃ (૧) અવિદ્યા છે કારણ જેનું એવો. અવિદ્યા કારણ હોવાથી સમાધિપ્રજ્ઞાથી થયેલો આ યોગ નથી તેથી પુનરાવૃત્તિ કરનાર છે એ તો સિદ્ધ જ થાય છે. (૨) જન્મમાત્રથી થયેલો અર્થાત્ જન્મ છે કારણ જેનું એવો. આ બીજો અર્થ પણ યોગ્ય જ છે. કારણ કે વિદેહ અને પ્રકૃતિલય પુરુષો પૂર્વરચિત કર્મઉપાસનાના બલે ઇન્દ્રિયો વગેરેમાં તથા પ્રકૃતિમાં લીન અવસ્થાને પામે છે. એ દશા તે તેમનાં પૂર્વ શરીરના ત્યાગપછી થાય છે, તેથી તથા એ અવસ્થાથી તેમની પુનરાવૃત્તિ

છે તેથી જન્મરૂપ જ છે. એ જન્મમાત્રથી એમને ચિત્તની સંસ્કાર-શેષા અવસ્થારૂપ અસંપ્રજ્ઞાત દશા પ્રાપ્ત થાય છે. એ જન્મ થયા પછી અસંપ્રજ્ઞાત દશામાટે એ પુરુષોને કોઇ પણ ઉપાયની જરૂર રહેતી નથી. તેથી એ દશાનું કારણ જન્મમાત્ર લીધું હોય તોપણ તે યોગ્ય છે.

विदेहप्रकृ०–વિદેહ તથા પ્રકૃતિલય પુરુષોનો.

આ સૂત્રથી એ કહ્યું છે કે વિદેહ તથા પ્રકૃતિલય પુરુષોને જન્મમાત્રથી અસંપ્રજ્ઞાત દશા અર્થાત્ ચિત્તની સંસ્કારશેષાવસ્થા પ્રાપ્ત થાય છે. ત્યાં જે પુરુષો પૃથિવ્યાદિ ભૂત તથા ઇન્દ્રિયને આત્મારૂપ માની તેની ધ્યાનાદિ ઉપાસના કરતા રહે છે. તેમનું અંતઃ-કરણ તે ઉપાસનાની વાસનાવાળું થાય છે. તેથી વર્તમાન દેહનું પતન થવાથી એ પૂર્વ વાસનાને અનુસાર પૂર્વ ઉપાસનાના બળથી એ પુરુષો ભૂત તથા ઇન્દ્રિયરૂપ જે જેના ઉપાસ્ય હોય તેમાં લીન થાય છે. એ પૃથિવ્યાદિ ભૂત તથા ઇન્દ્રિયમાં લીન થયેલા પુરુષો વિદેહ કહેવાય છે. તેમ જ જે પુરુષો પ્રકૃતિ વા પ્રધાનની આરૂઢ ઉપાસના કરતાં દેહ છોડે છે તેઓ બ્રહ્માંડની બહાર રહેલી સામ્યાવસ્થાવાળી પ્રકૃતિમાં લીનભાવને પામે છે, તે પ્રકૃતિલય પુરુષો છે. આ બંને પ્રકારના પુરુષોનાં ચિત્ત ભૂત ઇન્દ્રિયાદિ ઉપાસ્યમાં લીન થયેલાં હોય છે તેથી સંસ્કારશેષ હોય છે, તથા તેમને એ સમયે અન્ય કશાનું ભાન નથી પણ જાણે કૈવલ્ય પદને અનુભવતા હોય તેમ તેઓ રહેલા હોય છે તેથી તેમની અસંપ્રજ્ઞાત દશા છે એ સિદ્ધ છે. એ અસંપ્રજ્ઞાત દશાની પ્રાપ્તિમાટે સ્વસ્વઉપાસ્યમાં લય થયા પછી તેઓને કંઇ પણ પ્રયત્ન કરવો પડતો નથી તેથી એ અસંપ્રજ્ઞાત દશાનું કારણ જન્મમાત્ર જ છે એ પણ સ્પષ્ટ છે. એ અસંપ્રજ્ઞાત દશા યોગીને હોય છે, એટલે એની પ્રાપ્તિમાત્રથી કૃતકૃત્ય થવાતું નથી. કારણ કે સ્થૂલ શરીરથી રહિત થઇ ભોગ ભોગવનાર હોવાથી વિદેહસંજ્ઞાને યોગ્ય રીતે પામેલા પુરુષોનાં તથા પ્રધાનરૂપ પ્રકૃતિમાં લય પામેલા હોવાથી પ્રકૃતિલય કહેવાતા પુરુષોનાં ચિત્ત સાધિકાર હોય છે. વિવેકખ્યાતિપર્યંત ચિત્તનું ચેષ્ટિત હોય છે એ સાંખ્ય તથા યોગનો સિદ્ધાન્ત છે. એ પુરુષો પ્રકૃતિવગેરે જડ અનાત્મ પદાર્થોવિષે આત્મબુદ્ધિ કરી રહેલા હોય છે તેથી એમને વિવેકખ્યાતિરૂપ તત્ત્વજ્ઞાનનો ઉદય નથી; અને તેથી તેમના

ચિત્તનો અધિકાર સમાપ્ત થયેલો નથી એ સ્પષ્ટ છે. આમ હોવાથી પોતાની ઉપાસનાના બળથી કેટલોક કાળ તેઓ એ અસંપ્રજ્ઞાત દશામાં જાણે કૈવલ્યને અનુભવતા હોય તેમ સ્થિત થાય છે અર્થાત્ એ સ્થિતિમાં સંસ્કારરૂપ પોતાની ઉપાસનાત્મક કર્મના સંસ્કારથી બંધાયેલા વિપાકને ભોગવી ક્ષય કરે છે તથા તેના ક્ષય થવાથી પુનઃ તે દશાથી ભ્રષ્ટ થાય છે (વ્યુત્થાનને પામે છે) અર્થાત્ સંસારમાં આવૃત્તિ પામે છે. એ તો નિઃસંદેહ છે કે તેઓ ક્રમમોક્ષના માર્ગમાં છે. એટલે તેઓ સંસારને પામે છે એનો અર્થ એવો નથી કે તેઓ તિર્યગ્ યોનિ વા મનુષ્યલોકને પામે છે પણ માત્ર એ જ કે તેઓ અન્ય દિવ્ય તનુને ધારણ કરે છે તથા તે શરીરમાં રહી નાનાવિધ ભોગ ભોગવે છે તથા ઉપાય કરી વિવેકસાક્ષાત્કાર કરી પછી કૈવલ્યપદને પામે છે. આથી એ સિદ્ધ થયું કે વિદેહ તથા પ્રકૃતિલય પુરુષોનો થતો અસંપ્રજ્ઞાતયોગ કૈવલ્યનો સાક્ષાત્ હેતુ નથી. સાંખ્યદર્શનમાં પણ કહ્યું છે કે न कारणलयात्कृतकृत्यता मग्नवदुत्थानात् સર્વ દૃશ્યના કારણરૂપ પ્રકૃતિમાં લય પામવાથી કૃતકૃત્યતા અર્થાત્ ચિત્તના સાધિકારપણાનો અભાવ થતો નથી, કેમકે જેમ જળાશયમાં મગ્ન થયેલા પુરુષો પુનઃ ઉત્થાનને પામે છે તેમ પ્રકૃતિલયને ઉપાસનાત્મક કર્માશયના ક્ષય થવાથી પુનઃ સંસારની પ્રાપ્તિ થાય છે. વાયુપુરાણમાં પણ

दशमन्वन्तराणीह तिष्ठन्तीन्द्रियचिन्तकाः ।
भौतिकाश्च शतं पूर्णं सहस्रं त्वाभिमानिकाः ॥
बौद्धा दशसहस्राणि तिष्ठन्ति विगतज्वराः ।
पूर्णं शतसहस्रं तु तिष्ठन्त्यव्यक्तचिन्तकाः ॥

ઇત્યાદિ વચનોથી એ જ કહ્યું છે કે ઇન્દ્રિયમાં લીન થયેલા પુરુષો દશ મન્વન્તરસુધી તે લયાવસ્થામાં રહે છે; સૂક્ષ્મભૂતમાં લીન થયેલા પૂર્ણ સો મન્વન્તરસુધી, અહંકારમાં લીન થયેલા સહસ્ર મન્વન્તરસુધી, મહત્તત્ત્વમાં લીન થયેલા દશ હજાર મન્વન્તરસુધી તથા પ્રકૃતિમાં લીન થયેલા એક લક્ષ મન્વન્તરસુધી તે તે લયાવસ્થામાં રહે છે.

આ સર્વથી એ સિદ્ધ થાય છે કે વિદેહ તથા પ્રકૃતિલય પુરુષોને પુનરાવૃત્તિ અર્થાત્ સંસારપ્રાપ્તિ છે. તેથી તેમની થતી સંસ્કારશેષાવસ્થાથી યોગીએ તૃપ્ત થવું ઉચિત નથી.

પણ ઉપાયથી થતો જે અસંપ્રજ્ઞાત યોગ છે તેની પ્રાપ્તિમાટે પ્રયત્ન કરવો આવશ્યક છે.

આપ્રમાણે આ સૂત્રથી સાધક યોગીને હેય અસંપ્રજ્ઞાત યોગનું પ્રતિપાદન કરી હવે ઉપાય વા સાધનથી થતા બીજા પ્રકારના અસંપ્રજ્ઞાત યોગનું પ્રતિપાદન કરે છે.

श्रद्धावीर्यस्मृतिसमाधिप्रज्ञापूर्वक इतरेषाम् ॥२०॥

સૂત્રાર્થ:—વિદેહ અને પ્રકૃતિલયથી અન્ય પુરુષોને (દેવ, મનુષ્યાદિને) શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને સમાધિપ્રજ્ઞા એ ઉપાયથી અસંપ્રજ્ઞાત યોગ થાય છે. (તે બીજો અસંપ્રજ્ઞાત યોગ છે),

આ સૂત્રમાં એક તો બીજા પ્રકારનો અસંપ્રજ્ઞાત યોગ કહ્યો છે અને બીજું તો પૂર્વ સૂત્રમાં અભ્યાસનું સ્વરૂપ માત્ર કહી અટકાવ્યું હતું તે અભ્યાસના વિષયભૂત સાધનો પણ બતાવ્યાં છે, જેથી એ સાધનવિષયક આકાંક્ષાની નિવૃત્તિ કરનાર પણ આ સૂત્ર છે.

इतरेषाम् એટલે પૂર્વ સૂત્રમાં જે વિદેહ અને પ્રકૃતિલય પુરુષો કહ્યા છે તેથી અન્ય સર્વ યોગીઓનો—પછી તે દેવ હોય કે મનુષ્ય.

श्रद्धा०—શ્રદ્ધા, વીર્ય વગેરે છે પૂર્વ જેનાં એવો અર્થાત્ એ સાધનોથી થતો જે અસંપ્રજ્ઞાત યોગ તે.

આ સૂત્રાર્થી એ કહ્યું કે વિદેહવગેરેથી અન્ય યોગીઓને શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને સમાધિપ્રજ્ઞા એ ઉપાયોના અનુષ્ઠાનથી અસંપ્રજ્ઞાત યોગ થાય છે.

ત્યાં श्रद्धा—એટલે ચિત્તનો સંપ્રસાદ અથવા પ્રીતિ; તેમાં સર્વવિષયક પ્રીતિ યોગ માટે ઉપયોગી નથી પણ વિરોધી છે. તેથી શ્રીસદ્ગુરુના ઉપદેશવગેરેથી થતી તત્ત્વવિષયક અથવા યોગવિષયક પ્રીતિ અર્થાત્ 'યોગ એ જ મારા પરમ પુરુષાર્થનું સાધન છે,' એ જ્ઞાનથી થતી યોગાનુષ્ઠાનવિષે ચિત્તની પ્રેમાત્મક વૃત્તિ તે શ્રદ્ધા છે. એ પ્રીતિ યોગની ઉત્કૃષ્ટતાના શ્રવણથી થાય છે. ત્યાં શ્રીમદ્ભગવદ્ગીતામાં કહ્યું છે કે

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ॥

ઉત્તમ લોકના સાધનરૂપ કૃચ્છ્રચાંદ્રાયણાદિ તપ કરનાર લો-

કો પણ તેમનાં પુણ્ય ક્ષીણ થવાથી પુનઃ આ લોકમાં આવે છે. તેથી તપ પુનરાવૃત્તિરહિત મોક્ષનું સાધન નથી અને તેથી તપસ્વીકરતાં, તત્ત્વજ્ઞાનથી જીવન્મુક્તિ થાય છે તથાપિ તત્ત્વજ્ઞાન પ્રારબ્ધનું વિરોધી નથી તેથી વિલંબવિના કૈવલ્યને પ્રાપ્ત કરનાર નથી તેથી જ્ઞાનીઓકરતાં તથા જ્યોતિષ્ટોમાદિરૂપ સ્વર્ગાદિનાં સાધનભૂત કર્મોથી ક્ષય, અતિશય અને વિનાશવગેરે દુઃખવાળા સ્વર્ગાદિ લોકની જ પ્રાપ્તિ થાય છે તેથી કર્મીકરતાં પણ પુનરાવૃત્તિરહિત તથા શીઘ્ર મોક્ષને પમાડનાર તથા દુઃખ માત્રનો અભાવ કરનાર જે યોગ તેનો સાધક શ્રેષ્ઠ છે આવગેરે વાક્યોથી શ્રદ્ધાની ઉત્પત્તિ થાય છે.

वीर्य—એટલે ઉત્સાહ એ અર્થ શ્રીવિદ્યારણ્યસ્વામિએ લીધો છે. શ્રીવિજ્ઞાનભિક્ષુ वीर्यं प्रयत्नः धारणारूपः એ પંક્તિથી ધારણારૂપ પ્રયત્નને વીર્ય પદનો અર્થ લે છે. 'હું સર્વથા યોગનું સંપાદન કરૂં' એ વીર્યનું સ્વરૂપ છે. ત્યાં ઉત્સાહરૂપ અર્થ લઇએ તો તે પણ યોગ્ય છે કારણ કે યોગવિષયક પ્રીતિરૂપ શ્રદ્ધા થવાથી ઉત્સાહની ઉત્પત્તિ થાયછે તેમ જ બીજો અર્થ પણ યોગ્ય છે.કારણ કે એ શ્રદ્ધાથી ઉત્સાહ થઇ પ્રયત્ન પણ થાયછે. વળી જેમ શ્રદ્ધાનું સાક્ષાત્ કાર્ય ઉત્સાહ છે તેમ જ સ્મૃતિનું સાક્ષાત્ કારણ ધારણા છે.

स्मृति—ઉત્સાહરૂપ વીર્યથી અનુષ્ઠેયરૂપે યોગનાં અંગોનું સ્મરણ થવું તે તથા ધારણારૂપ વીર્યથી ધ્યાનરૂપ ધ્યેયની સ્મૃતિ થવી તે.

समाधि—એટલે ચિત્તની એકાગ્રતા. ત્યાં યોગાંગના સ્મરણથી સમાધિનું સમ્યગ્ અનુષ્ઠાન થાયછે અને ધ્યાનરૂપ સ્મૃતિના અભ્યાસથી જે વિચ્છેદસહિત વૃત્તિનો પ્રવાહ વહેતો હોય છે તેમાંથી વિચ્છેદ ઓછો થતાં થતાં અવિચ્છિન્ન પ્રવાહ વહેછે. અર્થાત્ એકાગ્રતા થાયછે.

प्रज्ञा—એટલે ઉત્તર સૂત્રમાં કહેવામાં આવતી ઋતંભરા નામની પ્રજ્ઞા, અથવા વિવેકખ્યાતિ.

इतरेषाम्—એટલે પૂર્વ સૂત્રમાં પ્રકૃત વિદેહ તથા પ્રકૃતિલયથી અન્ય યોગીઓનો.

આ સૂત્રથી એ કહ્યું કે વિદેહ તથા પ્રકૃતિલયથી અન્ય યોગીઓને શ્રદ્ધાવગેરે સાધનોના અનુષ્ઠાનથી જે અસંપ્રજ્ઞાત યોગ

થાય છે તે બીજા પ્રકારનો અસંપ્રજ્ઞાત યોગ છે. તે સાધનો તે શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા છે. એ સાધનોમાં શ્રદ્ધાની સિદ્ધિ થવાથી વીર્યનો ઉદય થાયછે, વીર્યની સિદ્ધિ થવાથી સ્મૃતિનો ઉદય, સ્મૃતિની સિદ્ધિ થવાથી સમાધિનો ઉદય, અને સમાધિની સિદ્ધિ થવાથી પ્રજ્ઞાનો ઉદય થાય છે.પ્રજ્ઞાનો ઉદય થવાથી અવિદ્યાદિ ક્લેશો નષ્ટ થાયછે તથા તેના સંસ્કારો શિથિલ થાયછે. એ પ્રજ્ઞાના વિશેષ અભ્યાસથી તે મહાત્માને આ પ્રજ્ઞાવિષે પણ અલંબુદ્ધિરૂપ પરવૈરાગ્યનો ઉદય થાયછે અને તેથી અસંપ્રજ્ઞાત યોગ થાય છે. આ પ્રમાણે આ બીજા પ્રકારનો યોગ સાધનની સિદ્ધિથી થતો હોવાથી અર્થાત્ એ સાધનોના અનુષ્ઠાનથી અવિદ્યાદિ ક્લેશોનો નાશ થયેલો હોવાથી કૈવલ્યનો હેતુ છે અને તેથી પ્રતિજ્ઞાએ અવશ્ય સેવવાયોગ્ય છે.

એ યોગની સિદ્ધિ સર્વને સરખે વખતે થતી નથી. પણ કેટલાકને લાંબે વખતે સિદ્ધ થાયછે તો કેટલાકને અવિલંબે કરીને સિદ્ધ થાયછે. તેમાં સાધનનો અભ્યાસ તથા સંવેગ નિયામક છે, અર્થાત્ એ બેના તારતમ્યથી યોગની સિદ્ધિના વખતમાં તારતમ્ય થાયછે. ત્યાં સાધનાભ્યાસના તારતમ્યથી યોગીના અર્થાત્ યોગના સાધકના ત્રણ પ્રકારે વિભાગ પડેછે:— (૧) મૃદૂપાય એટલે ઉપાયના અલ્પત્વવાળા (૨) મધ્યોપાય અને (૩) અધિમાત્રોપાય (ઉપાયના અતિશયવાળા). આ ત્રણ વિભાગ શ્રદ્ધાદિ સાધનના તારતમ્યથી પડેલા છે. એ ત્રણમાંના પ્રત્યેકના ત્રણ ત્રણ વિભાગ સંવેગના તીવ્રતાગત તારતમ્યથી પડેછે. તેથી આ નવ પ્રકારના યોગીઓ થયા: (૧) અલ્પોપાયવાળા તથા મૃદુતીવ્રસંવેગવાળા, (૨) અલ્પોપાય તથા મધ્યતીવ્રસંવેગવાળા, (૩) અલ્પોપાય તથા અધિમાત્રસંવેગવાળા, (૪) મધ્યોપાય તથા મૃદુતીવ્રસંવેગવાળા, (૫) મધ્યોપાય તથા મધ્યમ તીવ્રસંવેગવાળા, (૬) મધ્યોપાય તથા અધિમાત્રસંવેગવાળા (૭) અધિમાત્રોપાય તથા મૃદુતીવ્રસંવેગવાળા, (૮) અધિમાત્રોપાય તથા મધ્યમ તીવ્રસંવેગવાળા, અને (૯) અધિમાત્રોપાય તથા અધિમાત્રસંવેગવાળા. આ નવ પ્રકારના યોગીઓમાંથી કયા યોગીને સમાધિલાભ તથા તેના ફલરૂપ અસંપ્રજ્ઞાતયોગ અને કૈવલ્ય સમીપ છે તે પ્રતિપાદન કરવા સૂત્રકાર કહેછે કે:—

[अधिमात्रोपायानां] तीव्रसंवेगानामासन्नः ॥ *२१ ॥ [समाधिलाभः]

સૂત્રાર્થ—(ઉપાયના અતિશયવાળા) તીવ્ર સંવેગવાળા યોગીઓને (સમાધિ તથા તેના ફલરૂપ અસંપ્રજ્ઞાત યોગ અને મોક્ષ) આસન્ન છે.

अधिमात्रोपायानाम्–એટલે ઉપાયના અતિશયવાળા. ત્યાં ઉપાય એટલે શ્રદ્ધાવગેરે અભ્યાસના વિષયભૂત સાધનો, અથવા અભ્યાસ તથા વિરાગ બંનેના વિષયભૂત સાધનો.

तीव्रसंवेगानाम्—એટલે તીવ્રસંવેગવાળા. સંવેગ શબ્દના અર્થ ટીકાકારો બે રીતે કરે છેઃ (૧) વાર્તિકકાર સંવેગ શબ્દથી ઉપાયના અનુષ્ઠાનમાં રહેલી શીઘ્રતા લે છે. અને (૨) વાચસ્પતિમિશ્રવગેરે સંવેગ પદનો અર્થ વૈરાગ્ય કરે છે.

આ સૂત્રથી એ કહ્યું કે અધિમાત્ર ઉપાયવાળા અને તીવ્ર સંવેગવાળાને સમાધિલાભ સમીપ છે એટલે અવિલંબે કરીને થાયછે. શ્રી વિષ્ણુપુરાણમાં પણ विनिष्पन्नसमाधिस्तु मुक्तिं तत्रैव जन्मनि । એકાગ્રતા જેને સિદ્ધ થઇ છે તેને તે જન્મમાં મોક્ષ મળેછે ઇત્યાદિ વચનથી એ જ અર્થ સૂચવ્યોછે.

આપ્રમાણે આ સૂત્રથી સમાધિલાભ કોને સમીપ છે—આસન્ન છે એ કહ્યું. હવે કોને આસન્નતર તથા આસન્નતમ છે એ પ્રતિપાદન કરવા કહેછે કે—

मृदुमध्याधिमात्रत्वात् ततोऽपि विशेषः ॥ २२ ॥

સૂત્રાર્થઃ—મૃદુ, મધ્ય અને અધિમાત્ર એ ત્રણ સંવેગગત તીવ્રત્વના પ્રકાર હોવાથી સમાધિલાભની આસન્નતા (સમીપતા) ના તર અને તમ રૂપ વિશેષ હોયછે એટલે આસન્નતરતા અને આસન્નતમતારૂપ ભેદ હોયછે.

આ સૂત્રથી એ કહ્યું કે અધિમાત્રોપાયવાળા તથા મૃદુતીવ્ર

---

* આ સૂત્રના ત્રણ પાઠ દેખાયછે. (૧) શ્રીમદ્વિદ્યારણ્યસ્વામી तीव्रसंवेगानामासन्नः समाधिलाभः । એ પ્રમાણેનો પાઠ સંમત ગણેછે. વાચસ્પતિમિશ્ર વગેરેને સંમત तीव्रसंवेगानामासन्नः। એટલું જ સૂત્ર છે. એ ટીકાકારો समाधिलाभः । એ પદ અધ્યાહાર્ય લે છે. વાર્તિકકાર अधिमात्रोपायानां तीव्रसंवेगानामासन्नः એટલું સૂત્ર લે છે.

સંવેગવાળા યોગીને અવિલંબે સમાધિલાભ થાયછે, અધિમાત્રોપાયવાળા તથા મધ્ય તીવ્રસંવેગવાળાને તેથી પણ ઓછે વિલંબે અને અધિમાત્રોપાય તથા અધિમાત્ર તીવ્રસંવેગવાળાને તેથી પણ ઓછે વિલંબે—(સૌથી ઓછે વિલંબે) સમાધિલાભ થાયછે.

આ બંને સૂત્રોનું તાત્પર્ય એ છે કે ઉપર કહેલાં સાધનોનું અતિતીવ્રતાથી તથા અધિમાત્ર પ્રમાણમાં અનુષ્ઠાન કરવું, કારણ કે એમ કરવાથી જ અવિલંબે સમાધિલાભ થાયછે. આપણે સાંભળીએ છીએ કે જનક, પ્રહ્લાદ વગેરે જેઓ અધિમાત્ર તીવ્રસંવેગવાળા હતા તથા અધિમાત્ર ઉપાયવાળા હતા તેમને મૂહુર્ત માત્રના વિચારથી દઢ સમાધિલાભ થયેલો છે તથા શ્વેતકેતુ વગેરેને મોડો થયો છે. એ સર્વ આખ્યાયિકા પણ પ્રકૃત અર્થને જ સમર્થન કરનાર છે.

આપ્રમાણે આ સૂત્રોથી વિસ્તારવડે બંને પ્રકારના યોગનું સ્વરૂપ કહ્યું. ત્યાં સંપ્રજ્ઞાત યોગમાં પુરુષ વા ઈશ્વર બંને ધ્યેય હોયછે એમ કહ્યું. તેથી એ યોગમાં એ બંને તત્ત્વોનો સાક્ષાત્કાર થાયછે. એટલું કહીને એ બે પ્રકારના વિષયથી થતા પુરુષવિષયક તથા ઈશ્વરવિષયક સંપ્રજ્ઞાતયોગની સિદ્ધિને સાધારણ એવા શ્રદ્ધાદિ ઉપાય કહ્યા તથા આસન્નતમસમાધિલાભમાટે એ ઉપાયોનું અતિપ્રમાણમાં તથા અતિતીવ્રતાથી અનુષ્ઠાન કરવું એ કહ્યું. હવે એ બે સંપ્રજ્ઞાત યોગમાં જે ઈશ્વરવિષયક સંપ્રજ્ઞાત યોગ છે તેની સિદ્ધિના ઉપાયોના અતિપ્રમાણમાં તથા અતિતીવ્રતાથી કરાતા અનુષ્ઠાનવિના પણ આસન્નતમ સમાધિલાભ થાયછે તેનો ઉપાય સકારણ કહેછે.

ईश्वरप्रणिधानाद्वा ॥ २३ ॥

સૂત્રાર્થ:—અથવા તો ઈશ્વરના પ્રણિધાનરૂપ ભક્તિવિશેષથી આસન્નતમ સમાધિલાભ થાયછે.

ईश्वरप्रणिधानाद्—એટલે ઈશ્વરના પ્રણિધાનથી. ત્યાં ઈશ્વર એટલે શું તે ઉત્તર સૂત્રથી સૂત્રકાર જ પ્રતિપાદન કરેછે, તેમ જ પ્રણિધાનનો અર્થ પણ સૂત્રકાર ૨૮ મા સૂત્રથી પ્રતિપાદન કરેછે, તેથી અત્ર વિસ્તારની જરૂર નથી છતાં એટલું કહેવું જરૂરનું છે કે પ્રણિધાનપદથી આત્મનિવેદન ભક્તિનું ગ્રહણ કરવું આ સ્થળે ઉચિત નથી, કારણ કે એ ભક્તિ તો ક્રિયાયોગના અંગરૂપ હોવાથી દ્વિતીય પાદમાં વ્યુત્થિતચિત્તવાળામાટે વિધાન કરવામાં આવી છે અને તેથી ઉત્તમ સાધકરૂપ આ પાદના અધિકારીમાટે તે લેવી

અયોગ્ય છે.

વા—એ પદથી વિકલ્પ બતાવ્યો છે. પૂર્વ સૂત્રોમાં જીવવિષયક તથા ઈશ્વરવિષયક એમ બંને યોગને સાધારણ એવો પ્રતાન્ત ઉપાય કહ્યો. એ ઉપાયનું અતિમાત્ર પ્રમાણમાં તથા અતિતીવ્રસંવેગથી અનુષ્ઠાન કરવું એ જીવવિષયક સંપ્રજ્ઞાતયોગમાટે જ આવશ્યક છે. ઈશ્વરવિષયક સંપ્રજ્ઞાત યોગમાટે નથી કારણ કે એ પ્રમાણેના અનુષ્ઠાનવિના પણ આ પદથી બોધન કરાયેલા વિકલ્પપ્રમાણે ઈશ્વર પ્રણિધાનથી પણ એ યોગની સિદ્ધિ થાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે જે સાધક જીવવિષયક સંપ્રજ્ઞાતયોગ કરવા માંડેછે તેને તો શ્રદ્ધાદિ ઉપાયોનું અધિમાત્ર પ્રમાણમાં તથા અતિતીવ્રસંવેગથી અનુષ્ઠાન કરવું જરૂરનું છે. પણ જે સાધક ઈશ્વરતત્ત્વવિષયક સંપ્રજ્ઞાત યોગ કરવા માંડેછે તેને તેમ કરવું જરૂરનું નથી અર્થાત્ તેને તે યોગ ઈશ્વરપ્રણિધાનરૂપ સાધનથી સહેલથી સિદ્ધ થઈ શકેછે. એ સાધક ઈશ્વરપ્રણિધાનથી ઈશ્વરનો અનુગ્રહ સંપાદન કરેછે અને તેથી તે સર્વશક્તિમાન્ ઈશ્વરના 'આ સાધકને સમાધિલાભ થાઓ' એ પ્રકારના સિદ્ધ સંકલ્પરૂપ અનુગ્રહથી ઉપાયોના અધિમાત્રપ્રમાણ વગેરેના અનુષ્ઠાનવિના પણ સમાધિલાભ થાયછે, અને તેથી અચિરાત્ મોક્ષ થાયછે. આમ હોવાથી જ શ્રુતિમાં કહ્યું છે કે तमेवैकं जानथ आत्मानमन्या वाचो विमुञ्चथ તે જ પરમ કારુણિક ભગવાનને તું જાણ તથા અન્ય સર્વ વાતને છોડી દે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज। अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ ધર્મોપલક્ષિત મોક્ષનાં સર્વ સાધનોને ત્યજીને તન, મનવચનથી તું મને શરણ થા; હું તને સર્વ પાપાત્મલક્ષિત ક્લેશોથી નિઃશેષ મુક્ત કરીશ અર્થાત્ જીવન્મુક્તિ અને વિદેહમુક્તિ આપીશ—ઇત્યાદિ વચનથી એ જ અર્થ સ્પષ્ટ કર્યો છે.

આ સ્થળે એ શંકા થાયછે કે આ શાસ્ત્રમાં જડ અને ચેતન એવા પ્રધાન અને પુરુષરૂપ બે તત્ત્વો માન્યાં છે. તો આ ઈશ્વર એ કયું તત્ત્વ છે? ત્યાં ઈશ્વર ચેતનરૂપ હોવાથી એનો પ્રધાનમાં અંતર્ભાવ કરી શકાય એમ નથી. તેમ જ ઈશ્વરનો પુરુષમાં પણ અંતર્ભાવ કરી શકાય એમ નથી. કારણ કે બધા પુરુષો શુદ્ધચિતિશક્તિરૂપ હોવાથી તેમનામાં સ્વતઃ ઈશ્વરત્વ અને અનીશ્વરત્વ એવો ભેદ હોવો ઘટતો નથી તો પછી આ ઈશ્વર એ કેવું તત્ત્વ છે

અર્થાત્ ઈશ્વરનું સ્વરૂપ શું છે? એ પ્રશ્નનો ઉત્તર આપવા તથા ઈશ્વરપ્રણિધાનરૂપઉપાય જે આ સૂત્રમાં કહ્યો તેમાં ઈશ્વરનું ચિંતન કરવામાટે ઈશ્વરનું સ્વરૂપ જાણવું આવશ્યક હોવાથી તેનું પ્રતિપાદન કરવા સૂત્રકાર કહેછે કે—

क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः ॥ २४ ॥

સૂત્રાર્થ:—અવિદ્યાદિ ક્લેશ, ધર્માધર્મરૂપ કર્મ, જાતિવગેરે ક્લેશકર્મનાં ફલરૂપ વિપાક તથા ધર્માધર્મના સંસ્કારરૂપ આશય—એ સર્વના ત્રણે કાળવિષે વસ્તુતઃ તથા ઉપચારથી પણ થતા સંસર્ગથી રહિત, સ્વરૂપે શુદ્ધચિતિશક્તિરૂપ નિરતિશય ઐશ્વર્યવાળા તે ઈશ્વર છે.

क्लेश०—એટલે ક્લેશ, કર્મ, વિપાક તથા આશયથી પરામૃષ્ટ નહિ એવા. ત્યાં क्लेश શબ્દે કરી દ્વિતીય પાદમાં કહેલા અવિદ્યા, અસ્મિતા, રાગદ્વેષ અને અભિનિવેશ એ પાંચનું ગ્રહણ થાય છે. કારણ કે એ પાંચ જ દુઃખરૂપ ક્લેશના હેતુ હોવાથી એ પાંચને જ યોગશાસ્ત્રમાં ક્લેશસંજ્ઞા આપી છે. આ સ્થળે ક્લેશશબ્દથી દુઃખનું ગ્રહણ કરાતું નથી કારણ કે તે તો કર્મના ફલરૂપ હોવાથી આ સ્થળે વિપાકશબ્દથી ગ્રહણ કરાયેલું છે.

कर्म—એટલે સુખદુઃખનાં સાધરૂપ ધર્મ અને અધર્મ. જે ક્રિયા સુખનું અસાધારણ કારણ છે તે ક્રિયા ધર્મરૂપ છે અને જે દુઃખનું અસાધારણ કારણ છે તે અધર્મ છે. કર્મપદનો સામાન્ય અર્થ તો ક્રિયા છે. પણ આ સ્થળે તેમ લેવાય એમ નથી. કારણ કે ઈશ્વર પુરુષવિશેષ છે તથા પુરુષમાત્ર નિષ્ક્રિય છે તેથી એમાં ક્રિયાની પ્રાપ્તિ જ આવતી નથી કે જેથી નિષેધ કરવા જરૂર રહે. જો અન્ય પુરુષોમાં ઉપચારથી ક્રિયાની પ્રતીતિ થાય છે તેથી પ્રાપ્તિ આવે છે એમ લઈએ તો તે પણ અયોગ્ય છે. કારણ કે એ રીતે અત્ર કરેલો ક્રિયાનો નિષેધ અસંગત છે કારણ કે ઈશ્વરમાં જગત્સર્જનરૂપ ક્રિયા અર્થાત્ પ્રકૃતિને ક્ષોભ પમાડવારૂપ ક્રિયા છે. તેથી બંને રીતે ધર્માધર્મરૂપ ક્રિયા જ કર્મપદથી લેવી યોગ્ય છે.

विपाक—ક્લેશ તથા કર્મનાં ફલરૂપ જાતિ, આયુષ્ અને ભોગ. ભોગશબ્દે કરીને વિષયગત સત્ત્વથી થતું ચિત્તનું પોષણ અથવા શબ્દાદિ આકારા વૃત્તિ લેવાયછે કારણ કે દ્વિતીય પાદમાં સુખદુઃખાદિસાક્ષાતકારને ભોગના ફલરૂપ કહ્યો છે.

आशय—એ શબ્દ शी ધાતુપરથી આવે છે તથા चित्तभूमौ

શેતે એ વ્યુત્પત્તિથી ચિત્તરૂપ ભૂમિમાં પડી રહેનાર, વિપાકને અનુકૂલ તથા વિપાકના કારણભૂત ચિત્તગત વાસનાનો વાચક છે.

અપરામૃષ્ટ:— એટલે પરામર્શ વા સંસર્ગથી રહિત. આ સ્થળે ત્રણે કાળે ઉપચારથી પણ ક્લેશાદિના સંસર્ગથી રહિત એ અર્થ છે.

પુરુષવિશેષ:—એટલે કોઇ એક પુરુષ અથવા વિશિષ્ટ પુરુષ.

ઈશ્વર:— એ શબ્દ ઐશ્વર્યવાચક ઈશ ધાતુઉપરથી આવેછે તથા સંપૂર્ણ જગત્‌ના અધિષ્ઠાતા તથા જગત્‌ને ઉપજાવવા વગેરેના સામર્થ્યવાળા એ અર્થને બોધન કરેછે.

આ સૂત્રથી એ કહ્યું કે (૧) ક્લેશ, કર્મ, વિપાક અને આશયના સંસર્ગથી ત્રણે કાળે ઉપચારથી પણ રહિત, (૨) સમગ્ર ઐશ્વર્યસંપન્ન (૩) પુરુષવિશેષ તે ઈશ્વર છે. આ સૂત્ર ઈશ્વરનું લક્ષણ પ્રતિપાદન કરનાર છે તેથી એ સૂત્રસ્થ સર્વ પદો આવશ્યક છે તથા એ લક્ષણના દોષથી રહિત છે એ પ્રતિપાદન કરવું જરૂરનું છે. ત્યાં જો માત્ર ઈશ્વર: એટલું જ કહું અર્થાત્ 'સમગ્ર ઐશ્વર્યવાન્ તે ઈશ્વર' એટલું જ કહે તો તેટલાથી જ ચાલે એમ નથી કારણ કે એ લક્ષણની ન્યાયાદિ શાસ્ત્રસંમત ઈશ્વરમાં અતિવ્યાપ્તિ થાય છે તેથી પુરુષવિશેષ: એ પદ મૂક્યું છે. એ પદથી ઈશ્વર શુદ્ધચિતિશક્તિસ્વરૂપ છે અર્થાત્ જ્ઞાનવગેરે ઈશ્વરના ધર્મો નથી પણ સ્વરૂપ છે એ સિદ્ધાન્ત કહ્યો, છે, તથા એ જ પદથી ઉપર જે શંકા કરી હતી કે ઈશ્વર એ પ્રધાન તથા પુરુષથી વિલક્ષણ કયું તત્ત્વ છે એનું પણ સમાધાન કર્યું છે કે ઈશ્વરનો પુરુષમાં અંતર્ભાવ થાયછે. જો પુરુષવિશેષ તે ઈશ્વર એટલું જ માત્ર કહું તોપણ એ લક્ષણની ઇતર સર્વ પુરુષોમાં અતિવ્યાપ્તિ આવે. અથવા તો આ સૂત્રમાંના લક્ષ્યવાચક ઈશ્વરપદનો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ લક્ષણમાં મેળવી દે અર્થાત્ ઐશ્વર્યવાળો તથા સિદ્ધચિતિશક્તિરૂપ પુરુષ તે ઈશ્વર એમ લક્ષણ કરે તોપણ હિરણ્યગર્ભાદિ તથા પ્રકૃતિલીન અને મુક્ત પુરુષો એ સર્વમાં અતિવ્યાપ્તિ આવે, કારણ કે એ સર્વ પુરુષ છે તથા ઐશ્વર્યવાળા છે. એ અતિવ્યાપ્તિ દૂર કરવા પ્રથમ પદની આવશ્યકતા છે. પ્રથમ પદથી એ અર્થ કહ્યો કે ક્લેશાદિનો સંસર્ગ જેનામાં ત્રણે કાળે ઉપચારથી પણ નથી તે. જો 'ઉપચારથી પણ' એ પદ મૂકી દેવામાં આવે તો ઉપરની અતિવ્યાપ્તિ દૂર થતી નથી કારણ કે હિરણ્યગર્ભાદિ પુરુષો પુરુષ હોવાથી વસ્તુત: તો ક્લેશાદિના સંસર્ગથી રહિત જ છે. પણ ઇતર પુરુષો ચિત્તરૂપસત્ત્વના સ્વામી અથવા ભોક્તા

હોવાથી, જેમ લશ્કરે કરેલા જયપરાજયનો તેના સ્વામીરૂપ રાજામાં ઉપચાર કરાયછે તેમ, ચિત્તમાં રહેલા ક્લેશાદિના સંસર્ગવાળા ઉપચારથી કહેવાયછે. અને ઈશ્વરમાં તો ઉપચારથી પણ ક્લેશાદિનો અભાવ છે કારણ કે ઈશ્વર અવિદ્યાને અવિદ્યારૂપે જાણીને અંગીકાર કરનાર હોવાથી તેવિષે સદા અભિમાનરહિત છે. મુક્તપુરુષો પણ ક્લેશાદિના સંસર્ગથી ઉપચારથી પણ રહિત છે છતાં એ પુરુષો પૂર્વે જીવત્વદશામાં હતા ત્યારે એ સંસર્ગથી ઉપચારથી રહિત નહોતા. તેથી એ પુરુષોપર આવતી અતિવ્યાપ્તિ દૂર કરવા 'ત્રણે કાળે એ સસર્ગથી રહિત' એ પદો જરૂરનાં છે. આ જ વિશેષણથી પ્રકૃતિલીન પુરુષોપરની અતિવ્યાપ્તિ પણ દૂર થાયછે કારણ કે જેમ મુક્ત પુરુષોને ભૂતપૂર્વ ઉપચરિત સંસર્ગ હતો તેમ પ્રકૃતિલીન પુરુષોમાં પણ જ્યારે પોતાના કાળનો અવસાન થાયછે ત્યારે અભિમાન સ્ફુરે છે તેથી ભાવિ ઉપચરિત સંસર્ગવાળા છે.

આપ્રમાણે આ પદોથી ઈશ્વરનું અદૂષિત લક્ષણ કર્યું છે. કેમ કે ઈશ્વરનો પુરુષમાં અંતર્ભાવ કર્યો છે તેથી પ્રધાનથી તથા ન્યાયાદિ સંમત ઈશ્વરથી એની વ્યાવૃત્તિ થાયછે અને પ્રથમ પદથી ઇતર સર્વ પુરુષોથી વ્યાવૃત્તિ થાયછે. તેથી આ લક્ષણ સજાતીય તથા વિજાતીય સર્વ પદાર્થોથી પોતાના લક્ષ્યને વ્યાવૃત્ત કરનાર હોવાથી અદૂષિત છે.

આ સ્થળે એ શંકા થાયછે કે યદ્યપિ આ લક્ષણ અતિવ્યાપ્તિથી રહિત છે તેમ જ ઈશ્વર એક હોવાથી અવ્યાપ્તિથી પણ રહિત છે તોપણ અસંભવ દોષવાળું છે કારણ કે ઈશ્વર જાતે પુરુષ હોવાથી નિર્ગુણ, નિષ્ક્રિય તથા અપરિણામી છે તેથી ઈશ્વરમાં ઈશિતૃત્વ હોવું ઘટતું નથી તથા તે સર્વજ્ઞ અને સર્વશક્તિમાન્ પણ ઘટે નહિ. એનો ઉત્તર આ પ્રમાણે:—યદ્યપિ ઈશ્વર સ્વરૂપતઃ શુદ્ધચિતિશક્તિરૂપ છે તોપણ તેને એક ચિત્ત હોયછે. એ ચિત્ત શુદ્ધસત્વા માયાના શુદ્ધાંશનું બનેલું છે અને તેથી યોગીના ચિત્તથી પણ વિલક્ષણ છે. યોગીનું ચિત્ત પ્રયત્ને કરી શુદ્ધાંશવાળું થાયછે અને ઈશ્વરનું તો અનાદિકાળથી શુદ્ધાંશવાળું જ હોયછે. એ ચિત્તના યોગથી ઈશ્વરમાં જ્ઞાનશક્તિ તથા ક્રિયાશક્તિ હોયછે. એ ચિત્તની સાથે ઈશ્વરને અન્ય જીવોની માફક અવિદ્યાનિમિત્ત સ્વસ્વામિભાવસંબંધ નથી; પણ જગતરૂપ પ્રવાહમાં ખેંચાતા પુરુષોનો જ્ઞાનાદિના ઉપદેશદ્વારા ઉદ્ધાર કરવાની ઇચ્છારૂપ નિમિત્તથી ઈશ્વરે એ ચિત્તનું ગ્રહણ કર્યું છે. એમ હોવાથી જેમ અભિનેતા વેષને તે રૂપ જાણી અહ-

ણ કરનાર શૈલૂષ (નાટકનું પાત્ર) તેથી બંધનને પામતો નથી તેમ એ ચિત્તરૂપ માયાને માયારૂપ જાણીને પોતાની ઇચ્છાથી ગ્રહણ કરનાર ઈશ્વર પણ એનાથી બંધનને પામતા નથી.

ઈશ્વર પોતાની ઇચ્છાથી એક ચિત્તનું ગ્રહણ કરેછે એમ કહેવામાં ઇચ્છાથી અનન્તર ચિત્તનું ગ્રહણ અને ચિત્તવિના ઇચ્છાનો અસંભવ હોવાથી ચિત્તના ગ્રહણથી અનન્તર ઇચ્છાઓ હોવા છતાં અન્યોન્યાશ્રય દોષ આવતો નથી કારણ કે સર્ગ અનાદિ છે. જો સર્ગને પ્રથમતા હોત તો એ પ્રશ્નનો અવકાશ રહેત કે ઈશ્વરે પ્રથમ ચિત્તનું ગ્રહણ કેવી રીતે કર્યું. પણ તેમ તો છે નહિ. જગત્પ્રવાહ અર્થાત્ સર્ગનો પ્રવાહ અનાદિ છે. તેથી એક સર્ગના સંહારસમયે 'આ પ્રલયનો અવધિ આવ્યે એટલે સર્ગાન્તરની સૃષ્ટિ થવાના સમયે મારે અમુક શુદ્ધાંશવાળું ચિત્તસત્ત્વ ગ્રહણ કરવું છે' એવો સંકલ્પ કરી ઈશ્વર સૃષ્ટિનો સંહાર કરેછે. અને એ સંકલ્પની વાસનાવાળું થઇ ઈશ્વરનું ચિત્ત પણ તે સમયે પ્રધાનમાં લીન થઇ જાયછે. ત્યાર પછી જ્યારે પ્રલયકાળ પૂર્ણ થઇ રહે છે ત્યારે જેમ રાત્રિએ 'કાલે મારે વહેલા ઉઠવું છે' એવો દૃઢ સંકલ્પ કરી સુતેલા પુરુષને તે દૃઢ સંકલ્પની વાસનાવાળું ચિત્ત તે વાસનાબલાત્ પ્રાતઃકાળે જાગ્રત્ થઇ પ્રાપ્ત થાય છે તેમ પૂર્વસર્ગના અવધિએ કરેલા પ્રણિધાનરૂપ દૃઢ સંકલ્પવાળું ઈશ્વરનું ચિત્ત તે સંકલ્પવશાત્ આ સર્ગના આરંભમાં ઈશ્વરને પ્રાપ્ત થાયછે. અને ત્યાર પછી એ ચિત્તવડે જગતની ઉત્પત્તિ, જ્ઞાનાદિનો બ્રહ્મા વગેરેને ઉપદેશ વગેરે ઈશ્વર કરે છે. પુનઃ એ સર્ગનો અવધિ આવ્યે પૂર્વવત્ પ્રણિધાન કરેછે તથા તે પ્રણિધાનવશાત્ પુનઃ નવા સર્ગના આરંભે એ ચિત્તની પ્રાપ્તિ થાય છે એમ અનાદિ કાળથી પ્રણિધાન અને ચિત્તનું ગ્રહણ થતું હોવાથી બીજાંકુરવત્ ચાલ્યા જ કરેછે.

આ સ્થળે એ સવાલ ઉઠે છે કે ઈશ્વરને પ્રકૃષ્ટ સત્ત્વવાળું ચિત્ત છે એમાં શું પ્રમાણ છે? એનો ઉત્તર એ કે જો ઈશ્વર જ્ઞાનનો ઉપદેશ વગેરે કરે એ પ્રમાણસિદ્ધ થાય તો શેષવત્અનુમાનથી પ્રકૃષ્ટ સત્ત્વવાળા ચિત્તની સિદ્ધિ થઇ શકે છે. કારણ કે તેવા ચિત્તવિના અપાર જ્ઞાનશક્તિ તથા ઐશ્વર્યશક્તિ સંભવતાં નથી. ત્યાં ઈશ્વરમાં અપાર જ્ઞાનશક્તિ તથા ઐશ્વર્યશક્તિ છે એનું પ્રમાણ तदैक्षत, सोऽकामयत, तदात्मानं स्वयमकुरुत, स्वाभाविकी ज्ञानबलक्रिया च, यः सर्वज्ञः सर्ववित् તેણે ઈક્ષણ કર્યું, હું બહુ થાઉં એવી ઇચ્છા કરી,

તેણે પોતાના આત્માને (સ્વરૂપને) પોતે કર્યો, તેનામાં સ્વભાવથી જ જ્ઞાનશક્તિ તથા ક્રિયાશક્તિ છે, તે સર્વ પદાર્થને સામાન્યવિશેષરૂપે જાણે છે ઇત્યાદિ શ્રુતિવાક્ય છે. + એ સર્વ શ્રુતિવાવાક્યો પ્રમાણરૂપ છે; કારણ કે પ્રકૃષ્ટ સત્ત્વવાળા ઈશ્વરથી પ્રણીત છે. જેમ મંત્રશાસ્ત્ર તથા આયુર્વેદનું પ્રામાણ્ય તે તે સ્થળે કહેલો અર્થ અવ્યભિચારીપણે સિદ્ધ થતો હોવાથી સર્વને સિદ્ધ છે તે જ પ્રમાણે मन्त्रायुर्वेदवच्च तत्प्रामाण्यम् એ ન્યાયસૂત્રમાં કહ્યાપ્રમાણે સર્વ વેદનું પ્રામાણ્ય સિદ્ધ થાય છે. એટલે સર્વ વેદ એકનું જ કાર્ય છે અને જ્યારે તેમાંનો મંત્રભાગ તથા આયુર્વેદનો ભાગ પ્રમાણરૂપ અનુભવથી જણાય છે તો શેષ રહેલો ભાગ અપ્રમાણ છે એમ કહેનાર માણસ મિથ્યાભાષણ કરનાર જ ઠરે છે. આ પ્રકારનો વેદ જે સર્વ જ્ઞાન તથા ઐશ્વર્યવગેરેના ઉપાયોનો આકાર છે તેનું પ્રણયન કોનાથી થઇ શકે એ વિચારતાં સહજ જણાય એમ છે કે એ સર્વના જ્ઞાનવાળો પુરુષ જ એનું પ્રણયન કરી શકે. એ પુરુષનું ચિત્ત પ્રકૃતિના મલિન અંશ માત્રથી રહિત હોવું જોઇએ કેમકે નહિ તો તેનાં કાર્યરૂપ ભ્રમ તથા વિપ્રલંભની ઇચ્છા તેનામાં હોવાથી સર્વથા નિર્દોષ ગ્રંથનું પ્રણયન તેનાથી થઇ શકવું અસંભવ છે. તેથી એ ચિત્ત પ્રકૃષ્ટ સત્ત્વવાળું હોવું જોઇએ એ નિર્વિવાદ સિદ્ધ થાય છે. આ જ અર્થની સિદ્ધિ આવી રીતે જ શ્રીમદ્વેદવ્યાસે शास्त्रयोनित्वात् એ વેદાન્તસૂત્રથી કરી છે.

આ સર્વથી એ સિદ્ધ થયું કે ઇશ્વરને પ્રકૃષ્ટ સત્ત્વવાળું ચિત્ત હોવાથી એ પોતે પુરુષ છતાં સમગ્ર જ્ઞાનવાન્, સમગ્ર ઐશ્વર્યવાન્ તથા પ્રધાનના ચાલક હેતુરૂપ થઇ શકે છે.

આ સૂત્રમાં ईश्वरः એ પદ એક વચનમાં મૂકયું છે. એ એક વચન કાં તો જાતિપરત્વે હોય કે કાં તો વ્યક્તિ એક જ હોય તો તે પરત્વે હોય. તેમાં ઇશ્વર અનેક નથી પણ માત્ર એક જ છે તેથી એ વચન વ્યક્તિપરત્વે જ છે. ઇશ્વર અનેક હોવા ઘટતા જ નથી કારણ કે ઇશ્વર અનેક લઇએ તો તેઓ કાં તો તુલ્ય ઐશ્વર્યવાળા હોય અથવા તો ન્યૂનાધિક ઐશ્વર્યવાળા હોય. ત્યાં ન્યૂનાધિક ઐશ્વર્યવાળા હોય તે તે સર્વ ઇશ્વર કહેવાય જ નહિ કારણ કે તેમાં જે નિર-

× આ પ્રમાણે શ્રુતિવાક્યો ઇશ્વરસદ્ભાવમાં પ્રમાણરૂપ મળે છે તેથી प्रमाणाभावान्न तत्सिद्धिः । ઇત્યાદિ સાંખ્યસૂત્રમાં લૌકિક અનુવાદ માત્ર છે, અને એ લૌકિક વાક્યો અપ્રમાણરૂપ ઠરે છે.

તિશય ઐશ્વર્યવાળો પદાર્થ હોય તે જ સદૈવ ઈશ્વર હોવાથી ઈશ્વર છે. આ રીતે આ પક્ષમાં તો માત્ર એક જ ઈશ્વર ઠરે છે. જો તુલ્યબલવાળા અનેક ઈશ્વર લઈએ તો એ પણ અયુક્ત ઠરે છે. કારણ કે એ ઈશ્વરોનો સંકલ્પમાં કાં તો ભેદ પડે અથવા તો કોઈના સંકલ્પમાં ભેદ નહિ જ પડે. હવે જો ભેદ પડતો હોય તો સર્વ સરખા બલવાળા હોવાથી કોનો સંકલ્પ પ્રતિબદ્ધ થાય? કોઈનો જ નહિ. તેમ જ વિરોધી સંકલ્પ હોય તો તેવાં વિરોધી કાર્ય પણ થવાં સંભવે નહિ તેથી એ પક્ષ દૂષિત છે. હવે જો એ અનેક ઈશ્વરોના સંકલ્પમાં ભેદ નથી પડતો એમ લઈએ તો અનેક ઈશ્વરો મળીને પણ એક ઈશ્વરજેટલું જ કાર્ય કરવાના તો પછી અનેક ઈશ્વર માનવામાં કારણ શું? કંઈ જ નહિ તેથી अर्के चेन्मधु विन्देत किमर्थं पर्वतं व्रजेत् જો અર્કમાં મધુ મળતું હોય તો પછી કોણ વિચારવાન માણસ તેની પ્રાપ્તિમાટે જ પર્વતઉપર જાય? એ ન્યાયપ્રમાણે લાઘવથી એક જ ઈશ્વર માનવા ઘટે છે. તેથી સર્વથા ઈશ્વર એક જ છે અને અનેક નથી એ સિદ્ધાન્ત યોગ્ય છે.

આપ્રમાણે આ સૂત્રથી ઈશ્વરનું અદૂષિત લક્ષણ કર્યું. યોગી યાજ્ઞવલ્ક્યે પણ क्लेशकर्मविपाकाद्यैस्तथैव च । अपरामृष्टमेवाहु पुरुषमीश्वरं श्रुति. ઇત્યાદિ વચનથી તથા શ્રીલિંગ પુરાણમાં अविद्ययेशस्य योगो नातीतो नाप्यनागतः । नाप्यस्मितया चैव रागेणापि त्रिकालतः ઇત્યાદિ વચનથી એ જ અર્થનું પ્રતિપાદન કર્યું છે. આ સૂત્રમાં કરેલા લક્ષણમાટે તથા ઈશ્વરનાં સદ્‌ભાવમાટે શ્રુતિવાક્ય તથા યોગજન્ય પ્રત્યક્ષ એ અતિ બલવાન્ મુખ્ય પ્રમાણ છે, છતાં મનનાદિ અર્થે ઉપયોગી હોવાથી અનુમાનપ્રમાણ બતાવવા તથા ઈશ્વર સર્વજ્ઞ છે એ કંઠરવથી પ્રતિપાદન કરવા હવે સૂત્રકાર કહે છે કે—

तत्र निरतिशयं सर्वज्ञबीजम् ॥ २५ ॥

સૂત્રાર્થ—સર્વજ્ઞપણાનું બીજ જે સાતિશયવાળું જ્ઞાન તે ઈશ્વરમાં નિરતિશય છે.

तत्र—એટલે ઈશ્વરમાં.

निरतिशयम्—એટલે નિરતિશય અર્થાત્ એનાથી ઉત્કૃષ્ટ નહિ એવું છે.

सर्वज्ञबीजम्—યદ્યપિ આ સ્થળે સર્વજ્ઞ પદ વાપર્યું છે તથાપિ

એ ભાવપ્રધાન નિર્દેશ છે તેથી એનો અર્થ સર્વજ્ઞતા છે. **सर्वज्ञबीजम्** એટલે સર્વજ્ઞતાનું બીજ વા મૂળ. બીજ એટલે મૂળ અથવા જ્ઞાપક હેતુ. એ બીજ સાતિશયજાતીયજ્ઞાન છે. એટલે લોકોમાં એક પુરુષને અતીત, અનાગત અને વર્તમાન પદાર્થોનું અલ્પજ્ઞાન હોય છે, અન્યને તેથી અધિક હોય છે, ત્રીજાને તેથી પણ અધિક હોય છે વગેરે જોવામાં આવે છે. તેથી જ્ઞાનનું સાતિશયત્વ જોવામાં આવે છે. એ સાતિશયજાતીયજ્ઞાન સર્વજ્ઞતાનું બીજ વા જ્ઞાપક હેતુ છે.

આ સૂત્રમાં એ કહ્યું કે સર્વજ્ઞતાનો જ્ઞાપક હેતુ જે સાતિશયજાતીય જ્ઞાન તે ઈશ્વરમાં નિરતિશય છે અર્થાત્ અમર્યાદ અવસ્થાને પામ્યું છે. ત્યાં સાતિશયજાતીય જ્ઞાન સર્વજ્ઞતાનું આપ્રમાણે જ્ઞાપન કરે છે. જ્ઞાન સાતિશય હોવાથી કોઈ સ્થળે પણ નિરતિશય થવું જોઈએ કેમકે લોકમાં આપણે જોઈએ છીએ કે જે જે ગુણ સાતિશય હોય છે-જેવું કે પરિમાણ-તે ક્વચિત્ પણ નિરતિશય થાય છે. પરિમાણનું જે અણુત્વ મહત્ત્વરૂપ સાતિશય જોઈએ છીએ તેની પુરુષમાં કાષ્ઠાપ્રાપ્તિ છે કારણ કે પુરુષ વિભુ હોવાથી નિરતિશય મહત્ત્વવાળો છે. એ જ પ્રમાણે જ્ઞાન પણ સાતિશય હોવાથી ક્વચિત્ કાષ્ઠાને પામવું જોઈએ. જ્ઞાન સાતિશય છે એ આપણને અનુભવસિદ્ધ છે. આ લોકમાં જ અતીત, અનાગત અને વર્તમાન પદાર્થોનું કેટલાકને ઓછું તો કેટલાકને વધારે જ્ઞાન હોય છે. એ સર્વ પુરુષકરતાં ઉપાસનાના બળવાળાઓને એ અતીતાદિ અતીન્દ્રિય પદાર્થોનું અધિક જ્ઞાન હોય છે. તેનાથી શ્રેષ્ઠ ઉપાસનાવાળાને તેથી અધિક જ્ઞાન હોય છે વગેરે. આ રીતે જ્ઞાન સાતિશય છે એ સિદ્ધ છે અને તેથી પરિમાણની માફક ક્વચિત્ નિરતિશય હોવું જોઈએ. જ્યાં જ્ઞાન નિરતિશય થાય છે ત્યાં સર્વજ્ઞત્વ છે એ તો સ્પષ્ટ છે. તેથી સાતિશયજાતીય જ્ઞાનથી સર્વજ્ઞ પદાર્થની સિદ્ધિ અનુમાનથી થઈ શકે છે. હવે એ સર્વજ્ઞ પદાર્થ તે બુદ્ધ, અર્હત્ વગેરે હશે કે શ્રીમહેશ્વર, પરમકારુણિક, જગત્ના અધિષ્ઠાતા વગેરે સંજ્ઞાવાળા ઈશ્વર હશે એ વિશેષજ્ઞાન આ અનુમાનની શક્તિથી બહાર હોવાથી શાસ્ત્રપ્રમાણથી થાય છે. શ્રીલિંગ પુરાણમાં **लोके सातिशयित्वेन ज्ञानैश्वर्यं विलोकिते । शिवे नातिशयित्वेन स्थितं आहुर्मनीषिणः ।** લોકમાં જ્ઞાન અને ઐશ્વર્ય જે અતિશયવાળાં દેખાય છે તે પરમાત્માવિષે નિરતિશયત્વને પામેલાં છે ઇત્યાદિ વચનથી જગત્ના અધિષ્ઠાતા શ્રીમહેશ્વરમાં જ્ઞાનની નિરતિશયિતા કહી છે.

અહિં એ શંકા થાય છે કે ઈશ્વરને જગતના અધિષ્ઠાતા અર્થાત્ જગતના ઉત્પન્ન કરનાર માન્યા તે યોગ્ય નથી. કારણ કે શાસ્ત્રમાં ઈશ્વરને આપ્તકામ કહ્યા છે તથા ભગવાન્ હોવાથી આરૂઢ વૈરાગ્યવાળા કહ્યા છે. તેથી ઈશ્વરને કોઇ પણ સ્વાર્થ ઘટતો નથી. અને સ્વાર્થવિના જગતની સૃષ્ટિરૂપ ક્રિયા ઘટતી નથી. સાંખ્ય સૂત્રમાં स्वोपकारादधिष्ठानं लोकवत् । એ સૂત્રથી એ જ અર્થનુ બોધન કરેલું છે કે લોકમાં જેમ સ્વાર્થને માટે પ્રવૃત્તિ જોવામાં આવે છે તેમ જગત્સર્જનરૂપ ક્રિયાના કર્તા ઈશ્વરને માનીએ તો તે પ્રવૃત્તિ પણ સ્વાર્થને માટે હોવી જોઇએ. ત્યાં ઈશ્વર નિત્ય મુક્ત હોવાથી ભોગ વા અપવર્ગ એ બંનેમાંથી કોઇ પણ સ્વાર્થ એમને હોવો ઘટતો નથી. કદાચ પરાર્થપ્રવૃત્તિ માનીએ તો પરમકારુણિક ઈશ્વરની એ પ્રવૃત્તિ ઇતર પુરુષોનાં સુખને માટે હોવી જોઇએ. અને તેમ હોય તો નાનાવિધ દુઃખોથી ભરેલા આ જીવલોકની સૃષ્ટિ ઈશ્વરકૃત ઘટે નહિ. તેમ જ ઈશ્વર કાં તો કર્મની અપેક્ષા રાખી સૃષ્ટિ કરે અથવા તો કર્મની અપેક્ષા રાખ્યા વિના. ત્યાં જો કર્મની અપેક્ષાવિના સૃષ્ટિ કરે છે એમ લઇએ તો ઈશ્વરમાં વૈષમ્યનૈર્ઘૃણ્ય દોષોની પ્રાપ્તિ આવે છે. અને કર્મની અપેક્ષા રાખી સૃષ્ટિ કરે છે એમ લઇએ તો સૃષ્ટિમાટે કર્મ અને ઈશ્વર એ બે કારણો માનવારૂપ ગૌરવ આવે છે. શ્રીસાંખ્યસૂત્રમાં न ईश्वराधिष्ठिते फलसंपत्तिः कर्मणा तत्सिद्धेः એ સૂત્રથી એ જ અર્થ કહ્યો છે. વળી લોકોમાં જ્યાં જ્યાં પ્રવૃત્તિ થાય છે ત્યાં ત્યાં રાગનો સદ્ભાવ જોવામાં આવે છે; તો એ ઉપરથી પ્રવૃત્તિ અને રાગ એ બે વચ્ચે કાર્યકારણભાવસંબંધ દેખાય છે. તેથી જો ઈશ્વરની જગતસૃષ્ટિરૂપ પ્રવૃત્તિ માનીએ તો ઈશ્વરમાં રાગ સિદ્ધ થવાનો અને તેમ થવાથી ક્લેશ, કર્માદથી રહિત ઈશ્વર છે એ સિદ્ધાન્ત અસત્ય ઠરવાનો. શ્રીસાંખ્યસૂત્રમાં न रागादृते जगत्सिद्धिः प्रतिनियतकारणत्वात् એ સૂત્રથી એ જ અર્થ કહ્યો છે. તેથી સર્વથા ઈશ્વર જગત્કર્તા નથી એ પ્રાપ્ત થાય છે.

એનો ઉત્તર આ પ્રમાણે —ઈશ્વરસદ્ભાવમાટે આગળ શ્રુતિપ્રમાણો આપી ગયા છીએ એટલે प्रमाणाभावान्न तत्सिद्धिः— પ્રમાણનો અભાવ હોવાથી ઈશ્વરસિદ્ધિ નથી એ કહેવું અયોગ્ય છે. એ ઈશ્વરની નિત્ય પ્રવૃત્તિ હોવાથી તેમાં પ્રયોજનની ખરું જોતાં જરૂર જ નથી. જે પ્રવૃત્તિ કાદાચિત્કી હોયછે ત્યાં જ માત્ર प्रयोजनमनुद्दिश्य मन्दोऽपि न प्रवर्तते । વિના પ્રયોજન મંદ પુરુષ પણ પ્રવૃત્તિ કરતો નથી

એ લૌકિક ન્યાય પ્રાપ્ત થઇ પ્રયોજન હોવાની ફરજ પાડે છે. ઇશ્વરની જગત્સર્જનરૂપ પ્રવૃત્તિ નિત્ય છે તેથી એ પ્રવૃત્તિમાં કોઇ પણ સ્વાર્થ વા પરાર્થરૂપ પ્રયોજનની જરૂર નથી. આ મુખ્ય સમાધાન છે. છતાં એ પ્રવૃત્તિમાં પણ પ્રયોજનની જરૂર માનીએ તો આપ્તકામ ઇશ્વરને સ્વાર્થ તો સંભવતો નથી તેથી પરાર્થ એ જ માત્ર પ્રયોજન છે. આ વિષયમાં જે કહ્યું કે જો પરાર્થ પ્રયોજન હોય તો ઇશ્વર જીવોને દુઃખ શું કામ ભોગવાવે? એનો પ્રથમ ઉત્તર એ કે દુઃખ ભોગવાવ્યા વિના પરાર્થની સિદ્ધિ જ થતી નથી. જ્યાં સુધી જીવોને દુઃખાનુભવ થયો નથી ત્યાંસુધી તે દુઃખોને દૂર કરવાનાં સાધનની જિજ્ઞાસા થતી નથી. તેમ જ જિજ્ઞાસાવિના જ્ઞાન અને જ્ઞાનવિના તેમાં (સાધનમાં) પ્રવૃત્તિ અને પ્રવૃત્તિવિના તેના ફલરૂપ વિવેકખ્યાતિ થતાં નથી. તેમ જ દુઃખાનુભવવિના વિવેકખ્યાતિના સાધનરૂપ વૈરાગ્યની સિદ્ધિ થતી નથી. આ બે કારણમાટે દુઃખરૂપ સંસારની સૃષ્ટિ પરમકારુણિક તથા સર્વના સુખને ઇચ્છનાર પરમેશ્વર જ કરે એ સિદ્ધ થાય છે. ઇશ્વરે જગત્‌માં દુઃખ શું કરવા ઉત્પન્ન કર્યું એ તો પ્રશ્ન જ નથી કેમકે દુઃખ એ પ્રકૃતિમાં રહેલું જ હોવાથી ઇશ્વરે ઉત્પન્ન કર્યું છે એ અસિદ્ધ છે. તેથી દુઃખરૂપ જગતની સૃષ્ટિ ઇશ્વરથી થઇ શકે એ યોગ્ય છે. તેમ છતાં પણ ઇશ્વર પુરુષોને વિનાકારણ દુઃખ દેતા નથી. પ્રત્યેક પુરુષનાં કર્માનુસાર તેમને સુખદુઃખ આપે છે. અને તેથી કરીને જ વૈષમ્યનૈર્ઘૃણ્ય દોષો ઇશ્વરમાં આવતા નથી. આ સંબંધમાં જે કહ્યું કે કર્મ અને ઇશ્વર બેને કારણ માનવાથી ગૌરવ આવે છે તે અયોગ્ય છે. કારણ કે ન્યાયસિદ્ધ ગૌરવ દોષરૂપ નથી. જડ કર્મ પોતપોતાની મેળે પોતાનો કાળ જાણી પક્વ થઇ ફળ આપે એ કલ્પનામાં અપૂર્વતા છે. વળી જીવરૂપ પુરુષોની સઘળી પ્રવૃત્તિ પણ પોતાના અર્થને લીધે નથી અર્થાત્ કેટલીક પરાર્થે પણ હોય છે. એનાં સ્પષ્ટ ઉદાહરણો મળે છે. તો પછી પ્રવૃત્તિ માત્ર સ્વાર્થને માટે છે એમ કેમ જ કહેવાય? ન જ કહેવાય; અને વળી લોકમાં કદાચ સઘળી પ્રવૃત્તિ સ્વાર્થને માટે જ છે એમ અંગીકાર કરીએ તો પણ સંપૂર્ણ અજ્ઞાન જીવોથી વિલક્ષણ આપ્તકામ ઇશ્વરની પ્રવૃત્તિ પણ તેમ જ હોવી જોઇએ એમ કોટિ ઉપાયે કહેવાય એમ નથી. લોકમાં પણ મહાત્મા પુરુષો. જીવન્મુક્ત પુરુષો, અનેક લોકના અધિપતિરૂપ અદૃષ્ટવિશેષજન્ય પુરુષો—એ સઘળાની પ્ર-

વૃત્તિ પરાર્થે જ છે તથા એ પુરુષોને એ પ્રવૃત્તિમાં રાગ પણ હેતુ નથી. કારણ કે એ સર્વ મુક્ત છે. તેથી પ્રવૃત્તિનું કારણતાવચ્છેદક રાગત્વ છે એ નિયમ પણ અસિદ્ધ છે. કદાચ એમ અંગીકાર કરીએ કે લોકમાં પ્રવૃત્તિ કરનાર પુરુષોમાં રાગ છે. પણ એટલા માત્રથી પ્રવૃત્તિ તથા રાગનો કાર્યકારણસંબંધ ઠરતો નથી. કેમકે જો માત્ર આવા સાહચર્યથી કાર્યકારણભાવનો નિર્ણય થતો હોય તો અવિદ્યા તથા સુખનો પણ કાર્યકારણભાવ સંબંધ ઠરે. કારણ કે લોકોમાં જ્યાં જ્યાં સુખ જોવામાં આવેછે ત્યાં ત્યાં સર્વ સ્થળે અવિદ્યાનું અસ્તિત્વ પણ જોવામાં આવે છે. જો મુક્ત પુરુષોમાં એ નિયમનો વ્યભિચાર છે એમ કહો તો પ્રવૃત્તિ તથા રાગની નિયતવ્યાપ્તિ પણ એ જ સ્થળે વ્યભિચરિત ઠરે છે. તેથી સર્વ રીતે સિદ્ધ થાય છે કે ઈશ્વરમાં જગત્સર્જનરૂપ પ્રવૃત્તિમાટે રાગ હોવો જોઇએ એ અસિદ્ધ છે. અને તેથી ઈશ્વર જગતના સ્રષ્ટા વા અધિષ્ઠાતા જે માન્યા છે તે સર્વાંશે યોગ્ય છે.

આપ્રમાણે આ સૂત્રથી ઈશ્વરસદ્ભાવમાં ઉપયોગી એવું અનુમાન બતાવ્યું. હવે જગતના સ્રષ્ટા, પાલક વગેરે મનાતા સર્વજ્ઞ બ્રહ્મા, વિષ્ણુ વગેરેથી પણ એ ઈશ્વર અધિક મહિમાવાળા છે એ પ્રતિપાદન કરવા સૂત્રકાર કહે છે કે—

(स एषः) पूर्वेषामपि गुरुः कालेनानवच्छेदात् ।२६।

સૂત્રાર્થ:—એ ઈશ્વર પૂર્વ પૂર્વ સર્ગમાં ઉત્પન્ન થયેલા બ્રહ્માવગેરેના પણ ગુરુ છે કારણ કે ઈશ્વર કાલકૃત પરિચ્છેદથી રહિત છે અર્થાત્ આદિ તથા અંતથી વર્જિત છે.

स एषः—એવા જે ઈશ્વર તે. (આ બે પદો વાચસ્પતિમિશ્ર ભાષ્યસ્થ લે છે અને વાર્તિકકારવગેરે સૂત્રસ્થ લે છે.)

पूर्वेषामपि—પૂર્વ પૂર્વ સર્ગમાં ઉત્પન્ન થયેલા બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર વગેરેના પણ, અર્થાત્ આ સર્ગમાં જે અસંખ્ય બ્રહ્મા વગેરે છે તેના તથા પૂર્વ પૂર્વ સર્ગમાં જે ઉત્પન્ન થયેલા હતા તેના પણ.

गुरुः—ઉપદેષ્ટા, બોધ કરનાર.

कालेना०—એટલે કાલકૃત પરિચ્છેદથી રહિત. જેને વિષે પૂર્વ હતા, હવે થશે એમ કહેવાપણું નથી પણ જે માત્ર સદા સ-

વેદો છે જ.

આ સૂત્રથી એ અર્થનું બોધન કર્યું કે ઇશ્વર અનાદિસિદ્ધ પદાર્થ હોવાથી જેમ આ સર્ગના બ્રહ્માદિના ઉપદેષ્ટા છે તેમ અતીત અનાગત બ્રહ્માદિના પણ ઉપદેષ્ટા છે. કારણ કે એ મહેશ્વર ભગવાન્ તે વખતે પણ તે જ રૂપમાં હોય છે, બ્રહ્માદિ દ્વિપરાર્ધાદિ કાલથી અવચ્છિન્ન છે તેથી પોતપોતાના આયુષ્યના અવધિએ પોતપોતાના કારણમાં શમે છે, ઇશ્વર अनादिनिधनं विष्णुं सर्वलोकमहेश्वरं એ શ્રીમહાભારતના વાક્યાનુસાર કારણરહિત હોવાથી તથા અંતરહિત હોવાથી બ્રહ્માદિના નાશસમયે પણ તે જ રૂપમાં સ્થિત થાયછે. પુનઃ સર્ગકાળ આવેછે ત્યારે એ ઇશ્વરના સંકલ્પાનુસાર प्रकृतिं पुरुषं चैव प्रविश्यात्मेच्छया हरिः । क्षोभयामास संप्राप्ते सर्गकाले व्ययाव्ययौ । એ વાક્યાનુસાર પ્રકૃતિમાં ક્ષોભ કરેછે તથા ત્યાર પછી तत्त्वनेनेरितं विषमत्वं प्रयाति એ શ્રુતિમાં કહ્યા પ્રમાણે પ્રકૃતિના ગુણનું વૈષમ્ય થાયછે. એ વૈષમ્ય થયાથી અનુક્રમે શ્રીસદાશિવ, વિષ્ણુ અને બ્રહ્મા ઉત્પન્ન થાયછે. એ સર્વ પોતપોતાના આયુષ્યનો અવધિ આવવાથી નાશને પામેલા હતા અને તેથી વેદાદિના જ્ઞાનથી રહિત થયા હતા. તેમને તે સર્વ વખતમાં પણ જેમના તેમ સ્થિત થનાર એ શ્રીમહેશ્વર ભગવાન્ यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै ઇત્યાદિ શ્રુતિઅનુસાર વેદાદિનો ઉપદેશ કરે છે. તેથી બ્રહ્માદિના ગુરુ વા ઉપદેષ્ટા આ શ્રીમહેશ્વર ભગવાન્ છે. અને એ અર્થમાં कालेनानवच्छेदात्—કાલથી અવચ્છિન્ન હોવાથી—એ હેતુ છે. કારણ કે શ્રીમહેશ્વર સર્વ કાળે જેમના તેમ સ્થિત થયેલા હોવાથી વેદાદિના વિસ્મરણથી રહિત સદા સર્વજ્ઞ હોયછે. અને તેથી જેમને વેદાદિનું વિસ્મરણ પ્રલયકાળમાં થયું છે તેવા બ્રહ્માદિને તેનો બોધ કરે છે એ યુક્ત છે.

આ સૂત્રનું એ તાત્પર્ય થયું કે બ્રહ્માદિ સર્વ નાશવાન્ છે. માત્ર આ ઇશ્વર જ અનાદિસિદ્ધ છે અને તેથી પૂર્વ સર્ગના, આ સર્ગના તથા હવેના સર્ગના બ્રહ્માદિના પણ અંતર્યામી તથા ઉપદેષ્ટા છે.

આપ્રમાણે ईश्वरप्रणिधानात् એ સૂત્રમાંના ईश्वर પદનું વિસ્તા-

રથી વ્યાખ્યાન કર્યું તથા આ સૂત્રથી બ્રહ્માથી વિલક્ષણતા પણ તેમની બતાવી. હવે દ્વિતીય પદ જે પ્રણિધાન તેનું વ્યાખ્યાન કરવાનું છે. તેનો અર્થ બતાવતા પૂર્વે એ પ્રણિધાનના અંગભૂત ૐકારરૂપ મંત્ર જે ઇશ્વરની રહસ્યસંજ્ઞા છે તે પ્રથમ કહુંછે.

तस्य वाचकः प्रणवः ॥ २७ ॥

સૂત્રાર્થઃ—ઉક્ત લક્ષણવાળા ઇશ્વરરૂપ વાચ્યને અભિધાશક્તિથી બોધન કરનાર વાચક શબ્દ ૐકારરૂપ પ્રણવ છે.

वाचकः—એટલે અભિધાશક્તિથી બોધન કરનાર.

प्रणवः—એ શબ્દની વ્યુત્પત્તિ ભોજવૃત્તિમાં આ પ્રમાણે આપી છે.

(૧) प्रकर्षेण नूयते स्तूयते अनेन इति—જેવડે ઉત્તમ પ્રકારે સ્તુતિ કરાય છે તે.

(૨) प्रकर्षेण नौति स्तौति—ઉત્તમ પ્રકારે સ્તવન કરનાર.

આવગેરે તાત્પર્યાર્થને બોધન કરનાર અનેક વ્યુત્પત્તિ અન્ય સ્થળે જોવામાં આવેછે. જેમકે શિરઃ ઉપનિષદ્‌માં उच्चार्यमाण एव ऋग्यजुः सामाथर्वाङ्गिरसं ब्रह्म ब्राह्मणेभ्यः प्रणामयति नामयति च-ઉચ્ચારણ કરતાં જ ઋક્, યજુષ્ વગેરે ચતુર્વેદાત્મક બ્રહ્મને તેમનું અધ્યયન કરનારને અધીન કરેછે તેથી તે પ્રણવ છે.

આ સૂત્રથી એ કહ્યું કે ઇશ્વરને અભિધાશક્તિથી બોધન કરનાર શબ્દ પ્રણવ છે. એ પ્રણવ તે ૐકાર છે. કારણ કે ૐકાર એ જ શ્રેષ્ઠ મંત્ર છે શ્રુતિસ્મૃતિવગેરે સર્વ સ્થળે ૐકારને શ્રેષ્ઠ મંત્ર કહ્યો છે अदृश्यविग्रहो देवो भावग्राह्यो मनोमयः । तस्योंकारः स्मृतो नाम तेनाहूतः प्रसीदति । એ વાક્યથી યોગી યાજ્ઞવલ્ક્ય પ્રણવને જ અદ્ભૂત શરીરવાળા તથા ભક્તિ માત્રથી જાણ્યા જતા શ્રીપરમાત્માનું નામ કહે છે. શ્રીલિંગપુરાણમાં प्रणवो वाचकस्तस्य शिवस्य परमात्मनः शिवरुद्रादिशब्दानां प्रणवो हि परः स्मृतः । પરમ મંગલકર તે પરમાત્માના વાચક શબ્દ ૐ છે. શિવ, રુદ્ર, વિષ્ણુ વગેરે સર્વ જપના અંગભૂત મંત્રોમાં પ્રણવ સૌથી શ્રેષ્ઠ છે. શ્રીકઠોપનિષદ્‌માં सर्वे वेदा यत्पदमामनन्ति तपांसि सर्वाणि च यद् वदन्ति । यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण ब्रवीमि ॐ इति । એ શ્રુતિથી સર્વ વેદમાં પણ ૐકારને શ્રેષ્ઠ કહ્યો છે એનું વિશેષ સ્પષ્ટીકરણ શ્રીછાંદોગ્યો-

પનિષદ્‌માં प्रजापतिः लोकान् अभ्यतपत् । तेभ्योऽभितप्तेभ्यः त्रयी विद्या संप्रास्रवत् ઇત્યાદિ આખ્યાયિકાથી કરયું છે કે સર્વ સ્થળેથી વેદત્રયી સારરૂપ પ્રજાપતિએ કાઢી અને તેમાંથી પણ भूः, भुवर्, અને स्वर् એ ત્રણ શબ્દો સારરૂપ કાઢ્યા છે. અને એ ત્રણમાંથી પણ પ્રણવ સારરૂપ કાઢ્યો છે. તૈત્તિરીય શાખામાં यच्छंदसामृषभो विश्वरूपः—એ શ્રુતિથી વેદમાત્રમાં પ્રણવને શ્રેષ્ઠ કહ્યો છે. તેથી એ નિર્વિવાદ સિદ્ધ છે કે ૐકાર એ જ યથાર્થ પ્રણવ છે અને એ જ ઈશ્વરનો વાચક છે. ત્યાં અભિધાશક્તિથી અર્થનું બોધન કરનાર શબ્દ તે અર્થનો વાચક છે. અને તેની અપેક્ષાથી તે અર્થ વાચ્ય છે. એક એવો નિયમ છે કે જે શબ્દનો જે અર્થમાં સંકેત હોય તે શબ્દ તે અર્થનો વાચક થઈ શકે. એ અર્થ અને શબ્દવચ્ચે વાચ્યવાચકભાવ સંબંધ છે. એ સંબંધનું જ્ઞાન સંકેતથી થાયછે. અને તેથી જે માણસને જે શબ્દના સંકેતનું ભાન નથી હોતું તે માણસને તે શબ્દનો વાચ્યાર્થ સમજાતો નથી. અહિં એ શંકા આવેછે કે પ્રણવ તથા ઈશ્વરનો જે સંબંધ છે તે સંકેતથી નવો કરાયછે કે પૂર્વસિદ્ધ સંબંધનું વ્યંજન માત્ર કરાય છે. જો સંકેતથી નવો સંબંધ કરાયછે એમ લઇએ તો પ્રતિસર્ગે સ્વતંત્ર ઈશ્વરના સંકેતમાં ભેદ પડવાથી શબ્દ તથા અર્થની વ્યવસ્થા જતી રહે એટલે આ સર્ગમાં પ્રણવ ઈશ્વરમાં સંકેતિત હોય તો પણ ઉત્તર સર્ગે સંકેતમાં ભેદ પડવાથી પ્રણવ કોઈ અન્યાર્થનો જ વાચક થાય અર્થાત્ પ્રણવ ઈશ્વરની નિત્યસંજ્ઞા નહિ ઠરે. જો સંકેતથી પૂર્વ સિદ્ધ સંબંધનું વ્યંજન માત્ર થાય છે એમ લઇએ તો પિતાપુત્રમાં દેવદત્તાદિ જે સંકેત કરેછે વ્યર્થ ઠરેછે. કેમકે દેવદત્તાદિ શબ્દો દેવે આપેલા ઇત્યાદિ અર્થમાં શક્તિવાળા છતાં પિતાસંકેતના લક્ષ્યભૂત પિણ્ડવિશેષમાં શક્તિવાળા નથી. તેથી એ શબ્દોમાં સંકેતથી વ્યંજન થવાયોગ્ય કોઈ શક્તિ જ નથી અને તેથી વ્યંગ્યના અભાવે વ્યંજક સાર્થક નહિ ઠરે. તેથી બન્ને રીતે આ સંકેતસૂત્ર વ્યર્થ છે. આ શંકાનું સાધન એ કે ખરું જોતાં સર્વ શબ્દો સર્વ અર્થના વાચક છે. ગોશબ્દ ગોઅર્થનો જ (ગાયનો જ) વાચક છે અને અન્યનો નથી એમ માનવા કશું પ્રમાણ નથી. તેથી સંકેતથી શબ્દ તથા અર્થવચ્ચે નવી શક્તિ વા સંબંધ કરાય છે એમ નથી પણ માત્ર પૂર્વસિદ્ધ શક્તિનું વ્યંજન થાયછે એ તો સ્પષ્ટ છે. તેમાં પણ જ્યારે સર્વ શબ્દો સર્વ અર્થમાં સંબંધવાળા છે

ત્યારે વ્યવહારનો લોપ થવાનો કેમકે પછી પ્રત્યેક શબ્દ પ્રત્યેક અર્થને બોધન કરવાનો. તેથી એ શક્તિનું નિયમન કરવું આવશ્યક છે. એ નિયમન ઈશ્વર કરેછે અને જેમને વિસ્મરણ થઈ ગયું છે એવા બ્રહ્માદિને બોધ કરેછે તેથી ઈશ્વરનો સંકેત પ્રકાશક તથા નિયામક બંને છે. એટલે સર્ગના આરંભમાં વેદાદિની વ્યવસ્થામાટે ગોઆદિ શબ્દની શક્તિને ગોઆદિ અર્થમાં જ નિયમિત કરી સ્થાપે છે તથા પ્રલયમાં જેમને જ્ઞાન જતું રહ્યું હોય છે તેવા પુરુષોને તે શક્તિનો પ્રકાશ કરેછે. અને ઈશ્વર સર્વજ્ઞ તથા નિત્ય હોવાથી પૂર્વ પૂર્વ સર્ગમાં જે જે શબ્દો જે જે અર્થમાં નિયમિત થયેલા હતા તે તે અર્થમાં તેમને નિયમિત કરેછે તેથી ઈશ્વરસંકેતમાં ભેદ પડતો નથી, અર્થાત્ પ્રણવ એ ઈશ્વરનો નિત્યવાચક છે. પિતાવગેરે જે સંકેત કરેછે તે પણ દેવદત્તાદિની સર્વ અર્થમાં રહેલી શક્તિને માત્ર નિયમિત કરેછે. તેથી આ સંકેતસૂત્ર વ્યર્થ નથી.

આથી એ સિદ્ધ થયું કે સમગ્ર વેદ નિત્ય હોવાથી પ્રણવ ઈશ્વરનો નિત્ય વાચક છે.

આ રીતે આ સૂત્રથી એ તાત્પર્ય કહ્યું કે પ્રણવ વા ૐનો અર્થ ઈશ્વર છે. અને તેથી ઈશ્વરનું નામોચ્ચારણરૂપ જપ કરવો હોય ત્યારે શ્રેષ્ઠ પદ આ ૐ છે આ પ્રમાણે મંત્ર કહી હવે મુખ્ય પ્રતિપાદન કરવાનું જે પ્રણિધાન તેનું સ્વરૂપ કહેછે.

तज्जपस्तदर्थभावनम् ॥ २८ ॥

સૂત્રાર્થ:—એ પ્રણવના યથાવત્ ઉચ્ચારણસહિત તેના વાચ્યાર્થરૂપ ઈશ્વરનું ચિંતન તે ઈશ્વરપ્રણિધાન છે.

तज्जपः—એટલે અર્ધમાત્રાસહિત ત્રણ માત્રાવાળા પ્રણવનું યથાવત્ ઉચ્ચારણ. ૐમાં અનુક્રમે अ, उ અને म् એ ત્રણ માત્રા છે અને મ્નું અનુસ્વાર થાય છે, તે અંત્યની અર્ધમાત્રા છે. તેથી ૐ સાર્ધત્રિમાત્રિક કહેવાય છે. ૐનું યથાવત્ ઉચ્ચારણ તે જપ શબ્દનો અર્થ છે. શ્રીપુરશ્ચરણદીપિકામાં न शनैर्नह्यतिह्रस्वं नद्रुतं न विलम्बितं । न न्यूनं नातिरिक्तं जपं कुर्यात् दिने दिने * ઇત્યાદિ વચનથી જે ઉચ્ચારણ અત્યંત ધીમું નહિ હોય, અતિસ્પષ્ટ નહિ હો-

---

* આ શ્લોકના બીજા ચરણમાં જપની ન્યૂનાધિક સંખ્યા કરવાની ના કહી છે તે પુરશ્ચરણ કરનારને માટે જ છે, અન્યને માટે નથી. કેમકે પુરશ્ચરણ કરનાર જો ન્યૂનાધિક સંખ્યાથી જપ કરે તો

ય, અતિ ત્વરિત વા વિલંબિત ન હોય તેને યથાવત્ ઉચ્ચારણ કહ્યું છે. જપને માટે બીજો એક સર્વસાધારણ નિયમ એ છે કે કોઇ પણ મંત્ર પોતાની મેળે લઇ જપવાથી ફલદાતા નથી. પણ યોગતત્ત્વવેત્તા શ્રીસદ્ગુરુભગવાનના મુખથી લેવાય છે, ત્યારે તે મહાત્માના ઐશ્વર્ય તથા સંકલ્પબળથી શ્રદ્ધાવાન અધિકારીને તેના અધિષ્ઠાતારૂપ દેવતાના અનુગ્રહવડે ફળે છે. તેથી પોતાની મેળે મંત્રનું ગ્રહણ કરવું અધિક ઉચિત નથી. શ્રીપુરશ્ચરણદીપિકામાં એ સ્પષ્ટ કહ્યું છે કે

अदीक्षिता ये कुर्वन्ति जपपूजादिकाः क्रियाः ।
निष्फलं तत्प्रिये तेषां शिलायामुप्तबीजवत् ॥

જે અનધિકારીઓ યોગ્ય શ્રીસદ્ગુરુથી દીક્ષા લીધાવિના જપ, પૂજાદિ ક્રિયા કરે છે તે સર્વ પાષાણમાં રોપેલા બીજવત્ કદાપિ ફલ આપતી નથી. તેથી तज्जपः નો અર્થ એ થયો કે યોગ્ય શ્રીસદ્ગુરુદ્વારા ગ્રહણ કરેલા આ પ્રણવનું યથાવત *ઉચ્ચારણ.

तदर्थभावनम्—તે પ્રણવના વાચ્યાર્થરૂપ ઇશ્વરની ભાવના કરવી તે. ભાવનાનો સામાન્ય અર્થ ચિત્તમાં પુનઃ પુનઃ ધ્યેયનું નિવેશન કરવું એ છે. વિશેષ અર્થ શ્રીમચ્છંકરાચાર્યે પ્રશ્નોપનિષદ્ ભાષ્યમાં આપ્રમાણે કર્યો છે કે "બાહ્ય વિષયથી સકલ કરણોને ખેંચી લેઇ સમાહિત ચિત્ત કરી આદરવડે ૐકારમાં બ્રહ્મભાવ કરી વિજાતીય પ્રત્યયથી રહિતપણે ધ્યેયાકાર પ્રત્યયનો અવિચ્છિન્ન પ્રવાહ ચલાવવો તે ભાવના અથવા અભિધ્યાન છે."

આ સૂત્રથી એ કહ્યું કે યોગ્ય શ્રીસદ્ગુરુદ્વારા ગ્રહણ કરેલા ૐકારરૂપ મંત્રનું યથાવત ઉચ્ચારણ કરવું તથા એના વાચ્યાર્થરૂપ ઇશ્વરની ભાવના કરવી એ ઇશ્વરનું પ્રણિધાન છે. ત્યાં ઇશ્વરની ભાવના મુખ્ય બે પ્રકારે થાય છે:—

(૧) अहं ब्रह्म, सर्वं खल्विदं ब्रह्म तज्जलानिति शान्तउपासीत ઇત્યાદિ શ્રુતિમાં કહ્યાપ્રમાણે પુરુષ તથા બ્રહ્મનો અવિભાગ લઇ

તેને જપની સંખ્યા ગણવામાં વ્યગ્ર થવું પડે તેથી મિથ્યા કાલક્ષેપ થાય છે.

*એ જપ વાચિક વગેરે ભેદવાળો થાય છે. તેનું પ્રતિપાદન દ્વિતીય પાદમાં કર્યું છે.

આત્મા એ જ બ્રહ્મ છે તથા બ્રહ્મ એ જ ॐ છે એ પ્રકારે પુનઃ પુનઃ ચિંતન કરવું તે, અને

(૨) પ્રકૃતિ તથા તેનાં કાર્યમાત્રથી વિવિક્ત શુદ્ધ ચેતનરૂપ બ્રહ્મ હું છું એવી ભાવના કરવી તે. આ અર્થ શ્રુતિમાં 'ॐ इत्येव ध्यायथ आत्मानं આત્માનું ॐ રૂપે ધ્યાન કરવું, अथाऽतो आदेशो नेति नेति એ બ્રહ્મ પ્રકૃતિ તથા તેના કાર્યમાંથી કોઇ નથી પણ શુદ્ધચિતિશક્તિરૂપ છે એમ વિવેક કરી તે શુદ્ધચિતિરૂપ બ્રહ્મ હું છું એવી ભાવનાકરવી' ઇત્યાદિથી કહ્યો છે. શ્રીલિંગપુરાણમાં પણ एकं ब्रह्मपरं ध्यायेत् सर्वं विप्र चराचरम् । चराचरविभागं च त्यजेदहमिति स्मरन् । એ શ્લોકથી ચરાચર વિભાગના અભાનપૂર્વક સર્વત્ર એક શુદ્ધ બ્રહ્મ છે અને તે જ હું છું એવું ધ્યાન કરવાનું કહ્યું છે.

આ બે મુખ્ય પ્રકારશિવાય અન્ય અનેક પ્રકારો શાસ્ત્રમાં અધિકારીપરત્વે પ્રતિપાદન કરયા છે+ તથાપિ એમાંથી પોતાને કયો પ્રકાર અનુકૂલ છે એ તો સદ્‌ગુરુશ્રીદ્વારા જ નિર્ણય કરી શકાય એમ છે તેથી અત્ર પ્રતિપાદન કરવા ખાસ જરૂર નથી.

આ રીતે આ સૂત્રોથી ઇશ્વરપ્રણિધાનનું પ્રતિપાદન કર્યું. એ ઇશ્વરપ્રણિધાનથી શીઘ્ર સમાધિસિદ્ધિ થાય છે. શ્રીલિંગપુરાણમાં પણ शंभोः प्रणववाच्यस्य भावनात्तज्जपादपि । आशु सिद्धिः परा प्राप्या भवत्येव न संशयः । ઇત્યાદિ વચનથી એ જ અર્થ કહ્યો છે. ત્યાં ઇશ્વરપ્રણિધાનથી શીઘ્ર સમાધિસિદ્ધિ થવામાં સામાન્ય રીતે આ કારણો છે:– (૧) પરમકારુણિક ભગવાન્ ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् જે પુરુષો મને પ્રીતિથી ભજે છે તે મારે વિષે રહેલા છે તથા તેમને વિષે હું રહેલો છું એ શ્રી ગીતાવાક્યાનુસાર તે સાધકઉપર પ્રસન્ન થઇ અનુગ્રહ કરે છે. અને સર્વશક્તિમાન્ પરમાત્માના અનુગ્રહથી સર્વ સુલભ થાય એ સહજ સમજાય એમ છે. શ્રીજીવન્મુક્તિવિવેકમાં પણ एवमखेदेन मनोनिरोधे परमधर्मे प्रवर्तमानं योगिनमीश्वरोऽनुगृह्णाति આ વાક્યથી એ જ અર્થ કહ્યો છે કે વૃત્તિનિરોધરૂપ યોગમાટે પ્રવૃત્ત થનાર સાધકને પરમેશ્વર અનુગ્રહ કરે છે. (૨) પ્રકૃષ્ટ સત્ત્વવાળા ઇશ્વર ધ્યેય હોવાથી 'ધ્યાતા ધ્યેયરૂપ થાય છે' એ નિયમપ્રમાણે યોગીનું ચિત્ત અલ્પકાળમાં પ્રકૃષ્ટ સત્ત્વવાળું થાય છે. તેથી રજોગુણ

+દૃષ્ટાન્તરૂપે જુઓ પ્રશ્નોપનિષદ્, નાદબિંદૂપનિષદ્ વગેરે.

તથા તમોગુણનાં કાર્યરૂપ યોગાન્તરાય ક્ષમી જાય છે તથા સમાધિની સિદ્ધિ થાય છે. (૩) સર્વ કલ્યાણગુણગણયુક્ત, સર્વકર્મફલપ્રદાતા પરમાત્માવિષે તેમના માહાત્મ્ય શ્રવણથી સહજમાં જન્મને પામતી પ્રેમાત્મક ભક્તિથી વૃત્તિમાં અતિત્વરાથી એકાગ્રતા થાયછે તેથી ઈશ્વરપ્રણિધાનથી સહજમાં સમાધિલાભ થાયછે એ યુક્તિયુક્ત છે એ સિદ્ધ થાયછે.

આ પ્રમાણે ૨૪, ૨૫ અને ૨૬ મા સૂત્રથી ઈશ્વરપદનું વ્યાખ્યાન કરી, ૨૭ અને ૨૮ મા સૂત્રથી પ્રણિધાનપદનું વ્યાખ્યાન કરી, ईश्वरप्रणिधानाद् वा એ સુત્રમાંનાં પ્રથમ બંને પદોનું સવિસ્તર વ્યાખ્યાન કર્યું. હવે એ ૨૩ મા સૂત્રમાં वा પદ છે તેથી એ જીવપ્રજ્ઞા તથા ઈશ્વરપ્રજ્ઞાનો વિકલ્પ કહ્યો છે. પણ એ વિકલ્પ તુલ્યતઃ નથી એ કહેવું અવશિષ્ટ છે; એટલે જીવવિષયક શ્રદ્ધાદિ ઉપાયોથી સમાધિની સિદ્ધિ થાય છે. તેમ જ ઈશ્વરના પ્રણિધાનથી પણ સમાધિની સિદ્ધિ થાય છે અર્થાત્ ઈશ્વરતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે, એ બંનેથી કૈવલ્ય પદની પ્રાપ્તિ વિવેકખ્યાતિના ઉદયદ્વારા થાય છે; પણ તેમાં પુરુષવિષયક સમાધિથી થતી પુરુષવિષયક પ્રજ્ઞાકરતાં ઈશ્વરવિષયક પ્રજ્ઞા મુખ્ય છે એ બતાવવું અવશિષ્ટ છે. તે બતાવવા કહે છે કે:—

ततः प्रत्यक्चेतनाधिगमोऽप्यन्तरायाभावश्च ॥ २९ ॥

સૂત્રાર્થ:— પ્રણવના જપસહિત ઈશ્વરની ભાવનારૂપ ઈશ્વરપ્રણિધાનથી સમાધિ તથા તેના ફલરૂપ મોક્ષની સિદ્ધિ થાય છે એટલું જ નહિ પણ તેની સાથે વળી પ્રત્યક્ ચેતનરૂપ પુરુષનો સાક્ષાત્કાર તથા વ્યાધિ વગેરે યોગના અંતરાયનો અભાવ ઈશ્વરાનુગ્રહથી થાય છે.

ततः—ઈશ્વરપ્રણિધાનથી વા ઈશ્વરપ્રજ્ઞાથી.

प्रत्यक्चेतना०:— प्रतीपं अञ्चति (विजानाति) જે તત્ત્વ સ્વભાવસિદ્ધ બહિર્મુખ વૃત્તિથી વિપરીત જે અંતર્મુખ વૃત્તિ તેથી વિશેષરૂપે જાણેછે તે, અથવા તો વિપરીત જ્ઞાનરૂપ અવિદ્યાવાળો જે પુરુષ તે પ્રત્યક્ છે; ઈશ્વર પ્રત્યગ્ નથી, કારણ કે તે સદા સર્વદા મુક્ત છે તથા ત્રણે કાળે અવિદ્યાદિના સંસર્ગથી રહિત છે. તેથી પ્રત્યક્ પદથી જીવાત્મા પુરુષનું ગ્રહણ થાય છે. વાર્તિકકારે

આપેલી प्रति प्रतिवस्तु अंचति अनुगच्छति સર્વ વસ્તુમાં અનુગત જે થાય છે એ વ્યુત્પત્તિથી પ્રત્યક્ પદનો મુખ્યાર્થ ઈશ્વર ઠરે છે. તેથી એ વ્યુત્પત્તિ લઈએ તો આ સ્થળે વિભુત્વરૂપ સામ્યથી જીવાત્મવિષયક એ પદ ગૌણ લેવું જોઈએ. સર્વથા આ સ્થળે પ્રત્યક્ પદથી અવિદ્યાવાળા પુરુષનું ગ્રહણ થાય છે. એ પ્રત્યક્રૂપ જે ચેતન તેનો અધિગમ અથવા સાક્ષાત્કાર એ प्रत्यक्चे० નો અર્થ છે. બીજી રીતે લઈએ તો પ્રત્યક્ જે પુરુષ તેની ચેતના એટલે સાક્ષાત્કાર તેનો અધિગમ એટલે પ્રાપ્તિ અર્થાત્ પ્રત્યક્ પુરુષના સાક્ષાત્કારની પ્રાપ્તિ એ અર્થ આ પદનો થયો.

अपि—એ સમુચ્ચય બતાવે છે. એ સમુચ્ચય પૂર્વે કહેલા આસન્નતમ સમાધિલાભની સાથે આ સૂત્રોક્ત લાભનો છે.

अन्तरायाभावश्च—ઉત્તર સૂત્રમાં કહેવામાં આવતા યોગના પ્રતિપક્ષરૂપ વ્યાધિવગેરેનો અભાવ च પદથી પ્રત્યક ચેતનના અધિગમસાથે આ લાભનો સમુચ્ચય કરાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે ઈશ્વરસમાધિથી જ્યારે ઈશ્વરપ્રજ્ઞાનો ઉદય થાય છે ત્યારે એ પ્રજ્ઞાની સાથે તે યોગીને બીજાં બે ફલ થાય છેઃ (૧) પ્રત્યક્ ચેતનનો સાક્ષાત્કાર અને (૨) યોગાન્તરાયનો અભાવ. ત્યાં ઈશ્વરસાક્ષાત્કારથી પુરુષનો સાક્ષાત્કાર તથા પ્રકૃતિવગેરેથી વિવેક કેવી રીતે થાય છે એ સમજવું કઠિન નથી. કારણ કે પુરુષ અને ઈશ્વર એ બંને ભિન્ન તત્ત્વો નથી. જો એ બે અત્યંત ભિન્ન તત્ત્વો હોત તો એકના સાક્ષાત્કારથી અન્યનો સાક્ષાત્કાર નહિ થાત. પણ તેમ તો છે નહિ. આ તો ઉપાધિનો બાધ કરવાથી એક જ તત્ત્વ ઠરે છે. ઈશ્વરની જે પ્રકૃષ્ટ સત્ત્વ તથા જીવની જે મલિન સત્ત્વરૂપ ઉપાધિ છે તે ન લઈએ તો જેમ ઈશ્વર શુદ્ધચિતિશક્તિરૂપ, ગુણના અભિમાનથી રહિત તથા અવિદ્યાદિ ક્લેશથી રહિત છે તેમ બુદ્ધિનો સાક્ષી પુરુષ પણ સ્વરૂપે શુદ્ધ ચિતિશક્તિરૂપ, સમગ્ર ભોગથી રહિત, પુણ્ય, પાપ, તથા અવિદ્યાદિ ક્લેશોવગેરેથી રહિત છે તથા પ્રધાનથી ભિન્ન છે. આપ્રમાણે ઈશ્વર અને પુરુષ બંનેમાં પુરુષત્વ હોવાથી જેમ એક શાસ્ત્રના અભ્યાસથી અન્ય શાસ્ત્રમાં તે માણસની વ્યુત્પત્તિ થાયછે તેમ ઈશ્વરસ્વરૂપના સાક્ષાત્કારથી તેને પુરુષત્વઅંશમાં સમગ્ર અંશે મળતા પ્રત્યક્ ચેતનનો પણ સાક્ષાત્કાર થઈ શકે એ યુક્તિયુક્ત જ છે. આથી જ નારદે કહ્યું છે કે—

मायाप्रवर्तके विष्णौ हृता भक्तिः कृता नृणाम् ।
सुखेन प्रकृतेर्भिन्नं स्वं दर्शयति दीपवद् ॥

માયાના પ્રવર્તક શ્રીમહેશ્વરવિષે માણસ દૃઢ ભક્તિ કરી તેનો સાક્ષાત્કાર કરેછે તો તેથી પોતે પણ પ્રકૃતિથી ભિન્ન છે એ પ્રકારની વિવેકખ્યાતિનો સુખેથી હસ્તામલકવત અનુભવ કરેછે. જેમ જીવતત્ત્વનો વિવેક ઈશ્વરતત્ત્વના સાક્ષાતકારથી થાયછે તેમ ઈશ્વરતત્ત્વનો વિવેક જીવતત્ત્વના સાક્ષાત્કારથી થતો નથી. કારણ કે ઈશ્વર મન, વાણીથી અગોચર છે તેથી શાસ્ત્રપ્રામાણ્યાત ઈશ્વરતત્ત્વનો વિવેક ઈશ્વરસાક્ષાતકારથી જ થઇ શકે છે. તેમ જ પૂર્ણત્વ, નિત્યત્વ વગેરે ધર્મો જેવી રીતે ઈશ્વરના સાક્ષાત્કારથી જીવતત્ત્વમાં સુખેથી જણાયછે તેવી રીતે જીવના સાક્ષાત્કારથી ઈશ્વરમાં જ ણાતા નથી. આપણે જોઇએ છીએ કે અગ્નિનું જ્ઞાન થયું એટલે તેના વિસ્ફુલિંગોનું જ્ઞાન થઇ શકેછે પણ વિસ્ફુલિંગના જ્ઞાનથી અગ્નિની શક્તિ, પૂર્ણત્વ વગેરેનું જ્ઞાન થતું નથી. તેથી જીવતત્ત્વના સાક્ષાત્કારથી ઈશ્વરતત્ત્વનો વિવેક યથાવત્ નહિ થાય અને ઈશ્વરતત્ત્વના સાક્ષાત્કારથી જીવતત્ત્વનો સાક્ષાત્કાર થાય એ યોગ્ય જ છે.

બીજો લાભ યોગના અન્તરાયનો અર્થાત્ વિક્ષેપકોનો અભાવ કહ્યો. ખરું જોતાં તો એ વિક્ષેપકો એકાગ્રતાના વિરોધી છે. તેથી એકાગ્રતા થવાની કે એનો બાધ થવાનો. છતાં આ સ્થળે ઈશ્વરપ્રજ્ઞાથી એનો અભાવ થાય છે એમ કહ્યું છે. એ અનુવાદનું ફલ આધિક્ય બતાવવું એ છે; એટલે અન્યવિષયક એકાગ્રતાથી એ વિક્ષેપકરૂપ અંતરાયોનો અભાવ થાય છે એ વાત સાચી છે તથાપિ ઈશ્વરવિષયક એકાગ્રતાથી એ અંતરાયોનો સહજમાં અભાવ થાય છે. तस्य ह न देवाश्च नाऽभूत्या ईशत आत्मा ह्येषां स भवति—એ શ્રુતિ પણ એ જ કહેછે કે બ્રહ્મને આત્મારૂપે જોનાર માણસની ઇચ્છાનો વિઘાત કરવા દેવાદિ પણ સમર્થ નથી. અર્થાત્ ઈશ્વરના અનુગ્રહથી, અન્યવિષયક સમાધિમાં દેવો પણ જે વિઘ્ન કરેછે તે ઈશ્વરવિષયક સમાધિમાં કરતા નથી. આ સર્વનો યથાવત વિચાર કરીને જ શ્રીગીતામાં કહ્યું છે કે सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज—સર્વ ધર્મનો ત્યાગ કરી મને મન, વાણી અને શરીરદ્વારા અર્થાત્ સંપૂર્ણ અભિમાનના અભાવપૂર્વક શરણ થા. તથા શ્રીનારદે કહ્યું છે કે तस्मान्मुमुक्षोः सुसुखो मार्गः श्रीविष्णुसंश्रयः । આમ હોવાથી મુમુક્ષુમાટે સરળ રસ્તો જ એ છે કે શ્રી-

મહેશ્વરનો આશ્રય કરવો.

આ પ્રમાણે આ સૂત્રથી ઇશ્વરપ્રણિધાનરૂપ માર્ગ મુખ્ય છે એ પ્રતિપાદન કરી ૨૩ મા સૂત્રમાં તુલ્યવત્ વિકલ્પ નથી એ પણ સિદ્ધ કર્યું. આ સૂત્રમાં અન્તરાયનો અભાવ થાય છે એમ કહ્યું. હવે એ અન્તરાય કયા તે બતાવવા કહે છે કેઃ—

व्याधिस्त्यानसंशयप्रमादालस्याविरतिभ्रान्तिदर्शनालब्धभूमिकत्वानवस्थितत्वानि चित्तविक्षेपास्तेऽन्तरायाः ॥ ३० ॥

સૂત્રાર્થઃ—વ્યાધિ, સ્ત્યાન, સંશય, પ્રમાદ આલસ્ય, અવિરતિ, ભ્રાન્તિદર્શન, અલબ્ધભૂમિકત્વ અને અનવસ્થિતત્વ એ ચિત્તને વિક્ષેપ કરનાર હોવાથી ચિત્તવૃત્તિના નિરોધરૂપ યોગના વિરોધી છે તેથી યોગાન્તરાય કહેવાય છે.

चित्तविक्षेपाः—એટલે ચિત્તને વિક્ષેપ કરનાર. આ પદ સાભિપ્રાય છે તેથી હેતુનું પ્રતિપાદન કરે છે. એટલે વ્યાધિવગેરેને યોગાન્તરાય કહેવાનું કારણ આથી પ્રતિપાદન કર્યું છે.

योगान्तरायाः—યોગનાં વિઘ્ન, યોગના મળ, યોગના પ્રતિપક્ષ. આ સૂત્રથી એ કહ્યું કે વ્યાધિવગેરે ચિત્તને વિક્ષેપ કરનાર હોવાથી યોગના વિરોધી છે.

ત્યાં व्याधिः—એટલે શરીરને ધારણ કરનાર હોવાથી ધાતુસંજ્ઞાને પામેલા કફ, વાત અને પિત્ત એ ત્રણનું, તથા રસાદિરૂપ આહારના પરિણામનું તથા ચક્ષુરાદિરૂપ કરણોનું વૈષમ્ય અર્થાત્ વિષમતા. એ વ્યાધિથી પ્રથમ તો વૃત્તિ તેમાં લાગેલી રહે છે તેથી અંતઃકરણ સ્વસ્થ થતું નથી અને બીજું તો એ વ્યાધિ થવાથી તેની નિવૃત્તિનાં સાધનોમાં વૃત્તિને વ્યાપૃત કરવી પડે છે, તેથી ધ્યેયથી વિમુખ કરનાર હોવાથી તથા નાનાવિધ વૃત્તિને ઉપજાવનાર હોવાથી વ્યાધિ યોગનો અંતરાય છે.

स्त्यान—ચિત્તની અકર્મણ્યતા, એટલે કદાચિત્ તમોગુણની વૃદ્ધિથી ચિતની વ્યાપાર કરવાને અયોગ્ય જે સ્થિતિ થાય છે તે. આ ચિત્તની મૂઢાવસ્થા તમોગુણપ્રધાન હોવાથી શુદ્ધ સાત્વિક ચિત્તમાં આવિર્ભાવ પામનાર એકાગ્રતારૂપ સમાધિની વિરોધી છે. તેમ જ એના સદ્‌ભાવથી યોગાનુષ્ઠાનમાં પ્રવૃત્તિ થતી નથી, એ તો એના લક્ષણથી જ સ્પષ્ટ છે. તેથી બંને રીતે એ અવસ્થા યોગની પરિપંથી હોવાથી અંતરાયરૂપ છે.

संशय—એટલે વિરોધી ઉભય કોટિને આલંબન કરનાર જ્ઞાન. સામાન્યરીતે સંશયમાત્ર વૃત્તિરૂપ હોવાથી વૃત્તિના નિરોધરૂપ યોગનો વિરોધી છે, તથાપિ આ સ્થળે શ્રીમદ્ વિદ્યારણ્યસ્વામીએ તૈત્તિરીયોપનિષદ્દીપિકામાં उपायस्य निश्चयराहित्यं संशयः—ઉપાયના નિશ્ચયનો અભાવ તે સંશય એ પ્રકારે સંશયપદની વ્યાખ્યા કરી છે તે વિશેષ યોગ્ય છે. યોગના ઉપાયવિષે નિશ્ચયનો અભાવ એટલે કૈવલ્યનું સાધન યોગ છે કે નહિ તથા ઈશ્વરપ્રણિધાનાદિ યોગનાં સાધન છે કે નહિ ઇત્યાદિ પ્રકારનો સંશય યોગમાર્ગમાં કદાચિત્ પ્રવૃત્તિ કરવા દેતો નથી તેથી संशयात्मा विनश्यति એ ગીતાવાક્યાનુસાર યોગનો બલવાન્ વિરોધી હોવાથી અંતરાય છે.

વિપર્યયના લક્ષણવખતે સંશયને વિપર્યયસાથે મિથ્યાજ્ઞાનમાં લીધો હતો તેથી વિપર્યયથી એનો ભેદ બતાવવા તથા સાધકને એનો નિરોધ કરવો સરલ પડે તેવાસ્તે આ સ્થળે ભ્રાન્તિદર્શનથી સંશયને પૃથક્ ગણ્યો છે.

प्रमाद—એટલે યોગનાં સાધનનું અનુષ્ઠાન નહિ કરવું તે.

आलस्यम्—એટલે કફવગેરે દોષથી થતું શરીરનું ગુરુત્વ તથા તમોગુણથી થતું ચિત્તનું ગુરુત્વ. એ બંને પ્રકારના ગુરુત્વરૂપ હેતુથી, પશ્ચાત્ કરીશ એ પ્રકારની યોગસાધનવિષે થતી જે ઉપેક્ષાબુદ્ધિ તે આલસ્ય છે.

अविरति—એટલે વિષયના સંનિકર્ષથી થતી અભિલાષા એટલે વૈરાગ્યરહિતપણું. એ અવિરતિથી પ્રથમ તો વૃત્તિ વિષય છોડી અંતર્મુખ થવાની ઇચ્છા થવા દેતી નથી; કદાચ ઇચ્છા થઇ તેમાં પ્રવૃત્તિ થાય છે તોપણ મધ્યે મધ્યે વિષયસંસ્કારો સ્ફુરાવી ચિત્તને વ્યુત્થિત કરેછે,એટલું જ નહિ પણ યોગની બારે સ્થિતિઉપર પહોંચેલા સાધકને પણ એ જ અવિરતિ અનેક રીતે ભ્રષ્ટ કરે છે, તેથી એ યોગાન્તરાય છે.

भ्रान्तिदर्शन—એટલે ઉપાસ્ય વસ્તુમાં અન્યથા નિશ્ચય વગેરે વિપર્યય.

अलब्धभूमिकत्व એટલે સમાધિની આગળ કહેવામાં આવતી મધુમતિવગેરે ભૂમિકા છે તેમાંથી કોઇ પણ ભૂમિકાનો સાધનનું અનુષ્ઠાન કરવા છતાં પણ લાભ નહિ થવો તે. આ પ્રમાણે થવાથી વૃત્તિની અંતર્મુખતા બની રહેતી નથી, પણ વચ્ચે વચ્ચે બહિર્મુખતા થાય છે. અર્થાત્ ચિત્ત એક સ્થિર પદઉપર આવતું ન-

થી. તેથી એ પણ યોગનો અંતરાય છે.

अनवस्थितत्व—એટલે મધુમતિવગેરે યોગભૂમિકાનો લાભ થાય પણ તેમાં ચિત્તની સ્થિતિ નહિ થવી અર્થાત્ તેનાથી ભ્રષ્ટ થવો તે. શ્રીવિદ્યારણ્યસ્વામી તૈતિરીયોપનિષદ્ દીપિકામાં આ અંતરાયનો ઉપર પ્રમાણે અર્થ નહિ કરતાં આ પ્રમાણે કરે છે કે **कदाचिदुपासने प्रवृत्तिः, कदाचिद्यागदानादौ, कदाचित् कृषिवाणिज्यादौ इत्येतादृगनवस्थितत्वम्** કેટલોક કાળ ઉપાસનામાં પ્રવૃત્તિ તો કેટલોક કાળ યાગદાનાદિ ધર્મોમાં અને કેટલોક કાળ કૃષિવાણિજ્યાદિ અન્ય વ્યાપારોમાં; એ પ્રકારની ચિત્તની સ્થિતિ તે અનવસ્થિતપણું છે. બંને રીતે આ સ્થિતિ યોગના અંતરાયરૂપ છે. પ્રથમ અર્થમાં ચિત્ત સ્થિતિને પામતું નથી તેથી તે તે ભૂમિકાનો જય થતો નથી. અને એમ થવાથી ઉત્તરોત્તર ભૂમિકાની પ્રાપ્તિ થતી નથી. બીજા અર્થમાં યોગાભ્યાસનું નૈરન્તર્યથી અનુષ્ઠાન થતું નથી. તેથી અભ્યાસ વ્યુત્થાનસંસ્કારને અભિભવ કરનાર થતો નથી.

આ સર્વ અંતરાયોનો ઈશ્વરપ્રણિધાનથી અભાવ થાય છે. એનાં કારણો પૂર્વે આપી ગયા છીએ તેથી અત્ર વિસ્તારની જરૂર નથી.

માત્ર આ નવ જ યોગના વિરોધી નથી પણ એ અંતરાયની સાથે દુઃખવગેરે અન્ય અંતરાય પણ ઉત્પન્ન થાય છે તે પ્રતિપાદન હવે સૂત્રકાર કરે છે.

दुःखदौर्मनस्याङ्गमेजयत्वश्वासप्रश्वासा विक्षेपसहभुवः ॥३१॥

સૂત્રાર્થ—દુઃખ, દૌર્મનસ્ય, અંગમેજયત્વ, શ્વાસ અને પ્રશ્વાસ એ અંતરાયો વિક્ષેપની સાથે થાય છે. અર્થાત્ વિક્ષિપ્ત ચિત્તમાં થાય છે.

विक्षेप०—એટલે વ્યાધિ વગેરે જે ચિત્તના વિક્ષેપ કહ્યા તેની સાથે થનાર છે અર્થાત્ તેનાથી ઉત્પન્ન થાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે દુઃખ, દૌર્મનસ્ય, અંગમેજયત્વ, શ્વાસ અને પ્રશ્વાસ એ નવા અંતરાયો વ્યાધિવગેરે વિક્ષેપક થવાથી જન્મ પામે છે.

ત્યાં दुःख નું લક્ષણ प्रतिकूलवेदनीयम् दुःखम् છે. એટલે જેનો અનુભવ થવાથી જે પ્રતિકૂલ લાગે છે તે દુઃખ છે. એ દુઃખ

સદા મનને જ છે, તથાપિ વિવિધ કારણથી ઉત્પન્ન થાય છે. જેમકે વ્યાધિરૂપ શરીરની વિક્રિયાથી તથા કામવૃત્તિરૂપ મનની વિક્રિયા વગેરેથી. તેથી સ્વરૂપે એકરૂપ છતાં અર્થાત્ સર્વ દુઃખ માનસિક છતાં નિમિત્તભેદથી શાસ્ત્રમાં અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ એ ત્રણ વિભાગ પાડવામાં આવે છે. ત્યાં आत्मानं स्वसंघातमाधिकृत्य वर्तते એ વ્યુત્પત્તિથી જે દુઃખમાં પોતાનું મન તથા શરીર જ નિમિત્ત ગણાય છે તે દુઃખ અધ્યાત્મ છે. એ દુઃખ શરીરસંબંધી તથા મનસંબંધી એ બે વિભાગવાળું છે. વ્યાધિ વગેરે શરીરના વિકારથી પ્રધાનપણે ઉત્પન્ન થયેલું દુઃખ શારીરિક છે અને કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સરાદિ મનના વિકારથી જ થયેલું દુઃખ માનસ છે. भूतानिव्याघ्रादीनधिकृत्य जायते इति आधिभौतिकम् । એ વ્યુત્પત્તિથી વ્યાઘ્ર, સર્પ, વીંછીવગેરે આ લોકના પ્રાણીથી ઉત્પન્ન થયેલું દુઃખ આધિભૌતિક છે. देवानधिकृत्य जायते इति आधिदैविकम् એ વ્યુત્પત્તિથી દેવ અર્થાત મનુષ્યલોકથી ઇતર લોકના પ્રાણીથી થતું દુઃખ આધિદૈવિક છે. જેમ કે અતિવૃષ્ટિ, વૃષ્ટિ, અનાવૃષ્ટિ, તાપ વગેરેથી થતું દુઃખ. આ ત્રણે પ્રકારનું દુઃખ મનમાં જ ખરું જોતાં થાય છે, અને એ સર્વનો અનુભવ થતાં એ સર્વમાં પ્રતિકૂલતા ભાસે છે તેથી એ સર્વ દુઃખ કહેવાય છે. ભાષ્યમાં દુઃખનું લક્ષણ येनाभिहताः प्राणिनस्तदुपघाताय प्रयतन्ते—જેનો અનુભવ થતાં જીવો તેને દૂર કરવા પ્રયત્નવાન્ થાય છે તે દુઃખ એ આપેલું છે. એ દુઃખના અનુભવ થવામાં મૂળ કારણ તો રજોગુણનું પ્રાધાન્ય હોવું જોઇએ. કારણ કે દુઃખ એ રજોગુણનું કાર્ય છે. તેથી દુઃખ રજોગુણથી અવિનાભાવિ હોવાથી અંતઃકરણને વિક્ષિપ્ત રાખે છે, તથા દુઃખ થવાથી વૃત્તિ તેને દૂર કરવાનાં સાધનમાં વ્યાપૃત થાય છે, તેથી અંતર્મુખ થતી નથી. બંને રીતે એ યોગાન્તરાય છે, તથા રજોગુણવાળા વિક્ષિપ્ત અંતઃકરણમાં જ થનાર છે.

दौर्मनस्य—પોતાની ઇચ્છાનો અનાદર વા ભંગ થવાથી ચિત્તમાં થતો ક્ષોભ વા ચાંચલ્ય ક્ષોભ રજોગુણનો ધર્મ હોવાથી વિક્ષિપ્તાંતઃકરણમાં થાય છે અને તેથી યોગાન્તરાય છે.

अंगमेजयत्व—અંગોને કંપાવનાર અર્થાત અંગોનો કંપ. એ ચાંચલ્ય પણ રજોગુણથી થાય છે તેથી વિક્ષેપનો સહભૂ છે, અને તેથી આસનની સ્થિરતા થતી નથી. આ રીતે એ યોગનો અંતરાય છે.

श्वासप्रश्वास—પુરુષપ્રયત્નવિના પોતાની મેળે પ્રાણવાયુ જે બા-

ણવાયુને અંતરમાં આકર્ષી લે છે તે શ્વાસ તથા જે અંતરગત વાયુને બહાર કાઢે છે તે પ્રશ્વાસ. શ્વાસપ્રશ્વાસનું અનિયમિત થવું અથવા અધિક વેગથી થવું એ પ્રવૃત્તિવાળા અંતઃકરણમાંજ થાય છે. મનની ગતિ તથા પ્રાણવાયુની ગતિ પરસ્પરને આધારે રહેલી હોવાથી જે પુરુષનું મન અતિચંચલ હોય છે, તેને શ્વાસપ્રશ્વાસ અતિવેગથી થાય છે. તેથી એ બંને વિક્ષિપ્તાંતઃકરણમાં થનાર હોવાથી વિક્ષેપના સહભૂ છે તથા શ્વાસ રેચક પ્રાણાયામનો તથા પ્રશ્વાસ પૂરકનો અને બંને એક સરખી રીતે કુંભકના વિરોધી હોવાથી યોગના અંતરાય છે.

આપ્રમાણે યોગના અંતરાય તથા તેનાં કાર્યો કહ્યાં. તથા એ સર્વેનો ઈશ્વરપ્રણિધાનથી સરલતાથી અભાવ થાય છે એ પણ કહ્યું. ત્યાં એ પ્રશ્ન થાય છે કે એ સર્વેને દૂર કરવા માત્ર પ્રણિધાન જ ઉપાય છે કે અન્ય કોઇ ઉપાય પણ છે ? એ પ્રશ્નનો, તથા ઈશ્વરપ્રણિધાનથી સરલતાથી એ સર્વેનો અભાવ થાય છે એમ કહ્યું તેમાં કયા ઉપાયની અપેક્ષાથી એ ઉપાયમાં સરલતાથી એનો અભાવ કરવા સામર્થ્ય છે એ પ્રશ્નનો ઉત્તર આપવા, તથા ઉપાયમાત્રનો સંગ્રહ વૈરાગ્ય અને અભ્યાસ, એ બેમાં કર્યો છે અને અભ્યાસનો વિષય અહિં સુધી ચાલ્યો છે તેનો ઉપસંહાર કરવા હવે સૂત્રકાર કહે છે કે:—

तत्प्रतिषेधार्थमेकतत्त्वाभ्यासः ॥ ३२ ॥

સૂત્રાર્થઃ—કાર્યસહિત યોગાન્તરાયનો બાધ કરવા ગમે તે એક તત્ત્વનો અભ્યાસ કરવો.

તત્૦—તત્ શબ્દથી ગયાં બે સૂત્રોમાં કહેલાં વિક્ષેપક તથા તેનાં કાર્યોનો પરામર્શ થાય છે. તેનો પ્રતિષેધ અથવા બાધ કરવો.

एकतत्त्वा०—યોગશાસ્ત્રસંમત તત્ત્વોમાંથી ગમે તે કોઇ સ્થૂલ સૂક્ષ્મ તત્ત્વનો અભ્યાસ વા ભાવના. एक० શબ્દથી ઈશ્વરરૂપ એક તત્ત્વનું ગ્રહણ કરવું ઉચિત નથી, કારણ કે બાધકવિના સામાન્યવાચક શબ્દનો સંકુચિત અર્થ કરવો ઉચિત નથી. તેમ જ એ અર્થ તો પૂર્વ સૂત્રથી પ્રાપ્ત જ છે તેથી પુનરુક્તિ થાય છે. અને ગમે તે તત્ત્વનો અભ્યાસ પણ ઉપદ્રવસહિત એ વિક્ષેપકોનો બાધ કરવા સમર્થ છે. તેથી અસંકુચિત અર્થ જ લેવો ઉચિત છે. એ તો સાચું જ છે કે ગમે તે તત્ત્વના અભ્યાસ કરતાં ઈશ્વરતત્ત્વનો અભ્યાસ શ્રેષ્ઠ છે.

આ સૂત્રથી એ કહ્યું કે એ યોગાન્તરાયનો નાશ કરવા ગમે તે એક તત્ત્વનો અભ્યાસ કરવો. તેમાં સૌથી શ્રેષ્ઠ તત્ત્વ તો ઈશ્વરતત્ત્વ છે. અવશિષ્ટ તત્ત્વોમાં પણ પૃથિવ્યાદિ પાંચ તત્ત્વોના અભ્યાસમાં વિશેષતા દરેક યોગગ્રંથમાં માન્ય કરી છે. ત્યાં એ તત્ત્વોની ધારણા શરીરની અંદર જ કરાયછે. તેનો વિધિ યાજ્ઞવલ્ક્ય સંહિતામાં भूमिरापस्तथा तेजो वायुराकाश एव च । एतेषु पंचभूतेषु धारणा पंचधोच्यते । ઇત્યાદિ શ્લોકથી આપ્રમાણે કહ્યો છેઃ–પાદથી તે જાનુપર્યન્ત પૃથિવીતત્ત્વનું, જાનુથી પાયુપર્યન્ત જલતત્ત્વનું, પાયુથી હૃદ્દેશપર્યન્ત અગ્નિતત્ત્વનું, હૃદયથી ભ્રૂકુટિપર્યન્ત વાયુનું અને ભ્રૂકુટિથી બ્રહ્મરંધ્રપર્યન્ત આકાશતત્ત્વનું સ્થાન છે, અર્થાત્ એ એ સ્થાનમાં એ એ તત્ત્વોની ધારણા કરાયછે. પૃથિવીતત્ત્વના સ્થાનમાં પ્રાણવાયુને ધારણ કરીને ल કાર બીજસહિત ચાર ભુજવાળા જગત્સ્રષ્ટા શ્રીબ્રહ્મા ભગવાન્નું ધ્યાન કરવું. એ પ્રમાણે નિરંતર બે કલાકસુધી કરવાથી સાધક સર્વ વ્યાધિ તથા તેનાં કાર્યોથી મુક્ત થાયછે અને પૃથિવીતત્ત્વનો જય કરી શકે છે. એ પૃથિવીતત્ત્વની ધારણા છે જલતત્ત્વના સ્થાનવિષે પ્રાણવાયુને ધારણ કરીને व કાર બીજસહિત ચાર ભુજવાળા શુદ્ધ સ્ફટિક મણિના સમાન ગૌર આકૃતિવાળા તથા પીતવસ્ત્રથી વાસિત વપુવાળા તથા સૌમ્યાકૃતિ, મંદમંદ હસતા મુખવાળા શ્રીવિષ્ણુ ભગવાનની ધારણા કરવી. એ પ્રમાણે નિરંતર બે કલાક કરેછે તો સર્વ પાપથી રહિત થઇ જલતત્ત્વનો જય કરી શકે છે. એ જલતત્ત્વની ધારણા કહેવાયછે. અગ્નિસ્થાનવિષે પ્રાણવાયુને ધારણ કરી र કાર બીજસહિત ત્રણ લોચનવાળા, બાલારુણસમાન પ્રભાવાળા, ભસ્મથી લેપન કરાયેલા અંગવાળા, પ્રસન્ન મુખવાળા તથા કર્પુરગૌર શ્રીરુદ્રભગવાનની ધારણા કરવી. એ પ્રમાણે નિરંતર બે કલાકસુધી કરવાથી અગ્નિતત્ત્વનો જય થાય છે. આ અગ્નિતત્ત્વની ધારણા કહેવાય છે. વાયુતત્ત્વના સ્થાનમાં પ્રાણનો નિરોધ કરીને य કાર બીજસહિત ક્લેશાદિથી રહિત, સર્વશક્તિમાન્ તથા સર્વજ્ઞ શ્રીમહેશ્વર ભગવાનની ધારણા કરવી. એ પ્રમાણે નિરંતર બે કલાકસુધી કરવાથી વાયુતત્ત્વનો જય થાય છે. આ વાયુતત્ત્વની ધારણા કહેવાયછે. આકાશતત્ત્વના સ્થાનવિષે પ્રાણનો નિરોધ કરીને ह કાર બીજસહિત ૐકારની અર્ધમાત્રારૂપ સર્વગત્ શુદ્ધ સ્ફટિકસમાન ગૌરવર્ણવાળા, મસ્તકઉપર બાલેન્દુને ધારણ કરનાર, દશ બાહુવાળા, ત્રણ લોચનવાળા, સર્વ પ્રકારનાં આભરણથી શોભતા, મહામાયા શક્તિસહિત

પંચાસ્ય ભગવાન્ શ્રીસદાશિવની ધારણા કરવી. એ પ્રમાણે મનવડે નિરંતર ચિંતન કરનાર સાધક કૈવલ્ય પદને પામેછે. આ આકાશતત્વની ધારણા કહેવાયછે.

એ શિવાય અન્ય તત્વોનો અભ્યાસ પણ અધિકારપરત્વે કરાય છે. તો પણ જેમ પ્રાણાયામમાં અત્યંત સાવધાનતા વાપરવી પડે છે તેમ ધારણામાં પણ અનેક સૂક્ષ્મ નિયમો હોય છે તેથી પ્રત્યેક સાધકે કયી ધારણા કેવી રીતે, કયે વખતે, કયા નિયમથી, કેવા ક્રમથી કેટલો કાળ કરવી એ શ્રીસદ્ગુરુતરફથી જ જાણવામાં આવે છે. નહિ તો સુંઠનો ગાંઠીઓ લઇ વૈદ્ય થવા જતાં રાજયોગાચાર્ય નહિ થવાતાં રાજરોગાચાર્ય જ થવાય છે. તેથી એ વિષયમાં ગમે ત્યાંથી ગમે તે અત્યંત સાધારણ વાંચ્યું કે તેમ કરવા મચી પડતાં વિક્ષેપ અને તેનાં કાર્યનો બાધ ન થતાં તે સર્વ સહસ્રગુણિત થાય છે.

આ પ્રકારના તત્ત્વાભ્યાસથી વિક્ષેપક અને તેનાં કાર્યોનો બાધ થાય છે. કારણ કે સામાન્ય રીતે (૧) એ અભ્યાસથી ચિત્ત સ્થિર થાયછે એટલે એ પ્રયોગ જ વિક્ષેપને દૂર કરનાર છે અને (૨) એ તત્વાભ્યાસ રજોગુણને અભિભવ કરી સત્ત્વગુણની ચિત્તમાં વૃદ્ધિ કરે છે. તેથી રજોગુણનો અભિભવ થવાથી તેનાં કાર્યરૂપ વિક્ષેપનો અને વિક્ષેપના સહભૂરૂપ દુઃખાદિનો બાધ થાય છે. પ્રત્યકનો બાધ કેવી રીતે થાય છે, એ યોગાંગનાં સ્વરૂપ જાણ્યાથી સહજ લક્ષમાં આવી શકે એમ છે. જેમકે ધારણામાટે આવશ્યક આસનથી પ્રાણની ગતિની મંદતા થવાથી તથા નિયમિત શ્વાસ ચાલવાથી શરીરની અરોગતા, મનની સ્થિરતા થવાથી પ્રાણની ગતિનો નિરોધ થવાથી શ્વાસપ્રશ્વાસનો જય, પૃથિવી તત્ત્વ વગેરે તત્ત્વોના જયથી તે સંબંધી સમગ્ર દુઃખો, ભય વગેરેનો બાધ વગેરે.

આ રીતે તત્ત્વના અભ્યાસથી મનનો જય કરવાનું શ્રીયોગવાસિષ્ઠમાં तावन्निशीथवेताला वल्गान्ति हृदि वासनाः । एकतत्त्वदृढाभ्यासाद्यावन्न विजितं मनः । જ્યાં સુધી એક તત્ત્વના અભ્યાસથી મનનો જય સિદ્ધ કર્યો નથી ત્યાંસુધી હૃદયમાં વેતાલસદૃશ વાસનાઓ લાગેલી રહે છે—એ શ્લોકથી કહ્યું છે.

આપ્રમાણે અહિં સુધી અભ્યાસના વિષયનું નિરૂપણ કર્યું. અભ્યાસનો અર્થ એ કે ચિત્તની સ્થિતિને માટે પુનઃ પુનઃ કરાતું સાધનોનું અનુષ્ઠાન. તે સાધનો શ્રદ્ધા, વીર્ય વગેરે પૂર્વે કહેલાં છે. પણ એ સાધનોની ત્વરિત ગતિ તથા એના પ્રતિબંધકોની નિવૃત્તિ કેવી રીતે કરવી તેના ઉપાય બતાવવા અવશિષ્ટ છે. તે બતાવવા પ્રથમ તો જે ચિત્ત સંકુચિત રહે છે તથા અસૂયાદિ દોષોથી કલુષિત રહે છે તે ચિત્ત સ્થિતિને પામતું નથી તેથી ચિત્તની પ્રસન્નતા સિદ્ધ કરનાર કેટલીક પરિકર્મરૂપ (એટલે સમાધિનાં બહિરંગ હોવાથી બાહ્યકર્મરૂ ભાવના હવે બતાવે છે.

मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चित्तप्रसादनम् ॥ ३३ ॥

સૂત્રાર્થ:—સુખી, દુઃખી, પુણ્યશાલી તથા પાપી પુરુષોવિષે અનુક્રમે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાની ભાવના કરવાથી ચિત્ત પ્રસન્ન થાય છે અને તદ્દ્વારા સ્થિતિને યોગ્ય થાય છે.

સુખ૦—યદ્યપિ સૂત્રમાં માત્ર સુખ, દુઃખ વગેરે કહ્યાં છે તથાપિ તેનો અર્થ તદ્વાન્—તે વાળો છે. તેથી એ પદનો અર્થ સુખી, દુઃખી, પુણ્યશાલી તથા પાપી—એ છે. આ સ્થળે સુખાદિનું બાહુલ્ય બતાવવા સૂત્રમાં ધર્મધર્મીનો અભેદથી નિર્દેશ કરેલો છે. એ ચતુર્વિધ પુરુષોપ્રતિ ભાવના કરવાથી.

ચિત્તપ્રસાદનમ્—એટલે સ્વચ્છ થવું અથવા શુક્લ ધર્મરૂપ સત્ત્વગુણવાળા થવું. જેમ મળના દૂર થવાથી જળ સ્વચ્છ થાય છે તેમ રાગદ્વેષ વગેરે ચિત્તના મળને દૂર કરવાથી ચિત્ત સત્ત્વગુણવાળું થવાથી પ્રસન્ન થયેલું કહેવાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે સાધકે સુખી માણસવિષે મૈત્રી કરવી, દુઃખીવિષે કરુણા કરવી, પુણ્યશાલીવિષે મુદિતા અને પાપીવિષે ઉપેક્ષા કરવી. આ પ્રકારે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાની ભાવનાથી તેનું ચિત્ત પ્રસન્ન થાય છે. ત્યાં મૈત્રી એટલે સૌહાર્દ. જે જે પુરુષો સુખબહુલ દેખાય તે સર્વવિષે મિત્રભાવના રાખવી. પ્રાયશઃ અન્યને સુખી જોઇને કલુષિત ચિત્તવાળા જનોનાં ઈર્ષ્યા તથા અસૂયા થાય છે. ઈર્ષ્યા એટલે પારકાના ગુણો સહન નહિ થવા તે અને અસૂયા એટલે પારકાના ગુણોમાં દોષનો આરોપ કરવો તે. ચિત્તના એ બંને દોષ મિત્રભાવનાથી નિવૃત્ત થાય છે. કારણ કે તેથી જેમ

મિત્રના ગુણોના જ્ઞાનથી અદેખાઈ ન થતાં પ્રસન્નતા થાય છે, તથા તે ગુણોમાં દોષનો આરોપ મિત્ર કદાપિ કરતો નથી તેમ એ ભાવનામાં સર્વ સુખીજનોવિષે એ સાધક મિત્રબુદ્ધિ કરવાનો, તેથી તે સર્વેનું સુખ જોઈ પ્રસન્ન થવાનો અને ઈર્ષ્યાદિથી રહિત થવાનો. તેમ જ દરેક માણસને મને સર્વ સુખ થાઓ એ પ્રકારની રાગનામથી ઓળખાવાતી એક વૃત્તિ હોય છે. તેમાં સમગ્ર સુખની સામગ્રી કદાપિ કોઈને પ્રાપ્ત થતી નથી. તેથી એ રાગ નિરંતર ચિત્તને કલુષિત કરે છે. એ રાગનો પણ આ ભાવનાથી બાધ થાય છે. કારણ કે જેમ પુત્રનું રાજ્ય હોય તોપણ પુત્રવિષે મદીયબુદ્ધિ (એટલે મારો એવી બુદ્ધિ) હોવાથી પિતાને તે પોતાના રાજ્યવત્ લાગે છે, તેમ સર્વ સુખીજનોવિષે મદીયબુદ્ધિ સિદ્ધ થવાથી તે સર્વેનું સુખ પણ સાધકને મદીયતુલ્ય લાગવાનું. જેથી સામગ્રીનો અભાવ છતાં પણ જાણે પોતે સર્વ સુખવાળો હોય એમ જણાવાથી રાગનિવૃત્તિ થવાની અને તેથી ચિત્તનદીને કલુષિત કરનાર રાગરૂપ વર્ષાઋતુ જતી રહેવાથી ચિત્ત સ્વચ્છ વા પ્રસન્ન થવાનું. આપ્રમાણે સુખીવિષે મૈત્રી અવશ્ય કર્તવ્ય છે. બીજી ભાવના તે દુઃખીવિષે કરુણાની છે. જે દુઃખી પુરુષો હોય તેમના ઉપર કરુણા વા દયા રાખવી, એટલે જેમ પોતાનાં દુઃખો નાશ કરવાની ઇચ્છા સર્વેને થાય છે તેમ સર્વ પ્રાણીનાં દુઃખો નાશ પામો એવી ઇચ્છા સાધકે રાખવી. એ ઇચ્છારૂપ ભાવનાના બળથી તે સાધક કોઈનો અપકાર નહિ કરવાનો. તેમ જ એ ભાવના બળ પામવાથી અન્યને અપકાર કરવાની વિરોધી વૃત્તિ પણ એ સાધકને શમેલી જ રહેવાની. આ રીતે આ ભાવનાથી પરાપકારની ઇચ્છારૂપ ચિત્તમળ દૂર થાય છે. વળી અયોગી પુરુષોમાં દ્વેષરૂપ મોટો મળ હોય છે. એ દ્વેષ વૈરી પ્રાણીઉપર હોય છે. તેથી જ્યાંસુધી વૈરીપ્રાણીરૂપ વ્યાઘ્રાદિ હોય છે ત્યાં પર્યન્ત તેને દ્વેષ થયા કરે છે. તેમાં સમગ્ર વ્યાઘ્રાદિરૂપ વૈરબુદ્ધિના વિષયભૂત પદાર્થોનો તો નાશ કરવો અશક્ય છે. તેથી દ્વેષ દૂર કરવા તેમને વિષેથી વૈરબુદ્ધિનો ત્યાગ કરવો, એ જ ઉપાય છે એ ત્યાગ આ કરુણારૂપ ભાવનાથી થાય છે. જ્યારે જીવન્મુક્તિવિવેકમાં ઉદાહૃત प्राणा यथात्मनोऽभीष्टा भूतानामपि ते तथा । आत्मौपम्येन भूतानां दयां कुर्वीत मानवः । એ સ્મૃતિઅનુસાર આત્મવત્ ગણી સર્વ પ્રાણીવિષે 'સર્વ પ્રાણી સુખી થાઓ, સર્વ નિરામય થાઓ, સર્વ કલ્યાણને પામો, કોઈ પણ દુઃખને ન પામો' એ પ્ર-

કારની કરુણાવૃત્તિનો ઉદય થાય છે ત્યારે તેમને વિષે તેથી વિરોધી વૈરબુદ્ધિ કેવી રીતે રહે ? આપ્રમાણે વૈરબુદ્ધિ જતી રહેવાથી આ ભાવનાથી દ્વેષરૂપ મળનો પણ બાધ થાય છે. તેમ જ દુઃખીની અપેક્ષાથી પોતે સુખી છે એમ જાણવાથી ‘ હું ઐશ્વર્યવાળો છું, અનેક ભોગસાધનસંપન્ન છું, સિદ્ધ છું, બલવાન્ છું ’ વગેરે પ્રકારનો દર્પ પણ જતો રહે છે. કારણ કે આત્મવત્ ગણી થતી દયા આ પ્રકારની અન્યમતિ થતી તિરસ્કારબુદ્ધિની વિરોધી છે.આમ આ ભાવના પરાપકારેચ્છા, દ્વેષદર્પવગેરેની મરિયાદી હોવાથી સાધકે અવશ્ય આદર કરવા યોગ્ય છે. એ ભાવનાની સિદ્ધિથી પણ ચિત્ત એના વિરોધી દોષથી રહિત થવાથી પ્રસન્ન થાય છે.

અન્ય ભાવનામાં મુદિતા તથા ઉપેક્ષા છે. મુદિતા એટલે પ્રીતિ અને ઉપેક્ષા એટલે ઉદાસીનપણું પુણ્ય કરનાર જનોવિષે પ્રીતિની ભાવના તથા પાપીવિષે ઉદાસીન વૃત્તિ સાધકે રાખવી. પ્રાયશઃ લોકો પુણ્યનાં ફલની ઇચ્છા રાખે છે છતાં પુણ્ય કરતા નથી અને પાપનાં ફલની અનિચ્છા છતાં પાપ કરે છે, તેથી પાછળથી મેં કેમ પુણ્ય નહિ કરયું, મેં શાથી પાપ કરયું એ પ્રકારનો પશ્ચાત્તાપ થાય છે. એ પશ્ચાત્તાપ કરવાનો વખત આ બે ભાવનાથી આવતો નથી. કારણ કે જે સાધકની પુણ્યાત્મલોકોવિષે પુણ્યાત્મતરીકે પ્રીતિ થાય છે તે માણસની સ્વભાવથી જ પુણ્યવિષે પ્રીતિ થવાની, તેથી અનેક વિઘ્નોથી પણ અડગ રહી તે ભૂલ્યાવિના પુણ્ય કરવાનો, તથા પાપીવિષે થતી ઉપેક્ષાબુદ્ધિથી સ્વાભાવિકરીતે પાપથી દૂર રહી ચાલવાનો. પાપીવિષે યોગના સાધકે દ્વેષ ન કરવો પણ માત્ર ઉદાસીનવૃત્તિ ચાલુ રાખવી, એ પણ આ ભાવનામાં થાય છે.

આ ચાર પ્રકારની ભાવના આ સૂત્રમાં કહી છે. પણ તે ઉપલક્ષક છે. તેથી ભગવદ્‌ગીતામાં કહેલી દૈવીસંપદ્ તથા अमानित्वमदंभित्वमहिंसा क्षान्तिरार्जवम् । आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः । વગેરે શ્લોકથી કહેલાં અમાનિત્વ. અદંભિત્વવગેરે જ્ઞાનનાં સાધનોમાં પણ જે જે શુભ વાસનારૂપ હોવાથી મલિન વાસનાને નિવૃત્ત કરનાર ભાવનાઓ હોય તે સર્વનો આ સૂત્રથી સંગ્રહ કરયો જાણવો. સૂત્રમાં કહેલી આ ચાર તો માત્ર મુખ્ય છે. આ જ કારણથી જે લોકમાં વિદ્યામદ, ધનમદ વગેરે દોષો હોય તેમણે વિદ્યા, ધન વગેરેના દોષોની ભાવના કરવી.

આ પ્રમાણેની ભાવનાથી ચિત્તના રાજસ્, તામસ્ ધર્મો દૂર થવાથી સાત્વિક શુક્લધર્મ આવિર્ભાવ પામે છે, જેથી ચિત્ત સ્વચ્છ જલવત્ પ્રસન્ન થઈ સ્થિતિનાં સાધનથી એકાગ્રતાને પામે છે. શ્રીમદ્ ભ૦ ગીતામાં પણ रागद्वेषविमुक्तस्तु विषयानिन्द्रियैश्चरन् । आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति । प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते । એ શ્લોકોથી એજ કહ્યું છે કે રાગદ્વેષાદિ ચિત્તના મળની નિવૃત્તિ થવાથી ચિત્ત પ્રસાદને પામે છે અને પ્રસન્ન ચિત્ત જ સ્થિતિ પદને પામે છે. (આ સૂત્રમાં યોગવાર્તિકકાર ૩૫ મા સૂત્રમાંથી स्थितिनिबंधिनी પદથી स्थितिनिबंधनम् પદ લઈ તેની સાથે प्रसादनम् નો અન્વય કરે છે. તેથી સ્થિતિનું એક સાધન મૈત્રાદિ ભાવનાથી થયેલો ચિત્તનો પ્રસાદ એ થયું. અને અન્ય સાધનોમાં વિષયવતી પ્રવૃત્તિ આદિ. વાચસ્પતિમિશ્ર ચિત્તપ્રસાદ સર્વત્ર આવશ્યક ગણે છે તેથી ચિત્તપ્રસાદરૂપ સાધનનો વિષયવતી પ્રવૃત્તિવગેરે સાથે વિકલ્પ નથી લેતા. અને તે યોગ્ય જ છે.)

ચિત્તની પ્રસન્નતામાટે અન્ય ઉપાય કહેવા અથવા પ્રસન્ન ચિત્તની સ્થિતિનો ઉપાય કહેવા કહે છે કે—

प्रच्छर्दनविधारणाभ्यां वा प्राणस्य ॥ ३४ ॥

સૂત્રાર્થ:—અથવા તો પ્રાણના પ્રચ્છર્દન તથા વિધારણથી ચિત્તનો પ્રસાદ થાયછે.

प्रच्छर्दन—પ્રચ્છર્દન તથા વિધારણથી. અંતરના વાયુને પ્રયત્ને કરીને બહાર કાઢવો તે પ્રચ્છર્દન કહેવાય છે. એ ક્રિયાને રેચક પ્રાણાયામ કહે છે. વાયુને જ્યાંનો ત્યાં નિરોધ કરી દેવો અર્થાત્ ગતિવિચ્છેદરૂપ કુંભક કરવો તે વિધારણ છે. એ રેચક તથા કુંભકથી એ પ્રકૃત પદનો અર્થ છે.

આ પદનો વાચસ્પતિમિશ્ર એવો અર્થ કરે છે કે યોગશાસ્ત્રવિહિત પ્રયત્નવિશેષે કરી ઉદરગત વાયુને નાસિકાનાં બે છિદ્રોદ્વારા અર્થાત્ ઈડાપિંગલા નાડીદ્વારા રેચન કરવું તથા તે રેચિત વાયુને બહિર્જ સ્થાપન કરી દેવો એટલે બાહ્યવાયુ જે સહસા અંતર્ પ્રવેશ કરે તેને તેમ ન કરવા દેવારૂપ બહિર્કુંભક કરવો એ પ્રચ્છર્દન તથા વિધારણ છે. એ ઉપાયે કરીને.

वा:—શબ્દથી પૂર્વ સૂત્રપ્રદર્શિત મૈત્રી વગેરે ભાવનાસાથે આ ઉપાયનો વિકલ્પ કર્યો છે, અથવા वा શબ્દથી ઉત્તર સૂત્રમાં

કહેવામાં આવતા સ્થિતિના ઉપાયથી આ ઉપાયનો વિકલ્પ કહ્યો છે.

આ સૂત્રથી એમ કહ્યું કે રેચકકુંભક પ્રાણાયામથી ચિત્તપ્રસાદ થાય છે અથવા ચિત્તની સ્થિતિ થાયછે. ત્યાં પ્રાણાયામ સાધારણ રીતે રેચક, પૂરક અને કુંભક એ ત્રણ ભેદથી કરાયછે તેથી આ સ્થળે રેચક અને કુંભક કહ્યાથી પૂરક પણ લેવો યોગ્ય છે. બહારના વાયુને અંતર્ આકર્ષી લેવો એ પૂરક છે. તે કર્યા પછી યથાશક્તિ તેને અંતરમાં રોકી દેવો તે કુંભક છે. તે કરી શનૈઃ શનૈઃ તે વાયુને બહાર કાઢવારૂપ રેચક કરવામાં આવેછે. ત્યાં એ સામાન્ય પ્રાણાયામમાં પ્રથમ રેચક કરવો કે પૂરક કરવો એ સંબંધમાં કાંઇ વિશેષ નિયમ દેખાતો નથી અર્થાત્ લોકો બન્ને રીતે કરતા દેખાય છે તોપણ કેટલેક સ્થળે એવું પ્રતિપાદન કરેલું જોવામાં આવેછે કે આરંભમાં પૂરક કરી અંતે રેચક કરવો એ વૈદિક પ્રાણાયામ છે. અને આરંભમાં રેચક કરી અંતે કુંભક કરવો એ તાન્ત્રિક પ્રાણાયામ છે. એ રેચક, પૂરક, કુંભક કરવામાં એવો નિયમ છે કે જે નાડીથી રેચક કર્યો તે જ નાડીથી પૂરક કરવો પણ જે નાડીથી પૂરક કર્યો હોય તે જ નાડીથી વાયુને તે જ વખતે રેચવો નહિ. બીજો સામાન્ય નિયમ એ છે કે જેટલો વખત પૂરક કરતાં લાગે તેથી ચાર ગણો વખત કુંભક કરવો, ને પૂરકથી બેવડા વખતમાં રેચક કરવો. તાત્પર્ય એ કે પૂરક કદાચ શક્તિઅનુસાર વેગથી કર્યો હોય તો વિશેષ અડચણ નથી પણ રેચક તો સદા શનૈઃ શનૈઃ જ કરવો, નહિ તો બળનો નાશ થાયછે.

આ સમાધિપાદ જે વ્યુત્થિત ચિત્તવાળા સાધકો હોય તેમને માટે મુખ્યત્વે કરીને નથી તેથી આ સ્થળે કહેલો પ્રાણાયામમાત્ર *સામાન્ય પ્રાણાયામ લેવો યોગ્ય છે. વ્યુત્થિત ચિત્તવાળા માટેના પ્રાણાયામો દ્વિતીય પાદમાં કહ્યાછે.

આ પ્રકારના લોમવિલોમ પ્રાણાયામથી પ્રાણ તથા અપાનનું ઘર્ષણ થાયછે. એ ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન થાય છે અને અગ્નિનું પરિણામ જલ થાયછે તથા એ ત્રણથી અંતરશુદ્ધિ થાયછે તેથી કરીને અમૃતબિન્દુ ઉપનિષદમાં यथा पर्वतधातूनां दह्यन्ते धमनान्मलाः । तथेन्द्रियकृता दोषां दह्यन्ते प्राणनिग्रहात् ॥ જેમ ધમવાથી પર્વતના ધાતુના મળો બળી જાય છે તેમ પ્રાણના નિગ્રહરૂપ પ્રાણાયામથી

*એ પ્રાણાયામનું લોમવિલોમ અથવા મલશોધક પ્રાણાયામ એવું નામ છે. જુઓ શ્રી સિ. સિ. પ્રથમ રત્ન પૃષ્ઠ ૨૬૩.

ઇન્દ્રિયથી કરાયલા દોષો દગ્ધ થઇ જાયછે—ઇત્યાદિ વાક્યથી પ્રાણના નિરોધથી દોષનો દાહ કહ્યો છે. શ્રીશ્વેતાશ્વતરોપનિષદ્‌માં लघुत्वमारोग्यमलोलुपत्वं ઇત્યાદિ શ્રુતિથી પણ પ્રાણાયામથી ઇન્દ્રિયોના વિષયોવિષેની અલોલુપતાનો લાભ થાયછે એમ પ્રતિપાદન કર્યું છે. આ વગેરે અનેક પ્રમાણોથી એ સિદ્ધ થાયછે કે પ્રાણાયામથી ચિત્તના દોષો ટળે છે અર્થાત્ ચિત્ત પ્રસન્ન થાયછે તેથી આ સૂત્રથી ચિત્તની પ્રસન્નતાવાસ્તે અન્ય ઉપાયો બતાવ્યા છે.

આ પ્રમાણે ચિત્તની સ્થિતિનો એક ઉપાય કાં તો ચિત્તપ્રસાદ અથવા રેચક, કુંભક પ્રાણાયામ કહી હવે અન્ય ઉપાય કહેછે

विषयवती वा प्रवृत्तिरुत्पन्ना मनसः स्थितिनिबन्धनी ॥ ३५ ॥

સૂત્રાર્થઃ—અથવા તો સ્વસાધનથી ઉત્પન્ન થયેલી, ગંધાદિ પદાર્થોને વિષય કરનાર સાક્ષાત્કારરૂપ પ્રજ્ઞા શ્રદ્ધાદિના ઉત્તેજકરૂપ થઇ વિવેકખ્યાતિસુધીના વિશેષપર્યન્ત ચિત્તની સ્થિતિ કરનાર છે.

विषयवती—એટલે વિષય શબ્દથી ગ્રહણ કરાતા ગંધ રસ વગેરે વાળી. ત્યાં પ્રવૃત્તિ સંવિત્‌રૂપ હોવાથી આ મતુપ્ પ્રત્યયથી વિષયવિષયિભાવસંબંધ બતાવાય છે તાત્પર્ય કે એ ગંધાદિ વિષય એ પ્રવૃત્તિના વિષયરૂપ છે.

वा—પદથી પૂર્વપ્રતિપાદિત સ્થિતિસાધનથી આ સાધનનો વિકલ્પ કહ્યો છે.

प्रवृत्तिः—એટલે प्रकृष्टा वृत्तिः—પ્રકૃષ્ટજ્ઞાન અર્થાત્ સાક્ષાત્કારરૂપ જ્ઞાન.

સ્થિતિ૦—એટલે ચિત્તની સ્થિતિ અથવા એકાગ્રતામાં યોગ્યતા સંપાદન કરનાર છે. આ સ્થિતિને કરનાર ઉપાયો આ આગળના શ્રદ્ધાદિ ઉપાયોના પ્રતિબંધોના નિવૃત્તિદ્વારા કરેછે.

આ સૂત્રથી એ કહ્યું કે ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ એ પાંચ વિષયના સાક્ષાત્કારરૂપ પ્રજ્ઞા જ્યારે ઉદય થાયછે ત્યારે એ પ્રજ્ઞા ચિત્તની સમાધિપ્રજ્ઞાપર્યન્તના ઉપાયોમાં સ્થિતિ કરે છે ત્યાં ગંધનું જ્ઞાન કરાવનાર ઘ્રાણેન્દ્રિયના સ્થાનરૂપ નાસિકાના અગ્ર ભાગમાં ધારણા કરવાથી સાધકને અલ્પકાળમાં દિવ્ય ગંધનો સાક્ષાત્કાર થાયછે, એ ગંધપ્રવૃત્તિ કહેવાયછે. એ જ પ્રમાણે જિહ્વાના અગ્ર ભાગમાં સંયમ કરવાથી રસપ્રવૃત્તિ, તાલુસ્થાનમાં સંયમ ક-

રવાથી રૂપપ્રવૃત્તિ, જિહ્વાના મધ્યમાં સંયમ કરવાથી સ્પર્શપ્રવૃત્તિ અને જીહ્વાના મૂલમાં સંયમ કરવાથી શબ્દપ્રવૃત્તિ થાયછે એ પાંચ પ્રકારની વિષયવતી પ્રવૃત્તિ મુખ્ય છે. ત્યાં રૂપનું ઉપલબ્ધિ સ્થાન ચક્ષુ છે, શબ્દનું શ્રોત્ર છે તથાપિ શાસ્ત્રપ્રામાણ્યાત તાલુ પણ રૂપનું ઉપલબ્ધિસ્થાન છે વગેરે માનવું યોગ્ય છે. આ પાંચ પ્રકારની પ્રવૃત્તિને અત્ર વિષયવતી પ્રવૃત્તિમાં લીધી છે તેથી ન્યૂનતા નથી આવતી. કારણકે અન્ય શાસ્ત્રોમાં કહેલા ચંદ્ર, આદિત્ય, ગ્રહ, મણિ, પ્રદીપવગેરે પદાર્થોવિષેના સાક્ષાત્કારના પણ ચંદ્રાદિ રૂપપ્રધાન વિષય હોવાથી તેમનો આ સ્થળે રૂપપ્રવૃત્તિમાં અંતર્ભાવ કર્યો છે. તેથી તે પદાર્થોવિષેના સંયમ તથા સાક્ષાત્કાર પણ આ વિષયવતી પ્રવૃત્તિમાં જ લેવા. ચંદ્રાદિ વિષયમાં સંયમ કરવાથી તે તે લોકોનો સાક્ષાત્કાર થાય છે. ત્યાં એ વિષયોમાંથી ગમે તે વિષય લેઇ સંયમ કરવા જેવારૂપ સાહસ સાધકે કરવું યોગ્ય નથી. કેમકે તેમ કરવાથી અનેક દુઃખો થયેલાં દૃષ્ટિગોચર થયાં છે તથા થાય છે. ચંદ્ર જલના સમૂહરૂપ છે તથા તેના ધ્યાનથી કફની ઉત્પત્તિ થાય છે. તેમ જ આદિત્ય તથા પ્રદીપવગેરે ઉષ્ણવીર્ય પદાર્થોના ધ્યાનથી ઉષ્ણતા તથા પિત્તની વૃદ્ધિ થાય છે. તેથી એ વિષયોમાંથી શરીરપ્રકૃતિવગેરેને અનુકૂલ હોય તે જ વિષયમાં સંયમ કરવો યોગ્ય છે. નહિ તો એ વિષયોમાં કરાયેલો સંયમ ચિત્તને સ્થિતિની યોગ્યતા સંપાદન કરાવવાને બદલે વ્યાધિવગેરે યોગાન્તરાયનો જ ઉત્પન્ન કરનાર નીવડે છે. તેથી વિશેષ સાવધાન રહેવું ઉચિત છે. તેમાં પણ આદિત્યાદિ પદાર્થો કયી કયી અસર કેવી રીતે કેટલા બલથી કરે છે તથા તેનું સમીકરણ કેવી રીતે થાય છે વગેરે યુક્તિઓ પ્રત્યેક સાધકમાટે અધિકારભેદથી ભિન્ન ભિન્ન હોવાથી કોઇપણ શાસ્ત્રદ્વારા જાણી શકવી અસંભવ છે. તેથી એવા વિષયોનો સંયમ તો શ્રીસદ્ગુરુની આજ્ઞાનુસાર જ કરવો એ શુદ્ધ નીતિ સાદર સેવવા યોગ્ય છે. તેમ નહિ કરવાથી એ પ્રયોગો જેમ હાલના કેટલાક દાંભિક અથવા અજ્ઞાનથી અભિમાની થઇ શ્રીસદ્ગુરુની આજ્ઞાની અપેક્ષા નહિ રાખી સ્વતઃ એ વિષયમાં પ્રવૃત્ત થયેલા તથા પાછળથી આગળ જવાનું તથા વચ્ચે આવતાં વિઘ્નોને દૂર કરવાવગેરેનું પોતામાં સામર્થ્ય નહિ હોવાથી વચ્ચે ઢળી પડેલા તથા રોગના ભોગરૂપ થયેલા અને તેથી પોતાના અભિમાનવગેરેમાં દોષનો આરોપ કરવાને બદલે યોગમાં અશ્રદ્ધા કરી તેનો તિરસ્કાર કરતા દૃષ્ટિગોચર થાય છે તેમ સાધકને કેવલ અ-

નથંકર નીવડે છે.

આ પ્રમાણે યોગ્ય સદ્ગુરુદ્વારા ગ્રહણ કરી આરંભાયેલી વિષયવતી પ્રવૃત્તિ જ્યારે સિદ્ધ થાય છે ત્યારે તે ચિત્તની સ્થિતિના હેતુરૂપ ત્રણ પ્રકારે થાય છે.

(૧) ચિત્તને એક વિષયપર સંયમ કરવાનો અભ્યાસ સિદ્ધ થાય છે તો અભ્યાસબલાત્ અન્ય વિષયોપર પણ ચિત્ત સ્થિર થાય છે. તેથી આ પાંચમાંથી એક વા અધિક વિષયપર ચિત્ત એકાગ્ર થઈ તેનો સાક્ષાત્કાર કરે છે તો પછી વિવેકખ્યાતિપર્યન્તના સમગ્રવિષયોપર એકાગ્રતા થતાં વિલંબ થતો નથી. તેથી અભ્યાસના સામર્થ્યથી સ્મૃતિ તથા સમાધિરૂપ ઉપાયોના સહાયરૂપ આ પ્રવૃત્તિ છે.

(૨) જે સાધકને આ પ્રમાણે સંયમ કરવાથી દિવ્ય ગંધ, દિવ્ય રસ વગેરે વિષયો ભોગરૂપે પ્રાપ્ત થાય છે. તે સાધકનું ચિત્ત પછી સંસારના દુઃખમિશ્રિત તથા અનેક આયાસે કરી પ્રાપ્ત થનાર ક્ષુદ્ર વિષયોને મેળવવાયોગ્ય ગણતું નથી અર્થાત્ તેનાથી વિરક્ત થાય છે. આ રીતે આ પ્રવૃત્તિ વૈરાગ્યને ઉત્પન્ન કરનાર હોવાથી પણ સમાધિના સહાયરૂપ છે.

(૩) એ પ્રવૃત્તિથી શ્રદ્ધા અતિશય ઉત્પન્ન થાય છે. જ્યારે શાસ્ત્રનો એક ભાગ પણ સ્વાનુભવથી સાચો જણાય છે ત્યારે તે સાધકને શાસ્ત્રના અન્ય સર્વ ભાગોપર અતિશય શ્રદ્ધા થાય છે. અગર જો શ્રીપતંજલિ ભગવાન્ શાસ્ત્રના કર્તા છે તેથી, તથા શ્રીસદ્ગુરુના ઉપદેશથી અને યુક્તિથી શાસ્ત્રપર શ્રદ્ધા થાય છે, એ વાત ખરી છે તોપણ જ્યાંસુધી સર્વ શાસ્ત્ર પરોક્ષજેવું હોય છે, ત્યાંસુધી તે શ્રદ્ધાની અભિવૃદ્ધિ થતી નથી. તથા તદ્દ્વારા પ્રાપ્ત થનાર ઉત્સાહ પણ સાધકમાં આવતો નથી. પણ પોતાના ચક્ષુરાદિ ઇન્દ્રિયથી અથવા મનોવૃત્તિથી શાસ્ત્રના એક દેશનો અપરોક્ષાનુભવ થાય છે ત્યારે શાસ્ત્રના સર્વ ભાગઉપર અતિશય શ્રદ્ધા થાય છે તથા યોગાનુષ્ઠાનમાં અતિઉત્સાહપૂર્વક સાધકની ચિત્તવૃત્તિ પ્રવેશ કરે છે તેથી શ્રદ્ધા અને ઉત્સાહને ઉત્પન્ન કરનાર હોવાથી આ વિષયવતી પ્રવૃત્તિ સ્થિતિપ્રયોજક છે

આપ્રમાણે આ ઉપાયનું પ્રતિપાદન કર્યું. હવે સ્થિતિ માટે અન્ય ઉપાય કહે છે.

विशोका वा ज्योतिष्मती ॥ ३६ ॥

સૂત્રાર્થ: અથવા તો શોકરહિત, અને બુદ્ધિસત્ત્વ તથા અસ્મિતારૂપ જ્યોતિર્મય પદાર્થો વિષય કરનાર હોવાથી જ્યોતિષ્મતી પ્રવૃત્તિ પણ સ્વસાધનથી ઉત્પન્ન થવાથી ચિત્તની સ્થિતિમાં હેતુરૂપ છે.

પૂર્વ સૂત્રમાંથી **प्रवृत्तिरुत्पन्ना मनसः स्थितिनिबन्धिनी** એ પદોની અનુવૃત્તિ આ સૂત્રમાં આવે છે. તેથી એ પદો લઈ આ સૂત્રનો અન્વય કરવાનો છે.

विशोका—એટલે જેમાંથી શોક જતો રહ્યો છે તેવી, અર્થાત્ દુઃખથી રહિત. આ સાભિપ્રાય વિશેષણ છે. એ પદથી એ સૂચન કર્યું કે આ પ્રવૃત્તિ સૌથી શ્રેષ્ઠ ઉપાયરૂપ છે. કારણ પૂર્વના ઉપાયોથી દુઃખધ્વંસ થતો નથી અને આથી થાય છે.

वा–પદ પૂર્વવત્ વિકલ્પબોધક છે. તથાપિ આ વિકલ્પ તુલ્યતઃ નથી. કારણ કે આ ઉપાય શ્રેષ્ઠ છે.

ज्योतिष्मती—એટલે જ્યોતિષને વિષયરૂપે ગ્રહણ કરનાર. આ પદમાંનો **मतुप्** પ્રત્યય પણ विषयवतीમાંના **मतुप्**ના સમાન અર્થને બોધન કરે છે.

આ સૂત્રથી જ્યોતિષ્મતી પ્રવૃત્તિને દુઃખનો ધ્વંસ કરનાર તથા તેથી ચિત્તની સ્થિતિના શ્રેષ્ઠ ઉપાયરૂપ કહી. ત્યાં એ પ્રવૃત્તિ યોગશાસ્ત્રમાં બે પ્રકારની કહી છે. (૧) હૃદયકમલરૂપ આલંબનવિષે બુદ્ધિસત્ત્વની ધારણા કરવાથી બુદ્ધિસત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. તે પ્રથમ પ્રકારની. તેની યોગશાસ્ત્રસંમત પ્રક્રિયા આ છે. ઉદર તથા ઉરસના મધ્ય પ્રદેશમાં અર્થાત્ હૃદયદેશમાં એક પદ્માકાર આકૃતિ છે જે હૃત્પદ્મ કહેવાય છે. તે અંગાગી સર્વ જીવોમાં આઠ પાંખડીવાળું હોવાથી અષ્ટદલ કહેવાતું અધોમુખ રહેલું હોય છે. એ હૃત્પદ્મના મધ્ય દેશમાં સૂર્યમણ્ડલ, અકાર તથા જાગ્રત્સ્થાન છે. તેની ઉપર ચંદ્રમણ્ડલ ઉકાર તથા સ્વપ્નસ્થાન છે અને તેની ઉપર વહ્નિમણ્ડલ, મકાર તથા સુષુપ્તિસ્થાન છે. તેથી પણ ઉપર સર્વવ્યાપક પરબ્રહ્મ તથા તુરીયાવસ્થાનું સ્થાન છે જેને બ્રહ્મવાદી અર્ધમાત્રા કહે છે. તેની એક કર્ણિકાવિષે સર્વત્રવ્યાપક સહસ્રશાખાવાળો મનોવહાનાડીનું મૂળ છે. એ અલાબુલતાના જેવી મનોવહા નાડીની એક ઊર્ધ્વમુખી શાખા નીકળેલી છે. જે ઠેઠ હિરણ્યગર્ભપર્યન્ત પહોંચેલી છે. એને સુષુમ્ના નાડી શાસ્ત્રમાં કહી છે. એ સુષુ-

ત્માવડે બાહ્ય જે સૂર્યમણ્ડલવગેરે પદાર્થો છે તે સર્વ નથાયેલા છે. જેમ એક સૂત્રમાં અસંખ્ય ફૂલો પરોવાય છે તથા એક નાથથી અનેક બળદો એક સરખી રીતે નાથવામાં આવે છે તેમ શ્રીસૂત્રાત્મા બ્રહ્મા ભગવાનથી એ સુષુમ્ના નાડીરૂપ સૂત્રવડે સર્વ જગત્ પરોવાયેલું વા નથાયેલું છે. હૃદયમાંની સર્વ નાડીઓમાં માત્ર આ જ નાડી ઠેઠ બ્રહ્મરંધ્રપર્યન્ત પહોંચેલી છે. તથા ત્યાંથી નીકળી સૂત્રાત્મામાં મળે છે. શ્રીકઠોપનિષદ્માં કહ્યું છે કે, शतं चैका हृदयस्य नाड्यः तासां मूर्धानमभिनिःसृतैका । હૃદયમાં થઈ જતી મુખ્ય ૧૦૧ નાડી છે. તેમાં મૂર્ધામાં થઈ બહાર ગયેલી એવી તો માત્ર સુષુમ્ના નામની એક જ નાડી છે. આ સર્વ નાડીઓનું ઉત્પત્તિસ્થાન હૃદય નથી, પણ કંદપ્રદેશ છે. શ્રીગોરક્ષશતકમાં કહ્યું છે કે ऊर्ध्वं मेढ्रादधो नाभेः कन्दयोनिः खगाण्डवत् । तत्र नाड्यः समुत्पन्नाः सहस्राणां द्विसप्ततिः ॥ ઉપસ્થથી ઉપર તથા નાભિપ્રદેશથી નીચે અંડાકૃતિ કંદનું સ્થાન છે. એ કંદમાંથી શરીરસ્થ સંપૂર્ણ ૭૨૦૦૦ નાડીઓ ઉત્પન્ન થઈ છે અર્થાત્ એ કંદ સુષુમ્નાનું પણ મૂળ છે એ સુષુમ્ના નાડી ષટ્ ચક્રોના મધ્યમાં થઈને બ્રહ્મરંધ્રપર્યન્ત જાય છે તેથી એ સુષુમ્ના નાડી હૃત્પદ્મઆગળ પણ છે. એ હૃત્પદ્મ જ અધોમુખ છે તથા સંકુચિત છે તેને રેચક પ્રાણાયામ કરી વિકાસ પમાડવામાં આવે છે તથા વિવિધ પ્રાણાયામથી એને ઊર્ધ્વમુખ કરવામાં આવે છે. એમ કરી એની અંદર સુષુમ્ના નાડીમાં બુદ્ધિસત્ત્વને ધારણ કરી રાખવું. આમ કરવાથી કાળે કરી એ બુદ્ધિસત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. એ સાક્ષાત્કાર પ્રથમ પ્રકારની જ્યોતિષ્મતી પ્રવૃત્તિ છે. એ પ્રવૃત્તિ (સાક્ષાત્કાર) જ્યોતિષ્મતી છે કારણ કે બુદ્ધિસત્ત્વ સત્ત્વરૂપ હોવાથી પ્રકાશમય છે. એ પ્રકાશમય બુદ્ધિસત્ત્વમાં નિર્મલ એકાગ્રતા થવાથી બુદ્ધિસાક્ષાત્કાર પણ સૂર્યાદિ પ્રભાસદૃશરૂપે ઉત્પન્ન થાય છે, અર્થાત્ આ પ્રવૃત્તિનો વિષય જ્યોતિષ્માન્ હોવાથી એ પ્રવૃત્તિને પણ જ્યોતિષ્મતી કહે છે. એ પ્રવૃત્તિ થવાથી યોગી સિદ્ધસંકલ્પવાળો થાય છે. તથા તેને અલ્પ કાળમાં વિવેકખ્યાતિનો ઉદય થવા યોગ આવે છે અને તેથી ક્લેશાદિનો નાશ થાય છે. આમ હોવાથી આ પ્રવૃત્તિ વિશોકા પણ છે. આપ્રમાણે બુદ્ધિસત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. તેથી પુરુષનો પણ સહજમાં સાક્ષાત્કાર થઈ વિવેકખ્યાતિનો ઉદય થાય છે. તેથી આ પ્રવૃત્તિ શ્રેષ્ઠ સ્થિતિઉપાય છે.

(૨) અસ્મિતાવિષે સંયમ કરવાથી થતો સાક્ષાત્કાર બીજા પ્રકારની જ્યોતિષ્મતી પ્રવૃત્તિ છે. અસ્મિતા શબ્દથી વાર્તિકકાર પુરુષનું ગ્રહણ કરે છે અને શ્રીવાચસ્પતિમિશ્રવગેરે અહંકારનું ગ્રહણ કરે છે. ત્યાં જો પુરુષ અર્થ લઇએ તો પુરુષ જ્યોતિરૂપ હોવાથી પુરુષસાક્ષાત્કારરૂપ પ્રવૃત્તિ જ્યોતિષ્મતી છે. અને **तरति शोकमात्मवित्**—આત્માનો અપરોક્ષાનુભવ કરનાર પુરુષ શોકોપલક્ષિત ક્લેશમાત્રથી દૂર થાય છે એ શ્રુતિપ્રમાણે એ પ્રવૃત્તિ વિશોકા છે. એ પ્રવૃત્તિનો વિષય જો અહંકાર લઇએ તો એ અહંકાર પણ સાત્ત્વિક હોવાથી અતિપ્રકાશવાળો છે. તેથી એ પ્રવૃત્તિ પણ પ્રથમ પ્રકારની પ્રવૃત્તિમાફક જ્યોતિષ્મતી તથા વિશોકા ઠરે છે.[1]

આ સૂત્રનું તાત્પર્ય એ કે હૃત્પદ્મને ઊર્ધ્વમુખ કરી તેમાં બુદ્ધિસત્ત્વની વા અસ્મિતાની પ્રકાશસ્વરૂપે ધારણા કરવી. તેમ કરવાથી કેટલેક કાળે એ જ્યોતિનો સાક્ષાત્કાર થાય છે. એ સાક્ષાત્કાર ચિત્તસ્થિતિનો હેતુ છે. આ જ પ્રમાણે હૃત્પદ્મમાં સૂર્ય, ચંદ્રાદિ પદાર્થોના સ્થિર પ્રકાશની ધારણા શ્રીસદ્ગુરુની આજ્ઞાનુસાર કરવાથી થતો સાક્ષાત્કાર પણ ચિત્તસ્થિતિમાં હેતુ છે.

આપ્રમાણે આ સૂત્રથી જ્યોતિષ્મતી પ્રવૃત્તિને સ્થિતિના એક ઉપાયરૂપ કહી. હવે અન્ય ઉપાય કહે છે:—

वीतरागविषयं वा चित्तम् ॥ ३७ ॥

સૂત્રાર્થ:—અથવા તો જે ચિત્તમાંથી રાગદ્વેષાદિ જતા રહ્યા છે તેને આલંબન કરનાર યોગીનું ચિત્ત પણ સ્થિતિને પામે છે.

વીત૦—જેના રાગ, દ્વેષ વગેરે વિકારો જતા રહ્યા છે તેને. તેથી વીતરાગ પદથી વ્યાસ, શુક વગેરે પુરુષો જેમનાં ચિત્ત રાગ, દ્વેષાદિ રહિત થયાં છે તેમનું ગ્રહણ થાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે વીતરાગ પુરુષોને ધ્યેયરૂપે લેવાથી યોગીનું ચિત્ત, ધ્યાતા ધ્યેયરૂપ થાય છે, એ નિયમાનુસાર રાગ, દ્વેષાદિથી રહિત થઇ શાંત થાય છે અર્થાત્ સ્થિતિને પામે છે.

આપ્રમાણે આ ઉપાયનું પ્રતિપાદન કરી હવે અન્ય ઉપાય કહે છે.

---

૧. જ્યારે પુરુષરૂપ અર્થ લઇએ ત્યારે પછી આ પ્રવૃત્તિથી પુરુષસાક્ષાત્કાર થઇ જાય છે.તેથી એ જાતે જ વિવેકખ્યાતિરૂપે થઇ, તો પછી એને સ્થિતિના ઉપાયરૂપ શા માટે લેવી એ વિચારવાનું છે.

स्वप्ननिद्राज्ञानालंबनं वा ॥ ३८ ॥

સૂત્રાર્થ:—અથવા તો સ્વપ્નજ્ઞાનને તથા નિદ્રાજ્ઞાનને આલંબન કરનાર યોગીનું ચિત્ત પણ સ્થિતિપદને પામે છે.

स्वप्न०—એટલે સ્વપ્નજ્ઞાન તથા નિદ્રાજ્ઞાન જેનું આલંબન છે એવું ચિત્ત.

वा—પદથી પૂર્વ સાધનોથી આનો વિકલ્પ કહ્યો છે.

આ સૂત્રથી એ કહ્યું કે જે યોગીનું ચિત્ત સ્વપ્નજ્ઞાન તથા નિદ્રાજ્ઞાનને સર્વત્ર વિષય કરે છે તે કાળે કરીને સ્થિતિને પામે છે. આ સ્વપ્નજ્ઞાન એટલે મિથ્યાબુદ્ધિ+. બાહ્ય વિષયોના અભાવ છતાં જીવ સ્વાનિર્મિત અને વ્યવહારસત્તાશૂન્ય પદાર્થોને જુએ છે તે સ્વપ્નાવસ્થા કહેવાય છે. * જગત્ પ્રપંચ પણ સત્તાશૂન્ય છે અર્થાત મિથ્યા છે એ પ્રકારના જગતવિષેના સ્વપ્નરૂપ જ્ઞાનને આલંબન કરનાર ચિત્ત પણ વિરાગાદિદ્વારા સ્થિતિને પામે છે. યોગવાર્તિકમાં કહ્યું છે કે दीर्घस्वप्नमिमं विद्धि दीर्घं वा चित्तविभ्रमम् આ જગતને દીર્ઘ સ્વપ્નરૂપ અથવા તો દીર્ઘ ચિત્તવિભ્રમરૂપ જાણ. આ પ્રકારની બુદ્ધિ સર્વત્ર કરવાથી ચિત્ત સ્થિતિને પામે છે. અથવા તો યોગીએ સર્વત્ર નિદ્રાજ્ઞાનને આલંબન કરવું. ત્યાં નિદ્રાનું લક્ષણ તો આગળ કહી ગયા છીએ. એ નિદ્રામાં સમગ્ર જાગ્રત્ સ્વપ્ન પ્રપંચનો અભાવ પ્રતીત થાય છે. તેથી નિદ્રાજ્ઞાનનો અર્થ શૂન્યબુદ્ધિ છે. તેથી એ થયું કે જગત્‌વિષે શૂન્યબુદ્ધિ કરવાથી પણ ચિત્ત સ્થિતિને પામે છે. આ ભાવના પણ ઉત્તમ છે. નાસ્તિકવાદી બુદ્ધે પણ પોતાના શિષ્યોને शून्यं शून्यमिति भावयेत् શૂન્ય છે શૂન્ય છે એ

+ વાચસ્પતિમિશ્ર સ્વપ્નજ્ઞાનનો જગત્‌વિષે સ્વપ્નબુદ્ધિ અર્થ નહિ લેતાં જ્ઞાનનો અર્થ જ્ઞેય લે છે અથવા તો स्वप्ने ज्ञानं यस्य तत् એવો વિગ્રહ કરી આપમાણે કહે છે કે કોઈ વખતે સ્વપ્નમાં જ્યારે વિવિક્ત વનની સમીપ રહેલી, ચંદ્રકિરણથી પણ કોમળ પદ્મતંતુસદૃશ અંગપ્રત્યંગવાળી, ચંદ્રકાન્ત મણિના સમાન તથા અત્યંત સુગંધવાળી, માલતી વગેરે પુષ્પોની વનમાળાથી અતિ મનોહર શ્રીમહેશ્વર ભગવાનની પ્રતિમાને આરાધન કરતો કરતો પુરુષ જાગ્રત્ થાય છે ત્યારે જાગ્રત્‌માં પણ તેજ પ્રતિમાને ધ્યેય ગણી સેવે તો તેથી તેનું ચિત્ત સ્થિતિને પામે છે.

*સ્વપ્નાવસ્થામાં મિથ્યા પદાર્થો થાય છે કે જાગ્રતની માફક

પ્રકારની ભાવના કરવી—એ વચનથી સર્વત્ર જગત્‌માં શૂન્યબુદ્ધિ કરવાની કહી છે. યોગવાર્તિકમાં પણ चराचरं लयइव प्रसुप्तमिह पश्यताम् એ ચરણથી એ જ અર્થ કહ્યો છે કે, સંપૂર્ણ પ્રપંચને પ્રલયની માફક અભાવને પામેલો જ આ ક્ષણે પણ તું જો. તેથી આ બુદ્ધિ પણ ચિત્તની સ્થિતિમાં હેતુરૂપ છે.

આપ્રમાણે કેટલાક સ્થિતિના ઉપાયો કહ્યા. તોપણ માણસોની પ્રકૃતિ ભિન્ન ભિન્ન હોવાથી કોઈને કોઈ પદાર્થ રુચે તો અન્યને અન્ય જ રુચે તેથી, તથા કોઈ પણ વિષયમાં ચિત્ત સ્થિતિને પામે છે તો પછી વિવેકખ્યાતિપર્યન્તના વિષયોમાં પણ સહેલથી સ્થિતિને પામી શકે છે તેથી હવે રુચિઅનુસાર અધિકારપ્રમાણે ધ્યેય લેવારૂપ સ્થિતિનો ઉપાય બતાવી એ પ્રકરણનો ઉપસંહાર કરે છે.

यथाऽभिमतध्यानाद्वा ॥ ३९ ॥

સૂત્રાર્થ:—અથવા તો રુચિઅનુસાર ધ્યેયનું ધ્યાન કરવાથી પણ ચિત્ત સ્થિતિને પામે છે.

આ સૂત્રથી અભિમત પદાર્થને ધ્યેયરૂપ લેવા કહ્યું. ત્યાં પદાર્થો બે પ્રકારના હોય છે (૧) આભ્યન્તર અને (૨) બાહ્ય. તેમાં આભ્યંતર પદાર્થોમાં જે પ્રાયશ: ધ્યેયરૂપ લેવાય છે તે હૃત્પદ્મ વગેરે તથા ષટ્ ચક્રો છે. ઉપસ્થ તથા પાયુના મધ્ય પ્રદેશમાં ચતુર્દલ આધાર નામનું ચક્ર છે. ઉપસ્થની ઉપર ગુહ્ય પ્રદેશમાં ષડ્દલયુક્ત સ્વાધિષ્ઠાન નામનું ચક્ર છે; નાભિના પ્રદેશમાં દશદલયુક્ત મણિપુર નામનું ચક્ર છે, હૃદયદેશઆગળ દ્વાદશદલયુક્ત અનાહત નામનું ચક્ર છે, કણ્ઠદેશઆગળ ષોડશદલયુક્ત વિશુદ્ધ નામનું ચક્ર છે તથા ત્રિકુટિસ્થાન આગળ બે દલયુક્ત આજ્ઞા નામનું ચક્ર છે. આ છ ચક્રોને યોગશાસ્ત્રમાં ષટ્ચક્ર નામ આપ્યું છે. શ્રીગરુડપુરાણમાં आधारं तु चतुर्दलानलसमं वासान्तवर्णाश्रयम् । स्वाधिष्ठानमपि प्रभाकरसमं बालान्तषट्पत्रकम् ॥ ઇત્યાદિ શ્લોકથી આ ષટ્ ચક્રના ધ્યાનનો પ્રકાર આપ્રમાણે બતાવ્યો છે કે પ્રથમ ચક્રની ચાર પાંખડીઓ व, श, ष અને स એ ચાર અક્ષરથી અંકિત છે તેમાં શ્રીગણેશનું ધ્યાન કરવું. બીજું ચક્ર જે ब થી માંડી ल સુધીના છ

સત્ત્વ ઉત્પન્ન થાય છે એ ચર્ચા આ સ્થળે ઉપયોગી નહિ હોવાથી પ્રકૃત અર્થને ઉપયોગી લોકસિદ્ધઅર્થ સ્વપ્નાવસ્થાનો લીધો છે.

અક્ષરોથી અંકિત થયેલા છ દલવાળું છે તેમાં શ્રીબ્રહ્મા ભગવાનનું ધ્યાન કરવું. ત્રીજું જેનાં દલો ड થી फ સુધીના અક્ષરોથી અંકિત છે તેમાં શ્રીવિષ્ણુભગવાનનું ધ્યાન કરવું. ચોથું જેનાં દલો क થી તે ठ સુધીના અક્ષરથી અંકિત છે તેમાં શ્રીમહાદેવનું ધ્યાન કરવું. પાંચમું કે જેનાં દલો अ થી તે अः સુધીના ષોડશ અક્ષરથી અંકિત છે તેમાં જીવાત્માનું ધ્યાન કરવું અને છઠું કે જેનાં દલો ह અને क्ष એ બે અક્ષરથી અંકિત છે તેમાં શ્રીસદ્ગુરુનું ધ્યાન કરવું. આવગેરે અન્ય અનેક પ્રકારે પણ આ ષટ્ચક્રોનું ધ્યાન કરવામાં આવે છે. એ ધ્યાન પણ શ્રીસદ્ગુરુની આજ્ઞાનુસાર ગ્રહણ કરી યોગ્ય રીતે કરવામાં આવે તો ચિત્તની સ્થિતિ કરનાર થાય છે.

બાહ્ય પદાર્થોમાં બ્રહ્મા, વિષ્ણુ, રુદ્રવગેરેની પ્રતિમાઓવગેરેનું ગ્રહણ થાય છે. તેમ જ બહિર્ દેશમાં ધરાતા ચંદ્ર, સૂર્ય, વિદ્યુત વગેરે પદાર્થો પણ આ સ્થળે ગ્રહણ કરાય છે. ટુંકામાં કહીએ તો यद्यद् विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव च । ઇત્યાદિ ગીતાવાક્યથી બોધન કર્યાપ્રમાણે વિભુતિવાળો પ્રત્યેક પદાર્થ ધ્યેયરૂપે લઇ શકાય છે. તેમાં પણ એ સર્વ પદાર્થોની જડરૂપે ઉપાસના કરવી અધિક યોગ્ય નથી. પણ જ્યાં જ્યાં અભિમાની હોય ત્યાં ત્યાં તો તે તે અભિમાનીની તે પદાર્થમાં દૃષ્ટિ કરવી અને જ્યાં કોઈ અભિમાની નહિ હોય ત્યાં સમષ્ટિના અભિમાની ઇશ્વરની દૃષ્ટિ કરવી, અર્થાત્ ઇશ્વરબુદ્ધિથી ધ્યાન કરવું. શ્રીબાદરાયણ સૂત્રમાં પણ નિકૃષ્ટ પદાર્થમાં ઉત્કૃષ્ટ પદાર્થની દૃષ્ટિ કરવાનો ન્યાય ब्रह्मदृष्टिरुत्कर्षात् એ સૂત્રથી સિદ્ધાન્તિત કર્યો છે.

આ રીતે આ સૂત્રથી રુચિઅનુસાર ધ્યેય લેવા કહ્યું. પણ તેમાં પુરુષે એ ખાસ લક્ષમાં રાખવું જરૂરનું છે કે તેણે સ્ત્રીપ્રતિમાને ધ્યેયરૂપે આલંબન કરતાપૂર્વે સાવધ રહેવું. કારણ કે સ્ત્રીપ્રતિમાને ધ્યેય લેવાથી પ્રસંગે આપણા મહાકવિયોની આખ્યાયિકામાં સાંભળવામાં આવે છે તેમ ચિત્તસ્થિતિ દૂર રહી જતાં અધોગતિ પામવાનો વખત આવી પડે છે.

આપ્રમાણે ચિત્તની સ્થિતિમાં સહાયરૂપ ઉપાયો કહ્યા. એ ઉપાયોનું અનુષ્ઠાન સાધકે દીર્ઘકાળપર્યન્ત કરવું, તથા જ્યારે એ ઉપાયોની નિષ્પત્તિ એટલે સિદ્ધિ થાય ત્યારે એ ઉપાયથી વિરમવું. ત્યાં એ ઉપાયની સિદ્ધિ થઈ ક્યારે જાણવી એ જાણવું આવશ્યક

છે. તે પ્રતિપાદન કરવા સૂત્રકાર હવે કહે છે કે

परमाणुपरममहत्त्वान्तोऽस्य वशीकारः ॥ ४० ॥

સૂત્રાર્થ:—પરમાણુથી તે પરમ મહત્ત્વવાળા પદાર્થપર્યન્ત સર્વ એ સાધકને વશ વર્તે છે અર્થાત્ એ સર્વમાં એ સાધકનું ચિત્ત સ્થિતિ પામે છે.

परमा०—આ સ્થળે **परमं महत्त्वं येषां ते परममहत्त्वाः** એમ બહુવ્રીહિ સમાસથી પરમાણુથી તે પરમમહત્ત્વવાળા પુરુષ વગેરે વિભુ પદાર્થોસુધી એ અર્થ થાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે જ્યારે ઉપર બતાવેલાં પરિકર્મથી યોગીનું ચિત્ત યથાર્થ સ્થિતિને પામે છે ત્યારે તે યોગી સૂક્ષ્મ પદાર્થમાં પરમાણુસુધી એટલે અતિ સૂક્ષ્મ પદાર્થસુધી અને મહાન્ પદાર્થમાં પરમ મહત્ત્વવાળા પદાર્થસુધી અર્થાત્ પરમાણુથી માંડી વિભુ પદાર્થસુધીના પદાર્થોમાંથી ગમે તે પદાર્થમાં ચિત્ત ધારણ કરવા માગે છે તો તે પ્રત્યેકમાં ચિત્તને યથાર્થ સ્થિતિને પમાડી શકે છે. તાત્પર્ય કે જ્યારે અતિ સૂક્ષ્મથી તે અતિપ્રમાણયુક્ત પદાર્થપર્યન્તના પ્રત્યેક પદાર્થમાં ચિત્ત સ્થિતિને પામી શકે એવું સામર્થ્ય યોગીમાં આવે છે ત્યારે જ તે યોગીએ પરિકર્મથી પોતાનું ચિત્ત ધ્યેય વિષયમાં યથાર્થ સ્થિતિને પામેલું સમજવું. આ પ્રકારનો જે વશીકાર અભ્યાસવાળા સાધકને થાય છે તેને વશીકારસંજ્ઞા વૈરાગ્યની અપેક્ષાથી પરવશીકર કહે છે. વશીકારસંજ્ઞારૂપ વૈરાગ્ય અપર વશીકાર છે. કેમકે તે વશીકાર સિદ્ધ થયા પછી પણ સાધકને અભ્યાસકૃત વશીકારની આવશ્યકતા રહે છે એટલે અભ્યાસકૃત વશીકારની પ્રાપ્તિમાટે પરિકર્મરૂપ સાધનોનું અનુષ્ઠાન કરવાનું રહે છે; અને આ અભ્યાસકૃત વશીકારની પ્રાપ્તિ થઈ એટલે કોઇ પણ પરિકર્મનું અનુષ્ઠાન કરવું અવશિષ્ટ રહેતું નથી. કારણ કે પરિકર્મથી જે ભારેમાં ભારે ફલ મેળવવાનું છે તે તો એણે મેળવ્યું છે. આ કારણથી આ વશીકારને પરવશીકાર કહે છે તે યોગ્ય છે. આ વશીકારની પ્રાપ્તિ થવાથી યોગી સંપૂર્ણ પરિકર્મને છોડી દે છે.

આપ્રમાણે અભ્યાસ, વૈરાગ્યવગેરે તથા વિવિધ પરિકર્મરૂપ

યોગના ઉપાયો કહ્યા, તથા સામાન્યરીતે બંને પ્રકારના યોગનું સ્વરૂપવગેરે પણ બતાવ્યું. હવે માત્ર એ યોગનું ફલ કહેવું અવશિષ્ટ છે. તે બતાવવા આ પાદનાં અવશિષ્ટ સૂત્રોનો આરંભ છે. તેમાં સંપ્રજ્ઞાત યોગ પ્રથમ થતો હોવાથી ધ્યાન તથા સમાધિથી વ્યાવૃત્ત સંપ્રજ્ઞાત યોગનું ફલ પ્રથમ કેટલાંક સૂત્રોથી કહે છે. એ ફલ તે ધ્યેયપદાર્થના અશેષ વિશેષનો સાક્ષાત્કાર છે. એ ફલ ધ્યાનાદિમાં થતું નથી. કેમકે એ અવસ્થામાં ચિત્ત ધ્યેયરૂપ આલંબનનું સમગ્રરૂપે ગ્રહણ કરવું હોતું નથી. તેમાં પણ પ્રથમ સામાન્યરૂપે પ્રતિપાદન કરી પછી વિશેષરૂપે પ્રતિપાદન કરવું યોગ્ય હોવાથી એ ધ્યેયગત અશેષ વિશેષના સાક્ષાત્કારરૂપ ફલનું પ્રથમ સામાન્યરૂપે પ્રતિપાદન કરે છે.

क्षीणवृत्तेरभिजातस्येव मणेर्ग्रहीतृग्रहणग्राह्येषु तत्स्थतदञ्जनता समापत्तिः ॥४१॥

સૂત્રાર્થ:—જેમ શુદ્ધ થયેલો સ્ફટિક મણિ (તત્ તત્ ઉપાધિના સાંનિધ્યથી) તત્ તદ્ ઉપાધિના રૂપને પામે છે તેમ ધ્યેયાતિરિક્ત સકલ વૃત્તિ જેની નિરુદ્ધ થઇ ગઇ છે એવું શુદ્ધ ચિત્ત આત્મા, ઇન્દ્રિય તથા વિષયોરૂપ સકલ આલંબનવિષે પૂર્ણ એકાગ્ર થવાથી યોગશાસ્ત્રમાં સમાપત્તિ શબ્દથી ઓળખાતી તે તે આલંબનના આકારને પામવારૂપ તદંજનતાને પામે છે.

क्षीणवृत्तेः—क्षीणाः वृत्तयः यस्य तस्य—જે ચિત્તની ધ્યેયાતિરિક્ત સકલ વૃત્તિઓ પ્રક્ષીણ-નિરુદ્ધ થઇ ગઇ છે તે ચિત્તની. ધ્યેય વસ્તુને સમગ્રરૂપે ગ્રહણ કરવામાં અન્ય પ્રમાણાદિવૃત્તિસહિત રાજસ તામસ વૃત્તિમાત્ર વિરોધી હોવાથી એ વૃત્તિઓ ધ્યેયસાક્ષાત્કારપ્રતિ મણિગત મળસ્થાનીય છે, એટલે કે જેમ મળયુક્ત મણિ હોય તો તે જપાકુસુમવગેરેના રૂપને ગ્રહણ કરી શકતો નથી તેમ ચિત્તની ધ્યેયાતિરિક્ત વૃત્તિઓરૂપ મળ જાગ્રત્ હોય તો તે ચિત્ત પણ ધ્યેયનું સર્વાંશે ગ્રહણ કરી શકતું નથી.

अभिजातस्य इव—એટલે સ્વચ્છ, જેમાંથી મળ દૂર કરેલો છે એવું. આ પદનો અન્વય દૃષ્ટાન્ત બતાવનાર मणेः પદસાથે છે. આ પદના પ્રતિબિંબરૂપ દાર્ષ્ટાન્તિકગત વિશેષણનું પ્રતિપાદન કરનાર શબ્દ क्षीणवृत्तेः છે.

ग्रहीतृ०—એટલે ગૃહીતૃ, ગ્રહણ અને ગ્રાહ્યવિષે. ગૃહીતૃ એ-

ટલે દ્રષ્ટા પુરુષ. ગ્રહણ એટલે गृह्यन्ते एभिरर्थाः–જેનાવડે અર્થનું ગ્રહણ થાય છે તે. અને ગ્રાહ્ય એટલે શબ્દાદિ ગ્રહણ થતા સ્થૂલ સૂક્ષ્મ પદાર્થો; એ ત્રણ વિષે. પૂર્વે પ્રતિપાદન કરયાપ્રમાણે સમાધિની ભૂમિકામાં પ્રથમ ગ્રાહ્ય, પછી ગ્રહણ અને અંતે ગૃહીતૃ એ ક્રમથી આલંબન લેવાય છે તેથી એ સમાધિના ફલરૂપ જે સમાપત્તિ થાય તે એ જ ક્રમપ્રમાણે થવાની. તેથી ભૂમિકા ક્રમપ્રમાણે ग्राह्यग्रहणगृहीतृषु એ પ્રમાણે સૌત્રપાઠ હોવો જોઇએ. છતાં આ સ્થળે ભૂમિકાક્રમ વિવક્ષિત નથી તેથી પ્રથમ ગૃહીતૃનું તથા અંતે ગ્રાહ્યનું ગ્રહણ કર્યું છે.

तत्स्थतदञ्जनता–तत्स्थस्य तत्स्थितस्य तदञ्जनता[1]—તેમાં (ગ્રાહ્યાદિમાં) પરિપૂર્ણ થયેલા ચિત્તની જે તદંજનતા એટલે તદાકારતાપત્તિ તે. આગળ કહી ગયા છીએ કે ચિત્તની અર્થાકારતા એ જ (ચિત્ત જ્યારે અર્થાકાર પરિણામને પામે છે ત્યારે જ) અર્થનું ગ્રહણ છે તેથી અર્થાકારતાની પ્રાપ્તિરૂપ તદંજનતાનો પણ અર્થ સાક્ષાત્કાર જ પર્યવસિત થાય છે. तत्स्थ પદ ષષ્ઠ્યન્ત હોવાથી ‘તે તે અર્થમાં પૂર્ણ એકાગ્રતાને પામેલા ચિત્તની’ એ અર્થનું બોધન કરે છે. એ પદ સાભિપ્રાય છે એટલે આ અર્થ પર્યવસિત થાય છે કે ધ્યેય અર્થમાં સમાહિત ચિત્તને તે સમાધિથી અર્થાકારતા થાય છે અર્થાત્ તદંજનતાપ્રતિ સમાધિ હેતુરૂપ છે. આપ્રમાણે तत्स्थ० પદ ગૌણભાવને પામેલું હોવાથી આ સૂત્રથી પ્રધાનપણે ત્રણ પ્રકારની સમાપત્તિનું (તદંજનતાનું) પ્રતિપાદન થાય છે અને ગૌણપણે ફલભેદથી અથવા વિષય અને પ્રકારના ભેદથી સ્વતઃ એક પ્રકારના સંપ્રજ્ઞાત યોગના પણ ત્રણ વિભાગનું પ્રતિપાદન કરાય છે.

समापत्तिः—सम्यक् (ग्राह्याद्याकारतायाः) आपत्तिः प्राप्तिः—રૂડે પ્રકારે અર્થાત્ પૂર્ણ રીતે આલંબનના આકારને પામવું તે. આ શબ્દ યોગશાસ્ત્રનો પારિભાષિક શબ્દ ગણવાયોગ્ય છે, છતાં વપરાયેલો છે તો એના યોગજન્ય અર્થમાં જ સમાપત્તિ શબ્દથી તદાકાર પરિણામને પામેલી વૃત્તિનું બોધન થાય છે. અને તદાકાર પરિણામને પામેલી વૃત્તિ પ્રત્યક્ષવૃત્તિ હોય છે એ આગળ કહી ગયા છીએ, તેથી સમાપત્તિ પદથી સાક્ષાત્કારરૂપ પ્રત્યક્ષવૃત્તિનો બોધ થાય છે.

૧ કોઇ કોઇ સ્થલે तत्स्थનો અર્થ तत्स्थता આપ્યો છે તથા તેમાં સ્થિતિ પામવારૂપ જે તદંજનતા એવો અર્થ કરયો છે. तत्स्थता=તેમાં એકાગ્રતા. तदंजनता=તન્મયતા.

આ સૂત્રનો અન્વય આપ્રમાણે છે:—अभिजातस्य मणेरिव क्षीणवृत्तेः (चित्तस्य) गृहीतृग्रहणग्राह्येषु तत्स्थ (तत्स्थितत्तया) तदञ्जनता (जायते सा) समापत्तिः। તેથી એનો અર્થ એ થયો કે જેમ મળ દૂર થવાથી શુદ્ધ થયેલો સ્ફટિક મણિ જપાકુસુમ વગેરે ઉપાધિના સાંનિધ્યથી તે તે આકારને પામેલો દેખાય છે, એટલે કે જેમ શુદ્ધ થયેલો મણિ જપાકુસુમના સાંનિધ્યથી તેના રૂપથી ઉપરાગ પામી તે ઉપાધિના લોહિત્યાદિ આકારવાળો દેખાય છે તેમ ધ્યેયાતિરિક્ત વૃત્તિરૂપ મળ જેના દૂર થઈ ગયા છે એવું શુદ્ધ ચિત્ત પણ ગ્રાહ્યવગેરે વસ્તુમાં એકાગ્ર થવાથી ગ્રાહ્યવગેરે વસ્તુના આકારવાળું થઈ રહેલું ભાસે છે. ચિત્તની આ પ્રકારની દશાને અંજનતા વા સમાપત્તિ કહે છે. ચિત્ત જાતે સર્વ વસ્તુનું ગ્રહણ કરવા સમર્થ છે. છતાં વિષયવ્યાસંગરૂપ દોષથી એનું એ સામર્થ્ય પ્રતિબદ્ધ થઈ ગયું છે. તેથી જ્યારે એ દોષને દૂર કરવામાં આવે છે ત્યારે ચિત્ત સ્ફટિકમણિના જેવું શુદ્ધ થાયછે. આમ થવાથી જેમ કુસુમવગેરે ઉપાધિવશાત્ સ્ફટિક મણિ તે તે ઉપાધિના પ્રતિબિંબવાળો થઇ તે તે રૂપવાળો થયેલો ભાસેછે તેમ ગ્રાહ્યવસ્તુરૂપ આલંબનના પ્રતિબિંબવાળું અને તેથી ગ્રાહ્યગત વિશેષાકારવાળું ચિત્ત ગ્રાહ્યાકારરૂપે જ સાક્ષીને ભાસે છે; અર્થાત્ ગ્રાહ્યગત સમગ્ર વિશેષનું સાક્ષીને ભાન કરાવેછે. ગ્રાહ્ય વિષયોમાં સ્થૂલ ભૂતરૂપ પૃથિવ્યાદિ તત્ત્વો, ભૂતસૂક્ષ્મરૂપ શબ્દાદિ તન્માત્રાથી તે પ્રકૃતિપર્યન્તનાં તત્વો તથા વિશ્વભેદરૂપ ઘટ, પટાદિ સ્થાવર જંગમ પદાર્થોનું ગ્રહણ થાય છે. એ સર્વમાંથી જે ધ્યેય હોય તેમાં એકાગ્ર થવાથી ચિત્ત તદાકારને પામે છે. એ સમાપત્તિરૂપ સાક્ષાત્કારને ગ્રાહ્યાંજનતા વા ગ્રાહ્યસમાપત્તિ કહે છે. એ જ પ્રમાણે ગ્રહણરૂપ ઇન્દ્રિયોની અથવા અંતઃકરણની ભાવનાથી તેમાં એકાગ્રતાને પામેલું ચિત્ત એ ધ્યેયના અશેષ વિશેષવાળું થયેલું સાક્ષીને ભાસે છે. આ ગ્રહણગત અશેષ વિશેષનો સાક્ષાત્કાર તે ગ્રહણસમાપત્તિ વા ગ્રહણાંજનતા કહેવાય છે. તે જ પ્રમાણે દ્રષ્ટાપુરુષનો સાક્ષાત્કાર ગૃહીતૃસમાપત્તિ વા ગૃહીત્રંજનતા કહેવાય છે.

આપ્રમાણે આ સૂત્રથી યોગશાસ્ત્રનો મુખ્ય સિદ્ધાન્ત બતાવ્યો કે ચિત્ત જે જે વિષયમાં પૂર્ણ એકાગ્રતાને પામે છે તે તેરૂપ થઈ રહેલું ભાસે છે. પ્રસંગવશાત્ वृत्तिसारूप्यमितरत्र એ સૂત્રમાં તથા પ્રત્યક્ષનું નિરૂપણ કરવાના પ્રસંગે પણ આ સિદ્ધાન્તનું વિવ-

રણ કરયું છે. આ સિદ્ધાન્ત કેવલ યોગશાસ્ત્રને જ માન્ય છે એમ નથી. અન્ય શાસ્ત્રકારોને પણ એ સંમત છે. શ્રીવેદાન્તપરિભાષામાં પ્રત્યક્ષનિરૂપણપરિચ્છેદમાં વૃત્તિ અર્થાકાર પરિણામને પામે છે ત્યારે પ્રત્યક્ષ થાય છે એવું સ્પષ્ટ કહ્યું છે. શ્રીમત્ શંકરાચાર્યે શ્રીવિવેકચૂડામણિ નામના ગ્રંથમાં કીટભૃંગના સર્વત્ર પ્રચલિત દૃષ્ટાન્તથી આ અર્થનું સમર્થન કરયું છે. ત્યાં કહ્યું છે કે—

क्रियान्तरासक्तिमपास्य कीटको
ध्यायन्नलित्वं ह्यलिभावमृच्छति ।
तथैव योगी परमात्मतत्त्वं
ध्यात्वा समायाति तदेकनिष्ठया ॥

જેમ અન્ય ક્રિયાપ્રવૃત્તિની આસક્તિ છોડી દઈ કીટ એકભાવે અલિનું ધ્યાન કરે છે તો તે અલિત્વને પામે છે, તેમ યોગી પણ પરમાત્મતત્ત્વનું ધ્યાન કરે છે તો તેમાં એકનિષ્ઠા થવાથી તે રૂપને પામેછે. *સાંખ્યસારમાં પણ यत्र यत्र मनो देही धारयेत्सकलं धिया। स्नेहाद् द्वेषाद् भयाद वाऽपि याति तत्तत्सरूपताम् । ઇત્યાદિ વચનથી એ જ કહ્યું છે કે જે જે વિષયમાં પ્રાણી સ્નેહ, દ્વેષ વા ભયે કરીને પોતાના મનને એક નિષ્ઠાથી ધારણ કરે છે તે તે વિષયના સારૂપ્યને તે મન પામે છે. રાવણ, શિશુપાલ, ગોપીકા તથા પ્રહ્લાદ-એ સર્વની ઇષ્ટાકારપ્રાપ્તિ આ નિયમથી જ થઇ છે. આ રીતે આ સિદ્ધાન્ત સર્વત્ર માન્ય છે એમાં સંદેહ નથી.

આપ્રમાણે આ સૂત્રથી ગ્રાહ્યસમાપત્તિ, ગ્રહણસમાપત્તિ અને ગ્રહીતૃસમાપત્તિ એમ સામાન્ય રીતે સમાધિના ફલના વિભાગ પાડી બતાવ્યા, તેમાં પણ तत्स्थ પદથી ગ્રાહ્યવિષયમાં સંપ્રજ્ઞાતયોગથી ગ્રાહ્યસમાપત્તિ થાય છે, ગ્રહણવિષયમાં થતા સંપ્રજ્ઞાતયોગથી ગ્રહણવિષયમાં સમાપત્તિ થાય છે વગેરે સૂચવ્યું છે, તેથી તદ્દ્વારા ' યદ્યપિ પૂર્વે ૧૭ મા સૂત્રમાં સંપ્રજ્ઞાત યોગના સાધારણ રીતે ચાર વિભાગ પાડ્યા છે તોપણ તેના વિશેષ વિભાગ કરી વિસ્તારથી પ્રતિ-

---

* આ શ્લોકમાં क्रियान्तरासक्तिमपास्य એ પદથી બોધન કરાયેલો અર્થ પ્રકૃત સૂત્રમાં क्षीणवृत्तः પદથી બોધન કરાય છે. तदेकनिष्ठया નો અર્થ तत्स्थस्य વા तत्स्थिततया થી અને समायाति નો समापत्तिः થી બોધન કરાય છે.

પાદન કરવાના આશયથી) આ સ્થળે સંપ્રજ્ઞાત યોગના સામાન્ય રીતે ત્રણ વિભાગ પાડ્યા છે. (૧) ગ્રાહ્યવિષયક સંપ્રજ્ઞાત (૨) ગ્રહણવિષયક સંપ્રજ્ઞાત અને (૩) ગ્રહિતૃવિષયક સંપ્રજ્ઞાત.

આ રીતે સામાન્ય રીતે વિભક્ત થયેલા સંપ્રજ્ઞાતયોગનું તથા સમાપત્તિનું વિશેષરૂપે પ્રતિપાદન કરવું બાકી છે. તે પ્રતિપાદન કરવા ઉત્તર સૂત્રોનો આરંભ કર્યો છે. ત્યાં પ્રથમ સ્થૂલ વિષયમાં થતો સંપ્રજ્ઞાતયોગ જે પૂર્વે સવિતર્ક કહ્યો છે, તેના તથા તેથી થતી સમાપત્તિના બે વિભાગનું પ્રથમ પ્રતિપાદન કરવા ઉત્તર બે સૂત્રો રચે છે. એ બે વિભાગમાં ભૂમિકાક્રમપ્રમાણે પ્રથમ સવિતર્કા સમાપત્તિ થાય છે, તેનું પ્રથમ પ્રતિપાદન કરે છે.

(तत्र) शब्दार्थज्ञानविकल्पैः संकीर्णा सवितर्का समापत्तिः ॥४२॥

સૂત્રાર્થઃ—(ત્યાં) અત્યંત ભિન્ન એવા શબ્દ, અર્થ અને જ્ઞાનના પરસ્પરના અભેદજ્ઞાનરૂપ વિકલ્પથી યુક્ત, અર્થાત્ જેમાં શબ્દ તથા જ્ઞાનથી અભેદરૂપે વિકલ્પિત અર્થ જ્ઞેય થાય છે તે, સ્થૂલવિષયક સાક્ષાત્કાર સવિતર્કા સમાપત્તિ છે.

આવતા ૪૪ મા સૂત્રમાં સૂક્ષ્મવિષયક સમાપત્તિનું પ્રતિપાદન કરવું છે તેથી આ બે સૂત્રોમાં [૪૨ તથા ૪૩ માં] સ્થૂલવિષયક સમાપત્તિનું પ્રતિપાદન કરવું છે એ સિદ્ધ થાય છે. ત્યાં સૂક્ષ્મનું શાસ્ત્રીય લક્ષણ લઇએ તો કાર્ય માત્ર જે અન્ય તત્ત્વના કારણરૂપ નથી તે સ્થૂલમાં આવી જાય છે એટલે કે પાંચ ભૂતના અણુથી તે તેમનાં કાર્યરૂપ સમગ્ર સ્થૂલ પદાર્થો તથા કેવળ કાર્યરૂપ હોવાથી ઇન્દ્રિયો એ સર્વ સ્થૂલમાં આવી જાય છે.[1]

तत्र—આ પદ કેટલીક આવૃત્તિમાં જોવામાં આવતું નથી. પૂર્વે સૂત્રમાં જે સાધારણ રીતે 'ત્રિવિધ સમાપત્તિ કહી તે સર્વમધ્યે' એ અથવા તેમાંથી 'જે ગ્રાહ્યસમાપત્તિ કહી છે તે મધ્યે' એ અર્થ આ પદનો છે.

शब्दार्थ०—संकीर्णाः—શબ્દ, અર્થ અને જ્ઞાન એ ત્રણના પરસ્પરવિકલ્પથી યુક્ત. शब्द એટલે વર્ણોની આનુપૂર્વીથી થયેલાં રામા-

૧ પૂર્વે ૧૭મા સૂત્રના ટિપ્પણમાં આ સંબંધથી અર્થ વિસ્તારથી સ્પષ્ટ કરવો છે તેથી અત્ર પુનરુક્ત કરી નથી. તેમ જ ભ્રાન્તિનો અવકાશ નથી.

દિ પદો અથવા વર્ણક્રમવિનાનો, વર્ણોના સંસ્કારથી અભિવ્યક્ત થયેલો ધ્વનિરૂપ શબ્દ જે સ્ફોટ કહેવાય છે તે. અર્થ એટલે વાચક શબ્દ જે અર્થમાં સંકેતિત થયો હોય છે તે અર્થરૂપ વસ્તુ. જ્ઞાન એટલે અંતઃકરણની અર્થાકાર પરિણામને પામેલી વૃત્તિ. આ ત્રણ પદાર્થો વસ્તુતઃ ભિન્ન ભિન્ન છે. કારણ કે એ ત્રણે ભિન્ન ભિન્ન ધર્મોના આશ્રયરૂપ છે. શબ્દમાં ઉદાત્તપણું, તારત્વ, મંદત્વ, વગેરે ધર્મો રહેલા હોય છે; અર્થમાં જડપણું, મૂર્તત્વ વગેરે ધર્મો હોય છે; તથા જ્ઞાનમાં પ્રકાશત્વવગેરે ધર્મો છે. એ ધર્મો પરસ્પર ભિન્ન છે, અને તેથી તેના આશ્રયરૂપ ધર્મીઓ પણ ગોમહિષવત્ પરસ્પર ભિન્ન છે. એ ત્રણનું પરસ્પરાધ્યાસથી અભિન્નરૂપે ગ્રહણ કરવું એ વિકલ્પના લક્ષણમાં કહ્યાપ્રમાણે વિકલ્પ છે. લોકોમાં એ ત્રણેનું અવિભાગે કરી ગ્રહણ થાય છે. કેમકે ગાય એ શબ્દ છે, ગાય એ અર્થ છે અને ગાય એ જ્ઞાન છે, એપ્રમાણે સર્વ લોકો વ્યવહાર કરે છે. એ લોકોને શબ્દ કયો છે, અર્થ કયો છે, અને જ્ઞાન કયું છે, એ ત્રણ પ્રશ્નો પૂછ્યા હોય તો સર્વનો ઉત્તર 'ગાય' એમ એક જ આપે છે. આથી તેમના અંતઃકરણમાં એ ત્રણેનો પરસ્પરાધ્યાસ હોવો જોઇએ એ નિશ્ચય થાય છે; અને એ ભિન્ન ભિન્ન છે છતાં એમનું અવિભાગે કરી ગ્રહણ થાય છે, તેથી એ મિથ્યાજ્ઞાન છે. તથા વિવેકી પુરુષો એવું જાણ્યા છતાં પણ એવો જ વ્યવહાર કરે છે, તેથી એ વિકલ્પ છે. 'શબ્દ, અર્થ અને જ્ઞાનના આ પ્રકારના વિકલ્પે કરી યુક્ત' એ પ્રકૃત પદોનો અર્થ છે

सवितर्का—એટલે વિતર્કવાળી. આ સ્થળનો વિતર્ક શબ્દ તથા ૧૭ મા સૂત્રમાંનો વિતર્ક શબ્દ-બંને ભિન્ન અર્થવાળા છે. આ સ્થળનો શબ્દ विपरीततर्कणं वितर्कः । એ વ્યુત્પત્તિથી વિકલ્પરૂપ અર્થને બોધન કરે છે. તેથી વિકલ્પરૂપ વિતર્કથી જે યુક્ત તે સવિતર્કા. આ જ કારણથી એ સવિકલ્પક કહી હોય તો પણ ચાલે.

આ સૂત્રથી એ કહ્યું કે સમાધિપ્રજ્ઞામાં જે સ્થૂલ ગવાદિ અર્થ આરૂઢ થયો હોય છે તે અર્થ જો गौरियं भासते આ ગાય ભાસે છે—એ પ્રકારે શબ્દ તથા જ્ઞાનસાથે વિકલ્પિત થયેલો હોય છે, તો એ સમાધિપ્રજ્ઞા શબ્દ, અર્થ અને જ્ઞાનના પરસ્પરાધ્યાસરૂપ વિકલ્પથી યુક્ત હોવાથી સવિતર્કા સમાપત્તિ છે. गौरियं भासते એમાં गौरियम् એ અંશમાં અર્થને શબ્દસાથે વિકલ્પ છે તથા भासते એ અંશમાં

જ્ઞાનસાથે વિકલ્પ છે. તથા શબ્દ અને જ્ઞાનનો પણ અર્થદ્વારા વિકલ્પ છે. એટલે આ ગાય ભાસે છે એમાં ગાય એ શબ્દ, ગાય એ અર્થ તથા ગાય એ જ્ઞાન એ ત્રણેનો વિકલ્પ છે. એ જ પ્રમાણે नारायणोऽयं भासते વગેરે સ્થળે પણ સમજી લેવું. આથી એ થયું કે જ્યારે સ્થૂલ વિષયમાં સમાધિપ્રજ્ઞા થાય છે તથા તે શબ્દાનુવિદ્ધ હોય છે એટલે 'આ અમુક પદાર્થ ભાસે છે' એ પ્રકારે અંતર્‌માં શબ્દના ઉચ્ચારણસહિત, અથવા આ અર્થનો વાચક અમુક શબ્દ છે એ સ્મૃતિસહિત હોય છે, તથા પ્રજ્ઞારૂપ વૃત્તિ સ્વસ્વરૂપે સ્ફુટ રીતે વિદ્યમાન હોય છે ત્યારે એ સમાધિપ્રજ્ઞા સવિતર્કા સમાપત્તિ કહેવાય છે. એ સમાધિપ્રજ્ઞા જે (સવિતર્કા) સમાધિથી વા સંપ્રજ્ઞાત યોગથી થાય છે તે સમાધિ વા સંપ્રજ્ઞાત યોગને પણ સવિતર્ક કહે છે એ પણ આ સૂત્રથી જ નીકળે છે.

આ સાક્ષાત્કાર યદ્યપિ સ્થૂલગત અશેષ વિશેષને ભાસમાન કરનાર છે તોપણ અહિં કહ્યાપ્રમાણે વિકલ્પથી સંયુક્ત છે તેથી અપર પ્રત્યક્ષ કહેવાય છે; અને એની અપેક્ષાથી ઉત્તર સૂત્રમાં કહેવામાં આવતી નિર્વિતર્કા સમાપત્તિ આ વિકલ્પથી મુક્ત હોવાથી પરપ્રત્યક્ષ કહેવાય છે.

આપ્રમાણે આ સૂત્રથી સવિતર્કા સમાપત્તિ તથા સમાધિનું પ્રતિપાદન કર્યું. એના વિશેષ અભ્યાસથી એ યોગીને ઉત્તરકાળે નિર્વિતર્કા સમાપત્તિ તથા સમાધિ થાય છે. તેનું હવે પ્રતિપાદન કરે છે.

स्मृतिपरिशुद्धौ स्वरूपशून्येवाऽर्थमात्रनिर्भासा निर्वितर्का ॥ ४३ ॥

સૂત્રાર્થ:—શબ્દસંકેતના જ્ઞાનથી થતી સ્મૃતિની અપ્રતીતિ થયે, જે સ્વરૂપથી પણ રહિત થયેલાજેવી હોય છે, અને તેથી આલંબન કરેલા અર્થ માત્રનો જ નિઃશેષતઃ ભાસ કરાવે છે તે સમાધિપ્રજ્ઞા નિર્વિતર્કા સમાપત્તિ કહેવાય છે.

આ સૂત્રથી સવિતર્કાના ફલરૂપ નિર્વિતર્કાનું સ્વરૂપ દ્યોતન કર્યું છે. આ સમાધિપ્રજ્ઞા પણ સવિતર્કાના વિષયને જ આલંબન કરનારી હોવાથી સ્થૂલવિષયક જ છે. એનું મુખ્ય સ્વરૂપ તો अर्थमात्रनिर्भासा એ જ છે અને એની ઉપપત્તિમાટે પ્રથમનાં બે પદો છે.

स्मृतिपरिशुद्धौ—સ્મૃતિની પરિશુદ્ધિ થયે. સ્મૃતિ એટલે શબ્દના સંકેતનું સ્મરણ. એટલે અમુક શબ્દ અમુક અર્થમાં સંકેતિત થ-

યો છે એ ચિન્તન. શબ્દને માટે એવો નિયમ છે કે જે શબ્દ જે અર્થમાં સંકેતિત કરાયો હોય છે તે જ અર્થનો તે વાચક થઈ શકે છે. જેમ કે ગાય શબ્દ ગોવ્યક્તિમાં અથવા તો ગોત્વજાતમાં સંકેતિત કરાયો છે, તેથી એ શબ્દ એ જ અર્થનો વાચક થાય છે, અને અન્ય મહિષાદિનો નથી થતો. સંકેતમાટે કેટલાકનું એવું માનવું છે કે ઈશ્વરેચ્છા એ જ સંકેત છે, એટલે અમુક શબ્દ અમુક અર્થનું બોધન કરો એ પ્રકારની આદિકતા શ્રીઈશ્વરની ઇચ્છા એ જ સંકેત છે. અન્ય કેટલાક 'તે તે શબ્દનો પ્રયોગ કરનાર લોકોની ઇચ્છા' એ જ સંકેતનો અર્થ કરે છે. બંને રીતે પણ એ સંકેતનું જે માણસને જ્ઞાન હોય છે તે જ તે શબ્દનો અર્થ સમજી શકે છે. એ સંકેતનું પ્રથમ જ્ઞાન થાયછે ત્યારે જ શાબ્દબોધ થાયછે. એ જ્ઞાનથી ઉત્તરકાળે એ સંકેતની સ્મૃતિ થાયછે, એટલે એક વાર એ સંકેતનું જ્ઞાન જેને હોયછે તે માણસને કાને તે શબ્દ પડેછે ત્યારે અથવા તો એ શબ્દનો વાચ્ય જે પદાર્થ તે જુએછે ત્યારે તે માણસને તે સંકેતનું સ્મરણ થાયછે. એ સ્મૃતિની પરિશુદ્ધિ એટલે અભાન અથવા વિલય જવું તે. તેથી **स्मृतिपरिशुद्धौ** એટલે સંકેતની સ્મૃતિ જતી રહેછે ત્યારે.

આ પદથી નિર્વિતર્કા સમાપત્તિમાં અર્થનો શબ્દસાથે વિકલ્પ નથી એ પ્રતિપાદન કરયું છે. ત્યાં ઉપર બતાવ્યાપ્રમાણે શબ્દસંકેતનું જ્ઞાન હોય ત્યારે જ તેની સ્મૃતિ થઈ શાબ્દબોધ થાયછે એટલે શબ્દસંકેતની સ્મૃતિ શાબ્દબોધપ્રતિ કારણ છે. તેથી શબ્દપ્રમાણથી થયેલું જ્ઞાન સંકેતસ્મૃતિમૂલક છે. સંકેત અર્થ અને શબ્દના પરસ્પરાધ્યાસરૂપ છે. કોશમાં अमरा निर्जरा देवाः ઇત્યાદિ ચરણમાં દેવ પદાર્થના વાચક શબ્દ કહ્યા છે. તેમાં અમરા એટલે દેવ, એ પ્રમાણે કહ્યું છે, તેથી એ પદથી અમરશબ્દ તથા તદ્વાચ્ય અર્થનું અભિન્નરૂપે જ ગ્રહણ થાયછે તેમ જ અન્ય શબ્દમાટે. તેથી સંકેત શબ્દ તથા અર્થના પરસ્પરાધ્યાસરૂપ છે; અને તેથી એ સંકેતનું જ્ઞાન વિકલ્પયુક્ત છે. જ્ઞાન વિકલ્પયુક્ત હોવાથી તેથી થતી સંકેતની સ્મૃતિ એ પણ વિકલ્પયુક્ત જ છે, અને એ સ્મૃતિમૂલક શાબ્દબોધ હોવાથી શાબ્દબોધ પણ વિકલ્પયુક્ત છે. અનુમાન પણ શાબ્દબોધપૂર્વક જ થાયછે તેથી અનુમાન પણ વિકલ્પયુક્ત જ છે. આ પ્રમાણે શાબ્દબોધરૂપ શ્રવણ તથા અનુમાનરૂપ અથવા ધારણારૂપ મનન વિકલ્પયુક્ત છે અટલે કે શબ્દસાથે અભિન્નરૂપે વિકલ્પિત પદાર્થને જ વિષય કરનાર છે. એ મનનથી ધ્યાન અથવા નિદિધ્યાસન થાય છે અને નિદિધ્યાસનથી પ્રા-

થમિક સમાધિ થાયછે. તેથી મનનાં અનુવૃત્ત થયેલા વિકલ્પની તન્મૂલક ધ્યાન તથા પ્રાથમિક સમાધિમાં પણ અનુવૃત્તિ થાયછે. તેથી પ્રાથમિક સમાધિ વિકલ્પયુક્ત હોવાથી સવિતર્ક છે અને એ સમાધિમાં જે સમાપત્તિ થાયછે તે પણ વિકલ્પાંશથી યુક્ત હોવાથી સવિતર્ક છે. એ એવું પૂર્વ સૂત્રમાં પ્રતિપાદન કર્યું છે. આ પ્રક્રિયા ઉપરથી એ સ્પષ્ટ દેખાય છે કે સમાધિપ્રજ્ઞામાં જે વિકલ્પની અનુવૃત્તિ આવેછે તે સંકેતની સ્મૃતિથી આવેછે. તેથી સવિતર્કા સમાપત્તિને પામેલું ચિત્ત જ્યારે વિશેષ અભ્યાસથી સમાધિપ્રજ્ઞામાં આરૂઢ થયેલા અર્થમાત્રને વિષે વિશેષ આદરવાળું થાય છે ત્યારે તે સાધકને એ અર્થમાં કયો શબ્દ સંકેતિત થયો છે તે ભાન રહેતું નથી, અર્થાત્ સંકેતસ્મૃતિ વિલઇ જાય છે. એ સંકેતસ્મૃતિના વિલય જવાથી તન્મૂલક વિકલ્પની અનુવૃત્તિનો લોપ થાયછે. તેથી એ સ્પષ્ટ દેખાય છે કે સવિતર્કાના ઉત્તરકાળે થતી સમાપત્તિમાં અર્થનો શબ્દસાથે વિકલ્પ નથી. આ અર્થ આ પદથી સૂચવ્યો છે.

स्वरूपशून्या इव—એટલે જાણે સ્વરૂપથી શૂન્ય હોય તેવી. આ વિશેષણ સમાપત્તિરૂપ સમાધિપ્રજ્ઞાનું છે. એ પ્રજ્ઞા જ્યારે પોતાના સ્વરૂપથી રહિતવત્ થાયછે ત્યારે, એ આ પદનો અર્થ છે. પ્રજ્ઞા એટલે જ્ઞાન ગ્રહણરૂપ વૃત્તિ. (એ વૃત્તિનું સ્વરૂપ ગ્રહણ છે.) એ ગ્રહણાત્મક પોતાનું સ્વરૂપ વિદ્યમાન છતાં પણ સ્ફુટ રીતે જ્યારે નથી રહેતું ત્યારે એ સ્વરૂપ લયપ્રાય થયું કહેવું યોગ્ય છે. તેથી આ પદથી એ કહ્યું કે જ્યારે વિશેષ અભ્યાસના બળથી ધ્યેય અર્થમાત્રમાં જ વિશેષ આદરવાળું થયેલું ચિત્ત પોતાના ગ્રહણ સ્વરૂપથી પણ જાણે અંશે રહિત થાયછે ત્યારે अर्थ मात्रे—આ પદાર્થ ભાસે છે એ પ્રકારે ભાન રહેતું નથી, પણ વૃત્તિ કેવળ ધ્યેયાકાર થઇને રહે છે. તેથી પ્રજ્ઞાનું પ્રજ્ઞાત્વ તિરોહિતવત્ થયેલું હોવાથી અર્થનો જ્ઞાનસાથે અભેદ ભાસતો નથી, અર્થાત્ આ પદથી જ્ઞાનનો [illegible] વિકલ્પથી આ સમાપત્તિ રહિત છે એ સૂચવ્યું છે. [illegible] છે કે પ્રજ્ઞારૂપ [illegible] હોય છે તેથી એનાં [illegible] નથી.

આ પ્રમાણે શબ્દ તથા જ્ઞાન બંનેસાથેનો વિકલ્પ જતો રહેછે ત્યારે કેવળ અર્થજ દેખાયા કરેછે. તે જણાવવા अर्थमात्रनिर्भासा—પદ છે. અર્થ૦ એટલે સમાધિપ્રજ્ઞામાં આરૂઢ થયેલા અર્થમાત્રનો જ નિઃશેષ ભાસ સાધકને થાયછે. માત્ર પદથી શબ્દ સ્મૃતિ તથા વૃત્તિનું સ્ફુટસ્વરૂપ એ બેની વ્યાવૃત્તિ બોધન કરી છે.

આ સૂત્રથી એ સ્વરૂપ બોધન કર્યું છે કે જે સ્થૂલવિષયક સમાધિપ્રજ્ઞામાં, સવિતર્કા સમાપત્તિના વિશેષ અભ્યાસે કરીને, અર્થમાત્રમાં આદરવાળું ચિત્ત થાયછે તથા જ્ઞેય થતા અર્થનો વાચક શબ્દ તથા વૃત્તિ બંનેની ક્રમે ક્રમે અપ્રતીતિ થાયછે અને કેવળ અર્થમાત્ર જ્ઞેયરૂપે સ્થિત થઇ રહેછે, તે સમાધિપ્રજ્ઞા નિર્વિતર્કા કહેવાય છે. એ સમાધિનું યથાર્થ સ્વરૂપ વાંચવા વા સાંભળવાથી યથાર્થ રીતે સમજાતું નથી પણ જેમ ગોળ તથા શર્કરાના માધુર્યનો ભેદ સ્વાનુભવથી જ યથાર્થરીતે સ્પષ્ટ થાય છે તેમ આ પદ પોતાના અનુભવથી જ યથાર્થરીતે સમજાયછે. આ સૂત્રથી તો માત્ર એ સ્થિતિનો લક્ષ જ કરાવ્યો છે.

એ નિર્વિતર્ક સમાપત્તિમાં સવિતર્કા સમાપત્તિનો વિકલ્પાંશ જતો રહેલો હોવાથી પૂર્વની અપેક્ષાથી એ પરપ્રત્યક્ષ કહેવાયછે. આ પ્રસંગમાં એ શંકા થાયછે કે એ પરપ્રત્યક્ષરૂપ નિર્વિતર્કાનો વિષય-જ્ઞેય-શું થાયછે ? અવયવો કે અવયવી ? એટલે શાલિગ્રામાદિ ધ્યેય લઇ ભાવના કરી હોય તો એ ભાવનાની સિદ્ધિથી જ્યારે આ નિર્વિતર્ક સમાધિ તથા સાક્ષાત્કાર થાયછે ત્યારે તેમાં શાલિગ્રામમાં કારણરૂપે અનુગત અણુઓ વગેરે અવયવો ભાસેછે કે એ શાલિગ્રામરૂપ અવયવી ભાસેછે ? ત્યાં જો સ્થૂલ વિષયના પાંચ મહાભૂતના અણુપર્યન્તના અવયવો અથવા તો તેના પણ કારણભૂત પંચ તન્માત્રાદિ અવયવો ભાસતા હોય તો એ સમાધિ તથા સમાપત્તિ સૂક્ષ્મ વસ્તુવિષયક હોવાથી આગળ કહેવામાં આવતી નિર્વિચારા સમાપત્તિથી ભિન્ન નથી, અર્થાત્ એકરૂપ જ છે એમ ઠરે. કેમકે નિર્વિચારા સમાપત્તિમાં પણ એ જ સૂક્ષ્મ વિષયો ભાસે છે. અને બંને એક સિદ્ધ થવાથી આ નિર્વિતર્કાનો ભિન્નરૂપે ઉપન્યાસ કરવો વ્યર્થ છે. તેમ જ જો અવયવી એ સમાપત્તિમાં જ્ઞેય થતો હોય તો તે તો કલ્પિત છે. અને તેથી આ કલ્પિતવિષયક સમાપત્તિ હોવાથી એમાં પણ મિથ્યાજ્ઞાનનો અંશ રહેવાનો, તેથી એ પરપ્રત્યક્ષ નહિ કહેવાય. આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે. આ સમાપત્તિમાં અવયવો વિષય થતા નથી, પણ માત્ર અવયવી વિષય થાય છે. તેથી નિર્વિચારા સમાપત્તિથી આનો પૃથક્પણે નિર્દેશ કરયો છે તે અસંગત નથી તેમ જ અવયવી કલ્પિત નથી કે જેથી આ સમાપત્તિમાં મિથ્યાજ્ઞાનની અનુવૃત્તિ થવાથી એ પરપ્રત્યક્ષ નહિ કહેવાય. જો અવયવી કલ્પિત હોય અર્થાત્ અવયવોથી ભિન્ન નહિ હોય તો

અવયવરૂપ પરમાણુઓ નાના હોવાથી ગાય, ઘટવગેરે એકબુદ્ધિ, એ વિષે નહિ થવી જોઇએ. પણ તેમ તો છે નહિ. સર્વને નાનાબુદ્ધિ નહિ થતાં એકબુદ્ધિ જ થાય છે. તેથી કેવલ અવયવોરૂપ અવયવી નથી. તેમ જ અવયવી અવયવોથી કેવલ ભિન્ન વસ્તુ પણ નથી કે જેથી આ શાસ્ત્રસંમત સત્‌કાર્યવાદનો ભંગ થવા પ્રસંગ આવે. અવયવી એટલે અવયવોનો સંઘાત વા અમુકઆકૃતિવિશિષ્ટ અવયવો; અર્થાત્ એકબુદ્ધિને ઉત્પન્ન કરનાર દૃશ્ય અવયવી અવયવોના સંયોગથી થયેલો અવયવોના પરિણામવિશેષરૂપ છે. આમ છે તેથી જ સુવર્ણ કેયૂરરૂપ થયું એવી અબાધિત પ્રતીતિ સર્વને થાય છે. (એ અવયવી જો અવયવોથી કેવલ પૃથક્ નથી પણ અવયવોના ધર્મરૂપ છે તથા પોતાની ઉત્પત્તિપૂર્વે અવયવોમાં તિરોભાવ પામી રહે છે. જ્યારે અવયવોના અમુક પ્રકારે સંયોગવિભાગ થાય છે ત્યારે માત્ર આવિર્ભાવને પામે છે. આ આવિર્ભાવ એ જ અવયવીની ઉત્પત્તિ છે, અને તિરોભાવ એ જ એનો નાશ વા લય છે. તેથી અવયવીને મિથ્યા ન માનવાથી સત્‌કાર્યવાદની લેશ પણ હાનિ થતી નથી એ સ્પષ્ટ છે.) આ સર્વથી એ સિદ્ધ થાય છે કે એક હોવાથી એકબુદ્ધિને ઉત્પન્ન કરનાર, નાનો વા મોટો એ રૂપે પ્રતીત થતો, ક્રિયાના આશ્રયરૂપ અકલ્પિત ગો, ઘટાદિ અવયવી આ પ્રજ્ઞાનો વિષય હોવાથી આ પ્રજ્ઞા પરપ્રત્યક્ષ છે.[1]

આ પ્રજ્ઞાનો વિષય નિર્ણીત થયો તેથી એ હવે સ્પષ્ટ સમજાશે કે, જ્યારે ઇન્દ્ર, ચંદ્ર, સૂર્ય, વિદ્યુત્ લોક વગેરેનો ભાવનાથી સાક્ષાત્‌કાર કરવામાં આવે છે, ત્યારે એ સાક્ષાત્‌કારથી એ સ્થૂલ પદાર્થોના જ અશેષ વિશેષની તે યોગીને હસ્તામલકવત્ પ્રત્યક્ષ પ્રતીતિ થાય છે. પણ તેટલાથી જ પ્રકૃતિ વા મહત્તત્ત્વ વગેરેનું પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી. એ જ્ઞાનમાટે તો સૂક્ષ્મવિષયક સંપ્રજ્ઞાત યોગ અવશ્ય કરવો પડે છે.

આ સમાપત્તિના ફલના વિષયમાં એ પ્રશ્ન થાય છે કે, એ સમા-

---

૧. અહિં એ કહેવું જોઇએ કે આવી રીતે અવયવી પ્રત્યક્ષ થયો ત્યારે પછી એ અવયવીપર વૃત્તિ જોડી નિરોધબલ રાખવામાં આવે છે તો પછી ઉત્તરકાળે એના અવયવોની પ્રતીતિ થાય છે. આમ હોવાથી સ્થૂલ વિષયમાં સંયમની સિદ્ધિ પછી સૂક્ષ્મની સિદ્ધિ થાય છે એ કહેવામાં વિરોધ નથી આવતો.

પત્તિ ભલે અકલ્પિત અવયવીને વિષય કરનાર હોવાથી પરમપ્રત્યક્ષરૂપ હો. તો પણ એનું કશું ફલ નથી. કેમકે એ સમાપત્તિથી જે સ્થૂલ વિષયનું જ્ઞાન થાયછે તે સ્થૂલ વિષયોનું જ્ઞાન લૈકિક પ્રત્યક્ષ, અનુમાન વા આગમ પ્રમાણથી પણ થઇ શકે છે, તો પછી અનેક કષ્ટ કરી આ સમાપત્તિને પામવાથી પણ શું વિશેષતા છે? એનો ઉત્તર આ પ્રમાણે.પ્રથમ તો એ સમાપત્તિ જ શ્રુતિ તથા સ્મૃતિ વગેરેનું બીજ છે.કારણકે જે ઉપદેષ્ટા સંશયવિપર્યયરહિત અર્થનો આગ્યાચારણરૂપ ઉપદેશ કરી શકે તે ઉપદેષ્ટાને તે પદાર્થના અશેષવિશેષનો સાક્ષાત્કાર હોવો જ જોઇએ. જો તેવો સાક્ષાત્કાર નહિ હોય તો તે વિષયનો ઉપદેશ કરવામાં અનેક પ્રસંગે સંશય તથા વિપર્યય આવવાના. જેમ હાલ કોઇ માણસે અમેરિકા નહિ જોયું હોય છતાં પોતાની કલ્પનામાત્રથી તેનું વર્ણન કરવા માંડે તો તેમાં ઘણે સ્થળે વિપરીત કથન થવાનું. પણ જે માણસથી સંશયવિપર્યયથી રહિતપણે ઉપદેશ થાયછે તે માણસે એ દેશને પ્રત્યક્ષ જ જોવો જોઇએ છે. તેજ પ્રમાણે લૈકિક પ્રત્યક્ષથી ન જણાતાં ઇન્દ્રાદિ દેવતાઓવગેરેનાં સ્વરૂપનું જેમણે પ્રથમ યથાસ્થિત વર્ણન કર્યું તેમણે તો એ પદાર્થોનો સાક્ષાત્કાર કરેલો હોવો જ જોઇએ. તેથી શ્રુતિના પ્રણેતા સર્વજ્ઞ ઇશ્વરને પણ એ સર્વની કરકંકણવત્ પ્રત્યક્ષ પ્રતીતિ હોવી જોઇએ. અને એ સાક્ષાત્કારથી જણાયેલા વિષયનું નિરૂપણ કરનાર શ્રુતિ છે તેથી શ્રુતિનું આ સમાપત્તિ જ બીજ છે. સ્મૃતિ શ્રુતિમૂલક હોવાથી એનું પણ આ સમાપત્તિ જ બીજ છે.

અન્ય રીતે જોતાં દરેક સ્થૂલ પદાર્થમાં અસંખ્ય વિશેષો હોય છે.એ સર્વનું નિરૂપણ કરવું શબ્દની શક્તિથી બહાર છે.ગુડ તથા શર્કરાના માધુર્યના ભેદનું અથવા તો એ બંનેના માધુર્યનું સામાને તદ્રત્ પ્રતીતિ થાય એવું નિરૂપણ કદાપિ થતું નથી, એ આપણે જાણીએ છીએ. આ પ્રમાણે આ લોકમાં જે કલ્પવૃક્ષાદિ પદાર્થનો સજાતીય પણ કોઈ પદાર્થ દેખાતો નથી તેવા અદૃષ્ટજાતીય પદાર્થનું નિરૂપણ શબ્દશક્તિથી બહાર હોવાથી તેને હસ્તામલકવત્ જાણનાર સર્વજ્ઞ ઇશ્વરે પણ આપણને તદ્રત્ ભાન થાય એવી રીતે શ્રુતિ વગેરેમાં પ્રતિપાદન કર્યું નથી. આ સમાપત્તિથી તો એ સર્વ પદાર્થોનો સાક્ષાત્કાર જ થાયછે. તેથી આ સમાપત્તિથી સ્થૂલવિષયગત અશેષવિશેષની પ્રત્યક્ષ પ્રતીતિ થતી હોવાથી શ્રુતિસ્મૃતિવગેરેથી પણ આ અધિક જ્ઞાન આપનાર છે, એ સિદ્ધ છે; અને તેથી સાર્થક છે, અર્થાત્ એ પ્રજ્ઞા પણ સ્વતંત્રપ્રમેયવિષયક હો,

વાથી એક સ્વતંત્ર પ્રમાણરૂપ છે, એ નિશ્ચય થાય છે. આ રીતે આ સાર્થક છે એટલું જ નહિ પણ સૂક્ષ્મવિષયક સમાપત્તિના સાધનરૂપ હોવાથી પણ આદરણીય છે.

આ પ્રમાણે સ્થૂલ વિષયમાં થતી સમાપત્તિના બે વિભાગનું આ બે સૂત્રોથી પ્રતિપાદન કર્યું. ત્યાં સમાપત્તિનું પ્રતિપાદન તો પૂર્વે થઇ ગયેલું છે તેથી આ સૂત્રોથી તો માત્ર એના બે વિભાગનું જ પ્રતિપાદન લેવું ઉચિત છે. હવે સૂક્ષ્મવિષયક સમાપત્તિના બે વિભાગ તથા તેની તાંત્રિકી સંજ્ઞા કથન કરવા કહે છે—

एतयैव सविचारा निर्विचारा च सूक्ष्मविषया व्याख्याता ॥ ४४ ॥

સૂત્રાર્થ:—આ સ્થૂલવિષયક સમાપત્તિના વ્યાખ્યાનથી સૂક્ષ્મવિષયક સવિચારા અને નિર્વિચારા સમાપત્તિનું પણ વ્યાખ્યાન થયેલું સમજવું.

સૂત્રનો અન્વય આ પ્રમાણે છે—सूक्ष्मविषया सविचारा निर्विचारा च एतयैव व्याख्याता.

सूक्ष्मविषया—એટલે સૂક્ષ્મ અર્થને વિષય કરનારી. ત્યાં સૂક્ષ્મ વસ્તુમાં કયા કયા પદાર્થોનું ગ્રહણ કરવું ઉચિત છે તે વિચારીએ. ત્યાં જો સ્થૂલના કારણરૂપે અનુમાન થતા પદાર્થો સૂક્ષ્મ ગણીએ તો પાંચ ભૂતના અણુ વા તન્માત્રા વગેરેનું ગ્રહણ થાય છે. પણ સૂક્ષ્મનું શાસ્ત્રીય લક્ષણ ગણીએ તો તેમાં અણુઓનું ગ્રહણ કરવું ઉચિત નથી. સૂક્ષ્મનું લક્ષણ એ કરવામાં આવે છે કે तत्त्वान्तरप्रकृतित्वम् सूक्ष्मत्वम् જે પદાર્થ બીજા ભિન્ન તત્ત્વનું ઉપાદાન કારણ હોય તે પદાર્થ તે કાર્યની અપેક્ષાથી સૂક્ષ્મ છે. આ પ્રમાણે પાંચ ભૂતના અણુઓ યદ્યપિ ગો, ઘટાદિ પદાર્થના ઉપાદાન કારણરૂપ છે તથાપિ ગો, ઘટાદિ તથા અણુઓમાં કઠિનવાળાપણા વગેરે સરખાં હોવાથી એ ભિન્ન તત્ત્વો નથી. તેથી એ અણુઓ પ્રકૃતિરૂપ છતાં પણ ભિન્ન તત્ત્વના પ્રકૃતિરૂપ નહિ હોવાથી સૂક્ષ્મ પદાર્થના વર્ગમાં આવતા નથી. યોગસિદ્ધાન્તમાં આઠ જ પદાર્થો પ્રકૃતિ માન્યા છે તેથી ઉપરના લક્ષણ પ્રમાણે એ આઠનું જ સૂક્ષ્મમાં ગ્રહણ થાય છે. સાંખ્યકૌમુદીમાં કહ્યું છે કે—मूलप्रकृतिरविकृतिः महदाद्याः प्रकृतिविकृतयः सप्त । षोडशकस्तु विकारो न प्रकृतिर्न विकृतिः पुरुषः॥ પ્રધાન, માયા વગેરે શબ્દ-

થી વાચ્ય થતી મૂલા પ્રકૃતિ કોઇની પણ વિકૃતિ નથી પણ સર્વના પ્રકૃતિરૂપ (ભિન્ન ભિન્ન તત્ત્વોના ઉપાદાન કારણરૂપ) છે; મહત્, અહંકાર, અને પાંચ તન્માત્રા મૂલ પ્રકૃતિના વિકારરૂપ છે તેમ જ અન્ય વિકૃતિના પ્રકૃતિરૂપ છે; એ શિવાય જડ પદાર્થમાંથી બાકી રહેલાં ૧૬ તત્ત્વો કેવળ વિકૃતિરૂપ છે. અજડ પુરુષ કોઇની પ્રકૃતિ (પોતાથી ભિન્ન તત્ત્વનું પરિણામી ઉપાદાન) નથી તેમ જ કોઇની વિકૃતિ પણ નથી. આથી જો પ્રકૃતિને જ સૂક્ષ્મ લઇએ તો માત્ર આઠ પદાર્થો જ સૂક્ષ્મમાં આવી શકેછે.

એ સૂક્ષ્મ વિષયની ભાવના પ્રથમ તો થતી જ નથી. પણ જ્યારે એના સાક્ષાત્કાર્યરૂપ સ્થૂલ પદાર્થનો સાક્ષાત્કાર થાયછે ત્યારે પછી તે સ્થૂલ પદાર્થ એક પ્રકારે દ્રવીભાવ પામતો હોય એમ ભાવના કરાયછે. અને એ સ્થૂલ પદાર્થના દ્રવીભાવથી એ સ્થૂલનાં કારણરૂપે અનુગત થયેલા તન્માત્રાવગેરે સૂક્ષ્મ દ્રવ્યો બુદ્ધિમાં આરૂઢ થાયછે, અર્થાત્ એ સૂક્ષ્મ દ્રવ્યવિષે ભાવના કરાયછે. એ ભાવના જ્યારે અતિપરિપક્વ થાય છે ત્યારે તે સૂક્ષ્મ વિષયની હસ્તામલકવત્ પ્રત્યક્ષ પ્રતીતિ થાય છે. એ સાક્ષાત્કારમાં સૂક્ષ્મ પદાર્થ વિષયરૂપ થયેલો હોયછે તેથી એ સાક્ષાત્કારરૂપ સમાપત્તિ સૂક્ષ્મવિષયા કહેવાયછે. તે અવાંતર ભેદથી બે પ્રકારની છે. (૧) સવિચારા અને (૨) નિર્વિચારા.

सविचारा निर्विचारा च=સવિચારા અને નિર્વિચારા. ત્યાં ઊર્ધ્વ, અધ વગેરે દેશ, વર્તમાનાદિ કાલ તથા નિમિત્તરૂપ વિશેષણોથી વિશિષ્ટ થયેલો સૂક્ષ્મ પદાર્થ જ્યારે સમાધિ પ્રજ્ઞામાં ભાસેછે ત્યારે (અર્થાત્ જે સમાધિપ્રજ્ઞામાં સૂક્ષ્મ અર્થ માત્ર ભાસતો નથી પણ દેશ, કાલાદિસહિત ભાસે છે) તે સમાધિપ્રજ્ઞા સવિચારા કહેવાયછે (નિમિત્ત એટલે સમાધિપ્રજ્ઞામાં આરૂઢ જે વિષય હોય તેનું ઉપાદાન કારણ, અથવા સંપૂર્ણ પ્રકૃતિ પુરુષને માટે પરિણામને પામેલી હોવાથી તે વિષયથી સિદ્ધ થતો પુરુષનો અર્થ.) તાત્પર્ય કે જ્યારે સમાધિપ્રજ્ઞામાં કેવળ અર્થ માત્ર ન ભાસમાન થતાં તે અર્થની સાથે તે અમુક દેશમાં છે, વર્તમાન અવસ્થામાં છે કે અતીત અવસ્થામાં છે, તેનું અમુક ઉપાદાન કારણ છે અથવા તે અમુક પુરુષાર્થને માટે પરિણામ પામ્યો છે એ સર્વનું પણ ભાન હોયછે ત્યારે તે સૂક્ષ્મવિષયક સાક્ષાત્કાર સવિચારા સમાપત્તિ કહેવાય છે તથા તે સાક્ષાત્કાર જે સમાધિ વા નિરોધરૂપ યોગનું ફલ છે તે સવિચારસંપ્રજ્ઞાતયોગ

કહેવાયછે. એ સમાધિ તથા સમાધિપ્રજ્ઞાના વિશેષ અભ્યાસથી જ્યારે અર્થમાત્રવિષે વિશેષ આદરવાળું થયેલું ચિત્ત, દેશ, કાલાદિની ચિંતાથી રહિત થઇ શુદ્ધ અર્થમાત્રના આકારવાળું થઇ રહેછે તથા ગૃહીતૃપુરુષને તે શુદ્ધ અર્થમાત્ર ભાસેછે અને વૃત્તિ પણ પોતાના ગ્રહણસ્વરૂપથી રહિતવત્ થાયછે, ત્યારે એ સૂક્ષ્મ વસ્તુને જ્ઞેય કરનાર સાક્ષાત્કાર નિર્વિચારા સમાપત્તિ કહેવાય છે, તથા એ પ્રજ્ઞા જેનું ફલ છે તે સમાધિ વા નિરોધરૂપ યોગ નિર્વિચારસંપ્રજ્ઞાતયોગ કહેવાય છે.

एतयैव व्याख्याता=એટલે સવિતર્કા અને નિર્વિતર્કારૂપ સ્થૂલવિષયક સમાપત્તિના વ્યાખ્યાનથી જ વ્યાખ્યાત થયા છે. આ પદથી સૂત્રકારે એ કહ્યું કે સવિતર્કાના વ્યાખ્યાનથી સવિચારાનું વ્યાખ્યાન થયેલું જાણવું તથા નિર્વિતર્કાના વ્યાખ્યાનથી નિર્વિચારાનું વ્યાખ્યાન થયેલું જાણવું. ત્યાં નિર્વિતર્કા અને નિર્વિચારાનું સામ્ય એ છે કે બંનેમાં શુદ્ધ અર્થમાત્ર ભાસમાન થાયછે સવિતર્કા અને સવિચારાનું સામ્ય વાર્તિકકાર અને વાચસ્પતિમિશ્ર આ પ્રમાણે લે છે; વાર્તિકકાર એમ કહેછે કે જેમ સવિતર્કામાં શુદ્ધ અર્થ માત્ર ભાસતો નથી પણ શબ્દ તથા જ્ઞાનસાથે વિકલ્પિત અર્થ ભાસેછે તેમ આ સવિચારામાં પણ શુદ્ધ અર્થ ભાસતો નથી પણ દેશ, કાલાદિથી વિશિષ્ટ અર્થ ભાસેછે. વાચસ્પતિમિશ્ર એમ કહેછે કે સવિચારા સમાપત્તિ પણ આગમાદિથી થાયછે અર્થાત્ એ પણ આ અર્થનો વાચક અમુક શબ્દ છે એ પ્રમાણે સંકેતસ્મૃતિસહિત જ હોયછે તેથી એ સમાપત્તિમાં પણ શબ્દ, તથા જ્ઞાનસાથે અર્થનો વિકલ્પ હોય છે. તેથી આ પણ વિકલ્પથી સંકીર્ણ હોવાથી સવિતર્કાને સમાન છે.

આપ્રમાણે આ સૂત્રથી સૂક્ષ્મવિષયક સમાધિ તથા સમાધિપ્રજ્ઞાનું વ્યાખ્યાન કર્યું. ત્યાં સૂક્ષ્મ વિષયો ક્યાંસુધિના લેવા એ જિજ્ઞાસા થાયછે. તેને નિવૃત્ત કરવા કહેછે કે—

सूक्ष्मविषयत्वं चालिङ्गपर्यवसानम् ॥ ४५ ॥

સૂત્રાર્થ:—સૂક્ષ્મવિષયતાનો અવધિ પ્રકૃતિમાં છે.

सूक्ष्मविषयत्वम्:—सूक्ष्मश्चासौ विषयश्च सूक्ष्मविषयः—સૂક્ષ્મ જે વિષય तत्त्वम् તે પણું, એટલે સૂક્ષ્મ વિષયપણું.

अलिङ्गपर्यवसानम् —અલિંગમાં અવધિ પામનાર. અલિંગ એટલે પ્રધાન અથવા પ્રકૃતિ. અલિંગ એટલે લિંગ નહિ તે અથવા લિંગથી રહિત. લિંગ એટલે લય પામનાર અથવા તો જ્ઞાપકચિહ્ન. ત્યાં

યોગશાસ્ત્રમાં પ્રકૃતિ મૂલ કારણ છે તથા કોઇનું પણ કાર્ય નથી એવો અભ્યુપગમ કરયો છે તેથી પ્રકૃતિ કાર્ય નહિ હોવાથી કોઇમાં પણ લય પામતી નથી. અને અન્ય સર્વ જડ તત્ત્વો પ્રકૃતિમાં લય પામેછે. તેથી અલિંગથી પ્રકૃતિ એ જ અર્થ આવેછે. તેમ જ જે કાર્ય હોય તે કારણનું જ્ઞાપક થાયછે જેમકે ધૂમ કાર્ય હોવાથી અગ્નિનો જ્ઞાપક છે. પ્રકૃતિ કોઇનું પણ કાર્ય નથી તેથી કોઇનું જ્ઞાપક નથી. તેથી પણ અલિંગથી પ્રકૃતિ એ જ અર્થ આવે છે.

આ સૂત્રથી એ કહ્યું કે સૂક્ષ્મ વિષયતાનો અવધિ પ્રકૃતિમાં છે, અર્થાત સર્વથી સૂક્ષ્મ પ્રકૃતિ છે. ત્યાં સૂક્ષ્મતાનો ક્રમ આપ્રમાણે છે. સ્થૂલ પદાર્થોની કાષ્ઠા પાંચ પ્રકારના પરમાણુઓથી લઇ શકાય છે. તેમાં જે પાર્થિવ અણુઓ છે તે જલપરમાણુવિશિષ્ટ ગંધતન્માત્રામાંથી ઉત્પન્ન થાયછે તેથી પાર્થિવ અણુઓકરતાં ગંધતન્માત્રા સૂક્ષ્મ છે.યદ્યપિ પાર્થિવ અણુનું જલપરમાણુ ઉપાદાન કારણ છે તેથી તે અણુમાં પણ ગંધતન્માત્રાની માફક સૂક્ષ્મત્વ પ્રાપ્ત થાયછે તોપણ ગંધતન્માત્રા પ્રધાન છે તથા જલપરમાણુઓ પ્રકૃતિરૂપ નથી પણ માત્ર પાર્થિવઅણુનાં આધારકારણ છે તેથી ગંધતન્માત્રાને જ અત્ર સૂક્ષ્મ કહી છે. એ-જ પ્રમાણે જલના અણુઓ તેજના અણુથી વિશિષ્ટ રસતન્માત્રાનું જ કાર્ય છે તેથી એ પરમાણુકરતાં રસતન્માત્રા સૂક્ષ્મ છે. એ જ પ્રમાણે તેજના અણુથી રૂપતન્માત્રા, વાયુના અણુથી સ્પર્શતન્માત્રા અને આકાશના અણુથી શબ્દતન્માત્રા સૂક્ષ્મ છે. એ પાંચ તન્માત્રાથી પણ તેનું ઉપાદાન કારણ અહંકાર સૂક્ષ્મ છે. અહંકાર પણ લિંગમાત્રરૂપ મહતત્ત્વથી ઉત્પન્ન થયેલો છે તેથી અહંકારથી પણ લિંગમાત્રરૂપ મહતત્ત્વ સૂક્ષ્મ છે. એ મહત્તત્ત્વ પણ પ્રકૃતિ વા પ્રધાનમાંથી ઉત્પન્ન થયેલું હોવાથી એનાથી પણ પ્રકૃતિ સૂક્ષ્મ છે. પ્રકૃતિનું કોઇ પણ પરિણામી ઉપાદાન કારણ નહિ હોવાથી પ્રકૃતિથી કોઇ સૂક્ષ્મ નથી અર્થાત સૂક્ષ્મવિષયની કાષ્ઠા પ્રકૃતિ છે.

આ સ્થળે પ્રધાનને સૌથી અધિક સૂક્ષ્મ તત્ત્વ કહ્યું અને શ્રુતિમાં એ અવ્યક્તરૂપ પ્રધાનથી પુરુષને અધિક સૂક્ષ્મ કહ્યો છે છતાં વિરોધ નથી. કેમકે આ સ્થળે જે જેનું અન્વયિ કારણ હોય તે તેનાથી અધિક સૂક્ષ્મ છે એમ લીધું છે અર્થાત્ સૂક્ષ્મતાનો અન્વયિકારણત્વ અર્થ લીધો છે. પુરુષ યદ્યપિ પ્રધાનથી અધિક સૂક્ષ્મ છે તથાપિ પ્રધાનનું પરિણામી ઉપાદાન કારણ નહિ હોવાથી પ્રધાનમાં અન્વય પામતો નથી અર્થાત્ પ્રધાનનું અન્વયિ કારણ નથી અને તેથી

આ સ્થળનાં સૂક્ષ્મ તત્ત્વોમાં આવતો નથી. તેથી સૂત્રમાં જે પ્રધાનને અંતિમ સૂક્ષ્મતત્ત્વ લીધું છે તે યુક્ત છે.

આ પ્રમાણે આ સૂત્રોથી સ્થૂલસૂક્ષ્મવિષયક સમાપત્તિ તથા સમાધિના ચાર વિભાગ પાડયા. તથા સૂક્ષ્મ વિષયમાં પ્રધાનપર્યન્તનાં સમગ્ર તત્ત્વોનું ગ્રહણ થાયછે એ કહ્યું. તેથી એ શંકા પ્રાપ્ત થાય છે કે શ્રુતિસ્મૃતિથી પુરુષ નિર્વિશેષ ચિન્માત્ર છે એ જ્ઞાન થઇ શકે એમ છે તથા અહિં કહેલી સમાપત્તિથી પ્રકૃતિપર્યન્તનાં સમગ્ર તત્ત્વો જડ, પરિણામી છે વગેરે અપરોક્ષાનુભવ થાયછે. તેથી આ સમાધિ તથા સમાપત્તિ સિદ્ધ થઇ એટલે તે યોગીને પુરુષ તથા પ્રકૃતિ વા બુદ્ધિસત્ત્વના વિવેકનું જ્ઞાન થઇ જવાનું, અર્થાત્ વિવેકખ્યાતિનો ઉદય થવાનો, અને તેથી અવિદ્યા તથા તેના સંસ્કારોનો નાશ થઇ તે યોગી કૃતકૃત્ય થવાનો—અર્થાત આ સમાપત્તિ સિદ્ધ થઇ એટલે એને કશું કર્તવ્ય બાકી રહેવાનું નહિ. આ શંકા દૂર કરવા કહેછે કે—

ता एव सबीजः समाधिः ॥ ४६ ॥

સૂત્રાર્થ:—આ સમાપત્તિ તથા સમાધિ સબીજ સમાધિ જ છે એટલે અહિંપર્યન્ત પહોંચવાથી બંધબીજનો નાશ થતો નથી.[1]

ताः—ઉક્ત સમાપત્તિઓ.

एव—આ શબ્દનો યદ્યપિ ताः પછી ઉચ્ચાર કરેલો છે તથાપિ सबीजः समाधिः एव એ પ્રમાણે समाधिः શબ્દપછી એનું ગ્રહણ કરવું યોગ્ય છે; અર્થાત્ एव શબ્દ ભિન્નક્રમ છે. ભિન્નક્રમપણું જે અન્ય સ્થળે દોષરૂપ મનાય છે તે સૂત્રમાં તેમ મનાતું નથી કારણ કે સૂત્ર વિશ્વતોમુખ સર્વે સ્વીકાર્યું છે.

सबीजः—એટલે બીજસહિત બીજ એટલે બંધના બીજરૂપ અવિદ્યા અથવા સંસ્કાર. તેથી સબીજ એટલે બંધના બીજરૂપ અવિદ્યા વા સંસ્કારસહિત. સબીજ શબ્દ આ શાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે. આ અર્થ જૂદા જૂદા વ્યાખ્યાનમાં કેમ લેવાનો છે તે અવસ્તાત્ બતાવ્યું છે.

समाधिः—એટલે સંપ્રજ્ઞાતયોગ. યદ્યપિ પૂર્વ સૂત્રોમાં ચાર પ્રકા-

---

૧ આ સૂત્રના અર્થમાં સર્વ વ્યાખ્યાને અનુકૂલ પડે તેવો આ સ્થલે ફેર કર્યો છે. આ સૂત્રનો યથાશ્રુત એવો અર્થ પણ થઇ શકે છે કે આ ચાર જ સબીજ સમાધિ છે કેમકે અવિદ્યાનો નાશ એ ચારમાં થયો નથી.

રના યોગનું વર્ણન કરયું છે તે તો સંપ્રજ્ઞાત યોગ કહેવાય. તથાપિ જે ચતુર્વિધ સમાપત્તિનું પ્રતિપાદન કરયું છે તે તો એ યોગના ફલરૂપ છે. છતાં તેને પણ આ સ્થળે સમાધિરૂપ સંપ્રજ્ઞાતયોગ કહ્યો છે તે કાર્યકારણનો અભેદ લઇ કહ્યો છે.

આ સૂત્રથી એ કહ્યું કે નિર્વિચારા સમાપત્તિ થાય, અર્થાત્ પ્રકૃતિમાં ભાવના કરવાથી પ્રકૃતિનો સાક્ષાત્કાર થાય તોપણ તેટલાથી બંધબીજનો નાશ થતો નથી. તેથી જે પુરુષો પ્રકૃતિનો સાક્ષાતકાર કરી બેશી રહેછે તેમના બંધબીજનો નાશ નહિ થયેલો હોવાથી તેમનાં ચિત્ત સાધિકાર રહેછે. તેથી તેમનો વર્તમાન દેહ છૂટી જાયછે ત્યારે બધારેમાં વધારે ફલને તેઓ પામે તો સામ્યાવસ્થાવાળી પ્રકૃતિમાં લીન થાયછે અર્થાત્ પ્રકૃતિલય થાયછે. તાત્પર્ય એ કે જેમ પ્રકૃતિ તથા બુદ્ધિસત્વનો અપરોક્ષાનુભવ તેઓએ કરયો તે જ પ્રમાણે પુરુષનો સાક્ષાત્કાર પણ અવશ્ય કરવો જોઇએ છે. પુરુષસંબંધી શબ્દજ્ઞાન ચાલતું નથી. જો શબ્દજ્ઞાનથી બંધબીજનો ક્ષય થતો હોત તો પછી જેમ શ્રુતિસ્મૃતિ વગેરેથી પુરુષવિષયક જ્ઞાન થાયછે તેમ પ્રકૃતિ તથા બુદ્ધિસત્વવિષયક જ્ઞાન પણ થાય છે. તો પછી નિર્વિચારા સમાપત્તિપર્યન્ત પણ જવાનું જરૂરનું નહિ ઠરે. તેથી એજ કે આ સમાપત્તિને પામ્યા પછી પણ યોગીને કર્તવ્ય અવશેષ રહેછે.* નિ-

---

* આ સૂત્રનું વ્યાખ્યાન ભિન્ન ભિન્ન ટીકાકારોએ અનેક રીતે કરયું છે. દૃષ્ટાન્તરૂપે ભોજવૃત્તિમાં આ પ્રમાણે છે એ ટીકાકાર કહે છે કે પૂર્વ સૂત્રમાં જે સ્થૂલસૂક્ષ્મવિષયક સમાપત્તિ કહી છે તે માત્ર ગ્રાહ્યવિષયક લેવી. અને એ સૂત્રમાં કહેલા ન્યાયથી ગ્રહણવિષયક તથા અસ્મિતારૂપ બુદ્ધિસત્વવિષયક સમાપત્તિના પણ સાનંદ અને આનંદમાત્ર, સાઽસ્મિત અને અસ્મિતામાત્ર એમ બેબે વિભાગ પાડવા. એટલે સર્વ મળી આઠ પ્રકારની સમાપત્તિ થઇ. એ સર્વનો તાઃ પદથી પરામર્શ થાયછે, એ સર્વ સબીજ છે કેમકે એમાં કોઇ કોઇ પણ આલંબન હોયછે. બીજનો અર્થ એ ટીકાકાર આલંબન કરેછે.

મણિપ્રભાકાર પણ આઠ વિભાગ કરી એ સર્વનો તાઃ પદથી પરામર્શ કરેછે તથા કહેછે કે એ આઠે પ્રકારની સમાપત્તિઓમાં અવિદ્યા હોવાથી એ સબીજ છે, અને તેમાં દોષ નથી કેમકે સાસ્મિત સમાધિમાં પુરુષતત્ત્વ લીધું નથી.

વાર્તિકકાર તાઃ પદથી ગ્રહીતૃ, ગ્રહણ અને ગ્રાહ્યવિષયક સર્વ સમ

વિચારા સમાપત્તિની પ્રાપ્તિ કરયા પછી ગૃહીતૃવિષયક સમાપત્તિ થવાથી વિવેકખ્યાતિનો ઉદય થાયછે ત્યારે જ પ્રધાન કર્તવ્યનો અંત આવેછે.

આપ્રમાણે આ સૂત્રથી આ સમાધિ તથા સમાપત્તિની પારિભાષિક સબીજ સંજ્ઞા કહી. ત્યાં એ પ્રશ્ન થાય છે કે જ્યારે એ નિર્વિચાર સમાધિસુધીમાં વિવેકખ્યાતિ થતી નથી તથા બંધબીજ રહે છે ત્યારે શું એ સમાધિ તથા સમાધિપ્રજ્ઞા વિવેકખ્યાતિપ્રતિ કેવળ વ્યર્થ છે? એનો ઉત્તર એ કે ના, કેવળ વ્યર્થ નથી. પણ પૂર્વોક્ત ચારમાં જે નિર્વિચારા સમાપત્તિ છે તેના અભ્યાસથી બુદ્ધિસત્ત્વ નિર્મલ થઇ પુરુષસાક્ષાત્કાર થાયછે, અર્થાત્ વિવેકખ્યાતિનો ઉદય થાયછે, એ હવે પ્રતિપાદન કરેછે.

निर्विचारवैशारद्येऽध्यात्मप्रसाद: ॥ ४७ ॥

સૂત્રાર્થ:—નિર્વિચાર સમાધિનું વૈશારદ્ય થવાથી અધ્યાત્મપ્રજ્ઞા થાય છે.

निर्विचार०:—निर्विचारस्य वैशारद्यम् तस्मिन् सति—નિર્વિચારા સમાપત્તિનું વૈશારદ્ય થયેથી. નિર્વિચારા સમાપત્તિ કોને કહેવી એ પૂર્વે કહ્યું છે. વૈશારદ્ય એટલે રજોગુણ તથા તમો ગુણની વૃદ્ધિના કારણરૂપ, બુદ્ધિસત્ત્વના આવરક પાપાદિ મળ દૂર થવાથી પ્રકાશસ્વભાવવાળું બુદ્ધિસત્ત્વ રજોગુણ તથા તમોગુણથી અભિભવને પામતુ નથી, એટલે સાત્વિક વા સ્વચ્છ થાય છે. એવા બુદ્ધિસત્ત્વની ધ્યેયપ્રતિની જે એકાગ્રતાની ધારા તે વૈશારદ્યછે. એ વૈશારદ્ય થયાથી.

अध्यात्मप्रसाद:—અધ્યાત્મપ્રસાદ થાય છે. अध्यात्म=आत्मनि= બુદ્ધિમાં. प्रसाद: એટલે યથાર્થવિષયક સર્વ અર્થને યુગપત્ ભાસમા-

---

ત્તિનો પરામર્શ કરેછે તથા આ પ્રમાણે આ સૂત્રનો અર્થ કરેછે કે "એ સર્વ સમાપત્તિમાં દુ:ખબીજરૂપ સંસ્કાર હોવાથી એ સર્વ સબીજ છે." એ માણસ બીજનો અર્થ દુ:ખના સંસ્કાર લે છે. યદ્યપિ એની વ્યાખ્યાપ્રમાણે ચરમ સંપ્રજ્ઞાતયોગમાં વિવેકખ્યાતિરૂપ પ્રજ્ઞા હોયછે તેથી સંચિત કર્મોના સંસ્કારો દગ્ધ થાયછે તથાપિ શરીર તથા અંત:કરણના નિર્વાહક પ્રારબ્ધ સંસ્કાર તથા અવિદ્યાસંસ્કાર રહેલા હોવાથી ચિત્ત સંસ્કારસહિત રહેછે તેથી એ સર્વ સમાધિ તથા સમાપત્તિ સબીજ છે—એમ કહેછે. સર્વથા વસ્તુગત્યા કોઇમાં વિરોધ નથી.

ન કરનાર પ્રત્યક્ષપ્રજ્ઞા અથવા તો બુદ્ધિસત્ત્વનું અતિસ્વચ્છપણું–પુરુષને પણ ગ્રહણ કરી શકે એવું સ્વચ્છપણું.

આ સૂત્રથી એ કહ્યું કે જ્યારે નિર્વિચારા સમાપત્તિનો વિશેષ અભ્યાસ કરાયછે ત્યારે ચિત્તનો દૃઢ સ્થિતિપ્રવાહ થાયછે. એ દૃઢ સ્થિતિપ્રવાહ થવાથી બુદ્ધિસત્ત્વ અતિસ્વચ્છ થાયછે એટલે જીવાત્મ પુરુષ અથવા તો ઈશ્વરરૂપ પુરુષનો સાક્ષાત્કાર કરવા સમર્થ થાયછે. પ્રસાદનો અર્થ પ્રજ્ઞા લેઈએ ત્યારે આ સૂત્રનો એ અર્થ થયો કે એ યોગી પુરુષને જીવાત્મ પુરુષ અથવા ઈશ્વરરૂપ પુરુષ એમાંથી જે ધ્યેય હોય તે તત્ત્વનો સાક્ષાત્કાર થવા યોગ આવે છે.

આથી ચારે સમાધિ તથા સમાપત્તિમાં નિર્વિચારા શ્રેષ્ઠ સિદ્ધ થઇ, કેમકે નિર્વિચારા સમાપત્તિથી યોગીને વિવેકખ્યાતિ આસન્નતમ છે અને પ્રથમની ત્રણથી તો દૂર છે; અર્થાત્ વિવેકખ્યાતિરૂપ મુખ્ય ફલને આપનાર હોવાથી નિર્વિચારા શ્રેષ્ઠ છે. સવિચારા, નિર્વિતર્કા અને સવિતર્કા એ એનાથી ઉત્તરોત્તર નેષ્ટ છે.

આ પ્રમાણે આ સૂત્રથી બુદ્ધિસત્ત્વ અતિસ્વચ્છ થાયછે તથા એમાં વિવેકખ્યાતિ થાયછે એ કહ્યું. હવે સમાધિથી થતી સમાપત્તિરૂપ પ્રજ્ઞાની આ શાસ્ત્રમાં અપાતી પારિભાષિક સંજ્ઞા કહેછે એટલે એ સંજ્ઞા અન્વર્થક હોવાથી એ સમાપત્તિથી જે જ્ઞાન થાયછે તે સત્ય છે એ પ્રતિપાદન કરેછે.

ऋतंभरा तत्र प्रज्ञा ॥ ४८ ॥

સૂત્રાર્થ:—ત્યાં ઋતંભરા પ્રજ્ઞા થાયછે એટલે ત્યાં થતી પ્રજ્ઞાને ઋતંભરા પ્રજ્ઞા યોગીઓ કહેછે.

ऋतंभरा ऋतं सत्यं बिभर्ति इति—એટલે સત્યને ધારણ કરવાવાળી અર્થાત્ સત્યવસ્તુવિષયક.

तत्र—એટલે નિર્વિચારનું વૈશારદ્ય થાય ત્યારે, અથવા તો સમાપત્તિ થાય ત્યારે.

આ સૂત્રથી એ કહ્યું કે પૂર્વે કહેલા સંપ્રજ્ઞાતયોગમાં તથા નિર્વિચારનું વૈશારદ્ય થવાથી જે પ્રજ્ઞાનો ઉદય થાયછે તે પ્રજ્ઞા યથાર્થ વસ્તુને ગ્રહણ કરનાર હોવાથી યોગશાસ્ત્રમાં ઋતંભરા કહેવાય છે. આથી સમાપત્તિરૂપ પ્રજ્ઞાની ઋતંભરા સંજ્ઞા કહી, તેથી એ સૂચવ્યું કે એ સમાપત્તિઓ યથાર્થ વસ્તુને જ વિષય કરેછે. આ સર્વ ઋતંભરા પ્રજ્ઞામાં પણ જે નિર્વિચારનું વૈશારદ્ય થયે વિવેકખ્યાતિરૂપ પ્રજ્ઞા ઉદય થાયછે તે જ શ્રેષ્ઠ ઋતંભરા પ્રજ્ઞા છે એ તો દેખાડતું છે.

આ સ્થળે એ પ્રશ્ન ઉઠે છે કે આ પ્રમાણે અનેક કષ્ટ કરીને આ ઋતંભરા પ્રજ્ઞાને પામવાથી પણ શું ? એથી થતું જ્ઞાન લૌકિક પ્રમાણરૂપ પ્રત્યક્ષ, અનુમાન અને આગમથી પણ થાયછે. એનો ઉત્તર પૂર્વે પ્રસંગવશાત્ આપ્યો છે છતાં સૂત્રકાર પોતે આપવા ઉત્તર સૂત્ર રચે છે.

श्रुतानुमानप्रज्ञाभ्यामन्यविषया विशेषार्थत्वात् ॥ ४९ ॥

સૂત્રાર્થ:—આગમ તથા અનુમાનરૂપ પ્રજ્ઞાથી આ પ્રજ્ઞાનો વિષય જુદો છે કેમકે એ પ્રજ્ઞા વિશેષ અર્થને પ્રકાશનાર છે.

ઉપર કહ્યું કે લૌકિક પ્રજ્ઞાથી આ પ્રજ્ઞાના વિષયનું ભાન થાયછે તો આ પ્રજ્ઞાને પ્રાપ્ત કરવાથી શું ? તેનો ઉત્તર આ સૂત્રથી આપ્યો છે. ત્યાં લૌકિક પ્રજ્ઞામાં લૌકિક પ્રત્યક્ષ, આગમ અને અનુમાનનું ગ્રહણ થાય છે. તેમાં લૌકિક પ્રત્યક્ષથી આ પ્રમાના વિષયનું જ્ઞાન તો થતું જ નથી કેમકે ઇન્દ્રિયથી સંનિકૃષ્ટ જે સ્થૂલ વિષય હોય તેનુ જ્ઞાન લૌકિક પ્રત્યક્ષથી થઇ શકેછે. જે વિપ્રકૃષ્ટ વિષય છે, વ અતીત વિષય છે તથા જે સૂક્ષ્મ છે તેનું એ પ્રત્યક્ષ થી જ્ઞાન થતુ નથી. તેથી પુરુષ વા પ્રકૃતિ વા બુદ્ધિસત્ત્વ વગેરે સૂક્ષ્મ પદાર્થોનું એ લૌકિક પ્રત્યક્ષથી જ્ઞાન થવું ઘટતુ નથી. લૌકિક પ્રત્યક્ષ ક્યાં ક્યાં નથી ચાલતું તેમાટે સાંખ્યકારિકામાં કહ્યું છે કે—

> अतिदूरात्सामीप्यादिन्द्रियघातान्मनोऽनवस्थानात् ।
> सौक्ष्म्याद् व्यवधानादभिभवात्समानाभिहाराच्च ॥ ७॥

અતિ દૂર હોવાથી, અતિ સમીપ હોવાથી, ઇન્દ્રિયનો ઘાત થવાથી, મનની અનવસ્થિતિથી, વિષયની સૂક્ષ્મતાથી, વ્યવધાનથી, અભિભવથી, અને સમાનાભિહારવગેરેથી લૌકિક પ્રત્યક્ષ સર્વ સ્થળે ચાલતું નથી. જે પદાર્થ અતિ દૂર હોયછે તેનું પ્રત્યક્ષ આપણને થતુ નથી જેમકે આકાશમાં બહુ ઉંચે ઉડી ગયેલા પક્ષીનું.

આંખમાં આંજેલી મેસ વગેરે અત્યંત સમીપ હોવાથી લૌકિક પ્રત્યક્ષના વિષય નથી.

જે માણસ અપંગ, બધિર વગેરે હોયછે તેના ચક્ષુ, શ્રોત્ર વગેરે ઇન્દ્રિયોનો ઘાત થવાથી તેને લૌકિક પ્રત્યક્ષથી તત્ તત્ ઇન્દ્રિયથી જણાતાં રૂપ, શબ્દ વગેરેનો બોધ થતો નથી.

યુદ્ધનું શૂર ચડેલા માણસને પોતાના શરીરપર પડેલા ઘાનું જ્ઞાન થતું નથી કેમકે તેનું મન અન્ય સ્થળે વ્યાપૃત છે અર્થાત્ મનનું અનવસ્થાન છે.

પરમાણ્વાદિ અતિ સુક્ષ્મ હોવાથી લૌકિક પ્રત્યક્ષથી જણાતા નથી.

ભિત્તિપાછળ પડેલા પદાર્થોનું પ્રત્યક્ષ, વ્યવધાનને લીધે થતું નથી.

અત્યંત તેજસ્વી પદાર્થના તેજથી ચક્ષુરિન્દ્રિય અભિભવ પામેછે ત્યારે રૂપનું જ્ઞાન કરવા અસમર્થ થાયછે.

દુધમિશ્રિત જલમાં દુધનું અથવા સાગરમાં પડેલા જલબિંદુનું પ્રત્યક્ષ જ્ઞાન સમાનાભિહારને (સજાતીયમાં મેલન) લીધે થતું નથી.

આ વગેરે અનેક હેતુથી લૌકિક પ્રત્યક્ષથી બહુ જ થોડા વિષયનું પ્રત્યક્ષ થાયછે. આથી એ તો સિદ્ધ થાયછે કે લૌકિક પ્રત્યક્ષથી આ મુખ્ય અને ગૌણ બંને પ્રકારની ઋતંભરા પ્રજ્ઞા વિલક્ષણ છે કેમકે એના વિષયરૂપ પ્રકૃતિપુરુષવગેરેનું લૌકિક પ્રત્યક્ષથી જ્ઞાન થતું નથી.

આ સ્થળે એ શંકા થાયછે કેયદ્યપિ પ્રકૃતિ, પુરુષવગેરે સૂક્ષ્મ, વ્યવહિત, વિપ્રકૃષ્ટ પદાર્થો લૌકિક પ્રત્યક્ષના વિષય નથી તેથી આ પ્રજ્ઞા લૌકિક પ્રત્યક્ષથી ભલે વિલક્ષણ હોય તથાપિ આગમ અને અનુમાનથી એ સર્વ વિષયોનું જ્ઞાન થઇ શકેછે તેથી એ પ્રજ્ઞાથી અધિક શું ? એનો ઉત્તર સૂત્રકાર આ સૂત્રથી આપેછે.

श्रुतानुमानप्रज्ञाभ्याम्–શ્રુતપ્રજ્ઞા એટલે આગમપ્રમાણ, અનુમાનપ્રજ્ઞા એટલે અનુમાન પ્રમાણ. એ બંને પ્રજ્ઞાથી.

अन्यविषया–અન્ય વિષયવાળી આ પ્રજ્ઞા છે. કેમકે—

विशेषार्थत्वात्–વિશેષને અર્થ (વિષય) કરનાર છે. (અર્થ એટલે વિષય.)

આ સૂત્રથી એ ઉત્તર આપ્યો કે આ પ્રજ્ઞા આગમ અને અનુમાન પ્રજ્ઞાથી ભિન્ન વિષયવાળી છે કેમકે એનો વિષય વિશેષ છે. આગમ તથા અનુમાનપ્રજ્ઞા સામાન્યવિષયક છે એટલે જાતિ માત્રનું જ્ઞાન આપનાર છે, કંઇ તત્ તત્ વ્યક્તિગત વિશેષને ભાસમાન કરતી નથી. અને આ પ્રજ્ઞાથી તો વ્યક્તિગત સમગ્ર વિશેષોનું હસ્તામલકવત્ જ્ઞાન થાયછે. ત્યાં આગમપ્રજ્ઞા અથવા શબ્દપ્રમાણ સામાન્યને જ ભાસમાન કરે છે. કેમકે આગમપ્રજ્ઞા શબ્દથી ઉત્પન્ન થાયછે તેથી શબ્દ જે અર્થમાં સંકેતિત થયો હોય તે જ અર્થને એ વિષય કરે. શબ્દનો સંકેત જો વ્યક્તિમાં હોય તો તો એ શબ્દથી થતી આગમપ્રજ્ઞા વ્યક્તિરૂપ વિશેષ અર્થને વિષય કરે. પણ તેમ તો નથી. શબ્દનો સંકેત વ્યક્તિમાં માનવો ઘટતો નથી, કારણ કે તેમ કરવાથી આનંત્ય અને વ્યભિચાર એ દોષો આવેછે. એ તો સ્પષ્ટ છે

કે જે અર્થમાં શબ્દ સંકેતિત થયો હોય તે જ અર્થનું તે શબ્દથી જ્ઞાન થાય. તેથી જો ગો શબ્દનો ગાયરૂપ કોઈ અમુક વ્યક્તિપર સંકેત લઈએ તો એ શબ્દથી તે જ ગાયનું ભાન થાય. તેથી સમગ્ર ગાયોનું ભાન થવા પ્રત્યેક ગાયપર સંકેત કરવો જોઈએ. પણ તેમ થાય એમ નથી. કેમકે અતીત, અનાગત તથા વર્તમાન ગાયો અનંત છે. ભૂત ગાયો તથા ભવિષ્યત્ ગાયો અપ્રત્યક્ષ હોવાથી તે સર્વમાં તથા વર્તમાન ગાયોમાંથી જે અપ્રત્યક્ષ હોય તે સર્વમાં સંકેત કરી શકાય એમ નથી. એટલે વ્યક્તિના આનંત્યને લીધે સર્વપર સંકેત થઈ શકે જ નહિ. તેથી આનંત્યરૂપ દોષને લીધે વ્યક્તિરૂપવિશેષ અર્થપર શબ્દશક્તિ માનવી અનુચિત છે. જો એ દોષનો પરિહાર કરવા એમ લઈએ કે જેટલી ગાયો પ્રત્યક્ષ હોય તેટલીપર સંકેત કરવો. પણ એ પણ યોગ્ય નથી, કેમકે એમ લેવાથી વ્યભિચાર દોષ આવે છે. જ્યારે અમુક સંખ્ય ગાયપર સંકેત કર્યો, ત્યારે તે સંકેતિત વ્યક્તિથી અન્ય વ્યક્તિને ગાય નહિ કહેવાય. અને ગાય અનંત હોવાથી સર્વ સંકેતિત કરાયેલી નથી તેથી એમ કરવાથી જે વસ્તુતઃ ગાય છે તેને અગાય કહેવાનો પ્રસંગ આવે એટલે જ્યાં ગોત્વરૂપ કારણ છે ત્યાં એ છતાં ગાય એ વ્યવહારરૂપ કાર્યનો અભાવ થાય અર્થાત્ વ્યભિચાર પ્રાપ્ત થાય. એ અટકાવવાને જો એમ લઈએ કે તે સંકેત નહિ કરાયેલી ગાયોને પણ ગાયો કહેવી તો તેમ પણ વ્યભિચાર આવેછે કેમકે સંકેતરૂપ કારણ નહિ છતાં ગાય એ વ્યવહારરૂપ કાર્ય થવાનું. તેમ જ જ્યારે સંકેતવિના ભૂત, ભાવિ ગોત્વવાળી વ્યક્તિઓને ગાય કહીએ તો તે જ પ્રમાણે અશ્વત્વ, મહિષત્વવાળી વ્યક્તિઓને પણ ગાય કહેવી પ્રાપ્ત થાય. તેથી સર્વથા આનંત્ય અને વ્યભિચાર એ દોષથી આ મત દૂષિત છે. તેથી શબ્દનો સંકેત જાતિમાત્ર પર અથવા જાતિ, ગુણ, ક્રિયા અને સંજ્ઞાપર ગ્રહણ કરવો ઉચિત છે.વ્યક્તિપર નહિ.લોકોમાં પણ જાતિ વગેરેપર જ સંકેતનું ગ્રહણ થાય છે કેમકે જો વ્યક્તિપર થતું હોય તો એ શબ્દજન્ય પ્રજ્ઞાથી વિશેષનું જ્ઞાન પણ થઈ જાય તેથી પછી વિશેષપ્રતિ સંશયાદિ ન થવા જોઈએ. પણ તેમ થાય છે. દૃષ્ટાન્તરૂપે નદીતીરે પાંચ ફલ છે એ વાક્યમાંના ફલ શબ્દથી ફલસામાન્યનું જ્ઞાન માત્ર થાયછે પણ તે શેના ફલ છે, કેટલાં મોટાં છે, કેવાં રૂપવાળાં છે વગેરે વિશેષનું જ્ઞાન થતું નથી. તેથી શબ્દનો સંકેત સામાન્યમાત્રપર છે એ સિદ્ધ થાયછે, અને તેથી એ શબ્દ-

થી થતી આગમપ્રજ્ઞા પણ સામાન્યમાત્રને બોધન કરેછે, એ પણ સિદ્ધ થાય છે.

અનુમાનપ્રજ્ઞા પણ સામાન્યમાત્રને વિષય કરેછે, કેમકે ધૂમદર્શનથી વહ્નિત્વસામાન્યવાળા પદાર્થમાત્રનું જ્ઞાન થાયછે, પણ તત્રસ્થ વહ્નિવ્યક્તિનું નથી થતું એ તો પૂર્વે પ્રતિપાદન કરી ગયા છીએ. તેથી આગમ અને અનુમાનપ્રજ્ઞા સામાન્યમાત્રને વિષય કરનાર છે એ સિદ્ધ થાયછે. અને ઉક્ત યોગજપ્રજ્ઞાઓ પ્રત્યક્ષરૂપ હોવાથી અશેષ વિશેષને ભાસમાન કરેછે તેથી એ પ્રજ્ઞાઓનો વિશેષરૂપ પદાર્થ વિષય હોવાથી એ પ્રજ્ઞા શ્રુતાનુમાનપ્રજ્ઞાથી વિલક્ષણ છે.અને વિપ્રકૃષ્ટ,અતીત અનાગતને પણ વિષય કરેછે,તેથી લૌકિક પ્રત્યક્ષથી પણ વિલક્ષણ છે. તેથી એ પ્રજ્ઞા સમગ્ર લૌકિક પ્રજ્ઞાથી વિલક્ષણ છે એ સિદ્ધ થાયછે.

આ પ્રસંગમાં એ શંકા થાયછે કે જે અતીત પદાર્થ છે તે નાશ પામી ગયો છે, જે અનાગત છે તે વિદ્યમાન નથી, તેમ જ જે વિપ્રકૃષ્ટાદિ છે તે ઇન્દ્રિયસાથે સંનિકૃષ્ટ નથી તો એ સર્વનું પ્રત્યક્ષ કેવી રીતે થઈ શકે? એનો ઉત્તર એ કે આ શાસ્ત્રમાં સત્કાર્યવાદ માન્યો છે તેથી જે પદાર્થ અતીત છે તે પણ વસ્તુરૂપે તો વિદ્યમાન જ છે, તેમ જ જે અનાગત છે તે પણ વસ્તુરૂપે વિદ્યમાન છે. તેથી તે પદાર્થોનું પ્રત્યક્ષ થવામાં કશો દોષ નથી. તેમ જ બીજું જે કહ્યું કે ઇન્દ્રિયસાથે વિપ્રકૃષ્ટ પદાર્થ સંનિકૃષ્ટ નહિ હોવાથી પ્રત્યક્ષના વિષય થવા ઘટતા નથી એ પણ અયોગ્ય છે કેમકે પ્રત્યક્ષ થવામાં ઇન્દ્રિયની સર્વ સ્થળે આવશ્યકતા નથી. બુદ્ધિસત્ત્વ જાતે સંપૂર્ણ પદાર્થનું ગ્રહણ કરવા સમર્થ છે. તોપણ વ્યુત્થાનદશામાં રજસ્ તમસ્રૂપ મલથી ગ્રસ્ત થયેલું હોવાથી તેમ કરી શકતું નથી. પણ ઇન્દ્રિયસાહિત્યની અપેક્ષા રાખી કેટલાક વિષયનો જ માત્ર સાક્ષાત્કાર કરાવેછે. જ્યારે સમાધિથી રજોગુણ તથા તમોગુણરૂપ મળ દૂર થાયછે ત્યારે બુદ્ધિસત્ત્વ પોતાના શુદ્ધ પ્રકાશસ્વરૂપે પ્રકાશેછે અને યુગપત્ ધ્યેયગત અશેષ વિશેષનો સાક્ષાત્કાર કરાવેછે. તેથી સમાધિપ્રજ્ઞા વિપ્રકૃષ્ટાદિ વિશેષને પણ ભાસમાન કરેછે એ સિદ્ધ થાય છે.

આ પ્રજ્ઞાથી ચિત્તમાં સંસ્કાર પડેછે. એ સંસ્કારથી પુનઃ પ્રજ્ઞા, તેથી પુનઃ સંસ્કાર એમ સંપ્રજ્ઞાતપ્રજ્ઞાચક્ર ચાલેછે. એ પ્રજ્ઞાચક્રથી શું ફલ થાયછે તે પ્રતિપાદન કરવા કહેછે કે—

तज्जः संस्कारोऽन्यसंस्कारप्रतिबन्धी ॥ ५० ॥

સૂત્રાર્થ:—સંપ્રજ્ઞાત પ્રજ્ઞાથી થયેલો સંસ્કાર વ્યુત્થાનના સમગ્ર સંસ્કારોનો પ્રતિબંધ કરેછે.

तज्जः संस्कारः=તેનાથી થયેલો સંસ્કાર. તત્ શબ્દથી ૪૮ મા સૂત્રમાં કહેલી ઋતંભરા પ્રજ્ઞાનો પરામર્શ કરાયછે. અને તેમાં પણ મુખ્ય ઋતંભરાનો, કેમકે ગૌણાર્થમાં જે ઋતંભરા પ્રજ્ઞા છે તેનાથી પડેલો સંસ્કાર વ્યુત્થાન દશાના અવિદ્યાદિ સંસ્કારોના પ્રતિબંધ કરનાર નથી. તેથી तज्जः એટલે ઋતંભરાથી પડેલો સંસ્કાર.

अन्यसंस्कार०—અન્ય સંસ્કારનો પ્રતિબંધ કરનાર છે. अन्य એ પદથી વ્યુત્થાનનું ગ્રહણ થાયછે. સમાધિપ્રારંભ પણ સમાધિની અપેક્ષાથી વ્યુત્થાન જ હોવાથી વ્યુત્થાનમાં આવી જાય છે.

संस्कार એટલે અનુદ્ભૂત દશામાં રહેલાં શક્તિઓ. જે સંસ્કારો ઉદ્ભૂત થઇ ગયા છે તેનો તો પ્રતિબંધ થતો જ નથી કેમકે પ્રતિબંધ કરવો એટલે ઉદ્ભૂત થવાનું સામર્થ્ય લઇ લેવું તે. તેથી अन्यसं०=એટલે સમાધિપ્રારંભસહિત વ્યુત્થાન દશાના અવિદ્યાદિ સંસ્કારોના પ્રતિબંધ કરનાર છે એટલે તેમનું ઉદ્ભૂત થવાનું સામર્થ્ય લઇ લે છે.

આ સૂત્રથી એ કહ્યું કે ઋતંભરાપ્રજ્ઞાની પરંપરાથી પડેલા સંસ્કારો વ્યુત્થાનસંસ્કારોનો પ્રતિબંધ કરેછે. એટલે વ્યુત્થાન સંસ્કારોનો બાધ થવાથી વ્યુત્થાનના પ્રત્યયો થતા નથી. વ્યુત્થાનના પ્રત્યયોનો અભાવ થવાથી વ્યુત્થાનનો અભાવ થાયછે. વ્યુત્થાનનો અભાવ થવાથી સમાધિ વા નિરોધ બન્યો રહેછે. તેથી સમાધિપ્રજ્ઞા થાયછે. સમાધિપ્રજ્ઞાથી પ્રજ્ઞાસંસ્કાર પડેછે. તે સંસ્કારથી પૂર્વ પૂર્વ પ્રજ્ઞાથી પડેલો સંસ્કાર દૃઢ થાયછે. દૃઢ થયેલા તે સંસ્કારથી વ્યુત્થાનસંસ્કારોનો બાધ થાયછે. તેથી પુનઃ પરિણામે સમાધિપ્રજ્ઞા બની રહેછે. એમ કેટલોક કાળ થયા કરેછે. અહિં એ શંકા થાયછે કે વ્યુત્થાનસંસ્કારોનો સમાધિપ્રજ્ઞાના ઉદયથી બાધ થઇ શકે એમ છે તો પછી એ પ્રજ્ઞાપરંપરાની શું આવશ્યકતા છે? એનો ઉત્તર એ કે જે અવિદ્યા છે તે આ પ્રજ્ઞાની સાક્ષાત્ વિરોધી હોવાથી તેનો તો આ પ્રજ્ઞાના ઉદયમાત્રથી બાધ થાયછે. પણ તેટલામાત્રથી વ્યુત્થાનસંસ્કારમાત્રનો બાધ થતો નથી. જો એક વખત એ પ્રજ્ઞાના સંસ્કારથી સમગ્ર વ્યુત્થાનસંસ્કારોનો બાધ થતો હોય તો શાસ્ત્ર-

માં પુનઃ પુનઃ વ્યુત્થાનનું જે વર્ણન કરેલું છે તે અસંગત ઠરે. તેથી લોકસ્થિતિ જોતાં એ પ્રજ્ઞાના ઉદય માત્રથી સમગ્ર વ્યુત્થાનસંસ્કારોનો બાધ થતો નથી પણ માત્ર અવિદ્યાનો બાધ થાય છે તથા અન્ય સંસ્કારોની તનુતા થાયછે. જેમ જેમ એ પ્રજ્ઞાના સંસ્કારો દૃઢ થતા જાયછે તેમ તેમ વ્યુત્થાનસંસ્કારો અધિક અધિક તનુ થતા જાયછે. તેથી પ્રજ્ઞાપરંપરાથી જેમ જેમ પ્રજ્ઞાસંસ્કારો દૃઢ થાયછે તેમ તેમ વ્યુત્થાનસંસ્કારોનો બાધ કરી શકે છે, એ સિદ્ધ થાય છે.

અહિં બીજો પ્રશ્ન એ ઉઠેછે કે જ્યારે સંપ્રજ્ઞાતયોગથી થયેલી પ્રજ્ઞાની પરંપરાથી ચિત્તમાં સંસ્કારો પડ્યા કરેછે ત્યારે ચિત્ત કૈવલ્યને નહિ પામવાનું, કેમકે સંસ્કારવાળું હોવાથી સાધિકાર છે અર્થાત્ આ સંપ્રજ્ઞાતયોગ પણ ચિત્તની સાધિકારતાને પમાડનાર છે એનો ઉત્તર એ કે સમાધિપ્રજ્ઞાનો સંસ્કાર પ્રજ્ઞાપરંપરાથી પોતે દૃઢ થઈ અન્ય સંસ્કારમાત્રનો દાહ કરેછે તથા પોતે પણ પરવૈરાગ્યને ચિત્તમાં ઉત્પન્ન કરી શકેછે. તેથી એ પ્રજ્ઞાસંસ્કારની પરંપરા ચિત્તને સાધિકાર કરનાર નથી પણ ચિત્તની સાધિકારતાની વિરોધી છે.

આ પ્રમાણે આ સૂત્રોથી સંપ્રજ્ઞાત યોગનું ફલ પ્રતિપાદન કર્યું. હવે અસંપ્રજ્ઞાત યોગનું ફલ પ્રતિપાદન કરવું અવશિષ્ટ છે તે કરવા તથા ઉક્ત પ્રજ્ઞાસંસ્કાર પોતાની દૃઢ સિદ્ધિ થયાથી પરવૈરાગ્યદ્વારા શમી જાયછે જેથી ચિત્તની સાધિકારતા રહેતી નથી એ પ્રતિપાદન કરવા કહેછે કે—

तस्याऽपि निरोधे सर्वनिरोधान् निर्बीजः समाधिः ॥ ५१ ॥

સૂત્રાર્થઃ—તેનો પણ નિરોધ થવાથી સર્વનો નિરોધ થાયછે જેથી નિર્બીજ સમાધિ થાયછે.

तस्याऽपि એટલે પ્રજ્ઞાથી પડેલા સંસ્કારનો પણ. अपि શબ્દથી પ્રજ્ઞાનો સમુચ્ચય થાયછે. તેથી तस्याऽपि એટલે સંપ્રજ્ઞાતપ્રજ્ઞા તથા તેનો સંસ્કાર એ બંનેના.

निरोधे=નિરોધ થવાથી.

सर्वनिरोधात्=વ્યુત્થાન પ્રત્યય, વ્યુત્થાન સંસ્કાર, સમાધિપ્રારંભપ્રત્યય, તેના સંસ્કાર, સંપ્રજ્ઞાતપ્રજ્ઞા તથા તેનો સંસ્કાર એ સર્વનો નિરોધ થઈ ગયેલો હોવાથી.

निर्बीजः समाधिः નિર્બીજ સમાધિ થાયછે. બીજ એટલે અવિદ્યાસંસ્કાર તથા દુઃખસંસ્કાર. એ બંનેનો દાહ જેમાં છે તે

નિર્બીજ. સમાધિનો આ સ્થળે નિરોધ એ અર્થછે.

આ સૂત્રથી એ કહ્યું કે સંપ્રજ્ઞાતપ્રજ્ઞા તથા તેનો સંસ્કાર જે કેટલોક કાળસુધી સંતાનરૂપે પ્રવર્તતાં હતાં તેનો પણ જ્યારે પરવૈરાગ્યદ્વારા નિરોધ થાયછે ત્યારે વૃત્તિમાત્રનો નિરોધ થયેલો હોવાથી જ્ઞાતૃ, જ્ઞાન અને જ્ઞેયથી શૂન્ય એવો અસંપ્રજ્ઞાતયોગ જેને અન્ય શાસ્ત્રોમાં નિર્વિકલ્પક સમાધિ પણ કહી છે તે થાયછે. નિર્વિકલ્પક સમાધિનું પણ અન્ય શાસ્ત્રોમાં બે વિભાગે વર્ણન કરયું છે બેમાંથી જે અદ્વૈતાવસ્થાનરૂપ નિર્વિકલ્પક સમાધિ કહ્યો છે તેને જ આ સ્થળે અસંપ્રજ્ઞાતયોગ મુખ્યત્વે કરી કહ્યો છે * જે અદ્વૈતભાવનારૂપ નિર્વિકલ્પક સમાધિ છે તેમાં વૃત્તિનો સદ્ભાવ હોય છે અને આ અસંપ્રજ્ઞાતમાં વિવેકખ્યાતિરૂપ પ્રજ્ઞાવિષે પણ અલંબુદ્ધિરૂપ પરવૈરાગ્ય થયેલો હોવાથી તે પણ શમી ગયેલી હોય છે અર્થાત્ સર્વ વૃત્તિનો નિરોધ હોયછે. અસંપ્રજ્ઞાત યોગ અવિદ્યા તથા સમગ્ર દુઃખસંસ્કારનો અભાવ કરનાર હોવાથી નિર્બીજ છે.

અહિં પણ એ યાદ રાખવું જોઇએ કે પૂર્વ પૂર્વ અસંપ્રજ્ઞાતને વિષે સંપ્રજ્ઞાતપ્રજ્ઞા માત્રનો નિરોધ થાયછે પણ પ્રજ્ઞાથી પડેલા સંસ્કાર તો માત્ર તનુ થતા જાયછે અને ક્રમે કરી અત્યંત તનુતાને પામેલા એ પણ પરિણામે દગ્ધ થઇ જાય છે. તેથી બીજનો અર્થ અવિદ્યા લઇએ ત્યારે પ્રાથમિક અસંપ્રજ્ઞાતથી તે ચરમ અસંપ્રજ્ઞાતપર્યન્ત સર્વ નિર્બીજ છે. પણ બીજનો અર્થ સંસ્કાર લઇએ ત્યારે પૂર્વ પૂર્વ અસંપ્રજ્ઞાતમાં ગૌણ નિર્બીજત્વ છે અને ચરમ અસંપ્રજ્ઞાત કે જેનાથી પછી સ્વતઃ વા પરતઃ ઉત્થાન થતું જ નથી તેમાં સંસ્કારમાત્રનો દાહ થયેલો હોવાથી તે મુખ્ય નિર્બીજ છે.

અહિં એ કહ્યું કે અસંપ્રજ્ઞાતપરંપરાથી દૃઢ થયેલો નિરોધ સંસ્કાર ઋતંભરા પ્રજ્ઞાના સંસ્કારનો પણ દાહ કરેછે તેમાં બે શંકા થાયછે. પ્રથમ તો અસંપ્રજ્ઞાતની પરંપરાની શી આવશ્યકતા છે અર્થાત્ એકદા અનુષ્ઠિત અસંપ્રજ્ઞાતથી સંસ્કાર માત્રનો દાહ થતો નથી એમાં શું પ્રમાણ છે? અને બીજી તો એ કે અસંપ્રજ્ઞાતપરંપરાથી પડેલા નિરોધસંસ્કારથી અન્ય સંસ્કારનો બાધ થાય તોપણ ચિત્ત અંતે નિરોધસંસ્કારસહિત રહેલું હોવાથી ચરમ અસંપ્રજ્ઞાતવિષે પણ સંસ્કારરૂપ બીજના અધમાં નિર્બીજ અવસ્થાવા-

* જુઓ શ્રીસિદ્ધાન્તસિન્ધુ, પ્રથમ રત્ન પૃ૪ ૨૭૮.

ણું નહિ કહેવાય. એ બંનેના ઉત્તર આ પ્રમાણેઃ—

અસંપ્રજ્ઞાતની પરંપરા અવશ્ય માનવી જોઇએ, કેમકે જો એકદા થયેલા અસંપ્રજ્ઞાત સમાધિથી પ્રજ્ઞાકૃતસંસ્કારસહિત સકલ સંસ્કારોનો દાહ થતો હોય તો એ સમાધિથી પુનઃ વ્યુત્થાન થવું ન જોઇએ, કેમકે વ્યુત્થાનસંસ્કાર માત્રનો દાહ થયેલો છે. પણ તેમ તો છે નહિ. શાસ્ત્રમાંથી અનેક દૃષ્ટાન્તો મળી આવેછે કે જેમાં અસંપ્રજ્ઞાતથી પુનઃ વ્યુત્થાન થયેલું કહેલું છે. શ્રીયોગવાસિષ્ઠમાંના કચવૃત્તાન્તમાં કચ નિરોધસમાધિથી વ્યુત્થિત થઇ એકાન્તમાં किं करोमि क्व गच्छामि किं गृह्णामि त्यजामि किम् । आत्मना पूरितं विश्वं महाकल्पाम्बुना यथा । મારે શું કરવું, ક્યાં જવું, શું લેવું, શું ત્યજવું—કંઇ જ નહિ, કારણ કે જેમ પ્રલયસમયે આ સંપૂર્ણ વિશ્વ પ્રલયાબ્ધિથી છવાઇ ગયેલું દેખાય છે તેમ આ સંપૂર્ણ વિશ્વ મારા સ્વરૂપથી ભરેલું છે–ઇત્યાદિ વિચારોને કરતા હવા એ પ્રમાણે કહ્યું છે. તેમ જ શિખિધ્વજ અને ચૂડાલાના વૃત્તાન્તમાં શિખિધ્વજ ત્રણ વર્ષપર્યન્ત નિરોધસમાધિમાં રહ્યા પછી વ્યુત્થિત થતા હવા, શ્રી પ્રહ્લાદ પાંચ હજાર વર્ષપર્યન્ત નિરોધસમાધિમાં સ્થિત થયા હતા વગેરે પ્રતિપાદન પણ જોવામાં આવે છે, તેથી એ સિદ્ધ થાય છે કે એકદા થયેલા અસંપ્રજ્ઞાત યોગથી પ્રજ્ઞાસંસ્કારસહિત સકલ વ્યુત્થાનસંસ્કારનો બાધ થતો નથી. તેથી તેનો નિઃશેષ બાધ કરવા પરવૈરાગ્યનું તીવ્રતમ અનુષ્ઠાન તથા અસંપ્રજ્ઞાતની પરંપરા જરૂરનાં છે. જો એ યોગી મહાત્મા એમ નથી કરતા તો શરીર તથા અંતઃકરણના નિર્વાહક સંસ્કારોનો બાધ નહિ થયેલો હોવાથી તે દેહના અંતસુધી તેમને જગત્માં રહેવું પડે છે. અને શરીર છુટયે કૈવલ્ય પદને પામી સ્વરૂપમાં શમેછે.

બીજું જે કહ્યું કે પ્રજ્ઞાસંસ્કારસહિત અશેષ વ્યુત્થાનસંસ્કારનો બાધ થાય તોપણ ચિત્તમાં નિરોધસંસ્કાર હોવાથી ચિત્તની સાધિકારતા જેમની તેમ રહેવાની. પણ એમ નથી. એ નિરોધસંસ્કારો ચિત્તની સાધિકારતાને ઉપજાવનાર નથી પણ એના વિરોધી છે, તેથી જ્યાંસુધી એ નિરોધસંસ્કારનો વિષય વિદ્યમાન છે ત્યાંસુધી જ એ રહેછે, તેનો અભાવ થવાથી પોતે પણ શમી જાયછે જેમ કાષ્ઠને બાળવાને પ્રકટ થયેલો વહ્નિ તે કાષ્ઠને બાળ્યા પછી વિષયવિનાનો થવાથી પોતે ઉપશમ દશાને પામે છે તથા જેમ સુવર્ણનો મળ કાઢવાને નાંખેલું સીસક સુવર્ણના મળને બાળી રહેછે કે તરત

પોતે પણ દગ્ધ થઇ જાયછે તેમ પ્રજ્ઞાસંસ્કારસહિત અશેષ વ્યુત્થાનસંસ્કારોનો આ નિરોધસંસ્કાર દાહ કરી રહે છે કે તરત પોતે પણ શમી જાયછે. એટલે પ્રજ્ઞાસંસ્કારસહિત સમગ્ર વ્યુત્થાનસંસ્કાર દગ્ધ થઈ ગયા એટલે ચિત્તની સ્થિતિમાં હેતુરૂપ ભોગ તથા વિવેકખ્યાતિના સંસ્કારોનો અભાવ થયો તેથી ચિત્તની ચિત્તરૂપે સ્થિતિ થવામાં કોઇપણ કારણ નહિ રહેવાથી ચિત્ત પોતાના કારણમાં આત્યંતિક લયને પામી જાયછે. જેથી ચરમ અસંપ્રજ્ઞાતથી વ્યુત્થાન નહિ થતું હોવાથી એ સર્વથા નિર્બીજ અવસ્થા છે.

આ પ્રમાણે ચરમ અસંપ્રજ્ઞાતથી રુદ્ધ થયેલા ચિત્તનો સ્વકારણમાં આત્યંતિક લય થાય છે તેથી બુદ્ધિસત્ત્વ (ચિત્ત) ના અભાવે તેમાં ચિતનું (પુરુષનું) પ્રતિબિંબ પડતું નથી તેથી ચિતિશક્તિ પુરુષ સ્વરૂપપ્રતિષ્ઠાને પામ્યો, તથા વસ્તુતઃ પ્રતિબિંબથી થયેલા અભિમાનીમાં રહેલા પણ અવિદ્યાથી પોતામાં આરોપાતાં દુઃખમાત્રથી રહિત થયો એમ શાસ્ત્રમાં કહેવાય છે. આ ત્રિવિધ દુઃખના આત્યંતિક લયરૂપ મોક્ષ વસ્તુસ્થિતિ જોતાં તો ચિત્તનો જ છે, કૂટસ્થ પુરુષનો નથી. સાંખ્ય સૂત્રમાં પણ वाङ्मात्रं न तु तत्त्वं चित्तस्थितेः પુરુષમાં બંધ કહેવામાત્ર છે, વાસ્તવિક નથી. કેમકે વસ્તુતઃ તો એ ચિત્તમાં રહ્યો છે ઇત્યાદિ સૂત્રથી બંધ ચિત્તનો જ કહ્યો છે. તથાપિ અવિદ્યાથી ગૃહીત પુરુષમાં એ બંધનો આરોપ કરવામાં આવેછે તેથી ચિત્તરૂપ ઉપાધિ નિવૃત્ત થયે પુરુષમાંથી બંધ નિવૃત્ત થયો એમ શાસ્ત્રમાં કહેવાય છે.

આ બે સૂત્રથી શ્રી પતંજલિ ભગવાને આ પ્રમાણે બંને પ્રકારના યોગનું અસાધારણ ફલ એ કહ્યું કે કેવલ તત્ત્વજ્ઞાનથી અસાધ્ય ફલરૂપ જે આશુ વિદેહકૈવલ્યની પ્રાપ્તિ તે આ બંને પ્રકારના યોગથી થાય છે. તત્ત્વજ્ઞાનથી સંચિત કર્મોનો નાશ તથા ક્રિયમાણ કર્મોનો અશ્લેષ થાય છે પણ શરીર તથા અંતઃકરણની સ્થિતિમાં હેતુરૂપ પ્રારબ્ધ અવશેષ રહેછે. જ્ઞાનવિષયક શ્રુતિ સ્પષ્ટ કહેછે કે तस्य तावदेव चिरं यावन्न विमोक्ष्येऽथ संपत्स्ये એ તત્ત્વજ્ઞાની મહાત્માને દેહપતન થાય ત્યાંસુધી વિદેહકૈવલ્યમાં વિલંબ છે; એ થયાથી પોતે વિદેહકૈવલ્યને પામેછે. આ બંને પ્રકારના યોગની સિદ્ધિથી પ્રારબ્ધ કર્મનો પણ નાશ કરી શકાય છે અને તેથી ઇચ્છામાં આવે તે ક્ષણે વિદેહકૈવલ્ય પ્રાપ્ત કરીશકાય છે. અહિં પ્રારબ્ધ કર્મ અર્ધભુક્ત થયાં તેથી તેનો નાશ નહિ થાય એ કહેવું યોગ્ય નથી. કેમકે જે અર્ધભુક્ત કર્મોનો નાશ કરનાર ઉપાય નથી તેનો જ માત્ર નાશ

નહિ થાય પણ કાળે કરી ભોગથી ક્ષય કરવો પડેછે. જે અર્ધભુક્ત કર્મોનો શાસ્ત્રમાં ઉપાય કહ્યો છે તે સર્વ કર્મોનો તે ઉપાયના અનુષ્ઠાનથી નાશ થવો જ જોઇએ. જો સર્વ અર્ધભુક્ત કર્મોનો ભોગમાત્રથી જ નાશ થતો હોય તો ગૃહશાન્તિ વગેરે પ્રાયશ્ચિત્ત કર્મનું બોધન કરનાર શાસ્ત્ર અસંગત ઠરે. શાસ્ત્ર કહેછે કે, જે માણસને અમુક અમુક રોગ થયો હોય તો તે પૂર્વે કરાયેલા અમુક જાતના કર્મનું ફલ છે એમ જાણવું તથા તેનો ક્ષય કરવો અમુક પ્રાયશ્ચિત્તકર્મનું અનુષ્ઠાન કરવું. અહિં જ્યાંથી રોગ થયો ત્યાંથી તે રોગફલક કર્મ અર્ધભુક્ત થયું. છતાં તેનો નાશ સ્પષ્ટ રીતે શાસ્ત્ર કહેછે તે જ પ્રમાણે શરીર તથા ચિત્તની સ્થિતિમાં હેતુરૂપ જે પ્રારબ્ધરૂપ અર્ધભુક્ત કર્મો તેનો પણ શાસ્ત્રવિહિત આ બે પ્રકારના યોગરૂપ ઉપાયના પૂર્ણ અનુષ્ઠાનથી તત્કાળ નાશ કરી શકાય એ યુક્તિયુક્ત જ છે. શ્રીવિષ્ણુપુરાણમાં योगाग्निर्दहति क्षिप्रमशेषं पापपञ्जरम् ઇત્યાદિ વચનથી સર્વ કર્મનો તત્કાળ દાહ કરનાર દ્વિવિધ યોગરૂપ અગ્નિ છે એ સ્પષ્ટ કર્યું છે, તેથી આ બે યોગનું આશુ વિદેહકૈવલ્ય એ અસાધારણ ફલ છે એ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે આ પાદમાં આરંભ કરાયેલા યોગશાસ્ત્રના વિષયરૂપ યોગનું લક્ષણ કર્યું; ચિત્ત, વૃત્તિ અને નિરોધ એ પદોનું વ્યાખ્યાન કર્યું તથા અભ્યાસ અને વૈરાગ્યરૂપ યોગના બે ઉપાયોનાં સ્વરૂપ તથા ભેદનું પ્રતિપાદન કર્યું. ત્યાર પછી સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત એવા યોગના બે વિભાગ પાડ્યા, એ બંનેના ઉપાયોનું પ્રતિપાદન કર્યું તથા પછી એના સુગમ ઉપાયરૂપે ઇશ્વરપ્રણિધાનનું, ઇશ્વરનું સ્વરૂપ, પ્રમાણ, પ્રભાવ તથા વાચક શબ્દના પ્રતિપાદનપૂર્વક કથન કર્યું. ત્યાર પછી ચિત્તના વિક્ષેપક, તેના સહભૂ પદાર્થો તથા તેને દૂર કરવાના ઉપાયો કહ્યા. આ થઇ રહ્યા પછી અંતે દ્વિવિધ યોગનાં ફલોનું પ્રતિપાદન કર્યું વગેરે ઉત્તમાધિકારીમાટે જે જે આવશ્યક હતું તે સર્વ કહી બતાવ્યું.

योगस्योद्देशनिर्देशौ तदर्थं वृत्तिलक्षणम् ।
योगोपायाः प्रभेदाश्च पादेऽस्मिन्नुपवर्णिताः[1] ॥

---

[1] શ્રીવાચસ્પતિમિશ્રવ્યાખ્યા.

॥ ॐ ॥

॥ श्री ॥

॥ द्वितीयपादः ॥

પ્રથમ પાદમાં યોગનું સ્વરૂપ, તેના ઉપાય, તેનું ફલ તથા અવાન્તર વિભાગનું વર્ણન કર્યું. તોપણ એ પાદમાં જે અભ્યાસ અને વૈરાગ્ય એ બે ઉપાયોનું પ્રતિપાદન કર્યું તે ઉપાયો યોગારૂઢ ચિત્તવાળા ઉત્તમાધિકારીને જ યોગની સિદ્ધિ કરનાર છે. કેમકે એ ઉત્તમાધિકારીનું ચિત્ત વિક્ષિપ્ત નથી તેથી એને ક્રિયાયોગવગેરે યોગાંગના અનુષ્ઠાનની જરૂર રહી નથી. સૂત્રકાર પણ તૃતીયપાદમાં त्रयमंतरङ्गं पूर्वेभ्यः એ સૂત્રથી સંયમ વિનાનાં અન્ય યોગાંગને બહિરંગ જ કહે છે. શ્રીગરુડપુરાણવિષે પણ आसनस्थानविधयो न योगस्य प्रसाधकाः—આસન તથા સ્થાનવગેરેના નિયમો યોગના સાક્ષાત્ સાધક નથી—ઇત્યાદિ વાક્યથી સમાહિત ચિત્તવાળાને સંયમવિના અન્ય યોગાંગની અપેક્ષા નથી એમ જ કહેછે. તેથી અભ્યાસ અને વૈરાગ્ય એ બે માત્રથી સમાહિત ચિત્તવાળાને યોગની સિદ્ધિ થાયછે. તોપણ જે વ્યુત્થિત ચિત્તવાળા છે તે લોકોને એ બે ઉપાયો માત્રથી ચાલી શકે એમ નથી. કારણ કે તે લોકોને સત્ત્વશુદ્ધિના અન્ય ઉપાયો વધારામાં જોઇએ છે. તેનું પ્રતિપાદન કરવા તથા પ્રસંગવશાત્ અન્ય પણ કહેવા આ અન્વર્થક સાધનપાદ નામના દ્વિતીય પાદનો ગ્રંથકાર આરંભ કરે છે. આ પ્રમાણે અધિકારીભેદથી સાધનનો ભેદ થાય છે એ વાત અન્ય શાસ્ત્રોમાં પણ પ્રસિદ્ધ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે—आरुरुक्षोर्मुनेर्योगं कर्मकारणमुच्यते । योगारूढस्य तस्यैव शमःकारणमुच्यते । યોગારૂઢ નહિ થયેલાને માટે અશુદ્ધિ ક્ષય કરનાર કર્મવગેરે સાધનરૂપ છે અને યોગારૂઢ યતિને યોગની સિદ્ધિમાટે શમ એ જ કારણ છે.

આ પ્રમાણે હોવાથી વ્યુત્થિત ચિત્તવાળા, યોગને ઇચ્છનાર લોકોને માટે ક્રિયાયોગનું પ્રતિપાદન ગ્રંથકાર કરે છેઃ—

तपःस्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः ॥ १ ॥

સૂત્રાર્થઃ—તપ, સ્વાધ્યાય અને ઇશ્વરપ્રણિધાન એ ત્રણ યોગને સિદ્ધ કરાવનાર ક્રિયા હોવાથી ક્રિયાયોગ છે.

तपःस्वा०—એટલે તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન.

क्रियायोगः—(क्रिया चासौ योगश्च એમ કર્મધારય સમાસ છે) ક્રિયારૂપ યોગ. ખરૂં જોતાં યોગ વૃત્તિનિરોધરૂપ છે, ક્રિયારૂપ નથી તોપણ આ ત્રણ ક્રિયાઓ યોગના સાધનરૂપ હોવાથી ઉપચારથી યોગ કહેવાય છે. તેથી ક્રિયાયોગનો ખરો અર્થ એ થયો કે યોગની સાધક ક્રિયા.

આ સૂત્રથી તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન એ ત્રણ ક્રિયાઓ યોગના સાધનરૂપ છે એમ કહ્યું.

ત્યાં તપઃ—એટલે શાસ્ત્રમાં કૃચ્છ્ર, ચાંદ્રાયણાદિરૂપે પ્રતિપાદન કરેલી ક્રિયાઓથી શરીરનું શોષણ કરવું તે. યાજ્ઞવલ્ક્યસંહિતામાં કહ્યું છે કે विधिनोक्तेन मार्गेण कृच्छ्रचांद्रायणादिभिः । शरीरशोषणं प्राहुस्तपसां तप उत्तमम् ॥ શાસ્ત્રપ્રતિપાદિત માર્ગે વિધિપ્રમાણે કૃચ્છ્રચાંદ્રાયણાદિ ક્રિયાથી જે શરીરનું શોષણ કરવું તે ઉત્તમ તપ છે. આ પ્રકારનું તપ વ્યુત્થિત ચિત્તવાળામાટે આવશ્યક છે. કેમકે અનાદિ કાળથી બંધાયલી ક્લેશકર્મની વાસનાએ કરીને ચિત્તમાં નાના પ્રકારના પાપરૂપ સંસ્કારો તથા રાજસતામસ દ્રવ્યની પ્રધાનતારૂપ અશુદ્ધિ હોય છે. આથી કરીને ચિત્ત તથા ઇન્દ્રિયો સદા વિષયમાં પ્રવર્તેલાં રહે છે. ચિત્ત તથા ઇન્દ્રિયોની વિષયમાં પ્રવૃત્તિ એ વૃત્તિનિરોધરૂપ યોગની સ્પષ્ટ રીતે વિરોધી છે એ પ્રવૃત્તિની શિથિલતા તપથી થાય છે. કેમકે તપ કરવાથી શરીરનું શોષણ થાયછે તથા ઇન્દ્રિયોવગેરે દુર્બલ થવાથી વેગ કરી વિષયપ્રતિ ધાવન કરતી અટકે છે. તેમ જ તપ શુભ કર્મ હોવાથી પુણ્યની ઉત્પત્તિદ્વારા ચિત્તગત પાપરૂપ મળને ક્ષય કરનાર છે. આ બંને કારણથી વ્યુત્થિત ચિત્તવાળાએ આ તપ કરવું જરૂરનું છે. જેનું અંતઃકરણ સમાહિત છે તેનામાં પાપરૂપ અશુદ્ધિ તથા રાજસતામસ દ્રવ્યની પ્રધાનતા છે જ નહિ, તેથી પ્રથમ પાદના અધિકારીમાટે આ ક્રિયા ત્યાં કહી નથી. વ્યુત્થિત ચિત્તવાળા અધિકારીમાં એ અશુદ્ધિ બલવતી હોવાથી એને તનુત્વને પમાડવા આ તપ આવશ્યક છે. શ્રી મનુસ્મૃતિમાં यद्दुष्करं यद्दुरापं यद्दुर्गं यच्च दुस्तरम् । तत्सर्वं तपसा प्राप्यं तपो हि दुरतिक्रमम् ॥ ઇત્યાદિ વચનથી સ્પષ્ટ કહ્યું છે કે જે કરવું કઠિન છે, જે અન્ય સાધનથી મળે એમ નથી, જે દુર્ગ તથા દુસ્તર છે તે સર્વ તપથી પ્રાપ્ત થાય છે. તેથી તપ અવશ્ય કર્તવ્ય-

છે.* આ પ્રમાણે તપ આવશ્યક છે તથાપિ યોગના સાધકે એ તપ મૃદુ રીતે કરવાનું છે. એટલે ચિત્તની પ્રસન્નતામાં વિઘ્ન ન આવે એટલેસુધી કરવાનું છે. કેમકે અતિ કઠિન તપ કરવાથી કફાદિ ધાતુના વૈષમ્યદ્વારા યોગાંતરાયરૂપ વ્યાધિવગેરેની ઉત્પત્તિ થઈ ચિત્તમાં ક્ષોભ થાય છે અને તેથી યોગથી ભ્રષ્ટ થવાય છે.

બીજી ક્રિયા તે સ્વાધ્યાય છે. स्वाध्याय એટલે શ્રીસદ્ગુરુઉપદિષ્ટ પ્રણવાદિ પવિત્ર મંત્રોનો જપ તથા મોક્ષશાસ્ત્રનું મનન. ત્યાં જપ મુખ્ય બે પ્રકારનો છે (૧) વાચિક તથા (૨) માનસ. એમાં વાચિક જપના વાચિક અને ઉપાંશુ એવા બે ભેદ પડે છે તથા માનસના માનસ અને ધ્યાન એ બે વિભાગ પડે છે, તેથી જપ ચાર પ્રકારનો ગણાય છે. એ ચારમાં જે જપ સમીપસ્થ માણસ સાંભળી શકે એવી રીતે એકાન્તમાં વૈખરી વાણીથી કરવામાં આવે છે તે વાચિક છે. તથા જે જપ જિહ્વા અને હોઠના સહજ ચલનથી સમીપસ્થ માણસ પણ નહિ સાંભળી શકે એવી રીતે કરવામાં આવે છે તે ઉપાંશુ છે. જે જપ જિહ્વા અને હોઠ બિલકુલ હલાવ્યાવિના કેવળ મનમાં જ કરાય છે તે મનોમય વા માનસ જપ છે. અને એ માનસ જપના અભ્યાસથી જ્યારે અક્ષરાવૃત્તિ શબ્દવૃત્તિમાં લીન થઈ જાય છે તે સ્થિતિમાં કરાતો જપ ધ્યાન જપ છે. આ ચાર પ્રકારના જપમાં ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. યાજ્ઞવલ્ક્યસંહિતામાં કહ્યું છે કે जपश्च द्विविधः प्रोक्तो मानसो वाचिकस्तथा । वाचिक उपांशुश्चैव द्विविधः परिकीर्तितः ॥ मानसो मानसध्यानभेदात् द्वैविध्यमाश्रितः ॥ उच्चैर्जपादुपांशुस्तु सहस्रगुण उच्यते । मानसश्च तथोपांशोः सहस्रगुण उच्यते । मानसाच्च तथा ध्यानं सहस्रगुणमुच्यते ॥ જપ બે પ્રકારનો કહેવાય છે (૧) માનસ અને (૨) વાચિક. તેમાં વાચિક જપ, ઉપાંશુ અને ઉચ્ચૈઃ (વાચિક) એ બે ભેદવાળો છે તથા માનસ જપ માનસ અને ધ્યાન એ બે ભેદવાળો છે. એ ચારમાં વાચિકકરતાં ઉપાંશુ સહસ્રગુણ શ્રેષ્ઠ છે. ઉપાંશુકરતાં માનસ અને માનસકરતાં ધ્યાન સહસ્રગુણ શ્રેષ્ઠ છે. તેથી એ ચારમાં ધ્યાન જપ સર્વથી અધિક શ્રેષ્ઠ છે કારણ કે એ જપ ચિત્તની એકાગ્રતા કરવામાં સાક્ષાત્ કારણરૂપ છે. આમ છે છતાં સાધકથી આરંભમાં ધ્યાન જપ થઈ શકતો નથી તેથી સાધકે તો

* વિશેષ સ્પષ્ટીકરણમાટે જુઓ શ્રીસિદ્ધાન્તસિન્ધુ પૃષ્ઠ ૨૫૧.

પોતાના અધિકારપ્રમાણેના જપથી આરંભ કરી અતિપ્રયત્ને ધ્યાન-જપ કરવા સામર્થ્ય મેળવવું તથા તેનો નિરંતર અભ્યાસ કરવો એ જ કર્તવ્ય છે.

એ જપ તેના અંગભૂત મંત્રનો અર્થ સમજીને કરવો વધારે સારો છે. કેમકે તેમ કરવાથી શબ્દવૃત્તિ ઉચ્ચારણમાં અને લક્ષણાવૃત્તિ મંત્રાર્થમાં રોકાયછે. તેથી પરસ્પરની ઉપકારક થઇ અન્ય વૃત્તિઓને સ્ફુરવા દેતી નથી અર્થાત્ ધ્યાન જપની સિદ્ધિ વહેલી થાયછે. શ્રીછાંદોગ્યોપનિષદ્માં પણ કહ્યું છે કે यदेव विद्यया करोति तदेव वीर्यवत्तरं भवति । જે મંત્રનો અર્થ જાણીને જપ કરાયછે તે જ જપ અધિક બળવાન્ થાયછે. તેથી સાધકે અર્થજ્ઞાનપૂર્વક મંત્રજપ વિધિપ્રમાણે કરવો. એ જપ યોગનો હેતુ છે કારણ કે ક્રમે કરી ધ્યાન જપ થાયછે એટલે ચિત્તની એકાગ્રતા થતાં યોગ આવેછે. શ્રીભગવદ્ગીતામાં પણ यज्ञानां जपयज्ञोऽस्मि એ વચનથી એ જ કહ્યું છે કે, સંપૂર્ણ ક્રિયામાં શ્રેષ્ઠ જે યજ્ઞરૂપ ક્રિયાઓ તે સર્વમાં પણ જપરૂપ યજ્ઞ મારૂં સ્વરૂપ છે અર્થાત સર્વથી શ્રેષ્ઠ છે. તેથી જપ એ ક્રિયા પણ યોગનો હેતુ છે તથા સર્વથી ઉત્તમ હેતુ છે એ સિદ્ધ થાયછે. મોક્ષશાસ્ત્રનું મનન પણ એક પ્રકારે જપરૂપજ છે તેથી એને માટે પૃથક્ વિવેચનની આવશ્યકતા નથી. એ બેને સ્વાધ્યાય કહેછે.

ચોથી ક્રિયા તે ઈશ્વરપ્રણિધાન છે. ईश्वरप्रणिधान એટલે કર્મસંન્યાસ તથા ફલસંન્યાસ. સર્વ કર્મોને પરમગુરૂ પરમાત્માવિષે સમર્પણ કરવાં તે કર્મસંન્યાસ છે અને ફલની ઇચ્છા રાખ્યા વિના નિષ્કામપણે ધર્મ સમજીને (કર્તવ્ય સમજીને) અથવા ઈશ્વરપ્રીત્યર્થે કર્મો કરવાં તે ફલસંન્યાસ છે. આ બંને પ્રકારનું ઇશ્વરાર્પણ અવશ્ય કર્તવ્ય છે. ત્યાં કર્મસંન્યાસ અવશ્ય કર્તવ્ય છે. એ વિષે શ્રીભગવદ્ગીતામાં કહ્યું છે કે—यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् । यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥ જે તું કરે, જે ખાય, જે હોમે, જે દાન કરે, જે તપ કરે વગેરે જે જે કરે તે સર્વ હે કુંતિના પુત્ર! તું મને અર્પણ કર. કર્મો ઈશ્વરને અર્પણ કરવાં એટલે 'જાણીને વા અજાણતાં જે જે હું કરૂંછું તે સર્વ હે અંતર્યામિ ભગવન્! આપની પ્રેરણાથી તથા સત્તાથી જ કરૂંછું'— એ પ્રકારનું ચિંતન કરી કર્મ કરવાં તે. એ ચિન્તનનો વિશેષ પ્રકાર શ્રીકૂર્મપુરાણમાં આ પ્રમાણે કહ્યો છે કે—

ब्रह्मणा दीयते देयं ब्रह्मणे संप्रदीयते ।
ब्रह्मैव दीयते चेति ब्रह्मार्पणमिदं परम् ॥
नाहं कर्ता सर्वमेतद् ब्रह्मैव कुरुते तथा ।
एतद् ब्रह्मार्पणं प्रोक्तमृषिभिस्तत्त्वदर्शिभिः ॥

જ્યારે દાનરૂપ ક્રિયા કરવામાં આવે ત્યારે એ દાન બ્રહ્મ જ આપે છે, બ્રહ્મને જ આપે છે તથા બ્રહ્મ પોતે જ અપાય છે; અર્થાત્ સર્વ બ્રહ્મરૂપ જ છે તેથી હું કાંઇ કરતો નથી પણ બ્રહ્મ જ સર્વ કરે છે— એ પ્રકારનું ચિન્તન તે શ્રેષ્ઠ બ્રહ્માર્પણ છે. આ પ્રમાણે પ્રત્યેક ક્રિયા કરતી વખતે હું એ ક્રિયાનો કર્તા નથી પણ ઈશ્વર જ કર્તા છે, એ પ્રકારે સાત્વિક ચિન્તન કરવું તે કર્મસંન્યાસ છે.

ફલસંન્યાસ અવશ્ય કર્તવ્ય છે તેમાટે શ્રીભગવદ્ગીતામાં कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन । मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥ ઇત્યાદિ વચનથી કહ્યું છે કે કર્મથી અસંગ રહેવામાટે કર્મનું નિષ્કામપણે અનુષ્ઠાન કરવું આવશ્યક છે.

આ બન્ને પ્રકારનો સંન્યાસ વા ઈશ્વરાર્પણ તે ઈશ્વરપ્રણિધાન છે.

આ સૂત્રમાં આ ત્રણ ક્રિયાને યોગના હેતુરૂપ હોવાથી કર્મયોગ વા ક્રિયાયોગ કહ્યો છે. અગર જો યમનિયમાદિમાં આ ત્રણની સાથે અન્ય ક્રિયાઓ પણ કહી છે તથા તે સર્વ યોગના સાધનરૂપ છે તોપણ આ સ્થળે આ ત્રણને પૃથક્ પાડી ક્રિયાયોગ કહ્યો છે તેનાં બે કારણ છે. (૧) આ પાદનાં આ સૂત્રોનો જે મધ્યમ સાધક અધિકારી છે તેને માટે અન્ય ક્રિયાઓની ખાસ અગત્ય નથી અને (૨) અન્ય યમનિયમાદિની અપેક્ષા રાખ્યાવિના માત્ર આ ત્રણનું જ તીવ્રતાથી અનુષ્ઠાન કરવામાં આવે તો તેથી પણ યોગની સિદ્ધિ થાય છે અને એ ત્રણશિવાય અન્ય યમનિયમાદિ ક્રિયાના અનુષ્ઠાનથી તેમ થતું નથી. તેથી સર્વ અદોષ છે.

આ પ્રમાણે આ સૂત્રથી ક્રિયાયોગનું પ્રતિપાદન કર્યું. હવે એ ક્રિયાઓ યોગની સિદ્ધિ કેવી રીતે કરાવે છે એ પ્રતિપાદન કરવું જરૂરનું છે. કારણ કે, એ ક્રિયાઓ જો યોગની સિદ્ધિમાં હેતુરૂપ નહિ હોય તો એને ક્રિયાયોગ નહિ કહેવાય. તેથી હવે એ પ્રતિપાદન કરે છે.

समाधिभावनार्थः क्लेशतनूकरणार्थश्च ॥ २ ॥

સૂત્રાર્થ:—એ ક્રિયાયોગ એકાગ્રતાની સિદ્ધિ કરવામાટે તથા વક્ષ્યમાણ લક્ષણવાળા ક્લેશોને શિથિલ કરવામાટે છે.

સમાધિ૦—એકાગ્રતાની ઉત્પત્તિ કરવામાટે.

ક્લેશતનૂ૦—આગળ કહેવામાં આવતા ક્લેશોને શિથિલ કરવામાટે.

આ સૂત્રથી એ કહ્યું કે એ ક્રિયાઓથી (૧) એકાગ્રતાની સિદ્ધિ થાય છે અને (૨) અવિદ્યાદિ ક્લેશો શિથિલ થાય છે એટલે શુષ્કઇન્ધનવત્ થઇ જાય છે. ત્યાં તપથી ઇન્દ્રિયો દુર્બલ થાય છે તેથી સ્વસ્વવિષયપ્રતિ બલવાન્ વેગથી દોડતી અટકે છે અને તેથી ચિત્તની વૃત્તિઓને ઉત્પન્ન કરતી નથી. તેમ જ તપથી સત્ત્વશુદ્ધિ થાય છે તથા પાપરૂપ વાસનાનો ક્ષય થાય છે. અને બુદ્ધિસત્ત્વ શુદ્ધ થવાથી ધ્યેય વિષયમાં એકાગ્ર થાય છે તથા તદ્ગતાશેષ વિશેષને ભાસમાન કરવા સમર્થ થાય છે. આ રીતે તપ સમાધિસિદ્ધિમાં કારણરૂપ છે.

સ્વાધ્યાયરૂપ જપથી ઈશ્વરનો અનુગ્રહ થાય છે તેથી પૂર્વે કહ્યાપ્રમાણે આશુ સમાધિસિદ્ધિ થાય છે. તેમ જ સ્વાધ્યાયની ચાર ભૂમિકાનું ગયા સૂત્રમાં વ્યાખ્યાન કર્યું છે તેમાં મનોમય જપ ધારણારૂપ છે અને ધ્યાનજપ ધ્યાનરૂપ છે. ધ્યાનના પરિપાકથી સમાધિ થાય છે એ તો સ્પષ્ટ છે કેમકે ધ્યાનની પરિપાકઅવસ્થા એ જ સમાધિ છે. આ પ્રમાણે સ્વાધ્યાયથી બે રીતે આશુ સમાધિસિદ્ધિ થાય છે.

ઈશ્વરપ્રણિધાનથી ઈશ્વરનો અનુગ્રહ થાય છે. તેમ જ કર્મ નિષ્કામપણે કરાતાં હોવાથી તેમાં નિષ્ફલ થવાય છે ત્યારે પણ ચિત્ત વ્યગ્રતાને પામતું નથી તથા દુઃખોત્પત્તિદ્વારા ચિત્તપ્રસાદમાં હાનિ થતી નથી. તેથી આ ઈશ્વરપ્રણિધાનથી ચિત્તપ્રસાદ બન્યો રહી પરિણામે સમાધિની સિદ્ધિ ઉત્પન્ન કરે છે. તેમ જ ઈશ્વરાર્પણનો અભ્યાસ થવાથી પ્રતિક્રિયાએ અસ્પૃહા બની રહેવાથી વૈરાગ્યની સિદ્ધિ થાય છે અને તેથી પણ પરિણામે સમાધિ સિદ્ધ થાય છે. વળી એ ઈશ્વરાર્પણરૂપ સમર્પણ વા આત્મનિવેદન ભક્તિ સિદ્ધ થવાથી એના ફલરૂપ પ્રેમલક્ષણા ભક્તિ પણ થોડા વખતમાં આવિર્ભાવને પામે છે તેથી ઈશ્વરતત્ત્વમાં વૃત્તિ એકાગ્ર થાય છે આ વગેરે અનેક રીતે ઈશ્વરાર્પણ સમાધિને ઉપજાવનાર છે. શ્રીભ૦ગી-

તામાં કહ્યું છે કે-ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः । अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते । तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् । भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम् ॥ જે લોકો સર્વ કર્મોને મારા વિષે અર્પણ કરી અનન્યભાવે મારી ધ્યાનરૂપ ઉપાસના કરે છે તેવા મારામાં જ ચિત્તને સ્થાપન કરી રહેનાર પુરુષોનો હું અલ્પ કાળમાં આ દુઃખરૂપ સંસારસાગરથી ઉદ્ધાર કરું છું.

આથી એ સિદ્ધ થયું કે આ ત્રણે ક્રિયાઓનું જો દીર્ઘકાળસુધી નૈરન્તર્યથી તથા આદરસહિત સેવન કરવામાં આવે તો એથી સમાધિસિદ્ધિ થાય છે. સમાધિની સિદ્ધિ થવાથી સમાધિપ્રજ્ઞા અને સમાધિપ્રજ્ઞાથી સિદ્ધિઓ અનાયાસે પ્રાપ્ત થઈ શકે છે. તેથી આ ત્રણે ક્રિયાઓ અસંપ્રજ્ઞાતયોગના અંતરંગસાધન જે સમાધિ તેનો હેતુ છે તેથી તપઆદિને ક્રિયાયોગ છે.

બીજું આ સૂત્રમાં એ કહ્યું કે આ ત્રણ ક્રિયાથી અવિદ્યાદિ ક્લેશો તનુતાને પામે છે. એ પણ ઉપર પ્રમાણે જ સમર્થન કરી શકાય છે. આ ક્રિયાયોગથી ક્લેશો તનુતાને પામે છે તેથી તથા પ્રસંખ્યાનરૂપ [illegible] થતી સમાધિપ્રજ્ઞા. પછી એ ક્લેશોનો દાહ કરે છે. અર્થાત્ જેમ બીજનો દાહ થવાથી તે પુનઃ ઉગતું નથી તેમ એ દગ્ધ થએલા ક્લેશો સંસ્કારાદિને ઉત્પન્ન કરવા અસમર્થ થાય છે. જ્યાંસુધી ક્લેશો તનુતાને પામ્યા નથી ત્યાંસુધી બલવાન વિરોધીથી ગ્રસ્ત થએલી હોવાથી વિવેકખ્યાતિ ઉદયને પામતી નથી. તેથી વિવેકખ્યાતિના ઉદયમાટે ક્લેશોને શુદ્ધ કરી નાખવા આવશ્યક છે. તેમ થવાથી જ વિવેકખ્યાતિનો ઉદય થઈ અંતે અસંપ્રજ્ઞાતયોગ થાય છે તેથી આ ક્રિયાયોગ ક્લેશતનૂકરણરૂપ ફલદ્વારા પણ અસંપ્રજ્ઞાતના હેતુરૂપ છે.

આ પ્રમાણે આ સૂત્રથી ક્રિયાયોગને એ સંજ્ઞા આપવાના કારણનું પ્રતિપાદન કરવાના પ્રસંગથી એ ક્રિયાયોગથી થતાં ફલોનું પ્રતિપાદન કર્યું. તેમાં ક્લેશતનૂકરણરૂપ એક ફલ કહ્યું. પણ ક્લેશનું સ્વરૂપ સૂત્રકારે સમજાવેલું નહિ હોવાથી એ ક્લેશ કયા છે એ જિજ્ઞાસા થાય છે. તે પૂર્ણ કરવા ક્લેશો કેટલા તથા કયા કયા છે તથા એ પ્રત્યેકનું સ્વરૂપ શું છે વગેરે સૂત્રકાર હવે બતાવે છે:—

अविद्याऽस्मितारागद्वेषाभिनिवेशाः पंच क्लेशाः ॥३॥

સૂત્રાર્થ:—અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ એ પાંચ ક્લેશ છે.

આ સૂત્રમાં पंच-પાંચ-પદથી ક્લેશો કેટલા છે, એ પ્રશ્નનો તથા अविद्या०-અવિદ્યાદિ-પદથી ક્લેશો કયા કયા છે એ પ્રશ્નનો ઉત્તર આપ્યો છે. એ પાંચનાં સ્વરૂપ સૂત્રકાર જ ઉત્તર સૂત્રોથી પ્રતિપાદન કરેછે. તેથી આ સ્થળે માત્ર ક્લેશોનું સામાન્ય સ્વરૂપ જ વિચારવાનું છે. ત્યાં એ સ્વરૂપ વા લક્ષણ संसारहेतुविपर्ययत्वम्-સંસારના હેતુરૂપ વિપર્યય-છે. આ લક્ષણમાં संसारहेतुत्वे सति—સંસારના હેતુરૂપ એ વિશેષણ મુકવાથી શુક્તિમાં રજતબુદ્ધિવગેરે વિપર્યયપરની અતિવ્યાપ્તિ દૂર થાય છે. જો જે વિપર્યય હોય તે ક્લેશ એમ માત્ર કહેવામાં આવે તો શુક્તિમાં રજતબુદ્ધિવગેરે વિપર્યય ક્લેશરૂપ ઠરે. પણ તેમ તો છે નહિ. કારણ કે એનો ક્લેશમાં અંતર્ભાવ કરવાથી તથા સૂત્રોક્ત પાંચ ક્લેશોમાં એનો સમાવેશ નથી થતો તેથી એ જુદો ક્લેશ ગણવો પડે. તેથી સૂત્રોક્ત ક્લેશોનું પંચત્વ અસંગત ઠરે. તેથી એ અતિવ્યાપ્તિ દૂર કરવા 'સંસારના હેતુરૂપ' એ વિશેષણ જરૂરનું છે. આ લક્ષણ અસંભવ દોષવાળું પણ નથી કેમકે અવિદ્યા સંસારના હેતુરૂપ જે વિપર્યય તેરૂપ જ છે: તેમ જ અવ્યાપ્તિ દોષવાળું પણ નથી કારણ કે રાગ, દ્વેષવગેરે ચાર ક્લેશો અવિદ્યાનાં કાર્યરૂપ હોવાથી વિપર્યયાત્મક છે. અર્થાત્ વિપર્યયરૂપ જ છે. તેથી ક્લેશોનું એ લક્ષણ અદૂષિત છે એ સિદ્ધ થાયછે.

અહિં એ પ્રશ્ન થાયછે કે આ તો ક્લેશનું શાસ્ત્રીય લક્ષણ છે. પણ ક્લેશ શબ્દનો અર્થ તો દુઃખ છે. એ અર્થનો આ ક્લેશોમાં અનુગમ નહિ હોય તો એને ક્લેશસંજ્ઞા કેવી રીતે અપાય ? એનો ઉત્તર એ કે જગત્માં જે જે દુઃખ છે તે સર્વનું મૂળ આ પાંચ ક્લેશ જ છે તેથી એને ક્લેશસંજ્ઞા આપવી અયોગ્ય નથી. ત્યાં યોગશાસ્ત્રસંમત પ્રક્રિયા આ છેઃ—પુરુષને અર્થે પ્રકૃતિ અર્થાત્ સત્ત્વાદિ ત્રણ ગુણો પરિણામને પામે છે અને જે પુરુષો કૈવલ્યને પામે છે તે પુરુષોને કોઈ પણ ભોગ વા અપવર્ગરૂપ પુરુષાર્થ નહિ રહેલો હોવાથી તે પુરુષપ્રતિ પ્રકૃતિ નષ્ટ થાયછે. તેથી એ અવિદ્યાદિ ચિત્તના ધર્મો વિદ્યમાન છે ત્યાંસુધી જ તે ચિત્તપર સ્વામિત્વવાળા પુરુષને માટે પ્રકૃતિ પરિણામ પામવાની. એ અવિદ્યાદિ, સત્ત્વાદિ ગુણોના સ્વકાર્યને આરંભ કરવાના સામર્થ્યને બલવાન્ કરે છે ને તદ્દ્વારા ગુણોની વિષમતારૂપ અવસ્થા કરેછે. અને પ્રકૃતિમાં ક્ષોભ કરાવી વિષમતાને પમાડ્યા પછી મહત્ વગેરેરૂપ કાર્યકારણ પ્રવાહને પ્રવ-

નાવે છે અને પરિણામે એ સર્વ ક્લેશો પરસ્પરની સહાયતાએ કરીને કર્મઉપર કર્તૃત્વ અભિમાન સ્ફુરાવી જાતિવગેરે વિપાકને ભોગવાવે છે. એ વિપાક વિવેકીને સદા દુઃખરૂપ છે. એ આગળ કહેવાશે. તેથી આ રીતે સંપૂર્ણ દુઃખરૂપ ક્લેશના મૂળરૂપ હોવાથી (નિમિત્તરૂપ હોવાથી) એ પાંચને ક્લેશસંજ્ઞા આપી છે.

આ પ્રમાણે આ પાંચ ક્લેશ હોવાથી એનું હાન પ્રત્યેક પરુષે અતિયત્નને કરવું એ આ પાંચને ક્લેશસંજ્ઞા આપવાનો ફલિતાર્થ છે. આ સર્વ ક્લેશોનો વિવેકખ્યાતિરૂપ જ્ઞાનથી નાશ થાય છે તથા એના સંસ્કારનો દાહ થાય છે. અસંપ્રજ્ઞાત યોગથી એના આશ્રયરૂપ ચિત્તનો નાશ થવાથી એ સંસ્કારો પણ નાશ થાય છે. જ્ઞાનથી અજ્ઞાનનો જ બાધ થઈ શકે છે. તેથી એ અવિદ્યા [illegible] જ્ઞાનથી અજ્ઞાનનો જ [illegible] એ અવિદ્યાના [illegible] — અભિપ્રાયને ઉક્ત પ્રતિપાદન કરવા સૂત્રકાર કહે છે:—

अविद्या क्षेत्रमुत्तरेषां प्रसुप्ततनुविच्छिन्नोदाराणाम् ॥ ४ ॥

સૂત્રાર્થ—પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન અને ઉદાર એ ચાર અવસ્થાવાળા અસ્મિતા વગેરે ચાર ક્લેશોની પ્રસવભૂમિ અવિદ્યા છે.

આ સૂત્રનો અન્વય આ પ્રમાણે છે—अविद्या प्रसुप्ततनुविच्छिन्नोदाराणामुत्तरेषां क्षेत्रम् ।

વ્યાખ્યા—ક્લેશનું સામાન્ય લક્ષણ પૂર્વે પ્રતિપાદન કરી ગયા છીએ તથા વિશેષ લક્ષણ ઉપર સૂત્રમાં કહ્યું છે તેથી આ સ્થળે વિસ્તારની જરૂર નથી.

પ્રસુપ્તતનુ૦—એટલે પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન તથા ઉદાર એ ચારવાળા. ક્લેશો આ ચારેમાંથી ગમે તે અવસ્થામાં હોય તોપણ દુઃખનો સદ્ભાવ હોય છે અને તેથી તેમનો નાશ કરવો તેજ આવશ્યક છે એ પ્રતિપાદન કરવા. તથા અવિદ્યા આ ચાર અવસ્થાવાળા ક્લેશોની જ પ્રસવભૂમિ છે અર્થાત્ દગ્ધબીજભાવ નામની પાંચમી અવસ્થાવાળા ક્લેશોની નથી એ પ્રતિપાદન કરવા સૂત્રકારે આ પદ મુક્યું છે.

उत्तरेषाम्—એટલે અસ્મિતા વગેરે ચારની, क्षेत्रम् એટલે જન્મભૂમિ વા પ્રસવભૂમિ.

આ સૂત્રથી એ કહ્યું કે ક્લેશોની (૧) દગ્ધબીજભાવા (૨) પ્રસુપ્તિ, (૩) તનુતા (૪) વિચ્છિન્નતા અને (૫) ઉદારતા એ પાંચ અવસ્થાઓ છે. એ પાંચ અવસ્થામાંથી ઉત્તર ચાર અવસ્થાવાળા ક્લેશોનું જન્મસ્થાન અવિદ્યા જ છે. ત્યાં—

દગ્ધબીજભાવા—અવસ્થા એટલે જેમાં ક્લેશોનુ સ્વસ્વ કાર્યને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય દગ્ધ થઇ ગયું છે તે પ્રકારની ક્લેશોની અવસ્થા.

પ્રસુપ્તિ—એટલે ચિત્તવિષે શક્તિરૂપે અર્થાત સૂક્ષ્મરૂપે રહેલા ક્લેશોનું સ્વકાર્યને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય અથવા તો પોતાના કાર્યને ઉત્પન્ન કરવાના સામર્થ્યના સદ્ભાવવાળા ક્લેશોની ચિત્તમાં સૂક્ષ્મરૂપે સ્થિતિ. જેમ દધિ જ્યારે દુગ્ધમાં સૂક્ષ્મરૂપે અથવા અનાગતાવસ્થામાં રહેછે ત્યારે તેની સ્વકાર્યને ઉત્પન્ન કરવા શક્તિ હોયછે ખરી તથાપિ જ્યાંસુધી યોગ્ય અભિવ્યંજક મળતો નથી ત્યાંસુધી સ્વકાર્યને ઉત્પન્ન કરતું નથી તેમ બાલકમાં સ્ત્રીવિષયક રાગાદિ ક્લેશો રહેલા છે તથા સ્વકાર્યને કરવા સામર્થ્યવાળા પણ છે તથાપિ તે કાર્યને અભિવ્યંજકના અભાવને લીધે પ્રકટાવી શકતા નથી. તેથી એ રાગાદિ પ્રસુપ્ત છે. અથવા તો કર્મજન્ય દેવોમાં ક્રોધવગેરે ક્લેશો રહેલા હોયછે તોપણ તે તે દેવલોકમાં જે કર્મને અનુસાર તેમનું જન્મ થયું છે તે કર્મ નાનાવિધ વિષયની ઇચ્છા તેમના ચિત્તમાં પ્રકટાવી તે તે પદાર્થની અનાયાસે પ્રાપ્તિ કરાવેછે; તેથી તેમની ઇચ્છાનો વિઘાત થતો નથી, અને ઇચ્છાના વિઘાતરૂપ અભિવ્યંજકના અભાવે તે જન્મમાં તેમનાં ચિત્તમાં શક્તિરૂપે રહેલો તથા સ્વકાર્યને પ્રકટાવવા સમર્થ ક્રોધરૂપ ક્લેશ પોતાની અભિવ્યક્તિ કરી શકતો નથી, તેથી એ પ્રસુપ્ત છે. આ પ્રસુપ્તિ દગ્ધબીજભાવાથી જૂદીછે કારણ કે દગ્ધબીજભાવા અવસ્થામાં વિવેકસાક્ષાત્કારરૂપ જ્ઞાનથી એ ક્લેશોનો નાશ થાયછે તથા એ ક્લેશોના સંસ્કારોનો દાહ થાયછે તેથી એ ક્લેશોની સ્વસ્વરૂપને અભિવ્યક્તિ કરવાની શક્તિ નાશ પામે છે. અને તેથી ક્લેશોની અભિવ્યક્તિ કરાવનાર વિષયનો સંનિકર્ષ થાય છે ત્યારે પણ એ ક્લેશોની અભિવ્યક્તિ થતી નથી. અને પ્રસુપ્તિ અવસ્થાવાળા ક્લેશો તો સ્વસ્વરૂપની અભિવ્યક્તિ કરવાના સામર્થ્યવાળા છે તેથી યોગ્ય અભિવ્યંજક મળવાથી સ્વસ્વ કાર્યને અર્થાત્ પોતાની અભિવ્યક્તિને ઉત્પન્ન કરેછે. આ રીતે પ્રસુપ્તિના લક્ષણમાં 'સ્વકાર્યને ઉત્પન્ન કરવાના સામર્થ્યવાળા હોઇને' એ

વિશેષણ દગ્ધબીજભાવાની વ્યાવૃત્તિ કરવા મુક્યું છે.

આ સ્થળે એ શંકા થાય છે કે જીવન્મુક્તમાં ક્લેશનો અત્યંત સમુચ્છેદ થયેલો હોય છે તેથી એ જીવન્મુક્તના ચિત્તમાં ક્લેશો અનાગતાવસ્થામાં છે જ નહિ તેથી ઉક્ત વિશેષણની જરૂર નથી પણ એ યોગ્ય નથી. કેમકે જેમ અગ્નિની દાહશક્તિ જ્યાંપર્યંત અગ્નિનો સદ્ભાવ હોય છે ત્યાં પર્યન્ત રહેછે અર્થાત્ એ શક્તિ યાવત્દ્રવ્યભાવિની છે અને અગ્નિનો સ્વકારણમાં આત્યંતિક લય થએ સર્વથા વિલઈ જાયછે, તેમ ક્લેશાદિના સંસ્કાર પણ ચિત્તના સદ્ભાવપર્યન્ત રહેછે. જ્યારે અસંપ્રજ્ઞાત યોગથી અથવા ભોગથી અવશિષ્ટ પ્રારબ્ધનો નાશ થાયછે ત્યારે ચિત્તનો અધિકાર સમાપ્ત થવાથી તે સ્વકારણમાં આત્યંતિક નાશને પામે છે અને આશ્રયના નાશ થવાથી ત્યારે જ અવિદ્યાદિ ક્લેશોનો અત્યંત સમુચ્છેદ થાયછે. તેથી જીવન્મુક્તમાં ક્લેશોની સૂક્ષ્મરૂપે સ્થિતિ છે એ સિદ્ધ છે. પણ તે ક્લેશની સ્વકાર્ય કરવાની શક્તિ દગ્ધ થઈ ગઈ છે તેથી જેમ શેકેલાં બીજ ઉગતાં નથી તેમ એ ક્લેશોના દગ્ધ થએલા સંસ્કારનો પ્રરોહ થનો નથી અને તેથી કરીને જ શાસ્ત્રમાં જીવન્મુક્તને ચરમદેહ કહ્યાછે. बीजान्यग्न्युपदग्धानि न रोहन्ति यथा पुनः । ज्ञानदग्धैस्तथाक्लेशैर्नात्मा सपद्यते पुनः । અગ્નિથી જેનું સ્વકાર્યને કરવાનું સામર્થ્ય દગ્ધ થયુંછે તેવાં બીજ પુનઃ ઉગતાં નથી તેમ વિવેકસાક્ષાત્કારરૂપ જ્ઞાનાગ્નિથી જે ક્લેશોના સંસ્કાર દગ્ધ થયાછે તેનાથી પુનઃ દેહની પ્રાપ્તિ થતી નથી—એ સ્મૃતિ જ્ઞાનીના ચરમદેહવિષે પ્રમાણરૂપ છે. આ રીતે જીવન્મુક્તિને ચરમદેહ હોવાથી એ ક્લેશોની પ્રસવભૂમિ અવિદ્યા નથી એ પણ સિદ્ધ થાયછે. કેમકે જો એ ક્લેશોની અવિદ્યા પ્રસવભૂમિ હોય તો પુનઃ દેહની ઉત્પત્તિ થવાની તેથી ચરમદેહત્વ નહિ આવે. તેથી ક્લેશોની એ દગ્ધબીજભાવા અવસ્થાથી આ અવસ્થાઓની વ્યાવૃત્તિ કરવી આવશ્યક છે તથા પ્રસુપ્તિની વ્યાવૃત્તિ " સ્વકાર્યને ઉત્પન્ન કરવાના સામર્થ્યવાળા હોઈને" એ વિશેષણથી થાયછે એ સિદ્ધ છે.

તનુતા—એટલે ક્લેશના પ્રતિપક્ષના અનુષ્ઠાનથી ક્લેશોનું વિવેકખ્યાતિનો બાધ કરવા અસમર્થ થવું તે. ત્યાં શ્રુતિઆદિના શ્રવણાદિથી થતું જે પરોક્ષ જ્ઞાન તે અવિદ્યાનું પ્રતિપક્ષ છે, બુદ્ધિ પુરુષનું ભેદજ્ઞાન અસ્મિતાનું, સર્વ પદાર્થવિષે દ્રષ્ટા થઇ રહેવું એ રાગદ્વેષનું તથા મરણ સ્વાભાવિક છે, સંપૂર્ણ જગત્ કાળથી ગ્રસ્ત

જ છે તથા મરણને લક્ષીને જ પ્રવર્તે છે, વગેરે વિચારો શરીર સુખનું સાધન છે એ બુદ્ધિનું તથા અભિનિવેશનું પ્રતિપક્ષ છે; અથવા તો પ્રથમ સૂત્રમાં કહેલો ક્રિયાયોગ એ સર્વનો પ્રતિપક્ષ છે. એ પ્રતિપક્ષોના અનુષ્ઠાનથી વ્યાવહારિક પુરુષમાં ક્લેશો જે દૃઢ હોયછે તે વર્તમાન યોગીમાં અદૃઢ થાય છે. એ અદૃઢતા વા શિથિલતા જ તે આ સ્થળે તનુતા છે.

વિચ્છિન્નતા એટલે વિષયના અત્યંત સેવનથી અથવા તો ક્લેશોમાંના કોઇથી અભિભવ પામવાથી ક્લેશો જે કિંચિત્ કાળ અનાભિવ્યક્ત થાયછે પણ જે ક્લેશો એ પ્રતિબંધક જવાથી પુનઃ તે જ રૂપે (એટલે તનુતા નહિ પામીને તેટલી જ દૃઢતાથી) આવિર્ભાવને પામેછે તે ક્લેશો વિચ્છિન્ન કહેવાય છે અને એવી અવસ્થા તે વિચ્છિન્નતા છે. ત્યાં વિષયના સેવનથી ક્લેશની કિંચિત્કાળ અપ્રતીતિ થાયછે તથા તે અલ્પકાળ વ્યતીત થયાથી પુનઃ તેટલા જ બળથી અભિવ્યક્ત થાયછે એ પ્રસિદ્ધ છે. એક ક્લેશથી અભિભવ પામવાથી અન્ય ક્લેશની કિંચિત્કાળ ઉક્ત પ્રતીતિ થતી નથી. જેમકે જ્યારે રાગવૃત્તિનો આવિર્ભાવ થાયછે ત્યારે ક્રોધનો નથી. કેમકે બંને વિરોધી છે, તેથી એ વખતે ક્રોધ વિચ્છિત્તિઅવસ્થામાં હોય છે. ક્રોધ નથી એમ તો કહેવાય એમ નથી જ. કેમકે નહિ હોય તો પછી એનો કદાપિ આવિર્ભાવ થવાનો નહિ પણ તેમ તો નથી. તેમ જ એક વિષયપર રાગ હોય છે તેજ વખતે અન્ય વિષયપર રાગ નથી હોતો, ત્યારે પણ રાગ નથી એમ નહિ કહેવાય; પણ તે વિચ્છિત્તિઅવસ્થામાં છે.

વિચ્છિત્તિ અવસ્થામાં રહેલા ક્લેશો તે પ્રતિબંધકનો અભાવ થવાથી તેજરૂપે આવિર્ભાવ પામેછે અને તનુત્વવાળા ક્લેશો સાધનનું અનુષ્ઠાન જે કાળે નથી થતું તે કાળે પણ આવિર્ભાવ પામે તો તેમાં બહુ સહકારીની અપેક્ષા જોઇએ છીએ, એટલું જ નહિ પણ આવિર્ભાવ પામેછે ત્યારે પણ અદૃઢવેગથી આવિર્ભાવ પામેછે, એ વિચ્છિન્નતા અને તનુતાનો ભેદ છે. વિચ્છિન્નતા અને પ્રસુપ્તિ બંનેમાં એ ભેદ છે કે એકમાં વિષયસેવન અથવા અન્ય ક્લેશથી અભિભવ એ રૂપ પ્રતિબંધક અનભિવ્યક્તિમાં હેતુ છે અને અન્યમાં અભિવ્યંજકનો અભાવ એ હેતુ છે; અથવા તો વિચ્છિન્નતા એટલે સ્વરૂપ પ્રતિબંધને લીધે ક્લેશપ્રવાહની અલ્પકાળસુધી મધ્યે મધ્યે થતી અનભિવ્યક્તિ અને પ્રસુપ્તિ એટલે વ્યંજકના વિલંબે કરીને ...

ચેકાળપર્યન્ત રહેતી અનભિવ્યક્તિ. આ ત્રણે અવસ્થામાં ક્લેશો વર્તમાન નથી પણ ભવિષ્યદ્ વૃત્તિ છે. એ ત્રણથી ભિન્ન જેમાં ક્લેશોની વૃત્તિ વર્તમાન છે તે ઉદારતા છે.

ઉદારતા—એટલે સ્વસ્વ વિષયમાં ક્લેશોનું સ્વાભાવિકી વૃત્તિ પામીને રહેવું તે; એટલે પોતપોતાના વિષયના ધ્યાનથી અભિવ્યક્ત થયેલા ક્લેશો ઉદાર કહેવાયછે. ઉપર વિચ્છિન્નતાના ઉદાહરણમાં જ્યારે ક્રોધ રાગથી અભિભવ પામે છે ત્યારે રાગ ઉદાર છે અને ક્રોધ વિચ્છિન્ન છે. તેમ જ અન્ય દૃષ્ટાન્તમાં જે વ્યક્તિપર રાગ જન્મને પામેલો છે તે રાગ ઉદાર છે તથા અન્યપ્રતિનો વિચ્છિન્ન છે.

આ ચાર અવસ્થાવાળા સર્વ ક્લેશો જીવન્મુક્તશિવાય સર્વ ચિત્તમાં હોયછે. અહિં એ લક્ષમાં રાખવું યોગ્ય છે કે પ્રસુપ્તિવગેરે ચાર ક્લેશોની અવસ્થા કહીછે તેમાં એવો કોઈ નિયમ નથી કે જે ક્લેશ એક અવસ્થામાં હોય છે તે અન્ય અવસ્થામાં નથી આવી શકતો. પણ એથી તો ઉલટો નિયમ છે કે જે ક્લેશ પ્રસુપ્તિવગેરે અવસ્થામાં હોય છે તે જ ઉદાર થાય છે. તેથી આ ચાર ભેદ ક્લેશના નથી પણ ક્લેશોની અવસ્થાના છે. જીવન્મુક્ત પુરુષમાં આ ચારે અવસ્થાવાળા ક્લેશોનો નાશ થયેલો હોય છે. અન્ય પુરુષોમાં એ સર્વનો સદ્ભાવ હોયછે. એ જીવન્મુક્તથી ઇતર પુરુષોના આ પ્રકારની ચાર અવસ્થાવાળા અસ્મિતાવગેરે ચારે ક્લેશોની પ્રસવભૂમિ અવિદ્યા છે. કેમકે વિપરીત જ્ઞાનરૂપ અવિદ્યા હોય છે ત્યારે જ એ ક્લેશોનો સદ્ભાવ થાય છે અને અવિદ્યાના અભાવે એનો અભાવ થાયછે. યદ્યપિ રાગાદિ જ્ઞાનરૂપ નહિ હોવાથી વિપરીતજ્ઞાનરૂપ અવિદ્યારૂપ નથી છતાં અવિદ્યાના અભાવે એમનો અભાવ થાયછે એ કહેવું અયોગ્ય નથી. કેમકે રાગાદિ પણ અવિદ્યાથી કેવલ ભિન્ન નથી. અવિદ્યાનો અનુગમ વા અન્વય એ ચારેમાં થાયછે, અર્થાત્ જ્યારે જ્યારે રાગાદિ હોયછે ત્યારે ત્યારે અવિદ્યા હોયછે એટલું જ નહિ પણ અવિદ્યાથી નિરપેક્ષ રાગાદિનું સ્વરૂપ જ નથી. રાગાદિ કેવલ મિથ્યાજ્ઞાનરૂપ નથી પણ તન્મૂલક છે તેથી, તથા અવિદ્યાના અન્વયવાળા છે તેથી, જેમ સુવર્ણમાં તૈજસ પરમાણુના બાહુલ્યથી પાર્થિવત્વ છતાં એ તૈજસ દ્રવ્ય ન્યાયમાં ગણાયછે તે જ પ્રમાણે રાગાદિ ક્લેશોમાં પણ અવિદ્યા અન્વિત થયેલી છે તથા પ્રધાન છે તેથી એ પણ અવિદ્યારૂપ જ છે. આ સર્વ કારણને લીધે જ સૂત્રકારે અવિદ્યાને રાગાદિ ક્લેશોનું સહકારિ-

નિમિત્ત કહ્યું નથી પણ પ્રસવભૂમિ વા જન્મસ્થાન કહ્યું છે. આમ હોવાથી એ સર્વનો જન્મ તથા સ્થિતિ અવિદ્યાના સદ્ભાવપર્યન્ત છે તથા અવિદ્યાના અભાવે એમનો અભાવ છે, એ સહજ દેખાય છે.

આપ્રમાણે સર્વ કલેશોનું જ્ઞાનનાશ્યત્વ ઉપપાદન કરવા આ સૂત્રથી સર્વ કલેશોનું મૂલ અવિદ્યા છે. (જે મિથ્યાજ્ઞાનરૂપ હોવાથી તત્ત્વજ્ઞાનથી નાશ પામે છે.) એ પ્રતિપાદન કરયું. અને તેથી એ તાત્પર્ય સૂચવ્યું કે અધિકારીએ આ ક્લેશોની આત્યંતિકી નિવૃત્તિમાટે વિવેકખ્યાતિ પ્રાપ્ત કરવા પ્રયત્નવાન્ થવું. હવે એ કલેશો જેનું હાન કરવું સર્વને ઇષ્ટ છે તેનું સ્વરૂપ બતાવવું જરૂરનું છે, કારણ કે સ્વરૂપ જાણ્યાવિના કોનું હાન કરવાનું છે એ સમજાતું નથી. તેથી સૂત્રકાર ઉત્તર પાંચ સૂત્રોથી એ કલેશોના સ્વરૂપ બતાવે છે. ત્યાં ઉદ્દેશક્રમાનુસાર પ્રથમ અવિદ્યાનું સ્વરૂપ બતાવે છે.

अनित्याशुचिदुःखानात्मसु नित्यशुचिसुखात्मख्यातिरविद्या ॥ ५ ॥

સૂત્રાર્થ:—અનિત્ય, અશુચિ, દુઃખરૂપ તથા અનાત્મ પદાર્થોવિષે અનુક્રમે થતી નિત્યબુદ્ધિ, શુચિબુદ્ધિ, સુખબુદ્ધિ તથા આત્મબુદ્ધિ—એ ચાર પ્રકારની મિથ્યાબુદ્ધિ (મિથ્યાજ્ઞાન) તે અવિદ્યા છે.

नित्या०—એટલે નિત્યબુદ્ધિ, શુચિબુદ્ધિ, વગેરે. ख्याति એટલે કથન વા બુદ્ધિ.

આ સૂત્રથી (૧) અનિત્યવિષે નિત્યબુદ્ધિ (૨) અશુચિવિષે શુચિબુદ્ધિ, (૩) દુઃખરૂપ પદાર્થોવિષે સુખરૂપતાબુદ્ધિ અને (૪) અનાત્મ પદાર્થોવિષે આત્મબુદ્ધિ, એ પ્રકારની અવિદ્યા કહી, અર્થાત્ જીવન્મુક્તથી ઇતર પુરુષોમાં ચાર પ્રકારની સંસારના હેતુભૂત મિથ્યાજ્ઞાનરૂપ અવિદ્યા હોયછે એ કહ્યું. ત્યાં અનિત્યવિષે નિત્યબુદ્ધિ થવી એ પ્રથમ પ્રકારની અવિદ્યા છે. અનિત્ય એટલે ત્રણે કાળમાં જે સ્વસ્વરૂપે રહેતું નથી તે, અર્થાત્ કાર્ય. શાસ્ત્રમાં પણ कालनिष्ठाभावप्रतियोगित्वम्—કાળમાં રહેલા પોતાના અભાવનો પ્રતિયોગી જે થાય તે અનિત્ય, એ લક્ષણથી એ જ સ્વરૂપ પ્રતિપાદન કર્યું છે. એથી ઉલટું અર્થાત્ જે ત્રણે કાળે સ્વસ્વરૂપે વિદ્યમાન રહેછે તે નિત્ય છે તેથી કાર્યરૂપ પદાર્થોને અનિત્ય જાણવા એ સમ્યગ્ જ્ઞાન છે, પણ

નિત્ય જાણવા એ મિથ્યાજ્ઞાન છે અને તેથી અવિદ્યારૂપ છે. આ પ્રકારની અવિદ્યા લોકસિદ્ધ છે. આપણે જોઇએ છીએ કે કેટલાક લોકો પૃથ્વી, ચંદ્ર, તારાવગેરે પદાર્થોને નિત્ય માનીને તેના રૂપની પ્રાપ્તિમાટે તેની ઉપાસના કરેછે. અન્ય સ્વર્ગને નિત્ય માનીને તેની પ્રાપ્તિમાટે સોમપાન વગેરે ક્રિયાઓ કરેછે, અન્ય અસંખ્ય લોકો ભોગોને નિત્ય માની સદા તેની પ્રાપ્તિના ઉપાયોને કરેછે. આ સર્વ લોકો અવિદ્યાગ્રસ્ત છે. કેમકે પૃથ્વી, ચંદ્ર, તારા, સ્વર્ગ, શરીર, ભોગોવગેરે સર્વ પદાર્થો વિભક્ત હોવાથી કાર્યરૂપ છે; અને કાર્યરૂપ હોવાથી અનિત્ય છે. એ અનિત્ય પદાર્થોવિષે તેમને જે નિત્યબુદ્ધિ થાયછે તે આ પ્રથમ પ્રકારની અવિદ્યાછે.

બીજા પ્રકારની અવિદ્યા તે અશુચિ પદાર્થમાં શુચિબુદ્ધિ છે, જેમકે કાયા વિષે થતી શુચિબુદ્ધિ. કાયા એ અશુચિ પદાર્થ છે એ વાત શાસ્ત્રકારોએ વિસ્તારથી પ્રતિપાદન કરીછે. ત્યાં કહ્યુંછે કે स्थानाद्बीजादुपष्टम्भान्निःस्यन्दान्निधनादपि । कायमाधेयशौचत्वात् पण्डिता ह्यशुचिं विदुः ॥ કાયા મૂત્રાદિ કુત્સિત પદાર્થોથી ભરેલા માતાના ગર્ભરૂપ સ્થાનમાંથી થાયછે તેથી સ્થાને કરી, એનું બીજ શુક્રશોણિતરૂપ જુગુપ્સિત પદાર્થો છે તેથી બીજે કરી, એને ટકાવનાર માતાએ ખાધેલા અન્નાદિ પદાર્થોના રસવગેરે છે તેથી ઉપષ્ટમ્ભે કરી, એનાં નવ દ્વારથી તથા રોમકૂપમાંથી દુર્ગંધવાળું ક્ષરણ નીકળે છે તેથી નિઃસ્યંદથી તથા મૃત્યુથી એ અશુચિ છે. જો મૃત્યુથી કાયા અશુચિ નહિ થતી હોત તો શબને અડકીને જે શાસ્ત્રમાં સ્નાનનું વિધાન કરયું છે, તે નહિ હોત. તેમ જ મૃત્યુથી કાયા કેવળ ગંધાઈ ઉઠેછે તેથી પણ મૃત્યુથી એ અશુચિ થાયછે. એટલું જ નહિ પણ જલમૃત્તિકા વગેરેથી તથા તૈલાદિના અભ્યંગથી કાયાની નિરન્તર શુદ્ધિ કરવી પડેછે, તેથી પણ એ અશુચિ છે. આ પ્રમાણે કાયા અનેક પ્રકારે અશુચિ છે, છતાં તેને વિષે પણ લોકોને શુચિબુદ્ધિ થાય છે. જો કાયાવિષે શુચિબુદ્ધિ નહિ થતી હોત તો સ્ત્રીકાયાનું આલિંગનવગેરે પ્રીતિથી કરવા કદાપિ વૃત્તિ થાત નહિ, પણ તે તો છે નહિ. એ અવિદ્યાના પ્રધાન આશ્રયરૂપ કેટલાક કવિઓ એ કુત્સિત સ્ત્રીકાયાવિષે ‘એ ચંદ્રલેખા જેવી છે, એના અવયવો ચંદ્રકિરણથી ઘડાયેલા છે, બ્રહ્માએ સમગ્ર શુદ્ધ પદાર્થોનું એક સ્થળે પ્રદર્શન કરાવવા આ સ્ત્રીશરીરને ઘડ્યુંછે’ ઇત્યાદિ પ્રકારે જે લખેછે તે નહિ લખત. તેથી કાયાવિષે શુચિબુદ્ધિ થાય છે એ

સિદ્ધ છે. એ શુચિબુદ્ધિ મિથ્યાજ્ઞાનરૂપ હોવાથી આ બીજા પ્રકારની અવિદ્યા છે.

આ બીજા પ્રકારની અવિદ્યામાં અપુણ્યવિષે થતી પુણ્યબુદ્ધિ, જેમકે માંસભક્ષણ, પશુપક્ષિવગેરે વિવિધ નિરપરાધી પ્રાણીઓને મારવારૂપ હિંસા, પરસ્ત્રીસંયોગવગેરેમાં થતી પુણ્યબુદ્ધિ વા ધર્મબુદ્ધિ, અનર્થવિષે પુરુષાર્થબુદ્ધિ જેમકે અર્જન, રક્ષણાદિ અસંખ્ય દુઃખવાળા ધનાદિપદાર્થોવિષે થતી પુરુષાર્થબુદ્ધિ, એ વગેરે સંસારના હેતુભૂત મિથ્યાજ્ઞાનરૂપ અવિદ્યાનું ગ્રહણ થાયછે. કેમકે શુચિ શબ્દ યોગોત્કૃષ્ટ સાધનનો તથા અશુચિ શબ્દ યોગોત્કૃષ્ટાસાધનનો ઉપલક્ષક છે.

ત્રીજા પ્રકારની અવિદ્યા તે દુઃખરૂપ પદાર્થોવિષે થતી સુખબુદ્ધિ છે. ત્યાં કોઇપણ જીવની કેવલ દુઃખવિષે સુખબુદ્ધિ થતી નથી, તેથી દુઃખનો અર્થ દુઃખસાધન તથા દુઃખબહુલ પદાર્થો લેવો યોગ્ય છે. તેથી એ દુઃખસાધનવિષે થતી સુખખ્યાતિ, એટલે એ સાધનો દુઃખની નિવૃત્તિરૂપ તાત્ત્વિક સુખનાં સાધન છે એવું મિથ્યાજ્ઞાન થવું તે, તથા દુઃખપ્રચુરમાં થતી સુખપ્રચુરતાબુદ્ધિ તે આ તૃતીય પ્રકારની અવિદ્યા છે. ત્યાં આગળ કહેવામાં આવશે તેમ આ આખો સંસાર દુઃખનું જ સાધન છે, તેને મોક્ષના સાધનરૂપ વા સુખના સાધનરૂપ જાણવો, એ દુઃખસાધનવિષે થતી સુખખ્યાતિનું ઉદાહરણ છે. અને વારસ્ત્રીસંગવગેરે પદાર્થો જે દુઃખપ્રચુર છે તેને વિષે થતી સુખપ્રચુરત્વબુદ્ધિ તે દુઃખપ્રચુરવિષે સુખપ્રચુરત્વબુદ્ધિનું ઉદાહરણ છે. દુઃખપ્રચુર પદાર્થને દુઃખપ્રચુર જો માણસ જાણેછે તો તેની તે કાર્યમાં બુદ્ધિપૂર્વક પ્રવૃત્તિ થતી નથી. તેથી વારસ્ત્રીસંગવગેરે પદાર્થોમાં જ્યારથી વિદ્વાન્ માણસની પ્રવૃત્તિ થાયછે ત્યારથી જ એ સિદ્ધ છે કે એ મૂર્ખને એમાં સુખપ્રચુરત્વબુદ્ધિ હોવી જ જોઇએ. આ બંને પ્રકારનાં મિથ્યાજ્ઞાન તે તૃતીય પ્રકારની અવિદ્યા છે.

ચતુર્થ પ્રકારની અવિદ્યા તે અનાત્મવિષે થતી આત્મબુદ્ધિ છે. સ્થૂલ દેહના ઉપકારકરૂપ પુત્રાદિ પદાર્થોવિષે થતી અહંબુદ્ધિ, અંતઃકરણના સુખાદિ ભોગના સાધરૂનપ સ્થૂલ દેહવિષે થતી અહંબુદ્ધિ, તથા સાક્ષાત્ ભોગ્યરૂપ અંતઃકરણવિષે થતી અહંબુદ્ધિવગેરે આ અવિદ્યાનાં ઉદાહરણો છે. કેમકે પુત્ર, સ્થૂલ દેહવગેરે પદાર્થો જડ છે એટલે પોતાના સ્વરૂપરૂપ પુરુષથી વિલક્ષણ છે છતાં એવિષે અહંપદથી ઉપલક્ષિત ચૈતન્ય-

ની બુદ્ધિ થાયછે. એ મિથ્યાજ્ઞાન હોવાથી તથા સંસારના હેતુરૂપ હોવાથી અવિદ્યા છે. આ પ્રકારની અવિદ્યા જીવન્મુક્તશિવાય અન્યમાં સિદ્ધ છે તથા એ સંસારના હેતુરૂપ પણ છે. લોકો બુદ્ધિસત્ત્વને પોતાના આત્મારૂપ ગણી તેની સંપત્તિથી એટલે સત્યસંકલ્પાદિ શુભવાસનાવગેરેથી આનંદ પામેછે અને બુદ્ધિસત્ત્વના પરિણામરૂપ ઇચ્છાના વિઘાતવગેરે વિપત્તિથી પોતાને દુઃખી માને છે. શરીરમાં વ્યાધિવગેરેનો પ્રાદુર્ભાવ થવાથી પોતાને વ્યાધિવાળો તથા દુઃખી માને છે. તેમ જ પુત્રપુત્રીનાં સુખદુઃખવગેરેથી પોતાને સુખી દુઃખી સમજે છે. તેથી અવિદ્યા લોકસિદ્ધ છે એ નિઃસંદેહ છે. અવિદ્યારૂપ મિથ્યાજ્ઞાન જ પુરુષને સંસારની પ્રાપ્તિ કરાવેછે. કેમકે એ અધ્યાસથી હું કર્તા છું એવું મિથ્યાઅભિમાન સ્ફુરેછે તેથી કર્મબંધન થઇ ધર્માધર્મની ઉત્પત્તિ થાય છે અને તેનું ફલ ભોગવવા નાનાવિધ જન્મ ધારણ કરવા પડે છે. આ રીતે લોકસિદ્ધ, સંસારના હેતુભૂત, અનાત્મપદાર્થવિષે થતી આત્મખ્યાતિરૂપ અવિદ્યા ચોથા પ્રકારની છે.

આ પ્રમાણે આ સૂત્રથી अतस्मिन् तद्बुद्धिः–જે પદાર્થ જેવો નથી તેમાં તેવી બુદ્ધિરૂપ અવિદ્યા ચાર પ્રકારની છે, એ પ્રતિપાદન કર્યું. ત્યાં એ શંકા થાય છે કે આ મિથ્યાજ્ઞાનને અવિદ્યા કહેવું ઉચિત નથી. કેમકે અવિદ્યા પદનો વિગ્રહ કરતાં ત્રણ અર્થ નીકળે છે; (૧) વિદ્યાથી ભિન્ન તે અવિદ્યા. (અપદથી આ પ્રમાણે ભિન્નતારૂપ અર્થ પ્રતિપાદન કરી શકાયછે. જેમકે અમક્ષિક કહેવાથી મક્ષિકા નહિ તે અર્થાત્ મક્ષિકાથી ભિન્ન એવો અર્થ નીકળેછે). (૨) વિદ્યાનો અભાવ તે અવિદ્યા અને (૩) અવિદ્યાને બહુવ્રીહિસમાસ લઇએ તો અનુત્તમ વિદ્યા. આ પ્રમાણે ત્રણ અર્થ અવિદ્યાના થાયછે. પણ તેમાં મિથ્યાજ્ઞાનરૂપ અર્થ થતો નથી; તેથી મિથ્યાજ્ઞાનને અવિદ્યા કેવી રીતે કહેવાય ? એનો ઉત્તર એ કે, આ શબ્દ યોગજ અર્થમાં વપરાયો નથી. એ શબ્દ રૂઢ છે. જેમ અમિત્રનો મિત્રથી ભિન્ન, મિત્રનો અભાવ કે ઉત્તમ મિત્ર એ ત્રણમાંથી કોઇ પણ અર્થ નથી પણ મિત્રનો વિરોધી અર્થાત્ શત્રુ એ અર્થ છે તેમ અવિદ્યાનો પણ–નઞ્નો 'વિરોધી' અર્થ લેવાથી–વિદ્યા જેની વિરોધી છે—તત્ત્વજ્ઞાન જેનું નાશ કરનાર છે–એ અર્થ અથવા તત્ત્વજ્ઞાનરૂપ વિદ્યાથી વિરોધી એ અર્થ થાયછે. આમ એ રૂઢ શબ્દ હોવાથી મિથ્યાજ્ઞાનને અવિદ્યાસંજ્ઞા આપવી અદૂષિત છે.

આ પ્રમાણે આ સૂત્રથી સર્વ ક્લેશોના મૂળરૂપ હોવાથી અવિદ્યાનું પ્રથમ સ્વરૂપ બતાવ્યું. હવે એ અવિદ્યાના સાક્ષાત્ કાર્યરૂપ અસ્મિતા ક્લેશનું (ઉદ્દેશક્રમથી પ્રાપ્ત થવાથી) પ્રતિપાદન કરે છે.

दृग्दर्शनशक्त्योरेकात्मतेवाऽस्मिता ॥ ६ ॥

સૂત્રાર્થ:—પુરુષ તથા બુદ્ધિસત્ત્વની સ્વરૂપતઃ તથા ધર્મતઃ એકરૂપત્વાપત્તિ અર્થાત્ એકત્વાભિમાન તે અસ્મિતા છે.

दृग्दर्शनशक्त्योः–દૃક્શક્તિ તથા દર્શન શક્તિની. દૃક્શક્તિ એટલે પુરુષ અને દર્શનશક્તિ એટલે दृश्यते अनेन–જેનાથી દર્શન થાય છે તે અર્થાત્ બુદ્ધિસત્ત્વ વા અંતઃકરણ. પુરુષ અને બુદ્ધિસત્ત્વ એ બંનેનો ભોક્તૃભોગ્યસંબંધ સિદ્ધ કરવા સૂત્રકારે 'શક્તિ' એ પદ મુકયું છે. સર્ગકાળવિષે તો બુદ્ધિ સ્વસ્વરૂપે હોયછે તેથી ભોગ્યરૂપ છે; પણ પ્રલયકાળવિષે એ બુદ્ધિ પ્રકૃતિવિષે લીન થઇ જાયછે તેથી એ સમયે સ્ફુટ ભોગ્યતા એનામાં નથી, તથાપિ એ સમયે પણ એ બુદ્ધિસત્ત્વ પોતાની વાસનાને પ્રકૃતિમાં મુકી પોતે પ્રકૃતિરૂપ થાયછે તેથી તે સમયે પણ એનામાં ભોગ્યતાની શક્તિ હોયછે અર્થાત્ ભોગ્યત્વ શક્તિરૂપે (અનાગતાવસ્થારૂપે) હોયછે. આ પ્રમાણે બુદ્ધિસત્ત્વમાં ભોગ્યશક્તિ સદા હોયછે અને બુદ્ધિસત્ત્વની અપેક્ષાથી પુરુષ ભોક્તા છે, તેથી પ્રલયકાળમાં ભોગ્યના અભાવે સ્ફુટ ભોક્તૃત્વ પુરુષમાં નથી તોપણ તેની શક્તિ છે. આપ્રમાણે બુદ્ધિનો આત્યંતિક લય થાય ત્યાંસુધીનો બુદ્ધિસત્ત્વ અને પુરુષનો ભોગ્યભોક્તાસંબંધ સિદ્ધ કરવા સૂત્રકારે શક્તિ પદ મુક્યુંછે, તેથી આ પદને અર્થ એ થયો કે 'બુદ્ધિસત્ત્વરૂપ ભોગ્ય તથા પુરુષરૂપ ભોક્તાની.'

एकात्मता इव—એકતાપત્તિરૂપ વિપર્યય: એકાત્મા એટલે એકરૂપ તેથી એકાત્મતા એટલે એકરૂપ થઇ રહેવું તે. ત્યાં પુરુષ અને બુદ્ધિ એ બંને અત્યંત વિવિક્ત છે, કેમકે બંનેમાં વિલક્ષણ ધર્મો છે. પુરુષ અપરિણામી છે, ઉદાસીન છે તથા નિષ્ક્રિય છે તથા બુદ્ધિ પરિણામી છે, ક્રિયાવાળી છે, પ્રવૃત્તિવાળી છે વગેરે. તેથી બંનેનું વાસ્તવ ઐક્ય તો સંભવતું જ નથી. તેથી સૂત્રમાં इव પદનું ઉચ્ચારણ કરવું છે. એ પદના પ્રયોગથી એ અર્થ થયો કે બંનેનું વાસ્તવ ઐક્ય અસંભવ છે તેથી જાણે બંને એકરૂપ હોય તે પ્રમાણેનો પરસ્પરાધ્યાસ થવો એજ બંનેની એકાત્મતા છે. આ પ્રમાણે इव શબ્દનો પ્રયોગ અન્ય સ્થળે કરાયેલો પણ જોવામાં આવેછે. શ્રુતિમાં

જ કહ્યું છે કે **ध्यायतीव पृथिवी**—પૃથિવી જાણે ધ્યાન કરેછે. પૃથિવી જડ હોવાથી એનામાં વાસ્તવ ધ્યાનકર્તૃત્વ સંભવતુ નથી તેથી इव પદ એ વાક્યમાં મુક્યું છે.

આ સૂત્રથી એ કહ્યું કે બુદ્ધિસત્ત્વ તથા પુરુષ જે વાસ્તવિક રીતે અત્યંત ભિન્ન છે તેની સ્વરૂપતઃ તથા ધર્મતઃ એકતા જેવું થઇ જવું તે અસ્મિતા છે. એટલે બુદ્ધિસત્ત્વ તથા પુરુષનાં સ્વરૂપ તથા ધર્મોનો પરસ્પરમાં અધ્યાસ થવો તે અસ્મિતા છે. ईश्वरोऽहं હું ઐશ્વર્યવાળો છું. योऽहं सुखी सोऽहं तदनुभविता જે હું સુખી છું તે જ હું તેનો અનુભવ કરનાર છું વગેરે પ્રકારે એ બંનેની એકતાનું મિથ્યા અભિમાન જીવોને થાયછે. આમાં પ્રથમ જ્ઞાનમાં—હું ઐશ્વર્યવાળો છું એ જ્ઞાનમાં—હું પદથી ઉપલક્ષિત પુરુષ છે. એ પુરુષ ઐશ્વર્યવાળો છે, એ પ્રકારનું જ્ઞાન અહિં છે. તેમાં ઐશ્વર્ય એ બુદ્ધિનો ધર્મ છે તેથી એ જ્ઞાનમાં બુદ્ધિના ધર્મનો પુરુષમાં અધ્યાસ વા આરોપ છે. આ જ પ્રમાણે બીજા જ્ઞાનમાં સુખાદિ ધર્મવાળી બુદ્ધિના સ્વરૂપની તેના અનુભવ કરનારરૂપ સાક્ષી ચેતનના સ્વરૂપસાથે એકતાનું અભિમાન કરવું છે. આ પ્રમાણે ધર્મતઃ તથા સ્વરૂપતઃ બુદ્ધિ અને પુરુષ જે બંને વિવિક્ત તત્ત્વો છે તેમને એક જાણવાં એ વિપર્યયનું નામ અસ્મિતા ક્લેશ છે. એ અસ્મિતાક્લેશથી જ જીવને ભોગ થાયછે, અર્થાત્ ભોગમાત્ર વસ્તુતઃ દુઃખરૂપ હોવાથી દુઃખ થાયછે. કેમકે સુખદુઃખાદિ બુદ્ધિની વૃત્તિઓ હોવાથી બુદ્ધિના ધર્મ છે. તેનો આરોપ જ્યારે પુરુષમાં થાયછે ત્યારે જ હું સુખી, હું દુઃખી, ઇત્યાદિ પ્રકારનો ભોગ થાયછે. જ્યારે એ એકાત્મતાભ્રમ જતો રહેછે ત્યારે એ ભોગ થતો નથી અને તેથી જીવન્મુક્ત પુરુષોને માત્ર સુખાદિના આભાસનો વ્યુત્થાનદશામાં સાક્ષાત્કાર પ્રસંગે થાયછે પણ તેથી હું સુખી, હું દુઃખી ઇત્યાદિ પ્રકારનું જ્ઞાન નહિ થવાથી તેમને શાસ્ત્રમાં ગૌણ ભોગ કહ્યો છે.* આથી અન્વયવ્યતિરેકથી એ જ સિદ્ધ થાયછે કે આ અસ્મિતા સંપૂર્ણ ભોગનું કારણ છે.

---

* આ વિષયના સંબંધમાં જુઓ શ્રીભામિનીભૂષણ દ્વિતીયાલંકાર પૃષ્ઠ ૧૯૦.

આ અસ્મિતા બુદ્ધિ તથા પુરુષની એકતાના અભિમાનરૂપ છે અને ચતુર્થ પ્રકારની અવિદ્યા પણ બુદ્ધિરૂપ અનાત્મ પદાર્થવિષે અહંબુદ્ધિરૂપ છે, તોપણ બંને એકરૂપ નથી તેથી અસ્મિતાનો સૂત્રકારે જુદો નિર્દેશ કર્યો છે. યદ્યપિ બંને વિપર્યયરૂપ છે તથાપિ અવિદ્યા કારણરૂપ છે અને અસ્મિતા એનું કાર્ય છે. લોકમાં આપણે જોઈએ છીએ કે પ્રથમ તેઓ કલત્ર ભૃત્યવગેરેઉપર આત્મત્વરૂપ અભિમાન બાંધેછે અને એ બાંધ્યાથી તેઓ કલત્રાદિનાં સુખદુઃખનો પોતામાં આરોપ કરેછે. તેમ જ જલમાં જે ચંદ્રનું પ્રતિબિંબ પડેછે તે પ્રતિબિંબવશાત્ જલાદિરૂપ ઉપાધિને વિષે ચંદ્રત્વનો આરોપ પ્રથમ થાયછે અને એ થયાથી અનન્તર જલના કંપ, માલિન્યવગેરે ધર્મોનો ચંદ્રમાં આરોપ થાયછે. તેમ પ્રથમ તો બુદ્ધિરૂપ અનાત્મ પદાર્થવિષે સામાન્યરૂપે અહંબુદ્ધિ થાયછે તે અવિદ્યા છે. એ અવિદ્યામાં બુદ્ધિ તથા પુરુષનાં અત્યંત ભેદનું જ્ઞાન હોતું નથી. ત્યાર પછી બુદ્ધિ તથા પુરુષ એ બંનેનું ભેદજ્ઞાન નહિ રહેવાથી જેમ દૂરથી જોનારને બે વનસ્પતિ એક હોય એમ ભાસે છે, તેમ બુદ્ધિ અને પુરુષ એ એક જ તત્ત્વ છે, એમ ભાસેછે તે અસ્મિતા છે. અવિદ્યામાં સામાન્યરૂપે અહંબુદ્ધિ થયેલી હોવાથી બુદ્ધિધર્મનો પુરુષમાં તથા પુરુષધર્મનો બુદ્ધિમાં આરોપ થયેલો હોતો નથી. એ આરોપ એકતાભ્રમરૂપ અસ્મિતામાં જ થાય છે. તેથી વિપર્યયરૂપે એક છતાં કાર્યકારણરૂપ અવાન્તર વિશેષથી અસ્મિતા અને અવિદ્યા એ ભિન્ન ક્લેશો છે. આ અસ્મિતાનું વર્ણન શ્રીસાંખ્યકારિકામાં પણ એ જ કરચું છે કે—

तस्मात्संयोगादचेतनं चेतनावदिव लिङ्गम् ।

गुणकर्तृत्वे च तथा कर्तेव भवत्युदासिनः ॥

બુદ્ધિપુરુષના સંયોગથી અચેતન બુદ્ધિ ચેતનવત્ થાય છે તથા ખરું કર્તૃત્વ બુદ્ધિનું છે તોપણ અકર્તા પુરુષ કર્તાવત્ થાયછે. આ ક્લેશને જ શ્રુતિસ્મૃતિવગેરેમાં પ્રસંગે હૃદયગ્રંથી કહી વર્ણ્યો છે.

આ પ્રમાણે આ સૂત્રથી અસ્મિતાનું લક્ષણ બતાવ્યું. હવે અસ્મિતાના કાર્યરૂપ રાગનું સ્વરૂપ ક્રમપ્રાપ્ત હોવાથી બતાવે છે.

सुखानुशयी रागः ॥ ७ ॥

સૂત્રાર્થ:—સુખના સાક્ષાત્કારથી તથાસુખની સ્મૃતિથી થતો, સુખ તથા તેનાં સાધનમાત્રને વિષય કરનારો તૃષ્ણારૂપ ક્લેશ તે રાગ છે.

सुखानुशयी-सुखमनुशेते इति=સુખને વિષય કરનાર. આ સ્થળે સુખપદથી સુખ તથા તેનાં સાધનમાત્રનું ગ્રહણ થાયછે, કેમકે રાગ બંનેમાં થાયછે.

આ સૂત્રથી એ કહ્યું કે સુખ તથા તેનાં સાધનોવિષે જે તૃષ્ણા થાય છે તે તૃષ્ણારૂપ ક્લેશનું નામ રાગ છે. ત્યાં સુખવિષે જે રાગ થાય છે તે બે રીતે થાયછે; (૧) સુખસાક્ષાત્કારથી તથા (૨) સુખસ્મૃતિથી. સુખનો જે સમયે અનુભવ થાયછે તે જ સમયે સુખ સર્વને પ્રિય હોવાથી તેના વિષે રાગ થાયછે. એ રાગનું કારણ સુખ-સાક્ષાત્કાર છે. એ સુખ વ્યતીત થઇ ગયા પછી એ સુખની સ્મૃતિદ્વારા પણ રાગ થાયછે. એ રાગનું કારણ સુખાનુભવથી થયેલી સ્મૃતિ છે. સુખસાધનવિષે જે રાગ થાયછે તેનું કારણ સ્મૃતિ છે. કારણ કે જ્યારે સુખનું કારણ પ્રત્યક્ષ હોય છે ત્યારે પણ તે સાધન ક્યાં તો પૂર્વે સુખને ઉત્પન્ન કરનાર થયું હતું એ સ્મૃતિથી, અથવા એ સાધનના સજાતીય પદાર્થ સુખના હેતુરૂપ છે તેથી આ સાધન પણ તજ્જાતીય હોવાથી સુખનો હેતુ છે. એ પ્રકારે સુખસ્મૃતિથી એ સાધનની સુખહેતુતા અનુમાન કરી તેવિષે પ્રીતિરૂપ ઇચ્છા થાયછે. એ ઇચ્છા તે રાગ છે. એ રાગરૂપ ક્લેશને જ લોકો તૃષ્ણા, લાલસાવગેરે શબ્દથી ઓળખાવેછે.

આ પ્રમાણે આ સૂત્રથી રાગનું પ્રતિપાદન કર્યું. હવે એ રાગના પ્રતિઘાતથી ઉત્પન્ન થનાર દ્વેષનું લક્ષણ કહેછે.

दुःखानुशयी द्वेषः ॥ ८ ॥

સૂત્રાર્થ:—દુઃખાનુભવથી તથા દુઃખસ્મૃતિથી થતો, દુઃખ તથા તેનાં સાધનમાત્રને વિષય કરનારો જે ક્રોધરૂપ ક્લેશ તે દ્વેષ છે.

આ સૂત્રનું વ્યાખ્યાન પૂર્વ સૂત્રવત્ જ છે. એ ક્લેશ, દુઃખ તથા તેનાં સાધનો દૂર થાઓ એ પ્રકારની ઇચ્છારૂપ છે, અને રાગ, સુખ તથા તેનાં સાધનો મળો એ પ્રકારની ઇચ્છારૂપ છે.

આ પ્રમાણે આ સૂત્રથી દ્વેષનું પ્રતિપાદન કરી દ્વેષમૂલક ભયવિશેષરૂપ અભિનિવેશનું હવે પ્રતિપાદન કરેછે.

स्वरसवाही विदुषोऽपि तथारूढोऽभिनिवेशः* ॥९॥

સૂત્રાર્થ:—પૂર્વજન્મની પોતાની વાસનાથી વહન થનાર, અવિદ્વાનની માફક વિદ્વાનમાં પણ તેવી જ રીતે પ્રસિદ્ધ જે શરીરાનુબંધ ક્લેશ તે અભિનિવેશ છે.

स्वरसवाही-स्वरसेन स्वभावेन संस्कारमात्रेण वहतीति–પોતાના સંસ્કારમાત્રથી વહન થનાર.

विदुषोऽपि तथारूढः–એટલે જેમ અતિઅલ્પજ્ઞાનવાળા હોવાથી અવિદ્વાન્ ગણાતા કૃમિવગેરેમાં પ્રસિદ્ધ છે તેમ બ્રહ્મવિદ્યાનું શ્રવણ મનન કરનારે વિદ્વાન્‌માં પણ તે જ પ્રકારે પ્રસિદ્ધ છે. વિદ્વાન્ પદથી સંપ્રજ્ઞાતવાન્ જ્ઞાનીનું ગ્રહણ કરવું ઉચિત નથી; કેમકે એ ક્લેશ અવિદ્યામૂલક છે, તેથી જ્ઞાનાગ્નિથી અવિદ્યાનો નાશ થવાથી તન્મૂલક એ ક્લેશનો પણ નાશ થાયછે. આ પદોથી એ બતાવ્યું કે એ ક્લેશ જાતમાત્ર કૃમિથી તે સંપ્રજ્ઞાત યોગને પ્રાપ્ત થયેલા યોગીથી નિકૃષ્ટ સર્વ પ્રાણીમાં એક સરખી રીતે રહેલો છે.

આ સૂત્રથી પ્રથમ તો એ કહ્યું કે અભિનિવેશ નામનો ક્લેશ જાતમાત્ર કૃમિવગેરેથી માંડી તત્ત્વજ્ઞાનરહિત સર્વ પ્રાણિઓમાં એક સરખી રીતે રહેલો છે. ત્યાં એ ક્લેશનું સ્વરૂપ ભાષ્યઉપરથી તથા तथारूढः પદને સ્થાને કેટલીક આવૃત્તિમાં तन्वनुबंधः પદ છે તે ઉપરથી એવું ઠરે છે કે શરીરના વિયોગરૂપ મરણનો ત્રાસ વા ભય તે અભિનિવેશ છે. જો અભિનિવેશથી સામાન્યરીતે દુઃખ તથા દુઃખના સાધનથી થતો ભય લઇએ તો તે ઉચિત નથી કેમકે તેવો ભય સર્વને હોતો નથી, તેથી विदुषोऽपि એ પદ વિરુદ્ધ ઠરે છે. તેથી અગર જો ઉપરનાં સૂત્રોમાં સામાન્યરીતે રાગ તથા દ્વેષનું પ્રતિપાદન કર્યું છે તથાપિ આ સૂત્રથી ભયસામાન્યનું પ્રતિપાદન ન

* રાજેન્દ્રલાલ મિત્રની આવૃત્તિમાં तथारूढः ને બદલે तन्वनुबंधः પદ છે, તેથી ભોજવૃત્તિમાં स्वरसवाही विदुषोऽपितन्वनुबंधोऽभिनिवेशः—એ સૂત્ર લીધું છે. આમ સૂત્ર લેવાથી અભિનિવેશનું સ્વરૂપ મરણનો ત્રાસ છે, એ સ્પષ્ટ રીતે સૂત્રથી બોધન કરાયછે. तथारूढः પદ લેવાથી અભિનિવેશનું સ્વરૂપ શું છે તે સૂત્રથી સમજાય એમ નથી તથાપિ ભાષ્યવગેરેમાં तथारूढः પદ માન્ય રાખેલું હોવાથી અત્ર તે જ રાખ્યું છે.

લેતાં મરણના ત્રાસ વા ભયનું જ પ્રતિપાદન લેવું ઉચિત છે. એ મરણનો ત્રાસ તે અભિનિવેશ છે. એ ત્રાસ જાતમાત્ર કૃમિથી તે તત્ત્વજ્ઞાનરહિત સર્વ પ્રાણીઓમાં એકસરખી રીતે પ્રસિદ્ધ હોય છે. 'હું સદા રહું, મારો આ શરીરથી વિયોગ નહિ થાઓ' એ પ્રકારની ઇચ્છા સર્વમાં જોવામાં આવેછે. અને શરીર, ઇન્દ્રિયવગેરેનો સંયોગ એ જન્મ છે તથા તેમનો વિયોગ, એ મૃત્યુ છે, તેથી "મારૂં મૃત્યુ નહિ થાઓ" એ ઇચ્છા સર્વમાં જોવામાં આવે છે. તેથી મરણનો ત્રાસ સર્વને છે, એ સહજ વિચારથી સમજાયછે. અગર જો રાગદ્વેષરૂપ ક્લેશો પણ સર્વમાં હોયછે તથાપિ આ ક્લેશ અતિબલવાન્પણે સર્વમાં રહેલો છે. શ્રવણ, મનનરૂપ પરોક્ષ વિદ્યાવાળા વિદ્વાન્માં રાગાદિ ક્લેશો અદૃઢ થઇ ગયેલા હોયછે, તોપણ તેવાને પણ શરીરે મહાવ્યાધિ થવાથી મરણનો સંભવ લાગેછે ત્યારે, અથવા તો કોઇ સામો માણસ તરવારવગેરે લઇ મારી નાંખવા આવે છે ત્યારે, તેમનું અંતઃકરણ પણ કૃમિવગેરે તથા અન્ય અવિદ્વાનની માફક જ કંપી ઉઠેછે. એથી ઉલટું જ્યારે સ્ત્રીવગેરે વિષયો વિદ્વાનની પાસે આવે છે ત્યારે તેનું વિચારવાળું અંતઃકરણ અતિવેગ કરી તેતરફ ધાવન કરતું નથી. તેથી આ મરણના ત્રાસરૂપ અભિનિવેશ રાગાદિની માફક સર્વમાં છે, છતાં અતિબલવાન્પણે રહેલો છે. સૂત્રકારે પણ આ જ અર્થનું પ્રતિપાદન કરવા विदुषोऽपि तथारूढः એ પદો આ સૂત્રમાં મુકયાં છે.

આ સૂત્રમાં બીજું એ કહ્યું કે એ ક્લેશ પોતાના સંસ્કારથી નિરંતર વહન થનાર છે, અર્થાત્ અસંખ્ય વાર અનુભવેલાં મરણનાં દુઃખથી એ દુઃખપ્રતિ જીવને દ્વેષ થાયછે. એ દ્વેષ સંસ્કારરૂપે ચિત્તમાં રહેછે તથા પછી એ સંસ્કારથી મરણનો ત્રાસ થાય છે. આથી મરણના ત્રાસરૂપ અભિનિવેશનો હેતુ મરણનાં દુઃખના અનુભવથી પડેલો સંસ્કાર છે, એ કહ્યું. ત્યાં એ સંસ્કાર પૂર્વ જન્મનો જ હોવો જોઇએ. કેમકે અનુભવવિના સંસ્કાર બંધાતો નથી, એ સર્વમાન્ય નિયમ છે. એ નિયમાનુસાર એ સંસ્કાર બંધાવામાટે મરણનાં દુઃખનો અનુભવ અવશ્ય હોવો જોઇએ. મરણદુઃખનો અનુભવ પૂર્વ જન્મમાં જ સંભવે. કેમકે આ જન્મમાં જો થતો હોય તો તે કાં પ્રત્યક્ષ, અનુમાન વા આગમપ્રમાણથી થાય, ત્યાં આ શરીર વિદ્યમાન છે તેથી આ જન્મમાં કોઇપણ પ્રાણીએ પોતે મરણદુઃખનો અનુભવ કર્યોછે, એ અસંભવ છે. જો અન્ય પ્રાણીમાં મરણદુઃખ જોવાથી એ સંસ્કાર બંધાયછે એમ લઇએ તો

તે પણ અયોગ્ય છે. કેમકે જાતમાત્ર બાલક, કૃમિવગેરે સર્વમાં એ ક્લેશ સરખી રીતે જોવામાં આવે છે અને જાતમાત્ર બાલકને અન્યનું મરણ પ્રત્યક્ષ કરવાનો અવકાશ જ નથી. તેથી ઉભયથા વર્તમાન જન્મમાં પ્રત્યક્ષ પ્રમાણથી થયેલા અનુભવથી એ સંસ્કાર બંધાયછે, એ માનવું અનુચિત છે; તથા એ જ કારણથી પ્રત્યક્ષમૂલક અનુમાન તથા આગમનો પણ સંભવ નથી. કેમકે તરતના જન્મેલા બાલકને અનુમાનનો તો અવકાશ જ નથી, તેમ જ શબ્દજ્ઞાન નહિ હોવાથી આગમનો પણ અવકાશ નથી. આ રીતે ત્રણે પ્રમાણોથી આ જન્મમાં એ અનુભવ થાયછે તથા તેથી અભિનિવેશરૂપ ત્રાસને ઉત્પન્ન કરનાર સંસ્કાર પડે છે, એ યોગ્ય ઠરતું નથી. તેથી એ સંસ્કાર પૂર્વજન્મોમાં અનુભવાયેલા મરણદુઃખથી પડેલો લેવો યોગ્ય છે.

આ સ્થળે એ શંકા થાયછે કે યદ્યપિ આ જન્મમાં થતો મરણનો અનુભવ એ સંસ્કારપ્રતિ કારણ લઇ શકાય એમ નથી, તો પણ જેમ માતાપિતાના કેટલાક રોગો તથા ગુણો પુત્રપુત્રીમાં આવેછે તેમ આ મરણનો ત્રાસ પણ માતાપિતામાં રહેલો તરત જન્મેલા છોકરાવગેરેમાં અનુવર્તે છે. તેથી પૂર્વ જન્મમાં થયેલો મરણનો અનુભવ એનું કારણ છે, એ માનવુ આવશ્યક નથી. આ કહેવું પણ વિશેષ વિચારથી અયોગ્ય જ ઠરેછે. કેમકે જેમ રોગોની માતાપિતામાં ઉપપત્તિ થઈ શકેછે તેમ જો કોઇ પણ રીતે આ મરણના ત્રાસની માતાપિતામાં ઉપપત્તિ થઇ શકતી હોય તો તેની પુત્રપુત્રીવગેરેમાં અનુવૃત્તિ થાયછે એ પણ મનાય. પણ માતાપિતા પણ તેમના જન્મમાં એટલેપુત્રપુત્રીવગેરેની ઉત્પત્તિપૂર્વે મરણદુઃખનો અનુભવ કરી શક્યાં નથી કે જેથી તેમનામાં એ ત્રાસનું અસ્તિત્વ ઉપપત્તિ પામે. જો માતાપિતામાં એની ઉપપત્તિમાટે પૂર્વ જન્મનો અનુભવ લો તો પુત્રપુત્રીએ શું અપરાધ કર્યો કે એ લોકમાં પૂર્વ જન્મનો અનુભવ નહિ લેતાં માતાપિતામાં રહેલાની અનુવૃત્તિ સ્વીકારાય ? આ દોષ દૂર કરવા જો એમ કહો કે માતાપિતામાં પણ એ ત્રાસની તેમનાં માતાપિતામાંથી અનુવૃત્તિ થઈ છે તો પુનઃ એ જ દોષ એ વૃદ્ધ માતાપિતામાં આવા પ્રાપ્ત થવાનો. એટલુંજ નહિ પણ એથી અનવસ્થા આવવાની. છતાં એ દોષ દૂર નહિ થવાનો. કેમકે કોઈ પણ કાળે એ ત્રાસની ઉપપત્તિ તો થવાની જ નહિ. વળી સંસાર પરિણામી હોવાથી નાશવાન્ છે. તેથી જ્યારે પૃથિવીમાત્રનો પોતાના કારણમાં લય થ-

વાનો ત્યારે પૃથિવીના વિકારરૂપ મનુષ્યશરીર કોઇ પણ વિદ્યમાન નહિ રહેવાનું: અને એ પ્રલયપછી જ્યારે પુનઃ સર્ગ થવાનો ત્યારે આદ્ય મનુષ્યમાં એ ત્રાસ નહિ જ આવવાનો. કારણ કે, તેનાં માતાપિતા કોઇ નથી. અને તેથી ક્રમે કરી ઉત્તરોત્તર પ્રજામાં પણ એની અનુવૃત્તિ થવા વારો નહિ આવવાનો. જેથી પ્રલયપછી જે સર્ગ થાય તેમાં એ ત્રાસનો સર્વથા અભાવ જ હોવાનો. તો જેમ ઉત્તર સર્ગમાં એ ત્રાસનો અભાવ પ્રાપ્ત થાય છે તેમ સંસાર અનાદિ હોવાથી વર્ત્તમાન સર્ગ પણ તેની પૂર્વભાવી સર્ગની અપેક્ષાથી ઉત્તર સર્ગ હોવાથી એમાં પણ એ ત્રાસનો અભાવ જ હોવો ઘટે છે. પણ તેમ તો છે નહિ. તેથી સર્વથા આ અનુવૃત્તિનો મત વિચારવાનને હાસ્યજનક છે. તેથી એ જ સિદ્ધ થાયછે કે તે જીવને પૂર્વજન્મ હોવો જોઇએ. તથા એ પૂર્વજન્મમાં અનુભવાયેલા મરણનાં દુઃખોથી પડેલા સંસ્કારથી જ આ જન્મમાં મરણનો ત્રાસ અર્થાત્ અભિનિવેશ થાયછે. તેથી એ ક્લેશને સંસ્કારથી વહન થનાર કહ્યો છે તે સર્વાંશે યોગ્ય જ છે.

આ પ્રમાણે આ સૂત્રોથી પાંચે ક્લેશનાં સ્વરૂપ પ્રતિપાદન કરવાં. ત્યાં જે ઉત્તમાધિકારી છે તેમાં તો એ ક્લેશો તનુતાને પામેલા હોય છે તેથી એનો નાશ કરવા સંયમમાત્રની જરૂર છે. તેનું પ્રતિપાદન પ્રથમ પાદમાં કરયું છે. જે મધ્યમાધિકારી છે તેમાં એ ક્લેશો તનુ હોતા નથી, તેને તનુ કરવાવાસ્તે ક્રિયાયોગરૂપ ઉપાય પ્રથમ સૂત્રથી કહ્યો. હવે એ જિજ્ઞાસા થાયછે કે મધ્યમાધિકારીમાં એ ક્લેશો ક્રિયાયોગથી તનુતાને પામે છે પણ તેટલામાત્રથી તેમનો દાહ વા નાશ થતો નથી. તેથી તે કરવા શું ઉપાય છે? એ જિજ્ઞાસા નિવૃત્ત કરવા ઉત્તર એ સૂત્રો રચે છે. તાત્પર્ય કે એના નાશના ઉપાયનું પ્રથમાં પાદમાં પ્રતિપાદન કરયું છે, છતાં તેને મધ્યમાધિકારીમાટે સ્ફુટ કરવા અન્યરીતે પ્રતિપાદન કરેછે. ત્યાં જે ક્લેશોનો નાશ કરવાનો છે તે બે પ્રકારના છે; (૧) સ્થૂલ અને (૨) સૂક્ષ્મ. તેમાંથી સૂક્ષ્મનો નાશ કેવી રીતે થાય છે એ પ્રથમ પ્રતિપાદન કરેછે:—

ते प्रतिप्रसवहेयाः सूक्ष्माः ॥१०॥

સૂત્રાર્થ:—એમાં જે સૂક્ષ્મ ક્લેશોછે તે ચિત્તના પ્રલયથી નાશ પામેછે.

તે સૂક્ષ્માઃ—જે ક્લેશોનો કાર્યતઃ નાશ થયો છે, અર્થાત્ જેમનું સ્વસ્વકાર્યને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય દગ્ધ થયું છે અને તેથી જે દગ્ધબીજભાવાવસ્થામાં ચિત્તમાં રહેલા છે તે.

પ્રતિપ્રસવ૦—પ્રસવ એટલે ઉત્પત્તિ, તેનો વિરોધી તે પ્રતિપસવ અર્થાત્ નાશ. પ્રતિપ્રસવેન હેયાઃ=પ્રતિપ્રસવહેયાઃ– ચિત્તના પ્રતિપ્રસવથી અર્થાત્ નાશથી નાશ પામનાર.

આ સૂત્રથી એ કહ્યું કે તત્ત્વજ્ઞાન થયાથી ક્લેશોનાં કાર્યોનો નાશ થાયછે તથા ક્લેશોનું એ કાર્યને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય દગ્ધ થાય છે. આ પ્રમાણે દગ્ધ થયેલા ક્લેશો ચિત્તમાં પડી રહેછે. એ ક્લેશો સૂક્ષ્મ કહેવાય છે. એ ક્લશોનો અત્યંત નાશ ચિત્તરૂપ એના આશ્રયનો નાશ થવાથી થાયછે. આથી એ સૂચવ્યું કે ચિત્તનો નાશ કરવો એ જ એ ક્લેશોને નાશ કરવાનો ઉપાય છે. ચિત્તનો નાશ જ્યારે ચિત્તનો અધિકાર સમાપ્ત થાયછે ત્યારે અર્થાત્ ચિત્ત ચરિતાર્થ થાયછે ત્યારે થાયછે. જ્યાં સુધી ચિત્તમાં પ્રારબ્ધસંસ્કારો રહેલા હોયછે ત્યાંસુધી ચિત્ત સાધિકાર છે. તેથી તત્ત્વજ્ઞાન થયા પછી એ પ્રારબ્ધસંસ્કારોનો નાશ થાયછે ત્યારે ચિત્ત ચરિતાર્થ થઈ શકે છે પ્રારબ્ધસંસ્કારોનો નાશ બે રીતે થાયછે; (૧) ભોગે કરી અને (૨) અસંપ્રજ્ઞાત યોગના દૃઢ અનુષ્ઠાનથી. તેથી એ થયું કે તત્ત્વજ્ઞાન થયાપછી ચિત્તનો નાશ કાં તો પ્રારબ્ધસંસ્કારના ભોગથી અથવા તો અસંપ્રજ્ઞાતયોગના દૃઢ અનુષ્ઠાનથી થાયછે. તેથી એ સૂક્ષ્મ ક્લેશનો નાશ કરવા બે ઉપાય થયા: (૧) અસંપ્રજ્ઞાત યોગ અને (૨) તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિપછી પ્રારબ્ધ સંસ્કારોનો ભોગ અર્થાત્ પ્રયત્નનો અભાવ. આથી એ થયું કે કાં તો તત્ત્વજ્ઞાની મહાત્માએ એ સૂક્ષ્મના નાશમાટે કંઈ પણ પ્રયત્ન કરવો જરૂરનો નથી અને જો વિદેહકૈવલ્ય તત્કાળ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો તેમણે અસંપ્રજ્ઞાતયોગનું દૃઢ અનુષ્ઠાન કરવું.

આ રીતે આ સૂત્રથી એ પ્રતિપાદન કર્યું કે વિદેહકૈવલ્યની તત્કાળ પ્રાપ્તિ કરવી હોય તો ચિત્તનો નાશ કરવો આવશ્યક છે. કેમકે ચિત્તનો નાશ થવાથી જ એ સૂક્ષ્મ ક્લેશોનો નાશ થાયછે; અને તેને માટે અસંપ્રજ્ઞાત યોગનું દૃઢ અનુષ્ઠાન કરવું એ જ ઉપાય છે.

અહિં સૂત્રક્રમના સંબંધમાં એ શંકા થાયછે કે સાધનના અનુષ્ઠાનથી પ્રથમ ક્લેશોની તનુતા થાયછે, પછી દગ્ધબીજભાવાવસ્થા થાય છે અને અંતે નાશ થાયછે. આમાંથી સૂત્રકારે પ્રથમ

તનુતાનો ઉપાય કહ્યો તે તો યોગ્ય છે. પણ ત્યાર પછી જે નાશનો ઉપાય કહ્યો તે નહિ કહેતાં દગ્ધબીજભાવાવસ્થાનો ઉપાય કહેવો ઉચિત હતો. પણ સૂત્રકારે તેમ નહિ કરતાં પ્રથમ નાશનો ઉપાય આ સૂત્રથી બતાવ્યો અને દગ્ધબીજભાવા અવસ્થાનો ઉપાય ઉત્તર સૂત્રથી બતાવ્યો છે તે અયોગ્ય છે. એનું સમાધાન એ કે, અસંપ્રજ્ઞાત યોગનું અસાધારણ ફલ ચિત્તનો નાશ છે. તેથી સૂત્રકારે એનું પ્રતિપાદન પ્રથમ કર્યું છે. અને એ ફલમાં દ્વારની આકાંક્ષા થયાથી દગ્ધબીજભાવાના ઉપાયનું પ્રતિપાદન કર્યું છે, તેથી અયોગ્ય નથી.

આ પ્રમાણે આ સૂત્રથી સૂક્ષ્મનો નાશ કેવી રીતે થાય છે, એ પ્રતિપાદન કર્યું. હવે તનુતાવાળા એ ક્લેશોનો નાશ કયા દ્વારે થાયછે, તે પ્રતિપાદન કરેછે; અર્થાત્ સ્થૂલ ક્લેશોનો નાશ કેવી રીતે થાય છે તે (એટલે ક્લેશોનો દાહ કેવી રીતે થાય છે તે) પ્રતિપાદન કરે છે.

ध्यानहेयास्तद्वृत्तयः ॥ ११ ॥

સૂત્રાર્થ:—અદગ્ધબીજભાવા અવસ્થામાં રહેલા અર્થાત્ તનુતાને પામેલા એ ક્લેશોની વૃત્તિઓ સમાધિપ્રજ્ઞાથી નાશ પામેછે.

तद्वृत्तयः= तेषां वृत्तयः अभिव्यक्तावस्थाः—એ ક્લેશોની જે અભિવ્યક્તાત્મક અવસ્થા તે. तत् પદથી પૂર્વ સૂત્રમાં કહેલા સૂક્ષ્મનો પરામર્શ કરવો યોગ્ય નથી. કેમકે એ દગ્ધબીજભાવ ક્લેશોની કદાપિ અભિવ્યક્તિ થતી નથી. તેથી तत् પદથી સૂક્ષ્મશિવાયના અર્થાત્ જે અદગ્ધબીજભાવ છે તેનો જ પરામર્શ કરવો ઉચિત છે. એ ક્લેશની વૃત્તિ એટલે સ્થૂલતા, અર્થાત્ સ્થૂલ ક્લેશો.

ध्यानहेयाः=ध्यानेन हेयाः=ધ્યાનવડે નાશ પામનાર છે. આ સ્થળે ધ્યાનશબ્દથી ધ્યાનના કાર્યરૂપ સમાધિપ્રજ્ઞા લેવી આવશ્યક છે. કેમકે અવિદ્યા મિથ્યાજ્ઞાનરૂપ હોવાથી એનો નાશ એના વિરોધી તત્ત્વજ્ઞાનથી જ થઈ શકે છે. તત્ત્વજ્ઞાન, વિવેકખ્યાતિ તથા સમાધિપ્રજ્ઞા, આ સ્થળે પર્યાયરૂપ છે; એ તત્ત્વજ્ઞાનરૂપ સમાધિપ્રજ્ઞા સાક્ષાત્ અવિદ્યાની તથા અવિદ્યામૂલક સર્વ ક્લેશો હોવાથી પરંપરાથી અન્ય ક્લેશોની વિરોધી હોવાથી એ સર્વનો નાશ કરવા સમર્થ છે. ધ્યાન અપરિપક્વ એકાગ્રતારૂપ હોવાથી ક્લેશોનું સાક્ષાત્ વિરોધી નથી.

આ સૂત્રથી એ સૂચવ્યું કે સ્થૂલ ક્લેશોનો સમાધિપ્રજ્ઞારૂપ

તત્ત્વજ્ઞાનથી નાશ થાયછે, એટલે ક્લેશોની જે સ્થૂલ અવસ્થા તેનો તત્ત્વજ્ઞાનથી નાશ થાયછે. સમાધિપ્રજ્ઞાથી એ ક્લેશોની અભિવ્યક્તિ નષ્ટ થાય છે એટલુંજ નહિ પણ પુનઃ અભિવ્યક્ત થવાની યોગ્યતા જે એ ક્લેશોમાં હોયછે તેનો પણ નાશ થાયછે. આમ થવાથી એ ક્લેશોનો કાર્યતઃ નાશ થયો એટલે એ ક્લેશો દગ્ધબીજભાવા અવસ્થાને પામ્યા. પણ એથી એમ સમજવાનું નથી કે એ ક્લેશોનો સર્વથા–સ્વરૂપતઃ પણ નાશ થાયછે. કાર્યતઃ નષ્ટ થયેલા એ ક્લેશો દગ્ધ થયેલાં બીજની માફક ચિત્તમાં પડી રહે છે. એ કાર્યતઃ નષ્ટ થયેલા તથા સ્વરૂપતઃ રહેલા ક્લેશોનો નાશ પૂર્વસૂત્રમાં કહ્યાપ્રમાણે પ્રતિપ્રસવથી થાય છે.

આ રીતે આ સૂત્રોથી ક્લેશોની ત્રણ અવસ્થા સૂચવી (૧) તનુતા (૨) દગ્ધબીજભાવા અને (૩) નાશ. તેમાં તનુતાનો ઉપાય ક્રિયાયોગ કહ્યો; દગ્ધબીજભાવાની પ્રાપ્તિનો ઉપાય સમાધિપ્રજ્ઞા કહી અને નાશનો ઉપાય પ્રતિપ્રસવ કહ્યો. આ પ્રમાણે ક્લેશના હાનના ઉપાયો કહ્યા. ત્યાં એ શંકા થાયછે કે આવા અતિપ્રયત્ને કરાતા ક્લેશોના હાનથી શું ફલ છે? કેમકે એ ક્લેશોની હાનિ થઇ તોપણ પુરુષને અનેક જન્મદ્વારા નાનાવિધ દુઃખને આપનાર કર્માશય વિદ્યમાન હોવાથી પુરુષને તે તે દુઃખો તથા જન્મમરણ આવ્યા કરવાનાં. એટલુંજ નહિ પણ ખરૂં જોતાં તો એ કર્માશય વિદ્યમાન રહેવાથી ચિત્ત સાધિકાર જ રહેવાનું તેથી નાશને જ નહિ પામવાનું અને તેથી સૂક્ષ્મ ક્લેશોનું હાન સંભવવાનું જ નહિ. એનો ઉત્તર એ કે વિપાક તથા કર્માશય બને ક્લેશમૂલક જ છે, તેથી ક્લેશનો દાહ વા નાશ થવાથી કર્માશય તથા વિપાકવગેરે સર્વનો નાશ થાય છે; અને તેથી ક્લેશ નષ્ટ થવાથી ચિત્ત ચરિતાર્થ થઈ નષ્ટ થાય છે તથા પુરુષ કૈવલ્યને પામે છે. આ અર્થ પ્રતિપાદન કરવા તથા અવિદ્યાદિ સર્વ દુઃખરૂપ ક્લેશનાં મૂળ હોવાથી યથાર્થરીતે ક્લેશ સંજ્ઞાને પામ્યા છે એ પ્રતિપાદન કરવા ભગવાન્ સૂત્રકાર ઉત્તર ચાર સૂત્રો રચેછે. તેમાં પ્રથમ તો કર્માશય ક્લેશમૂલક છે એ પ્રતિપાદન કરેછે.

क्लेशमूलः कर्माशयो दृष्टादृष्टजन्मवेदनीयः ॥१२॥

સૂત્રાર્થ:—વર્તમાન જન્મમાં ફલ આપનાર તથા ભવિષ્યત જન્મમાં ફલ આપનાર, એ બંને પ્રકારનો ધર્માધર્મરૂપ કર્માશય આ

ક્લેશમૂલક જ છે.

दृष्टादृष्ट०—દૃષ્ટજન્મવેદનીય તથા અદૃષ્ટજન્મવેદનીય. દૃષ્ટ એટલે વર્તમાન અને અદૃષ્ટ એટલે ભવિષ્યત્ વા ભાવી. વેદન શબ્દથી આ સ્થળે ભોગરૂપ અર્થનું ગ્રહણ થાયછે તેથી વેદનીય એટલે ભોગ્ય. આથી દૃષ્ટજન્મવેદનીય એટલે વર્તમાન જન્મમાં જેનો ભોગ થાયછે તે, તથા અદૃષ્ટજન્મવેદનીય એટલે ભવિષ્યત્ વા ઉતર જન્મમાં જેનો ભોગ થનાર છે તે.

कर्माशय:-कर्मणां आशय:=કર્મનો આશય તે કર્માશય. आशय શબ્દની आशेरते सांसारिकाः पुरुषाः अस्मिन् એ વ્યુત્પત્તિથી કર્માશય શબ્દ ક્રિયારૂપ કર્મથી ઉત્પન્ન થતા ધર્માધર્મરૂપ અપૂર્વનો વાચક છે. જેમકે—स्वर्गकामो ज्योतिष्टोमेन यजेत—સ્વર્ગની ઇચ્છા રાખનાર માણસે જ્યોતિષ્ટોમ યાગ કરી ઇષ્ટની સિદ્ધિ કરવી-એ શ્રુતિમાં સ્વર્ગપ્રાપ્તિનો હેતુ જ્યોતિષ્ટોમ યાગ છે, એમ કહ્યું છે. અહિં જ્યોતિષ્ટોમ યાગ કર્મરૂપ છે. એનું અનુષ્ઠાન આ જન્મમાં કરવાનું છે. પણ આ શરીર સ્વર્ગસુખને અયોગ્ય હોવાથી સ્વર્ગની પ્રાપ્તિ તો ઉત્તરજન્મે થનાર છે. તેથી એમ થાયછે કે એ કર્મનો અંત આ દેહ છૂટતા પૂર્વે આવવાનો, અને ફલની પ્રાપ્તિ આ દેહ છૂટયા પછી થવાની. આમ હોવાથી જ્યારે ફલની પ્રાપ્તિ થવાની ત્યારે કર્મરૂપ હેતુનું અસ્તિત્વ નહિ હોવાનું. અને કાર્યકારણમાટે એવો નિયમ છે કે જે જે કાર્યનું કારણ હોય તે તે કાર્યના અવ્યવહિત પૂર્વક્ષણમાં વિદ્યમાન હોય છે. આ નિયમે જોતાં જ્યોતિષ્ટોમ યાગ સ્વર્ગપ્રાપ્તિનું કારણ નહિ ઠરે. એ દોષના પરિહારમાટે પૂર્વમીમાંસામાં અપૂર્વ અંગીકાર કર્યું છે. જ્યોતિષ્ટોમ યાગ કરવામાં આવેછે ત્યારે, અર્થાત્ એ કર્મ પૂરૂં થાય છે ત્યારે યજમાનના ચિત્તમાં એ કર્મથી કર્મફલના નિયમપ્રમાણે એક સંસ્કાર પડેછે. એ સંસ્કાર ચિત્તમાં પડી રહેછે તથા જ્યારે વર્તમાન દેહ છુટેછે ત્યારે એ સંસ્કાર અભિમાનીને સ્વર્ગપ્રાપ્તિ કરાવેછે. એ સંસ્કાર તે અપૂર્વ છે વા કર્માશય છે. આમ થવાથી જ્યોતિષ્ટોમ યાગ સ્વર્ગપ્રાપ્તિનું પરંપરાથી કારણ છે અને સંસ્કાર વા અપૂર્વ વા કર્માશય સાક્ષાત્ કારણ છે, તેથી શ્રુતિના કથનની સાથે કશો વિરોધ નથી. જેમ સત્કર્મથી આ શુભ અપૂર્વરૂપ કર્માશય બંધાયછે તેમ અશુભ કર્મથી અશુભ અપૂર્વરૂપ કર્માશય બંધાયછે. તાત્પર્ય એ કે પ્રત્યેક ક્રિયાથી ચિત્તમાં જે અપૂર્વ, અદૃષ્ટ વગેરે શબ્દોથી ઓળખાતો સંસ્કાર

પડેછે તે કર્માશય છે.

ક્લેશમૂલઃ—એ કર્માશયનું મૂલ ક્લેશ છે, એટલે અવિદ્યાદિ ક્લેશો હોય છે ત્યારે એ કર્માશય બંધાયછે તથા એનો અભાવ થાયછે ત્યારે કર્માશયનો પણ અભાવ થાયછે.

આ સૂત્રમાં એ વાત કહીઃ (૧) કર્માશય દૃષ્ટજન્મવેદનીય તથા અદૃષ્ટજન્મવેદનીય એમ બે પ્રકારનો છે તથા (૨) એ બંને પ્રકારનો કર્માશય ક્લેશમૂલક જ છે. ત્યાં અતિતીવ્ર મંત્ર, તપ, સમાધિ વગેરેથી બંધાયેલો, અથવા તો ઈશ્વર, દેવતા, મહર્ષિ વગેરેના આરાધનથી બંધાયેલો, તથા વર્તમાન જન્મમાં જ વિપાકને પામનાર જે ધર્મ છે તે દૃષ્ટજન્મવેદનીય ધર્મરૂપ કર્માશય છે. જેમકે નાનંદીશ્વર તીવ્ર સંવેગે કરીને કરેલાં મંત્ર, તપ, સમાધિ તથા ઈશ્વરાધનથી મનુષ્યશરીરને ત્યજીને વર્તમાન જન્મમાં જ દેવશરીરને,તથા દીર્ઘાયુષને તથા દિવ્ય ભોગને પામ્યા.તેમજ વિશ્વામિત્ર જાતિ તથા આયુરૂપ બે વિપાકને પામ્યા. નાનંદીશ્વર તથા વિશ્વામિત્રનો આ જે કર્માશય હતો તે વર્તમાન જન્મમાં જ કરાયેલાં કર્મોથી બંધાયો હતો તથા એનું ફલ વર્તમાન જન્મમાં જ મળ્યું હતું તેથી એ કર્માશય દૃષ્ટજન્મવેદનીય છે, તથા એ કર્માશય પુણ્યરૂપ હતો તેથી એ ધર્મરૂપ દૃષ્ટજન્મવેદનીય કર્માશય છે. આ જ પ્રમાણે ભય પામેલાને, વ્યાધિથી પીડિતને, અત્યંત ગરીબને, પોતાને વિશ્વાસે રહેલાને અથવા તો મહા ઐશ્વર્યવાળા તપસ્વીઓને જે અપકાર પુનઃ પુનઃ અતિતીવ્રતાથી કરવામાં આવેછે તે અપકારરૂપ કર્મ પણ તત્કાળ અર્થાત્ વર્તમાન જન્મમાં જ ફલ થનાર કર્માશયને રચે છે. એ પાપ હોવાથી એ અધર્મરૂપ દૃષ્ટજન્મવેદનીય કર્માશય છે. જેમકે દેવતાઓના રાજારૂપ ઇન્દ્રત્વને પામેલો નહુષ, મહર્ષિના અપરાધથી પોતાનો પરિણામ ત્યજીને સર્પરૂપ તિર્યક્ પરિણામને તે જ જન્મમાં પામ્યો હતો. એ વર્તમાન જન્મમાં જ નીચ પરિણામને પમાડનાર અધર્મરૂપ કર્માશય તેણે વર્તમાન જન્મમાં જ રચ્યો હતો તેથી એ દૃષ્ટજન્મવેદનીય છે. આ દૃષ્ટજન્મવેદનીય કર્માશય કુંભીપાકવગેરે નરકમાં રહેનાર દુષ્ટ જીવોનો થતો નથી, કેમકે એ જીવો તે નીચ યોનિમાં ધર્માદિને ઉત્પન્ન કરનાર કર્મો કરવા અસમર્થ છે, કે જે એ નીચ યોનિમાં જન્માદિ ફલને ભોગવાવનાર કર્માશયરૂપ તેમનાં પ્રારબ્ધનો અભિભવ કરી અન્ય જન્મને પ્રાપ્ત કરે. જે સ્વર્ગનિવાસી હોયછે તેઓને લીલામાનુષ વિગ્રહ ધારણ કરી આ

મનુષ્ય લોકમાં આવી અન્ય કર્મોનું અનુષ્ઠાન કરી શકવા સામર્થ્ય હોયછે તેથી, તથા સ્વર્ગાદિ લોકોની મર્યાદાનું ઉલ્લંઘન થવાથી તે તે શરીરનો અન્ય શરીરમાં પરિણામ થઇ જાયછે તેથી સ્વર્ગાદિ લોકમાં દૃષ્ટજન્મવેદનીય કર્માશય હોયછે.

સ્વર્ગ, નરકવગેરેને ઉત્તર જન્મે આપનાર અદૃષ્ટજન્મવેદનીય કર્માશય તો સર્વત્ર પ્રસિદ્ધ છે કેમકે જે કર્મો ક્ષીણ થયાં નથી તે સર્વ ઉત્તર જન્મે ફલ આપવાનાં એ સિદ્ધ નિયમ છે. એ કર્મો જે અપૂર્વને ઉત્પન્ન કરે છે તે અપૂર્વરૂપ કર્માશય અદૃષ્ટજન્મવેદનીય છે. એ અદૃષ્ટજન્મવેદનીય કર્માશય ક્ષીણક્લેશપુરુષોને અર્થાત્ જીવન્મુક્તને તથા વિદેહમુક્તને હોતો નથી. વિદેહમુક્તને તો સમગ્ર અપૂર્વરૂપ કર્માશય જે ચિત્તમાં આશ્રિત છે તે ચિત્તનો પણ નાશ થયેલો હોવાથી કોઇ કર્માશય છે જ નહિ; અને જીવન્મુક્ત પુરુષો પણ ચરમદેહવાળા છે તેથી, તથા કર્માશયમાત્ર ક્લેશમૂલક છે તેથી ક્લેશ દગ્ધ થવાથી કર્માશય પણ દગ્ધ થાય છે, તેથી એમનો ઉત્તર જન્મ નથી; તેથી એમને પણ અદૃષ્ટજન્મવેદનીય કર્માશય ન જ હોવો જોઇએ. એ શિવાયના અન્ય સર્વ પુરુષોને આ અદૃષ્ટજન્મવેદનીય કર્માશય હોયછે.

આ બંને પ્રકારનો કર્માશય અવિદ્યાદિક્લેશમૂલક છે એટલે ક્લેશનું અસ્તિત્વ હોય તો જ થાયછે, અને ક્લેશના અભાવે થતો નથી. અર્થાત્ ક્લેશના કાર્યરૂપ છે. કેમકે જે જે કર્મો સાભિમાનપણે કરવામાં આવેછે તે જ અપૂર્વને ઉત્પન્ન કરેછે. જે કર્મો નિરભિમાનપણે કરાયછે તે અપૂર્વને ઉત્પન્ન કરતાં નથી. શ્રીભગવદ્ગીતામાં यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते । हत्वाऽपि स इमान् लोकान् न हन्ति न निबध्यते । જે પુરુષનું અભિમાન ગલિત થયું છે અને જેની બુદ્ધિ નિર્લેપ થઇ છે તેને ધર્મના રક્ષણમાટે મારવાનો પ્રસંગ આવે તોપણ તે તત્ત્વદ્રષ્ટા પુરુષોને તે કર્મ બાધ કરતું નથી. એ શ્લોકથી અવિદ્યાદિ ક્લેશના અભાવે કર્માશયનો અભાવ કહ્યો છે. શ્રીકૂર્મપુરાણમાં પણ रागद्वेषादयो दोषाः सर्वे भ्रान्तिनिबन्धनाः। कार्यो ह्यस्य भवेद्दोषः पुण्यापुण्यमिति श्रुतिः ।—રાગદ્વેષાદિ સર્વ ક્લેશો મિથ્યાજ્ઞાનરૂપ અવિદ્યાથી થયેલા છે તથા એ ક્લેશોનું કાર્ય પુણ્યાપુણ્યરૂપ કર્માશય છે, એમ શ્રુતિ કહેછે.–ઇત્યાદિ વચનોથી ક્લેશના કાર્યરૂપ જ કર્માશય કહ્યો છે તેથી ક્લેશમૂલક કર્માશય છે એ અનેક પ્રમાણોથી સિદ્ધ થાયછે. આપણે પણ જોઇએ છીએ કે જે

લોકોને સ્વર્ગાદિવિષે રાગ હોય છે તે લોકો જ જ્યોતિષ્ટોમાદિ કામ્ય કર્મવિષે કામનાથી પ્રવૃત્ત થાયછે તથા તેથી એ ફલની પ્રાપ્તિ કરાવનાર અપૂર્વને બાંધે છે. તેમ જ લોભ હોયછે ત્યારે જ પારકું દ્રવ્ય ચોરાયછે તથા તેથી અધર્મરૂપ કર્માશય બંધાયછે. મોહથી જ અધર્મવિષે ધર્મબુદ્ધિ થઇ તે અધર્મનુ અનુષ્ઠાન કરાયછે તથા તેદ્વારા અધર્મરૂપ કર્માશય થાયછે. આ રીતે સ્પષ્ટ જણાય છે કે રાગાદિ ક્લેશમૂલક જ સર્વ પ્રકારનો કર્માશય છે.

આ સર્વથી એ સિદ્ધ થયું કે સર્વ કર્માશય ક્લેશમૂલક હોવાથી જ્ઞાનાગ્નિથી ક્લેશોનો દાહ થાયછે તેથી કર્માશય નવો થતો નથી; અને કર્માશયના અભાવે દુ:ખરૂપ વિપાકનો અભાવ થાયછે. અહિં એ શંકા થાયછે કે, યદ્યપિ જ્ઞાનાગ્નિથી ક્લેશ દગ્ધ થાય ત્યાર પછી નવો કર્માશય નહિ થાય અને તેથી નવો વિપાક નહિ સંભવે. તથાપિ પુનર્જન્મનો એને તેથી થતાં દુ:ખોનો અભાવ નહિ થાય કેમકે તત્ત્વજ્ઞાનરૂપ વિદ્યાના ઉદયપૂર્વે રચાયેલો કર્માશય પણ અનંત છે, તેથી તે તો અવશ્ય ફલ આપવાનો: અને તેનાં ફલ ભોગવવા અવશ્ય જન્મમરણ થયાં કરવાનાં. અર્થાત્ ક્લેશમૂલક કર્માશય હોવાથી ક્રિયમાણ કર્મોનો જ્ઞાનીને બાધ નહિ થવાનો. પણ સંચિત કર્મોના બલથી તેને જન્મો થવાના. આ કહેવું યોગ્ય નથી. કેમકે કર્માશય બંધાવામાં જેમ રાગાદિક્લેશો કારણ છે તેમ જે સંચિત કર્માશય છે તે ક્લેશનો સદ્‌ભાવ હોય તો જ વિપાકનો આરંભ કરનાર થાયછે. આ પ્રતિપાદન કરવા, તથા ક્લેશ સમગ્ર દુ:ખનું મૂળ છે એ સ્પષ્ટ કરવા ઉત્તર ત્રણ સૂત્રો છે. તેમાં પ્રથમ તો સુખદુ:ખ જેનાં ફલ છે એવા કર્માશયનાં ફલરૂપ વિપાક ક્લેશમૂલક છે એ પ્રતિપાદન કરેછે.

सति मूले तद्विपाको जात्यायुर्भोगाः ॥ १३ ॥

સૂત્રાર્થ.—અવિદ્યાદિ ક્લેશરૂપ મૂલ હોયછે ત્યારે જ પોતાના વિપાકરૂપ જાતિ, આયુષ્ અને ભોગને કર્માશય ઉત્પન્ન કરેછે. એટલે ક્લેશરૂપ મૂલનો સદ્‌ભાવ હોયછે ત્યારે કર્માશય વિપાકનો આરંભ કરી શકેછે.

सति मूले=કર્માશયના મૂલરૂપ અવિદ્યાદિ ક્લેશો હોયછે ત્યારે જ.

तद्विपाकः=કર્માશયનો વિપાક એટલે ફળ.

जात्यायुर्भोगाः=જાતિ, આયુષ્ અને ભોગ. આ પદ મૂકવાથી જાતિ, આયુષ્ અને ભોગ એ ત્રણ કર્માશયનાં ફલ છે તથા એ ત્રણની

વિપાકસંજ્ઞા છે, એ પ્રતિપાદન કર્યું. જાતિ એટલે દેવત્વ, મનુષ્યત્વ વગેરે, અથવા તો પૂર્વ શરીરના ત્યાગપૂર્વક નવીન શરીરના ગ્રહણ કરવારૂપ જન્મ. આયુષ્ એટલે જીવનકાળ એટલે એક શરીરમાં અભિમાનીની સ્થિતિ રહેવાનો કાળ. ભોગ શબ્દના ટીકાકારોએ અનેક અર્થ લીધા છે. તે નીચે પ્રમાણેઃ—

(૧) વાર્તિકકાર ભોગ શબ્દથી સુખદુઃખવગેરે બુદ્ધિની વૃત્તિઓનું, અને ૧૪ સૂત્રમાં જે હ્લાદ તથા પરિતાપરૂપ વિપાકનાં ફલ કહ્યાં છે તે પદોથી એ વૃત્તિના સાક્ષાત્કારનું ગ્રહણ કરેછે.

(૨) વાચસ્પતિમિશ્ર ભોગ શબ્દથી જ સુખદુઃખાદિ સાક્ષાત્કારનું ગ્રહણ કરેછે,તથા જેમ ગમનક્રિયાનું કર્મ ગ્રામ તેના ફલરૂપ કહેવાય છે તેમ સુખદુઃખાદિસાક્ષાત્કારનાં કર્મરૂપ હોવાથી અર્થાત્ ભોગ્યરૂપ હોવાથી હ્લાદ અને પરિતાપ, અર્થાત્ સુખ અને દુઃખ, આ ભોગના ફલરૂપ છે એમ કહે છે.

(૩) મણિપ્રભાકાર ભોગશબ્દથી ઇન્દ્રિયોથી થતા વિષયાનુભવનું ગ્રહણ કરેછે.

(૪) ભોજવૃત્તિમાં ભોગશબ્દની કર્મવ્યુત્પત્તિ, કરણવ્યુત્પત્તિ તથા ભાવવ્યુત્પત્તિ લઈ એ શબ્દથી વિષયો, ઇન્દ્રિયો તથા સુખદુઃખનો સાક્ષાત્કાર એ ત્રણેનું ગ્રહણ કરેલું છે.

ખરું જોતાં કર્માશયથી શરીર, ઇન્દ્રિય વગેરેમાં પુષ્ટતા, આરોગતા, વ્યાધિવગેરે થાયછે, ચિત્તમાં નિમિત્તવિના પ્રસંગે સ્વાભાવિક રીતે ઉદાસી વા પ્રસન્નતા થાયછે, શુભાશુભ કર્મમાં પ્રવૃત્ત કરાવનાર વૃત્તિઓનો ઉદય થાયછે તથા અનાયાસે વિષયોની પ્રાપ્તિવગેરે પણ થાય છે; તથા એ સર્વથી પરિણામે સુખદુઃખ થાયછે. આ સર્વનું ભોગ શબ્દથી ગ્રહણ કરવું ઉચિત છે. કેમકે દેવત્વાદિરૂપ અથવા જન્મરૂપ આ સર્વ નથી, તેમ જ આયુરૂપ પણ આ નથી; તેથી જાતિરૂપ તથા આયુરૂપ,આ સર્વ નથી. છતાં કર્માશયના ફલરૂપ છે તેથી એ સર્વનો ભોગમાં જ અંતર્ભાવ કરવો ઉચિત છે નહિ તો કર્માશયના ફલના પ્રતિપાદનમાં ન્યૂનતા આવેછે. આથી એ થયું કે કર્માશયના ફલરૂપ હોઇને જાતિ તથા આયુથી જે ભિન્ન છે તે ભોગ છે. ઘનસુષુપ્ત,ગાઢસુષુપ્તવગેરે અવસ્થાઓ પણ ભોગમાં જ લોકમાં લેવાય છે તથાપિ એ અર્થ અતિવ્યાપક છે. આ સ્થળે ભોગમાં એ અવસ્થા લેવી જરૂરની નથી. કારણકે જેમ પ્રકૃતિલય પુરુષોની તથા વિદેહની તે તે ઉપાસ્યમાં થતી લયાવસ્થાનો જાતિમાં સંગ્રહ

થાય છે તે જ પ્રમાણે ઘનસુષુમવગેરે અવસ્થાનો પણ આ સ્થળે જાતિમાં જ સંગ્રહ થાયછે.

આ સૂત્રથી એ કહ્યું કે જાતિવગેરે વિપાક ક્લેશનો સદ્ભાવ હોય તો કર્માશય ઉત્પન્ન કરી શકેછે. કેમકે વિપાક ત્રણ પ્રકારનો કહ્યોછે. (૧) જન્મ, (૨) આયુષ્ અને (૩) ભોગ. ત્યાં જ્યારે જન્મ થાય ત્યારે આયુષ્ અર્થાત્ જન્મકાળ થઈ શકે; અને જ્યારે જન્મનો અભાવ થાય ત્યારે તેને આયુષ્નો અભાવ થાય, એ તો સ્પષ્ટ છે. તેથી જો ક્લેશવિના જન્મરૂપ વિપાકને કર્માશય આરંભી ન શકે એ સપ્રમાણ્ ઠરે, તો આયુષ્રૂપ વિપાક પણ ન જ આપી શકે એ અર્થાત્ પ્રાપ્ત થાયછે. તથા એ જ નિયમથી ભોગ પણ જન્મ થયા પછી જ થઇ શકેછે તેથી ભોગ પણ ન જ આપી શકે. એ પણ અર્થાત્ પ્રાપ્ત થાયછે. હવે મરણ થયાપછી વિવિધ યોનિને પમાડનાર શુભાશુભ કર્મ હોય તો અંતકાળે જે યોનિવિષે રાગાદિ ક્લેશ ઉદ્ભૂત રહેલો હોયછે, તે યોનિને તે જીવ પામેછે એવો નિયમ છે; અર્થાત્ કર્માશયથી જે જન્મની પ્રાપ્તિ થવાની હોય તે યોનિપ્રતના રાગની અભિવ્યક્તિ થાય છે તથા તે થયાથી જ તે યોનિની પ્રાપ્તિ થાય છે. આ અર્થમાં तदेव सक्तः सह कर्मणैति लिङ्गं मनो यत्र निषिक्तमस्य જે યોનિવિષે એ જીવનું મન અંતસમયે આસક્ત થયેલું હોયછે તે યોનિને એ જીવ પોતાનાં કર્મથી પામેછે. अथाऽकामयमानो योऽकामो निष्कामो न तस्य प्राणा उत्क्रामन्तीहैव समवलीयन्ते જે પુરુષના રાગાદિ ક્લેશો ક્ષીણ થવાથી જેની સકલ કામના નિવૃત્ત થઇ ગઇ છે અને તેથી જે અકામ છે તે પુરુષના પ્રાણ મૃત્યુસમયે ઉત્ક્રાન્તિને પામતા નથી પણ સ્વસ્વકારણમાં લીન થઇ જાય છે, कामान् यः कामयते मन्यमानः सकर्माभिर्जायते तत्र तत्र। पर्याप्तकामस्य कृतात्मनस्तु इहैव सर्वे विलीयन्ति कामाः॥ જેનું અભિમાન ગલિત થયું નથી તથા જેની કામના નિવૃત્ત થઈ નથી તે કામનાવશાત્ તે તે જન્મને કર્મપ્રમાણે પામેછે, તથા જેની કામના નિવૃત્ત થઈ ગઇ છે તથા તેથી જે કૃતકૃત્ય થયો છે તેના પ્રાણ અહિં જ લીન થઇ જાયછે—ઇત્યાદિ શ્રુતિઓ, वीतरागजन्मादर्शनात् જે પુરુષના રાગાદિ ક્ષીણ થયા છે તેમનો જન્મ થતો નથી એ ન્યાયસૂત્ર, तस्मात्तृष्णात्मकाद्रागाद्बीजाज्जायन्ति जन्तवः—તેથી તૃષ્ણારૂપ રાગોપલક્ષિત ક્લેશરૂપ બીજવડે જ જીવો જન્મને પામેછે, એ

શ્રીમહાભારતમાંના મોક્ષધર્મનું વચન પ્રમાણરૂપ છે. આથી એ સ્પષ્ટ રીતે અન્વયવ્યતિરેકથી સિદ્ધ થાય છે કે રાગાદિનો સદ્‌ભાવ હોય તો જ જન્મ થઇ શકે છે અને જન્મ થાય તો જ આયુષ્ તથા ભોગ સંભવે છે. તેથ એ ત્રણે વિપાક ક્લેશમૂલક છે એ સહજ સિદ્ધ થાયછે. તેમાં પણ ભોગ તો ક્લેશ હોય તો જ યથાર્થ રીતે થઇ શકેછે. કેમકે યથાર્થ ભોગ તો તે જ ગણાય છે કે જે પોતાનાં ફલરૂપ હ્લાદ અને પરિતાપને ઉત્પન્ન કરે છે. ત્યાં જે પુરુષના રાગાદિ ક્લેશ ક્ષીણ નથી થયા તે જ પુરુષને હર્ષશોક સંભવેછે, કેમકે અન્વયવ્યતિરેકથી સુખદુઃખનું કારણ વિષયપ્રતિની ઇષ્ટસાધનતાબુદ્ધિથી થતો રાગદ્વેષાદિ ક્લેશ જ સિદ્ધ થાય છે. જે પુરુષ અકામ છે, જેને શરીરાદિવિષે અનિત્યતાદિબુદ્ધિ સિદ્ધ થઇ છે તથા જેણે પોતાનું બુદ્ધિથી પૃથક્ત્વ હસ્તામલકવત્ અનુભવ્યું છે તે પુરુષ સર્વત્ર સમભાવવાળો હોવાથી વિષયથી થતાં સુખદુઃખથી રહિત જ છે. આ કારણથી પણ ભોગરૂપ વિપાક ક્લેશ હોય તો જ યથાર્થ રીતે થાયછે તેથી સર્વ વિપાકનો ક્લેશસદ્‌ભાવ હોય તો જ કર્માશય આરંભ કરી શકે એ સિદ્ધ થાયછે.

આ પ્રમાણે ક્લેશમૂલક વિપાકનો આરંભ સિદ્ધ થવાથી અનંતકાળના સંચિત થયેલા કર્માશય પણ ક્લેશનો અભાવ થવાથી દગ્ધ થઇ સ્વાંકુરને ઉત્પન્ન કરી શકતા નથી અને તેથી તત્વજ્ઞાન થયાપછી ઉત્તરજન્મની પ્રાપ્તિ થતી નથી, તો અસંપ્રજ્ઞાત યોગ જેમણે સિદ્ધ કર્યો છે તેમને માટે તો શું જ કહેવું !

આ સૂત્રમાં ક્લેશ હોય તો જ વિપાકનો આરંભ થાયછે એટલું જ કહ્યું છે. પણ તેથી કરીને જે વિપાકનો આરંભ થઇ ગયો છે તે વિપાકનો ક્લેશનો દાહ થવાથી નાશ થાયછે એમ સિદ્ધ થતું નથી, અર્થાત્ જીવન્મુક્ત પુરુષ થાય એટલે તેમનો દેહ છુટવો જ જોઇએ એમ નથી. કેમકે એ જન્મરૂપ વિપાક તથા એ શરીરની સ્થિતિરૂપ આયુષનો આરંભ થઇ ગયોછે તેથી ક્લેશનો નાશ થવાથી તેનો નાશ થતો નથી. એટલું જ માત્ર થાયછે કે જે જે કર્માશય સંચિતરૂપે રહેલા છે તે નવા વિપાકને આરંભ કરવા અસમર્થ થાય છે. તેથી જીવન્મુક્તને અન્ય જન્માદિ થતાં નથી જીવન્મુક્ત પુરુષોનો જે પ્રારબ્ધભોગ હોયછે તે પણ ક્લેશનો નાશ થવાથી એ જ નિયમથી નાશ પામતો નથી પણ પૂર્વે કહ્યા પ્રમાણે તથા હવે ઉપર કહી ગયા તે પ્રમાણે એ ભોગ ગૌણ છે, અર્થાત્ એ પુરુષ

તે તે ભોગના દ્રષ્ટા માત્ર થાયછે. આથી કરીને જીવન્મુક્ત પુરુષના શરીરમાં વ્યાધિની પ્રતીતિ થાય પણ તેમને દુઃખાદિનો ભોગ ન થાય એ સ્પષ્ટ છે. તેમ જ એ જ નિયમથી સ્ત્રીપુત્રાદિ વિષયો પણ જીવન્મુક્ત પુરુષને પ્રાપ્ત થાય તથાપિ તેમને સુખદુઃખાદિનો ભોગ ન થાય, વૃત્તિના સ્ફુરણરૂપ ભોગનો એક ભાગ જે પૂર્વે કહ્યા છે તે પણ જીવન્મુક્ત પુરુષને થાય તથાપિ તેનાથી લેશ પણ વિકલતા ન થાય એ વગેરે સિદ્ધ થાયછે. એ તો સિદ્ધ છે કે જીવન્મુક્ત થવામાં જ પાપસંસ્કારમાત્રનો દાહ કરાયો છે તેથી, તથા સ્વભાવસત્તા અતિ બલવતી થયેલી છે તેથી જીવન્મુક્ત પુરુષથી એક પણ નિષિદ્ધાચરણ થતું નથી.

આપ્રમાણે ત્રણે પ્રકારના વિપાકને ક્લેશ હોય ત્યાંસુધી જ કર્માશય ઉત્પન્ન કરી શકેછે. ત્યાં કર્માશય એટલે કર્મના સંસ્કાર અર્થાત્ કર્મની જ કોઇ પ્રકારની સૂક્ષ્માવસ્થા છે. તેથી અસંખ્ય કર્મો એક જન્મમાં કરાતાં હોવાથી અસંખ્ય કર્માશય બંધાયછે તો પછી અનાદિ કાળના કર્માશય અનંત હોય એમાં તો શું કહેવું હતું! એ સર્વ કર્મો આ ત્રણે પ્રકારના વિપાકને ઉત્પન્ન કરનાર નથી પણ કોઇ એકને, તો કોઈ બેને, અને કોઇ ત્રણેને ઉત્પન્ન કરેછે. તેમાં કર્માશય પૂર્વ સૂત્રમાં બે પ્રકારના કહ્યા છે. (૧) દૃષ્ટજન્મવેદનીય તથા (૨) અદૃષ્ટજન્મવેદનીય. એમાંથી જે પ્રથમ કર્માશય છે તે જાતિનો અર્થ દેવત્વાદિ લઇએ તો ત્રિવિપાક (ત્રણે વિપાકને આપનાર) થઇ શકેછે પણ જન્મરૂપ અર્થ લઇએ તો કદાપિ ત્રિવિપાક હોતો નથી. કારણ કે એ કર્માશય અદૃષ્ટજન્મવેદનીયથી અપાયેલા જન્મમાં જ સ્વવિપાકને આપેછે, તેથી એનો જન્મરૂપ વિપાક નથી. એ કર્માશયમાંથી કોઇ એકવિપાક (એકજ ફલને આપનાર) છે. જેમકે શ્રીમહાભારતમાં આપેલા આખ્યાનપ્રમાણે નહુષને ઇન્દ્રપદની પ્રાપ્તિ કરાવનાર અદૃષ્ટજન્મવેદનીય કર્માશયથી આયુષ નિયમિત થયેલું હતું અને અગસ્ત્ય ઋષિને પદપ્રહાર કરવારૂપ કર્મથી બંધાયેલા દૃષ્ટજન્મવેદનીય કર્માશયથી સર્પનો ભોગમાત્ર પ્રાપ્ત થયો છે. તે જ પ્રમાણે ઉર્વશીને દૃષ્ટજન્મવેદનીય કર્માશયથી ભોગમાત્રની પ્રાપ્તિ થઇછે અન્ય કર્માશય દ્વિવિપાક હોયછે એટલે આયુષ્ તથા ભોગ બંનેને આપનાર છે. જેમકે શ્રીરામાયણપ્રમાણે વિશ્વામિત્ર જે પ્રથમ ક્ષત્રિય હતા તેમને તપપ્રભાવથી બ્રાહ્મણશરીરમાં

ભોગ તથા દીર્ઘાયુષ્ય બંનેની પ્રાપ્તિ થઇછે; તેમ જ વાલ્મીકિને ઋષિશરીરમાં ભોગ તથા આયુષ એ બંનેની પ્રાપ્તિ 'રામ' મંત્રના તીવ્રજપરૂપ કર્મથી બંધાયેલા દૃષ્ટજન્મવેદનીય કર્માશયથી થઇ છે. તેમ જ શ્રીબૃહદ્નંદિકેશ્વરપુરાણમાં કથા પ્રમાણે નંદીશ્વરને આઠ વર્ષનું આયુષ અદૃષ્ટજન્મવેદનીય કર્માશયથી (અર્થાત્ પ્રારબ્ધથી) નિર્માણ કરાયેલું હતું, અને તીવ્ર સંવેગ તથા અધિમાત્ર ઉપાયોથી કરાયેલા દેવતાના આરાધનરૂપ કર્માથી બંધાયેલા દૃષ્ટજન્મવેદનીય કર્માશયથી દેવસંબંધી ભોગ તથા દીર્ઘાયુષ્યરૂપ બે ફલની પ્રાપ્તિ થઇ છે. આ સર્વ દૃષ્ટાન્તોમાં જેમ યુવાવસ્થાવાળું શરીર વૃદ્ધાવસ્થાવાળા શરીરરૂપે પરિણામ પામેછે તેમ પૂર્વનું મનુષ્ય શરીર જ દેવ, સર્પ, લતાવગેરે શરીરરૂપે પરિણામ પામ્યું છે. અપૂર્વ દેહની ઉત્પત્તિ નથી, તેથી એ કોઇમાં જન્મરૂપ વિપાક નથી.

જે અદૃષ્ટજન્મવેદનીય કર્માશય હોયછે તે ઉત્તર જન્મમાં જ ફલ આપનાર છે તેથી ત્રિવિપાક હોઇ શકેછે. દૃષ્ટાન્તરૂપે જ્યોતિષ્ટોમાદિ યાગ કરનાર મનુષ્યશરીરનો પરિત્યાગ કરી એ કર્માશયવશાત્ દેવસંબંધી અપૂર્વ દેહને ધારણ કરેછે. એ કર્માશયના પ્રમાણમાં એ દિવ્યદેહમાં કેટલોક કાળ સ્થિતિને પામેછે અર્થાત્ આયુષ્યરૂપ વિપાકને પામેછે તથા એ જ કર્માશયવશાત્ એ વખતમાં નાના દિવ્ય ભોગોને ભોગવેછે, તેથી જ્યોતિષ્ટોમયાગ વગેરે જન્મ, આયુષ અને ભોગરૂપ ત્રણે વિપાકને ઉત્પન્ન કરનાર હોવાથી ત્રિવિપાક છે. ત્યાં પૂર્વે કહ્યાપ્રમાણે કર્મો અસંખ્ય થયેલાં હોવાથી કર્માશય પણ અનંત બંધાયા હોયછે; તો એ કર્માશયમાંથી જે અદૃષ્ટજન્મવેદનીય કર્માશય (કર્મસંસ્કારો) છે તેમાંથી પ્રત્યેક કર્માશય ત્રિવિપાક છે કે કેમ એ વિચાર પ્રાપ્ત થાયછે. અહિં જે કર્માશય જન્મને આપનાર હોય તે આયુષ તથા ભોગને આપનાર હોયછે એ તો સ્પષ્ટ છે, તેથી પ્રત્યેક કર્માશય જન્મને ઉત્પન્ન કરનાર હોયછે કે કેમ એ વિચાર જ પ્રાપ્ત થાયછે. ત્યાં ચાર કોટિ થાયછે: (૧) પ્રત્યેક કર્માશય એકેક જન્મનું કારણ હોય, (૨) પ્રત્યેક કર્માશય અનેક જન્મનું કારણ હોય. (૩) અનેક કર્માશય અનેક જન્મનું કારણ થાય તથા (૪) અનેક કર્મ વા કર્માશય મળીને એક જન્મનું કારણ થાય. આ ચારમાં પ્રથમ કોટિ અયુક્ત છે. કેમકે જો પ્રત્યેક કર્મ વા કર્માશય એકેક જન્મનું કારણ થાય તો પ્રથમ તો એ કર્મ વા કર્માશય કાં તો પુણ્યરૂપ કે અપુણ્યરૂપ હોય તેથી ત્યાં તો

કેવળ સુખ વા કેવળ દુઃખને ઉત્પન્ન કરે પણ હાલ જેમ એક જન્મમાં વિચિત્ર સુખદુઃખમિશ્રિત ભોગ દેખાયછે તેમ કરે શકે ન-નહિ. તેમ જ જ્યારે એક જન્મમાં જીવ અસંખ્ય કર્મો કરેછે અને તેમાંથી પ્રત્યેક કર્મ એકેક જન્મને ઉત્પન્ન કરે તો અવશિષ્ટ કર્માને ફલ આપવાનો કાળ જ નહિ રહે તેથી લોકોને ફલ ક્યારે મળશે એ અનિશ્ચિત હોવાથી એમની કર્મ કરવા પ્રવૃતિ થાય નહિ. આ જ કારણથી દ્વિતીય વિકલ્પ પણ અયુક્ત છે. આ રીતે દ્વિતીય વિકલ્પ અયુકત ઠરવાથી એવું સમજવાનું નથી કે કોઇ પણ કર્મ એવું નથી કે જે અનેક જન્મનું કારણ થઇ શકે. કેમકે શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે બ્રહ્મહત્યા કરનાર માણુસ શ્વાન, સૂકર, ખર, ઉષ્ટ્ર વગેરે સાત જન્મને એ કર્મના ફલરૂપે પામેછે. એથી તો માત્ર એ જ નિશ્ચય થાયછે કે પ્રત્યેક કર્મ એ પ્રમાણે વિપાકને ઉત્પન્ન કરે એ વાત અયુક્ત છે. તૃતીય વિકલ્પમાં જે અનેક જન્મનું કારણ અનેક કર્મો કહ્યાં, ત્યાં પણ એક જન્મ અન્યનો વિરોધી હોવાથી એ અનેક જન્મોનો યુગપત્ સદ્‌ભાવ થાય એમ નથી. તેથી ક્રમિક અનેક જન્મો લેવા જોઇએ, તો એથી પણ ઉપર કહેલો દોષ જ પ્રાપ્ત થાયછે. તેથી જન્મ તથા મૃત્યુના મધ્યના કાળમાં કરેલાં નાના પુણ્ય,પાપ તથા મિશ્રરૂપ કર્મો, પોતાના બલપ્રમાણે ગુણપ્રધાનભાવને પામે છેતથા પોતાનું ફલ આપવા–વર્તમાન શરીરનો શરીરીસાથેનો સંયોગ નિભાવનાર બલવાન પ્રારબ્ધરૂપ વિરોધીનો ક્ષય થવાથી એ બેના વિયોગરૂપ મૃત્યુ થયેથી એ–શરીરીને પોતાનું ફલ આપી શકે એવા એક અપૂર્વ દેહસાથે સંયોજવારૂપ એક જન્મને પમાડેછે એ ચતુર્થ વિકલ્પ જ પરિશેષાત્ યોગ્ય ઠરેછે. ત્યાં એ અદૃષ્ટજન્મવેદનીય કર્માશય બે પ્રકારનો છેઃ (૧) નિયતવિપાક અને (૨) અનિયતવિપાક. જે કર્માશય બલવાન્ વિરોધીરૂપ વિઘ્નથી રહિત છે અર્થાત્ જેનો વિરોધીના અનુષ્ટાનથી નાશ થયો નથી, જેનો અન્ય કર્માશયથી અભિભવ થયો નથી, જે સ્તતે પ્રધાન છે અથવા તો આ વિશેષણોવાળાં કોઇ કર્માશયના શેષભૂત છે તથા જે ઉત્તર જન્મે જીવને પોતાનું ફલ આપનાર છે તે કર્માશય નિયતવિપાક છે. નિયતવિપાકનો અર્થ તો એટલો જ છે કે જે પોતાના વિપાકરૂપ ફલને ઉત્પન્ન કરવાનો છે તે. ત્યાં જે કોઇ કર્માશયનો વિરોધી કર્મના અનુષ્ઠાનથી દાહ થયો હોય છે (જેમ કોઈ દુરિતનો પ્રાયશ્ચિત્તના અનુષ્ઠાનથી) તો તે પોતાનું ફલ આપી શકે એમ ન-

થી; તેમ જ જે કર્માશયથી અધિક બલવાન્ કર્માશય જાગ્રત થયો હોય છે તે કર્માશય પણ પોતાનું ફલ આપી શકે એમ નથી; તેમ જ જે કર્માશય કોઇના અંગરૂપ થઈ ગયેલો હોય છે તેનું પણ સ્વતંત્ર ફલ આપવાનું સામર્થ્ય નથી તેથી તે તો પોતાના અંગીની વાટ જોઈ બેશી રહેછે. આમ હોવાથી નિયતવિપાક થવા માટે અત્ર આપેલા સર્વ વિશેષણોની જરૂર રહેછે. એનાથી ભિન્ન એવો જે અદૃષ્ટજન્મવેદનીય કર્માશય હોય તે અનિયતવિપાક છે. આ બેમાંથી જે નિયતવિપાક કર્માશય છે તે જ અભિમાનીને જન્માદિ ફલ આપેછે, એટલે કે જન્મ તથા મૃત્યુના મધ્ય કાળમાં અસંખ્ય કર્મો કરવામાં આવેછે તે ચિત્તમાં સંચિતરૂપે રહે છે. જ્યારે પ્રારબ્ધનો ક્ષય થવાથી મૃત્યુ થાયછે ત્યારે મૃત્યુરૂપ અભિવ્યંજક મળવાથી પૂર્વનાં તથા આ જન્મમાં કરેલાં જે અસંખ્ય સંચિત કર્મો રહેલાં હોય છે તેમાંથી જે પરિપક્વ થઈ બલવાન્ થયેલાં હોયછે તેમનો લાભ વા અભિવ્યક્ત થાયછે તથા તે બધાં મળીને એક શરીરસાથે પોતાના અભિમાનીનો સંયોગ કરાવેછે તથા અનાદિ કાળથી બંધાયેલી વાસનાઓમાંથી તે તે જન્મને યોગ્ય વાસનાને ઉદ્ભૂત કરેછે. આ પ્રમાણે આ નિયતવિપાક કર્માશય (અનેક મળીને) એક જન્મને રચેછે તથા તે શરીરની સ્થિતિના કાળરૂપ આયુષ્યને નિયમિત કરેછે+ તથા પોતે જે ફલ ભોગવવા એ શરીરને રચ્યુંછે તે ફલ પણ એ જન્મમાં અભિમાનીને ભોગવાવે છે. આ પ્રમાણે જન્મ, આયુષ્ તથા ભોગરૂપ વિપાકને ઉત્પન્ન કરી એ નિયતવિપાક કર્માશય નષ્ટ થાયછે. આ નિયતવિપાક કર્માશયને જ શાસ્ત્રમાં એકભ-

---

+ આ પ્રમાણે પ્રારબ્ધથી આયુષ્ નિયમિત થાયછે તો પછી ક્રિયમાણ કર્મોથી તેમાં વધઘટ થાયછે કે નહિ—એ પ્રશ્નનો ઉત્તર ઉપરના વ્યાખ્યાનમાં બતાવેલા નિયમોના યથાર્થ વિચારથી સહજ મળેછે. નિયતવિપાક કર્માશય અતિબલવાન્ હોવાથી પોતાનું ફલ પ્રતિબંધના અભાવે નિર્વિઘ્નપણે આપ્યા કરેછે. પણ જો ક્રિયમાણ કર્મ તીવ્રસંવેગ તથા અધિમાત્ર ઉપાયોથી કરવામાં આવેછે તો તે દૃષ્ટજન્મવેદનીય કર્માશય બાંધી આ નિયતવિપાક પ્રારબ્ધનો અભિભવ કરી તે જ જન્મમાં પોતાનું ફલ તરત આપેછે તેથી પ્રારબ્ધમાં ફેર વા એનો નાશ યોગ્ય ઉપાયના બલવાન્ અનુષ્ઠાનથી થઈ શકે છે એ સિદ્ધ છે.

વિક કર્માશય કહી વર્ણ્યો છે કેમકે એ કર્માશયથી એક ભવ વા જન્મ થાયછે. જે બીજો અનિયતવિપાક કર્માશય રહ્યો તે પણ અનેક મળી એક જન્મને ઉત્પન્ન કરી શકેછે. તથાપિ એનો વિપાક પક્વ નહિ થયેલો હોવાથી તરત તો એ નિયતવિપાક કર્માશયથી અભિભવ પામી ચિત્તમાં પડી રહેછે. એની ત્રણ ગતિ થાયછે:(૧) નાશ, (૨) પ્રધાન કર્મમાં આવાપગમન અને (૩) નિયતવિપાક પ્રધાન કર્મથી અભિભવ થઈ ચિરકાલપર્યંત સંચિતરૂપે પડી રહેવું તે. (૧) નાશ એટલે તપ, જપ, ધારણા વગેરેના નિષ્કામ અનુષ્ઠાનથી, શ્રીમદ્‌ગુરુ, મહાત્મા વગેરેના આશીર્વાદ, શાપ વગેરેથી સંચિતકર્મોની ફલ આપવાની શક્તિનો દાહ થવો તે. એ અર્થ શ્રુતિમાં પણ द्वे द्वे ह वै कर्मणी वेदितव्ये पापकस्यैको राशिः पुण्यकृतोऽपहन्ति । કર્મો બે પ્રકારનાં હોય છે: (૧) પુણ્ય અને (૨) પાપ. તેમાં પુણ્ય કર્મનો સમૂહ પાપ કર્મના સમૂહને નાશ કરનાર છે ઇત્યાદિથી કહ્યોછે.

(૨) પ્રધાન કર્મમાં આવાપગમન એટલે પ્રધાન કર્મના ફલની સાથે જ જે તેના અંગભૂત કર્મના ફલની પ્રાપ્તિ થવી તે. જેમકે જ્યોતિષ્ટોમ યાગ એ એક પ્રધાન કર્મ છે, અને એનું ફલ સ્વર્ગપ્રાપ્તિ છે. એ યાગના અંગરૂપે પશુહિંસાવગેરે કર્મોનું અનુષ્ઠાન કરવામાં આવેછે.એ પશુહિંસા યાગાંગરૂપે વિહિત હોવાથી યાગનો ઉપકાર કરેછે અને न हिंस्यात् सर्वभूतानि–કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી અર્થાત્ કરવામાં આવે તો અનિષ્ટની પ્રાપ્તિ થાયછે–એ શ્રુતિથી નિષિદ્ધ કરાયેલું એ કર્મ હોવાથી અનિષ્ટની ઉત્પત્તિ પણ કરેછે.આ પશુહિંસા યાગના અંગરૂપે વિધાન કરાયેલી છે તેથી યાગ એ પ્રધાનકર્મ છે અને પશુહિંસા એ અંગભૂત વા ગૌણ કર્મછે. એ પશુહિંસારૂપ ગૌણ કર્મ જ્યારે પ્રધાનકર્મરૂપ યાગ ફલ આપે ત્યારે જ પોતાનું ફલ આપી શકેછે, અને તેથી ત્યાંસુધી એમ ને એમ પડી રહેછે. એ કર્મને અભિવ્યક્ત કરનાર મૃત્યુરૂપ કારણ નથી પણ સાક્ષાત્કારણ યાગરૂપ પ્રધાન કર્મ છે. તેથી એ કર્મ પ્રધાનકર્મમાં આવાપને પામ્યું કહેવાય છે.

(૩) નિયતવિપાક પ્રધાન કર્મથી અભિભવ થવો એટલે મૃત્યુસમયે રહેલાં સંપૂર્ણ કર્મોમાથી જે અતિબલવાન્ હોયછે તે જ એ મૃત્યુરૂપ અભિવ્યંજકથી અર્થાત્ પ્રારબ્ધરૂપ પ્રતિબંધની નિવૃત્તિ થવાથી એકલોલીભાવને પામેછે અને ફલ આપેછે, તેથી અન્ય જે કર્મો અવશિષ્ટ રહે છે તે સર્વની તત્કાળ ફલ ઉત્પન્ન કરનાર શક્તિ-

નો પ્રતિબંધ થાયછે. આ જ એ કર્મોનો અભિભવ કહેવાય છે. એ અભિભૂત થયેલાં કર્મો જ્યાંસુધી કોઇ અવિરુદ્ધ અતિબલવાન્ કર્મ અભિવ્યંજક મળે ત્યાંસુધી, અથવા તો પોતાથી અથવા પોતાના અંગીભૂત પ્રધાન કર્મથી બલવાન્ કર્મનો અભાવ થાય ત્યાંસુધી ચિત્તમાં આની આ જ અવસ્થામાં પડી રહેછે. એ કર્મો ક્યારે પોતાનું ફલ આપશે એ પ્રશ્નનો 'જ્યારે પોતે નિયતવિપાક થાય ત્યારે,' એશિવાય અન્ય ઉત્તર આપી શકાય એમ નથી. કેમકે જ્યારે એ કર્મોનો અભિભવ કરનાર નિયતવિપાક કર્માશય પોતાનું ફલ આપવા પ્રવૃત્ત થયો તે સમયે કદાચ કોઇ કારણથી એમ નિર્ણય કરી શકીએ કે આમાંથી અમુક અમુક કર્મો બાકીનાં કર્મોકરતાં અતિ બલવાન્ છે અને તેથી પ્રથમ ફલ આપવાને યોગ્ય છે, તથાપિ એટલાથી નિશ્ચય થતો નથી. તેમ જ એ અનુમાન સાચું પડતું નથી. કારણ કે એ કર્મોનો અભિભવ કરનાર નિયતવિપાક કર્માશયે જે જન્મ આપ્યો છે તે જન્મમાં અભિમાની ક્યાં ક્યાં કર્મો રચશે એ તથા એમાંથી ક્યાં કેટલા વેગવાળાં એ જન્મની અંતે સંચિતરૂપે રહેશે એ નિર્ણય નથી અને તેથી પ્રસંગે એવું પણ થવાનું કે એ જન્મમાં કરાયેલાં કર્મોથી આ અભિભૂત થયેલામાંથી જે અતિબલવાન્ હોય તે પણ આ નવાં કર્મોથી બલવાન્ નહિ હોય તો પુનઃ અભિભૂત થઇને જ રહેવાનું. આ અદૃષ્ટજન્મવેદનીય અનિયતવિપાક કર્માશયની ગતિ શાસ્ત્રમાં પણ અતિગહન કહીને વર્ણી છે.

આથી એ થયું કે અદૃષ્ટજન્મવેદનીય કર્માશયમાં પ્રત્યેક કર્મ ત્રિવિપાક નથી, પણ કોઇ ત્રિવિપાક હોય છે તો કોઇ દ્વિવિપાક, અને કોઇ એકવિપાક હોયછે. તેમ જ એ કર્માશયમાં જે નિયતવિપાક હોય છે તે ચિત્તમાં રહેલી વાસનાને ઉદ્ભૂત કરી પોતાનું ફલ આપેછે, તથા જે અનિયતવિપાક હોય છે તેનો કાં તો નાશ થાય છે, કાં તો તે પોતાના અંગીભૂત કર્મની સાથે નિયતવિપાક થાય છે અને કાં તો ચિરકાલપર્યન્ત સંચિતરૂપે પડી રહે છે.

આ બંને પ્રકારના કર્માશય (એટલે દૃષ્ટજન્મવેદનીય અને અદૃષ્ટજન્મવેદનીય) વાસનાને ઉદ્ભૂત કરેછે ત્યારે જ પોતાનું ફલ આપી શકે છે અને તેથી જે ચિત્તમાં ક્લેશનો અભાવ હોયછે તે ચિત્તમાં વાસનાનો પણ અભાવ જ થયેલો હોવાથી એ કર્માશય કશા ફલને પણ આરંભવા અસમર્થ છે. આમ હોવાથી સંચિતકર્મો-

નો વિવેકખ્યાતિરૂપ તત્ત્વજ્ઞાનથી દાહ થાય છે એ યુક્ત ઠરે છે; અને ક્રિયમાણનો અલેપ તો પૂર્વે પ્રતિપાદન કરી ગયા છીએ. તેથી એ તત્ત્વજ્ઞાની મહાત્માને ઉત્તર જન્મનો સર્વથા અભાવ જ હોય છે એ દૃઢ રીતા સિદ્ધ થાય છે.

આ પ્રમાણે આ સૂત્રોથી કર્માશયની વિપાક આરંભવાની શક્તિ ક્લેશસદ્ભાવ પર્યંત જ છે એ તથા વિપાકનું સ્વરૂપવગેરે કહ્યું. હવે એ વિપાકના ફલના કથનદ્વારા ક્લેશ જ સમગ્ર દુઃખનુ કારણ હોવાથી અન્વર્થક સંજ્ઞાવાળા છે અર્થાત્ અત્યંત હેય છે એ પ્રતિપાદન કરવા તથા વિપાક પણ દુઃખમાત્રનું સાક્ષાત્ કારણ હોવાથી હેય છે એ પ્રતિપાદન કરવા એ વિપાકનું ફલ સૂત્રકાર કહે છે.

ते ह्लादपरितापफलाः पुण्याऽपुण्यहेतुत्वात् । १४ ।

સૂત્રાર્થ:—પુણ્યરૂપ હેતુથી તથા અપુણ્ય એટલે પાપરૂપ હેતુથી થયેલા એ વિપાકો અનુક્રમે સુખ તથા દુઃખરૂપ ફલને ઉત્પન્ન કરે છે.

તે—જાતિ, આયુષ્ અને ભોગ.

હ્લાદ૦—હ્લાદ એટલે વિષયસુખ અને પરિતાપ એટલે દુઃખ એ બે ફલ છે જેનાં. આ પદથી એ કહ્યું કે એ વિપાકો સુખ તથા દુઃખ એ બે ફલને ઉત્પન્ન કરનાર છે. ભોગરૂપ વિપાકના જુદા જુદા અર્થમાં એ કેવી રીતે સુખદુઃખને ઉત્પન્ન કરનાર છે તેનું વ્યાખ્યાન પૂર્વ સૂત્રની વ્યાખ્યામાં કરેલું હોવાથી અત્ર પુનઃ કરવું જરૂરનું નથી.

पुण्यापुण्यहेतुत्वात्—પુણ્ય તથા અપુણ્ય અર્થાત પાપ એ બે પ્રકારનાં કર્માશય હોય છે. એ બે પ્રકારના કર્માશયથી જાતિ વગેરે વિપાકો થાય છે. તેમાં જેટલા અંશમાં એ વિપાક પુણ્યરૂપ કર્માશયના ફલરૂપ છે તેટલા અંશમાં એ વિપાક હ્લાદને ઉપજાવેછે અને જેટલા અંશમાં એ વિપાક પાપરૂપ કર્માશયના ફલરૂપ હોયછે તેટલા અંશમાં એ પરિતાપરૂપ દુઃખનો હેતુ છે.

આ સૂત્રથી એ કહ્યું કે આ ત્રિવિધ વિપાકનાં બે ફલ હોય છે; (૧) વિષયસુખ અને (૨) દુઃખ. ત્યાં એ ફલ આ વિપાક અનિયમિતપણે ઉપજાવતા નથી પણ જે વિપાકનો હેતુ પુણ્ય છે તે વિપાક સુખને ઉપજાવે છે અને જેનો હેતુ પાપ હોયછે તે દુઃખને ઉપજાવેછે. એ ફલ પણ કર્માશય, ક્લેશ હોય તો જ આપી શકેછે. તેથી આ ત્રિવિધ વિપાક તથા એના મૂલરૂપ અવિદ્યાદિ

ક્લેશ હેયછે (ત્યજવા યોગ્ય છે.).

અહિં એ શંકા થાય છે કે જે વિપાક દુઃખરૂપ ફલને આપનાર હોય તે તો દુઃખ સર્વને પ્રતિકૂલ હોવાથી હેયછે એ ઠીક છે. પણ જે વિપાક પુણ્યહેતુક હોવાથી બ્રહ્મલોકવગેરેવિષે સુખરૂપ ફલને આપનાર છે તે, સુખ સર્વનો અનુકૂલ પદાર્થ હોવાથી કેવી રીતે હેય કહેવાય ? એનો ઉત્તર આપવા શ્રીપતંજલિ ભગવાન્ આ સંપૂર્ણ જગત્ કેવલ દુઃખરૂપ જ વિવેકીના દૃષ્ટિથી છે એ પ્રતિપાદન હવે કરેછે.

परिणामतापसंस्कारदुःखैर्गुणवृत्तिविरोधाच्च (त्य)
सर्वमेव दुःखं विवेकिनः ॥१५॥

સૂત્રાર્થ:—પરિણામદુઃખતા,તાપદુઃખતા તથા સંસ્કારદુઃખતા એ કરીને એટલે એ ત્રિવિધ દુઃખોને ઉત્પન્ન કરનાર હોવાથી, તથા સત્ત્વાદિગુણોની સુખ, દુઃખ અને મોહાત્મક વૃત્તિનો (અ)વિરોધ હોવાથી સુખદુઃખમોહાત્મક સમગ્ર જગત્ વિવેકીની દૃષ્ટિથી પ્રતિકૂલ હોવાથી દુઃખરૂપ જ છે.

परिणाम०=એટલે પરિણામદુઃખ, તાપદુઃખ અને સંસ્કારદુઃખવડે. આ પદનો બે રીતે વિગ્રહ કરાય છે: (૧) परिणामश्च तापश्च संस्कारश्च परिणामतापसंस्काराः । तज्जानि दुःखानि तैः-પરિણામ, તાપ અને સંસ્કાર એ ત્રણથી થયેલાં દુઃખે કરીને એટલે એ ત્રણથી થતાં દુઃખોને ઉત્પન્ન કરનાર હોવાથી. (૨) परिणामतापसंस्कारा एव दुःखानि तैः પરિણામ, તાપ અને સંસ્કાર એ ત્રણ પ્રકારનાં દુઃખે કરીને.

गुणवृत्तिविरोधात्-સર્વ આવૃત્તિમાં આ જ પાઠ જોવામાં આવેછે. વાર્તિકકારે અર્થબલાત् गुणवृत्त्यविरोधात એ પાઠની કલ્પના કરી છે. गुण એટલે બુદ્ધિરૂપે પરિણામ પામેલાં સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ દ્રવ્યો. वृत्ति એટલે આ ત્રણ દ્રવ્યરૂપ બુદ્ધિના પરિણામો એટલે શાન્ત, ઘોર અને મૂઢ એ સંજ્ઞાવાળી સુખ, દુઃખ અને મોહ એ ત્રણ ધર્મના આશ્રયરૂપ બુદ્ધિવૃત્તિઓ. વિરોધ એટલે સહાવસ્થાનનો અસંભવ એટલે સાથે હોવાનો અસંભવ, અને અવિરોધ એટલે સહાવસ્થાનના અસંભવનો અભાવ અર્થાત્ સહાવસ્થાન, સાથે હોવું તે. તેથી गुणवृत्त्यविरोधात् એટલે બુદ્ધિની

ત્રિવિધ વૃત્તિનું સાથે હોવું તે અર્થાત્ સહાવસ્થાન થવું તે. આ જ અર્થ गुणवृत्तिविरोधात् એ પાઠનો છે. એ સ્થળે વૃત્તિનો અર્થ વૃત્તિનો અતિશય અથવા વૃત્તિનું પ્રાધાન્ય છે. તેથી गुणवृत्तिविरोधात् એટલે બુદ્ધિની વૃત્તિના પ્રાધાન્યનો જ માત્ર વિરોધ છે તેથી, અર્થાત્ જે સમયે સુખધર્મવાળી વૃત્તિ પ્રધાન હોય તે સમયે દુઃખધર્મવાળી તથા મોહધર્મવાળી વૃત્તિનું પ્રાધાન્ય હોવું અસંભવ છે. કારણ કે બે વૃત્તિનું એક સમયે પ્રાધાન્ય હોઇ શકે નહિ. એ ત્રણે વૃત્તિઓ સાથે હોઇ શકે છે એટલે પ્રત્યેક વૃતિમાં આ ત્રિવિધ ધર્મો હોય છે પણ પ્રાધાન્ય માત્ર એકનું જ હોયછે. આ રીતે બંને પાઠથી એક જ અર્થ પરિણામે નિકળેછે.

सर्वम्—એટલે દુઃખરૂપ તેમ જ સુખરૂપ.

विवेकिनः—વિવેકીને, વિચારવાળાને. આ પદથી એ સૂચવ્યું કે વગરવિચારે જગતમાં સુખ અને દુઃખ બંને હોય એમ લાગેછે પણ યથાર્થ વિચારથી તો એ બંને—સર્વ—દુઃખરૂપ જ ઠરેછે.

આ સૂત્રમાં શ્રીપતંજલિ ભગવાને સંપૂર્ણ ચરાચર જગત્ જે અવિવેકથી પ્રસંગે સુખ અને પ્રસંગે દુઃખનું ભાન કરાવે છે તે સર્વ વિવેકથી દુઃખરૂપ જ ઠરેછે એ પ્રતિપાદન કર્યુંછે. ત્યાં सर्व परवशं दुःखं सर्वमात्मवशं सुखम् । एतद्विद्यात्समासेन लक्षणं सुखदुःखयोः । જે જે પોતાથી અન્યને અધીન છે તે સર્વ દુઃખ છે અને જે પોતાને જ અધીનછે તે સર્વ સુખ છે એ સુખદુઃખનાં લક્ષણ છે. એ શ્રીમનુભગવાનનાં લક્ષણપ્રમાણે તો વિષયસુખ વિષયાદિને અધીન હોવાથી અર્થાત્ ભોક્તાથી અન્ય જે ભોગ્ય તેને અધીન હોવાથી પરાધીન છે તેથી દુઃખના લક્ષણવાળું હોવાથી દુઃખરૂપ જ છે. અને દુઃખ તો સ્પષ્ટ રીતે દુઃખરૂપ જ છે. તેથી સંપૂર્ણ જગત્ કેવલ દુઃખરૂપ જ છે એ સહજ વિચારથી સ્પષ્ટ થાય છે. આમ છે તોપણ સુખદુઃખનાં એ લક્ષણો ન લેતાં જે અનુકૂલવેદનીય હોય તે સુખ અને જે પ્રતિકૂલવેદનીય હોય તે દુઃખ, એ લક્ષણો લઇએ ત્યારે પણ જગત્ દુઃખરૂપ જ ગણાવાયોગ્ય ઠરેછે. સુખનું આ લક્ષણ લઇએ ત્યારે જગત્માં સુખમાત્રનો અભાવ છે એમ તો છે જ નહિ તોપણ જેમ સુવર્ણમાં તૈજસ અંશ અધિક હોવાથી સુવર્ણ તૈજસ પદાર્થ મનાય છે તથા પંચીકૃત પંચભૂતોના સર્વ કાર્યોમાં પાંચે ભૂતો છે તથાપિ પાર્થિવઅણુવગેરેના

આધિક્યથી અમુક પાર્થિવ પદાર્થ છે, અમુક આપ્ય છે, અમુક તૈજસ છે વગેરે પ્રકારે કહેવાય છે તેમ જગતમાં દુઃખબાહુલ્ય હોવાથી જગત્ દુઃખરૂપ જ કહેછે. તેમ જ જે જીવને સુખનાં સાધનોરૂપ અસંખ્ય વિષયો પ્રાપ્ત હોય છે તેને પણ લગાર દુઃખ આવવાથી એ સર્વ વિષયો સુખ આપી શકતા નથી તેથી, અર્થાત્ સુખની અભિલાષાકરતાં દુઃખપ્રતિનો દ્વેષ જીવમાત્રમાં બલવાન્ હોવાથી તથા દુઃખનાં કારણો અસંખ્ય હોવાથી કોઈ કોઇ પણ સદા જીવને પ્રાપ્ત હોય છે તેથી પણ જગત દુઃખરૂપ જ છે. શ્રી સાંખ્યસૂત્રમાં પણ यथा दुखाद द्वेषः पुरुषस्य न तथा सुखादभिलाषः । એ સૂત્રથી એ જ કહ્યું છે કે પુરુષને દુઃખપ્રતિ જેટલો દ્વેષ છે તેટલી સુખપ્રતિ અભિલાષા નથી. આમ હોવાથી સ્વર્ગાદિમાં સ્વલ્પ દુઃખ છે છતાં એ દુઃખ બલવાન દ્વેષનો વિષય હોવાથી સ્વર્ગાદિ પણ દુઃખરૂપ જ છે. આ કારણથી પણ જગત દુઃખરૂપ જ છે. તેમ જ ઉપર કહ્યાપ્રમાણે જગતમાં દુઃખબાહુલ્ય હોવાથી પણ જગત્ દુઃખરૂપ જ કહે છે. શ્રી વિષ્ણુપુરાણમાં कलत्रमित्रपुत्रार्थगृहक्षेत्रधनादिकैः । क्रियते न तथा भूरि सुखं पुंसां यथाऽसुखम् । સ્ત્રી, પુત્ર, મિત્ર, ગૃહ, ક્ષેત્રવગેરે પદાર્થોથી પુરુષને જેટલું દુઃખ થાય છે તેટલું સુખ થતું નથી-ઇત્યાદિ વચનોથી જગતમાં દુઃખબાહુલ્ય છે એ જ પ્રતિપાદન કર્યું છે. અને એ તો જગત્માં રહેનાર વિવેકપ્રાપ્ત પુરુષને પોતાના અનુભવથી સહજ જણાઈ શકે છે, તેથી એ વાત તો અનુભવથી પણ સિદ્ધ થાય છે. આ જગતની દુઃખરૂપતાને સૂત્રકારે બે હેતુથી સિદ્ધ કરી છે. તેમાં પ્રથમ હેતુ એ કહ્યો છે કે સમગ્ર સંસાર પરિણામદુઃખ,તાપદુઃખ અને સંસ્કારદુઃખ એ ત્રિવિધ દુઃખથી ભરેલો છે તેથી દુઃખરૂપ છે.ત્યાં પરિણામ દુઃખ એટલે (૧) પરિણામે થતાં દુઃખો અથવા (૨) પરિણામ એટલે અન્યથાભાવ તેથી થતાં દુઃખો. આ પ્રકારની પરિણામદુઃખતા વિષયસુખથી થાય છે. કારણ કે પ્રાયશઃ સર્વ જીવોને જે જે વિષયસુખનો અનુભવ થાય છે તે તે સુખના અનુભવકાળે તે તે સુખમા રાગ ઉત્પન્ન થાયછે અને એ રાગથી 'આ સુખ સદા સ્થિર રહો, પરમેશ્વર એનો નાશ નહિ કરો' ઇત્યાદિ પ્રકારના સંકલ્પોરૂપ માનસ કર્માશય બંધાય છે. તેમ જ એ સુખાનુભવથી દ્વેષ તથા મોહથી થતો કર્માશય પણ બંધાય છે. કેમકે જેમ એ સુખાનુભવસમયે એ સુખમાં પ્રધાનપણે રાગ થાયછે તેમ તે જ સમયે એ સુખનો નાશ કરનાર જે વિષયો હોય તેની ઉપર દ્વેષ પણ

ગૌણપણે થાયછે. એ દ્વેષથી પણ 'આ સુખનો અંશ નહિ થાઓ, એ સુખનાં વિઘાતક નાશ પામો' ઇત્યાદિ સંકલ્પોદ્વારા માનસ કર્માશય બંધાય છે. તેમ જ જો એ સુખનાં વિઘાતકોનો પરિહાર કરવા જીવ અસમર્થ હોયછે તો તે જીવમાં એ અશક્તિથી મોહ થાય છે. તેથી પણ માનસ કર્માશય બંધાય છે. આપ્રમાણે વિષયસુખસમયે રાગ, દ્વેષ, તથા મોહ એ ત્રણથી થતો માનસ કર્માશય બંધાય છે. તથા એ કર્માશયથી જન્મમરણવગેરે અનેક દુઃખો એ જીવને સહન કરવાં પડેછે. જેમ આ પ્રકારનો વિષયસુખભોગથી માનસ કર્માશય બંધાય છે તેમ રાગાદિથી તે જીવની તે તે સુખને સ્થિર રાખવા તથા તેનાં વિરોધીનો પરિહાર કરવા પ્રવૃત્તિ થાય છે એ પ્રવૃત્તિથી પરોપકાર, હિંસાવગેરે વિવિધ કર્મો કરાયછે તેથી શારીર કર્માશય બંધાય છે. આ જ રીતે સુખસાધનઉપર આશીર્વાદ અને તેના વિરોધીઉપર શાપ આપવાવગેરે વાણીની પ્રવૃત્તિ પણ વિષયસુખના ભોગથી થાયછે. જેથી વાણીસંબંધી કર્માશય પણ બંધાય છે. એ શારીર તથા વાઙ્મય કર્માશય પણ પરિણામે જન્મમરણવગેરે અનેક દુઃખોને અવશ્ય આપેછે. આ સર્વ દુઃખો વિષયસુખના ભોગથી જ થાય છે. તેથી વિષયસુખભોગ સુખકરતાં અતિગુણ દુઃખને પરિણામે આપનાર હોવાથી દુઃખબહુલ જ ગણવાયોગ્ય છે.

બીજી રીતે જોઇએ તો જેમ વ્યભિચાર, માંસભક્ષણ, હિંસાવગેરે કર્મો તેમાં પ્રવૃત્તિ કરનારને આરંભમાં સુખનું ભાન કરાવેછે (કેમકે કોઇ પણ પ્રેક્ષાવાન્ જીવની દુઃખમાં દુઃખબુદ્ધિથી પ્રવૃત્તિ થતી જ નથી તેથી એ પદાર્થના ભોગ લેવામાં થતી પ્રવૃત્તિનું પણ સુખબુદ્ધિ જ કારણ હોવું ઘટે છે) તથાપિ અધિક સુખના વિરોધી હોવાથી એ સર્વ દુઃખરૂપ જ મનાયાં છે અને તેથી વિવેકી પુરુષોથી સુખેચ્છાવાન્માટે નિષિદ્ધ કરાયાં છે, અથવા તો જેમ વિષમિશ્રિત સ્વાદુ અન્ન આસ્વાદન કરનારને આરંભમાં સુખજનક ભાસેછે તથાપિ જીવનસુખરૂપ અતિબલવાન્ સુખનું વિરોધી હોવાથી દુઃખરૂપ જ છે, તેમ વિષયસુખ પણ પારમાર્થિક સુખનું વિઘાતક હોવાથી દુઃખરૂપ જ ગણવું ઘટેછે. કામનાની અથવા તૃષ્ણાની નિવૃત્તિથી જે સુખ થાયછે તે પારમાર્થિક સુખ છે. એ સુખ અપાર છે, કેમકે એ પ્રમાણે એ સુખને પામેલા પુરુષોનું વચન છે. શ્રી બૃહદારણ્યકોપનિષદ્માં આનંદમીમાંસામાં स एको ब्रह्मण आनंदः । श्रोत्रियस्य चाकामहतस्य—આવા એક સો આનંદ મળીને એક બ-

માનો આનંદ થાયછે તથા તેવો આનંદ અકામપુરુષોનો છે ઇત્યાદિ શ્રુતિથી કામનાની નિવૃત્તિથી બ્રહ્માનંદસમ સુખની પ્રાપ્તિ કહી છે. કામનાની નિવૃત્તિથી થતા આ અપાર સુખરૂપ પારમાર્થિક સુખનો વિરોધી વિષયસુખભોગ છે. કેમકે વિષયસુખના અનુભવથી તે જ કાળે सुखानुशयी रागः એ સૂત્રમાં કહ્યાપ્રમાણે એ સુખમાં રાગ થાય છે અર્થાત્ એ સુખની કામનાવિશેષ વૃદ્ધિને પામેછે.

અહિં એ શંકા થાય છે કે ઇચ્છાના વિષયની પ્રાપ્તિથી તે વિષયની ઇચ્છારૂપ કામના વધવી ન જોઇએ પણ શાન્ત થવી જોઇએ, તો પછી વિષયસુખના ભોગથી કામના વધેછે એમ કેમ કહેવાય ? આ શંકા વિશેષ યોગ્ય નથી. કેમકે વિષયની કામનાથી વિષયની પ્રાપ્તિપર્યન્ત જે ચિત્તની અશાન્તિથી વિકલતા થાય છે તે જ માત્ર વિષયપ્રાપ્તિક્ષણે મટેછે તથા ચિત્તની તે ક્ષણે સ્થિરતા થઇ સુખનું ભાન થાય છે. પણ તે વિષયની કામના તો તે વિષયનું પુનઃ પુનઃ મનન થવાથી બલવાન્ જ થતી જાય છે. વિષયપ્રાપ્તિક્ષણે એ કામના શાન્ત થયેલી પ્રતીત થાયછે તથાપિ નિવૃત્ત થતી નથી, પણ બલવાન્ થઇ સંસ્કારરૂપે રહેછે. કેમકે એમ ન હોય તો એ વિષયની પ્રાપ્તિ થવા પુનઃ ઇચ્છા નહિ થવી જોઇએ. તેથી જેમ મનુષ્યનું લોહી જ્યાંસુધી વાઘે ચાખ્યું નથી હોતું ત્યાંસુધી વાઘને તેની ઇચ્છા થતી નથી તેમ જ્યાંસુધી વિષયભોગ નથી કર્યો ત્યાંસુધી જ કામના ઉદ્ભૂત થતી નથી. પણ જ્યાંથી વિષયસેવન કરવામાં આવેછે ત્યાંથી તે કામના ઉદ્ભૂત થઇ વધવા માંડે છે, એ સર્વના અનુભવથી સિદ્ધ છે. શ્રીકપિલભગવાને પણ न भोगाद्रागशान्तिर्मुनिवत् વિષયભોગથી જેમ સૌભરિ મુનિને કામનાની નિવૃત્તિ થઇ નહિ તેમ કામના શાન્ત થતી નથી, અર્થાત્ નિવૃત્ત થતી નથી, એ સાંખ્યસૂત્રથી એજ અર્થ કહ્યો છે. શ્રીમનુસ્મૃતિમાં પણ न जातु कामः कामनामुपभोगेन शाम्यति। हविषा कृष्णवर्त्मेव भूय एवाऽभिवर्द्धते એવગેરે વચનોથી એ જ કહ્યું છે કે વિષયના ભોગથી કામનાની નિવૃત્તિ થતી નથી પણ જેમ અગ્નિમાં ઘૃતવગેરેનો હોમ કરવાથી અગ્નિ પ્રદીપ્ત થાયછે તેમ વિષયભોગથી પણ કામનાની વૃદ્ધિ જ થાયછે.* તેથી સર્વ રીતે એ જ સિદ્ધ થાયછે કે વિષયભોગથી કામના વધેછે. કામનાની વૃદ્ધિ

* આ વિષયના વિસ્તારથી અત્યુત્તમ પ્રતિપાદનમાટે જુઓ શ્રીમહાકાળ (માસિક)માં 'સન્મિત્રનું મિત્રપતિનું પત્ર' વગેરે.

પારમાર્થિક સુખનો નાશ કરનાર છે તેથી વિષયસુખરૂપ ક્ષણિક ક્ષુદ્ર સુખ અપાર સુખનું વિરોધી હોવાથી પણ પરિણામદુઃખતાથી મિશ્રિત જ છે. આમ હોવાથી જ શ્રીમદ્ગીતામાં विषयेन्द्रियसंयोगाद् यत्तदग्रेऽमृतोपमम् परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् । વિષય તથા ઇન્દ્રિયના સંયોગથી જે આરંભમાં સ્વાદરૂપ લાગતું હોવાથી અમૃતતુલ્ય દેખાય છે તથા જે પરિણામે અસંખ્ય દુઃખોને ઉત્પન્ન કરનાર હોવાથી વિષજેવું છે તે સુખ રાજસ છે ઇત્યાદિ વચનોથી સમગ્ર વિષયસુખ પરિણામે અપાર દુઃખને આપનાર છે એ જ પ્રતિપાદન કર્યું છે.

આ પ્રમાણે વિષયસુખ દુઃખરૂપ જ છે એટલું જ નહિ પણ વિષયસુખના ભોગથી કામનાની વૃદ્ધિ થાયછે તેથી તે તે કામનાના વિષયની અપ્રાપ્તિ થવાથી દુઃખ થાયછે. તે તે વિષયની પ્રાપ્તિ કરવામાટે અનેક સાધનો યોજવાં પડેછે અને તેથી અગણિત કષ્ટો થાયછે; એ સર્વ વ્યવહારમગ્ન પુરુષોને અનુભવસિદ્ધ છે. કદાચ એ ઉપાયોથી તે તે વિષયની પ્રાપ્તિ થાય છે તોપણ તેનો સ્વતંત્ર ભોગ લેવામાં વ્યાધિવગેરે કોઇ વિઘ્ન આવી પડે છે તો તેથી પણ દુઃખ થાયછે તથા એ ભોગના સંકોચકઉપર દ્વેષ થાય છે. એ પ્રમાણે વિષયસુખથી કામ અને દ્વેષ બે થયા એટલે જીવની પાપ કર્મ કરવા પ્રવૃત્તિ થાય છે તેથી પણ પરિણામે દુઃખ જ છે. જો ભોગનો સંકોચક કોઈ પ્રાપ્ત નથી થતો અને તેથી અમર્યાદ ભોગ થાયછે તો તેથી વ્યાધિવગેરે થાયછે અને તેથી પુનઃ દુઃખ થાયછે. આ પ્રમાણે તથા એ વગેરે અન્ય અસંખ્ય રીતે વિષયસુખથી પરિણામે દુઃખ જ છે. તેથી વિષયસુખની પરિણામદુઃખતા છે.

અન્ય રીતે જોઇએ તો સંપૂર્ણ વિષયો પરિણામને પામનાર છે. તેથી કોઇ પણ વિષય સદાકાળ એકરૂપમાં રહેતો નથી. તેમ જ વિષય અને ભોક્તાનો સંબંધ પણ સર્વદા અનિત્ય હોવાથી સદાકાળ રહેતો નથી. તેથી વિષયોના પરિણામથી પણ અસંખ્ય દુઃખો થાયછે. સ્ત્રીપુત્રના વિયોગથી, મરણથી, શરીરની વિષમતાથી, ધન, ક્ષેત્રવગેરે નાશ પામવાથી સંક્ષેપમાં મમત્વના પદાર્થોના વિકારમાત્રથી થતાં દુઃખો આ પ્રકારની પરિણામદુઃખતાનાં ઉદાહરણોછે. તેથી આ અર્થમાં પણ સંસાર પરિણામદુઃખતાથી ભરેલો છે.

તાપદુઃખ એટલે તાપથી થતાં દુઃખો અથવા તાપરૂપ દુઃખો.

આ પ્રકારનાં દુઃખોથી પણ સંસાર ભરેલોછે. પુરુષોને જે લૌકિક દુઃખોનો અનુભવ થાયછે તેથી એ દુઃખો તથા એનાં સાધન એ બંને પર પ્રધાનપણે દ્વેષ થાયછે. તેમ જ એ સમયે એ દુઃખનાં વિરોધી સુખ તથા તેનાં સાધનોપ્રતિ ગાણપણે રાગ થાયછે, તથા જો એ દુઃખ તથા એનાં સાધનોનો પરિહાર કરવા એ જીવ અસમર્થ થાય છે તો તેથી મોહ થાયછે, જો સશક્ત હોયછે તો એ પરિહાર કરવા એની પ્રવૃત્તિ થાયછે તથા નાનાવિધ સંકલ્પો, વાચનિક કર્મો તથા શરીરસંબંધી કર્મો રચાય છે. એ સર્વથી તથા દ્વેષ, રાગ અને મોહથી ઉપર કહ્યાપ્રમાણે જન્મમરણાદિ અસંખ્ય દુઃખોને ભોગવનાર કર્માશય બંધાયછે. તેથી લૌકિકદુઃખનો અનુભવ પણ અન્ય અપાર દુઃખોનો હેતુ થાયછે.

બીજી રીતે જોઇએ તો દુઃખરૂપ યોગાન્તરાયની પ્રાપ્તિ થઇ એટલે આગ્રહથી યોગમાં પ્રવૃત્તિ થતી નથી અને તેથી મોક્ષરૂપ કૈવલ્યની પ્રાપ્તિ થતી નથી તેથી દુઃખાનુભવ મોક્ષસુખરૂપ પારમાર્થિક સુખનો વિરોધીછે. તેમ જ લૌકિક દુઃખ જાતે પણ દુઃખરૂપ જ છે તેથી સર્વ રીતે તાપદુઃખથી સંસાર ભરેલોછે એ સહજ વિચારથી સિદ્ધ થાયછે.

આ તાપદુઃખ અને પરિણામદુઃખ એ બેમાં ભેદ આ પ્રમાણે છે કે પરિણામદુઃખને ઉત્પન્ન કરનાર ભોગ આરંભમાં સુખરૂપે (અનુકૂલરૂપે) દેખાયછે અને પરિણામે અપાર દુઃખના હેતુરૂપ થાયછે અને આ તાપદુઃખનો અનુભવ તો આદિ, મધ્યે અને અંતે એમ ત્રણે કાળે દુઃખરૂપ જ (પ્રતિકૂલ જ) દેખાય છે. તેથી બંને ભિન્ન છે એ સ્પષ્ટ છે.

સંસ્કારદુઃખ એટલે સંસ્કારથી પરિણામે થતાં દુઃખો અથવા જન્મમરણાદિ દુઃખોના હેતુરૂપ હોવાથી સંસ્કારરૂપ દુઃખો. આ પ્રકારની દુઃખતા પણ સંસારમાં વ્યાપ્ત થયેલી હોયછે. ત્યાં સુખદુઃખના અનુભવ થવાથી સુખદુઃખનો સંસ્કાર ચિત્તમાં પડેછે. એ સંસ્કારને વાસના પણ કહેછે. એ સંસ્કાર ચિત્તમાં અનુદ્ભૂત દશામાં પડી રહેછે તથા કાલાદિ અભિવ્યંજક મળવાથી ઉદ્ભૂત થાયછે, તેથી સ્મૃતિ થાયછે. એ સુખદુઃખની સ્મૃતિથી રાગદ્વેષ થાયછે, તેથી પ્રવૃતિ થાયછે, પુનઃ દુઃખ થાયછે, તથા એ દુઃખથી પુનઃ સંસ્કારસ્મૃતિવગેરે થયા કરે છે. આ પ્રમાણે સુખદુઃખના અનુભવ-

જ્ઞાનસંસ્કારથી એની પરંપરા ચાલવાથી જન્મમરણાદિ અ-

સંખ્ય દુઃખો થયા કરેછે. એ જ પ્રમાણે કર્મસંસ્કારથી પણ દુઃખો થાયછે. કર્મ કરવાથી સંસ્કાર પડેછે, એ સંસ્કારરૂપ કર્માશયથી જાતિ, આયુષ્ અને ભોગરૂપ વિપાક થાયછે અને તેથી જન્મમરણરૂપ અસંખ્ય દુઃખો થાય છે. તેથી બંને રીતે સંસ્કારદુઃખોથી સંસાર ભરેલો છે એ સિદ્ધ થાયછે.

આ પ્રમાણે આ સૂત્રથી પ્રથમ હેતુથી સંસારની ઔપાધિક દુઃખરૂપતા પ્રતિપાદન કરી. એ હેતુના સૂત્રમાં ત્રણ વિભાગ કરવા છે. ખરૂં જોતાં તો તાપદુઃખતા અને સંસ્કારદુઃખતા એ બંનેનો પરિણામદુઃખતામાં અંતર્ભાવ કરી શકાય છે તથાપિ એમાં સહજ સહજ ભેદ હોવાથી ગોબલિવર્દન્યાયે કરીને આ સૂત્રમાં એનો પૃથક્ નિર્દેશ કરયો છે તે અયોગ્ય નથી.

બીજો હેતુ સૂત્રકારે એ આપ્યો છે કે સંસાર સ્વાભાવિક રીતે જ દુઃખરૂપ છે, એટલે સંસારમાં સુખમાત્ર સ્વભાવથી દુઃખમિશ્રિત જ હોયછે. તેનું કારણ એ કે બુદ્ધિની વૃત્તિનો વિરોધ નથી પણ માત્ર એ વૃત્તિના અતિશયનો જ વિરોધ છે. વિશેષ સ્પષ્ટ કરી કહીએ તો આ પ્રમાણે બુદ્ધિ એ સત્ત્વ, રજસ્ અને તમસ એ ત્રણ દ્રવ્યોનું કાર્ય છે. તેથી જ્યારે બુદ્ધિનો પરિણામ થવાનો ત્યારે આ ત્રણે દ્રવ્યનો પરિણામ થવાનો. શ્રીસાંખ્યશાસ્ત્રમાં તથા આ શાસ્ત્રમાં એ એક સિદ્ધાન્ત જ છે કે चलं च गुणवृत्तम् સત્ત્વાદિ ગુણોનું વૃત્ત એટલે ક્રિયા ચંચલ છે અર્થાત્ સત્ત્વાદિ ત્રણે દ્રવ્યો પ્રતિક્ષણે પરિણામ પામ્યા જ કરેછે. આ સિદ્ધાન્તાનુસાર જ્યારે બુદ્ધિના એક અવયવરૂપ સત્ત્વદ્રવ્ય પરિણામ પામવાનું એટલે પોતાના કાર્યરૂપ સુખપ્રત્યયને ઉત્પન્ન કરવાનું ત્યારે બુદ્ધિના બીજા બે અવયવરૂપ રજસ્ અને તમસ્ પણ પરિણામ પામવાનાં અર્થાત્ પોતાના કાર્યરૂપ દુઃખ તથા મોહ એ બંનેને ઉત્પન્ન કરવાનાં. તેથી જ્યારે જ્યારે બુદ્ધિનો પરિણામ થવાનો ત્યારે એ ત્રિગુણાત્મક બુદ્ધિવૃત્તિના કાર્યરૂપ પ્રત્યેક વૃત્તિમાં સત્ત્વ, રજસ અને તમસ્ એ ત્રણેનાં કાર્યો હોવાનાં અર્થાત્ પ્રત્યેક વૃત્તિમાં સુખ, દુઃખ અને મોહ એ ત્રણે સ્વરૂપે હોવાનાં.

અહિ એ પ્રશ્ન થાય છે જ્યારે બુદ્ધિની સર્વ વૃત્તિઓ સુખ, દુઃખ અને મોહવાળી હોય છે ત્યારે પછી અમુક સુખવૃત્તિ છે, અમુક દુઃખવૃત્તિ છે તથા અમુક મોહવૃત્તિ છે એ પ્રકારનો વ્યવહાર

અયોગ્ય હોવો જોઇએ. એનો ઉત્તર એ કે એ અયોગ્ય નથી. કેમકે અગર જો સુખદુઃખાદિ વૃત્તિઓનો વિરોધ નથી એટલે એકે ક્ષણે વૃત્તિ ત્રિવિધ ધર્મવાળી હોઇ શકેછે તથાપિ બુદ્ધિના રૂપાતિશય તથા વૃત્ત્યતિશયનો વિરોધ છે, એટલે એકે ક્ષણે બે રૂપોનું તથા બે વૃત્તિનું પ્રાધાન્ય હોતું નથી. અહિં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, અધર્મ, અજ્ઞાન, અવૈરાગ્ય અને અનૈશ્વર્ય એ આઠને બુદ્ધિનાં રૂપ કહ્યાં છે. એ રૂપ સર્વ બુદ્ધિમાં એકે વખતે સ્વરૂપતઃ હોય છે ખરાં તોપણ પ્રાધાન્ય તો એકનું જ હોયછે. બેનું એક વખતે પ્રાધાન્ય હોતું નથી. એટલે જ્યારે ધર્મનું પ્રાધાન્ય હોય ત્યારે અધર્મનું પ્રાધાન્ય હોતું નથી, તેમ જ જ્ઞાનનું પ્રાધાન્ય હોય ત્યારે અજ્ઞાનનું હોતું નથી વગેરે. આ જ પ્રમાણે બે વૃત્તિના અતિશય એક વખતે હોતા નથી અર્થાત્ જ્યારે સુખ, દુઃખ અને મોહરૂપ વૃત્તિમાંથી એકનું પ્રાધાન્ય હોય ત્યારે ઇતર બેનું ગૌણપણું હોય છે. આમ હોવાથી જ્યારે સુખવૃત્તિનું પ્રાધાન્ય હોય છે ત્યારે એ વૃત્તિમાં દુઃખ અને મોહ એ બે રહેલા હોયછે અર્થાત્ એ બે વૃત્તિઓ મિશ્રિત હોય છે તથાપિ એ વૃત્તિઓનું પ્રાધાન્ય હોતું નથી. તેથી એ પ્રત્યયને સુખપ્રત્યય વા સુખવૃત્તિ કહેવામાં દોષ નથી. આથી એ થયું કે પ્રત્યેક વૃત્તિ દુઃખ અને મોહથી મિશ્રિત તો હોય જ છે તથાપિ પ્રતિક્ષણે એ બે વૃત્તિનું પ્રાધાન્ય હોતું નથી. પણ એટલા ઉપરથી પ્રત્યેક વૃત્તિ દુઃખ અને મોહવાળી છે એ સિદ્ધાન્ત અયોગ્ય નથી ઠરતો, અર્થાત્ પ્રત્યેક વૃત્તિમાં સુખ, દુઃખ અને મોહ એ ત્રણે સ્વરૂપે હોયછે તેથી એ સિદ્ધ થાયછે કે જેને લોકો દુઃખવૃત્તિ કહેછે તે તો પ્રતિકૂલ હોવાથી તથા દુઃખનું પ્રાધાન્ય હોવાથી દુઃખરૂપ જ છે પણ જેને સુખવૃત્તિ અવિવેકી સમજે છે તે પણ દુઃખમિશ્રિત હોવાથી વિવેકીની દૃષ્ટિથી દુઃખરૂપ જ ગણાવી ઘટેછે.

આ પ્રમાણે આ સૂત્રથી આ જગત્ વિવેકીને દુઃખરૂપ છે+

+ આ પ્રકારની દુઃખરૂપતા સમગ્ર આર્યશાસ્ત્રમાં માન્ય છે એમ નથી પણ પાશ્ચાત્ય દેશના વિદ્વાનો પણ વિચાર કરતાં એ જ નિશ્ચયપર આવ્યા છે. જેમકે હાર્ટમાન (Hartmann) કહે છે કે "If we balance our pleasures and pains, the latter greatly exceed the former" આપણાં સુખદુઃખમાં - ન્યૂનાધિક્ય તપાસી જોઇએ તો સુખકરતાં દુઃખ ઘણું જણાશે વગેરે. એક

એ પ્રતિપાદન કર્યું. ત્યાં વિવેકીને દુઃખરૂપ છે એ કહેવાનો અર્થ એવો નથી કે અવિવેકીને સુખરૂપ છે, પણ માત્ર એ જ છે કે જેમ મૂઢ માણસને વિષમિશ્રિત અન્ન, ઝેર ચઢવા માંડેછે ત્યારે જ દુઃખરૂપ અથવા હેય જણાયછે તેમ અવિવેકીને આ સંસાર દુઃખભોગસમયે જ દુઃખરૂપ જણાયછે. તે દુઃખભોગ જતો રહેછે એટલે પુનઃ એ મૂઢ વિષયભોગમાં સુખબુદ્ધિથી લપટાય છે અને તેથી પુનઃ અપાર દુઃખને અનુભવેછે. એથી ઉલટું જે વિવેકી હોય છે તે તો વિષયસુખના ભોગસમયે પણ આ સર્વ વસ્તુતઃ દુઃખરૂપ છે એમ વિચારદૃષ્ટિથી જાણે છે જે વિવેકી છે તે અક્ષિપાતના સમાન છે એટલે જેમ અતિસૂક્ષ્મ જંતુ આંખમાં પડવાથી એ અવયવને જણાયછે અને અન્ય અવયવોને એ જંતુ સ્પર્શ થયા છતાં જણાતું નથી તેમ વિવેકીને જગત્માં રહેલું અલ્પ—સૂક્ષ્મ દુઃખ પણ સમજાયછે તો પછી આ તો અપાર દુઃખનો ભરેલો સંસાર છે એ કેમ નહિ સમજાય ? એ તો તરત જ સમજાવાનું. આમ હોવાથી વિવેકી દુઃખને જાણીને એ સંસારથી વિરક્ત થાયછે અને જે અવિવેકી હોય છે તે તો એ સર્વ દુઃખોને ભોગવેછે. એ વિષયને છોડેછે તથા પુનઃ પરવશ થયેલો એ એ જ વિષયોને ગ્રહણ કરેછે અને પુનઃ અપાર દુઃખને પામેછે. આ રીતે અવિવેકી દુખોમાં ને દુઃખોમાં જ ભ્રમ્યા કરેછે અને વિવેકી વિરક્ત થઇ સુખાનુભવની યોગ્યતા સંપાદન કરી અંતે કૈવલ્યને પામેછે. આ જ અર્થ વિવેકીને જગત્ દુઃખરૂપ છે એ કહેવાથી વિવક્ષિત છે.

આ રીતે હ્લાદ અને પરિતાપ—જે ત્રિવિધ વિપાકનાં ફલો છે, ત્રિવિધ વિપાક કર્માશયથી બંધાય છે તેથી જે કર્માશયનાં ફલો છે અને કર્માશય ક્લેશમૂલક હોવાથી જે અવિદ્યાદિ ક્લેશોનાં ફલો છે તે બંને—દુઃખરૂપ જ વાસ્તવ વિચારથી સિદ્ધ થાય છે તેથી અવિદ્યાદિ કેવલ દુઃખના જ હેતુરૂપ હોવાથી યથાર્થ રીતે ક્લેશસંજ્ઞાને પામ્યા છે અને એ અત્યંત ત્યજવા યોગ્ય છે (ઉચ્છેદ કરવા યોગ્ય છે)

વિદ્વાન લેખક લખેછે કે Pessimism is the goal of modern thought—જગત્ દુઃખરૂપ છે એ હાલના યુરોપીય વિચારનું લક્ષ્ય છે. તેથી આ દેશના તથા અન્ય દેશના અવિચારી પુરુષોને એશઆરામ મળ્યા કરે ત્યાં સુધી ભલે જગત સુખરૂપ લાગે તથાપિ વિચારથી જગત્ ત્રણે કાળમાં દુઃખથી સંભિન્ન જ છે એ સ્પષ્ટ જણાય છે.

એ પણ પ્રતિપાદન થાય છે. આ પાંચે ક્લેશોમાં પણ અવિદ્યા જ ઉત્તર ચારની પ્રસવભૂમિ હોવાથી અવિદ્યા જ સર્વ દુઃખનું મૂલ છે તેથી અત્યંત હેય છે. ન્યાયસૂત્રોમાં પણ दुःखजन्मप्रवृत्तिदोषमिथ्याज्ञानानामुत्तरोत्तरापाये तदनन्तरापायादपवर्गः દુઃખ, જન્મ, પ્રવૃત્તિ, દોષ અને મિથ્યાજ્ઞાનરૂપ અવિદ્યા એમાં ઉત્તરોત્તરનો નાશ થવાથી પૂર્વ પૂર્વનો નાશ થાય છે જેથી કૈવલ્ય મળે છે, એટલે અવિદ્યાથી દોષ, દોષથી પ્રવૃત્તિ, પ્રવૃત્તિથી જન્મ અને જન્મથી દુઃખ થાય છે તેથી અવિદ્યારૂપ મૂલ કારણનો નાશ થવાથી દોષનો નાશ થાયછે, દોષના નાશથી પ્રવૃત્તિનો, તેથી જન્મનો અને તેથી દુઃખનો નાશ થાય છે, જેથી કૈવલ્યરૂપ મોક્ષ પ્રાપ્ત થાય છે-આ સૂત્રથી મિથ્યાજ્ઞાનરૂપ અવિદ્યાને જ સર્વ દુઃખના મૂલરૂપ કહી એ અત્યંત હેય છે એ પ્રતિપાદન કરયું છે.

આ પ્રમાણે આ પદનાં સૂત્રોથી પ્રથમ વ્યુત્થિત ચિત્તવાળા મધ્યમાધિકારીમાટે ક્રિયાયોગરૂપ યોગનું સાધન કહ્યું. એ ક્રિયાયોગનું ફલ પ્રતિપાદન કરવાના પ્રસંગમાં ક્લેશનું સ્વરૂપ તથા એ ક્લેશ જ દુઃખનું નિદાન છે તેથી હેય છે, એ પ્રતિપાદન કરયું. આ સામાન્ય રીતે કહેલા અર્થને મંદ અધિકારીમાટે વિસ્તારથી કહેવો જરૂરનો છે. તે કહેવા ઉત્તરસૂત્રો સૂત્રકારે રચ્યાં છે. ત્યાં આ યોગશાસ્ત્ર સમ્યગ્ દર્શન હોવાથી ચિકિત્સાશાસ્ત્રની માફક ચતુર્વ્યૂહ છે, એટલે કે જેમ ચિકિત્સાશાસ્ત્રમાં રોગ, રોગનું કારણ, ઔષધ અને આરોગ્ય એ ચારનું વર્ણન કરવામાં આવે છે તેમ આ શાસ્ત્રમાં પણ હેય, અને હેયનું કારણ—જે હેય હેતુ કહેવાય છે તે, હેયનું હાન કરવાના અર્થાત્ મોક્ષના ઉપાયો અને મોક્ષરૂપ કૈવલ્ય (હેયનું હાન) એ ચારનું પ્રતિપાદન કરવાનુ છે. જેમ ચિકિત્સાશાસ્ત્રમાં પ્રથમ રોગનું, પછી તે રોગ જેથી થાય છે તે રોગહેતુનું, પછી એ રોગનો ઉચ્છેદ થવાથી થતા આરોગ્યનું અને અંતે એ રોગનો ઉચ્છેદ કરવાના એટલે આરોગ્ય મેળવવાના ઉપાયોનું વર્ણન કરવામાં આવેછે તેમ આ શાસ્ત્રમાં પણ જેનો ઉચ્છેદ કરવાનો છે તે હેયનું, એ પદાર્થ જેથી થાય છે તે હેયહેતુનું, એ હેયના ઉચ્છેદરૂપ હાનથી થતા કૈવલ્યનું અને અંતે એ કૈવલ્યની પ્રાપ્તિના ઉપાયોનું અનુક્રમે પ્રતિપાદન કરવાનું છે. તેમાં પ્રથમ રોગવત્ હેય શું છે તે પ્રતિપાદન કરે છે.

हेयं दुःखमनागतम् ॥ १६ ॥

સૂત્રાર્થઃ—અનાગત અવસ્થાવાળું દુઃખ હેય છે.

હેયમ્—રોગના જેવું ત્યજવા યોગ્ય—દૂર કરવા યોગ્ય.

अनागतम्—એટલે ભવિષ્યત્. આ પદથી ભૂત અને વર્તમાનની વ્યાવૃત્તિ કરીછે.

આ સૂત્રમાં સૂત્રકારે આ પ્રમાણે કહ્યું કે જે પ્રતિકૂલ પદાર્થ હોય તે હેય છે. હેય એટલે જેનો ઉચ્છેદ કરવા યોગ્ય છે તે, અર્થાત્ રોગવત્ જે પ્રતિકૂલ દેખાય છે તે. ત્યાં રોગવત્ પ્રતિકૂલ દેખાતો પદાર્થ તો સર્વને દુઃખ જ છે. તેથી દુઃખ એ હેય છે. તેમાં પણ દુઃખ ત્રણ અવસ્થાવાળું હોયછેઃ (૧) ભૂત, (૨) વર્તમાન અને (૩) ભવિષ્યત્, એટલે અતીત, વર્તમાન અને અનાગત. આ ત્રણ અવસ્થાવાળા દુઃખમાંથી જે દુઃખ અતીત છે તે તો ભોગવાઇ ગયું છે તેથી તેનો નાશ તો થઇ જ ગયો છે, તેથી તે દૂર કરવા યોગ્ય એટલે હેય નથી. તેમ જ જે દુઃખ વર્તમાન છે તે દુઃખ પણ ભોગવાય છે અર્થાત્ તેનો ભોગથી ક્ષય થતો જાયછે તેથી તે પણ હેય નથી, કારણ કે તે સિદ્ધ થયેલું હોવાથી તે ક્ષણે દૂર થાય એમ નથી. તેથી માત્ર જે અનાગતાવસ્થાવાળું દુઃખ છે, જે હજી આવ્યું નથી પણ જે ઉત્તરકાળે આવનાર છે તે સાધ્ય હોવાથી હેય છે. એ દુઃખનું હાન પણ વસ્તુતઃ પુરુષાર્થ નથી કેમકે પુરુષમાં તો એ દુઃખનો અત્યંતાભાવ છે છતાં બુદ્ધિપુરુષના સંયોગથી જે સંયોગી થયો છે જેને એ પદાર્થ પોતામાં ભાસેછે તથા પ્રતિકૂલ લાગેછે તે સંયોગીને વાસ્તે એ પુરુષાર્થરૂપ છે.

અહિં એ શંકા થાય છે કે પૂર્વસૂત્રનો અને આ સૂત્રનો શો સંબંધ છે? કંઇ જ નહિ. અને જ્યારે એમ જ હોય ત્યારે એ સૂત્રો એક પાદમાં હોવાં કેવી રીતે યોગ્ય ગણાય? એનો ઉત્તર એ કે પૂર્વસૂત્રથી આ સૂત્ર અસંબદ્ધ નથી. પૂર્વસૂત્રમાં આખા સંસારને દુઃખરૂપ કહ્યોછે. તેથી આખો સંસાર હેય છે એ પ્રાપ્ત થાયછે. એ હેય જેનું સામાન્ય રીતે એ સૂત્રથી જ્ઞાન થાયછે તેને જ આ સૂત્ર વિશેષરૂપે પ્રતિપાદન કરનાર છે તેથી અસંબદ્ધ નથી.

આ સૂત્રથી સૂત્રકારે દુઃખની આત્યંતિકી નિવૃત્તિ કરવી એ સૂચવ્યું, અર્થાત્ એ મોક્ષ છે એ સૂચવ્યું છે. એ અર્થ શ્રીસાંખ્યશાસ્ત્રવગેરે સ્થળે પણ પ્રતિપાદન કર્યો છે. શ્રીસાંખ્યસૂત્રમાં

त्रिविधदुःखात्यन्तनिवृत्तिरत्यन्तपुरुषार्थः—આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક એ ત્રણ પ્રકારના અનાગતાવસ્થાવાળા દુઃખની આત્યંતિકી નિવૃત્તિ (હાન) એ જ પરમ પુરુષાર્થ છે—એ સૂત્રથી તથા શ્રીન્યાયસૂત્રમાં दुःखात्यन्तविमोक्षोऽपवर्गः—દુઃખની આત્યંતિકી નિવૃત્તિ એ મોક્ષ છે—એ સૂત્રથી આ જ અર્થ કહ્યોછે.

આ પ્રમાણે આ સૂત્રથી રોગવત હેયનું પ્રતિપાદન કર્યું. એ હેયનું કારણ જાણ્યાવિના એનો અત્યંત ઉચ્છેદ કરી શકાય એમ નથી તેથી હવે એ હેયનું કારણ શું છે તે પ્રતિપાદન કરેછે.

द्रष्टृदृश्ययोः संयोगो हेयहेतुः ॥ १७ ॥

સૂત્રાર્થ—[illegible] તથા દૃશ્યનો કાષ્ઠાગ્નિવત્ સંબંધ અથવા સ્વસ્વામિ[illegible] સંબંધ તે અનાગત દુઃખરૂપ હેયનું કારણ છે.

द्रष्टृ०=द्रष्टृ એટલે શુદ્ધ ચિતિશક્તિરૂપ પુરુષ જે અતિ સ્વચ્છ બુદ્ધિમાં પડતી પોતાની છાયારૂપ દર્શનવાળો હોવાથી દ્રષ્ટા કહેવાયછે તે દ્રષ્ટાનું વિશેષ સ્વરૂપ સૂત્રકાર જ ઉત્તર સૂત્રમાં પ્રતિપાદન કરેછે. दृश्य એટલે બુદ્ધિસત્ત્વ તથા બુદ્ધિસત્ત્વમાં આરૂઢ થયેલા સમગ્ર ધર્મો એટલે વિષયો. દૃશ્યનું સ્વરૂપ પણ સૂત્રકાર ઉત્તરસૂત્રથી પોતે જ પ્રતિપાદન કરેછે. 'એ દ્રષ્ટા તથા દૃશ્યનો' એ સમસ્ત પદનો અર્થ છે.

संयोगः—આ પદનો અર્થ ટીકાકારો બે રીતે કરેછે. વાર્તિકકાર એ પદથી ન્યાયમતમાં કહેલા સંયોગ, વિયોગ, સંખ્યા વગેરે જે ૨૪ ગુણો છે તેમાંનો સંયોગસંબંધ આ પદથી લે છે; એટલે કે જેવો કાષ્ઠ અને અગ્નિનો સંબંધ થાયછે તેવો જ દ્રષ્ટા અને દૃશ્યનો સંબંધ તે સંયોગ વાચસ્પતિમિશ્ર વગેરે અન્ય ટીકાકારો સંયોગનો અર્થ સ્વસ્વામિભાવસંબંધ કરેછે.

આ સૂત્રમાં સંયોગના બે અર્થ લેવાયેલા હોવાથી એનાં બે વ્યાખ્યાન થઇ શકેછે. ત્યાં પ્રથમ વ્યાખ્યાન વાર્તિકકારપ્રમાણે આ છે. (૧) દ્રષ્ટાપુરુષ અને દૃશ્ય બુદ્ધિસત્ત્વ તથા તેના ધર્મરૂપ સકલ વિષયોનો જે કાષ્ઠાગ્નિવત્ સંયોગ તે જ હેયરૂપ દુઃખનું કારણ છે. આ વિષયમાં બુદ્ધિ તો પુરુષના સાક્ષાત્ દૃશ્યરૂપ છે એ સ્પષ્ટ છે અને તેથી બુદ્ધિનો તથા પુરુષનો સંયોગ થઇ શકે પણ વિષયો જે પુરુષના દૃશ્ય નથી તેનો પુરુષસાથે કેવી રીતે સંયોગ થઈ શકે એ, કારણરૂપે બુદ્ધિસત્ત્વ તથા પુરુષ બંને વિભુ હોવાથી એ બેનો સંયોગ કેવી રીતે થઇ શકે એ, તથા એ સંયોગ કેવી રીતે દુઃખનો

હેતુ છે એ વિચારવાનું છે. ત્યાં એ સંયોગ સાક્ષાત્ તો બુદ્ધિસત્ત્વ અને દ્રષ્ટાનો જ છે. પણ અન્ય દૃશ્યકોટિમાં આવતા વિષયો જ્યારે બુદ્ધિસત્ત્વમાં આરૂઢ થાયછે ત્યારે એ વિષયો બુદ્ધિસત્ત્વના ધર્મરૂપ હોવાથી, જેમ બુદ્ધિસત્ત્વના સુખાદિ ધર્મો દૃશ્ય થાયછે તેમ, દૃશ્ય થવાના અર્થાત્ બુદ્ધિસત્ત્વ પુરુષસાથે સંયુક્ત હોવાથી એ વિષયનો દ્રષ્ટાપુરુષસાથે પરંપરાથી સંયોગ થવાનો. આમ હોવાથી 'આ' એ રૂપે જણાતા સર્વ વિષયોનો તથા દ્રષ્ટાપુરુષનો સંયોગસંબંધ અયોગ્ય નથી, એ સહજ સિદ્ધ થાયછે.

બીજું જે કહ્યું કે બુદ્ધિસત્ત્વ તથા પુરુષ, બંને વિભુ હોવાથી એ બેનો સંયોગ કેવી રીતે ઘટે, એનો ઉત્તર આ પ્રમાણે:—બુદ્ધિસત્ત્વ કારણરૂપે (પ્રકૃતિરૂપે) વિભુ છે તથાપિ કાર્યરૂપે તેમ નથી. કાર્યરૂપે તો એ પરિચ્છિન્ન છે. આમ હોવાથી બુદ્ધિસત્ત્વ તથા પુરુષનો સંયોગસંબંધ ઘટેછે. આપણે જોઈએ છીએ કે કાષ્ઠ તથા અગ્નિ બંને પોતાના મૂલકારણ પ્રધાનરૂપે તો વિભુ છે છતાં એ બેનો સંયોગ થાયછે. તેથી બુદ્ધિસત્ત્વનો પુરુષસાથે સંયોગ થવો યોગ્ય જ છે. વિશેષ સ્પષ્ટ કરી કહીએ તો આ પ્રમાણે. પુરુષ તો કૂટસ્થ નિત્ય સિદ્ધ દ્રવ્ય છે એટલે એ તો સદા સર્વદા એકરૂપે જ વિદ્યમાન હોયછે. પણ બુદ્ધિસત્ત્વ એવું દ્રવ્ય નથી. બુદ્ધિસત્ત્વ પ્રકૃતિના કાર્યરૂપ છે, પરિચ્છિન્ન છે, ક્રિયાવાળું છે, તથા સદા સર્વદા એકરૂપે રહેનાર નથી. આ બુદ્ધિસત્ત્વસાથે પુરુષનો બે પ્રકારનો સંયોગ છે: ( ) સામાન્યરૂપે તથા (૨) વિશેષરૂપે. ત્યાં સામાન્યસંયોગ એટલે બુદ્ધિસત્ત્વને દ્રવ્યરૂપ લઈને જે સંયોગ થાયછે તે સામાન્યરૂપે થયેલો સંયોગ છે, અને બુદ્ધિસત્ત્વસ્વરૂપે જે બુદ્ધિસત્ત્વસાથેનો સંયોગ તે વિશેષ સ્વરૂપે થયેલો સંયોગ છે. આ બેમાં જે સામાન્યરૂપે સંયોગ છે તે તો સદા પુરુષ અને બુદ્ધિસત્ત્વનો હોયછે કેમકે બુદ્ધિસત્ત્વ જ્યારે પ્રધાનમાં લીન થાયછે ત્યારે પણ દ્રવ્યરૂપે—સામાન્યરૂપે તો છે જ. પણ એ સમયે બુદ્ધિસત્ત્વની પ્રધાનરૂપે સ્થિતિ છે, કંઈ બુદ્ધિસત્વરૂપે સ્થિતિ નથી. તેથી એ સમયે પુરુષનો બુદ્ધિસત્વસ્વરૂપે બુદ્ધિસત્વસાથે સંયોગ નથી અર્થાત્ વિશેષરૂપે સંયોગ નથી. જ્યારે પ્રલય પછી સર્ગકાળ આવેછે ત્યારે પ્રધાનમાંથી પુનઃ બુદ્ધિસત્વ ભિન્ન થાયછે અને એ ભિન્ન થયું કે તે ક્ષણે જ પુરુષ જે સ્વસ્વરૂપે સદા વિદ્યમાન હોયછે તેની સાથે બુદ્ધિસત્વરૂપે જ સંયુક્ત થાયછે. આ સંયોગ એ બુદ્ધિસત્વનો પ્ર-

ધાનમાં લય થતાસુધી રહેછે. એ વિશેષરૂપે થતો સંયોગ જ અત્ર સંયોગશબ્દથી આ વ્યાખ્યાનમાં લીધોછે તેથી પુરુષ અને બુદ્ધિનો સંયોગ થઇ શકેછે તથા એ સદા સર્વદા હોતો નથી એ સિદ્ધ થઇ શકે છે.

આ બુદ્ધિસત્વ પ્રલયસમયે પ્રધાનમાં લીન થાયછે તેથી પ્રલયસમયે એનો તથા પુરુષનો વિશેષરૂપે સંયોગ હોતો નથી. તથાપિ સર્ગસમયે એ બુદ્ધિસત્ત્વ તથા પુરુષવચ્ચે જે સ્વસ્વામિભાવ સંબંધ હોયછે તે સ્વસ્વામિભાવના સંસ્કારસહિત જ એ બુદ્ધિસત્ત્વ પ્રલયસમયે પ્રધાનમાં લીન થાયછે તેથી પુનઃ સર્ગકાલ પ્રાપ્ત થાયછે ત્યારે એ બુદ્ધિસત્ત્વ પૂર્વે સર્ગમાં જે પુરુષસાથે સંબદ્ધ હતું તે જ પુરુષસાથે એ સ્વસ્વામિભાવવશાત્ પુનઃ સંયુક્ત થાયછે. તેથી પ્રલયસમયે એ સંયોગનો તિરોભાવમાત્ર થાયછે પણ ઉચ્છેદ થતો નથી. એ ઉચ્છેદ તો જ્યારે બુદ્ધિસત્ત્વનો આત્યંતિક લય થાય છે ત્યારે જ, અર્થાત્ જ્યારે એના સંસ્કારમાત્રનો દાહ થાય છે અને તેથી એના પુરુષની સાથેના સ્વસ્વામિભાવસંબંધનો નાશ થાયછે ત્યારે જ થાયછે.

આ પ્રકારનો સંયોગ દુઃખનો હેતુ છે કેમકે એ સંયોગ થવાનું નિમિત્ત પુરુષાર્થ છે, એટલે કે જે બુદ્ધિસત્ત્વનો અધિકાર સમાપ્ત થયો નથી તે તે બુદ્ધિસત્ત્વ પુરુષના ભોગાપવર્ગરૂપ પુરુષાર્થમાટે પ્રધાનમાં લીન થયા પછી પણ પુનઃ સર્ગસમયે સ્વસ્વરૂપે વિકારને પામેછે અર્થાત્ પુરુષસાથે સંયુક્ત થાય છે તથા જ્યાંપર્યન્ત પુરુષાર્થની સિદ્ધિ કરાવવાનો એનામાં સંસ્કાર રહેછે ત્યાં પર્યન્ત એ પુરુષસાથે સંયુક્ત જ રહેછે. જ્યારે તત્ત્વજ્ઞાન ના અસંપ્રજ્ઞાત યોગથી એ બુદ્ધિસત્ત્વ ચરિતાર્થ થાયછે ત્યારે પછી એ પુરુષસાથે સંયુક્ત થતું નથી. તેથી આ સંયોગથી જ પુરુષને ભોગ મળેછે અને એ ભોગની સંપત્તિ કરવામાટે એ સંયોગ શરીર, ઇન્દ્રિયવગેરેસાથેના સંયોગરૂપ અનેક જન્મો પુરુષના કરાવે છે. આમ થવાથી એ સંયોગ જ પુરુષને સંસારની પ્રાપ્તિ કરાવે છે અને સંસાર એ જ પૂર્વે કહ્યા પ્રમાણે દુઃખ છે. તેથી એ સંયોગ સમગ્ર દુઃખનું કારણ છે એ સિદ્ધ થાયછે.

(૨) આ પ્રમાણે વાર્તિકકારના મતપ્રમાણે વ્યાખ્યાન કર્યું. હવે સંયોગનો અર્થ સ્વસ્વામિભાવ સંબંધ લઇએ ત્યારે આ પ્રમાણે વ્યાખ્યાન છે. આ અર્થ લેવાથી આ સૂત્રથી એ પ્રતિપાદન

કરાય છે કે બુદ્ધિસત્ત્વ તથા પુરુષવચ્ચેનો સ્વસ્વામિભાવસંબંધ હેયરૂપ દુઃખનું કારણ છે. ત્યાં બુદ્ધિસત્ત્વ સ્વ મનાય છે અને પુરુષ એ સ્વામી મનાય છે. લોકોમાં જે ભોગનું સાધન હોય છે–જેમકે ધનાદિ પદાર્થો–તે સાધન પોતાથી અપાતા ભોગના ભોક્તાનું સ્વ કહેવાય છે અને તે ભોક્તા તેનો સ્વામિ કહેવાયછે. દૃષ્ટાન્તરૂપે અયસ્કાન્ત લોહની સળીના આકર્ષણ કરવારૂપ ઉપકાર જે ઉપકાર્યનો કરે છે તે ઉપકાર્યનું સ્વ કહેવાય છે. તે જ પ્રમાણે બુદ્ધિસત્ત્વ જે અયસ્કાન્તને સ્થાને છે તે લોહશલાકાને સ્થાને રહેલા જે શબ્દાદિ વિષયો તદાકારપરિણામને પામે છે અને તેમાં ચિતિશક્તિ પુરુષનું પ્રતિબિંબ પડે છે તેથી એ બુદ્ધિસત્ત્વ પોતે ચેતનવત્ થયેલું પ્રતીત થાય છે અર્થાત્ પુરુષથી અભિન્નરૂપ પ્રતીત થાયછે. આમ થવાથી એ બુદ્ધિસત્ત્વ પોતામાં રહેલા ભોગ અને અપવર્ગ પુરુષમાં હોય તેમ બતાવે છે તેથી સ્વામિન્નવત (પોતાથી અભિન્ન હોય એમ) પ્રતીત થતા પુરુષનું સ્વ છે તથા એની અપેક્ષાથી સ્વામિન્નવત્ પ્રતીત થતો પુરુષ (અર્થાત્ સ્વરૂપે શુદ્ધ ચિતિશક્તરૂપ છતાં બુદ્ધિતાદાત્મ્યથી દ્રષ્ટાપણાને પામેલા પુરુષ) સ્વામિ છે. આ રીતે બુદ્ધિસત્ત્વ ઘટાદિ વિષયોને દૃશ્ય કરવારૂપ ઉપકાર કરનાર હોવાથી સ્વ છે અને દ્રષ્ટાપુરુષ એ ઉપકારનો ભોક્તા હોવાથી સ્વામિ છે અર્થાત્ એ બેની વચ્ચે સ્વસ્વામિભાવસંબંધ છે એ સિદ્ધ થાયછે. એ સ્વસ્વામિભાવસંબંધને જ આ વ્યાખ્યાનમાં દ્રષ્ટાદૃશ્યનો સંયોગ કહ્યો છે. એ સંબંધને ભોક્તૃભોગ્યભાવ, દ્રષ્ટાદૃશ્યભાવસંબંધવગેરે પણ કહે છે. આ સંબંધ દ્રષ્ટા અને સર્વ દૃશ્યવચ્ચે છે. ત્યાં બુદ્ધિસત્વરૂપ દૃશ્યસાથે એ સંબંધ છે એ તો હવડે જ પ્રતિપાદન કરવું. તેમ જ ઘટાદિ બાહ્ય વિષયો પણ દ્રષ્ટાના સુખદુઃખાદિ ભોગનાં સાધનરૂપ છે તેથી સ્વ છે; સુખદુઃખાદિ વૃત્તિઓ પણ સુખદુઃખસાક્ષાત્કારરૂપ ભોગના કર્મરૂપ હોવાથી ભોગ્ય છે અને તેથી સ્વ છે. તેથી દ્રષ્ટાપુરુષ સ્વામિ છે અને બુદ્ધિસત્વ, બાહ્યવિષયો તથા બુદ્ધિસત્વની સુખદુઃખાત્મક વૃત્તિઓ અર્થાત્ સમગ્ર દૃશ્યપ્રપંચ સ્વ છે. તેથી આ સ્વસ્વામિભાવસંબંધ દ્રષ્ટા તથા દૃશ્યમાત્રની વચ્ચે છે એ સિદ્ધ થાય છે.

આ સંબંધનો હેતુ અવિદ્યા છે. કેમકે જ્યારે ચિતછાયાપત્તિથી પુરુષ અને બુદ્ધિસત્ત્વનો અભેદઅધ્યાસ થાયછે ત્યારે જ પુરુષને દૃષ્ટૃત્વ આવેછે અર્થાત બુદ્ધિસત્ત્વવગેરે પદાર્થ એનાં દૃશ્ય થાય છે

અને જ્યારે તત્વજ્ઞાન વા અસંપ્રજ્ઞાત યોગથી અવિદ્યાનો નાશ થાય છે ત્યારે પુરુષનું દ્રષ્ટૃત્વ જતું રહેવાથી પુરુષ સ્વસ્વરૂપે સ્થિત થયેલો મનાય છે.

આ સંયોગ જ સમગ્ર દુઃખનું કારણ છે. કેમકે એ સંયોગની સ્થિતિ હોયછે ત્યારે જ પુરુષને વિષયો દ્રશ્ય થાય છે અર્થાત્ સંસારરૂપ દુઃખનો ભોગ થાય છે. તેમ જ વાર્તિકકારની વ્યાખ્યાપ્રમાણે પણ એ સંયોગ જ સર્ગારંભે બુદ્ધિસત્વ અને પુરુષનો કાષ્ઠાગ્નિવત્ સંયોગ કરાવનાર છે તેથી જન્મમરણાદિદ્વારા સંસારનામના દુઃખરૂપ પદાર્થને પમાડનાર છે.

એ સ્વસ્વામિભાવસંબંધ જ્યાંસુધી બુદ્ધિસત્વનું અસ્તિત્વ હોય છે ત્યાંસુધી રહેછે. બુદ્ધિસત્વનો જ્યાંસુધી અધિકાર સમાપ્ત થયો નથી ત્યાંસુધી બુદ્ધિસત્વનું અસ્તિત્વ રહેછે તથા જ્યારે એ ચરિતાર્થ થાય છે ત્યારે પછી એની સ્થિતિમાં કોઇ હેતું નહિ રહેલો હોવાથી એ સ્વકારણમાં લીન થઇ જાય છે તેથી એ સિદ્ધ થાય છે કે બુદ્ધિસત્વના અસ્તિત્વમાં પુરુષાર્થની અસમાપ્તિ નિમિત્ત હોવાથી જ્યાંસુધી પુરુષાર્થની અસમાપ્તિ હોયછે, ત્યાંસુધી આ સંયોગ રહેછે. તેથી એ સંયોગ સ્વાભાવિક નથી પણ નિમિત્તવશાત્ બનેલો હોવાથી નૈમિત્તિક છે. તેમાં પણ જ્યાંસુધી કલેશકર્માદિનું બુદ્ધિસત્વમાં અસ્તિત્વ હોયછે ત્યાંપર્યન્ત જ બુદ્ધિસત્વમાં ભોગાપવર્ગરૂપ પુરુષાર્થ રહેલું હોવાથી એ ચરિતાર્થ થતું નથી. તેથી આ સંયોગનું નિમિત્ત પણ કલેશાદિનું અસ્તિત્વ જ છે. તેમાં પણ અવિદ્યા હોયછે ત્યારે જ કલેશકર્માદિનું અસ્તિત્વ થાયછે. તેથી અવિદ્યા જ આ સંયોગનું ચરમ નિમિત્ત છે. એ અવિદ્યા અનાદિ હોવાથી આ સંયોગ પણ અનાદિ છે. આ પ્રકારે એનું અનાદિત્વ સિદ્ધ થાય છે તેથી કલેશકર્માદિ જે બુદ્ધિના ધર્મરૂપ છે તે બુદ્ધિસત્વનું અસ્તિત્વ હોય ત્યારે જ હોઇ શકે અને એ કલેશકર્માદિનું અસ્તિત્વ હોય ત્યારે જ બુદ્ધિસત્વની સ્થિતિ, પુરુષાર્થની અસમાપ્તિ તથા આ સંયોગનું હોવું થઇ શકે એ પ્રકારનો અન્યોન્યાશ્રયદોષ પણ દૂર થાયછે. એ સંયોગ અનાદિ છે તથાપિ પ્રવાહરૂપે અનાદિ છે તેથી તિરોભાવ તથા આવિર્ભાવને પામી શકેછે. જ્યારે બુદ્ધિસત્વ સ્વસ્વરૂપે સ્થિત થયેલું હોયછે ત્યારે એ સંયોગ જાગરૂક હોયછે, અને જ્યારે બુદ્ધિસત્વ પ્રલયસમયે લીન થાયછે ત્યારે એ સંયોગ પણ લય અવસ્થાને પામેછે. એ બુદ્ધિસત્વ પ્રલયસમયે એ સંયોગના

સંસ્કારસહિત જ પ્રધાનમાં લીન થાયછે તેથી પુનઃ સર્ગકાળ પ્રાપ્ત થાયછે ત્યારે, જેમ વર્ષાઋતુ વ્યતીત થવાથી દેડકાના શરીરના અણુઓ સંસ્કારસહિત જ વિખરાઇ જાયછે તથા પુનઃ વર્ષાનો આરંભ થાયછે ત્યારે એ અણુઓ સંસ્કારસહિત લીન થયેલા હોવાથી દેડકાના શરીરરૂપે જ પરિણામ પામેછે તેમ, એ સંયોગસહિત જ પ્રધાનમાંથી નીકળેછે. આમ હોવાથી એ સંયોગ પ્રવાહરૂપે અનાદિ છે, સંપૂર્ણ દુઃખનું કારણ છે, તથા નૈમિત્તિક હોવાથી નિમિત્તના નાશથી નાશ પામનાર છે એ સર્વ સિદ્ધ થાય છે. શ્રીપંચશિખાચાર્યે तत्संयोगहेतुविवर्जनात् स्यादयमात्यन्तिको दुःखप्रतीकारः—બુદ્ધિ તથા દ્રષ્ટા-પુરુષના સંયોગના પરિહારથી પુનઃઉદ્ભવરહિત આત્યંતિક દુઃખપ્રતિકાર થાયછે અર્થાત્ એ સંયોગ જ્યાંસુધી વિલયી ગયો નથી ત્યાંસુધી દુઃખ થાયછે-ઇત્યાદિ વચનથી આ જ અર્થને દૃઢ કર્યોછે.

આ પ્રમાણે આ સૂત્રથી દ્રષ્ટા અને દૃશ્યનો સંયોગ હેયનું કારણછે (હેયહેતુ છે) એ પ્રતિપાદન કર્યું. પણ એમાં દ્રષ્ટા તે શું, દૃશ્ય તે શું, તથા એ સંયોગ તે શું એનું પ્રતિપાદન કર્યું નથી. તેથી તે કરવા સૂત્રકાર ઉત્તરસૂત્રો રચે છે. તેમાં દ્રષ્ટા અને દૃશ્યનું સ્વરૂપ સમજાય તો પછી જ એ એના સંયોગનું સ્વરૂપ સમજાય એમ છે તેથી પ્રથમ દ્રષ્ટા અને દૃશ્યનું સ્વરૂપ સૂત્રકાર સમજાવેછે. દ્રષ્ટા અને દૃશ્યમાં પણ દૃશ્યની વ્યાવૃત્તિ કરીને જ દ્રષ્ટાનું સ્વરૂપ સમજાવી શકાય એમ છે તેથી—અગર જો પ્રધાન હોવાથી द्रष्टादृश्ययोः એ દ્વંદ્વ સમાસમાં દ્રષ્ટાનો પ્રથમ નિર્દેશ કર્યો છે તથાપિ—દૃશ્યનું સ્વરૂપ પ્રથમ સૂત્રકાર સમજાવેછે, એટલે દૃશ્યનાં સ્વરૂપ, કાર્ય અને પ્રયોજન એ ત્રણેના પ્રતિપાદનદ્વારા એનું વિસ્તારથી પ્રતિપાદન કરેછે.

प्रकाशक्रियास्थितिशीलं भूतेन्द्रियात्मकं भोगापवर्गार्थं दृश्यम् ॥ १८ ॥

સૂત્રાર્થ:—પુરુષના ભોગ અને અપવર્ગમાટે ભૂત અને ઇન્દ્રિયરૂપે પરિણામ પામતા, પ્રકાશ, ક્રિયા અને સ્થિતિરૂપ સ્વભાવવાળા સત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણરૂપ પ્રકૃતિ દૃશ્ય છે.

प्रकाश०—પ્રકાશ, ક્રિયા અને સ્થિતિ એ ત્રણ સ્વભાવવાળા. પ્રકાશ એટલે બુદ્ધિવગેરેમાં રહેલો તથા ભૌતિક આલોક; ક્રિયા એટલે યત્ન અથવા ચલન; સ્થિતિ એટલે યથોક્ત પ્રકાશ તથા ક્રિયાથી શૂન્યપણું અથવા પ્રકાશ અને ક્રિયાનો પ્રતિબંધ; શીલ એ-

ટલે સ્વભાવ. તેથી આ સમસ્ત પદનો એ અર્થ થયો કે આલોક, ચલન તથા એ બેનો પ્રતિબંધ એ ત્રણ સ્વભાવ છે જેના એવું અર્થાત્ પ્રકાશસ્વભાવવાળું, ક્રિયાસ્વભાવવાળું તથા સ્થિતિસ્વભાવવાળું જે દ્રવ્ય તે.ત્યાં પ્રકાશસ્વભાવવાળું સત્વ છે,ક્રિયાસ્વભાવાળું રજસ્ છે અને સ્થિતિસ્વભાવવાળું તમસ્ છે; પ્રકાશ, ક્રિયા અને સ્થિતિ એ અનુક્રમે સત્વ રજસ્ અને તમસ્ના ધર્મો છે, એ પૂર્વે પ્રતિપાદન કર્યું છે. તેથી આ સમસ્ત પદનો એ અર્થ થયો કે સત્વ, રજસ્ તથા તમસ્ રૂપ આ દ્રવ્યોના પ્રકાશાદિ ગુણો સર્ગસમયે ઉદ્ભૂતરૂપે હોયછે, પણ પ્રલયસમયે એ રૂપે રહેતા નથી તેથી જો પ્રકાશરૂપકાર્યવાળું, ક્રિયારૂપકાર્યવાળું તથા સ્થિતિરૂપકાર્યવાળું એમ માત્ર કહ્યું હોત અર્થાત્ શીલમ્ પદ ન મુક્યું હોત તો પ્રલયસમયમાં, પ્રકાશાદિ કાર્યોના કારણરૂપ એ ત્રણ દ્રવ્યોમાં સત્વાદિ વ્યવહાર નહિ થાત. એ સિદ્ધ કરવા શીલમ્ પદનું ગ્રહણ કરયું છે. પ્રલયસમયે યદ્યપિ પ્રકાશાદિકાર્યોનો અભાવ થાય છે તથાપિ સ્વભાવનો નાશ થતો નથી તેથી એ સમયે પણ પ્રકાશસ્વભાવવાળાપણું વગેરે સત્વાદિમાં હોવાથી સત્વાદિવ્યવહાર સિદ્ધ થાયછે. તેથી આ સમસ્ત પદનો એ સ્ફુટ અર્થ થયો કે 'પ્રકાશ, ક્રિયા અને સ્થિતિ એ ત્રણે કાર્યોને અનુક્રમે પ્રકટાવવાની યોગ્યતાવાળાં સત્વાદિ ત્રણ દ્રવ્યો.' આ સૂત્રમાં આ પદ વિશેષણરૂપ નથી પણ વિશેષ્યરૂપ છે. તેથી આ પદનો જ મુખ્ય અન્વય દૃશ્યમ્ એ પદ સાથે છે. અન્ય પદો આ પદના વિશેષણરૂપ છે. આ પદથી દૃશ્યનું સ્વરૂપ સૂત્રકારે પ્રતિપાદન કર્યું છે.

भूतेन्द्रियात्मकम्—ભૂત એટલે સ્થૂલસૂક્ષ્મરૂપે રહેલાં પૃથિવ્યાદિ દ્રવ્યો. ત્યાં પૃથ્વી, અપ્, વાયુ અને આકાશ એ પાંચ સ્થૂલભૂત છે અને ગંધતન્માત્રા,રસતન્માત્રાવગેરે પાંચ તન્માત્રા સૂક્ષ્મભૂત છે; ઇન્દ્રિય એટલે સ્થૂલસૂક્ષ્મરૂપે રહેલાં શ્રોત્રવગેરે દ્રવ્યો. ત્યાં સ્થૂલઇન્દ્રિયમાં પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય તથા મન એ એકાદશનું ગ્રહણ થાયછે અને સૂક્ષ્મઇન્દ્રિયમાં મહત્તત્વ તથા અહંકારનું ગ્રહણ થાયછે. તેથી भूतेन्द्रियात्मकम् એટલે આ પ્રકારનાં ભૂતઇન્દ્રિય છે સ્વરૂપ જેઅનેનું એવાં. આ પદ પ્રથમ પદનુ વિશેષણ છે. તેથી એનો અર્થ એ થયો કે ભૂત અને ઇન્દ્રિય જેનું સ્વરૂપ છે એવાં સત્વાદિ દ્રવ્યો. ખરૂં જોતાં આ ભૂત અને ઇન્દ્રિય સત્વાદિ દ્રવ્યનાં કાર્યરૂપ છે તથાપિ આ શાસ્ત્રમાં સતકાર્યવાદનો સિદ્ધાન્ત છે તેથી કાર્યનો કાર-

ણુથી વસ્તુતઃ અભેદ જ માન્યોછે. આ નિયમથી ભૂત અને ઇન્દ્રિયરૂપ પરિણામો (કાર્યો) પોતાના પરિણામીરૂપ (કારણરૂપ) ગુણત્રયથી અતિરિક્ત નથી પણ તે રૂપ જ છે એ દ્યોતન કરવા આ સ્થળે ભૂત અને ઇન્દ્રિયને એ ગુણત્રયનું સ્વરૂપ જ કહ્યું છે. આ પદથી દૃશ્યરૂપ સત્ત્વાદિ ગુણત્રયનાં કાર્યોનું પ્રતિપાદન કરયું છે. એ પ્રતિપાદન કરવાનું મુખ્ય કારણ તો સત્વાદિત્રયરૂપ પ્રકૃતિના સદ્ભાવમાં અનુમાન બતાવવાનું છે. તે અનુમાન આ પ્રમાણે છેઃ—એક એવો નિયમ છે કે જે ગુણો કાર્યમાં હોય તે તેના ઉપાદાન કારણમાં અવશ્ય હોવા જોઇએ એટલે જે ગુણવાળું કાર્ય હોય તે ગુણવાળું તેનું કારણ હોવું જોઇએ. ભૂત અને ઇન્દ્રિયમાં સ્પષ્ટ રીતે પ્રકાશ, ક્રિયા અને સ્થિતિ એ ત્રણ ગુણો દેખાયછે. તેથી આ નિયમપ્રમાણે આ ગુણોવાળાં ભૂત અને ઇન્દ્રિયરૂપ જડકાર્યોનો સદ્ભાવ ક્યારે હોઇ શકે કે જ્યારે એના કારણમાં એ ત્રણ ગુણો હોય ત્યારે. તેથી કાર્યલિંગિ અનુમાનથી પ્રકાશાદિ ધર્મવાળા કારણની અર્થાત્ સત્ત્વાદિ ત્રિગુણાત્મક પ્રકૃતિની સિદ્ધિ થાય છે. આ રીતે અનુમાન બતાવવા તથા કાર્યનો કારણથી અભેદ છે એ દ્યોતન કરવા સૂત્રકારે भूतेन्द्रियात्मकम् એ પદ વાપર્યું છે. એનો તાત્પર્યાર્થ આ પ્રમાણે થયો કે "સ્થૂલસૂક્ષ્મ ભૂત તથા સ્થૂલ સૂક્ષ્મ ઇન્દ્રિયના કારણરૂપ, અથવા આ ભૂત તથા ઇન્દ્રિયરૂપે પરિણામ પામનાર".

भोगापवर्गार्थम्–એટલે ભોગ અને અપવર્ગને અર્થે (પરિણામ પામતા.)

भोगः—નો સામાન્ય અર્થ તો સુખદુઃખાદિનો સાક્ષાત્કાર છે. પણ સુખદુઃખાદિ બુદ્ધિસત્ત્વના પરિણામરૂપ છે તેથી એ સાક્ષાત્કાર બુદ્ધિનિષ્ઠ થયો અને તેથી મુખ્ય ભોગરૂપ નથી. તેથી ભોગનો યથાર્થ અર્થ તો એ જ છે કે જ્યારે બુદ્ધિસત્ત્વનો પુરુષસાથે અભેદઅધ્યાસ થાય છે ત્યારે એ સુખદુઃખાદિ વૃત્તિઓ પુરુષનિષ્ઠ છે એ પ્રકારનો જે સાક્ષાત્કાર થાયછે તે. अपवर्ग–अपवृज्यतेऽनेन એ વ્યુત્પત્તિથી અપવર્ગ એટલે ભોક્તાપુરુષનું જે ઉપાધિરહિત નિર્વિશેષચૈતન્ય સ્વરૂપ તેનું અવધારણ અર્થાત વિવેકખ્યાતિ. આ બે જેના અર્થ એટલે પ્રયોજન છે એવું સત્ત્વાદિદ્રવ્ય તે भोगापवर्गार्थम् છે. આ પદથી એ સત્ત્વાદિ દૃશ્યનું પ્રયોજન પ્રતિપાદન કરયું છે.

આ સૂત્રથી એ કહ્યું કે મહત્તત્ત્વથી માંડી પૃથિવ્યાદિના સ્થૂલ અણુઓપર્યન્ત જે પરિણામ પામેછે તથા જેના એ પરિણામો

દ્રષ્ટાના ભોગ અને અપવર્ગરૂપ પ્રયોજનને લઇને થાય છે તે સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ દ્રવ્ય તે દૃશ્ય છે.

અહિં એ શંકા થાય છે કે આ ભોગ અને અપવર્ગ તો બુદ્ધિની વૃત્તિરૂપ છે તેથી બુદ્ધિમાં રહેલા છે તો પછી પુરુષનાં એ એ પ્રયોજન કેવી રીતે કહેવાય અને બીજું તો એ કે જો સત્ત્વાદિ દ્રવ્યો આ પ્રયોજનમાટે મહત્ વિગેરે રૂપે પરિણામ પામતાં હોય તો પછી એ દ્રવ્યને સ્વતંત્ર આ શાસ્ત્રમાં માન્યાં છે તે અયોગ્ય ઠરશે. આનાં ઉત્તર નીચે પ્રમાણે:–ખરું જોતાં તો આ ભોગ અને અપવર્ગ બુદ્ધિથી જ કરાયેલાં છે, વાસ્તવ નથી તથાપિ ઉપચારથી પુરુષનિષ્ઠ છે એમ કહેવાય છે. જેમ લશ્કરથી કરાયેલા જય પરાજય ખરું જોતાં લશ્કરમાં જ રહેલા છે તથાપિ લશ્કરના સ્વામીને લશ્કરસાથે અભેદરૂપે અધ્યસ્ત કરી લોકો એ જય પરાજયનો રાજામાં ઉપચાર કરે છે તે જ પ્રમાણે આ ભોગાપવર્ગરૂપ પ્રયોજનો ખરું જોતાં બુદ્ધિનાં જ છે તથાપિ પુરુષ બુદ્ધિ સાથે અભેદરૂપે અધ્યસ્ત થાય છે તેથી પુરુષનાં ઉપચારથી કહેવાય છે એ અનેકવાર પ્રતિપાદન કરી ગયા છીએ. આ જ પ્રમાણે બંધ અને મોક્ષ અભિમાનીરૂપ બુદ્ધિસત્ત્વના જ છે છતાં પુરુષમાં એનો ઉપચાર માત્ર છે. બુદ્ધિની પુરુષાર્થની અસમાપ્તિ એ બંધ પુરુષાર્થની સમાપ્તિ એ મોક્ષ છે. આ જ પ્રમાણે અર્થના જ્ઞાનરૂપ ગ્રહણ, તેની સ્મૃતિરૂપ ધારણ, તદ્ગત વિશેષોના તર્કરૂપ ઊહ, અપોહ, તત્ત્વજ્ઞાન વિગેરે સર્વ બુદ્ધિમાં જ રહેલાં છે છતાં ઉપચારથી પુરુષનિષ્ઠ કહેવાય છે. તેથી પુરુષના ભોગ અને અપવર્ગ માટે સત્ત્વાદિ દ્રવ્યો મહદાદિરૂપે પરિણામ પામે છે એ કહેવું અનુચિત નથી. બીજી જે શંકા કરી હતી કે પ્રયોજનને લઇને જો સત્ત્વાદિ પરિણામ પામતાં હોય તો સ્વતંત્ર ન કહેવાય તેનો ઉત્તર આગળ* સૂત્રકાર જ આપશે. તેથી આ સૂત્રમાં કહેલું છે તે યોગ્ય જ છે.

આ સૂત્રથી એ કહ્યું કે ભોગ તથા અપવર્ગમાટે સત્તાને પામેલા તથા તેજ માટે મહદાદિરૂપે પરિણામ પામતા ગુણત્રય દૃશ્ય છે. એ ગુણત્રય જ પ્રકૃતિ વા પ્રધાન કહેવાય છે. એ ગુણોને પ્રકૃતિ સંજ્ઞા આપવી યોગ્ય છે. કેમકે એ ગુણો નિત્ય છે તથા સંપૂર્ણ જગતના કારણરૂપ છે. કેમકે એ ત્રણ પ્રકારનાં દ્રવ્યોના ન્યૂનાધિકભાગથી, ગુણપ્રધાનભાવથી, તથા પરસ્પર સંયોગવિભાગથી સમગ્ર ત્રિગુણાત્મક જગત્ ઉત્પન્ન થાય છે. તેમ જ સર્ગકાળે એ ત્રણે ગુણો વા

* જુઓ ચતુર્થપાદમાં.

દ્રવ્યો પોતાના કાર્યમાં અનુગત થયેલા વિદ્યમાન છે તથા પ્રલયકાળે એ સામ્યાવસ્થાને પામે છે તેથી બંને કાળે અર્થાત્ સદાસર્વદા એ ગુણોનો સદ્ભાવ છે. આ બે કારણથી અનુક્રમે એ દ્રવ્યોનું કારણત્વ તથા નિત્યત્વ સિદ્ધ થાય છે અને તેથી એ દ્રવ્યો જ પ્રકૃતિ કહેવાય તે યોગ્ય છે. એ ત્રિવિધ ગુણથી અતિરિક્ત કોઇ પ્રકૃતિ નથી તેમ જ એ ગુણો પ્રકૃતિના ધર્મરૂપ નથી પણ સ્વરૂપરૂપ છે.શ્રીસાંખ્યસૂત્રમાં પણ सत्त्वादीनामतद्धर्मत्वं तद्रूपत्वात्—સત્વ, રજસ્ અને તમસ્ એ પ્રકૃતિનું સ્વરૂપ છે અને તેથી પ્રકૃતિના ધર્મરૂપ નથી—એ સૂત્રથી એ જ અર્થ કહ્યો છે. આ પ્રકૃતિરૂપ ત્રિવિધ ગુણોની અવસ્થાવિશેષને પણ પ્રસંગે શાસ્ત્રમાં પ્રધાન વા પ્રકૃતિ કહી છે. સાંખ્યસૂત્રમાં કહ્યું છે કે सत्त्वरजस्तमसां साम्यावस्था प्रकृतिः—સત્વ, રજસ્ અને તમસ્‌ની જે સામ્યાવસ્થા તે પ્રકૃતિ વા પ્રધાન છે. આ પ્રમાણે શાસ્ત્રમાં પ્રસંગે એ ગુણોની વિકારી અવસ્થાથી વ્યાવૃત્ત કરવા એ ગુણોની સામ્યાવસ્થાને પ્રકૃતિ વા પ્રધાન સંજ્ઞા આપી છે. તથાપિ પ્રકૃતિ વા પ્રધાનને શાસ્ત્રમાં નિત્ય કહી છે. અને જો સામ્યાવસ્થાને જ પ્રકૃતિ કહીએ તો સર્ગકાળે સત્વાદિ દ્રવ્યની સામ્યાવસ્થાનો ભંગ થઇ વિષમાવસ્થા થાય છે તેથી તેટલી પ્રકૃતિ અનિત્ય ઠરે. 'તેટલી પ્રકૃતિ' કહેવાનું કારણ એ છે કે સૃષ્ટિસમયે પણ સઘળું પ્રકૃતિદ્રવ્ય વિષમાવસ્થાને પામતું નથી પણ માત્ર એનો એક દેશ જ વિકૃત થાય છે. તેથી જે સમયે એક પ્રદેશમાં ગુણોની વિષમાવસ્થા હોય છે તે જ સમયે અર્થાત્ સર્ગકાળે અન્ય પ્રદેશમાં ગુણોની સામ્યાવસ્થા પણ હોય છે. આમ હોવાથી સર્ગકાળે સર્વ પ્રકૃતિ અનિત્ય ઠરતી નથી પણ માત્ર એનો એક અંશ જ અનિત્ય ઠરે છે. એ પણ અનિષ્ટ છે. તેથી આ ગ્રંથકારના સત્વાદિની સામ્યાવસ્થાને પ્રકૃતિ ન લેતાં એ ગુણોને પ્રકૃતિ કહેવી યોગ્ય ધારી છે. આમ છે છતાં શાસ્ત્રમાં સામ્યાવસ્થા પ્રકૃતિ કહી પ્રસંગે વર્ણી છે તે અયોગ્ય નથી. કેમકે સામ્યાવસ્થા પ્રકૃતિના વિશેષણરૂપ નહિ પણ ઉપલક્ષણરૂપ *જ્યાં વિવક્ષિત છે.

---

* વિશેષણ તથા ઉપલક્ષણ એ બંને ધર્મનાં નામ છે. તેમાં જે ધર્મ વિશેષ્યમાં અનુગત થાય છે અર્થાત્ વિશેષ્યના સદ્ભાવ પર્યન્ત તેમાં રહે છે તે વિશેષણ છે. જેમકે જીવત્ શરીર જ્યાં સુધી હોય છે ત્યાં સુધી તેમાં પ્રાણાદિમત્ત્વ હોય છે તેથી એ જીવત્ શરીરનું વિશેષણ છે. ઉપલક્ષણ એ એવો ધર્મ છે કે જ્યારે જતો રહે છે ત્યારે પણ વિશેષ્યનો તે નામથી વ્યવહાર કરાય છે. જેમકે કોઇ

તેથી આ ત્રણ દ્રવ્યો જ પ્રકૃતિ વા પ્રધાન સંજ્ઞાવાળાં છે. એ ત્રણથી અતિરિક્ત કોઇ પ્રકૃતિ વા પ્રધાન નથી.

અહિં એ શંકા થાય છે કે જ્યારે આ ત્રણ ગુણોને પ્રકૃતિ કહીએ તો પ્રકૃતિ ત્રણ થઇ. તો પછી अजामेकां लोहितशुक्लकृष्णाम् લોહિત, શુક્લ અને કૃષ્ણ એ ત્રણ ધર્મવાળી એક નિત્યપ્રકૃતિને—એ અજશ્રુતિમાં પ્રકૃતિને એક કેમ કહી છે? તેમ જ तथा सत्वं रजस्तम इति गुणा प्रकृतिसंभवाः—સત્ત્વ રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા છે એ શ્રીભગ્ગીતાના વાક્યમાં આ ત્રિવિધ દ્રવ્યને પ્રકૃતિના કાર્યરૂપ કેમ કહ્યું છે? તેમ જ પ્રકૃતિ ત્રણ લેવાથી આ શાસ્ત્ર પ્રમાણે પણ ૨૬ તત્ત્વો નહિ થતાં ૨૮ થવાનાં તો પછી આ શાસ્ત્રમાં ૨૬ તત્ત્વો કહ્યાં છે તેનું શું? આ શંકાઓનું સમાધાન એ કે આ સર્વ સ્થળે સત્ત્વાદિ ત્રણ દ્રવ્યની સામ્યાવસ્થાને અથવા તો સામ્યાવસ્થાવાળા આ ત્રિવિધ દ્રવ્યને પ્રકૃતિરૂપે લીધાં છે. આમ હોવાથી ગુણોની સામ્યાવસ્થા એક હોવાથી અજશ્રુતિમાં પ્રકૃતિને એક કહી છે. તેમ જ એ સામ્યાવસ્થાવાળાં સત્ત્વાદિમાંથી ઉદ્ભૂતસ્વભાવવાળાં સત્ત્વાદિ થાય છે તેથી શ્રીભગ્ગીતાના વાક્યમાં સત્ત્વાદિને પ્રકૃતિનાં કાર્યરૂપ કહ્યાં છે, તેમજ એ સામ્યાવસ્થા એક હોવાથી પ્રકૃતિને એક તત્ત્વ લઇ ૨૬ તત્ત્વોનો આ શાસ્ત્રમાં અભ્યુપગમ કર્યો છે. આ પ્રમાણે આગળ સર્વ સ્થળે સમજી લેવું. તેથી એ જ સિદ્ધાન્ત થાય છે કે આ સત્ત્વાદિ ત્રણ દ્રવ્યો જ પ્રકૃતિ છે અને એ સત્ત્વાદિની સામ્યાવસ્થા પ્રકૃતિની સ્વાભાવિક અવસ્થા હોવાથી શાસ્ત્રમાં પ્રસંગે એ સામ્યાવસ્થાવાળાં આ ત્રણ દ્રવ્યોને પ્રકૃતિરૂપે કહી વર્ણ્યાં છે.આ પ્રકૃતિદ્રવ્ય જેનો

ગામનું નામ ત્યાં આવેલી નદી ઉપરથી પડ્યું હોય તો એ નદી કોઇ કાળે એ ગામ આગળથી જતી રહે છે ત્યારે એ ગામ તે જ નામથી ઓળખાય છે. અહિં એ નામ ઉપલક્ષણરૂપ ધર્મ છે. કોઇ પિતાએ પુત્રના સારા ગુણ જોઇને તેને સત્યવાન્ વિગેરે કોઇ સારૂં નામ આપ્યું હોય તો એ નામ ઉપલક્ષણરૂપ છે કેમકે કાળે કરી જો એ પુત્ર દુર્ગુણી થાય તો પણ તેનું એ નામ રહે છે. શાસ્ત્રમાં બહુધા આ લક્ષણો આપેલાં દેખાય છે. જે ધર્મ વિશેષ્યમાં અન્વય પામે છે, વર્તમાન હોય છે તથા વ્યાવર્તક હોય છે તે વિશેષણ છે, જે અન્વય પામતો નથી પણ વર્તમાન હોય છે તથા વ્યાવર્તક હોય છે તે ઉપાધિ છે અને જે માત્ર વ્યાવર્તકજ હોય છે તે ઉપલક્ષણ છે.

સ્વભાવ પ્રકાશ, ક્રિયા અને સ્થિતિ છે તથા જે દ્રષ્ટાના ભોગ અને અપવર્ગમાટે મહદાદિ ભૂત અને ઇન્દ્રિયરૂપે પરિણામ પામે છે તે જ દૃશ્ય છે.

અહિં એ શંકા પ્રાપ્ત થાય છે કે આ સૂત્રમાં માત્ર ગુણત્રયને જ દૃશ્ય કહ્યાં પણ એનાં કાર્યરૂપ મહત્, અહંકાર, બુદ્ધિવગેરેને દૃશ્ય કહ્યાં નથી તેથી સૂત્રમાં ન્યૂનતાદોષ છે. એનો ઉત્તર એ કે શાસ્ત્રમાં સત્કાર્યવાદનો સિદ્ધાન્ત હોવાથી કાર્યમાત્ર કારણની અવસ્થાવિશેષ છે તેથી દ્રવ્યરૂપે તો કારણમાત્ર જ છે. આમ હોવાથી મહદાદિ સર્વ આ પ્રકૃતિનાં કાર્યરૂપ છે તેથી એની અવસ્થાવિશેષ છે અને તેથી પ્રકૃતિને દૃશ્ય કહેવાથી એ સર્વ દૃશ્યમાં લેવાનાં છે એ તો અર્થાત્ આવી જાય છે. આ ઉત્તર આપવા અર્થાત્ મહદાદિ સમગ્ર પદાર્થો આ પ્રકૃતિની અવસ્થાવિશેષ છે એ પ્રતિપાદન કરવા સૂત્રકાર કહે છે કેઃ—

विशेषाविशेषलिङ्गमात्रालिङ्गानि गुणपर्वाणि ॥ १९ ॥

સૂત્રાર્થઃ—વિશેષ,અવિશેષ,લિંગમાત્ર અને અલિંગ એ ચાર આ સત્વાદિ ગુણત્રયરૂપ પ્રકૃતિની અવસ્થાવિશેષ છે.

विशेषाः—વિશેષ, અવિશેષ, લિંગમાત્ર અને અલિંગ.

गुणपर्वाणि—એટલે સત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ દ્રવ્યોની અવસ્થાઓ.

આ સૂત્રમાં એ કહ્યું કે સત્વ,રજસ્ અને તમસ્ એ ત્રણ દ્રવ્યરૂપ જે મૂલપ્રકૃતિ છે તેની વિશેષ,અવિશેષ,લિંગમાત્ર અને અલિંગ એ ચાર અવસ્થાઓમાત્ર છે; અર્થાત્ એ પ્રકૃતિથી ભિન્ન દ્રવ્ય નથી પણ એ ચાર પણ અમુક અમુક અવસ્થાવાળું પ્રકૃતિદ્રવ્ય જ છે.ત્યાં વિશેષ એટલે કેવળ વિકારરૂપ પદાર્થો. એવા પદાર્થો ૧૬ છે. પૃથ્વી, અપ્, તેજ, વાયુ, અને આકાશ એ પાંચ મહાભૂત, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, અને જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિય એ ઉભયરૂપ મન વા બુદ્ધિ—એ ૧૬ કેવળ વિકારો હોવાથી વિશેષ છે. પૃથ્વી ગંધતન્માત્રારૂપ અવિશેષનો, અપ્ રસતન્માત્રારૂપ અવિશેષનો, તેજ રૂપતન્માત્રારૂપ અવિશેષનો, વાયુ સ્પર્શ તન્માત્રારૂપ અવિશેષનો તથા આકાશ શબ્દતન્માત્રારૂપ અવિશેષનો વિકાર છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય તથા મન વા બુદ્ધિ એ એકાદશ કરણો, દર્શનશ્રવણાદિ વિશેષથી રહિત, અભિમાનમાત્ર ધર્મવાળા અહંકારરૂપ અવિશેષના વિકારો છે. તેમાં સત્ત્વપ્રધાન અહંકારના વિકારરૂપ જ્ઞાનેન્દ્રિય છે. રજઃપ્રધાન અહંકારના વિકારરૂપ કર્મેન્દ્રિય છે તથા ઉભયપ્રધાન અહંકારના વિકારરૂપ આ દશે ઇન્દ્રિયના અર્થને વિષય કરનાર મન વા

બુદ્ધિ છે. તેથી આ ૧૬ તત્વો વિકારરૂપ છે એ સિદ્ધ થાય છે. એટલું જ નહિ પણ એ ૧૬ તત્ત્વોમાંથી કોઇ પણ, અન્ય તત્ત્વનું ઉપાદાન કારણ નથી તેથી એ ૧૬ તત્ત્વો કેવલવિકારરૂપછે. અગર જો પૃથિવ્યાદિ પંચભૂત જગતના સ્થૂલપદાર્થોના ઉપાદાન કારણરૂપ છે એ વાત સાચી છે તથાપિ એ પૃથિવ્યાદિ અણુકરતાં જગતના સ્થૂલપદાર્થો અધિક સ્થૂલ નથી ગણાતા અને તેથી એ પદાર્થો ભિન્નતત્ત્વરૂપ નથી તેથી એ પૃથિવ્યાદિના અણુઓ ભિન્નતત્ત્વના ઉપાદાન કારણરૂપ નથી એ કહેવું યોગ્ય જ છે. આ રીતે આ ૧૬ તત્ત્વો પોતે વિકારરૂપ છે તથા અન્ય તત્ત્વનાં ઉપાદાન કારણ નથી તેથી કેવલ વિકારરૂપ છે અને તેથી એ જ તત્ત્વો વિશેષ છે. વિશેષનો અર્થ એ જ છે કે શાન્ત, ઘોર અને મૂઢ એ વિશેષોવાળા કેવલ વિકારરૂપ પદાર્થો. આમ હોવાથી પાંચ તન્માત્રા જે શબ્દસ્પર્શાદિ વિશેષવાળી છે તથા તામસ અહંકારના વિકારરૂપ છે છતાં પૃથિવ્યાદિ પંચભૂતરૂપ ભિન્નતત્ત્વના ઉપાદાન કારણરૂપ છે તેથી કેવલ વિકારરૂપ નથી અને તેથી એનો વિશેષમાં સમાવેશ થતો નથી. તેથી ઉપર કહેલાં ૧૬ તત્ત્વો જ કેવલ વિકારરૂપ હોવાથી વિશેષ છે. સાંખ્યકારિકામાં પણ षोडशकस्तु विकारः—કેવલ વિકારરૂપ પદાર્થ ૧૬ છે—એ વચનથી આ ૧૬ તત્ત્વોને જ કેવલ વિકારરૂપ કહ્યાં છે. શ્રી ગર્ભોપનિષદમાં પણ अष्टौ प्रकृतयः षोडश विकाराः—આઠ પ્રકૃતિઓ છે અને ૧૬ વિકાર છે એ વાક્યથી આ ૧૬ ને જ વિકાર કહ્યાં છે. તેથી આ ૧૬ તત્ત્વોનો જ વિશેષમાં સમાવેશ થાય છે.

અવિશેષ એટલે શાન્ત, ઘોર અને મૂઢરૂપ વિશેષથી રહિત, લિંગમાત્ર અને અલિંગથી ભિન્ન સત્ત્વાદિનાં કાર્યરૂપ પદાર્થો આ પદાર્થો છ છે.પાંચ તન્માત્રા તથા અહંકાર. અહંકારમાં શ્રવણ,દર્શનાદિથીરહિત અભિમાનમાત્રધર્મવાળા સાત્ત્વિક,રાજસ અને તામસ અણુઓનું ગ્રહણ થાયછે. એ અણુઓ જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, મન વા બુદ્ધિ તથા પાંચ તન્માત્રાના ઉપાદાન કારણરૂપ છે તથા બન્ને લિંગમાત્ર પર્વના વિકારરૂપ છે. આમ હોવાથી એ અણુઓ શાન્ત, ઘોર અને મૂઢરૂપ વિશેષો જે કેવલ વિકારમાં જ ઉદ્ભૂત થયેલા હોય છે તેનાથી રહિત છે, લિંગમાત્ર તથા અલિંગથી વધારે સ્થૂલ હોવાથી ભિન્નતત્ત્વરૂપ છે. તથા સત્ત્વાદિનાં કાર્ય છે તેથી સત્ત્વાદિમૂલપ્રકૃતિના અવિશેષ પર્વમાં આવે છે.પાંચ તન્માત્રામાં શબ્દતન્માત્રા, સ્પર્શતન્માત્રા, રૂપતન્માત્રા, રસતન્માત્રા તથા ગંધતન્માત્રા એ પાંચનું ગ્રહણ થાયછે. શબ્દતન્માત્રા એટલે શાન્તાદિવિશેષથી રહિત,શબ્દમાત્રધર્મવાળું આકાશના અણુના ઉપાદાન કારણરૂપ દ્રવ્ય.

સ્પર્શતન્માત્રા એટલે શાન્તાદિવિશેષથી રહિત, શબ્દ અને સ્પર્શ એ બે ધર્મવાળું, વાયુના અણુના ઉપાદાન કારણરૂપ દ્રવ્ય. રૂપતન્માત્રા એટલે શાન્તાદિ વિશેષથી રહિત, શબ્દ, સ્પર્શ અને રૂપ એ ત્રણ ધર્મવાળું, તૈજસ અણુના ઉપાદાન કારણરૂપ દ્રવ્ય. રસતન્માત્રા એટલે શાન્તાદિવિશેષથી રહિત, શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ એ ચાર ધર્મવાળું, જલના ઉપાદાન કારણરૂપ દ્રવ્ય. અને ગંધતન્માત્રા એટલે શાન્તાદિ વિશેષથી રહિત શબ્દાદિ પાંચ ધર્મવાળું, પૃથિવીના અણુના ઉપાદાન કારણરૂપ દ્રવ્ય. આ પાંચ તન્માત્રા કહેવાય છે પણ તેમાં માત્ર પદથી શાન્તાદિવિશેષની જ વ્યાવૃત્તિ બોધન કરાય છે. કંઇ ધર્મમાત્રની વ્યાવૃત્તિ બોધન કરાતી નથી. શ્રીવિષ્ણુપુરાણમાં तन्मात्राण्यविशेषाणि अविशेषास्ततो हि ते । न शान्ता नाऽपि घोरास्ते न मूढाश्चाविशेषिणः ॥ તન્માત્રામાં શાન્ત, ઘોર અને મૂઢરૂપ વિશેષો નહિ હોવાથી એ અવિશેષ છે—એ વિગેરે શ્લોકોથી એ તન્માત્રા શાન્તાદિ વિશેષોથી રહિત છે તેથી અવિશેષ છે. એ પ્રતિપાદન કર્યું છે. અર્થાત માત્રપદથી ધર્મમાત્રની વ્યાવૃત્તિ બતાવી નથી પણ શાન્તાદિવિશેષની જ વ્યાવૃત્તિ બતાવી છે. તેથી માત્રપદથી વિશેષોની જ વ્યાવૃત્તિ થાય છે. તેમ જ શબ્દાદિ તન્માત્રા કહેવાય છે તેથી શબ્દમાત્રધર્મ, સ્પર્શમાત્રધર્મ એ વિગેરે અર્થ લેવાનો નથી, એટલે એ શબ્દોથી શબ્દાદિ ગુણોનું ગ્રહણ કરવાનું નથી. કેમકે દ્રવ્યવિના ગુણની સ્થિતિ થતી જ નથી. તેમ જ ગુણ કદાપિ કોઈ દ્રવ્યનું ઉત્પત્તિ કારણ હોતો નથી. તેથી આ તન્માત્રાને ગુણ કહીએ તો પણ એના આધારભૂત કોઈ દ્રવ્યની કલ્પના અવશ્ય કરવી જોઈએ એટલું જ નહિ પણ એ તન્માત્રા આકાશાદિ પંચભૂતનું ઉપાદાન કારણ ન થઈ શકે તેથી એ તન્માત્રાથી તે તે ધર્મવાળું આકાશાદિના ઉપાદાન કારણરૂપ સૂક્ષ્મ દ્રવ્યનું જ ગ્રહણ થાય છે. એ પાંચ દ્રવ્યરૂપ તન્માત્રાઓ સર્વે એકસરખી રીતે તામસ અહંકારનાં કાર્યરૂપ છે, તથા તેમાં પણ ગંધતન્માત્રા રસતન્માત્રાનું, રસતન્માત્રા રૂપતન્માત્રાનું, રૂપતન્માત્રા સ્પર્શતન્માત્રાનું અને સ્પર્શતન્માત્રા શબ્દતન્માત્રાનું કાર્ય છે. તેમ જ આ તન્માત્રા આકાશાદિ પંચભૂતરૂપ ભિન્ન તત્વોનાં ઉપાદાન કારણરૂપ છે. તેથી આ તન્માત્રા કેવળ વિકારરૂપ નથી. અને તેથી શાન્તાદિવિશેષથી રહિત છે તથા લિંગમાત્ર અને અલિંગથી ભિન્ન છે, તેથી અવિશેષ છે. આ પ્રમાણે અહંકાર તથા આ પાંચ તન્માત્રા એ છ તત્વો અવિશેષ છે.

લિંગમાત્ર એટલે વ્યંજક માત્ર, અર્થાત્ જે સંપૂર્ણ જગતને અભિવ્યક્ત થયેલું દેખાડે છે તથા જેનામાં અન્ય કશો વ્યાપાર નથી

એવું સત્ત્વાદિ ગુણોનું કાર્ય. એ કાર્ય તે મહત્તત્ત્વ છે. સર્ગના આરંભે પ્રકૃતિનો ક્ષોભ થવાથી જે આદ્ય વિકાર સત્તાને પામે છે તે, કાર્ય બ્રહ્મની ઉપાધિરૂપ તત્ત્વ, અવિશેષ તથા વિશેષ એ સર્વ પરિણામોનું આધારભૂત હોવાથી મહત્ કહેવાય છે. જ્યારે પ્રલય થાય છે ત્યારે જગતની સર્વ વસ્તુઓ સંસ્કારસહિત પ્રધાનમાં લીન થાય છે. સર્ગકાળ પ્રાપ્ત થવાથી પ્રકૃતિ જે પ્રલય સમયે સામ્યાવસ્થામાં હોય છે તે ક્ષોભ પામે છે. એ ક્ષોભ પામવાથી જે પ્રથમ વિકાર અસ્તિત્વમાં આવે છે અર્થાત્ એ ક્ષોભ પામેલી પ્રકૃતિ જ મહત્ છે. એ મહત્તત્ત્વ લિંગમાત્ર છે કેમકે એ પ્રકૃતિની ક્ષોભ પામેલી અવસ્થારૂપ હોવાથી આખા જગતને પોતામાં અભિવ્યક્ત કરે છે તથા એનામાં બીજો કશો વ્યાપાર હોતો નથી. જ્યારે એ મહત્તત્ત્વમાંથી અહંકારાદિ ઉત્પન્ન થાય છે ત્યારે જ અભિવ્યક્તિથી અતિરિક્ત વ્યાપાર થાય છે. તેથી મહત્તત્ત્વની ઉત્પત્તિ સમયે અભિવ્યક્તિથી અન્ય કશો વ્યાપાર હોતો નથી. તેથી એ યોગ્યરીતે લિંગમાત્ર કહેવાય છે. સ્મૃતિમાં પણ ततोऽभवन्महत्तत्त्वमव्यक्तात्कालचोदितात् । સર્ગકાળ પ્રાપ્ત થવાથી સર્ગસમયે પ્રાપ્ત થયેલા વેગથી અવ્યક્તરૂપ પ્રધાનનો મહત્ નામનો પ્રથમ વિકાર આવિર્ભાવ પામે છે—ઇત્યાદિ વચનથી મહતને અવ્યક્તનું પ્રથમકાર્ય કહ્યું છે. એ મહત્તત્ત્વ છ અવિશેષનું પણ કારણ છે અર્થાત્ એ જ તત્ત્વ સ્થૂલતાને પામતાં છ અવિશેષરૂપે પરિણામ પામે છે. તેમાં એટલો વિશેષ છે કે અહંકાર આ મહત્તત્ત્વનો સાક્ષાત પરિણામ છે અને તન્માત્રારૂપ અવિશેષ એ અહંકારદ્વારા થતા પરિણામો છે. તેથી આ તત્ત્વ છ અવિશેષની માફક પ્રકૃતિવિકૃતિ તત્ત્વ છે.

અલિંગ એટલે કોઈનું વ્યંજન કરનાર નહિ તે, અર્થાત્ સત્વાદિ ગુણોની સામ્યાવસ્થા. આ સામ્યાવસ્થાને ઘણે પ્રસંગે શાસ્ત્રમાં પ્રકૃતિ પણ કહી છે. તેમ જ અવ્યક્ત અવ્યાકૃત વિગેરે પણ એનાં જ નામો છે, કેમકે એ સામ્યાવસ્થા પોતે દેખાય એમ નથી એટલે એ અવસ્થામાં કશાની અભિવ્યક્તિ નથી તેમ જ નામ અને રૂપ એ બંને અસ્ફુટ છે. આ અલિંગ વા પ્રકૃતિ સદાકાળ એક સરખી રીતે રહેતી નથી પણ સર્ગકાળ પ્રાપ્ત થવાથી એ અન્યરૂપે પરિણામ પામે છે. તેથી પૂર્વ ધર્મને ત્યજે છે તથા અન્ય ધર્મનું ગ્રહણ કરે છે. આમ હોવાથી એ પ્રકૃતિ સત્ કહેવાતી નથી. કેમકે જે વસ્તુ ત્રણે કાળે

એક સરખી રીતે વિદ્યમાન રહે તે જ સત્ છે. તેમ જ આ પ્રકૃતિ શશશૃંગના જેવી અસત્ પણ નથી તેથી અસત્ કહેવાય એમ પણ નથી. આમ હોવાથી આ પ્રકૃતિ (તથા એના કાર્યરૂપ સંપૂર્ણ જગત્) સત્ અસત્થી અનિર્વચનીય કહેવાય છે. શ્રી આદિત્યપુરાણમાં કહ્યું છે કે नासद्रूपा न सद्रूपा माया नैवोभयात्मिका । सदसद्भ्यामनिर्वाच्या, એ માયા વા પ્રકૃતિ કેવલ અસત્ નથી કેવલ સત્ નથી તેમ જ સત્ અને અસત્નો પરસ્પર વિરોધ હોવાથી બંને રૂપ પણ નથી પણ સત્ અને અસત્ એ શબ્દોથી નિર્વચન ન કરી શકાય એવી અનિર્વચનીય છે. આ પ્રકૃતિ જ સર્વનું મૂલ કારણ છે. તથાપિ એ પણ ગુણોની સામ્યાવસ્થારૂપ હોવાથી ગુણોથી અતિરિક્તરૂપે તો ગુણના ધર્મરૂપ છે તેથી એને ગુણનાં પર્વરૂપ કહેવામાં દોષ નથી.

આ સૂત્રથી આ ચારેને ગુણનાં પર્વ કહ્યાં. ત્યાં અગરજો એ ચારે એક સરખી રીતે સત્વાદિ ગુણોનાં પર્વરૂપ છે તથાપિ અલિંગ પર્વ તથા ઇતર ત્રણ પર્વમાં એક મોટો ભેદ એ છે કે અલિંગ પર્વ નિત્ય છે અને અન્ય ત્રણ પર્વો અનિત્ય છે. અલિંગ પર્વ નિત્ય હોવાનું કારણ એ છે કે એ પર્વમાં કોઇ નિમિત્ત નથી અર્થાત્ સત્ત્વાદિ ગુણોની એ સ્વભાવસિદ્ધ અવસ્થા છે અને મહત્ વિગેરે પર્વ નિમિત્તવશાત્ થાય છે. એ નિમિત્ત તે પુરુષાર્થની સિદ્ધિ છે. સુખ, દુઃખાભાવ અને વિવેકખ્યાતિ એ પુરુષાર્થ છે. એ પુરુષાર્થ મહતવિગેરેનું નિમિત્ત છે એ તો પૂર્વ સૂત્રમાં પ્રતિપાદન કરી ગયા છીએ. પણ એ નિમિત્ત આ અલિંગપર્વમાં નથી. કેમકે અલિંગપર્વ એ સત્ત્વાદિ ગુણોની સામ્યાવસ્થારૂપ છે, અર્થાત્ સંપૂર્ણ જગતની પ્રલયકાળની અવસ્થારૂપ એ પર્વ છે. ભોગ અને અપવર્ગરૂપ પુરુષાર્થની સિદ્ધિ સર્ગકાળે જ થાય છે અને પ્રલયકાળે થતી નથી. કેમકે પ્રલયકાળે તો ભોગનું જે કરણ અર્થાત્ બુદ્ધિ તથા ઇન્દ્રિયો તે આ પ્રકૃતિમાં શમાયું છે એટલું જ નહિ પણ જે અભિમાનીનું અણુ તે પણ એ સમયે નથી. તેથી પ્રલયકાળે સુખ તથા વિવેકખ્યાતિરૂપ પુરુષાર્થની સિદ્ધિ નથી એ તો સ્પષ્ટ છે. તેમ જ પ્રલયકાળે જે દુઃખાભાવ હોય છે તે તો કર્મજન્યદ્રવ્ય તથા અભિમાનીવગેરે દ્રવ્યના રુક્ષ થવાથી થયેલો હોય છે તેથી એ પણ આ સામ્યાવસ્થામાં નિમિત્તરૂપ નથી. તાત્પર્ય કે કોઇ પણ પુરુષાર્થની સિદ્ધિ આ અવસ્થામાં ઘટતી નથી તેથી આ અવસ્થાનું પુરુષાર્થ નિમિત્ત નથી અને અન્ય કોઇ નિમિત્તની તો પ્રાપ્તિ જ આવતી નથી. તેથી આ અવસ્થામાં કોઇ નિમિત્ત નહિ હો-

વાથી આ અવસ્થા નિત્ય અને અન્ય ત્રણ પર્વ અનિત્ય છે.

અહિં એ પ્રશ્ન થાય છે કે યદ્યપિ આ અલિંગાવસ્થામાં કોઇ નિમિત્ત નથી એ વાત સાચી તથાપિ સર્ગકાલ પ્રાપ્ત થાય છે ત્યારે એ અવસ્થા મટી મહત્ વિગેરે પરિણામો થાય છે અર્થાત્ સર્ગસમયે આ અવસ્થાનું નામ પણ નથી રહેતું તો પછી નિત્ય કેમ કહેવાય? એનો ઉત્તર આ પ્રમાણેઃ—જ્યારે પ્રલય થાય છે ત્યારે તે તે ભાગના (સૃષ્ટિના) અંત્યાવયવીથી મહત્સુધીનાં સર્વ તત્ત્વો પોતપોતાના વિશેષોને છોડી દે છે એટલે સંપૂર્ણ દ્રવ્ય સામ્યાવસ્થાને પામે છે. અર્થાત્ અલિંગ રૂપ થઈ રહે છે. પુનઃ જ્યારે સર્ગ પ્રાપ્ત થાય છે ત્યારે એ સામ્યાવસ્થાવાળા દ્રવ્યમાં ક્ષોભ થાય છે. એ ક્ષોભ એ દ્રવ્યમાત્રમાં થતો નથી પણ માત્ર એક દેશમાં જ થાય છે. એટલે જેમ સર્વ દૂધનું દધિ થાય છે તેમ અલિંગનો ઉચ્છેદ થઈ જગદાકાર પરિણામ થતો નથી પણ જેમ સમુદ્રનો એક દેશ જ ફીણ, બુદ્બુદવિગેરે પરિણામને પામે છે અને અન્ય દેશ અવિકારી અવસ્થામાં તે જ સમયે રહે છે તે પ્રમાણે આ અલિંગના એક દેશમાં જ વિકાર ઉત્પન્ન થાય છે. અને અન્ય દેશ તો સામ્યાવસ્થારૂપે જેમનો તેમ સ્થિત થાય છે. આ અવશિષ્ટ રહેલું સામ્યાવસ્થાવાળું દ્રવ્ય પોષકદ્રવ્યરૂપે એ વિકારની સર્વતઃ રહે છે અને તેથી એ આવરણ પણ કહેવાય છે. આ જ પ્રમાણે મહત્તત્ત્વ પણ સંપૂર્ણ અંશે અહંકારરૂપ પરિણામને પામતું નથી પણ એનો એક દેશમાત્ર એરૂપે પરિણામ પામે છે અને બાકી રહેલો પ્રદેશ મહત્તત્ત્વરૂપે જ રહે છે જે અહંકારના પોષક દ્રવ્યરૂપે—આવરણરૂપ ચાલે છે. આ જ પ્રમાણે અહંકાર તથા તન્માત્રા તથા પાંચભૂત એ સર્વમાટે પણ સમજવું. આ રીતે પોષકદ્રવ્યરૂપે રહેલાં આવરણો બધું મળીને આઠ છે; (૧) અલિંગ (૨) મહત્ (૩) અહંકાર અને (૪—૮) પાંચ તન્માત્રા. (એ આઠ આવરણોમાં જે તન્માત્રાનું આવરણ છે તેમાં જ પાંચ ભૂતોનાં આવરણોનો સમાવેશ કર્યો છે.) આથી એ સિદ્ધ થયું કે સર્ગકાલે પણ આવરણરૂપે અલિંગની સ્થિતિ હોય જ છે.તેથી સર્ગકાલે એ અલિંગનો કેવલ અભાવ થાય છે એ અસત્ય છે, અર્થાત્ એ અલિંગ સત્ત્વાદિની સ્વભાવસિદ્ધઅવસ્થા હોવાથી તથા સર્ગકાલે પણ અસ્તિત્વમાં હોવાથી નિત્ય છે. એ તો સાચું કે એ અલિંગ પણ ગુણોની માફક તથા પુરુષની માફક નિત્ય ગણવી ઘટતી નથી. ગુણો તો પ્રલયસમયે તથા સર્ગસમયે અર્થાત્ સદાસર્વદા સંપૂર્ણ અંશે વિદ્યમાન હોય છે અને આ અલિંગ

એક અંશમાં સર્ગસમયે વિદ્યમાન રહેતી નથી. તેમ જ પુરુષ તો સદાસર્વદા એક રૂપે રહેલો હોય છે, તેથી પુરુષના જેવું નિત્યત્વ તો આ ત્રણ ગુણો વા અલિંગ એ એમાંથી કોઇમાં પણ નથી. તથાપિ આ અલિંગપર્વ પણ સદા સત્તાવાળું હોવાથી નિત્ય કહેવું અયોગ્ય નથી. આ રીતે આ પર્વ નિત્ય છે તેથી, તથા સત્ત્વાદિ ગુણોની સ્વાભાવિક અવસ્થારૂપ છે તેથી એને જ શાસ્ત્રમાં પ્રકૃતિ કહી વર્ણન કરવામાં આવે છે.

આ સૂત્રથી સત્ત્વાદિ ગુણોનાં ચાર પર્વ કહ્યાં તથા એથી સૃષ્ટિક્રમ એ બતાવ્યો કે ગુણોની સામ્યાવસ્થારૂપ અલિંગમાં શક્તિરૂપે લય પામેલું–અવિભક્ત થઇ ગયેલું–લિંગમાત્ર (મહત્તત્ત્વ) સર્ગકાલ પ્રાપ્ત થવાથી પ્રથમ અલિંગથી વિભક્ત થાયછે. એ લિંગમાત્રમાં અવિભક્ત થયેલાં અવિશેષો પછી વિભક્ત થાય છે અને એ અવિશેષમાંથી એમાં શક્તિરૂપે રહેલા વિશેષો તદનંતર વિભક્ત થાય છે. વિશેષ સ્પષ્ટ કરી કહીએ તો આ પ્રમાણે–સત્ત્વાદિ ગુણો પ્રલયકાલસમયે પોતાની સ્વભાવસિદ્ધ સામ્યાવસ્થામાં હોય છે અર્થાત્ અલિંગપર્વમાં હોય છે.સર્ગકાલ પ્રાપ્ત થવાથી એ અલિંગરૂપ પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ, તેમાંથી ત્રિવિધ અહંકાર,તેમાંથી એકાદશ ઇન્દ્રિયો તથા પાંચ તન્માત્રાઓ અને તન્માત્રામાંથી આકાશાદિ પાંચ ભૂતો અનુક્રમે થાય છે. આ પ્રસંગમાં બે દોષ આપાતતઃ ભાસે છેઃ (૧) આ સૂત્રમાં વિશેષપર્યન્ત પર્વની ગણના કરી છે તેથી પૃથિવ્યાદિ પંચભૂતનાં કાર્યરૂપ બ્રહ્માંડના સ્થૂલ પદાર્થો સત્ત્વાદિનાં કાર્યમાં ન આવવાથી એમાં ન્યૂનતા આવે છે અને (૨) આ સ્થળે બતાવેલો સૃષ્ટિક્રમ શ્રુતિસ્મૃતિ અનુસાર નથી કેમકે શ્રી તૈત્તિરીયોપનિષદમાં तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः। आकाशाद्वायुः ઇત્યાદિ શ્રુતિથી ઉત્પત્તિક્રમમાં પ્રથમ આકાશ કહ્યું છે અને અહિં તો મહત્તત્ત્વની પ્રથમતા કહી છે તેથી આ સ્થલનો ક્રમ શ્રુતિથી વિરુદ્ધ છે એ સ્પષ્ટ છે. આ બન્ને દોષોના પરિહાર આ પ્રમાણે થઇ શકે છેઃ—

આ સ્થલે પર્વશબ્દથી જે પરિણામરૂપ અવસ્થાવિશેષનું ગ્રહણ કર્યું છે તે તત્ત્વાન્તરરૂપ પરિણામો છે, તેથી સત્ત્વાદિનાં માત્ર ચાર પર્વો કહ્યાં છે. બ્રહ્માણ્ડના પંચીકૃત સ્થૂલ પદાર્થો પૃથિવ્યાદિમહાભૂતનાં કાર્ય રૂપ છે તથાપિ એ મહાભૂતથી ભિન્ન તત્ત્વરૂપ નથી અને તેથી મહાભૂતથી ભિન્નપર્વરૂપ નહિ કહેવાય, પણ કાર્યકારણના અભેદથી મહાભૂતરૂપ જ છે અર્થાત્ મહાભૂતનું કથન કરવાથી એમાં જ એ આવી જાય છે તેથી

ન્યૂનતા નથી. વિશેષરૂપ વિકારો અવિશેષથી ભિન્ન તત્ત્વરૂપ હોવાથી ભિન્નપર્વરૂપે ગણાવા યોગ્ય છે. જે બે વસ્તુમાં સરખી રીતે ઇન્દ્રિયગ્રાહ્યતા, સ્થૂલતાવગેરે હોય છે તે બન્ને ભિન્ન તત્ત્વ ગણાતાં નથી અને જેમાં ઇન્દ્રિયગ્રાહ્યતાવગેરે ધર્મો ભિન્ન ભિન્ન હોય છે તે ભિન્ન તત્ત્વો ગણાય છે. આ સાધારણ નિયમથી અવિશેષથી વિશેષ અધિક સ્થૂલ હોવાથી ભિન્નતત્ત્વરૂપ છે અને અન્ય બ્રહ્માણ્ડના સ્થૂલ પદાર્થો વિશેષના તત્ત્વાન્તર પરિણામ નથી પણ ધર્મ, લક્ષણ અને અવસ્થા પરિણામો છે એ તૃતીય પાદમાં વિસ્તારથી કહેવાશે. આ વાત તો દરેક વિચારવાનને સહજ સમજાય એમ છે. લૌકિક પ્રમાણથી જેમ બ્રહ્માણ્ડના પદાર્થો જણાય છે તેમ આ વિશેષો પણ જણાય છે અને અવિશેષ વિગેરે લૌકિક પ્રમાણથી પ્રત્યક્ષ થતા નથી એ હાલની શોધથી પણ સિદ્ધ થાય છે. સૂક્ષ્મદર્શકયંત્ર વિગેરે સાધનોથી અવિશેષ જ્ઞાનગોચર થતા નથી પણ માત્ર વિશેષ જ થતા છે તેથી બન્નેની ઇન્દ્રિયગ્રાહ્યતામાં ભેદ છે. આમ હોવાથી જ શાસ્ત્રકારોએ વિશેષનું પ્રતિપાદન કરવામાં વિસ્તાર કોઈ પણ સ્થલે કર્યો દેખાતો નથી કારણ કે તે લૌકિક પ્રમાણથી જાણી શકાય એમ છે પણ માત્ર અવિશેષથી આરંભી ઉપરનાં તત્ત્વોને જ વિસ્તારથી પ્રતિપાદન કર્યાં છે કારણ કે યોગજ પ્રત્યક્ષથી અતિરિક્ત પ્રત્યક્ષના એ વિષય થઈ શકે એમ નથી. આમ હોવાથી ગુણોનાં જે ચાર પર્વ પાડ્યાં છે તે યોગ્ય છે તથા એના વિશેષરૂપ પર્વમાં બ્રહ્માણ્ડના સમગ્ર સ્થૂલપદાર્થો આવી જાય છે, તેથી ન્યૂનતા નથી.

બીજું જે કહ્યું કે અહિંનો સૃષ્ટિક્રમ શ્રુતિવિરુદ્ધ છે પણ તે યોગ્ય નથી. શ્રીપ્રશ્નોપનિષદમાં एवं ह वै तत्सर्वं परे आत्मनि संप्रतिष्ठते पृथिवी च पृथिवीमात्रा चापश्चापोमात्रा च-ઇત્યાદિ શ્રુતિથી આકાશાદિ ભૂતની સાથે શબ્દતન્માત્રા વગેરેનું કથન કર્યું છે. તેથી માત્ર પાંચભૂતોની ઉત્પત્તિ જ ત્યાં કહી છે અને ગંધતન્માત્રા વિગેરેની નથી એ કહેવું અસંગત છે. તેમ જ શ્રીઅથર્વવેદના મુણ્ડકોપનિષદમાં एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च। खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी ॥ ઇત્યાદિ વાક્યથી મન, ઇન્દ્રિય વગેરેની પણ પૃથક્ ઉત્પત્તિ કહી છે. તેમ જ શ્રી ગોપાલતાપનીયોપનિષદમાં અહિં કહેલાં તત્ત્વોની ઉત્પત્તિ તથા ક્રમવગેરે સર્વ આ જ પ્રમાણે બતાવ્યાં છે. ત્યાં કહ્યું છે કે तस्मादव्यक्तमेवाऽक्षरं, तस्मादक्षरान्महत्, महतो वै अहंकारः, तस्मादेवाहंकारात् पंच तन्मात्राणि तेभ्यो भूतानि- તેમાંથી નાશ નહિ પામનાર એવું અવ્યક્ત એટલે પ્રધાન થાય છે;

એ પ્રધાનમાંથી લિંગમાત્રરૂપ મહત્તત્ત્વ થાય છે, એ મહત્માંથી અહંકાર અને અહંકારમાંથી તન્માત્રા થાય છે તથા પાંચ તન્માત્રામાંથી પૃથિવ્યાદિ ભૂતવિશેષ થાય છે. તેથી એ સિદ્ધ થાય છે કે અહિં પ્રતિપાદન કરેલો ક્રમ શ્રુતિઅનુસાર જ છે. અને તેથી જેમ શ્રીછાંદોગ્યોપનિષદ્માં તેજ, જલ અને પૃથિવી એ ત્રણ ભૂતોનું જ સૃષ્ટિપ્રક્રિયામાં કથન છે છતાં ઉપરની તૈત્તિરીયશ્રુતિપ્રમાણે આકાશ અને વાયુરૂપ બે ભૂતોનું પૂરણ કરવામાં આવે છે તે જ પ્રમાણે આ શ્રીગોપાલતાપનીયશ્રુતિ પ્રમાણે આકાશની પૂર્વે તન્માત્રા, અહંકાર,લિંગમાત્ર અને અલિંગ એ ચારનું સૃષ્ટિક્રમમાં પૂરણ કરવું યોગ્ય છે. આ રીતે શ્રુતિવિરોધરૂપ જે બીજો દોષ આપ્યો હતો તે પણ અયુક્ત ઠરે છે. તેથી આ સૂત્રમાં કહેલું કેવલ યોગ્ય છે એ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે આ બે સૂત્રોથી એ કહ્યું કે સમગ્ર પર્વવાળાં સત્ત્વાદિ ગુણો દૃશ્ય છે અર્થાત્ સમગ્ર જડપદાર્થો દૃશ્ય છે.એ ગુણત્રય સર્વ જગતના કારણરૂપ હોવાથી પ્રકૃતિ કહેવાય છે, સુખદુઃખ અને મોહ ધર્મવાળાં હોવાથી સુખદુઃખમોહાત્મક કહેવાય છે, રાજાના અમાત્યની માફક પુરુષના સર્વ અર્થ સાધનાર હોવાથી પ્રધાન કહેવાય છે અથવા સંપૂર્ણ કાર્યો એની અંદર રહે છે તેથી પ્રધાન કહેવાય છે, જગત્ને મોહ કરનાર હોવાથી માયા કહેવાય છે—વિગેરે વિવિધ નામથી શાસ્ત્રમાં તથા લોકમાં પ્રસિદ્ધિને પામ્યાં છે. શ્રીવાસિષ્ઠમાં કહ્યું છે-

नामरूपविनिर्मुक्तं यस्मिन्संतिष्ठते जगत् ।
तमाहु: प्रकृतिं केचिन्मायामेके परेत्वणून् ॥

નામ અને રૂપથી રહિત, અવ્યાકૃતઅવસ્થાવાળા સત્ત્વાદિ ત્રણ ગુણો જેની અંદર સમગ્ર જગત્ રહ્યું છે તેને પ્રકૃતિ કહે છે, કેટલાક માયા કહે છે તથા કેટલાક પરમાણુ કહે છે વિગેરે. આ વિવિધ નામોવાળું સર્વ પર્વવિશિષ્ટ પ્રકૃતિદ્રવ્ય દૃશ્ય છે.

આ રીતે દૃશ્યનું સ્વરૂપ કહી હવે દૃશ્યની વ્યાવૃત્તિથી બોધન કરાતું દ્રષ્ટાનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે.

द्रष्टा दृशिमात्रः शुद्धोऽपि प्रत्ययानुपश्यः ॥२०॥

સૂત્રાર્થ—દ્રષ્ટા કેવલ જ્ઞાનસ્વરૂપ છે, વાસ્તવે જડત્વ, પરિણામિત્વ વિગેરે બુદ્ધિના ધર્મરૂપ અશુદ્ધિથી રહિત છે અર્થાત્ શુદ્ધ છે છતાં અવિવેકથી બુદ્ધિવૃત્તિના સમાન આકારવાળો થયેલો ભાસે છે.

દ્રષ્ટા—એટલે અર્થાકાર બુદ્ધિવૃત્તિનો પ્રતિબિંબદ્વારા જોનાર મનાતો પુરુષ. આ સૂત્રમાં આ પદ લક્ષ્યનો નિર્દેશ કરનાર છે.

દૃશિમાત્ર:—દૃશિ એટલે જ્ઞાન. માત્ર એટલે પૂર્વસૂત્રમાં કહેલા દૃશ્યના પ્રકાશાદિ ગુણોથી વ્યાવૃત્ત અર્થાત્ રહિત. તેથી દૃશિમાત્ર: એટલે પ્રાકૃત (પ્રકૃતિના) પ્રકાશ, ક્રિયા તથા સ્થિતિ એ વગેરે ગુણોથી રહિત, કેવલ જ્ઞાનસ્વરૂપ. જ્ઞાન વા દૃશિ ગુણરૂપ નથી પણ એ દ્રવ્યનું નામ છે તેથી પુરુષ જ્ઞાનવાળો નથી પણ જ્ઞાનસ્વરૂપ છે, એ આ પદથી પ્રતિપાદન કરાય છે. ત્યાં પુરુષને જ્ઞાનરૂપ જ માનવો યોગ્ય છે કેમકે જ્ઞાનનો આશ્રય માનીએ તો અનેક દોષ આવે છે. શ્રુતિ કહે છે કે सत्यं ज्ञानमनन्तं ब्रह्म, आत्मैव स्याज्ज्योतिः આત્મા સત્ય છે, જ્ઞાનરૂપ છે તથા અનંત છે, આત્મા જ્યોતિરૂપ વા જ્ઞાનરૂપ છે વગેરે. જો આત્મા વા દ્રષ્ટા પુરુષ જ્ઞાનનો આશ્રય હોય તો શ્રુતિમાં જે જ્ઞાન અને બ્રહ્મનો એકવિભક્તિથી નિર્દેશ કર્યો છે તે અયોગ્ય ઠરે. તેમ જ સ્મૃતિવચન પણ કહે છે કે ज्ञानं नैवात्मनो धर्मो न गुणो वा कथंचन । ज्ञानस्वरूप एवात्मा नित्यः सर्वगतः शिवः ॥ જ્ઞાન આત્માનો ધર્મ નથી તેમ કોઇ પણ રીતે ગુણ પણ નથી, પણ સર્વ સ્થળે રહેલો આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ જ છે. આ વગેરે સ્મૃતિવચન પણ જ્ઞાનને ગુણરૂપ લેવાથી અયોગ્ય ઠરે છે. આ વગેરે કારણથી* આત્માને જ્ઞાનનો આશ્રય માનવો ઉચિત નથી પણ જ્ઞાનસ્વરૂપ જ માનવો ઉચિત છે.

અહિં એ શંકા થાય છે કે જ્યારે આત્મા જ્ઞાનરૂપ જ છે ત્યારે जानामि હું જાણુંછું—જ્ઞાનવાળોછું એવી પ્રતીતિ કેવી રીતે થાય, તેમ જ આત્માને દ્રષ્ટા કેમ કહેવાય? એનો ઉત્તર એ કે આત્મા ખરૂં જોતાં જ્ઞાનરૂપ જ છે એમ શ્રુતિસ્મૃતિવગેરે બલવાન્ પ્રમાણોથી સિદ્ધ થાય છે તેથી જેમ હું ગૌરછું, હું મનુષ્યછું વગેરે પ્રતીતિ બાધિત ઠરે છે, તે જ પ્રમાણે હું જાણુંછું એ પ્રતીતિ પણ વસ્તુવિચારથી ભ્રમરૂપ જ ઠરે છે. તેથી એ ભ્રમરૂપ પ્રતીતિથી આત્માનું જ્ઞાનરૂપત્વ ખંડિત થતું નથી. એ ભ્રમ કેવી રીતે થાય છે તથા જ્ઞાનરૂપ આત્મા દ્રષ્ટા કેવી રીતે બને છે એનું પ્રતિપાદન સૂત્રકારજ આ સૂત્રના પ્રત્યયાનુપશ્યપદથી કરે છે. તેથી અહિં વિસ્તારની જરૂર નથી.

આ પ્રમાણે આ પદથી આત્માનું સ્વરૂપ કહ્યું. હવે એ આ-

---

* વિશેષ માટે જુઓ શ્રીવેદાન્તસૂત્ર ज्ञोऽतएव २ । ३ । १८ ॥ ઇત્યાદિ, તથા ચિત્સુખીનો પ્રથમ પરિચ્છેદ.

ત્મા દૃશ્યથી ભિન્ન છે અર્થાત્ દૃશ્યની અશુદ્ધિથી રહિત છે, એ તથા દૃશ્યસાથે કેવી રીતે અભિન્નરૂપે અધ્યસ્ત થાય છે એ પ્રતિપાદન કરવા शुद्धोऽपि प्रत्ययानुपश्यः એ પદો છે. ત્યાં પ્રથમનાં બે પદોથી (शुद्धोऽपि) આત્મા દૃશ્યથી ભિન્ન છે એ પ્રતિપાદન થાય છે.

शुद्धोऽपि એટલે શુદ્ધ છે છતાં, અર્થાત્ વાસ્તવે તો અશુદ્ધિથી રહિત છે તોપણ. ત્યાં અશુદ્ધિ એટલે બુદ્ધિમાં રહેલા ગુણો જેવા કે પરિણામિત્વ વગેરે. એ ગુણો આત્મામાં નથી તેથી આત્મા શુદ્ધ છે. આમ હોવાથી આત્મા બુદ્ધિસત્ત્વથી વસ્તુતઃ ભિન્ન છે. સ્ફુટ કરી કહીએ તો આત્મા બુદ્ધિથી ભિન્ન છે એ નીચે પ્રમાણેનાં કારણોથી સિદ્ધ થાય છે:—

(૧) બુદ્ધિ પરિણામ પામનાર છે કેમકે એના વિષયો સદા જ્ઞાત હોતા નથી પણ કોઇ વખતે જ્ઞાત થાય છે અને કોઇ વખતે અજ્ઞાત રહે છે. ત્યાં બુદ્ધિ જે વિષયાકારપરિણામને પામે છે તે વિષય જ્ઞાત થાય છે અને અન્ય વિષય અજ્ઞાત રહે છે. તેથી બુદ્ધિ જ્ઞાનસમયે પરિણામ પામે છે એ સિદ્ધ થાય છે. અર્થાત્ બુદ્ધિ પરિણામી છે. એથી ઉલટું આત્મા પરિણામ પામતો નથી કેમકે એનો વિષય સદા જ્ઞાત જ હોય છે. આત્માના સાક્ષાત્ દૃશ્યરૂપ તો બુદ્ધિવૃત્તિ જ છે અને એ વૃત્તિ જ્યારે જ્યારે ઉદય થાય છે ત્યારે ત્યારે (નિયમે કરીને) જ્ઞાત થાય છે. જો વૃત્તિનું અજ્ઞાન સંભવતું હોય તો પછી અહિં અમુક પદાર્થ નથી એમ નહિ કહેવાય, અર્થાત્ કોઈ પણ પદાર્થના અભાવનો નિશ્ચય નહિ થાય. અહિં અમુક પદાર્થ નથી એમ જે આપણે કહીએ છીએ તેનું કારણ એ છે કે તે પદાર્થ પ્રત્યક્ષ થવાને યોગ્ય છતાં આપણને તેનું જ્ઞાન થતું નથી. જો બુદ્ધિવૃત્તિ અજ્ઞાત રહેતી હોય તો એવું પણ બને કે પદાર્થ ત્યાં હોય, આપણી વૃત્તિ તદાકાર પરિણામને પામેલી હોય છતાં તે વૃત્તિ અજ્ઞાત રહેવાથી તે પદાર્થનું જ્ઞાન આપણને થતું નહિ હોય. આમ થવાથી અનુપલબ્ધિપ્રમાણ વ્યર્થ વા અસંભવિત ઠરે અર્થાત્ અભાવનો નિશ્ચય કદાપિ થાય નહિં. પણ તેમ તો છે નહિ. તેથી બુદ્ધિવૃત્તિ સદા જ્ઞાત જ હોય છે એ માનવું ઉચિત છે. પ્રલયસમયે તથા અસંપ્રજ્ઞાતયોગસમયે બુદ્ધિવૃત્તિ અજ્ઞાત રહે છે એમ કોઇ કહે તો તે પણ યોગ્ય નથી કેમકે એ સમયે બુદ્ધિની વૃત્તિ જ હોતી નથી તો પછી અજ્ઞાત છે એ માનવું કેવલ ભૂલભરેલું જ કહેવાય. તેથી બુદ્ધિની અર્થાકારને પામેલી વૃત્તિ તથા એજ પ્રમાણે સુખ, દુઃખ, ઇચ્છા, દ્વે-

પરૂપ સર્વ વૃત્તિઓ જે પુરુષના સાક્ષાત્ દશ્યરૂપ છે તે સદા જ્ઞાત જ છે. એ વૃત્તિઓ સદા જ્ઞાત હોવાથી પુરુષ અપરિણામી છે. આ રીતે પ્રથમ એ સિદ્ધ થયું કે બુદ્ધિનો વિષય કોઈ વખત જ્ઞાત હોય છે અને કોઈ વખતે અજ્ઞાત હોય છે તેથી બુદ્ધિ પરિણામી છે તથા પુરુષનો વિષય સદાજ્ઞાત હોવાથી પુરુષ અપરિણામી છે.

(૨) બુદ્ધિ પરાર્થ છે અને આત્મા સ્વાર્થ છે એટલે પરાર્થ નથી. જે પદાર્થ અન્ય કોઈને અર્થે હોય તે પરાર્થ કહેવાય છે. આપણે જોઈએ છીએ કે જે જે પદાર્થ પોતાનો વ્યાપાર કરવામાં અન્ય સહકારીની અપેક્ષા રાખે છે તે સર્વ પરાર્થ છે. જેમકે શય્યા, આસન વગેરે પદાર્થો પોતાના શયનાદિ કાર્યમાટે ભૂમિવગેરે સહકારીની અપેક્ષા રાખે છે તથા પોતાથી અન્ય જે ભોક્તા તેને અર્થે છે અર્થાત્ પરાર્થ છે. આ નિયમપ્રમાણે વિષયના ગ્રહણરૂપ પોતાના વ્યાપારને માટે બુદ્ધિ ઇન્દ્રિયોવગેરે સહકારીની અપેક્ષા રાખે છે તેથી પરાર્થ હોવી ઘટે છે અર્થાત્ પોતાથી અન્ય જે ભોક્તા તેને અર્થે હોવી ઘટે છે, તેથી બુદ્ધિ પરાર્થ છે. એથી ઉલટું પુરુષ કોઈને અર્થે નહિ હોવાથી પરાર્થ નથી. શ્રીબૃહદારણ્યકોપનિષદ્માં પણ યાજ્ઞવલ્ક્યે મૈત્રેયીપતિ એ જ કહ્યું છે न वाऽरे पत्युः कामाय पतिः प्रियो भवति... न वाऽरे सर्वस्य कामाय सर्वं प्रियं भवति आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति—હે મૈત્રેયિ ! પતિને માટે પતિ પ્રિય નથી પણ અન્યને (આત્માને) માટે જ પ્રિય લાગે છે; સર્વ દશ્ય પોતાને અર્થે પ્રિય નથી પણ આત્માને અર્થે જ પ્રિય છે. તેથી એ સિદ્ધ થાય છે કે બુદ્ધિ પરાર્થ છે અને આત્મા તેમ નથી.

(૩) સુખ, દુઃખ અને મોહ સ્વભાવવાળા સર્વ અર્થને તદાકાર પરિણામ પામી બુદ્ધિ ગ્રહણ કરે છે તેથી બુદ્ધિ ત્રિગુણાત્મક છે અને ત્રિગુણાત્મક હોવાથી જડ છે. એથી ઉલટું પુરુષ તો માત્ર પોતાના પ્રતિબિંબદ્વારા અર્થનો જાણનાર મનાય છે તેથી એ ત્રિગુણાત્મક નથી અને તેથી જડરૂપ નથી.

આ ત્રણ હેતુથી બુદ્ધિથી પુરુષ કેવલ વિજાતીય છે એ સિદ્ધ થાય છે. એ ત્રણ (પરિણામિત્વ, પરાર્થત્વ અને જડત્વ) ધર્મો અશુદ્ધિ જ છે અને પુરુષ એ અશુદ્ધિથી રહિત છે તેથી શુદ્ધ છે. આ પ્રમાણે આ શુદ્ધોઽપિ પદથી બુદ્ધિસત્વ તથા પુરુષનો વિવેક પ્રતિપાદન કર્યો છે. ત્યાં એ પ્રશ્ન થાય છે કે આ સ્થળે સામાન્યરૂપે દશ્યથી પુરુષનો વિવેક પ્રતિપાદન કરવો ઘટે છે, તેને બદલે માત્ર બુદ્ધિ-

સત્ત્વથી વિવેક કેમ પ્રતિપાદન કર્યો છે ? એનો ઉત્તર આ પ્રમાણેઃ- દેહ તથા ઇન્દ્રિયથી આત્મા જૂદો છે એ વાતનું પ્રતિપાદન તો ન્યાયવગેરે શાસ્ત્રમાં પણ કર્યું છે. ત્યાં કહ્યું છે કે દેહ એ આત્મા વા ચૈતન્ય નથી. કેમકે જો દેહ એજ આત્મા હોય તો જ્યારે જ્યારે દેહની પ્રતીતિ થાય ત્યારે ત્યારે આત્માની અર્થાત્ ચૈતન્યની પ્રતીતિ થવી જોઇએ. પણ તેમ તો છે નહિ. મરણસમયે તથા સુષુપ્તિકાલે દેહની પ્રતીતિ સર્વને થાય છે પણ આત્માની પ્રતીતિ તે સમયે થતી નથી. તેથી દેહ એ જ આત્મા નથી. તેમ જ દેહ જો આત્મા હોય તો બાલ્યાવસ્થાનો દેહ તે યુવાવસ્થાનો દેહ નથી અર્થાત્ બંને ભિન્ન ભિન્ન છે. તેથી દેહાત્મવાદમાં બાલ્યાવસ્થાનો આત્મા યુવાવસ્થાના આત્માથી ભિન્ન થાય અને એમ થાય ત્યારે જેમ એક આત્માનાં કરેલાં કર્મોનું અન્ય આત્માને સ્મરણ થતું નથી તેમ બાલ્યાવસ્થાના આત્માએ કરેલાં કર્મોનું યુવાવસ્થાના આત્માને સ્મરણ ન થવું જોઇએ, પણ તેમ તો છે નહિ. આ કારણથી પણ દેહ એ જ આત્મા ઘટતો નથી. તેમ જ જો જ્ઞાનેન્દ્રિય આત્મા લઇએ તો એ પાંચ હોવાથી પાંચ આત્મા થયા. તેથી એકી વખતે પાંચ પદાર્થનું જ્ઞાન થવું જોઇએ પણ તેમ થતું નથી. તેમ જ **योऽहं घटमद्राक्षं सोऽहं तं स्पृशामि**-જે આત્માએ ઘટ જોયો તેજ આત્મા હાલ તેને સ્પર્શ કરે છે એ પ્રકારનું જે અબાધિત જ્ઞાન થાય છે તે નહિ થાય. કેમકે જોનાર આત્મા ચક્ષુરૂપ છે અને સ્પર્શકરનાર અન્ય ઇન્દ્રિયરૂપ છે અર્થાત્ બંને ભિન્ન છે. આ રીતે પ્રત્યેક ઇન્દ્રિયને આત્મા લેવાય એમ નથી. તેમ જ એ પાંચમાંથી કોઈ એકને પણ આત્મા લેવાય એમ નથી. કેમકે તેમ લેવાથી શબ્દાદિ પાંચ વિષયમાંથી ચારનું જ્ઞાન થવું અસંભવિત થવાનું એટલું જ નહિ પણ ઉપર કહેલું અબાધિત જ્ઞાન પણ અસંગત ઠરવાનું. આ વગેરે યુક્તિઓથી આત્મા દેહ તથા ઇન્દ્રિયથી પૃથક્ છે એ વાતનું ન્યાય તથા વૈશેષિક દર્શનોમાં પ્રતિપાદન કર્યું છે- તેથી સાંખ્ય અને યોગશાસ્ત્રમાં માત્ર બુદ્ધિસત્ત્વથી આત્માનો ભેદ (જે ત્યાં નથી બતાવ્યો તે) પ્રતિપાદન કરવો આવશ્યક છે. આમ હોવાથી આ સ્થળે સામાન્ય રીતે દૃશ્યથી વિવેક ન પ્રતિપાદન કરતાં માત્ર બુદ્ધિસત્ત્વથી કર્યો છે તે યોગ્યજ છે. એટલું જ નહિ પણ આત્માનો મુખ્ય અધ્યાસ બુદ્ધિસાથે જ થાય છે અને એ અધ્યાસદ્વારા જ અન્ય અનાત્મ પદાર્થોસાથે અધ્યાસ થાય છે. તેથી બુદ્ધિથી આત્માનો ભેદ પ્રતિપાદન કર્યો એટલે એની મેળે

જ અન્ય વિષયોથી એ ભેદનું પ્રતિપાદન થઇ જાય છે. આ વગેરે કારણોથી અહિં બુદ્ધિ તથા આત્માના ભેદનું જ સાક્ષાત્ પ્રતિપાદન કર્યું છે. એ ભેદજ્ઞાનથી દૃશ્યમાત્રથી આત્માનો ભેદ નિશ્ચય થાય છે કેમકે દૃશ્યમાત્ર ત્રિગુણ પરિણામી, પરાર્થ તથા જડછે.

આ પ્રમાણે शुद्धोऽपि પદથી સૂત્રકારે બુદ્ધિસત્ત્વ અને આત્માનો ભેદ પ્રતિપાદન કર્યો. ત્યાં એ પ્રશ્ન થાય છે કે જ્યારે આ પ્રમાણે આત્મા એટલે પુરુષ અને બુદ્ધિસત્ત્વ એ અત્યંત ભિન્ન છે તો પછી બંનેનો અભેદભ્રમ કેવી રીતે થાય છે. તથા પુરુષ કેવલ જ્ઞાનસ્વરૂપ હોવા છતાં દ્રષ્ટા કેમ કહેવાય છે. ? આ પ્રશ્નનો ઉત્તર આપવા સૂત્રકાર કહે છે કે—

प्रत्ययानुपश्यः—અગર જો આત્મા અહિં કહ્યું તે પ્રમાણે જ છે પણ એ આત્મા प्रत्ययानुपश्य છે. प्रत्यय એટલે અર્થાકાર પામેલી બુદ્ધિ અને अनुपश्य એટલે સાક્ષાત્ દ્રષ્ટા નહિ પણ પ્રતિબિંબદ્વાર બુદ્ધિનો દ્રષ્ટા. આ પદથી એ કહ્યું કે પુરુષ શુદ્ધ છતાં બુદ્ધિનો દ્રષ્ટા છે, એટલે બુદ્ધિ અર્થાકાર પરિણામને પામેછે, તથા તેમાં પડેલા પ્રતિબંબથી અચેતનબુદ્ધ પણ ચેતનવત્ થયેલી હોયછે. આમ થવાથી એ પ્રતિબિંબદ્વારા ચેતનતાને પામેલી હોય એવી થયેલી બુદ્ધિ એ અર્થાકાર પરિણામનું ભાન કરેછે. તેથી પુરુષ ખરું જોતાં દ્રષ્ટા નથી કેમકે સુખ દુઃખ વિગેરે વૃત્તિઓને પ્રકાશ કરવી એ પુરુષનો વ્યાપાર જ નથી. આમ હોવાથી પુરુષ તો માત્ર ઉપદ્રષ્ટા કહી શકાય એમ છે.

આ પદથી ઉપરના બે પ્રશ્નોનો આ પ્રમાણે સૂત્રકારે ઉત્તર આપ્યો કે પુરુષ જેમ બુદ્ધિથી વિલક્ષણ છે તેમ કોઈ કોઇ અંશમાં સમાનજેવો પણ છે. કેમકે નિર્મલ પદાર્થની પ્રતિબિંબને ગ્રહણ કરવાની સ્વભાવશક્તિવશાત્ જ્યારેબુદ્ધિસત્ત્વ પુરુષપ્રતિબિંબવાળું થવાથી ચેતનવત્ થાયછે ત્યારે પુરુષ અને એ બુદ્ધિસત્ત્વ સમાનજેવાં જ દેખાય છે. આમ હોવાથી અભેદ ભ્રમ થાયછે એટલુંજ નહિ પણ એ અભેદભ્રમ થવાથી પ્રતિબિંબસહિત બુદ્ધિમાં રહેલા દૃષ્ટૃત્વ ધર્મનો પુરુષમાં મિથ્યા આરોપ પણ થાયછે.

આ સૂત્રથી સૂત્રકારે એ કહ્યું કે લોકોમાં અવિવેકથી જે દ્રષ્ટા મનાય છે તે કેવલ જ્ઞાનસ્વરૂપ દ્રવ્ય છે, છતાં પ્રતિબિંબદ્વારા બુદ્ધિવૃત્તિનો ઉપદ્રષ્ટા છે. આજ અર્થ શ્રી પંચશિખાચાર્યે પણ अपरिणामिनी हि भोक्तृशक्तिरप्रतिसंक्रमा च परिणामिन्यर्थे प्रतिसंक्रान्तेव तद्वृत्तिमनुपतति—

દૃક્શક્તિ વસ્તુતઃ પરિણામ પામતી નથી પણ અપરિણામી છે તથા જેમ ચંદ્રનું જલમાં પ્રતિબિંબ પડવાથી ચંદ્ર જલમાં જતો નથી તેમ એ દૃક્શક્તિ પુરુષ પણ બુદ્ધિમાં આવતો નથી, છતાં જેમ ચંદ્રના પ્રતિબિંબવાળુ જલ ચંદ્રવાળું હોય એમ ભાસે છે તથા જલના હલન ચલનથી ચંદ્ર તે તે આકારવાળો થયેલો હોય એમ મિથ્યા ભાસે છે, તેમ બુદ્ધિવૃત્તિમાં પુરુષ ગયેલો હોય તેમ, તથા તેના સમાન આકારવાળો થઈ રહેલો હોય તેમ મિથ્યા ભાસેછે, ઈત્યાદિ વચનોથી એ જ અર્થ કહ્યો છે.

આ પ્રમાણે આ સૂત્રોથી દ્રષ્ટા અને દૃશ્યના સ્વરૂપનું પ્રતિપાદન કર્યું. હવે એ એના સંયોગનું પ્રતિપાદન કરવું બાકી છે. પણ એ પ્રતિપાદન યથાર્થ થવામાટે એના અંગભૂત દૃશ્ય અને દ્રષ્ટાના ગુણપ્રધાનભાવનું (શેષશેષિભાવનું) પ્રતિપાદન અવશ્ય થવું જોઈએ છે. તેથી સૂત્રકાર તે પ્રથમ કરે છે,

तदर्थ एव दृश्यस्यात्मा ॥ २१ ॥

સૂત્રાર્થ—દ્રષ્ટામાટે જ દૃશ્યનું સ્વરૂપ છે. અથવા દ્રષ્ટાના ભોગ અને અપવર્ગરૂપ બે અર્થ એજ જેના અર્થ છે એવું દૃશ્યનું સ્વરૂપ છે.

तदर्थः—એટલે તેનો અર્થ, અર્થાત્ દ્રષ્ટાનો અર્થ. અથવા તો આ સમાસને બહુવ્રીહિ લઈ આ અર્થ પણ થાયછે કે तस्य अर्थः एव अर्थः यस्य सः—દ્રષ્ટાનાં ભોગ અને અપવર્ગરૂપ પ્રયોજન તે જેનાં પ્રયોજન છે એવું.

दृश्यस्यात्मा દૃશ્યનું સ્વરૂપ એટલે કાર્યકારણાત્મક સંસારરૂપે દર્શન.

આ સૂત્રથી એ કહ્યું કે પ્રકૃતિરૂપ ત્રણ દ્રવ્યો પુરુષના જે ભોગ અને અપવર્ગરૂપ બે અર્થ છે તેને માટે પરિણામ પામેછે તથા સ્થિતિ પામેછે. એ તો આગળ અનેકશઃ કહ્યું છે કે વાસ્તવિક રીતે ભોગ અને અપવર્ગ એ બંનેમાંથી કોઈ પણ અર્થ પુરુષનો નથી તથાપિ વ્યવહારમાં બુદ્ધિસાથેના અભેદભ્રમથી એ બંને પુરુષના અર્થ મનાય છે. તેથી એ બે પુરુષાર્થની નિષ્પત્તિમાટે દૃશ્યનું સ્વરૂપ છે. ત્યાં જે જે પદાર્થો પોતાના વ્યાપારમાટે અન્ય સહકારીની અપેક્ષા રાખેછે તે સર્વ શય્યા, આસન વિગેરે માફક પરાર્થ છે એ ગયા સૂત્રની વ્યાખ્યામાં વિસ્તારથી પ્રતિપાદન કર્યું છે. તેથી એ બે અર્થમાટે દૃશ્યનું દર્શન છે એ સિદ્ધ થાયછે. જ્યારે એ બે પ્રયોજનની સિદ્ધિ થઈ રહે છે ત્યારે દૃશ્યના સ્વરૂપની સ્થિતિમાં કોઈ હેતુ નહિ રહેવાથી એ દૃશ્ય અદૃશ્ય થઈ જાય છે; અર્થાત્ સંસારાકાર પરિણામને

પ્રકૃતિ પામતી નથી, કેમકે જે વસ્તુની જે પ્રયોજનને માટે સ્થિતિ થઇ હોય તે પ્રયોજનની સિદ્ધિ થઈ રહેવાથી તેની સ્થિતિમાં અન્ય કોઇ હેતુ રહેતો નથી એટલે તે પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે, એ આપણે જાણીયે છીએ. આપણે જાણીએ છીએ કે ધર્માધર્મની વાસનાવાળું ચિત્ત જ્યાં સુધી ચરિતાર્થ થયું નથી ત્યાંસુધી જ રહેછે અને તેમ થવાથી એની સ્થિતિમાં કોઇ હેતુ રહેતો નથી એટલે એ સ્વકારણમાં લીન થઈ જાય છે. આજ પ્રમાણે સમગ્ર દૃશ્યમાટે છે. દૃશ્યનું પુરુષને દર્શન કરાવવું અર્થાત્ પુરુષના ભોગ અને અપવર્ગ સિદ્ધ કરી આપવા એ જ માત્ર પ્રયોજન છે, એ તો સર્વસંમત છે તેથી એ પ્રયોજનની સિદ્ધિ થઇ એટલે એ સ્વરૂપથી રહિત થાય એ સ્વાભાવિક છે.

અહિં એ આક્ષેપ થાય છે કે જો આ પ્રમાણે હોય તો પછી એક પુરુષના ભોગ અને અપવર્ગ સિદ્ધ થયા એટલે પછી સત્વાદિ ત્રણ ગુણરૂપ પ્રકૃતિની સ્થિતિમાં કોઇ હેતુ રહેવાનો નહિ તેથી એનો ઉચ્છેદ થવાનો તેમ જ એનો મહદાદિ સંસારરૂપે પરિણામ થવામાં પણ કંઈ હેતુ નહિ રહેવાથી એ પણ નહિ થવાનો. આમ હોય તો આજે સંસારની જે પ્રતીતિ થાય છે તે નહિ થવી જોઇએ કેમકે આ ક્ષણપૂર્વે અનેક પુરુષો મુક્ત થઇ ગયા છે એ આપણે જાણીએ છીએ. આ આક્ષેપનો પરિહાર કરવા સૂત્રકાર કહે છે કે

कृतार्थं प्रति नष्टमप्यनष्टं तदन्यसाधारणत्वात् ॥२२॥

સૂત્રાર્થઃ—જેના ભોગ અને અપવર્ગરૂપ અર્થ સમાપ્ત થયા છે તેવા પુરુષપ્રતિ દૃશ્ય નષ્ટ થઇ જાય છે તથાપિ એ દૃશ્ય એ મુક્તપુરુષો તથા તેનાથી અન્ય જે બદ્ધપુરુષો છે અર્થાત્ જેના મોક્ષ અને ભોગરૂપ અર્થ સિદ્ધ નથી થયા એવા પુરુષો છે તે બંનેમાટે સમાન હોવાથી ઉચ્છેદને પામતું નથી.

कृतार्थं प्रति=ભોગ અને અપવર્ગ અર્થ જેના સમાપ્ત થયા છે એવા પુરુષ પ્રતિ—એવા પુરુષની અપેક્ષાથી. આ મુક્ત થયેલા પુરુષો કૃતાર્થ કહેવાય છે તેમ જ કુશલ પણ કહેવાય છે અને અન્ય અકુશલ કહેવાય છે.

तदन्य०:-तस्मिन् अन्यपुरुषे च साधारणत्वात्=એ કુશલપુરુષ તથા અન્ય અકુશલ પુરુષ એ સર્વને માટે આ દૃશ્ય સાધારણ છે તેથી.

આ સૂત્રથી એ કહ્યું કે પ્રકૃતિ એ એક પદાર્થ છે અને દ્રષ્ટા અનેક છે અર્થાત્ સર્વ દ્રષ્ટા વચ્ચે આ દૃશ્યપદાર્થ એક જ છે. એ

દૃશ્યપદાર્થ એ અનેક પુરુષમાંથી પ્રત્યેકને અર્થે છે. તેથી યદ્યપિ જે પુરુષ કુશલ થાય છે તેના દર્શનના વિષયરૂપ એ દૃશ્ય નહિ થાય તથાપિ એનાથી અન્ય બીજા જે અસંખ્ય અકુશલ પુરુષો છે તે સર્વના ભોગાપવર્ગમાટે એ દૃશ્યરૂપે રહેવાનું, અર્થાત્ સંસારરૂપે પરિણામ પામવાનું. તેથી એનો નાશ થઈ જાય એમ નથી. એક મોહક સ્ત્રી હોય તે વૈરાગ્યવાળા મહાત્માની અપેક્ષાથી મોહકરૂપે નષ્ટ થઈ ગઈ છે તથાપિ અન્ય આસક્ત જીવોની દૃષ્ટિથી મોહકરૂપે રહેલી છે તેથી એક પ્રતિ નષ્ટ થાય તથા અન્યપ્રતિ તે પદાર્થ અનષ્ટ રહે એવું થાય છે. આજ પ્રમાણે એક પ્રકૃતિ એક કૃતાર્થ પુરુષપ્રાત અદૃશ્ય થઈ જાય તથા અન્ય પુરુષોની અપેક્ષાથી એ દૃશ્યરૂપે રહે અર્થાત્ પરિણામ પામે એ યોગ્ય છે. શ્રુતિ अजामेकां लोहितशुक्लकृष्णां बह्वीः प्रजाः सृजमानां सरूपाः।अजो ह्येको जुषमाणोऽनुशेते जहात्येनां भुक्तभोगामजोऽन्यः॥ ઇત્યાદિથી એ જ કહે છે કે સત્ત્વ રજસ અને તમસ એ ત્રણ દૃશ્યરૂપ અનાદિ પ્રકૃતિદ્રવ્ય મહદ્‌વિગેરે અનેક વિકારોને સ્રજે છે. એ એક જ છે તેથી એક અનાદિ પુરુષ એને સેવતો રહે છે અને બીજો અનાદિ પુરુષ જેણે એ પ્રકૃતિ દ્રવ્યને સંપૂર્ણ અંશે ભોગવી લીધું છે એટલે જેણે એ પ્રકૃતિ દ્રવ્યથી સધાતા એવા ભોગ અને અપવર્ગરૂપ અર્થ સિદ્ધ કરી લીધા છે તે એને ત્યજી દે છે.

આ પ્રમાણે દૃશ્યદ્રષ્ટાવિષયક સૂત્રોથી ગ્રંથકારે સમગ્ર તત્ત્વોનું સંક્ષેપથી પ્રતિપાદન કર્યું. એ તત્ત્વોનો વિસ્તાર તત્ત્વોનો વિચાર જેમાં પ્રધાન છે એવા સાંખ્ય શાસ્ત્રમાં કર્યો છે, તેથી જિજ્ઞાસુએ ત્યાં જોવો. આ શાસ્ત્રમાં પ્રધાનપણે યોગનું પ્રતિપાદન કરવાનું હોવાથી એ તત્ત્વોનો વિચાર સંક્ષેપથી જ કરવો ઉચિત હોવાથી તેમ જ કર્યો છે. આ પ્રમાણે આ સૂત્રોથી દ્રષ્ટા અને દૃશ્યનાં સ્વરૂપોનું પ્રતિપાદન કર્યું. હવે ક્રમપ્રાપ્ત હોવાથી હેયરૂપ જે અનાગત દુઃખ છે તેના કારણભૂત સંયોગનું પ્રતિપાદન કરે છે.

स्वस्वामिशक्त्योः स्वरूपोपलब्धिहेतुः संयोगः ॥ २३ ॥

સૂત્રાર્થઃ—સ્વશક્તિ જે દૃશ્ય અને સ્વામિશક્તિ જે પુરુષ એ એની વચ્ચેનો દૃશ્યના સ્વરૂપને અને દ્રષ્ટાના સ્વરૂપને જણાવવારૂપ ફલને અર્થે બનેલો જે સંબંધ તે સંયોગ છે.

स्वस्वामि०—સ્વશક્તિ એટલે દૃશ્ય. કેમકે तदर्थ एव दृश्यस्यात्मा એ સૂત્રથી એ સિદ્ધ થયું છે કે સંપૂર્ણ દૃશ્ય પુરુષાર્થ છે તેથી સંપૂર્ણ દૃશ્ય સ્વ છે. સ્વામિશક્તિ એટલે પુરુષ કેમકે આ સંપૂર્ણ દૃશ્ય

પુરુષને જ અર્થે છે. ખરૂં જોતાં પુરુષ વસ્તુતઃ સ્વામી નથી પણ પુરુષ દૃક્શક્તિ (ચૈતન્યરૂપ) હોવાથી એ સ્વામી થવાયોગ્ય છે અને દૃશ્ય જડ હોવાથી સ્વ થવાયોગ્ય છે. એ સ્વયોગ્યતા અને સ્વામિયોગ્યતા તે જ અનુક્રમે સ્વશક્તિ તથા સ્વામિશક્તિ છે. તેથી **स्वस्वामि०**=એ બે શક્તિનો.

स्वरूपो०:—એટલે સ્વરૂપનું જ્ઞાન વા દર્શન છે હેતુ જેનો એટલે દૃશ્યના સ્વરૂપનું જ્ઞાન (શબ્દાદિના સાક્ષાત્કારરૂપ ભોગ) તથા દ્રષ્ટાના સ્વરૂપનું જ્ઞાન (વિવેકખ્યાતિરૂપ અપવર્ગ) એ જેની સ્થિતિમાં હેતુ છે એવો, અર્થાત્ શબ્દાદિના સાક્ષાત્કારરૂપ ભોગ અને વિવેકના સાક્ષાત્કારરૂપ અપવર્ગની સિદ્ધિવાસ્તે જે બની રહેલો છે તે સંબંધ તે સંયોગ. આ સૂત્રમાં આ પદથી સંયોગનું સ્વરૂપ સ્ફુટ કરવા એ સંયોગનું ફલ બતાવ્યું છે.

આ સૂત્રથી એ કહ્યું કે દૃક્ તથા દૃશ્યનો સંયોગમાત્ર હેયનું કારણ નથી. કેમકે એતો કહી ગયા છીએ કે સંપૂર્ણ દૃશ્ય કંઇ પુરુષસાથે સ્વતઃ સંયુક્ત નથી પણ માત્ર બુદ્ધિસત્ત્વદ્વારા જ સંયુક્ત છે. તેથી સંયોગનો અર્થ સંયોગરૂપ સામાન્ય ગુણ લઇએ ત્યારે એ બુદ્ધિસત્ત્વ કારણરૂપે (પ્રકૃતિરૂપે) નિત્ય છે તેથી મોક્ષ અવસ્થામાં પણ વિદ્યમાન તો હોય જ છે. એ સમયે એ રૂક્ષ થઇ ગયેલું હોય છે એ જૂદી વાત છે તથાપિ છે એ નિઃસંશય છે. તેથી એ દશામાં પણ વિભુ પુરુષનો સંયોગ હોય છે. પણ એ સંયોગ કંઇ અનાગત દુઃખરૂપ હેયનું કારણ નથી. જે સંયોગથી દ્રષ્ટાને ભોગ તથા અપવગરૂપ દર્શન થાય છે તે સંયોગ અનાગત દુઃખનું કારણ હોવાથી હેયનો હેતુ છે. તેથી બુદ્ધિસત્ત્વ તથા પુરુષનો સંયોગમાત્ર હેયહેતુ નથી પણ જે સંયોગ ભોગ તથા અપવર્ગને આપનાર છે અર્થાત્ જેનું ફલ દૃશ્યના સ્વરૂપની તથા દ્રષ્ટાના સ્વરૂપની ઉપલબ્ધિ છે તે જ માત્ર હેયહેતુ છે. સંયોગનો અર્થ ભોક્તૃભોગ્યયોગ્યતા લઇએ તો ત્યાંપણ એ સંયોગમાત્ર હેયહેતુ નથી. કેમકે યદ્યપિ એક પુરુષ મુક્ત થયો તોપણ તે ચૈતન્યરૂપ હોવાથી તેની ભોક્તૃયોગ્યતા તો છે જ અને જે પ્રથમનું બુદ્ધિસત્ત્વ હતું તે યદ્યપિ રૂક્ષ થઇ ગયેલું છે તથાપિ અન્ય અસંખ્ય બુદ્ધિસત્ત્વો સંસારમાં છે તેથી સર્વ જડ હોવાથી તથા રૂક્ષ નહિ થયેલાં હોવાથી ભોગ્યતાની યોગ્યતાવાળાં છે. તેથી એ યોગ્યતારૂપ સંયોગ તો મોક્ષવખતે પણ હોય છે. પણ એ કંઇ ઉત્તર કાળે દુઃખ આપનાર નથી અર્થાત્ હેયહેતુ નથી. પણ જે એક બુદ્ધિસત્ત્વ જે

વિશેષ પ્રકારની ભોગ્યયોગ્યતાથી એક પુરુષનું જ સ્વ થઇ રહેલું છે, અર્થાત્ એક પુરુષ તથા એક બુદ્ધિસત્ત્વની વચ્ચે રહેલી જે ભોક્તૃ-ભોગ્યયોગ્યતા છે કે જેથકી દ્રષ્ટાને ભોગ અને અપવર્ગરૂપ દૃશ્યના તથા દ્રષ્ટાના સ્વરૂપનું દર્શન થાય છે તે ભોક્તૃભોગ્યયોગ્યતારૂપ સંયોગ દુઃખોત્પાદક હોવાથી હેયહેતુ છે. આ પ્રમાણે વ્યવસ્થા હોવાથી સિદ્ધ થાય છે કે દ્રષ્ટાદૃશ્યવચ્ચેનો સંયોગ (બંને અર્થમાં) ભોગ અને અપવર્ગરૂપ ફલને અર્થે જ છે. ત્યાં એવો એક નિયમ છે કે જે પદાર્થ જેને અર્થે સ્થિતિ પામેલો છે તે પદાર્થ તે અર્થની સિદ્ધિ થઇ રહે એટલે તરત સ્થિતિથી ભ્રષ્ટ થાય છે કેમકે ત્યાર પછી તેની સ્થિતિમાં કોઇ હેતુ નથી. એ નિયમાનુસાર દ્રષ્ટા અને દૃશ્યવચ્ચેનો સંયોગ ભોગઅપવર્ગને અર્થેજ બનેલો હોવાથી એ બંને પુરુષાર્થની સિદ્ધિ થવાથી તરતજ નિવૃત્ત થવાનો અને એ નિવૃત્ત થવાથી એ જેના કારણરૂપ છે એવા અનાગત દુઃખનો પુનરુદ્ભવરહિત અત્યંતાભાવ થવાનો અર્થાત્ મોક્ષ થવાનો.

આથી એ સિદ્ધ થયું કે જ્યારે વિવેકખ્યાતિરૂપ દર્શન સિદ્ધ થાય ત્યારેજ એ સંયોગની નિવૃત્તિ થાય છે અર્થાત્ વિવેકખ્યાતિરૂપ તત્ત્વજ્ઞાન એ સંયોગની નિવૃત્તિનું કારણ છે. ત્યાં તત્ત્વજ્ઞાન અથવા દર્શન* અદર્શનનું વિરોધી છે તેથી તત્ત્વજ્ઞાનથી તો માત્ર અદર્શનની નિવૃત્તિ થવી યોગ્ય છે, સંયોગની નિવૃતિ થવી યોગ્ય નથી. તેથી એ સંયોગનું કારણ અદર્શન હોવું જોઇએ એ આ સૂત્રથીજ સૂત્રકારે ઘોતન કર્યું છે. તેથી પ્રક્રિયા આ પ્રમાણે થઇ કે વિવેકખ્યાતિરૂપ દર્શનથી સંયોગના કારણરૂપ અદર્શનની (અવિદ્યાની) નિવૃત્તિ થાય છે; અદર્શનની નિવૃત્તિથી સંયોગની નિવૃત્તિ અને સંયોગની નિવૃત્તિથી અનાગત દુઃખની આત્યંતિકી નિવૃત્તિ અર્થાત્ મોક્ષ થાય છે. આથી એ સિદ્ધ થયું કે તત્ત્વજ્ઞાન મોક્ષનું સાક્ષાત્ કારણ નથી પણ અદર્શનવિગેરેની નિવૃત્તિ દ્વારા કારણરૂપ છે. તથાપિ તત્ત્વજ્ઞાન થયા પછી મોક્ષ માટે કોઇ ખાસ પ્રયત્નની આવશ્યકતા નથી તેથી શાસ્ત્રમાં એને મોક્ષનું સાક્ષાત્ કારણ કહ્યું છે તે યોગ્ય છે.

આ પ્રમાણે આ સંયોગનું કારણ અદર્શન છે એ આ સૂત્રથી જ નીકળે છે. એ અદર્શન એટલે શું એ પ્રતિપાદન કરવું આવશ્યક છે કેમકે જ્યાંસુધી એનો નિર્ણય થાય નહિ ત્યાંસુધી સંયોગના

* આ દર્શનનો અર્થ આ સૂત્રના અંતમાં તથા આવતા સૂત્રમાં ૨૫૯ થશે.

હેતુનો નિર્ણય થવાનો નહિ. એ પ્રતિપાદન કરવા ઉત્તર સૂત્રનો આરંભ છે. ત્યાં (૧) દર્શનનો અભાવ, (૨) દર્શન જેનો નાશ કરનાર છે તે તથા (૩) દર્શનથી અન્ય–આ ત્રણ અર્થ અદર્શનના નિકળે છે. આ ત્રણ અર્થ લઇને અદર્શન શબ્દના મુખ્યાર્થમાં તથા અદર્શન બંધનનો હેતુ છે—સંયોગનો હેતુ છે તેથી 'બંધનનો હેતુ' એ લક્ષ્યાર્થમાં આઠ વિકલ્પનું ગ્રહણ થાયછે. તે આ પ્રમાણેઃ—

(૧) ચિત્ત જે દ્રષ્ટારૂપ સ્વામીનું સ્વ કહેવાય છે તથા જે પોતામાં આરૂઢ થતા વિષયોનું દ્રષ્ટાને દર્શન કરાવે છે તેમાં ભોગ અને અપવર્ગની સ્થિતિ છતાં જે વૃત્તિનો અભાવ થવો તે અદર્શન. અદર્શનનો અર્થ દર્શનનો અભાવ લેવાથી આ વિકલ્પ આવેછે. આ પ્રકારનું અદર્શન બંધનનો હેતુ છે કેમકે જ્યાંસુધી પુરુષાર્થની અસમાપ્તિ છે ત્યાંસુધી ચિત્ત સાધિકાર રહેલું હોવાથી સંયોગને પામે છે.

(૨) ચાર પ્રકારની અવિદ્યા જે પોતાના આશ્રયરૂપ ચિત્તસહિત પ્રલયકાળે પ્રકૃતિમાં લીન થાયછે અને સર્ગકાળે સ્વવાસના દ્વારા ચિત્તને પુનઃ ઉત્પન્ન કરી તે તે પુરુષસાથે વિશેષરૂપે સંયુક્ત કરે છે તે અદર્શન છે. દર્શનથી નાશ પામનાર એ અર્થ અદર્શનનો લેવાથી આ કોટિ આવેછે. આ પ્રકારનું અદર્શન સંયોગનો હેતુ છે એ પૂર્વે પ્રતિપાદન કરી ગયા છીએ.

હવે પછીના ૬ વિકલ્પો વા કોટિ 'તત્ત્વજ્ઞાનરૂપ દર્શનથી ભિન્ન હોઇને સંયોગના હેતુભૂત જે પદાર્થ તે અદર્શન' એ અર્થ લેવાથી થાયછે.

(૩) સત્ત્વાદિ ગુણોનું પોતપોતાનાં કાર્યોને પ્રકટાવવાનું સામર્થ્ય તે અદર્શન. જ્યાં સુધી એ સામર્થ્ય હોય ત્યાંસુધી જ સત્ત્વાદિ ગુણો પરિણામ પામી શકે અને ત્યારે જ બુદ્ધિપુરુષનો સંયોગ થઇ શકે. તેથી આ સામર્થ્ય તત્ત્વજ્ઞાનથી ભિન્ન પદાર્થ છે તથા બંધનના હેતુરૂપ છે અને તેથી અદર્શન કહેવાય.

(૪) ભોગાપવર્ગરૂપ પુરુષાર્થની ચિત્તમાં સ્થિતિ હોવી તે.

પ્રથમ કોટિ વા વિકલ્પમાં બે ભાગ છે—(૧) ચિત્તમાં ભોગ અને અપવર્ગની સંસ્કારરૂપે સ્થિતિ હોવી તે તથા (૨) ચિત્તવૃત્તિનું અદર્શન થવું તે. આ બે અંશમાંનો બીજો અંશ બંધનના હેતુરૂપે વ્યર્થ છે. છતાં અદર્શનનો 'દર્શનનો અભાવ' એ અર્થ લેવામાટે વધારેલો છે. આ ચતુર્થ કોટિમાં એ અંશ છોડી દીધો છે એજ આ કોટિનો પ્રથમની કોટિથી ભેદ છે.

(૫) પ્રધાનમાં બે પ્રકારના સંસ્કારો હોયછે (૧) સ્થિતિ-

ના હેતુરૂપ અને (૨) ગતિના હેતુરૂપ. સ્થિતિના હેતુરૂપ સંસ્કારોથી પ્રધાનની સ્થિતિ થાયછે અર્થાત્ સત્ત્વાદિ ગુણોની સામ્યાવસ્થા થાયછે અને ગતિના હેતુરૂપ સંસ્કારોથી પ્રધાન વિકારને પામેછે અર્થાત્ મહતત્ત્વવિગેરે કાર્યરૂપે પરિણામ પામેછે. આ બે પ્રકારના સંસ્કારો પ્રધાનમાં જ છે એમ નથી પણ અંત્યાવયવી શિવાયનાં સર્વ દ્રવ્યોમાં હોયછે, જેમકે મૃત્તિકામાં. મૃત્તિકામાં સ્થિતસંસ્કારો હોય છે, તેથી મૃત્તિકાની મૃત્તિકારૂપે સ્થિતિ થાયછે અને ગતિ સંસ્કારો હોયછે તેથી ઘટાદિઆકારરૂપે પરિણામ થાયછે. ઘટ અંત્યાવયવી છે તેથી એમાં માત્ર સ્થિતિ સંસ્કારો જ હોયછે. જો ઘટથી પણ કોઇ અન્ય પરિણામરૂપ કાર્ય થતું હોય તો એનામાં પણ ગતિસંસ્કાર મનાય પણ ત્યારે એ અંત્યાવયવી નહિ કહેવાય. કેમકે અંત્યાવયવી એટલે જેનો કોઇ અન્યરૂપે પરિણામ થતો નથી એવું વિકારરૂપ દ્રવ્ય. આ રીતના બે પ્રકારના સંસ્કારો પ્રધાનમાં પણ છે. કેમકે જો માત્ર સ્થિતિસંસ્કારો હોય તો જેમ ઘટાદિની ઘટાદિરૂપે જ સ્થિતિ થાયછે અને અન્ય કોઇરૂપે પરિણામ થતો નથી તેમ પ્રધાનનો પણ મહદ્વિગેરે રૂપે પરિણામ થાય નહિ; અર્થાત્ સર્ગ કદાપિ થાય નહિ. તેમ જ જો માત્ર ગતિ સંસ્કાર હોય તો પ્રધાન સદા ગતિવાળી થવાની. જેથી જેમ પ્રધાનની સદાસર્વદા સ્થિતિ છે તેમ મહદાદિ પદાર્થોની પણ સર્વદા સ્થિતિ હોવાની અર્થાત્ એ બંને પદાર્થો સરખી નિત્યતાવાળા ઠરવાના અને સરખી નિત્યતાવાળા દ્રવ્યોનો કાર્યકારણસંબંધ સંભવતો નથી તેથી પ્રધાન વા પ્રકૃતિ કારણરૂપ છે એમ નહિ કહેવાય. આ વિગેરે કારણોથી પ્રધાનમાં બંને પ્રકારના સંસ્કારો માનવા જરૂરના છે. તેમાંથી ગતિહેતુક સંસ્કારો જ્યારે અનભિવ્યક્ત હોય છે ત્યારે પ્રધાનની ગતિ (એટલે પરિણામ) થતી નથી અને તેથી દૃશ્યદ્રષ્ટાનો વિશેષરૂપે સંયોગ થતો નથી. તેથી પાંચમી કોટિ એ પ્રાપ્ત થઇ કે પ્રધાનમાં રહેલા ગતિસંસ્કારની અભિવ્યક્તિ તે અદર્શન છે. કેમકે એ અભિવ્યક્તિ તત્ત્વજ્ઞાનથી ભિન્ન છે તથા સંયોગના હેતુરૂપ છે.

(૬) દ્રષ્ટાને પોતાનું સ્વરૂપ બતાવવાનું જે પ્રકૃતિનું સામર્થ્ય તેરૂપ પ્રકૃતિનિષ્ઠ શક્તિ તે અદર્શન છે. એ શક્તિથી જ પ્રકૃતિનું દ્રષ્ટાને દર્શન થાય છે, અર્થાત્ બંધ થાયછે. કોઇ કાલલુપ્ત શાખાસ્થ શ્રુતિ કહેછે કે **प्रधानस्यात्मख्यापनार्था प्रवृत्तिः**—દ્રષ્ટાને પોતાનું સ્વરૂપ બતાવવાને પ્રધાનની પ્રવૃત્તિ છે. સાંખ્યકારિકામાં પણ કહ્યું છે કે **पुरुषस्य दर्शनार्थं कैवल्यार्थं तथा प्रधानस्य । पङ्ग्वन्धवदुभयोरपि संयोगस्त-**

त्कृतः सर्गः॥ પુરુષના દર્શનાર્થે તથા પ્રધાનના કૈવલ્યાર્થે, જેમ પાંગળાનો તથા આંધળાનો પરસ્પરના ઉપકાર્ય હોવાથી સબંધ થાય છે, અર્થાત્ એ સંબંધથી વ્યવહાર થાય છે, તેમ પ્રકૃતિપુરુષનો સંયોગ થાય છે તથા એ સંયોગથી સંસાર બને છે. તેથી પ્રકૃતિનિષ્ઠ દર્શનશક્તિ તત્ત્વજ્ઞાનરૂપ દર્શનથી ભિન્ન છે તથા સંયોગનો હેતુ છે.

(૭) યદ્યપિ દ્રષ્ટા સર્વ અર્થને જાણવા સમર્થ છે તથાપિ પ્રધાનની પ્રવૃત્તિપૂર્વે તે જાણતો નથી તેથી દ્રષ્ટાનિષ્ઠ અર્થાત્ પુરુષનિષ્ઠ લોકમાં મનાતું અદર્શન, તેમ જ પ્રકૃતિની પ્રવૃત્તિપૂર્વે આ દૃશ્ય દૃશ્ય થતું નથી તેથી દૃશ્યનિષ્ઠ અદર્શન એ આ સ્થળે અદર્શનનો અર્થ છે. આ બંને પ્રકારનું અદર્શન તત્ત્વજ્ઞાનરૂપ દર્શનથી ભિન્ન છે તેમ જ સંયોગનો હેતુ છે. કેમકે એ અદર્શનને લીધે વિવેકખ્યાતિ થતી નથી અને તેથી સંયોગ દૂર થતો નથી.

(૮) વાસનારૂપ જ્ઞાન. આ જ્ઞાન તત્ત્વજ્ઞાનથી ભિન્ન છે તેમ જ સંયોગનો હેતુ છે એ તો સ્પષ્ટ છે.

આ પ્રમાણે આ અદર્શન જે સંયોગનો હેતુ છે તેના સંબંધમાં આઠ કોટિઓ શાસ્ત્રમાં દેખાય છે. એ આઠે વિકલ્પો કોઇ કોઈ પ્રકારે તો સંયોગના હેતુ છે જ. તથાપિ દ્વિતીય વિકલ્પશિવાયના અન્ય સાત વિકલ્પો તો દૃશ્ય અને દ્રષ્ટાના સંયોગમાત્રના હેતુ છે પણ જે અમુક બુદ્ધિસત્ત્વ અમુક દ્રષ્ટાસાથે સંયુક્ત થાય છે અર્થાત્ જે અમુક બુદ્ધિસત્ત્વનો અમુક પુરુષસાથે સંબંધ થાય છે તે સંયોગના હેતુરૂપ નથી. એ તો પ્રતિપાદન કરી ગયા છીએ કે બુદ્ધિસત્ત્વનો સંયોગમાત્ર અનાગત દુઃખનું કારણ નથી અર્થાત્ હેયનો હેતુ નથી, પણ અમુક પ્રકારનો સંયોગ જ હેયહેતુ છે, અને એ સંયોગના કારણરૂપ જે અદર્શન હોય તેનું જ અદર્શન શબ્દથી ગ્રહણ કરવું યોગ્ય છે. આ હેતુથી તથા ઉપરના કારણથી તેમ જ અદર્શન શબ્દમાં જે नञ् પદ છે તેના સર્વ અર્થોમાં तद्विरोधित्वम्- તેનું વિરોધિપણું એ અર્થ જ મુખ્ય છે અને અન્ય અર્થ લક્ષ્યાર્થ છે. જ્યાં મુખ્યાર્થ યોગ્ય હોય ત્યાં લક્ષ્યાર્થ લેવાતો નથી. તેથી આ રીતે પણ ઉપર છ કોટિ લક્ષ્યાર્થમૂલક હોવાથી ગ્રાહ્ય નથી. સાત કોટિઓ વ્યર્થ જ ઠરેછે અને માત્ર દ્વિતીય કોટિ જ યોગ્ય ઠરેછે. આ રીતે એ સંયોગના હેતુરૂપે બીજી કોટિ યોગ્ય ઠરેછે તેથી, એ સંયોગનો સમૂળ નાશ કરવા એનું કારણ જાણવું આવશ્યક છે તેથી હવે એ સંયોગના કારણરૂપ અવિદ્યા છે એ શ્રીસૂત્રકાર પ્રતિપાદન કરે છે.

तस्य हेतुरविद्या ॥२४॥

સૂત્રાર્થઃ—એ સંયોગનું કારણ (પૂર્વે પ્રતિપાદન કરેલી) અવિદ્યા છે.

યદ્યપિ અવિદ્યાના સ્વરૂપમાં ચાર પ્રકારની અવિદ્યા કહી છે તથાપિ આ સ્થળે તો માત્ર અનાત્મમાં આત્મબુદ્ધિરૂપ આવિદ્યાનું જ ગ્રહણ કરવું યોગ્ય છે. કેમકે માત્ર એ અવિદ્યા જ બુદ્ધિસત્ત્વ તથા પુરુષ ભિન્ન ભિન્ન છે એ પ્રકારનું દૃઢ અપરોક્ષ તત્ત્વજ્ઞાન જે વિવેકખ્યાતિ કહેવાય છે તેનાથી સાક્ષાત્ રીતે નાશ પામનાર છે, એટલું જ નહિ પણ એ અવિદ્યા થવાથી જ અન્ય ત્રણ પ્રકારની અવિદ્યા ઉદ્ભવને પામી શકે છે. તેથી અહિં અવિદ્યામાં અનાત્મવસ્તુવિષે થતી આત્મબુદ્ધિનું ગ્રહણ થાયછે. એ અવિદ્યા બુદ્ધિપુરુષના સંયોગનું કારણ છે એ તો પૂર્વે પ્રતિપાદન કરી ગયા છીએ. યદ્યપિ એ અવિદ્યા બુદ્ધિસત્ત્વમાં જ રહે છે તેથી સર્ગકાલે બુદ્ધિસત્ત્વ પ્રધાનમાંથી આવિર્ભાવને પામે છે અર્થાત્ બુદ્ધિસત્ત્વ તથા પુરુષનો સંયોગ થાયછે ત્યાર પછી જ ઉદ્ભવને પામેછે અને તેથી એ સંયોગપૂર્વે ઉદ્ભૂત હોતી નથી તથાપિ સર્ગપૂર્વે એ અવિદ્યા વાસનારૂપે રહેલી હોય છે. જ્યારે પ્રલય સમયે બુદ્ધિસત્ત્વ પ્રધાનમાં લયભાવને પામે છે ત્યારે આ અવિદ્યાની વાસનાસહિત જ લયભાવને પામે છે. તેથી જ્યારે સર્ગનો સમય આવેછે ત્યારે એ અવિદ્યાની વાસના જ પ્રકૃતિમાંથી ચિત્તને ઉદ્ભવ પમાડે છે અને ત્યાર પછી જ એ ચિત્ત પુરુષસાથે સંયુક્ત થાયછે. તેથી પૂર્વકલ્પની વા સર્ગની અવિદ્યાવાસના ઉત્તરસર્ગમાં થતા સંયોગના હેતુરૂપ છે એ સ્પષ્ટ છે. એ અવિદ્યા પ્રકૃતિ વા સર્ગની માફક અનાદિ હોવાથી પ્રત્યેક સર્ગસમયે પૂર્વસર્ગની વાસનાદ્વારા સંયોગનો હેતુ થઇ શકેછે. તેથી યથાર્થ સૂત્રાર્થ એ થયો કે હેયના કારણરૂપ સંયોગનો હેતુ અવિદ્યાવાસના છે એટલે અનાત્મમાં આત્મખ્યાતિરૂપ વિપરીત જ્ઞાનની વાસના છે.

આ પ્રમાણે આ સૂત્રોથી હેય જે અનાગત દુઃખ તેનું, તથા તેનું નિદાન (મૂલ કારણ) જે અવિદ્યાવાસના છે તેનું પ્રતિપાદન કર્યું એટલે હેય તથા હેયહેતુરૂપ બે વ્યૂહનું પ્રતિપાદન થઈ ગયું. હવે હાન તથા હાનોપાયરૂપ બે વ્યૂહનું પ્રતિપાદન બાકી છે. તેમાંથી ક્રમપ્રાપ્ત હોવાથી હેયના નાશથી થતા હાનનું અર્થાત્ આરોગ્યરૂપ કૈવલ્યનું હવે સંક્ષેપતઃ પ્રતિપાદન કરે છે.

तदभावात्संयोगभावो हानं तद् दृशेः कैवल्यम् ॥२५॥

સૂત્રાર્થઃ—એ અવિદ્યાનો અભાવ (નાશ) થવાથી બુદ્ધિપુરુષના

સંયોગની નિવૃત્તિદ્વારા દ્રષ્ટા તથા સમગ્ર દૃશ્યના સંયોગની જે નિવૃત્તિ થાય છે તે જ દુઃખનું હાન (આત્યંતિક નાશ) છે અને એ જ દૃક્શક્તિ પુરુષનું કૈવલ્ય કહેવાય છે.

तदभावात्:=પૂર્વસૂત્રમાં કહેલી અવિદ્યાના અભાવથી.

संयोगाभावः=બુદ્ધિપુરુષનો અને તેદ્વારા સમગ્ર દૃશ્ય તથા દ્રષ્ટાનો જે સંયોગ તેનો નાશ થાય છે.

हानम्:=હેયરૂપ દુઃખનો પુનરુદ્ભવરહિત નાશ.

दृशेः=દૃક્શક્તિ પુરુષનું.

कैवल्यम्:= કેવલીભાવ વા મોક્ષ.

આ સૂત્રથી એ કહ્યું કે અવિદ્યાની નિવૃત્તિ થવાથી બુદ્ધિ અને સંયોગની આત્યંતિકી નિવૃત્તિ થાય છે. કેમકે કારણનો નાશ થવાથી કાર્યનો નાશ થાય છે એ આપણે જોઇએ છીએ.

આ રીતે બુદ્ધિ અને પુરુષના સંયોગની આત્યંતિકી નિવૃત્તિ થઇ એટલે દૃશ્ય અને દ્રષ્ટાના સંયોગની આત્યંતિકી નિવૃત્તિ થાય છે એનું નામ જ દુઃખનું હાન છે વા દુઃખનો આત્યંતિક ઉપરામ છે કેમકે એ સંયોગનો અભાવ થવાથી દૃશ્ય જે કેવલ દુઃખરૂપ છે તેનું દર્શન કદાપિ થવાનું નહિ અર્થાત્ દુઃખની પ્રતીતિનો અત્યંતાભાવ થવાનો. આ પ્રકારે સંયોગનું હાન થયું એટલે બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડવાથી પુરુષ જે વાસ્તવે તો કેવલ હતો છતાં બુદ્ધિમિશ્રિત ભાસતો હતો તે મટી જઈ तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम्।१।३। એ સૂત્રમાં કહ્યાપ્રમાણે પોતાના સ્વભાવસિદ્ધ સ્વરૂપે જ અર્થાત્ કેવલરૂપે જ સ્થિત થવાનો. એ સ્થિતિ જ શાસ્ત્રમાં પુરુષનું કૈવલ્ય કહેવાય છે. આ કૈવલ્યનો ચતુર્થ પાદમાં વિસ્તાર કરવાનો છે તેથી આહિં સંક્ષેપથી પ્રતિપાદન કર્યું છે તે યોગ્ય છે.

આપ્રમાણે આ ચતુર્વ્યૂહ શાસ્ત્રનાં પ્રથમ ત્રણ વ્યૂહ કહ્યાં. હવે એ કૈવલ્યના ઉપાયરૂપ ચતુર્થ વ્યૂહનું પ્રતિપાદન કરવાનું બાકી છે તે કરવા ઉત્તરગ્રંથનો આરંભ છે. એ પ્રતિપાદન આવતા સૂત્રથી માંડીને ચતુર્થ પાદનાં કેટલાંક સૂત્રોસુધી ચાલે છે. ત્યાં કૈવલ્ય એ સંયોગના હાનથી થાય છે તથા સંયોગનું હાન અવિદ્યાનો અભાવ થવાથી થાય છે એટલું તો આ સૂત્રમાં જ પ્રતિપાદન થયું છે. હવે એ અવિદ્યાનો નાશ કેવી રીતે થાય તે ઉપાય બતાવવાનો છે. તેમાં પણ અવિદ્યાનું જે વિરોધી હોય તેનાથી જ એનો નાશ થવો ઘટે છે અને મિથ્યાજ્ઞાનનું વિરોધી તત્ત્વજ્ઞાન છે એ આપણે અનુભવથી જાણીએ

છીએ તેથી સૂત્રકાર એ અવિદ્યાના નાશના ઉપાયરૂપે પ્રથમ તત્ત્વજ્ઞાનરૂપ વિવેકખ્યાતિનું પ્રતિપાદન કરે છે.

विवेकख्यातिरविप्लवा हानोपायः ॥२६॥

સૂત્રાર્થ:—મિથ્યાજ્ઞાનથી રહિત જે વિવેકખ્યાતિ અર્થાત્ બુદ્ધિ તથા પુરુષ ભિન્ન ભિન્ન છે એ સાક્ષાત્કાર તે હાનનો ઉપાય છે.

विवेकख्यातिः બુદ્ધિ તથા પુરુષ એ બંને ભિન્ન છે એ જ્ઞાન.

अविप्लवा—विप्लव—એટલે મિથ્યા જ્ઞાનરૂપ અવિદ્યા. એનાથી રહિત તે અવિપ્લવ. શ્રુતિ તથા અનુમાનથી બુદ્ધિપુરુષ બંને જૂદાં છે એ જ્ઞાન થાય છે તથાપિ એ જ્ઞાન પરોક્ષ હોવાથી અપરોક્ષ ભ્રાન્તિની નિવૃત્તિ કરી શકતું નથી. હાલ અસંખ્ય લોકો શ્રુતિ અને અનુમાનથી બુદ્ધિપુરુષના ભેદને જાણે છે તથાપિ એ સર્વમાં અવિદ્યા દૃઢ મૂળ ઘાલીને બેઠેલી છે અર્થાત્ લેશ પણ એ જ્ઞાનથી ખસેલી દેખાતી નથી. તેથી એ પ્રકારનું ભેદજ્ઞાન દુઃખહાન (એટલે દુઃખનો આત્યંતિક ઉપરામ) કરવા સમર્થ નથી. એ જ્ઞાનને વ્યાવૃત્ત કરવા સૂત્રકારે વિવેકજ્ઞાનનું આ વિશેષણ મુકયું છે. એ વિશેષણનો ફલિતાર્થ એ છે કે એ વિવેકજ્ઞાન પરોક્ષ નહિ જોઇએ પણ સાક્ષાત્કારરૂપ દૃઢ અપરોક્ષ જોઇએ.

हानोपायः—એટલે દુઃખનો આત્યંતિક ઉપરામ કરવાનો ઉપાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે જ્યારે પુરુષ તત્ત્વનો સાક્ષાત્કાર થાય છે ત્યારે મિથ્યા જ્ઞાનરૂપ અવિદ્યા જે અનાગતાવસ્થામાં ચિત્તમાં વિદ્યમાન હોય છે તે દગ્ધબીજભાવને પામી જાય છે અને ત્યારે સંપૂર્ણ કલેશરૂપ ધૂળ જતી રહેવાથી અતિ નિર્મળ થયેલા—અર્થાત્ પ્રથમ પાદમાં કહેલા પરવશીકારને પામેલા—બુદ્ધિસત્ત્વમાં જે વિવેકખ્યાતિનો પ્રવાહ ચાલે છે તે જ વિવેકખ્યાતિ અવિપ્લવા કહેવાય છે અને તે જ અપરોક્ષ ભ્રાન્તિરૂપ અવિદ્યાની વિરોધી હોવાથી અવિદ્યાના નાશદ્વારા હાનનો ઉપાય છે.

આપ્રમાણે આ સૂત્રથી હાનના ઉપાયનું પ્રતિપાદન કર્યું. હવે એ વિવેકખ્યાતિ કયારે સિદ્ધ થઇ સમજવી એ કહેવું જરૂરનું છે કેમકે કાર્ય ઉપરથી જ કારણનો દૃઢ નિશ્ચય થાય છે. આ રીતે પ્રાપ્ત થવાથી સૂત્રકાર એ વિવેકખ્યાતિની નિષ્પત્તિ સૂચવનાર એના કાર્યનું પ્રતિપાદન કરે છે.

तस्य सप्तधा प्रान्तभूमिः[1] प्रज्ञा ॥ २७ ॥

---

૧ કોઇક આવૃત્તિમાં प्रान्तभूमौ એ પાઠ છે તથાપિ બહુ સંમત પાઠ સૂત્રમાંનોજ છે.

સૂત્રાર્થ:—એ વિવેકખ્યાતિરૂપ હાનોપાયની અથવા એ વિવેકખ્યાતિવાળા યોગીની પ્રાન્તભૂમિરૂપ પ્રજ્ઞા સાત પ્રકારની થાય છે.

तस्यः-તેની. અહિં तत् પદથી ટીકાકારો એ પદાર્થનો પરામર્શ કરે છે. તે આ રીતેઃ (૧) વાચસ્પતિમિશ્ર જે પુરુષને એ વિવેકખ્યાતિરૂપ હાનોપાય સિદ્ધ થયો છે તે પુરુષનો પરામર્શ કરે છે અને (૨) વાર્તિકકાર પૂર્વ સૂત્રમાં પુરુષ પ્રકૃત નથી પણ હાનોપાય પ્રકૃત છે તેથી હાનોપાયનો પરામર્શ કરે છે.

प्रान्तभूमिः – એટલે प्रकृष्टः अन्तः अवसानं यासां ताः प्रान्ताः चरमाः इति यावत्, प्रान्ताः भूमयः यस्याः सा प्रान्तभूमिः ॥ જેનો અંત પ્રકૃષ્ટ છે તે પ્રાન્ત છે અર્થાત્ ચરમ છે. આથી નિરતિશય ઉત્કર્ષવાળી અથવા જેથી કશું આગળ નથી એવી અવસ્થા તે પ્રાન્ત છે. એવી પ્રાન્ત અવસ્થા જેની છે તે પ્રજ્ઞા પ્રાન્તભૂમિ કહેવાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે મિથ્યાજ્ઞાનરૂપ અવિદ્યા તથા તેનાં કાર્યરૂપ પાપાદિ મલ એ સર્વ જેના ચિત્તમાંથી જતાં રહ્યાં છે, જેના ચિત્તમાં વિવેકસાક્ષાત્કારનો ઉદય થયો છે તથા જેના ચિત્તમાં વિવેકખ્યાતિથી અન્ય વૃત્તિઓ શાન્ત થઇ ગઈ છે તે પુરુષની જ્યારે વ્યુત્થાનદશા થાય છે ત્યારે તે જીવન્મુક્ત જ્ઞાની પુરુષને આ સાત પ્રકારની નિરતિશય શ્રેષ્ઠતાવાળી પ્રજ્ઞા હોય છે અર્થાત્ એ પ્રજ્ઞા તે જ્ઞાનીનું લિંગ વા ચિહ્ન થાય છે. એ પ્રજ્ઞા તો એક જ હોય છે છતાં તેના પ્રકાર સાત છે. તે આ પ્રમાણેઃ—

(૧) પ્રધાન પર્યન્તના સર્વ પદાર્થો જે દુઃખરૂપ હોવાથી વિવેકીને હેય છે તે સર્વના યથાર્થ સ્વરૂપને મેં રૂડે પ્રકારે જાણ્યું છે, હવે મારૂં કશું જાણવા જેવું નથી અર્થાત્ કશું જ્ઞેય બાકી રહ્યું નથી.

આ પ્રથમ પ્રકારમાં હેયકોટિમાં જાણ્યા વિનાનું કશું અવશિષ્ટ રહેલું નહિ હોવાથી એ પ્રજ્ઞા હેયવિષયક જ્ઞાનનો પરમોત્કર્ષ છે અને તેથી પ્રાન્ત છે. આજ પ્રમાણે નીચેના ૭ પ્રકારમાં સમજી લેવું.

(૨) હાનરૂપ જે કૈવલ્ય તેના ઉપાયરૂપ વિવેકખ્યાતિ મેં રૂડે પ્રકારે સિદ્ધ કરી છે, હવે મારે સિદ્ધ કરવા યોગ્ય કશું રહ્યું નથી.

(૩) અવિદ્યા, કામ, કર્મ વિગેરે જે હેયના હેતુભૂત છે તે સર્વનો મેં વિવેકસાક્ષાત્કારથી ક્ષય કર્યો છે, હવે મારે ક્ષય કરવાયોગ્ય કશું અવશિષ્ટ નથી.

(૪) નિરોધસમાધિથી સાધ્ય થનાર જે મોક્ષ તેનું સ્વરૂપ મેં હસ્તામલકવત્ અપરોક્ષ રીતે જાણ્યું છે. એથી પર હવે મારે કશું જાણવા યોગ્ય નથી. (આથી એ અર્થ થયો કે ફલરૂપ હાનનો મેં સાક્ષાત્કાર કર્યો છે.)

(૫) મારી રૂપે પ્રતીત થતી બુદ્ધિના ભોગ અને અપવર્ગ સમાપ્ત થયા છે, અર્થાત્ બુદ્ધિ કૃતાર્થ થઇ છે.

સંસ્કાર, સુખ, દુઃખ અને મોહવિગેરે બુદ્ધિસત્ત્વના ગુણો, પર્વતપરથી છૂટા પડેલા તથા તેથી નિરાધાર થવાથી સ્થિતિ પામવા અસમર્થ થયેલા પથરાની માફક, પોતાના કારણરૂપ સત્ત્વાદિ દ્રવ્યાત્મક જે પ્રકૃતિ તેમાં લય પામતા બુદ્ધિસત્ત્વસાથે અત્યંત લયને પામે છે. સંસ્કારાદિનો પુરુષાર્થ સમાપ્ત થયો છે તેથી એના પુનરુદ્ભવમાં કોઈ પ્રયોજન ન હોવાથી એનો પાછો ઉદ્ભવ થાય એમ નથી.

(૭) નિરોધસમાધિ મારા વશ થઈ છે તેથી હવે હું સ્વસ્વરૂપે સ્થિત છું. આ સાત પ્રકારની પ્રજ્ઞા વિવેકસાક્ષાત્કારવાળા જીવન્મુક્ત મહાત્માને ઉદય થાયછે. એ સાત પ્રકારની પ્રજ્ઞાનાં ફલો આ પ્રમાણે છે. પ્રથમ પ્રજ્ઞાથી જિજ્ઞાસાનો અન્ત થાય છે કેમકે એ પ્રજ્ઞા વિવેકસાક્ષાત્કાર પછી જ થાય છે અર્થાત્ આત્મતત્ત્વજ્ઞાનીનેજ થાય છે તેથી તેને આત્મજ્ઞાનની પણ જિજ્ઞાસા હોતી નથી. બીજીથી ચિકીર્ષાનો (એટલે કરવાની ઇચ્છાનો) અન્ત થાય છે. ત્રીજીથી જિહાસાનો (હાન કરવાની ઇચ્છાનો) અને ચોથીથી પ્રાપ્ત કરવાની ઇચ્છાનો (પ્રેપ્સાનો) અંત થાય છે. પાંચમી, છઠ્ઠી અને સાતમીથી અનુક્રમે શોક, ભય અને વિકલ્પનો નાશ થાય છે. આથી એ સિદ્ધ થયું કે જીવન્મુક્ત વિવેકસાક્ષાત્કારવાન્ પુરુષની આ સર્વ ઇચ્છાનો અંત આવેલો હોય છે તથા તેમને વાસ્તવ શોક ભય તથા વિકલ્પ હોતા નથી.

આ સાત પ્રજ્ઞામાંથી પ્રથમ ચાર જીવન્મુક્તિની પ્રજ્ઞા છે. એ ચાર પ્રજ્ઞાને કાર્યવિમુક્તિ (એટલે કર્તવ્યસમાપ્તિ) તથા એ ચારની સિદ્ધિ પ્રયત્ને કરીને થાય છે તેથી કાર્યા વિમુક્તિ પણ કહેછે. છેલ્લી ત્રણ પ્રજ્ઞા વિદેહમુક્તિની છે. એ ત્રણ પ્રજ્ઞાનો સાક્ષાત્કાર તો જીવન્મુક્તિ દશામાં જ થાય છે છતાં એનો વિષય ઉત્તરકાલે થનાર વિદેહમુક્તિ છે તેથી એ પ્રજ્ઞા વિદેહમુક્તિની કહેવાય છે. એ ત્રણને ચિત્તવિમુક્તિ પણ કહેછે. આ ત્રણમાં જે પ્રથમ છે અર્થાત્ જે પાંચમી પ્રજ્ઞા છે તે વિદેહમુક્તિની પરવૈરાગ્યરૂપ આદ્ય ભૂમિકા છે. છઠ્ઠી લિંગશરીરની વિનશ્યદ્ અવસ્થારૂપ, વિદેહમુક્તિની દ્વિતીય ભૂમિકા છે અને સાતમી

વિદેહમુક્તિની ચરમ અવસ્થા છે. એ ચરમ અવસ્થા સિદ્ધ થયાથી બુદ્ધિવિગેરેના સંબંધથી રહિત થયેલો પુરુષ નિર્વિષયક ચિન્માત્ર જ્યોતિરૂપ, બુદ્ધિવિગેરે ઉપાધિના મલ દૂર થવાથી અમલ, નિત્યમુક્તરૂપે પ્રકાશ થતો સિદ્ધ હોય છે.

આ સાત પ્રકારની પ્રજ્ઞાનો જેને અનુભવ થાય તે પુરુષે વિવેકખ્યાતિ સિદ્ધ થઇ છે એમ જાણવું. એ પ્રજ્ઞાનો અનુભવ કરનાર પુરુષ કુશલ કહેવાય છે. તેમ જ જ્યારે પ્રતિપ્રસવથી ચિત્તનો નાશ થાય છે ત્યારે પણ પુરુષ કુશલ કહેવાય છે. ત્યાં જીવન્મુક્તદશામાં અર્થાત્ આ સમધા પ્રજ્ઞાનો અનુભવ થાય છે તે દશામાં પુરુષ બુદ્ધિવૃત્તિનો સાક્ષીમાત્ર થઇ રહે છે પણ તેને વિષે અભિમાનથી રહિત હોય છે તેથી કુશલ કહેવાય છે અને વિદેહકૈવલ્યમાં તે બુદ્ધિનો અભાવ હોવાથી વૃત્તિનો જ અભાવ હોય છે તેથી પુરુષ કુશલ કહેવાય છે.

આ પ્રમાણે આ બે સૂત્રોથી વિવેકખ્યાતિ હાનનો ઉપાય છે એ તથા એ વિવેકખ્યાતિની સિદ્ધિનું લક્ષણ એ બેનું પ્રતિપાદન કર્યું. પણ એ વિવેકખ્યાતિ કયાં સાધનથી થાય છે એ પ્રતિપાદન કરવું આવશ્યક છે કેમકે અવિપ્લવા વિવેકખ્યાતિનો ઇચ્છામાત્રથી ઉદય થતો નથી પણ યોગ્ય સાધનથી જ થાય છે. ત્યાં યદ્યપિ આ પાદના આરંભમાં ક્રિયાયોગ ઉપાયરૂપે કહ્યો છે તથાપિ એ મધ્યમાધિકારીમાટે જ બસ છે, મંદાધિકારીમાટે નથી. તેથી જેમ **हेयं दुःखमनागतम्** એ આદિ સૂત્રોથી પૂર્વે મધ્યમાધિકારીમાટે પ્રતિપાદન કરેલી વાતને જ મંદાધિકારીમાટે વિસ્તારથી પ્રતિપાદન કરી છે તે જ પ્રમાણે વિવેકખ્યાતિનાં સાધનોનું પણ મંદાધિકારીમાટે વિસ્તારથી પ્રતિપાદન કરવું આવશ્યક છે. તે કરવા બાકીનું આ આખું પાદ, તૃતીય પાદ તથા ચતુર્થ પાદનો કેટલોક ભાગ છે; અર્થાત્ ચતુર્થ પાદનાં કેટલાંક સૂત્રોસુધી એ સાધનોનો જ વિસ્તાર કર્યો છે. તેમાં પ્રથમ તો એ વિવેકખ્યાતિનાં સાધનો આઠ યોગાંગ છે એ સામાન્યરૂપે પતિપાદન કરેછે.

योगांगानुष्ठानादशुद्धिक्षये ज्ञानदीप्तिराविवेकख्यातेः ॥ २८ ॥

સૂત્રાર્થઃ—યોગનાં અંગોનું અનુષ્ઠાનથી અવિદ્યા, પાપવિગેરે અશુદ્ધિરૂપ ક્લેશો શિથિલ થવાથી વિવેકખ્યાતિપર્યન્ત જ્ઞાનદીપ્તિ થાય છે.

योगांगानु०=આગળ કહેવામાં આવશે તે આઠ યોગાંગનું અનુષ્ઠાન કરવાથી. **योग**.શબ્દે કરીને મુખ્ય અસંપ્રજ્ઞાત યોગનું ગ્રહણ થાયછે. એ યોગનાં અંગરૂપ આગળ કહેવામાં આવતાં આઠ સાધનોછે. આ સૂત્રથી વિવેકખ્યાતિરૂપ તત્ત્વજ્ઞાનનાં સાધનોનું પ્રતિપાદન કરવાનું

છે. તેમાં સૂત્રકારે યોગાંગ શબ્દ વાપર્યો છે. તેથી એ સૂચવ્યું કે જે યોગનાં સાધનો છે તેજ તત્ત્વજ્ઞાનનાં પણ સાધનો છે (એ સાધનો અસંપ્રજ્ઞાતયોગનાં બહિરંગ સાધનો છે એ વિગેરે વિશેષતા આગળ તૃતીય પાદમાં કહેવાશે. હાલતો માત્ર આ પદથી એ જ સૂચવ્યું છે કે એ તત્ત્વજ્ઞાનનાં સાધનો છે એટલે બંનેમાટે સાધન એક છે).

अशुद्धिक्षये—અશુદ્ધિનો ક્ષય થવાથી. અશુદ્ધિ એટલે અવિદ્યા તથા પાપ, કેમકે એ બંનેનો ક્ષય થાય છે ત્યારે જ તત્ત્વજ્ઞાન થાયછે. યોગવાર્તિકમાં આપેલા **ज्ञानमुत्पद्यते पुंसः क्षयात्पापस्य कर्मणः । यथाऽदर्शतले प्रख्ये पश्यन्त्यात्मानमात्मनि ॥** એ સ્મૃતિ વચનથી પણ એ જ અર્થ કહ્યો છે કે પાપ કર્મના અર્થાત્ નિષિદ્ધાચરણથી બંધાયેલા પાપરૂપ અપૂર્વના ક્ષયથી જ માણસને તત્ત્વજ્ઞાન થાય છે. જેમ અવિદ્યા જ્ઞાનની પ્રતિબંધક છે તેમ પાપ પણ છે. તેથી અશુદ્ધિથી એ બંનેનું ગ્રહણ કરવું યોગ્ય છે. 'એ પ્રકારની અશુદ્ધિનો ક્ષય થવાથી' એ **अशुद्धिक्षये** એ પદનો અર્થ છે. ત્યાં ક્ષયનો અર્થ નાશ નથી પણ તનુતા છે. કેમકે યોગાંગના અનુષ્ઠાનથી કલેશનો ઉચ્છેદ થતો નથી. કલેશનો દગ્ધબીજભાવરૂપ નાશ વિવેકખ્યાતિના ઉદયથી થાય છે અને સંપૂર્ણ અંશે ઉચ્છેદતો ચિત્તરૂપ આશ્રયના નાશથી જ થાયછે. શ્રીપતંજલિ ભગવાને પણ આ પાદના આરંભમાં જ **क्लेशतनुकरणार्थश्च** એ પદથી કલેશની તનુતામાત્ર યોગાંગથી થાય છે એ જ કહ્યું છે. તેથી **अशुद्धिक्षये** નો એ અર્થ થયો કે પંચપર્વા અવિદ્યા તથા તેના કાર્યરૂપ પાપની તનુતા થયે.

ज्ञानदीप्तिराविο=વિવેકખ્યાતિપર્યન્ત જ્ઞાનદીપ્તિ થાય છે. જે સામાન્ય જ્ઞાન શ્રવણમનનથી થાય છે, તે જ્ઞાનની વ્યાવૃત્તિ કરવા દીપ્તિ પદ છે. જ્ઞાનદીપ્તિ એટલે સૂક્ષ્મ વસ્તુના અદૃષ્ટ અને અશ્રુત વિશેષોનું પણ ગ્રહણ થવું તે.

આ સૂત્રથી એ કહ્યું કે યોગાંગના અનુષ્ઠાનથી અવિદ્યા અને પાપરૂપ અશુદ્ધિનો ક્ષય થાય છે અને તે ક્ષય થવાથી વિવેકખ્યાતિ પર્યન્ત જ્ઞાનનો ઉદય થાય છે. જેમ જેમ યોગાંગનું અનુષ્ઠાન કરવામાં આવે છે તેમતેમ અશુદ્ધિની તનુતા થતી જાય છે અને જેમ જેમ તનુતા થતી જાય છે તેમ તેમ અંતઃકરણનું સૂક્ષ્મ પદાર્થના અશેષ વિશેષને ગ્રહણ કરવાનું સામર્થ્ય અભિવ્યક્ત થતું જાય છે. તેથી યોગાંગનું અનુષ્ઠાન એ અશુદ્ધિના ક્ષયપ્રતિ તથા વિવેકખ્યાતિ પર્યન્તના જ્ઞાનપ્રતિ કારણ છે. એ બંનેપ્રતિ કેવા પ્રકારનું કારણ યો-

ગાંગનું અનુષ્ઠાન છે એ વિચારવાનું છે. ત્યાં કારણ નવ પ્રકારનાં છે. એ પ્રકારો પાતંજલ ભાષ્યમાં આ પ્રમાણે શ્લોકથી કહ્યાં છે કે उत्पत्तिस्थित्यभिव्यक्तिविकारप्रत्ययाप्तयः । वियोगान्यत्वधृतयः कारणं नवधा स्मृतम् । કારણ નવ પ્રકારનું છે: (૧) ઉત્પત્તિકારણ, (૨) સ્થિતિકારણ, (૩) અભિવ્યક્તિકારણ, (૪) વિકારકારણ, (૫) પ્રત્યયકારણ, (૬)આપ્તિ અથવા પ્રાપ્તિકારણ, (૭) વિયોગકારણ, (૮) અન્યત્વકારણ અને (૯) ધૃતિ અથવા ધારણ કારણ. એનુ સંક્ષિપ્ત પ્રતિપાદન આ પ્રમાણે છે.

(૧) ઉત્પત્તિકારણ એટલે ઉપાદાનકારણ. જેમ જ્ઞાનરૂપ વૃત્તિનું મન ઉત્પત્તિકારણ છે. આ કારણ અને આપ્તિકારણમાં એ ભેદ છે કે આપ્તિકારણ ઉત્પત્તિનો સાક્ષાત્ હેતુ નથી પણ માત્ર પ્રતિબંધકની નિવૃત્તિ દ્વારા હેતુ છે.

(૨) સ્થિતિકારણ એટલે સ્થિતિમાં જે હેતુ હોય તે. જેમ બુદ્ધિસત્ત્વની સ્થિતિમાં ભોગ અને અપવર્ગરૂપ પુરુષાર્થની અસમાપ્તિ અર્થાત્ ભવિષ્યદ્ અવસ્થા એ હેતુ છે, તેથી એ બુદ્ધિપ્રતિ સ્થિતિકારણ છે.

(૩) અભિવ્યક્તિનો હેતુ તે અભિવ્યક્તિકારણ છે. જેમ પ્રકાશથી રૂપની અભિવ્યક્તિ થાય છે તેથી એ પ્રકાશ રૂપની અભિવ્યક્તિનો હેતુ હોવાથી અભિવ્યક્તિકારણ છે.

(૪) વિકારકારણ એટલે વિકારનું કારણ. જેમ કટકરૂપે સ્થિત થયેલા સુવર્ણને એ રૂપનો ત્યાગ કરાવી અન્યરૂપે વિકૃત કરનાર જે સુવર્ણકાર, તે સુવર્ણનું વિકારકારણ છે. તેમજ એકાગ્ર થયેલા મનને વિષયાકારરૂપે વિકાર પમાડનાર જે સ્ત્રીઆદિ વિષયો તે મનનાં વિકારકારણ છે.

(૫) પ્રત્યયકારણ એટલે જ્ઞાનનું કારણ અર્થાત્ જ્ઞાપકહેતુ. જેમ પર્વતમાં રહેલા ધૂમનું દર્શન એ ત્યાં રહેલા અગ્નિના જ્ઞાનનું કારણછે તેથી ધૂમજ્ઞાન એ અગ્નિપ્રતિ પ્રત્યયકારણ છે.

(૬) પ્રાપ્તિકારણ એટલે પ્રાપ્તિનું કારણ. પ્રાપ્તિ એટલે ઉત્પત્તિમાં આવતા પ્રતિબંધકની નિવૃત્તિ. એ નિવૃત્તિદ્વારા ઉત્પત્તિ કરનાર જે કારણ તે પ્રાપ્તિકારણ છે. જેમકે ધર્મ એ સુખની પ્રાપ્તિનું કારણ છે.

(૭) વિયોગકારણ એટલે વિયોગનો હેતુ. જેમ પરશુથી વૃક્ષનું છેદન કરાય છે ત્યારે તે વૃક્ષ મૂળથી છુટું પડે છે–વિયુક્ત થાય છે–તેથી પરશુ એ છેદ્ય વસ્તુનું વિયોગકારણ છે.

(૮) અન્યત્વકારણ એટલે એકરૂપવાળા પદાર્થને તે રૂપનો ત્યાગ કરાવી અન્યરૂપને પમાડનાર કારણ. જેમ સુવર્ણકાર કટકનું કુંડળ કરે છે ત્યારે કટકાકૃતિનો સુવર્ણને ત્યાગ કરાવી કુંડલાકૃતિનું ગ્રહણ કરાવે છે, તેથી સુવર્ણકાર એ કટકપ્રતિ અન્યત્વકારણ છે. એ જ સુવર્ણકાર સુવર્ણપ્રતિ વિકારકારણ છે કેમકે જ્યારે કટકનું કુંડળ થાય છે ત્યારે સુવર્ણ તો બંનેમાં એકસરખી રીતે રહેલું હોય છે, સુવર્ણ કંઇ અન્યત્વને પામતું નથી, પણ માત્ર વિકારને પામે છે.

(૯) ધૃતિકારણ એટલે આધારાદિકારણ. જેમ ઇન્દ્રિયોપ્રતિ શરીર ધૃતિકારણ છે કેમકે ઇન્દ્રિયો શરીરને આધારે રહે છે તેમ જ એ ઇન્દ્રિયો શરીરના યોગક્ષેમની સિદ્ધ કરી આપનાર હોવાથી શરીરપ્રતિ ધૃતિ કારણ છે. એ જ પ્રમાણે આકાશનું આધારકારણ વાયુ છે, વાયુનું આધાર કારણ અથવા ધૃતિકારણ તેજ છે, તેજનું જલ અને જલનું પૃથિવી છે. આકાશનું ઉત્પત્તિકારણ શબ્દતન્માત્રા છે, વાયુનું સ્પર્શતન્માત્રા છે વિગેરે પૂર્વે કહ્યું છે. આ ધૃતિકારણ અને સ્થિતિકારણમાં આ પ્રમાણે ભેદ છે કે જે સ્થિતિકારણ છે તેનો કાર્યમાં પ્રવેશ હોય છે અને જે ધૃતિકારણ છે તેનો કાર્યમાં પ્રવેશ હોતો નથી. પુરુષાર્થ અને આહાર શરીરનાં સ્થિતિકારણ છે કેમકે એ શરીરસાથે અવિભક્ત થઇને શરીરની સ્થિતિ કરે છે. અને ઇન્દ્રિયપ્રતિ શરીર ધૃતિકારણ છે કેમકે ઇન્દ્રિયમાં પ્રવેશ્યા વિના જ શરીર ઇન્દ્રિયનું ધારણ કરે છે.

આ પ્રમાણે નવ જાતનાં કારણો છે. આ નવ કારણને જ પરસ્પરમાં અંતર્ભાવ કરી અન્ય સ્થળે ચાર પ્રકારનાં કારણો વર્ણ્યાં છે. (જેમ વેદાન્તશાસ્ત્રમાં ઉત્પત્તિકારણ, વિકારકારણ પ્રાપ્તિકારણ, અને સંસ્કારકારણ એમ ચાર ભેદથી કારણોનું વર્ણન કર્યું છે.)

આ નવ પ્રકારનાં કારણો કહ્યાં તેમાં યોગાંગનું અનુષ્ટાન એ અશુદ્ધિનું વિયોગકારણ છે અને વિવેકખ્યાતિનું આપ્તિકારણ વા પ્રાપ્તિકારણ છે. યોગાંગનું અનુષ્ટાન કરવાથી અન્તઃકરણમાં રહેલી અશુદ્ધિ અતીતાવસ્થાને પામી જાય છે અર્થાત્ એ અનુષ્ટાન બુદ્ધિસત્ત્વને વર્તમાનાવસ્થાયુક્ત અશુદ્ધિથી વિયુક્ત કરે છે તેથી છેદ્યપ્રતિ પરશુની માફક વિયોગકારણ છે. અને વિવેકખ્યાતિપ્રતિ પ્રાપ્તિકારણ છે, કેમકે બુદ્ધિસત્ત્વ જાતે પુરુષપર્યન્તના સર્વ પદાર્થનું ગ્રહણ કરવા સમર્થ છે, છતાં અધર્મ અને તમસ્‌વિગેરે પ્રતિબંધકને લીધે તેમ કરી શકતું નથી. એ પ્રતિબંધકને યોગાંગનું અનુષ્ટાન દૂર કરે છે તેથી બુદ્ધિસત્ત્વનું

સ્વભાવસિદ્ધ સામર્થ્ય અભિવ્યક્ત થાય છે તેથી વિવેકખ્યાતિની ઉત્પત્તિમાં આવેલા પ્રતિબંધોની નિવૃત્તિ કરનાર યોગાંગનું અનુષ્ઠાન હોવાથી વિવેકખ્યાતિપ્રતિ પ્રાપ્તિકારણ છે.

આ પ્રમાણે બે પ્રકારની કારણતાવાળું યોગાંગનું અનુષ્ઠાન છે. તેથી હવે એ અનુષ્ઠાના વિષયભૂત યોગાંગનું પ્રતિપાદન કરવું આવશ્યક છે. તે કરવા કહે છે કે—

यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयोऽष्टावङ्गानि ॥ २९ ॥

સૂત્રાર્થઃ—યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ યોગનાં અંગ છે.

આ સૂત્રથી જ્ઞાનનાં સાધનરૂપ યોગાંગ કયાં કયાં છે તે કથન કર્યું છે. આ આઠમાં જ સર્વનો અંતર્ભાવ થાય છે. ત્યાં ઉત્તમાધિકારીમાટે અભ્યાસ, વૈરાગ્ય, શ્રદ્ધા, પ્રાણાયામાદિ જે ઉપાયો કહ્યા છે તેમાંથી અભ્યાસનો ધારણાધ્યાનાદિમાં અંતર્ભાવ થાય છે. વૈરાગ્યનો સંતોષમાં વિગેરે. મધ્યમાધિકારીમાટે જે તપઃ, સ્વાધ્યાય અને ઇશ્વિરપ્રણિધાન એ ત્રણ વિશેષમાં કહ્યાં હતાં તેનો નિયમમાં અન્તર્ભાવ કર્યો છે. તેથી આ અષ્ટધા વિભાગ સર્વથા યોગ્ય છે.

એ આઠનું અનુષ્ઠાન અનુક્રમે જ કરવું જોઈએ એવો નિયમ નથી. આ વાત એ આઠનાં યથાર્થ સ્વરૂપ સમજાયાથી એની મેળે જ સ્પષ્ટ થશે. આમછે છતાંઆસનરૂપ અંગનું પ્રાણાયામ અને ધારણાદિની પૂર્વે અનુષ્ઠાન આવશ્યક છે. પ્રત્યેક સાધકે કેવે પ્રકારે પ્રવૃત્ત થવું એ શ્રીસદ્ગુરુદ્વારા જ જણાય એમ છે, તેથી તેનું પ્રતિપાદન અશક્ય છે.

આ પ્રમાણે આ આઠ યોગાંગનો નિર્દેશ કરી હવે અનુક્રમે સર્વનાં સ્વરૂપ પ્રતિપાદન કરે છે. તેમાં પ્રથમ અંગ યમ છે તેથી તેનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે.

तत्राहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः । ३० ।

સૂત્રાર્થઃ—ત્યાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમ કહેવાય છે.

પૂર્વ સૂત્રમાં યોગનાં આઠ અંગ કહ્યાં તેમાંથી પ્રથમ અંગ જે યમ છે તે શબ્દે કરીને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચનું ગ્રહણ થાય છે, એ વાત આ સૂત્રથી કહી છે. એ પાંચેમાં અહિંસા મુખ્ય છે, કેમકે અહિંસાના અવિરોધથી જ અન્ય ચારનું અનુષ્ઠાન કરવાનું છે અર્થાત્ અહિંસાની સિદ્ધિ માટે

જ અન્ય ચારનું પ્રતિપાદન છે. અહિંસાનું પાલન કર્યાવિના અર્થાત્ અહિંસાથી વિરોધી રીતે, અન્ય ચારનું અનુષ્ઠાન કરવામાં આવે તો તે નિષ્ફલ છે. આમ છે છતાં ઉત્તર ચાર યમ વ્યર્થ નથી. કેમકે ઉત્તર ચારનું અનુષ્ઠાન કર્યાવિના યથાર્થ અહિંસાની સિદ્ધિ થતી નથી. વૈદિકલોકો કહે છે કે स खलु अयं ब्राह्मणो यथा यथा व्रतानि बहूनि समादित्सति तथा तथा प्रमादकृतेभ्यो हिंसानिदानेभ्यो निवर्तमानस्तामेवावदातरूपामहिंसां करोति જેમ જેમ આ બ્રાહ્મણ માણસ નાનાવિધ વ્રતોનું ગ્રહણ કરે છે તેમ તેમ હિંસાનાં કારણોથી નિવૃત્ત થતો અહિંસાને નિર્મલ કરે છે. તેમ જ શ્રીમહાભારતમાં મોક્ષપર્વવિષે પણ કહ્યું છે કે—

यथा नागपदेऽन्यानि पदानि पदगामिनां
सर्वाण्येवाऽपिधीयन्ते पदजातानि कौञ्जरे ।
एवं सर्वमहिंसायां धर्मार्थमपि धीयते ॥

જેમ હાથીના પગલામાં સર્વ પાદથી ચાલનાર પ્રાણીનાં પગલાં અંતર્ભાવને પામે છે તે જ પ્રમાણે સત્ય, અસ્તેય, દાન, યજ્ઞાદિ સર્વ પણ અહિંસામાં જ અંતર્ભાવને પામે છે. આથી એ સિદ્ધ થાય છે કે અહિંસા મુખ્ય છે અને અન્ય ચાર અંગો એ શુદ્ધિ માટે આવશ્યક છે. તેથી સાધક માટે પાંચે અંગો અવશ્યનાં છે. આ પ્રમાણે અહિંસાને નિર્મલ કરનાર અન્ય ચાર હોવાથી યથાર્થ અહિંસા ઉત્તર ચારનું મૂલ છે તેથી અહિંસાનું પ્રથમ ગ્રહણ કર્યું છે. ત્યાં યોગનાં અંગભૂત અહિંસાનું સ્વરૂપ આ પ્રમાણે છે કે **આશ્રમવિહિત નિત્યકર્મના અવિરોધે કરીને સર્વ કાલે સર્વ અવસ્થામાં તથા સર્વ દેશમાં સર્વ પ્રાણીને મન, વાણી અને કાયાએ કરીને દુઃખની ઉત્પત્તિ ન કરવી તે.** યોગના સાધકે પણ નિત્યકર્મ અવશ્ય કરવાનાં છે અને ક્રિયામાત્રથી ક્ષુદ્ર જંતુનો નાશ થાય છે અથવા તેમને પીડા થાય છે તેથી એ પ્રકારની હિંસા તો અનિચ્છા છતાં પણ થવાની જ, તો પણ એ નિરુપાયે થતી હિંસા હોવાથી એને અટકાવવા તે તે ક્રિયા ન કરવી એમ નહિ, કેમકે તે ક્રિયાઓ નિત્યકર્મરૂપ હોવાથી અવશ્ય કર્તવ્ય છે, પણ તે હિંસાની નિવૃત્તિ અર્થે પ્રાયશ્ચિત્ત કરવું એ વિશેષ અર્થનું પ્રતિપાદન કરવા ઉપર "આશ્રમવિહિત નિત્યકર્મના અવિરોધે કરીને" એ વિશેષણ મુકયું છે. શ્રીયાજ્ઞવલ્કય સંહિતામાં પણ અહિંસાનું સ્વરૂપ એજ પ્રતિપાદન કર્યું છે કે—

कर्मणा मनसा वाचा सर्वभूतेषु सर्वदा ।
अक्लेशजननं प्रोक्तमहिंसात्वेन योगिभिः ॥

શરીરથી થતાં કર્મે કરીને, મનવડે તથા વાણીવડે સર્વ પ્રાણીવિષે સર્વકાલે ક્લેશની ઉત્પત્તિ ન કરવી તેનેજ યોગિલોકો અહિંસા કહી વર્ણેછે.

યમનું બીજું અંગ સત્ય છે. તેનું સ્વરૂપ અસત્યથી નિવૃત્તિ રાખવી એ છે. પોતાના જ્ઞાનથી સામાને સજ્ઞાન કરવો હોય ત્યારે જે પ્રકારે પોતે જે વસ્તુને જોઇ હોય, અનુમાન કરી હોય અથવા સાંભળી હોય તેજ પ્રકારે તે વસ્તુને કહેવી એ સત્ય છે. તેમાં પણ પોતે તે વસ્તુ જોઇને, અનુમાન કરીને અથવા સાંભળીને યથાર્થ રીતે જાણી છેએ નિશ્ચય પૂર્ણ વિચારથી કરવો જોઇએ. કેમકે વસ્તુતઃ જે વાત ખોટી હોય તથાપિ વક્તા તેને સાચી માનતો હોય અને તેને સાચારૂપે અન્યને પ્રતિપાદન કરે તો તેમાં પોતાના અજ્ઞાનનિમિત્તક પાપ લાગે છે, તેથી એ વાણી યથાર્થ રીતે અસત્યની નિવૃત્તિ રૂપ નથી. તેમજ પોતે એક વાત એક રૂપે મનમાં જાણતો હોય તથાપિ સામાને તેથી વિપરીત અર્થનો બોધ કરવા વાસ્તે જે વાણીનો પ્રયોગ કરવામાં આવે તે વાણી યદ્યપિ શબ્દતઃ અસત્ય ન હોય તથાપિ સત્યરૂપ નથી, કેમકે ઉચ્ચાર્યમાણ શબ્દો યદ્યપિ સત્યાર્થના બોધક છે તથાપિ સત્યથી વિપરીત અર્થ બોધન કરવા તેનો પ્રયોગ વક્તાએ કર્યો છે. જેમકે જ્યારે દ્રોણાચાર્યે પોતાના પુત્રના મરણવિષે યુધિષ્ઠિરને પૂછ્યું ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે " અશ્વત્થામા મરણને વશ વર્તે છે." એ વાણી યદ્યપિ શબ્દતઃ સાચી છે કેમકે અશ્વત્થામા નામનો હાથી મરેલો હતો તથાપિ દ્રોણાચાર્યનો પ્રશ્ન પોતાના પુત્રવિષયક હતો તેથી એ પ્રશ્નના ઉત્તરમાં પ્રયોગ કરાતું વચન દ્રોણાચાર્ય પોતાના પ્રશ્નના વિષયના સંબંધમાં લેશે એ જાણ્યા છતાં અશ્વત્થામા મરણને વશ વર્તે છે એ વાક્યનો યુધિષ્ઠિરે પ્રયોગ કર્યો હતો. તેથી એ વાક્ય પોતાના યથાર્થજ્ઞાનથી વિપરીત અર્થના જ્ઞાનને સામાના અંતઃકરણમાં ઉત્પન્ન કરવા પ્રયોજાયેલું હોવાથી અસત્યની નિવૃત્તિરૂપ સત્ય નથી. તેમ જ સામો માણસ જે શબ્દો સમજી ન શકે એવા શબ્દો જાણીજોઇને વાપરી, તેને પોતાના જ્ઞાનને સદૃશ જ્ઞાન ઉત્પન્ન કરવા પ્રયોગ કરાયેલું વાક્ય નિષ્ફળ હોવાથી અસત્યની નિવૃત્તિરૂપ સત્ય નથી. તેમ જ જે વાક્યથી સાંભળનારનું અથવા લોકનું વાસ્તવ હિત થતું ન હોય તે વાક્યનો પ્રયોગ પણ સત્યરૂપ નથી. તેમ જ એ સર્વ વિશેષણવાળી વાણી હોય તથાપિ સામાને દુઃખની ઉત્પત્તિદ્વારા બોધ કરે એવી રીતે પ્રયોજાયેલી હોય તો તે વાણી સત્યાભાસ

છે પણ સત્યરૂપ નથી, કેમકે અહિંસાથી વિરોધી છે. આથી અસત્યની નિવૃત્તિરૂપ સત્યનું એ સ્વરૂપ થયું કે (૧) જે વસ્તુને જે રૂપે જોયેલી હોય, અનુમાન કરેલી હોય, અથવા સાંભળેલી હોય તેનો તે જ પ્રકારે સામાને બોધ કરનાર, (૨) જેનો વિષય ભ્રાન્તિ વા અજ્ઞાનમિશ્રિત નથી પણ વસ્તુતઃ ખરો છે એવી, (૩) દૃષ્ટવિગેરે વસ્તુનો વિપરીત બોધ કરવાની ઇચ્છાથી જે પ્રયુક્ત થઈ નથી એવી, (૪) જે અપ્રસિદ્ધ શબ્દોથી મિશ્રિત નથી, (૫) જે સાંભળનારનું અથવા લોકનું વાસ્તવ હિત કરનારી છે, અને (૬) જે સાંભળનારને દુઃખની ઉત્પત્તિ ન કરે એવી રીતે પ્રયોગ કરાયેલી છે તે વાણી સત્ય છે. યોગના સાધકે તથા જ્ઞાનના સાધકે જ્યારે જ્યારે સામાને પોતાનું જ્ઞાન આપવા બોલવું હોય ત્યારે ત્યારે આ છ વિશેષણવાળી વાણીનો જ પ્રયોગ કરવો અને નહિ તો મૌન ધારણ કરવું પણ કદાપિ અસત્ય બોલવું નહીં. મૌન ધારણ કરવું એ પણ અસત્યની નિવૃત્તિરૂપ જ છે તેથી એ પણ સત્યમાં જ ગણવાયોગ્ય છે.*

અસ્તેય એટલે સ્તેયનો અભાવ વા નિવૃત્તિ. અન્યના મમત્વની મર્યાદામાં રહેલા પદાર્થનું બલાત્કારથી અથવા છુપી રીતે અર્થાત્ તે માલિકની ઇચ્છા વા આજ્ઞાવિના જે હરણ કરી લેવું તે સ્તેય છે. તેનાથી રહિત અસ્પૃહરૂપ રહેવું તે અસ્તેય છે. યાજ્ઞવલ્ક્યસંહિતામાં પણ અસ્તેયનું સ્વરૂપ એ જ કહ્યું છે કે कर्मणा मनसा वाचा परद्रव्येषु निःस्पृहा । अस्तेयमिति संप्रोक्तमृषिभिस्तत्त्वदर्शिभिः ॥ કર્મ, મન તથા વાણીવડે અન્યના દ્રવ્યમાં અસ્પૃહ થઇ રહેવું તે જ તત્ત્વદર્શી ઋષિઓએ અસ્તેય ગણ્યું છે.

બ્રહ્મચર્ય એટલે શાસ્ત્રમાં કહેલાં આઠ અંગવાળા મૈથુનના ત્યાગરૂપ ઉપસ્થેન્દ્રિયનો સંયમ. શ્રીદક્ષસંહિતામાં આ પ્રમાણે કહ્યું છે કે ब्रह्मचर्यं सदा रक्षेदष्टधालक्षणं पृथक् । स्मरणं कीर्तनं केलि प्रेक्षणं गुह्यभाषणं । संकल्पोऽध्यवसायश्च क्रियानिर्वृत्तिरेव च। एतन्मैथुनमष्टांगं प्रवदन्ति मनीषिणः ॥ આઠ અંગવાળા બ્રહ્મચર્યનું સદા આગ્રહથી પાલન કરવું. સ્ત્રીવિષયનું અથવા તત્સંબંધી વાતોનું સ્મરણ, કથન, રહસ્યવાતો, રાગપૂર્વક અવલોકન, રહસ્યભાષણ, સંકલ્પ, અધ્યવસાય અને સંભો-

---

* યદ્યપિ ઉપરનાં છ વિશેષણવાળી વાણી બોલાવી અત્યંત કઠિન છે, અને મૌન રાખી વ્યવહાર ચલાવવો પણ અત્યંત કઠિન છે તથાપિ યોગના સાધકનો આશય યોગસિદ્ધિ છે, કંઇ વ્યવહાર નિભાવવો એ નથી. તેથી તે સાધકે તો ઉપરપ્રમાણેનો જ રસ્તો લેવો આવશ્યક છે.

ગની નિષ્પત્તિ એ આઠ અંગવાળું મૈથુન વર્ણાય છે. એ આઠ અંગોથી રહિત થવું તે અષ્ટાંગ બ્રહ્મચર્ય કહેવાય છે.†

અપરિગ્રહઃ—વિષયોનાં અર્જન, રક્ષણ, ક્ષયાદિથી થતા દોષોના વિચારથી થતો, જે દેહયાત્રાના નિર્વાહથી અતિરિક્ત ભોગસાધનનો શાસ્ત્રવિધિપ્રમાણે પણ અનંગીકાર તે અપરિગ્રહ છે. અથવા ભોગસાધનમાત્રનો મમત્વબુદ્ધિથી સ્વીકાર ન કરવો તે અપરિગ્રહ છે.

આ અહિંસા, સત્ય વિગેરે પાંચને આ શાસ્ત્રમાં યમસંજ્ઞા આપી છે. એ પાંચને યમ કહેવાના કારણમાટે જીવન્મુક્તિવિવેકમાં આ પ્રમાણે કહ્યું છે કે हिंसादिभ्यो निषिद्धधर्मेभ्यो योगिनं यमयन्तीति यमाः। હિંસાવિગેરે નિષિદ્ધ આચરણોથી યોગીને અટકાવનાર-નિયમન કરનાર હોવાથી એ પાંચ યમ છે.

આ પ્રમાણે પાંચ પ્રકારના યમનું આ સૂત્રથી પ્રતિપાદન કર્યું. અન્ય ઘણે સ્થળે યમનું દશ ભેદથી પ્રતિપાદન જોવામાં આવે છે. જેમકે યાજ્ઞવલ્કયસંહિતામાં ધૃતિ, ક્ષમા, દયા, આર્જવ, મિતાહાર અને શૌચ તથા આ સૂત્રમાં કહેલા પ્રથમ ચાર એમ દશ ભેદથી યમનું વર્ણન છે. તથાપિ આ સૂત્રમાં ન્યૂનતા નથી કેમકે શૌચ તો અહિં નિયમમાં ગણ્યું છે અને બાકીનાં ધૃતિ આદિ જે પાંચ તેનો આ સૂત્રમાં કહેલા પાંચમાં જ અંતર્ભાવ થઇ શકે છે, એ વાત એ દશે પ્રકારના યમના સ્વરૂપ શ્રીસિદ્ધાન્તસિન્ધુ વિગેરે ગ્રંથોમાંથી જાણવાથી સ્પષ્ટ થશે તેથી અત્ર અધિક વિસ્તારની આવશ્યકતા નથી.

આ પ્રમાણે યમના ભેદનું વર્ણન કર્યું. હવે યોગના સાધકે એનું કેવે પ્રકારે અનુષ્ઠાન કરવું એ બતાવવા એ યમ મહાવ્રત કેમ કહેવાય તે કહે છે.

जातिदेशकालसमयानवच्छिन्नाः सार्वभौमा महाव्रतम्॥३१॥

સૂત્રાર્થઃ—જાતિ, દેશ, કાલ અને સમયથી પરિચ્છેદને ન પામતા એવા, સર્વ અવસ્થામાં કર્તવ્યરૂપે નિશ્ચિત થયેલા આ યમ મહાવ્રત કહેવાય છે.

जातिः—જાતિ, દેશ, કાલ અને સમય એ ચારથી અનવચ્છિન્ન. જાતિ એટલે વર્ણ, અથવા તો વસ્તુને સજીવ રાખનાર તેમાં ર-

† આ વિષયના વિશેષ સ્પષ્ટીકરણમાટે જુઓ શ્રીસિદ્ધાન્તસિન્ધુ પૃષ્ઠ ૨૫૦. આ વિષયમાં આ સાંપ્રત કાલ જોતાં અધિક વિસ્તારની જરૂર છે તથાપિ આ સ્થાન તેને માટે ઉચિત નથી.

હેલા ગુણો, જેમકે બ્રાહ્મણત્વ અથવા ગોત્વ. દેશ અને કાલ તો પ્રસિદ્ધ જ છે. સમય એટલે અવસર. **અ**નવચ્છિન્ન એટલે નિયમિત નહિ થાય તે. જેની (જાતિ વિગેરેથી) મર્યાદા ન થાય તે.

सार्वभौमाः—સર્વ ભૂમિ વા અવસ્થા વિષે નિશ્ચિત થયેલા અર્થાત્ સર્વ અવસ્થામાં જેનું અનુષ્ઠાન કરવાનું છે એવા.

આ સૂત્રથી એ કહ્યું કે આ પાંચ પ્રકારના યમ મહાવ્રત કહેવાય છે તેનું કારણ એ કે એનું સર્વ અવસ્થામાં અનુષ્ઠાન કરવાનુ છે અર્થાત્ એ સાર્વભૌમ છે. એ સાર્વભૌમ છે કેમકે એ જાતિ, દેશ, કાળ તથા સમયથી મર્યાદાને પામતા નથી— (સંકુચિત થતા નથી) અર્થાત્ અવચ્છિન્ન નથી. એ ચાર પ્રકારના અવચ્છેદનાં સ્વરૂપ આપ્રમાણે છે:—સર્વ યમમાં અહિંસા મુખ્ય છે તેથી અહિંસાને દૃષ્ટાન્તરૂપે લઈએ તો ગોત્વજાતિવાળા પદાર્થને અર્થાત્ ગાયને અથવા બ્રાહ્મણત્વજાતિવાળા પદાર્થને અર્થાત્ બ્રાહ્મણને ન મારવો એ પ્રકારે જો હોય તો એ અહિંસા જાતિથી અવચ્છિન્ન થઈ કહેવાય; તીર્થવિષે ન મારવો એ પ્રકારે હોય તો એ અહિંસા દેશથી અવચ્છિન્ન થઈ કહેવાય; ચતુર્દશીને દિવસે ન મારવો એમ હોય તો એ અહિંસા કાલથી અવચ્છિન્ન થઈ કહેવાય, તથા દેવ, બ્રાહ્મણવિગેરેના પ્રોજન શિવાયના અન્ય અર્થમાટે—અન્ય અવસરે ન મારવો એમ હોય તો એ અહિંસા સમયાવચ્છિન્ન થઈ કહેવાય. આજ પ્રકારે સત્ય વગેરે અન્ય ચાર યમો માટેના અવચ્છેદ સમજી લેવા. અહિંસાવિગેરે યમ આ સર્વ પ્રકારનાં અવચ્છેદ વા નિયમથી રહિત છે કેમકે યોગના સાધકે આમાંથી કોઈ પણ અવચ્છેદસહિત અહિંસાદિનું અનુષ્ઠાન કરવાનું નથી, પણ કોઈ પણ પ્રાણીને, કોઈ પણ દેશમાં, કોઈ પણ કાળે તથા કોઈ પણ અવસરે ન મારવો એ પ્રકારે અર્થાત્ સર્વ પ્રાણીને, સર્વ દેશમાં, સર્વ કાળે તથા સર્વ અવસરે શરીરાદિથી દુઃખની ઉત્પત્તિ કરવાથી રહિત રહેવું એ પ્રકારે અનવચ્છિન્નરૂપે અનુષ્ઠાન કરવાનું છે. એ પ્રકારે અનુષ્ઠાન એનું થાય ત્યારે જ એ યમ સાર્વભૌમ થયા કહેવાય છે તથા ત્યારે જ એ મહાવ્રત ગણાય છે. તેથી યોગના સાધકે આ યમ મહાવ્રત થાય એ પ્રકારે એનું પાલન કરવું-

આ પ્રસંગમાં બે શંકા થાય છે, તે એકે (૧) શૌચાદિરૂપ નિયમનું અનુષ્ઠાન કરવામાં હિંસા અવશ્ય થવાની, તેથી જો સર્વથા અહિંસાનું અનુષ્ઠાન કરવાનું હોય તો શૌચાદિનો પરિત્યાગ કરવો જોઈએ, અને (૨) કુશ, સમિધ વિગેરે લાવવામાં તથા બ્રાહ્મણક્ષત્રિ-

યનાં નિત્યકર્મનું અનુષ્ઠાન અને વૈદિક કર્મોનું અનુષ્ઠાન કરવામાં હિંસા અવશ્ય થવાની, તેથી તેનો પરિત્યાગ કરવો જોઇએ. અને તેમ કરવાથી પ્રત્યવાય થાય છે એવું શાસ્ત્રોમાં કહ્યું છે તેથી એ પરિત્યાગ કરવો ઉચિત નથી. એ બેનું સમાધાન આ પ્રમાણે. પ્રથમ જે કહ્યું કે શૌચાદિનો પરિત્યાગ કરવો પડે પણ એ શંકા યોગ્ય નથી કેમકે ૩૦ મા સૂત્રની વ્યાખ્યામાં જ કહ્યું છે કે એ અહિંસાઆદિનું આશ્રમવિહિત નિત્યકર્મના અવિરોધે અનુષ્ઠાન કરવાનું છે તેથી શૌચાદિનો ત્યાગ આવશ્યક નથી પણ શૌચાદિનું અનુષ્ઠાન, તથા તેમાં નિરુપાયે થતી હિંસામાટે પ્રાયશ્ચિત્તનું અનુષ્ઠાન એમ બે કરવાનાં છે. બીજી શંકા જે કરી તે પણ યોગ્ય નથી. કેમકે શ્રીમહાભારતના મોક્ષપર્વવિષે કહ્યું છે કે---

सर्वाणि भूतानि सुखे रमन्ते सर्वाणि दुःखेषु तथोद्विजन्ति ।
तेषां भयोत्पादनजातखेदः कुर्यान्न कर्माणि हि जातवेदः ॥

સર્વ પ્રાણીને સુખ પ્રિય છે, કોઇને દુઃખ પ્રિય નથી તેથી સર્વ પ્રાણિને ભયની ઉત્પત્તિ કરવી ખેદકારક છે એ જાણી યોગીએ બાહ્ય કર્મ ન કરવાં. એ વાક્યથી સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે કે બાહ્યકર્મના ત્યાગથી જે શાસ્ત્રમાં પ્રત્યવાય કહ્યો છે તે અયોગિને માટે જ છે, યોગિને માટે નથી. એજ કારણથી શ્રીમનુ ભગવાન્ પણ एतानेके महायज्ञान् यज्ञशास्त्रविदो जनाः । अनीहमानाः सततमिन्द्रियेष्वेव जुह्वति ॥ અન્ય યજ્ઞાદિને યથાર્થ રીતે જાણનાર પુરુષો આ મહાયજ્ઞની ઇચ્છા ન રાખીને નિરંતર ઇન્દ્રિયોમાં હોમ કરે છે. ઇત્યાદિ વચનોથી યોગરૂપ નિત્યકર્મનું જ યોગિપુરુષમાટે વિધાન કરે છે. આજ કારણથી શ્રી વસિષ્ઠ बाह्यमाभ्यन्तरं चेति द्विविधं कर्म वैदिकम् । तयोरन्यतरत् कुर्यान्नित्यं कर्म यथाविधि ॥ વૈદિક કર્મોનું બાહ્ય અને આભ્યંતર એમ બે રીતે અનુષ્ઠાન થાય છે, તેમાંથી ગમે તે રીતે નિત્ય કર્મ યથાવિધિ કરવું-ઇત્યાદિ વચનોથી એ બે પ્રકારનો વિકલ્પ કર્યો છે. તેમાં પણ બાહ્ય કર્મ હિંસાદિથી ગ્રસ્ત છે અને આભ્યન્તર કર્મ તેથી રહિત છે, તેમ જ ભાવનાની સ્થિરતા કરનાર છે તેથી યોગીમાટે વિશેષતઃ યોગ્ય છે. એજ કારણથી શ્રીકૃષ્ણભગવાને સર્વ યજ્ઞમાં જપયજ્ઞને જ શ્રેષ્ઠ કહ્યો છે. તેથી યોગી યોગ સાધવામાટે બાહ્ય કર્મનો ત્યાગ કરે તો તેમાં તેને પ્રત્યવાય નથી એ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે આ સૂત્રથી યમનું કેવી રીતે અનુષ્ઠાન કરવું એ પ્રતિપાદન કર્યું. આ સૂત્રમાં યમમાટે જે કહ્યું છે તેથી યમની નિ-

યમ કરતાં વિશેષતા સિદ્ધ થાય છે. નિયમના કરતાં પણ યમ વધારે અવશ્યના છે એ વાત જીવન્મુક્તિવિવેકમાં વિદ્યારણ્યસ્વામીએ પણ यमान् सेवेत सततं न नित्यं नियमान्बुधः । यमान्पतत्यकुर्वाणो नियमान्केवलान्भजन् ॥ વિચારવાને યમનું નિરંતર સેવન કરવું, નિયમનું તેમ ન થાય તો ચિંતા નથી કેમકે કેવળ નિયમને સેવન કરનાર જો યમનું અનુષ્ઠાન કરતો નથી તો તે અધોગતિને પામે છે, ઇત્યાદિ વચનોથી પ્રતિપાદન કરી છે. તેથી એ વિષે વિસ્તારની જરૂર નથી.

હવે યોગનું દ્વિતીય અંગ જે નિયમ તેનું પ્રતિપાદન કરવા કહે છે કે.

शौचसंतोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः ॥३२॥

સુત્રાર્થઃ—શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઇશ્વરપ્રણિધાન એ પાંચ નિયમ કહેવાય છે.

આ સૂત્રથી શૌચાદિ પાંચ નિયમ કહેવાય છે એ વાતનું પ્રતિપાદન કરયું છે. એ પાંચ નિયમ કહેવાય છે કેમકે जन्महेतोः काम्यधर्मान्निवर्त्य मोक्षहेतौ निष्कामधर्मे नियमयन्ति प्रेरयन्ति*। એ પાંચ જન્મના હેતુભૂત કામ્યકર્મથી નિવૃત્તિ પમાડી મોક્ષના હેતુરૂપ નિષ્કામ કર્મવિષે પ્રેરે છે. એ પાંચનાં સ્વરૂપ આ પ્રમાણે છે. शौच એટલે શુદ્ધિ. એ બે પ્રકારની છેઃ (૧) સ્થૂલ શરીરની અને (૨) મનની. ત્યાં શરીરની શુદ્ધિ પણ બાહ્ય અને આંતર એ ભેદથી બે પ્રકારની છે. જળ મૃત્તિકા ગોમય વિગેરેથી શરીરને સ્વચ્છ કરવું એ શરીરનું બાહ્ય શૌચ છે. અને પવિત્ર પદાર્થના ભક્ષણથી શરીરના ઘટક રસરુધિરઆદિ સપ્ત ધાતુઓને શુદ્ધ કરવા એ શરીરનું આંતર શૌચ છે. મન અથવા અંતઃકરણના મદ, માન, અસૂયા, રાગ, દ્વેષવિગેરે દોષોને મૈત્રી, કરુણાઆદિના અનુષ્ઠાનથી ધોઇ નાંખી મનને શુદ્ધ કરવું એ મનનું શૌચ છે.

संतोष—અતિ આવશ્યક એવા જે પ્રાણયાત્રાના નિભાવનાર પદાર્થો તે શિવાય અન્ય પદાર્થોને મેળવવાની અસ્પૃહા એ સંતોષ છે.

तपः—ક્ષુધા અને પિપાસા, શીત અને ઉષ્ણ, ઇત્યાદિ દ્વંદ્વોને સહન કરવાનો અભ્યાસ; ઉર્ધ્વ સ્થિત થવું કાષ્ઠમૌન એટલે કંઈ ચિહ્નેકરીને પણ પોતાના અભિપ્રાયને નહિ બતાવવા તે, અને આકારમૌન એટલે બોલવું નહિ તે કૃચ્છ્ર, ચાંદ્રાયણ, સાંતપનઆદિ વ્રતો એ સર્વ

* શ્રીવિદ્યારણ્યસ્વામીપ્રણીતજીવન્મુક્તિવિવેક.

તપ કહેવાય છે.‡

સ્વાધ્યાય એટલે વેદાધ્યયન તથા ઇષ્ટ મંત્રનો જપ, અને ઈશ્વરપ્ર૦ એટલે સર્વ કર્મોનું પરમ ગુરુ ઇશ્વરવિષે રૂડે પ્રકારે અર્પણ કરવું તે. એ બંનેની વિશેષ વ્યાખ્યા આ પાદના પ્રથમ સૂત્રમાં કરી છે તેથી અત્ર વિસ્તારની જરૂર નથી.

આ પ્રમાણે આ સૂત્રોથી યમ અને નિયમનું પ્રતિપાદન કર્યું. એ સર્વ શ્રીવિષ્ણુપુરાણમાં પણ ब्रह्मचर्यमहिंसां च सत्यास्तेयापरिग्रहान् सेवेत योगी निष्कामो योग्यतां मनसो नयन् ॥ स्वाध्यायशौचसंतोषतपांसि नियतात्मवान् । कुर्वीत ब्रह्मणि चैवं परस्मिन् प्रवणं मनः ॥ મનને યોગ્યતાને પમાડતાં યોગીએ બ્રહ્મચર્યાદિ પાંચ યમોને અવશ્ય સેવવા તથા ઇંદ્રિય ને મનને નિયમમાં રાખી શૌચાદિ પાંચ નિયમનું અનુષ્ઠાન કરવું—ઇત્યાદિ વચનોથી પ્રતિપાદન કર્યું છે. અન્ય શાસ્ત્રકારોએ જેમ યમનું દશ ભેદથી વર્ણન કર્યું છે તેમ નિયમનું પણ તપ, સંતોષ, આસ્તિક્ય, દાન, ઇશ્વરપૂજન, સિદ્ધાન્તશ્રવણ, લજ્જા, મતિ, જપ અને વ્રત એ દશ*ભેદથી વર્ણન કર્યું છે. તથાપિ આ સૂત્રમાં ન્યુનતા નથી કેમકે અત્ર ભેદ પાડી ન કહેલા એવા તથા અન્ય ભેદમાં ન આવે એવા સર્વનો તપમાં સમાવેશ થાય છે.

આ દશમધ્યે જે ઇશ્વરપ્રણિધાન અને સ્વાધ્યાય છે તે મુખ્યતઃ યોગનાં અંગરૂપ છે, કેમકે ઇશ્વરપ્રણિધાન કરનાર સાધક નિરંતર કર્તારૂપે ઇશ્વરતત્ત્વનું અનુસંધાન કરેછે તથા પોતે કર્તૃત્વથી રહિત છે એવી ભાવના કરે છે. તેમ જ સ્વાધ્યાયને સાધનાર સાધક તે વખતે વાણીને તથા મનને નિયમિતરૂપે સ્થાપે છે તથા મંત્રના અધિષ્ઠાતા દેવરૂપ ઈશ્વરનું અનુસંધાન કરે છે. આથી એ સાધકને ઈશ્વરના અનુગ્રહદ્વારા સહજમાં તત્ત્વજ્ઞાન થાયછે અર્થાત્ યોગ સુકર થાય છે.

આ પ્રમાણે યમનિયમનું પ્રતિપાદન કર્યું. હવે એના અનુષ્ઠાનમાં જ્યારે વિતર્કો બાધ કરે ત્યારે શો ઉપાય કરવો એ બતાવવું જરૂરનું છે. કારણ કે એ ઉપાયનું જ્ઞાન ન હોય તો અહિંસાદિનો વિતર્કથી બાધ થાય ત્યારે એનું યથાર્થ અનુષ્ઠાન થાય નહિ. તેથી એ ઉપાયનું હવે સૂત્રકાર પ્રતિપાદન કરે છે.

---

‡ તપનો વિશેષ વિસ્તાર આ પાદના પ્રથમ સૂત્રની વ્યાખ્યામાં કરયો છે તથા તેથી પણ અધિક સ્પષ્ટીકરણ શ્રીસિદ્ધાન્તસિન્ધુ વિગેરેમાં છે તેથી તે ત્યાં જોવું.

* એ દશેનાં સ્વરૂપમાટે જુઓ શ્રીસિદ્ધાંતસિંધુ પ્રથમ રત્ન પૃષ્ઠ ૨૫૧ થી.

वितर्कबाधने प्रतिपक्षभावनम् ॥ ३३ ॥

સૂત્રાર્થઃ—આ યમનિયમોનો વિતર્કોથી બાધ થાય ત્યારે એ વિતર્કના પ્રતિપક્ષની ભાવના કરવી.

वितर्क०:—વિતર્કથી બાધ થાય ત્યારે. वितर्क्यन्ते इति वितर्काः અથવા विपरीतास्तर्का विचारा येषु—એ વ્યુત્પત્તિથી હિંસા વિગેરે જે, અહિંસાવિગેરેના વિરોધી છે તેનું વિતર્ક શબ્દથી ગ્રહણ થાય છે. એ હિંસાદિરૂપ વિતર્કથી જ્યારે બાધ થાય ત્યારે, એટલે એ હિંસાદિરૂપ વિતર્ક યોગીના ચિત્તને પોતાના અભિમુખ કરે ત્યારે—

प्रतिपक्ष०—વિતર્કોનો નાશ કરનાર જે જ્ઞાન તેના વિષયરૂપ જે પ્રતિપક્ષ—જેમકે એ વિતર્કો દુઃખરૂપ ફલને આપનાર છે અર્થાત્ એ વિતર્કોનું દુઃખરૂપ ફલને આપવાપણું વિગેરે—તેની ભાવના કરવી.

આ સૂત્રથી એ કહ્યું કે જ્યારે યોગીના ચિત્તવિષે હું અપકાર કરનારની હિંસા કરૂં, હું અસત્ય બોલું, અન્યનું દ્રવ્ય હરણ કરૂં વિગેરે વિતર્કો થાય ત્યારે 'ઘોર સંસારરૂપ અગ્નિથી પ્રજલવાથી તેની નિવૃત્તિવાસ્તે મેં અહિંસાવિગેરે યોગધર્મોનો સ્વીકાર કરેલો છે તથા હિંસાદિને છોડી દીધાં છે અને પાછો જો હું એ ત્યાગ કરેલા હિંસાદિનો સ્વીકાર કરૂં તો એક વખત વમન કરેલાનું પાછું ગ્રહણ કરનાર કુતરામાં ને મારામાં શો ફેર—કંઇજ નહિ' ઇત્યાદિ ભાવના કરવી.

અગર જો આ સૂત્ર તથા ઉત્તર સૂત્ર યમનિયમના વિષયમાંજ કહ્યાં છે તથાપિ યુક્તિયુક્ત હોવાથી તથા एवमादि सूत्रान्तरेष्वपि योज्यम्—આ પ્રમાણે તથા ઉત્તર સૂત્રમાં કહેવામાં આવશે તે પ્રમાણે અન્ય યોગાંગના વિરોધી વિતર્કોમાટે પણ સમજી લેવું—એવું ભાષ્યમાં કહ્યું છે તેથી આ બે સૂત્રોનો અતિદેશ સર્વે યોગાંગવિષે થાયછે. તેથી આસનાદિ અંગોમાટે પણ જ્યારે એમ થાય કે 'હું આસનનો ત્યાગ કરૂં, પ્રાણાયામનો ત્યાગ કરૂં' વિગેરે તે વખતે પણ એ વિતર્કો દુઃખાદિ ફલને આપનાર છે એ પ્રતિપક્ષની ભાવના કરવી—એ પણ આથી જ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે આ સૂત્રથી પ્રતિપક્ષની ભાવના કરવાનું વિધાન કર્યું. પણ એ વિતર્કો કયા તથા પ્રતિપક્ષ કયા એ કહેવું અવશિષ્ટ છે. એ પ્રતિપાદન કરવા કહે છે કે—

वितर्का हिंसादयः कृतकारितानुमोदिता लोभक्रोधमोहपूर्वका मृदुमध्याधिमात्रा दुःखाज्ञानानन्तफला इति प्रतिपक्षभावनम् ॥ ३४ ॥

સૂત્રાર્થઃ—કરેલા, કરાવેલા, અનુમોદન કરેલા, લોભ, ક્રોધ, તથા મોહરૂપ કારણવાળા, મૃદુ, મધ્ય તથા અધિમાત્ર જે હિંસાવિગેરે વિતર્કો છે તે સર્વ દુઃખ અને અજ્ઞાનરૂપ અનંત ફલને આપનાર છે એ પ્રતિપક્ષની ભાવના કરવી.

આ સૂત્રમાં हिंसादयः પદથી વિતર્કોનું સ્વરૂપ કહ્યું છે. कृत० વિગેરે ત્રણ વિશેષણોથી એ વિતર્કોનું સર્વ પ્રકારે હેયત્વ પ્રતિપાદન કર્યું છે, તથા दुःख० એ પદથી પ્રતિપક્ષનું કથન કર્યું છે અને શેષ પદોથી પૂર્વ સૂત્રમાં વિધાન કરેલી પ્રતિપક્ષભાવનાનો અનુવાદ કર્યોછે.

हिंसादयः—એટલે હિંસા, અસત્ય વિગેરે યમનિયમાદિથી વિરુદ્ધ પદાર્થો. कृत०-એટલે કૃત, કારિત અને અનુમોદિત. કૃત એટલે પોતે જાતે કરેલું. જેમ કોઇને પોતે દુઃખની ઉત્પત્તિ કરવી એ કૃતહિંસા છે. કારિત એટલે કોઈ દ્વારા કરાવેલું. જેમ કોઇ ઇતર મનુષ્યદ્વારા અન્ય માણસની હિંસા કરાવવી એ કારિતહિંસા છે. અનુમોદિત એટલે પોતે કરાવેલું નહિ પણ બીજા કોઇએ પોતાની મેળે કરેલું હોય તેને "ઠીક કર્યું" એ પ્રકારે કહી ટેકો આપેલો. જેમ કોઇએ પોતાની મેળે હિંસા કરી હોય તેને 'એ કામ ઠીક કર્યું' એમ કહી ઉત્તેજન આપ્યું હોય તો એ અનુમોદિતહિંસા છે. આ પ્રમાણે આ વિશેષણથી હિંસાદિ-વિતર્કોના ત્રણ ભેદ કહ્યા.

लोभक्रोध०:—એટલે લોભ, ક્રોધ અને મોહ એ હેતુ છે જેના એવા. ત્યાં માંસ અથવા ચર્મને માટે પશુવિગેરેની હિંસા કરવી તે લોભહેતુક અર્થાત્ લોભપૂર્વક હિંસા છે. 'એણે મારો અપરાધ કર્યો' એ પ્રકારે ક્રોધને લીધે પ્રવૃત્ત થયેલી હિંસા તે ક્રોધપૂર્વક હિંસા છે, અને અમુક હિંસાથી ધર્મ થાય છે એ પ્રકારે વિપરીતજ્ઞાનરૂપ મોહને લીધે પ્રવૃત થયેલી હિંસા મોહપૂર્વક હિંસા છે. લોભ એટલે તૃષ્ણા, ક્રોધ એટલે કૃત્ય અને અકૃત્યના વિવેકને ઉન્મૂલન કરનાર, ચિત્તનો પ્રજ્વલનરૂપ ધર્મ, તથા મોહ એટલે વિપરીતજ્ઞાન- આ ત્રણ કારણથી હિંસાદિ વિતર્કો જે કૃત, કારિત અને અનુમોદિત એ ત્રણ ભેદવાળા છે તેના પ્રત્યેકના ત્રણ ભેદ થયા એટલે બધું મળી નવ ભેદ થયા.

मृदु०—એટલે મૃદુ, મધ્ય અને અધિમાત્ર અથવા તીવ્ર. યદ્યપિ આ મૃદુત્વવિગેરે વિશેષણો હિંસાદિવિતર્કનાં છે તથાપિ એ વિતર્કોમાં એ વિશેષણ અધિક યોગ્ય નહિ જણાવાથી એ વિશેષણો એ વિતર્કનાં કારણરૂપ લોભાદિનાં ટીકાકારોએ લીધાં છે, તેથી આ પદથી

મૃદુલોભથી પ્રવૃત્ત થતા મધ્ય લોભથી પ્રવૃત્ત થતા અને તીવ્ર લોભથી પ્રવૃત્ત થતા એ પ્રકારે હિંસાદિ વિતર્કો જે નવ ભેદવાળા થયા હતા તેમાં પ્રત્યેકના ત્રણ ભેદ થયા એટલે બધું મળી ૨૭ ભેદ થયા.

દુઃખા૦—એટલે દુઃખ, અજ્ઞાન વિગેરે અનંત અનિષ્ટ ફલને આપનાર છે. આ પદથી પ્રતિપક્ષનું પ્રતિપાદન કર્યું છે.

આ સૂત્રથી એ કહ્યું કે હિંસાદિ વિતર્કો છે, તથા એ ઉપર બતાવ્યા તે પ્રમાણે ૨૭ ભેદવાળા છે. એ સર્વ દુઃખ તથા અજ્ઞાન-વિગેરે અનંત ફલને આપનાર છે એ એનો પ્રતિપક્ષ છે. તેથી અ-હિંસાદિનો જ્યારે વિતર્કોથી બાધ થાય ત્યારે આ પ્રતિપક્ષની ભાવના કરવી. અહિં યદ્યપિ ૨૭ ભેદ એ વિતર્કોના કહ્યા છે તથાપિ એથી અધિક પણ પડી શકેછે. જેમ પ્રથમ પાદમાં કહ્યા પ્રમાણે મૃદુ, મ-ધ્ય અને અધિમાત્ર એ પ્રત્યેક પણ મૃદુ, મધ્ય અને અધિમાત્ર હોય છે તેથી એ ૨૭ પ્રકારના વિતર્કોમાંથી પ્રત્યેક પુનઃ ત્રણ પ્રકારનો થ-વાથી ૮૧ ભેદ થયા. તેમજ નિયમ, સમુચ્ચય અને વિકલ્પે કરી એ પ્રત્યેકના પુનઃ ત્રણ ત્રણ ભેદ થવાથી ૨૪૩ ભેદ થયા. અહિં મત્સ્ય વગેરેનીજ હિંસા કરવી એ પ્રકારની મર્યાદા બાંધવી તે નિયમ છે, રોજ સ્થાવર અને જંગમ એ બે પ્રકારના શરીરોની હિંસા કરવી એ પ્રકાર તે સમુચ્ચય છે અને અમુક બેમાંથી ગમે તે એકની હિંસા કરવી એ પ્રકાર તે વિકલ્પ છે. આ વિગેરે અસંખ્ય ભેદ એ વિત-ર્કોના પડેછે. એ સર્વ ભેદવાળા વિતર્કો દુઃખ, અજ્ઞાનવિગેરે અનંત અનિષ્ટ ફલને આપનાર છે. ત્યાં દૃષ્ટાન્તરૂપે હિંસારૂપ વિતર્ક લઇએ તો હંતાપુરુષ સામાનાં બલવિગેરેને નાશ કરેછે તેથી તેનાં પોતાનાં સ્ત્રીધનવિગેરે જે ભોગસાધનો હોય છે તે સર્વ હતવીર્ય થાય છે, તેમ જ હંતાપુરુષ શસ્ત્રાદિથી જેમ અન્યને દુઃખની ઉત્પત્તિ કરે છે તેમ નરકાદિવિષે પોતે પણ યમનાં શસ્ત્રાદિથી થતાં દુઃખનો ભોગ થાય છે તથા એ માણસ અન્યના પ્રાણનું હરણ કરેછે તેથી પોતે પણ રોગા-દિથી મરણતુલ્ય વેદના આપનાર મોહમયી અવસ્થામાં સીદાયા કરે છે. આજ પ્રમાણે અસત્યવિગેરેમાટે પણ સમજી લેવું. તેથી સિદ્ધ થાય છે કે આ સર્વ ભેદવાળા સર્વ વિતર્કો દુઃખ તથા અજ્ઞાનરૂપ અનંત ફલને આપનાર છે. એ દુઃખ અને અજ્ઞાનરૂપ અનંતફલ એ વિતર્કોનું વિરોધી હોવાથી પ્રતિપક્ષ છે કેમકે દુઃખ તથા દુઃખસાધન કોઇની ઇચ્છાનો વિષય નથી. તેથી એ વિતર્કોથી બાધ થાય ત્યારે આ પ્ર-તિપક્ષની ભાવના કરવાથી એ બાધ ટળી જાય છે તેથી પુનઃ અહિં-સાદિ ધર્મોનું યથાર્થ અનુષ્ઠાન થાય છે.

આપ્રમાણે આ સૂત્રોથી વિતર્કનું ભેદસહિત પ્રતિપાદન કર્યું, તથા એના પ્રતિપક્ષનું તથા વિતર્કથી થતા બાધની નિવૃત્તિવાસ્તે એ પ્રતિપક્ષની ભાવના કરવી એ વાતનું પણ પ્રતિપાદન કર્યું. એ ભાવનાના અભ્યાસથી વિતર્કની નિવૃત્તિ થાય છે અને તેથી યમનિયમાદિનું યથાર્થ અનુષ્ઠાન થાય છે. જ્યારે અભ્યાસથી વિતર્કથી બાધ ન થઈ શકે એવી રીતે અર્થાત્ વિતર્કોનું સ્ફુરણ પણ ન થાય એવી રીતે યમનિયમની સિદ્ધિ થાય ત્યારે એ બે અંગોનું અનુષ્ઠાન કરવાનો આગ્રહ સાધકે છોડી દેવો, કેમકે પછી તો એ યમનિયમનું એની મેળે જ પ્રસંગ આવ્યે પાલન થયા કરે છે. એ યમનિયમની સિદ્ધિ થયાપછી સાધકે તૃતીય અંગરૂપ આસનમાટે પ્રયાસ કરવો. ત્યાં એ જિજ્ઞાસા થાય છે કે એ યમનિયમની યથાર્થ સિદ્ધિ થઇ ક્યારે ગણવી. એ જિજ્ઞાસા નિવૃત કરવામાટે યમનિયમની સિદ્ધિથી જે સિદ્ધિઓરૂપ ફલો થાય છે તેનું પ્રતિપાદન કરવા સૂત્રકાર આ પાદના ૪૫ મા સુત્રપર્યન્તનાં સૂત્રો રચે છે. સાધકને જ્યારે એ સિદ્ધિઓરૂપ ફલોનો આવિર્ભાવ થાય ત્યારે એ યમનિયમની સિદ્ધિ થયેલી તેણે જાણવી. આ શાસ્ત્રમાં જ્યાં જ્યાં સિદ્ધિનું વર્ણન કરવામાં આવ્યું છે ત્યાં સર્વ સ્થલે જેના ફલરૂપ તે સિદ્ધિ છે તે યોગાંગની યથાર્થ સિદ્ધિ તે વિભૂતિરૂપ સિદ્ધિના આવિર્ભાવથી થઈ છે એમ જાણવું, એ પ્રતિપાદન કરવામાટે જ છે. ત્યાં યમના પ્રથમ ભેદરૂપ અહિંસાથી થતા ફલરૂપ સિદ્ધિનું સૂત્રકાર ક્રમપ્રમાણે પ્રથમ પ્રતિપાદન કરેછે.

अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः ॥ ३५ ॥

સૂત્રાર્થઃ—અહિંસાની યોગીમાં સ્થિરતા થવાથી તેની પાસે હિંસ્રસ્વભાવનાં પ્રાણીઓ પણ પોતાના વૈરનો ત્યાગ કરેછે.

अहिंसा०:–એટલે અહિંસાનું સ્થૈર્ય થવાથી, અહિંસાની યથાર્થ સિદ્ધિ થવાથી.

तत्संनिधौ=તે યોગીની સંનિધિમાં.

वैरत्यागः=વૈર એટલે જાતિવૈર એટલે પોતપોતાનો હિંસ્રસ્વભાવ, તેનો ત્યાગ.

આ સૂત્રથી એ કહ્યું કે યોગીમાં જ્યારે અહિંસારૂપ યોગધર્મ હિંસારૂપ તેના વિતર્કથી લેશ પણ સંપૃક્ત થયા વિનાનો થાય છે અર્થાત્ સિદ્ધ થાયછે, ત્યારે તે મહાત્મા યોગીની પાસે આવનાર માર્જાર અને ઉંદર, સર્પ અને નોળીયો, મહિષ અને અશ્વ, વિગેરે વિરોધી સ્વભાવનાં પ્રાણીઓ પણ પોતાના હિંસ્રસ્વભાવથી રહિત થાય

છે. તેજ પ્રમાણે વાઘ, વરૂવિગેરે પ્રાણીઓ પણ પોતાનો હિંસ્રસ્વભાવ તે સમયે છોડે છે. અને તે યોગ્ય જ છે. કારણ કે જ્યાંસુધી હિંસારૂપ કર્મને ઉત્પન્ન કરનાર ક્રોધ અને મોહરૂપ કારણો વિદ્યમાન હોયછે ત્યાંસુધી હિંસારૂપ વિતર્ક બાધ કરવાનો, અર્થાત્ અંતઃકરણમાં જ્યાંસુધી લોભાદિને ઉત્પન્ન કરનાર રાજસ તામસ દ્રવ્ય વિદ્યમાન હોયછે ત્યાંસુધી હિંસાથી બાધ થવાનો, તેથી જે યોગિને એ વિતર્કથી બાધ થયાવિનાનો અહિંસા ધર્મ સિદ્ધ થાય છે તે યોગીના અંતઃકરણમાં અહિંસારૂપ ધર્મને ઉત્પન્ન કરનાર અહિંસક ધર્મવાળું દ્રવ્ય અત્યંત બળવાનરૂપે હોવું જોઇએ. અને હિંસાને પ્રકટાવનાર દ્રવ્ય જો અત્યંત નષ્ટ ન થયું હોય તોપણ દગ્ધબીજપણાને પામેલું તો અવશ્ય હોવું જોઇએ. આવા યોગિની સમીપ જ્યારે પ્રાણીઓ આવે છે તે સમયે તે સર્વનાં અંતઃકરણ તે યોગિના દૃઢ ઉદયબળવાળા તથા અહિંસક સ્વભાવના અંતઃકરણના પ્રધાનસત્તાની મર્યાદામાં આવેછે. એ અંતઃકરણો તે યોગિના અપાર બળવાળા અંતઃકરણના અહિંસક સત્ત્વથી દબાઇ જાયછે તેથી પોતામાં રહેલું હિંસકધર્મવાળું દ્રવ્ય તેમનામાં તે સમયે સુષુપ્તવત્ થઇ જાયછે તેથી એ દ્રવ્યથી જ ઉત્પન્ન થતી હિંસાને તે સમયે કરવા અસમર્થ થઇ જાય છે અર્થાત્ વૈરત્યાગપૂર્વક ત્યાં વસી શકે છે.

આ પ્રમાણે અહિંસાનું ફલ હોવાથી એ સ્પષ્ટ રીતે યોગના અંગભૂત છે. અહિંસાની સ્થિરતા થવાથી અંતઃકરણનાં રજસ અને તમસરૂપ દ્રવ્યો નિર્બલ થઇ જાય છે, તથા સત્ત્વદ્રવ્ય પ્રધાનતાને પામે છે તેથી, અહિંસા સિદ્ધ થવાથી તે યોગી જંગલવિગેરે સ્થળે કે જ્યાં વાઘ, વરૂવિગેરે હિંસ્ર પ્રાણીઓનો ભય નિરન્તર રહે છે ત્યાં નિર્ભયપણે વસી એકાન્તસેવન કરી યોગની સિદ્ધિમાટે ઇતર અંગોનું રૂડે પ્રકારે અનુષ્ઠાન કરવા સમર્થ થાય છે; તેથી તથા એવાં અન્ય કારણોને લીધે અહિંસા યોગાંગ છે.

હવે ક્રમપ્રાપ્ત સત્યનું ફલ કહે છે.

सत्यप्रतिष्ठायां क्रियाफलाश्रयत्वम् ॥३६॥

સૂત્રાર્થઃ—સત્યની સ્થિરતા થવાથી એ યોગિના વચનથી સર્વ પ્રાણિઓ ક્રિયાસાધ્ય ધર્મના અને તેના ફલરૂપ સ્વર્ગાદિના આશ્રય (ભોગવનાર) થાય છે.

सत्यप्रतिष्ठायाम्—એટલે પૂર્વસૂત્રવત્ સત્યની યથાર્થ સ્થિરતા થવાથી.

क्रियाफलाश्रयत्वम्=क्रिया શબ્દે કરીને ક્રિયાના કાર્યરૂપ ધર્મનુ ગ્રહણ થાય છે. फल શબ્દે કરીને એ ધર્મથી થતું જે ફલ તેનું ગ્રહણ

થાયછે. आश्रयत्वम्=એટલે આશ્રયપણું. એ આશ્રયપણારૂપ ધર્મ યોગિમાં નથી પણ તે યોગિનાં વચન જેના પ્રતિ હોય છે તે પ્રાણિનિષ્ઠ છે. તેથી સૂત્રાર્થ એવો નથી કે સત્યપ્રતિષ્ઠાથી યોગી ધર્મ અને સ્વર્ગને પામે છે પણ એવો છે કે સત્યની સ્થિરતાવાળા યોગિના વચનથી અન્ય પ્રાણિને સ્વર્ગાદિ ફલોત્પાદકધર્મ તથા સ્વર્ગાદિ થાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે સત્યસિદ્ધિવાળા યોગીની વાણી અમોઘ થાય છે. તે યોગી કોઇને કહે કે 'તું ધાર્મિક થશે' તો એ વચનથી તે માણસ ધાર્મિક થાય છે, કોઇને કહે 'તું સ્વર્ગને પામ' તો એ વચનમાત્રથી તે માણસ સ્વર્ગને પામે છે. તાત્પર્ય એ કે એ યોગિની વાણી સિદ્ધ થાય છે અર્થાત્ એ યોગી સિદ્ધસંકલ્પનો થાય છે. સત્યનો અભ્યાસ કરવાથી તેના અંતઃકરણમાં એક પ્રકારનું સામર્થ્ય વધે છે કે જે સામર્થ્યથી પોતાના સંકલ્પવડે બાહ્ય પરમાણુઆદિ વસ્તુઓપર તે છાપ પાડી શકવા સમર્થ થાય છે, જેથી તે યોગી 'અમુક થાઓ' એવો સંકલ્પ કરેછે તે સમયે તેના અંતઃકરણનું સંચિત થયેલું સામર્થ્ય એ સંકલ્પદ્વારા બાહ્ય વસ્તુમાં પોતાસદૃશ દૃઢ છાપ પાડેછે; અથવા તો સર્વશક્ત છતાં વિવિધ પ્રતિબંધોથી અંતઃકરણ અલ્પ શક્તિવાળું થઇ ગયું હોય છે. તેમાંથી સંકલ્પાનુસાર બાહ્યવ્યવસ્થા કરવારૂપ શક્તિનો પ્રતિબંધક તે અસત્યનો અભ્યાસ છે. એ પ્રતિબંધની નિવૃત્તિ થવાથી એ સામર્થ્ય આવિર્ભાવને પામે છે જેથી સંકલ્પથી તદનુસાર બાહ્યવ્યવસ્થા થાય છે. અથવા તો જેમ જ્યોતિષ્ટોમયાગથી સ્વર્ગની પ્રાપ્તિરૂપ ફલ થાય છે અર્થાત્ જ્યોતિષ્ટોમયાગ કરનારને તેના મૃત્યુપછી વ્યવહારનિભાવનારી આદિ શક્તિઓ તે યાગના ફલરૂપ સ્વર્ગલોકને પમાડે છે તે જ પ્રમાણે સત્યની સિદ્ધિવાળા યોગીના સંકલ્પને જાણી એ જ વ્યવહારનિભાવનારી શક્તિઓ સત્યના ફલરૂપ વાણીની અમોઘતાને સિદ્ધ કરે છે. તેથી આ ફલ સર્વથા યોગ્ય છે.

આ રીતે સત્યનું ફલ કહી હવે ક્રમપ્રાપ્ત અસ્તેયનું ફલ કહેછે.

अस्तेयप्रतिष्ठायां सर्वरत्नोपस्थानम् ॥૩૭॥

સૂત્રાર્થઃ—અસ્તેયની પ્રતિષ્ઠા થવાથી સર્વ દિશામાં રહેલું રત્નાદિ દ્રવ્ય તે યોગિની સત્તાનીચે આવે છે.

અસ્તેયની પ્રતિષ્ઠા થવાથી તે યોગિને કોઈ કામસર જ્યારે કંઈ પણ દ્રવ્ય જોઇએ ત્યારે તત્કાળ તે દ્રવ્ય તેની પાસે આવે છે. અહિં પણ યુક્તિ પૂર્વવત્ સમજી લેવી. આપણે વ્યવહારમાં પણ જોઇએ છીએ કે જે વસ્તુની આપણને ઉત્કટ ઇચ્છા થાય છે તે વસ્તુની પ્રાપ્તિ કાચિત્જ થાય છે અને જે વસ્તુની ઉત્કટ ઇચ્છા આપણને થતી

નથી તે વસ્તુ સહજ પ્રાપ્ત થાય છે. જનવાયકા પણ એવી ચાલે છે કે "જે માગે તે આઘે, અને જે ત્યાગે તે આગે" તેથી એ નિયમપ્રમાણે જે યોગિના અંતઃકરણમાં અસ્તેયની સિદ્ધિ થાય છે તે યોગિને તે સર્વ પદાર્થો અનાયાસ મળે એ સ્વાભાવિક છે.

હવે ક્રમપ્રાપ્ત બ્રહ્મચર્યનું ફલ કહેછે.

ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः ॥३८॥

સૂત્રાર્થઃ—બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા થવાથી તે યોગિનું, પ્રતિઘાતરહિત જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિરૂપ વીર્ય વૃદ્ધિને પામે છે.

વીર્યલાભઃ—વીર્યનો લાભ વા પ્રાપ્તિ. વીર્યનો સામાન્ય અર્થ ઐશ્વર્ય અથવા બલ છે. તેનું જ સ્પષ્ટાર્થ અત્ર જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ એ વ્યાખ્યાન કર્યું છે.

બ્રહ્મચર્યથી તે યોગી પુરુષના વીર્યની રક્ષા થાય છે. અને તે સાધકે યોગયુક્તિપૂર્વક બ્રહ્મચર્યને સિદ્ધ કર્યું હોય છે તેથી એ વૃદ્ધિ પામતું વીર્ય વિકારી થતું નથી. હાલ ઘણા મંદમતિ પોતે વીર્યના અનુચિત ક્ષયથી રોગગ્રસ્ત થઇ અશક્ત થયા હોય છે તેથી પોતાઉપરથી એવું અનુમાન કરે છે કે જેમ વીર્યની વૃદ્ધિ તેમ સારૂં. પણ તે યોગ્ય નથી. વીર્યની અમર્યાદ વૃદ્ધિ થવાથી ઉલટું મન વિકારી તથા અસ્વસ્થ થાય છે એનાં અનેક દૃષ્ટાન્તો જગત્માં મળે છે. જો વીર્યની વૃદ્ધિ સદાસર્વદા સારી જ હોય તો ગૃહસ્થાશ્રમ કેવળ લોકને ભ્રષ્ટ કરનાર હોવાથી શાસ્ત્રમાં તેનું વિધાન કરત નહિ. તેમજ પ્રાચીન અને અર્વાચીન શારીરશાસ્ત્રને જાણનાર વિગેરે લોકો પણ એમ જ કહેછે કે વીર્યની અમર્યાદ વૃદ્ધિ વીર્યને કાળે કરી વિકારી કરી તે દ્વારા અંતઃકરણને પણ વિકારી કરી અનેક હાનિના હેતુરૂપ થઇ પડનારી નીવડેછે. તેથી શ્રીસદ્ગુરુના આશ્રયવાળો યોગસાધક યોગયુક્તિપૂર્વક જ બ્રહ્મચર્યને સિદ્ધ કરે છે જેથી વીર્યની વૃદ્ધિ થવાથી તે વીર્ય વિકારી થતું નથી. એ અવિકારી વીર્યમાંથી જે ઓજસ્ નીકળે છે તે પણ અવિકારી જ હોય છે. એ ઓજસ્ મનને નિરંતર પોષે છે તેથી બ્રહ્મચર્યની સિદ્ધિવાળા સાધકનું મન નિરંતર અવિકારી દ્રવ્યથી પોષાયાથી અધિક બલયુક્ત થાય છે અર્થાત્ જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિરૂપ બલ તેનું અતિમાત્ર વધે છે એ યોગ્ય જ છે.

હવે ક્રમપ્રાપ્ત અપરિગ્રહના ફલને કહે છે.

अपरिग्रहस्थैर्ये जन्मकथंतासंबोधः॥३९॥

સૂત્રાર્થઃ—અપરિગ્રહની સ્થિરતા થવાથી જન્મના પ્રકારનો સાક્ષાત્કાર થાય છે.

जन्मकथंतासंबोधः—જન્મના પ્રકારનો સંબોધ. અપૂર્વ દેહ ઇન્દ્રિયાદિના સંઘાતસાથે જ્ઞાનહેતુક સંબંધ તે જન્મ છે. તેની કથંતા એટલે કિંપ્રકારતા અર્થાત્ તેનો પ્રકાર. તે પ્રકારનો સંબોધ-સમ્યક્ બોધ વા જ્ઞાન એટલે સાક્ષાત્કાર તે **जन्मकथंतासंबोधः** છે.

આ સૂત્રથી એ કહ્યું કે ભૂત, વર્તમાન અને ભવિષ્યત્ જેને યોગ શાસ્ત્રજ્ઞ પુરુષો અનુક્રમે શાન્ત, ઉદિત અને અવ્યપદેશ્ય કહે છે તે ત્રણે કાળાવચ્છિન્ન જન્મોનાં સ્વરૂપનો તથા પ્રકારનો સાક્ષાત્કાર અપરિગ્રહની સ્થિરતાવાળા સાધકને જિજ્ઞાસામાત્રથી થાય છે. હું કોણ હતો, કેવા પ્રકારનો હતો એ રીતની જિજ્ઞાસા થવાથી પૂર્વ જન્મનો હસ્તામલકવત્ બોધ એ યોગિને થાય છે. તેમજ હું કોણ છું, કેવા પ્રકારે થયો છું, હું હવે કોણ થવાનો છું તથા કેવે પ્રકારે થવાનો છું એ પ્રકારની જિજ્ઞાસાથી અનુક્રમે વર્તમાન અને ભવિષ્યત્ જન્મનો સાક્ષાત્કાર થાય છે. એ યોગિને અપરિગ્રહની સ્થિરતા થયા પછી ઉક્ત પ્રકારનો સાક્ષાત્કાર કરવા અન્ય કોઇ સાધનની અપેક્ષા રહેતી નથી. આ સિદ્ધિની ઉપપત્તિ પણ પૂર્વવત્ થઇ શકે છે. તેથી એ સિદ્ધ થયું કે જ્યારે યોગિને આ પ્રકારનું જ્ઞાન થાય ત્યારે તેણે અપરિગ્રહની સ્થિરતા થયેલી સમજવી તથા એને માટે પ્રયત્ન છોડી દઇ ઉત્તરોત્તર યોગ્ય ભૂમિકામાટે પ્રયત્ન આદરવા આરંભવું.

આ પ્રમાણે પાંચે યમથી થતી સિદ્ધિઓનું પ્રતિપાદન કરી હવે પાંચ નિયમથી થતી સિદ્ધિઓનું પ્રતિપાદન કરેછે. તેમાં પ્રથમ નિયમ શૌચ છે તેથી તેની સ્થિરતાથી થતી સિદ્ધિનું પ્રથમ પ્રતિપાદન કરે છે. તેમાં પણ શૌચ બે પ્રકારનું છેઃ (૧) બાહ્ય અને (૨) આંતર. એ બેમાંથી પ્રથમ બાહ્ય શૌચની પ્રતિષ્ઠાથી થતી સિદ્ધિનું પ્રતિપાદન કરતાં કહે છે કે.

शौचात्स्वाङ्गजुगुप्सा परैरसंसर्गः॥४०॥

સૂત્રાર્થઃ—શૌચની સ્થિરતાથી પોતાના શરીરવિષે જુગુપ્સા (તિરસ્કાર) તથા અન્યસાથે સંસર્ગથી રહિતપણું થાય છે.

शौचात्—એટલે શૌચની સ્થિરતાથી.

स्वाङ्गजुगुप्सा—પોતાના અંગવિષે જુગુપ્સા. જુગુપ્સા એટલે શરીરના અશુચિપણારૂપ દોષનો અશેષ સાક્ષાત્કાર અર્થાત્ પ્રત્યક્ષવત્ સદૃઢ નિશ્ચય, તથા તેથી થતો શરીરપ્રતિનો તિરસ્કાર.

આ સૂત્રથી એ કહ્યું કે બાહ્યશૌચના અભ્યાસથી (૧) પોતાના શરીરનો અશુચિપણારૂપ દોષ પ્રત્યક્ષ થાય છે અને (૨)અન્ય શરીરોસાથે એ યોગી સંસર્ગથી રહિત રહેછે. અને એ યોગ્ય જ છે. કેમકે જે પદાર્થ

અશુચિ હોય તે પદાર્થને જ શૌચની જરૂર છે તેથી શૌચનું અનુષ્ઠાન કરનાર યોગિને શરીરના અશુચિત્વરૂપ દોષનું જ્ઞાન આરંભમાંજ હોય છે. શૌચનું પુન: પુનઃ અનુષ્ઠાન કરતાં છતાં પણ જ્યારે તે યોગિને શરીર અશુચિ જ રહેતું જણાય છે ત્યારે એ સ્વભાવથીજ અત્યંત અશુચિ છે એ દૃઢ નિશ્ચય થાય એ યોગ્ય છે, અને તેથી પોતાના શરીરપર એક પ્રકારનો તિરસ્કાર ઉત્પન્ન થાય છે. જ્યારે પોતાના શરીરપર તિરસ્કાર થાય ત્યારે પોતાસમાન અન્ય શરીરો ઉપર તથા વિશેષે કરીને જે લોકો શૌચનું અનુષ્ઠાન કરતા નથી તે લોકોના શરીરપર તિરસ્કાર થઈ તે શરીરોથી અસંસર્ગ તે યોગી સેવે એ તો અત્યંત સ્પષ્ટ છે.

આ પ્રમાણે બાહ્યશૌચની સિદ્ધિ કહી. હવે આંતરશૌચથી થતી સિદ્ધિનું પ્રતિપાદન કરે છે.

सत्त्वशुद्धिसौमनस्यैकाग्र्येन्द्रियजयात्मदर्शनयोग्यत्वानि च॥४१॥

સૂત્રાર્થઃ—શૌચની સ્થિરતાથી વળી સત્વની શુદ્ધ, સૌમનસ્ય (પ્રસન્નતા), એકાગ્રતા, ઇંદ્રિયોનો જય અને આત્મસાક્ષાત્કારની યોગ્યતા આવે છે.

सत्त्वशुद्धिः—એટલે બુદ્ધિમાં રહેલા સત્વદ્રવ્યની શુદ્ધિ એટલે રજસ્ તમસ્ અને પાપાદિ દોષોના નિવારણથી સત્ત્વની અધિકતા.

सौमनस्यम्—એટલે ચિત્તનો પ્રસાદ અથવા પ્રસન્નતા.

આ સૂત્રથી એ કહ્યું કે મૈત્રી, કરુણાઆદિના પુનઃ પુનઃ અનુષ્ઠાનથી જ્યારે અંતઃકરણના રાગદ્વેષાદિ દોષો ધોવાઇ જાય છે અર્થાત્ રજસ્ તમસ્‌ની ન્યૂનતા થઇ જાય છે ત્યારે અંતઃકરણમાં રહેલું સત્ત્વ પ્રબળ થવાથી અભિભૂત થતું નથી. એ સત્ત્વશુદ્ધિ છે. એ સત્ત્વશુદ્ધિ થવાથી સત્ત્વના આધિક્યના કાર્યરૂપ સ્વચ્છતા વા પ્રસન્નતા ચિત્તમાં થાય છે, એજ સૌમનસ્ય છે. અને પ્રથમ પાદમાં કહ્યાપ્રમાણે પ્રસન્નતા થવાથી ચિત્ત એકાગ્ર થઇ શકે છે, એટલે મનનો નિરોધ થઇ શકે છે, એજ ઐકાગ્ર્ય છે. મનને અધીન જ ઇંદ્રિયો હોય છે તેથી મનનો નિરોધ વા જય થવાથી ઇન્દ્રિયોનો પણ જય થાય છે. અને એ બધું થવાથી ચિત્ત સૂક્ષ્મ વસ્તુને ગ્રહણ કરવા સમર્થ થયેલું હોવાથી આત્મા વા પુરુષરૂપ અતિસૂક્ષ્મ પદાર્થનો સાક્ષાત્કાર કરવા સમર્થ થાય છે. આપ્રમાણે આ સર્વ સિદ્ધિ મનના શૌચથી પ્રાપ્ય છે એ સ્પષ્ટ દેખાય છે.

હવે ક્રમપ્રાપ્ત સંતોષની પ્રતિષ્ઠાથી થતી સિદ્ધિ કહે છે.

संतोषादनुत्तमः सुखलाभः ॥४२॥

સૂત્રાર્થઃ—સંતોષની પ્રતિષ્ઠાથી અનુત્તમ સુખનો લાભ થાય છે.

अनुत्तम—એટલે જે સુખથી અન્ય કોઈ ઉત્તમ સુખ નથી તે.

આ સૂત્રથી એ કહ્યું કે જે યોગિને સંતોષનું સ્થૈર્ય સિદ્ધ થાય છે તેને તેના ફલરૂપે અનુત્તમ સુખની પ્રાપ્તિ થાય છે, સંતોષનો અર્થ તૃષ્ણાનો ક્ષય છે. તૃષ્ણા એ રજોગુણ અને તમોગુણનું કાર્ય છે. જ્યારે રજોગુણ અને તમોગુણ અતિનિર્બળ થઈ જાય છે ત્યારે જ તે પોતાના કાર્યને પ્રકટાવતાં અટકે છે. તેથી જે યોગીને તૃષ્ણાનો ક્ષય સિદ્ધ થાય તે યોગિના અંતઃકરણમાં રજોગુણ અને તમોગુણ દગ્ધબીજવત્ થઈ જાય છે તેમ થવાથી ચિત્તનો સ્વભાવસિદ્ધ સત્ત્વગુણ નિર્બાધપણે સ્થિરતાને પામી રહે છે. તેથી શુદ્ધસત્ત્વના સ્વભાવસિદ્ધ કાર્યરૂપ નિરતિશય સુખ વા શાન્તિસુખ પ્રાપ્ત થાય છે. શ્રીબૃહદારણ્યકઆદિ ઉપનિષદ્માં પણ આનંદમીમાંસામાં કહ્યું છે કે ये ते शतं प्रजापतेरानन्दाः स एको ब्रह्मण आनंदः श्रोत्रियस्य चाकामहतस्य—એવા એક સો પ્રજાપતિના આનંદ તે બ્રહ્માનો એક આનંદ છે અને તેટલો જ આનંદ જ્ઞાનવાન્ અકામ પુરુષનો છે. શ્રી પાતંજલભાષ્યમાં પણ यच्च कामसुखं लोके यच्च दिव्यं महत् सुखम् । तृष्णाक्षयसुखस्यैते नार्हतः षोडशीं कलाम् ॥ લોકની અંદર જે વિષયસુખ છે તથા સિદ્ધિઓરૂપ જે મોટું સુખ છે તે બન્ને પ્રકારનાં સુખ તૃષ્ણાના ક્ષયરૂપ સંતોષથી થતા સુખના સોળમો ભાગ પણ નથી એ સ્તુતિવાક્યથી આ સુખ અનુત્તમ છે એ સિદ્ધ કર્યું છે.

હવે ક્રમપ્રાપ્ત તૃતીય નિયમરૂપ તપસ્ની સ્થિરતાથી થતી સિદ્ધિ કહે છે.

कायेन्द्रियसिद्धिरशुद्धिक्षयात्तपसः ॥ ४३ ॥

સૂત્રાર્થઃ—તપની પ્રતિષ્ઠાએ કરીને અશુદ્ધિનો ક્ષય થવાથી શરીર સંબંધી સિદ્ધિઓ તથા ઇન્દ્રિયસંબંધી સિદ્ધિઓ થાય છે.

अशुद्धि:—અશુદ્ધિ એટલે રાજસતામસ ગુણરૂપ અધર્મ, તેનો ક્ષય થવાથી.

આ સૂત્રથી એ કહ્યું કે તપનું પુનઃ પુનઃ અનુષ્ઠાન કરવામાં આવેથી જ્યારે તપની સ્થિરતા સિદ્ધ થાય છે ત્યારે અંતઃકરણમાં રહેલા રાજસતામસ ગુણરૂપ અશુદ્ધિનો ક્ષય થાય છે. એજ અશુદ્ધિ અણિમા મહિમા વિગેરે તથા દૂરશ્રવણ દૂરદર્શનઆદિ સિદ્ધિઓનો પ્રતિબંધ કરનાર છે. તેથી એ અશુદ્ધિનો ક્ષય થવાથી શરીરસંબંધી સિદ્ધિ જેમકે અણિમા— (શરીરને સૂક્ષ્મ અણુજેવડું કરી નાંખવાનું સામર્થ્ય), મહિમા-(શરીરને મહાન્ પદાર્થરૂપે કરી નાંખવાનું સામર્થ્ય) વિગેરે તથા ઇંદ્રિયોની સિદ્ધિ જેમકે દૂરશ્રવણ, દૂરદષ્ટિ વિગેરે એ બંને પ્ર-

કારની સિદ્ધિઓ આવિર્ભાવને પામે છે.

હવે ક્રમપ્રાપ્ત સ્વાધ્યાયથી થતી સિદ્ધિનું પ્રતિપાદન કરેછે-

स्वाध्यायादिष्टदेवतासंप्रयोगः ॥ ४४॥

સૂત્રાર્થ:—સ્વાધ્યાયની પ્રતિષ્ઠાથી ઈપ્સિત દેવતાનો સાક્ષાત્કાર થાય છે.

इष्ट०—ઇષ્ટ એટલે ઇપ્સિત. સંપ્રયોગ એટલે દર્શન વા સાક્ષાત્કાર. આ સૂત્રથી એ કહ્યું કે વિધિવત્ વેદાધ્યયન અથવા ઇષ્ટમંત્રનો જપ કરનાર યોગિને જ્યારે પુનઃ પુનઃ અનુષ્ઠાનથી વેદાધ્યયન અને જપ સિદ્ધ થાય છે ત્યારે તે યોગિને જે સમયે જે દેવતાનાં દર્શનની ઇચ્છા થાય તે દેવતા આવી તેને દર્શન દે છે, એટલું જ નહિ પણ સર્વ દેવ, ઋષિઓ તથા સિદ્ધો એ યોગિને અધીન થઇ રહે છે.

આ સિદ્ધિની ખાતરી બરાબર તો સ્વાનુભવથી જ થાય એમ છે, તેમ જ એની ઉપપત્તિમાટે અધિક વિસ્તાર થઇ શકે એમ છે. તથાપિ આ સ્થળે એ સિદ્ધિમાટે કરાતા આક્ષેપનો પરિહાર કરવા સંક્ષિપ્ત પ્રતિપાદન આ પ્રમાણે કરીએ છીએ. એ સિદ્ધિના વિષયમાં એવી શંકા થાય છે કે એ મંત્ર તથા વેદ પણ બારાખડીના વર્ણોરૂપ જ છે છતાં એ મંત્રોથી ઉક્તપ્રકારનું સામર્થ્ય મળે અને અન્ય વર્ણોથી ન મળે એ કહેવું યોગ્ય નથી. મળે તો બંનેથી મળવું જોઇએ અને ન મળે તો કાઇથી પણ ન મળવું જોઇએ. ત્યાં અન્ય વર્ણોથી એ સામર્થ્ય નથી મળતું એ તો સર્વસંમત છે તેથી મંત્રોથી પણ ન જ મળવું જોઇએ. એનો ઉત્તર આ પ્રમાણે:—

(૧) આ લોકમાં સર્વ વ્યવહાર સંકેતથી થતા જોવામાં આવે છે. જે શબ્દ જે અર્થમાં સંકેતિત થયો હોય છે તે શબ્દ તેજ અર્થનું બોધન કરી તેજ વ્યવહારની સિદ્ધિ કરે છે. તેથી અમુક વર્ણોનો સમૂહ જે વ્યવહારને સિદ્ધ કરી શકે છે તે જ વ્યવહારને અન્ય વર્ણોનો સમૂહ સિદ્ધ કરી શકતો નથી; અર્થાત્ લોકોમાં પણ વર્ણોનો નિયતક્રમ જોવામાં આવે છે. એ જ પ્રમાણે અમુક વર્ણોના સમૂહરૂપ મંત્ર જ ઇશ્વરેચ્છારૂપ સંકેતાનુસાર ઇષ્ટસિદ્ધિને આપે અને અન્ય વર્ણોનો સમૂહ જે તે વ્યવહારમાટે સંકેતિત નથી તે ઇષ્ટની સિદ્ધિ ન કરી શકે એ યોગ્ય જ છે.

(૨) મંત્રમાટે એવો નિયમ છે કે તેનું યોગીશ્વર શ્રીસદ્ગુરુ પાસે જ ગ્રહણ કરવું જોઇએ, અર્થાત્ એમ થાય છે ત્યારે જ તે ફલ આપે છે. તેથી યોગીશ્વર શ્રીસદ્ગુરુ જે વર્ણોના સમૂહરૂપ મંત્ર વિષે એવો સંકલ્પ કરે છે કે 'આ મંત્ર અમુક અધિકારીનું શ્રેય

કરો' તે જ મંત્ર તે યોગીશ્વરના સિદ્ધ સંકલ્પાનુસાર તે અધિકારીનું શ્રેય કરે છે. અન્ય વર્ણોનો સમૂહ લૌકિક સંકેતથી સમાન અર્થને જ બોધન કરનાર હોય તથાપિ અધિકારીને સિદ્ધિ આપનાર નથી કેમકે એ યોગીશ્વરના સિદ્ધસંકલ્પના બલથી રહિત છે.

આ બે નિયમો જોતાં જેઓ પોતાની બુદ્ધિથી મિત્રમંડલમાં વધારે મતે પસાર થાય તે મંત્ર લઇ જપ કરવા બેશી જાય છે તે કેવલ મંદધી છે એ સમજાય છે. અને એમણે લીધેલો મંત્ર તે બારાખડીના વર્ણરૂપ સમૂહના જેવુંજ કાર્ય કરી શકે છે અર્થાત્ નિષ્ફલવત્જ છે.

૩ દરેક મંત્રમાં અધિષ્ઠાતા દેવતા હોય છે તેથી એ મંત્રનું પુનઃ પુનઃ અનુષ્ઠાન થવાથી તે દેવતા પોતે સ્થાપેલા નિયમાનુસાર પ્રસન્ન થાય ત્યારે સિદ્ધિઓ આપે એ યોગ્ય જ છે.

આ રીતે વિચારતાં સ્વાધ્યાયથી સિદ્ધિ પ્રાપ્ત થવી યોગ્ય છે એ સહજ જણાય છે. તેથી આ સૂત્રમાં સ્વાધ્યાયથી ઇપ્સિત દેવનો સાક્ષાત્કાર અર્થાત્ ઇચ્છા થતાં તે તે દેવનો સાક્ષાત્કાર થાય છે એમ જે કહ્યું છે તે સર્વાંશે યોગ્ય છે.

આપ્રમાણે આ સિદ્ધિનું પ્રતિપાદન કરી હવે ક્રમપ્રાપ્ત ઇશ્વરપ્રણિધાનની પ્રતિષ્ઠાથી થતી સિદ્ધિ કહે છે.

समाधिसिद्धिरीश्वरप्रणिधानात् ॥ ४५ ॥

સૂત્રાર્થઃ—ઇશ્વરપ્રણિધાનની પ્રતિષ્ઠાથી સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત સમાધિની સિદ્ધિ થાય છે.

આ સૂત્રથી કહ્યું કે જે યોગીના સર્વ વ્યાપારો ઇશ્વરવિષે અર્પણ થાય કરાયેલા થઇ રહેછે તે યોગીને ઇશ્વરના અનુગ્રહ દ્વારા સમાધિની સિદ્ધિ છે, એટલે તે યોગી શ્રવણમનનકાલે સર્વ ધ્યેય પદાર્થને ઇશ્વરાનુગ્રહથી યથાર્થ રીતે જ જાણે છે અને તેથી પછી જ્યારે ઇશ્વરાનુગ્રહથી તેને તે વસ્તુનો સાક્ષાત્કાર થાય છે ત્યારે પણ તે યથાર્થ સ્વરૂપે જ તે વસ્તુને વિષય કરે છે. તેથી ઇશ્વરપ્રણિધાન ઇશ્વરાનુગ્રહ તથા વૈરાગ્યદ્વારા સંપ્રજ્ઞાતસમાધિની સિદ્ધિનો હેતુ છે અને એ સમાધિની સિદ્ધિ થયાથી અસંપ્રજ્ઞાતની સિદ્ધિ પરવૈરાગ્યદ્વારા થાય છે. એ પરવૈરાગ્ય પણ ઇશ્વરાનુગ્રહથી જ થાય છે. તેથી ઇશ્વરપ્રણિધાનથી ઉભય સમાધિની સિદ્ધિ થાય છે. એથી એમ સમજવાનું નથી કે ઇશ્વરપ્રણિધાનથી સમાધિની સિદ્ધિ થાય છે તેથી અન્ય યોગાંગ નિરર્થક છે. કેમકે અન્ય અંગોની રૂડે પ્રકારે–નિર્વિઘ્ને સિદ્ધિ ઇશ્વરપ્રણિધાનથી જ થાય છે, અર્થાત્ ઇશ્વરપ્રણિધાન અન્ય અંગોની સિદ્ધિદ્વારા જ પરિણામી ફલને ઉ-

ત્પન્ન કરે છે. તેથી અન્ય અંગો નિરર્થક નથી. તથાપિ આ અંગ અન્યથી ઉત્તમ છે, કેમકે અન્ય અંગો ઇશ્વરપ્રણિધાનથી રહિત હોય-છે તો સમાધિની સિદ્ધિ કરી આપતાં નથી એ વાત યોગભ્રષ્ટનાં આખ્યાનોથી સ્પષ્ટ દેખાય છે. ખરૂં જોતાં તો આ સંપૂર્ણ યમ નિ-યમનું યથાર્થરૂપે અનુષ્ઠાન સંયમરૂપ અંગોની સહાયતાવિના થતું જ નથી. તેથી એ અંગો પરસ્પર ઉપકારક છે તથા એ સર્વની યથાર્થ રૂપે સિદ્ધિ તો ઘણે અંશે સાથે જ થાય છે.

આ પ્રમાણે આ સૂત્રોથી પાંચ યમ, પાંચ નિયમ તથા તેથી થતી સિદ્ધિઓનું નિરૂપણ કર્યું. ત્યાં પૂર્વે કહી ગયા છીએ તે પ્રમા-ણે સિદ્ધિઓ તે તે અંગની યથાર્થ સિદ્ધિને સૂચવનાર છે તેથી સિદ્ધિ-ના વર્ણનથી સાધકે એ અંગોની યથાર્થ સિદ્ધિ ક્યારે થઇ માનવી તે સ્પષ્ટ સમજાય છે. તેમ જ એ સિદ્ધિઓના વર્ણનથી એ અંગો કે-વી રીતે યોગાંગ છે તેનું પણ પ્રતિપાદન થાય છે. જેમકે યોગના સા-ધકમાટે પ્રાયશઃ એકાન્તવાસ આવશ્યક છે. એ એકાન્તવાસમાં હિંસ્ર પ્રાણિઓથી નિરંતર ભય રહેવો સાધકને ઘટે છે. એ ભયથી બીધે-લી સાધકની વૃત્તિઓ સંયમમાં પ્રવેશતી નથી. એ ભયની નિવૃત્તિ કરનાર, તથા જેની સહાયતાથી યોગની સિદ્ધિ થનાર છે એવું જે શ-રીર, તેની હિંસક પ્રાણીઓથી રક્ષા કરનાર અહિંસા છે. તેથી એ સ્પષ્ટ રીતે યોગાંગ છે.[1] સત્ય અને અસ્તેયથી સાધકને વિરાગ થવો સંભવે છે. બ્રહ્મચર્યથી અંતઃકરણનું સંયમ કરવાનું સામર્થ્ય વધે છે. અપરિગ્રહથી પણ વિરાગ થાય છે બાહ્ય અને આંતર શૌચથી અનુક્રમે વૈરાગ્ય અને અભ્યાસની યોગ્યતા થાય છે. આજ પ્રમાણે અન્યમાટે સમજી લેવું. તેથી યમ અને નિયમ એ બંને યોગનાં અંગ છે એ આટલાથી પણ સિદ્ધ થઇ શકે છે. આજ પ્રમાણે અન્ય યોગાંગ માટે પણ સિદ્ધ થઇ શકે છે.

આ રીતે પ્રથમનાં બે યોગાંગનું પ્રતિપાદન કર્યું. હવે ક્રમ પ્રા-પ્ત તૃતીય અંગરૂપ આસનનું પ્રતિપાદન કરેછે.

स्थिरसुखमासनम् ॥४६॥

સૂત્રાર્થઃ—નિશ્ચલ અને સુખકર જે આસન હોય તે યોગના અંગરૂપ આસન છે.

સ્થિર૦:—એટલે સ્થિર, અર્થાત્ સ્થૈર્યને સંપાદન કરનાર; અને

---

૧ અહિંસા વિગેરે યમનિયમો અન્ય ઘણાં કારણોથી યોગનાં તથા જ્ઞાનનાં અંગરૂપ છે તથાપિ અહિં સિદ્ધિઓ દ્વારા જ યોગાંગતાનું પ્રતિપાદન કરવાનું હોવાથી અન્ય કારણોનું પ્રતિપાદન કર્યું નથી.

સુખ એટલે સુખકર અથવા અવયવોને વ્યથા ન કરનાર.

आसनम्—आस्यतेऽत्र અથવા अनेन प्रकारेण એ બે વ્યુત્પત્તિથી આસન એટલે બેસવાનું મૃગચર્માદિ આસન તથા બેસવાનો પ્રકાર.

આ સૂત્રથી યોગના અંગરૂપ આસનનું પ્રતિપાદન કરવાનું છે. ત્યાં જેટલા જેટલા પદાર્થોઉપર બેસી શકાય છે તે સર્વ આસન છે. એ સર્વ યોગના અનુકૂલ નથી. માત્ર એમાંનાં કેટલાંક જ અનુકૂલ છે. એ અનુકૂલ આસનોનું સામાન્ય લક્ષણ આ સૂત્રથી કર્યું છે. તે એ કે જે જે આસનો દેહની સ્થિરતા એટલે અચંચલપણું સંપાદન કરનાર છે તથા જે શરીરના અવયવોને વ્યથા કરનાર નથી તે સર્વે યોગનાં અંગભૂત આસનો છે. જે આસનોથી શરીર ચાંચલ્યવાળું રહેછે તે આસન યોગમાં સહાય કરનાર નથી, પણ પ્રતિકૂલ છે. કેમકે શરીરના ચાંચલ્યથી પ્રાણાયામની સિદ્ધિ થતી નથી, તેમ જ અંતઃકરણની વૃત્તિ તે વખતે શરીરમાં લાગેલી રહેવાથી ધ્યેયનું અવલંબન કરતી નથી અર્થાત્ શરીરનું ચાંચલ્ય સંયમનું પણ વિરોધીછે. એ જ કારણથી અવયવોને વ્યથા કરનાર આસનો યોગનાં વિરોધી છે. આમ હોવાથી સૂત્રમાં કહ્યું છે કે જે આસન જે સાધકને સ્થૈર્ય અને સુખ સંપાદન કરી આપનાર હોય તે આસન તે સાધકને માટે મુખ્ય છે એ યોગ્ય છે.

અહિં એ પ્રશ્ન થાય છે કે કોઇ સાધકને શયનરૂપ સ્થિતિ સ્થૈર્ય તથા સુખ આપનાર લાગે તો તે તેનું મુખ્ય આસન કહેવાય કે નહિ ? એનો ઉત્તર એકે તે નહિ કહેવાય કેમકે એ પ્રકારનું આસન યોગને અનુકૂલ નથી. જ્યારે સુવે છે ત્યારે યદ્યપિ તેને સ્થિરતા તથા સુખની સંપત્તિ થાય એ સંભવે છે તથાપિ એ સ્થિતિમાં તે સાધક અલ્પકાળમાં નિદ્રાથી અભિભવ પામે છે. તેથી યોગનો વિઘાતક જે લય છે તેને ઉપજાવનારી આ સ્થિતિ હોવાથી યોગના અંગભૂત આસનમાં એનું ગ્રહણ થતું નથી. શ્રીબાદરાયણ ભગવાને પણ શ્રીબ્રહ્મમીમાંસાના आसीनः संभवात्—બેશીને સંયમ કરવો કેમકે અન્ય સ્થિતિમાં સંભવતો નથી—એ સૂત્રથી શયનરૂપ સ્થિતિનું નિરાકરણ કર્યું છે. તેથી શયન રૂપ સ્થિતિ આસનમાં જ આવતી નથી તો યોગાંગરૂપ આસનમાં આવે એ અત્યંત અસંભવિત છે. આ સૂત્રમાં પણ સૂત્રકારે आसन શબ્દ વાપરી એજ અર્થ સુચવ્યો છે.

એ આસન બે પ્રકારનાં છે: (૧) બાહ્ય અને (૨) શારીર. બાહ્ય આસનમાં સૂત્રસ્થ આસન શબ્દ आस्यतेऽत्र એ વ્યુત્પત્તિથી ઉપર કહ્યા પ્રમાણે લાગે છે. એ આનમાં મૃગચર્મ વિગેરેનું ગ્રહણ થાય

છે. કેમકે મૃગચર્મ શરીરની સ્થિરતા તથા સુખ એ બંનેને કરનારછે. શ્રીમદ્ ભ૦ ગીતામાં કહ્યું છે કે शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः । नात्युच्छ्रितं नाऽतिनीचं चैलाजिनकुशोत्तरम्—શુચિ પ્રદેશમાં બહુ નીચું નહિ તેમજ બહુ ઊંચું નહિ એવું જે સ્થલ હોય ત્યાં તેના ઉપર ચૈલ, અજિન તથા કુશ પાથરી પોતાનું સ્થિર આસન રચવું. આ ઉપરથી કૃષ્ણ મૃગનું ચર્મ યોગાંગ આસનરૂપ છે એ નીકળે છે. તેમજ *योगसिद्धिं मृगचर्मणि*—મૃગચર્મના આસનથી યોગની સિદ્ધિ થાય છે ઇત્યાદિ વાક્યો સાધારણ રીતે પ્રચલિત છે. તેથી મૃગચર્મવિગેરે પદાર્થો જ આ પ્રકારના આસનમાટે યોગ્ય છે.

શરીર આસનમાં જેટલી જેટલી બેસવાની સ્થિતિ છે તે સર્વમાંથી જે સાધકને જે સ્થૈર્ય અને સુખની સંપત્તિ કરી આપનાર હોય તે સર્વ તેને ગ્રાહ્ય છે. તથાપિ એ બે વિશેષણની સિદ્ધિ રૂડે પ્રકારે કરનાર તથા યોગને વિશેષતઃ અનુકૂલ થઇ પડે એવી કેટલીક સ્થિતિઓને અનુભવી મહાત્માઓએ છૂટી પાડી વર્ણન કરી છે. ગોરક્ષનાથ નામના યોગીએ એ આસનો ચોરાસી લક્ષ ગણી કાઢ્યાં છે. એ સર્વ આસનોના પ્રવર્તક આદિ ગુરુ શિવ છે. એ બધાંમાંથી પણ વિશેષ ઉપયોગી એવાં ચોરાસી આસનો શ્રીવસિષ્ઠ, યાજ્ઞવલ્કયવિગેરે ઋષિઓએ નક્કી કર્યાં છે. એ ચોરાસીમાંથી પણ દશ વિશેષ ઉપયોગી ગણાયાં છે.[1] એ દશમાંથી પણ અત્યંત અનુકૂલ એવાં ચાર છેઃ (૧) સિદ્ધાસન (અથવા ગુપ્તાસન અથવા વજ્રાસન અથવા મુક્તાસન), (૨) પદ્માસન, (૩) સ્વસ્તિકાસન[2] અને (૪) ભદ્રાસન. એ ચારનાં સ્વરૂપ અનુક્રમે આ પ્રમાણે છેઃ—

સિદ્ધાસનનું સ્વરૂપ શ્રીહઠયોગપ્રદીપિકામાં

मेढ्रादुपरि विन्यस्य सव्यं गुल्फं तथोपरि ।
गुल्फान्तरं च निक्षिप्य सिद्धासनमिदं भवेत् ॥

આ શ્લોકથી એ પ્રમાણે વર્ણ્યું છે કે ઉપસ્થની ઉપર ડાબો ગુલ્ફ મુકવો અને તેની ઉપર જમણો ગુલ્ફ મુકવો—એ પ્રમાણે કરીને સ્થિર દેહ રાખી બેસવું એ સિદ્ધાસન કહેવાય છે. એજ ગ્રંથમાં એ આસનનો અન્ય પ્રકાર પણ આપ્યોછે,[3] તથાપિ તે બાધક કઠિન છે તેથી,તથા આ આસનોમાંથી પણ શ્રી સદ્‌ગુરુની આજ્ઞાનુસાર જ આસનોનું ગ્રહણ કરવું લા-

---

૧ એ દશનાં સ્વરૂપ વિગેરે શ્રીહઠયોગપ્રદીપિકામાં આપ્યાં છે તે ત્યાં જોવાં.

૨ સ્વસ્તિકાસનને બદલે કોઈ ગ્રંથ સ્થળે સિંહાસન પણ લીધું છે.

૩ જુઓ શ્રીહઠપ્રદીપિકા પ્રથમોપદેશ શ્લોક ૩૫.

બકારક થાય છે, તેથી અત્ર એનું પ્રપંચન કર્યું નથી. પદ્માસનમાટે શ્રીવસિષ્ઠે કહ્યું છે કે अंगुष्ठौ सन्निबध्नीयाद् हस्ताभ्यां व्युत्क्रमेणतु । ऊर्वोरुपरि विप्रेन्द्र कृत्वा पादतले उभे पद्मासनं भवेदेतत् सर्वेषामेव पूजितम् ॥ બંને ઉરુના ઉપર બે પાદતલને સ્થાપવા તથા પગના અંગુઠાને બે હાથથી પીઠ પાછળથી પકડવા, એટલે જમણા પગના અંગુઠાને જમણા હાથથી અને ડાબા પગના અંગુઠાને ડાબા હાથથી દૃઢ રીતે પકડીને સ્થિર દેહથી બેસવું એ પદ્માસન છે. અન્ય શાસ્ત્રોમાં આને પદ્મબંધ કહ્યો છે. સાધારણ રીતે આ પદ્મબંધકરતાં જેને કેટલાંક શાસ્ત્રોમાં વીરાસન કહ્યું છે તે સાધકને વધારે અનુકૂલ પડે છે. તેનું સ્વરૂપ શ્રીવસિષ્ઠે એ પ્રમાણે કહ્યું છે કે एकपादमथैकस्मिन् विन्यस्योरौ च संस्थितः । इतरस्मिंस्तथा पादं वीरासनमुदाहृतम् । એક પગને એટલે જમણા પગને એક સાથળપર એટલે ડાબા સાથળના મૂળઆગળ દબાવીને મુકવો તથા તેજ પ્રમાણે ડાબા પગને જમણા સાથળના મૂળઆગળ દૃઢ રીતે સ્થાપવો અને હાથને કમલાકૃતિ કરી ખોળામાં મુકવા અથવા તો ધ્યાનમુદ્રામાં સ્થાપવા એ પ્રમાણે કરીને ઋજુકાય થઈ બેસવું એ વીરાસન છે. સ્વસ્તિકાસન માટે શ્રીવસિષ્ઠે કહ્યું છે કે जानूर्वोरन्तरे सम्यक् कृत्वा पादतले उभे । ऋजुकायः सुखासीनः स्वस्तिकं तत्प्रचक्षते ॥ જંઘા અને ઉરુની વચ્ચેના પ્રદેશમાં બંને પગના તળિયાને સ્થાપન કરી શરીરને સિધું રાખી સુખપૂર્વક બેસવું એ સ્વસ્તિકાસન છે. ભદ્રાસનમાટે પણ ત્યાં કહ્યું છે કે गुल्फौ च वृषणस्याधः सीवन्याः पार्श्वयोः क्षिपेत् । पार्श्वपादौ च पाणिभ्यां दृढं बध्वा सुनिश्चलः । भद्रासनं भवेदेतत् सर्वव्याधिविषापहम् વૃષણની નીચે સીવનીના વામ ભાગમાં વામ પગની એડીને સ્થાપવી તથા સીવનીના દક્ષિણ ભાગમાં દક્ષિણ પગની એડીને સ્થાપવી, તથા પાર્શ્વની સમીપ આવેલા પગોને બે હાથવડે દૃઢ રીતે બાંધી લઇ નિશ્ચલ થઈ બેસવું એ સર્વ વ્યાધિને નાશ કરનાર ભદ્રાસન છે.†

આ પ્રમાણે આ ચાર મુખ્ય આસનોનાં સ્વરૂપ છે. એ આસનો શેનાપર બેસીને વાળવાં એ હવડે જ પ્રતિપાદન કર્યું છે. હવે એ આસન કેવા પ્રકારની જગોએ વાળવાં એ જોવાનું છે. એવિષે શ્રીશ્વેતાશ્વતરશ્રુતિ કહે છે કે समे शुचौ शर्करवह्निवालुकाविवर्जिते शब्दजलाशयादिभिः । मनोनुकूले न तु चक्षुःपीडने गुहानिवाताश्रयणे प्रयोजयेत् ॥ ઉંચું તથા નીચું નહિ, ગોમય મૃતિકાદિથી શુદ્ધ કરેલું, કાંકરા,

† આ આસનોનું વર્ણન શ્રીહઠપ્રદીપિકામાં પણ શ્લોક ૪૪થી કર્યું છે તે ત્યાં જાવું.

વર્હ્નિ રેતી, કલહાદિ ધ્વનિ અને જલાશયથી રહિત થયેલું, મનને પ્રિય લાગે એવું તથા નેત્રને પીડન ન કરનાર એવું, એકાન્ત, બહુ પવનવિનાનું જે સ્થલ હોય ત્યાં બેસી યોગીએ યોગનો આરંભ કરવો. એજ અર્થનું વિશેષ સ્પષ્ટીકરણ કરી શ્રીહઠપ્રદીપિકામાં કહ્યું છે[1] કે જ્યાં રાજા સદ્ગુણી હોય, જે દેશ ધાર્મિક હોય, ઉપદ્રવથી રહિત હોય, જ્યાં ભિક્ષા મળવી કઠિન ન હોય, આસનના સ્થલથી ચાર હાથ જેટલી જગામાં પથ્થર, વર્હ્નિ તથા જલાશય જ્યાં નહિ હોય, જે એકાન્ત હોય એટલે લોકોના કલહાદિથી રહિત હોય તેવે સ્થલે યોગીએ મઠિકા બાંધવી. તે મઠિકામાં દ્વાર ઘણાં ન હોવાં જોઇએ, બારી, ઝરોખાં, ગર્ત, ઉંદરાદિનાં દરો બિલકુલ ન હોવાં જોઇએ તથા પૃથ્વી સમપ્રદેશ હોવી જોઇએ, ગોમયાદિથી રૂડે પ્રકારે લેપન કરી શુદ્ધ કરેલી હોવી જોઇએ, નિર્મલ હોવી જોઇએ, તે જગો મચ્છરાદ સર્વજંતુથી રહિત હોવી જોઇએ, એ મઠની બહાર મંડપશાળા, વેદી, એક કૂવો, જલાશય, વૃક્ષો, પુષ્પોવિગેરે રાખી તે મઠ રમણીય કરવો તથા ત્યાં યોગાભ્યાસીએ મનને નિઃસંકલ્પ કરી યોગનો આરંભ કરવો.

આવા સ્થલમાં ઉપર કહેલાં આસનોમાંથી પોતાને યોગ્ય હોવાથી જે શ્રીગુરુઉપદિષ્ટ હોય તે આસને બેશી યોગનો આરંભ કરવો. એ આસન યોગનું તૃતીય અંગ છે. આસનની આવશ્યકતા સહજમાં અનુભવથી સ્પષ્ટ સમજાય એમ છે તેથી એના પ્રતિપાદનના વિશેષ જરૂર નથી.

આ પ્રમાણે આસનનું સ્વરૂપ કહી હવે એ આસનની સિદ્ધિ અલ્પ કાળમાં કેવે પ્રકારે થાય છે તે પ્રતિપાદન કરવું આવશ્યક છે, કેમકે ઉપાયવિના એની સિદ્ધિ અલ્પકાળમાં થતી નથી. તેથી તે ઉપાય કહે છે.

प्रयत्नशैथिल्यानन्तसमापत्तिभ्याम् ॥ ४७ ॥

સૂત્રાર્થઃ—પ્રયત્નને શિથિલ કરવાથી તથા ચિત્ત અનંતાકાર થવાથી આસનના સિદ્ધિ શીઘ્ર થાય છે.

प्रयत्नशैथिल्या०—પ્રયત્નની શિથિલતા કરવાથી.

પ્રયત્ન એટલે શરીર ધારણ કરનાર સ્વાભાવિક પ્રયત્ન, અથવા તો ગમન, ગૃહકાર્ય, તીર્થયાત્રા, સ્નાન, યાગ, હોમવિગેરે ક્રિયાઓરૂપ વ્યાપારો, તથા એ ક્રિયામાં થતો માનસ ઉત્સાહ.

अनन्तस०—એટલે અનંતના રૂપ થઈ રહેવું તે. અનન્ત એટ-

---

૧ જુઓ શ્રી હઠપ્રદીપિકા પ્રથમોપદેશ सुराज्ये धार्मिके देशे सुभिक्षे निरुपद्रवे ઇત્યાદિ (શ્લોક ૧૨-૧૩ અને ૧૪).

લે આકાશ અથવા તો પૃથ્વીને ધારણ કરનાર શેષનાગ. એના ચિંતનથી ધ્યાતા ધ્યેયરૂપ થાય છે એ નિયમાનુસાર ચિત્તનું અનંતરૂપને પામવું તે અનન્તસમાપત્તિ છે.

આ સૂત્રથી શિઘ્ર આસનસિદ્ધિના બે ઉપાયો કહ્યા. તેમાં પ્રથમ ઉપાય એ કહ્યો કે પ્રયત્નની શિથિલતા. દેહ ધારણ કરનાર જે સ્વભાવસિદ્ધ પ્રયત્ન છે તે દેહને અમુક નિયમિત સ્થિતિમાં ધારણ કરવામાં હેતુ નથી પણ નાના સ્થિતિમાં ધારણ કરવામાં હેતુ છે તેથી યોગને અનુકુલ નિશ્ચય કરેલા આસનની સિદ્ધિમાં એ વિરોધી છે. એ પ્રયત્નને શિથિલ કરી નાંખવું. જેથી એરૂપ એક વિરોધીનો અભાવ થાય.[1]

ખરૂં જોતાં તો પ્રયત્નનો જે દ્વિતીય અર્થ કહ્યો છે તેજ વિશેષ યોગ્ય છે. જ્યારે બહુ વ્યાપાર કરવામાં આવે છે ત્યારે દેહ ભ્રમિત થાય છે. તેમજ દેહમાં અંગમેજય વિગેરે હોય છે. તેથી બહુ વ્યાપારપછી આસન કરી બેસનાર સાધકની આસનપર વિશેષ કાળ સ્થિતિ નથી, એટલુંજ નહિ પણ દેહ કંપવાથી આસન સ્થિર થતું નથી. તેથી ઉક્ત વ્યાપારોને શિથિલ કરવા યોગ્ય છે. તેમ જ બહુ વ્યાપારમાં થતા માનસઉત્સાહરૂપ પ્રયત્નનું પણ શૈથિલ્ય અવશ્ય કર્તવ્ય છે, કેમકે એ ઉત્સાહ શરીરને એક સ્થિતિમાં બેસવા દેતો નથી પણ તત્કાળ દેહનું ઉત્થાન કરી તેને અન્ય વ્યાપારોમાં યોજે છે. તેથી એ પ્રકારના પ્રયત્નને પણ શિથિલ કરવું યોગ્ય છે.

બીજો ઉપાય એ કહ્યો કે ચિત્તને અનંતરૂપ કરી મૂકવું, એટલે અનન્તનું ધ્યાન કરવું જેથી અભ્યાસે કરીને ધ્યાતા ધ્યેયરૂપ થાય છે એ નિયમનુસાર ચિત્ત અનન્તરૂપને પામે છે. ત્યાં અનંતનો અર્થ આકાશ લઇએ ત્યારે આકાશરૂપ ચિત્ત થવાથી વૃત્તિ શુન્યવત્ થઇ રહેછે જેથી એ આસનોથી આરંભમાં થતી અવયવની વ્યથાનું અભાન થઇ જઈ આસનની યથાર્થ સિદ્ધિ થાય છે. તેમ જ શેષનાગરૂપ અનંતનો અર્થ લઇએ ત્યારે શેષનાગના ધ્યાનથી ચિત્ત તદ્રૂપતાને પામે છે. શેષનાગ પૃથ્વીને ધારણ કરનાર હોવાથી અત્યંત અચળ છે તેથી તદ્રૂપતાને પામેલું ચિત્ત પણ અચંચલતાને પામે અને તદ્દ્વારા શરીર પણ અચંચલ થઈ રહે એ યોગ્ય છે. આમ હોવાથી જ યોગીલોકો યોગારંભે શેષનાગને આસનની સિદ્ધિઅર્થે નમસ્કાર કરે છે. શ્રીહઠપ્રદીપિકામાં કહ્યું છે કે अनंतं प्रणमद् देवं नागेशं पीठसिद्धये—અનુત્તમ દિવ્ય મણિઓથી શોભતા, પોતાની સહસ્ત્રફેણપર સમગ્ર પૃથ્વીમંડળને ધારણ કરનાર નાગલોકના રાજારૂપ આપ અન-

---

૧ આપ્રમાણે વાચસ્પતિમિશ્ર વ્યાખ્યાન કરે છે.

ન્તને હું નમસ્કાર કરૂંછું, એ મંત્રથી આસનની સિદ્ધિઅર્થે શેષભગવાન્‌ને સાધકે આરંભમાં નમસ્કાર કરવા.

આ બન્ને ઉપાયોપૂર્વક દરેક આસન દરરોજ શ્રીગુરુઉપદિષ્ટ માર્ગે એક એક પ્રહર વાળી રાખે તો તે આસનની સિદ્ધિ ત્રણ માસમાં થાય છે એવો સાધારણ નિયમ છે. આસનની સિદ્ધિ વા જય થવાથી તે સાધક પ્રાણાયામાદિ ઉત્તરોત્તર ભૂમિકામાં પ્રવેશ કરવા યોગ્ય થાય છે. આસનની સિદ્ધિનું સામાન્ય લક્ષણ એ છે કે જ્યારે આસન કેવલ અચંચલ તથા અનુદ્વેજક થાય ત્યારે તે સિદ્ધ થયેલું જાણવું. તથાપિ જે વિશેષસિદ્ધિ આસનથી થાય છે અર્થાત્ જે સિદ્ધિ આસનરૂપ યોગાંગના પ્રત્યક્ષ ચિન્હરૂપ છે તે સિદ્ધિનું પ્રતિપાદન કરવું પૂર્વવત્ જરૂરનું છે તેથી સૂત્રકાર હવે તે કરે છે.

ततो द्वंद्वानभिघात: ॥४८॥

સૂત્રાર્થ:—આસનની સિદ્ધિ થવાથી તે સાધક શીતોષ્ણાદિ દ્વંદ્વથી અભિભવને પામતો નથી.

द्वंद्वा०:—એટલે દ્વંદ્વથી અભિભવ ન થવો તે. દ્વંદ્વશબ્દે કરીને શીત અને ઉષ્ણ, ક્ષુધા અને પિપાસા એવિગેરે જોડકાંનું ગ્રહણ થાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે આસનનો જય થવાથી તે સાધકને ક્ષુત્‌પિપાસાદિવિગેરે દ્વંદ્વો બાધ કરી શકતાં નથી. આ દ્વંદ્વોથી અનભિભવ અન્યનો ઉપલક્ષક છે. તેથી આસનના જયથી યોગના પ્રતિબંધરૂપ આલસ્યનો નાશ થાય છે, નાડીના દબાણથી ઉપસ્થના બલનો ક્ષય થાય છે, રક્તપ્રવાહ બરાબર રીતે ચાલે છે, વાયુની ગતિ શિથિલ થાય છે તથા તે દ્વારા મનનું સ્થૈર્ય પણ વધે છે વિગેરે ફલોનું કથન પણ આ સૂત્રથી જ કરવામાં આવેલું ગણાય છે.

આ પ્રમાણે તૃતીય અંગનું સ્વરૂપ, ઉપાય તથા ફલે કરીને અશેષ પ્રતિપાદન કર્યું. હવે ક્રમપ્રાપ્ત ચતુર્થ અંગનું પ્રતિપાદન કરે છે.

तस्मिन् सति श्वासप्रश्वासयोर्गतिविच्छेद: प्राणायाम:॥४९॥

સૂત્રાર્થ:—આસનની સિદ્ધિ થવાથી શ્વાસ અને પ્રશ્વાસની ગતિને રોધવી તે પ્રાણાયામ છે.

तस्मिन् सति—એટલે આસનની સિદ્ધિ થયા પછી. આ પદથી એ બોધન કર્યું કે આસનની યથાર્થ સિદ્ધિ થયા પછી જ પ્રાણાયામનો આરંભ કરવો. આ પદની અનુવૃત્તિ સમાધિસૂત્રપર્યન્ત છે તેથી પ્રાણાયામથી માંડી સમાધિપર્યન્તનાં સર્વ સાધનોમાં "આસનની સિદ્ધિપછી" એ અર્થ સમજી લેવો. આથી પ્રાણાયામથી માંડી સર્વ સાધનોનું આસનસિદ્ધિ

પછી જ અનુષ્ઠાન કરવાનું છે એ અર્થ નીકળે છે. આ સૂત્રમાં જ तस्मिन् सति કહ્યું છે અને આસનના સૂત્રમાં એમ કહ્યું નથી તેનું કારણ એ છે કે યમ અને નિયમની પૂર્વજન્મમાં સિદ્ધિ થઇ હોય તો તે ચાલે છે પણ આસનની સિદ્ધિ પૂર્વ જન્મમાં કરી હોય છતાં પણ આ જન્મમાં પુનઃ કરવી જરૂરની છે. આમ હોવાથી આસનનું અન્ય પાંચ અંગોની સાથે જ અનુષ્ઠાન કરવાનું છે. તેથી કેટલીક સ્મૃતિઓમાં યોગને અષ્ટાંગ નહિ કહેતાં ષડંગ કહ્યો છે કેમકે યમ તથા નિયમ એ બેનું પૂર્વ જન્મમાં અનુષ્ઠાન કર્યું હોય છે તોપણ ચાલે છે અને તેથી એ બે અંગો આસનની અપેક્ષાથી વધારે દૂરનાં છે તેથી બહિરંગ છે.

श्वासप्रश्वासयोः—શ્વાસ અને પ્રશ્વાસની. ત્યાં બાહ્ય વાયુનો પોતાની મેળે જ અંતર્પ્રવેશ તે શ્વાસ છે અને તેવી જ રીતે અંદરના વાયુનું જે બહાર જવું તે પ્રશ્વાસ છે. એ બંનેની.

गतिविच्छेदः—ગતિનો વિચ્છેદ અર્થાત્ રોધ, અર્થાત્ અંતઃપ્રવેશ કરનાર શ્વાસ અને બહાર જનાર પ્રશ્વાસ એ બંનેની ગતિનો રોધ.

प्राणायामः—પ્રાણ અર્થાત્ વાયુનો આયામ એટલે રોધ.

આ સૂત્રથી એ કહ્યું કે શ્વાસ અને પ્રશ્વાસનો રોધ વા અભાવ તે જ પ્રાણાયામ છે. તેથી પ્રાણાયામનું લક્ષણ શ્વાસ અને પ્રશ્વાસનો રોધ એ થયું. એ લક્ષણ પ્રાણાયામમાત્રનું છે તેથી રેચક, પૂરક અને કુંભક એ ત્રણેમાં અનુગત થયેલું હોવું જોઇએ. છે પણ તેમ જ. કેમકે અંદરના વાયુને બહાર કાઢી ત્યાં રોધવો એ રેચક છે, બહારના વાયુને નાસિકા વા મુખ દ્વારા અંતઃ પ્રવેશ કરાવી રોધવો તે પૂરક છે અને વાયુને જ્યાંનો ત્યાં રોધવો એ કુંભક છે. શ્રીઅમૃતબિંદુઉપનિષદ્‌માં એ ત્રણેનાં લક્ષણ આ પ્રમાણે જ કહ્યાં છે. ત્યાં કહ્યું છે કે—

> उत्क्षिप्य वायुमाकाशं शून्यं कृत्वा निरात्मकम् ।
> शून्यभावेन युंजीयाद्रेचकस्येति लक्षणम् ॥
> वक्त्रेणोत्पलनालेन तोयमाकर्षयेन्नरः ।
> एवं वायुर्गृहीतव्यः पूरकस्येति लक्षणम् ॥
> नोच्छ्वसेन्न च निःश्वसेन्नैव गात्राणि चालयेत् ।
> एवं तावन्नियुंजीत कुंभकस्येति लक्षणम् ॥

ઉદરમાં રહેલા વાયુને નાસિકાદ્વારા બહાર કાઢી બહિરાકાશમાં સ્થાપી દેવો એ રેચકનું લક્ષણ છે. જેમ કમલના નાળવડે માણસ પાણીનું આકર્ષણ કરે છે તે જ પ્રમાણે નાસિકા વા મુખદ્વારા વાયુ-

ને આકર્ષણ કરીને આભ્યન્તર દેશમાં સ્થાપી દેવો એ પૂરકનું લક્ષણ છે. ઉચ્છ્વાસ તથા નિશ્વાસવિના તથા શરીરના અવયવોને ચલાયમાન કર્યાવિના જે વાયુનો રોધ કરવો તે કુંભક છે. આ ત્રણે પ્રાણાયામમાં શ્વાસપ્રશ્વાસનો રોધ છે અને તેથી જ એ પ્રાણનો આયામ વા રોધ હોવાથી પ્રાણાયામ કહેવાય છે. રેચકમાં શરીરથી બહારનાં પ્રદેશમાં રોધ થાય છે, પૂરકમાં અંદરના પ્રદેશમાં અને કુંભકમાં બંને પ્રદેશમાં રોધ થાય છે. તેથી આ લક્ષણ સર્વાંશે યોગ્ય છે. ખરૂં જોતાં મુખ્ય પ્રાણ તથા આ શ્વાસ પ્રશ્વાસ ભિન્ન ભિન્ન છે તેથી મુખ્ય પ્રાણનો રોધ તેજ પ્રાણાયામ છે, છતાં એ રોધ આ શ્વાસ પ્રશ્વાસના રોધથી થાય છે તેથી આ સાધનરૂપ હોવાથી પ્રાણાયામ કહેવાય છે.

આ પ્રમાણે આ સૂત્રથી પ્રાણાયામનું લક્ષણ કહ્યું. હવે એ પ્રાણાયામના અવાન્તર ભેદ અવશ્ય જાણવાજેવા હોવાથી તેનું સૂત્રકાર પ્રતિપાદન કરે છે.

बाह्याभ्यन्तरस्तम्भवृत्तिर्देशकालसंख्याभिः परिदृष्टो दीर्घसूक्ष्मः ॥ ५० ॥

સૂત્રાર્થઃ—એ પ્રાણાયામ બાહ્યવૃત્તિ, આભ્યંતરવૃત્તિ અને સ્તંભવૃત્તિ એમ ત્રણ પ્રકારનો છે. એ ત્રણે પ્રકારના પ્રાણાયામની ભૂમિકાના દેશ, કાલ અને સંખ્યાએ કરીને નિર્ણય કરાય છે તથા પછી અભ્યાસે કરીને એ દીર્ઘ અને સૂક્ષ્મ થાય છે.

बाह्या०:—આ સમાસના અંતમાંનો વૃત્તિશબ્દ પ્રત્યેકપદસાથે સંબંધવાળો છે તેથી એ પદનો અર્થ બાહ્યવૃત્તિ,આભ્યંતરવૃત્તિ અને સ્તંભવૃત્તિ એ થાય છે. ત્યાં જે પ્રાણાયામમાં પ્રશ્વાસે કરીને અર્થાત્ રેચનક્રિયાથી શ્વાસપ્રશ્વાસનો રોધ કરવામાં આવેછે તે બાહ્યવૃત્ત પ્રાણાયામ છે. આ પ્રાણાયામને જ રેચકસંજ્ઞા અપાય છે જ્યાં શ્વાસે કરીને શ્વાસપ્રશ્વાસનો રોધ કરવામાં આવે છે તે આભ્યન્તરવૃત્તિ પ્રાણાયામ છે. આને જ પૂરકસંજ્ઞા અપાય છે. સકૃત્ પ્રયત્નથી એટલે બહુ અભ્યાસવિના જ શ્વાસપ્રશ્વાસનો જ્યાંનો ત્યાં રોધ કરવામાં આવે છે તે સ્તંભવૃત્તિ પ્રાણાયામ છે. આ પ્રાણાયામને જ સાહતકુંભક કહેવામાં આવે છે. જે કુંભક, રેચકપૂરક સહિત કરવામાં આવે છે તે સાહતકુંભક છે. જે પ્રાણાયામમાં રેચકપૂરક વિના જ અધિક અભ્યાસના બલથી કુંભક કરવામાં આવે છે તે કેવલકુંભક કહેવાય છે. એ કેવલકુંભક અત્રના સ્તંભવૃત્તિ પ્રાણાયામનો અર્થ નથી કેમકે એ પ્રાણાયામ તો સૂત્રકારે ચોથો લીધો છે અને એનું પ્રતિપાદન ઉત્તર

સૂત્રથી કર્યું છે. તેથી અત્રના સ્તંભવૃત્તિ પ્રાણાયામથી સહિતકુંભક જ લેવો યોગ્ય છે એ સહિતકુંભક કરવામાં અધિક અભ્યાસની જરૂર નથી અને કેવલકુંભક તો અભ્યાસવિના થતો જ નથી એ પ્રતિપાદન કરવામાટે આ વ્યાખ્યામાં "સકૃત્ પ્રયત્નથી" એ પદો મુક્યાં છે. આ પદથી સૂત્રકારે એ કહ્યું કે પ્રાણાયામ ત્રણ પ્રકારના છે—રેચક, પૂરક અને કુંભક; રેચક બાહ્યવૃત્તિ છે, પૂરક આભ્યન્તરવૃત્તિ છે અને કુંભક સ્તંભવૃત્તિ છે એ વાત ગયા સૂત્રની વ્યાખ્યામાં પ્રસંગ પરત્વે પ્રતિપાદન કરી છે તેથી અત્ર પાછી કહેવા આવશ્યકતા નથી.

દેશકાલ૦:—એટલે દેશ, કાળ તથા સંખ્યાએ કરીને નિયમિત થાય છે. આ પદથી એ કહ્યું કે એ ત્રણે પ્રકારના પ્રાણાયામની ઉત્તર ઉત્તર ભૂમિકાનો નિર્ણય દેશાદિથી થાય છે. ત્યાં દેશ બે પ્રકારનો છે (૧) બાહ્ય અને (૨) આભ્યન્તર. બાહ્ય દેશનું પરિમાણ નાસિકાના અગ્રથી ગણવામાં આવે છે. જેમ નાસિકાના અગ્રથી બાર આંગળ જેટલો, કોઇ રેચક કરે છે, કોઇ એક હસ્ત જેટલો, કોઈ પ્રાદેશ જેટલો વિગેરે. તેથી રેચક કરતી વખતે રૂ વિગેરે કોઈ અત્યન્ત હલકો પદાર્થ નાસિકાથી બાર આંગળને અંતરે મુક્યો હોય અને તે રેચકસમયે રેચન કરાતા વાયુના બલથી જો ઉડે તો તે રેચક પ્રાણાયામનું પરિમાણ બાહ્ય દેશમાં બાર આંગળ સુધીનું ગણાય છે તેમ જ એક હાથને છેટે મુકેલું રૂ ઉડે અને તેથી આગળનું નહિ ઉડે તો તે રેચક પ્રાણાયામનું પરિમાણ એક હસ્તજેટલું ગણાય છે, વિગેરે. આપ્રમાણે બાહ્ય દેશથી રેચક પ્રાણાયામની ભૂમિકાનો નિર્ણય કરાય છે. પૂરકનું પરિમાણ આભ્યન્તર દેશથી નિશ્ચય કરાય છે. વાયુને પૂરવામાં આવે છે ત્યારે શરીરના કંઠ, ઉદરવિગેરે જે ભાગસુધી વાયુ પૂરવામાં આવ્યો હોય છે તે ભાગમાં પિપીલિકાના સ્પર્શ જેવું ભાન થાય છે. તેથી જ્યારે પૂરકસમયે પૂરણ કરાતા વાયુના સ્પર્શથી કંઠદેશમાં જ પિપીલિકાના સ્પર્શજેવું લાગે ત્યારે તે પૂરક કંઠદેશસુધીનો ગણાય છે. આપ્રમાણે મસ્તકથી તે પગના તળીયાસુધીના સર્વે આભ્યન્તર દેશથી પૂરકના પરિમાણનો નિર્ણય થાય છે. કુંભકનો બાહ્ય અને આભ્યન્તર એ બંને દેશોથી નિર્ણય થાય છે, કેમકે કુંભકમાં જેમ વાયુનો બહારથી અભાવ થાય છે તેમ જ અંદરથી પણ થાય છે અર્થાત્ એમાં અંતર્ બહિર બંને સ્થળના વાયુનો રોધ હોય છે. ત્યાં બાહ્ય દેશથી નિર્ણય તુલાદિ પદાર્થની ગતિના અભાવથી અને આભ્યન્તર નિર્ણય સ્પર્શની અનુપલબ્ધિથી થા-

ય છે. આ સર્વ પ્રકારનો નિર્ણય દેશે કરીને થાય છે તેથી એ પ્રાણાયામ દેશથી પરિદૃષ્ટ ગણાય છે.

કાલથી થતો નિર્ણય સ્પષ્ટ છે, જેમ આટલા ક્ષણ રેચક થયો, આટલા ક્ષણ પૂરક થયો અને આટલા ક્ષણસુધી કુંભક થયો, વિગેરે.

સંખ્યાનિર્ણય અનેક રીતે થાય છે જેમ કે માત્રાની સંખ્યાથી, મંત્ર બીજના જપની સંખ્યાથી વિગેરે. શ્રીમાર્કણ્ડેયપુરાણમાં કહ્યું છે કે निमेषोन्मेषणे मात्रा तालो लध्वक्षरं तथा । प्राणायामस्य संख्यार्थं स्मृतो द्वादशमात्रिकः ॥ નિમેષ અને ઉન્મેષ, માત્રા તાલ, નાનો અક્ષર એ બધાં પ્રાણાયામની સંખ્યામાટે છે, એટલે પ્રાણાયામનો જે સંખ્યાથી નિર્ણય કરાય છે તે નિમેષની સંખ્યા, ઉન્મેષની સંખ્યા, માત્રાની સંખ્યા, એમ વિવિધ રીતે કરાય છે. તેમાં જ્યારે પ્રાણાયામનો સંખ્યાથી નિર્ણય કરવો હોય છે ત્યારે માત્રાની સંખ્યાથી તથા મંત્ર બીજની આવૃત્તિની સંખ્યાથી નિર્ણય કરવાનો સાધારણ પ્રચાર છે. માત્રામાટે શ્રીસ્કંદપુરાણમાં—

> जानु प्रदक्षिणीकुर्यान्न द्रुतं न विलम्बितम् ।
> प्रदद्याच्छोटिकां यावत्तावन्मात्रेति गीयते ॥

ઇત્યાદિ વચનથી એવું કહ્યું છે કે ત્વરાથી પણ નહિ તેમ અત્યંત ધીમેથી પણ નહિ, પણ સાધારણ વેગથી ઘુંટણની આસપાસ હાથને પ્રદક્ષિણા કરાવીને એકચપટી વગાડીએ એટલામાં જેટલો કાળ થાય તેટલો કાળ એક માત્રાનો છે. આવી માત્રાની સંખ્યાથી પ્રાણાયામનો સંખ્યાથી નિર્ણય થાય છે. જ્યારે એક માત્રાથી પૂરક, ચાર માત્રાથી કુંભક તથા બે માત્રાથી રેચક કરવામાં આવે ત્યારે તે એકમાત્રિક પ્રાણાયામ કહેવાય છે. એ જ પ્રમાણે બે માત્રાથી પૂરક, આઠ માત્રાથી કુંભક અને ચાર માત્રાથી રેચક કરવામાં આવે છે ત્યારે બેમાત્રિક પ્રણાયામ કહેવાય છે. એ જ પ્રમાણે આગળ સમજવું. જે મંત્ર શ્રીસદ્ગુરુઉપદિષ્ટ હોય તેમાંના આરંભના વર્ણોની અથવા શ્રી સદ્ગુરુની આજ્ઞાનુસાર અન્ય વર્ણોની અથવા અન્ય બીજોની આવૃત્તિ કરી પ્રાણાયામ કરવો તે મંત્રબીજની આવૃત્તિની સંખ્યાથી નિયમિત થતો પ્રાણાયામ છે. આ બંને પ્રકારે નિયમિત થતો પ્રાણાયામ સંખ્યાપરિદૃષ્ટ કહેવાય છે. ખરૂં જોતાં સંખ્યાપરિદૃષ્ટ પણ કાલપરિદૃષ્ટ જ છે તથાપિ પ્રકારભેદથી એ બંનેની જુદી ગણના કરવામાં આવે છે તે અયોગ્ય નથી. આપ્રમાણે આ પદથી ત્રણ રીતે પ્રાણાયામનો નિર્ણય થાય છે એ વાત કહી.

दीर्घसूक्ष्मः—એટલે દીર્ઘ અને સૂક્ષ્મ. ત્યાં ઘણો કાળ સુધી જે પ્રાણાયામ રહેછે તે દીર્ઘ કહેવાય છે અને જેમાં વાયુનો સંચાર અતિ-

સૂક્ષ્મ હોય તે સૂક્ષ્મ કહેવાય છે.

આ સૂત્રમાં એ કહ્યું કે પ્રાણાયામ ત્રણ પ્રકારનો છે. રેચક, પૂરક અને કુંભક. એ ત્રણે પ્રકારના પ્રાણાયામનો નિયમ દેશ, કાલ અને સંખ્યાથી કરાય છે તથા એ પ્રાણાયામનો અભ્યાસ કરનાર સાધક જેમ જેમ ઉત્તરોત્તર ભૂમિકામાં જાય છે તેમ તેમ તેનો પ્રાણાયામ ઘણા કાળ સુધી રહે છે; અર્થાત્ દીર્ઘ થાય છે અને વાયુનો સંચાર ક્રમે ક્રમે સૂક્ષ્મ થતો જવાથી સૂક્ષ્મ થાય છે.

પ્રાણાયામના નિયમવિધિમાં અહિં દેશ, કાલ અને સંખ્યા એ ત્રણ કહ્યાં છે, પણ કેટલે સ્થળે એથી ભિન્ન પ્રકારો પણ કહેલા જેવામાં આવે છે. જેમ કે શ્રીવસિષ્ઠસંહિતામાં કહ્યું છે કે प्रस्वेदं जनयेद्यस्तु प्राणायामो हि सोऽधमः । मध्यमः कम्पनात्प्रोक्त उत्थानं चोत्तमे भवेत् ॥ જે પ્રાણાયામથી પ્રસ્વેદ થાય છે તે અધમ છે, જેથી કંપ થાય છે તે મધ્યમ છે અને જેથી આસનનું ઉત્થાન થાય છે તે ઉત્તમ છે. તેમ જ કેટલેક સ્થળે પ્રાણાયામના મૃદુ, મધ્યમ અને તીવ્ર એમ પણ ત્રણ વિભાગ પાડેલા છે. શ્રીકૂર્મ પુરાણમાં કહ્યું છે કે मात्राद्वादशको मन्दश्चतुर्विंशतिमात्रकः । मध्यमः प्राणसंरोधः षट्त्रिंशन्मात्रकोऽन्तिमः ॥ દ્વાદશમાત્રાવાળો પ્રાણાયામ મંદ છે, ચોવીસ માત્રાવાળો મધ્યમ છે અને છત્રીસ માત્રાવાળો ઉત્તમ છે. આ વિગેરે વિવિધ ભેદો જેવામાં આવે છે. તથાપિ એ સર્વમાં સરલ હોવાથી, સાધારણ રીતે પ્રચલિત હોવાથી, તથા આ પ્રાણાયામની સર્વ ભૂમિકામાં સાધકને અનુષ્ઠાન કરવામાં વિશેષ ઉપયોગી હોવાથી આ સૂત્રમાં દેશ, કાલ અને સંખ્યા એ ત્રણ પ્રકારો જ પ્રાણાયામના નિયમવિધિમાં કહ્યા છે. એ નિયમપ્રમાણે શ્રીસદ્ગુરુની આજ્ઞાનુસાર યોગના સાધકે પ્રાણાયામનો નિરન્તર અભ્યાસ કરવો ઘટે છે. ત્યાં યદ્યપિ આ સૂત્રમાં પ્રથમ રેચક, પછી પૂરક અને કુંભક કહ્યા છે તથાપિ પ્રાણાયામનું અનુષ્ઠાન કરવામાં એ ક્રમ સાધારણ રીતે પ્રચલિત નથી તેથી વિવક્ષિત નથી. સાધારણ નિયમ તો પૂર્વે કહ્યા પ્રમાણે પ્રથમ પૂરક, મધ્યે કુંભક અને અંતે રેચક એ પ્રમાણે કરવાનો છે. એ પૂરકાદિનો સાધારણ કાળ ૧: ૪: ૨ ના પ્રમાણમાં હોય છે. આરંભકસાધકમાટે પ્રાણાયામ કરવાનો પ્રકાર આ પ્રમાણે છે:—પ્રથમ તેણે ઇડા (ડાબી નાસિકા) દ્વારા વાયુને બહાર કાઢી નાખવો પછી પિંગલાના (જમણી નાસિકાના) છિદ્રને જમણા હાથના અંગુષ્ઠવડે દાબી રાખી ઇડા નાડીથી પૂરક કરવો. પૂરક કરી રહ્યા પછી ઇડાને કનિષ્ઠિકા અને અનામિકા વડે દાબી બંધ કરી યથાશક્તિ નિયમાનુસાર કુંભક કરવો. પછી જમણા

હાથના અંગુષ્ઠને પિંગળાઆગળથી ઉપાડી લઇ શનૈઃ શનૈઃ નિયમિત કાળમાં રેચન કરી રેચક કરવો. પછી પિંગલા નાડીથી પૂરક કરવો તથા એ દ્વારને અંગુષ્ઠવડે બંધ કરી પૂર્વવત્ કુંભક કરવો. તેપછી કનિષ્ઠિકા અને અનામિકાને ઇડાઆગળથી ઉપાડી લઇ ઇડાથી રેચક કરવો. આપ્રમાણે જેટલા પ્રાણાયામ કરવા હોય તેટલા કરવા. એમાં નિયમ એટલો રાખવો જોઇએ છે કે જે નાડીથી પૂરણ કર્યો હોય તે નાડીએ તે વખતે રેચન કરવો નહિ. અને જે નાડીથી રેચન કર્યો હોય તે જ નાડીથી પૂરણ કરવો. અભ્યાસ થવાથી હાથના અંગુષ્ઠ વિગેરેથી દબાવવાની જરૂર રહેતી નથી, એની મેળે પણ થાય છે. આ પ્રકારનો પ્રાણાયામ સાધારણ પ્રાણાયામ છે તથા એને મળશોધક વા લોમવિલોમ પ્રાણાયામ પણ કહે છે. એની સિદ્ધિ પછી અધિકાર પ્રાપ્ત થયાથી અન્ય વિવિધ પ્રકારે પ્રાણાયામો શ્રી સદ્ગુરુની આજ્ઞાનુસાર કરવામાં આવે છે. તેમાં મુખ્ય આઠ પ્રકાર છે. એ આઠમાટે શ્રીહઠયોગ પ્રદીપિકામાં કહ્યું છે કે सूर्यभेदनमुज्जायी सीत्कारी शीतली तथा । भस्त्रिका भ्रामरी मूर्च्छा प्लावनीत्यष्ट कुम्भकाः ॥ સૂર્યભેદન, ઉજ્જાયી સીત્કારી, શીતલી ભસ્ત્રિકા, ભ્રામરી, મૂર્ચ્છા અને પ્લાવની એ આઠ ભેદથી કુંભક આઠ પ્રકારના છે. એ આઠેનાં સ્વરૂપ એ જ ગ્રંથમાં[1] આપ્યાંછે તે ત્યાં જોવાં અથવા તો શ્રીસિદ્ધાન્તસિન્ધુ પ્રથમ રત્નમાં[2] જોવાં; અત્ર વિસ્તારની જરૂર નથી.

આ પ્રમાણેના વિવિધ પ્રાણાયામો કરનારે સૂત્રમાં કહ્યાપ્રમાણે આસનયોગ પાળવો જરૂરનો છે અને તે જ પ્રમાણે અશનયોગ વિગેરે પણ અવશ્ય પાળવાં જોઇએ છે. શ્રીજીવન્મુક્તિવિવેકમાં કહ્યું છે કે प्राणायामदृढाभ्यासैर्युक्त्या च गुरुदत्तया । आसनाशनयोगेन प्राणस्पन्दो निरुध्यते ॥ શ્રી સદ્ગુરુથી પ્રાપ્ત યુક્તિવડે અશનયોગના પાલનપૂર્વક કરતા પ્રાણાયામના દૃઢ અભ્યાસથી પ્રાણના ચાંચલ્યનો નિરોધ થાય છે. અશનયોગ એટલે આહાર. યોગીના આહારમાટે શ્રીહઠપ્રદીપિકામાં[3] કહ્યું છે કે લિંબડાવિગેરે અત્યંત કટુ પદાર્થો, આમલી વિગેરે અત્યન્ત ખાટાપદાર્થો, મરચાંવિગેરે તીક્ષ્ણ પદાર્થો, અતિ ઉષ્ણ પદાર્થો, લવણ, લીલું શાક, કાંજિ, તેલ, તલ, સર્ષપ, મદ્ય, મત્સ્ય, બકરી વિગેરેનું માંસ, દધિ, છાસ, લસુન, હિંગ, ગાજર, અડદની દાળ[4] વિગેરે

---

૧ દ્વિતીયોપદેશ શ્લોક ૪૮ થી. ૨ પૃષ્ઠ ૨૬૪ થી.

૩ પ્રથમોપદેશ શ્લોક ૫૯ અને ૬૦.

૪ આથી એ સ્પષ્ટ થાય છે કે જે ગુરુ થઇને હિંદુ, પારસી, મુસલમાન વિગેરે સર્વને યોગનો એક જ ક્રમ આપે છે તેઓ યોગશા-

જે જે પદાર્થો શરીરો । અવયવોને ઉન્મત્ત કરનાર હોય તથા જે જે પદાર્થો રાજસી અને તામસી હોય તે સર્વ યોગીમાટે કુપથ્ય છે. ઘઉં, શાલિના ચોખા, યવ, શાઠીના ચોખા (જે સાઠ દિવસમાં તૈયાર થઇ જાય છે), સામો, નીવાર, દુધ, ઘી, શર્કરા, માખણ, મિશ્રી, સુંઠ, પરવળ, પનસ, સુરણ, રતાળુવિગેરે પદાર્થો જે દેહના પોષક હોય, જે મધુર હોય, સ્નિગ્ધ હોય, ગાયના વિકારરૂપ ઘીદુધથી મિશ્રિત હોય તથા જે મનને અરુચિ ન ઉત્પન્ન કરે એવા હોય તે સર્વ પદાર્થો યોગીમાટે પથ્ય છે.[1] તેમાં પણ પ્રાણાયામના આરંભક સાધકને માટે अभ्यासकाले प्रथमे शस्तं क्षीराज्यभोजनम् । ततोऽभ्यासे दृढीभूते न तादृङ्नियमग्रहः ॥પ્રથમના અભ્યાસકાળે દુધ અને ઘીવાળા પદાર્થોનો આહાર વિશેષ યોગ્ય છે. ત્યાર પછી અભ્યાસની દૃઢતા થયે એ નિયમનું આગ્રહથી પાલન કરવું જરૂરનું નથી—એ શ્રીહઠયોગપ્રદીપિકાનાં વચનાનુસાર પ્રથમ દુધઘીવાળા પદાર્થો વધારે અનુકૂલ પડે છે. એ આહાર કયા પ્રમાણમાં લેવો તેમાટે શાસ્ત્રમાં મિતાહાર કરવાનું કહ્યું છે. ઉદરના ચાર ભાગ કરી તેમાંથી બે ભાગ અન્નવડે પૂરવા, એક ભાગ જલવડે પૂરવો અને એક ભાગ વાયુના સુખસંચારમાટે ખાલી રાખવો—એ મિતાહાર છે. આ નિયમનું ઉલ્લંઘન કરનારથી પણ યોગ અને વિશેષતઃ પ્રાણાયામ સિદ્ધ કરી શકાતો નથી. શ્રીઅમૃતબિંદુ ઉપનિષદ્‌માં કહ્યું છે કે अत्याहारमनाहारं नित्यं योगी विवर्जयेत्—યોગીએ અતિઆહાર તથા ઉપવાસનો ત્યાગ કરવો. તેમ જ શ્રીમદ્ ભ૦ગીતામાં પણ नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ઇત્યાદિ વચનોથી એ જ કહ્યું છે કે અતિઆહાર કરનારને, નિયમે કરી ઉપવાસ કરનારને, અતિઉંઘનારને તથા જાગરણ કરનારને યોગ સિદ્ધ થતો નથી. તેથી પ્રાણાયામના સાધકે આ મિતાહારનો નિયમ અવશ્ય પાળવો જોઇએ છે.

આ રીતે પ્રાણાયામના સાધકે આહાર, સ્થાન (મઢિકાના વર્ણનમાં પ્રતિપાદન કરેલું) તથા સંગતિ (પ્રાયશઃ એકાન્તવાસ) એ ત્રણને સેવવા. એના વિહારમાં મુખ્યતઃ પ્રાણાયામનો અભ્યાસ તથા એને અનુકૂલ અથવા અંતિમ લક્ષને અનુકૂલ ઉપાયોનું અનુષ્ઠાન એ જ છે.

આના નિયમથી અજ્ઞાન છે તેથી ગુરુપદને કેવલ નાલાયક છે.

૧. અહિં એ કહેવું જરૂરનું છે કે આ અશનયોગમાં કહેલા કુપથ્ય તથા પથ્યમાંથી પણ કયા કયી વખતે છોડવા તથા કયા કયી વખતે લેવા એ શ્રીસદ્‌ગુરુદ્વારા જાણી નિશ્ચય કરવો તથા પછી જ એમાં પણ પ્રવૃત્ત થવું.

આરીતે આહાર, વિહાર, સ્થાન અનેસંગતિનું પ્રાણાયામના સાધકે પાલન કરવું. પ્રાણાયામ કરવામાં સાધકના શરીરઉપર પણ ઘણો ખરો આધાર રાખવામાં આવે છે. જે સાધકના શરીરમાં કફ, પિત્ત અને વાત એ ત્રણે દોષો સમઅવસ્થામાં હોય છે તેને તો શ્રીસદ્‌ગુરુથી ઉપદિષ્ટ થયેલા માર્ગે પ્રાણાયામ કરવા સહેલા પડે છે. પણ જે સાધકોમાં એ દોષો વિષમાવસ્થામાં હોય છે તે સાધકને શ્રીસદ્‌ગુરુની આજ્ઞાનુસાર પ્રસંગે ષટ્‌કર્મમાં પ્રવેશ કરવો પડે છે. ધોતિ, બસ્તિ, નેતિ, ત્રાટક, નૌલિ અને કપાલભાતિ એ છને ષટ્‌કર્મ સંજ્ઞા અપાય છે. એ ષટ્‌કર્મમાંથી જે કર્તવ્ય ઠરે તે સદ્‌ગુરુશ્રીની આજ્ઞાનુસાર તેમણે બતાવેલા માર્ગથી તથા પ્રકારથી સાધકે કરવાં કેમકે એમ કરવાથી જ લાભ થાય છે. અને જો સ્વતઃ કોઇનું ગ્રહણ કરવામાં આવે છે તો તે ઘણે પ્રસંગે અનર્થના હેતુરૂપ જ થાય છે. તેથી પ્રાણાયામના સાધકે આહારાદિસાથે પ્રસંગે આનું પણ અનુષ્ઠાન કર્તવ્ય ઠરેથી કરવું.

આ પ્રમાણે પ્રાણાયામ કરવામાં જે અગણિત નિયમો છે તેમાંના મુખ્ય મુખ્ય કેટલાક કહ્યા. તથાપિ સૌથી પ્રધાન નિયમ એ ક્રિયામાં એ જ જાળવવાનો છે કે એ ક્રિયામાં કોઈ પણ સુખેચ્છાવાન્ માણસે યોગીશ્વર શ્રીસદ્‌ગુરુવિના કદાપિ પ્રવેશ કરવો નહિ. આ નિયમ જળવાયાથી અન્ય સર્વ નિયમો પોતાની મેળે જ જળવાય છે અને જે આ નિયમથી ચુકે છે તે સર્વ નિયમથી ભ્રષ્ટ થાય છે અને હિક્કા, શ્વાસ, ત્રિદોષ વિગેરે જેટલા જેટલા રોગો કહેવાય છે તે સર્વ તથા મૃત્યુ પણ સહે છે. આજ કારણથી ઉપર ઉદાહૃત કરેલા શ્રીજીવન્મુક્તિ વિવેકમાંના વાક્યમાં युक्त्या च गुरुदत्तया એમ સ્પષ્ટ કહ્યું છે. જે જે યોગના ગ્રંથો અનુભવી પુરુષો લખી ગયા છે તે સર્વમાં શ્રીસદ્‌ગુરુની સ્હાયવિના કોઇએ એ ક્રિયામાં મહાભારત અનર્થનો ભય રાખી પ્રવેશ ન જ કરવો એમ એકથી અધિક વાર કહ્યું છે. શ્રીહઠયોગ પ્રદીપિમાં કહ્યું છે કે यथा सिंहो गजो व्याघ्रो भवेद्वश्यः शनैः शनैः। तथैव सेवितो वायुरन्यथा हन्ति साधकम् —જેમ સિંહ, હાથી વા વાઘ ધીમે ધીમે યુક્તિવડે વશ કરાય છે અને તેમ નથી કરવામાં આવતું તો વશ કરવા જનાર માણસના પ્રાણ લેછે તે જ માર્ગે વાયુ પણ શ્રીગુરુથી પ્રાપ્ત યુક્તિવડે વશ કરાય છે અને નહિ તો તે સાધકને હણે છે. શ્રીયોગબીજમાં શિવનું પણ વચન છે કે मरुज्जयो यस्य सिद्धस्तं सेवेत गुरुं सदा। गुरुवक्त्रप्रसादेन कुर्यात्प्राणजयं बुधः॥ જેને પ્રાણનો જય સાધ્ય થયો હોય તેવા યોગી મહાત્માને ગુરુરૂપે સ્થાપી તેમની સર્વ પ્રકારે શુશ્રૂષા કરી તેમના શ્રી-

મુખની આજ્ઞાનુસાર પ્રાણાયામ કરવા વિચારવાને વિચારવો. તેથી શ્રીગુરુવિના આ ક્રિયામાં કદી પણ પ્રવેશ ન જ કરવો એ શુદ્ધ નીતિ અવશ્ય પાલન કરવાયોગ્ય છે.

આ પ્રમાણે શ્રીસદ્ગુરુના આશ્રય નીચે રહીને સાધકે વિવિધ પ્રાણાયામો અવશ્ય કરવા. પ્રાણાયામરૂપ યોગાંગ તત્ત્વજ્ઞાનનું સાધન હોવાથી અવશ્ય કર્તવ્ય છે એ વાત શ્રીશ્વેતાશ્વતરશ્રુતિ પણ प्राणान्प्रपीड्येह संयुक्तचेष्टः क्षीणे प्राणे नासिकयोः श्वसीत[1] ઇત્યાદિ વચનથી કહે છે.

આ રીતના ત્રણ પ્રાણાયામનો દૃઢ અભ્યાસ થવાથી સાધકને ચતુર્થ પ્રાણાયામરૂપ કેવલ કુંભક કરવાનું સામર્થ્ય આવેછે. શ્રીવસિષ્ઠસંહિતામાં કહ્યું છે કે निःश्वासोच्छ्वासकौ देहे स्वाभाविकगुणावुभौ । तथाऽपि नश्यतस्तेन प्राणायामोत्तमेन हि ।तयोर्नाशे समर्थः स्यात् कर्तुं केवल कुंभकम् ।सहितं केवलं वाऽपि कुंभकं नित्यमभ्यसेत । यावत्केवलसिद्धिः स्यात् तावत्सहितमभ्यसेत् ॥ પ્રશ્વાસ અને શ્વાસ એ શરીરની અંદર સ્વાભાવિક ગુણરૂપ છે. તથાપિ આસનને ઉત્થાન કરનાર જે ઉત્તમ પ્રાણાયામ તેવડે એ બંનેનો જય કરી શકાય છે. એ બંનેનો જય થવાથી સાધક કેવલકુંભક કરવા સમર્થ થાય છે. સાધકે સહિતકુંભક વા કેવલકુંભકનો નિત્ય અભ્યાસ કરવો. તેમાં જ્યાં સુધી કેવલની સિદ્ધિ નહિ થાય ત્યાંસુધી જ સહિતનો અભ્યાસ કરવો. આથી આ ત્રણની સિદ્ધિથી સર્વોત્કૃષ્ટ પ્રાણાયામરૂપ કેવલકુંભક સિદ્ધ થાયછે એ સ્પષ્ટ છે. એ કેવલકુંભક જે આ ત્રણના ઉત્તરકાળે થનારછે તેનું સૂત્રકાર આ પ્રમાણે આ સૂત્રથી એ ત્રણનું પ્રતિપાદન કરી રહ્યા પછી હવે પ્રતિપાદન કરે છે.

बाह्याभ्यन्तरविषयाक्षेपी चतुर्थः ॥ ५१ ॥

સૂત્રાર્થઃ—બાહ્યવિષય જે રેચક અને આભ્યન્તરવિષય જે પૂરક તે બેના ત્યાગપૂર્વક કરાતો જે કેવલકુંભક છે તે ચોથો પ્રાણાયામ છે.

वाह्या०:—એટલે જેનો વિષય બાહ્ય છે તથા જેનો આભ્યન્તર છે તે બેના ત્યાગ પૂર્વક. આક્ષેપ એટલે અતિક્રમણ વા ત્યાગ. બાહ્યવિષય એટલે રેચક કેમકે રેચકનો વિષય બાહ્ય દેશ હોય છે, અર્થાત્ રેચક બાહ્ય દેશથી પરિચ્છિન્ન થાયછે, અને આભ્યન્તરવિષય એટલે પૂરક કેમકે પૂરક આભ્યન્તર દેશથી પરિચ્છિન્ન થાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે જે કુંભક રેચકપૂરકના ત્યાગપૂર્વક કરાય તે ચતુર્થ છે. પૂર્વ સૂત્રમાં જે સહિતકુંભક કહ્યા હતો તે નિયમે કરીને

---

૧ વિશેષમાટે જુઓ શ્રીશ્વેતાશ્વતરોપનિષદ્ પૃષ્ઠ ૪૧. ૪૨. ૪૩. આનંદાશ્રમસંસ્કૃત ગ્રંથાવલિ.

રેચક અને પૂરકની મધ્યના કાળમાં થાય છે અને તેથી તે બાહ્યવિષય અને આભ્યન્તરવિષયથી પરિચ્છિન્ન છે. આ ચતુર્થ પ્રકારનો પ્રાણાયામ જે કેવલકુંભક છે તેમાં રેચકપૂરકનું અતિક્રમણ થયેલું હોય છે તેથી એ કુંભક બાહ્ય વા આભ્યન્તર કોઈ વિષયથી પરિચ્છિન્ન નથી.

આ સૂત્રનો વિષયશબ્દ યદ્યપિ દેશવાચક છે તથાપિ સંખ્યા અને કાળ એ બંનેનો ઉપલક્ષક છે. બાહ્યવિષય રેચક આરંભમાં સંખ્યા, દેશ તથા કાલથી પરિચ્છિન્ન કરાય છે, તેમ જ આભ્યન્તરવિષયક પૂરક પણ એનાથી પરિચ્છિન્ન કરાય છે. ત્યારપછી અભ્યાસના બલથી એ રેચકપૂરકનો જે આક્ષેપ વા અતિક્રમણ થાય છે તે પણ દેશ,કાલાદિથી જ કરાય છે.તેથી આ કેવલકુંભકમાં જેમ દેશનો આક્ષેપ કરાય છે તેમ કાળ અને સંખ્યાનો પણ આક્ષેપ કરાય છે તૃતીય પ્રાણાયામ જે સહિત કુંભક છે તેમાં આ દેશાદિથી પરિચ્છેદ હોય છે તેમ જ એ સકૃત પ્રયત્નથી કરાય છે અને આ ચતુર્થ પ્રાણાયામ અપરિચ્છિન્ન હોય છે તથા ઘણા અભ્યાસના બલથી જ કરાય છે એ એમાં ભેદ છે. આમ આ કેવલ કુંભક અપરિચ્છિન્ન છે તથાપિ કાલમાટે એવું કહેવાય છે કે ૧૦ દિવસનો કેવલકુંભક ઘણો ભારે છે.

આ સૂત્રથી આ ચતુર્થ પ્રાણાયામ જે ફલરૂપ છે તેનું પ્રતિપાદન કર્યું તથા તેથી એ સૂચવ્યું કે જ્યાં સુધી આ ફલનો આવિર્ભાવ ન થાય અર્થાત્ આ પ્રાણાયામ કરવાનું સામર્થ્ય ન આવે ત્યાં સુધી પ્રથમના ત્રણનો અભ્યાસ સાધકે કરવો.

આ પ્રમાણે સૂત્રકારે પ્રાણાયામરૂપ ચતુર્થ યોગાંગનાં સ્વરૂપ, ભેદ વિગેરેનું પ્રતિપાદન કર્યું. હવે એ અંગની સિદ્ધિથી જે ફલ થાય છે (સિદ્ધિ થાય છે) તેનું પૂર્વવત્ પ્રતિપાદન કરે છે.

ततः क्षीयते प्रकाशावरणम् ॥ ५२ ॥

સૂત્રાર્થઃ—પ્રાણાયામની સિદ્ધિથી વિવેકજ્ઞાનને (અર્થાત્ તેના કારણરૂપ બુદ્ધિસત્ત્વને) આવરણ કરનાર પાપરૂપ અશુદ્ધિનો ક્ષય થાયછે.

તતઃ—એટલે પ્રાણાયામના અભ્યાસે કરીને જ્યારે એ સિદ્ધ થાય છે ત્યારે.

प्रकाशा०ः—એટલે પ્રકાશના આવરણનો. ત્યાં પ્રકાશ એટલે વિવેકસાક્ષાત્કાર અથવા તો પ્રકાશસ્વરૂપ બુદ્ધિસત્ત્વ જે સ્વભાવે કરીને પ્રકાશ ગુણવાળું છે છતાં રાગપ્રચુર વિષયોએ કરીને આવૃત્તસ્વભાવવાળું થયું છે તે, એને આવરણ કરનાર—ઢાંકી દેનાર—પાપરૂપ અશુદ્ધિ તે આવરણ છે.

આ સૂત્રથી એ કહ્યું કે પ્રાણાયામના અભ્યાસથી જ્ઞાનના અને યોગના પ્રતિબંધકરૂપ ક્લેશ અને પાપરૂપ મળનો ક્ષય થાય છે. શ્રીમનુભગવાને પણ दह्यन्ते ध्मायमानानां धातूनां हि यथा मलाः । तथेन्द्रियाणां दह्यन्ते दोषाः प्राणस्य निग्रहात् ॥ જેમ ધાતુના દોષો ધમવાથી ક્ષય થાય છે તે જ પ્રમાણે પ્રાણના નિગ્રહથી એકાદશેન્દ્રિયના દોષોનો ક્ષય થાય છે. પ્રાણ એ શરીરમાં રહેલો સૂક્ષ્મ વાયુ છે. એ વાયુની સત્તાથીજ બહારનો વાયુ અંદર પ્રવેશે છે તથા અંદરનો વાયુ બહાર જાય છે. તથાપ એ અંદર પ્રવેશતો વાયુ તથા બહાર જતો વાયુ પ્રાણ નથી. પ્રાણ તો એ બંનેથી અતિગુણ સૂક્ષ્મ વાયુ છે જે જન્મ થતાપૂર્વે અભિમાનીસાથે વળગેલો હોય છે તથા જે મૃત્યુવિના શરીરને છોડતો નથી. એ પ્રાણનો તથા મન વા અંતઃકરણનો ગાઢ સંબંધ છે. એ પ્રાણનો નિરોધ થવાથી એક પ્રકારનો અતિ સૂક્ષ્મ અગ્નિ ઉત્પન્ન થાય છે અને તેના પરિણામરૂપ જલ થાય છે. એ અગ્નિ તથા જલ પણ સૂક્ષ્મકળાવાળાં હોય છે. એ ત્રણેવડે અંતઃકરણનાં રજસ્ તમસ્ ધોવાઇ જાય છે. તેથી પ્રાણાયામની સિદ્ધિથી પ્રકાશસ્વરૂપ સત્ત્વ જે સાધારણ દશામાં આવૃત્ત થયેલું હોય છે તે, આવરણનો ક્ષય થવાથી પોતાના સ્વભાવસિદ્ધ સ્વરૂપે સ્થિત થાય છે તેથી અંતે જ્ઞાનદીપ્તિ થાય છે. યદ્યપિ અશુદ્ધિનો ક્ષય તપથી પણ થાય છે તથાપિ તપ અને પ્રાણાયામ એ બે ઉપાયોમાં પ્રાણાયામ શ્રેષ્ઠ ઉપાય છે આમ હોવાથી જ પ્રથમ પાદમાં ઉત્તમાધિકારીમાટે તપનું વિધાન ન કરતાં પ્રાણાયામનું વિધાન સૂત્રકારે કર્યું છે.

આપ્રમાણે પ્રાણાયામની સિદ્ધિથી થતા પ્રથમ ફલનું પ્રતિપાદન કરી હવે દ્વિતીય ફલનું પ્રતિપાદન કરે છે.

धारणासु च योग्यता मनसः ॥ ५३ ॥

સૂત્રાર્થઃ—વળી વિવિધ ધારણાઓ કરવા અંતઃકરણ યોગ્યથાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે પ્રાણાયામની સિદ્ધિથી અંતઃકરણ વિવિધ ધારણા કરવા યોગ્ય થાય છે. ત્યાં અંતઃકરણ સમર્થ તો સદા જ છે તથાપિ રજસના પ્રભાવથી એક વિષયપર અધિકકાળ ટકી રહેતું નથી. એ રજસ્‌નો ક્ષય જ્યારે પ્રાણાયામથી થાય છે ત્યારે અંતઃકરણ સૂક્ષ્મ વિષયમાં પણ સ્થિતિને પામે છે. સૂક્ષ્મ વિષયમાં પણ યથાર્થ સ્થિતિ પામવું એ જ અંતઃકરણની ધારણાવિષે યોગ્યતા છે. અને તેથી પ્રથમ પાદમાં प्रच्छर्दनविधारणाभ्यां वा प्राणस्य એ સૂત્રથી પ્રાણાયામને અંતઃકરણની સ્થિતિનો ઉપાય કહ્યો છે. પ્રાણના નિરોધથી અતઃકરણની સ્થિરતા કેવી રીતે થાય એનો ઉત્તર એકે

અંતઃકરણ તથા પ્રાણ બંનેની ગતિ પરસ્પરના સહાય્યની અપેક્ષા રાખે છે, તેથી એકના નિરોધથી બીજાનો નિરોધ થઇ જાય છે. શ્રીહઠયોગ પ્રદીપિકામાં કહ્યું છે કે यतो मरुत् तत्र मनःप्रवृत्तिर्यतो मनस्तत्र मरुत्प्रवृत्तिः–જ્યાં મનની ગતિ થાય છે ત્યાં પ્રાણની ગતિ થાય છે તથા જ્યાં પ્રાણની ગતિ થાય છે ત્યાં મનની ગતિ થાય છે. શ્રીમહેશ્વર ભગવાને પોતે પણ અમનસ્કખંડમાં કહ્યું છે કે प्राणो यत्र विलीयेत मनस्तत्र विलीयते પ્રાણનો જ્યાં વિલય થાય છે ત્યાં મનનો પણ થાય છે. અને મનનો જ્યાં થાય છે ત્યાં પ્રાણનો પણ થાય છે. આમ હોવાથી એકના નિરોધથી અન્યની સ્થિતિ થાય એ યોગ્ય જ છે.

આ ફ્લો પ્રાણાયામથી થાય છે અને તેથી પ્રાણાયામ યોગના અંગભૂત છે એ આ બે સૂત્રોનું તાત્પર્ય છે. આથી એમ ધારવાનું નથી કે પ્રાણાયામનાં આ બે જ ફ્લો થાય છે. પણ એ બે ફ્લો અન્યનાં ઉપલક્ષક છે. પ્રાણનો નિરોધ થવાથી પ્રથમ સૂત્રમાં કહ્યા પ્રમાણે અંતઃકરણની શુદ્ધિ થાય છે એટલું જ નહિ પણ એ મૂળભૂત અંતઃકરણનો દ્રવ જે વિવિધ નાડીઓમાં પ્રસરીને રહેલો છે તે દ્રવ પણ મૂળની શુદ્ધિ થવાથી શુદ્ધિને પામે છે. આ દ્રવની શુદ્ધિ એ જ નાડીની શુદ્ધિ કહેવાય છે. શ્રીયાજ્ઞવલ્ક્યસંહિતામાં કહ્યું છે કે नाडीशुद्धिमवाप्नोति पृथक्चिन्होपलक्षिताम्—તે યોગીને વિવિધ ચિન્હોથી જણાતી નાડીની શુદ્ધિ થાય છે. તેમ જ પ્રાણનો જો અનાહત ચક્રમાં નિરોધ થાય છે તો એ સૂક્ષ્મ કળાને પામેલો પ્રાણ હૃત્પદ્મ આગળ સ્થિત અભિમાનીને પોતાતરફ આકર્ષી સુષુમ્નાદ્વારા બ્રહ્મરંધ્રમાં લઇ જઇ કેવળ સમાધિયુક્ત કરે છે. તેમ જ અનાહત ચક્રમાંના પ્રાણના નિરોધથી એક જાતનો ધ્વનિ સંભળાય છે જેને યોગીલોકો અનાહતધ્વનિ કહે છે. તે આ પ્રાણાયામની સિદ્ધિથી જ્યારે થાય છે ત્યારે न नादसदृशो लयः એ શ્રીસ્વાત્મારામ યોગીના વાક્યાનુસાર તે યોગીને તત્કાળ અંતઃકરણનો લય પ્રાપ્ત થાય છે. તેમ જ પ્રાણના નિરોધથી સુષુમ્નાનું મુખ વેષ્ટન કરી સ્થિત થયલી કુંડલિની શક્તિનું ચાલન થાય છે. તથા સંપૂર્ણ સંચિત કર્મોના દોષ બળે છે. આ સર્વ ફ્લો પણ પ્રાણાયામનાં જ છે. એશિવાય અન્ય સાધારણ ફ્લો પણ કેટલાંક થાય છે. જેમકે શ્રીશ્વેતાશ્વતરોપનિષદ્‌માં કહ્યા પ્રમાણે लघुत्वमारोग्यमलोलुपत्वं वर्णप्रसादं स्वरसौष्ठवं च। गंधः शुभो मूत्रपुरीषमल्पं શરીરમાં લઘુતા તથા આરોગ્ય, ઇન્દ્રિયોવિષે વિષયોને પ્રાપ્ત કરવાની જે લોલુપતા તેનો અભાવ, પ્રસન્ન વર્ણ, પ્રાસાદિકી વાણી, મનને પ્રિય લાગતો ગંધ, મૂત્ર અને પુરીષની અલ્પતા; એ ફ્લો

પ્રાણાયામના અભ્યાસથી થાય છે. એ સર્વ ફલોનાં સૂત્રોક્ત બે ફલો ઉપલક્ષક છે તેથી એ સર્વનું સૂત્રોક્ત ફલોથી ગ્રહણ થાય છે.

આ પ્રમાણે ફલસહિત પ્રાણાયામનું પ્રતિપાદન કર્યું. હવે ક્રમપ્રાપ્ત પ્રત્યાહારનું પ્રતિપાદન કરે છે.

स्वविषयासंप्रयोगे चित्तस्य स्वरूपानुकार इवेन्द्रियाणां प्रत्याहारः ॥ ५४ ॥

સૂત્રાર્થ—પોતાના વિષયના વિયોગકાળે પોતે જાણે ચિત્તવૃત્તિને અનુસરે છે એ પ્રકારની ઇન્દ્રિયોની જે સ્થિતિ તે પ્રત્યાહાર છે.

स्ववि०:—એટલે ચિત્તના વિષયરૂપ જે શબ્દાદિ પદાર્થો તેનો જ્યારે વિયોગ હોય ત્યારે, અર્થાત્ ધ્યાનસમયે તથા નિરોધસમયે.

स्वरूपा०:—જાણે ચિત્તના સ્વરૂપને અનુસરવું તે, એટલે જે જે ચિત્તના આકાર થાય તે તે જાણે ઇન્દ્રિયોના આકાર થતા હોય એમ થવું તે. જેમ ચિત્તની વૃત્તિઓ થાય છે તે જ પ્રમાણે ઇન્દ્રિયોની વૃત્તિઓ થતી નથી તેથી ધ્યેયપ્રતિ ચિત્તની વૃત્તિઓ જ્યારે સ્ફુરે ત્યારે એ વૃત્તિને સમાનવૃત્તિ ઇન્દ્રિયોથી સ્ફુરાવાય તેમ નથી. તેમ જ એ ઇન્દ્રિયો ચિત્તની વૃત્તિરૂપે થઇ શકે એમ નથી. તેથી ચિત્તનો યથાર્થ અનુકાર તો ઇન્દ્રિયોથી થાય એ અસંભવ છે. પણ તેની જરૂર પણ નથી. માત્ર જ્યારે ધ્યેયપ્રતિ ચિત્તની વૃત્તિ સ્ફુરે ત્યારે એ વૃત્તિના પ્રવાહમાં ખલેલ પહોંચાડી ઇન્દ્રિયો જે ચિત્તની શબ્દાદિ આકાર વૃત્તિ સ્ફુરાવે છે તેમ ન કરે પણ જાણે ચિત્તને અધીન થઇ ગઇ હોય તેમ વર્તે એ ગૌણ અનુકારની જ જરૂર છે. એ ગૌણ અનુકારજ ઇન્દ્રિયોનો થાય છે, અને મુખ્ય અસંભવ છે એ પ્રતિપાદન કરવા સૂત્રકારે અહિં इवपદ વાપર્યું છે.

प्रत्याहार:—એટલે इन्द्रियाणि प्रातिलोम्येनाह्रियन्तेऽस्मिन्—ઇન્દ્રિયોને પ્રતિલોમ પરિણામ પમાડી ચિત્તસ્વરૂપને અનુસરનાર જેમાં કરાય છે તે.

આ સૂત્રથી એ કહ્યું કે ધ્યાનસમયે તથા નિરોધસમયે ઇન્દ્રિયો ચિત્તવૃત્તિને અનુસરે એવી જે ઇન્દ્રિયોની સ્થિતિ તે પ્રત્યાહાર છે. જ્યારે વૈરાગ્યના બલથી ચિત્ત વિષયોવિષે ધાવન ન કરે તથા ધ્યેયાકાર પરિણામને પામવા જાય ત્યારે ઇન્દ્રિયો પણ ચિત્તને અનુસરે, તથા નિરોધસમયે જ્યારે ચિત્ત નિરોધને અભિમુખ થાય ત્યારે ઇન્દ્રિયો તેને વિરોધી થઇ અન્ય વ્યાપારોમાં ન જોડાતાં પોતે પણ નિરોધાભિમુખ થઇ રહે—એવો સિદ્ધ કરેલો ઇન્દ્રિયોનો ધર્મ પ્રત્યાહાર કહેવાય છે. અજિતેન્દ્રિય સર્વ પુરુષોમાં ચિત્ત ઇન્દ્રિયોને અનુસરતું દેખાય છે.

ઇન્દ્રિયો પોતપોતાના વિષય માટે તત્કાળ ચિત્તને ક્ષોભ પમાડી વૃત્તિ સ્ફુરાવે છે તથા પોતાના વિષયપ્રતિ ચલાવે છે. શ્રીકૃષ્ણ ભગવાને પણ કહ્યું છે કે इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः—ઇન્દ્રિયો મનને બલાત્કારે પોતાના વિષયપ્રતિ દોરી જાય છે. શ્રુતિ પણ કહે છે કે पराञ्चि खानि व्यतृणत्स्वयंभूः—ઇન્દ્રિયોને સ્વભાવથી સ્રષ્ટાએ પરાક્ રચી છે. એ ઇન્દ્રિયના ગુણને દૂર કરી એથી વિરોધી ગુણની ઇન્દ્રિયમાં સિદ્ધિ કરવી તે પ્રત્યાહાર છે. ધ્યાનના તથા નિરોધના સમયે અંતઃકરણ ધ્યેયાભિમુખ તથા નિરોધાભિમુખ થવા જાય છે, એ વખતે ઇન્દ્રિયો પોતાના સ્વભાવપ્રમાણે અંતઃકરણને પોતાના વિષયપ્રતિ લઇ જવા પ્રયત્ન ન કરે પણ અંતઃકરણ ધ્યેયવસ્તુઆકાર પરિણામને પામે તો ઇન્દ્રિયો પણ તેજ વસ્તુરૂપ જાણે થઇ રહેતી હોય એમ રહે તથા અંતઃકરણ જ્યારે નિરોધાભિમુખ થાયત્યારે ઇન્દ્રિયો પણ જાણે નિરોધાભિમુખ થઇ રહેતી હોય એવી થાય એ પ્રકારની જે ઇન્દ્રિયોની સ્થિતિ થવી તે પ્રત્યાહાર છે. જે પુરુષની ઇન્દ્રિય ચિત્તને અનુસરનાર થઇ હોય તે પુરુષનું ચિત્ત ધ્યેય વા નિરોધના અભિમુખ થાય ત્યારે તેની ઇન્દ્રિયોને તદ્રૂપ કરવા કંઇ પણ અન્ય પ્રયત્નની જરૂર રહેતી નથી. તેથી અન્ય રીતે કહીએ તો જે પ્રયત્નથી ચિત્ત ધ્યેયાકાર થઇ રહે છે તેજ પ્રયત્નથી ઇન્દ્રિયો પણ તેને અનુસરનાર થઇ રહે એવી સ્થિતિને પ્રત્યાહાર કહે છે. જેમ એક ભ્રમર એક વિષયઉપર પડે કે તરત બીજી મધુમક્ષિકાઓની તદનુસાર પ્રવૃત્તિ થાય છે તેમ ચિત્તને અનુકૂલ જે ઇન્દ્રિયોનું થઇ રહેવું તે પ્રત્યાહાર છે.

આ પ્રકારનું જ પ્રત્યાહારનું સ્વરૂપ અન્ય સ્થળે પણ કહ્યું છે. શ્રીવિષ્ણુપુરાણમાં કહ્યું છે કે शब्दादिष्वनुरक्तानि निगृह्याक्षाणि योगवित्। कुर्याच्चित्तानुकारीणि प्रत्याहारपरायणः ॥ શબ્દસ્પર્શવિગેરે વિષય વિષે સ્વભાવથી અનુરક્ત થયેલી ઇન્દ્રિયોને તે પ્રતિ જતી અટકાવીને ચિત્તના અનુકૂલ ભૃત્ય સરખી કરવી એ પ્રત્યાહાર કરનાર યોગીનું કર્તવ્યછે.

આ પ્રમાણે આ સૂત્રથી પ્રત્યાહારનું સ્વરૂપ બતાવ્યું. [1]હવે પૂર્વવત્ એનું ફલ પ્રતિપાદન કરવા સૂત્રકાર કહે છે કે—

ततः परमा वश्यतेन्द्रियाणाम् ॥५५॥

સૂત્રાર્થઃ—પ્રત્યાહારની સિદ્ધિથી ઇન્દ્રિયોનો પરમ જય થાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે પ્રત્યાહારની જ્યારે યથાર્થ સિદ્ધિ થાય છે ત્યારે ઇન્દ્રિયોની પરમવશ્યતા અર્થાત્ જય થાય છે. ત્યાં જય

---

૧. એ કેવી રીતે કરાય છે તે પ્રયોગ તથા એના સ્વરૂપનું વિશેષ સ્પષ્ટીકરણ શ્રીસિદ્ધાન્તસિન્ધુ પ્રથમરત્નમાં કર્યું છે તે ત્યાં જોવું.

ચાર પ્રકારના મનાયા છે. કેટલાક કહે છે કે શાસ્ત્રના અવિરુદ્ધ શબ્દાદિવિષયના સાક્ષાત્કારરૂપ જે ન્યાયભોગ તે ઇન્દ્રિયોનો જય છે. અન્ય કહે છે કે ઇન્દ્રિય અને વિષયનો સંબંધ થાય તે સમયે સ્વેચ્છાથી જે વિષયનો ભોગ (અર્થાત્ વિષયોની ઇન્દ્રિયો ઉપર સત્તા નહિ પણ ઇન્દ્રિયોનો સ્વેચ્છાથી ભોગ) તે ઇન્દ્રિયોનો જય છે. અન્ય કહે છે કે શાસ્ત્રવિહિત વિષયોનો જે સ્વેચ્છાથી થતો રાગદ્વેષવિના કરાતો ભોગ તે ઇન્દ્રિયોનો જય છે. આ ત્રણે ઇન્દ્રિયોના જય છે ખરા તથા એમાં ઉત્તરોત્તર જય શ્રેષ્ઠ છે તથાપિ એ ત્રણેમાંથી કોઇ પણ પરમજય નથી. ચિત્તની એકાગ્રતા થવામાત્રથી કોઇપણ અન્ય પ્રયત્નવિના જે ઇન્દ્રિયોની નિરુદ્ધ થઇ જવાની યોગ્યતા તે જ ઇન્દ્રિયોનો પરમ જય છે. આ પરમ જય પ્રત્યાહારની સિદ્ધિથી થાય છે. શ્રીવિષ્ણુપુરાણમાં પણ કહ્યું છે કે वश्यता परमा तेन जायते निश्चलात्मनाम् । इन्द्रियाणामवश्यैस्तैर्न योगी योगसाधकः ॥ પ્રત્યાહારની સિદ્ધિથી નિશ્ચલ થયેલી ઇન્દ્રિયોની પરમવશ્યતા થાય છે. આ પ્રકારનો જય યોગમાં આવશ્યક છે એ સૌભરિ મુનિવિગેરેના ઇતિહાસથી સ્પષ્ટ છે. સૌભરિ મુનિ આ પ્રકારના જયને નહિ પામેલા હોવાથી અને તેથી પ્રત્યાહારની સિદ્ધિથી રહિત હોવાથી યોગથી ભ્રંશને પામ્યા હતા.

આપ્રમાણે જ્ઞાનનાં સાધનના પ્રસંગમાં યોગનાં પાંચ સાધનોનું તેનાં ફલસહિત પ્રતિપાદન કર્યું. આ પાંચ સાધનો યોગના બહિરંગ સાધન છે તથા બાકીનાં ત્રણ અંતરંગ સાધન છે. એ અંતરંગ સાધન જેમ મંદાધિકારીમાટે જરૂરનાં છે તેમ ઉત્તમાધિકારીમાટે તથા મધ્યમાધિકારી માટે પણ છે. તેમજ એ ત્રણથી થતી સિદ્ધિઓ વિવિધ પ્રકારની છે. આ બે હેતુથી એ ત્રણનું પ્રતિપાદન આ પાદમાં નહિ કરતાં આ પાદ અહિંયાંજ સમાપ્ત કર્યું છે, અર્થાત્ એથી સૂત્રકારે એ સૂચવ્યું છે કે આ પાદમાં કહેલાં પાંચ સાધનોજ માત્ર મંદાધિકારી માટે વધારાનાં છે—બાકીનાં ત્રણ સર્વમાટે એકસરખી રીતે સમાન છે.

આ પ્રમાણે આ પાદમાં પ્રથમપાદમાં કહેલા યોગના અંગભૂત તથા ક્લેશને તનુ કરવાનું જેનુ ફલ છે એવા ક્રિયાયોગનું, અવિદ્યાદિ ક્લેશોનાં ઉદ્દેશ, કારણ, ક્ષેત્ર, સ્વરૂપ તથા ફલનું, કર્મોના ભેદ, કારણ, સ્વરૂપ તથા ફલનું તથા વિપાકનાં સ્વરૂપ અને કારણનું પ્રતિપાદન કર્યું; ત્યાર પછી ક્લેશાદિ અવશ્ય ત્યજવા યોગ્ય છે, એનો ત્યાગ તત્ત્વજ્ઞાનવિના કરી શકાય એમ નથી અને જ્ઞાન શાસ્ત્રને અધીન છે અને શાસ્ત્રમાં હેય, હેયહેતુ, ઉપાદેય અને ઉપાદેયહેતુ એ ચા-

રનું પ્રતિપાદન આવશ્યક છે તેથી પ્રથમ હેયનું, પછી હેયહેતુનું ત
ત્યાર પછી હાનનું સ્વરૂપ પ્રતિપાદન કર્યું. એ થયા પછી હાનો-
પાયરૂપ આ પાંચ બહિરંગ સાધનોનું પ્રતિપાદન કર્યું.

[1]क्रियायोगं जगौ क्लेशान् विपाकान् कर्मणामिह ।
तद्व्यूहानत्र द्वितीये पादे योगस्य पंचकम् ॥

---

૧. શ્રીવાચસ્પતિમિશ્રનીવ્યાખ્યા.

॥ ૐ શ્રી ॥

॥ તૃતીયપાદ અથવા વિભૂતિપાદ ॥

ઉપર દ્વિતીય પાદમાં પાંચ યોગાંગનું વર્ણન કર્યું. એ પાંચ અંગો બહિરંગ છે તેથી મંદાધિકારીમાટે અવશ્ય અપેક્ષિત છે. ઉત્તર ત્રણ અંગો જે અંતરંગ છે તે સર્વ અધિકારીમાટે સાધારણ હોવાથી, તથા એ ત્રણના અનુષ્ઠાનથી યોગમાં શ્રદ્ધાતિશય ઉત્પન્ન કરનાર સિદ્ધિઓરૂપ વિભૂતિઓ અનેક હોવાથી એ ત્રણનું પ્રતિપાદન કરવા નવા પાદનો સૂત્રકાર આરંભ કરે છે એ ત્રણ અંગો ધારણા, ધ્યાન અને સમાધિ છે. એ ત્રણની વચ્ચે કાર્યકારણભાવસંબંધ હોવાથી ધારણા જે ઇતર એની પૂર્વે અવશ્ય અપેક્ષિત છે તેનું સૌથી પ્રથમ પ્રતિપાદન કરે છે.

देशबन्धश्चित्तस्य धारणा ॥ १ ॥

સૂત્રાર્થઃ—જે દેશમાં ધ્યેયનું ચિંતન કરવાનું છે તે ધ્યાનના આધારભૂત દેશરૂપ વિષયમાં ચિત્તને સ્થાપન કરવું-એકાગ્ર કરવું તે ધારણા છે.

देशबन्धः—એટલે ધ્યેયદેશવિષે ચિત્તનો વૃત્તિમાત્રથી બંધ કરવો તે, અર્થાત્ ચિત્તને ત્યાં એકાગ્ર કરી સ્થિત કરવું તે.

આ સૂત્રથી ધ્યેયદેશવિષે ચિત્તને સ્થાપવું તે ધારણા છે એમ કહ્યું. ત્યાં દેશ બે પ્રકારનો છેઃ (૧) બાહ્ય અને (૨) આભ્યંતર. બહિર્ પદાર્થોવિષે તથા આભ્યંતર પદાર્થોવિષે જે ચિત્તને સ્થિર કરી ધારણ કરવું તે ધારણા છે. ત્યાં બહિર્ પદાર્થોમાં સૂર્ય, ચંદ્ર, વિદ્યુત, મણિ, શુક્રનો તારો, શાલગ્રામાદિ દેવો, શાસ્ત્રનિશ્ચિત સગુણ ઇશ્વરનું સ્વરૂપ, શ્રી સદ્‌ગુરુ વિગેરે ઇષ્ટ, એવિગેરે અસંખ્ય પદાર્થો ગ્રહણ કરવામાં આવે છે. તેમ આભ્યંતર પ્રદેશમાં પૃથ્વીઆદિ પાંચ તત્ત્વો, સપ્તચક્ર, હૃદ્પદ્મ તથા શરીરનાં નાસિકા, જિહ્વાવિગેરે વિવિધ સ્થાનોનું ગ્રહણ કરવામાં આવે છે. પૃથ્વી આદિ પાંચ તત્ત્વોની ધારણાનું સાધારણ સ્વરૂપ પ્રસંગવશાત્ આગળ કહ્યું છે, તેમજ વિષયવતી પ્રવૃત્તિના પ્રતિપાદનમાં શરીરનાં વિવિધ સ્થાનોનું પણ પ્રસંગવશાત્ પ્રતિપાદન કર્યું છે. ષટ્ચક્રોની ધારણાનું વિશેષ સ્વરૂપ પ્રત્યેક સાધકે પોતાના યોગીશ્વર શ્રીસદ્‌ગુરુપાસેથી જાણી લેવું તથા તદનુસાર પ્રવૃત્ત થવું. સામાન્ય સ્વરૂપ શાસ્ત્રમાં આપ્રમાણે વર્ણન કરવામાં આવે છેઃ—નાભિથી નીચે તથા મેંઢ્રથી ઉપર કંદ નામનું એક સ્થાન કહ્યું છે.

એ કંદમાંથી સુષુમ્નાનામની નાડી નીકળી મેરુદંડમાં થઇને કંઠદેશ આગળ આવે છે. ત્યાંથી એ નાડીની બે શાખા થાયછે—એક બ્રહ્મરંધ્રમાં ચાલી જાયછે તથા બીજી ત્રિકુટિસ્થાનમાં થઇ બ્રહ્મરંધ્રમાં જાય-છે. એ સુષુમ્નાનાડીમાં અનેક ચક્રો હોય છે. તેમાંથી વિશેષ ફલ આપનાર સાત ચક્રો યોગતત્ત્વવેત્તા પુરુષોએ નિશ્ચય કર્યા છે તે આ છે. ગુદા અને લિંગના મધ્ય દેશમાં वं, शं, षं, અને सं એ ચાર વર્ણોથી અંકિત ચાર દલથી યુક્ત, અગ્નિ વર્ણનું, ભગાકૃતિ, શ્રીગણપતિ રૂપ દેવતાવાળું આધારચક્ર છે. લિંગમૂલમાં बं, भं, मं, यं, रं, लं એ છ વર્ણોથી છ અંકિત દલથી યુક્ત, સૂર્ય વર્ણનું, પ્રવાલાંકુરાકૃતિ, બ્રહ્માધિષ્ઠિતસ્વાધિષ્ઠાનચક્ર છે. નાભિઆગળ ड થી फ સુધીના દશવર્ણોથી અંકિત દશ દલથી યુક્ત રક્તવર્ણ, શ્રીવિષ્ણુથી અધિષ્ઠિત મણિપૂર ચક્ર છે. ચોથું હૃદ્દેશઆગળ क થી તે ठ સુધીના બાર વર્ણોથી અંકિત બાર દલથી યુક્ત, સ્વર્ણવર્ણ, શ્રીશંકરાધિષ્ઠિત અનાહતચક્ર છે. પાંચમું કંઠદેશ આગળ अ થી તે अः સુધીના ષોડશ સ્વરથી અંકિત ષોડશ દલથી યુક્ત, ચંદ્રવર્ણ, શ્રીરુદ્રાધિષ્ઠિત વિશુદ્ધ ચક્ર છે. છઠું ત્રિકુટિસ્થાનઆગળ हं અને क्षं એ બે વર્ણોથી અંકિત બે દલથી યુક્ત, રક્તવર્ણ, શ્રીગુરુથી અધિષ્ઠિત આજ્ઞાચક્ર છે. એની ઉપર બ્રહ્મરંધ્ર આગળ સહસ્ત્રદલથી યુક્ત, શુદ્ધસ્ફટિકના વર્ણવાળું, શ્રીપરબ્રહ્મરૂપ દેવતાવાળું અજરામરચક્ર છે. એ સર્વ ચક્રો સુષુમ્નામાર્ગમાં છે. અધિકાર પ્રાપ્ત થવાથી શ્રીસદ્ગુરુની આજ્ઞાથી એ ચક્રોની ઉપરપ્રમાણે ધારણા કરવામાં આવે છે.

આ સર્વ વિષયો શ્રીગરુડ પુરાણમાં પણ કહ્યાછે. ત્યાં કહ્યું છે કે—

प्राङ्नाभ्यांहृदये चाऽथ तृतीये च तथोरसि ।
कण्ठे मुखे नासिकाग्रे नेत्रभ्रूमध्यमूर्द्धसु ॥
किंचित्तस्मात्परस्मिंश्च धारणा दश प्रकीर्तिताः ॥

નાભિ, હૃદય, ઉરસ્, કણ્ઠ, જિહ્વાગ્ર, નાસિકાગ્ર, નેત્રભ્રૂમધ્ય, મૂર્ધા અને મૂર્ધાની ઉપર બાર આંગળના પ્રદેશમાં કે જ્યાંસુધી પ્રાણસહિત લિંગશરીરની વૃત્તિ હોય છે ત્યાં—એમ આભ્યંતર પ્રદેશોમાં દશ સ્થળે ધારણા કરવામાં આવે છે.

એ ધારણાના વિષયમાં સાધારણ નિયમ એ છે કે જેમ પ્રાથમિક ધાનુષ્ક સ્થૂલ વિષયને લક્ષ્ય લે છે પછી સૂક્ષ્મને, તેમ ધારણાના સાધકે પણ પ્રથમ બાહ્ય વિષયો તથા પછી ક્રમે ક્રમે કરી આભ્યન્તર વિષયો લેવા. તેમાં બાહ્ય વિષયોમાં પણ પ્રથમ મૂર્ત, નિરવયવ વિષયો જેવા કે ચંદ્ર, સૂર્ય, મણિવિગેરે લેવા યોગ્ય છે. પછી

સાવયવ મૂર્તવિષયો જેવા કે બ્રહ્મા, વિષ્ણુ આદિ દેવોની શાસ્ત્રકલ્પિત મૂર્તિઓ લેવી યોગ્ય છે. એમ ક્રમે ક્રમે ઉત્તરોત્તર ચડતાં જવું. ધારણાના પ્રયોગમાં આવતા કેટલાક નિયમો પ્રસંગવશાત્ આગળ કહ્યા છે તેથી અત્ર આવશ્યક નથી. એક એવો નિયમ એ વિષયમાં અવશ્ય લક્ષમાં રાખવાનો છે કે એ ધારણાનો પ્રયોગ બને તો રોજ એક જ વખતે આરંભવો તથા એક જ વખતે સમાપ્ત કરવો. એ નિયમના પાલન પૂર્વક નિરંતર આઠ ઘટિકા ધારણાનો પ્રયોગ કરનારને તે તે વિષયની ધારણા ત્રણ માસમાં સિદ્ધ થાય છે એવો સાધારણ નિયમ છે–પછી અધિકારિપરત્વે ન્યૂનાધિક કાળ પણ થાય છે. અહિં એ સ્મરણ કરાવવું અતિઅગત્યનું છે કે એ ધારણાના પ્રયોગોથી થતી સિદ્ધિમાં લોભઇને કોઇએ સ્વતઃ પ્રવેશ કરવો નહિ પણ શ્રીસદ્ગુરુઉપદિષ્ટ વિષયોમાં જ તે તે વિધિથી પ્રયોગ કરવો, નહિ તો મહાહાનિનો સંભવ છે.

આપ્રમાણે આ સૂત્રથી સંયમના પ્રથમ અંગરૂપ ધારણાનું પ્રતિપાદન કર્યું. એ જ સ્વરૂપ શ્રીઇશ્વરગીતામાં हृत्पुण्डरीके नाभ्यां मूर्ध्नि पर्वतमस्तके। एवमादिप्रदेशेषु धारणा चित्तबन्धनम् હૃત્પદ્મ નાભિવિગેરે પ્રદેશોમાં ચિત્તને બાંધવું તે ધારણા છે–ઇત્યાદિ વચનોથી કહ્યું છે.

હવે ધારણાથી સાધ્ય થતા યોગના સપ્તમ અંગરૂપ ધ્યાનનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે.

तत्र प्रत्ययैकतानता ध्यानम् ॥ २ ॥

સૂત્રાર્થઃ—ધારણાના દેશમાં ધ્યેયવિષયક પ્રત્યયની જે એકતાનતા તે ધ્યાન છે.

तत्रः—ધારણાના દેશમાં.

प्रत्ययै०—એટલે ધ્યેય વસ્તુને આલંબન કરનાર જે વૃત્તિ તેની એકાગ્રતા.

આ સૂત્રમાં ધ્યાનનાં લક્ષણમાં तत्र એ પદ વિવક્ષિત નથી. તેથી ધ્યાનનું લક્ષણ તો प्रत्ययैक० એ જ છે. તથાપિ પ્રાથમિક સર્વ યોગિઓને એ પ્રત્યયૈકતાનતા ધારણાના દેશમાં જ થાય છે તેથી ઔત્સર્ગિક નિયમ એ હોવાથી तत्र પદ મુક્યું છે. આથી ધ્યાનનું સ્વરૂપ એ થયું કે ધ્યેયવસ્તુમાં જે અંતરાયસહિત એકાકાર વૃત્તિનો પ્રવાહ થવો તે ધ્યાન છે. ધારણામાં વૃત્તિનું એક દેશમાં સ્થાપન કરી ધ્યેય વસ્તુનું સ્વરૂપ રચવામાં આવે છે અને એ સિદ્ધ થવાથી તે વસ્તુમાં જે વૃત્તિનો એકાકાર પ્રવાહ ચાલે છે તે ધ્યાન છે. ધ્યાનમાં એ પ્રવાહ સતત ધારારૂપ હોતો નથી પણ મધ્યે વિચ્છેદવાળો

હોય છે. એજ વિચ્છેદ દૂર થવાથી જ્યારે અવિચ્છિન્ન પ્રવાહ સતતરૂપે ચાલ્યા કરે છે ત્યારે તે સમાધિ કહેવાય છે એ આ ત્રણમાં ભેદ છે. પ્રસંગવશાત્ એ ભેદનું પૂર્વે નિરૂપણ કર્યું છે તેથી અત્ર વિસ્તારની જરૂર નથી.

ધ્યાનનું આવું જ સ્વરૂપ શ્રીવિષ્ણુપુરાણમાં કહ્યું છે ત્યાં કહ્યું છે કે—

तद्रूपप्रत्ययैकाग्रसंततिश्चान्यनिःस्पृहा ।
तद्ध्यानं प्रथमैरंगैर्षड्भिर्निष्पाद्यते दृढम् ॥

તે પરમેશ્વરના સ્વરૂપમાં એકાકારપ્રત્યયનો પ્રવાહ તે ધ્યાન છે. એ ધ્યાનની નિષ્પત્તિ પ્રથમ કહેલાં છ યોગાંગથી થાય છે.

એ ધ્યાન અનેક પ્રકારનું છે. તથાપિ પરમાત્મવિષયક સગુણ અને નિર્ગુણ ધ્યાન શ્રેષ્ઠ છે. શ્રીયાજ્ઞવલ્કયસંહિતામાં કહ્યું છે કે— अन्यान्यपि बहून्याहुर्ध्यानानि मुनिपुङ्गवाः। मुख्यान्येतानि चैतेभ्यो जघन्यानीतराणि तु — ઋષિવરોએ અન્ય અસંખ્ય પ્રકારનાં ધ્યાનો કહ્યાં છે તથાપિ આ સગુણ અને નિર્ગુણ ધ્યાન એ બે જ મુખ્ય છે. †

આપ્રમાણે ધ્યાનનું પ્રતિપાદન કરીને, ધ્યાનની પરિપાક અવસ્થાએ થતા સંયમના તૃતીય અવયવરૂપ તથા યોગના ચરમ અંગરૂપ સમાધિનું પ્રતિપાદન કરવા ભગવાન્ સૂત્રકાર કહે છે કે

तदेवार्थमात्रनिर्भासं स्वरूपशून्यमिव समाधिः।३।

સૂત્રાર્થઃ—એ જ ધ્યાન જ્યારે ધ્યેયરૂપ અર્થના આકારનો જ સાક્ષિને નિર્ભાસ કરાવે છે અને પોતાના સ્વરૂપથી જાણે શૂન્ય હોય એવું થાય છે ત્યારે સમાધિ કહેવાય છે.

तदेव—એટલે ધ્યાન જ.

अर्थमात्रनिर्भासम्ः અર્થ જે ધ્યેય તેનોજ માત્ર નિર્ભાસ કરાવનાર.

मात्र પદથી ધ્યાનનું જે પ્રત્યયાકારરૂપ સ્વરૂપ તેને વ્યાવૃત્ત કરવામાં આવે છે.

स्वरूप०ઃઆ પદથી ઉપરના मात्र પદનું જ વિવરણ છે. ધ્યાન એ એક પ્રકારની વૃત્તિ વા પ્રત્યય છે. તેથી स्वरूप०એટલે પોતાના પ્રત્યયરૂપ સ્વરૂપથી શૂન્યવત્ થયેલું ધ્યાન.

આ સૂત્રથી ધ્યાનના જ અતિશયને સમાધિ કહ્યોછે. ધ્યાનની અંદર હું અમુક ધ્યેયનું ચિંતન કરૂંછું એ પ્રકારની એક વૃત્તિ હોય છે, તેમજ અંતરાય સહિત વૃત્તિનો પ્રવાહ ધ્યેયપ્રતિ ચાલેછે. પ્રથમ

† ધ્યાનના વિશેષ સ્પષ્ટીકરણાર્થે જુઓ મા સિદ્ધાન્ત સિન્ધુ પ્રથમ રત્ન પૃષ્ઠ ૨૭૬.

કહેલી વૃત્તિવિગેરેથી ધ્યેયાકાર વૃત્તિના પ્રવાહનો અંતરાય કરાય છે. જ્યારે અભ્યાસે કરીને ધ્યેયાકાર વૃત્તિનો પ્રવાહ અખંડિત થાય છે ત્યારે તેનેજ સમાધિ કહે છે. સૂત્રમાં પદોનું પણ એજ તાત્પર્ય છે. ધ્યાનમાં ધ્યેયનું ભાન તેમ જ પ્રત્યયનું ભાન એમ બે ભાન અભિમાનીને હોય છે. જ્યારે અભ્યાસે કરીને ધ્યેયાકારવૃત્તિનો પ્રવાહ અખંડિત થાય છે ત્યારે વસ્તુતઃતો ધ્યેયનો પ્રત્યય હોય છે તથાપિ એ એક અખંડિત તૈલધારાવત્ ચાલ્યા કરતો હોવાથી અભિમાનીને તે ધ્યેયથી પૃથક્રૂપે જણાતો બંધ થાય છે, એટલે તે સમયે અભિમાનીને માત્ર ધ્યેયસ્વરૂપનો જ નિર્ભાસ થાય છે, પણ તે ધ્યેયાકાર થયેલી વૃત્તિરૂપ પ્રત્યયનું પૃથક્ ભાન જતું રહેછે તેથી તે સ્વરૂપશૂન્ય જાણે હોય એમ થાય છે. એ પ્રકારનો ધ્યેયમાત્રનો નિર્ભાસ કરનાર પ્રત્યય વા વૃત્તિ તે સમાધિ છે. અન્ય શાસ્ત્રોમાં પણ સમાધિનું આવા જ પ્રકારનું સ્વરૂપ કહ્યું છે. શ્રીગરુડપુરાણમાં કહ્યું છે કે तिष्ठेत्तल्लयतो युक्तः समाधिःसोऽभिधीयते ॥ ધ્યાનના પ્રત્યયરૂપ સ્વરૂપના લયથી યુક્ત હોય તે સમાધિ કહેવાય છે. એ જ અર્થ तस्यैव कल्पनाहीनं स्वरुपग्रहणं हि यत् । मनसा ध्याननिष्पाद्यः समाधिः सोऽभिधीयते॥ ધ્યાનના અભ્યાસથી મનવડે સિદ્ધ થતું, ધ્યેયથી ધ્યાનના ભેદરૂપ કલ્પનાથી રહિત જે ધ્યેયવસ્તુનું ગ્રહણ તે સમાધિ કહેવાય છે—ઇત્યાદિ પુરાણ વચનોથી સ્પષ્ટ કર્યા છે. ઉપનિષદોમાં यदा तिष्ठन्ति ज्ञानानि मनसा सह बुद्धिश्च न विचेष्टेत तामाहुः परमां गतिम् । सत्त्वावबोध एवाऽसौ वासनातृणपावकः प्रोक्तः समाधिशब्देन न तु तुष्णीमवस्थितिः॥ ઇત્યાદિ વચનોથી એ જ કહ્યું છે કે જ્યારે ઇન્દ્રિયો અને મન બંને સમાનગતિક થાય છે અને જ્યારે બુદ્ધિ ગતિરૂપ ચેષ્ટાથી રહિત થાય છે, જ્યારે ધ્યેય સ્વરૂપનો નિર્ભાસ થાય છે અને વાસનાનો નાશ થાય છે, ત્યારે થયેલી અવસ્થા સમાધિશબ્દે કથન કરવામાં આવે છે.

આ સમાધિમાં ધ્યેયમાત્રનો નિર્ભાસ થાય છે એટલે વૃત્તિ પોતાના સ્વરૂપથી રહિતવત્ થાય છે. તેથી ધ્યાનમાં અને આ સમાધિમાં એ ભેદ છે કે ધ્યાનમાં ધ્યેયનું અને વૃત્તિનું પૃથક ભાન હોય છે, અથવા બીજી રીતે કહીએ તો ધ્યાનમાં ધ્યેયાકાર વૃત્તિનો પ્રવાહ વિચ્છિન્ન હોય છે અને સમાધિમાં અખંડિત હોય છે. એ સમાધિરૂપ અંગ અને સંપ્રજ્ઞાતયોગરૂપ અંગિનો એ ભેદ છે કે આ સમાધિરૂપ અંગમાં ધ્યેયગત અશેષ વિશેષનો સાક્ષાત્કાર થતો નથી અને એ સમાધિના અભ્યાસથી જ્યારે એ સમાધિની સ્થિરતા થાય છે ત્યારે સમાધિના વિષયો નહિ એવા જે ધ્યેયગત સંપૂર્ણ વિશેષો

તેનો સાક્ષાત્કાર અભિમાનીને થાય છે: સમાધિ ધ્યાનરૂપજ હોવાથી
એટલે એનો વિષય ધ્યેય હોવાથી એ એક પ્રકારના ચિંતનરૂપ છે.
તેથી એમાં ચિંતિત વિશેષોનુંજ સર્વાંશે અભિમાનીને ભાન થાય છે,
પણ અચિંતિત ધ્યેયગતવિશેષોનું એમાં ભાન થતું નથી. જ્યારે અ-
ભ્યાસવડે એ સમાધિ પરિપાક અવસ્થાને પામે છે ત્યારે એનો વિષ-
ય ધ્યેયકોટિથી મટીને જ્ઞેયકોટિમાં આવે છે, એટલે એ સમાધિનો પ-
રિપાક થાય છે ત્યારે અર્થાત્ સમાધિ સ્થિરતાને પામે છે ત્યારે ધ્યેય
નો સાક્ષાત્કાર થાય છે. એ સાક્ષાત્કારથી ધ્યેયગત સંપૂર્ણ વિશેષોનું
અભિમાનીને ભાન થાય છે. એ સાક્ષાત્કારનો ઉદય કરાવનાર અવ-
સ્થા સંપ્રજ્ઞાતયોગ છે તેથી અંગ અને અંગિમાં યત્કિંચિત ભેદ હો-
વાથી બંને વચ્ચે અંગાંગિભાવ યુક્ત છે.

આપ્રમાણે સમાધિનું સ્વરૂપ પ્રતિપાદન કર્યું, એટલે યોગનાં
આઠે અંગોનાં સ્વરૂપનું પ્રતિપાદન થઇ ગયું. હવે ધારણા, ધ્યાન અ-
ને સમાધિ એ ત્રણ અંગોથી થતી સિદ્ધિનું પ્રતિપાદન કરવાનું છે.
ને કરતાપૂર્વે આવશ્યક હોવાથી એ ત્રણે અંગોના યોગશાસ્ત્રસંમત
પારિભાષિક સંજ્ઞા કથન કરવા કહે છે કે

त्रयमेकत्र संयमः ॥४॥

સૂત્રાર્થ:—એક જ વિષયમાં આ ત્રણ કરવામાં આવે છે ત્યારે
એ ત્રણે મળી સંયમ કહેવાય છે.

त्रयम् આ પાદમાં કહેલાં ત્રણ એટલે ધારણા, ધ્યાન અને સમાધિ

एकत्र એકજ વિષયમાં.

આ સૂત્રથી કહ્યું કે જ્યારે એક જ ધ્યેયરૂપ વિષયમાં ધારણા,
ધ્યાન અને સમાધિ એ ત્રણે અંગો કરવામાં આવે છે ત્યારે એ ત્રણે
મળીને સંયમ કહેવાય છે, એટલે એ ત્રણે અંગોની સંયમ એવી
સંજ્ઞા છે. આ સૂત્ર સંજ્ઞાવિધાયક છે તેથી જ્યારે જ્યારે સંયમશબ્દનો
પ્રયોગ કરવામાં આવે ત્યારે જે પદાર્થવિષે સંયમ કહ્યો હોય તે
પદાર્થવિષે ધારણા, ધ્યાન અને સમાધિ કરવાનાં છે એમ સમજી લેવું
એ આ સૂત્રનો અર્થ છે.

આ સૂત્રનો ઉપયોગ એ જ છે કે એ સૂત્રમાં સંજ્ઞા ન કહી
હોત તો સ્થળે સ્થળે ધારણા ધ્યાન અને સમાધિ એ ત્રણેનો પ્રયોગ કરવો
પડત, અને આ સંજ્ઞા કહી દીધી એટલે હવે માત્ર એ ત્રણને બદલે
આ એક જ શબ્દનો પ્રયોગ કરવો પડે. તેથી સંક્ષેપ એ જ આ
સંજ્ઞાવિધાય સૂત્રનું ફલ છે.

ધારણાદિવિષે સંયમ એ સંજ્ઞા યથાર્થ રીતે લાગુ પડે છે. કેમ-

કે સંયમ એટલે ઇતર સર્વ વિષય તરફથી વૃત્તિઓને રોકવી તે. ધ્યેયાતિરિક્ત સર્વ વિષયપ્રતિ વૃત્તિને જતી અટકાવવી એ ધર્મ ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણેમાં વિદ્યમાન છે, તેથી એ સંજ્ઞા યદ્યપિ પારિભાષિક છે તથાપિ યથાર્થ છે.

આપ્રમાણે આ સૂત્રથી સંજ્ઞાનું વિધાન કર્યું. હવે એ ત્રણે સાધનો યોગનાં અંગરૂપ છે એ પ્રતિપાદન કરવા કહે છે કે

तज्जयात्प्रज्ञालोकः ॥५॥

સૂત્રાર્થઃ—સંયમની સ્થિરતા થવાથી પ્રજ્ઞાની દીપ્તિ થાય છે.

तज्जयात्—એટલે સંયમનો જય થવાથી અર્થાત્ અભ્યાસે કરીને સંયમની દૃઢતા થવાથી.

प्रज्ञालोकः—પ્રજ્ઞાનો આલોક એટલે સમાધિપ્રજ્ઞાની દીપ્તિ.

આ સૂત્રથી એ કહ્યું કે સંયમ જ્યારે દૃઢ સ્થિતિને પામે છે ત્યારે સમાધિપ્રજ્ઞાની દીપ્તિ થાય છે, એટલે ધ્યેયવસ્તુના વિશેષોને જાણવાનું સામર્થ્ય આવે છે. જેમ જેમ સંયમ વિશેષ વિશેષ સ્થિરતાને પામતો જાય છે તેમ તેમ વિપ્રકૃષ્ટવ્યવહિતાદિધ્યેયગત વિશેષોને પ્રત્યક્ષના વિષય કરવાનું અર્થાત્ તેનો સાક્ષાત્કાર કરવાનું ચિત્તમાં સામર્થ્ય આવે છે. આથી એ થયું કે જ્યારે ક્રમે કરીને અતિસૂક્ષ્મ વિષય જે પુરુષ અને પ્રકૃતિ તે ધ્યેયરૂપે લેવામાં આવે છે તથા તેમાં સંયમની દૃઢ સ્થિરતા થાય છે ત્યારે વિવેકખ્યાતિનો ઉદય થાય છે. તેથી સ્પષ્ટ રીતે એ સંયમ યોગના તથા જ્ઞાનના અંગરૂપ છે.

આપ્રમાણે સંયમની યોગાંગતાનું પ્રતિપાદન કરી હવે એ સંયમ સાધકે કેવા ક્રમથી કરવો કે જેથી આ સૂત્રમાં કહેલું સંયમનું ફલ સાધક અનુભવે તે પ્રતિપાદન કરવા કહે છે કે

तस्यभूमिषु विनियोगः ॥ ६ ॥

સૂત્રાર્થઃ—એ સંયમનું ભૂમિકાક્રમથી સાધકે અનુષ્ઠાન કરવું.

तस्य—પૂર્વસૂત્રોક્ત સંયમનું.

भूमिषु—સ્થૂલસૂક્ષ્મભૂમિકાના ક્રમથી.

विनियोगः—અનુષ્ઠાન (કરવું).

આ સૂત્રથી એ કહ્યું કે ઉપર કહેલા ફલની ઉત્પત્તિવાસ્તે ભૂમિકા ક્રમપ્રમાણે આ સંયમનું સાધકે અનુષ્ઠાન કરવું. જેમ ધનુર્ધર પ્રથમ સ્થૂલ પદાર્થને લક્ષ્ય લેછે પછી સૂક્ષ્મને, પછી તેથી સૂક્ષ્મને અને એમ કરતો ચાલે છે તો જ યથાર્થ સિદ્ધિને પામે છે, પણ જો સામર્થ્યવિના પ્રથમથી સૂક્ષ્મને લક્ષ્ય લે છે તો સ્થૂલને વેધવાનું પણ સામર્થ્ય ન હોવાથી સૂક્ષ્મને વેધી શકતો નથી પણ માત્ર પાછો પડે છે;

તે જ પ્રમાણે યોગી પણ પ્રથમ પોતાના સામર્થ્યપ્રમાણે સ્થૂલને લક્ષ્ય લે છે અને સ્થૂલમાં સંયમ સિદ્ધ થયાથી જ સૂક્ષ્મને લે છે. એમ કરે છે તો જ ઉત્તરોત્તર સામર્થ્યની વૃદ્ધિ થવાથી પ્રકૃતિપુરુષરૂપ અતીવસૂક્ષ્મ પદાર્થના સાક્ષાત્કારને અંતે પામે છે. નહિ તો જો સામર્થ્યવિના પ્રથમથી જ સૂક્ષ્મ પદાર્થને ધ્યેય લઈ તેમાં સંયમ કરવા મચે છે તો તે સૂક્ષ્મ પદાર્થને તેની વૃત્તિ અવલંબન જ કરતીજ નથી જેથી તે યોગી આગળ વધવાને બદલે ઉલટો કાળક્ષેપ કરી પાછો પડે છે. તેથી આ સંયમનો પ્રયોજ સાધકે ભૂમિકાક્રમથી કરવો. જ્યારે અધર ભૂમિનો જય સિદ્ધ થાય ત્યારે જ તે યોગીએ ઉત્તર ભૂમિકામાં પ્રવેશ કરવો. તે ભૂમિકાનો જય થાય ત્યારે જ તેથી ચઢતી ભૂમિકામાં પ્રવેશ કરવો; અને સૌથી ચરમ ભૂમિકામાં તો અંતે જ સંયમનો પ્રયોગ કરવો. આમ થાય છે તો જ તે ઉક્ત સંયમફલને પામે છે. શ્રીગરુડપુરાણમાં પણ કહ્યું છે કે

स्थित्यर्थं मनसः पूर्वं स्थूलरूपं विचिन्तयेत् ।
तत्र तन्निश्चलीभूतं सूक्ष्मेऽपि स्थिरतां व्रजेत् ॥

અંતઃકરણની સ્થિરતાને અર્થે યોગીએ આરંભમાં સ્થૂલસ્વરૂપનું જ ચિંતન કરવું. જ્યારે અભ્યાસે કરી એ સ્થૂલ ધ્યેયમાં અંતઃકરણ અત્યંચલભાવને પામે છે ત્યારે જ તે સૂક્ષ્મમાં સ્થિરતાને પામવા યોગ્ય થાય છે. ભૂમિકાનો આરોહ ક્રમે ક્રમે કરવો.

આ સૂત્રમાં જે ભૂમિકાક્રમ કહ્યો છે તે ઔત્સર્ગિક છે, એટલે સાધારણ રીતે ઘણાને લાગે છે. તથાપિ બધામાટે એ નિયમ નથી. જે યોગિએ શ્રીગુરુઈશ્વરની કૃપાથી સ્થૂલભૂમિકાનો જય કર્યો હોય એટલે આરંભથી જ જે યોગિને શ્રીગુરુઈશ્વરના પ્રસાદથી સૂક્ષ્મ પદાર્થને ધ્યેય કરવાનું સામાર્થ્ય પ્રાપ્ત થયું હોય છે તે યોગિએ કંઈ પ્રથમ સ્થૂલ પદાર્થમાં સંયમ કરવાની જરૂર નથી, કારણ કે એ સંયમનું સૂક્ષ્મ પદાર્થમાં સ્થિરતા પામવાના સામર્થ્યરૂપ જે ફલ તે, તે યોગિને અનાયાસ સિદ્ધ જ છે. તેથી તે યોગિએ તો સૂક્ષ્મથી જ આરંભ કરવો.

અહિં એ પ્રશ્ન થાય છે કે અમુક સાધકનું કેટલું સામર્થ્ય છે એ તેને કેવી રીતે સમજાય કે જેથી તે તેનાથી ઉત્તરભૂમિકાનું ગ્રહણ કરી આગળ ચાલે ? એનો ઉત્તર એ કે જેમ પ્રાણાયામાદિ યોગાંગનું અનુષ્ઠાન શ્રીસદ્ગુરુની આજ્ઞાનુસાર જ કરવામાં આવે તો ફલદાયક નીવડે છે, તેમ આ સંયમમાટે પણ છે. ને સાધકને તો યથાર્થ રીતે પોતાની ભૂમિકા સમજાય એમ છે જ નહિ, પણ જો યોગીશ્વર શ્રીસદ્ગુરુના આશ્રયનીચે રહી તે સાધક પ્રયત્ન કરતો હોય

ને શ્રીસદ્ગુરુને તેના અધિકારનું હસ્તામલકવત્ ભાન હોય છે. તેથી એ વિષયમાં સાધકે પોતે ચિન્તા કરવા જેવું નથી. કેમકે કયી ભૂમિકાનો કયે સમયે આરંભ કરવો એ બતાવવું એ તેના યોગીશ્વર શ્રીસદ્ગુરુનું કામ છે.

આ પ્રમાણે ૪ થા સૂત્રથી ધારણાદિ ત્રણ અંગની સંયમ સંજ્ઞા કરી. એ કેવી રીતે યોગાંગ છે તેનું ૫ મા સૂત્રથી પ્રતિપાદન કર્યું. એ ફલની પ્રાપ્તિ કેવા ક્રમથી સંયમ કરવાથી થાય છે એ આ સૂત્રથી પ્રતિપાદન કર્યું. હવે આ ત્રણ સાધનોને પૂર્વ પાંચથી છુટા કરી નવા પાદમાં શાથી વર્ણ્યાં જે એ ત્રણ સર્વમાટે એકસરખી રીતે આવશ્યક છે કેમકે જ્ઞાનનાં અર્થાત્ સંપ્રજ્ઞાતયોગનાં એ ત્રણ અંતરંગ સાધન છે—એ પ્રતિપાદન કરવા કહે છે કે

त्रयमन्तरंगं पूर्वेभ्यः ॥७॥

સૂત્રાર્થઃ—સંયમશબ્દવાચ્ય ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણ યમાદિ પૂર્વનાં પાંચ અંગની અપેક્ષાથી સંપ્રજ્ઞાતયોગનાં અંતરંગ સાધન છે.

त्रयम्—એટલે ધારણા, ધ્યાન અને સમાધિ.

अन्तरंगम्-એટલે સમીપનું કારણ. જે પદાર્થનું જે સમીપનું કારણ હોય તે અંતરંગ સાધન કહેવાય છે અને જે દૂરનું કારણ હોય તે બહિરંગ સાધન કહેવાય છે જેમ વેદાન્તમાં મનનનિદિધ્યાસન જ્ઞાનનાં નિકટનાં સાધન હોવાથી અંતરંગ સાધન કહેવાય છે અને એ એના અપેક્ષાથી શ્રવણ બહિરંગ છે. તેમ જ એ ત્રણે નિત્યાનિત્યવિવેક આદિની અપેક્ષાથી નિકટનાં સાધન હોવાથી અંતરંગ છે અને એના અપેક્ષાથી નિત્યાનિત્યવિવેકાદિ બહિરંગ છે. તેમ જ યજ્ઞયાગાદિની અપેક્ષાથી નિત્યાનિત્યવિવેકઆદિ જ્ઞાનનાં અંતરંગ સાધન છે અને યજ્ઞયાગાદિ બહિરંગ સાધન છે. તેથી અંતરંગ એટલે સાક્ષાત્સાધન અને બહિરંગ એટલે પરંપરાસાધન.

पूर्वेभ्यः—પૂર્વોક્ત યમાદિ પાંચથી.

આ સૂત્રથી એ કહ્યું કે આ ત્રણને પૂર્વ પાંચથી છુટાં પાડ્યાં છે તેનું કારણ એ કે એ ત્રણ યોગનાં સાક્ષાત્સાધન હોવાથી અંતરંગ છે અર્થાત્ સર્વમાટે આવશ્યક છે, અને યમાદિ પાંચ બહિરંગ છે. ધારણાદિ ત્રણ અંતરંગ સાધન છે કેમકે ધારણાનો અતિશય ધ્યાન છે, ધ્યાનનો અતિશય સમાધિ છે અને સમાધિનો અતિશય સંપ્રજ્ઞાતયોગ છે. એ ત્રણેનો સંપ્રજ્ઞાત સાથે એકજ વિષય છે તેથી એ ત્રણ સંપ્રજ્ઞાતનાં અંતરંગ સાધન છે. અને યમાદિ પાંચ તો અંતઃક-

રણની શુદ્ધિ, મનની ગતિની શિથિલતાવિગેરે ફલવાળાં હોવાથી યોગના પ્રતિબંધમાત્રની નિવૃત્તિ કરનારાં છે અને પ્રતિબંધની નિવૃત્તિદ્વારા યોગનાં ઉપકારક છે પણ સાક્ષાત્ નથી, તેથી એ પાંચ બહિરંગ છે. સંયમમાં ધ્યેયપ્રતિ એકાકાર વૃત્તિનો પ્રવાહ ચલાવવો એ કરવાનું હોય છે અને એથી જ અંતે ધ્યેયમાં વૃત્તિનો નિરોધ થઇ ધ્યેયસાક્ષાત્કાર થાય છે. તેથી સંયમશબ્દવાચ્ય ત્રણ તો સંપ્રજ્ઞાતના ૨ક્ષે ઉપકારક હોવાથી અંતરંગ છે. ઉત્તર સૂત્રમાં નિર્બીજ સમાધિનાં આ ત્રણ પણ બહિરંગ સાધન કહ્યાં છે તેથી આ સૂત્રમાં સંપ્રજ્ઞાતયોગમાં જ આ ત્રણની અંતરંગતા છે એ સ્પષ્ટ દેખાયછે. આ પ્રમાણે વ્યવસ્થા હોવાથી બહિરંગ સાધન અંતરંગ કરતાં ઓછાં આવશ્યક છે. તેથી પ્રાણાયામાદિવિના કદાચ સાધકને ચાલે પણ સંયમસિદ્ધિવિના તો કદાપિ ન જ ચાલે. શ્રીજડભરતાદિનાં આખ્યાનોમાં પણ જ્યાં ચિત્ત પૂર્વકર્મવશાત્ સંયમને યોગ્ય દશાને પામેલું હોય છે ત્યાં માત્ર સંયમથી જ સિદ્ધિનું વર્ણન જોવામાં આવે છે. શ્રીગરુડપુરાણમાં પણ કહ્યું છે કે

आसनस्थानविधयो न योगस्य प्रसाधकाः ।
विलम्बजननाः सर्वे विस्तराः परिकीर्तिताः ॥
शिशुपालः सिद्धिमाप स्मरणाभ्यासगौरवात् ॥

આસનાદિ યોગમાં સાક્ષાત્સાધન નથી પણ જેનું ચિત્ત સંયમયોગ્ય થયું છે તેને તો કેવલ નિષ્પ્રયોજન વિલંબ કરનાર છે. આપણે જોઈએ છીએ કે સ્મરણની સતતધારા ચાલવા રૂપ સંયમમાત્રથી શિશુપાલ સિદ્ધિ પામ્યો છે. તેથી સંયમકરતાં યમાદિ પાંચની ઓછી આવશ્યકતા છે, તથાપિ સાધારણ રીતે તો સર્વ મનુષ્યમાટે એ આઠ અંગોની સરખી આવશ્યકતા છે. જે મહાત્માઓને પૂર્વ ઉગ્ર પુણ્યવશાત્ વા શ્રીગુરુઈશ્વરના પ્રસાદથી જન્મથી જ ચિત્ત સંયમને યોગ્ય થયું હોય છે તેવા કોઇ વિરલ પુરુષોને જ પ્રાણાયામાદિવિના ચાલી શકે છે. આમ હોવાથી જ શ્રીભગવદ્ગીતામાં કહ્યું છે કે * "હે અર્જુન ! તું તારા અંતઃકરણને દૃઢ નિશ્ચયવડે મારા સ્વરૂપમાં એકાગ્ર કરીને સ્થાપ. તેમ કરવાથી જ તું મારા રૂપ થઈ રહેશે; અને જો ચિત્તને એકાગ્ર કરીને સ્થાપવાનું તારામાં સામર્થ્ય ન હોય તો અભ્યાસયોગવડે તું મને પામ. જો તું અભ્યાસયોગ સાધવાને પણ તત્કાલ સમર્થ ન હોય તો ઇશ્વરાર્પણબુદ્ધિથી શુદ્ધસાત્વિક કર્મોને કરવાવાળો થા." તેથી સંયમ સર્વથી મુખ્ય છે એ સિદ્ધ થાય છે.

---

* मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ઇત્યાદિથી.

આપ્રમાણે સંપ્રજ્ઞાતયોગનાં એ ત્રણ અંતરંગ સાધન છે એ કહી, એ ત્રણ અસંપ્રજ્ઞાત યોગનાં બહિરંગ સાધન છે એ પ્રતિપાદન કરવા કહે છે કે

तदपि बहिरंगम् निर्बीजस्य ॥ ८ ॥

સૂત્રાર્થઃ—આ ત્રણ પણ અસંપ્રજ્ઞાતયોગનાં બહિરંગ સાધન છે.

અસંપ્રજ્ઞાતયોગની સિદ્ધિ કેવા ક્રમથી થાય છે એ પૂર્વે વિસ્તારથી પ્રતિપાદન કર્યું છે. સંપ્રજ્ઞાતયોગથી વિવેકખ્યાતિનો ઉદય થાય છે વિવેકખ્યાતિના અભ્યાસથી જ્ઞાન નિર્મલ થવાથી કાલે કરીને પરવૈરાગ્યદ્વારા એ વૃત્તિ પણ શમે છે ત્યારે સર્વ વૃત્તિનો નિરોધ થવાથી નિર્બીજસમાધિ વા અસંપ્રજ્ઞાતયોગ થાયછે. આમ હોવાથી અસંપ્રજ્ઞાતયોગનું સાક્ષાત્સાધન પરવૈરાગ્ય છે અને સંયમ તો માત્ર સંપ્રજ્ઞાતયોગને સિદ્ધ કરનાર હોવાથી તદ્દ્વારા અસંપ્રજ્ઞાતયોગનો હેતુ હોવાથી પરંપરાથી કારણ છે, તેથી એ યોગનું બહિરંગ સાધન છે. અન્ય પક્ષથી વિચારીએ તો અસંપ્રજ્ઞાતયોગમાં સર્વ વૃત્તિનો નિરોધ હોય છે અર્થાત્ વૃત્તિ વા વૃત્તિનું આલંબન કોઇ હોતું નથી. તેથી જે સાધન વૃત્તિમાત્રનો તિરસ્કાર કરનાર હોય તે જ એ યોગનું અંતરંગ સાધન થઇ શકે. સંયમ તો ધ્યેયપ્રતિ વૃત્તિને લગાડનાર હોવાથી આલંબનરહિતથી તથા ધ્યેયપ્રતિની વૃત્તિનો આદરથી સ્વીકાર કરનાર હોવાથી વૃત્તિ માત્રનો તિરસ્કાર કરનાર નથી તેથી અસંપ્રજ્ઞાતથી ભિન્ન વિષયવાળો છે અર્થાત્ બહિરંગ છે.

આપ્રમાણે આ સૂત્રોથી જ્ઞાનના ઉપાયના પ્રસંગમાં યોગાંગનું વિસ્તારથી પ્રતિપાદન કર્યું. હવે અંગભૂત સમાધિ તથા અંગિરૂપ જે યોગ તે બેનો ભેદ કહેવાનો છે. કારણ કે સાધારણ વિચારથી તો એ બંને સદૃશ દેખાય છે, તેથી એ બેનો ભેદ કહેવામાટે એ અવસ્થામાં રહેલા વિશેષોનું કથન કરવું આવશ્યક છે. ત્યાં યોગસાંખ્ય શાસ્ત્રોનો એ સિદ્ધાન્ત છે કે ત્રિગુણાત્મક સર્વ પદાર્થો પ્રતિક્ષણે પરિણામ પામે છે. **चलं च गुणवृत्तम्** એ ન્યાય સર્વત્ર લાગે છે. તેથી સમાધિસમયે અને યોગસમયે એ બંને સમયે ચિત્તનો પરિણામ થયા કરે છે. પરિણામમાં જે વિશેષ હોય તે જ એ બેની વચ્ચેનાં ભેદક છે. તેથી તે વિશેષોનું પ્રતિપાદન કર્યાથી અંગ અને અંગિના ભેદનું પ્રતિપાદન થઇ શકેછે, તેથી પ્રથમ અંગિરૂપ યોગસમયે ચિત્તનો કેવો પરિણામ થાય છે એ પ્રતિપાદન કરે છે.

व्युत्थाननिरोधसंस्कारयोरभिभवप्रादुर्भावौ निरोधक्षणचित्तान्वयो निरोधपरिणामः ॥ ९ ॥

સૂત્રાર્થઃ—વ્યુત્થાનસંસ્કાર અને નિરોધસંસ્કારના અનુક્રમે અભિ-

ભવ અને પ્રાદુર્ભાવ જ્યારે થાય છે ત્યારે નિરોધક્ષણે ઉભયસાથે, ચિત્તનો જે અન્વય (ધર્મધર્મિરૂપથી સંબંધ) તે નિરોધપરિણામ છે.

વ્યુત્થાન૦—વ્યુત્થાન એટલે ક્ષિપ્ત, મૂઢ અને વિક્ષિપ્તરૂપ ત્રણ ભૂમિકા. યદ્યપિ અસંપ્રજ્ઞાતની અપેક્ષાથી એકાગ્રભૂમિ પણ વ્યુત્થાન જ છે તથાપિ આ સૂત્રથી ઉભયયોગને સાધારણ નિરોધપરિણામ કહ્યો છે તેથી ઉભયયોગમાં સાધારણ જે વ્યુત્થાન આવે તેનું ગ્રહણ કરવું વિશેષ ઉચિત છે. તેવું વ્યુત્થાન ક્ષિપ્તાદિ ત્રણ ભૂમિઓ જ છે. નિરોધ એટલે પ્રકૃષ્ટ સત્ત્વના પ્રાધાન્યથી જે વૃત્તિના અભાવવાળી ચિત્તની અવસ્થા થાય છે તે. એ બંનેથી ઉત્પન્ન થયેલા સંસ્કાર તે વ્યુત્થાન સંસ્કાર તથા નિરોધ સંસ્કાર છે.

અભિ૦—અભિભવ એટલે હ્રાસ અને પ્રાદુર્ભાવ એટલે વૃદ્ધિ.

નિરોધ૦—એટલે નિરોધક્ષણે ચિત્તનો જે સંબંધ તે.

આ સૂત્રથી એ કહ્યું કે જેમ જેમ યોગનું અનુષ્ઠાન કરવામાં આવે છે તેમ તેમ વ્યુત્થાન સંસ્કારની ન્યૂનતા અથવા તો પોતાના કાર્યને પ્રકટાવવાના સામર્થ્યનો અભાવ થતો જાય છે અને નિરોધ સંસ્કારની અભિવ્યક્તિ વા વૃદ્ધિ થતી જાય છે. એ નિરોધક્ષણે ચિત્તરૂપ એક ધર્મીનો બંનેસાથે સંબંધ હોય છે. વ્યુત્થાનસંસ્કારરૂપ ધર્મનો અભિભવ અને નિરોધસંસ્કારની અભિવ્યક્તિ એ બંને ધર્મો ચિત્તમાં એક જ ક્ષણે વિદ્યમાન થાય છે. નિરોધક્ષણે ચિત્તનો એ બંને ધર્મોસાથેનો જે સંબંધ તે જ નિરોધપરિણામ કહેવાય છે. નિરોધપરિણામ એટલે નિરોધક્ષણે થતો પરિણામ, અને પરિણામ એટલે એકધર્મનો હ્રાસ અને બીજાની વૃદ્ધિ વા એક ધર્મની અતીતાવસ્થા અને અન્યની વર્તમાનાવસ્થા. આમ હોવાથી આ ચિત્તના અન્વયને યથાર્થરીતે નિરોધપરિણામ કહ્યો છે, કેમકે ચિત્તરૂપ ધર્મી સ્વરૂપે તો સ્થિર છે તેથી એ બંને ધર્મોસાથે અન્વય પામી શકે છે. એ ચિત્તમાં યોગ સમયે વ્યુત્થાનસંસ્કારોની ન્યૂનતા થાય છે અને નિરોધસંસ્કારની વૃદ્ધિ થાય છે અથવા વ્યુત્થાનસંસ્કાર નિર્બલ થાય છે અને નિરોધસંસ્કાર પ્રબલ થાય છે. આ બે ધર્મના આશ્રયભૂત ચિત્ત છે. ચિત્તનો એ બંને ધર્મસાથેનો જે સંબંધ તે નિરોધક્ષણે થતો પરિણામ હોવાથી નિરોધપરિણામ છે.

વ્યુત્થાનસંસ્કારો વ્યુત્થાનપ્રત્યયથી પડેલા છે તથાપિ પ્રત્યયનો નિરોધ થવાથી સંસ્કારનો નિરોધ થતો નથી, કેમકે પ્રત્યય સંસ્કારનું ઉપાદાન કારણ નથી. માત્ર ઉપાદાન કારણ માટે જ એવો નિયમ છે કે જ્યારે ઉપાદાન કારણનો નાશ થાય છે ત્યારે તે ઉપાદાન કારણ જે

કાર્યમાં અન્વય પામ્યું હોય તે કાર્યનો પણ નિરોધ થઇ જાય. પ્રત્યય સંસ્કારનું ઉપાદાન કારણ નથી તેથી પ્રત્યયનો નિરોધ થયા છતાં પણ સંસ્કારના નિરોધમાટે અન્ય કારણની અપેક્ષા રહે છે. આમ હોવાથી યદ્યપિ યોગસમયે વ્યુત્થાનપ્રત્યયો નિરુદ્ધ થઇ ગયેલા હોય છે તથાપિ વ્યુત્થાનસંસ્કારો વિદ્યમાન હોય છે. એ વ્યુત્થાનસંસ્કારનો નિરોધ કરવા નિરોધસંસ્કારની આવશ્યકતા છે. નિરોધસંસ્કાર વ્યુત્થાનસંસ્કારના વિરોધી છે. તેથી જેમ જેમ નિરોધસંસ્કારોની વૃદ્ધિ વા પ્રબલતા થતી જાય છે તેમ તેમ વ્યુત્થાનસંસ્કારની ન્યૂનતા અને નિર્બલતા થતી જાય છે. આ પ્રમાણેના ધર્મોનો આવિર્ભાવ અને તિરોભાવ અથવા એક ધર્મની અતીતાવસ્થારૂપે સ્થિતિ અને બીજાની વર્તમાનાવસ્થાથી સ્થિતિ નિરોધ સમયે ચિત્તરૂપ એક આશ્રયમાં થાય છે, તેથી યોગસમયે ચિત્તનો નિરોધપરિણામ થાય છે.

અહિં એ શંકા થાય છે કે સંપ્રજ્ઞાતયોગ તો જાતે સ્વજનિત પ્રજ્ઞાદ્વારા ચિત્તમાં સંસ્કાર પાડી શકે, તેથી એ અંશમાં તો નિરોધસંસ્કાર યોગ્ય છે. પણ અસંપ્રજ્ઞાતસમયે કોઇ પ્રજ્ઞા નહિ હોવાથી નિરોધ કેવી રીતે પોતાનો સંસ્કાર પાડી શકે, અર્થાત્ નિરોધથી સંસ્કાર પડે છે એમાં શું પ્રમાણ છે એ શંકા થાય છે. એ શંકા દૂર કરવા તથા નિરોધપરિણામથી થતા ફલનું પ્રતિપાદન કરવા સૂત્રકાર કહે છે કે—

तस्य प्रशान्तवाहिता संस्कारात् ॥ १० ॥

સૂત્રાર્થઃ—નિરોધના સંસ્કારથી ચિત્તની પ્રશાન્તવાહિતા થાય છે.

तस्य—નિરોધપરિણામવાળા ચિત્તના અથવા નિરોધના.

प्रशान्तवाहिता—પ્રશાન્તતાથી થતું વહન અર્થાત્ નિશ્ચલનિરોધધારાથી થતું વહન.

આ સૂત્રથી એ કહ્યું કે નિરોધથી સંસ્કાર પડે છે એ અવશ્ય અંગીકાર કરવું જોઇએ. કેમકે જો એમ ન માનીએ તો નિરોધના અભ્યાસની પટુતાથી જે ચિત્તની નિશ્ચલનિરોધધારા ચાલે છે તે નહિ ચાલવી જોઇએ. વ્યુત્થાનસંસ્કારોનો જ્યારે અભિભવ થાય છે ત્યારે જ નિશ્ચલનિરોધધારા ચાલે છે. આપણે જોઇએ છીએ કે જેમ જેમ યોગનો વિશેષ વિશેષ અભ્યાસ થાય છે તેમ તેમ નિશ્ચલધારા ચિત્તની ચાલે છે. એ નિશ્ચલધારારૂપ કાર્ય વ્યુત્થાનસંસ્કારનો અભિભવ થવાથી જ થાય છે તેથી વ્યુત્થાનસંસ્કારનો અભિભવ કરનાર કોઇ વિરોધી સંસ્કારો હોવા જોઇએ. એ વિરોધીસંસ્કારો તે નિરોધસંસ્કારો જ છે. જેમ જેમ નિરોધસંસ્કારની વૃદ્ધિ વા પ્રાબલ્ય થતું જા-

ય છે તેમ તેમ વ્યુત્થાનસંસ્કારની ન્યૂનતા અને નિર્બલતા થતાં જાય છે જેથી દૃઢ અભ્યાસ થયે અતે નિશ્ચલનિરોધધારા ચાલે છે.

આથી એ સિદ્ધ થયું કે વ્યુત્થાનસંસ્કારનો અભિભવ જે ચિત્તની પ્રશાન્તવાહિતામાં હેતુરૂપ છે તેની સિદ્ધિમાટે નિરોધસંસ્કારો અવશ્ય અંગીકાર કરવા જોઇએ.

આપ્રમાણે આ બે સૂત્રોથી યોગસમયે ચિત્તના પરિણામને કથન કરી હવે અંગરૂપ સમાધિસમયે ચિત્તનો કેવા પ્રકારનો પરિણામ થાય છે તે પ્રતિપાદન કરવા સૂત્રકાર ઉત્તર બે સૂત્રો રચે છે. તેમાં પ્રથમ કહે છે કે—

सर्वार्थतैकाग्रतयोः क्षयोदयौ चित्तस्य समाधिपरिणामः ॥११॥

સૂત્રાર્થઃ—સર્વાર્થતા અને એકાગ્રતાના અનુક્રમે ક્ષય અને ઉદય જે સમયે થાય છે તે સમયે એ બંને ધર્મસાથે ચિત્તનો જે અન્વય તે ચિત્તનો સમાધિપરિણામ છે.

सर्वार्थता०-સર્વાર્થતા એટલે ચિત્તનું જે નાના વિષયોને ગ્રહણ કરવાપણારૂપ વિક્ષિપ્તપણું તે. એકાગ્રતા એટલે નાના વિષયો છોડીને ચિત્તનું જે એક વિષય ઉપર સ્થિર રહેવું તે.

क्षयोदयौ=એટલે હ્રાસ અને વૃદ્ધિ.

समाधि०—એટલે સમાધિસમયે થતો પરિણામ.

આ સૂત્રથી એ કહ્યું કે ચિત્ત સમાધિમાં પ્રવેશ કરે છે ત્યારે તત્કાળ એકદા કંઇ તેની વિક્ષિપ્તતાનો અભાવ થઇ જતો નથી તેમ જ એકદા સમાધિની નિષ્પત્તિ પણ થતી નથી. પણ તે ચિત્તમાં ક્રમે ક્રમે એકનો હ્રાસ અને બીજાની વૃદ્ધિ થતાં જાય છે. એ સમયે વિક્ષિપ્તતાના હ્રાસસાથે અને એકાગ્રતાની વૃદ્ધિસાથે, એમ બંનેસાથે ચિત્તનો સંબંધ હોય છે. એ પ્રકારનો ચિત્તનો જે સંબંધ તે સમાધિપરિણામ કહેવાય છે. એકપક્ષે જોતાં તો વિક્ષિપ્તતા એ ચિત્તનો ધર્મ છે તેમ એકાગ્રતા પણ ચિત્તનો ધર્મ છે, અને વિક્ષિપ્તતાનો હ્રાસ થવો તથા એકાગ્રતાનો ઉદય થવો એ તો એ ધર્મોના પરિણામ છે. તથાપિ એ બંને ધર્મો—વિક્ષિપ્તતા અને એકાગ્રતા—ચિત્તસાથે સંબંધવાળા હોવાથી એ ધર્મનો જે પરિણામ તે પણ ધર્મીનો પરિણામ છે, તેથી ચિત્તનો સમાધિકાલીનપરિણામ કહેવામાં કંઇ બાધ નથી.

આ સમાધિપરિણામ અને પૂર્વના નિરોધપરિણામમાં ફેર એ છે કે નિરોધપરિણામમાં સંસ્કારનો હ્રાસ અને સંસ્કારની વૃદ્ધિ થાય છે તથા ચિત્ત એ બંનેસાથે સંબંધવાળું રહે છે અને સમાધિ પરિણામમાં તો ચિત્તની જે વિક્ષિપ્તતા (એટલે વારંવાર થતી બહિર્મુખતા એટલે

એક વિષયપર સ્થિરતા ન પામતાં નાના વિષયોપ્રતિ ધાવન કરવું તે) તથા એકાગ્રતા તે એનાં હ્રાસ અને વૃદ્ધિ થાય છે તથા એ એસાથે ચિત્ત સંબદ્ધ થઇ રહે છે.

આપ્રમાણે સમાધિ જે ચિત્તને સિદ્ધ થઇ નથી પણ જે ચિત્ત સમાધિમાં જાય છે તેનો સમાધિ થતી વેળાએ થતો પરિણામ કહ્યો. હવે સમાધિસિદ્ધિ થવાથી જે ચિત્ત સમાહિત છે તે ચિત્તનો કેવા પ્રકારનો પરિણામ થાય છે એ કહેવું અવશિષ્ટ છે. કારણ કે યોગનો સમાધિથી ભેદ કહેવો છે. તેમાં યોગમાંનો પરિણામ તો કહ્યો. સમાધિની બે અવસ્થા છેઃ (૧) સમાધિમાં પ્રવેશ અને (૨) સમાધિની સિદ્ધિ. એ બેમાંથી પ્રથમ અવસ્થાનો પરિણામ કહ્યો. તેથી સમાધિ પ્રવેશ અને યોગ એ બેના વિષયો કહી એ બેનો ભેદ બતાવ્યો. હવે સમાધિની સિદ્ધાવસ્થા અને યોગનો ભેદ બતાવવો જોઇએ કેમકે નહિ તો સિદ્ધાવસ્થાવાળો સમાધિ અને અંગિરૂપ યોગ બંને એક થઈ જાય. તેથી તે પ્રતિપાદન કરવા કહે છે કે—

ततः पुनः शान्तोदितौ तुल्यप्रत्ययौ चित्तस्यैकाग्रतापरिणामः ॥ १२ ॥

સૂત્રાર્થઃ—સર્વાર્થતાનો નિઃશેષ ક્ષય થયે અને એકાગ્રતાની નિષ્પત્તિ થયે અતીત અને ઉત્પદ્યમાન એમ બે અવસ્થાવાળા સજાતીય પ્રત્યયો ઉત્પન્ન થાય છે, તે ચિત્તનો એકાગ્રતાપરિણામ છે.

તતઃ—સર્વાર્થતા અને એકાગ્રતાના અનુક્રમે ક્ષય અને ઉદયની યથાર્થ સિદ્ધિ થયે.

શાન્તોદિતૌ—શાન્ત એટલે અતીત અવસ્થાવાળો અને ઉદિત એટલે વર્તમાન અવસ્થાવાળો.

તુલ્યપ્ર૦—એટલે સજાતીયવૃત્તિ.

આ સૂત્રથી એ કહ્યું કે જ્યારે એકાગ્રતાની સિદ્ધિ થાય છે ત્યારે સજાતીય વૃત્તિનો તૈલધારાવત્ પ્રવાહ ચાલ્યા કરે છે એટલે એકેક પ્રત્યય નાશ પામેછે—અતીતાવસ્થાને પામેછે—અને તેને સજાતીય બીજો પ્રત્યય ઉદય પામે છે—ઉદિતાવસ્થાને પામે છે, એ પ્રત્યય પુનઃ નાશ પામેછે—અતીતાવસ્થાને પામેછે, અને એને સજાતીય ત્રીજો પ્રત્યય પુનઃ ઉદય પામે છે. એ પ્રમાણે પૂર્વ પૂર્વ પ્રત્યયનું અતીતાવસ્થામાંપ્રવેશવું—વિલય જવું અને ઉત્તરોત્તર સજાતીય પ્રત્યયોનું ઉદય થવું—વર્તમાનાવસ્થામાં પ્રવેશવું—એમ જે સજાતીય પ્રત્યયોનો અવિચ્છિન્ન (વિજાતીય પ્રત્યયના પ્રવાહથી રહિત) પ્રવાહ ચાલવો તે ચિત્તનો એકાગ્રતાકાળે થતો પરિણામ હોવાથી એકાગ્રતાપરિણામ છે.

આ પરિણામ અને સમાધિપરિણામમાં તો સ્પષ્ટ રીતે ભેદ દેખાય છે. આ પરિણામમાં એક પ્રત્યયનો વિલય અને તેના સજાતીયનો ઉદય એ પ્રકારનો પ્રવાહ ચાલે છે. સમાધિપરિણામમાં વિક્ષિપ્તતાનો તિરોભાવ અને એકાગ્રતાનો ઉદય એ પ્રકારે પ્રવાહ ચાલે છે. તેમ જ નિરોધપરિણામમાં વ્યુત્થાનસંસ્કારના હ્રાસ અને નિરોધસંસ્કારની વૃદ્ધિસાથે ચિત્તનો સંબંધ હોય છે અને આમાં તો સજાતીયપ્રત્યયોસાથે સંબંધ હોય છે. આપ્રમાણે પ્રત્યેક અવસ્થા વિશેષો હોવાથી આ યોગ તથા તેના અંગભૂત સમાધિ એક નથી, પણ એ બેમાં (યત્કિંચિત પ્રાણ) ભેદ છે.

આપ્રમાણે આ પરિણામ સૂત્રોથી સમાધિનો અંગીયોગથી ભેદ બતાવ્યો. હવે આ સંયમથી જે જે સિદ્ધિ થાય છે તેનું વિસ્તારથી પ્રતિપાદન કરવું રહ્યું છે, તે પ્રતિપાદન **परिणामत्रयसंयमादतीतानागतज्ञानम्** એ સૂત્રથી શરૂ કરે છે. પણ તેમાં આવતા શબ્દો યથાર્થ સમજાવવા જોઈએ. તે સૂત્રમાં **परिणामत्रय** શબ્દ આવે છે. એ સમજાય તો જ એ સૂત્રોક્ત અર્થ સમજાય એમ છે તેથી એ સૂત્રના અંશના સ્પષ્ટીકરણવાસ્તે તથા સંપૂર્ણ વિશ્વ પરિણામી હોવાથી આસ્થા કરવાયોગ્ય નથી એ પ્રકારે વૈરાગ્યરૂપ પ્રાસંગિક ફલના ઉદયવાસ્તે આ પરિણામના પ્રતિપાદનના પ્રસંગમાં એ પરિણામોનો જ અતિદેશ કરનાર સૂત્ર શ્રીપતંજલિ રચે છે.

एतेन भूतेन्द्रियेषु धर्मलक्षणावस्थापरिणामा व्याख्याताः॥१३॥

સૂત્રાર્થઃ—આ પ્રતિપાદનથી પાંચ ભૂત અને ઇન્દ્રિયો અર્થાત્ ષોડશ વિકારવિષેના ધર્મપરિણામ, લક્ષણપરિણામ અને અવસ્થાપરિણામનું વ્યાખ્યાન થઈ જાય છે.

एतेन—આ પરિણામસૂત્રોથી.

भूतेन्द्रियेषु—પૃથિવ્યાદિ પાંચ ભૂત તથા એકાદશ કરણરૂપ ઇન્દ્રિયો વિષે અર્થાત્ જે સોળ કેવળ વિકારરૂપ છે તે સર્વ વિષે. યદ્યપિ આ સૂત્રમાં કહેલા ત્રિવિધ પરિણામો કેવળ વિકારના જ નથી પણ અષ્ટ પ્રકૃતિઓના પણ છે તથાપિ પ્રધાન, મહત, અહંકાર અને શબ્દાદિપાંચ તન્માત્રારૂપ આઠ પ્રકૃતિના આ ત્રણ પરિણામો થાય છે એટલુંજ નહિ પણ ચોથો તત્ત્વાન્તરપરિણામ પણ થાય છે. અને જે ષોડશ વિકાર છે તેનો તત્ત્વાન્તર પરિણામ છે જ નહિ, પણ માત્ર આ ત્રિવિધ પરિણામો જ છે. આપ્રમાણે આ પરિણામો ભૂત અને ઇન્દ્રિયના ખાસ પરિણામો હોવાથી, અગર જો પ્રધાનથી આરંભી સર્વ પદાર્થના આ પરિણામો છે તથાપિ અહિં પ્રધાનાદિનો નિર્દેશ ન ક-

રતાં માત્ર ભૂત અને ઇન્દ્રિયોનો જ નિર્દેશ કર્યો છે. તથાપિ એ પરિણામો અષ્ટ પ્રકૃતિના નથી એમ કહેવામાં તાત્પર્ય નથી. યોગશાસ્ત્રસંમત તત્ત્વોમાંથી પુરુષમાત્ર અપરિણામી છે. એશિવાય બીજા સઘળા પદાર્થો નિરંતર પરિણામ પામનાર છે. તેમાં જે આઠ પ્રકૃતિઓ છે તેના આ ત્રિવિધ પરિણામો થાયછે તથાપિ તેનો ખાસ પરિણામ તત્ત્વાન્તર પરિણામ છે અને ષોડશવિકારના તો આ ત્રણ પ્રકારના જ પરિણામ છે.

ધર્મ૦—એટલે ધર્મપરિણામ, લક્ષણપરિણામ અને અવસ્થાપરિણામ. ત્યાં ધર્મી સ્વરૂપે વિદ્યમાન રહે અને તેના એક ધર્મનું તિરોધાન થાય તથા બીજા ધર્મનો આવિર્ભાવ થાય તે ધર્મિનો ધર્મપરિણામ કહેવાય છે. જેમ મૃત્તિકારૂપ ધર્મિના શ્યામરૂપનો તિરોભાવ અને રક્તરૂપનો આવિર્ભાવ થાય છે ત્યારે ધર્મિરૂપે મૃત્તિકા વિદ્યમાન રહેલી છે તથા એ બંને ધર્મસાથે સંબંધવાળી છે. તેથી શ્યામવર્ણના તિરોધાનપૂર્વક જે રક્તવર્ણનો આવિર્ભાવ થવો એ ધર્મિનો ધર્મપરિણામ છે. જ્યાં ધર્મ સ્વરૂપે વિદ્યમાન રહીને અતીતાદિ અવસ્થાને પામે ત્યાં ધર્મનો લક્ષણપરિણામ કહેવાય છે જેમ ઉપરના દૃષ્ટાન્તમાં શ્યામવર્ણનો તિરોભાવ માત્ર થાય છે પણ તેટલાથી એ ધર્મનો નાશ થઇ જાય છે એમ સિદ્ધ થતું નથી, તેથી રક્તવર્ણના આવિર્ભાવ સમયે અતીતાવસ્થાને પામ્યો છે તથા એ ધર્મ પોતે વિદ્યમાન રહી બંને અવસ્થામાં અનુગત થયેલો છે તેથી એ સ્થળે ધર્મનો લક્ષણપરિણામ છે. તે જ પ્રમાણે રક્તવર્ણ જે પૂર્વે અનાગતાવસ્થામાં હતો તે પછી વર્તમાનાવસ્થાને પામ્યો છે તેથી એ પણ ધર્મનો લક્ષણપરિણામ છે. લક્ષણશબ્દ આ શાસ્ત્રનો પારિભાષિકશબ્દ છે. એ શબ્દનો અર્થ અનાગત, વર્તમાન અને અતીત એ પ્રકારના કાલભેદ છે. એ ત્રણ અવસ્થાને આ શાસ્ત્રમાં પ્રસંગે અધ્વશબ્દ પણ લગાડવામાં આવે છે. ત્યાં અનાગતાવસ્થાને પ્રથમ અધ્વ, વર્તમાન અવસ્થાને બીજો અધ્વ અને અતીતને તૃતીય અધ્વ કહેવામાં આવે છે. લક્ષણનો સાધારણ અર્થ તો ચિન્હ થાય છે. પણ અહિં लक्षयति कार्थरूपं धर्मं व्यावर्तयति એ વ્યુત્પત્તિથી એનો અર્થ અતીતાદિકાલભેદ લેવાય છે. જ્યારે એક લક્ષણાવચ્છિન્ન દ્રવ્ય હોઇને એ અવસ્થાસાથે સંબંધવાળું થાય છે ત્યારે તે લક્ષણાવચ્છિન્ન દ્રવ્ય તથા તેના અવચ્છેદકરૂપ લક્ષણનો અવસ્થાપરિણામ કહેવાય છે. જેમકે વર્તમાન અધ્વયુક્ત ઘટમાં નવાપણું, જુનાપણું આદિ અવસ્થાનો ભેદ થવો તે ઘટનો તથા તેના વર્તમાનતારૂપ અધ્વનો અવસ્થાપરિણામ છે.

આ સૂત્રથી એ કહ્યું કે પૂર્વનાં ચિત્તના પરિણામ બતાવનાર સૂત્રોથી ષોડશ વિકારના ખાસ પરિણામરૂપ ધર્માદિ ત્રણ પરિણામ સર્વ પદાર્થના થાય છે એ વાતનું પ્રતિપાદન થયેલું જાણવું. અહિં પૂર્વ આ ત્રણ પરિણામનું ચિત્ત વિષયમાં કેવી રીતે પ્રતિપાદન કર્યું છે તે જોવાનું છે. ત્યાં ૯ મા સૂત્રથી જે ચિત્તનો પરિણામ બતાવ્યો છે તે ધર્મપરિણામ છે. ચિત્ત એ ધર્મી છે અને વ્યુત્થાન અને નિરોધ એ બે ચિત્તના ધર્મ છે. એ સૂત્રમાં યદ્યપિ વ્યુત્થાન સંસ્કાર અને નિરોધસંસ્કારના અનુક્રમે અભિભવ અને પ્રાદુર્ભાવ કહ્યા છે તથાપિ એટલાઉપરથી વ્યુત્થાન અને નિરોધ રૂપ ધર્મના અભિભવ અને પ્રાદુર્ભાવ પણ પ્રાપ્ત થાય છે. તેથી એ નિરોધપરિણામમાં વ્યુત્થાનરૂપ ચિત્તના એક ધર્મનો તિરોભાવ અને નિરોધરૂપ અન્ય ધર્મનો પ્રાદુર્ભાવ થાય છે, તથા એ બંને ધર્મોસાથે ચિત્તનો સંબંધ હોય છે, તેથી સ્પષ્ટ રીતે એ નિરોધપરિણામ તે ચિત્તરૂપ ધર્મીનો ધર્મપરિણામ છે. તેમ જ જે લક્ષણપરિણામ છે તે તો ઉપર કહ્યા પ્રમાણે સ્વરૂપે સ્થિત રહેલા ધર્મનો અતીતાદિ અધ્વ સાથે સંબંધ થાય છે ત્યારે થયેલો કહેવાય છે તેથી એ પરિણામ પણ વ્યુત્થાન અને નિરોધના અભિભવ અને પ્રાદુર્ભાવ કહેવાથી સ્પષ્ટ રીતે એ સૂત્રમાં કહેલો છે. નિરોધરૂપ ધર્મ ત્રણ અધ્વવાળો છેઃ (૧) અનાગત, (૨) વર્તમાન અને (૩) અતીત. ત્યાં નિરોધરૂપ ધર્મ પોતાના પ્રાદુર્ભાવસમયે અનાગતાવસ્થાનો ત્યાગ કરી વર્તમાનાવસ્થાસાથે સંબંધવાળો થાય છે અર્થાત્ પોતાના સ્વરૂપે અભિવ્યક્ત થાય છે. એ સમયે સ્વરૂપે રહેલા ધર્મનો બે અવસ્થા સાથે સંબંધ થાયછે તેથી એ લક્ષણપરિણામ છે. તેમ જ વ્યુત્થાન જે ઉપર પ્રમાણે ત્રણ અવસ્થાથી યુક્ત હોય છે તે પણ નિરોધસમયે અભિભવને પામતું જતું હોવાથી પોતાની વર્તમાન અવસ્થાને છોડીને અતીતાવસ્થાને પામેછે. તેથી વ્યુત્થાનના અભિભવસમયે થતો પરિણામ લક્ષણપરિણામ છે. આ પ્રમાણે આ સૂત્રથી સ્પષ્ટ રીતે બે પ્રકારના પરિણામો બતાવાય છે. ૧૦ મા સૂત્રથી અવસ્થાપરિણામ કહ્યો છે. ત્યાં કહ્યું છે કે નિરોધસંસ્કારો બલવાન્ થાય છે અને વ્યુત્થાનસંસ્કારો દુર્બળ થાય છે ત્યારે પ્રશાન્તવાહિતા થાય છે. નિરોધસંસ્કાર અને વ્યુત્થાનસંસ્કાર એ ધર્મ છે. તથા બલવત્ત્વ અને દુર્બલત્વ એ બે અવસ્થાઓ છે. અહિં નિરોધસંસ્કાર વર્તમાનરૂપ અધ્વમાં રહીને બલવત્ત્વરૂપ અવસ્થાસાથે સંબદ્ધ થાય છે તેથી અહિં ઉપરની વ્યાખ્યાપ્રમાણે નિરોધરૂપ સંસ્કારના વર્તમાનરૂપ લક્ષણનો અવસ્થાપરિણામ છે. આજ પ્રમાણે ૧૧

વિગેરે સૂત્રોમાં યોજના કરી લેવી. આ રીતે પૂર્વના પરિણામસૂત્રથી આ ત્રિવિધ પરિણામનું ચિત્તવિષયમાં પ્રતિપાદન કર્યું છે એ સિદ્ધ થાય છે.

બીજું આ સૂત્રમાં એ કહ્યું છે કે આ ત્રિવિધ પરિણામો પ્રકૃતિસહિત સર્વ પ્રાકૃત પદાર્થના થાય છે. ત્યાં પ્રથમ ભૂત અને ઇન્દ્રિયો લઇએ. ત્યાં ગાય, ઘટવિગેરે પદાર્થો ભૌતિક છે તથા પ્રધાનપણે પૃથિવીપરમાણુના બનેલા હોય છે, તેથી પાર્થિવ છે. એ પરમાણુઓ પરમાણુ અવસ્થામાં હોયછે ત્યારે એક આકૃતિવાળા હોય છે તથા એક પ્રકારના ગુણોથી યુક્ત હોય છે. જ્યારે એ પરમાણુઓ ગાય, ઘટાદિરૂપે થાય છે ત્યારે કોઈ જુદી જ આકૃતિગુણોવિગેરેવાળા પ્રતીત થાય છે. તેથી ગાય, ઘટાદિના ઉપાદાન કારણરૂપ પરમાણુઓનો ગાય, ઘટાદિ આકાર પરિણામ થવો એ ધર્મપરિણામ છે. કેમકે પરમાણુઓ તો તેના તે જ છે અર્થાત્ સ્વરૂપે વિદ્યમાન રહ્યા છે, પણ પૂર્વના એક ધર્મ (આકૃતિ, વિગેરે) નો ત્યાગ કરી અન્ય ધર્મસાથે સંબદ્ધ થયેલા હોય છે. તેથી પૂર્વે કહ્યાપ્રમાણે ગાય, ઘટાદિ એ પરમાણુનો ધર્મપરિણામ છે. તેમ જ પૂર્વની આકૃતિ અને ગુણો જ્યારે પરમાણુની પરમાણુરૂપે સ્થિતિ હતી ત્યારે વર્તમાન અધ્વમાં હતાં અને તે હવે સ્વરૂપે વિદ્યમાન રહીને અતીત અધ્વસાથે સંબદ્ધ થયાં છે તેથી એ ધર્મનો લક્ષણપરિણામ છે. તેમ જ ગાયઘટાદિ આકૃતિ વિગેરે ધર્મો જે પૂર્વે અનાગત અધ્વમાં હતાં તે હવે વર્તમાન અધ્વસાથે સંબધવાળા થયેલા હોવાથી એ ધર્મોનો પણ લક્ષણપરિણામ થયો છે. તેમ જ ગાયઘટાદિ જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે તેમનામાં નવાપણારૂપ અવસ્થા હોય છે અને પછી–કહો કે દ્વિતીય ક્ષણથી જ–પૂર્વની અપેક્ષાથી પુરાણત્વ અવસ્થા આવેછે, તેથી ગાયઘટાદિ પદાર્થોનો તથા તેમના વર્તમાન અધ્વરૂપ લક્ષણનો એ અવસ્થાપરિણામ છે, તેમ જ ગાયવિગેરે પદાર્થોનો જે કૌમાર, બાલ્ય, વાર્ધક્યવિગેરે અવસ્થાસાથે સંબંધ થાય છે, એ પણ અવસ્થાપરિણામ છે. આ જ પ્રમાણે બીજાં ભૂતોવિષે ઘટાવી લેવું. તેથી સ્પષ્ટ થાય છે કે પાંચ ભૂતમાં તો આ ત્રિવિધ પરિણામ થયા જ કરે છે. તે જ પ્રમાણે ઇન્દ્રિયોનું નીલાદિ વિષયનું આલોચન તે ધર્મપરિણામ છે. એ ધર્મનો અતીતાદિ અધ્વસાથેનો ક્રમિક સંબંધ એ લક્ષણપરિણામ છે, અને એ જ્ઞાનનો સ્ફુટત્વ અસ્ફુટત્વ વિગેરે અવસ્થાસાથે સંબંધ થવો એ અવસ્થાપરિણામ છે. આપ્રમાણે આ ત્રિવિધ પરિણામો ઇન્દ્રિયવિષે પણ પ્રતિક્ષણે થયા જ કરે છે. એ જ પ્રક્રિયા પ્રકૃતિપર્યન્તના સર્વ પદાર્થોને લાગે છે. ત્યાં ભૂતનું કારણ તન્માત્રા છે તેથી પાંચ ભૂતના અ-

ણુઓ એ માત્ર તન્માત્રાની આકૃતિવિશેષ છે (ધર્મવિશેષ છે), તેથી એ પણ ધર્મપરિણામ છે. એ તન્માત્રા તથા ઇન્દ્રિયો અહંકારના કાર્યરૂપ હોવાથી અહંકારશબ્દવાચ્ય દ્રવ્યની આકૃતિવિશેષ (ધર્મવિશેષ) છે તેથી એ પણ અહંકારનો ધર્મપરિણામ છે. એ જ પ્રમાણે અહંકાર મહત્નું કાર્ય હોવાથી તથા મહત્ પ્રધાનનું કાર્ય હોવાથી અહંકાર અને મહત્ પણ અનુક્રમે મહત્ અને પ્રકૃતિના ધર્મપરિણામ છે. ધર્મપરિણામનું પ્રતિપાદન કરવાથી ઉપરની માફક લક્ષણપરિણામ અને અવસ્થાપરિણામનું પ્રતિપાદન સમજાઇ જાય છે. તેથી એ સિદ્ધ થાય છે કે પ્રકૃતિથી માંડી સર્વ પ્રાકૃત પદાર્થો ત્રિવિધ પરિણામોથી યુક્ત છે. એ ત્રિવિધ પરિણામો નિરંતર એ પદાર્થોના થયા જ કરે છે, કેમકે चलं च गुणवृत्तम् એ વેદશાસ્ત્રનો સિદ્ધાન્ત છે. જેમ રાજાને અર્થે રાખવામાં આવેલા ખરા ભૃત્યો પ્રતિક્ષણે રાજાને અર્થે વ્યાપારયુક્ત હોય છે તે જ પ્રમાણે પુરુષને અર્થે સ્થિતિ પામી રહેલા આ ભૃત્યસ્થાનીય સર્વ પદાર્થો પ્રતિક્ષણે પુરુષને અર્થે પરિણામ પામ્યા કરે એ યુક્ત જ છે. તેથી સર્વ જગત્ પરિણામી હોવાથી આસ્થા રાખવાજેવું નથી એ પણ સિદ્ધ થાય છે.

યદ્યપિ આ સૂત્રમાં ધર્મ, લક્ષણ અને અવસ્થા એ ત્રણ ભેદ પાડ્યા છે પરંતુ એ પારિભાષિક છે. સાધારણ રીતે તો લક્ષણ અને અવસ્થા એ બંને ધર્મમાં જ આવી જાય છે તથાપિ ગોબલિવર્દન્યાયે કરીને અત્ર એ ત્રણેનો પૃથક્ નિર્દેશ કર્યો છે.

અહિં પ્રથમ ધર્મપરિણામ કહ્યો. એનું સ્વરૂપ એ કહ્યું કે ધર્મીરૂપ પદાર્થ એક ધર્મનો ત્યાગ કરી અન્ય ધર્મનો સ્વીકાર કરે ત્યારે ધર્મીનો ધર્મપરિણામ કહેવાય છે. આથી એ સિદ્ધ થાય છે કે એ પરિણામમાં ધર્મી બંને વખતે સ્વરૂપે સ્થિત હોય છે. જેમકે કટકાકાર સુવર્ણ જ્યારે કેયુરાકાર પરિણામને પામે છે ત્યારે એ ધર્મપરિણામ થાયછે. તથાપિ એમાં ધર્મીરૂપ સુવર્ણ તો એકનું એક જ છે. તે જ પ્રમાણે સર્વ ધર્મોમાટે સમજવું. અહિં એ શંકા આવેછે કે આ પ્રમાણે જો ધર્મીની સ્વરૂપે સ્થિતિ ધર્મપરિણામમાં હોય તો પછી ધર્મી કૂટસ્થ ઠરે અર્થાત્ નિત્ય સિદ્ધ થાય. અને એમ થવાથી પ્રધાન જે એક જ યથાર્થ ધર્મી છે તે બ્રહ્મવત્ કૂટસ્થ ઠરે તેથી વેદશાસ્ત્રના સિદ્ધાન્તને ખલેલ આવે. પણ એ યોગ્ય નથી. કેમકે કૂટસ્થનો અર્થ એવો નથી કે સ્વરૂપે સ્થિતિ જેની રહેતી હોય તે કૂટસ્થ પણ જે સ્વરૂપે સદા એકરૂપે રહે છે તે કૂટસ્થ કહેવાય છે. આવું કૂટસ્થપણું માત્ર અપરિણામી પદાર્થમાં જ હોઇ શકે, પરિણામી પદાર્થમાં

હોવાનું નહિ. તેથી બ્રહ્મ વા પુરુષ જે અપરિણામી પદાર્થ છે તે જ માત્ર કૂટસ્થ હોઈ શકે છે અને પ્રધાન એકરૂપમાં સદા સર્વસ્થળે વિદ્યમાન નહિ હોવાથી અર્થાત્ પરિણામી હોવાથી (એટલે એક સ્થળે પ્રધાનરૂપે, બીજે સ્થળે મહત્તરૂપે, ત્રીજે સ્થળે અહંકારરૂપે-વિગેરે વિવિધરૂપે રહેનાર હોવાથી) એ કૂટસ્થ નથી, બાકી નિત્ય તો છે જ. શાસ્ત્રમાં સ્પષ્ટ રીતે પ્રધાનને માટે सनातनी* વિશેષણ જોવામાં આવે છે. તેથી જે દોષ આપ્યો હતો તે અસંગત છે, અર્થાત્ ધર્મપરિણામ જે રીતે આ સૂત્રમાં કહ્યો છે તે યોગ્ય જ છે.

હવે લક્ષણપરિણામની પરીક્ષા કરીએ. લક્ષણપરિણામનું સ્વરૂપ એ કહ્યું છે કે ધર્મીનો અનાગતઅવસ્થા છોડી વર્તમાનઅવસ્થાસાથે સંબંધ થવો તે તથા વર્તમાનઅવસ્થા છોડી અતીતાવસ્થાસાથે સંબંધ થવો તે લક્ષણપરિણામ છે. આ ક્યારે બને કે જ્યારે ધર્મોનું નિત્યત્વ હોય ત્યારે. જો ધર્મમાત્ર પ્રાદુર્ભાવસમયે નવો જ અસ્તિત્વમાં આવતો હોય અને અપ્રતીતિ સમયે વિનાશને પામતો હોય તો પછી એ કાળસાથે તે ધર્મનો સંબંધ થાય નહિ. તેથી લક્ષણપરિણામ માટે ધર્મનું નિત્યત્વ અવશ્ય માનવું જોઇએ, અર્થાત્ આ સૂત્રમાં લક્ષણપરિણામનો નિર્દેશ કરવાથી ધર્મોનું નિત્યત્વ સૂત્રકારે સિદ્ધાન્તિત કર્યું છે. અને તે ઘટે પણ છે. ચિત્તવિષયમાં આપણે એનો અનુભવ થાય છે. ચિત્ત જ્યારે એક સ્ત્રીપ્રતિ રાગયુક્ત હોય છે ત્યારે તેમાં વર્તમાન અધ્વમાં માત્ર એ રાગ છે. તથાપિ એટલાથી એમ નથી કહેવાતું કે તે ચિત્ત અન્ય સ્ત્રીપ્રતિ વિરક્ત છે, અથવા તો ચિત્તમાં રાગ વર્તમાનઅવસ્થામાં છે તેથી તેમાં ક્રોધ વા દ્વેષનો અભાવ છે. गुणवृत्तिविरोधात् એ સૂત્રપ્રતીકની વ્યાખ્યામાં સ્પષ્ટ કહ્યું છે કે રાગ, ક્રોધ વિગેરેનો વિરોધ નથી પણ માત્ર એની પ્રધાનતાનો જ વિરોધ છે. જ્યારે રાગ પ્રધાન હોય ત્યારે ક્રોધ વા દ્વેષ વા ઇતરપ્રતિનો રાગ પ્રધાન ન હોઇ શકે. પણ એટલાથી સહાવસ્થાનમાં વિરોધ નથી. આપણે જોઇએ છીએ કે ઘડી પછી તરત ક્રોધ થાય છે, વા દ્વેષ થાય છે વા ઇતરપ્રતિ રાગ થાય છે. તેથી જ્યારે રાગ વર્તમાનાવસ્થામાં હોય છે ત્યારે બીજા અનાગત વા અતીતાવસ્થામાં હોય છે એ સ્પષ્ટ છે. તેથી ધર્મનું નિત્યત્વ માનવું દૃષ્ટાન્તરહિત વા અનુભવરહિત નથી, અર્થાત્ આ સૂત્રથી કહ્યું છે તે યોગ્ય છે. +

---

* જુઓ યોગવાર્તિક પૃષ્ઠ ૧૯૬.

+ આથી એ એક સિદ્ધાન્ત નીકળે છે કે કારણ કાર્યકરતાં અધિક ધર્મવાળું હોય છે અર્થાત્ વિશેષ બળવાન્ હોય છે, અને

ત્રીજો અવસ્થાપરિણામ છે. એ અવસ્થાપરિણામમાં માત્ર અવસ્થાનો ભેદ થયા કરે છે પણ ધર્મીનો ભેદ થતો નથી. જે ધર્મો બાલ્યાવસ્થામાં હોય છે તે જ કૌમારઅવસ્થામાં અને તે જ વૃદ્ધાવસ્થામાં હોય છે. આ અવસ્થાપરિણામનું દૃષ્ટાન્ત પૂર્વે આપી ગયા છીએ, તે વર્તમાનલક્ષણનું છે. તથાપિ એ પરિણામ અતીત અને અનાગત એ બંને લક્ષણનો પણ થાય છે. એની સ્ફુટ પ્રતીતિ વર્તમાન લક્ષણમાં જ થાય છે તેથી વર્તમાન લક્ષણનું દૃષ્ટાન્ત આપ્યું છે. એ અવસ્થાઓનો યદ્યપિ લક્ષણપરિણામ આ સૂત્રમાં સાક્ષાત્ કહ્યો નથી તથાપિ આ સૂત્રની પ્રક્રિયાપ્રમાણે એ પણ થઇ શકે છે. તેથી આ સૂત્રથી ધર્મી, ધર્મ, લક્ષણ અને અવસ્થા એ ચારેનું અથવા તો—લક્ષણ અને અવસ્થાનો ધર્મમાં અંતર્ભાવ કરીએ તો ધર્મી અને ધર્મનું નિશ્ચલ સિદ્ધાન્તિત થાય છે.

આપ્રમાણે આ સૂત્રથી ત્રિવિધ પરિણામનું પ્રતિપાદન કર્યું. તથાપિ ખરું જોતાં આ ત્રણે પરિણામો વસ્તુતઃ જૂદા નથી પણ એક જ પરિણામમાં આવી જાય છે. ધર્મીથી ધર્મને જૂદો લઇએ તો ધર્મનો લક્ષણપરિણામ તથા લક્ષણનો અવસ્થાપરિણામ કહેવો ઘટે. પણ ખરું જોતાં તો ધર્મીથી સ્વતંત્ર સત્તા ધર્મની છે જ નહિ તેથી આ ત્રણે પરિણામો ધર્મીના જ ગણાય, અર્થાત્ એક જ પરિણામ થયો. ધર્મીનો ધર્મે કરીને પરિણામ (धर्मेण परिणामः) તે ધર્મપરિણામ, લક્ષણે કરીને પરિણામ તે લક્ષણપરિણામ અને અવસ્થાએ કરીને પરિણામ તે અવસ્થાપરિણામ છે. અહિં એ શંકા થાયછે કે એ એક પરિણામ, અથવા એના નિમિત્તભેદથી ત્રણ ભેદ પાડીએ તો ત્રણ પરિણામ ક્યારે ઘટે કે ધર્મી કોઇ વસ્તુ હોય ત્યારે. પણ તે તો વિવાદગ્રસ્ત છે; કારણ કે વૈનાશિક મતપ્રમાણે ધર્મથી અતિરિક્ત કોઇ ધર્મી છે જ નહિ. તેથી આ પ્રતિપાદન નિઃસંદેહ નથી. એનો ઉત્તર આપવા અર્થાત્ આ બૌદ્ધમત ખરો નથી એ પ્રતિપાદન કરવા, તથા ધર્મીની વ્યવસ્થાદ્વારા ત્રિવિધ પરિણામની ઉપપત્તિ કરવા સૂત્રકાર ધર્મીનું સ્વરૂપ બતાવનાર સૂત્ર હવે રચેછે. [1]

પ્રકૃતિ સર્વકરતાં અધિક ધર્મવાળી છે. તેથી પ્રકૃતિનો જય કરનાર પુરુષ સર્વ શકિતમાન્ થઇ શકે છે.

૧. આ ઉપરથી એવું નિશ્ચિત થાય એમ નથી કે બૌદ્ધ ધર્મ આ યોગ સૂત્ર પૂર્વનો હતો. કેમકે એ રીતે જોતાં તો બૌધ મતમાં આ વિગરે શાસ્ત્રોપર આક્ષેપ હોવાથી આ શાસ્ત્ર બૌધની પૂર્વે પણ ઠરે. જે બુદ્ધે જે પ્રક્રિયા લીધી છે તે કંઇ નવીન લીધી નથી પણ

शान्तोदिताव्यपदेश्यधर्मानुपाती धर्मी ॥ १४ ॥

સૂત્રાર્થઃ—અતીત, વર્તમાન અને અનાગત ધર્મવિષે વર્તમાનરૂપે અનુગત થયેલા પદાર્થ તે ધર્મી છે.

શાન્તો૦—શાન્ત એટલે અતીત, ઉદિત એટલે વર્તમાન અને અવ્યપદેશ્ય એટલે અનાગત. એ ત્રણ અવસ્થાવાળા ધર્મ હોય છે, તે સર્વની સાથે એકસરખીરીતે વર્તમાનરૂપે સંબંધ રાખી રહેનાર જે પદાર્થ તે ધર્મી છે. યદ્યપિ આ સ્થળે શાન્ત-અતીત-નો પ્રથમ નિર્દેશ છે, ઉદિતનો પછી છે અને અવ્યપદેશ્યનો છેલ્લો છે તથાપિ પાઠક્રમ વિવક્ષિત નથી. કારણ કે ધર્મની પ્રથમ અનાગતઅવસ્થા હોય છે, પછી વર્તમાનઅવસ્થા થાય છે અને છેલ્લી અતીતાવસ્થા થાય છે. અતીતાવસ્થા પછી વર્તમાન અવસ્થા થતી નથી. અનાગતઅવસ્થા ન્યાયના પ્રાગભાવને સ્થાને છે અને અતીતાવસ્થા ધ્વંસને સ્થાને છે. જે પદાર્થ એકવાર અતીતાવસ્થાને પામ્યો તે પુનઃ અનાગતઅવસ્થાને પામતો નથી એ આ સૃષ્ટિનો એક નિયમ જોવામાં આવે છે. જે ઘટ ભાંગી નાંખવાથી અતીતાવસ્થાને પામ્યો છે તે જો પુનઃ અનાગત વા વર્તમાનાવસ્થાને પામતો હોય તો આપણને એવી પ્રત્યભિજ્ઞા થવી જોઇએ કે આ તે, તે જ ઘટ છે. પણ એવું થતું દેખાતું નથી. તેમ જ જો અતીતની પુનઃ ઉત્પત્તિ થતી હોય તો મુક્ત પુરુષો કે જેમનાં અંતઃકરણ અતીતાવસ્થાને પામ્યાં છે તેમની પણ ક્વચિત્ પુનઃ ઉત્પત્તિ થવી પ્રાપ્ત થાય. તેથી સૂત્રોક્ત પાઠક્રમ વિવક્ષિત નથી.

આ સૂત્રથી એ કહ્યું કે ધર્મો ત્રણ અવસ્થામાં હોય છે અનાગત, વર્તમાન અને અતીત, અને ધર્મી સદા એક જ વર્તમાનઅવસ્થામાં રહે છે તથા ધર્મની ત્રિવિધ અવસ્થામાં ધર્મસાથે સંબદ્ધ રહે છે. સાં ધર્મ એટલે યોગ્યતાવિશિષ્ટ શક્તિ. જેમ બીજમાં અંકુરોત્પાદક જે શક્તિ છે તે બીજનો ધર્મ છે, તેમ જ અગ્નિમાં રહેલી દાહશક્તિ તે અગ્નિનો ધર્મ છે. એ જ પ્રમાણે પ્રત્યેક ધર્મીમાં જે જે શક્તિઓ હોય છે તે સર્વ શક્તિઓ તેના ધર્મ છે. ધર્મનું સાદું લક્ષણ તો શક્તિ છે. તથાપિ બીજને શેકી નાંખવાથી એની અંકુરોત્પાદક શક્તિ દગ્ધ થઇ જાય છે, તથાપિ તેટલાથી બીજમાં અંકુરોત્પાદક શક્તિનો વિયોગ છે એમ ન કહેવાય. કારણ કે શક્તિ અને દ્રવ્યનો

બૌદ્ધની પૂર્વે પણ હજારો વર્ષપર એ મત હતો, તેથી આ સૂત્રો બુદ્ધ પછી છે એમ આટલાથી સમજાય એમ નથી. વિસ્તાર માટે પ્રસ્તાવના જોવી.

કેટલાક અંશમાં અભેદ હોવાથી જ્યાંપર્યન્ત શક્તિમાન્‌ની સ્થિતિ છે ત્યાંસુધી શક્તિની સ્થિતિ છે, અર્થાત્ શક્તિઓ યાવતદ્રવ્યભાવિની છે. તેથી દગ્ધબીજમાં પણ અંકુરોત્પાદક શક્તિ છે ખરી તથાપિ તે દગ્ધ થઇ ગઇ છે. તેથી એ શક્તિનો પણ સંગ્રહ કરવાને યોગ્યતાવિશિષ્ટશક્તિ એવું ધર્મનું નિષ્કૃષ્ટ લક્ષણ અપાય છે. યોગ્યતા એટલે સ્વરૂપયોગ્યતા. દગ્ધબીજમાં પણ એ બીજ હોવાથી અંકુરને ઉત્પન્ન કરવાની સ્વરૂપયોગ્યતા છે અર્થાત્ યોગ્યતાયુક્ત શક્તિ છે, તેથી એ દગ્ધશક્તિનો પણ ધર્મમાં સંગ્રહ થાય છે. એ ધર્મો વા શક્તિઓ ત્રણ અવસ્થામાં રહેછેઃ (૧) અતીત, (૨) વર્તમાન અને (૩) અનાગત. અતીતાવસ્થાવાળા ધર્મને શાન્ત, વર્તમાનઅવસ્થાવાળાને ઉદિત, અને અનાગતાવસ્થાવાળાને અવ્યપદેશ્ય સંજ્ઞા અપાય છે. ત્યાં જે શક્તિ વા ધર્મ પોતાનો વ્યાપાર કરતો અનુભવાય છે તે ધર્મ વર્તમાનાવસ્થામાં છે વા ઉદિત છે. જે ધર્મ પોતાનો વ્યાપાર કરતો નથી પણ ધર્મીમાં અવિભક્તરૂપે સ્થિત થઇ ગયો છે અર્થાત્ ધર્મીરૂપ જ થઇ ગયો છે તે ધર્મ શાન્ત છે અથવા અતીતાવસ્થામાં છે. આ ધર્મમાં અને વર્તમાનાવસ્થાવાળા ઉદિત ધર્મમાંએ ફેર છે કે એકમાં ધર્મ પોતાનો વ્યાપાર કરતો નથી અને બીજામાં કરે છે. શાન્ત અને પ્રાગભાવસ્થાનીય અનાગતાવસ્થાથી યુક્ત અવ્યપદેશ્ય ધર્મમાં એ ભેદ છે કે એક ધર્મમાં ઉદિત થવાની યોગ્યતા નથી અને બીજામાં યોગ્યતા છે, ઉદિત અને અવ્યપદેશ્યમાં એ ભેદ છે કે ઉદિત ધર્મ પોતાનો વ્યાપાર કરતો અનુભવાય છે અને અવ્યપદેશ્ય પોતાનો વ્યાપાર કરતો નથી. આ પ્રમાણે આ ધર્મોમાં પરસ્પર ભેદ છે.

અહિં એ શંકા થાય છે કે જ્યારે શાન્ત ધર્મ પુનઃ વર્તમાન અવસ્થાને પામતો નથી ત્યારે તે ધર્મ ધર્મીમાં વિદ્યમાન હોય છે એમ કહેવામાં શું પ્રમાણ છે? એનો ઉત્તર એ કે જેમ ધર્મીરૂપ દ્રવ્યનો નાશ થતો નથી તેમ ધર્મનો પણ નાશ થતો નથી. આ જગત્‌માં કેવળ નાશ અને અપૂર્વ ઉત્પત્તિ એ બે વસ્તુઓ છે જ નહિ. જો શાન્ત ધર્મ નષ્ટ થઇ જતો હોય તોપછી તેનું અસ્તિત્વ જ નહિ રહેવું જોઇએ. અને જ્યારે અસ્તિત્વ નહિ હોય ત્યારે તેનું જ્ઞાન થવું સંભવતું નથી. પણ તેમ તો છે જ નહિ. યોગજ પ્રત્યક્ષથી એ ધર્મોનું સ્પષ્ટ જ્ઞાન થાય છે. એ પ્રત્યક્ષમાટે વૃત્તિ અને તે વસ્તુનો સંનિકર્ષ હોવો જોઇએ. એ સંનિકર્ષરૂપ સંબંધ બંને સત્ પદાર્થવચ્ચે થતો દેખાય છે. તો તેથી પણ એ શાન્ત ધર્મનું સ્વરૂપે અસ્તિત્વ હોવું જોઇએ અને એ નષ્ટ ન થવો જોઇએ એ સિદ્ધ થાય છે.

બીજી શંકા એ થાય છે કે અવ્યપદેશ્ય ધર્મ કયા? એનો સાધારણ ઉત્તર એ આપી શકાય છે કે જે ધર્મ વા શક્તિઓ ઉત્તરકાળે પોતાનો વ્યાપાર કરનાર હોય છે તે. પણ એ યોગ્ય નથી કેમકે આ શાસ્ત્રમાં ઉત્તર કાળે પોતાનો વ્યાપાર ન કરનાર કેવળઅનાગતાવસ્થામાં રહેલી વસ્તુનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તેથી એનો એ જ ઉત્તર કે પ્રત્યેક પદાર્થ જે જગત્‌માં અસ્તિત્વમાં દેખાય છે તેમાં પ્રત્યેક શક્તિ રહેલી છે; અર્થાત્ પ્રત્યેક વિદ્યમાન ધર્મીમાં અનંત શક્તિઓ છે. ત્યાં પૃથ્વી અને જલ લઇએ તો એના સાદા અણુઓમાં બહુ જ થોડી શક્તિઓ પ્રતીત થાય છે, અને રસાદિની પ્રતીતિ થતી નથી, તથાપિ એ જ અણુઓ જ્યારે પરિણામને પામે છે અર્થાત્ આમ્રફલઘટાદિરૂપમાં વ્યવસ્થાપિત કરાય છે ત્યારે એ જ અણુઓમાં રસ, રૂપાદિની પ્રતીતિ થાય છે. તેમ જ તૃણમાં એક પ્રકારના રૂપ રસ વગેરે હોય છે. પણ જ્યારે એ જ તૃણ ગાયઆદિ જંગમ પ્રાણિઓની સાથે આવી સંયોગીકરણને પામી અમુકરૂપે વ્યવસ્થિત થાય છે ત્યારે એ જ તૃણના અણુઓ દુધરૂપે પરિણામ પામી કોઇ જુદા જ પ્રકારના રસાદિની પ્રતીતિ કરાવે છે. તેમ જ ધાન્યાદિ પદાર્થો રૂધિરાદિરૂપે પરિણામ પામે છે ત્યારે પણ એમજ થાયછે તેથી એ સ્પષ્ટ થાય છે કે પ્રત્યેક વિદ્યમાન ધર્મીમાં સર્વ પ્રકારની શક્તિઓ વા ધર્મ અનાગતઅવસ્થામાં હોય છે. તથાપિ એની પ્રતીતિમાટે દેશ, કાળ, વ્યવસ્થાવિગેરેની જરૂર હોય છે. એ સહકારિ કારણો ભેગાં થાય છે કે તરત જ તે તે શક્તિઓની અભિવ્યક્તિ થાય છે. જો એ શક્તિઓ પૂર્વે ન હોય અને પછી નવીન જ ઉત્પન્ન થતી હોય તો પછી દુધમાંથી જ દધિ થાય અને મૃત્તિકામાંથી તે જ વ્યવસ્થાથી ન થાય એમાં કંઇજ નિયામક નથી. તેથી એ શક્તિઓ પૂર્વઅવસ્થામાં હોવી જોઇએ. જો અનાગતઅવસ્થામાં એ ધર્મો ન રહેલા હોત તોપછી અગસ્ત્યઋષિના જઠરાગ્નિથી સમુદ્રનું શોષણ થવું, બ્રહ્માના એક જ શરીરમાંથી દેવ, દાનવ, નર, પશુ વિગેરે વિવિધ પ્રકારનાં પ્રાણિઓની તથા એ સર્વથી વિલક્ષણ એવા પાષાણાદિની ઉત્પત્તિ વિગેરે કેવી રીતે સંભવે? તેમ જ જો અનાગતાવસ્થામાં સર્વ શક્તિઓ પ્રત્યેક વ્યક્તિમાં ન રહેલી હોય તો પછી શ્રીકૃષ્ણના શરીરમાં અર્જુનને ભીષ્માદિના ભાવિમરણનું દર્શન કેવી રીતે થઇ શકે? તેમ જ યોગીઓને ભાવિનું જ્ઞાન કેવી રીતે થઈ શકે? તેથી સર્વ રીતે સિદ્ધ થાય છે કે પ્રત્યેક વિદ્યમાન ધર્મીમાં સર્વ જાતની શક્તિઓ વા ધર્મ અનાગતઅવસ્થામાં હોય છે. આ સ્થળે એ કહેવું જરૂરનું છે કે વિચા-

ર્ની પરાકાષ્ઠાથી પરિણામી ઉપાદાનમાં અંતે જે પ્રધાન આવેછે તે જ ખરું જોતાં ધર્મી છે. આખું જગત્ એ પ્રધાનના ધર્મરૂપ જ છે.[1]

અહિં એ શંકા થાય છે કે જ્યારે સર્વ વ્યક્તિમાં સર્વ શક્તિઓ હોય છે ત્યારે સત્ત્વ દ્રવ્યમાં પણ આવરણ શક્તિ તથા દુઃખ ઉત્પન્ન કરવાની શક્તિ હોવી જોઇએ, તેમ જ પુણ્યમાં પણ દુઃખ ઉત્પન્ન કરવાની શક્તિ હોવી જોઇએ અને પાપમાં પણ સુખ ઉત્પન્ન કરવાની શક્તિ હોવી જોઇએ. અને એમ હોય તો પછી કાર્ય-કારણની વ્યવસ્થા બિલકુલ જ ન રહે. પણ એમ નથી. ઉપર એ જ માત્ર પ્રતિપાદન કર્યું છે કે પ્રત્યેક વિદ્યમાન વ્યક્તિમાં અનંત શક્તિ છે. સત્ત્વની જ્યાં જ્યાં સત્તા છે ત્યાં તે રજસ્ અને તમસ્‌થી મિશ્રિત જ હોય છે; કેવલ સત્ત્વ, વા કેવળ રજસ વા કેવલ તમસ્ વિદ્યમાન છે જ નહિ. તેથી જે જે વિદ્યમાન વ્યક્તિ છે તે એ ત્રણથી મિશ્રિત જ છે. અને તેમ હોવાથી તે વ્યક્તિમાં દુઃખોત્પાદક વિગેરે શક્તિઓ હોય છે. તથાપિ જ્યારે સત્ત્વનું આધિક્ય થાય છે ત્યારે રજસ્ તમસ્‌ની શક્તિઓ અભિભૂત થઇ રહે છે. જ્યારે તત્ત્વજ્ઞાન થાય છે ત્યારે એ બધી શક્તિઓ દગ્ધબીજ થઇ જાય છે જેથી હોય છે છતાં પોતાનાં કાર્ય કરવા સમર્થ રહેતી નથી. બીજું જે પુણ્ય અને પાપમાટે કહ્યું તેનો ઉત્તર એકે એબે વ્યક્તિ નથી, તેથી ઉપરના નિયમમાં આવતા નથી. જે વ્યક્તિ વા ધર્મી છે તે ચિત્તનું અણુ વા ભોગ્ય પદાર્થનું અણુ છે અને એ અણુમાં તો બધી શક્તિ છે જ. તથાપિ પુણ્યસંસ્કાર વા પાપ સંસ્કારરૂપ નિમિત્તથી અમુક વખતે એ અણુમાં દુઃખ વા સુખને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય અભિભૂત થયેલું રહે છે.[2] તેથી કોઇ પણ રીતે કાર્ય કારણની વ્યવસ્થા મટતી નથી., અર્થાત્ ઉપરનો નિયમ અદૂષિત છે.

---

૧. કોઇ કોઇ એમ સમજે છે કે વસ્તુના અવિનાશનો તથા Coservation of Energy નો સિદ્ધાન્ત આજ કાલ નવો જણાયો છે, પણ આ સૂત્રોથી એ મત કેવલ ભ્રાન્તિરૂપ છે એ સહજ સમજાય છે. પૃથિવીપર અન્ય પ્રજાને જ્યારે એ સંબંધી વિચાર પણ આવતા જાણવામાં નથી ત્યારે ભારતવર્ષમાં આ સિદ્ધાન્ત શિખરપર પહોંચેલો સ્પષ્ટ પ્રતીત થાય છે.

૨ આ શંકાઓનું સમાધાન સત્ત્વ વિગરે શબ્દોની શક્તિ જાતિ પરત્વે હોવાથી પણ થઇ શકે છે, છતાં તે કરતાં અધિક વિસ્તાર આમ એમ છે તેમજ સમાન્ય રૂપે પૂર્વે આવી ગયું છે તેથી અત્ર એ બતાવ્યું નથી.

આ પ્રમાણે આ ત્રણે પ્રકારના ધર્મનો પરસ્પર ભેદ છે. એ ત્રિવિધ ધર્મથી ધર્મીનો ભેદ આ પ્રમાણે આ સૂત્રથી કહ્યો છે કે પ્રત્યેક ધર્મ ત્રણ અવસ્થાવાળો હોય છે અને ધર્મી સદા વર્તમાનરૂપે જ વિદ્યમાન હોય છે તેથી વર્તમાનપણું અને સદા અવર્તમાનપણું એ બેનો ભેદ છે.

આ સૂત્રમાં કહ્યું કે એક જ ધર્મીના નાના પરિણામ થાય છે એનું પ્રમાણ આપવું આવશ્યક છે. તે આપવા કહે છે કે

क्रमान्यत्वं परिणामान्यत्वे हेतुः ॥१५॥

સૂત્રાર્થ:–એક ધર્મીના નાના પરિણામ લેવામાં ક્રમનો ભેદ એ હેતુ છે

क्रमान्यत्वम्=પૂર્વાપર જે ક્રમ તેનો ભેદ.

परिणामा०=પરિણામનું નાનાત્વ લેવામાં.

हेतुः=લિંગ, જ્ઞાપકહેતુ.

આ સૂત્રથી એ કહ્યું કે એક ધર્મીના ભિન્ન ભિન્ન પરિણામ લેવામાં ક્રમભેદ એ કારણ છે. ત્યાં પ્રથમ ધર્મપરિણામ લઇએ તો એમાં પ્રથમ મૃતિકા ચૂર્ણરૂપે રહેલી હોયછે; ત્યારપછી એ જ મૃત્તિકા પિણ્ડરૂપ થાયછે, ત્યારપછી એ જ મૃત્તિકા કપાલરૂપ થાયછે અને અંતે ઘટરૂપ થાય છે. તો અહિં પ્રથમ ચૂર્ણમૃત, પછી પિણ્ડમૃત, પછી કપાલમૃત્ અને અંતે ઘટમૃત એ ક્રમ (પૌર્વાપર્ય) હોય છે ત્યાં ચૂર્ણમૃત્ અને પિણ્ડમૃતનો જે ક્રમ તે જ ક્રમ ચૂર્ણમૃત્ અને કપાલમૃતનો નથી પણ જૂદો છે. તેથી એ ક્રમભેદથી પિણ્ડ, કપાલ અને ઘટાદિ સર્વે મૃત્તિકાના ભિન્ન ભિન્ન પરિણામો છે; અર્થાત એની ઉત્પત્તિમાં જે ક્રમભેદ હોય છે તે ઉપરથી એ પરિણામનો ભેદ સિદ્ધ થાયછે. તેમ જ એ સર્વે એક જ ધર્મીના પરિણામ છે એ પણ સિદ્ધ છે કેમકે એમ નહિ હોય તોપછી સર્વમાં મૃતરૂપ ધર્મીની જે એકાકાર પ્રતીતિ થાય છે તે ન થવી જોઇએ. તેથી એ સર્વે એક જ ધર્મીના ભિન્ન ભિન્ન પરિણામો છે. તે જ પ્રમાણે લયસમયે પણ ક્રમભેદ જ પરિણામભેદ સૂચવે છે. લયમાં ઉત્પત્તિથી વિરુદ્ધ ક્રમ હોયછે; જેમકે કપાલમૃત, ચૂર્ણમૃત વિગેરે. એ જ પ્રમાણે સુવર્ણાદિ ધર્મીમાટે પણ હોયછે. તેથી ધર્મપરિણામમાં તો ક્રમભેદથી પરિણામભેદ સિદ્ધ થાયછે. હવે લક્ષણપરિણામ લઇએ. અહિં એક લક્ષણથી બીજા લક્ષણમાં જવું એ ક્રમ છે. એ પ્રકારનો ક્રમ અતીતવસ્તુમાટે નથી કેમકે તે બીજા કોઇ પણ લક્ષણમાં પ્રવેશતી નથી એ પૂર્વે પ્રતિપાદન કર્યું છે; તેથી અનાગતઅધ્વનો ત્યાગ કરી વર્તમાનઅધ્વમાં પ્રવેશવું એ એક ક્રમ છે, અને વર્તમાનઅધ્વનો ત્યાગ કરી અતીત-

અધ્વમાં પ્રવેશવું એ બીજો ક્રમ છે. એ ક્રમભેદથી લક્ષણપરિણામનો ભેદ ઉપર પ્રમાણે જ સિદ્ધ થાય છે. તેમ જ નવપુરાણતાદિ જે અવસ્થા-પરિણામ છે તે કાળ–ક્ષણ–ભેદથી થાયછે. જેમકે જે ઘટ આ ક્ષણે નવો હોય છે તે કાળે કરીને પુરાણુ થયેલો પ્રતીત થાય છે. તથાપિ એ પુરાણતા અકસ્માત્ ઘટમાં આવી ગઈ નથી પણ પ્રતિક્ષણે એ પુરાણતા થતી ચાલેલી હોય છે અને તે ચરમ ક્ષણે સ્ફુટ થયેલી હોવાથી પ્રતીત થાય છે. તેથી અહિં પણ ક્ષણનો ક્રમ પરિણામભેદને સિદ્ધ કરેછે. તેથી ત્રિવિધ પરિણામોનો ભેદ ક્રમભેદથી જણાય છે એ સિદ્ધ થાયછે, અર્થાત એક જ ધર્મીના નાના પરિણામ થયા કરેછે. તેથી એક જ પ્રધાન રૂપ મુખ્ય ધર્મના આ સંપૂર્ણ જગત્રૂપ વિવિધ પરિણામો છે એ ઉપપન્ન કરેછે.

આ પ્રમાણે આ સૂત્રોથી ત્રિવિધ પરિમાણનું સ્વરૂપ, જેના એ પરિણામો થાયછે તે ધર્મીનું સ્વરૂપ, અને એક જ ધર્મીના પરિણામોના ભેદનો હેતુ એ પ્રતિપાદન કર્યો. હવે પૂર્વની પ્રક્રિયાપ્રમાણે સંયમની સિદ્ધિઓનું પ્રતિપાદન કરવાનું અવશિષ્ટ રહ્યું છે તે કરવું આવશ્યક છે. પૂર્વે કહ્યાપ્રમાણે એ સિદ્ધિઓ તે તે સંયમની સિદ્ધિ સૂચવે છે તેથી સિદ્ધિનું પ્રતિપાદન વ્યર્થ નથી. એ સમગ્ર સિદ્ધિઓમાં મુમુક્ષુમાટે તો માત્ર સત્ત્વપુરુષાન્યતામાં સંયમ કરવાથી જે સિદ્ધિ થાય છે તે જ ગ્રાહ્ય છે. તથાપિ અન્ય અર્થની ઇચ્છા રાખનારમાટે તથા યોગસાધકને શ્રદ્ધાવિગેરે ઉત્પન્ન કરવામાં ઉપયોગી હોવાથી અન્ય સિદ્ધિઓનું પણ પ્રતિપાદન કરવું જરૂરનું છે. એ સિદ્ધિઓનું પ્રતિપાદન સૂત્રકારે અહિંથી તે પાદસમાપ્તિપર્યન્ત કર્યું છે. ત્યાં જે સિદ્ધિના પ્રતિપાદનમાટે આ પરિણામસૂત્રો રચવાં પડયાં હતાં તે સિદ્ધિનું પ્રતિપાદન પ્રથમ કરેછે.

परिणामत्रयसंयमादतीतानागतज्ञानम् ॥ १६ ॥

સૂત્રાર્થઃ—પૂર્વોક્ત ત્રિવિધ પરિણામમાં સંયમ કરવાથી તે યોગીને અતીત અને અનાગત વસ્તુનું જ્ઞાન થાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે પૂર્વે જે ત્રિવિધ પરિણામનું પ્રતિપાદન કરી ગયા છીએ તે ધર્મપરિણામ, લક્ષણપરિણામ અને અવસ્થા-પરિણામ એ ત્રણે પરિણામમાં સંયમ કરવાથી અતીત અને અનાગત પદાર્થનું જ્ઞાન થાય છે. ગમે તે કોઈ ધર્મીમાં 'આ એ ધર્મીનો ધર્મપરિણામ છે, આ એનો લક્ષણપરિણામ છે, આ એનો અવસ્થા-પરિણામ છે'—એપ્રમાણે તે ધર્મીવિષે અનુક્ષણે સંયમ કરવાથી સંયમની સિદ્ધિથી જ્યારે એ ત્રિવિધ પરિણામનો સાક્ષાત્કાર થાય છે ત્યારે તે યોગીને એ સંયમરૂપ યોગથી પ્રાપ્ત કરેલા સામર્થ્યવડે એ

ધ્યેયવિષયથી અન્ય ધર્મીના ધર્માદિપરિણામમાં જે અતીત અને અનાગત પરિણામો છે તેનું પણ સંકલ્પમાત્રથી જ્ઞાન થાય છે. સંયમનો અર્થ આ સર્વ વિભૂતિસૂત્રોમાં સંયમથી થતો સાક્ષાત્કાર લેવાનો છે, કારણ કે સંયમની સિદ્ધિ થવાથીજ વિભૂતિઓ મળે છે અને સયમની સિદ્ધિ થયાથી ધ્યેયનો સાક્ષાત્કાર થાયછે. સંયમનો અર્થ તો આગળ સૂત્રકાર જ કહી ગયા છે કે ધારણા, ધ્યાન અને સમાધિ, એ સંયમ છે*.

આ પ્રમાણે પ્રથમ સિદ્ધિનું પ્રતિપાદન કરી હવે બીજી સિદ્ધિનું પ્રતિપાદન કરવા સૂત્રકાર કહે છે કે—

शब्दार्थप्रत्ययानामितरेतराध्यासात्संकरस्तत्प्रविभागसंयमात् सर्वभूतरुतज्ञानम् ॥ १७ ॥

સૂત્રાર્થ:—ગાય ઇત્યાદિ શબ્દ, ગાય ઇત્યાદિ અર્થ અને ગાય ઇત્યાદિ જ્ઞાન એ ત્રણનો સંકેતરૂપઅધ્યાસથી ભેદ ભાસતો નથી, તથાપિ વસ્તુતઃ એ ત્રણે ભિન્ન ભિન્ન છે. તેથી એમના ભેદવિષે સંયમ કરી સાક્ષાત્કાર કરવાથી સર્વ પ્રાણિઓના શબ્દોનું જ્ઞાન થાય છે (શબ્દના અર્થો સમજાય છે.)

शब्दार्थप्रत्यय०—એટલે શબ્દ, અર્થ અને પ્રત્યય એટલે જ્ઞાન.

इतरे०—એ ત્રણનો વ્યવહારમાં પરસ્પરઅધ્યાસ થાયછે. વ્યવહારમાં ગાયશબ્દ વાચક છે, ગાયપદાર્થ વાચ્ય છે તથા ગાયાકાર અંતઃકરણની વૃત્તિ એ જ્ઞાન છે એ પ્રમાણે ભેદજ્ઞાન હોતું નથી પણ શબ્દના સંકેતને લીધે ગાયશબ્દ, ગાયઅર્થ અને ગાયરૂપજ્ઞાન એ ત્રણનો ભેદ ભાસતો નથી. संकरः એટલે ભેદ જ્ઞાન ન થવું તે.

* કેટલાક ટીકાકારો અહિં એમ કહે છે કે જે ધર્મીમાં સંયમ કર્યો હોય તે જ ધર્મીના અતીતાનાગતપરિણામોનું સંયમથી જ્ઞાન થાય છે અને તેઓ સૂત્રની સામાન્યવ્યાખ્યા ન લેવામાં એવો હેતુ આપે છે કે જે વિષયમાં સંયમ કર્યો હોય તેનો સાક્ષાત્કાર થાય એ નિયમ છે. યદ્યપિ એ નિયમ સાધારણ રીતે ખરો છે તથાપિ યોગજન્ય સામર્થ્યથી બીજા પદાર્થોનું પણ સંકલ્પમાત્રથી જ્ઞાન થાય છે જેમકે સૂર્યમાં સંયમ કરવાથી ભુવનજ્ઞાન થાય છે વિગેરે. તેથી એ નિયમ સર્વ સ્થળે લાગુ પડાય એમ નથી. છતાં અહિં સ્પષ્ટ રીતે શાસ્ત્રમાં કહેલું ન હોવાથી એ નિયમાનુસાર અર્થ લેવામાં વિશેષ બાધ નથી. તોપણ સંકુચિત અર્થ લેવામાં કંઇ સબલ કારણ દેખાતું નથી તથા ભાષ્યમાં પણ એ પરિણામોનું સર્વસાધારણ રીતે જ કથન જોવામાં આવે છે તેવિગેરે વિચારી અહિં સર્વસાધારણ અર્થ લીધો છે.

તત્ત્વાર્થ૦—એ ત્રણનો ભેદ હોવાથી એ ભેદમાં સંયમ કરવાથી સર્વ પ્રાણીના શબ્દોનું જ્ઞાન થાયછે.

આ સૂત્રમાં એ કહ્યું કે શબ્દ, અર્થ અને જ્ઞાન એ ત્રણનો વ્યવહારમાં પરસ્પરઅધ્યાસ થાયછે તથાપિ વાસ્તવે તો એ ત્રણે ભિન્ન છે તેથી એ ત્રણના ભેદમાં સંયમ કરવાથી ભેદનો સાક્ષાત્કાર થયે સર્વ પ્રાણિના વાણી સમજાય છે. ત્યાં શબ્દ ત્રણ પ્રકારના છેઃ (૧) વર્ણાત્મક (૨) નાદાત્મક અને (૩) ધ્વન્યાત્મક. ત્યાં ક, ખ, ગ આદિ જે ઉરસ્, કણ્ઠ, શિર, જીહ્વામૂલ, દન્ત, નાસિકા, ઓષ્ઠ અને સમૂહ એ આઠ સ્થાનોથી ઉચ્ચારાય છે તે વર્ણાત્મક શબ્દ છે. એ શબ્દો તે તે સ્થાને ઉત્પન્ન થાય છે તથા એ વર્ણો જાતે કોઇ અર્થના વાચક નથી. એ વર્ણો અન્ય સજાતીય વર્ણોને ઉત્પન્ન કરી શ્રોતાના શ્રોત્રસાથે સંબદ્ધ થાય છે. શ્રોતા જે શબ્દો સાંભળે છે તે એ મૂળ વર્ણો નથી પણ એ વર્ણોથી ઉત્પન્ન થયેલા બીજા સજાતીય વર્ણો છે. એ શ્રોત્રના વિષયરૂપ ક, ખ, ગ આદિ વર્ણો તે નાદાત્મક શબ્દોછે. એ શબ્દો પણ વાચક નથી. એ શબ્દોને પણ વ્યવહારમાં વર્ણસંજ્ઞા સાધારણ રીતે અપાયછે. એ વર્ણોમાં હમેશાં આનુપૂર્વી હોય છે. એ પ્રત્યેક વર્ણ પોતાનો સંસ્કાર અંતઃકરણમાં પાડેછે. અંતઃકરણમાં પડેલા એ પ્રત્યેક વર્ણના સંસ્કારથી બનેલો વર્ણક્રમથી રહિત જે શબ્દ તે ધ્વન્યાત્મક શબ્દછે. એ શબ્દને સ્ફોટ એવી સંજ્ઞા આપવામાં આવે છે. તથા એ શબ્દ જ અર્થનો વાચકછે. એ ત્રિવિધ શબ્દો—(કાં પદાત્મક હોય કે આકાંક્ષા, યોગ્યતા વિગેરેથી યુક્ત પદસમૂહાત્મક વાક્યરૂપ હોય—) પરસ્પર ભિન્ન છે. કેમકે વર્ણાત્મક શબ્દોનું કારણ વાગ્ઇન્દ્રિય તથા આશ્રય ઉરસઆદિસ્થાન છે, નાદાત્મક શબ્દનો આશ્રય શ્રોત્ર છે અને સ્ફોટાત્મક શબ્દનો આશ્રય અંતઃકરણ છે. તેમ જ પ્રથમ બે પ્રકારના શબ્દો ક્રમયુક્ત પ્રતીત થાય છે અને સ્ફોટશબ્દમાં વર્ણક્રમ બિલકુલ હોતો નથી. આ પ્રમાણે એ ત્રિવિધ શબ્દો ભિન્ન ભિન્ન છે છતાં એ ત્રણેનો પણ વ્યવહારમાં ભેદ જણાતો નથી. કોશાદિમાં અમરાદિઆનુપૂર્વીવાળા શબ્દોને તત્તત્પદાર્થના વાચક કહ્યા છે. તે જ પ્રમાણે એ વિવિધ શબ્દોનો જાતિ, ગુણ, ક્રિયા અને સંજ્ઞારૂપ અર્થ સાથે સંકેતવશાત્ અભેદ થઇ જાયછે તથા એ શબ્દો અને અર્થ બંનેનો જ્ઞાનસાથે અભેદ થઇ જાય છે એ વાત પ્રથમપાદમાં પ્રતિપાદન કરી ગયા છીએ. તથાપિ ખરૂં જોતાં એ ત્રણેનો ભેદ છે, કેમકે શબ્દોનો ઉરસઆદિ સ્થળ, શ્રોત્ર વા અંતઃકરણ આશ્રય છે તથા એમાં તારત્વ, મંદત્વઆદિ ધર્મો છે, અર્થમાં જાડ્ય, લઘુત્વઆદિ ધર્મ છે,

જ્ઞાનમાં પ્રકાશત્વાદિ ધર્મ છે તથા એનો આશ્રય અંતઃકરણ છે. તેથી એ ત્રણેનો ભેદ છે એ વાતનું પણ પ્રથમપાદમાં પ્રતિપાદન કર્યું છે. એ ભેદમાં યોગી વૃત્તિ સ્થિર કરી ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણ અંગરૂપ સંયમ કરેછે તો એ સંયમથી જ્યારે સાક્ષાત્કાર થાય છે ત્યારે અગર જો એ સંયમ મનુષ્યવિષયક શબ્દાદિના ભેદમાં કર્યો છે તોપણ અંતઃકરણમાં સ્વરૂપે રહેલા તથા યોગથી અભિવ્યક્ત થયેલા અપાર સામર્થ્યને લીધે તે યોગીને સર્વ પ્રાણીની- કાક, બિડાલ, સિંહ વ્યાઘ્રાદિની—વાણી પણ સ્પષ્ટ સમજાય છે, કે આ પ્રાણીએ અમુક પ્રકારની વાણીથી અમુક અર્થને બોધન કર્યો વિગેરે.

આપ્રમાણે આ સિદ્ધિનું પ્રતિપાદન કરી હવે તૃતીય સિદ્ધિનું પ્રતિપાદન કરવા કહેછે કે—

संस्कारसाक्षात्करणात् पूर्वजातिज्ञानम् ॥ १८ ॥

સૂત્રાર્થઃ—ચિત્તના સંસ્કારમાં સંયમ કરવાથી સાક્ષાત્કાર થયે પૂર્વ જન્માદિનું સંકલ્પમાત્રથી હસ્તામલકવત્ જ્ઞાન થાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે ચિત્તમાં રહેલા સંસ્કારોમાં ધારણા, ધ્યાન અને સમાધિરૂપ સંયમ કરવામાં આવે તો સંયમની સિદ્ધિ થવાથી જ્યારે સંસ્કારનો સાક્ષાત્કાર થાયછે ત્યારે પૂર્વ જન્મનું જ્ઞાન થાય છે. ત્યાં સંસ્કાર બે પ્રકારના છેઃ (૧) જ્ઞાનસંસ્કાર અને (૨) વાસનાદિરૂપ સંસ્કાર. અનુભવથી ઉત્પન્ન થયેલા તથા સ્મૃતિમાત્રને ઉત્પન્ન કરનાર સંસ્કારો જ્ઞાનસંસ્કાર છે, અને જન્માદિવિપાકને આપનાર રાગાદિવાસના તથા ધર્માધર્મરૂપ સંસ્કાર વાસનાદિસંસ્કાર છે. એ સર્વ ચિત્તના ધર્મરૂપ છે અર્થાત્ ચિત્તમાં રહેછે. એ સંસ્કારોનું અપરોક્ષ જ્ઞાન તો સાધારણ માણસોને હોતું જ નથી પણ શ્રુતિ તથા અનુમાનથી એનું સામાન્ય જ્ઞાન થઇ શકે છે. એ સામાન્ય જ્ઞાનથી સંયમમાં પ્રવૃત્તિ થાય છે. એ પ્રવૃત્તિ થવાથી જ્યારે સંયમની સિદ્ધિ થઇ સંસ્કારોનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે એ સંસ્કારના અશેષ વિશેષનું એટલે દેશ, કાલ, નિમિત્તવિગેરેનું (અર્થાત્ ભૂમિ, વર્ષ, માતાપિતા વિગેરે સર્વનું) અપરોક્ષજ્ઞાન તે યોગીને થાય છે. તેથી પોતે પૂર્વજન્મમાં કોણ હતો વિગેરે જ્ઞાન હસ્તામલકવત્ થાય છે. આ વિષયમાં ભાષ્યમાં એક આખ્યાન એવું આપ્યું છે કે પૂર્વે કોઇ જૈગીષવ્ય નામના યોગીને સંસ્કારનો સાક્ષાત્કાર કરવાથી દશ મહાકલ્પસુધી પૂર્વજન્મપરંપરાનું અપરોક્ષ જ્ઞાન થયું છે. તથા પછી આખરે તેને પ્રકૃતિવશિત્વસિદ્ધિ પ્રાપ્ત થઇ અંતે વિવેકખ્યાતિનો ઉદય થયો છે. એ સમયે આવટ્ય નામના યોગી જે લિંગશરીરમાત્રથી

..ર કરતા હતા તેમણે નિર્માણકાયા ધારણ કરીને એ જૈગીષવ્યને પ્રશ્ન કર્યો કે તમે દશ મહાકલ્પસુધીની પશુ, પક્ષિ, નરાદિની યોનીઓનો સાક્ષાત્કાર કરી તથા પ્રકૃતિવશિત્વાદિ સિદ્ધિ મેળવી શું જોયું ? ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે કૈવલ્યની અપેક્ષાથી એ સર્વ દુઃખબહુલ જ છે. સર્વ જન્મોમાં દુઃખપ્રચુરત્વશિવાય બીજું કંઇ જ દેખાતું નથી. યદ્યપિ પ્રકૃતિવશિત્વાદિ સિદ્ધિથી કામસિદ્ધિ થાય છે તેથી એક પ્રકારનું સંતોષસુખ રહે છે તથાપિ એ સુખ ચિત્તની વૃત્તિરૂપ હોવાથી ત્રિગુણાત્મક છે અને તેથી દુઃખથી રહિત નથી. તેથી કૈવલ્ય જ સુખરૂપ છે.

આપ્રમાણે આ ત્રીજી સિદ્ધિનું પ્રતિપાદન કરી હવે ચોથી સિદ્ધિનું પ્રતિપાદન કરે છે કે—

प्रत्ययस्य परचित्तज्ञानम् ॥ १९ ॥

સૂત્રાર્થ:—પ્રત્યયમાં સંયમ કરવાથી તેનો સાક્ષાત્કાર થયે પારકા ચિત્તનું જ્ઞાન થાય છે.

प्रत्ययस्य—એટલે ચિત્તની વૃત્તિનો. એ ચિત્તવૃત્તિ કોની લેવી તેને માટે ટીકાકારો બે રીતે વ્યાખ્યા કરે છે. વાર્તિકકાર પોતાની ચિત્તવૃત્તિ લે છે અને અન્ય ટીકાકારો બીજાની લે છે.

આ સૂત્રનો એ અર્થ થયો કે અન્ય પુરુષની ચિત્તવૃત્તિ—જે.. સામાન્ય જ્ઞાન મુખના રાગવિગેરેઉપરથી થાય છે તેનું ગ્રહણ કરી તેપર સંયમ કરવાથી એ વૃત્તિના આશ્રયરૂપ ચિત્તનો સાક્ષાત્કાર થાય છે. જેથી એ ચિત્તગત સર્વ વિશેષોનું જ્ઞાન થાય છે. વાર્તિકકારપ્રમાણે પોતાના ચિત્તની વૃત્તિપર સંયમ કરવાથી જ્યારે આશ્રયાદિરૂપે કરી ચિત્તસહિત એનો સાક્ષાત્કાર થાય છે ત્યારે તે યોગીમાં એવી સિદ્ધિ પ્રાપ્ત થાય છે કે તેને સંકલ્પમાત્રથી અન્યના ચિત્તનું પણ જ્ઞાન થાય છે.

અહિં એ શંકા થાય છે કે જ્યારે પરચિત્તનું જ્ઞાન થાય છે ત્યારે તે યોગીને જેમ સંસ્કારનો સાક્ષાત્કાર થયાથી પૂર્વના જન્મનું જ્ઞાન થાય છે તેમ અહિં પણ પરચિત્તના આલંબનનું જ્ઞાન થાય કે નહિ ? એનો ઉત્તર એ કે—

न च सालंबनं तस्याविषयीभूतत्वात्॥ *

---

*આ પંકિતને સૂત્ર લેવું કે ભાષ્યની પંકિત લેવી એમાટે સંશય જેવું છે. ભોજવૃત્તિમાં અને મણિપ્રભામાં આ પંકિતને ૨૦ મું સૂત્ર લીધું છે. પણ વાર્તિકકારે તથા વાચસ્પતિમિશ્રે તેમ કર્યું નથી, તેમ જ એ સૂત્ર લઇએ તોપણ જેમ બીજાં સૂત્રોપર ભાષ્ય છે તેમ આ

એ પરચિત્તવિષયક યોગીનું જ્ઞાન આલંબનસહિતનું હોય નહિ કેમકે પરચિત્તનું આલંબન યોગીના ચિત્તનો વિષય નથી. તાત્પર્ય એ કે યોગીએ સંયમમાં પારકા ચિત્તમાત્રને મુખરાગાદિ ચિહ્નથી વિષય કર્યું છે પણ તેના આલંબનને વિષય કર્યો નથી. તેથી સંયમની સિદ્ધિથી પરચિત્તમાત્રનું જ્ઞાન થાય છે.

હવે પાંચમી સિદ્ધિનું પ્રતિપાદન કરે છે.

कायरूपसंयमात् तद्ग्राह्यशक्तिस्तम्भे चक्षुःप्रकाशासंप्रयोगेऽन्तर्द्धानम्॥२०॥

સૂત્રાર્થઃ—પોતાના શરીરના રૂપમાં સાક્ષાત્કારપર્યન્ત સંયમ કરવાથી તે રૂપની જે બીજાથી ગ્રહણ થવાની શક્તિ તેનો પ્રતિબંધ થાય છે; તે થયે બીજાના ચાક્ષુષજ્ઞાનનો વિષય તે થતું નથી એટલે તે યોગીને યથારુચિ અંતર્ધાન સિદ્ધ થાય છે.

કાય૦—એટલે કાયા વા શરીરનું રૂપ–જે ચક્ષુમાત્રથી જ ગ્રહણ થઇ શકે છે તેમાં સંયમ કરવાથી.

તદ્૦—तस्य ग्राह्यशक्तेः स्तम्भे सति–તે રૂપમાં રહેલી બીજાના ચાક્ષુષજ્ઞાનના વિષય થવાને અનુકૂલ જે શક્તિ તેનો સ્તંભ એટલે પ્રતિબંધ થયે.

ચક્ષુઃ૦—એટલે ચક્ષુષ્નો પ્રકાશ એટલે જ્ઞાન અર્થાત્ ચાક્ષુષજ્ઞાન. તેનો અસંયોગ થયે અથવા ચક્ષુષ્ અને રૂપમાં રહેલો સત્ત્વનો પ્રકાશ જેનો ચક્ષુસાથે સંયોગ થતાં ચક્ષુથી પ્રત્યક્ષ થાય છે તે એનો સંયોગ ન થવાથી, અથવા ચક્ષુષ્નો પ્રકાશ એટલે કિરણ તે ચાક્ષુષકિરણસાથે તે રૂપનો સંયોગ ન થવાથી.

આ સૂત્રમાં એ કહ્યું કે પોતાના શરીરના રૂપમાં સંયમ કરવાથી તેનો સાક્ષાત્કાર થયે અંતર્ધાન સિદ્ધ થાય છે. તેનું કારણ બતાવનાર चक्षुःप्रकाशा० એ પદ છે. એ પદના ઉપર બતાવેલા તૃતીય અર્થપ્રમાણે આ અર્થ થાય છે. સાધારણ અવસ્થામાં એક માણસને બીજાનું શરીર જણાય છે તેનું કારણ એ કે તે બીજાના શરીર ઉપર સત્ત્વનો પ્રકાશ છે. જ્યારે એ રૂપવિષે સંયમ કરવામાં આવે છે ત્યારે એ રૂપનું સત્ત્વ અંતર્ ખેંચાઇ આવે છે જેથી બહિર્ સત્ત્વપ્રકાશ રહેતો નથી એટલે કોઇને તે શરીર પ્રત્યક્ષ થતું નથી અર્થાત્ અંતર્ધાન સિદ્ધ થાય છે. આથી કરીને એમ નથી કે તે યોગીનું શરીર સદા અપ્રત્યક્ષ જ રહે છે, પણ તે યોગીની ઇચ્છાનુસાર પ્રત્યક્ષ

સૂત્રપર ભાષ્ય પણ દેખાતું નથી તેથી અત્ર એને પૃથક સૂત્રતરીકે લીધું નથી.

અપ્રત્યક્ષ રહે છે. સંયમ છેક સાક્ષાત્કારપર્યંત કરવાથી તે યોગીને અભ્યાસ દૃઢ થઇ જાય છે જેથી આરંભમાં વૃત્તિની એકાગ્રતા કરવાને જે પ્રયત્ન યોગીને કરવું પડે છે તે સંયમની સિદ્ધિ થયાપછી કરવું પડતું નથી. પછી તો એની ઇચ્છા થાય કે મારે અંતર્ધાન થવું છે કે તરત તે સંકલ્પમાત્રથી એનાથી રૂપપ્રતિ સંયમ કરી શકાય છે. અને જેટલો વખત એ પ્રકારનો સંયમ તે રાખે છે તેટલો વખત જ તે અંતર્ધાન રહે છે. પુનઃ પોતાની ઇચ્છાથી જ્યારે સંયમ મુકી દે છે ત્યારે રૂપનું સત્ત્વ રૂપને પ્રાપ્ત થવાથી તે ચાક્ષુષપ્રત્યક્ષનો વિષય થાય છે.

આ સૂત્રમાં જે સિદ્ધિ કહી છે તે બીજી એવી સિદ્ધિઓનું ઉપલક્ષક છે. એજ પ્રમાણે પોતાના શબ્દ, સ્પર્શ, રસાદિમાં સંયમની સિદ્ધિ થવાથી તે સંભળાતો નથી વિગેરે, એટલે શબ્દનું અંતર્ધાન-વિગેરે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

હવે છઠ્ઠી સિદ્ધિનું પ્રતિપાદન કરે છે.

सोपक्रमं निरुपक्रमं च कर्म तत्संयमादपरांतज्ञानमरिष्टेभ्यो वा ॥२१॥

સૂત્રાર્થ:—ફલ આપવાને તત્પર થયેલાં તથા ફલ આપવાને નાહ તત્પર થયેલાં એવાં, આયુષ્રૂપ વિપાકને કરનાર કર્મમાં સંયમ સિદ્ધ કરવાથી મરણ (આયુષ્‌ના અવસાન) નો સાક્ષાત્કાર થાય છે. એ જ્ઞાન અરિષ્ટે કરીને પણ થાય છે.

सोपक्रमम्=એટલે ઉપક્રમ વા આરંભવાળું, અર્થાત્ પૂર્વ જન્મમાં જે કરાયેલું છે તથા તાપમાં સુકાવવા રાખેલું આર્દ્ર વસ્ત્ર જેમ તરત સુકાઇ જવાનું છે તેમ જે કર્મ થોડા વખતમાં ફલ આપનાર છે અર્થાત્ ફલ આપવાને તત્પર છે તે. પૂર્વ જન્મમાં કરેલું કર્મ જે એવું ન હોય તે નિરુપક્રમ છે. આ બે વિશેષણો કર્મનાં છે.

कर्म—આ શબ્દે કરીને સાધારણ સર્વ કર્મનું ગ્રહણ કરવાનું નથી. પણ મરણના સાક્ષાત્કારરૂપ સિદ્ધિનું વર્ણન કર્યું છે તેથી જાતિ અને ભોગરૂપ બે વિપાક છોડી દઇ ત્રીજા વિપાકરૂપ જે આયુષ્ તેના હેતુભૂત કર્મ હોય તે લેવાનું છે. તેથી કર્મ એટલે આયુષ્રૂપ વિપાકના હેતુભૂત કર્મ.

अपरांत—એટલે મનુષ્યાદિનું મરણ. पर એટલે શ્રીહિરણ્યગર્ભરૂપ બ્રહ્મા. તેના શ્રીલીલાતનુનું અવસાન અર્થાત્ મહાપ્રલય તે પરાંત છે. પરાંતથી અન્ય સર્વ હલકી કોટિનાં શરીરોનું અવસાન તે અપરાંત છે.

अरिष्टेभ्यो वा—અથવા મરણનાં ચિહ્નો ઉપરથી. આ સૂત્રથી

સિદ્ધિનું પ્રતિપાદન કરવાનું છે અને અરિષ્ટઉપરથી જે મૃત્યુનું જ્ઞાન થાય છે તે કોઈ સિદ્ધિરૂપ નથી તથાપિ યોગના સાધકે પોતાનો મૃત્યુકાળ જાણ્યો હોય છે તો ઠીક પડે છે તેથી અરિષ્ટનું પ્રાસંગિક કથન છે.

આ સૂત્રથી એ કહ્યું કે પૂર્વે કહેલા આયુષ્રૂપ વિપાકને આપનાર કર્મો બે પ્રકારનાં હોય છેઃ કેટલાંક થોડા વખતમાં પોતાનું સમગ્ર ફલ આપી રહેનાર હોય છે (અને એ કર્મો પોતાનું ફલ આપી રહ્યા એટલે પછી આયુષ્ને નિભાવનાર કોઈ કર્મ ન રહેવાથી દેહ પણ તરત પડે છે) અર્થાત્ આયુષ્ના અવસાનરૂપ મરણને સમીપ આણનાર છે, અને બીજાં કેટલાંક દીર્ઘકાળે પોતાના ફલરૂપ આયુષ્ । આપી રહેનાર છે, અર્થાત્ મરણને વિલંબે કરીને આણનાર હોય છે. એ કર્મોમાં ધારણા, ધ્યાન અને સમાધિરૂપ સંયમ સિદ્ધ કરવાથી એ કર્મો કયે કાળે તથા કયે દેશે પોતાનું સંપૂર્ણ ફલ આપી રહેવાનાં છે એ સાક્ષાત્કાર થાય છે, અર્થાત્ તેથી મરણનો દેશ તથા કાળ તરત જણાય છે. ત્યાં સોપક્રમ કર્મનો સાક્ષાત્કાર કરવાથી તત્કાળ મરણનું જ્ઞાન થાય છે અને નિરુપક્રમ કર્મનો સાક્ષાત્કાર કરવાથી વિલંબે થનાર મરણનું જ્ઞાન થાય છે.

આ સૂત્રમાં બીજું એ કહ્યું કે એ મરણનું જ્ઞાન મૃત્યુના નિર્ણય કરાયેલાં ચિહ્નોઉપરથી પણ થઇ શકે છે. એ ચિહ્નો ત્રણ પ્રકારનાં છેઃ (૧) આધ્યાત્મિક, (૨) આધિદૈવિક અને (૩) આધિભૌતિક. ત્યાં કર્ણપુટને બંધ રાખવાથી શરીરની અંદર પ્રાણનો ઘોષ નસંભળાવો એ આધ્યાત્મિક ચિહ્ન છે. તેમ જ એ વખતે બળતા વહ્નિ જેવો શબ્દ સંભળાવો એ પણ આધ્યાત્મિક અરિષ્ટ છે. યમદૂતનું દર્શન વિગેરે આધિભૌતિક અને અકસ્માત્ સ્વર્ગ વિગેરેનું દર્શન થવું એ આધિદૈવિક ચિહ્નો છે. એ ચિહ્નો ઉપરથી પણ મરણનું જ્ઞાન થાય છે+

આપ્રમાણે આ સિદ્ધિનું પ્રતિપાદન કરી હવે સાતમી સિદ્ધિનું પ્રતિપાદન કરે છે કે

मैत्र्यादिषु बलानि ॥२२॥

સૂત્રાર્થઃ—મૈત્રીવિગેરેમાં સંયમની સિદ્ધિ કરવાથી અવંધ્ય બલની પ્રાપ્તિ થાય છે.

+ એ ચિહ્નોનું વિસ્તારથી પ્રતિપાદન શ્રીવસિષ્ઠ, માર્કંડેયાદિ મહા મુનિઓએ કરેલું છે, તેથી જેમને વિસ્તારની જિજ્ઞાસા હોય તેમણે ત્યાં જોવું. સૂતસંહિતામાં પણ એ પ્રસંગ વિસ્તારથી ચર્ચ્યોછે.

मैत्र्यादिषु એટલે મૈત્રીવિગેરેમાં. પ્રથમપાદમાં મૈત્રીની સાથે બીજાં ત્રણ કહ્યાં છે: કરુણા, મુદિતા અને ઉપેક્ષા. તેમાં આદિ પદથી માત્ર કરુણા અને મુદિતાનું ગ્રહણ કરવાનું છે, ઉપેક્ષાનું નહિ. કારણ કે પાપશીલ પ્રાણિઓને વિષે મૈત્ર્યાદિના અભાવરૂપ ઉપેક્ષા મૈત્ર્યાદિપ્રતિયોગીથી અતિરિક્ત કોઇ વસ્તુ જ નથી, અર્થાત્ અભાવરૂપ હોવાથી એના સાક્ષાત્કારમાટે કોઇ પ્રકારનો સંયમ વિહિત થતો નથી. તેથી मैत्र्यादिषु એટલે મૈત્રી, કરુણા અને મુદિતા એ ત્રણ વિષયોમાં. એ પદનો અન્વય संयमात् પદ જે અધ્યાહાર્ય છે તેની સાથે કરવાનો છે. તેથી

मैत्र्यादिषु—મૈત્રી કરુણા અને મુદિતા એ ત્રણવિષયક સંયમથી એટલે અમુક પદાર્થોમાં અમુક પ્રકારની તથા અમુક સાધનવાળી ઇત્યાદિ રીતે મૈત્રીઆદિની ભાવના કરવાથી.

बलानि—મૈત્રીબલ, કરુણાબલ તથા મુદિતાબલ એ ત્રિવિધ બલની પ્રાપ્તિ થાય છે.

આ સૂત્રમાં એ કહ્યું કે મૈત્રાવિષયક ભાવના કરી તેનો સાક્ષાત્કાર થયે મૈત્રીબલની પ્રાપ્તિ થાય છે એટલે તે યોગી સર્વને મિત્ર કરવા સમર્થ થાય છે. એ જ પ્રમાણે કરુણા અને મુદિતામાટે પણ સમજી લેવું; એટલે કરુણામાં સાક્ષાત્કારપર્યન્ત સંયમની સિદ્ધિ કરવાથી કરુણાબલ તથા મુદિતામાં સાક્ષાત્કાર પર્યન્ત સંયમની સિદ્ધિ કરવાથી મુદિતાબલ પ્રાપ્ત થાય છે.

હવે આઠમી સિદ્ધિનું પ્રતિપાદન કરે છે.

बलेषु हस्तिबलादीनि ॥ २३ ॥

સૂત્રાર્થ:—હસ્તિ વિગેરેનાં બલમાં સંયમની સિદ્ધિ કરવાથી હસ્ત્યાદિનાં બલ પ્રાપ્ત થાય છે.

આ સૂત્રમાં એ કહ્યું કે હસ્તિના બલમાં સંયમની સિદ્ધિ કરવાથી હસ્તિના બલની પ્રાપ્તિ થાય છે, વાયુના બલમાં સંયમ કરવાથી વાયુનું બલ પ્રાપ્ત થાય છે વિગેરે.

હવે નવમી સિદ્ધિનું પ્રતિપાદન કરેછે.

प्रवृत्त्यालोकन्यासात्सूक्ष्मव्यवहितविप्रकृष्टज्ञानम् ॥ २४ ॥

સૂત્રાર્થ—પ્રવૃત્તિના આલોકના ન્યાસથી સૂક્ષ્મ, વ્યવહિત અને વિપ્રકૃષ્ટ વસ્તુનું જ્ઞાન થાયછે.

प्रवृत्ति०—એટલે પ્રવૃત્તિના આલોકના ન્યાસથી. प्रवृत्ति એટલે પ્રથમ પાદમાં કહેલી બુદ્ધિ અને પુરુષ એ બેમાંથી કોઈ વિષયના સાક્ષાત્કારરૂપ જે જ્યોતિષ્મતી પ્રવૃત્તિ તે. (ભોજવૃત્તિકાર

પ્રવૃત્તિશબ્દથી વિષયવતી પ્રવૃત્તિનું પણ ગ્રહણ કરે છે.) એ જ્યોતિષ્મતીપ્રવૃત્તિસમયે જે સત્ત્વપ્રકાશ દેખાય છે તે આલોક છે. એ વિસ્તૃત બુદ્ધિસત્ત્વના પ્રકાશને સૂક્ષ્માદિ પદાર્થમાં યોગી સંકલ્પમાત્રથી મુકે છે ત્યારે.

સૂક્ષ્મ૦--સૂક્ષ્મ જેવા કે પરમાણુઓ, વ્યવહિત એટલે વ્યવધાનવાળા પદાર્થો જેવા કે ભૂમિમાં રહેલો નિધિ વિગેરે, અને વિપ્રકૃષ્ટ એટલે દૂરવર્તિ પદાર્થો જેવા કે અન્ય ગોલમાં રહેલાં રસાયનાદિ—એ સર્વનું જ્ઞાન થાય છે.

આ સૂત્રમાં એ કહ્યું કે જ્યોતિષ્મતી પ્રવૃત્તિને સિદ્ધ કરનાર યોગી એ પ્રવૃત્તિસમયે અભિવ્યક્ત થયેલા સત્ત્વપ્રકાશને જે જે સૂક્ષ્માદિ પદાર્થમાં સંકલ્પમાત્રથી મુકે છે તે તે પદાર્થના આવરણનો ભંગ થવાથી જેમ ભૌતિક આલોકથી સ્થૂલ પદાર્થના આવરણનો ભંગ થયે તેનું જ્ઞાન થાય છે તેમ તે યોગીને તે તે સૂક્ષ્માદિ પદાર્થનું જ્ઞાન થાય છે. આ સિદ્ધિ જ્યોતિષ્મતી પ્રવૃત્તિની જ ગણવી ઘટે છે.

હવે દશમી સિદ્ધિનું પ્રતિપાદન કરવા કહેછે કે

भुवनज्ञानं सूर्ये संयमात् ॥ २५ ॥

સૂત્રાર્થઃ—સૂર્યમાં સંયમની સિદ્ધિ કરવાથી સર્વ ભુવનનું જ્ઞાન થાય છે.

भुवनज्ञानम्—એટલે ચતુર્દશ ભુવનનું જ્ઞાન.

આ સૂત્રમાં એ કહ્યું કે સૂર્યમાં સંયમની સિદ્ધિ કરવાથી સર્વ ભુવનોનું જ્ઞાન થાય છે. ત્યાં મુખ્ય આ સૃષ્ટિના ત્રણ લોકમાં વિભાગ પાડવામાં આવ્યા છે. એ ત્રણ લોક તે ભૂ, ભુવર્ અને સ્વર્ છે. ત્યાં ભૂલોકમાં અવીચિનામના નરકથી આરંભી તે સુમેરુપૃષ્ઠસુધીનાં મહાકાલ, અંબરીષ, રૌરવ, મહારૌરવ, કાલસૂત્ર અને અંધતામિસ્ર એ નરકો, અર્થાત્ અવીચિસાથે સપ્ત મહાનરકો તથા કુંભીપાકાદિ અનંત નરકો, તથા મહાતલાદિ સપ્ત પાતાલો તથા સંપૂર્ણ પૃથ્વી આવે છે. ભુવર્ લોકમાં સુમેરુપૃષ્ઠથી તે ધ્રુવપર્યન્તનો તારલોક જે ધુલોક પણ કહેવાય છે તે આવેછે, અને સ્વર્લોકમાં મહેન્દ્રલોક જે સ્વર્ગ કહેવાય છે તે, પ્રજાપતિલોક જે મહર્ વા મહાન્ પણ કહેવાય છે તે, તથા બ્રહ્મલોક એ સર્વ આવે છે. એ ત્રિલોકીમાં ખરૂં જોતાં તો અનંત પ્રકારના શરીરીઓ હોયછે તથાપિ લોકસંગ્રહાર્થે તેના ચૌદ વિભાગ પાડી વર્ણન કરવામાં આવે છે. તે ચૌદ લોકને ચૌદ ભુવન પણ કહેછે. એ ચૌદ લોક આ પ્રમાણે છે.

બ્રહ્મ લોક	(૧) સત્યલોક	(૪) પ્રજાપતિ લોક વા મહર્
	(૨) તપલોક	(૫) મહેન્દ્ર લોક વા સ્વર્ગ
	(૩) જનલોક	(૬) તારાલોક

(૭) ભૂલોક. (તેમાં સપ્ત પાતાલ નહિ, પણ અવીચિ આદિ નરક ખરાં.) (૮) પાતાલ (૯) તલાતલ (૧૦) વિતલ (૧૧) સુતલ (૧૨) અતલ (૧૩) રસાતલ અને (૧૪) મહાતલ.

આ ચતુર્દશ લોકને ચતુર્દશ ભુવન એવી સંજ્ઞા આપી છે. એ ચૌદમાં સત્યલોક સૌથી ઉર્ધ્વ છે અને મહાતલ સૌથી અધસ્તાત્ છે. મહાતલથી રસાતલ ઉર્ધ્વ છે તેથી અતલ ઉર્ધ્વ છે એમ ક્રમે ક્રમે જતાં સત્યલોક સૌથી ઉર્ધ્વ છે. એ સર્વના ભૂ, ભુવર્ અને સ્વર્ એ ત્રણમાં વિભાગ પાડવામાં આવ્યા છે. ત્યાં ભૂલોકમાં જંબુદ્વીપ, શાકદ્વીપ, કુશદ્વીપ, ક્રૌંચદ્વીપ, શાલ્મલદ્વીપ, ગોમેધદ્વીપ અને પુષ્કરદ્વીપ એ નામના સપ્તદ્વીપ છે. એ પ્રત્યેક દ્વીપની આસપાસ તે તે દ્વીપથી દ્વિગુણપરિમાણવાળો સમુદ્ર વેષ્ટન કરી રહેલો છે. એ દ્વીપ સપ્ત હોવાથી સમુદ્ર પણ સપ્ત થયા. એ સમુદ્રોમાં જલ અનુક્રમે લવણ, ઇક્ષુરસ, સુરા, સર્પિ, દધિ, મણ્ડ અને ક્ષીરતુલ્ય હોય છે, અને તે ઉપરથી એ સમુદ્રોને પણ લવણસમુદ્રાદિસંજ્ઞા આપવામાં આવીછે. એ સર્વનું પરિમાણ કાઢતાં વિસ્તાર પચાશત કોટિ યોજનનો થાયછે. એટલો ભૂલોક વા ભૂગોલ કહેવાયછે. એ ભૂલોકમાં દેવ, અસુર, ગંધર્વ, કિંનર, કિંપુરુષ, યક્ષ, રાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચ, અપસ્મારક, આપ્સરસ, બ્રહ્મરાક્ષસ, કુષ્માણ્ડ, વિનાયક, મનુષ્યવિગેરે જાતિનાં પ્રાણીઓ રહે છે. એથી ઉર્ધ્વ ભુવર્ લોક છે. એ ભુવર્ લોકમાં અશ્વિન્યાદિ ૨૭ નક્ષત્રો, બીજાં નાનાં જ્યોતિરૂપ તારાઓ તથા ગ્રહોવિગેરે વસે છે. એથી ઉર્ધ્વમાં સ્વર્લોક છે. તેમાં મહેન્દ્ર લોક, મહર્લોક, જનલોક, તપલોક, અને સત્યલોક છે. ત્યાં માહેન્દ્રલોકમાં ત્રિદશ, અગ્નિષ્વાત્ત, યામ્ય, તુષિત, અપરિનિર્મિત વશવર્તી, અને પરિનિર્મિત વશવર્તી એ ૭ પ્રકારના દિવ્યશરીરીઓ વસે છે. એ સર્વ સિદ્ધ સંકલ્પના, કલ્પાયુષી, ઔપપાદિક (માતાપિતાના સંયોગવિના તે લોકની નીતિઅનુસાર પરમાણુસંયોગથી અદૃષ્ટવશાત્ ઉત્પન્ન થતાં) દેહવાળા, ઉત્તમ અપસરસ્આદિ પરિવારવાળા તથા અણિમાદિ સિદ્ધિવાળા હોયછે. એથી ઉર્ધ્વ મહર્ લોક છે. એમાં કુમુદ, ઋભુ, પ્રતર્દન, અંજનાભ અને પ્રતિતાભ એ પાંચ પ્રકારના દેવસમૂહ હોય છે, જેઓ પાંચ મહાભૂતનો ઇચ્છાનુસાર પરિણામ કરવા સમર્થ હોય છે, અર્થાત્ જેમણે પંચ મહાભૂતનો જય કરેલો હોય છે, (આથી સંયમથી પંચ-

ભૂતનો જય કરનાર આ મહર્ લોકમાં જાયછે તથા પછી ત્યાં અવશેષ કર્તવ્ય કરી બ્રહ્માની સાથે મહાપ્રલયસમયે મુક્ત થાય છે એ સમજાયછે.) ધ્યાનમાત્રથી તૃપ્ત તથા પુષ્ટ થનાર હોય છે (આથી એ સૂચવાય છે કે જેમ પિતૃલોકની પ્રસન્નતામાટે પિણ્ડ વા ઉદક વિધિપ્રમાણે અર્પણ કરવામાં આવેછે તેમ જે સાધકો ધ્યાનમાં તત્પર હોય છે તેમના ઉપર આ મહર્ લોકવાસીનો અનુગ્રહ હોય છે.) અને સહસ્ર કલ્પસુધીના આયુષ્યવાળા હોય છે. એથી ઉર્ધ્વ જનલોક છે. એ લોકમાં બ્રહ્મપુરોહિત, બ્રહ્મકાયિક, બ્રહ્મમહાકાયિક અને અમર એ મુખ્ય ચાર જાતના દિવ્ય શરીરીઓ હોય છે. એ દેવોને પાંચભૂત અને ઇન્દ્રિયો બંને વશ હોય છે અર્થાત્ એ બંનેનો ઇચ્છાનુસાર પરિણામ કરવા એ સમર્થ હોય છે અને અનુક્રમે બે હજાર, ચાર હજાર, આઠ હજાર અને સોળ હજાર કલ્પસુધીના આયુષ્યવાળા હોય છે. એથી ઉર્ધ્વ તપલોકછે. એ લોકમાં આભાસ્વર, મહાભાસ્વર અને સત્યભાસ્વર નામના ત્રણ પ્રકારના દેવો વસે છે. એમને ભૂત, ઇન્દ્રિય અને અહંકાર એ ત્રણ વશ વર્તેછે, તેથી એ દેવો ભૂત, ઇન્દ્રિય અને અહંકારરૂપ ચિત્ત એ સર્વને ઉત્પન્ન કરવા સમર્થ હોયછે. એ લોકો પૂર્વની માફક દ્વિગુણ દ્વિગુણ અધિક આયુષ્યવાળા હોય છે. એ લોકથી ઉર્ધ્વ સત્યલોક છે. એમાં અચ્યુત, શુદ્ધનિવાસ, સત્યાભ અને સંજ્ઞાસંજ્ઞી એ મુખ્ય ચાર પ્રકારના દેવો વસે છે. એ સર્વ મહત્‌ને વશ વર્તાવનાર હોય છે. તેમાં અચ્યુત સવિતર્કયોગના, શુદ્ધનિવાસ સવિચારયોગના, સત્યાભ આનંદમાત્ર યોગના, અને સંજ્ઞાસંજ્ઞી અસ્મિતામાત્ર યોગના આનંદને અનુભવનાર છે. અને એ સર્વ તે તે યોગથી તૃપ્ત થનાર છે.

(આથી તત્ત્વોમાં સંયમને સાધનાર સાધકની દેહપાતાનંતર ક્યાં ક્યાં ગતિ થાય છે એ સ્પષ્ટ થાય છે. જે વિદેહ, અને પ્રકૃતિલય અને મુક્ત પુરુષો છે એમને માટે અહિં કોઇ લોક કહ્યો નથી. અને તે યોગ્ય જ છે કારણ કે મુક્ત પુરુષોનું તો સ્વરૂપે અવસ્થાન થવાથી તેમની ગતિ અગતિ કંઇ છે જ નહિ, પ્રકૃતિલય પુરુષો સામ્યાવસ્થાવાળી પ્રકૃતિમાં લીન થયેલા હોવાથી ક્ષુભિત પ્રકૃતિ જેના પરિણામોમાં આ સર્વ લોકો છે તેની મર્યાદાથી બહાર છે અને વિદેહ પુરુષો પોતાની ઇચ્છાથી અનેક લોકોમાં વિચરનાર હોયછે તથા વાતાવરણની સંધિમાંના ઘનપ્રદેશમાં સ્થાયિપણે રહેવાવાળા હોય છે. આમ હોવાથી એ ત્રણેમાંથી કોઇનો લોક સંભવતો નથી.)

આપ્રમાણેનાં સર્વ ભુવનોનું જ્ઞાન સૂર્યમાં સંયમ કરવાથી થાય

છે. એ સંયમ તથા આ વિભૂતિપાદમાં કહેલા સર્વે સંયમો કેવે પ્રકારે કરવા એ માત્ર શ્રીસદ્‌ગુરુપાસેથી જ જણાય એમ છે, તેથી જિજ્ઞાસુએ યોગ્ય સદ્‌ગુરુ પ્રાપ્ત કરી તેમની પાસેથી જાણી લેવા, અને કોઇ ગ્રંથમાંથી જાણવાની દુરાશાને ત્યજવી.

આપ્રમાણે આ સિદ્ધિનું પ્રતિપાદન કરી અગીઆરમી સિદ્ધિનું પ્રતિપાદન કરવા કહેછે કે

चन्द्रे ताराव्यूहज्ञानम् ॥ २६ ॥

સૂત્રાર્થઃ—ચંદ્રમાં સંયમની સિદ્ધિ કરવાથી સમગ્ર તારાઓની રચનાનું અપરોક્ષ જ્ઞાન થાય છે.

આ સૂત્રની મણિપ્રભાવ્યાખ્યામાં એ ટીકાકાર એમ કહેછે કે સૂર્યના તેજથી તારાઓનું અતિન્યુન તેજ હોવાથી સૂર્યના તેજથી તારાઓ નિસ્તેજવત્ હોય તેમ થઇ રહે છે. તેથી સૂર્યમાં સંયમથી તારાઓનું જ્ઞાન થતું નથી. તેથી એ જ્ઞાન થવામાટે ચદ્રમાં સંયમ કરવાનું આ સૂત્રથી પ્રતિપાદન કર્યું છે.

આપ્રમાણે ચંદ્રમાં સંયમની સિદ્ધિ કરવાથી તારાની રચનાનું જ્ઞાન થયા પછી

ध्रुवे तद्‌गतिज्ञानम् ॥ २७ ॥

સૂત્રાર્થઃ—ધ્રુવમાં સંયમની સિદ્ધિ કરવાથી તારાઓના ફરવા વગેરે રૂપ ગતિનું જ્ઞાન થાય છે.

અન્ય સિદ્ધિનું પ્રતિપાદન કરવા કહેછે કે

नाभिचक्रे कायव्यूहज्ञानम् ॥ २८ ॥

સૂત્રાર્થઃ—નાભિચક્રમાં સંયમની સિદ્ધિ થયેથી શરીરરચનાનું જ્ઞાન થાય છે.

આ સૂત્રમાં એ કહ્યું કે નાભિચક્રમાં સાધક સયમ કરે છે તો એ સંયમની સિદ્ધિ થયે તેને શરીરમાં રહેલા સંપૂર્ણ પદાર્થ જેવા કે વાત, પિત્ત, શ્લેષ્મ રૂપ ત્રણ દોષો તથા રસાદિ સપ્તધાતુ, સંપૂર્ણ રક્તવાહિની શિરાઓ તથા જ્ઞાનતંતુવિગેરેનું અપરોક્ષ જ્ઞાન થાય છે. પ્રત્યેક શરીરમાં અસંખ્ય ચક્રો હોય છે. તેમાં કેટલાંક સ્થૂલ અને કેટલાંક સૂક્ષ્મ હોય છે. સ્થૂલ ચક્રોમાંનાં કેટલાંક સૂક્ષ્મદર્શક યંત્રથી હાલ પણ જણાયાં ગયાં છે. અને જે સૂક્ષ્મ છે તે તો સંયમથી જ રૂડે પ્રકારે જણાય છે. એ સૂક્ષ્મ ચક્રો પણ ઘણાં છે. તથાપિ તેમાં સપ્ત ચક્ર સંયમથી વિશેષ અર્થની સિદ્ધિ કરનાર હોવાથી મહાત્મા પુરુષોએ મુખ્ય ગણ્યાં છે. એ ચક્રોનાં નામ વિગેરે પૂર્વે પ્રતિપાદન કરેલાં છે, તેથી અત્ર પુનઃ વિસ્તારની જરૂર નથી. એ ચક્રોમાં સં-

યમ કેવે પ્રકારે કરવો એ તો ગુરુગમ્ય જ વાત છે તેથી તેવિષે અત્ર કહેવું નિરર્થક છે. એ ચક્રોમાંથી શરીરમધ્યવર્તિ નાભિપ્રદેશઆગળ એક મણિપુર નામનું ચક્ર છે. વીર્યમાંથી બુદ્બુદાદિ પરિણામ થતાં ગર્ભ બંધાતાં આ ચક્ર પ્રથમ આવિર્ભાવને પામે છે કેમકે સર્વ શરીરોમાં હૃદયાદિની પૂર્વે નાભિપ્રદેશનું રચાવું હોય છે. એ પ્રદેશ કદલી-મૂલની માફક પ્રથમ આવિર્ભાવને પામે છે અને ત્યાર પછી જ વિ-શેષાકાર પરિણામને પામતાં હૃદયાદિ પ્રદેશો આવિર્ભાવને પામે છે. તેથી નાભિચક્ર તથા કંદ એ સર્વના મૂલરૂપ હોવાથી એમાં ઉત્તર કાળે થતા સંપૂર્ણ પરિણામોના સંસ્કાર હોય છે; તેથી જ્યારે સંયમથી એ ચક્રના અશેષ વિશેષનું અપરોક્ષ જ્ઞાન થાય છે ત્યારે એ જેના મૂલભૂત છે એવા શરીરના સમગ્ર પદાર્થોનું જ્ઞાન થાય એ યોગ્ય જ છે.

અન્ય સિદ્ધિનું પ્રતિપાદન કરતા કહેછે કે

कण्ठकूपे क्षुत्पिपासानिवृत्तिः ॥ २९ ॥

સૂત્રાર્થઃ—કંઠકૂપમાં સંયમની સિદ્ધિ કરવાથી ભૂખતરસની નિ-વૃત્તિ થાયછે એટલે એ બંને બાધ કરતાં નથી.

આ સૂત્રમાં એ કહ્યું કે કણ્ઠકૂપમાં સંયમ કરવથી તે સંયમની યથાર્થ સિદ્ધિ થયે તે સાધકને ભૂખ અને તરસ બાધ કરતાં નથી. એથી એમ નથી સમજવાનું કે તે યોગીથી ખવાતું નથી, વા જલ ગળે ઉતરતું નથી. પણ માત્ર એટલું જ કે જે સાધારણ શરીરીઓથી અન્ન જલવિના જીવાતું નથી, તેમજ ક્ષુ-ધાતૃષાથી ગળું શોષાઇ જાય છે, શરીર શક્તિહીન થઇ જાય છે તથા એ એથી વિહ્વળતા અને દુઃખ થાય છે તેમ તે યોગીને થતું નથી. સાધારણ શરીરીઓ નિરંતર વ્યાપારયુક્ત હોય છે તેથી તે લોકોનુ સત્ત્વ વપરાયાથી ક્ષીણતાને પામે છે અને તેથી પુનઃવ્યાપારયુક્ત થવને જેટલું સામર્થ્ય આણવા બાહ્ય પદાર્થોનું ગ્રહણ કરવું આવશ્યક હોય છે. સંયમને કરનાર યોગીને એ સંયમશિવાય અન્ય વ્યાપાર હોતો નથી તેથી તેનું સત્ત્વ ક્ષીણ થતું નથી, પણ જે હોય છે તેનુ સંયમથી રક્ષણ થાય છે, એટલું જ નહિ પણ જે શરીરમાં વિકારી દ્રવ્ય હોય છે તે શુદ્ધ થાય છે. એ યોગીને શરીરપ્રકૃતિનું સામર્થ્ય કાયમ રાખવા બાહ્ય પદાર્થની જરૂર નહિ હોય એ સ્વાભાવિક છે. આથી એ થયું કે કંઠકૂપમાં સંયમની સિદ્ધિ થયે ભૂખતરસથી થતો શરીરસંબંધી તથા મનસંબંધી ક્લેશ, તે યોગીને થતો નથી. ત્યાં કંઠનું સ્થાન તો સર્વને જાણીતું જ છે. જિહ્વાના પ્રદેશ-

ની નીચે કંઠનું સ્થાન છે. એ જીહ્વાતંતુની નીચેના પ્રદેશમાં એક કૂપાકાર છિદ્ર છે, જ્યાં થઇને અંદરના વાયુ નાસિકાદ્વારા તથા મુખદ્વારા બહિર્ જાય છે. એ છિદ્રને કંઠકૂપ કહે છે. કેટલેક સ્થળે (જેવું કે યોગવાર્તિકમાં) એ કંઠકૂપને જિહ્વાની નીચેના તંતુના મૂલથી આરંભીને ઉરસ્પર્યન્ત કહેવામાં આવ્યો છે. તથાપિ એ સંયમ પણ આ પાદના સર્વ સંયમની માફક શ્રીસદ્ગુરુદ્વારા જ કરવાનો છે તેથી એ સંયમ કરવાનો અધિકાર પ્રાપ્ત થયે એનું યથાર્થ સ્થાન તથા સંયમનો કાળ, પ્રકારવિગેરેનું જ્ઞાન સર્વ શ્રીસદ્ગુરુદ્વારા જ થવું સંભવે છે. તેથી એવિષે અધિક ચર્ચા નિરુપયોગી છે. એ કંઠકૂપમાં પ્રાણાદિ વાયુના સંઘર્ષણ થવાથી ક્ષુધા અને પિપાસા થાય છે. જ્યારે સંયમ સાધવાથી એ પ્રદેશમાં વાયુ અને વૃત્તિ અતિ સ્થિર કરવામાં આવે છે ત્યારે પ્રાણાદિના સંઘર્ષણરૂપ કારણના અભાવે તેનાં કાર્યરૂપ ક્ષુધા અને પિપાસા જણાય નહિ એ યોગ્ય છે.

અન્ય આધ્યાત્મિક સિદ્ધિનું પ્રતિપાદન કરવા કહે છે કે

कूर्मनाड्यां स्थैर्यम्॥३०॥

સૂત્રાર્થઃ—કૂર્મનાડીમાં સંયમની સિદ્ધિ કરવાથી સ્થૈર્ય વા દૃઢબલ પ્રાપ્ત થાય છે.

આ સૂત્રમાં એ કહ્યું કે કંઠકૂપની નીચેના ભાગમાં કુંડલિત સર્પના આકારવાળી જે નાડી વા નાડીચક્ર છે તેમાં સંયમની સિદ્ધિ કરવાથી તેની અંદર પ્રવેશેલું ચિત્ત સ્થૈર્યને પામે છે. આ સંયમ પણ શ્રીસદ્ગુરુમુખે જાણી તેમની આજ્ઞાનુસાર જ કરવાનો છે.

અન્ય સિદ્ધિનું તથા તેના કારણરૂપ સંયમનુ પ્રતિપાદન કરવા કહે છે કે

मूर्द्धज्योतिषि सिद्धदर्शनम् ॥३१॥

સૂત્રાર્થઃ—મૂર્ધામાં રહેલા જ્યોતિનો સંયમથી સાક્ષાત્કાર કરવાથી સિદ્ધલોકોનું અપરોક્ષ જ્ઞાન થાય છે.

આ સૂત્રમાં એ કહ્યું કે શિરમાં એટલે કપાલમાં એક અતીવ સૂક્ષ્મ રંધ્ર* છે. એ રંધ્ર (છિદ્ર) ની અંદર પ્રભાસ્વર જ્યોતિ છે. એ જ્યોતિનો સંયમથી સાક્ષાત્કાર થાય છે તો પછી તે યોગીને અદૃશ્ય એવા સિદ્ધપુરુષોનું હસ્તામલકવત્ પ્રત્યક્ષ જ્ઞાન થાય છે.

અન્ય સિદ્ધિનું પ્રતિપાદન કરવા કહેછે કે

---

*કેટલાક ટીકાકારો આ રંધ્રને બ્રહ્મરંધ્ર લે છે. અને બ્રહ્મરંધ્રમાં જે જ્યોતિ છે તે જ્યોતિના સાક્ષાત્કારથી તે યોગિને સિદ્ધનું દર્શન થાય છે એમ વ્યાખ્યા કરે છે.

प्रातिभाद्वा सर्वम् ॥ ३२ ॥

સૂત્રાર્થઃ—અથવા તો પ્રતિભાથી થતા જ્ઞાનથી પૂર્વોક્ત અતીત, અનાગતનું જ્ઞાનવિગેરે સર્વ યોગીને પ્રાપ્ત થાય છે. .

प्रातिभात्:—એટલે પ્રાતિભ જ્ઞાનથી. પ્રાતિભ એટલે પોતાની પ્રતિભાથી ઉત્પન્ન થયેલું. પ્રતિભા એ બુદ્ધિની શક્તિવિશેષ છે. જ્યારે બુદ્ધિસત્ત્વ રજતમથી આભભૂત હોય છે ત્યારે અતીત તથા અનાગત પદાર્થનું જ્ઞાન પ્રસંગપરત્વે તથા પરોક્ષ રીતે થાય છે. જ્યારે બુદ્ધિસત્ત્વમાં જ સંયમ કરવાથી બુદ્ધિસત્ત્વનો સાક્ષાત્કાર થાય છે ત્યારે રજતમથી સત્ત્વનો અભિભવ હોતો નથી; તેથી અપ્રતિબદ્ધપણે પ્રકાશતું એ બુદ્ધિસત્ત્વ વૃત્તિ થતાં જ તે તે વિષયને જાણવાનું પોતાનું સ્વતઃસિદ્ધ સામર્થ્ય પાછું મેળવે છે. એ પ્રકારની બુદ્ધિસત્ત્વની જે શક્તિ (આ શક્તિ Inspiration ના સદૃશ છે) તે પ્રતિભા છે. એ પ્રતિભાથી જે વિનાઉપદેશે થતું, અન્ય કોઇ કારણની અપેક્ષા ન રાખતું તથા નિશ્ચયાત્મક અવિપરીત જ્ઞાન થાય છે તે જ્ઞાન પ્રાતિભ કહેવાય છે.

वा—આ પદથી પૂર્વે સૂત્રોમાં કહેલા સંયમોથી આનો વિકલ્પ કર્યો છે.

सर्वम्—એટલે પૂર્વ સૂત્રોમાં કહેલું સંપૂર્ણ જ્ઞાન.

આ સૂત્રથી એ કહ્યું કે જ્યારે સાધક યોગી બુદ્ધિસત્ત્વપર અથવા આગળ કહેવામાં આવશે તેમ ક્ષણોના ક્રમવિગેરે વિષયોઉપર સંયમ કરી તેનો સાક્ષાત્કાર કરેછે ત્યારે તે યોગીને પ્રતિભાશક્તિ પ્રાપ્ત થાયછે, જે શક્તિના બળે પૂર્વ સૂત્રોમાં કહેલા સંયમવિના પણ તે તે સિદ્ધિના વિષયભૂત જ્ઞાનને તે યોગી વૃત્તિ થતાં જ પામે છે. આ પ્રકારની શક્તિ પ્રાપ્ત થાય છે કે પછી અલ્પકાલમાં તે યોગીને વિવેકખ્યાતિનો ઉદય થાય છે. તેથી જેમ અરુણોદય સૂર્યોદયનો સૂચક છે તેમ આ પ્રાતિભજ્ઞાન પણ વિવેકખ્યાતિના પૂર્વલિંગરૂપ હોવાથી પોતાના ઉદયથી ઉત્તરકાલીન વિવેકખ્યાતિને સૂચવે છે.

આપ્રમાણે આ સૂત્રોથી સંયમથી થતી ક્ષુદ્ર સિદ્ધિઓ કહી. હવે મુખ્ય સિદ્ધિરૂપ જે વિવેકખ્યાતિ તેનું પ્રતિપાદન ગ્રંથકાર કરે છે. તે પ્રતિપાદન કરતાપૂર્વે વિવેકખ્યાતિમાટેના સંયમના હેતુભૂત ચિત્તસંવિત્નું પ્રથમ પ્રતિપાદન કરે છે.

हृदये चित्तसंवित् ॥ ३३ ॥

સૂત્રાર્થઃ—હૃત્પદ્મમાં સંયમની સિદ્ધિ કરવાથી ચિત્તનો સાક્ષાત્કાર થાય છે.

चित्तसंवित्—ચિત્તનો સાક્ષાત્કાર વા ચિત્તનું અપરોક્ષ જ્ઞાન.

આ સૂત્રથી એ કહ્યું કે હૃત્પદ્મ જે અધોમુખ સર્વ શરીરમાં રહેલું હોયછે તેનો વિકાસ કરી તેમાં સંયમ કરવાથી તે જેનું સ્થાન છે એવા ચિત્તનો વા બુદ્ધિસત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. આ બુદ્ધિસત્ત્વનો સાક્ષાત્કાર થવાથી વિવેકખ્યાતિમાં-એટલે બુદ્ધિસત્ત્વ તથા પુરુષ એ બંને વિલક્ષણ પદાર્થો છે એ અપરોક્ષ રીતે જાણવામાં—અપેક્ષિત જે બુદ્ધિસત્ત્વનું અપરોક્ષ જ્ઞાન તેને યોગી પામે છે, અર્થાત્ વિવેકખ્યાતિના એક અંશને પામે છે.

આપ્રમાણે ચિત્તસંવિત્રૂપ સિદ્ધિનું પ્રતિપાદન કરી હવે મુખ્ય સિદ્ધિરૂપ પુરુષજ્ઞાનનું પ્રતિપાદન કરવા કહે છે કે

सत्त्वपुरुषयोरत्यन्तासंकीर्णयोः प्रत्ययाविशेषो भोगः परार्थात्स्वार्थसंयमात् पुरुषज्ञानम् ॥ ३४ ॥

સૂત્રાર્થઃ—બુદ્ધિસત્ત્વ અને પુરુષ જે અત્યંત વિલક્ષણ છે તેમના પ્રત્યયનો અભેદ અર્થાત્ તેમનો અભેદભ્રમ એ ભોગ છે. એ વાસ્તવ બુદ્ધિમાં રહેલો ભોગ પરાર્થ છે એટલે ભોક્તૃત્વની યોગ્યતાવાળા પુરુષના અંગભૂત છે. એથી વિલક્ષણ બુદ્ધિમાં પડતું પુરુષનું પ્રતિબિંબ છે તે કોઇના અંગભૂત નથી. એમાં સંયમની સિદ્ધિ કરવાથી પુરુષનો સાક્ષાત્કાર થાય છે.

सत्त्व०—સત્ત્વ એટલે બુદ્ધિસત્ત્વ. અગર જો ત્રિગુણાત્મક પ્રકૃતિનું કાર્ય બુદ્ધિ હોવાથી એ પણ ત્રિગુણાત્મક છે છતાં એ પ્રધાનપણે સત્ત્વનું કાર્ય છે તેથી એને સત્ત્વસંજ્ઞા અપાય છે. આ સ્થળે બુદ્ધિ વા ચિત્તપદ ન મુકતાં સત્ત્વપદ મુક્યું છે તે બંનેની અત્યંત વિલક્ષણતા બતાવવામાટે છે. સત્ત્વ એ અતિસ્વચ્છ, નિર્મલ, સ્ફટિકજેવું દ્રવ્ય છે. તથાપિ એ પણ જડ તથા જ્ઞપ્તિશક્તિથી રહિત છે, દૃશ્ય છે, પરાર્થ છે, પરિણામિત્વવિગેરે જડના ધર્મવાળું છે. ચિતિશક્તિરૂપ પુરુષ પણ અતિસ્વચ્છ છે તથા સ્વયંપ્રકાશ છે તેથી સત્ત્વ અને પુરુષનું કેટલેક અંશે સામ્ય છે તથા પરસ્પર અભિન્નવત્ ભાસવા યોગ્યતા છે. તેમ જ જ્યારે વિવેકખ્યાતિરૂપે બુદ્ધિસત્ત્વ પરિણામને પામે છે ત્યારે તો એ પુરુષને ઘણે અંશે સદૃશ થઈ રહે છે. તથાપિ એ અવસ્થાવાળું બુદ્ધિસત્ત્વ પણ પરિણામિત્વાદિધર્મવાળું હોવાથી પુરુષથી વિલક્ષણ હોય છે, તો સાધકઅવસ્થામાં રહેલા શરીરીનું બુદ્ધિસત્ત્વ જે રજતમથી અનભિભૂત હોતું નથી તે પુરુષથી અત્યંત વિલક્ષણ હોય એમાં શું કહેવું ? આ પ્રમાણે બુદ્ધિનું પુરુષથી અત્યંત વૈલક્ષણ્ય પ્રતિપાદન કરવા આ સ્થળે સત્ત્વપદ મુક્યું છે. આ સમા-

સનો એ અર્થ થયો કે 'બુદ્ધિસત્ત્વ તથા પુરુષનો.

अत्यंता०—અસંકીર્ણ એટલે ભિન્ન, વિલક્ષણ. જે બંને (બુદ્ધિસત્ત્વ અને પુરુષ) અત્યંત વિલક્ષણ છે, (અત્યંત ભિન્ન છે) તેમનો. બુદ્ધિસત્ત્વ ભોગ્ય છે, દૃશ્ય છે, પરિણામિ છે, પરાર્થ છે, જડ છે, વિગેરે ધર્મવાળું છે, અને પુરુષ તો ભોક્તૃત્વની યોગ્યતાવાળો છે, દૃક્શક્તિ છે, અપરિણામી, કૂટસ્થ નિત્ય છે, કોઇનો પણ અંગભૂત (શેષભૂત) નથી તથા ચૈતન્યસ્વભાવવાળો છે. આપ્રમાણે એ બંને પદાર્થો પરસ્પરથી અત્યંત વિલક્ષણ છે, તથાપિ પુરુષનું પ્રતિબિંબ બુદ્ધિસત્ત્વ જે અતિસૂક્ષ્મ તથા પ્રધાનપણે સત્ત્વનું કાર્ય છે તેમાં પડેછે તેથી અચેતન બુદ્ધિ પણ ચેતનવત્ થયેલી પ્રતીત થાય છે. આમ થવાથી એ ચિત્પ્રતિબિંબવાળું બુદ્ધિસત્ત્વ જ પુરુષ હોય એમ ભ્રમ થાય છે. તેથી એ બુદ્ધિસત્ત્વની વૃત્તિરૂપ સુખ, દુઃખ અને મોહ જાણે પુરુષની જ વૃત્તિ હોય એમ ભાસે છે. એ પ્રમાણે ભાસવાથી બુદ્ધિસત્ત્વમાં રહેલો જે ભોગ તેનો પુરુષમાં આરોપ થાય છે. એ આરોપ થવાથી હું સુખી, દુઃખી, મૂઢ એવો અનુભવ થાય છે. એ અનુભવનું નામ જ ભોગ છે. તેથી એ સ્પષ્ટ દેખાય છે કે બુદ્ધિસત્ત્વ તથા પુરુષનો અભેદભ્રમ એ જ ભોગ છે.

प्रत्ययाविशेषः—એ પદથી ઉપરનો અર્થ જ બોધન કર્યો છે. પ્રત્યય એટલે વૃત્તિ અને અવિશેષ એટલે ભેદજ્ઞાનનો અભાવ; તેથી प्रत्यया० એટલે બંનેની વૃત્તિનો અભેદભ્રમ. આ પદનો અર્થ તથા वृत्तिसारूप्यम् પદનો અર્થ એક જ છે. એ ધર્મનું વિસ્તારથી પ્રતિપાદન પ્રથમપાદમાં वृत्तिसारूप्यमितरत्र એ સૂત્રમાં કરી ગયા છીએ તેથી અત્ર વિસ્તાર જરૂરનો નથી.

परार्थात्:—એ ભોગ પરાર્થ છે એટલે અન્યના અંગભૂત છે. હું સુખી, દુઃખી ઇત્યાદિ ભોગ પણ બુદ્ધિસત્ત્વની જ વૃત્તિ છે અને વૃત્તિ હોવાથી બુદ્ધિસત્ત્વની માફક જડ, પરતંત્ર તથા અંગભૂત હોય એ યોગ્ય છે. તેથી જેમ બુદ્ધિસત્ત્વ દૃશ્ય હોવાથી तदर्थमेव दृश्यस्यात्मा એ સૂત્રમાં પ્રતિપાદન કર્યા પ્રમાણે પરાર્થ છે તેમ હું સુખી દુઃખી ઇત્યાદિ વૃત્તિરૂપ ભોગ પણ દૃશ્ય હોવાથી પરાર્થ છે અર્થાત્ ભોક્તૃત્વની યોગ્યતાવાળા પુરુષના અંગભૂત છે. 'એ પરાર્થ ભોગથી, એ પ્રકૃતપદનો અર્થ છે.

એ પંચમીનો અન્વય આ સૂત્રમાં કોઇ પદ સાથે નથી. પણ विशिष्टः એવું પદ અધ્યાહાર્ય કરી તેની સાથે કરવાનો છે. તેથી परार्थात् विशिष्टः પરાર્થ ભોગથી વિશેષવાળું એટલે તેથી ભિન્ન, વિલક્ષ-

ણતાવાળું જે પૌરુષેયપ્રત્યયરૂપ પુરુષનું બુદ્ધિસત્ત્વમાં પડેલું પ્રતિબિંબ તે કોઇનું પણ અંગભૂત નહિ હોવાથી સ્વાર્થ છે.

स्वार्थसंयमात्—જે કોઇના શેષભૂત નથી તેમાં સંયમની સિદ્ધિ કરવાથી.

पुरुष०—પુરુષનો સાક્ષાત્કાર થાયછે.

આ સૂત્રમાં એ કહ્યું કે બુદ્ધિસત્ત્વ અને પુરુષ એ બંને વિલક્ષણસ્વભાવવાળા હોવાથી અત્યંત ભિન્ન છે. છતાં બંનેના સંનિધાનથી પુરુષના પ્રતિબિંબદ્વારા બુદ્ધિપુરુષનો અભેદભ્રમ થાય છે. અભેદભ્રમ થવાથી બુદ્ધિસત્ત્વની શાંત, ઘોર અને મૂઢ વૃત્તિઓનો પુરુષમાં આરોપ થાય છે. એનું નામ જ ભોગ છે. એ ભોગ દૃશ્ય, જડવિગેરે ધર્મવાળો હોવાથી પુરુષથી તથા તેના પ્રતિબંબથી (જે ચૈતન્યસ્વભાવવાળું હોયછે તેનાથી) ભિન્ન છે. એ ભોગથી એ પ્રતિબિંબરૂપ પૌરુષેયપ્રત્યય ભિન્ન છે એ વિવેકપૂર્વક જો એ બુદ્ધિમાં ગયેલી ચિતછાયામાં સંયમની સિદ્ધિ કરવામાં આવેછે તો તેથી પુરુષનો સાક્ષાત્કાર થાય છે અર્થાત્ વિવેકખ્યાતિનો ઉદય થાયછે.

આપ્રમાણે આ સૂત્રથી વિવેકખ્યાતિરૂપ મહાસિદ્ધિનું પ્રતિપાદન કર્યું. હવે એ સંયમથી થતી અવાંતરસિદ્ધિનું પ્રતિપાદન કરવા કહેછે કે

ततः प्रातिभश्रावणवेदनादर्शास्वादवार्ता जायन्ते॥ ३६॥

સૂત્રાર્થઃ—એથી પ્રાતિભ શ્રાવણ, વેદન, આદર્શ, આસ્વાદ અને વાર્તાની સિદ્ધિ થાય છે.

ततः—એ પદનો અર્થ બે રીતે કરવામાં આવ્યો છે. વાર્તિકકાર તતઃનો અર્થ પુરુષજ્ઞાનથી એવો લે છે, અને બીજા ટીકાકારો પૂર્વોક્ત સ્વાર્થસંયમથી એવો લે છે.

प्रातिभ०—એટલે પ્રાતિભ શ્રાવણ, વેદન, આદર્શ, આસ્વાદ અને વાર્તા. प्रातिभ એટલે પૂર્વે કહ્યું તેપ્રમાણે યોગજન્ય શુક્લધર્મવાળા મનમાં બીજી સહાયતાવિના જ થતું સર્વવિષયક યથાર્થ નિશ્ચયાત્મક જ્ઞાન. श्रावण એટલે દિવ્યશબ્દને ગ્રહણ કરનાર શ્રોત્ર અથવા શ્રોત્રથી ગ્રહણ થતા દિવ્યશબ્દનું જ્ઞાન. वेदना એટલે સ્પર્શેન્દ્રિયરૂપ ત્વગ્થી ગ્રહણ થતા દિવ્યસ્પર્શનું જ્ઞાન અથવા विद्यतेऽनया એ વ્યુત્પત્તિથી દિવ્યસ્પર્શને ગ્રહણ કરનાર ત્વગ્. તે જ પ્રમાણે आदर्श એટલે દિવ્યરૂપને જાણનાર ચક્ષુ, અથવા ચક્ષુથી થતું દિવ્યરૂપનું જ્ઞાન, आस्वाद એટલે દિવ્યરસને જાણનાર રસના અથવા રસનાથી થતું દિવ્યરસનું જ્ઞાન, અને वर्तते गंधविषये એ વ્યુત્પત્તિથી वार्ता એટલે દિવ્યગંધનું ગ્રહણ કરનાર ઘ્રાણ, અથવા ઘ્રાણથી થતું દિવ્ય ગંધનું જ્ઞાન આ સર્વ શ-

બ્દો (શ્રાવણ ઇત્યાદિ) શાસ્ત્રની પારિભાષિક સંજ્ઞા છે.

આ સૂત્રથી એ કહ્યું કે પૂર્વોક્ત સંયમથી પુરુષસાક્ષાત્કાર થયાથી તે યોગીને શુકલધર્મની વૃદ્ધિ થવાથી તેનું મન અતીત, અનાગત, સૂક્ષ્મ, તથા વ્યવહિત સર્વ વિષયોને જાણી શકે છે. તથા તેની શ્રોત્ર, ત્વક્, ચક્ષુષ્, રસના અને ઘ્રાણરૂપ પાંચ જ્ઞાનેન્દ્રિય અનુક્રમે દિવ્યશબ્દ, દિવ્યસ્પર્શ, દિવ્યરૂપ, દિવ્યરસ અને દિવ્યગંધને જાણવા સમર્થ થાય છે, જેથી તે યોગીને એ પાંચે દિવ્યવિષયની ઉપલબ્ધિ થાય છે. અથવા તો આ સૂત્રનું એ તાત્પર્ય થયું કે જ્યારે યોગી પુરુષ સ્વાર્થસંયમમાં પ્રવૃત્ત થાય છે ત્યારે એ સંયમની કેટલીક અવસ્થાએ પહોંચ્યાપછી તથા પુરુષસાક્ષાત્કારરૂપ મહાસિદ્ધિને પામ્યાપૂર્વે તેને પ્રાતિભજ્ઞાનવિગેરે પ્રાપ્ત થાય છે. આ અર્થ વિશેષ યોગ્ય છે. કારણ કે પ્રત્યેક સાધકને મહાસિદ્ધિ થતાપૂર્વે આ પ્રકારની માયાની વિભૂતિઓ પ્રાપ્ત થાય છે અને એ વિભૂતિઓમાં પણ જ્યારે તેનું અંતઃકરણ અક્ષોભ રહે છે ત્યારે જ તેને મહાસિદ્ધિરૂપ વિવેકખ્યાતિ મળે છે. આજ કારણથી આ વિષયવિષયક સિદ્ધિઓને સમાધિનાં વિઘ્નરૂપ સૂત્રકાર કહે છે. તેથી એ જ અર્થ સિદ્ધ થયો કે એ સર્વ સિદ્ધિનો અનુભવ સાધકને વિવેકખ્યાતિપૂર્વે થાય છે.

આપ્રમાણે થતી સિદ્ધિઓનું પ્રતિપાદન કરી હવે એ સિદ્ધિયોમાં ન લોભાવા કહે છે કે

ते समाधावुपसर्गा व्युत्थाने सिद्धयः ॥३६॥

સૂત્રાર્થ:—એ પ્રાતિભાદિ સંપ્રજ્ઞાતયોગના*પ્રતિબંધક છે (અર્થાત્

---

* વાર્તિકકાર એ સૂત્રમાં સમાધિનો અર્થ અસંપ્રજ્ઞાતસમાધિ લે છે અને એમ કહે છે કે એ સિદ્ધિઓ અસંપ્રજ્ઞાતનાં વિઘ્નરૂપ કહી છે. તેથી સાધકે એ સિદ્ધિઓની ઉપેક્ષા કરી અસંપ્રજ્ઞાતમાટે પ્રયત્ન કરવો. પણ એ વિશેષ ઉચિત નથી દેખાતું કેમકે પ્રથમ પાદમાં કહ્યા પ્રમાણે જ્યારે સાધકને ઐહિક અને આમુષ્મિક સર્વ પદાર્થપર આરૂઢ વૈરાગ્ય થાય છે ત્યારે જ તેને સંપ્રજ્ઞાતયોગની સિદ્ધિ થાય છે અને ત્યારપછી તો માત્ર વિવેકખ્યાતિપર જ વૈરાગ્ય અપેક્ષિત રહે છે જેને પર વૈરાગ્ય કહે છે. તેથી વિવેકખ્યાતિનો ઉદય થયાપછી દિવ્યગંધાદિ વિષયપર તે યોગીની પ્રીતિ જ હોતી નથી કે તેને તેની ઉપેક્ષા કરવા ઉપદેશ આપવો ઘટે. પણ એથી ઉલટું વિવેકખ્યાતિના ઉદયપૂર્વે જ એ ઉપેક્ષા સિદ્ધ હોવી જોઇએ છે. તેથી એ સિદ્ધ થાય છે કે એ પ્રાતિભ શ્રાવણાદિસિદ્ધિ સંપ્રજ્ઞાતના પ્રતિબંધક છે અને વિવેકખ્યાતિનો ઉદય થતાપૂર્વે એનો અનુભવ થાય છે.

યોગીએ ઉપેક્ષા કરવાયોગ્ય છે.), માત્ર વ્યુત્થાનદશામાં સિદ્ધિ વા વિભૂતિરૂપ છે.

આ સૂત્રમાં એ કહ્યું કે ઉપર કહેલી સિદ્ધિઓ પુરુષસાક્ષાત્કાર જેથી થનાર છે એવા સંપ્રજ્ઞાતયોગનાં પ્રતિબંધક છે, કારણ કે જ્યાં સુધી મન વિષયથી અત્યંત વિરાગને પામ્યું નથી ત્યાંસુધી તે એકાગ્ર થઇ પુરુષપ્રતિ સ્થિર થતું નથી, અને એ સિદ્ધિનો ઉપયોગ કરવા વિષયભોગદ્વારા અંતઃકરણ વિક્ષિપ્ત થાય છે, એટલું જ નહિ પણ ક્રમે કરીને રજસ્નો આવિર્ભાવ તથા પછીથી થતી વૃદ્ધિ થવાથી અંતઃકરણમાં પ્રાપ્ત થયેલું હૃદ્બલ ક્ષીણ થઇ જાય છે, જેથી અંતઃકરણની શુદ્ધસાત્ત્વિક અવસ્થા પણ ક્રમે ક્રમે જતી રહે છે તથા સ્થિરતા જતી રહી ચંચલતાને સ્થાન આપે છે, અને અંતે તે સાધક યોગના પરિણામી ફલને અનુભવ્યાવિના મરણ પામી યોગભ્રષ્ટ થાય છે. આમ હોવાથી આવી સિદ્ધિઓ જ્યારે સાધકને સમાધિસમયે પ્રાપ્ત થાય ત્યારે એ સિદ્ધિઓમાં ન લોભાઇને પોતાને પ્રાપ્ત હૃદ્બલવડે તથા શ્રીગુરુઇશ્વરના પ્રસાદના પ્રભાવે એ સિદ્ધિઓની ઉપેક્ષા કરી એ સિદ્ધિઓના આવિર્ભાવથી પોતાનું પ્રયત્ન સફલ થવાપર છે એ નિશ્ચય જાણી એ સાધકે અધિક પ્રયત્નવાન્ થવું ઘટે છે. એ સિદ્ધિઓ તોજેણે વ્યુત્થાનદશામાં આવવું છે અને એથી આગળ જવું નથી તેને માટે દિવ્યસામર્થ્યરૂપ હોવાથી સિદ્ધિઓ છે. બાકી વિવેકખ્યાતિના ઉદ્દેશથી પ્રયત્ન કરનાર સાધકને ઉપેક્ષા કરવાયોગ્ય છે.

આપ્રમાણે આ સૂત્રોથી જ્ઞાનરૂપ સિદ્ધિઓનું પ્રતિપાદન કર્યું તથા તેમાં થતી સૌથી મોટી સિદ્ધિ જે વિવેકખ્યાતિ તે પણ કહી. હવે કેટલીક ક્રિયાવિગેરેરૂપ સિદ્ધિઓનું પ્રતિપાદન કરે છે. તેમાં પ્રથમ પરકાયાપ્રવેશની સિદ્ધિ કહે છે.

बन्धकारणशैथिल्यात् प्रचारसंवेदनाच्च चित्तस्य परशरीरावेशः ॥ ३७ ॥[1]

---

૧ આ સર્વ સિદ્ધિઓને ન પામેલા તથા એવા સિદ્ધ પુરુષોના પરિચય વિનાના જીવોને તો આ સર્વ કેવલ નૂતન તથા ગપ જેવું લાગે એમ છે, પણ વિચારવાન્ તથા અનુભવીને આ સર્વ સત્યજ છે. અન્ય માણસો પણ પ્રયત્નથી આ સ્થિતિને પામી શકે છે તથા જાતે નિર્ણય કરી શકે એમ છે. તથાપિ જે કાયર માણસો છે તેને માટે તો આ સર્વ અસિદ્ધ હોય એમાં આ સિદ્ધિઓનો દોષ નથી. આ સિદ્ધિથી એ સ્પષ્ટ દેખાય છે કે ચિત્ત તથા અભિમાની એ મસ્તિષ્કના સંપૂર્ણ ભાગોથી વિલક્ષણ છે કેમકે પરશ-

સૂત્રાર્થ:—એક શરીરમાં અંતઃકરણની સ્થિતિરૂપ જે બંધ તેનું કારણ શિથિલ થવાથી તથા અંતઃકરણના શરીરમાં આવવા જવાના માર્ગરૂપ જે નાડીઓ તેના યથાર્થ જ્ઞાનથી અંતઃકરણ અન્ય શરીરમાં પ્રવેશ કરી શકે છે.

बन्ध०—ખરૂં જોતાં મન વા અંતઃકરણ સ્વભાવે અતિચંચલ છે તથા સર્વ જાણવા સમર્થ છે. તથાપિ પ્રાક્તનકર્મવશાત્ એ મન નિયમપ્રમાણે એક એક શરીરરૂપ બેડીમાં ગોંધાઇ રહેછે. તેથી એ કર્મવશાત્ એ મનને નિયમિતમાર્ગે જ ગતિ તથા જ્ઞાન થાય છે. એ મનની એક શરીરમાં સ્થિતિ થવી તથા અન્ય સ્થળે વૃત્તિઅનુસાર ન જવું થવું એ બંધ છે. એ બંધનું કારણ પૂર્વનાં બળવાન્ કર્મો છે. એ કર્મોની શિથિલતા થવાથી.

प्रचार०-प्रचरति अनेन એ વ્યુત્પત્તિથી પ્રચારનો અર્થ નાડીચક્ર છે. જે નાડીઓદ્વારા એ મન શરીરમાંથી બહાર જઈ શકે છે તથા જે નાડીદ્વારા એ મન શરીરમાં પ્રવેશ કરી શકે છે તે સર્વ નાડીઓ પ્રચાર છે. એ નાડીરૂપ મનની ગતિઆગતિના માર્ગનું યથાર્થ જ્ઞાન થયેથી, અર્થાત્ સાક્ષાત્કાર થયેથી.

परशरीरावेशः—અન્ય શરીરમાં આવેશ નામ પ્રવેશ થાય છે.

આ સૂત્રમાં એ કહ્યું કે ચિત્તનો પરકાયાપ્રવેશ બે હેતુ મળ્યાથી થાય છેઃ (૧) એ ચિત્તને એક શરીરમાં જ સ્થિતિ કરી અટકાવી રાખનાર જે કારણ હોય તેની શિથિલતા થવાથી તથા (૨) એ ચિત્તને જવાઆવવાના માર્ગનો સાક્ષાત્કાર થયેથી. આ બંને હેતુ એક વખતે જ સિદ્ધ જોઇએ છીએ. કારણ કે ચિત્તને અટકાવી રાખનાર કારણ શિથિલ થયું હોય તથાપિ પોતાના શરીરમાંથી ચિત્તને કયે રસ્તે બહાર કાઢવું તથા અન્યના શરીરમાં–પછી તે મૃત હોય કે સચેત હોય તેમાં–કયે રસ્તે પ્રવેશ કરાવવો એ જ્ઞાન જ્યાંસુધી ન હોય ત્યાંસુધી પરકાયાપ્રવેશ થવો ઘટે નહિ, તેમજ એ જ્ઞાન હોય પણ બહાર કાઢવાનું તથા અન્ય શરીરમાં પ્રવેશ કરાવવા ગતિ આપવાનું સામર્થ્ય ન હોય તોપણ પરકાયાપ્રવેશ નહિ થાય, તેથી પરકાયાપ્રવેશમાટે બંને જરૂરના છે.

ચિત્ત પોતે અતિચંચલ હોવાથી વાયુથી પણ અતિવેગવાળું છે અને અતિસૂક્ષ્મ હોવાથી સર્વ શરીરમાં પ્રવેશ કરી શકે એવું છે. તથાપિ પૂર્વનાં, ભોગ આપવાને તત્પર થયેલાં કર્મના બળથી એ

રીરાવેશ સમયે મસ્તિષ્ક તો જ્યાંનું ત્યાંજ પડી રહે છે એ સર્વને દેખાય છે તેથી પ્રવેશ કરનાર અન્ય વસ્તુ છે એ સ્પષ્ટ છે.

ચિત્તને એક શરીર મળે છે જેમાં જ તે પોતાનો વ્યાપાર નિયમિત ક્રમે કરી તેથી થતાં સુખદુઃખાદિને ભોગવેછે. આમ હોવાથી ચિત્તની નિયમિત સ્થિતિ રાખનાર હેતુ કર્મસંસ્કાર છે. એ કર્મસંસ્કારો જ્યારે શ્રીસદ્ગુરુપાસેથી ગ્રહણ કરેલા તથા તેમની આજ્ઞાનુસાર કરેલા સંયમથી શિથિલ—ઢીલા—કરવામાં આવે છે ત્યારે ચિત્તને દૃઢપણે એક શરીરમાં બાંધી રાખનાર કારણનો અભાવ થાયછે, જેથી પોતાના સ્વાભાવિક વેગથી ચિત્તની તે શરીરથી બહાર ગતિ થઈ શકે છે. તથાપિ એટલામાત્રથી અન્યના શરીરમાં પ્રવેશ થતો નથી; તે ક્યારે થાય છે કે જ્યારે પોતાના શરીરમાંથી જે નાડીદ્વારા ચિત્તનું બહાર ગમન થતું હોય તે નાડીચક્રનો તથા અન્યના શરીરમાં જે નાડીદ્વારા ચિત્તનો પ્રવેશ થઈ શકેછે તે નાડીચક્રનો શ્રીસદ્ગુરુથી મળેલા સંયમથી સાક્ષાત્કાર કરાય છે ત્યારે. એ ઉભય પ્રકારના નાડીચક્રનું જ્યારે યથાર્થ જ્ઞાન થાય છે અને જ્યારે તે તે માર્ગે ચિત્તને ગતિ આપવાનું સામર્થ્ય યોગીમાં આવેછેત્યારે જે નાડીચક્રદ્વારા ચિત્ત બહાર નીકળી શકેછે તે નાડીચક્રદ્વારા પોતાના શરીરમાંથી ચિત્તને બહાર કાઢે છે અને અન્યના શરીરમાં જે નાડીચક્રદ્વારા ચિત્તનો પ્રવેશ થાય છે તે નાડીચક્રદ્વારા પોતાના ચિત્તનો પ્રવેશ કરાવે છે. આમ થાય છે ત્યારે જ ચિત્તનો પરકાયાપ્રવેશ થઈ શકે છે. ચિત્તનો જ્યારે પરકાયાપ્રવેશ થયો ત્યારે જેમ મધુકરને અનુસરનાર મક્ષિકાઓ મધુકરની જ પાછળ પાછળ ચાલી જાય છે તેમ ઇન્દ્રિયગણ પણ તે યોગીના ચિત્તને અનુસરે છે. આમ થવાથી અન્ય શરીરમાં ઇન્દ્રિયસહિત ચિત્તનો સંચાર થવાથી તે શરીરમાં રહી સર્વ ભોગો ભોગવી શકાય છે.

અન્ય સિદ્ધિનું પ્રતિપાદન કરવા કહેછે કે

उदानजयाज्जलपंककण्टकादिष्वसङ्ग उत्क्रान्तिश्च ॥ ૩૮ ॥

સૂત્રાર્થઃ—શ્રીસદ્ગુરુની આજ્ઞાનુસાર કરેલા સંયમવિશેષની સિદ્ધિ થવાથી જ્યારે ઉદાનનો જય થાય છે ત્યારે તે યોગીને જળ, કર્દમ કણ્ટક વિગેરે બાધ કરી શકતાં નથી અને તે ઉર્ધ્વ ગતિ કરવા સ્વતંત્ર થાય છે.

उदानजयात्—એટલે જ્યારે સંયમવિશેષથી ઉદાનને પોતાને અધીન કરવામાં આવે છે ત્યારે.

जला०—જલાદિથી અસંગ રહેવાય છે અર્થાત્ એ બાધ કરી શકતાં નથી.

उत्क्रान्तिः—એટલે ઉત્ક્રમણ વા ઉર્ધ્વગતિ.

આ સૂત્રમાં એ કહ્યું કે જ્યારે સંયમથી ઉદાનનો જય કરવા-

માં આવે છે ત્યારે અન્ય વાયુઓના વ્યાપારનો પણ રોધ થાય છે તેથી તે યોગીનું શરીર અતિલઘુતાને પામે છે. તેથી તે નદીમાં રહી શકે છે, તેમ જ કંટકાદિ પદાર્થોમાં પણ રહી શકે છે છતાં એ પદાર્થોનો એને સ્પર્શ પણ થતો નથી. તેમ જ એ યોગી પોતાનું મરણ વૃત્તિઅનુસાર આણી શકે છે તથા તે સમયે જે અર્ચિરાદિ માર્ગ બ્રહ્મલોકમાં જવાનો કહ્યો છે તેદ્વારે જઇ શકે છે.

દરેક શરીરમાં પ્રાણાદિ પાંચ વાયુ કહ્યા છે. તે પાંચ પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન છે. કેટલાક એ પાંચને અધ્યાત્મરૂપતાને પામેલો વાયુ લે છે, તથા કહે છે કે એ વાયુ મૂળ તો એકરૂપ જ છે તથાપિ જૂદા જૂદા વ્યાપાર કરનાર હોવાથી તથા જૂદાં જૂદાં સ્થાનમાં એ વ્યાપાર થતા હોવાથી એના પાંચ અવાંતરભેદ પડ્યા છે. તેઓનું કહેવું એમ છે કે જે જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો છે તેના બે પ્રકારના વ્યાપાર છે: (૧) બાહ્ય અને (૨) આભ્યંતર. ત્યાં રૂપાદિનું જ્ઞાન કરાવવું તથા હલનચલનાદિ ક્રિયા કરવી એ ઇન્દ્રિયોનો બાહ્ય વ્યાપાર છે. તથા બધી ઇન્દ્રિયોનો સામાન્ય વ્યાપાર, જેને લોક જીવન કહેછે તે જીવનને ટકાવવારૂપ પ્રયત્નવિશેષ છે. એ પ્રયત્નવિશેષથી અધ્યાત્મરૂપતાને પામેલા વાયુની પાંચ ક્રિયા થવાથી તેના પાંચ ભેદ પડાય છે. ત્યાં નાસિકાના અગ્રથી હૃદયદેશસુધી રહેલો, પ્રાણયન કરનાર વાયુ તે પ્રાણ છે; હૃદયથી તે નાભિદેશસુધી રહેલો, ભુક્ત અન્નના પરિણામરૂપ રસાદિને યોગ્ય પ્રકારે સર્વ નાડીમાં મોકલનાર તથા જઠરના અગ્નિને દબાવી રાખનાર તે સમાન છે; નાભિપ્રદેશથી તે પગના તળિયાસુધી રહેલો, મલ, મૂત્ર, ગર્ભવિગેરેને બહાર કાઢી નાંખનાર તે અપાન છે; નાસિકાના અગ્રભાગથી તે છેક બ્રહ્મરંધ્ર પર્યન્ત રહેલો, ઉત્ક્રાંતિનો હેતુ તે ઉદાન છે અને સર્વ દેહમાં વ્યાપી રહેલો બળવાન્ કર્મહેતુ તે વ્યાન છે. અન્ય કેટલાક આ પ્રાણાદિને ઇન્દ્રિયોની જ વૃત્તિ માને છે. તેઓ કહે છે કે ઇન્દ્રિયોની બે પ્રકારથી વૃત્તિ વા વ્યાપાર છે; (૧) જ્ઞાન વા કર્મ અને (૨) જીવન. એ જીવનરૂપવ્યાપાર સર્વ ઇન્દ્રિયોનો સાધારણ વ્યાપાર છે. એ વ્યાપાર પાંચ ભેદવાળો હોવાથી પ્રાણાદિ સંજ્ઞાને પામે છે. સર્વથા પ્રાણાદિની વ્યાખ્યા ઉપર પ્રમાણે જ છે. વસ્તુતઃ તો અષ્ટપુરીમાંનું અણુવિશેષ જ પ્રાણ છે. એ જ પ્રાણની ગતિથી આ સર્વ ક્રિયા થાય છે તેથી આ એના જ અવાંતર ભેદ છે.

આમ હોવાથી જ્યારે ઉદાનને પોતાને અધીન કરવામાં આવે છે ત્યારે અન્ય વ્યાપારોનો નિરોધ થઇ ઉદાનની પ્રધાનતા થાય છે. તેથી ઉત્ક્રાન્તિ સિદ્ધ થાય છે, અને શરીરની અત્યંત લઘુતા થા-

ય છે. તેથી મરણ પોતાને સાધ્ય થાય છે, અર્ચિરાદિ માર્ગે ગમન કરી શકાય છે, અને લઘુતા સિદ્ધ થવાથી જલાદિપદાર્થો સ્પર્શ કરી શકતા નથી.

આપ્રમાણે ઉદાનના જયથી થતી સિદ્ધિનું પ્રતિપાદન કરી સમાનના જયથી થતી સિદ્ધિનું પ્રતિપાદન કરે છે.

समानजयाज्ज्वलनम् ॥ ३९ ॥

સૂત્રાર્થઃ—સમાનનો જય થવાથી જ્વલન થાય છે.

આ સૂત્રમાં એ કહ્યું કે સમાન જ્યારે પોતાને સ્વાધીન કરવામાં આવે છે—(અને તે સંયમવિશેષથી થાય છે) ત્યારે એ સમાનના જે દબાણથી નાભિઉપરનો અગ્નિ પોતાને સ્થાને રહેતો હતો તે દબાણ જતું રહેવાથી એ યોગીનું શરીર સતીના શરીરની માફક બળતું દેખાય છે. અન્ય બૌધમતના ગ્રંથોમાં આ સંબંધે એવું કહેલું જણાય છે કે એ જ્વાલાઓ યોગીનાં મૂર્ધાસ્થાન, ત્રિકુટિસ્થાન, મુખ અને સ્કંધમાંથી નીકળતી દેખાય છે.

આ બે સૂત્રોમાં બતાવેલા ન્યાયથી પ્રાણ, અપાન અને વ્યાનથી થતી તે તે ક્રિયાની સિદ્ધિઓ સમજી લેવી.

હવે અન્યસિદ્ધિનું પ્રતિપાદન કરવા ઉપરના જેવું જ ઉપલક્ષક સૂત્ર રચેછે.

श्रोत्राकाशयोः संबंधसंयमाद्दिव्यं श्रोत्रम् ॥४०॥

સૂત્રાર્થઃ—શ્રોત્ર અને આકાશનો જે આધારાધેયભાવસંબંધ તેમાં સંયમની સિદ્ધિ કરવાથી દિવ્ય શ્રોત્ર થાય છે.

श्रोत्र०—શ્રોત્ર એટલે જે ઇન્દ્રિયવડે શબ્દનું શ્રવણ કરવામાં આવે છે તે અહંકારના કાર્યરૂપ ઇન્દ્રિય અને આકાશ એટલે તામસ અહંકારના પરિણામરૂપ જે શબ્દતન્માત્રા તેનો પરિણામવિશેષ. એ બેનો જે સંબંધ તેમાં સંયમ કરવાથી.

दिव्यं श्रोत्रम्—એટલે અતીત, અનાગત, સૂક્ષ્મ તથા વ્યવહિતાદિ શબ્દને શ્રવણ કરવાના સામર્થ્યવાળું શ્રોત્ર.

આ સૂત્રમાં એ કહ્યું કે શ્રોત્રઇન્દ્રિય અને આકાશનો જે સંબંધ તેમાં સંયમની સિદ્ધિ કરી તે સંબંધનો સાક્ષાત્કાર કરવામાં આવે છે તો તેથી સૂક્ષ્મવ્યવહિતાદિ શબ્દોને ગ્રહણ કરવાનું શ્રોત્રમાં સામર્થ્ય આવે છે. ત્યાં શ્રોત્રઇન્દ્રિય પૂર્વે પ્રતિપાદન કર્યું છે તેમ પ્રકાશસ્વરૂપ હોવાથી પ્રકાશાત્મક અહંકારનું કાર્ય છે અને તેથી એ તથા અન્ય ઇન્દ્રિયોને આહંકારિકસંજ્ઞા આપી છે. એ ઇન્દ્રિયો કંઇ ભૌતિક નથી એટલે આકાશાદિનાં પરિણામરૂપ નથી. તથાપિ એ

ઇન્દ્રિયો તે તે ભૂતથી સંસર્ગવાળી ઉત્પન્ન થાય છે અને તેથી એની અભિવ્યક્તિ તે તે ભૂતમાંથી થાય છે; એટલે શ્રોત્ર ઇન્દ્રિય આકાશના અણુથી સંસર્ગવાળી જ ઉત્પન્ન થાય છે અને તેથી જ્યારે જ્યારે શ્રોત્રેન્દ્રિયની અભિવ્યક્તિ થાય છે ત્યારે તે આકાશના અણુમાંથી જ થાય છે. તે જ પ્રમાણે ત્વક્ની વાયુમાંથી, ચક્ષુષ્ની તેજમાંથી, રસનાની અપ્‌માંથી અને ઘ્રાણની પૃથ્વીમાંથી થાય છે. આ પ્રમાણે હોવાથી પ્રસંગે શ્રુતિસ્મૃતિમાં શ્રોત્રને આકાશમય, ચક્ષુષ્‌ને તેજોમય વિગેરે કહેવામાં આવી છે. તથાપિ જેમ મન વા અંતઃકરણ અન્નથી પોષણ પામનાર હોવાથી તેને અન્નમય કહેવામાં આવ્યું છે પણ તેટલાથી મન અન્નનું કાર્ય છે એમ ગણાતું નથી તે જ પ્રમાણે આટલાથી શ્રોત્રાદિનું આકાશાદિ ઉપાદાન કારણ કહેવાય એમ નથી, કારણ કે શ્રોત્રાદિનું ઉપાદાન કારણ તો અહંકાર છે. તેથી શ્રોત્રાદિઇન્દ્રિય અને આકાશાદિ ભૂતનો કાર્યકારણસંબંધ નથી પણ આકાશાદિ શ્રોત્રાદિના આધારરૂપ હોવાથી એ બેનો સંબંધ આધારાધેયભાવ છે.

અહિં એ શંકા થશે કે આકાશ તો સર્વવ્યાપિ કહ્યું છે તો પછી એનું અણુ કેમ કહેવાય? એનો ઉત્તર એ કે આકાશભૂતની બે પ્રકારે સ્થિતિ હોય છે: (૧) કારણરૂપે અને (૨) કાર્યરૂપે. ત્યાં કારણરૂપે તો આકાશાદિ સર્વ તામસ અહંકારરૂપ છે અને તેથી પરિણામે તમોગુણરૂપ છે અને તમોગુણરૂપ હોવાથી પ્રકૃતિરૂપ સિદ્ધ થાય છે. તેથી કારણરૂપે એ સર્વ પ્રકૃતિની માફક સર્વ જગતમાં વ્યાપક રહેનાર કહેવાય. તથાપિ કાર્યરૂપે તેમ છે નહિ. કાર્યરૂપે તો આકાશ એ શબ્દતન્માત્રાનો પરિણામ હોવાથી પરિચ્છિન્ન જ છે. આકાશનું આવરણ પૃથિવ્યાદિ ચારના કરતાં મોટું છે તથાપિ તન્માત્રાદિનાં આવરણોકરતાં પણ નાનું છે. તેથી આકાશ કાર્યરૂપે પરિચ્છિન્ન જ છે.

આ સ્થળે એ જરૂર લક્ષમાં રાખવું ઘટે છે કે આકાશનો અર્થ શૂન્ય વા અભાવ નથી, પણ ઇન્દ્રિય તથા અન્ય પદાર્થને અવકાશ આપનાર સર્વ ભૂતોમાં રહેલું સૂક્ષ્મ એવું ભાવરૂપ દ્રવ્ય છે.

આ પ્રકારનું જે આકાશ તેની સાથે શ્રોત્રેન્દ્રિયને જે આધારાધેયભાવસંબંધ છે, તેમાં સંયમની સિદ્ધિ થયેથી શ્રોત્રમાં શબ્દ ગ્રહણ કરવાનું દિવ્ય સામર્થ્ય પ્રાપ્ત થાય છે. પ્રથમ કહ્યાપ્રમાણે આ ઉપલક્ષકસૂત્ર છે. તેથી એથી અન્ય ઇન્દ્રિયોમાટે પણ સમજી લેવું. તેથી ચક્ષુષ્ અને તેજસ્ એ બેનો જે આધારાધેય સંબંધ તેમાં સંયમ કરવાથી દિવ્ય ચક્ષુષ્, ત્વગ્ અને વાયુનો જે આધારાધેયસંબંધ તેમાં સંયમ કરવાથી દિવ્ય

ત્વગ્, રસના અને અપ્નો જે આધારાધેયસંબંધ તેમાં સંયમ કરવાથી દિવ્યરસના, ઘ્રાણ અને પૃથ્વીનો જે આધારાધેયસંબંધ તેમાં સંયમ કરવાથી દિવ્યઘ્રાણ પ્રાપ્ત થાય છે એ પણ આ સૂત્રથી જ પ્રતિપાદન સમજવું.

આપ્રમાણે આ સૂત્રથી આકાશાદિસાથેના ઇન્દ્રિયોના સંબંધમાં સંયમ કરવાથી દિવ્ય સામર્થ્યની પ્રાપ્તિ પ્રતિપાદન કરી. હવે આકાશસાથેના કાયાના સંબંધમાં સંયમથી જે સિદ્ધિ થાય છે તેનું પ્રતિપાદન કરે છે.

कायाकाशयोः संबन्धसंयमाद् लघुतुलसमापत्तेश्चाकाशगमनम् ॥ ४१ ॥

સૂત્રાર્થઃ—શરીરનો અને આકાશનો જે વ્યાપ્યવ્યાપકભાવસંબંધ તેમાં સંયમની સિદ્ધિ કરવાથી, અથવા હલકા તુલ (રૂ) ના રૂપને કોઈ સંયમની સિદ્ધિથી પામવાથી આકાશમાં ગમન થઈ શકે છે.

લઘુ૦—આ પદમાં च શબ્દ વિકલ્પાર્થે છે. તેથી આકાશગમનરૂપ સિદ્ધિમાટે એક તો કાયા અને આકાશના સંબંધમાં કરાયેલો સંયમ હેતુરૂપે પ્રતિપાદન કરાય છે, તથા બીજો તો જે જે સંયમથી રૂના જેવી લઘુતાને પમાય તે સર્વ સંયમોનું હેતુરૂપે પ્રતિપાદન કરાય છે. समापत्ति એટલે પ્રથમ પાદમાં કહેલી તદંજનતા.

આ સૂત્રમાં એ કહ્યું કે શરીર અને જે પ્રદેશમાં શરીર રહેલું હોય છે તે પ્રદેશમાં રહેલું આકાશ અર્થાત્ શરીરને વ્યાપીને રહેલું શરીરને અવકાશ આપનાર જે આકાશ તે એમાં શરીર એ વ્યાપ્ય છે અને આકાશ એ વ્યાપક છે. તેથી એ એનો જે વ્યાપ્યવ્યાપકભાવસંબંધ તે સંબંધમાં સંયમ કરવાથી તેનો જય કરાય છે ત્યારે અથવા અન્ય કોઈ શ્રીગુરુએ બતાવેલા સંયમથી જ્યારે લઘુ તુલસાથે તદ્રૂપતાને પમાય છે ત્યારે તે યોગીનું શરીર જે આકાશવડે નીચે દબાતું રહેતું હતું તે દબાણ કરનાર સત્તા સ્વાધીન થવાથી અવકાશમાં ઉડી શકવા સમર્થ થાય છે. ત્યાં ક્રમ એવો છે કે તે યોગી, જેમ સાધારણ મનુષ્યો પૃથિવીપર ચાલે છે તેમ પ્રથમ તો જલમાં ચાલી શકેછે, ત્યાર પછી ઉર્ણનાભિના તંતુપર ચાલી શકે છે, પછી સૂર્યનાં કિરણપર ચાલી શકેછે, અને અંતે આકાશમાં જવા સમર્થ થાય છે.

અન્ય સિદ્ધિનું પ્રતિપાદન કરવા કહે છે કે

बाहरकल्पिता वृत्तिर्महाविदेहा ततः प्रकाशावरणक्षयः ॥४२॥

સૂત્રાર્થઃ-ચિત્તની શરીરથી બહાર જે યથાર્થ (અકલ્પિત) સ્થિતિ તે મહાવિદેહા સિદ્ધિ કહેવાય છે. એ સિદ્ધિથી બુદ્ધિસત્ત્વના પ્રકાશ-સ્વભાવને આવરણ કરનાર રજતમનો ક્ષય થાય છે.

बहि०—અહિં પદો આ પ્રમાણે છેઃ-अकल्पिता बहिर्वृत्तिःमहाविदेहा

वृत्तिः —એટલે સ્થિતિ, રહેવું તે.

આ સૂત્રમાં એ કહ્યું કે ચિત્તની શરીરબહાર યથાર્થ સ્થિતિ જ્યારે થાય છે, જે સિદ્ધિને મહાવિદેહા કહેછે, ત્યારે રજતમનો ક્ષય થવાથી ચિત્તમાં સાત્ત્વિક દ્રવ્યમાત્ર જાગરૂક રહેછે. તેથી અતીત, અનાગત સર્વ વિષયોનું જ્ઞાન થાય છે. તેમ જ મહાવિદેહા સિદ્ધિ પ્રાપ્ત થયેલી હોવાથી તે યોગીને પરકાયાપ્રવેશાદિ સર્વ થઇ શકેછે અર્થાત્ તે યોગીનું ચિત્ત લોકાંતરવિગેરે સર્વ સ્થળે ગતિ કરી શકેછે. ચિત્તની શરીરના બહાર બે પ્રકારની સ્થિતિ હોય છેઃ (૧) શરીરવિષે મમત્વઅભિમાન હોયછે તથા ચિત્તનું મૂલ અણુ શરીરની અંદર જ હોયછે છતાં ભાવનામાત્રથી પોતાના શરીરથી પોતાનું ચિત્ત બહાર છે એમ જે કરી શકાય છે તે. એ પ્રકારની ભાવના દૃઢ થવાથી જે સ્થિતિ થાય છે તેને વિદેહા કહેછે. (૨) એ વિદેહાસિદ્ધિના અભ્યાસથી અથવા અન્ય કોઇ પ્રકારના સંયમથી જ્યારે શરીરમાંથી ખરેખર ચિત્તની બહાર સ્થિતિ થાય છે અને શરીરપરનું મમત્વઅભિમાન ગલિત થયેલું હોય છે ત્યારે તે સ્થિતિને મહાવિદેહા સિદ્ધિ કહેછે. * એ સિદ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે તે યોગીને શરીરથી બહાર ચિત્ત રહેલું હોય છે, તેમ જ એને માટે આવશ્યક સંયમથી ચિત્તનાં રજતમ નિર્બલ થઇ ગયેલાં હોય છે, તેથી એ સિદ્ધિના પ્રાદુર્ભાવસમયે અંતઃકરણના પ્રકાશરૂપ મૂલ સ્વભાવને આચ્છાદન કરી રહેનાર રજોગુણ તથા તમોગુણમૂલક જે ત્રિવિધ વિપાક તેનો ક્ષય થાય છે. તેથી તે યોગીના ચિત્તનો મૂલ પ્રકાશસ્વભાવ નિષ્કંટક રીતે આવિર્ભાવને પામે છે. તેથી તેના કાર્યરૂપ સર્વ વિષયનું જ્ઞાન તથા સર્વ સ્થલે ગમન એ તે યોગીને સિદ્ધ થાય છે.

આ પ્રમાણે परिणामत्रयसंयमात् એ સૂત્રથી માંડી કેટલીક જ્ઞા-

* યોગવાર્તિકકાર વિદેહાનું સ્વરૂપ એવું કહે છે કે જ્યારે દરેક ચિત્તને પોતાનું શરીર જેમ સ્વાધીન હોય છે તેમ જ્યારે ભાવનાની સિદ્ધિથી શરીરબહારના પદાર્થો પણ સ્વાધીન થાય છે ત્યારે તેને વિદેહા સિદ્ધિ થઇ કહેવાય છે.

નરૂપ સિદ્ધિનું પ્રતિપાદન કર્યું; તેમ જ ભુવનજ્ઞાનાદિરૂપ બાહ્ય સિદ્ધિનું તથા કાય-વ્યૂહાદિરૂપ આભ્યંતરસિદ્ધિનું પ્રતિપાદન કર્યું. તેમ જ પ્રથમ પાદમાં પોતે કહેલા મૈત્ર્યાદિ પરિકર્મની સિદ્ધિથી થતી સિદ્ધિઓનું પ્રતિપાદન કર્યું-તથા સમાધિને ઉપયોગી એવી વિદેહા, મહાવિદેહા-વિગેરે સિદ્ધિનું પ્રતિપાદન કર્યું. હવે આ શાસ્ત્રમાં મુખ્યરૂપે પ્રકૃત જે ગ્રહીતૃ, ગ્રહણ અને ગ્રાહ્યવિષેના સંયમો* છે તેથી થતી સિદ્ધિઓનું પ્રતિપાદન કરવું અગત્યનું છે. તે કરવા તથા પ્રસંગવશાત અન્ય કિંચિત્ ઉપયોગી અર્થ કથન કરવા આ પાદનાં અવશિષ્ટ સૂત્રોનો આરંભ છે. તેમાં પ્રથમ તો ગ્રાહ્યવિષયમાં કરાતા સંયમની સિદ્ધિથી જે વિભૂતિ પ્રાપ્ત થાયછે તેનુ પ્રતિપાદન કરેછે.

स्थूलस्वरूपसूक्ष्मान्वयार्थवत्त्वसंयमाद्भूतजय: ॥ ४३ ॥

સૂત્રાર્થ:—પૃથિવ્યાદિ પાંચ ભૂતોની સ્થૂલત્વ, સ્વરૂપત્વ, સૂક્ષ્મત્વ, અન્વયત્વ અને અર્થવત્ત્વરૂપ પાંચે અવસ્થાનો સંયમથી સાક્ષાત્કાર થયે એ પાંચ ભૂતોનો જય થાય છે.

स्थूल०=स्थूलं च स्वरूपं च सूक्ष्मं चान्वयश्चार्थवत्त्वं च तेषु संयमात्=સ્થૂલ, સ્વરૂપ, સૂક્ષ્મ, અન્વય અને અર્થવત્ત્વ એ પૃથિવ્યાદિ પંચભૂતોના પાંચ પ્રકારમાં સાક્ષાત્કારપર્યન્ત સંયમ કરવાથી.

भूतजय:—એટલે એ પાંચ ભૂતોનો જય થાય છે અર્થાત્ એ પાંચે ઉપર તે યોગીનું સ્વતંત્ર સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

આ સૂત્રમાં એ કહ્યું કે પૃથિવ્યાદિ પાંચ ભૂતોના સ્થૂલાદિ પાંચ પ્રકારમાં સાક્ષાત્કારપર્યન્ત સંયમની સિદ્ધિ કરવાથી એ પાંચે ભૂતોનો જય થાયછે. ત્યાં પૃથિવી, અપ્, તેજ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વો તે પાંચ ભૂત છે. એ પાંચે પદાર્થ સામાન્યવિશેષના સમૂહરૂપ છે, એટલે સર્વના કારણરૂપ પ્રધાનની પાંચ પ્રકારની સ્થિતિરૂપ છે, તેથી સર્વ જગત્‌ને સાધારણ પ્રધાન દ્રવ્ય બાદ કરીએ તો એ પાંચ ભૂતો પણ જાતિ, અને સજાતીયથી વ્યાવૃત્ત કરનાર ધર્મો જે વિશેષ કહેવાય છે તેનો જ સમૂહ છે. અને પ્રધાનસ્વરૂપ દ્રવ્ય તો એ સામાન્યવિશેષના સમૂહમાં પ્રાપ્ત જ છે તેથી અમુક સામાન્યવિશેષના સમૂહવાળું ત્રિગુણાત્મક દ્રવ્ય તે પાંચ ભૂત છે. આમ હોવાથી એના પાંચ પ્રકાર થઈ શકે છે. તે પાંચ પ્રકાર સ્થૂલ, સ્વરૂપ, સૂક્ષ્મ, અન્વય અને અર્થવત્ત્વ છે. ત્યાં એ પાંચ પદાર્થોમાં રહેલા વિશેષો બે પ્રકારના છે: (૧) શબ્દાદિ તથા (૨) આકારાદિ ધર્મો. શબ્દાદિ

* એનું પ્રતિપાદન સવિતર્કાદિ સંપ્રજ્ઞાતના વિભાગ કરતી વખતે કર્યું છે.

ધર્મોમાં આકાશમાં રહેલા ષડ્જ, ગાંધારાદિ સ્વરો, વાયુમાં રહેલા શીતોષ્ણાદિ સ્પર્શ, તેજમાં રહેલા નીલપીતાદિ રૂપ, જલમાં રહેલા મધુર, આમ્લ-વિગેરે રસ તથા પૃથિવીમાં રહેલા સુરભિઅસુરભિ ગંધ-એ ધર્મોનું ગ્રહણ થાયછે. આકારાદિગણમાં આકાશમાં રહેલા વિભુત્વ, સર્વ પદાર્થને અવકાશ આપવાપણું વિગેરે ધર્મો, વાયુમાં રહેલા તિર્યગ જવાપણું, પવિત્રત્વ, ચલત્વ, ગતિ આપવાપણું વગેરે ધર્મ, તેજમાં રહેલા ઉર્ધ્વ જવાપણું, પચન કરવાપણું, બાળવાપણું, લઘુતા, ભાસ્વરતાવિગેરે ધર્મો, જલમાં રહેલા પ્રભા, શુકલતા, મૃદુપણું, ગુરુત્વવિગેરે ધર્મો તથા પૃથિવીમાં રહેલા અવયવરચના, ગુરુતા, સર્વ પ્રાણીને આધાર આપવાપણું, સહિષ્ણુતાવિગેરે ધર્મો એ સર્વ આવે છે. અને આકાશના પણ અણુ હોવાથી અનેક છે તેથી આકાશમાં રહેલી આકાશત્વરૂપ જાતિ, વાયુમાં રહેલી વાયુત્વજાતિ, તેજમાં રહેલી તેજસ્ત્વજાતિ, જલમાં રહેલી જલત્વજાતિ તથા પૃથિવીમાં રહેલી પૃથિવીત્વજાતિ એ સામાન્ય કહેવાય છે. એ સર્વસહિત જે પ્રકૃતિદ્રવ્ય તે પૃથિવ્યાદિ પાંચ ભૂતો છે. તેથી એ ભૂતોમાં બે અંશ થયા: (૧) વિશેષ અને (૨) સામાન્ય; તેમાં જે વિશેષરૂપ અંશ તે આ સ્થળે સ્થૂલ કહેલ છે અને જે સામાન્યરૂપ અંશ તેને આ સ્થળે સૂક્ષ્મ કહેલ છે; * અથવા તો શબ્દાદિવિશેષોમાં સામાન્ય આવી જાયછે તેથી શબ્દાદિવિશેષોરૂપ જે સામાન્ય અંશ તે એ પાંચ ભૂતોની સ્થૂલઅવસ્થા છે અને જે આકાશાદિવિશેષોરૂપ બીજો અંશ તે સ્વરૂપ છે અને પાંચ ભૂતોમાં કારણરૂપે પ્રાપ્ત થયેલી ગંધાદિતન્માત્રા તે સૂક્ષ્મ છે. તથા એ પાંચમાં પ્રાપ્ત થયેલું સત્ત્વ, રજસ્ અને તમસરૂપ ત્રિવિધ પ્રકૃતિદ્રવ્ય તે અન્વય છે, તથા એ ભૂતોમાં રહેલી જે ભોગ અને અપવર્ગરૂપ બે પ્રયોજનને સિદ્ધ કરવાની શક્તિ તે અર્થવત્ત્વ છે. વિશેષ સ્પષ્ટ કરી કહીએ તો આપ્રમાણે: પૃથિવ્યાદિ જે પાંચ ભૂતો કહેવાય છે તેમાં કેટલા અંશ છે તે પ્રથમ વિચારીએ. ત્યાં પ્રથમ તો એમાં પૃથિવીત્વાદિ જાતિ છે. તેમ જ આકારાદિગણના ધર્મો જે એ પાંચ ભૂતોનાં કાર્યરૂપ છે તે છે. તેમ જ એ ભૂતોમાં-કાર્ય એ કારણદ્રવ્યની જ અવસ્થાવિશેષ હોવાથી-ગંધાદિતન્માત્રાઓરૂપ સાક્ષાત્ ઉપાદન કારણની સ્થિતિ છે. તેમ જ આ સંપૂર્ણ જગત ત્રિગુણાત્મક પ્રકૃતિના કાર્યરૂપ હોવાથી સર્વમાં પ્રકૃતિદ્રવ્યનો અનુગમ થયેલો છે. તેથી એ પાંચ ભૂતોમાં પણ પોતાના ચરમ પરિણામિઉપાદાન કારણ-

* આ પ્રકારે વાર્તિકકારનું વ્યાખ્યાન છે તથા બીજું વ્યાખ્યાન અન્ય ટીકાકારનું છે.

રૂપ સત્ત્વાદિ ત્રણગુણની સ્થિતિ છે.

અહિં એ શંકા થશે કે પૃથિવ્યાદિ ભૂતો તો તામસ અહંકારમાંથી ઉત્પન્ન થયેલા હોવાથી એમાં સત્ત્વાંશ કેમ સંભવે ? એનો ઉત્તર એ કે જે તામસ અહંકારનું અણુ છે તેમાં કેવલ તામસ દ્રવ્ય છે જ નહિ, પણ તામસનું પ્રાધાન્યમાત્ર છે, તેથી ગૌણ અંશે સત્ત્વની સ્થિતિ તામસ અહંકારના અણુમાં પણ છે. આમ હોવાથી એના કાર્યરૂપ પાંચભૂતોમાં સત્ત્વાંશની સ્થિતિ હોય એ અયોગ્ય નથી. અને એ સ્થિતિ છે તેથી જ એ ભૂતો અંતઃકરણને પોષણ કરનાર કહ્યાં છે. ત્યાં સૌથી અધિક તામસ અંશવાળું અણુ લઇએ તો તે પાર્થિવ અણુ છે. એ અણુના પરિણામવિશેષરૂપ અન્ન છે; એ અન્ન મનને પોષણ કરનાર છે એ સર્વને અનુભવસિદ્ધ છે. તેમ જ શ્રુતિ પણ अन्नमयं हि मनः એ વાક્યથી એ જ અર્થ કહે છે. વળી અન્ય રીતે વિચારીએ તો એ પાર્થિવાદિ અણુમાં જો સત્ત્વ ન હોય અને કેવળ તમસ્ હોય તો તમસ્નો ગુણ આવરણ કરવું એ છે તેથી એ અણુનો પ્રકાશ (જ્ઞાન) કદાપિ થાય નહિ. આપણે જાણીએ છીએ કે જ્યારે કાયાને પ્રકાશ કરનાર સત્ત્વ, યોગી પોતાના સંયમબળથી આકર્ષી લે છે ત્યારે તે યોગીની કાયાનો પ્રકાશ કોઇ જીવને થતો નથી. તે જ પ્રમાણે પાર્થિવ અણુનો તથા તેના કાર્યરૂપ સર્વ પદાર્થોનો—જો એમાં સત્ત્વાંશ હોય જ નહિ તો સદા અપ્રકાશ રહેવો જોઇએ. એવિગેરે અનેક કારણોથી કેવળ તામસરૂપ ગણાયોગ્ય પાર્થિવ અણુમાં પણ સત્ત્વાંશની સિદ્ધિ થાય છે તો અન્ય ચાર ભૂતોમાટે તો શું કહેવું ?

આપ્રમાણે પ્રકૃતિના ત્રિવિધ દ્રવ્યની સ્થિતિ એ પાંચ ભૂતોમાં છે. તેમ જ પાંચમો અંશ એ ભૂતોમાં રહેલી ભોગ અને અપવર્ગરૂપ પ્રયોજન સાધવાની શક્તિ છે.

અહિં એ કહેવું યોગ્ય નથી કે એ બે પ્રયોજન તો બુદ્ધિસત્ત્વમાં જ છે અને અન્યમાં નથી. કારણ કે કારણની અવસ્થાવિશેષરૂપ કાર્ય હોવાથી કાર્યના સર્વ ગુણો કારણમાં કોઇ કોઇ અવસ્થામાં (ઉદ્ભૂતાદિ) સ્થિત હોય છે; તેમ જ કારણના જે ગુણો છે તેનો પણ કારણના કાર્યાકાર પરિણામ પામવાથી નાશ થતો નથી તેથી તેની પણ સ્થિતિ કાર્યાકારપરિણામવખતે છે. આમ હોવાથી ભોગ અને અપવર્ગરૂપ જે બે અર્થ બુદ્ધિસત્ત્વમાં દેખાય છે તે બંને અર્થ, બુદ્ધિસત્ત્વ પણ કાર્યરૂપ હોવાથી મૂલ તો પ્રકૃતિના છે. અને પ્રકૃતિના હોવાથી પ્રકૃતિ જ પરિણામ પામતાં પામતાં ભૂતરૂપ થયેલી છે તેથી

ભૂતમાં પણ કોઇ અવસ્થામાં હોવા જ જોઇએ.

આથી એ થયું કે (૧) પૃથિવીત્વાદિસામાન્ય, (૨) આકારાદિ ગણમાં કહેલા વિશેષો, (૩) ગંધાદિતન્માત્રા, (૪) સત્ત્વ, રજસ્ અને તમસ્રૂપ પ્રકૃતિ દ્રવ્ય તથા (૫) ભોગ અને અપવર્ગરૂપ એ અર્થને સાધવાનું સામર્થ્ય–એ પાંચ અંશનો સમૂહ તે પૃથિવ્યાદિ ભૂત છે. એ પાંચ અંશમાંના પ્રથમ અંશને આ શાસ્ત્રમાં સ્થૂલ સંજ્ઞા આપી છે. અને અન્ય ચાર અંશને અનુક્રમે સ્વરૂપ, સૂક્ષ્મ, અન્વય અને અર્થવત્ત્વ એ સંજ્ઞાઓ આપી છે. એ પાંચે અંશોને અનુક્રમે એક પછી એક લઇ સંયમ કરી સાક્ષાત્કાર કરવામાં આવે ત્યારે એ ભૂતોનો સંપૂર્ણ અંશે સાક્ષાત્કાર થયો ગણાય, અને ત્યારે જ એમાં સંપૂર્ણ અંશે સંયમની સિદ્ધિ થઇ કહેવાય અને ત્યારે જ એ ભૂતોનો બરાબર સંયમબલથી જય થાય છે. જો એક પણ અંશ બાકી રહે તો તેટલે અંશે ન્યૂન સંયમબલ થવાથી ભૂતનો યથાર્થ જય નહિ કહેવાય. તેથી સાધકે અનુક્રમે સ્થૂલસ્વરૂપાદિ પાંચે અંશોમાં સંયમ સિદ્ધ કરી સાક્ષાત્કાર કરવો. એ પાંચે અંશમાં સંયમની સિદ્ધિ થવાથી એ પાંચે ભૂતોરૂપ બાહ્યવિષયોનો જય થાય છે અર્થાત્ જેમ ગાયો પોતાના વત્સને અનુસરનાર થઇ રહેછે તેમ એ પાંચે ભૂતો (અર્થાત્ એ ભૂતોના પાંચે અંશ) યોગીના સંકલ્પને અનુસરનાર થઇ રહે છે.

આપ્રમાણે ભૂતજય થાય છે ત્યારે શું ફલ થાય છે તે કહેવા હવે કહે છે

ततोऽणिमादिप्रादुर्भावः कायसंपत्तद्धर्मानभिघातश्च ॥ ४४ ॥

સૂત્રાર્થઃ—એ ભૂતજય થવાથી અણિમાવિગેરે અષ્ટ મહાસિદ્ધિનો ઉદય થાય છે, રૂપલાવણ્યાદિ શરીરસંપત્તિ થાય છે અને શરીરમાં એ ભૂતોના ધર્મથી કશી અસર (બાધ) થતી નથી.

ततः—એ ભૂતજયથી.

कायसंपत्:—શરીરસંપત્તિ. શરીરસંપત્તિ કોને કહેવી એ ઉત્તર સૂત્રથી સમજાશે.

तद्धर्म०:—ભૂતના ઉષ્ણતાદિ જે ધર્મો તેનાથી અભિઘાત નામ બાધ થતો નથી.

આ સૂત્રમાં એ કહ્યું કે યથાર્થ ભૂતજય થવાથી એટલે ભૂતના સ્થૂલાદિ પાંચે અંશમાં પાકો સંયમ સિદ્ધ થવાથી (૧) અણિમાદિ આઠ વિભૂતિઓ જે મહાસિદ્ધિઓ કહેવાય છે તેનો ઉદય થાય છે એટલે યોગીને એ અષ્ટ મહાસિદ્ધિ મળેછે, (૨) શરીર સં-

પત્તિ મળેછે તથા ભૂતના ધર્મથી પરાભવ થતો નથી.

અહિં પ્રથમ ફલ એ કહ્યું કે આઠ મહાસિદ્ધિઓ મળેછે. તે આઠ મહાસિદ્ધિ તે (૧) અણિમા, (૨) મહિમા, (૩) લઘિમા, (૪) પ્રાપ્તિ , (૫) પ્રાકામ્ય, (૬) ઈશિતા, (૭) વશિતા અને (૮) કામાવસાયિત્વ છે. એ સર્વનો સંગ્રાહકશ્લોક આપ્રમાણે છે.

अणिमा महिमा चैव लघिमा प्राप्तिरिन्द्रियैः ॥
प्राकाम्यं श्रुतदृष्टेषु शक्तिप्रेरणमीशिता ॥
गुणेष्वसंगो वशिता यत्कामस्तदवस्यति ॥

ત્યાં શરીરને પરમાણુજેવું સૂક્ષ્મ કરી દેવાનું સામર્થ્ય તે અણિમા સિદ્ધિ છે, શરીરને પર્વતાદિજેવું મહાન્ કરી દેવાનું સામર્થ્ય તે મહિમાસિદ્ધિ છે, અને શરીરને આંકડાના તુલજેવું હલકું કરી દેવાનું સામર્થ્ય તે લઘિમા છે. ભૂમિપર રહેલો યોગી ચંદ્રાદિ દૂરના પદાર્થને પણ પોતાની અંગુલિના અગ્રથી અડકી શકે એવું દૂરસ્થ પદાર્થોને સંનિહિતવત્ કરી દેવાનું સામર્થ્ય તે પ્રાપ્તિ છે. આ ચારે સિદ્ધિઓ ભૂતના સ્થૂલ પ્રકારમાં સંયમની સિદ્ધિનાં ફલ છે. ભૂતોના સ્થૂલ પ્રકારનો જય થયેલો હોવાથી ભૂતોના આકાર તથા ગુરુત્વનો જય થઇ જાય છે તેથી યોગી પોતાની ઇચ્છાનુસાર ભૂતોના પરિમાણને તથા ગુરુતાને વર્તાવે છે, અને તેથી મહાનને અણુ, અણુને મહાન તથા ગુરુને લઘુ કરી શકે છે. પાંચમી સિદ્ધિ તે પ્રાકામ્ય છે. પ્રાકામ્ય એટલે પંચભૂતોના જે સાંસિદ્ધિક કઠિનત્વાદિ ધર્મો તેથી વિરુદ્ધ વર્તવા યોગીની ઇચ્છા થાય તો તે ઇચ્છાનો એ ભૂતના ધર્મોથી જે બાધ ન થવો તે, અર્થાત્ ભૂતધર્મથી યોગીની ઇચ્છાનો અનભિભવ થવાનું જે સામર્થ્ય તે. સાધારણ માણસ મૃદુસ્વભાવવાળા જળને ભેદીને અંદર પ્રવેશે છે તેમ જ બહાર આવે છે, પણ પૃથિવીમાં તેમ કરી શકતો નથી, કેમકે તેમ કરવામાં તેને પૃથિવીનો સાંસિદ્ધિક કઠિનત્વરૂપે ધર્મ બાધ કરે છે. જે યોગીને આ પ્રાકામ્ય સિદ્ધિ પ્રાપ્ત થઇ છે તે યોગીએ તો ભૂતોના સ્વરૂપમાં સંયમની સિદ્ધિ કરી તેનો જય કરેલો હોય છે તેથી એ ભૂતોના કઠિનત્વાદિધર્મો એ યોગીને બાધ કરવા અસમર્થ હોય છે. તે યોગી તો પૃથિવીમાં પણ જલની માફક ડુબકી મારી ભૂમિની અંદર પ્રવેશ કરી શકેછે, તેમ જ ભૂમિ ભેદીને બહાર પણ આવી શકે છે. આ પ્રાકમ્યસિદ્ધિ ભૂતના સ્વરૂપનામના પ્રકારના જયનું ફલ છે. છઠ્ઠી સિદ્ધિ તે વશિત્વ છે. બ્રહ્માંડમાં રહેલા પૃથિવ્યાદિ ભૂત તથા તેનાં કાર્યરૂપ ગોઘટાદિ ભૌતિક

પદાર્થોને ઇચ્છાનુસાર પરિણામ પમાડવાનું સામર્થ્ય તે વશિત્વસિદ્ધિ છે. આ સિદ્ધિ સૂક્ષ્મમાં સંયમનું ફલ છે. જ્યારે યોગી ભૂતના સૂક્ષ્મ અંશરૂપ તન્માત્રાનો સંયમથી જય કરે છે ત્યારે એ તન્માત્રારૂપ કારણને તે યોગી ઇચ્છાનુસાર પ્રવર્તાવી શકેછે, અને તેથી એ તન્માત્રામાંથી ઇચ્છાનુસાર ભૂતભૌતિક પદાર્થને ઉત્પન્ન કરી શકે છે. સાતમી સિદ્ધિ તે ઇશિતા છે. બ્રહ્માંડસ્થ ભૂતભૌતિકપદાર્થોને તન્માત્રાદ્વારા ઉત્પન્ન કરવા, તેમનો તન્માત્રાદ્વારા લય કરવો તથા તેમને ઇચ્છાનુસાર રચનામાં સ્થાપવા એ કરવાનું સામર્થ્ય તે ઇશિત્વ અથવા ઇશિતાસિદ્ધિ છે. આ સિદ્ધિ અન્વયસંયમના ફલરૂપ છે. અન્વય એટલે પ્રકૃતિરૂપ ત્રિવિધ દ્રવ્ય. એ ત્રિવિધ દ્રવ્યનો સંયમથી યોગી જ્યારે જય કરે છે ત્યારે તે યોગી એ ત્રિવિધ દ્રવ્યથી તન્માત્રા અને તદ્દ્વારા ભૂત અને ભૌતિક પદાર્થોને ઉત્પન્ન કરી શકે, તેમ જ વિલય પમાડી શકે એ સ્વાભાવિક છે. આઠમી સિદ્ધિ તે કામાવસાયિત્વ છે. ભૂત ભૌતિક પદાર્થો યોગીની ઇચ્છાનુસાર અર્થને સંપાદન કરનાર કરવાનું સામર્થ્ય તે કામાવસાયિત્વ છે. આ સિદ્ધિને પ્રાપ્ત થવાથી યોગી પોતાના સંકલ્પથી અમૃતને વિષ અને વિષને અમૃત કરવા સમર્થ થાય છે; એટલે કે કોઇને વિષ પાય અને તે પીનારને તે વિષ અમૃતની અસર કરે અર્થાત્ અમૃતથી થતા સુખરૂપ ભોગને સિદ્ધ કરી આપે એ પ્રકારે કરવા સમર્થ થાય છે. આ સિદ્ધિ ભૂતના અર્થવત્તારૂપ અંશના જયથી થાય છે.

આ પ્રમાણે આઠ સિદ્ધિનું પ્રતિપાદન શ્રીપાતંજલભાષ્યમાં કરેલુ જોવામાં આવે છે. તથાપિ અન્ય સર્વ સ્થળે આઠ સિદ્ધિમાં અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, વશિત્વ અને ઇશિત્વ એ આઠની ગણત્રી કરી હોય છે, એટલે અહિં ગરિમા એ એક વધારે છે અને કામાવસાયિત્વનો પ્રાકામ્યમાં અંતર્ભાવ કરેલો હોવાથી તેનું નામ નથી. ગરિમા એટલે શરીરને મેરુજેવું ભારે કરી દેવાનું સામર્થ્ય.

ભૂતજયનું બીજું ફલ તે શરીરસંપત્તિ છે. એનું પ્રતિપાદન ઉત્તર સૂત્રમાં કર્યું છે.

ત્રીજું ફલ તદ્ધર્માનભિઘાતઃછે. એ પદનો અર્થ તથા પ્રાકામ્ય સિદ્ધિનો અર્થ એક જ છે તેથી પૃથક્ પ્રતિપાદન આવશ્યક નથી.

આપ્રમાણે આ સૂત્રમાં ભૂતજયનું ફલ પ્રતિપાદન કર્યું. તેમાં કહેલી કાયસંપત્ તે શું તે પ્રતિપાદન કરવા કહેછે કે

रूपलावण्यबलवज्रसंहननत्वानि कायसंपत् ।४६।

સૂત્રાર્થઃ—રૂપ, કાંતિ, બલ અને વજ્રવત શરીરની દૃઢતા—એ વિગેરે શરીરસંપત્તિ કહેવાય છે.

वज्रसं०—वज्रस्येव संहननं प्रहारो यस्य વજ્રના જેવો પ્રહાર હોય છે જેનો એ વ્યુત્પત્તિથી વજ્રસંહનન એટલે વજ્રના જેવો પ્રહાર કરી શકે એવો શરીરનો દૃઢ બાંધો થવો તે.

આ સૂત્રથી એ કહ્યું કે શરીરનું સૌંદર્ય, કાંતિ, બલ, દૃઢતાવિગેરે મળી શરીરસંપત્તિ કહેવાય છે.

આપ્રમાણે ગ્રાહ્યવિષયમાં થતા સંયમથી થતી સિદ્ધિઓનું પ્રતિપાદન કર્યું. હવે ક્રમપ્રાપ્ત ગ્રહણવિષયમાં થતા સંયમથી થતી સિદ્ધિનું પ્રતિપાદન કરે છે.

ग्रहणस्वरूपास्मितान्वयार्थवत्त्वसंयमादिन्द्रियजयः ॥४७॥

સૂત્રાર્થઃ—ઇન્દ્રિયોના ગ્રહણ, સ્વરૂપ, અસ્મિતા, અન્વય અને અર્થવત્ત્વ એ પાંચે અંશમાં સંયમની સિદ્ધિ થવાથી ઇન્દ્રિયોનો જય થાય છે.

ग्रहण०—ग्रहणं च स्वरूपं च अस्मिता च अन्वयश्चार्थवत्त्वं च तेषु संयमात्ः—ઇન્દ્રિયોનાં ગ્રહણાદિ પાંચ અંશોમાં સંયમની સિદ્ધિ થયાથી એટલે સાક્ષાત્કારપર્યન્ત સંયમ સિદ્ધ થવાથી.

આ સૂત્રમાં કહ્યું કે ઇન્દ્રિયોમાં—જેમ ભૂતમાં પ્રતિપાદન કર્યા છે તેમ—પાંચ અંશો છેઃ (૧) એ ઇન્દ્રિયોનું કાર્ય (૨) એનું સ્વરૂપ, (૩) એનું સાક્ષાત્ ઉપાદાનકારણ, (૪) મૂળદ્રવ્યરૂપ પરિણામિ ઉપાદાનકારણ અને (૫) ભોગ અને અપવર્ગરૂપ એ પ્રયોજન સાધવાનું સામર્થ્ય. ત્યાં ઇન્દ્રિયોરૂપ સહકારિના યોગે ષડ્જાદિ શબ્દ, શીતાદિ સ્પર્શ નીલપીતાદિરૂપ, મધુરાદિ રસ તથા સુરભિવિગેરે ગંધ એ પાંચે વિષયોને ગ્રહણ કરનાર અંતઃકરણની પંચવિધ વૃત્તિઓનો ઉદય થાય છે. એ વિષયાકાર પરિણામને પામેલી વૃત્તિ તે ગ્રહણ કહેવાય છે. તથા એ વૃત્તિનો ઉદય ઇન્દ્રિયથી થાય છે તેથી એ વૃત્તિઓ ઇન્દ્રિયોનું કાર્ય છે. એ પ્રથમ અંશને આ સ્થળે ગ્રહણ કહ્યો છે. એ ઇન્દ્રિયો સાત્વિક અહંકારમાંથી ઉત્પન્ન થયેલી હોવાથી એનો સ્વભાવ પ્રકાશરૂપ છે. તેથી પ્રકાશરૂપત્વ એ ઇન્દ્રિયોનો સ્વભાવ છે. એને જ આ સ્થળે સ્વરૂપસંજ્ઞા આપી છે. એ ઇન્દ્રિયો સાત્વિક અહંકારના કાર્યરૂપ હોવાથી એ ઇન્દ્રિય કહેવાતા સામાન્યવિશેષના સમૂહમાં અહંકારનો અનુગમ થયેલો છે. એ સાત્વિક અહંકાર, જે ઇન્દ્રિયોનું કારણ છે તે એનો તૃતીય અંશ છે જેને અહિં अस्मिता કહ્યો છે. ચતુર્થાંશ પ્રકૃતિ દ્રવ્યરૂપ સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રિવિધ દ્રવ્ય

છે, અને પાંચમો અંશ ભોગાપવર્ગરૂપ પ્રયોજનને સાધવાનું સામર્થ્ય છે. એ પાંચ અંશનો સમૂહ તે ઇન્દ્રિય છે એ પાંચમાં અનુક્રમે સંયમની સિદ્ધિ કરવાથી એ પાંચે અંશનો જય થયે સંપૂર્ણ રીતે ઇન્દ્રિયનો જય થાય છે. એ પાંચમાંથી કોઇ અંશ રહી ગયો હોય તો યથાર્થ જય થયો નહિ કહેવાય. તેથી સાધકે ભૂતજય પછી ઇન્દ્રિયજય સાધવા પાંચે અંશોમાં અનુક્રમે સાક્ષાત્કારપર્યન્ત સંયમ કરવો અવશ્યનો છે.

એપ્રમાણેના ઇન્દ્રિયજયથી શું ફલ થાય છે તે પ્રતિપાદન કરવા-કહેછે કે

ततो मनोजवित्वं विकरणभावः प्रधानजयश्च ॥४७॥

સૂત્રાર્થઃ—ઇન્દ્રિયજય થવાથી કાયાની મનના જેવી શીઘ્ર ગતિ થાયછે, ઇન્દ્રિયોની વ્યાપકતા થાયછે અને પ્રકૃતિનો જય થાયછે.

ततः—ઇન્દ્રિયજય થવાથી.

मनोजवित्वम्—મનના જેવી શીઘ્ર ગતિ.

विकरणभावः—એટલે વિકરણપણું. વિકરણ એટલે વિકાણુત્વ.

આ સૂત્રમાં એ કહ્યું કે ઇન્દ્રિયનો યથાર્થ જય થવાથી ત્રણ ફલ થાય છે. તેમાં પ્રથમ મનના જેવી શરીરની શીઘ્ર ગતિ થઇ શકે છે, એટલે ઇન્દ્રિયવૃત્તિનો જય થવાથી કર્મેન્દ્રિયનો પણ જય થઇ જાય છે તેથી કર્મેન્દ્રિયની વૃત્તિપર સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે, જેથી શરીરને એ કર્મેન્દ્રિયદ્વારા અનુત્તમ વેગ આપી શકાય છે.

દ્વિતીય ફલ વિકરણત્વ છે. સ્થૂલ દેહથી રહિત કરી શકાતી ઇન્દ્રયોને ઇસિત દેશ તથા કાલમાં મોકલી શકાય છે. આ વિકરણત્વને પામેલા યોગીઓને વિદેહ કહેવામાં પણ આવે છે.

તૃતીય ફલ પ્રધાનનો જય છે, એટલે પ્રકૃતિ તથા તેના સર્વ વિકારોઉપર એ યોગીને સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય છે અર્થાત્ તેમને ચાહે તે પ્રકારે પરિણામ પમાડી શકે છે. ઇન્દ્રિયસંયમમાં પ્રધાનનો પણ સંયમ આવી જાયછે, તેથી ઇન્દ્રિયજયથી પ્રધાનજયરૂપ ફલ કહ્યું છે તે યુક્ત જ છે. આ સિદ્ધિને પ્રાપ્ત થયેલા યોગીને પ્રકૃતિલય પણ કહ્યા છે.

આ પ્રમાણે ઇન્દ્રયજયને સાધનારને ભૂતજય તો હોય જ છે, તેથી ભૂતજયથી થતી સિદ્ધિઓ પણ આ યોગીઓને હોય છે.

આ ત્રણ સિદ્ધિઓને મધુપ્રતીકા એવી સંજ્ઞા આ શાસ્ત્રમાં આપવામાં આવે છે.

આપ્રમાણે ગ્રાહ્ય તથા ગ્રહણમાં સંયમની સિદ્ધિથી થતાં ફલો

વિગેરે પ્રતિપાદન કર્યાં. હવે ક્રમપ્રાપ્ત ગ્રહીતૃવિષયક સંયમની સિદ્ધિથી થતાં ફલોવિગેરે પ્રતિપાદન કરેછે.

सत्त्वपुरुषान्यताख्यातिमात्रस्य सर्वभावाधिष्ठातृत्वं सर्वज्ञातृत्वं च ॥ ४९ ॥

સૂત્રાર્થઃ—બુદ્ધિસત્ત્વ અને પુરુષ એ બેના ભેદસાક્ષાતકારરૂપ વિવેકખ્યાતિ માત્રમાં જ સ્થિતિ કરી રહેલા યોગીને સર્વનું નિયંતાપણું તથા સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે.

सत्त्व०:—રજસ્ અને તમસથી પુરુષનો ભેદ તરત જણાય છે, પણ સત્ત્વસાથે અધિક સાદ્દશ્ય હોવાથી સત્ત્વ અને પુરુષનો ભેદ જાણવો કઠિન પડેછે, તે કારણથી અહિં બુદ્ધિશબ્દ ન વાપરતાં સત્ત્વ શબ્દ વાપર્યો છે. બુદ્ધિ અને પુરુષ બંને વિલક્ષણ ધર્મવાળાં હોવાથી ભિન્ન છે એ બેના ભેદનું અપરોક્ષ જ્ઞાન તે અન્યતાખ્યાતિ વા વિવેકખ્યાતિ છે. 'એ વિવેકખ્યાતિ માત્રમાં જ સ્થિતિ કરી રહેલા યોગીને' એ પ્રકૃત સમાસનો અર્થ છે सत्त्व० એટલે જે યોગી બુદ્ધિ અને પુરુષ એ બેના ભેદમાં સંયમ કરી બેના ભેદનો સાક્ષાતકાર કરી તે સાક્ષાતકારમાં જ તત્પર થઇ રહેલો છે તે યોગીને.

सर्व०—એટલે પ્રકૃતિ અને તેનાં કાર્યરૂપ સર્વ પદાર્થો અને સર્વ જીવોરૂપ અભિમાનીઓ—એ સર્વપદાર્થની ઉપર સ્વતંત્ર સામર્થ્ય પ્રાપ્ત થાય છે; એ સર્વ વસ્તુનો તે યોગી નિયંતા થાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે પૂર્વોક્ત સ્વાર્થસંયમ કરી પુરુષજ્ઞાનને પ્રાપ્ત થવાથી જેના રજસ્ અને તમસ્રૂપ મળ અત્યંત ક્ષીણ થઇ ગયા છે તથા જેને વશીકારસંજ્ઞારૂપ અપરવૈરાગ્ય અત્યંત દ્દઢપણે પ્રાપ્ત થયો છે તથા તેથી જેનું બુદ્ધિસત્ત્વ મલિનસત્ત્વામાયાની મર્યાદાને અતિક્રમણ કરી શુદ્ધસત્ત્વામાયાવચ્છિન્ન શુદ્ધસાત્ત્વિક દ્રવ્યવાળું થયું છે, તે યોગી જ્યારે બુદ્ધિસત્ત્વ અને પુરુષ એ બેના ભેદસાક્ષાત્કારમાં તત્પર થઇ રહે છે ત્યારે તેને સર્વજ્ઞપણું તથા સર્વશક્તિમાન્પણું એ બે, જ્ઞાન અને ક્રિયારૂપ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. સર્વજ્ઞપણું પ્રાપ્ત થવાથી તે યોગી શાંત, વર્તમાન અને અવ્યપદેશ્ય (ભૂત, વર્તમાન અને ભાવિ) ધર્મને, પરિણામાદિવાળા સર્વ ભૂત, ભૌતિક તથા આહંકારિકાદિ પદાર્થોને તથા સર્વના મૂલ ઉપાદાનરૂપ પ્રકૃતિને તથા સર્વ પુરુષોને યથાર્થ રીતે જાણે છે તથા એ સર્વપર એ યોગીને સ્વતંત્ર સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

આપ્રમાણે પૂર્વ સૂત્રોમાં કહેલી સર્વ વિભૂતિઓ પોતાના ફલરૂપ યોગમાં શ્રદ્ધા ઉત્પન્ન કરી જે ચરમ સિદ્ધિરૂપ વિવેકખ્યાતિને સિદ્ધ ક-

રનાર છે તે વિવેકખ્યાતિથી થતી અવાંતરસિદ્ધિરૂપ સર્વશક્તિમત્ત્વ તથા સર્વજ્ઞત્વ—જે સિદ્ધિને યોગી લોકો વિશોકા નામથી ઓળખે છે—તેનું આ સૂત્રથી પ્રતિપાદન કર્યું. હવે એ વિવેકખ્યાતિથી પરવૈરાગ્યદ્વારા થતી જે મહાસિદ્ધિરૂપ મોક્ષ તેનું પ્રતિપાદન કરવા કહે છે કે—

तद्वैराग्यादपि दोषबीजक्षये कैवल्यम् ॥ ४९ ॥

સૂત્રાર્થ:—એ વિવેકખ્યાતિ તથા તેની યથોક્ત સિદ્ધિમાં વૈરાગ્ય થવાથી દુઃખદોષનાં બીજરૂપ સમગ્ર સંસ્કાર તથા કર્મનો ચિત્તસહિત લય થયે પુરુષને કૈવલ્યની સિદ્ધિ થાય છે.

तद्वै॰—तस्याः वैराग्यात्—તેના પર વિરક્તિ થવાથી. तत् શબ્દથી પૂર્વ સૂત્રોક્ત વિવેકખ્યાતિ તથા તેથી થતી સિદ્ધિનું ગ્રહણ થાય છે. अपि પદનો અન્વય तस्याः સાથે કરવામાં આવે છે. તેથી तस्याः अपि એટલે એ બંનેમાં પણ. અથવા સૂત્રમાં तस्याः પદ છૂટું નહિ હોવાથી अपि નો અન્વય कैवल्यम् પદ સાથે પણ કરી શકાય છે. તો એમ લેવાથી कैवल्यमपि—એટલે પૂર્વોક્ત સિદ્ધિ તથા અંતે મોક્ષ પણ મળે છે—એ અર્થ થાય છે.

દોષ॰—દોષ એટલે દુઃખરૂપ અથવા અવિદ્યાદિક્લેશરૂપ દોષનાં બીજરૂપ જે તનુતાને પામેલા, પણ રહેલા, ભોગસંસ્કાર તથા અવિદ્યાસંસ્કાર, તેનો ક્ષય થયે.

कैवल्यम्—એટલે કેવલપણું, એકાકીપણું અર્થાત્ બુદ્ધિસત્ત્વની સાથે જે સંયુક્તપણું હતું તે મટી જવાથી સ્વરૂપસ્થિતિરૂપ મોક્ષ.

આ સૂત્રમાં એ કહ્યું કે વિવેકખ્યાતિ અગરજો શુદ્ધસાત્ત્વિક બુદ્ધિવૃત્તિ છે તથાપિ એ પણ વૃત્તિરૂપ હોવાથી પ્રકૃતિના જડત્વપરિણામિત્વાદિ અનાત્મધર્મવાળી હોવાથી ચિતિશક્તિરૂપ પુરુષથી વિલક્ષણ છે એ વિચારથી એ વિવેકખ્યાતિરૂપ વૃત્તિમાં પણ જ્યારે તે યોગીને અલંબુદ્ધિ—પરવૈરાગ્ય—ઉત્પન્ન થાય છે ત્યારે તે યોગીની એ વૃત્તિ પણ શમે છે. જેથી તેને વૃત્તિમાત્રના નિરોધવાળો અસંપ્રજ્ઞાતયોગ થાય છે. એ અસંપ્રજ્ઞાત યોગના અભ્યાસથી જ્યારે અવિદ્યાસંસ્કારરૂપ દોષબીજક ક્ષીણ થઈ જઇ ચિત્તની સાથે અસ્મિતારૂપ કારણમાં આત્યંતિક લયને પામી જાય છે ત્યારે તે ચિત્ત દગ્ધબીજ થઈ ગયેલું હોવાથી પુનઃ ઉદય પામતું નથી, અને તેથી પુરુષસાથે સંયુક્ત થવા પામતું નથી. આમ થવાથી ચિત અને પુરુષનો સંયોગ સદાકાળમાટે નષ્ટ થઇ જાય છે. એ સંયોગનો નાશ થવાથી પુરુષ એકાકી થઈ રહે છે અર્થાત્ પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિત થઇ રહે

છે, અર્થાત્ કૈવલ્યને પામ્યો કહેવાય છે.

આ પ્રમાણે આ સૂત્રથી વિવેકખ્યાતિમાં થતા પરવૈરાગ્યથી જ્યારે દોષનાં બીજકનો અત્યંત ક્ષય થઈ જાય છે ત્યારે દૃશ્યરૂપ બુદ્ધિસત્ત્વ ભોગ અને અપવર્ગરૂપ બંને પ્રયોજનને સાધી રહેલું હોવાથી પોતાના કારણમાં વિલઈ જાય છે અને તેથી પુરુષ કેવલીભાવને પામે છે—મોક્ષને પામેલો કહેવાય છે—એ પ્રતિપાદન કર્યું. આ કેવલીભાવ એ જ મહાસિદ્ધિ છે.

એ કૈવલ્યને પામવાને માટે યોગમાં પ્રવૃત્ત થયેલા સાધકને મધ્યે કેટલાંક વિઘ્ન આવે છે. એ વિઘ્ન તથા તેના નિરાકરણના ઉપાય કોઈ સ્થળે બતાવેલા નહિ હોવાથી અવશિષ્ટ છે. તે હવે પ્રસંગવશાત્ સૂત્રકાર બતાવે છે.

स्थान्युपनिमन्त्रणे सङ्गस्मयाकरणं पुनरनिष्टप्रसंगात् ॥ ५० ॥

સૂત્રાર્થ—સ્વર્ગાદિલોકના અધિકારી ઇન્દ્રાદિ દેવો જ્યારે યોગીને સ્વર્ લોકમાં જવાનું નિમંત્રણ કરે ત્યારે તે યોગીએ વિચાર કરી તે સ્વર્ગાદિ વિષયમાં પ્રીતિ તથા પોતાવિષે અભિમાન ન કરવું કારણ કે તેમ કરવાથી અનિષ્ટરૂપ સંસારની પાછી પ્રાપ્તિ થાયછે.

સ્થાન્યુ૰—સ્વર્ગાદિસ્થાન છે જેમનું તે ઇન્દ્રાદિદેવો સ્થાનિ કહેવાય છે. તેમનું નિમંત્રણ—પ્રાર્થના—થયે.

સઙ્ગ૰—સંગ અને સ્મય ન કરવો. સંગ એટલે પ્રીતિ વા કામના, અને સ્મય એટલે અભિમાન.

આ સૂત્રમાં એ કહ્યું કે યોગી પુરુષને જ્યારે ઇન્દ્રાદિ દેવો સ્વર્ગાદિ લોકમાં આવવા પ્રાર્થના કરે ત્યારે યોગીએ તેમાં મોહ ન કરવો તથા પોતાના સામર્થ્યમાં અભિમાન ન કરવું. કારણકે તેમ કરવાથી પાછી અનિષ્ટની પ્રાપ્તિ થાય છે. ત્યાં યોગી પુરુષ ભૂમિકાવાળા હોય છે, અને તે ઉપરથી ચાર પ્રકારના કહેવાય છેઃ(૧) પ્રથમકલ્પિક (૨) મધુભૂમિક (૩) પ્રજ્ઞાજ્યોતિ અને (૪) અતિક્રાન્તભાવનીય. ત્યાં જે યોગને સાધ્ય કરવા પ્રવૃત્ત થયો છે તથાપિ જેને કોઈ ભાગે સંયમની સિદ્ધિ થઈ નથી અને તેથી જે પરચિત્તાદિ કશું જાણી શકતો નથી એવો જે યોગસાધક તે પ્રથમકલ્પિક કહેવાય છે. જે યોગી પુરુષે સંપ્રજ્ઞાતયોગે કરીને મધુમતી નામની ભૂમિકા સિદ્ધ કરી છે અર્થાત જે નિર્વિતર્કા સમાપત્તિને પામેલો હોવાથી જેને ઋતંભરાપ્રજ્ઞાનો ઉદય થયો છે અને તેથી જેને ભૂત અને ઇન્દ્રિયરૂપ સ્થૂલ ગ્રાહ્યવિષયમાં સંયમ કર્યો છે તે મધુભૂમિક કહેવાય છે. જે યોગી મધુભૂમિકાનું અતિક્રમણ કરી આગળ ચાલ્યો છે, જેણે નિ-

વિચારસમાપત્તિ સિદ્ધ કરી ઋતંભરાપ્રજ્ઞા મેળવી છે, જેણે ભૂત અને ઇન્દ્રિયનો જય કર્યો છે તથા જેને વિશોકા અને કૈવલ્યરૂપ એ મહાસિદ્ધિ જ પ્રાપ્ત કરવી અવશિષ્ટ છે તથા તેને માટે જે પ્રયત્નવાન્ થયો છે તે યોગી તૃતીય ભૂમિકામાં રહેલોછે તથા તેને પ્રજ્ઞાજ્યોતિ કહેછે. જે યોગી સિદ્ધપુરુષે તૃતીય ભૂમિકાનું અતિક્રમણ કરી વિશોકાસિદ્ધિ પણ મેળવી છે પણ જેને માત્ર કૈવલ્યરૂપ મહાસિદ્ધિ જ પ્રાપ્ત કરવી બાકી છે તે જીવન્મુક્ત મહાત્મા જ ચતુર્થ ભૂમિકામાં રહેલો અતિક્રાન્તભાવનીય કહેવાય છે. આ પ્રકારે ચાર પ્રકારના યોગી છે. તેમાં જે પ્રથમકલ્પિક યોગી છે તે માણસને તો કશી ભારે સિદ્ધિ પ્રાપ્ત થયેલી જ હોતી નથી તેથી તેને દિવ્યભોગો બતાવી તેની આસ્પૃહા દૃઢ કરાવવાનું દેવોને જરૂરનું નથી. જે તૃતીય ભૂમિકામાં હોયછે તે તો દૃઢ વૈરાગ્યવાળો હોવાથી તથા ભૂત અને ઇન્દ્રિયને વશ વર્તાવનાર હોવાથી દિવ્ય ભોગોમાં લોભાય એમ છે જ નહિ. અને ચતુર્થ ભૂમિકામાંનો યોગી તો જીવન્મુક્ત સિદ્ધપુરુષ હોવાથી પ્રકૃતિલયથી પણ અધિક છે. તેથી દ્વિતીયભૂમિકામાં રહેલો જે યોગી પુરુષ છે તેને માટે આ ઉપદેશ છે કે જ્યારે દેવતાઓ તેનો પ્રત્યક્ષ થઈ કહે કે "તું અહિં—સ્વર્ગમાં—આવ, અહિં રમણ કર, અમે તારાપર પ્રસન્ન થયા છીએ, આ સ્વર્ગના ભોગો અત્યંત પ્રીતિ કરવાયોગ્ય છે, અહિં દિવ્ય કન્યાઓ છે, એ લોકમાંનું આ દિવ્ય રસાયન છે જેવડે જરા અને મૃત્યુથી બાધ થતો નથી, અહિં આ કલ્પદ્રુમ છે, કામધેનુ છે, પરમપાવની શ્રીમંદાકિની વહન કરેછે, અહિં સિદ્ધમહર્ષિઓ વાસ કરેછે, અતિઉત્તમ દિવ્ય અપ્સરાઓ છે, અહિં ચક્ષુરાદિ ઇન્દ્રિયોને દિવ્યસામર્થ્ય પ્રાપ્ત થાય છે, દેહ વજ્રજેવો થાયછે—એ સર્વે પદાર્થો તારા પુણ્યબલથી તેં પ્રાપ્ત કર્યા છે તેથી તને અમે સ્વાધીન કરીએ છીએ વિગેરે"—ત્યારે એ યોગી પુરુષે એ સર્વ વિષયોમાં પ્રીતિ ન કરવી તેમ જ 'અહો હો! મારું સામર્થ્ય કેવું છે કે દિવ્ય ભોગો જેને માટે અન્ય જીવો તરસી તરસીને મરી જાયછે તે મને અનાયાસે સામા પ્રાપ્ત થાયછે, હું કૃતકૃત્ય છું'—ઇત્યાદિ પ્રકારે પોતાના સામર્થ્યમાં અભિમાન પણ ન કરવું. પણ એવો વિચાર કરવો કે આ ઘોર સંસારમાં અત્યંત દુઃખમાં પીલાતો એવો જે હું તેણે જન્મમરણનું ઘટિયંત્રવત્ સદા ચાલતું જે અનંતચક્ર તેનો ઉચ્છેદ કરવામાટે આ યોગરૂપ સાધનનો સ્વીકાર કરેલો, તેથી એ ફલને અપ્રાપ્ત રહી આ પરિણામે નાશ પામનાર તથા પોતાનો સંસ્કાર અંતઃકરણમાં પાડી આ સંસારચક્રમાં અધિક અધિક ભ્રમ-

ણ કરાવનાર જે દિવ્ય ભોગો છે તેની સ્પૃહા ન રાખતાં મારા નિશ્ચય કરેલા માર્ગમાં જ પ્રવૃત્ત થવું જોઇએ. તેમ જ મારૂં જે પ્રયત્ન છે તે કંઇ આ દિવ્યભોગોની પ્રાપ્તિને માટે કરેલું નથી, પણ એથી કોટિગુણ ભારે ફલરૂપ જે કૈવલ્યાત્મક મહાસિદ્ધિ છે તેને માટે છે. તેથી જ્યાંસુધી એ મહાસિદ્ધિને ન પમાય ત્યાં સુધી મિથ્યા કૃતકૃત્યતા માનવી અનુચિત છે. આ વિગરે પ્રકારે પૂર્વના વિચારબળથી પૂર્વના કરેલા વિચારોનું સ્મરણ કરી આ પ્રસંગમાં લેશ પણ લોભ ન રાખવો, તેમ જ આવા પ્રસંગથી મિથ્યા કૃતકૃત્યતા ન માની બેસવું. કારણ કે જો તે સાધકયોગી સંગ અને સ્મય કરેછે તો તેથી તેને દિવ્યભોગ પ્રાપ્ત થાયછે અને એ ભોગવવામાં અંતઃકરણની અતિબહિર્મુખતા ઘણો કાળ રહેવાથી તે યોગીએ મેળવેલું યોગબલ ક્ષીણતાને પામવા માંડેછે, જેથી તે યોગી યોગના ઉત્તર કાળે થતી મહાસિદ્ધિઓને ન પ્રાપ્ત થતાં મધ્યે જ ભ્રષ્ટતાને પામી જાયછે, અને તેમ થવાથી એ યોગથી પ્રાપ્ત કરેલું પુણ્ય પરવારે છે કે તરત એ લોકમાંથી ભ્રષ્ટ થઇ પુનઃ મૃત્યુલોકમાં અથવા તેનાં તે સમયનાં પ્રારબ્ધાનુસાર અન્ય લોકોમાં ભ્રમણ કરવા માંડે છે. આપ્રમાણે થવાથી પુનઃ તે સંસાર ઉપર ચઢી જાયછે, અને આ દુઃખપ્રધાન હોવાથી દુઃખાત્મક સંસારનાં અનંત દુઃખોના ભોગનો પાત્ર થાયછે. તેથી યોગીએ આવા પ્રસંગમાં સાવધાનતા રાખી પ્રાપ્ત ધૈર્યબલથી દિવ્ય વિષયોમાં પણ પ્રીતિ ન કરવી તથા તેથી અભિમાન પણ ન કરવું.

આપ્રમાણે આ સૂત્રથી યોગસાધક પુરુષને પ્રાપ્ત થતું વિઘ્ન તથા તેનો ઉપાય એ બંને પ્રસંગવશાત્ કહ્યાં. હવે પૂર્વસૂત્રમાં સત્ત્વ અને પુરુષના ભેદસાક્ષાત્કારથી સર્વવિષયક જ્ઞાન થાયછે એ કહ્યુ છે. એ વિવેકજ્ઞાનને માટે અન્ય ઉપાયનું પ્રતિપાદન કરે છે.

क्षणतत्क्रमयोः संयमाद्विवेकजं ज्ञानम् ॥ ५१ ॥

સૂત્રાર્થઃ—ક્ષણ તથા તેના પૂર્વાપરક્રમમાં સાક્ષાત્કારપર્યન્ત સંયમ સિદ્ધ કરવાથી પૂર્વોક્ત વિવેકજ જ્ઞાન થાય છે.

क्षणतत्क्रमयोः—ક્ષણરૂપ કાળભાગ તથા આ ક્ષણ પૂર્વે છે, તેથી ઉત્તર આ ક્ષણ છે ઇત્યાદિ પ્રકારનો જે ક્ષણક્રમ તેમાં.

विवेकजं ज्ञानम्–સત્ત્વ અને પુરુષનો ભેદસાક્ષાત્કાર તે વિવેક. એ વિવેકથી સર્વ વસ્તુના અશેષ વિશેષનું હસ્તામલકવત્ અપરોક્ષ જ્ઞાન થાય છે એ પૂર્વ સૂત્રથી કહ્યું છે, તે સર્વવસ્તુવિષયક જ્ઞાન તે વિવેકજ જ્ઞાન છે.

આ સૂત્રથી એ કહ્યું કે ક્ષણ તથા તેમના પૌર્વાપર્યરૂપ જે ક્-

મ તેનો જો સંયમ કરી સાક્ષાત્કાર કરવામાં આવે છે તો એ સાક્ષાત્કારથી સર્વવસ્તુવિષયક તારક જ્ઞાન પ્રાપ્ત થાય છે. ત્યાં ક્ષણ એ કાળનો એક ભાગ છે. પૃથિવ્યાદિ સ્થૂલ પદાર્થોનો સૂક્ષ્મ સૂક્ષ્મ વિભાગ કરતાં ચાલ્યા જઇએ તો અંતે સૂક્ષ્મત્વની પરાકાષ્ઠારૂપ (અવધિરૂપ) એક અવયવ પ્રાપ્ત થાય છે જે પરમાણુ કહેવાય છે ત્યાં કોઈ પાર્થિવ અવયવી લઇ તેનો વિભાગ કરીએ તો કેટલીક હદે જતાં પાર્થિવધર્મવાળો એક અવયવ પ્રાપ્ત થશે. એને પણ સૂક્ષ્મ કરીએ તો એક ગંધતન્માત્રારૂપ અવયવ પ્રાપ્ત થશે. એને પણ સૂક્ષ્મ કરીએ તો અનુક્રમે તામસ અહંકાર તથા મહદ્રૂપ અવયવ પ્રાપ્ત થશે. એને પણ સૂક્ષ્મ કરતાં એક પ્રકૃતિરૂપ અણુ પ્રાપ્ત થશે. એ અણુ સૂક્ષ્મ કરી શકાતો નથી. તેથી અંતે સૂક્ષ્મત્વની અવધિરૂપે સત્ત્વ, રજસ અને તમસ્ એ ત્રિવિધ દ્રવ્યરૂપ પ્રકૃતિનો એક અણુ પ્રાપ્ત થાય છે. એ અણુ તે પરમાણુ છે. આ જ પ્રમાણે વર્ષ, માસ, દિવસ, પ્રહર, ઘટિકાવિગેરે સ્થૂલ પદાર્થને છોડી દઈ એને સૂક્ષ્મ કરતાં ચાલ્યા જઇએ તો કાળની સૂક્ષ્મત્વના અવધિરૂપે જે અંતિમ કાળ પ્રાપ્ત થાય તે ક્ષણ છે. અન્ય રીતે કહીએ તો પ્રકૃતિના એક અણુને ચલાયમાન થતાં જેટલો કાળ લાગે તેટલો કાળ તે ક્ષણ છે. એ ક્ષણોનો જે પ્રવાહ એટલે ઉત્તરોત્તરરૂપે વહેવું તે ક્રમ છે. ત્યાં એ પ્રવાહ વસ્તુરૂપે અસ્તિત્વમાં હોતો નથી કારણ કે ક્ષણોનો સમૂહ થઇ શકતો નથી. ક્ષણરૂપ કાળ જે ત્રિગુણાત્મક પ્રકૃતિનું કાર્ય છે તે જ માત્ર વસ્તુરૂપે સત્ છે અને જ્યારે એક ક્ષણ હોય ત્યારે અન્ય ક્ષણ હોતો નથી અર્થાત્ ક્ષણોનો સમૂહ થઈ શકતો નથી તેથી મુહૂર્તાદિ કાળ કેવલ કલ્પનારૂપ છે. આમ હોવાથી ક્ષણોનો પ્રવાહ એટલે ક્ષણોનું ઉત્તરોત્તરભાવે સાથે રહેવું એ અર્થ નથી, પણ માત્ર એ જ કે અમુક ક્ષણપછી અમુક ક્ષણ છે, પછી અમુક ક્ષણ છે—આ પ્રકારનો જે પ્રવાહ તે ક્ષણોનો ક્રમ છે. એ ક્ષણ તથા તેના ક્રમ એ બેમાં સંયમની સિદ્ધિ કરી સાક્ષાત્કાર કરાય છે ત્યારે પ્રત્યેક ક્ષણમાં સર્વ વસ્તુઓ પરિણામને પામે છે તેથી એ સાક્ષાત્કારથી ક્ષણ તથા તેના ક્રમસાથે સંબંધવાળી હોવાથી સર્વ વસ્તુનો તથા તેના સર્વ પરિણામનો સાક્ષાત્કાર થાય છે.

આપ્રમાણે આ સૂત્રથી વિવેકજન્ય જ્ઞાનને માટે ક્ષણ તથા તેના પૌર્વાપર્યરૂપ ક્રમમાં સંયમનું વિધાન કર્યું. એ વિવેકજન્ય જ્ઞાન સંસારથી તારનાર છે તથા સર્વવિષયક છે એનું પ્રતિપાદન ગ્રંથકાર ઉત્તર સૂત્રથી કરશે. પણ ત્યાર પૂર્વે એ સર્વવિષયક જ્ઞાનનું શિ-

વ્યવ્યુત્પત્તિઅર્થે એક ઉદાહરણ આપે છે કે

जातिलक्षणदेशैरन्यतानवच्छेदात्तुल्ययोस्ततः प्रतिपत्तिः॥५३॥

સૂત્રાર્થઃ—જાતિ, લક્ષણ અને દેશે કરીને જેમના ભેદનો નિશ્ચય થતો નથી એવા જાત, લક્ષણ અને દેશે કરીને એકસરખા પદાર્થોના ભેદનો નિશ્ચય આ વિવેકજ જ્ઞાનથી થઇ શકે છે.

जाति०—જાતિ એટલે તે તે પદાર્થના પ્રાણપ્રદ ધર્મોનો સમૂહ. જેમકે ગાયમાં રહેલી ગોત્વજાતિ. ગોત્વવિના ગાય રહી શકતી નથી તેથી ગોત્વ એ ગાયની જાતિ છે. ગાયમાંથી ગોત્વ લઇ લઇએ તો એ ગાય છે કે ભેંસ છે વા કોઇ અન્ય છે એ કશું કહેવાય નહિ તેથી તે તે વ્યકિતના પ્રધાન આધારરૂપ તથા એકથી અધિક વ્યકિતમાં રહેનાર ધર્મસમૂહ તે જાતિ છે; અર્થાત એકથી અધિક વ્યકિતમાં રહેનાર, તથા તે તે વ્યકિતને તે તે નામે વ્યવહારની યોગ્યતા સંપાદન કરી આપનાર જે ધર્મોનો સમૂહ તે જાતિ છે. લક્ષણ એટલે વિશેષતા પ્રતિપાદન કરનાર વસ્તુમાં રહેલો ધર્મ, જેમ કોઇ ગાયમાં રહેલો રક્ત વર્ણ. આ રક્ત વર્ણનો નાશ થાય તથાપિ એ ધર્મના આશ્રયરૂપ વ્યકિતમાં જો ગોત્વ હોય તો તે વ્યકિતને ગાય કહેવામાં બાધ નથી. તેથી આ ધર્મ એવો છે કે જેના જવા આવવાથી તે તે વ્યકિતના વ્યવહારમાં બાધ વા લાભ થતો નથી, અર્થાત્ જાતિથી ભિન્ન છે. આ ધર્મ પોતાના આશ્રયને તેના સમાનજાતિવાળા અન્ય પદાર્થોથી છૂટો પાડે છે. કોઇ ગાયમાં રક્તવર્ણ હોય તો એ રક્તવર્ણ પોતાના આશ્રયરૂપ તે ગાયને ગોત્વજાતિવાળી અન્ય શ્વેત, કર્બુરાદિ વર્ણવાળી ગાયોથી છૂટી પાડે છે. તેથી એ ધર્મ લક્ષણરૂપ છે. लक्ष्यते अनेन જેવડે તે પદાર્થની વ્યાવૃત્તિ થઇ શકે છે,—એ વ્યુત્પત્તિથી લક્ષણનો અર્થ આ સ્થળે જાતિથી ભિન્ન, વ્યાવૃત કરનાર ધર્મ થાય છે. દેશ એટલે સ્થળ. એ ત્રણ વડે.

अन्यतान०—અન્યતા એટલે ભેદ અને અનવચ્છેદ એટલે નિશ્ચયરૂપ અવચ્છેદનો અભાવ, એટલે ભેદ જ્ઞાનનો અભાવ.

तुल्ययोः—એટલે જાતિ, લક્ષણ અને દેશે કરીને સરખા છતાં વસ્તુતઃ ભિન્ન એવા પદાર્થોનો.

ततः— પૂર્વોક્ત વિવેકજ જ્ઞાનથી.

प्रतिपत्तिः—ભેદજ્ઞાન.

આ સૂત્રમાં એ કહ્યું કે વ્યવહારમાં પદાર્થોના ભેદનું જ્ઞાન જાતિ, લક્ષણ અને દેશ એ ત્રણવડે થાય છે. એકસરખી આકૃતિવિગેરેવાળા તથા એક દેશમાં અનુક્રમે ઉભેલા ગાય અને ગવયરૂપ બે

પદાર્થોના ભેદનું જ્ઞાન એ પદાર્થોમાં રહેલી ગોત્વ અને ગવયત્વરૂપ જાતિના ભેદથી થાય છે. તેમજ એક દેશમાં રહેલી બે ગાયો દેશ તથા ગોત્વરૂપ જાતિએ કરીને સરખી હોય છે છતાં જો તેના વર્ણ વિગેરે ધર્મમાં ભેદ હોય છે તો એ ધર્મવડે એ ગાયનો ભેદ નિશ્ચય કરાય છે. તેમ જ બે આમલક વૃક્ષો જેઓ લક્ષણ અને જાતિએ કરીને સમાન છે તે વૃક્ષો બંને એક વખતે એક સ્થળે રહેવા અસંભવ છે તેથી અમુક પૂર્વ દેશમાં છે, અમુક ઉત્તર દેશમાં છે એ પ્રમાણે દેશભેદથી એમના ભેદનો નિશ્ચય થાય છે. આ પ્રમાણે જાતિ, દેશ અને લક્ષણ એ ત્રણવડે પદાર્થોના ભેદનો નિશ્ચય લોકો કરી શકેછે. એ ત્રણનો ભેદ જ્યાં નથી જણાતો ત્યાં લોકો ભેદનિશ્ચય કરવા અસમર્થ થાય છે. એના સ્થૂલ દૃષ્ટાન્તરૂપે બે આમલક વૃક્ષો લઈએ. ઉપર કહ્યાપ્રમાણે એ બે આમલક વૃક્ષો લક્ષણમાં પણ સરખાં છે એમ ધારીએ. અને જાતિમાં તો એ સરખાં જ છે. હવે ધારોકે જે દેશમાં એક આમલક વૃક્ષ હતું અને જે દેશમાં બીજું આમલક વૃક્ષ હતું તે દેશોનો કોઈ દૈવી સત્તાથી વિનિમય થયો. એટલે જે પ્રદેશમાં એક આમલક વૃક્ષ હતું તે પ્રદેશને છોડીને તે આમલક વૃક્ષ બીજા આમલક વૃક્ષના પ્રદેશમાં ગયું અને બીજું આમલક વૃક્ષ પણ એ જ પ્રમાણે પ્રથમ આમલક વૃક્ષના પ્રદેશમાં આવ્યું. આમ થવાથી એ આમલક વૃક્ષો દેશે કરીને પણ અભિન્ન થયાં. હવે એ વૃક્ષોનો ભેદ જાણવા સર્વ લોકો અસમર્થ થયા. તો એ સ્થળે પણ વિવેકજન્ય જ્ઞાનવાળો યોગી ભેદને જાણી શકે છે. જે પુરુષે ક્ષણ અને તેના ક્રમમાં સંયમની સિદ્ધિ કરી હોય છે તે વિવેકજન્યજ્ઞાનવાળા યોગીને પ્રથમના આમલક વૃક્ષના ક્ષણની સાથે સંબંધવાળા પ્રથમના દેશના પરિણામોનો સાક્ષાત્કાર થયેલો હોય છે અને તે જ પ્રમાણે ઉત્તર પ્રદેશના પરિણામોનો પણ હોય છે. તેમ જ જ્યારે વૃક્ષોનો વિનિમય થાય છે ત્યારે એ વિનિમયના ક્ષણસાથે સંબંધવાળા વૃક્ષોના પરિણામોનો સાક્ષાત્કાર પણ તે યોગીને થાય છે. આમ હોવાથી જે ક્ષણે એ વૃક્ષોનો વિનિમય થયો હોય છે તે ક્ષણ તથા વિનિમયવિગેરે તે યોગી જાણી શકેછે અને તેથી જાતિ, લક્ષણ અને દેશ ત્રણેમાં સામ્યવાળાં વૃક્ષોનો પણ જે વાસ્તવભેદ હોય તે નિશ્ચય કરી શકેછે. આ વૃક્ષોનું તો એક સ્થૂલ ઉદાહરણ છે. પણ એજ પ્રમાણે પરમાણુઓનો ભેદ (જે પરમાણુઓ જાતિ, દેશ અને લક્ષણ વડે સમાન હોયછે તેથી સાધારણ લોકોથી જાણ્યો જાય એમ નથી તેનો) પણ તે વિવેકજન્ય જ્ઞાનના પ્રભાવથી જાણી શકે છે.

આપ્રમાણે વિવેકજન્યજ્ઞાનનો એક વિષય બતાવી હવે એ વિવેકજન્યજ્ઞાન સર્વ પદાર્થને સર્વથા વિષય કરનાર છે તથા તેથી તારક છે એ પ્રતિપાદન કરતા કહે છે કે

तारकं सर्वविषयं सर्वथाविषयमक्रमं चेति विवेकजं ज्ञानम् ॥ ५२ ॥

સૂત્રાર્થઃ—આ વિવેકજન્ય જ્ઞાન સર્વ પદાર્થને વિષય કરનાર હોયછે, પદાર્થોના સર્વ સ્થૂલસૂક્ષ્માદિ પ્રકારોને વિષય કરનાર છે, તથા સર્વને યુગપત્ ભાસમાન કરે છે અને સંસારસાગરથી તારનાર હોવાથી તારક કહેવાય છે.

तारकम्ः—એટલે સંસારસમુદ્રથી તારનાર.

सर्वविषयम्ः—એટલે સર્વ વસ્તુને-પ્રકૃતિઆદિ સર્વને તથા પુરુષને-વિષય કરનાર.

सर्वथा०—એટલે જે જે વસ્તુને ભાસમાન કરે તે વસ્તુને પણ કોઈ અમુક રૂપે જ ભાસમાન કરે છે એમ નહિ, પણ તે વસ્તુની જે સ્થૂલ, સૂક્ષ્મ, અતીત, અનાગતાદિ અવસ્થા તે સર્વને ભાસમાન કરે છે.

अक्रमम्—એટલે ક્રમરહિત. લૌકિક જ્ઞાનમાં એવો ક્રમ હોય છે કે એક વખતે એક પદાર્થ વિષય થાય. પણ આ જ્ઞાનમાં તેમ નથી. આ જ્ઞાનમાં તો સર્વપ્રકારવાળા સર્વ પદાર્થો યુગપત્ ભાસેછે. તેથી એ જ્ઞાન અક્રમ છે.

આ સૂત્રથી એ વિવેકજન્ય જ્ઞાનનું સ્વરૂપ એ પ્રતિપાદન કર્યું કે સત્ત્વપુરુષના ભેદસાક્ષાત્કારથી અથવા ક્ષણ અને તેના ક્રમમાં સંયમની સિદ્ધિ કરવાથી ઉદ્ભૂત કરાયેલી જે યથાર્થજ્ઞાનના સામર્થ્યરૂપ પ્રતિભા તે પ્રતિભાથી એ જ્ઞાન થયેલું હોયછે. તેમ જ એ જ્ઞાન સમગ્રપ્રકારસહિત સંપૂર્ણ વસ્તુને યુગપત્ વિષય કરેછે અને તેથી સંપૂર્ણ પ્રાકૃત વસ્તુના દોષોના સાક્ષાત્કારદ્વારા તથા પુરુષસાક્ષાત્કારદ્વારા પરવૈરાગ્ય પ્રાપ્ત કરાવી કૈવલ્યને પ્રાપ્ત કરેછે અર્થાત્ આ સંસારપયોધિથી તે યોગીને તારનાર છે તેથી તારક નામથી ઓળખાય છે.

આ વિવેકજન્ય જ્ઞાન સૂર્યતુલ્ય છે, અને આખો યોગપ્રદીપ એના અંશરૂપ છે. મધુમતીભૂમિકાથી આરંભી સપ્ત પ્રકારની જે પ્રજ્ઞા તે સર્વને યોગપ્રદીપ કહે છે. એ યોગપ્રદીપમાં આવતી સર્વ પ્રજ્ઞા આ વિવેકજન્ય જ્ઞાનના એક અંશરૂપ છે. અને એમ હોવાથી જે સવિતર્કાદિરૂપ યોગભૂમિકા તથા પરિણામત્રયસંયમાદિરૂપ

યોગભૂમિકાઓ છે તે તો સર્વ આ વિવેકજન્ય અંશના અંશરૂપ છે, અર્થાત્ જ્ઞાનની અમર્યાદાવસ્થારૂપ આ વિવેકજ જ્ઞાન છે.

આપ્રમાણે આ પાદનાં સૂત્રોથી સંયમની સિદ્ધિરૂપે જ્ઞાન અને ઐશ્વર્યરૂપ વિભૂતિયો કહી, તથા અંતે આ સૂત્રથી એ સર્વ સિદ્ધિના શિખરરૂપ વિવેકજન્ય જ્ઞાનરૂપ સિદ્ધિ કહી.

હવે પૂર્વોક્ત સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થઇ હોય તથાપિ આ મહાસિદ્ધિવિના કૈવલ્યસિદ્ધિ થતી નથી અને આ મહાસિદ્ધિ પ્રાપ્ત થઈ કે પછી પૂર્વોક્ત સિદ્ધિની અપેક્ષાવિના કૈવલ્યની સિદ્ધિ થાય છે, અર્થાત્ કૈવલ્યની સિદ્ધિ આ તારકનામવાળા વિવેકજન્ય જ્ઞાનથી અનંતર થાય છે એ પ્રતિપાદન કરવા કહેછે કે

सत्त्वपुरुषयोः शुद्धिसाम्ये कैवल्यमिति ॥ ५४ ॥

સૂત્રાર્થઃ—બુદ્ધિસત્ત્વ તથા પુરુષની સમાન શુદ્ધિ થયે (અન્ય કોઇ પણ સિદ્ધિની અપેક્ષાવિના) કૈવલ્ય પ્રાપ્ત થાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે જ્યારે બુદ્ધિસત્ત્વ અને પુરુષ બંને સમાન શુદ્ધિને પામેછે ત્યારે પૂર્વ સૂત્રોમાં કહેલી જ્ઞાનક્રિયાદિરૂપ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય કે ન કરી હોય તથાપિ કૈવલ્યની પ્રાપ્તિ થાછે. ત્યાં જ્યારે બુદ્ધિસત્ત્વના રજસ્ અને તમસરૂપ મળ નિવૃત્ત થઇ જાય છે અને તેથી કરીને જ્યારે બુદ્ધિસત્ત્વને વિવેકખ્યાતિમાત્રમાં જ કર્તવ્યતા રહેછે અને કોઇ સિદ્ધિવિગેરેવિષે રહેતી નથી તથા અનાગતકલેશરૂપ સંસારનાં બીજને જ્યારે દગ્ધ થઇ જાય છે ત્યારે બુદ્ધિસત્ત્વ શુદ્ધસાત્વિક થઈ રહેછે. અને પુરુષ જેમાં પૂર્વે, પોતે બુદ્ધિમાંપ્રતિબિંબિત હોવાથી, સુખદુઃખાદિ ભોગનો ઉપચાર થતો હતો તેમાં હવે બુદ્ધિસત્ત્વની વૃત્તિનો નિરોધ થયેલો હોવાથી ભોગનો ઉપચાર થતો નથી. એ જ પુરુષની ઉપચરિત શુદ્ધિ છે. આ પ્રકારે પુરુષની ઉપચરિત શુદ્ધિ તથા બુદ્ધિસત્ત્વની શુદ્ધિ એ બંને સમાન છે. ત્યાં સાદૃશ્ય એ છે કે પુરુષ અને બુદ્ધિસત્ત્વ બંનેમાંથી સત્ય ભોગનો અભાવ થાય છે, તથા બુદ્ધિસત્ત્વ શુદ્ધ સાત્વિક હોવાથી ચૈતન્યસદૃશ થાયછે. આ પ્રકારની જે બુદ્ધિસત્ત્વ અને પુરુષની અવસ્થા થવી એ શુદ્ધિસામ્યાવસ્થા છે. એ અવસ્થાની જ્યાં સિદ્ધિ થઇ કે પછી પ્રારબ્ધનો અંત આવે કૈવલ્યની સિદ્ધિ થાય છે; કૈવલ્યની સિદ્ધિમાટે કોઇ પણ જ્ઞાનરૂપ વા ઐશ્વર્યરૂપ સિદ્ધિની અપેક્ષા રહેતી નથી. તાત્પર્ય કે જ્ઞાનક્રિયાદિરૂપ ઐશ્વર્યને પ્રાપ્ત થયેલા યોગીને તથા એ ઐશ્વર્ય ન પ્રાપ્ત થયેલા યોગીને બંનેને એક સરખી રીતે આ વિવેકસાક્ષાત્કારથી શુદ્ધિ સામ્યરૂપ અવસ્થાની પ્રાપ્તિ થયે પ્રારબ્ધની સમાપ્તિએ કૈવલ્યની પ્રાપ્તિ થાયછે.

અહિં એ શંકા થાયછે કે જે પુરુષને વિવેકજ જ્ઞાન પ્રાપ્ત થયું તેને સર્વજ્ઞતા તથા સર્વ પદાર્થોનું નિયંતૃત્વ અવશ્ય જ પ્રાપ્ત થવાનાં તો પછી એમ કહેવું કે એ જ્ઞાનક્રિયાદિ ઐશ્વર્યને ન પામેલાને પણ કૈવલ્ય થાયછે એ વ્યર્થ છે. એ શંકાનો ઉત્તર એ કે જેમ જ્યોતિષ્ટોમ યાગનું ફલ સ્વર્ગ છે છતાં તે નિષ્કામપણે કરવામાં આવે છે તો સ્વર્ગરૂપ ફલ ભોગવવું અવશ્યનું નથી, તેમ આ સિદ્ધિઓની પ્રાપ્તિમતિ કામના પણ હેતુરૂપ છે. વિવેકજન્યજ્ઞાન થાય છતાં જેને સર્વજ્ઞતાવિગેરેની કામના ન હોય તેને એ સિદ્ધિનો ભોગ થવો અવશ્યનો નથી. એ વિષયમાં વિશેષ કારણોમાટે શ્રાબ્રામિની ભૂષણ ચતુર્થાલંકારમાં જીજ્ઞાસુએ જોવું ઉચિત છે. તેથી એવા પણ યોગીઓ હોવા સંભવે છે કે જેમને વિવેકખ્યાતિ સિદ્ધ થયેલી હોય છતાં સર્વજ્ઞતાદિસિદ્ધિ ઉદ્ભૂતાવસ્થામાં ન હોય. તેથી ઉપરનું કહેવું યોગ્ય છે.

આથી એ થયું કે કૈવલ્યપતિ સિદ્ધિઓ સાક્ષાત્ હેતુ નથી પણ વિવેકખ્યાતિ વા પરવૈરાગ્યભાવ જ સાક્ષાત્ હેતુ છે. આમ છે છતાં સિદ્ધિઓનું આ ગ્રંથમાં કરેલું પ્રતિપાદન વ્યર્થ નથી, કારણ કે એ સિદ્ધિઓ પણ યોગમાં શ્રદ્ધા તથા વિષયોમાં વૈરાગ્યવિગેરે ઉત્પન્ન કરનાર હોવાથી વિવેકખ્યાતિના ઉપકારકરૂપ છે તેથી જ્યાં વિવેકખ્યાતિનો ઉદય થયો કે પછી અન્ય સિદ્ધિઓનો આવિર્ભાવ ન હોય તોપણ તે યોગી મહાત્માના બુદ્ધિસત્ત્વનો અધિકાર સમાપ્ત થાય છે અને તેથી એ બુદ્ધિસત્ત્વ પુરુષનું દૃશ્ય ન થતાં પોતાના કારણમાં આત્યંતિક લયને પામી જાયછે, જેથી ત્રિવિધ દુઃખનો અભાવ થવાથી પુરુષ કૈવલ્યને પામ્યો કહેવાય છે.

આપ્રમાણે આ તૃતીય પાદમાં યોગનાં ત્રણ અંતરંગ સાધનોનું પ્રતિપાદન કર્યું, તેની સંયમ એવી શાસ્ત્રીય સંજ્ઞા કહી, એ સંયમના વિષયનું પ્રદર્શન કરવા ત્રિવિધ પરિણામનું પ્રતિપાદન કર્યું, પછી નાનાવિધ વિષયોમાં સંયમની સિદ્ધિ કરવાથી જ્ઞાનક્રિયાદિઐશ્વર્યરૂપ વિવિધ સિદ્ધિઓનું પ્રતિપાદન કર્યું તથા તેમાં જ સમાધિને વિશેષ ઉપયોગી એવી ઇન્દ્રિયપ્રાણાદિના જયથી થતી સિદ્ધિઓ કહી, પરમપુરુષાર્થની સિદ્ધિવાસ્તે ભૂતજય, ઇન્દ્રિયજયવિગેરે સિદ્ધિઓનું ફલસહિત વ્યાખ્યાન કર્યું તથા અંતે વિવેકખ્યાતિમાટે જરૂરના ઉપાયો, એ વિવેકખ્યાતિનું સ્વરૂપ તથા એના ફલરૂપે કૈવલ્યનું પ્રતિપાદન કર્યું.

अत्रान्तरङ्गान्यङ्गानि परिणामाः प्रपंचिताः । संयमाद्भूतिसंयोगस्तासु ज्ञानं विवेकजम् [1] ॥ ९ ॥

---

૧ શ્રીવાચસ્પતિમિશ્રવ્યાખ્યા.

॥ ॐ श्री ॥

चतुर्थपादः

ઉપરપ્રમાણે હેય, હેયહેતુ, હાનોપાય અને હાનરૂપ ચાર વ્યૂહવાળા આ યોગશાસ્ત્રના પ્રથમ ત્રણ વ્યૂહનું એટલે હેય, હેયહેતુ તથા તેને હાન કરવાના ઉપાયોનું અતિવિસ્તારથી પ્રતિપાદન કર્યું. તથા પ્રસંગવશાત્ ચતુર્થ વ્યૂહરૂપ હાનનું પણ યત્કિંચિત્ પ્રદર્શન કર્યું. હવે એ હાનરૂપ ચતુર્થ વ્યૂહનું વિસ્તારથી પ્રતિપાદન કરવા આ ચતુર્થ પાદનો આરંભ છે. એ હાન તે કૈવલ્ય છે અને કૈવલ્યનું પ્રતિપાદન કરનાર આ પાદ છે તેથી આ પાદ કૈવલ્યસંજ્ઞાથી ઓળખાય છે. એ પાદમાં મુખ્ય તો કૈવલ્યનું પ્રતિપાદન કરવાનું છે. એ પ્રતિપાદન બરાબર થવા પ્રથમ કૈવલ્યયોગ્ય ચિત્ત, તથા ચિતિશક્તિરૂપ પુરુષથી ભિન્ન સુખાદિનો અનુભવ કરનાર અભિમાની તથા પ્રસંખ્યાનની પરાકાષ્ઠાવિગેરેનું પ્રતિપાદન કરવું જરૂરનું છે તેથી એ પ્રતિપાદન કરે છે. ત્યાં પ્રથમ કૈવલ્યને યોગ્ય ચિત્તનો નિર્ણય કરવા સિદ્ધિઓના પાંચ પ્રકાર કહેછે અને તે કહેવાથી અર્થાત્ સમાધિજન્ય સિદ્ધિનું શ્રેષ્ઠત્વ પણ સિદ્ધ કરે છે.

जन्मौषधिमन्त्रतपःसमाधिजाः सिद्धयः ॥ १ ॥

સૂત્રાર્થઃ—સિદ્ધિઓ પાંચ પ્રકારની હોયછેઃ (૧) જન્મથી જ થયેલી, (૨) ઓષધિથી થયેલી, (૩) મંત્રથી થયેલી, (૪) તપથી થયેલી અને (૫) સમાધિથી થયેલી.

આ સૂત્રમાં સિદ્ધિઓ પાંચ પ્રકારની છે એમ કહ્યું. તે પાંચ પ્રકારની સિદ્ધિઓ આ છેઃ (૧) જન્મસિદ્ધિ, (૨) ઓષધિસિદ્ધિ, (૩) મંત્રસિદ્ધિ, (૪) તપઃસિદ્ધિ અને (૫) સમાધિસિદ્ધિ. ત્યાં આ મનુષ્ય અવતારમાં કરેલાં તથા કોઈ નિમિત્તવડે પરિપાકને પામેલાં કર્મથી દિવ્ય દેહશરીર પામી તે શરીરમાં જ જન્મમાત્રથી થતી અણિમાદિ સિદ્ધિઓ જન્મથી થનાર હોવાથી જન્મસિદ્ધિ છે; જેમકે યક્ષાદિને જન્મથી જ આવતું આકાશગમનાદિનું સામર્થ્ય. મનુષ્ય કોઈ નિમિત્તથી પાતાળમાં જઈ ત્યાંની રમણીય અસુરકન્યાએ આણી આપેલા રસાયનનો ભોગ કરવાથી જરામૃત્યુરહિત ઘણો કાળ હાલ રહી શકે એવું સામર્થ્ય પ્રાપ્ત કરી

શકે છે એ સામર્થ્ય રસાયનરૂપ ઔષધિથી પ્રાપ્ત થયેલું હોવાથી ઔષધિસિદ્ધિ છે તેમ જ આ લોકમાં રહી કોઇ રસાયનના ઉપયોગથી જે વિલક્ષણ સામર્થ્ય પમાય તે સામર્થ્ય પણ ઔષધિરૂપ નિમિત્તથી મળેલું હોવાથી ઔષધિસિદ્ધિ છે. મંત્રોના, નિયમિત ક્રમથી શ્રીગુરુની આજ્ઞાનુસાર કરેલા અમુકસંખ્ય જપથી જે આકાશગમનનું સામર્થ્ય તથા અણિમાદિસામર્થ્ય પ્રાપ્ત થાય છે તે મંત્રસિદ્ધિ છે. શ્રીગુરુશાસ્ત્રની આજ્ઞાનુસાર નિયમિતપણે કરેલા તપવડે વિશ્વામિત્રાદિની માફક જે સંકલ્પસિદ્ધિવગેરે સામર્થ્ય પ્રાપ્ત થાય છે તે તપઃસિદ્ધિ છે. પૂર્વપાદમાં કહેલી સિદ્ધિઓ સમાધિસિદ્ધિ છે. આપ્રમાણે સિદ્ધિઓ પાંચ પ્રકારની છે.

આ પાંચ પ્રકારની સિદ્ધિઓમાં સમાધિસિદ્ધિઓ જ શ્રેષ્ઠ છે. કારણ કે એ કૈવલ્યના ઉપકારકરૂપ છે. અન્ય ચાર સિદ્ધિઓ પણ પૂર્વજન્મમાં કરેલા યોગાભ્યાસના બળથી જ વર્તમાન જન્મમાં જન્મ, ઔષધિવિગેરે નિમિત્તથી અભિવ્યકત થાયછે. તેથી આ સૂત્રનું એક તાત્પર્ય એવું થયું કે કદાચ આ જન્મમાં યોગાભ્યાસ કરવાથી કોઇ સિદ્ધિવિગેરેની પ્રતીતિ ન થાય તથાપિ તેટલાથી યોગાભ્યાસ છોડી દેવો યોગ્ય નથી, પણ આ જન્મમાં ન થઈ તો એ ઉત્તર જન્મમાં અવશ્ય થશે એવો દૃઢ વિશ્વાસ રાખવો યોગ્ય છે, અને એમ હોવાથી અનેક જન્મના અભ્યાસથી સિદ્ધ થતી સમાધિમાટે પણ તેવો જ વિશ્વાસ રાખવો ઘટે છે.

આપ્રમાણે આ સૂત્રથી પાંચ પ્રકારની સિદ્ધિઓનું નિરૂપણ કરી કહ્યું કે જન્મ, ઔષધિ, મંત્ર, તપ અને સમાધિથી અણિમાદિ સિદ્ધિઓ વિગેરે પ્રાપ્ત થાય છે. ત્યાં એ સિદ્ધિઓનું સ્વરૂપ તૃતીય પાદમાં પ્રતિપાદન કર્યું છે. તથાપિ એ સિદ્ધિઓનો પ્રકાર ત્યાં પ્રતિપાદન કર્યો નથી. તેથી એ પ્રકારસંબંધી એ પ્રશ્ન ઉઠેછે કે "જ્યાં એક દેહ પ્રારબ્ધકર્મના ભોગના અવસાનથી પડી અન્ય દેહ પ્રાપ્ત થાય તથા તે દેહમાં જન્મમાત્રથી જ સિદ્ધિઓનો આવિર્ભાવ થાય ત્યાં તો કશું કહેવાજેવું નથી. પણ કેટલેક પ્રસંગે એવું બને છે કે વર્તમાન દેહનું પતન થતું નથી પણ એ દેહ જ અન્ય દેહરૂપે બદલાઇ જઇ સિદ્ધિઓનો આવિર્ભાવ થાય છે. એવું આખ્યાન સાંભળવામાં આવે છે કે તપના પ્રભાવથી શ્રીશંકરના વીક્ષણમાત્રથી નંદીશ્વરને તત્કાળ દિવ્ય દેહની પ્રાપ્તિ થઇ તેમ જ નહુષ રાજાને ઋષિના શાપથી સર્પશરીરની તત્કાળ ત્યાં ને ત્યાં જ પ્રાપ્તિ થઇ. એ પ્રસંગોમાં એ શંકા થાય

છે કે એ દેવસર્પાદિના શરીરની પ્રાપ્તિ કેવી રીતે થાય ? કારણ કે મનુષ્યશરીર કંઇ દેવાદિ શરીરનું ઉપાદન કારણ નથી. કેમકે જ્યાં સુધી મનુષ્યશરીર વિદ્યમાન હોય છે ત્યાંસુધી તો દેવાદિશરીરરૂપે પરિણામ થતો નથી, તેમ જ જો એ મનુષ્યશરીર નષ્ટ થઇ જાય તો પછી નષ્ટ પદાર્થ અન્યનું ઉપાદન કારણ થવો સંભવતો નથી. તેમ જ એ નરશરીરના અવયવો પણ એ દેવાદિશરીરના ઉપાદાન થવા ઘટતા નથી, કારણ કે એ અવયવો માત્ર નરશરીરના હેતુરૂપ છે તેથી એ અવયવોથી નરશરીરથી વિલક્ષણ કાર્ય થઇ શકે નહિ. તેથી એ દેવાદિઆકારે પરિણામ કેવી રીતે થઇ શકે એ એક પ્રશ્ન ઉઠે છે. તેમ જ જે અણિમાદિ સિદ્ધિઓ કહી છે તેમાં પણ એ જ પ્રશ્ન ઉઠે છે કે એ નરશરીર અતિસૂક્ષ્મ, લઘુવિગેરે કેવી રીતે થઇ શકે વિગેરે. એ પ્રશ્નોનો ઉત્તર આપી સિદ્ધિઓનો પ્રકાર નિરૂપણ કરવા કહેછે કે

जात्यन्तरपरिणामः प्रकृत्यापूरात् ॥ २ ॥

સૂત્રાર્થ—(એકરૂપે પરિણામ પામેલાં શરીર અને ઇન્દ્રિયોનો) અન્યજાતીય પરિણામ તે શરીરઇન્દ્રિયના ઉપાદાન કારણરૂપ ભૂત અને અસ્મિતાના અનુપ્રવેશથી (પૂરવાથી) થાય છે.

जात्यन्तर०—એટલે અન્યજાતીય પરિણામ. મનુષ્ય જાતિ અને દેવજાતિ એ બંને ભિન્ન જાતિ છે, તેથી મનુષ્યશરીરનો દેવશરીરરૂપે પરિણામ થવો એ ભિન્નજાતિરૂપે થતો પરિણામ હોવાથી जात्यन्तरपरिणाम છે.

प्रकृत्याऽऽपूरात्—પ્રકૃતિરૂપ ઉપાદાન કારણનો અનુપ્રવેશ થવાથી. आपूर એટલે ભરાવું વા પ્રવેશ થવો તે.

આ સૂત્રથી એ કહ્યું કે પ્રધાનથી માંડી પંચભૂતસુધીના સર્વ પદાર્થો ઉપાદાનકારણરૂપ હોવાથી પ્રકૃતિરૂપ છે. ત્યાં શરીરનું ઉપાદાન કારણ પૃથિવ્યાદિ પંચભૂત છે અને ઇન્દ્રિયોનું ઉપાદાન પ્રકૃતિ, અસ્મિતા વા અહંકાર છે. જ્યારે મનુષ્યાદિ જાતિવાળાં શરીર તથા ઇન્દ્રિયોનો મનુષ્યાદિથી ભિન્ન જાતિરૂપ દેવાદિજાતિરૂપે પરિણામ થાય છે ત્યારે એ પરિણામ શરીર તથા ઇન્દ્રિયની પ્રકૃતિરૂપ પંચભૂત અને અહંકારના પૂરવાથી થાયછે. એટલે જ્યારે કોઇ પણ પ્રકારના ધર્મની રૂડે પ્રકારે સિદ્ધિ કરવામાં આવેછે અને તે ધર્મ પોતાનું ફલ આપવાને અન્ય જાતિવાળાં શરીર અને ઇન્દ્રિયની અપેક્ષા રાખેછે તો એવે સમયે જો એ ધર્મ વર્તમાન જન્મમાં જ પરિકવ થઈ જાયછે તો પોતે ફ્લ આપી શકે એવા મનુષ્યાદિથી ભિન્ન જાતિનાં શરીર અને ઇન્દ્રિયના પ્રકૃતિરૂપ પંચભૂત અને અહંકારના અણુનો વર્તમાન મનુષ્યાદિશરીરમાં અનુ-

પ્રવેશ કરાવે છે તથા પછી જેમ એક અગ્નિનો વિસ્ફુલિંગ મોટી ઘાસની ગંજીમાં પ્રવેશ કરે છે તો તે આખી ગંજીમાં પોતાની પ્રકૃતિનો અનુપ્રવેશ કરાવી ગગનવ્યાપિવહ્નિરૂપ પરિણામ સર્વનો કરેછે, તે જ પ્રમાણે અન્ય જાતિનાં શરીરેન્દ્રિયની પ્રકૃતિરૂપ પંચભૂત અને અહંકારનો વર્તમાન શરીરમાં પ્રવેશ થાય છે એટલે એ વર્તમાન શરીરસહિત સર્વનો તે તે જાતિનાં શરીરેન્દ્રિયરૂપે પરિણામ કરે છે. આમ થવાથી વર્તમાન શરીર જ દિવ્યાદિશરીરરૂપે પરિણામ પામી જાયછે. વિશેષ સ્પષ્ટ કરી કહીએ તો આ પ્રમાણેઃ—

પ્રત્યેક શરીર બંધાવામાં તથા તેમાં વિચિત્ર ભોગ આવવામાં સાધારણ રીતે પૂર્વના મૃત્યુવખતે બલવત્તમ વેગથી જાગ્રત્ થયેલા કર્મસંસ્કારો હેતુરૂપ છે; એટલે એ કર્મસંસ્કારો બલવત્તમ વેગવાળા તે વખતે હોવાથી પોતે ભોગ આપી શકે એવું શરીર તે અભિમાનીને પ્રાપ્ત કરી આપે છે. એ શરીર ધરી જીવ નાનાવિધ કર્મને રચે છે. એ કર્મોમાં જેઓ જ્યારે જાગ્રત્ થાયછે તેઓ ત્યારે પોતાનું ફલ આપે છે. તેમાં જે જે કર્મોનું ફલ એવું હોય છે કે તે ભોગવવા અન્ય જાતિના શરીરની જરૂર હોય છે તે કર્મો તો સાધારણ રીતે વર્તમાન શરીરના આરંભક પ્રારબ્ધના ક્ષયની વાટ જોતાં સંચિતરૂપે પડી રહેછે. કોઇક પ્રસંગમાં એવું બને છે કે એ કર્મો આદરાદિ સહિત કરાયેલાં હોવાથી વર્તમાન શરીરના આરંભક પ્રારબ્ધ—જે હવે નિર્વાહકરૂપ થયાં છે તેના કરતાં અધિક બલવાળાં થાય છે. આવું જ્યારે થાયછે ત્યારે એ કર્મો પોતાનું ફલ પ્રથમ આપે છે. એ આપવા માટે અન્ય શરીર તો જરૂરનું જ છે. તેથી એ કર્મસંસ્કારો વા સર્વ કર્મફલપ્રદાતા ઈશ્વર વા તેમના અદૃષ્ટવિશેષરૂપ અધિકારીઓ તે દિવ્ય શરીરેન્દ્રિયનાં ઉપાદાન કારણરૂપ ભૂત અને અહંકારરૂપ પ્રકૃતિનો વર્તમાન શરીરમાં પ્રવેશ કરાવે છે (સાધારણ રીતે—અર્થાત્ જ્યારે વર્તમાન દેહના પતનપછી ઉત્તર જન્મમાં ફલ આપનાર કર્મ હોય છે ત્યારે તો એ કર્મ મૃત્યુસમયે જ અભિવ્યક્ત થાય છે, જેથી તે સમયે જ એ પ્રકૃતિઓ તે અભિમાની જીવને પ્રાપ્ત કરે છે. અને આ અપવાદરૂપ પ્રસંગમાં એ કર્મો અભિવ્યક્ત થયેલાં હોવાથી વર્તમાન શરીર વિદ્યમાન હોય છે તે સમયમાં જ એ પ્રકૃતિઓ અભિમાનીને પ્રાપ્ત થાય છે એટલો જ ફેર છે) જ્યાં એ પ્રકૃતિનો શરીરમાં પ્રવેશ થયો એટલે એ કર્મબલના વેગથી વા ધર્માધર્મના અધિષ્ઠાતા શ્રીઈશ્વરની સત્તાથી એ પ્રકૃતિઓ જેઓ સાધારણ રીતે ઉત્તર જન્મમાં પોતાના વિકારરૂપ દિવ્યાદિ શરીર અને ઇન્દ્રિયરૂપે પરિણામ પામનાર હોય છે તે તરત જ તે રૂપે પરિણામ પામે છે. અને જેમ અગ્નિકણની પ્રકૃતિના પૂરવાથી

આખી ઘાસની ગંજીનો પણ તેવો જ પરિણામ થઇ જાય છે, તેપ્રમાણે આ પ્રકૃતિના પૂરાવાથી વર્તમાન શરીરનો જ તે ભિન્નજાતીય શરીરેન્દ્રિયરૂપે પરિણામ થાય છે.

આથી એ થયું કે નંદીશ્વરે અપારપુણ્યકર્મની સિદ્ધિ કરેલી હોવાથી તે પુણ્યવશાત્ શ્રીશંકરના દર્શનની પ્રાપ્તિ થઈ અને એ દર્શનથી એનાં પુણ્ય અત્યંત પરિપક્વતાને પામ્યાં, જેથી ઉત્તર જન્મે પ્રાપ્ત થનાર દિવ્યદેહાદિની પ્રકૃતિરૂપ પંચભૂતના અણુઓની તથા અસ્મિતાની એને વર્તમાન જન્મમાં જ પ્રાપ્તિ થઇ અને એ પ્રકૃતિસ્વભાવ આખા શરીરમાં ભરાવાથી આખા શરીરનો જ દિવ્યાદિદેહરૂપે પરિણામ થયો. તે જ પ્રમાણે વિશ્વામિત્રનો ક્ષત્રિયદેહ બ્રાહ્મણદેહરૂપે પરિણામ પામ્યો તથા વાલ્મિકિનો ભિલ્લદેહ ઋષિશરીરરૂપે પરિણામ પામ્યો હતો વિગેરે સમજી લેવું.

આ સૂત્રથી પૂર્વના પ્રશ્નનો એ ઉત્તર અપાયો કે દિવ્યાદિ વિલક્ષણ જાતિનાં દેહ અને ઇન્દ્રિયની જે પ્રાપ્તિ થાયછે તેમાં ઉપાદાન કારણ કંઇ વર્તમાન દેહ વા તેના અવયવો નથી. પણ તે તો તે દેહવિગેરેની મૂળ પ્રકૃતિ છે. એ પ્રકૃતિસ્વભાવ વર્તમાન દેહમાં ભરાવાથી વર્તમાન દેહ જ પરિણામ પામે છે. તેથી સર્વ અદોષ છે.

આ સૂત્રમાં કહેલા ન્યાયથી જ્યારે કોઇ ભારે અધર્મ પરિપક્વ થાય છે ત્યારે એ અધર્મરૂપ નિમિત્તવશાત્ પ્રસંગે વર્તમાન જન્મનો જ સર્પાદિ તિર્યક્‌જાતિરૂપે પરિણામ થાય છે એ પણ સમજાય છે. તેથી નહુષ રાજાને ઋષિના શાપથી સર્પજાતિનાં દેહેન્દ્રિયની વર્તમાન જન્મમાં જ પ્રાપ્તિ થઇ એ પ્રસંગ વિસ્મયજનક નથી. કારણ કે અહિં પણ ઋષિના શાપરૂપ સંકલ્પમાત્રથી એ પ્રસંગ થયો નથી. પણ મોટા અધર્મની સિદ્ધિ એ રાજાએ કરેલી હોવાથી એ અધર્મવશાત્ એને શાપની પ્રાપ્તિ થઈ, અને એ શાપવશાત્ ઉત્તર જન્મે પોતપોતાના વિકારરૂપે પરિણામ પામનાર પ્રકૃતિનો યોગ્ય વેગ પ્રાપ્ત થવાથી વર્તમાન જન્મમાં જ તે તે રૂપે પરિણામ થઇ ગયો છે.

આ સૂત્રમાં કહેલા ન્યાયથી અણિમાદિ સિદ્ધિનો પ્રકાર પણ સમજાય છે. જેમ અન્ય જાતિનાં શરીરેન્દ્રિયની પ્રાપ્તિમાટે તેની પ્રકૃતિના સ્વભાવનો વર્તમાન શરીરમાં અનુપ્રવેશ થાય છે તેમ જ્યારે વર્તમાન શરીરાદિ અત્યંત અણુત્વને પામેછે ત્યારે એ વર્તમાન શરીરાદિની પ્રકૃતિઓનો અપગમ થાય છે, જેથી એ શરીર અણુતાને પામી જાયછે. એ શરીરાદિની પ્રકૃતિનો જે મોટાપણું, ભારેપણુંઆદિ સ્વભાવ હોય છે તે યોગબલ પ્રાપ્ત કરેલા અંતઃકરણની વૃત્તિરૂપ સં-

કલ્પથી દૂર કરવામાં આવેછે, જેથી શરીરને અણુતા, લઘુતાવિગેરે પ્રાપ્ત થાય છે.

આ રીતે આ સૂત્રથી પ્રતિપાદન કરેલા પ્રકૃતિના અનુપ્રવેશ તથા અપગમ એ બંનેને લક્ષમાં લેતાં શ્રીવામનાવતારમાં એક ક્ષણમાત્રમાં ત્રિભુવનમાં વ્યાપી રહેનાર શરીરની પ્રતીતિ શ્રીવિષ્ણુએ કરાવી, શ્રીકૃષ્ણે સુદામાને માયા બતાવી વિગેરે પ્રસંગો તથા શ્રીઅગસ્ત્ય મુનિએ ક્ષણ માત્રમાં આખા સમુદ્રનું પાન કરી દીધું વિગેરે પ્રસંગો પણ સ્પષ્ટ જણાયછે. ત્રિભુવનવ્યાપિ શરીરની પ્રાપ્તિમાટે તેવી પ્રકૃતિનું તેમણે સંકલ્પથી ગ્રહણ કર્યું જેથી પ્રકૃતિસ્વભાવના અનુપ્રવેશથી તેમના વર્તમાન વામનસ્વરૂપ શરીરનો અતિમહાન્ પરિણામ થયો એ યુક્ત ઠરે છે. તેમ જ પ્રકૃતિસ્વભાવના પૂરવાથી માયાનો વિસ્તાર શ્રીકૃષ્ણે કર્યો એ તથા પુનઃ એ સ્વભાવને દૂર કરવાથી માયાનું સંકોચનવિગેરે કર્યુંએ સર્વ સમજાય છે. સમુદ્રના જલની પ્રકૃતિનો સ્વભાવ દૂર કરવાથી આખો સમુદ્ર ચાહે તેવા રૂપમાં તરત પરિણામ પામી જવો સંભવે છે તો પછી તેનું પાન થવું સર્વથા યુક્ત જ ઠરે છે.

આપ્રમાણે આ સૂત્રથી એ કહ્યું કે શરીર અને ઇંદ્રિયનો પ્રકૃતિના અનુપ્રવેશથી અન્યજાતીય પરિણામ થાયછે. ત્યાં એ પ્રકારનો પરિણામ સદા તો થતો જ નથી, પણ જ્યારે ધર્માદિ નિમિત્તની પ્રાપ્તિ થાય છે ત્યારે જ થાય છે તો તેથી એ ઠર્યું કે ધર્માદિ કારણો અથવા તો ધર્માદિથી અપાતો સુખદુઃખાદિ ભોગ વા ધર્માદિના અધિષ્ઠાતા ઇશ્વર પ્રકૃતિને પરિણામ પમાડે છે. સર્વ રીતે પ્રકૃતિ સ્વતંત્રતાથી પરિણામ પામનાર નથી. કારણ કે તેમ હોય તો એ સર્વદા પરિણામ પામવી જ જોઇએ (એનો સ્વભાવ પરિણામ પામવાનો છે તેથી), પણ તેમ તો થતું નથી. કોઇ કોઇ પ્રસંગે જ પ્રકૃતિ પરિણામ પામેછે. તો જે પ્રસંગે પરિણામ પામેછે તે સમયે એ પરિણામ પમાડનાર કોઇ હેતુ અવશ્ય પ્રાપ્ત થવો જોઇએ. તે હેતુ કાં તો ધર્મ વા અધર્મ હોય, કાં તો એથી સિદ્ધ થતો સુખદુઃખાદિભોગરૂપ પુરુષાર્થ હોય, વા કાં તો ધર્માદિથી એ ભોગની સિદ્ધિ કરી આપનાર ઇશ્વર હોય. ત્રણે રીતે પ્રકૃતિનો પરિણામ કરનાર કોઇ હેતુ ઠરે છે. જેથી આ શાસ્ત્રના 'પ્રકૃતિ પરિણામ પામવા સ્વતંત્ર છે' એ પ્રકારના પ્રકૃતિની સ્વતંત્રતારૂપ સિદ્ધાંતની હાનિ થાયછે. આ આક્ષેપ પ્રાપ્ત થતાં ઉત્તર દે છે કે

निमित्तमप्रयोजकं प्रकृतीनां वरणभेदस्तु ततः क्षेत्रिकवत् ॥३॥

સૂત્રાર્થ:—ધર્માદિનિમિત્તો પ્રધાનાદિ પ્રકૃતિના પ્રવર્તક હેતુ નથી.

પણ એ નિમિત્તો તો માત્ર ખેડુતની માફક પ્રતિબંધકને દૂર કરે છે.

निमित्तम्—એટલે ધર્મ, અધર્મ, પુરુષાર્થ વા તેના અધિષ્ઠાતા ઈશ્વરરૂપ નિમિત્ત કારણો.

अप्रयोजकम्=પ્રયોજક વા પ્રવર્તક નથી.

वरणभेदः=વરણ એટલે આચ્છાદાન કરનાર અથવા પ્રતિબંધ કરનાર, તેનો ભેદ એટલે દૂર થવું તે.

ततः—એટલે એ ધર્માદિનિમિત્તોથી.

क्षेत्रिकवत्=ખેડુતની માફક.

આ સૂત્રનો અન્વય આપ્રામણે છેઃ—निमित्तं प्रकृतीनाम् अप्रयोजकम् ततस्तु क्षत्रिकवत् वरणभेदः (क्रियते) ॥

આ સૂત્રથી એ કહ્યુંકે પ્રધાન, મહત્, અહંકારાદિ ઉપાદાનકારણરૂપ પ્રકૃતિની પ્રવૃત્તિ તો પોતપોતાના સ્વભાવથી જ થાય છે. એ પ્રવૃત્તિ કંઈ ધર્માદિ નિમિત્તો કરાવતાં નથી. એ પ્રવૃત્તિ પ્રતિક્ષણે નિરંતર થયા કરવી એ તો એ પ્રકૃતિનો સ્વભાવ જ છે. તથાપિ એ-સ્વભાવને આચ્છાદન કરી રાખનાર પ્રતિબંધકરૂપ અધર્માદિ પ્રાપ્ત થાય છે તો તેની નિવૃત્તિમાત્ર ધર્માદિ કરેછે. એ નિવૃત્તિ થઇ એટલે એ પ્રકૃતિઓ પોતપોતાના સ્વભાવથી પોતાની મેળે જ પ્રવૃત્તિ કરેછે. ત્યાં દૃષ્ટાન્તરૂપે ખેડુત છે. એક ખાડામાંથી વિવિધ ક્યારાઓમાં જલ લઇ જવું હોયછે ત્યારે ખેડુત નીચી નીચી પાળ બાંધે છે. એ સ્થળે ખેડુત કંઇ જલનો પ્રવર્તક હેતુ નથી. જળનો એવો સ્વભાવ છે કે એ હમેશાં નીચા પ્રદેશમાં જાયછે એ આપણે જાણીએ છીએ. એ સ્વભાવના અમલમાટે નીચો પ્રદેશ હોવો જરૂરનો છે, અર્થાત્ એવો પ્રદેશ હોય ત્યારે જ એ સ્વભાવનો અમલ થઇ શકેછે, તેથી ઊંચો પ્રદેશ એ સ્વભાવના અમલના પ્રતિબંધકરૂપ છે. હવે ખેડુત જે કરેછે તે માત્ર એ જ કે જે ઊંચો પ્રદેશ હોયછે તેને ખોદીને યોગ્ય રીતે નીચો કરેછે. એ કર્યાપછી ખેડુતને કંઇ તે ખાડામાંનું જલ ઉંચકીને ક્યારામાં લઇ જવાપણું રહેતું નથી. જે ક્ષણે જલના નિમ્નગામિત્વરૂપ સ્વભાવના અમલના પ્રતિબંધક ઉંચા પ્રદેશનો અભાવ થયો કે તરત જ જલ પોતાના સ્વભાવથી પોતાની મેળે જ તે તે ક્યારામાં જાયછે. તેજ પ્રમાણે પ્રકૃતિઓનો સ્વભાવ પોતપોતાના વિકારરૂપે પરિણામ પામવાનો છે. એ સ્વભાવ અધર્માદિ નિમિત્તે આચ્છાદિત થયેલો હોય છે. એ આવરણ ધર્માદિથી વિરુદ્ધ છે અને એ વિરુદ્ધ પદાર્થોનું સહાવસ્થાન થતું નથી તેથી ધર્માદિ નિમિત્તનો ઉદય થતાં જ એ અધર્માદિ પ્રતિબંધની નિવૃતિ થાયછે. એ નિ-

વૃત્તિ થઇ એટલે પ્રકૃતિઓના સ્વભાવને કોઇ પ્રતિબંધક નહિ રહેલું હોવાથી પ્રકૃતિઓ પરિણામને પામે છે. એ જ પ્રમાણે પુરુષાર્થરૂપ નિમિત્તમાટે પણ છે. અને તે યોગ્ય જ છે કારણ કે જે સ્વતંત્ર પદાર્થ હોય તે પરતંત્રનો પ્રવર્તક થઇ શકે. જે જાતે પરતંત્ર છે તે અન્યનો પ્રવર્તક થાય નહિ. જેમકે દંડચક્રાદિ નિમિત્તો જે જાતે પરતંત્ર છે તે ઘટના પ્રયોજક નથી. અને એમ હોવાથી જ દંડચક્રાદિનો અભાવ હોયછે તથાપિ યોગિના સંકલ્પમાત્રથી ઘટની ઉત્પત્તિ થાય છે. તેમ જ જે કાર્ય હોયછે તે કારણનું પ્રયોજક થતું નથી. જેમકે ઘટ મૃત્તિકાના કાર્યરૂપ હોવાથી મૃત્તિકાનો પ્રયોજક નથી. આ નિયમાનુસાર ધર્માધર્મ અને પુરુષાર્થ એ બંને પ્રકૃતિનાં કાર્યરૂપ છે અને તેથી પ્રકૃતિને અધીન હોવાથી પરતંત્ર છે, તેથી એ પ્રકૃતિરૂપ કારણના પ્રવર્તક થવા યોગ્ય નથી. તેથી આ સૂત્રમાં જે કહ્યું છે કે કાલ, કર્મ, ઇશ્વરાદિ નિમિત્તો પ્રકૃતિના પ્રવર્તકહેતુ નથી, તે યોગ્ય જ છે. એ સર્વ નિમિત્તો પ્રતિબંધની નિવૃત્તિમાત્ર કરેછે. ત્યાં અધર્મ ધર્મથી વિરુદ્ધ હોવાથી ધર્મરૂપ પ્રતિબંધની નિવૃત્તિ કરેછે એટલે પ્રકૃતિ પોતાની મેળે જ તિર્યગાદિરૂપે પરિણામ પામે છે. શ્રીઇશ્વર પ્રકૃતિની પ્રવૃત્તિની વિરોધી જે સામ્યાવસ્થા તેનો સંકલ્પથી ભંગ કરેછે એટલે પ્રકૃતિ પોતાના સ્વભાવથી જ સર્ગારંભે પોતાની મેળે જ પરિણામને પામતી ચાલી જાય છે. કાલાદિ પદાર્થો ધર્માધર્મને ઉદ્ભૂત કરેછે તથા તદ્દ્વારા અધર્મધર્માદિરૂપ પ્રતિબંધની નિવૃત્તિ કરેછે એટલે પ્રકૃતિઓ પોતાની મેળે જ પરિણામ પામેછે. તેથી એ સર્વ નિમિત્તો પ્રકૃતિના પ્રયોજકહેતુ નહિ હોવાથી પ્રકૃતિની સ્વતંત્રતાની હાનિ થતી નથી એ સિદ્ધ થાયછે.

આપ્રમાણે આ સૂત્રોથી શરીરેન્દ્રિયના અન્યજાતીય પરિણામરૂપ સિદ્ધિના પ્રકારનો વિચાર કર્યો. હવે અન્ય સિદ્ધિરૂપે કાયવ્યૂહ છે. યોગી પોતાના સંકલ્પથી અનેક શરીરોને ધારણ કરેછે. એ સમયે શરીર તથા ઇન્દ્રિયો તો ધર્માદિનિમિત્તવડે પ્રાપ્ત થયેલી પ્રકૃતિના પરિણામરૂપે થાયછે. પણ એ શરીરોમાં ચિત્તવિષે કશુ કહ્યું નથી. ત્યાં એ બધાં શરીરોમાં એક મૂળ ચિત્તની જ વૃત્તિઓ હોય છે કે પ્રત્યેક શરીરમાં જેમ ઇન્દ્રિયો ભિન્ન ભિન્ન હોયછે તેમ ચિત્ત પણ ભિન્ન ભિન્ન હોય છે એ સંશયજેવું છે. ત્યાં જો ચિત્ત ભિન્ન ભિન્ન લઇએ તો બધાં ચિત્તની પ્રવૃત્તિ પોતપોતાની વૃત્ત્યનુસાર થવાની; અને એ સર્વ ચિત્તો પણ મૂળ યોગીના ચિત્તથી ભિન્ન હોવાથી એ પ્રવૃત્તિઓ યોગીને અધીન નહિ થવાની. પણ તેમ તો છે નહિ; અ-

થાત્ એ પ્રવૃત્તિ તો યોગીને અધીન જ થવી જોઇએ, તેથી બધાં શરીરોમાં ચિત્ત એક જ હોવું જોઇએ એ પ્રાપ્ત થતાં સૂત્રકાર ઉત્તર આપે છે કે

निर्माणचित्तान्यस्मितामात्रात् ॥ ४ ॥

સૂત્રાર્થઃ—અહંકારરૂપ ઉપાદાનકારણમાંથી, જેટલાં શરીર એટલાં ચિત્તો ઉત્પન્ન થાય છે.

निर्माणचित्तानि—યોગીના પોતાના સંકલ્પથી નિર્મિત થયેલાં ચિત્તો निर्माणचित्त કહેવાય છે. એ નિર્માણચિત્તો.

अस्मितामात्रात्—અહંકારથી ઉત્પન્ન થાય છે. मात्रશબ્દથી મનની વ્યાવૃત્તિ કરાય છે.

આ સૂત્રથી એ કહ્યું કે જેમ પ્રકૃતિસ્વભાવના અનુપ્રવેશથી અનેક શરીરો ઉત્પન્ન થાય છે તેમ ચિત્તની પ્રકૃતિરૂપ અસ્મિતામાંથી, જેટલાં શરીરો યોગી પોતાના સંકલ્પથી ધારણ કરે છે તેટલાં ચિત્તો પણ તેના સંકલ્પરૂપ નિમિત્તથી ઉત્પન્ન કરે છે. ચિત્તોની ઉત્પત્તિ યોગીના મૂળ ચિત્તમાંથી થતી નથી પણ ચિત્તોની પ્રકૃતિરૂપ અસ્મિતામાંથી થાય છે. યોગીનું મૂળ ચિત્ત તો સંકલ્પ કરનાર હોવાથી એ વિવિધ ચિત્તોની ઉત્પત્તિમાં નિમિત્તકારણરૂપ છે. ચિત્તોની ઉત્પત્તિ તો અહંકારમાંથી જ થાય છે.

અહિં એ પ્રશ્ન થાય છે કે યોગી જે વિવિધ શરીરોને ધારણ કરેછે તે પ્રત્યેક શરીરમાં એકેક ચિત્ત માનવાનું શું કારણ છે? સર્વ શરીરોનો વ્યાપાર તો એક ચિત્તથી ઉપપન્ન થઇ શકેછે. જેમ એક દીપક ઘરમાં રાખવાથી સર્વ પ્રદેશમાં તેનું અજવાળું પડે છે તેમ યોગીના મૂળ ચિત્તની વૃત્તિઓથી સર્વ નિર્મિતશરીરોના વ્યાપાર થયા કરવાના. આ પ્રશ્નનો ઉત્તર એ કે એ પ્રમાણે એક ચિત્ત માનવાથી સર્વ વ્યાપારની ઉપપત્તિ થતી નથી એ જ નાના ચિત્ત માનવામાં કારણ છે. યોગીનું મૂળ ચિત્ત તો સમાધિનિષ્ઠ હોઇ શકેછે તો તે સમયે તે ચિત્તની વૃત્તિઓનો નિરોધ થવાથી નિર્મિત શરીરો વ્યાપારવિનાનાં મૃતવત્ પડી રહેવાં જોઇએ. તેમ જ એક ચિત્તમાં એક વખતે સમાધિ અને ભોગ એ બનેનો અનુભવ થવો અયોગ્ય છે. એટલું જ નહિ પણ જ્યારે અનેક શરીરો નિર્મિત કરાય છે ત્યારે એક શરીરમાં જ્ઞાનથી થતી પ્રવૃત્તિ થાય છે અને તે જ વખતે અન્ય શરીરમાં અજ્ઞાનથી થતી પ્રવૃત્તિ પણ થઇ શકે છે. એ પણ જ્ઞાન અને અજ્ઞાન વિરોધી હોવાથી અયુક્ત છે. તેથી ચિત્તનો ભેદ અવશ્ય માનવો જોઇએ. અને એ જ કારણોથી જેટલાં શરી-

રો તેટલાં ચિત્ત માનવાં આવશ્યક છે. જ્યારે ચિત્ત આપ્રમાણે શરીરના જેટલી સંખ્યાવાળાં માનવાં આવશ્યક ઠરે છે તો એ જ યુકિતઓવડે બુદ્ધિ(અર્થાત્ પ્રધાનના સાક્ષાત્કાર્યરૂપ મહત્નું અણુ) તથા અભિમાની (મહત્નાં કાર્યરૂપ અહંકારનું અણુ) પણ પ્રતિશરીરે ભિન્ન ભિન્ન હોવાં જરૂરનાં ઠરેછે. એ પણ આ સૂત્રથી પ્રતિપાદન થઇ જાયછે.

આ પ્રમાણે સર્વનો ભેદ થાયછે તેથી શ્રીવિષ્ણુના અવતારરૂપ શ્રીરામચંદ્રજીમાં કેટલોક કાળ અજ્ઞાનરૂપ આવરણનો સદ્ભાવ પુરાણોમાં કહ્યો છે તે યોગ્ય ઠરેછે.

આપ્રમાણે આ સૂત્રથી એ કહ્યું કે યોગી પુરુષો જ્યારે કાયવ્યૂહરૂપ સિદ્ધિનો અમલ કરેછે ત્યારે તે પ્રત્યેક શરીરમાં ચિત્તના કારણરૂપ અસ્મિતામાંથી એકેક ચિત્તની ઉત્પત્તિ કરેછે. તથાપિ આટલાથી એમ સમજવાનું નથી કે યોગી એક ચિત્તથી નાના શરીરમાં વ્યવહાર કરી ન શકે, કારણ કે તે સ્વતંત્ર છે, પણ એટલુંજ કે એક સમયે વિરોધી વ્યવહાર કરવા હોય છે તો તે સમયે નાના ચિત્તની જરૂર છે, અવિરોધી વ્યવહાર કરવા માટે તેમ નથી. તેથી ખરૂં જોતાં તો આ સૂત્રથી એ જ પ્રતિપાદન કર્યું કે જ્યારે યોગી કાયવ્યૂહસિદ્ધિનો અમલ કરેછે તે વખતે જો વિરોધી વ્યવહાર કરવા તે નાના ચિત્તો ધારણ કરવા માગે છે તો તે સમયે તેના સંકલ્પરૂપ નિમિત્તથી અહંકારમાંથી તે નાના ચિત્તોની ઉત્પત્તિ થાય છે. એ પ્રમાણે યોગીઓ કરે છે તેમાટે શ્રીયોગવાર્તિકમાં આ વાક્યો પ્રમાણરૂપે આપ્યાં છે કે

योगीश्वरः शरीराणि करोति विकरोति च

प्राप्नुयाद्विषयान् कैश्चित् कैश्चिदुग्रं तपश्चरेत् ।

संहरेच्च पुनस्तानि सूर्यो रश्मिगणानिव ॥

યોગીશ્વર વિવિધ શરીરોનું નિર્માણ કરેછે, તેમાંથી કેટલાંકવડે વિષયોનો ભોગ ભોગવેછે તથા કેટલાંકને ઉગ્ર તપમાં જોડે છે તથા પછી ઇચ્છા થતાં પુનઃ તે સર્વને સમેટી લેછે.

તેથી એ સિદ્ધ થાયછે કે યોગીશ્વરો નાના શરીરો ધારણ કરેછે તે પ્રસંગે વિરુદ્ધ વ્યવહાર થવા તેમના સંકલ્પથી અનેક ચિત્તો અસ્મિતામાંથી ઉત્પન્ન થાયછે. હવે એ શંકા રહી કે જ્યારે એ ચિત્તો સર્વ ભિન્ન ભિન્ન હોય છે અર્થાત્ યોગીના મૂળ ચિત્તથી ભિન્ન છે તો જેમ એક ચિત્તના વ્યાપારનું અન્ય ચિત્ત નિયમન કરી શકતું નથી તેમ આમાં પણ થવું જોઇએ. છતાં તે તો અનિષ્ટ છે. એ શંકા દૂર કરવા હવે કહેછે કે

प्रवृत्तिभेदे प्रयोजकं चित्तमेकमनेकेषाम् ॥ ५ ॥

સૂત્રાર્થઃ—યોગીએ નિર્માણ કરેલાં અનેક ચિત્તોની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિમાં એક ચિત્ત પ્રયોજકરૂપે હોયછે.

આ સૂત્રમાં એ કહ્યું કે જ્યારે યોગી કાયવ્યૂહ રચી પ્રત્યેક શરીરમાં એક એક ચિત્ત સંકલ્પવશાત્ ઉત્પન્ન કરી સ્થાપે છે તે સમયે એ ભિન્ન ભિન્ન ચિત્તોની વિવિધ પ્રવૃત્તિઓ પોતાની ઇચ્છાનુસાર થાય તેમાટે પોતાના મૂળ ચિત્તને તેના પ્રયોજકરૂપે (અંતર્યામિ રૂપે) સંકલ્પ કરી સ્થાપેછે. આમ થવાથી સર્વ ચિત્તોની વિવિધ પ્રવૃત્તિઓમાં યોગીનું મૂળ ચિત્ત અંતર્યામિરૂપે થયેલું હોવાથી તે સર્વ ચિત્તોથી થતી પ્રવૃત્તિઓ મૂળ ચિત્તની વૃત્તિઅનુસાર થાયછે, તેમ જ તે મૂળ ચિત્તમાં એ સર્વ પ્રવૃત્તિઓનું અનુસંધાન પણ થઇ શકેછે.

આ સૂત્રોથી શ્રીવિષ્ણુઆદિના અંશાવતારોના પ્રકારનું પણ વ્યાખ્યાન થઇ જાયછે.

આ પ્રમાણે આ સૂત્રોથી પાંચ પ્રકારની સિદ્ધિઓ તથા તેની ઉપપત્તિમાટે તેના પ્રકારનું વ્યાખ્યાન કર્યું. એ સિદ્ધિઓના પાંચ પ્રકાર કરવાથી જ સિદ્ધિવાળાં ચિત્તોના પણ પાંચ પ્રકાર થયા, જેમકે જન્મસિદ્ધ ચિત્ત, ઓષધિસિદ્ધ ચિત્ત, મંત્રસિદ્ધ ચિત્ત, તપઃસિદ્ધ ચિત્ત અને સમાધિસિદ્ધ ચિત્ત. એ પાંચ પ્રકારનાં ચિત્તોમાંથી કયું ચિત્ત કૈવલ્યને યોગ્ય છે તે નિર્ધારણ કરવા હવે કહે છે કે

तत्र ध्यानजमनाशयम् ॥ ६ ॥

સૂત્રાર્થઃ-આ પાંચ સિદ્ધ ચિત્તોમાં જે ધ્યાનસિદ્ધ (સમાધિસિદ્ધ) ચિત્ત છે તે જ ક્લેશકર્મની વાસનારૂપ આશયથી રહિત હોય છે.

ध्यानजम्-ધ્યાનથી સંસ્કૃત થયેલું. ધ્યાન અને સમાધિ એ બંને અહિં એકાર્થપરત્વે મૂક્યા છે. તેથી ધ્યાનથી સંસ્કૃત થયેલ ચિત્ત તે જ સમાધિસિદ્ધ ચિત્ત છે.

अनाशयम्-ક્લેશકર્મની વાસના વા સંસ્કારો ચિત્તમાં વા સંચિતકોષમાં પડી રહેનાર હોવાથી આશય છે. એ આશય જેમાં નથી તે અનાશય છે.

આ સૂત્રથી એ કહ્યું કે જે ચિત્તને સમાધિરૂપ યોગ સિદ્ધ થયો છે તે ચિત્તમાં યોગવડે તત્ત્વજ્ઞાનનો ઉદય થાય છે. તત્ત્વજ્ઞાનનો ઉદય થવાથી અવિદ્યાદિ ક્લેશોનો દાહ થાય છે. એ ક્લેશોનો દાહ થવાથી તે યોગીની ક્લેશમૂલક પ્રવૃત્તિ થતી નથી, અર્થાત્ તેને પુણ્યપાપનો સંબંધ થતો નથી. આપ્રમાણે ક્લેશકર્મની વાસનાનો દાહ થવાથી તથા નવાં પુણ્યપાપ ન બંધાવાથી એ ચિત્ત જ મોક્ષને યો-

ગ્ય છે અર્થાત્ એ ચિત્તમાં જ કૈવલ્ય થાય છે. અન્ય ચાર પ્રકારનાં ચિત્તોમાં યોગ ન સિદ્ધ થયેલો હોવાથી તત્ત્વજ્ઞાન થયેલું હોતું નથી તેથી તે ચિત્તોની ક્લેશકર્માદિ વાસનાનો દાહ થતો નથી; જેથી એ ચિત્તો નવાં પુણ્યપાપસાથે પણ સંબંધવાળાં થાય છે અર્થાત્ મોક્ષ વા કૈવલ્યને પામવાયોગ્ય નથી.

અહિં એ શંકા થશે કે મંત્રથી તત્ત્વજ્ઞાન થયેલું શ્રીવાલ્મિકિવિગેરેમાં જોવામાં આવે છે તો પછી મંત્રસિદ્ધ ચિત્ત કૈવલ્યભાગી નથી એમ કેમ કહેવાય ? એનો ઉત્તર એ કે મંત્રશબ્દવડે કંઇ શ્રીસદ્ગુરુઉપદિષ્ટ પારમાર્થિક શ્રેયને કરનાર મંત્રોનું જ ગ્રહણ કરવાનું નથી પણ અન્ય યક્ષ, રાક્ષસ, ભૂત, પ્રેત, ગણેશ, ઇન્દ્રાદિ દેવતાઓને પ્રસન્ન કરનાર મંત્રોનું પણ ગ્રહણ થાય છે. આમ હોવાથી આ બીજા પ્રકારના સકામ મંત્રોથી તો સિદ્ધિઓ માત્ર મળે છે પણ કંઇ તત્ત્વજ્ઞાન થતું નથી, તેથી એ મંત્રથી સિદ્ધિવાળાં થયેલાં ચિત્તો તો અનાશય થયેલાં નહિ હોવાથી કૈવલ્યયોગ્ય નથી. પ્રથમ પ્રકારના મંત્રથી તત્ત્વજ્ઞાન થાય છે એ વાત સાચી છે. તથાપિ એ મંત્ર વાચક, ઉપાંશું, માનસ, ધ્યાન અને શૂન્ય એ ભેદથી પાંચ પ્રકારનો હોય છે, અર્થાત્ પાંચ ભૂમિકાવાળો હોય છે. એ મંત્ર જ્યારે ધ્યાન ભૂમિકામાં પહોંચે છે ત્યારે જ પછી તત્ત્વજ્ઞાન એનાથી થાય છે. અને ધ્યાનભૂમિકામાં મંત્રનો જપ કરનાર યોગીની સ્થિતિ તથા ધ્યાન અને સમાધિની સ્થિતિ એક જ છે, તેથી મંત્રજપથી જે કૈવલ્યયોગ્ય ચિત્ત થાય છે તે પણ ધ્યાન વા સમાધિરૂપયોગદ્વારા જ થાય છે. તેથી અહિં જે કહ્યું છે કે ધ્યાનથી સંસ્કૃત ચિત્ત જ અનાશય હોય છે તે યોગ્ય છે.

આપ્રમાણે આ સૂત્રથી ધ્યાનસિદ્ધ ચિત્ત વાસનારહિત હોય છે અને તેથી સમાધિસિદ્ધિઓ જ શ્રેષ્ઠ છે એ પ્રતિપાદન કર્યું. ત્યાં ધ્યાનસિદ્ધ ચિત્ત જ કેવી રીતે વાસનારહિત હોય છે અને અન્ય કેમ નથી, તે હેતુનું કથન કરવા પ્રથમ એની વચ્ચે જે કર્મનો ભેદ હોય છે તે પ્રતિપાદન કરે છે.

कर्माशुक्लाकृष्णं योगिनस्त्रिविधमितरेषाम् ॥ ७ ॥

સૂત્રાર્થઃ—યોગીનાં અશુક્લાકૃષ્ણ કર્મ હોય છે, અને અન્ય ચિત્તનાં કર્મ કૃષ્ણ, શુક્લકૃષ્ણ અને શુક્લ એ ત્રણ પ્રકારનાં હોય છે.

अशुक्ल०—એટલે જે શુક્લ પણ નહિ અને કૃષ્ણ પણ નહિ તે.

त्रिविधम्=એટલે શુક્લ, કૃષ્ણ અને શુક્લકૃષ્ણ.

इतरेषां—અન્ય ચિત્તનાં.

આ સૂત્રથી એ કહ્યું કે કર્મ ચાર પ્રકારનાં હોય છે. (૧) કૃષ્ણ, (૨) શુક્લકૃષ્ણ, (૩) શુક્લ અને (૪) અશુક્લઅકૃષ્ણ. ત્યાં જે કર્મ પાપહેતુ હોય અને તેથી નરકાદિ ફલને આપનાર હોયછે તે કૃષ્ણ છે. જે પાપ અને પુણ્ય ઉભયના હેતુરૂપ હોય છે તે શુક્લકૃષ્ણ છે. જે કેવલ પુણ્યને ઉત્પન્ન કરનાર હોયછે તે શુક્લ છે અને જે પુણ્ય વા પાપ કશાને ઉત્પન્ન કરતું નથી તે અશુક્લાકૃષ્ણ છે. આથી ચોર્ય, વ્યભિચારાદિ નિષિદ્ધ કર્મો પાપને ઉત્પન્ન કરનાર હોવાથી કૃષ્ણકર્મ છે. જ્યોતિષ્ટોમાદિ યાગો અર્થાત બાહ્યસાધનથી સાધ્ય થતી, પ્રધાનપણે પુણ્યહેતુક ગણાતી ક્રિયાઓ રજોવર્ધક હોવાથી શુક્લકૃષ્ણ છે. એ જ્યોતિષ્ટોમયાગાદિ વ્યાપારમાં પશુવધ, વ્રીહિવિગેરેનું અવદાનવિગેરે કરવામાં આવે છે તેથી જીવહિંસા થાય છે, તેમ જ એ કર્મા બાહ્ય સાધનથી કરાયછે તેથી તેમાં પિપીલિકાદિ ક્ષુદ્ર જીવોની પણ હિંસા થાયછે તેથી એ કર્મો પાપહેતુક હોવાથી કૃષ્ણ છે. તેમ જ એ કર્મોમાં બ્રાહ્મણોને દક્ષિણાવિગેરે અપાય છે તથા એથી દેવતાનો અનુગ્રહ થાય છે તેથી એ કર્મો પ્રધાનપણે પુણ્યહેતુક પણ છે. આમ હોવાથી એ કર્મો શુક્લકૃષ્ણ છે. મનથી સાધ્ય થતી જપયજ્ઞવિગેરે ક્રિયાઓ સત્ત્વવર્ધક હોવાથી અર્થાત્ પાપમાત્રથી રહિત હોવાથી શુક્લ કર્મ છે, અને તત્ત્વજ્ઞાનવાળા મહાત્માઓનાં કર્મો—જે કર્મો અવશ્ય કર્તવ્યરૂપે પ્રાપ્ત થવાથી તેના ફલની સ્પૃહાવિના કરાય છે તે કર્મો—સાભિમાનપણે ન કરાયેલાં હોવાથી, તથા તે કરનાર મહાત્માઓના ક્લેશોનો ક્ષય થયેલો હોવાથી એ કર્મનાં ફલપર તેમનો રાગ ન હોવાથી એ કર્મો પુણ્ય વા પાપ કશાનાં હેતુરૂપ થતાં નથી, જેથી શુક્લત્વ અને કૃષ્ણત્વથી રહિત છે અર્થાત્ અશુક્લાકૃષ્ણ છે. ખરૂં જોતાં એ કર્મો કર્યા છતાં પણ ન કરેલાંજેવાં છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં કહ્યું છે કે

त्यक्त्वा कर्मफलसंगं नित्यतृप्तो निराश्रयः ।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः ॥
यस्य नाहंकृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ।
हत्वाऽपि स इमान् लोकान् न हन्ति न निबध्यते ॥

જે મહાત્મા યોગી પુરુષ કર્મના ફલમાંથી પોતાની સ્પૃહા લઈ લઈ પોતે નિત્યતૃપ્ત તથા નિરાશ્રય રહી કર્મોમાં પ્રવૃત્તિ કરે છે તે મહાત્માને એ કર્મોસાથે સંબંધ ન હોવાથી એ કર્મો તેનાથી ન કરાયેલાંજેવાં થઈ રહે છે. જેમનો અહંભાવ ગલિત થયો છે તથા જેમની બુદ્ધિએ મમત્વાભિમાન મૂકી દીધું છે તેવા મહાત્મા પુરુષો

જેમને સાધકાવસ્થામાં જ નિંદ્ય વ્યવહારો અત્યંત છૂટી ગયા છે તે-ધર્મથી પ્રાપ્ત હોય ત્યારે લોકનું હનનવિગેરે કરે તથાપિ તેમને એ કર્મસાથે કશો સંબંધ થતો નથી.

આ ચાર પ્રકારનાં કર્મોમાંથી પ્રથમ ત્રણ પ્રકારનાં કર્મો ઇતર લોકોનાં હોયછે અને યોગીનાં કર્મ ચતુર્થ પ્રકારનાં હોય છે. આમ હોવાથી યોગીને પાપપુણ્યસાથે સંબંધ થતો નથી, અને તેથી તેનું ચિત્ત વાસનારહિત હોયછે.

અહિં અન્ય પ્રકારનાં ચિત્તો કૈવલ્યભાગી નથી એ સૂચવ્યું અને તેનું કારણ એ આપ્યું કે એ ચિત્તવાળા પુરુષોનાં કર્મ શુક્લાદિ ત્રણ પ્રકારનાં છે. પણ એટલા માત્રથી સાધ્યની સિદ્ધિ થતી નથી. કેમકે કર્મો ભલે આ ત્રણ પ્રકારનાં હોય તથાપિ જો એ કર્મો મૃત્યુસમયે વાસનાની અભિવ્યક્તિ નહિ કરે એમ હોય તો ચિત્ત વાસનાવાળું રહ્યા છતાં કૈવલ્યભાગી થઇ શકે. તેથી અહિં કહેલા સાધ્યની સિદ્ધિમાટે એ અવશ્ય પ્રતિપાદન કરવું જોઇએ કે એ કર્મો પોતાનાં ફલમાટે વાસનાની અભિવ્યક્તિ નિયમે કરીને કરેછે. આ પ્રમાણે આ પ્રતિપાદન આવશ્યક હોવાથી સૂત્રકાર એ કરેછે.

ततस्तद्विपाकानुगुणानामेवाभिव्यक्तिर्वासनानाम् ॥ ८ ॥

સૂત્રાર્થ:—એ ત્રિવિધ કર્મના વિપાકને અનુસરતી જ વાસનાની અભિવ્યક્તિ થાયછે.

ततः—ઉપર કહેલાં યોગીથી ઇતર પુરુષનાં ત્રિવિધ કર્મથી.

तद्वि०—એ કર્મના જે જન્મ, આયુષ્ અને ભોગરૂપ વિપાક તેને અનુગુણ અર્થાત્ અનુસરતી.

वासनानाम्—એટલે સ્મૃતિફલક સંસ્કારોની. વાસના એટલે સંસ્કાર. એ સંસ્કારો બે પ્રકારના હોય છે: (૧) જાતિ, આયુષ્ વિગેરે ભોગને આપનાર પુણ્યપાપરૂપ, અદૃષ્ટ વા અપૂર્વ નામથી ઓળખાતા સંસ્કારો અને (૨) તે તે જન્મમાં મળતા ભોગોની ઇચ્છાઓના સસ્કારો, જેમકે મનુષ્યજન્મના ભોગરૂપ જે મનુષ્યસ્ત્રી, ગૃહ, ક્ષેત્ર, અન્નાદિ પદાર્થો તેની ઇચ્છાના સંસ્કારો, દિવ્ય જન્મમાં દિવ્યસ્ત્રી, દિવ્ય ગૃહાદિની ઇચ્છાના સંસ્કારો વિગેરે. આ બંને પ્રકારના સંસ્કારો વાસના કહેવાય છે. ત્યાં આ સ્થળે તો વાસનાશબ્દ દ્વિતીય પ્રકારના સંસ્કારોનો વાચક છે. પ્રથમ પ્રકારના સંસ્કારોવિષે તો દ્વિતીય પાદમાં કહ્યું છે તેથી આ સ્થળે માત્ર દ્વિતીય પ્રકારની વાસનાવિષે જ કહેવું અવશિષ્ટ છે.

આ સૂત્રમાં એ કહ્યું કે જ્યારે મૃત્યુસમયે ઉપરનાં ત્રિવિધ

કર્મો પરિપકવ થઇ કોઇ જન્મ અભિમાનીને આપેછે તે સમયે તે અભિમાનીના ચિત્તમાં નિયમે કરીને તે જન્મના ભોગને યોગ્ય વાસનાની અભિવ્યક્તિ થાય છે. જો કૃષ્ણકર્મ પરિપકવ થયાં હોયછે તો એ નરકાદિ સ્થાને લઇ જનાર છે, તેથી એ કર્મો મૃત્યુસમયે નરકના તપ્તલોહમયીસ્ત્રીઆદિ ભોગોવિષે રાગાત્મક વાસનાઓને અભિવ્યક્ત કરેછે. તેમ જ જો મૃત્યુસમયે દિવ્ય જન્મને આપનાર કર્મો બળવાન્ થયાં હોયછે તો એ કર્મ દેવલોકમાં અભિમાનીને લઇ જનાર છે તેથી અભિમાનીને પૂર્વના અનુભવથી બંધાયેલી જે દિવ્યભોગોના સંસ્કારોરૂપ વાસનાઓ તેને જ અભિવ્યક્ત કરે છે, વિગેરે. તેથી આ સૂત્રથી પૂર્વની શંકાનો એ ઉત્તર આપ્યો કે ઉપરના સૂત્રમાં કહેલા કૃષ્ણાદિ ત્રણ પ્રકારનાં કર્મો પુણ્યપાપના હેતુરૂપ હોવાથી ભોગના હેતુરૂપ હોય છે. અને ભોગના હેતુરૂપ હોવાથી એ કર્મો જ્યારે પોતાનું ફલ આપવા પોતાને યોગ્ય શરીરને રચે છે ત્યારે નિયમે કરીને તે અભિમાનીના ચિત્તમાં રહેલી તે જન્મને યોગ્ય ભોગવાસનાને જાગ્રત્ કરે છે. તેથી જ્યાંસુધી ભોગહેતુક કર્મ રહેવાનાં ત્યાંસુધી વાસનાની અભિવ્યક્તિ નિયમે કરીને થવાની. તેવાં કર્મ હોય છતાં વાસનાની અનભિવ્યક્તિ માનવી એ અયોગ્ય છે. તેથી યોગીમહાત્મા અને અન્ય સિદ્ધ ચિત્તોનાં કર્મનો ભેદ હોવાથી યોગીનું ચિત્ત મરણસમયે અનાશય જ હોય છે અને અન્યનું ચિત્ત વાસનાની અભિવ્યક્તિવાળું હોય છે. આનું મૂળ કારણ તો એ જ છે કે યોગીને તત્ત્વજ્ઞાન થયેલું હોવાથી તેના કલેશસંસ્કારો દગ્ધ થઇ ગયા છે તેથી તેનાં કર્મ અશુક્લાકૃષ્ણ થાય છે અને તેથી એ કર્મોનું બંધન પણ યોગીને થતું નથી. અયોગિચિત્તોમાં (પછી તે સિદ્ધ ચિત્તો હોય કે નહિ) તત્ત્વજ્ઞાનનો અગ્નિ અનુભવાયો નથી તેથી એ ચિત્તોના કલેશસંસ્કારો જાગ્રત્ હોય છે, તેથી તેમનાં કર્મ પણ કૃષ્ણાદિ પ્રકારનાં થાય છે અને તેથી એ કર્મો ચિત્તમાં રહેલી વાસનાઓમાંથી, પોતે જે જાતિનો જન્મ તે અભિમાનીને પમાડનાર હોય છે તે જાતિના જન્મના ભોગોને અનુકૂલ જે વાસના હોય છે તેનો જ ઉદય કરે છે. આમ હોવાથી મૃત્યુસમયે એ ચિત્તો વાસનાની અભિવ્યક્તિવાળાં હોવાથી નિરાશય હોતાં નથી.

આ પ્રસંગમાં આ શંકાઓ થાય છે: પ્રથમ તો એ કે વાસનાઓ સંસ્કારરૂપ છે તો કોઇને નરકાદિના ભોગોપ્રતિ રાગના સંસ્કારો હોતા નથી. એમ હોવાથી એ ભોગોસંબંધી વાસના કોઇને હોતી જ નથી. તેથી મૃત્યુસમયે કર્મ વાસનાની અભિવ્યક્તિ કરી

તે તે જન્મને પમાડે છે એ વાત અસત્ય છે.

બીજી શંકા એ થાય છે કે યદ્યપિ એમ માનીએ કે નરકાદિ ભોગોની પણ વાસનાઓ જીવને હોય છે તથાપિ કર્મો પોતાને અનુકૂલ વાસનાને જ અભિવ્યક્ત કરે એ ઉપપત્તિરહિત છે. દરેક જીવને તત્કાળના જે તાજા સંસ્કારો હોય તેની અભિવ્યક્તિ થાય છે. જેમકે એક પ્રસંગ આજે પ્રાતઃકાળે જોયો હોય અને બીજો પ્રસંગ દશ વર્ષ ઉપર જોયો હોય તો એ બેમાંથી સાયંકાળે જો તે માણસને સ્મૃતિ થાય તો આજ પ્રાતઃકાળના પ્રસંગની થવાની. કારણ કે તે તાજો પ્રસંગ છે. આ નિયમથી એક જીવે મનુષ્યશરીર ધરી તેમાં વિવિધ ભોગો ભોગવ્યા અને જ્યોતિષ્ટોમાદિ યાગવિગેરે સત્કર્મો પણ કર્યાં. એ અભિમાનીએ ધારો કે દેવશરીર એક હજાર જન્મ પૂર્વે ધર્યું હતું. હવે જ્યારે એ અભિમાની મનુષ્યશરીરને છોડવાનો ત્યારે એને જે સ્મૃતિ અને ઇચ્છાઓ થવાની તે મનુષ્યશરીરના ભોગોની થવાની, કારણ કે એ ભોગોના અનુભવથી પડેલા સંસ્કારો તાજા છે, કંઇ અત્યંત વ્યવહિત દેવશરીરના ભોગોની સ્મૃતિ અને ઇચ્છાઓ થવાની નહિ. તેથી જ્યોતિષ્ટોમયાગરૂપ કર્મ જો એના મૃત્યુસમયે વાસનાની અભિવ્યક્તિ કરે તો તે અભિવ્યક્ત થનાર વાસના અવ્યવહિત પૂર્વ હોવાથી મનુષ્યજન્મની વાસના હોવાની, કંઇ દેવશરીરની વાસના નહિ હોય. તેથી પોતાને અનુરૂપ વાસનાની જ કર્મો પોતાના વિપાકસમયે અભિવ્યક્તિ કરે છે એ કહેવું યુક્તિયુક્ત નથી.

ત્રીજી શંકા એ થાયછે કે કદાચ એમ પણ માનીએ કે કર્મો પોતાના વિપાકસમયે પોતાને અનુરૂપ વાસના જ-પછી તે વ્યવહિત હોય તોપણ-અભિવ્યક્ત કરે છે અને જન્મ થવામાટે તે જન્મની વાસનાની અભિવ્યક્તિ થાય છે. તથાપિ એ નિયમે કરી થાય છે એ માનવું ઘટતું નથી. કારણ કે જ્યારે દરેક જન્મમાટે વાસના પૂર્વે વિદ્યમાન હોવી જ જોઇએ અને વાસના સંસ્કારરૂપ હોવાથી નિયમે કરીને પોતાની પૂર્વે તે તે જન્મના ભોગોના અનુભવની અપેક્ષા રાખે છે, ત્યારે સ્પષ્ટ રીતે અનવસ્થા આવેછે. અનવસ્થા દૂર થાય તો અન્યોન્યાશ્રય દોષ આવે છે.[1]

એ શંકામાંથી પ્રથમ શંકાનો ઉત્તર એ કે નરકાદિના ભોગોમાટે વાસના હોતી નથી એ અસત્ય છે. મનુષ્યશરીરમાં જીવ હોયછે ત્યારે તેને નરકના ભોગોવિષે વિશેષરૂપે કોઇ ઇચ્છા હોતી નથી, તથાપિ તે જીવ

૧ જન્મપૂર્વે વાસના અને વાસના પૂર્વે અનુભવ અર્થાત્ અનુભવ માટે તે તે જન્મ, તેની પૂર્વે વાસના, વાસનામાટે જન્મ વિગેરે.

વ્યભિચારાદિ દુષ્ટ કર્મને કરનાર હોવાથી સામાન્યરૂપે સ્ત્રીઆદિવિષે એને પ્રીતિ હોય છે અને તેથી નરકમાનાં ભોગરૂપ તપ્ત લોહમયી સ્ત્રી આદિ વિષે એને સામાન્યરૂપે રાગ હોયછે. ખરૂં જોતાં તો એ રાગ પણ ખાસ જરૂરનો નથી, કારણ કે જે નરકાદિના ભોગની ઇચ્છા છે તે મનુષ્યશરીરમાં થતી જ નથી, તે તો નરકના ભોગો પામવાને વખતે જ થાયછે. આપણે જોઇએ છીએ કે જે વિષ્ટાની ઇચ્છા કોઇ મનુષ્યના ચિત્તમાં ઉદય થતી નથી તે વિષ્ટાને કુતરો પ્રીતિવડે ભક્ષણ કરેછે. એથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે કુતરાનો જન્મ પામનાર જીવને એ જન્મના ભોગરૂપ વિષ્ટા વિગેરે પદાર્થોવિષે પ્રીતિ હોયછે તો પછી નરકના ભોગની ઇચ્છાઓ થતી નથી એ કહેવું અયોગ્ય છે. આ સૂત્રમાં જે વાસનાની અભિવ્યક્તિ કહી છે તે મૃત્યુસમયે જ કહીછે. તેથી સર્વાંશે યોગ્ય છે.

બીજી શંકાનો ઉત્તર આપવા ગ્રંથકાર કહેછે કે

जातिदेशकालव्यवहितानामप्यानन्तर्यं स्मृतिसंस्कारयोरेकरूपत्वात् ॥९॥

સૂત્રાર્થઃ—જન્મ, દેશ અને કાળે કરીને વ્યવહિત થયેલી વાસના હોય છતાં તેમનું આનન્તર્ય થાય છે કારણ કે સ્મૃતિ અને સંસ્કાર સજાતીય હોયછે.

जाति०=જાતિ એટલે જન્મ, દેશ અને કાળ એથી વ્યવહિત થયેલી વાસનાઓ હોયછે તથાપિ—

आनन्तर्यम्—એ વાસના અનંતર થાયછે જે પદાર્થ જેના કાર્યરૂપ હોયછે તે તેનાથી અનંતર કહેવાયછે. એ બેની વચ્ચેનો કાર્યકારણભાવ તે કાર્યના સંબંધે આનંતર્ય છે આનંતર્યનો અહિં તાત્પર્યાર્થ એ છે કે અવ્યવહિત હોય તેમ કાર્ય કરવાપણું તે આનંતર્ય છે.

एकरूपत्वात्—સદૃશ હોયછે તેથી.

આ સૂત્રથી એ કહ્યું કે પૂર્વે જે શંકા કરી હતી કે અવ્યવહિત પૂર્વ કાળની વાસનાઓ ઉદય પામવી જોઇએ તે અયોગ્ય છે. કારણ કે એવો કોઇ નિયમ નથી કે જે અવ્યવહિત પૂર્વકાળમાં હોય તે સંસ્કારનો પ્રથમ ઉદય થાય અને જે તેની પૂર્વનો હોય તે તેની પછી ઉદય થાય. દૃષ્ટાન્તરૂપે ધારો કે એક માણસે એક શહેર પચીશ વર્ષઉપર જોયું છે અને તે માણસે તે જ દિવસે એક ઐન્દ્રજાલિકનો ખેલ જોયો છે. હવે ધારો કે પૂર્વે પચીશ વર્ષે જોયેલા શહેરનો એક પરિચિત માણસ તેને સાયંકાળે મળ્યો. તો એ સાયંકાળે એ માણસને અવ્યવહિત પૂર્વકાળમાં જોયેલા બાજીગરના તમાસાની સ્મૃતિ થવી જોઇએ. પણ તે થતી નથી, પણ પચીશ વર્ષઉપર જોયેલા શ-

હેરની સ્મૃતિ પેલા માણસના જોવાથી થાય છે. તેથી સંસ્કારોની અભિવ્યક્તિમાં એવો કોઇ નિયમ નથી કે જે સંસ્કાર સૌથી પ્રથમ પડ્યો હોય તે અત્યંત વ્યવહિત હોવાથી તેનો છેલ્લો ઉદય થવાનો, અને તાજા સંસ્કારોનો પ્રથમ ઉદય થવાનો; પણ માત્ર એટલો જ નિયમ છે કે જે જે દૃઢ સંસ્કારોનો અભિવ્યંજક હેતુ જ્યારે જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે ત્યારે તે સંસ્કારની સ્મૃતિરૂપે અભિવ્યક્તિ થાય છે—પછી તે અભિવ્યક્ત થનાર સંસ્કાર ગમે તે પ્રસંગે પડ્યો હોય. તેથી પૂર્વાપર અભિવ્યક્તિ અભિવ્યંજકરૂપ નિમિત્તની પ્રાપ્તિઉપર આધાર રાખે છે. આથી પૂર્વે જે કહ્યું હતું કે મનુષ્યદેહ અવ્યવહિત પૂર્વકાળમાં હોવાથી મનુષ્યદેહની વાસનાનો જ મૃત્યુસમયે ઉદય થવાનો અને દિવ્યદેહની વાસનાનો નહિ થવાનો એ અયોગ્ય છે. એટલું જ નહિ પણ જો મૃત્યુસમયે અવ્યવહિત પૂર્વદેહની વાસનાનો જ ઉદય થતો હોય તો કર્મફલની અનુપપત્તિ ઠરે છે. પૂર્વના (શંકામાંના) દૃષ્ટાન્તમાં જ ધારો કે દિવ્યજન્મ પામતાં તેને મનુષ્ય શરીરની વાસનાનો ઉદય થયો અને દિવ્ય દેહની વાસનાનો નહિ ઉદય થયો. તો એ જીવ સ્વર્ગમાં જાય તોપણ એને સ્વર્ગના પદાર્થો સુખદુઃખ ઉત્પન્ન કરવા અસમર્થ થવાના, કારણ કે પદાર્થોના ભોગથી જે સુખદુઃખ થાય છે તે વાસનાના ઉપર પણ આધાર રાખે છે. આમ થવાથી તે જીવ સ્વર્ગને પામ્યા છતાં સ્વર્ગનાં સુખદુઃખનો ભોક્તા નહિ થાય, તોપછી જ્યોતિષ્ટોમયાગનું ફલ જે દિવ્યભોગોથી થતો સુખદુઃખનો ભોગ તે એ જીવને નહિ થવાનો, અર્થાત્ કર્મ પોતાના ફલથી રહિત થવાનું. આ કારણથી પણ જે જે જન્મ કર્મવશાત્ પ્રાપ્ત થાય તે તે જન્મના વિષયોની વાસનાનો ઉદય જરૂર થવો જોઇએ. તેથી એ જ સ્પષ્ટ સિદ્ધ થાય છે કે જે પ્રકારનો જન્મ કર્મવશાત્ પ્રાપ્ત થનાર હોય છે તે જન્મનો પૂર્વે હજાર જન્મ પહેલાં અનુભવ કર્યો હોય, વા તે જન્મ ગમે તેટલો દૂર સ્થળે વા કાળે થયો હોય તથાપિ તે જન્મની વાસનાના સંસ્કારોનું તે જન્મ આપનાર કર્મના પરિપાકસમયે આનંતર્ય થવાનું એટલે તે સંસ્કારોની જ સ્મૃતિ થવાની, અર્થાત્ તે જન્મની વાસનાનો જ ઉદય થવાનો; અને અન્ય જન્મો જેનો તે જન્મના અનુભવપછી અનુભવ કર્યો હોય તે જન્મની વાસનાનો ઉદય તે સમયે નહિ થવાનો, પણ તે સર્વ જન્મોની વાસના ચિત્તમાં પોતપોતાના અભિવ્યંજકની પ્રાપ્તિ થતાસુધી પ્રસુપ્ત થઇ પડી રહેવાની. આ વાત સૂત્રથી આનન્તર્ય સુધીનાં પદોથી કહી.

આમ થવામાં પ્રમાણ એ છે કે स्मृतिसंस्कारयोरेकरूपत्वात् જે

પ્રકારનો અનુભવ થાય છે તે પ્રકારનો જ સંસ્કાર પડેછે અને જે પ્રકારનો સંસ્કાર પડેછે તે જ પ્રકારની સ્મૃતિ થાય છે. ઘટનો અનુભવ થવાથી ઘટવિષયક સંસ્કાર પડેછે અને ઘટવિષયક સંસ્કારથી પટવિષયક સ્મૃતિ થતી નથી પણ ઘટવિષયક જ સ્મૃતિ થાય છે, અર્થાત્ અનુભવ સંસ્કાર અને સ્મૃતિ એ ત્રણેનો અભિન્ન વિષય હોયછે. એ નિયમથી જ્યારે દેવજાતીય જન્મ આપનાર કર્મનો પરિપાક થાય છે તે સમયે એ દેવજાતીય જન્મ આપનાર કર્મના સંસ્કારો દેવજાતીય હોવાથી એ સંસ્કારથી થતી સ્મૃતિ પણ દેવજાતીય જ હોવાની, એટલે એ કર્મથી પૂર્વે જેમ એ કર્મનાં સજાતીય કર્મથી દેવશરીરને યોગ્ય વાસનાનો ઉદય થતો હતો તેમ, આ સમયે પણ થવાનો જ. તેથી એ સિદ્ધ થાય છે કે જે જાતિનાં કર્મો પારપકવ થાય છે તે જ જાતિના ક્રિયા, જ્ઞાન અને રાગાદિ સંસ્કારોરૂપ વાસનાની તે કર્મથી અભિવ્યકિત થાય છે, અન્ય જાતિના સંસ્કારોની અભિવ્યકિત થતી નથી. પછી એ વાસનાઓ ગમે તો પૂર્વે કોટિ જન્મ ઉપર બંધાઇ હોય વા અત્યંતદૂર દેશમાં બંધાઈ હોય, વા હજાર કલ્પ ઉપર બંધાઇ હોય. જાતિઆદિનું વ્યવધાન કંઇ કર્માશયરૂપ સંસ્કારની અભિવ્યકિતમાં બાધક નથી.

આપ્રમાણે આ સૂત્રમાં ૮ મા સૂત્રના પ્રસંગમાં કરેલી બીજી શંકાનું સમાધાન કર્યું, પણ આ પ્રસંગમાં એક અધિક શંકા એ થાય છે કે આપ્રમાણે વાસનાની અભિવ્યક્તિ ક્યારે અંગીકાર કરાય કે જ્યારે પૂર્વે જન્મ માનીએ ત્યારે અર્થાત્ જ્યારે એ વાસનાઓ પૂર્વે અનુભવેલા દિવ્યાદિ ભોગોથી બંધાયેલી છે એમ માનીએ તો યોગ્ય અભિવ્યંજક મળવાથી તેની અભિવ્યકિત થાયછે એ પણ અંગીકાર કરાય. તથાપિ પૂર્વ જન્મ માનવામાં શું પ્રમાણ છે? કંઇ જ નથી. આ આક્ષેપ દૂર કરવા તથા ૮ મા સૂત્રની વ્યાખ્યામાં કરેલી તૃતીય શંકારૂપ અનવસ્થા દોષનો પરિહાર કરવા સૂત્રકાર કહે છે કે

तासामनादित्वं चाशिषो नित्यत्वात् ॥ १० ॥ [1]

---

૧ આ સૂત્ર તથા પૂર્વનાં સૂત્રોમાં જીવોને અનાદિકાળથી જન્મ મરણ થતાં ચાલ્યાં આવ્યાં છે એ સિદ્ધાન્ત બતાવ્યો છે. જે લોકો માત્ર સ્વર્ગ, નરક અને આ લોક એમ ત્રણ જ માને છે તથા જીવોના બે જ જન્મ માનેછે તેમને આ સિદ્ધાન્ત કડવો ઝેર જેવો લાગે છે તથાપિ એ સત્ય હોવાથી સર્વ માન્ય થયો છે. પોતાની ઇચ્છાનુસાર માનવું એમાં સર્વને સ્વતંત્રતા છે તથાપિ વિવેકપુરઃસર માનવું હોય તો આ બે જન્મનો સિદ્ધાન્ત જરા પણ ટકી શકતો નથી. મનુ-

સૂત્રાર્થઃ—એ વાસનાઓનું આનંતર્ય હોય છે એટલું જ નહિ પણ એ વાસના અનાદિ કાળથી છે, કારણ કે 'હું સદા વિદ્યમાન રહું, મારો કદાપિ નાશ ન થાય' એ પ્રકારની પોતાની હયાતિની ઇચ્છારૂપ તથા મરણના ત્રાસરૂપ આશિષ્ નિત્ય છે અર્થાત્ અનાદિ છે.

तासाम्=એ વાસનાનું, अनादित्वम्=આદિરહિતપણું.

च-એ પદથી પૂર્વે સૂત્રોક્ત આનંતર્યસાથે આ સૂત્રોક્ત અનાદિત્વનો સમુચ્ચય બતાવ્યો છે.

आशिषः—હું સદા અસ્તિત્વમાં રહું, મારૂં મરણ ન થાઓ એ પ્રકારનો ચિત્તમાં રહેલો મરણનો ત્રાસ.

नित्यत्वात्—પ્રત્યેક જન્મમાં અને પ્રત્યેક શરીરમાં હોય છે તથી.

આ સૂત્રથી એ કહ્યું કે મારૂં સદા અસ્તિત્વ રહે એ પ્રકારની આત્માશિષ્ પ્રત્યેક શરીરમાં હોય છે તેથી પુર્વજન્મની સિદ્ધિ થાયછે અને પ્રત્યેક જન્મમાં હોવાથી જન્મોનું અનાદિત્વ સિદ્ધ થાયછે. તે આ પ્રકારે. થોડા વખતનું જે બાલક જન્મેલું હોય છે અને જે બાલકે વર્તમાન જન્મમાં મરણનું દુઃખ અનુભવ કર્યું નથી તે બાલક પણ પોતાની માના ખોળામાંથી ખસી જઈ નીચે પડવાની સ્થિતિમાં આવે છે કે તરત કંપી ઉઠેછે તથા તે માના ઉરઃસૂત્રને હાથથી તરત પકડી લે છે એ સર્વને અનુભવસિદ્ધ છે. એ બાલકને થતો કંપ પડી જઇ મૃત્યુ થવાના ભયથી થાય છે એ સહજ અનુમાન કરી શકાય છે. જે જે કલ્પનાઓ કરવામાં આવેછે તે દૃષ્ટાનુસાર જ કરવામાં આવેછે. આપણને જે જે પદાર્થોથી મરણનો ત્રાસ હોયછે તે તે પદાર્થથી આપણને કંપાદિ થાય છે અર્થાત્ આપણને જે આવા કંપાદિ થાયછે તે મરણના ભયથી થાય છે; તો એ બાળકના પ્રસંગમાં પણ થતો કંપાદિ મરણના ત્રાસથી થાય છે એ માનવું ઉચિત છે. તેથી એ બાલકને મરણનો ભય હોય છે એ સિદ્ધ થાય છે. ત્યાં એ બાલકને મરણના અનુભવથી ભય થાય છે એમ તો છે જ નહિ કારણ કે એનું મરણ થયું નથી તેથી મરણની સ્મૃતિથી એને ભય થાય છે એ પણ સિદ્ધછે. હવે જે જે સ્મૃતિ થાય છે તે આપણે જોઇ-

---

બ્ય જન્મ શાથી થયો, વિહિત નિષિદ્ધ પ્રવૃતિમાં શાથી ભેદ પડે છે, જીવોને સુખદુઃખનું તારતમ્ય આ જન્મમાં શાથી દેખાયછે વિગરે પ્રશ્નોનો આ સિદ્ધાન્તશિવાય અન્ય કોઈ ઉત્તર સંતોષકારક મળી શકતો નથી એ તો એ વિરોધી લોકો પણસ્વીકારે છે. તેથી એમના મતથી પણ આ સિદ્ધાન્ત જ સત્ય છે. રુચવો ન રુચવો એ તો અંતઃકરણના સંસ્કાર ઉપર છે તેથી એ સંબંધી કશું કહેવાનું નથી.

એ છીએ કે પૂર્વના અનુભવથી પડેલા સંસ્કારથી થાય છે. એ નિયમે એ બાલકને થતી મરણની સ્મૃતિ પણ મરણના અનુભવથી પડેલા સંસ્કારથી જ થવી ઘટેછે, અર્થાત્ એ સ્મૃતિની ઉપપત્તિમાટે મરણનો અનુભવ અવશ્ય હોવો ઘટે છે. ત્યાં આ વર્તમાન જન્મમાં તો એ બાલકને મરણનો અનુભવ થયો નથી, તેથી એ મરણના અનુભવમાટે પૂર્વજન્મ અવશ્ય હોવો જોઇએ એ સિદ્ધ થાય છે. તેમ જ પૂર્વ જન્મમાં પણ એ જ અભિમાનીને વર્તમાન જન્મની માફક એ જ પ્રકારે મરણનો ભય હશે એ પણ માનવું ઉચિત છે. તેથી ઉપરની પ્રક્રિયાપ્રમાણે તેની પૂર્વનો જન્મ પણ હોવો ઘટે છે. આ પ્રમાણે પ્રત્યેક જન્મમાં મરણના ત્રાસરૂપ આત્માશિષ્‌ની સ્થિતિ હોવાથી તેની પૂર્વ પૂર્વ જન્મ અવશ્ય હોવાં ઘટે છે. તેથી એ સિદ્ધ થાય છે કે મરણના ત્રાસરૂપ આશિષ્‌ના પ્રતિજન્મમાં સ્થિતિ હોવાથી પૂર્વજન્મ હોવો* જ જોઇએ એટલું જ નહિ પણ એવા અનંત પૂર્વ જન્મો હોવા જોઇએ, અને જ્યારે અનંત પૂર્વ જન્મો સિદ્ધ થયા ત્યારે અનંત જન્મોના સંસ્કારો પણ ચિત્તમાં હોવા જ જોઇએ એ પણ સિદ્ધ થાય છે અર્થાત્ એ સંસ્કારરૂપ વાસનાનું અનાદિત્વ સહજ સિદ્ધ થાય છે. વાસનાનું અનાદિત્વ પ્રમાણસિદ્ધ થવાથી પૂર્વે જે અનવસ્થારૂપ દોષ આપ્યો હતો તે અયોગ્ય ઠરેછે કારણ કે प्रमाणकी अनवस्था न दोषाय પ્રમાણસિદ્ધ અનાદિત્વ હોય તે દોષરૂપ અનવસ્થાને ઉત્પન્ન કરતું નથી એ સર્વમાન્ય ન્યાય છે.

આ પ્રમાણે આ સૂત્રથી એ સિદ્ધ કર્યું કે મરણત્રાસ પ્રતિજન્મમાં વિદ્યમાન હોવાથી જન્મોની અનાદિ કાળથી પ્રવૃત્તિ સિદ્ધ થાય છે અને જન્મોનું અનાદિત્વ હોવાથી વાસનાનું અનાદિત્વ હોય છે એટલું જ નહિ પણ અનેક જન્મોની વાસના હોવાથી વાસના પણ અનંત હોય છે.

આ અનંત પ્રકારની વાસનાઓ ચિત્તમાં સદા પ્રસુપ્ત થઇ પડી રહે છે. એમાંથી જે જન્મને આપનાર કર્મસંસ્કારોનો ઉદય થાય છે તે કર્મસંસ્કારરૂપ નિમિત્તવશાત્ તે જન્મને અનુકૂલ વાસનાઓ તે પ્રસંગે અભિવ્યક્ત થાય છે.

આ રીતે આ સૂત્રોથી (૭–૮–૯–૧૦) એ પ્રતિપાદન કર્યું કે યોગીનું ચિત્ત સમાધિથી થયેલા જ્ઞાનાગ્નિથી દગ્ધક્લેશવાસનાવાળું થાય છે તથા તેનાં કર્મ પણ અશુક્લાકૃષ્ણ હોય છે તેથી એ ચિત્ત

---

* આ પ્રક્રિયાનું પ્રતિપાદન પ્રસંગવશાત્ દ્વિતીય પાદમાં અભિનિવેશરૂપ ક્લેશની વ્યાખ્યા પ્રસંગે કર્યું છે. તેથી ત્યાં પણ જોવું.

અનાશય હોવાથી મોક્ષને યોગ્ય છે અને અન્ય સર્વ ચિત્તોમાં તત્ત્વજ્ઞાન થયેલું નથી હોતું તેથી એ ચિત્તોની ક્લેશવાસના દગ્ધ થયેલી નથી. તેમ જ એ ચિત્તોનાં કર્મો કૃષ્ણાદિ પ્રકારનાં હોય છે તેથી એ કર્મોમાંથી જે જે પરિપાકને પામે છે તે તે કર્મરૂપ નિમિત્તના બલથી એ ચિત્તમાં રહેલી અનાદિ કાળની અનંત વાસનામાંથી એ કર્મથી અપાતા જન્મને અનુકુલ વાસનાઓ અવશ્ય અભિવ્યક્ત થાય છે તેથી એ ચિત્તો અનાશય નથી અને તેથી મોક્ષને યોગ્ય નથી. આપ્રમાણે આ સૂત્રોથી કૈવલ્યને યોગ્ય ચિત્તનો નિર્ણય કર્યો તથા પ્રસંગવશાત્ અન્ય ચિત્તોને બંધ કયા કારણથી હોય છે તેનું પણ પ્રતિપાદન કર્યું. ત્યાં એ પ્રતિપાદનમાં વાસનાને અનાદિ કાળની તથા અનંત કહી. તેથી એ શંકા થાય છે કે, જેમ પુરુષ અનાદિ હોવાથી તેનો ઉચ્છેદ થવો ઘટતો નથી તેમ વાસના પણ અનાદિ હોવાથી એમનો ઉચ્છેદ થવો સંભવતો નથી. તેમ જ એ વાસનાઓ અનંત હોવાથી એમનો ઉચ્છેદ કેવી રીતે કરી શકાય? આ શંકાનો ઉત્તર આપી કૈવલ્યની ઉપપત્તિ કરવા અનાદિ તથા અસંખ્ય એવી જે વાસના તેનો અત્યંતોચ્છેદ કેવી રીતે થાય છે તેની ઉપપત્તિ કરે છે.

हेतुफलाश्रयालम्बनैः संगृहीतत्वादेषामभावे तदभावः ॥ ११ ॥

સૂત્રાર્થઃ—હેતુ, ફલ, આશ્રય અને વિષયથી વાસનાઓ વ્યાપ્ત થયેલી છે તેથી એ હેતુ વિગેરેનો અભાવ થવાથી અનંત અને અનાદિ છતાં પણ વાસનાનો અભાવ થાય છે.

આ સૂત્રમાં એ કહ્યું કે હેત્વાદિના અભાવથી વાસનાનો અત્યંતોચ્છેદ કરી શકાય છે. ત્યાં વાસના સંસ્કારરૂપ હોવાથી એનો હેતુ સંસારનાં સુખદુઃખનો અનુભવ છે. એ અનુભવનો હેતુ ધર્મ અને અધર્મ છે. એ ધર્માધર્મનો હેતુ કર્મમાં થતી સાભિમાન પ્રવૃત્તિ છે. એ સાભિમાન પ્રવૃત્તિનો હેતુ અહંમમ એવાકારનું અભિમાન છે. એ અભિમાનમાં મમત્વાભિમાનનો હેતુ અહંઅભિમાન છે. આ અહં એ પ્રકારના અહં અભિમાનરૂપ અસ્મિતાનો હેતુ અવિદ્યા છે એટલે અવિદ્યા સંસાર ચક્રનું તથા વાસનાનું મૂળ છે. અવિદ્યાથી અહંઅભિમાન બંધાય છે, તેથી મમત્વાભિમાન બંધાયછે અર્થાત્ રાગદ્વેષ બંધાય છે. એ રાગદ્વેષ બંધાયાથી કર્મનું બંધન થાયછે અર્થાત્ સાભિમાન કર્મ કરાય છે એ સાભિમાન કર્મથી ધર્માધર્મની ઉત્પતિ થાયછે, અને તેથી સુખદુઃખનો ભોગ તે અભિમાનીને મળે છે, અર્થાત્ સંસારની પ્રાપ્તિથાય છે. એ સુખદુઃખના ભોગથી સુખમાં રાગ અને દુઃખમાં દ્વેષ થાયછે. એ રાગદ્વેષથી પુનઃ સાભિમાન પ્રવૃત્તિ થાય છે, તેથી ધર્માધર્મની

ઉત્પત્તિ થાયછે અને તેથી સંસારની પ્રાપ્તિ અર્થાત્ સંસારનો અનુભવ અને તેથી પુનઃ રાગદ્વેષાત્મક વાસનાનો ઉદ્ભવ થાય છે. આ પ્રમાણે વાસનાનો હેતુ અને તેથી સંસારચક્રનો હેતુ અવિદ્યા છે. એ વાસનાનું ચિત્તમાં અસ્તિત્વ હોય છે ત્યારે એ વાસનાની અભિવ્યક્તિદ્વારા તે તે દેહાદિની પ્રાપ્તિ થાયછે, તેથી દેહાદિની પ્રાપ્તિ એ વાસનાનું ફલ છે. એ વાસનાઓનો આશ્રય સાધિકાર ચિત્ત છે, એટલે જે ચિત્તનો અધિકાર સમાપ્ત થયો નથી એવા ચિત્તમાં જ વાસના હોયછે; જે ચિત્તનો અધિકાર સમાપ્ત થઈ જાય છે તે ચિત્ત પોતાના કારણમાં જ લીન થઇ જાય છે તેથી એ વાસનાનો આશ્રય થઇ શકતું નથી. તેથી વાસનાનો આશ્રય તે અધિકારવાળું ચિત્ત છે. જે જે વિષયો કર્મવડે સંનિહિત થાયછે અર્થાત્ અભિમુખ થઇ વાસનાને અભિવ્યક્ત કરેછે તે તે વિષયો વાસનાના આલંબનરૂપ વા-વિષયરૂપ છે. મોક્ષસમયે સ્ત્રીવિગેરે વિષયો સંસારમાં તો પડેલા હોયછે તથાપિ મોક્ષ પામતા ચિત્તની અભિમુખ થઇ એ વિષયો કોઇ પણ વાસનાની અભિવ્યક્તિ કરતા નથી, તેથી એ સ્ત્રીવિગેરે વિષયો તે મોક્ષ પામતા ચિત્તની વાસનાના અભિવ્યંજક નહિ હોવાથી વાસનાના આલંબનરૂપ નથી. આમ હોવાથી સર્વ વિષયો વાસનાના આલંબનરૂપ નથી, પણ માત્ર જે વિષય જે સમયે અભિમુખ થઇ વાસનાની અભિવ્યક્તિ કરેછે તે જ વિષય તે સમયે વાસનાના આલંબનરૂપ છે.

આ હેતુ, ફલ, આશ્રય અને આલંબન એ ચાર ઉપર વાસનાનો આધાર છે, તેથી એ ચારનો અભાવ થયે વાસનાનો અભાવ થાય છે. ત્યાં એ તો સ્પષ્ટ છે કે જ્યાં કારણનો નાશ થાય છે ત્યાં કાર્યનો નાશ અવશ્ય જ થાય છે. તેથી અવિદ્યાનો અભાવ થવાથી વાસનાનો અભાવ થાય એ તો યોગ્ય છે. તેમ જ ફલનો અભાવ થવાથી પણ કારણનો અભાવ થાયછે. જેમકે અધ્યયનને જ અર્થે દેવદત્ત કાશીમાં રહેતો હોય તો કાશીમાં રહેવું એ કારણ છે અને અધ્યયન એ ફલ છે. જે વખતે અધ્યયન પૂરૂં થયું કે તરત દેવદત્ત કાશીથી ચાલી નીકળેછે. તેથી ફળનો અભાવ થવાથી કારણનો અભાવ થવો અયોગ્ય નથી. એ જ પ્રમાણે જયારે વાસનાના કાર્યરૂપ ભોગનો અભાવ થાયછે ત્યારે પછી વાસનાની સ્થિતિમાં કોઇ નિમિત્ત ન હોવાથી વાસનાનો પણ અભાવ થાયછે. તેમ જ જ્યારે આશ્રયનો અભાવ થાયછે ત્યારે આશ્રિતનો અવશ્ય અભાવ થાયછે એ સર્વસિદ્ધ નિયમપ્રમાણે ચિત્તનો અભાવ થાયછે ત્યારે ચિત્તને આશ્રયે જ

રહેનાર વાસનારૂપ આશ્રિતનો અભાવ થાય એ ઉચિત છે. તેમ જ જ્યારે આલંબનનો અભાવ થાયછે અર્થાત્ કોઇ પણ વિષય ચિત્તના અભિમુખ થતો નથી ત્યારે વાસનાને અભિવ્યક્ત કરનાર કોઇ હેતુ નહિ હોવાથી વાસનાના આવિર્ભાવનો અભાવ જ થાયછે.

આપ્રમાણે આ સૂત્રથી એ કહ્યું કે અગરજો વાસનાઓ અનાદિ છે તથા અનંત છે તથાપિ એ વાસનાઓ કાર્યરૂપ છે અર્થાત્ ઉત્પત્તિને પામેલી છે અને તેથી પુરુષની માફક અનાદિ નથી પણ પ્રવાહરૂપે અનાદિ છે, અર્થાત્ હેતુફલાદિને આધારે જ રહેનાર છે, તેથી અનાદિ અને અનંત છતાં પણ એ હેતુવિગેરેનો અભાવ થવાથી એ વાસનાનો અભાવ થઇ જાય છે, અર્થાત્ મોક્ષ થાયછે.

અહિં એ કહ્યું કે આશ્રયરૂપ ચિત્તનો અભાવ થવાથી વાસનાનો અભાવ થાયછે. ત્યાં એ શંકા થાય છે કે વાસનાના આશ્રયરૂપ ચિત્ત તો પ્રતિક્ષણે નાશ પામતું દેખાયછે. કારણ કે દેવશરીરમાંનું ચિત્ત તથા મનુષ્યશરીરમાંનું ચિત્ત એ બંને જુદાં હોયછે. તેથી વાસનાનો અભાવ સદા થવો જ જોઇએ. તેમ જ બીજી શંકા એ થાયછે કે જે પદાર્થ અસ્તિત્વમાં હોયછે તેનો કદાપિ નાશ થતો નથી અને જે પદાર્થોનો અભાવ હોયછે તેની કદાપિ ઉત્પત્તિ થતી નથી એ નિયમથી વાસનારૂપ સત્પદાર્થનો અભાવ કદાપિ થાય નહિ, અર્થાત્ મોક્ષરૂપ કૈવલ્ય થાય એમ નથી. એ શંકાના ઉત્તરમાટે સૂત્રકાર કહે છે કે

अतीतानागतं स्वरूपतोऽस्त्यध्वभेदाद्धर्माणाम् ॥ १२ ॥

સૂત્રાર્થઃ—અતીત અને અનાગત (ભવિષ્યત્) વસ્તુ સ્વરૂપે વિદ્યમાન હોયછે કારણ કે તે ધર્મના લક્ષણનો માત્ર ભેદ થાયછે.

अध्वभेदात्--એટલે અધ્વ ભિન્ન ભિન્ન હોવાથી. તૃતીય પાદના **परिणामत्रय०** એ સૂત્રમાંનો લક્ષણશબ્દ અત્રના અધ્વનો પર્યાય છે. અધ્વ એટલે અતીત (ભૂત), વર્તમાન અને અનાગત (ભવિષ્યત્) અવસ્થા.

આ સૂત્રમાં પ્રથમ એ કહ્યું કે જે વસ્તુ એકવાર અસ્તિત્વમાં હોય છે તે વસ્તુ અતીત વા અનાગત થાય છે ત્યારે કંઇ નષ્ટ થતી નથી પણ એ અવસ્થાવિશિષ્ટ થઇ તે વસ્તુ સ્વરૂપે અસ્તિત્વમાં રહે છે. તેથી જે વસ્તુ અનાગત હોય છે તે જ વસ્તુ વર્તમાનાવસ્થાને પામેછે. વર્તમાનાવસ્થાવાળી વસ્તુ કંઈ નવીન જ અપૂર્વ ઉત્પન્ન થતી નથી. તેમજ જે વસ્તુ વર્તમાન હોયછે તે કદાપિ નાશને પામતી નથી પણ માત્ર વર્તમાનાવસ્થાનો પરિત્યાગ કરી વર્તમાનથી ભિન્ન એવી અતીતાવસ્થામાં રહેછે. તાત્પર્ય એ કે કોઇ પણ વસ્તુ જે અસત્ છે તેની કદાપિ ઉત્પત્તિ થતી નથી, તેમ જ જે વસ્તુ સત્ છે તેનો

કદાપિ નાશ થતો નથી, પણ એકની એક જ વસ્તુ સ્વરૂપે વિદ્યમાન રહી અનાગત, વર્તમાન અને અતીતાવસ્થાસાથે સંબંધવાળી થાય છે. જો અતીત અને અનાગતરૂપે વસ્તુ ન રહેતી હોય તો તેનું જ્ઞાન ન થવું જોઇએ, કેમકે અસત્ પદાર્થનું જ્ઞાન કદાપિ હોતું નથી, અર્થાત્ જ્ઞાનનો કોઇ નહિ ને કોઈ પણ સદ્ વિષય જ હોય છે. અતીત વસ્તુનું જ્ઞાન થતું નથી તેમ તો છે નહિ. યોગજન્ય પ્રત્યક્ષથી અતીત તથા અનાગત પદાર્થોનું જ્ઞાન યોગીને થાયછે. એ જ્ઞાનના દૃષ્ટાન્તરૂપે શ્રીમદ્ ભગવદ્ગીતા છે. એમાં સ્પષ્ટ કહ્યું છે જે ભીષ્માદિનો ભાવી વધ અર્જુને શ્રીકૃષ્ણશરીરમાં જોયો. તેથી એ પદાર્થ વસ્તુરૂપે તો અતીત અને અનાગતાવસ્થામાં પણ હોવા જોઇએ છે.

અહિં એ શંકા થશે કે જો વસ્તુ ઉત્પત્તિપૂર્વે વિદ્યમાન હોય છે તો પછી તેની ઉત્પત્તિમાટે પ્રયાસ કરવો નિરર્થક છે. કારણ કે જે વસ્તુ ન હોય તેની પ્રાપ્તિમાટે પ્રયાસ કરવો ઉચિત છે. એનો ઉત્તર એ કે કારકવ્યાપારથી અસત્ વસ્તુની ઉત્પત્તિ થતી નથી. જો અસત્ની ઉત્પત્તિ થતી હોય તોપછી કારકવ્યાપારથી શશશૃંગાદિની પણ ઉત્પત્તિ થવી જોઇએ. કારણ કે ઉત્પત્તિપૂર્વે શશશૃંગ તથા અન્ય વસ્તુઓ અનસ્તિત્વમાં હોવાથી સર્વે સમાન છે. પણ તેમ તો થતું નથી. તેથી કારકવ્યાપારના સાફલ્યમાટે વસ્તુ પૂર્વે અસત્ ન જ હોવી જોઇએ, એટલુંજ નહિ પણ કારકવ્યાપારનો પણ કોઇ વિષય હોય જ છે, એટલે કોઇ કોઇ પદાર્થની ઉપર જ કારકવ્યાપાર થાયછે. ત્યાં આપણે જોઇએ છીએ કે ઘટની પ્રાપ્તિમાટે વ્યાપારકર્તા મૃત્તિકાનું જ ગ્રહણ કરેછે, તિલનું ગ્રહણ કરતો નથી; તેલની પ્રાપ્તિમાટે તિલનું ગ્રહણ કરેછે, રેતીનું ગ્રહણ કરતો નથી. એ સર્વ પ્રવૃત્તિ પણ ક્યારે યોગ્ય ઠરે છે કે જ્યારે ઘટનું મૃદ્માં અસ્તિત્વ હોય અને તેલનું તિલમાં હોય ત્યારે. નહિ તો પછી તેલનો જેમ તિલમાં અભાવ હોય છે તેમ રેતીમાં પણ અભાવ હોય છે; ઘટનો જેમ મૃદ્માં અભાવ હોય છે તેમ તિલમાં પણ હોય છે, તોપછી તેલની પ્રાપ્તિમાટે તિલનું જ ગ્રહણ કરવું અને રેતીનું ન કરવુંવિગેરે પ્રવૃત્તિમાં કોઇ નિયામક નહિ રહેશે[1]. તેથી એજ સિદ્ધ થાય છે કે ઉત્પત્તિ

૧ આ સત્કાર્યવાદના વિસ્તારથી પ્રતિપાદનમાટે જુઓ શ્રીમહાકાલ પુસ્તક બીજું પાનું ૧૩૦—૧૫૮ વિગેરે; આજ ગ્રંથના તૃતીય પાદનું પરિણામત્રય તથા ધર્મીનું પ્રતિપાદન કરનાર સૂત્રો; શ્રીબ્રહ્મસૂત્ર દ્વિતીયાધ્યાય સૂત્ર ૧૮મું; શ્રીસાંખ્યકારિકા ૯મી; શ્રીઅદ્વૈતબ્રહ્મસિદ્ધિ પ્રથમમુદ્ગરપ્રહાર; શ્રીસાંખ્યસૂત્ર પ્રથમાધ્યાયસૂત્ર ૧૧૭થી, વિગેરે.

પૂર્વે તથા અતીતાવસ્થામાં પણ વસ્તુની સ્વરૂપે સ્થિતિ હોયછે.

આ સૂત્રથી પૂર્વની એ શંકાનું નીચેપ્રમાણે સમાધાન આપ્યું કે ચિત્ત પ્રતિક્ષણે નશ્વર નથી, પણ ચિત્ત તો સદા વસ્તુરૂપે વિધમાન જ હોયછે, પણ એના ધર્મોને લક્ષણપરિણામ થાયછે એટલે એક પ્રકારના ધર્મો એમાં એક ક્ષણે આવિર્ભાવને પામેછે તથા અન્ય પ્રકારના ધર્મો તિરોભાવને પામેછે. આમ ધર્મોનો પરિણામ થવાથી ચિત્તનો નાશ થતો નથી પણ સદા સ્થિતિ રહેછે તેથી સદામોક્ષની આપત્તિ આવતી જ નથી. તેમ જ વાસના પણ ચિત્તમાં સદા વસ્તુરૂપે વિદ્યમાન હોય જ છે તથાપિ કોઈ વખતે એ અનાગતાવસ્થામાં હોય છે તો કોઈ પ્રસંગે અતીતાવસ્થામાં અને કોઈ પ્રસંગે વર્તમાનાવસ્થામાં. આથી એમ કહેવું યોગ્ય નથી કે જ્યારે ચિત્ત પણ સદા હોય છે અને વાસના પણ સદા હોય છે તો પછી બંનેમાંથી કોઈનો અભાવ ન હોવાથી સુતરામ્ મોક્ષ અઘટિત છે. કારણ કે (अध्वभेदाद् धर्माणाम्) મોક્ષમાટે કંઈ ચિત્તનો વા વાસનાનો અત્યંત નાશ અપેક્ષિત છે જ નહિ. ચિત્ત અને વાસના જ્યારે વર્તમાન અધ્વમાં હોય છે અથવા તો અનાગત અધ્વમાં હોય છે ત્યારે જ એ દુઃખનો અનુભવ કરાવે છે અથવા કરાવવા સમર્થ હોય છે.જ્યારે ચિત્ત અને વાસના આત્યંતિકી અતીતાવસ્થાને પામે છે અર્થાત્ અતીતાવસ્થાને પામી પુનઃ અનાગતાવસ્થાને પામવાના સામર્થ્યથી રહિત થઈ જાયછે એટલે કદાપિ વર્તમાનાવસ્થાને પામી ન શકે એવું થાય છે ત્યારે દુઃખનો અત્યંતિક અભાવ થાય છે, અર્થાત્ કૈવલ્ય થાય છે. તેથી મોક્ષમાટે ચિત્ત વા વાસનાનો સ્વરૂપોચ્છેદ જરૂરનો નથી પણ વર્તમાનાવસ્થાને પામવાની યોગ્યતાથી રહિત જે અતીતાવસ્થાસાથેનો સંબંધ તે જ માત્ર જરૂરનો છે. એ સ્થિતિ તત્ત્વજ્ઞાનરૂપ વિવેકખ્યાતિથી થાય છે. તેથી સર્વથા મોક્ષ ઉપપન્ન ઠરે છે.

આ પ્રમાણે આ બે સૂત્રોથી મોક્ષરૂપ કૈવલ્યની, વાસનાનો ઉચ્છેદ શક્ય સિદ્ધ કરી, ઉપપત્તિ કરી તથા એ વાસનાનો ઉચ્છેદ જેમાં હોયછે તે સિદ્ધ ચિત્ત કૈવલ્યને યોગ્ય છે એ પૂર્વ નિર્ધારણ કર્યું. હવે કૈવલ્યનું પ્રતિપાદન કરવાનું છે તથાપિ એ પ્રતિપાદન કરતાપૂર્વે એ કૈવલ્યના સાધનરૂપ અવિદ્યાનો નાશ કરનાર તત્ત્વજ્ઞાનરૂપ વિવેકખ્યાતિનું વિસ્તારથી પ્રતિપાદન કરવું જરૂરનું છે, કારણ કે સાધનના યથાર્થ પ્રતિપાદનવિના તે સાધનની સિદ્ધિ થયાથી થતા ફલના સ્વરૂપનું પ્રતિપાદન સ્પષ્ટ સમજાતું નથી. તેથી પ્રથમ એ વિવેકખ્યાતિનું પ્રતિપાદન કરે છે. ત્યાં વિવેકખ્યાતિ એટલે તો ભેદસાક્ષાત્કાર. એ ભેદ મુખ્યરૂપે

તો પ્રધાન અને પુરુષનો અથવા તો બુદ્ધિસત્ત્વ અને પુરુષનો ગણાય છે, કારણ કે જ્યાં બુદ્ધિસત્ત્વ અને પુરુષના ભેદનો સાક્ષાત્કાર થયો એટલે પછી કશાના ભેદનો સાક્ષાત્કાર કરવો અવશિષ્ટ રહેતો નથી, તથાપિ એ જ ભેદ માત્ર એ વિવેકખ્યાતિનો વિષય હોય છે એમ નથી. એ તો અંતિમ વિષય હોય છે, અર્થાત્ અન્ય ભેદો પણ એ વિવેકખ્યાતિના વિષયરૂપ હોય છે. એ અન્ય વિષયોસહિત અંતિમ વિષયનું પ્રતિપાદન કરવાથી વિવેકખ્યાતિનું યથાર્થ પ્રતિપાદન થઇ જાય છે. તેથી કૈવલ્યના પ્રતિપાદનપૂર્વે એ વિષયોનું પ્રતિપાદન કરે છે. ત્યાં પૂર્વ સૂત્રમાં કહ્યું કે અતીત અને અનાગત વસ્તુ સ્વરૂપે હોય છે. તેમાં એ જિજ્ઞાસા થાય છે કે એ સ્વરૂપ કયું ? એ જિજ્ઞાસા નિવૃત્ત કરવા તથા વિવેકખ્યાતિના એક વિષયરૂપ જે કારણ અને કાર્યનો, અથવા નિત્ય અને અનિત્યનો, અથવા સત્ અને અસતનો ભેદ તેનું પ્રતિપાદન કરવા કહેછે કે

ते व्यक्तसूक्ष्मा गुणात्मानः ॥ १३ ॥

સૂત્રાર્થઃ—એ કાલભેદથી વ્યક્તત્વ અને સૂક્ષ્મત્વને ભોગવનાર ધર્મો વસ્તુતઃ સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રિવિધ દ્રવ્યરૂપ જ છે.

તે=એટલે ધર્મો. ધર્મની અંદર મહત્‌થી માંડી ઘટપટસુધીના સંપૂર્ણ વિકારો લેવાય છે. કારણ કે મહતત્ત્વ સત્ત્વાદિ ત્રણ દ્રવ્યની રચનાવિશેષ જ છે તેથી ધર્મરૂપ છે. તે જ પ્રમાણે અહંકાર પણ એજ સત્ત્વાદિની રચનાવિશેષરૂપ હોવાથી સત્ત્વાદિના ધર્મરૂપ છે. એ જ પ્રમાણે ઘટપટાદિ પર્યન્તના સંપૂર્ણ વિકારો સત્ત્વાદિની રચનારૂપ હોવાથી સત્ત્વાદિના ધર્મરૂપ જ છે. આમ હોવાથી મહત્‌થી તે ઘટપટસુધીના સંપૂર્ણ પદાર્થોનું તે શબ્દે કરીને ગ્રહણ થાય છે.

व्यक्तसूक्ष्माः—વ્યક્ત એટલે જણાય એવા અને સૂક્ષ્મ એટલે લૌકિકપ્રમાણુથી ન જણાય એવા. જે વિકારો વર્તમાનાવસ્થામાં હોય છે તે વ્યક્ત છે અને જે અનાગત તથા અતીત અવસ્થામાં હોય છે તે સૂક્ષ્મ છે.

આ સૂત્રમાં આ પદ તે રૂપ ઉદ્દેશ્યનું વિશેષણ માત્ર છે.

गुणात्मानः—ગુણ છે સ્વરૂપ જેનું એવા એટલે સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ દ્રવ્ય. એ ત્રણ દ્રવ્ય છે આત્મા એટલે સ્વરૂપ જેનું તે વિકારો **गुणात्मानः** કહેવાય છે. આ સૂત્રમાં આ પદ વિધેયવાચક છે.

આ સૂત્રથી એ કહ્યું કે મહત્તત્ત્વથી માંડી ઘટપટાદિપર્યન્તના

સર્વ વિકારો વર્તમાન, અતીત અને અનાગત એ ત્રણમાંથી ગમે તે અવસ્થામાં હોય તથાપિ એ સર્વ અવસ્થામાં એ પરમાર્થતઃ તો સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રિવિધ દ્રવ્યરૂપ જ છે. આપણે જોઇએ છીએ કે પ્રત્યેક કાર્યરૂપ વસ્તુ પરમાર્થતઃ તેની પ્રકૃતિરૂપ હોય છે. ઘટ એ કાર્ય છે તથા એમાં મૃદ્‌નો અન્વય થયો છે તેથી એ પરમાર્થતઃ-વસ્તુતઃ-પોતાની પ્રકૃતિ મૃદ્‌રૂપ જ છે, અર્થાત્ મૃદ્‌થી અતિરિકત ભિન્ન વસ્તુ નથી. કારણ કે તેમ હોય તો જેમ અશ્વના અભાવે મહિષના સ્થિતિ થઇ શકે છે તેમ મૃદ્‌ના અભાવે ઘટની સ્થિતિ થવી જોઇએ. પણ તેમ નથી. તેથી ઘટ મૃદ્‌રૂપ જ છે. આ જ નિયમથી સુખ, દુઃખ અને મોહાત્મક સંપૂર્ણ જગત્‌માં એટલે મહત્‌થી તે ઘટપટાદિસુધીના સંપૂર્ણ વિકારોમાં સુખ, દુઃખ અને મોહાત્મક સત્ત્વ રજસ્ અને તમસ્‌નો અનુગમ હોવાથી એ સર્વ વિકારો એ ત્રિવિધ દ્રવ્યરૂપ જ વસ્તુતઃ છે. આમ હોવાથી જ એ દ્રવ્યોના અભાવે એ વિકારોની સ્થિતિ થઇ શક્તી નથી તેથી એ સિદ્ધ થાય છે કે એ સર્વ વિકારો વસ્તુતઃ પોતાની પ્રકૃતિરૂપ જે આ ગુણત્રય તે રૂપ જ છે.

આથી એમ સમજવાનું નથી કે એ વિકારો શશશૃંગવત્ અસત્ છે, તેમ જ ધર્મી પણ અસત્ છે, કારણ કે સૂત્રકારે સ્થાને સ્થાને ધર્મીનું અસ્તિત્વ સ્થાપન કર્યું છે. પણ માત્ર એ જ કે આ સર્વ વિકારો તથા સત્ત્વાદિ ત્રિગુણનો ભેદાભેદ છે. રચનાદિરૂપે ભેદ છે અને વસ્તુ (દ્રવ્ય)રૂપે અભેદ છે.

આ રીતે આ સૂત્રથી એ પ્રતિપાદન કર્યું કે મહત્‌થી માંડી ઘટપટાદિસુધીના સંપૂર્ણ વિકારો એક કાળે વર્તમાનાવસ્થાને ભોગવનાર હોયછે તો અન્ય પ્રસંગે અતીતાવસ્થાને અને અન્ય પ્રસંગે અનાગતાસ્વસ્થાને ભોગવનાર હોયછે. એમાં એકરૂપે સર્વત્ર અન્વય પામેલી એવી વસ્તુ તો માત્ર સત્ત્વાદિ ગુણત્રય જ છે. તેથી મહદાદિ સર્વ વિકારો પ્રતિક્ષણે પરિણામ પામનાર છે અર્થાત્ ક્ષણવિધ્વંસી છે અને સત્ત્વાદિ ત્રણ ગુણો માત્ર એકરૂપે અન્વય પામનાર નિત્ય છે. તથાપિ એ ગુણો પણ પરિણામી હોય છે તેથી અપરિણામી પુરુષવત્ કૂટસ્થનિત્ય નથી. આથી એ સિદ્ધ થયું કે સૌથી નિત્ય તો પુરુષ વા ચૈતન્ય છે. એની અપેક્ષાથી સત્ત્વાદિ ગુણો પરિણામી હોવાથી એકને એક રૂપે નિત્ય નથી તેથી તુચ્છ છે—સારરહિત છે—ઇન્દ્રજાલસમ માયા તુલ્ય છે અને એ ત્રણ ગુણોની અપેક્ષાથી મહદાદિ સર્વ વિકારો વ્યક્તાવ્યક્ત અવસ્થાને ભોગવનાર હોવાથી પ્રતિક્ષણે અન્ય અ-

ન્ય થનાર છે તેથી અનિત્ય છે-તુચ્છ છે-માયારૂપ છે. શ્રીપાતંજલભાષ્યમાં કહ્યું છે કે गुणानां परमं रूपं न दृष्टिपथमृच्छति। यत्तु दृष्टिपथं प्राप्तं तन्मायैव सुतुच्छकम्।સત્ત્વાદિ ગુણોનું, વિકારરૂપ ધર્મો વિનાનું, જે મૂળ સ્વરૂપ છે તે દૃષ્ટિગોચર થતું નથી અને જે દૃષ્ટિગોચર થાય છે તે અતિક્ષણભંગુર હોવાથી ઐન્દ્રજાલિકની માયામાત્ર છે અર્થાત્ અત્યંત અનિત્ય છે. શ્રુતિ પણ वाचारंभणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् વિકાર નામમાત્ર છે-અલીક છે-પ્રકૃતિરૂપ મૃત્તિકાઆદિ જ સત્ય છે, ઇત્યાદિ વચનથી સર્વ વિકારોને અત્યંત અનિત્ય હોવાથી માયામાત્ર છે એ જ કહે છે.

આપ્રમાણે આ સૂત્રથી કાર્ય અને કારણનો, અથવા નિત્ય અને અનિત્ય પદાર્થોનો અથવા સત્ અને અસત્‌નો વિવેક પ્રતિપાદન કર્યો. તથા તેમાં કહ્યું કે આ સર્વ જગતના પ્રત્યેક વિકાર સ્વરૂપે તો સત્ત્વાદિ ગુણરૂપ જ છે. ત્યાં એ શંકા થાય છે કે જ્યારે સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ દ્રવ્ય મૂળ પરિણામી છે તથા પ્રત્યેક વિકારનું મૂળ છે તો એ ઘટે નહિ અર્થાત્ એ ત્રણ મળી એક પરિણામ (વિકાર) ન થઈ શકે. કારણ કે સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણે અત્યંત ભિન્ન ભિન્ન સ્વભાવવાળાં દ્રવ્યો છે. આપણે જોઈએ છીએ કે મૃત્તિકા, તંતુ અને દુધવિગેરે પદાર્થો જે ભિન્ન ભિન્ન સ્વભાવવાળા છે તે કદાપિ એક વિકારને ઉત્પન્ન કરી શકતા નથી. મૃત્તિકાનો વિકાર ઘટ છે, તંતુનો પટ છે અને દુધનો દધિ છે, પણ ત્રણે મળી કોઈ એક વિકારને ઉત્પન્ન કરતા જણાતા નથી. એ જ પ્રમાણે ભિન્ન ભિન્ન સ્વભાવવાળાં સત્ત્વ, રજસ્ અને તમસ્ મળી એક વિકારને ઉત્પન્ન કરી શકે એ અયોગ્ય છે. તેથી એના વિકારરૂપ મહદાદિને લઈએ તો મહદાદિ એક વિકાર રૂપ ન હોવાં જોઈએ. પણ તેમ તો છે નહિ. શાસ્ત્ર અને લોક બંનેમાં એક ઇન્દ્રિય, એક ચક્ષુ, એક ઘટ ઇત્યાદિ એકત્વનો વ્યવહાર ચાલે છે. તેથી એ વિકારો પ્રત્યેક એક તત્ત્વરૂપ છે એ સિદ્ધ થાય છે. એક તત્ત્વરૂપ હોવાથી એ વિકારો કોઈ એક દ્રવ્યનો પરિણામ હોવા ઘટે પણ ભિન્ન ભિન્ન સ્વભાવવાળાં સત્ત્વાદિ ત્રણના વિકારરૂપ ન હોવા ઘટે. એનો ઉત્તર આપવા સૂત્રકાર કહે છે કે

परिणामैकत्वाद्वस्तुतत्त्वम् ॥ १४ ॥

સૂત્રાર્થઃ-પરિણામનુ એકત્વ હોવાથી વસ્તુનું એકત્વ છે.

परिणमैकत्वात्-એટલે પરિણામનું એકત્વ હોવાથી. પરિણામ શબ્દના બે અર્થ લેવાયલા જણાય છે: (૧) અંગાંગિભાવસંબંધ અને (૨) મહદાદિવિકારરૂપ પ્રકૃતિના પરિણામો.

वस्तुतत्त्वम्–એટલે વસ્તુનું તત્ત્વ અર્થાત્ એકત્વ હોય છે. પરિણામ શબ્દના બે અર્થ લીધેલા હોવાથી આ શબ્દના પણ બે અર્થ થાય છે–(૧) મહદાદિ વિકારો અને (૨) સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ગુણો.

આ પ્રમાણે બે અર્થ લેવાથી આ સૂત્રના બે અર્થ કરી શકાય છે: (૧) સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણો અશ્વમહિષવત્ ભિન્ન ભિન્ન નથી રહેતા પણ પરસ્પરના અંગાગિભાવને પામે છે. આમ થવાથી એ ત્રણે દ્રવ્યો ભિન્ન ભિન્ન સ્વભાવવાળાં છતાં, જેમ ભિન્ન ભિન્ન સ્વભાવનાં તૈલ, વાટ વિગેરેનો એક દીપકરૂપ પરિણામ થાય છે તેમ આ ત્રણે દ્રવ્યોનો મહદાદિ પરિણામ થાય છે. (૨) મહદાદિ પરિણામ એક છે એ નિર્વિવાદ સિદ્ધ હોવાથી સત્ત્વાદિ દ્રવ્યો પણ એક છે એમ સિદ્ધ થાય છે. એટલે એક કેવલ સત્ત્વનું અણુ, એક કેવળ રજસ્નું અણુ, એક કેવલ તમસ્નું અણુ, એ પ્રકારે છે જ નહિ. પણ સૃષ્ટિમાંનું પ્રત્યેક અણુ ત્રણ પ્રકારના ધર્મવાળું છે

આ સૂત્રથી એ કહ્યું કે જે મહદાદિ પરિણામોનું એકત્વ લોક અને શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે તે ખરૂં જ છે. એ એકત્વવાળા મહદાદિ, સત્ત્વાદિ ત્રણ પ્રકારનાં દ્રવ્યોના પરિણામ થઇ શકે છે તેનું કારણ એ કે સત્ત્વાદિ દ્રવ્યો યદ્યપિ ભિન્ન ભિન્ન સ્વભાવવાળાં છે તથાપિ પરસ્પર અંગાંગિભાવસંબંધવાળાં હોય છે, એટલે પ્રકૃતિ જ્યારે સામ્યાવસ્થામાં હોય છે ત્યારે તો કોઇ પણ પ્રકારના ધર્મોની તેમાં પ્રતીતિ થતી જ નથી તથાપિ જ્યારે ક્ષોભ પામે છે ત્યારે એ જ દ્રવ્યોના અણુઓ થઇ જાય છે. એ અણુમાં કોઈ કેવલ સાત્ત્વિક ધર્મોને પ્રતીત કરાવનાર, કોઇ કેવલ રાજસને અને કોઈ કેવળ તામસને–એમ હોતું નથી. પણ પ્રત્યેક અણુમાં ત્રણ પ્રકારના ધર્મો રહેછે. તે ધર્મોને સાત્ત્વિક, રાજસ અને તામસ કહેછે. આ ત્રણ પ્રકારના ધર્મો ઉપરથી એમાં સત્ત્વાદિ ત્રિવિધ દ્રવ્યની સ્થિતિ અંગીકાર કરાય છે. એ ત્રણ પ્રકારના ધર્મો સર્વે પ્રધાનપણે એક વખતે સ્ફુટ થતા નથી કારણ કે બે પદાર્થોનું એક જ સ્થળે એક વખતે પ્રાધાન્ય થવું એ સ્વભાવવિરુદ્ધ છે. તેથી એ ત્રણ પ્રકારના ધર્મોવાળા પ્રત્યેક અણુમાં કોઈ એક સ્વભાવના ધર્મો પ્રધાનપણે પ્રતીત થાયછે અને અન્ય પ્રકારના ગૌણપણે હોય છે. આમ હોવાથી એ અણુમાં અનુમાન કરાતાં ત્રિવિધ દ્રવ્યોમાં અંગાંગિભાવ હોય છે એ સ્પષ્ટ દેખાય છે. જે જાતના ધર્મનું પ્રાધાન્ય તે અણુમાં હોય છે તે જાતનું દ્રવ્ય અંગી છેઅને અન્ય જાતનાં દ્રવ્યો અંગરૂપ છે (ગૌણ છે.) આ પ્રકારે ક્ષોભ પામેલી પ્રકૃતિમાં અણુનું સ્વરૂપ હોયછે. એ અણુઓને જ મહતત્ત્વ સંજ્ઞા

અપાય છે. તેથી એ પ્રત્યેક અણુને મહત્ કહેવામાં બાધ નથી. એ મહત્ સત્ત્વપ્રધાનવાળા ગુણત્રયનું કાર્ય છે. એ મહત્‌ના અણુઓ પ્રકૃતિથી પૂરિત થઇ અહંકારરૂપ એક પરિણામને પામે છે. એ અહંકાર સત્ત્વાદિના પ્રાધાન્યથી ત્રણ પ્રકારનો છે: (૧) સત્ત્વપ્રધાન–સાત્ત્વિક (૨) રજઃપ્રધાન—રાજસ–અને (૩) તમઃપ્રધાન–તામસ. એ ત્રિવિધ અહંકારના સમગ્ર દ્રવ્યને તથા તેના થતા અભિમાનીઓને જ અનુક્રમે વિષ્ણુ, બ્રહ્મા અને રુદ્ર એ સંજ્ઞા પુરાણાદિમાં આપી છે. એ ત્રિવિધ અહંકારમાંથી સત્ત્વપ્રધાન અહંકારનું અણુ–મહત્‌થી મળી જઇ જ્ઞાનેન્દ્રિયપંચકરૂપે પરિણામને પામે છે. રજઃપ્રધાન અહંકારનું અણુ મહત્‌થી મળી જઇ પાંચ કર્મેન્દ્રિયરૂપે પરિણામ પામેછે અને તમઃપ્રધાન અહંકારનું અણુ શબ્દાદિતન્માત્રારૂપે પરિણામને પામે છે. સત્ત્વ અને રજસ્ એ બંને સરખે અંશે જેમાં હોયછે ત । તમસ્ જેમાં ગૌણ છે એવું સત્ત્વરજસ્ ઉભયપ્રધાન અહંકારનું અણુ મન વા અંતઃકરણરૂપે પરિણામને પામેછે. તેમ જ અહંકારથી મળી જઇ શબ્દાદિ તન્માત્રા પૃથિવ્યાદિ પંચભૂતરૂપે પરિણામ પામેછે. ત્યાં અહંકારથી મળી શબ્દતન્માત્રા આકાશના અણુરૂપે પરિણામ પામેછે વિગેરે. આ પ્રમાણે પૃથિવ્યાદિના અણુઓરૂપ એકત્વવાળા અણુઓની ઉત્પત્તિ થાયછે. ત્યાર પછી એ અણુઓ પરસ્પર મળી જઇ પાર્થિવ ધર્મોની પ્રધાનતાવાળી અર્થાત્ પાર્થિવ અણુની પ્રધાનતાવાળી સ્થૂલ પૃથિવી, ગાય અશ્વાદિને તથા જલાદિ ધર્મની પ્રધાનતાવાળા સમુદ્રાદિને સ્રજે છે. આ પ્રમાણે જે મહત્‌થી તે છેક સ્થૂલ પૃથિવ્યાદિ પર્યન્તના પરિણામોનું એકત્વ છે તેનું કારણ એ કે સત્ત્વાદિ દ્રવ્યો પરસ્પર અંગાગિત્વને પામી પ્રત્યેક કારણરૂપ અણુમાં વિદ્યમાન હોયછે.

આપ્રમાણે આ સૂત્રથી સત્ત્વાદિ દ્રવ્યો જ એકત્વવિશિષ્ટ વિકારરૂપે પરિણામ પામી શકે એ સિદ્ધ કર્યું. એ સિદ્ધ થવાથી પુરુષ કૂટસ્થનિત્ય છે, સત્ત્વાદિ ગુણો પરિણામિનિત્ય છે અને મહદાદિ સંપૂર્ણ કાર્ય અનિત્ય છે, એ નિત્યાનિત્ય ભેદરૂપ વિવેકખ્યાતિનો એક વિષય પ્રતિપાદન થયો. ત્યાં આ પ્રકૃત બે સૂત્રોમાં એ શંકા આવે છે કે ગુણોનું નિત્યત્વ તથા કાર્યનું અનિત્યત્વ ઘટતું જ નથી. કારણ કે સર્વ પદાર્થો બુદ્ધિકલ્પિત હોવાથી એક સરખી રીતે અનિત્ય છે. જો વિજ્ઞાનથી અતિરિક્ત પદાર્થો જ નથી તો પછી એ દૃશ્ય પદાર્થોમાંથી કોને નિત્ય કહેવો અને કોને અનિત્ય કહેવો ? સર્વ પદાર્થો સરખી રીતે અનિત્ય છે. આપણે જોઇએ છીએ કે સ્વપ્નાવસ્થામાં બાહ્ય પદાર્થોનું અસ્તિત્વ નથી છતાં બુદ્ધિકલ્પિત પદાર્થોનું ભાન થાય છે.

અર્થાત્ સ્વપ્નવ્યવહાર વાસ્તવ પદાર્થ ન લેવાથી થઇ શકે છે એ સર્વેને સિદ્ધ છે. તે જ પ્રકારે જાગ્રત્ પદાર્થોને પણ માનવાથી વ્યવહાર ઉપપન્ન થાયછે તો પછી જ્ઞાનથી અતિરિક્ત વિષય શામાટે માનવો જોઇએ ? ન જ માનવો જોઇએ. આ પ્રકારની વિજ્ઞાનવાદની શંકા આ પ્રસંગે પ્રાપ્ત થાયછે. એ શંકા દૂર કરવા બાહ્ય વસ્તુઓનો અને ચિત્તનો ભેદ પ્રતિપાદન કરવા કહેછે કે

वस्तुसाम्येऽपि चित्तभेदात्तयोर्विभक्तः पन्थाः ॥ १५ ॥[1]

સૂત્રાર્થ:—એક જ વસ્તુમાં વિજ્ઞાનનો ભેદ થવાથી વિજ્ઞાન અને તેના વિષયરૂપ વસ્તુના ભિન્ન માર્ગ છે અર્થાત્ બંનેનાં સ્વરૂપ ભિન્ન ભિન્ન છે, બંનેનો અભેદ નથી.

वस्तुसाम्येऽपि—એટલે એક જ વસ્તુમાં પણ.

चित्तभेदात्-વિજ્ઞાનવાદીના મતમાં ક્ષણિક વિજ્ઞાનરૂપ ચિત્ત હોવાથી ચિત્તશબ્દનો અર્થ અહિં વિજ્ઞાન છે. એ વિજ્ઞાનના ભેદથી.

पंथाः—એટલે સ્વરૂપનું ઉત્પન્ન કરવાનો માર્ગ-અથવા સ્થિતિ.

આ સૂત્રમાં એ કહ્યું કે પૂર્વે જે વિજ્ઞાનવાદીએ શંકા કરી હતી તે અયોગ્ય છે. ત્યાં કહ્યું હતું કે સ્વપ્નમાં જેમ વિજ્ઞાનથી અતિરિક્ત અર્થ નથી પણ વિજ્ઞાન જ વાસનાવશાત્ અર્થાકાર થયેલું હોયછે તેમ જાગ્રત્ અવસ્થામાં પણ વિજ્ઞાનથી અતિરિક્ત અર્થ માનવા કશું કારણ નથી અર્થાત્ એમ માનવામાં ગૌરવ છે. તેમ જ જાગ્રત્માં વિષય છે કે નહિ એ નિશ્ચય તે તે વિષયના વિજ્ઞાનથી જ થાય છે એટલે એ વિજ્ઞાનથી અતિરિક્ત કશું પ્રમાણ નથી, અર્થાત્ બંનેની (વિજ્ઞાન અને વિષયની) સાથે ઉપલબ્ધિ થતી હોવાથી બન્ને અભિન્ન છે અને બંનેના ભેદનું જ્ઞાન તો દ્વિચંદ્રના દર્શનસમાન ભ્રમમાત્ર છે. તેથી જગત્ નથી એ સ્પષ્ટ છે તો ત્રણ ગુણોનું અસ્તિત્વ તો કલ્પનામાત્ર છે એમાં શું કહેવું ? એના ઉત્તરમાં સૂત્રકારે આ સૂત્રથી એ કહ્યું કે એ અનુભવાતા સર્વ પદાર્થ ચિત્તથી અતિરિક્ત, ચિત્તથી સ્વતંત્ર સત્તાવાળા છે. કારણ કે જો ચિત્તથી કલ્પિત પદાર્થોની સ્થિતિ લઇએ તો એ પદાર્થો જેઓ અનેક ચિત્તના વિષયરૂપ થાયછે તે કાં તો એક ચિત્તથી કલ્પિત હોય કે અનેક ચિત્તથી કલ્પિત હોય. ત્યાં પ્રથમ એક પુરુષના ચિત્તથી પદાર્થો કલ્પિત છે એમ લઇએ તો તે ઘટતું નથી. કારણ કે ધારો કે એક સ્ત્રીરૂપ પદાર્થ તેના પતિના ચિત્તથી કલ્પિત થયો છે. એ પતિના ચિત્તને એ સ્ત્રીરૂપ વિષયમાં સુ-

---

૧ પૂર્વે અવયવીના સ્થાપનસમયે (પૃષ્ઠ ૩૨૫) તથા પ્રસ્તાવનામાં જે સૂચના કરી છે તે આ પ્રસંગે પણ લાગેછે.

ખવિજ્ઞાન થાય છે, એ સર્વને અનુભવસિદ્ધ છે. હવે જો એ સ્ત્રીરૂપ પદાર્થ પતિના ચિત્તથી કલ્પિત છે એમ લઇએ તો એ પદાર્થમાં સુખનું ભાન જેમ એ પતિને થાયછે તેમ સર્વને થવું જોઇએ. પણ તેમ તો છે નહિ. એ એકની એક જ વસ્તુમાં એ સ્ત્રીની શોખને દુઃખનું ભાન થાયછે, ઉપપતિને મોહનું ભાન થાયછે અને મહાત્માઓને ઉપેક્ષા થાયછે, અને દુઃખ, મોહ વા ઉપેક્ષા તે પતિને થતાં નથી. એ જ પ્રમાણે શોખવિગેરેના ચિત્તથી એ સ્ત્રીરૂપ પદાર્થ કલ્પિત માનીએ તોપણ આ વિવિધ ભાનો તે તે ચિત્તને થાય છે તે ન થવાં જોઇએ. આથી એ થયું કે એક ચિત્તથી પદાર્થ કલ્પિત લઇએ તો એકની એક વસ્તુમાં જે ભિન્ન ભિન્ન ચિત્તોને વિરોધી ભાન થાયછે તે ન થવાં જોઇએ. હવે બીજો પક્ષ લઇએ. ધારો કે વિષયો અનેક ચિત્તથી કલ્પિત છે, તો એ પણ ઘટતું નથી. કારણ કે જેમ એક પુરૂષનું જે સ્વપ્ન હોયછે તે સ્વપ્નનું બીજાને ભાન થતું નથી તેમ એક પુરૂષના ચિત્તથી કલ્પિત સ્ત્રીવિગેરેરૂપ વિષયનું અન્ય પુરૂષને ભાન ન થવું જોઇએ. પણ તેમ તો છે નહિ. તેથી પરિણામે એ જ સિદ્ધ થાય છે કે એક જ વસ્તુમાં ભિન્ન ભિન્ન વિજ્ઞાન થવાથી ચિત્ત અને વિષયનો અભેદ નથી પણ ભેદ જ સત્ય છે. અહિં એ કહેવું ઘટિત નથી કે ચિત્તથી અતિરિક્ત સ્થિર પદાર્થ લઇએ તોપણ તે વિષયમાં સુખદુઃખાદિ ભિન્ન ભિન્ન વિજ્ઞાન સંભવતાં નથી. કારણ કે એ સ્થિર વિષયમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણના સદ્ભાવ હોયછે. તેથી જે ચિત્તમાં ધર્મનો આવિર્ભાવ થાયછે તે ચિત્તપ્રતિ એ વિષયનો સત્ત્વસ્વભાવ આવિર્ભાવને પામેછે અને તેથી તેને એ વિષયમાં સુખવિજ્ઞાન થાયછે. અન્યપ્રતિ અધર્મવશાત્ રજસ્સ્વભાવનો, તૃતીયપ્રતિ અવિદ્યાવશાત્ તમસ્સ્વભાવનો આવિર્ભાવ થાયછે તેથી તેમને અનુક્રમે દુઃખ અને મોહનાં વિજ્ઞાન થાયછે. મહાત્માને એ જ વિષયમાં આત્મજ્ઞાનવશાત્ ઉપેક્ષાવિજ્ઞાન થાયછે. તેથી એ પક્ષમાં લેશ પણ દોષ નથી.

આપ્રમાણે સમાન વસ્તુમાં (વસ્તુ સમાન છે એ પ્રત્યભિજ્ઞાથી સિદ્ધ થાયછે) પણ ભિન્ન ભિન્ન વિજ્ઞાન થતાં હોવાથી ચિત્ત અને વિષયનો ભેદ છે એટલું જ નહિ પણ જો બંનેનો અભેદ લઇએ તો એક જ વસ્તુ વિષય અને વિષયી થવી ઘટતી નથી તેથી દોષ આવે છે. આ વિગેરે કારણથી પણ ચિત્તથી અતિરિક્ત બાહ્ય વસ્તુઓ છે એ સિદ્ધ થાયછે.

આપ્રમાણે આ સૂત્રથી વિજ્ઞાનવાદીના મતનું સંક્ષેપમાં નિરાકરણ કરી જગદ્રૂપ ધર્મ તથા તેના મૂલ કારણરૂપ સત્ત્વાદિ ધર્મિ-

નું અસ્તિત્વ પ્રતિપાદન કર્યું. તેથી પૂર્વ સૂત્રમાં જે પ્રતિપાદન કર્યું હતું કે એ સત્ત્વાદિ સત્ય છે તથા તેની અપેક્ષાથી જગત્ અસત્ય—અનિત્ય છે, એ વ્યવસ્થિત થયું. તથાપિ એ વાત સિદ્ધ થવા માટે એ સિદ્ધ થવું જોઇએ કે પદાર્થો તત્કાળ ઉત્પન્ન થતા નથી. જો પદાર્થો જ્યારે જ્ઞેય થાય તે સમયે ઉત્પન્ન થતા હોય અને પછી તરત નષ્ટ થતા હોય તો સંપૂર્ણ જગત્ પુનઃ સ્વપ્નતુલ્ય થઇ જવાનું જેથી અસત્ય જ ઠરવાનું. ત્યાં એ પૂર્વ પક્ષ પ્રાપ્ત થાયછે કે વિજ્ઞાનથી અતિરિક્ત જાગ્રત્ જગત્ ભલે હોય તથાપિ એ જગદ્રૂપ પદાર્થો જ્યારે જણાય છે ત્યારે જ ઉત્પન્ન થાયછે. કોઇપણ પદાર્થ છે કે નહિ એ નિશ્ચય કરવામાં તેનું જ્ઞાન જ પ્રમાણ છે. તેથી જ્યારે આપણે તે તે પદાર્થને જોઇએ છીએ ત્યારે તો તે પદાર્થનું અસ્તિત્વ માનવું ઘટેછે, તથાપિ જ્યારે એ પદાર્થ જ્ઞેયરૂપ નથી તે વખતે એ પદાર્થ છે એમ માનવા કશું કારણ નથી. પણ ઉલટું જેમ સ્વપ્નના પદાર્થો ભોગ્યરૂપ હોવાથી જ્યારે સૂક્ષ્મ સંસ્કારોનો ભોગ મળવાનો સમય આવેછે ત્યારે તત્કાળ નવા ઉત્પન્ન થાય છે અને પછી દૃશ્ય થતા નથી ત્યારે નાશ પામી ગયેલા હોય છે તેમ સ્થૂલ ભોગને આપવાને ઉત્પન્ન થતા જાગ્રદ્જગતના પદાર્થો પણ આપણને જ્ઞેય નહિ થાય તે સમયે નષ્ટ થઇ ગયેલા હોય છે. આપ્રમાણે આ પૂર્વ પક્ષથી જ્ઞાનની પૂર્વે અને ઉત્તર કાળે વિષયનો અભાવ છે એ પ્રાપ્ત થયું અને તેથી પરિણામે એ પ્રાપ્ત થયું કે કૈવલ્યનો આપણને અનુભવ થતો નથી માટે તે છે જ નહિ.

આ પ્રાપ્તિનો પરિહાર કરી સિદ્ધાન્ત સૂત્ર રચે છે કે

न चैकचित्ततन्त्रं वस्तु तदप्रमाणकं तदा किं स्यात् ॥ १६ ॥ तत्प्र० १

૧. આ સર્વ સૂત્રોમાં સૂત્રકારે જે ખંડન કર્યું છે તે વિજ્ઞાનવાદનું જ ખંડન છે, વિવર્તવાદનું નથી. કેમકે અત્ર પૂર્વ પક્ષરૂપે લીધેલાં મતો વેદાન્તના વિવર્તવાદનાં છે જ નહિ. તેમજ જે પારમાર્થિક સત્ત્વ, વ્યાવહારિક સત્ત્વ વિગેરે વેદાન્તમાં લેવામાં આવેછે તે સંબંધી અત્ર કશું કહ્યું નથી, એથી ઉલટું જે સ્થાપન કર્યું છે તે વ્યાવહારિક સત્ત્વ જ કર્યું છે. પારમાર્થિક સત્ત્વ સંબંધે અત્ર વિચાર જ નથી કેમકે તેની પ્રત્યભિજ્ઞા કરાવનાર કોઇ હેતુ અત્ર નથી અને વિજ્ઞાનવાદનું ખંડન તો વેદાન્તમાં પણ આવે છે તેથી આ સૂત્રોથી વેદાન્તના વિવર્તવાદનું ખંડન કરવા શાસ્ત્રકારે પ્રયાસ કર્યો છે એ માનવું એ માનનારનો ભ્રમમાત્ર છે.

સૂત્રાર્થઃ—બાહ્ય વસ્તુઓ એક ચિત્તને અધીન નથી પણ તેનાથી સ્વતંત્ર રીતે સ્થિત થયેલી હોય છે કારણ કે તે ચિત્તપ્રમાણક જ્યારે તે હોતી નથી ત્યારે તેનું શું થાય છે-શું તે નષ્ટ થાય છે? નહિ જ. (૨. કારણ કે ચિત્તને અધીન વસ્તુ લઇએ તો જ્યારે તે ચિત્તરૂપ પ્રમાણથી રહિત હોય છે ત્યારે શું નષ્ટ થાય છે? નહિ જ.)

एकचित्त०—એ શંકાકાર વિજ્ઞાનવાદીના મતમાં વૃત્તિરૂપ વિજ્ઞાનથી અતિરિક્ત ચિત્ત નહિ હોવાથી ચિત્તનો અર્થ વિજ્ઞાન છે. તન્ત્ર એટલે અધીન. एक० એટલે એક ચિત્તને અધીન, અર્થાત્ તે ચિત્તથી જણાય ત્યારે હોય અને ન જણાય ત્યારે અસ્તિત્વથી રહિત થાય.

तदप्रमाणकम्—तद् એટલે તે વિજ્ઞાનરૂપ ચિત્ત જે વસ્તુના અસ્તિત્વમાં પ્રમાણરૂપ છે તે જ્યારે ન હોય ત્યારે.

किं स्यात्—તે વસ્તુનું શું થાય છે? તે વસ્તુ શું નષ્ટ-અસત્-રૂપ થાય છે.

આ સૂત્રના ઉત્તરાર્ધનો અન્વય આપ્રમાણે છે કે (यदा) तदप्रमाणकं वस्तु (भवेत्) तदा (तद्वस्तु) किं स्यात्.

આ સૂત્રમાં એ કહ્યું કે વાદીએ જે શંકા કરી હતી કે વસ્તુના અસ્તિત્વમાં વિજ્ઞાનરૂપ ચિત્તમાત્ર પ્રમાણ હોવાથી વસ્તુ વિજ્ઞાનની સાથે જ ઉત્પન્ન થાય છે તે અયોગ્ય છે. કારણ કે જો ચિત્તથી જ વસ્તુઓ ઉત્પન્ન થતી હોય તો તે કાં અનેક ચિત્તથી ઉત્પન્ન થતી હોય વા એક ચિત્તથી. ત્યાં અનેક ચિત્તથી તો એ વસ્તુની ઉત્પત્તિ ઘટતી જ નથી કારણ કે જે જે વસ્તુઓ વિજ્ઞાનસમયે જ હોય છે અને પછી વિલય જાય છે તે સર્વ પ્રાતિભાસિક વસ્તુઓ એક ચિત્તથી જ ઉત્પન્ન થનાર હોય છે. સ્વપ્નની અશ્વગજાદિ વસ્તુઓમાં, તેમ જ શુક્તિમાં ઉત્પન્ન થનાર રજતવિગેરે સર્વ પ્રાતિભાસિક વસ્તુઓમાં ઉપરનો નિયમ દેખાય છે. તદનુસાર બાહ્ય જાગ્રદ્જગતની વસ્તુઓ જો પ્રાતિભાસિક હોય એટલે વિજ્ઞાનની સાથે જ ઉત્પન્ન થનાર હોય અને પછી નષ્ટ થઇ જનાર હોય તો તે પ્રત્યેક ચિત્તથી ઉત્પન્ન થવી જોઇએ, અનેક ચિત્તથી ઉત્પન્ન થનાર હોય નહિ. તેમ જ જો બહુ ચિત્તથી ઉત્પન્ન થનાર વસ્તુ લઇએ તો તે વસ્તુ એક નહિ હોય કારણ કે કારણોની વિલક્ષણતાથી કાર્યની વિલક્ષણતા થતી ઘટે છે. મૃત્તિકા અને દુધ એ બે વિલક્ષણ કારણોથી એક સમાન કાર્યની ઉત્પત્તિ થતી નથી પણ ઘટ અને દધિરૂપ વિલક્ષણ કાર્યોની ઉત્પત્તિ થાય છે. એ નિયમપ્રમાણે અનેક ચિત્તો જગનાથી જે વસ્તુઓ ઉત્પન્ન થાય છે તે ચિત્તો સર્વ ભિન્ન

ભિન્ન હોવાથી અર્થાત્ વિલક્ષણ હોવાથી એક વસ્તુની ઉત્પત્તિ કરી શકે નહિ. દણ્ડચક્રાદિ કારણો પરસ્પર અંગાંગિભાવસંબંધથી જોડાય છે ત્યારે જ એક ઘટરૂપ વસ્તુની ઉત્પત્તિ કરી શકે છે. પણ આ ભિન્ન ભિન્ન ચિત્તોમાં અંગાંગિભાવસબન્ધ માનવા કશું પ્રમાણ નથી, એટલુંજ નહિ પણ તેમાં કશું નિયામક પણ નથી. તેથી એ નક્કી થાય છે કે અનેક ચિત્તોથી એક વસ્તુની ઉત્પત્તિ ન થાય. જો અનેક વિલક્ષણ સ્વભાવવાળાં સ્વતંત્ર કારણો મળી એક જ વસ્તુની ઉત્પત્તિ કરતાં હોય તો પછી વિચિત્ર સ્વભાવવાળા જગતની ઉત્પત્તિ થવી ઘટતી જ નથી પણ આખું જગત્ એકરૂપ જ હોવું ઘટે છે. આવિગેરે કારણોથી એ તો સર્વથા સિદ્ધ થાય છે કે અનેક ચિત્તોથી એક વસ્તુની ઉત્પત્તિ થઇ શકે નહિ. તેથી હવે બીજો પક્ષ રહ્યો કે એક ચિત્તથી વસ્તુની ઉત્પત્તિ થાય છે. એના ઉત્તરરૂપે આ સૂત્ર છે.

આ સૂત્રથી એ કહ્યું કે વસ્તુ વિજ્ઞાનથી ભિન્ન છે એટલું જ નહિ પણ (ચ) એક ચિત્તને અધીન પણ એની ઉત્પત્તિ નથી. કારણ કે ધારો કે ઘટરૂપ એક વસ્તુ ચૈત્રના ચિત્તથી ઉત્પન્ન થઇ છે તથા તેને અધીન છે. તો પછી જ્યારે ચૈત્રનું ચિત્ત પરવિષયમાં જાય ત્યારે ઘટરૂપ વસ્તુ ચિત્તરૂપ પ્રમાણવિનાની ઠરવાની તેથી એ વસ્તુનો તે સમયે નાશ થવો જોઇએ. હવે નાશ થાય છે તો એ વસ્તુનો શેમાં નાશ થાય છે એ અવશ્ય કહેવું જોઇએ. એના ઉત્તર એ મળે છે કે (૧) કાં તો ચિત્તરૂપ વિજ્ઞાનમાં એનો નાશ થાય કે (૨) કાં તો મૃત્તિકામાં નાશ થાય. ત્યાં જો વિજ્ઞાનમાં જ નાશ થતો હોય તો એ વસ્તુનું વિજ્ઞાન જ ઉપાદાન કારણ ઠર્યું અર્થાત્ વિજ્ઞાનથી અતિરિક્ત વસ્તુઓ ન ઠરી. આ રીતે એ કોટિથી તો વિજ્ઞાનવાદની પ્રસક્તિ થઇ, અને એનું તો પૂર્વે નિરાકરણ થઇ ગયું છે તથા એ વાદીપ્રતિવાદી બંનેના અભ્યુપગમથી વિરોધી છે કારણ કે વાદીએ પણ વસ્તુનું વિજ્ઞાનથી ભિન્ન સ્વરૂપ અંગીકાર કરીને જ ચિત્તને અધીન વસ્તુ છે એ શંકા કરીછે. હવે જો મૃત્તિકામાં એ ઘટનો નાશ થતો હોય એમ લઇએ તો પછી મૃત્તિકાથી જ એ ઘટની ઉત્પત્તિ થવાની તેથી એ ઘટનું કારણ મૃત્તિકા ઠરવાની અને એટલાથી જ કાર્યની ઉત્પત્તિનો નિર્વાહ થવાનો, તો પછી વિજ્ઞાનને પણ કારણ માનવામાં સ્પષ્ટ રીતે ગૌરવ છે. તેથી બંને રીતે એ વસ્તુનું શું થાયછે એ વાત વાદીના મતપ્રમાણે ઉપપત્તિથી રહિત ઠરે છે.

વળી દૃષ્ટિસૃષ્ટિવાદ વાદીના મતનો લઇએ તો કોઇ પણ

અનુમાન જ થતું નથી અર્થાત્ અનુમાનથી કરાતા સર્વ વ્યવહાર અયોગ્ય ઠરેછે. ધારો કે એક ચૈત્ર નામના માણસે એક ગ્રામમાં પોતાના મિત્રને જોયો એ મતપ્રમાણે એ ગ્રામ તથા મિત્ર તે જ ક્ષણે ઉત્પન્ન થયાં અને પછી દૃષ્ટિગોચર જે ક્ષણે ન થયાં તે ક્ષણે વિનષ્ટ ગયાં તેથી પછી ચૈત્રની એ મિત્રઉપર પત્ર લખવાની પ્રવૃત્તિ ન થવાની કારણ કે પત્ર લખતી વખતે એ ગ્રામ તથા મિત્ર દૃષ્ટિગોચર નહિ હોવાથી વાદીના મતપ્રમાણે છે જ નહિ. છતાં હાલ અભ્યુપગમ કરીએ કે ગમે તે કારણથી એ પત્ર લખવા પ્રવૃત્તિ થઇ તથાપિ ટપાલ વહેંચનાર માણસને કે જેનું ચિત્ત એ ચૈત્રના ચિત્તથી ભિન્ન છે તેને એ ગ્રામ તથા મિત્ર પુનઃ દૃષ્ટિગોચર થશે અર્થાત્ ઉત્પન્ન થશે એ જાણવા ચૈત્રને કશું સાધન ન હોવાથી પોતાના મિત્રને એ પત્ર પહોંચશે એ પણ એ જાણી શકે એમ નથી તો પછી પ્રત્યુત્તરની આશા પણ તેને થવી ન જોઇએ. એટલુંજ નહિ પણ જો ચિત્તના વિજ્ઞાનથી જ વસ્તુ ઉત્પન્ન થતી હોય તો પછી ઘેર બેઠાં જ સર્વ જગતની ઉપલબ્ધિ થવી જોઇએ. મુસાફરી નિરર્થક છે. તેમ જ એ વાદીને જ્યારે અન્નનું ભાન હોય ત્યારે મુખનું તથા ઉદરનું ભાન નથી તેથી આ અન્ન હું પેટમાં જવા સારૂ મુખમાં મુકું છું એ પ્રકારનું પણ ભાન ન થવું જોઇએ. તેમ જ એ મતપ્રમાણે તો જે સમયે ઉદર હોય તે સમયે પૃષ્ઠ નહિ હોય, છાતી ન હોય, પગ ન હોય, અને એ સર્વને અધીન જ ઉદરનું ઉદરત્વ હોવાથી તે સમયે ઉદર છે એ પણ ન ઘટે. તેથી સર્વથા એ મત દૂષિત છે

આપ્રમાણે આ સૂત્રોથી વિજ્ઞાનવાદ તથા દૃષ્ટિસૃષ્ટિવાદ દૂષિત કર્યો તેથી એ સિદ્ધ થયું કે ચિત્ત એક વસ્તુ છે તથા એ ચિત્તથી ભિન્ન તથા એ ચિત્તથી સ્વતંત્ર સત્તાવાળી બાહ્ય જગતની વસ્તુઓ છે, એટલે ચિત્ત અને જગતનો વિવેક સિદ્ધ થયો. આ રીતે ૧૩ મા સૂત્રથી તે ૧૬ મા સૂત્રસુધીમાં નિત્યનો અનિત્યથી અને ચિત્તનો બાહ્ય વસ્તુથી વિવેક સિદ્ધ કર્યો તેથી એ સિદ્ધ થયું કે ચિત્ત તથા બાહ્ય વસ્તુઓ સર્વ પ્રકૃતિની અપેક્ષાથી અનિત્ય છે તથા ચિત્તથી બાહ્ય વસ્તુઓ ભિન્ન છે. હવે વિવેકખ્યાતિનો જે પ્રધાન વિષય ચિત્ત અને પુરુષનો ભેદ તે પ્રતિપાદન કરવાનો છે. એ પ્રતિપાદન માટે જ અહિંસુધી કહેલો વિવેક જરૂરનો હતો તે પ્રતિપાદન કર્યો છે. જ્યાંસુધી કાર્યથી કારણ ભિન્ન છે અર્થાત્ સ્થિર છે એ ન સિદ્ધ થયું હોય ત્યાંસુધી વૃત્તિના કારણરૂપ ચિત્ત સ્થિર છે એ ન સિદ્ધ થઇ શકે, અને જ્યાંસુધી ચિત્ત સ્થિર સિદ્ધ ન થાય ત્યાંસુધી

ચિત્તને વિષયો કોઇ સમયે જ્ઞાત અને કોઇ સમયે અજ્ઞાત હોય છે, એ પુરુષથી વૈધર્મ્ય સિદ્ધ કરી આપનાર ચિત્તના ધર્મની સિદ્ધિ થઇ શકે નહિ, તેમ જ એ સિદ્ધિ ચિત્તથી વિષયો ભિન્ન છે એ ન સિદ્ધ થયું હોય ત્યાંસુધી થાય નહિ તેથી અત્યારસુધીનાં સૂત્રોમાં ચિત્તની સ્થિરતા તથા બાહ્ય વસ્તુની ભિન્નતા નિત્યાનિત્યના વિવેકથી તથા વિજ્ઞાનવાદાદિને દૂષિત કરવાથી સિદ્ધ કરી. હવે ચિત્ત અને પુરુષનો ભેદ પ્રતિપાદન થઇ શકે એમ હોવાથી તે હવે કરે છે.

ત્યાં આ સૂત્રોથી વિજ્ઞાનવાદ અને દૃષ્ટિસૃષ્ટિવાદ દૂષિત થયાથી હવે એ લોકો યોગમતમાં દૂષણ આપવા કહે છે કે જો ચિત્તને વિભુ માનીએ તો એ ચિત્તને સદા સર્વ વિષયોનું જ્ઞાન થવું જોઇએ. પણ તેમ તો છે નહિ. તેથી યોગમત પણ અસંગત છે. એ આક્ષેપનો પરિહાર કરવા સૂત્રકાર કહે છે કે

तदुपरागापेक्षित्वाच्चित्तस्य वस्तु ज्ञाताज्ञातम् ।१७।

સૂત્રાર્થઃ—કાલભેદથી ચિત્તને કોઇ પદાર્થ જ્ઞાત અને કોઇ અજ્ઞાત હોય છે કારણ કે પદાર્થોના જ્ઞાનમાટે ચિત્ત અર્થાકારતારૂપ પરિણામની અપેક્ષા રાખે છે.

તદુપરાગ૦-એટલે તે વસ્તુના ઉપરાગની અપેક્ષા રાખનાર (ચિત્ત) હોવાથી, એટલે તે વસ્તુઆકાર પરિણામ ચિત્તનો થવો જરૂરનો હોવાથી.

अस्य—ચિત્તની.

ज्ञाता०—કોઇ વખતે જ્ઞાત અને કોઇ વખતે અજ્ઞાત હોય છે.

આ સૂત્રથી એ કહ્યું કે યદ્યપિ ચિત્ત વિભુ છે તથાપિ ચિત્તનો અને વસ્તુનો સામાન્યસંયોગ જ્ઞાનનું કારણ નથી. પણ ચિત્ત જ્યારે સ્વસ્વરૂપે સ્થિતિ પામેલું હોય છે અને તેની વૃત્તિ સ્ફુરી તે તે વસ્તુઆકાર પરિણામને પામે છે ત્યારે જ ચિત્તને તે તે વસ્તુનું જ્ઞાન થાય છે. આમ હોવાથી પ્રલયસમયે તથા મોક્ષસમયે ચિત્ત પોતાના કારણમાં લય પામેલું હોય છે તેથી સ્વસ્વરૂપે વિદ્યમાન હોતું નથી તેથી એને વસ્તુનું જ્ઞાન થતું નથી. તેમ જ અન્ય સમયે જ્યારે ચિત્ત સ્વસ્વરૂપે સ્થિતિ પામેલું હોય છે ત્યારે પણ વૃત્તિ જો અર્થાકાર પરિણામને પામેલી હોતી નથી તો તે પદાર્થ ચિત્તને અજ્ઞાત રહે છે. લોહચુંબકસમાન વિષયો ક્રિયાથી રહિત છે અને ચિત્ત લોહસદૃશ છે, અર્થાત્ ક્રિયાવાળું છે. તેથી જેમ લોહચુંબક લોહને આકર્ષે છે તેમ વિષયો પણ ચિત્તને આકર્ષી ચાંચલ્યવાળું કરે છે. ત્યાં જે વિષય પોતાતરફ ચિત્તને આકર્ષી ચિત્તવૃત્તિને પોતારૂપ કરી દે છે તે વિષય

જ્ઞાત થાય છે અને અન્ય અજ્ઞાત રહે છે.

અહિં એ શંકા થશે કે આ પ્રમાણે ચિત્તનો અર્થાકારતાપરિણામ જો જ્ઞાન હોય તો જ્ઞાન ચિત્તનો ધર્મ થાય. પણ એ શંકા યોગ્ય નથી. કારણ કે જ્ઞાન તો ખરૂં જોતાં ચિતિશક્તિ પુરુષરૂપ છે અર્થાત્ દ્રવ્યરૂપ છે. તથાપિ તપ્તાયઃપિંડવત્ અભેદ ભ્રમથી ચિત્તનો ... જ્ઞાન કહેવાય છે. ચિત્ત સત્ત્વનું પ્રધાનપણે કાર્ય હોવાથી સ્વચ્છ ... અને તેથી જ્ઞાનરૂપ પુરુષનું પ્રતિબિંબ ગ્રહણ કરે છે. એ પ્રતિબિંબથી પોતે વસ્તુતઃ જડ છતાં ચેતનવત્ થયેલું ભાસે છે. અને એમ થવાથી એની વૃત્તિઓ જ્ઞાનસદૃશ ભાસે છે. તેથી સર્વ યોગ્ય જ છે.

આપ્રમાણે આ સૂત્રથી કહ્યું કે ચિત્ત પરિણામી છે અને તેથી પ્રસંગે એક વિષય-જેના ઉપરાગને એ ચિત્ત પામે છે તે જ્ઞાત થાય છે અને અન્ય અજ્ઞાત રહે છે. ત્યાં એ શંકા થાય છે કે જ્યારે ચિત્તને એક પ્રસંગે જ્ઞાન થાય છે અને અન્ય પ્રસંગે થતું નથી ત્યારે ખરૂં જોતાં તો એ જ્ઞાન દ્રષ્ટાને જ થાય છે અને દ્રષ્ટા તો પુરુષ છે તેથી પુરુષને કોઈ પ્રસંગે કોઈ વિષયનું જ્ઞાન થાય છે અને અન્ય પ્રસંગે નથી થતું. આમ હોવાથી જેમ ચિત્ત પરિણામી ઠરે છે તેમ પુરુષ પણ પ્રસંગે જ્ઞાનવાળો અને પ્રસંગે જ્ઞાનવિનાનો હોવાથી પરિણામી ઠરવાનો. આનો ઉત્તર આપવા સૂત્રકાર કહે છે કે

सदाज्ञाताश्चित्तवृत्तयस्तत्प्रभोः पुरुषस्यापरिणामित्वात्॥१८॥

સૂત્રાર્થઃ-ચિત્તની વૃત્તિઓ હમેશાં જ્ઞાત જ છે કારણ કે તેનો સ્વામી પુરુષ અપરિણામિ તત્ત્વ છે.

આ સૂત્રમાં એ કહ્યું કે બાહ્ય વિષયો સાક્ષાત્ રીતે પુરુષના જ્ઞેય નથી, પણ એ વિષયો જ્યારે ચિત્તમાં આરૂઢ થાય છે ત્યારે જ પુરુષના વિષયરૂપ થાય છે. સ્વયંપ્રકાશ પુરુષના વિષયો તો માત્ર ચિત્તવૃત્તિ છે; એટલે કે શાન્ત, ઘોર અને મૂઢ એ ત્રણે પ્રકારની ચિત્તની વૃત્તિઓ અથવા અન્ય રીતે કહીએ તો ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત અને એકાગ્ર ચિત્તની પ્રમાણાદિ સર્વ વૃત્તિઓ પુરુષનો વિષય છે અને એ વૃત્તિઓશિવાય અન્ય કોઈ પદાર્થ પુરુષનો સાક્ષાત્ વિષય નથી. એ વૃત્તિઓ તો જ્યારે જ્યારે વિદ્યમાન હોય છે ત્યારે પુરુષથી ભાસ્ય થાય જ છે. કારણકે પુરુષ અપરિણામી કૂટસ્થ નિત્ય તત્ત્વ છે. જેમ વિષયને ભાસ્ય કરવા ચિત્તને તદાકાર પરિણામને પામવાની જરૂર પડેછે તેમ પુરુષને જો ચિત્તાકાર પરિણામ પામવાની જરૂર હોત તો જ્યારે જ્યારે એવો પરિણામ થાત ત્યારે એ ચિત્તવૃત્તિનું જ્ઞાન થાત અને અન્ય પ્રસંગે ન થાત. પણ તેમ તો છે નહિ. પુરુષ પરિણામિ તત્ત્વ નથી તેથી એ તો સદા સર્વદા ચિત્તવૃત્તિ-

ઓને ભાસ્ય કરે છે. જો ચિત્તવૃત્તિઓ કદાપિ અજ્ઞાત રહેતી હોય અર્થાત પુરુષને એ વૃત્તિને જ્ઞાત કરવા પરિણામ પામવાની જરૂર રહેતી હોય, તોપછી 'મને આ ક્ષણે સુખ છે કે નહિ, દુઃખ થાય છે કે નહિ' વિગેરે સંશય થાત, કારણકે ચિત્તની સુખાત્મક વૃત્તિ ઉદય થઇ છે તથાપિ પુરુષથી ભાસ્ય ન થઇ હોય ત્યારે નથી એમ તો કહેવાય જ નહિ, તેમ છે એમ કહેવામાં કશું પ્રમાણ નથી તેથી સંશય થવો જોઇએ. આથી એ થયું કે જેમ બાહ્ય વિષયોના જ્ઞાનના અભાવે તે તે વિષયો છે કે નહિ એમ સંશય થાય છે તેમ ચિત્તવૃત્તિમાટે પણ સંશય થવો પ્રાપ્ત થાય. તેમ જ અનુપલબ્ધિપ્રમાણ પણ વ્યર્થ ઠરે. કારણ કે પછી ભૂતલમાં ઘટનું જ્ઞાન ન થવાથી ઘટ નથી એમ નહિ કહેવાય. કેમકે ઘટ ત્યાં હોય, વૃત્તિ તદાકાર પરિણામને પામી હોય તથાપિ તે પુરુષથી ભાસ્ય ન થઇ હોય તેથી કદાપિ અજ્ઞાત હોય એ પ્રથમ સંશય થવાનો. તેથી એ જ સિદ્ધ થાયછે કે પુરુષને સર્વદા ચિત્તવૃત્તિઓ જ્ઞાત જ હોય છે અને એ સદાજ્ઞાતવિષયત્વ પુરુષ અપરિણામી છે એ સિદ્ધ કરી આપેછે અર્થાત્ સદાજ્ઞાતવિષયત્વપ્રતિ અપરિણામિત્વ કારક હેતુ છે અને તેથી સદાજ્ઞાતવિષયત્વ એ પુરુષના અપરિણામિત્વનો જ્ઞાપક હેતુ છે

આપ્રમાણે આ સૂત્રથી પુરુષનું અપરિણામિત્વ તથા સદાજ્ઞાતવિષયત્વ સિદ્ધ કર્યું, અર્થાત્ આ બે સૂત્રોથી ચિત્ત અને પુરુષનું વૈધર્મ્ય પ્રતિપાદન કર્યું તેથી બંનેનો વિવેક પણ પ્રતિપાદન થયો. તથા આ સૂત્રમાં વિષયાકારવૃત્તિ જે સાધારણ રીતે જ્ઞાનશબ્દથી ઓળખાય છે તે ચિત્તનો ધર્મ છે એ પ્રતિપાદન કર્યું તથા અર્થાત્ અજ્ઞાન વા અવિદ્યા પણ ચિત્તનો ધર્મ છે એ, અને અજ્ઞાન ચિત્તનો ધર્મ હોવાથી અજ્ઞાનમૂલક સુખ, દુઃખ, ઇચ્છા, રાગ, દ્વેષવિગેરે સર્વ ચિત્તમાં જ રહેલાં છે એ પ્રતિપાદન થઇ જાય છે.

અહિં આ સૂત્રથી એ શંકા થાય છે કે આ સૂત્રોમાં ચિત્ત અને પુરુષ બે પદાર્થ માની તેનો ભેદ તથા તેના સ્વરૂપભેદથી જ્ઞાતાજ્ઞાતવિષયત્વ વિગેરેની વ્યવસ્થા કરી છે પણ એ બે પદાર્થો માનવા શી જરૂર છે ? જો સ્વયંપ્રકાશ પુરુષનું અસ્તિત્વ ન અંગીકાર કરીએ અને માત્ર ચિત્તને સ્વયંપ્રકાશ માનીએ તોપણ ચાલે ચિત્ત સ્વયંપ્રકાશ લઇએ તો એ સ્વયંપ્રકાશ હોવાથી વૃત્તિનું સદા જ્ઞાન થવાનું, બાહ્ય વિષયોનું કદાચિત્ થવાનું; અને જેમ અગ્નિ સમીપમાં આવેલા પદાર્થોને તથા પોતાને પણ પ્રકાશે છે તેમ ચિત્ત પોતાસમીપ આવેલા પદાર્થરૂપ વૃત્ત્યારૂઢ વિષયોને પ્રકાશવાનું અને તેની સાથે પોતાને

પણ પ્રકાશવાનું. આમ બૌદ્ધ મતની માફક ચિત્તને જ સ્વાભાસ માની- એ તો પછી પુરુષની શું જરૂર છે ? આ શંકાનો ઉત્તર આપવા તથા પુરુષનું અસ્તિત્વ સિદ્ધ કરવા સૂત્રકાર કહે છે કે

न तत्स्वाभासं दृश्यत्वात् ॥ १९. ॥

સૂત્રાર્થઃ—ચિત્ત દૃશ્ય હોવાથી સ્વયંપ્રકાશ નથી.

સ્વાભાસ—સ્વયંપ્રકાશ, જેના જ્ઞાનમાટે અન્ય કોઇ પ્રકાશક પદાર્થ- ની જરૂર નહિ હોય તે.

આ સૂત્રમાં એ કહ્યું કે ચિત્ત સ્વયંપ્રકાશ નથી કારણ કે દૃશ્ય છે. આપણે જોઇએ છીએ કે જે જે પદાર્થો દૃશ્ય હોયછે તેના જ્ઞા- નમાટે અન્ય કોઈ પદાર્થની અપેક્ષા હોય જ છે. ઇંદ્રિયો જાતે દૃશ્ય છે તો એનું જ્ઞાન સ્વતઃ થતું નથી અર્થાત્ ઇન્દ્રિયો જાતે સ્વયંપ્રકાશ નથી. ઘટપટાદિ પદાર્થો દૃશ્ય છે તેથી સ્વયંપ્રકાશ નથી. તેમ જ અગ્નિ, સૂર્ય વિગેરે પદાર્થો પણ દૃશ્ય છે તેથી સ્વયંપ્રકાશ નથી. યદ્યપિ અગ્નિ, સૂર્ય વિગેરે પદાર્થોનો શાસ્ત્રોમાં સ્વયંપ્રકાશના ઉદાહરણરૂપે નિર્દેશ કર્યો છે પણ તે ભૌતિકપ્રકાશ અને જ્ઞાન એ બેનો અભેદ લક્ષ કર્યો છે એટલે જેમ સૂર્ય ઘટપટાદિ પદાર્થોને ભૌતિકપ્રકાશ આ- પી નેત્રના વ્યાપારના પ્રતિબંધકરૂપ તમસ્‌ને દૂર કરેછે તેમ જ તે પોતામાંથી પણ એ તમસ્‌નો અભાવ કરેછે. તથાપિ એટલાથી કંઇ એવું તાત્પર્ય નથી કે સૂર્યાદિના જ્ઞાનમાટે અન્ય પદાર્થની જરૂર નથી. તેથી જ્યાં જ્યાં દૃશ્યત્વ હોય છે ત્યાં ત્યાં સ્વયંપ્રકાશત્વનો અભાવ હોયછે એ નિયમના વિરોધી અગ્નિસૂર્યાદિ પદાર્થો પણ નથી. તેથી એ સિદ્ધ થાય છે કે જે પદાર્થ દૃશ્ય હોય છે તે સ્વયંપ્રકાશ હોતો નથી. તેથી ચિત્ત જે જડ અને દૃશ્ય છે તે સ્વયંપ્રકાશ હોવું ઘટે નહિ. ચિત્તનું સર્વને જ્ઞાન થાય છે અને તેથી મારૂં ચિત્ત શાંત છે, આનંદમાં છે, વિક્ષિપ્ત છે. ગ્લાનિમાં છે, સંકુચિત છે વિગેરે વ્યવહાર થતો જણા- ય છે. તેથી ચિત્ત દૃશ્ય છે એ સર્વથા સિદ્ધ છે અને દૃશ્ય હોવાથી સ્વયંપ્ર- કાશ નથી એ પણ સિદ્ધ થાય છે. તેથી ચિત્તના પ્રકાશમાટે પુરુષનું અસ્તિત્વ અંગીકાર કરવું **ઘટેછે.**

આપ્રમાણે જે વિજ્ઞાનવાદીઓ ચિત્તને સ્વયંપ્રકાશ માને છે તે- ના મતમાં એક દૂષણ એ આપ્યું કે જો ચિત્ત સ્વયંપ્રકાશ હોય તો તે દૃશ્ય હોય નહિ. હવે એ જ મતમાં અન્ય દૂષણ આપવા કહે છે કે

एकसमये चोभयानवधारणम् ॥२०॥

સૂત્રાર્થઃ—વિજ્ઞાનવાદીના મતપ્રમાણે એક કાળે ચિત્ત અને વિ- ષયનો અનુભવ ન થવો જોઇએ.

ઉભય૦-ઉભય એટલે ચિત્ત અને તેના વિષયો જે ચૈત્ય કહેવાય છે તે. એ ચિત્ત અને ચૈત્ય બંનેનું અવધારણ નામ જ્ઞાન તે ન થવું જોઇએ.

આ સૂત્રમાં એ કહ્યું કે વિજ્ઞાનવાદીના મતમાં સંપૂર્ણ પદાર્થ ક્ષણિક છે એટલે વિજ્ઞાનરૂપ ચિત્ત તથા તેના વિષયો સર્વ ક્ષણમાત્ર અસ્તિત્વમાં રહેનાર છે અને ક્ષણ પછી એ સર્વ પદાર્થો નષ્ટ થઇ જાય છે. તો એ મતમાં એકે ક્ષણે ચિત્ત અને તેના વિષય એ બંનેનો અનુભવ ન થવો જોઇએ. આપણને એવું સ્મરણ થાયછે કે મેં ઘટ જોયો હતો. એનો અર્થ એ છે કે પૂર્વે હું ઘટવિષયક જ્ઞાનવાળો હતો. એ સ્મરણમાં ઘટ અને તદ્વિષયક જ્ઞાન એ બંને વિષય છે. સ્મૃતિ અનુભવમૂલક હોય છે. તેથી એ સ્મરણ થવામાટે પૂર્વે ઘટ અને ઘટજ્ઞાન બંનેનો સાથે અનુભવ થવો જોઇએ. તેમ જ હું ઘટને જોઉંછું અર્થાત્ ઘટવિષયક જ્ઞાનવાળો હું છું એ પ્રકારે અનુભવ થતો પણ દેખાય છે. એ વિજ્ઞાનરૂપ ચિત્ત અને ઘટરૂપ ચૈત્યનો સાથે થતો અનુભવ વિજ્ઞાનવાદીના મતપ્રમાણે અયુક્ત છે. કારણ કે ચિત્ત જે ક્ષણમાં ઉત્પન્ન થાય છે તે જ ક્ષણમાં ચિત્ત અને ઘટ એ બને ભિન્ન ભિન્ન પદાર્થની ઉત્પત્તિ કેવી રીતે થઇ શકે તે જોવાનું છે. ત્યાં બે રીતે લઇ શકાય છે-(૧) કાં તો ચિત્ત જ બંને ઉભયરૂપ લઇએ એટલે અર્થ ચિત્તથી ઉત્પન્ન થતો લઇએ અથવા તો (૨) ચિત્તથી ઉત્પન્ન થાય છે એમ ન લઇએ પણ બંને સમકાલિક છે એમ લઇએ. ત્યાં પ્રથમ પક્ષ યુક્ત નથી કારણ કે વિજ્ઞાનવાદપ્રમાણે ચિત્ત અને અર્થ બંને ક્ષણિક હોવાથી ચિત્તથી જે ક્ષણે અર્થની ઉત્પત્તિ થવાની તે ક્ષણે ચિત્ત નષ્ટ થવાનું અને તેથી અર્થાનુભવસમયે ચિત્ત અસત્ હોવાથી તેનું ગ્રહણ થવાનુ નહિ. તેમ જ બીજો પક્ષ અયુક્ત છે કારણ કે બંને સમકાલિક લઇએ તથાપિ ચિત્ત અને અર્થનું જ્ઞાન નહિ થાય, કેમકે એ મતપ્રમાણે કોઇ પણ પદાર્થનો ઉત્પત્તિથી અતિરિક્ત વ્યાપાર માન્યો જ નથી. ત્યાં કહ્યું છે કે भूतिर्येषां क्रिया सैव कारकं सैव चोच्यते એ સર્વ પદાર્થોની ઉત્પત્તિથી અતિરિક્ત ક્રિયા તથા કારક કોઇ જ નથી. તેથી ચિત્ત ઉત્પન્ન થયું એટલે પછી પોતાને ગ્રહણ થવાની ક્રિયા એ ચિત્તની થવાની નહિ. તેથી એ દ્વિતીય પક્ષપ્રમાણે પણ ચિત્ત અને ચૈત્યનો અનુભવ થવો અસંભવ છે. તેથી બંને રીતે એ મત દૂષિત છે અને તેથી એ જ સિદ્ધ થાય છે કે સાક્ષી જે દ્રષ્ટા તેનાથીજ એ ઉભયનો અનુભવ થાયછે.

આપ્રમાણે આ સૂત્રોથી ચિત્ત સ્વાભાસ નથી એ સિદ્ધ કરી

અર્થાત્ પુરુષનું અસ્તિત્વ તથા અપરિણામિત્વ સ્થાપિત કર્યું. તથાપિ ત્યાં એ શંકા આવે છે કે યદ્યપિ ચિત્ત સ્વાભાસ નહિ હોય તથાપિ એટલાથી પુરુષનું અસ્તિત્વ સિદ્ધ થાય નહિ. કારણ કે એક ચિત્ત જે ક્ષણિક છે તે નષ્ટ થાય છે અને તેથી એ ચિત્તને પોતાનો અનુભવ ભલે ન થાય તથાપિ દ્વિતીય ચિત્ત જે ઉત્પન્ન થાય છે તે ચિત્તથી એ ચિત્તનું ગ્રહણ થઈ શકે એમ છે તો પછી સાક્ષી પુરુષની શું જરૂર છે. અર્થાત્ સ્વાભાસનો અર્થ એવો ન લેવો કે પોતાના જ્ઞાનમાટે અન્ય કોઇની અપેક્ષા ન હોય તે સ્વાભાસ, પણ માત્ર એટલો જ કે પોતાના સંતાન (પ્રવાહ)થી જે ગ્રાહ્ય થાય તે સ્વાભાસ. એ અર્થમાં ચિત્ત સ્વાભાસ લઇ શકાય. કારણ કે ઉત્તરોત્તર ચિત્તથી પૂર્વપૂર્વ ચિત્તનું ગ્રહણ થઇ શકે છે. તેથી પુરુષની આવશ્યકતા નથી. એનો ઉત્તર આપવા સૂત્રકાર કહે છે કે

चित्तान्तरदृश्ये बुद्धिबुद्धेरतिप्रसंगः स्मृतिसंकरश्च ॥२१॥

સૂત્રાર્થઃ—એક ચિત્તરૂપ વિજ્ઞાન અન્ય ચિત્તરૂપ વિજ્ઞાનથી દૃશ્ય થાય છે એમ અંગીકાર કરીએ તો જ્ઞાનનું જ્ઞાન, તેનું જ્ઞાન એમ અનવસ્થા આવે અને સ્મૃતિનો સંકર થઇ જાય.

ચિત્તા૦—એ વિજ્ઞાનવાદીના મતમાં વૃત્તિરૂપ વિજ્ઞાનથી અતિરિક્ત સ્થિર ચિત્ત કોઇ માન્યું નથી તેથી ચિત્ત એટલે વૃત્તિરૂપ જ્ઞાન. એવું એક જ્ઞાન અન્ય જ્ઞાનથી દૃશ્ય થાય છે એમ માનીએ તો.

બુદ્ધિ૦—બુદ્ધિ એટલે જ્ઞાન એ જ્ઞાનના જ્ઞાનની અર્થાત્ જ્ઞાનરૂપ ચિત્તપ્રવાહની.

અતિપ્રસંગઃ—એટલે અનવસ્થા આવે.

સ્મૃતિસંકરઃ—એટલે સ્મરણનું મિશ્રણ થઈ જાય.

આ સૂત્રથી એ કહ્યું કે જો વાદી કહે છે તેમ એક ચિત્તરૂપ જ્ઞાનના પ્રકાશમાટે અન્ય ચિત્ત માનીએ તો અનવસ્થારૂપ દોષ આવે છે. કારણ કે પ્રથમ ઘટાદિઆકારવાળું જે ચિત્ત હોય તે ચિત્તનું જ્ઞાન થવામાટે અન્ય ચિત્ત (દ્વિતીય) જરૂરનું છે. એ દ્વિતીય ચિત્ત પણ પ્રથમ ચિત્તની માફક સ્વયંપ્રકાશ નહિ હોવાથી એના જ્ઞાનમાટે તૃતીય ચિત્ત જોઇએ. એ તૃતીયના જ્ઞાનમાટે ચતુર્થ, ચતુર્થના જ્ઞાનમાટે પંચમ એમ ચિત્તોનું આનંત્ય માનવું જોઇએ. તેથી પણ અંતે કોઇ સ્વયંપ્રકાશ ચિત્ત સિદ્ધ થવાનું નહિ તેથી એક વસ્તુના જ્ઞાનમાટે અનંત ચિત્ત આવશ્યક હોવાથી અને પ્રત્યેક ચિત્ત ક્ષણમાત્ર રહેનાર હોવાથી તે વસ્તુના જ્ઞાનમાટે અનંત ક્ષણ, અનંત માસ, અનંત વર્ષ જોઇએ, અર્થાત્ એક જ્ઞાન થઈ જ ન શકે, તેથી ચિત્તના

આનંત્યરૂપ અનવસ્થા કેવળ દોષરૂપ જ છે.

અહિં એ કહેવું યોગ્ય નથી કે 'અનંત ચિત્ત માનવાની જરૂર નથી કારણ કે જ્યાંથી ઘટાકાર ચિત્તનું જ્ઞાન અન્ય (દ્વિતીય) ચિત્તને થયું એટલે ઘટરૂપ અર્થનું જ્ઞાન થઇ ગયું. અને જ્યારે એ દ્વિતીય ચિત્તનું જ્ઞાન અન્ય તૃતીય ચિત્તને થયું એટલે ઘટજ્ઞાનનું પણ જ્ઞાન થઈ ગયું. તાત્પર્ય એ કે એપ્રમાણે અનંત ચિત્તસુધી જવા જરૂર જ નથી. બે ત્રણ ચિત્તોસુધી જવાથી કાર્ય સરે છે.' આમ કહેવું યોગ્ય નથી. કારણ કે જ્યાંસુધી ગ્રાહકનો નિર્ણય ન થાય ત્યાંસુધી ગ્રાહ્યનો નિર્ણય ન જ થવાનો, એટલે તૃતીય ચિત્તનું જ્યાંસુધી જ્ઞાન ન થાય ત્યાં સુધી દ્વિતીય ચિત્તનું જ્ઞાન જ ન હોય અને દ્વિતીયનું જ્યારે જ્ઞાન નહિ હોય ત્યારે ગ્રાહકના અજ્ઞાને ગ્રાહ્યરૂપ પ્રથમ ચિત્તનું અને તેથી અર્થનું પણ જ્ઞાન નજ હોય; તેથી અનવસ્થા અવશ્યજ આવવાની, એટલું જ નહિ પણ ગ્રાહકના અભાવે ચિત્ત છે એમ પણ ન કહેવાય. વૃત્તિરૂપ ચિત્તની અજ્ઞાતસત્તા માનીએ તો, એટલે તે હોય અને અજ્ઞાત રહે એમ માનીએ તો પછી પૂર્વ સૂત્રની વ્યાખ્યામાં કહ્યાપ્રમાણે સંશય સદા રહે અને અનુપલબ્ધિપ્રમાણ અયુક્ત ઠરે. તેથી જ્ઞાન વા વૃત્તિરૂપ ચિત્ત હોય ને અજ્ઞાત રહે એ જ અસંભવ છે. એ નિયમથી પણ તૃતીય ચિત્ત હોય તો તેનું જ્ઞાન અવશ્ય થવાનું અને તેથી ચતુર્થ ચિત્ત અવશ્ય અંગીકાર કરવું જોઇએ. તે જ પ્રમાણે પાંચમું, છઠ્ઠું વિગેરે. આ રીતે પણ એક અર્થના જ્ઞાનમાટે અનંત ચિત્તની કલ્પના કરવી અવશ્યની છે તેથી અનવસ્થા સ્પષ્ટ છે એટલું જ નહિ પણ જ્યારે એક સાક્ષી પુરુષથી નિર્વાહ થાય છે તો પછી અનંત ચિત્ત માનવામાં ગૌરવ તો વજ્રલેપસમાન લાગે છે.

આ તો એક દોષ થયો. બીજો દોષ એ મતમાં એ આવે છે કે સ્મૃતિનો સંકર થઇ જાય છે. ત્યાં સ્મૃતિસંકર બે રીતે પ્રતિપાદન કરેલો દેખાય છે:—

(૧) જેવો અનુભવ હોય છે તેવી સ્મૃતિ થાય છે, એ નિયમથી ઘટજ્ઞાનવખતે ઘટજ્ઞાન, તે જ્ઞાનનું જ્ઞાન, તેનું જ્ઞાન એમ અનંત જ્ઞાનોનું જ્ઞાન એ મતપ્રમાણે થયેલું હોવાથી સ્મૃતિવખતે પણ એ સર્વનું સ્ફુરણ થવું પ્રાપ્ત થાય. એ પ્રકારનું સ્મરણ તે સ્મૃતિસંકર છે. એ દોષરૂપ છે કારણ કે સ્મૃતિવખતે માત્ર તે તે અર્થની જ સ્મૃતિ થાય છે, કંઇ અનંત જ્ઞાનની સ્મૃતિ થતી અનુભવાતી નથી.

તેમ જ (૨) બીજી રીતે સ્મૃતિસંકર આપ્રમાણે પ્રાપ્ત થાય છે. નીલવિષયના જ્ઞાનમાટે અનંત જ્ઞાનો થવાનાં એ તો ઉપરથી સિદ્ધ થયું છે.

ત્યાં એ પૂર્વે થયેલા જ્ઞાનની સ્મૃતિના પૂર્વ ક્ષણે ધારો કે પીતવિષયક જ્ઞાન થયું તો એ પીતવિષયક જ્ઞાન, તેનું જ્ઞાન, તેનું જ્ઞાન, એમ એક પ્રવાહ ચાલવાનો. હવે ધારો કે પૂર્વની નીલવિષયક સ્મૃતિ થઇ તો એ પ્રવાહ પણ ચાલવાનો. તો એથી બે વિષયનું સાથે જ્ઞાન થવું પ્રાપ્ત થાય એ તો એક દોષ આવે છે અને બીજો તો એ કે એ બે પ્રવાહમાંથી કયી સ્મૃતિ અને કયો તે સમયનો અનુભવ એ પણ નિર્ણય ન થવાનો અર્થાત્ બંને મિશ્રિત થઇ જવાનાં. આ દ્વિતીય દોષનું નામ સ્મૃતિસંકર છે.

આપ્રમાણે આ સૂત્રથી વિજ્ઞાનવાદીના મતમાં દૂષણ આપી સૂત્રકારે એ મત સર્વથા દૂષિત છે એ સિદ્ધ કર્યું અને તેથી ચિત્તના જ્ઞાનમાટે સાક્ષી પુરુષ અવશ્ય માનવો જોઇએ--એ માન્યા વિના વિજ્ઞાનવાદીના મતથી નિર્વાહ થઇ શકે એમ નથી એ પ્રતિપાદન કર્યું. ત્યાં એ પ્રશ્ન ઉઠે છે કે જે સાક્ષી પુરુષ માન્યો છે તે તો નિર્વિકાર, અપરિણામી તથા ક્રિયારહિત છે, તો એ ક્રિયારહિત તથા અપરિણામી પુરુષને ચિત્તસાથે ક્રિયાપૂર્વક સંબંધનો અભાવ જ હોવાનો તોપછી એ પુરુષ ચિત્તનો જ્ઞાતા તથા ભોક્તા કેવી રીતે થઇ શકે ? ન જ થાય. કારણ કે આપણે ચિત્તના સંબંધમાં જાણીએ છીએ કે જ્યારે ચિત્તમાં ક્રિયા થાય છે તથા તેથી ચિત્તનો વિષયસાથે સંબંધ થઇ અર્થાકારવૃત્તિ થાય છે ત્યારે ચિત્તને જ્ઞાન થાય છે. એ નિયમથી પુરુષને ચિત્તજ્ઞાન ક્યારે થાય કે જ્યારે પુરુષમાં ક્રિયા થાય તથા પુરુષ ચિત્તાકાર પરિણામને પામે ત્યારે—અર્થાત્ પુરુષ ક્રિયાવાળો તથા પરિણામી હોય ત્યારે. પણ તેમ તો છે નહિ. તો પછી એ પુરુષ ચિત્તનો જ્ઞાતા તથા ભોક્તા કેવી રીતે થઇ શકે ? આ શંકાનો ઉત્તર આપવા તથા ૧૮ મા સૂત્રમાં પ્રતિપાદન કરેલા અર્થની ઉપપત્તિ કરવા સૂત્રકાર કહે છે કે

चितेरप्रतिसंक्रमायास्तदाकारापत्तौ स्वबुद्धिसंवेदनम् ॥२२॥

સૂત્રાર્થ:—અન્યત્ર ગમન કરવાપણાથી રહિત દૃક્શક્તિ પુરુષ જ્યારે બુદ્ધિવૃત્તિના સદૃશ આકારને જાણે પામ્યો હોય એમ થઇ રહે છે ત્યારે એ બુદ્ધિવૃત્તિનું દ્રષ્ટાને જ્ઞાન થાય છે.

चितेः—એટલે ચિતિનું. ચિતિ શબ્દે કરી દૃક્શક્તિ વા ચૈતન્યરૂપ પુરુષનું ગ્રહણ થાય છે.

अप्रतिसंक्रमायाः—પ્રતિસંક્રમ જેનો નથી તેવી ચિતિ તે અપ્રતિસંક્રમા. ઘટાદિજ્ઞાનમાટે ચિત્તની વૃત્તિનું બહિર્ ગમન થાય છે તે પ્રતિસંક્રમ વા પ્રતિસંક્રાન્તિ કહેવાય છે. એ પ્રકારનું કોઇના પ્રતિ ગ-

મન ન થવું તે અપ્રતિસંક્રમ છે.

तदाकारतापत्तौ—બુદ્ધિવૃત્તિના આકારને પામવાથી–જ્યારે પામે છે ત્યારે. ખરૂં જોતાં પુરુષ અપરિણામી હોવાથી બુદ્ધિવૃત્તિના અકારને એ પામતો જ નથી તથાપિ બુદ્ધિવૃત્તિમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે. અને એ પ્રતિબિંબ જેમ કાષ્ટમાં રહેલો અગ્નિ કાષ્ઠાકાર પ્રતીત થાય છે તેમ બુદ્ધિવૃત્તિથી અવચ્છિન્ન થવાથી બુદ્ધિવૃત્તિના સમાન આકારવાળું જાણે થયું હોય એવું પ્રતીત થાય છે. એ પ્રતિપાદન કરવા સૂત્રકારે આપત્તિ શબ્દનો ઉચ્ચાર કર્યો છે.

स्वबुद्धिसंवेदनम्—દ્રષ્ટાની જે બુદ્ધિવૃત્તિ વા ચિત્ત તેનું જ્ઞાન.

આ સૂત્રમાં એ કહ્યું કે પુરુષ તો પરિણામી તથા ક્રિયાવાળો નથી જ અને તેથી જેમ ચિત્ત અર્થાકાર પરિણામને પામે છે તેમ પુરુષનું ચિત્તપ્રતિ ગમન પણ થતું નથી. તેમ જ વાસ્તવિક રીતે પુરુષનો ચિત્તાકાર પરિણામ પણ થતો નથી. આમ છતાં ચિત્તનું જ્ઞાન કેવી રીતે થાય છે તેનો ઉત્તર આ પ્રમાણે: ચિત્ત વા બુદ્ધિસત્ત્વ પ્રધાનપણે સત્ત્વગુણનું કાર્ય છે તેથી ચૈતન્યનું પ્રતિબિંબ ગ્રહણ કરવા સમર્થ છે. એમ હોવાથી ચિતિશક્તિ પુરુષનું એ ચિત્તમાં પ્રતિબિંબ પડે છે. એ ચૈતન્યના પ્રતિબિંબથી સ્વરૂપે અચેતન એવી જે બુદ્ધિ તે ચેતનાવત્ થાય છે. ચૈતન્યનું બુદ્ધિમાં પ્રતિબિંબ પડવું એને શાસ્ત્રમાં ચિચ્છાયાપત્તિ કહી વર્ણ્યું છે. આ રીતે બુદ્ધિ ચેતનાવત્ થાય છે તેથી તે જ્ઞાતારૂપ થઇ રહે છે. તથાપિ અવિદ્યાદશામાં બુદ્ધિસત્ત્વ અને પુરુષનો વિવેક હોતો નથી તેથી એ જ્ઞાતૃત્વનો પુરુષમાં આરોપ થાય છે. એ જ પ્રમાણે ભોક્તૃત્વનો પણ પુરુષમાં આરોપ થાય છે. એ બુદ્ધિસત્ત્વની જે વૃત્તિઓ નીકળે છે તે વૃત્તિઓ પણ પુરુષપ્રતિબિંબવાળી હોવાથી ભાસે છે અર્થાત્ જ્ઞાનરૂપ થાય છે. તાત્પર્ય એ કે પૂર્વે वृत्तिसारूप्यमितरत्र ઇત્યાદિ સૂત્રોમાં પ્રતિપાદન કર્યાપ્રમાણે પુરુષના પ્રતિબિંબથી બુદ્ધિનું સંવેદન થાય છે. પુરુષનું બુદ્ધિ અને વૃત્તિમાં પ્રતિબિંબ પડે છે. એ પ્રતિબિંબ બુદ્ધ્યવચ્છિન્ન તથા વૃત્ત્યવચ્છિન્ન પુરુષનું છે તેથી એ પ્રતિબિંબ બુદ્ધિ અને વૃત્તિના સમાન આકારવાળું પ્રતીત થાય છે, અને તેથી જ્ઞાન તથા ભોગ થાય છે.

અહિં એ કહેવું યોગ્ય નથી કે બુદ્ધિસત્ત્વ પુરુષકરતાં ઓછું સ્વચ્છ હોવાથી તથા પુરુષ વિભુ હોવાથી તેનું પ્રતિબિંબ નહિ પડી શકે. કારણ કે આપણે જોઇએ છીએ કે મલિન જળવિષે સ્વચ્છ સૂર્ય, તારાગણવિગેરેનું પ્રતિબિંબ પડે છે; તેમ જ વિભુ આકાશનું પણ નક્ષત્રસહિત જલમાં પ્રતિબિંબ પડે છે. તેથી એવો કોઇ નિયમ નથી

કે પોતાથી અધિક મલિન પદાર્થમાં પ્રતિબિંબ ન પડે વા મોટા પદાર્થનું નાનામાં પ્રતિબિંબ ન પડે. એટલું જ નહિ પણ બુદ્ધિસત્ત્વમાં જે પુરુષનું પ્રતિબિંબ પડે છે એમ કહ્યું છે તેનો અર્થ એવો નથી કે એ પ્રતિબિંબ ભૌતિક પદાર્થોના પ્રતિબિંબજેવું છે. એનો તો માત્ર એ જ અર્થ છે કે બુદ્ધિસત્ત્વમાં રહેલી જે ચિતશકિત તે પુરુષના સાંનિધ્યથી અભિવ્યકિતને પામે છે, પુરુષમાં જે પ્રકારની જ્ઞાનશકિત રહી છે તે જ્ઞાન શકિતનો પુરુષના સાંનિધ્યથી બુદ્ધિસત્ત્વમાં આવિર્ભાવ થાયછે.

આ પ્રમાણે આ સૂત્રથી ચિત્તનું જ્ઞાન અપરિણામી તથા નિષ્ક્રિય પુરુષને કેવી રીતે થાય છે એ પ્રતિપાદન કર્યું. હવે શબ્દાદિ અર્થનું ભાન કેવી રીતે થાય છે તથા ભોગ કોને થાય છે વિગેરે પ્રતિપાદન કરતા કહે છે કે

द्रष्टृदृश्योपरक्तं चित्तं सर्वार्थम् ॥२३॥

સૂત્રાર્થ:—દ્રષ્ટા પુરુષ તથા શબ્દાદિ દૃશ્યથી ઉપરકત થયેલું ચિત્ત સર્વ પદાર્થનો વિષય કરે છે.

द्रष्टृ૦:—દ્રષ્ટા એટલે ચેતનરૂપ પુરુષ અને દૃશ્ય એટલે શબ્દાદિ અચેતન પદાર્થો. એ બેથી ઉપરકત થયેલું એટલે પુરુષના પ્રતિબિંબવાળું, દૃશ્યરૂપ શબ્દાદિ આકારે પરિણામ પામેલું. ચિત્તનો પુરુષથી ઉપરાગ થવો એ પુરુષના પ્રતિબિંબવાળા થવું તે છે; અને દૃશ્યથી ઉપરાગ થવો તે દૃશ્યનું વૃત્તિમાં આરૂઢ થવું અર્થાત્ વૃત્તિનો અર્થાકાર પરિણામ થવો એ છે.

सर्वार्थम्—એટલે સર્વ પદાર્થો છે અર્થ નામ વિષય જેના એવું.

આ સૂત્રથી એ કહ્યું કે ચિત્તને જ્યારે દ્રષ્ટા પુરુષ અને દૃશ્ય શબ્દાદિનો ઉપરાગ થાય છે ત્યારે ચિત્ત ચેતનાચેતન સર્વ પદાર્થને વિષય કરે છે. ત્યાં દ્રષ્ટાના સાંનિધ્યથી ચિત્તની દૃક્શકિત અભિવ્યકત થાય છે. દૃક્શકિત વા જ્ઞાનશકિત બે પ્રકારની છે: (૧) નિત્યોદિતા અને (૨) અભિવ્યંગ્યા. જે દૃક્શકિત પોતાના સ્વરૂપરૂપ છે તે નિત્યોદિતા છે અને જે અન્યના સંનિધાનથી જાગરૂક થનાર છે તે અભિવ્યંગ્યા છે. નિત્યોદિતા ચિતિશકિત પુરુષરૂપ છે અને અભિવ્યંગ્યા ચિતિશકિત ચિત્તમાં છે. એ શકિત પુરુષના સંનિધાનથી જાગરૂક થાય છે. તેથી જે સ્વરૂપે અચેતન છે તે ચેતનવત્ થઇ રહે છે. એ ચિત્તસત્ત્વમાં અભિવ્યકત થનાર પુરુષના પ્રતિબિંબરૂપ જે અભિવ્યંગ્યા ચિતિશકિત છે તે જ્યારે સુખાદિ સારૂપ્યને પામે છે ત્યારે નિત્યોદિતા ચિતિશકિતરૂપ પુરુષનો ભોગ કહેવાય છે. એ ભોગને ચિદવસાનનો ભોગ વા પર ભોગ કહે છે અને સુખાદિ પરિણામ તે

ચિત્તાવસાન વા અપર ભોગ કહેવાય છે. આ રીતે દ્રષ્ટાથી ઉપરક્ત થયેલું ચિત્ત પુરુષસાક્ષાત્કાર કરવા સમર્થ થાય છે. તથાપિ પુરુષનુ પ્રતિબિંબ ગ્રહણ કરવાનું સામર્થ્ય રજોગુણ તથા તમોગુણમાં છે નહિ, માત્ર સત્ત્વમાં છે તેથી પુરુષજ્ઞાન દઢ રીતે ક્યારે થાય છે કે જ્યારે સત્ત્વનો રજસ્તમસથી અભિભવ થતો નથી અર્થાત્ જ્યારે ત્રિગુણાત્મક ચિત્તમાં રજસ અને તમસના ધર્મો અત્યંત અસ્ફુટ થઈ જઈ સાત્ત્વિકધર્મ માત્રનો ઉદય થાય છે અર્થાત્ ચિત્ત શુદ્ધસાત્ત્વિક થાય છે ત્યારે. ચિત્તની શુદ્ધસાત્વિક દશા સમાધિમાં જ થાય છે. તેથી પુરુષનો દઢ અપરોક્ષ સાક્ષાત્કાર સમાધિમાં જ થાય છે. આથી એ થયું કે ચિત્ત દ્રષ્ટા પુરુષથી ઉપરક્ત થવાથી પુરુષને જાણવા સમર્થ છે અને જ્યારે શબ્દાદિ દૃશ્ય પદાર્થોથી ઉપરક્ત થાય છે ત્યારે પુરુષથી અતિરિક્ત તે તે દૃશ્યને જાણવા સમર્થ છે. તેથી એ સ્પષ્ટ છે કે દ્રષ્ટા પુરુષ અને દૃશ્ય વિષય એ બેના ઉપરાગથી ચિત્ત ચેતનાચેતનાત્મક સમગ્ર પદાર્થોને જાણી શકે છે.

આપ્રમાણે ચિત્ત જે સ્વરૂપે દૃશ્ય શબ્દાદિથી તથા દ્રષ્ટા પુરુષથી સદા ભિન્ન વસ્તુ છે તે ત્રણ રૂપવાળું પ્રતીત થાય છે. જેમ સ્ફટિકની એક બાજુએ જપાકુસુમ મુક્યું હોય અને બીજી બાજુએ ઇન્દ્રનીલ મણિ મુક્યો હોય તો એ સ્ફટિક ત્રણ રૂપવાળો પ્રતીત થવાનો, કારણ કે જપાકુસુમ તથા ઇન્દ્રનીલમણિ એ બંનેનાં એ સ્ફટિકમાં પ્રતિબિંબ પડવાનાં તેથી એક તો સ્ફટિકનો સ્વભાવ જે હતો તે તો રહેવાનો જ અને વધારામાં જપાકુસુમ તથા ઇન્દ્રનીલ એ બેના સ્વભાવવાળો એ થવાનો. તે જ પ્રમાણે ચિત્ત જે પુરુષ અને વિષયોથી ભિન્ન છે તે પુરુષનું પ્રતિબિંબ ગ્રહણ કરે છે અને વિષયાકાર પરિણામને પામે છે તેથી પોતાના સ્વભાવવાળું, પુરુષના ધર્મવાળું અર્થાત્ ચેતનાવાળું તથા વિષયાકાર એમ ત્રણ સ્વભાવવાળું પ્રતીત થાય છે. આમ ત્રણે સ્વભાવવાળું પ્રતીત થાય છે છતાં વસ્તુતઃ તો એ ચિત્ત પોતાના સ્વભાવવાળું જ ખરે ખરૂં છે અને અન્યના સ્વભાવનો તો માત્ર એને ઉપરાગ થયો છે. આમ છે છતાં એ ચિત્તનો અને દ્રષ્ટા અને દૃશ્યથી યથાર્થ વિવેક સમાધિપ્રજ્ઞાથી જ થાય છે તેથી એ સમાધિપ્રજ્ઞાનો ન અનુભવ કરનાર નાસ્તિકોમાંના કેટલાકને ચિત્તથી અતિરિક્ત પુરુષ નથી એવો ભ્રમ થાય છે અને અન્યને ચિત્તથી અતિરિક્ત વિષયો નથી એવો ભ્રમ થાય છે. એ ભ્રમ તેમનું અજ્ઞાન લક્ષમાં લેતાં સ્વાભાવિક છે. તેથી એ દોષ ખરૂં જોતાં તેમના અજ્ઞાનનો છે.

આપ્રમાણે ૧૫મા સૂત્રથી તે આ સૂત્રપર્યન્ત દૃશ્ય વિષયો

ચિત્તથી સ્વતંત્ર સત્તાવાળા છે એ તથા ચિત્તથી અતિરિક્ત પુરુષ એક ભિન્ન તત્ત્વ છે એ વિસ્તારથી દૂષણસમર્થનપૂર્વક સિદ્ધ કર્યું. હવે ચિત્તથી અતિરિક્ત દ્રષ્ટા છે એ વિષયને અતિદૃઢ રીતે સિદ્ધ કરવાના આશયથી અન્ય હેતુનું સૂત્રકાર પ્રતિપાદન કરે છે.

तदसंख्येयवासनाभि[1]श्चित्रमपि परार्थं संहत्यकारित्वात् ॥ २४॥

સૂત્રાર્થઃ—આવું જે ચિત્ત તે ક્લેશકર્માદિની અસંખ્ય વાસનાઓએ કરીને વિવિધરૂપવાળું છે છતાં દેહ, ઇન્દ્રિયાદિ સહકારીસાથે મળીને કાર્ય કરનાર હોવાથી પુરુષના ભોગાપવર્ગરૂપ અર્થને સાધનાર છે અર્થાત્ અન્યને અર્થે છે.

तद्—એટલે દ્રષ્ટા અને દૃશ્યથી ઉપરાગને પામનાર ચિત્ત.

असंख्येय०—એટલે ગણી ન શકાય એટલી કામકર્માદિની વાસનાવડે.

चित्रम्—વિવિધરૂપવાળું—નાનારૂપવાળું છે.

परार्थम्—પોતાથી અન્ય જે પુરુષ તેને અર્થે છે—તેનું ભોગ્ય છે.

संहत्य०—અન્ય સહકારિસાથે મળીને—સંભૂય-ક્રિયા કરનાર છે તેથી.

આ સૂત્રમાં એ કહ્યું કે ચિત્તમાં ક્લેશકર્માદિની અસંખ્ય વાસનાઓ હોય છે અને તેથી વાદીના મતપ્રમાણે ચિત્તનો સ્વતઃ અર્થાકાર પરિણામ થાય છે એમ માનીએ—એટલે ખરું જોતાં તો પુરુષના સંનિધાનથી જ ચિત્તની પ્રવૃત્તિ થાયછે તથાપિ હાલ તકરારની ખાતર એમ પણ માનીએ કે એ અસંખ્યવાસનાવશાત્ જ ચિત્તનો અર્થાકાર પરિણામ થાય છે, તથાપિ એ ચિત્ત સહકારીની અપેક્ષા રાખી —સહકારિસાથે એકઠું મળી—અર્થક્રિયા કરનાર હોય છે તેથી અન્યને માટે છે, અર્થાત્ પુરુષના ભોગ અને અપવર્ગરૂપ અર્થને સાધવા માટે છે. આપણે જોઈએ છીએ કે જે જે પદાર્થો અન્ય સહકારીની અપેક્ષાથી કાર્ય કરનાર હોય છે તે સર્વ અન્યના અર્થને જ સાધનાર હોય છે. જેમ કે ગૃહ, ગૃહસ્તંભ વિગેરે સહકારીની સહાયથી પોતાના કાર્યરૂપ વસતિને કરે છે. એ વસતિરૂપ કાર્ય વિષ્ણુમિત્રાદિનું છે, કંઈ ઘરનું પોતાનું નથી. તેમ જ શૈય્યાવિગેરે પદાર્થો પણ ભૂમિવિગેરે સહકારીની અપેક્ષા રાખી કાર્ય કરનાર છે તથા પોતાથી અન્ય પદાર્થોના ભોગમાટે છે. તે જ પ્રમાણે ચિત્તથી વા સત્ત્વાદિ ત્રણ ગુણોથી પોતાના પરિણામદ્વારા સધાતાં કાર્ય જે ભોગ અને અપવર્ગ તે પોતાનાં નહિ હોવાં જોઈએ પણ પોતાથી અન્ય કોઈના હોવાં જોઈએ એ સ્પષ્ટ છે. તેથી ચિત્તનો થતો અર્થાકાર પરિણામ વા જ્ઞાન જ્ઞાનને માટે જ નથી પણ સુખદુઃખાદિઅર્થે છે. એ સુખદુઃખાદિ

૧ કેટલાંક પુસ્તકોમાં चित्तमपि એવો પાઠ જોવામાં આવે છે.

પણ પોતાને માટે નથી પણ જે અનુકૂલનીયપ્રતિકૂલનીય તત્ત્વ હોય તેને માટે છે. તેથી ચિત્તથી વા સત્ત્વાદિ ગુણત્રયથી અતિરિક્ત કોઇ પદાર્થ અવશ્ય માનવો જોઇએ એ સિદ્ધ થાય છે. એ પદાર્થ કયો લેવો તે વિચારવાનું છે. ત્યાં એ સહજ જણાય છે કે એ પદાર્થ સત્ત્વાદિ ગુણોના સ્વભાવથી રહિત હોવો જોઇએ કારણ કે જો એ જ સ્વભાવનો હોય તો તે પણ અન્ય સહકારીની અપેક્ષા રાખી જ કાર્ય કરનાર હોવાનો, તેથી પરાર્થ હોવાનો અને એમ જતાં જતાં અનવસ્થા દોષ આવવાનો. તેથી જેને માટે આ સઘળા પરિણામો થાય છે અર્થાત્ સત્ત્વાદિની પ્રવૃત્તિ થાય છે તે પદાર્થ એ સત્ત્વાદિના ધર્મથી રહિત– એ સર્વથી વિલક્ષણ–હોવો જોઇએ એ જરૂરનું છે. સત્ત્વાદિમાં પરિણામિત્વ, જડત્વ, ક્રિયાકારિત્વ વિગેરે ધર્મો હોય છે તેથી એ પદાર્થમાં એ ગુણોનો અભાવ હોવો જોઇએ એટલે એ પદાર્થ અપરિણામી, ચિદ્રૂપ, નિષ્ક્રિય, કૂટસ્થ નિત્ય હોવો જોઇએ. એવા પદાર્થને જ આ શાસ્ત્ર પુરુષસંજ્ઞા આપે છે. તેથી સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે કે ચિત્ત અસંખ્યવાસનાવડે ચિત્રિત છે અને તેથી સ્વતઃ પરિણામ પામનાર છે એમ લઇએ તોપણ એ ચિત્ત પરાર્થ હોવાથી પુરુષ અવશ્ય અંગીકાર કરવો જોઇએ.

આપ્રમાણે આ સૂત્રથી પુરુષનું અસ્તિત્વ દૃઢ રીતે સિદ્ધ કર્યું તથા ચિત્ત પરાર્થ છે અને પુરુષ સ્વાર્થ છે એ પ્રકારનો એનો વિવેક પણ અર્થાત્ સિદ્ધ કર્યો.

આ રીતે આ પાદનાં સૂત્રોથી પંચવિધ ચિત્તનું પ્રતિપાદન કર્યું, તેમાં કૈવલ્યયોગ્ય ચિત્તનો નિર્ણય કરયો તથા વાસનાદિના પ્રકારના તથા વિવેકખ્યાતિના વિષયના પ્રતિપાદનદ્વારા પરલોકાદિમાં જનાર, ભોગાપવર્ગને પામનાર, ચિત્તથી અતિરિક્ત દ્રષ્ટા પુરુષની સિદ્ધિ કરી. હવે કૈવલ્યનું નિરૂપણ બરાબર થઇ શકે એમ છે તેથી તે કરવા ગ્રંથકાર પ્રવૃત્ત થાય છે. ત્યાં પ્રથમ તો કૈવલ્યનો અધિકારી પુરુષ કોણ છે એ નિર્ણય કરે છે એટલે પૂર્વ સૂત્રોમાં વિસ્તારથી પ્રતિપાદન કરેલા વિવેકના સાક્ષાત્કારથી જે આદ્ય મોક્ષ થાય છે–જેને પામેલો પુરુષ કૈવલ્યનો અધિકારી છે–તે પ્રતિપાદન કરે છે.

विशेषदर्शिन आत्मभावभावनाविनिवृत्तिः॥२५॥

સૂત્રાર્થઃ—ચિત્તથી અતિરિક્ત હું પુરુષ છું એ પ્રકારે ચિત્ત અને પુરુષના વિવેકજ્ઞાનવાળાને હું કોણ છું ઇત્યાદિ પ્રકારની આત્મવિષયક જિજ્ઞાસા નિવૃત્ત થાય છે.

વિશેષ૦—પ્રમાતા, પ્રમેય અને પ્રમાણ એટલે પુરુષ, વિષયો

અને ચિત્ત એ ત્રણે અવિવેકીને તથા નાસ્તિકોને એકરૂપ ભાસે છે. તેમનો વિશેષ જાણનારની એટલે વિષયથી ચિત્ત જૂદું છે તથા એ બંનેથી પોતે દ્રષ્ટા પુરુષ જૂદો છે એ પ્રકારના વિવેકસાક્ષાત્કારવાળાની.

આત્મા૦—આત્મા તે શું છે, હું કોણ છું, ક્યાંથી છું ઇત્યાદિ પ્રકારની આત્માસંબંધી જે જિજ્ઞાસા હોય છે તે નિવૃત્ત થાય છે.

આ સૂત્રમાં એ કહ્યું કે મનુષ્યમાં હજારે કોઇને અપાર પુણ્યના ઉદયથી વર્તમાન જન્મમાં હું કોણ છું, હું મન છું, દેહ છું કે એથી કોઈ અતિરિક્ત તત્ત્વ છું, હું ક્યાંથી આવ્યો છું, હવે પછી શું થનાર છું, હાલ શાથી સ્થિતિને પામી રહ્યો છું ઇત્યાદિ પ્રકારની આત્માસંબંધી ઉત્કટ જિજ્ઞાસા ઉદય થાય છે. જ્યારે મોક્ષમાર્ગના શ્રવણથી રોમાંચ, હર્ષ, અશ્રુપાતવિગેરે થતાં જોવામાં આવે છે ત્યારે એ ઉપરથી આત્મવિષયક ઉત્કટ જિજ્ઞાસા તેને થઇ છે એમ કહેવાય છે. એવી જિજ્ઞાસા જેને ઉદય થાય છે તે જ પુરુષ યોગનો અધિકારી છે. અન્ય હલકાં પુણ્યવાળાં પ્રાણીને તથા નાસ્તિકને તો દેહ હું છું, મન હું છું ઇત્યાદિ પ્રકારનો ભ્રમ દૃઢ થઇ રહેલો હોય છે, તેથી તેવાં તો સત્ય શું છે તે જાણવામાટે પ્રયત્ન જ કરતાં નથી તેથી એ માણસો તો કેવલ અનધિકારી જ છે. યોગના અધિકારી પુરુષોને જ્યારે દૃશ્યથી ચિત્ત અતિરિક્ત છે તથા ચિત્તથી પુરુષ અર્થાત્ પોતે અતિરિક્ત છે, એ સાક્ષાત્કાર થાય છે ત્યારે ભય શોક વિગેરેને આપનાર આત્મવિષયક સંશય નિવૃત્ત થાય છે કારણ કે જિજ્ઞાસા પોતાના વિષયના જ્ઞાનથી સર્વદા નિવૃત્ત થાય છે એ નિયમ છે. જેણે એક વખત વરૂ વા સિંહ ન જોયા હોય તેને એ પદાર્થો કેવા હશે એ જાણવાની ઇચ્છા થાય છે. જે સમયે એ પદાર્થોનો સાક્ષાત્કાર તેને થાય છે તે સમયે જ એ જાણવાની ઇચ્છા નિવૃત્ત થઇ જાય છે. આ જ પ્રમાણે જ્યારે દૃશ્ય વિષયો તથા ચિત્તથી અતિરિક્ત હું પુરુષ છું, લોકલોકાન્તરમાં ગમનવિગેરે ચિત્તનું થાય છે, ચિત્તમાં જ અવિદ્યા રહેલી છે. સુખદુઃખાદિ પણ ચિત્તમાં જ છે ઇત્યાદિ પ્રકારનું વિશેષજ્ઞાન થાયછે -એવો અપરોક્ષ સાક્ષાત્કાર થાય છે-ત્યારે હું કોણ છું વિગેરે પ્રકારની આત્મવિષયક જિજ્ઞાસા કેવલ નિવૃત્ત થઈ જાય છે અને તેથી ભયશોકાદિથી રહિત થાય છે. આ પ્રકારના વિશેષદર્શનરૂપ તત્ત્વજ્ઞાનથી થતી ભયશોકાદિની નિવૃતિ તે પ્રથમ મોક્ષ છે જેને પામેલો પુરુષ કૈવલ્યનો અધિકારી છે.

આપ્રમાણે તત્ત્વજિજ્ઞાસુને વિશેષદર્શનથી આદ્ય મોક્ષ થાય છે એ પ્રતિપાદન કર્યું તથા એ મોક્ષને પામેલો પુરુષ કૈવલ્યનો અધિ-

કારી છે એ સૂચવ્યું. હવે એ પુરુષનું ચિત્ત કેવું છે એ પ્રતિપાદન કરે છે. કેમકે એ પુરુષને આટલું થયાથી કૈવલ્ય થતું નથી પણ ક્રમે ક્રમે થાય છે.

तदा विवेकनिम्नं कैवल्यप्राग्भारं चित्तम् ॥ २६ ॥

સૂત્રાર્થ—ત્યારે એ યોગીનું ચિત્ત દ્રષ્ટા અને દૃશ્યના વિવેકમાં નિષ્ઠાવાળું થાય છે તથા કૈવલ્યને અભિમુખ થાય છે.

विवेकनिम्नम्—દ્રષ્ટા અને દૃશ્યનો જે ભેદ તે વિવેક, એ વિવેક છે નિમ્ન નામ આલંબનભૂમિ જેની એવું અર્થાત્ એ ભેદસાક્ષાત્કારમાં જ સ્થિર થઇ રહેનારૂં.

कैवल्यप्राग्भारम्—કૈવલ્યમાં છે પ્રાગ્ભાર-વલણ—જેનું એવું એટલે કૈવલ્યને અભિમુખ વા કૈવલ્યરૂપ અવધિવાળું.

આ સૂત્રમાં એ કહ્યું કે એ તત્ત્વજિજ્ઞાસુ પુરુષનું ચિત્ત જે પૂર્વે જ્યારે એને ચિત્તવિશેષવિષે આત્મભ્રમ હતો ત્યારે સંસારના પ્રતિ લાગેલું રહેતું તે ચિત્ત જ્યારે એ પુરુષને દ્રષ્ટા અને દૃશ્યના ભેદનું અપરોક્ષ દર્શન થાય છે ત્યારે એ વિવેકમાં જ લાગી રહેલું રહે છે તથા કૈવલ્યરૂપ ફલના અભિમુખ થાય છે અર્થાત્ ધર્મમેઘ નામના ધ્યાનમાં જ પ્રીતિવાળું થઇ રહે છે.

આપ્રમાણે આ સૂત્રથી એ ચિત્તની અવસ્થા કહી તથા કહ્યું કે એ વિશેષદર્શન થયાથી ચિત્ત તે જ ક્ષણે કૈવલ્યને પામતું નથી પણ કૈવલ્યના અભિમુખ થાય છે અર્થાત્ એ વિશેષદર્શન એક વખત થવામાત્રથી કૃતકૃત્યતા થતી નથી પણ એ વિવેકસાક્ષાત્કારમાં મધ્યે મધ્યે પૂર્વસંસ્કારવશાત્ વ્યુત્થાનવૃત્તિઓ સ્ફુરે છે. એ વૃત્તિઓ જ્યારે દૃઢઅભ્યાસથી વિરોધી સંસ્કારોનો કેવલ અભિભવ થઇ જાય ત્યારે જ સ્ફુરતી બંધ થાય છે અને પછી કૈવલ્યની સિદ્ધિ થાય છે. આમ હોવાથી સૂત્રકાર પ્રથમ એ પ્રતિપાદન કરે છે કે ઉત્પન્નમાત્રવિશેષદર્શનવાળા પુરુષને મધ્યે મધ્યે અન્ય પ્રત્યયો સ્ફુરે છે.

तच्छिद्रेषु प्रत्ययान्तराणि संस्कारेभ्यः ॥२७॥

સૂત્રાર્થ—વિવેકસાક્ષાત્કારમાં નિષ્ઠા રાખનાર યોગીને વ્યુત્થાનઅનુભવથી બંધાયેલા સંસ્કારોને લીધે મધ્યે વ્યુત્થાનરૂપ પ્રત્યયો થાય છે.

तच्छिद्रेषु—વિવેકસાક્ષાત્કારની મધ્યે.

प्रत्यया०—એટલે સમાધિથી અન્ય જે વ્યુત્થાન તેનાં પ્રત્યય નામ જ્ઞાન વા વૃત્તિઓ.

संस्कारेभ्यः—એટલે વ્યુત્થાનના અનુભવથી પડેલા સંસ્કારોથી.

આ સૂત્રથી એ કહ્યું કે જે યોગીને વિવેકસાક્ષાત્કાર ઉત્પન્ન થયો છે પણ જેની એ વિવેકસાક્ષાત્કારમાં દૃઢ સ્થિતિ થઈ નથી તેને એ સમાધિથી વ્યુત્થાન કરનાર પ્રત્યયો વચ્ચે વચ્ચે પૂર્વના વ્યુત્થાનસંસ્કારોથી થાય છે. યોગીને જે સમયે વિવેકસાક્ષાત્કાર થાય છે તે સમયે અવિદ્યાદિકલેશોની નિવૃત્તિ થાય છે તથાપિ અવિદ્યાદિકલેશોના સંસ્કારો એટલાથી દગ્ધ થતા નથી. તેમ જ વ્યુત્થાનનો બાધ સમાધિસમયે થાય છે તથાપિ એક વારના થયેલા એ વિવેકસાક્ષાત્કારથી વ્યુત્થાનના સંસ્કારોનો દાહ થતો નથી. આમ થવાથી એ યોગીનું એ વિવેકસાક્ષાત્કારરૂપ સમાધિથી વ્યુત્થાન થાય છે. તથા તે સમયે જેનાં બીજ ક્ષયને પામવાના ક્રમમાં છે પણ જે ક્ષીણ થઈ ગયાં નથી એવાં સંસ્કારોથી ' હું વિવેકસાક્ષાત્કારવાળો છું, હું શું જાણું છું ? કંઈ જ નહિ ' ઇત્યાદિ પ્રકારનાં વ્યુત્થાનપ્રત્યયો થાયછે. તાત્પર્ય એ કે ઉત્પન્નમાત્ર વિવેકસાક્ષાત્કારથી અર્થાત્ વિશેષદર્શનથી વ્યુત્થાનનો બાધ થતો નથી તેથી યોગીએ એને માટે પ્રયત્ન કરવું જરૂરનું છે.

આપ્રમાણે આ સૂત્રથી એ કહ્યું કે ઉત્પન્નમાત્ર વિવેકસાક્ષાત્કારવાળા યોગીને વ્યુત્થાનસંસ્કારોથી મધ્યે મધ્યે વ્યુત્થાનપ્રત્યયો થાય છે તેથી તેનું હાન કરવું જરૂરનું છે. હવે એ હાન કેવી રીતે થાય છે એ કહે છે. કેમકે જ્યાંસુધી એ પ્રત્યયોનો સંસ્કારના બાધદ્વારા બાધ થયો નથી ત્યાંસુધી કૈવલ્ય થતું નથી.

हानमेषां क्लेशवदुक्तम् ॥२८॥

સૂત્રાર્થઃ—જે ઉપાયથી સ્થૂલસૂક્ષ્મ કલેશોનું હાન થાય છે તે જ ઉપાયે આ સંસ્કારોનું પણ હાન થાય છે એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે.

उक्तम्=કહ્યું છે અર્થાત્ પૂર્વાચાર્યોએ.

આ સૂત્રથી એ કહ્યું કે ध्यानहेयास्तद्वृत्तयः ।, ते प्रतिप्रसवहेयाः सूक्ष्माः। એ બે સૂત્રોમાં તત્ત્વજ્ઞાનથી કલેશોનો દાહ થાય છે તથા ચિત્તના લયથી નાશ થાય છે એમ કહ્યું છે અર્થાત્ એ બે સૂત્રમાં કલેશના દાહમાટે તત્ત્વજ્ઞાન અને નાશમાટે ચિત્તનો લય એ બે ઉપાયો બતાવ્યા છે તે બે ઉપાયો અંહિ પણ સમજી લેવા. આથી એ થયું કે જેમ વિવેકસાક્ષાત્કારથી સ્થૂલ અવિદ્યાદિકલેશો નાશ પામે છે પણ તેના સંસ્કારોનો દાહ તો વિવેકસાક્ષાત્કારરૂપ સંપ્રજ્ઞાતયોગની પરંપરાથી થાય છે અને કેવલ નાશ તો ચિત્તના લયથી જ થાય છે, તેમ આ વ્યુત્થાનપ્રત્યયોની નિવૃત્તિ પણ વિવેકસાક્ષાત્કારરૂપ સંપ્રજ્ઞાતયોગથી થાય છે તથા એના જે સંસ્કારો જેમાંથી એ વ્યુત્થાનપ્રત્યયો પુનઃ મધ્યે મધ્યે ઉદય પામે છે તેનો દાહ તો સંપ્રજ્ઞાતની પરંપરાથી ઉ-

ત્પન્ન થયેલા દૃઢ જ્ઞાનસંસ્કારોના બલથી થાય છે, કેમકે એ જ્ઞાનસંસ્કારો વ્યુત્થાનપ્રત્યયને ઉત્પન્ન કરનાર વ્યુત્થાનસંસ્કારોના વિરોધી છે. તથા એનો નાશ તો ચિત્તના લયથી જ થાય છે. આથી સૂત્રકારે એ સૂચવ્યું કે મધ્યે મધ્યે જે વ્યુત્થાનપ્રત્યયો થાય છે તેને અટકાવવા એના કારણભૂત જે વ્યુત્થાનસંસ્કારો તેનો દાહ થવો જોઇએ અને એ દાહ સંપ્રજ્ઞાતની પરંપરાથી થાય છે તેથી યોગીએ વિવેકસાક્ષાત્કારરૂપ સંપ્રજ્ઞાતની પરંપરા અવશ્ય કરવી જોઇએ અર્થાત્ પુનઃ પુનઃ વિવેકસાક્ષાત્કારમાં મચી રહેવું જોઇએ.

આ પ્રકારે જ્યારે યોગી સંપ્રજ્ઞાતની પરંપરામાં મચી રહે છે ત્યારે કાળે કરીને એ પરંપરાથી ઉત્પન્ન થયેલા જ્ઞાનસંસ્કારોથી વ્યુત્થાનસંસ્કારોનો બાધ થાય છે. એ સંસ્કારોનો બાધ થવાથી શું થાય છે તે સૂત્રકાર હવે પ્રતિપાદન કરે છે.

प्रसंख्यानेऽप्यकुसीदस्य सर्वथा विवेकख्यातेर्धर्ममेघः समाधिः ॥२९॥

સૂત્રાર્થઃ—વિવેકસાક્ષાત્કાર થયા છતાં પણ તેથી થતાં સર્વભાવાધિષ્ઠાતૃત્વવિગેરે જે ફલો તેની ઇચ્છાથી રહિત યોગી થાય છે ત્યારે તેને વિવેકસાક્ષાત્કારનો નિરન્તર ઉદય થાય છે જેથી ધર્મમેઘ સમાધિ તેને પ્રાપ્ત થાય છે

प्रसंख्यानेऽपि—સંપૂર્ણ તત્ત્વોના વિવેકનો જે સાક્ષાત્કાર તે પ્રસંખ્યાન છે તે સિદ્ધ થયા છતાં પણ તેમાં

अकुसीदस्य—એટલે એથી થતાં ફલોની ઇચ્છાથી રહિત યોગીને.

धर्ममेघः—क्लेशकर्मादीनां निःशेषेणान्मूलकं धर्मं मेहति वर्षतीति धर्ममेघः—એટલે ક્લેશકર્માદિનું ઉન્મૂલન કરનાર જે ધર્મ તેને વર્ષાવનાર તે ધર્મમેઘ.

આ સૂત્રથી એ કહ્યું કે સંપ્રજ્ઞાતયોગની પરંપરા થવાથી તે યોગીને એ પ્રસંખ્યાનવશાત્ સર્વભાવાધિષ્ઠાતૃત્વવિગેરે સિદ્ધિઓ આવી અભિમુખ થાય છે. એ સિદ્ધિમાં જો એ યોગી લોભાય છે તો એને વ્યુત્થાન પ્રાપ્ત થાય છે. પણ જો નથી લોભાતો તો એને વ્યુત્થાન નહિ થવાથી સંપ્રજ્ઞાતયોગની પરાકાષ્ઠારૂપ ધર્મમેઘ સમાધિ પ્રાપ્ત થાય છે અર્થાત્ નિરન્તર વિવેકસાક્ષાત્કાર બન્યો રહે છે. એ સ્થિતિને જ યોગીઓ ધર્મમેઘ સમાધિ કહે છે કેમકે એ સ્થિતિ પ્રાપ્ત થવાથી ક્લેશકર્મનું નિઃશેષ ઉન્મૂલન થાય છે. આ સૂત્રનું તાત્પર્ય એ થયું કે સંપ્રજ્ઞાતની પરંપરાના વખતે યોગીને જે મહાસિદ્ધિઓ પ્રાપ્ત થાય તેમાં તેણે લોભાવું નહિ પણ એ સિદ્ધિઓનો તિરસ્કાર કરવો. એ થ-

વાથી યોગીને વ્યુત્થાનસંસ્કારો દગ્ધ થઈ જવાથી વ્યુત્થાનપ્રત્યયો થતાં નથી અને તેથી નિરન્તર સંપ્રજ્ઞાત બન્યો રહેછે.

આપ્રમાણે આ સૂત્રથી સંપ્રજ્ઞાતપરંપરાસમયે પ્રાપ્ત થતી મહાસિદ્ધિઓના તિરસ્કારથી ધર્મમેઘ સમાધિની પ્રાપ્તિ થાય છે એ વાત કહી. એ સમાધિ થવાથી તત્કાલ કૈવલ્ય થતું નથી પણ જેને શાસ્ત્રમાં દ્વિતીય મોક્ષ કહેછે તે થાય છે. એ દ્વિતીય મોક્ષનું સૂત્રકાર હવે પ્રતિપાદન કરે છે.

ततः क्लेशकर्मनिवृत्तिः ॥३०॥

સૂત્રાર્થઃ—એ ધર્મમેઘ સમાધિ થવાથી ક્લેશકર્મની નિવૃત્તિ થાય છે એટલે એનો પૂર્ણ અંશે દાહ થાય છે.

निवृत्तिः—એટલે દાહની સમાપ્તિ.

આ સૂત્રથી એ કહ્યું કે એ ધર્મમેઘ સમાધિની પ્રાપ્તિ થવાથી તે યોગીના અવિદ્યાદિ ક્લેશો તથા તેનાં મૂલરૂપ જે ક્લેશસંસ્કારો તેની, તેમ જ જે કર્માશય તેની પણ નિવૃત્તિ થાય છે અર્થાત્ એ સર્વનો દાહ જે વિવેકસાક્ષાત્કારના આરંભથી આરંભાયો હતો તેની સમાપ્તિ થાય છે. આ ક્લેશ તથા કર્મની નિવૃત્તિ થવાથી તે પુરુષ જીવતો છતો મુક્ત થાય છે અર્થાત્ જીવન્મુક્ત થાય છે. કેમકે મોક્ષનો અર્થ ત્રિવિધ દુઃખનો અત્યન્તાભાવ છે અને તે આ પુરુષને એનું નિદાન જે ક્લેશસંસ્કારો તેનો ક્ષય થવાથી થયેલો છે.

આ રીતે આ સૂત્રથી ધર્મમેઘસમાધિથી જીવન્મુક્તિની પ્રાપ્તિ કહી. તેથી એમાં જે કર્મોનો દાહ કહ્યો છે તે સંપૂર્ણ કર્માશયનો દાહ નથી પણ પ્રારબ્ધથી અતિરિક્ત કર્માશયનો દાહ લેવો યોગ્ય છે. આ જીવન્મુક્તિને દ્વિતીય મોક્ષ કહે છે. શ્રીપંચશિખાચાર્યે કહ્યું છે કે द्वितीयो रागक्षयात्–રાગોપલક્ષિત અવિદ્યાદિનો દાહ થવાથી જીવન્મુક્તિરૂપ દ્વિતીય મોક્ષ થાય છે. આ મોક્ષ થયાપછી કૈવલ્યની પ્રાપ્તિમાટે પ્રારબ્ધનો ક્ષય માત્ર કરવો અવશિષ્ટ રહે છે. તે કાં તો ભોગથી પોતાની મેળે થાય છે અથવા જો સાધનથી કરવો હોય તો અસંપ્રજ્ઞાતયોગથી પૂર્વે કહ્યા પ્રમાણે થાય છે.

આપ્રમાણે આ સૂત્રથી ધર્મમેઘ સમાધિનું ફલ કહ્યું. હવે એ સમાધિથી ચિત્ત કેવા પ્રકારનું થાય છે તે સૂત્રકાર કહે છે.

तदा सर्वावरणमलापेतस्य ज्ञानस्यानन्त्याद् ज्ञेयमल्पम् ॥३१॥

સૂત્રાર્થઃ— એ જીવન્મુક્ત દશામાં ચિત્તના સર્વ પ્રકારના આવરણરૂપ મળ દૂર થઇ જાય છે તેથી એ ચિત્ત વા એનું જ્ઞાન અનંત થાય છે. એ અનંત થવાથી જ્ઞેય વસ્તુ એની અપેક્ષાથી અલ્પ થાય છે.

तदा= જીવન્મુક્તદશામાં.

सर्वा०—સંપૂર્ણ આવરણ કરનાર મળથી રહિત થયેલું જે ચિત્ત તેનું. ત્યાં ચિત્ત જે જાતે સંપૂર્ણ પદાર્થને ગ્રહણ કરવા સમર્થ છે તેનું એ સામર્થ્ય ઢાંકી દેનાર ક્લેશ તથા કર્મ છે. એ ક્લેશ તથા કર્મો ક્ષીણ થઇ જાય છે ત્યારે ચિત્ત એ આવરણોથી રહિત થાય છે. એ રહિત થયેલાના.

ज्ञानस्य—એટલે જ્ઞાન અથવા ज्ञायतेऽनेन એ વ્યુત્પત્તિથી ચિત્તના.

आनन्त्याद्—આનંત્ય થવાથી.

ज्ञेयम्—જ્ઞેયકોટિમાં આવતા પદાર્થો.

अल्पम्—ન્યૂન છે, ઓછા છે.

આ સૂત્રથી એ કહ્યું કે જ્યારે ધર્મમેઘસમાધિ થાય છે ત્યારે તે યોગીનાં ક્લેશકર્મો ક્ષીણ થઈ જાય છે. એ ક્ષીણ થવાથી ચિત્તસત્ત્વ પોતાના સ્વભાવસિદ્ધ સ્વરૂપે પ્રકાશે છે અર્થાત્ શુદ્ધ સાત્ત્વિક થઇ રહે છે તેથી સંપૂર્ણ પદાર્થોને જાણવા સમર્થ થાય છે, અર્થાત્ તે યોગીનું જ્ઞાન અમર્યાદ થાય છે. આ યોગ્ય જ છે કારણ કે જીવદશામાં ચિત્તસત્ત્વને તમસ્નું આવરણ હોય છે તેથી એ દશામાં જ્યારે તમસ્નો અભિભવ કરી કોઇ વિષયવિષે એ રજસ્થી પ્રવૃત્ત કરાય છે ત્યારે તે વિષયાકારપરિણામ એનો થાય છે જેથી સ્વનિષ્ઠ સત્ત્વવશાત્ જ્ઞાન થાય છે. યોગીને ધર્મમેઘસમાધિ થાય છે ત્યારે તમસ્ તથા રજસ્નો અત્યન્ત અભિભવ થઇ જાયછે તથા ક્લેશ અને કર્મો ક્ષીણ થઇ જાય છે. તેથી એ ચિત્ત શુદ્ધ સાત્ત્વિક થાય છે. ચિત્ત શુદ્ધ સાત્ત્વિક થયું એટલે સર્વજ્ઞ થાય છે અર્થાત્ એનું જ્ઞાન અમર્યાદ થાય છે. આમ થવાથી પચીસ તત્ત્વથી અધિક તત્ત્વો હોય તો તેને પણ એ ચિત્ત જાણી શકવા સમર્થ થાય છે અર્થાત્ આખું જગત્ જે મર્યાદાવાળું છે તે આ અમર્યાદ જ્ઞાનઆગળ જ્ઞેયરૂપે કશા લેખામાં નથી— અત્યંત ન્યૂન છે.

આપ્રમાણે આ સૂત્રથી યોગીને શુદ્ધસાત્ત્વિક ચિત્ત થાય છે તે સમયે સર્વજ્ઞતાની પ્રાપ્તિ કહી. હવે જે કૈવલ્ય તેનું પ્રતિપાદન કરવું પ્રાપ્ત થાય છે. કેમકે ધર્મમેઘ સમાધિ સિદ્ધ થયાપછી એના ઉપર પરવૈરાગ્યથી અસંપ્રજ્ઞાત યોગની સિદ્ધિ થાય છે જેથી અંતે કૈવલ્ય થાય છે. તેમ જ પ્રારબ્ધનો ભોગ થઈ રહ્યા પછી પણ કૈવલ્ય થાય છે. તેથી હવે તૃતીય અને ચરમ મોક્ષરૂપ જે કૈવલ્ય તેનું પ્રતિપાદન કરે છે.

ततः कृतार्थानां परिणामक्रमसमाप्तिर्गुणानाम् ॥३२॥

सूत्रार्थः—ધર્મમેઘના ઉદયથી ક્લેશકર્મની નિવૃત્તિ થઇ જ્ઞાનનું આ-

નંત્ય થવાથી પછી પરવૈરાગ્ય થાય છે જેથી કૃતકૃત્ય થયેલા પુરુષો પ્રતિ સત્ત્વાદિ ગુણોનો પરિણામક્રમ સમાપ્ત થાય છે.

कृतार्थानाम्—એટલે (૧) જેના ભોગ અને અપવર્ગરૂપ અર્થ સિદ્ધ થઇ ગયા છે અર્થાત્ જેને એની અપેક્ષા રહી નથી એવા કુશલ પુરુષ પ્રતિ અને (૨) જેના ભોગ અને અપવર્ગ સિદ્ધ થયા છે એવા બુદ્ધિસત્ત્વરૂપ સત્ત્વાદિ ગુણોના. આ દ્વિતીય અર્થમાં આ પદ गुणानाम्નું વિશેષણ છે. પ્રથમ અર્થમાં તેમ નથી.

परिणामक्रम०—પરિણામક્રમની સમાપ્તિ. પરિણામ એટલે સત્ત્વાદિગુણોનો જે જગદ્રૂપ પરિણામ તે, અથવા સત્ત્વાદિનો બુદ્ધિસત્ત્વરૂપે થતો પરિણામ. ક્રમમાટે ઉત્તર સૂત્રમાં કહેવાશે.

गुणानाम्— એટલે સત્ત્વાદિ ત્રણ ગુણો અથવા બુદ્ધિસત્ત્વરૂપ ત્રણ ગુણો.

આ સૂત્રથી એ કહ્યું કે જ્યારે ધર્મમેઘસમાધિનો ઉદય થઇ ક્લેશકર્મની ક્ષીણતા થઇ જાય છે ત્યારે બુદ્ધિરૂપ સત્ત્વાદિનાં ભોગ અને અપવર્ગ બંને પ્રયોજન સિદ્ધ થઇ જાય છે જેથી એની સ્થિતિમાં વા પુનરુત્પત્તિમાં કોઇ હેતુ નહિ રહેવાથી એ બુદ્ધિસત્ત્વ એક ક્ષણ પણ સ્થિતિને પામી શકતું નથી. તેમ જ લય થયા પછી પુનઃ એરૂપે ઉદય થતું નથી; અર્થાત્ એના પરિણામક્રમની સમાપ્તિ થાય છે. અથવા તો ક્લેશકર્મો ક્ષીણ થવાથી પુરુષ કૃતકૃત્ય થાય છે જેથી એ કુશલ થયેલા પુરુષપ્રતિ સત્ત્વાદિ ગુણોરૂપ પ્રકૃતિ—કોઇ હેતુ એને પરિણામ પામવાનો નહિ રહેલો હોવાથી—પરિણામને પામતી નથી અર્થાત્ એ પ્રકૃતિના એ પુરુષપ્રતિના પરિણામક્રમની સમાપ્તિ થાય છે. આને તૃતીય મોક્ષ પણ કહેવામાં આવે છે. શ્રીપંચશિખાચાર્યે કહ્યું છે કે कर्मक्षयात्तृतीयस्तु व्याख्यातं मोक्षलक्षणम्—ક્લેશકર્મોના ક્ષીણ થઇ જવાથી તૃતીય અને ચરમ મોક્ષ થાય છે. આપ્રમાણે ત્રિવિધ મોક્ષના વ્યાખ્યાનથી મોક્ષના સ્વરૂપનું સંપૂર્ણ વ્યાખ્યાન થઇ રહ્યું.

આ રીતે આ સૂત્રથી તથા પૂર્વના સૂત્રથી એ પ્રતિપાદન કર્યું કે ધર્મમેઘસમાધિથી સર્વજ્ઞતા થાય છે તથા ત્યાર પછી ગુણોના પરિણામક્રમની સમાપ્તિ થાય છે. તથાપિ એ નિયમ સર્વત્ર નથી પણ સાધારણ છે. સાધારણ રીતે સર્વજ્ઞતા પ્રાપ્ત થયાપછી ગુણોના પરિણામક્રમની સમાપ્તિ થાય છેતથાપિ એ સમાપ્તિનું સાક્ષાત્ કારણ પરવૈરાગ્ય છે. એ પરવૈરાગ્ય પ્રાપ્ત થયો એટલે પછી સર્વજ્ઞત્વવિગેરે ધર્મો અર્થાત્ ઇશિત્વના ગુણો આવ્યા હોય કે નહિ તોપણ એ ગુણોના પરિણામક્રમની સમાપ્તિ થાય છે. કોઈ પ્રસંગે એવું પણ બને છે કે ઇશત્વનો

સ્ફુટ આવિર્ભાવ થયાવિના જ[1] પરવૈરાગ્ય થઈ એ સમાપ્તિ થાય છે. આ જ આશય ભાષ્યમાંનો પણ દેખાય છે કેમકે सत्त्वपुरुषयोः शुद्धिसाम्ये कैवल्यम् એ સૂત્રની વ્યાખ્યામાં સ્પષ્ટ કહ્યું છે કે ઈશ્વરત્વવાળા વા અનીશ્વરત્વવાળા ગમે તેવા હોય તથાપિ પરવૈરાગ્ય પ્રાપ્ત થયો એટલે ગુણોનો પ્રતિપ્રસવ થાય છે. તેથી સૂત્રકારે પણ આ નિયમ મુખ્ય હોવાથી જ અર્થાત્ સાધારણ હોવાથી જ અને સર્વજ્ઞત્વાદિ ઈશ્વધર્મોની પ્રાપ્તિઅનન્તર ગુણોનો પ્રતિપ્રસવ કહ્યો છે.

આપ્રમાણે આ સૂત્રથી સૂત્રકારે ક્લેશકર્મના ક્ષય પછી ગુણોના પરિણામક્રમની સમાપ્તિ થાય છે એમ કહ્યું. ત્યાં ક્રમ એટલે શું એ પૂર્વે પતિપાદન કરેલું ન હોવાથી પ્રતિપાદન કરવું આવશ્યક છે તેથી શ્રીપતંજલિ ભગવાન્ હવે એ કહે છે.

क्षणप्रतियोगी परिणामापरान्तनिर्ग्राह्यः क्रमः ॥ ३३ ॥

સૂત્રાર્થઃ—પરિણામના અવસાનથી જેનું નિઃશેષતઃ ગ્રહણ થાય છે એવું જે ક્ષણોનું આનન્તર્ય તે ક્રમ છે.

क्षणप्रति०—એટલે ક્ષણો છે જેના પ્રતિયોગી એવો. પ્રતિયોગી એટલે પ્રતિસંબંધી. ક્રમ કોઈ દિવસ એક પદાર્થમાં હોતો નથી પણ જ્યારે અનેક પદાર્થો હોય છે ત્યારે જ તેમાં ક્રમ હોઈ શકે છે. તેથી ક્રમનું નિરૂપણ તેના પ્રતિયોગીરૂપ ક્રમવાળા પદાર્થોના નિરૂપણવિના અશક્ય છે તેથી આ સ્થળે क्षणप्रति० કહ્યું છે. એનો અર્થ એ છે કે ક્ષણ જેનો પ્રતિયોગી છે.

परिणाम०—એટલે પરિણામનું અપરાન્ત એટલે અવસાન—અવધિ, તેનાથી જે નિર્ગ્રાહ્ય છે અર્થાત્ જેનું નિઃશેષતઃ ગ્રહણ થાયછે. ક્રમનું સ્વરૂપ બતાવનાર પદ તો માત્ર પ્રથમનું જ છે. આ પદ એ ક્રમમાં પ્રમાણ બતાવવા માટે વાપર્યું છે.

આ સૂત્રથી એ કહ્યું કે ક્ષણોનું આનન્તર્ય અર્થાત્ પૂર્વાપરીભાવ—(એક ક્ષણ પૂર્વ છે એક ઉત્તર છે એ પ્રકારનું) તે ક્રમ છે. એ ક્રમનું નિઃશેષતઃ ગ્રહણ વા અનુમાન પરિણામના અવધિથી થાય છે. ત્યાં દૃષ્ટાન્તરૂપે વસ્ત્ર લઈએ. એ વસ્ત્ર આરંભમાં તો નવું હોય છે તથા પછી કેટલોક કાળ વ્યતીત થયાથી પુરાણું થાય છે. એ પુરાણતા જ્યારે અવધિએ પહોંચે છે ત્યારે જ આપણને તો જણાય છે. તથાપિ એ પુરાણતા એકદા થયેલી નથી, પણ એની પણ સૂક્ષ્મતમ, સૂક્ષ્મતર, સૂક્ષ્મ, સ્થૂલ, સ્થૂલતર અને સ્થૂલતમ અવસ્થાઓ હોય છે. આપણને

---

૧ આ સંબંધમાં કારણોના પ્રતિપાદનમાટે જુઓ શ્રીભામિનીભૂષણ ચતુર્થાલંકાર.

જે પ્રતીત થાય છે તે સ્થૂલતમ અવસ્થા છે, તથાપિ એટલાથી એની પૂર્વ પૂર્વ અવસ્થાનું અનુમાન થાય છે. તેથી એ પુરાણતા જે અવધિએ પહોંચવાથી આપણને સ્ફુટ થાય છે તે એ વસ્ત્રની પ્રતિક્ષણે થતી ચાલી છે એ નિશ્ચય થાય છે. એ પુરાણતાના આદ્ય ક્ષણથી તે અવસાનના ક્ષણ સુધીના સર્વ ક્ષણોનું જે આનન્તર્ય તે ક્રમ છે. એ ક્રમનું સ્પષ્ટીકરણ તો પુરાણતાના અવસાનથી જ થાય છે એ તો સ્પષ્ટછે.

આ રીતે આ સૂત્રથી ક્રમનું સ્વરૂપ બતાવ્યું તથા કહ્યું કે એનું જ્ઞાન પરિણામના અવસાનથી થાય છે. ત્યાં પદાર્થો ત્રણ પ્રકારના હોય છેઃ(૧) અનિત્ય જેવાં કે બુદ્ધિ, મન વિગેરે, (૨) પરિણામિનિત્ય એટલે જે પદાર્થો પરિણામ પામે છે--એક ધર્મને લે છે અને અન્યને ત્યજે છે--છતાં સ્વરૂપે વિદ્યમાન હોવાથી--વિલય જતા નહિ હોવાથી-નિત્ય છે અને (૩) કૂટસ્થનિત્ય એટલે જે સદા સર્વદા એકરૂપે જ રહેછે. આ ત્રિવિધ પદાર્થોમધ્યે જે પ્રથમ પ્રકારના પદાર્થો છે તેમાં તો ક્ષણપ્રતિયોગિક ક્રમનું પરિણામના અવસાનથી ગ્રહણ થાય છે. પણ દ્વિતીય તૃતીયમાં તેમ થતું નથી. દ્વિતીય પ્રકારના પદાર્થરૂપ પ્રધાન છે અને તૃતીય પ્રકારના પદાર્થરૂપ પુરુષ છે. એમાં પ્રધાન નિત્ય તત્ત્વ હોવાથી એનો અવધિ વા અવસાન છે જ નહિ. તેથી પ્રધાન ક્ષણના ક્રમનું એના વિકારના ક્રમથી જ્ઞાન થાય છે તેથી એ ક્ષણ અલબ્ધપર્યવસાન કહેવાય છે. પુરુષ તો નિત્ય તત્ત્વ હોવાથી પરિણામ જ પામનાર નથી તેથી એમાં વાસ્તવ ક્રમ છે જ નહિ. છતાં પુરુષ હાલ છે તથા હવે પછી પણ રહેવાનો એવો વ્યવહાર થાયછે તેથી સત્તામાત્ર લઈને જ એના ક્ષણોનો ક્રમ લેવો હોય તો શબ્દમાત્રથી લેવાય એમ છે. બાકી વાસ્તવ ક્રમ તો છે જ નહિ.

આપ્રમાણે આ સૂત્રથી તથા પૂર્વના સૂત્રથી એ કહ્યું કે જે પુરુષો કુશલ થયા છે તેના પ્રતિનો સત્ત્વાદિ ગુણોનો તથા બુદ્ધિસત્ત્વનો પરિણામક્રમ સમાપ્ત થાયછે. એ પ્રમાણે યથાર્થ કૈવલ્ય થાય છે એ હવે ભગવાન્ સૂત્રકાર કહેછે તથા કૈવલ્યનું પ્રતિપાદન થઈ ગયું એટલે હવે કશું કહેવાનું અવશેષ રહ્યું નહિ તેથી એ કહી આ પાદ તથા આખું શાસ્ત્ર સમાપ્ત કરેછે.

पुरुषार्थशून्यानां गुणानां प्रतिप्रसवः कैवल्यं स्वरूपप्रतिष्ठा वा चितिशक्तिरिति ॥ ३४ ॥

સૂત્રાર્થઃ—પુરુષાર્થથી રહિત થયેલાં સત્ત્વાદિ ગુણોનો વા બુદ્ધિસ્વરૂપ ગુણોનો પોતાના કારણમાં આત્યંતિક લય થાય છે એ જ કૈવલ્ય છે અથવા ચિતિશક્તિરૂપ પુરુષનું સ્વરૂપે અવસ્થાન થાય છે તે

કૈવલ્ય છે. ઇતિ.

પુરુષાર્થ૦—કૃતકૃત્ય થવાથી પુરુષાર્થથી રહિત થયેલા.

ગુણાનામ્—એટલે બુદ્ધિસત્ત્વનો અથવા પ્રધાનનો.

પ્રતિપ્રસવઃ—એટલે પોતાના કારણમાં આત્યંતિક લય.

કૈવલ્યમ્—એટલે કેવલીભાવ વા ત્રિવિધ દુઃખોનો આત્યંતિક અભાવ.

ઇતિ—એ શબ્દ શાસ્ત્રની સમાપ્તિ સૂચવે છે.

આ સૂત્રથી એ કહ્યું કે ગુણોના પરિણામક્રમની સમાપ્તિ થાય છે એટલે પછી એ ગુણોની સ્થિતિમાં કોઈ હેતુ રહેતો નથી તેથી એ પુરુષાર્થથી રહિત થયેલા ગુણોનો પોતાના કારણમાં આત્યંતિક લય થાયછે તે જ એ ગુણોનું કૈવલ્ય છે. ત્યાં ગુણોથી જો બુદ્ધિસત્ત્વ લઇએ તો એ બુદ્ધિસત્ત્વ કૃતકૃત્ય થવાથી પોતાના કારણરૂપ અહંકારમાં લીન થઈ જાય છે, તે મહત્‌માં અને તે સામ્યાવસ્થાવાળી પ્રકૃતિમાં લીન થઈ જાય છે. એ લય થયા પછી એ બુદ્ધિસત્ત્વનો પુનઃઉદ્‌ભવ થતો નથી તેથી એ લય આત્યંતિક લય વા પ્રતિપ્રસવ કહેવાય છે. એ પ્રતિપ્રસવ જ એ બુદ્ધિસત્ત્વનું કૈવલ્ય છે. ગુણોથી જો પ્રકૃતિ તત્ત્વ લઇએ તો એ કુશલ થયેલા પુરુષપ્રતિ એ પ્રકૃતિનો આત્યંતિક લય થઈ જાય છે અર્થાત્ એ પુરુષના કોઇ પણ અર્થને લઇને એ સત્ત્વાદિ ગુણોરૂપ પ્રકૃતિનો પુનઃ પરિણામ થતો નથી. એ કુશલપુરુષપ્રતિનો પ્રકૃતિ વા પ્રધાનનો પ્રતિપ્રસવ તે જ પ્રધાનનું કૈવલ્ય છે. આ રીતે બુદ્ધિસત્ત્વ વા પ્રધાનનું કૈવલ્ય થયું. બીજું કૈવલ્ય પુરુષનું છે. જ્યારે બુદ્ધિસત્ત્વ પુરુષને અર્થે અસ્તિત્વમાં આવતું હતું ત્યારે એ બેનો અભેદભ્રમ થઇ બુદ્ધિસત્ત્વનાં દુઃખાદિનો પુરુષમાં ઉપચાર થતો હતો અર્થાત્ પુરુષને ઉપચરિત બંધ હતો બુદ્ધિસત્ત્વ ગુણોના પરિણામક્રમની સમાપ્તિ થવાથી આત્યંતિક લયને પામી જાય છે તેથી પુનઃ ઉદ્ભવ પામતું નથી, તેથી એનો પુરુષસાથે અભેદભ્રમ થવા વારો પુનઃ આવતો નથી જેથી પુરુષને ઉપચરિત બંધનો પણ સદા અભાવ થાય છે અર્થાત્ પુરુષમાં બુદ્ધિસત્ત્વના ધર્મનો આરોપ થવાથી જે વિપરીત સ્વરૂપવાળો ભ્રાન્તિથી ભાસતો હતો તે ભ્રાન્તિ તથા તેના કારણના આત્યંતિક ઉચ્છેદથી સ્વરૂપે સ્થિત થયો કહેવાય છે. એ પુરુષનું સ્વરૂપાવસ્થાન તે જ પુરુષનું કૈવલ્ય છે.

આપ્રમાણે આ સૂત્રથી બુદ્ધિસત્ત્વ, પ્રધાન તથા પુરુષ એ સર્વેના કૈવલ્યનું પ્રતિપાદન કર્યું તથા હવે કંઇ પણ પ્રતિપાદન કરવું અવશિષ્ટ નહિ રહેવાથી આ પાદ તથા શાસ્ત્ર ઇતિ શબ્દ વાપરી શ્રીપતંજલિ ભગવાને સમાપ્ત કર્યું.

આ રીતે આ પાદમાં સૂત્રકારે

[1]मुक्त्यर्हचित्तं परलोकमेयज्ञसिद्धयो धर्मघनः समाधिः।
द्वयी च मुक्तिः प्रतिपादिताऽस्मिन् पादे प्रसङ्गादपि चान्यदुक्तम् ॥

કૈવલ્યને યોગ્ય ચિત્ત, પરલોકમાં જનાર આવનાર ચિત્ત, દૃશ્ય વિષયો તથા દ્રષ્ટા એ સર્વેનાં ભેદવિગેરે, ધર્મમેઘસમાધિ, બન્ને પ્રકારની મુક્તિ તથા પ્રસંગપ્રાપ્ત અન્ય સર્વનું પ્રતિપાદન કર્યું.

निदानं तापानामुदितमथ तापाश्च कथिताः
सहाङ्गैरष्टाभिर्विहितमिह योगद्वयमपि ।
कृतो मुक्तेरध्वा गुणपुरुषभेदः स्फुटतरो
विविक्तं कैवल्यं परिगणिततापा चितिरसौ ॥[1]

योगग्रंथसहस्राणां सर्वोपनिषदां तथा ।
सतां च यत्र तात्पर्यं सोऽर्थो व्यासेन भाषितः ॥[2]
व्याख्यातश्च यथाशक्ति निर्मत्सरधिया मया ।
तेन प्रीतो भवेद्देवः श्रीनृसिंहो महेश्वरः ॥

॥ इति श्रीपातंजलव्याख्यायां कैवल्यपादश्चतुर्थः ॥
॥ समाप्तं चेदं दर्शनम् ॥

---

1. શ્રી વાચસ્પતિમિશ્રકૃત વ્યાખ્યા.
2. શ્રીયોગવાર્તિક.

.રી સ્ત્રીનો કંઠ મધુર અને કોમલ છતાં પતિભક્તિ અને ઈ-
ભક્તિનાં સુંદર પદો ન જડવાથી તમારી વૃત્તિ મુંઝાતી હોય,
.ારી સ્ત્રી નિરંતર ઘરમાં કલહ કરતી હોય, તમને સંતાપતી
હૂ , અને તેમાટે સર્વ ઉપાયો કરી ચૂક્યા હો પણ તે વ્યર્થ
.થી તમને ખેદ રહેતો હોય,

ગરીબ હો, અને તમારી સ્ત્રી રાત્રદિવસ ઘરેણાંમાટે તમારૂં
ધું એટલું બધું પકવતી હોય કે પ્રસંગે તમને તમારી જાત
.ર ધિક્કાર તથા તિરસ્કાર આવે, અને તેથી તમારી સ્ત્રીને
ાં. સાચાં, પણ વાસ્તવ અમૂલ્ય ઘરેણાં આપી તમારી મ-
ડાને દૂર કરવા તમે ઇચ્છતા હો,

સ્ત્રી યોગ્યાયોગ્ય બોલવાના વિચારવિનાની, વ્યવહારમાં
. તથા કુથલી કરવામાં કુશલ હોય અને તે દોષો ત્ય-
.વા કરેલો તમારો બોધ નિષ્ફળ જવાથી તમે સંતપ્ત રહેતા હો,

.મે તમારાં સંબંધીઓ, સ્ત્રી, તથા ઇશ્વરપ્રતિ તમારૂં ક-
ર્તવ્ય જાણવાની ઇચ્છાવાળા છતાં તે સર્વ એક સ્થલે ગ્રંથમાં
ન મળવાથી ટળવળતા હો,

તમે વ્યવહાર અને પરમાર્થ એ બંનેને અતિ સરલપણે, થોડા
સમયમાં અને અલ્પ શ્રમે સાધવાની ઇચ્છાવાળા હો, છતાં જે
પુસ્તકમાં વ્યવહાર તેમાં પરમાર્થ નહિ, અને જેમાં પરમાર્થ તે-
માં વ્યવહાર નહિ—એવાં શુષ્ક પુસ્તકો મળવાથી તમને નિરંતર
અરુચિ રહ્યા કરતી હોય,

તમારા કુટુંબમાં કલેશનો આભાસસરખો પણ રહે નહિ એવી ત-
મારી ઇચ્છા હોય, તથા

.મે તમારા કુટુંબમાં નિરન્તર સુબોધની કથા કરી પૃથ્વીઉપર
સ્વર્ગનું સુખ ભોગવવા તલસતા હો, તો એ સર્વ ઇચ્છાને ઐ-
શ્વર્યથી પરિપૂર્ણ કરનાર, સર્વ સદ્ગુણો સજાવનાર, આનંદસહિ-
જ્ઞાન આપનાર તથા દોષો હરાવનાર નીચેના અમૂલ્ય ગ્રંથો
.ો અને વંચાવોઃ—

.ીભૂષણ પ્રથમ અલંકાર	મૂલ્ય	૦—૧૨—૦	ટપાલ ખર્ચ	૦-૧-૦
.ીભૂષણ દ્વિતીય અલંકાર	,,	૧—૦—૦	,,	૦-૨-૦
.ીભૂષણ તૃતીય અલંકાર	,,	૧—૦—૦	,,	૦-૨-૦
.ીભૂષણ ચતુર્થ અલંકાર	,,	૧—૦—૦	,,	૦-૨-૬
.ીભૂષણ પંચમ અલંકાર	,,	૧—૪—૦	,,	૦-૨-૬

કાલનાં પ્રકટ થયેલાં દશ વર્ષનાં દશ રૂપીઆ.૨૦-૦-૦
પ્રત્યેકનું મૂલ્ય રૂ. ૨-૦-૦

શ્રીશ્રેય:સાધક અધિકારી વર્ગદ્વારા પ્રકટ થયેલા

		મૂલ્ય
૧	શ્રીનૃસિંહવાણીવિલાસ પ્રથમ પુસ્તક.	રૂ. ૦-૮-૦
૨	શ્રીનૃસિંહવાણીવિલાસ દ્વિતીય પુસ્તક.	રૂ. ૧-૦-૦
૪	શ્રીનૃસિંહવાણીવિલાસ તૃતીય પુસ્તક.	રૂ. ૦-૬-૦
૫	શ્રીબા. બૂ. પદ્યસંગ્રહ તથા શ્રી નૃ. વા. વિ. તૃતીય પુસ્તક (એકઠું)	રૂ. ૦-૧૨-૦
૬	શ્રીસુરેશચરિત્ર (પૂર્વાર્ધ)	રૂ. ૧-૮-૦
૭	શ્રીસિદ્ધાન્તસિન્ધુ (પ્રથમ રત્ન).	રૂ. ૧-૮-૦
૮	શ્રીભામિનીભૂષણ પ્રથમાલંકાર.	રૂ. ૦-૧૨-૦
૯	શ્રીભામિનીભૂષણ દ્વિતીયાલંકાર.	રૂ. ૧-૦-૦
૧૦	શ્રીભામિનીભૂષણ તૃતીયાલંકાર.	રૂ. ૧-૦-૦
૧૧	શ્રીભામિનીભૂષણ ચતુર્થાલંકાર.	રૂ. ૧-૦-૦
૧૨	શ્રીભામિનીભૂષણ પંચમાલંકાર.	રૂ. ૧-૪-૦
૧૩	શ્રીસદ્બોધપારિજાતક પ્રથમ પલ્લવ.	રૂ. ૦-૮-૦
૧૪	સન્મિત્રનું મિત્રપ્રતિ પત્ર.	રૂ. ૦-૬-૦
૧૫	શ્રીપંચતરવવૃત્તાન્ત.	રૂ. ૦-૧૨-૦
૧૬	શ્રી ત્રિભુવનવિજયી ખડ્ગ (પૂર્વાર્ધ)	રૂ. ૧-૪-૦
૧૭	શ્રીસતીસુવર્ણા (પૂર્વ વિભાગ.)	રૂ. ૦-૫-૦
૧૮	શ્રીસુધાસ્રોતસ્વિની (પ્રથમ કલ્લોલ)	રૂ. ૦-૫-૦
૧૯	વિદ્યાર્થીનો સાચો મિત્ર.	રૂ. ૦-૫-૦
૨૦	શ્રીમંગલવિચાર	રૂ. ૦-૪-૦
૨૧	સદુપદેશશ્રેણી ભાગ ૧	રૂ. ૦-૧-૦
૨૨	શ્રીપતંજલયોગદર્શન	રૂ. ૨-૦-૦
	બંધકોશ અને તે ટાળવાના સહેલા ઉપાયો.	રૂ. ૦-૧-

ઉપર લખેલા ગ્રંથો નીચે લખેલે સ્થલે મ

વડોદરા—વ્યવસ્થાપક મહાકાલ, જોગીદાસ વિઠ્ઠ

અમદાવાદ—રા.રા. છગનલાલ મનસુખરામ.નવા

સુરત—રા. રા. નાથાભાઇ ફકીરભાઇ ઝીનખાબ
વાણીયાશેરીને નાકે મહીધરપુરા.

મુંબઇ—રા. રા. મોતીરામ મંછારામ માસ્તર,
જપાળી એંગ્લોવર્નાક્યુલર સ્કૂલ, ભુલેશ્વર.
પંડિત જયેષ્ઠારામ મુકુંદજી, કાલકાદેવી.

વીરમગામ—રા. રા. ઇશ્વરભાઇ જીવાભાઇ. સો

ભાવનગર—રા. રા. જેઠીશંકરદાસ જેઠાભાઇ કણીઆ
સંસ્કૃતપ્રોફેસર, સામળદાસ કોલેજ.